
સિદ્ધ-સાધુઓની આધ્યાત્મિક અને તાંત્રિક વિદ્યાનું અલૌકિક નિરુપણ

ગેબી ગિરનાર

અનંતરાય જી. રાવલ



VISIT…

LANZAROTE Caliente.COM

ગેબી ગિરનાર

અનંતરાય જી. રાવલ

પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
Website : www.pravinprakashan.com
E-mail : pravinprakashan@yahoo.com

GEBI GIRNAR
By : ANANTRAI G. RAVL
Published by : PRAVIN PRAKASHAN PVT. LTD., RAJKOT - 360 001

પ્રકાશક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે,
ઢેબર રોડ, રાજકોટ.
ફોન : (0281) 2232460 / 2234602

પાંચમી આવૃત્તિ : 2018
ચોથી આવૃત્તિ : 2015
ત્રીજી આવૃત્તિ : 2014
બીજી આવૃત્તિ : 2012
પહેલી આવૃત્તિ : 2010

ISBN : 978-81-7790-305-8

કિંમત : રૂા. 400

મુખપૃષ્ઠ : મિતેશ પટેલ, 97246 44934

મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ.

અર્પણ

પુત્રો, પુત્રી માટે પ્રેમાળ માતા...
પુત્રવધૂ માટે આદર્શ સાસુ,
યોગિઓ માટે વાત્સલ્યમયી 'દાદી-બા'
એવા અને જીવનની અનેક વિટંબણાઓ સમયે
મને હિંમત આપી સાથ આપનાર તથા સમગ્રજીવન
દરમિયાન મંગળપ્રભાત બની રહી જીવનને
મંગલમય બનાવનાર તેમજ સમગ્ર પરિવાર માટે
હંમેશાં "વૃંદાવન" સમાન બની રહેલાં મારાં
ધર્મપત્ની

હર્ષાને...

- અનંતરાય જી. રાવલ

પ્રસ્તાવના

આશા રાખું છું કે આ પુસ્તક આપને ગમશે જ...

એટલું જ નહિ પરંતુ જો આપ સાચા સાધક હશો તો એ આપના માટે અનેક રીતે પ્રેરણાદાયી બનશે, જેમાં મને કોઈ શંકા નથી...

એમ છતાં કેટલીક બાબતો તરફ આપનું ધ્યાન દોરવાનું ઇષ્ટ સમજું છું :

મને લાગે છે કે આ પુસ્તક મેં નથી લખ્યું : મારી અંદર રહીને કોઈકે લખાવ્યું છે, કદાચ તે મારી અંદર પડેલ આત્માનું પ્રતિબિંબ પણ હોય શકે. મારી અંદર રહેલ એક સાધકનો પડઘો પણ હોય શકે છે. જે હોય તે... પરંતુ એક ખાસ વાત : આ સમગ્ર કથાને ''સત્ય''માની લેવી તે મૂર્ખાઈ છે. અને ''અસત્ય'' માનવી તે ''અપરાધ'' છે... ! ઉપરોક્ત - વિધાન, વિધાન વિચિત્ર લાગશે, પરંતુ તેમ કહેવું જરૂરી પણ છે, કારણ કે આ કથાનાં બધાં જ પાત્રો જીવંત છે... ! આપ તેમને મળવાનો પ્રયત્ન પણ કદાચ કરો; પરંતુ.. જેનામાં યોગ્યતા હશે તેજ... અને તેજ આ પાત્રોને તેના સાચા સ્વરૂપમાં સમજી શકશે : જેનામાં યોગ્યતા નહિ હોય તેવા લોકો માટે - સ્થળ, કાળ, પાત્રો બધું જ જીવંત અને વાસ્તવિક હોવા છતાં તેમના માટે આ બધું 'અગોચર' જ બની રહેશે... ! માટે 'સત્યાસત્ય'ની પિષ્ટપીંજણમાં ન પડવા વિનંતિ છે... !

એક વાત ચોક્કસ છે કે જેઓ તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થીઓ છે ; અથવા જે લોકો સાધના માર્ગે આગળ વધી રહ્યા કે આગળ વધવા માગે છે, તેમના માટે આ પુસ્તક આદર્શ માર્ગદર્શક રૂપ બની રહેશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. ટૂંકમાં આપને વિનંતી કે આધ્યાત્મિક દૃષ્ટિએ આ પુસ્તક કેટલું મહત્ત્વનું છે તેજ ધ્યાનમાં રાખશો. બાકી કોઈ તર્કમાં પડશો નહિ. અને પડશો તો- આપને કશું જ હાથમાં નહિ આવે...! તેથી જ કહું છું બની શકે તો સાધનાના પથ પર ડગ માંડો અને ઈશ્વરપ્રાપ્તિમાં લાગ્યા રહો... આપની પાસે આ એક જ અપેક્ષા છે, ઉદ્દેશ છે... ! આપનો પ્રતિભાવ જણાવશો.

આ તકે મારે ખાસ કહેવાનું કે, આ પુસ્તક આપના હાથમાં હું ક્યારેય મૂકી શક્યો ન હોત; જો... મારા મિત્ર અને લઘુબંધુ સમાન બની રહેલ આ પુસ્તકના પ્રકાશક ગોપાલભાઈનો હૃદયપૂર્વકનો સહકાર મને ન મળ્યો હોત તો. હું તેમનો ખરા અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ કથાનું એક જીવંત પાત્ર જેમણે મારા રફ અને ખરાબ અક્ષર વાંચીને તેના પ્રત્યાઘાત દ્વારા મને આનંદ આપેલ, તે મારી નાની બહેન સમાન સાધ્વી ચંદાબહેન બોરસાણિયાનો હું આભાર નહિ, પરંતુ તેમને આશીર્વાદ આપું છું.

આ સાથે ગોપાલભાઈ સુધી પહોંચવા જે મારા માટે રાજમાર્ગ સમાન બનેલ તે આર.એસ.એસ.ના ભૂતપૂર્વ પ્રચારક એડવૉકેટ શ્રી શરદ વોરાને પણ યાદ કરી ધન્યવાદ આપું છું.

ભવદીય

- અનંતરાય જી રાવલ

"ૐ નમોનારાયણ..."

"સ્પૃહા"
રણછોડ નગર, ભોયવાડા પાછળ, મુ. કેશોદ,
જિ. જૂનાગઢ, પીન નંબર - 362 220
ફોન : (02871) 237673 / મોબાઈલ : 99241 73050

પ્રાર્થના

હે પ્રભુ
સંજોગો વિકટ હોય ત્યારે,
સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ.

બધી બાબતો અવળી પડતી હોય ત્યારે,
હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવા તે મને શીખવ.

પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે,
શાંતિ કેમ રાખવી તે મને શીખવ.

કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે,
ખંતથી તેમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ.

કઠોર ટીકા ને નિંદાનો વરસાદ વરસે ત્યારે, તેમાંથી
મારા ખપનું ગ્રહણ કેમ કરી લેવું તે મને શીખવ.

પ્રલોભનો, પ્રશંસા, ખુશામતની વચ્ચે,
તટસ્થ કેમ રહેવું તે મને શીખવ.

ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે,
શ્રદ્ધા ડગુમગુ થઈ જાય,
નિરાશાની ગર્તામાં મન ડૂબી જાય ત્યારે,
ધૈર્ય અને શાંતિથી તારી કૃપાની પ્રતીક્ષા
કેમ કરવી તે મને શીખવ.

- પરમ સમીપે

ગેબી ગિરનાર



અનંતરાય જી. રાવલ

વિભાગ - ૧

•

અગમ-નિગમ

1

દિનાંક : ૮/૧૨/૦૩નો દિવસ મને હજુય યાદ છે. બરાબર યાદ છે, જ્યાંથી મારા આધ્યાત્મિક જીવનયાત્રાના પુનિત દિવસોનો પ્રારંભ થયો હતો. આ જીવનયાત્રાનો તબક્કો બહુ લાંબો પણ નથી, તેમજ સાવ ટૂંકો પણ નથી અથવા એમ કહીશ કે, આ આધ્યાત્મિક જીવનયાત્રા હજુ પણ ચાલુ જ છે !

આ જીવનયાત્રા કદાચ અનેક જન્મો સુધી ચાલુ જ રહે તેવી સંભાવના છે; કદાચ આ યાત્રા અનંત સમય સુધી ચાલુ જ રહેશે ! યુગોયુગોથી ફરતા અને હજુ પણ અનેક યુગો સુધી ફરતા રહેનારા, આ સમયના ચક્રને કોણ રોકી શકે ?

અનંતકાળથી વહેતા આ સમયના પ્રવાહમાં હું ક્યારથી તણાતો રહ્યો છું, તેની મને ખબર નથી, પરંતુ આ પ્રવાહમાં તણાયે જતાં મને કિનારો પ્રાપ્ત છે, તે હું જાણી શક્યો હતો, ને તે પછી શરૂ થયો, મારો અગમ્યની દિશા તરફનો પ્રવાસ !

આ પ્રવાસ જ્યારથી શરૂ થયો એ દિવસ પણ અદ્ભુત હતો ! બસ, આ દિવસથી હું જીવનમાં જાણવા ઇચ્છતો હતો, જે જાણવાની મને તીવ્ર ઇચ્છા હતી. જે અનુભૂતિ કરવા માંગતો હતો, તે બધું જ મને ધીમે ધીમે પ્રાપ્ત થવા લાગ્યું હતું અને આજે હું એ ઊંચાઈએ છું, જેની મને કલ્પના પણ ન હતી !

આ ઊંચાઈ પર મને તેડીને ઊંચો કરી ટોચ પર બેસાડનાર પ.પૂ. મહંત માધવાનંદ બ્રહ્મચારીજી ! જે ઉર્ધ્વરેતસ્ બ્રહ્મચારી હતા, જે મહાપુરુષનો પરિચય અને તેની મહાનતાનાં દર્શન કરાવવા હું સમર્થ નથી છતાં પ્રયત્ન કરું છું.

દિનાંક : ૬/૧૨/૦૩ના રોજ પ્રાતઃકાળે ધ્યાન દરમિયાન મને માધવાનંદજીનો માનસિક સંદેશો મળ્યો અને બીજે જ દિવસે હું તેમનું સાંનિધ્ય માણવા જગ્યામાં પહોંચી ગયો હતો. જેની નોંધ પણ મેં ડાયરીમાં કરી લીધી હતી.

દિનાંક : ૮/૧૨/૦૩ આજે ભગવાન દત્તાત્રેયનો જન્મદિવસ છે. હું તેનો ઉપાસક છું, પરંતુ એટલા માટે જ આજનો દિવસ અદ્દ્ભુત છે, તેવું સાવ નથી; કારણ કે કયા કારણોથી આજના દિવસને અદ્દ્ભુત કહું છું, તે બાબતે હું સ્પષ્ટ નથી. હું આ બાબતના બધાં જ બનાવોનું યથાર્થ રીતે વિશ્લેષણ પણ કરી શકું તેમ નથી, કારણ કે આ જે અનુભવો છે, તે આંતરિક અનુભવો છે, અર્થાત્ 'આત્માનુભૂતિ' છે, જે કહી પણ ન શકાય ! આજની અનુભૂતિથી નિપજેલા આનંદ માટે વાપરેલો શબ્દ 'અદ્દ્ભુત આનંદ' એ 'આત્માનંદ' નો પર્યાય પણ નથી. આ ઉક્તિમાં વિરોધાભાસ લાગે છે ! અને એટલા માટે જ આ અનુભૂતિની અભિવ્યક્તિ કરવામાં અર્થાત્ તેનું વર્ણન કરવામાં પારાવાર ગૂંચવાડો છે !

'ઈશ્વર દેહમાં આત્મા સ્વરૂપે રહેલો જ છે.' એવી પ્રતીતિ તો ઘણાં વર્ષોથી થઈ ચૂકી છે. હવે તો એ અગોચર પણ ગોચર લાગવા માંડ્યું છે. મને હવે લાગે છે કે, મારી આજુબાજુ, ચોતરફ એ અવિનાશી અદ્દ્ભુત તત્ત્વ પથરાયેલું છે. બ્રહ્માંડના અણુએ અણુમાં વીજળીના પ્રવાહની જેમ, રોમે રોમમાં અહર્નિશ વહી રહ્યો છે. મને લાગે છે, આ જે અહર્નિશ અનુભવ થાય છે, તે મહમાયા કુંડલિની જાગૃતિ છે. જે મારા દેહમાં અદ્દ્ભુત સ્પંદનો જગાવે છે !

આજનો દિવસ કોઈ અસામાન્ય રીતે પસાર થશે, તેની મને કોઈ કલ્પના ન હતી !

'પુનિત આશ્રમમાં આપણે કાલે બપોર બાદ કાર્યક્રમમાં જવાનું છે.' આવું સૂચન માધવાનંદજીએ આપી દીધું હતું. 'દત્તજન્મજયંતિ' નિમિત્તે સંતો-મહંતો, મંડલેશ્વરો, મહામંડલેશ્વરોને સન્માનિત કરવા એક મંચ પર એકત્રિત કરી તેમનું પૂજન કરવાનો ભવ્ય કાર્યક્રમ ત્યાં આયોજિત કરવામાં આવ્યો હતો. માધવાનંદજી સાથે એક સાધુ તરીકે મારે પણ ઉપસ્થિત રહેવાનું હતું !

આજે બપોરે નિયમ મુજબ ત્રણ વાગે ઊઠીને જપ-ધ્યાન કરવાની તૈયારી કરી રહ્યો હતો, ત્યાં જ બાપુએ જવા માટેની યાદી આપતા તુરત જ તૈયાર થઈ, ભગવાવસ્ત્રો ધારણ કરી લીધા. બાપુ દરવાજે મારી રાહ જોતાં તેના સ્વભાવ મુજબ અન્યો સાથે રમૂજી વાતો કરી રહ્યા હતા.

મેં દ્વારકા સિવડાવેલી ભગવી બંડી પહેરી હતી. મને જોઈ બાપુએ રમૂજમાં કહ્યું,

'આ બંડી જોઈને તો કોઈ મથુરાના રખડુ ચોબા માની લેશે. કોઈ સાધુ માનશે નહિ !'

કહી માધવાનંદજી મોટેથી હસ્યા.

'તો પછી બંડી કાઢીને ભગવો ઝભ્ભો પહેરીને આવું !' મેં પણ વિચાર બદલ્યો ને ઝડપથી સીડી ચઢી, ઉપર જઈ, કપડાં બદલીને પરત આવ્યો.

તે સાથે જ બાપુના શબ્દો મારા કાને પડ્યા,

'હજુ આ કપડાં પણ બરાબર લાગતા નથી, એમ કહું તો રાવલ સાહેબ ફરીથી કપડાં બદલ્યા વગર રહે નહિ !' સાંભળી બધાં હસ્યા. મેં કહ્યું,

'પણ ખભ્ભે રાખવાનો ખેસ તો ઉપર ભુલાઈ ગયો, હવે !'

બાપુએ તુરત જ પોતાના રૂમમાંથી પોતાનો ભગવો ખેસ મારા માટે મંગાવી આપ્યો.

'હવે બિલકુલ સાધુ ને સાચા સાધુ.'

માધવાનંદજી મારાથી ઉંમરની દૃષ્ટિએ ઘણાં જ નાના છે, છતાં મને લાગે છે કે તે મારા કરતાં મોટી ઉંમરના છે. વૃદ્ધ છે, અર્થાત્ જ્ઞાનવૃદ્ધ છે ! મારા વિશે તે અવારનવાર વિધાન કરે છે કે, 'રાવલસાહેબનો સ્વભાવ સાવ નાના બાળક જેવો છે.' મને એ વિધાન સારું લાગે છે, કારણ કે ખરેખર મને હજુ પણ લાગે છે કે, હું સાવ નાનો બાળક છું. બાળક જેવી નિર્દોષતા અને સરળતા મને ખૂબ ગમે છે. મેં રામકૃષ્ણ પરમહંસનું સાહિત્ય ખૂબ વાંચ્યું છે, પચાવ્યું પણ છે. મને એ પરથી લાગે છે કે, કદાચ આ જીવનભરની થોડી થોડી છતાં સતત કરેલી ઈશ્વરઆરાધનાનો પ્રભાવ છે. ધ્યાનમાંથી ઊઠતાં મને લાગે છે કે, હું સાવ હળવો ફૂલ જેવો બની ગયો છું. મન કોરી પાટી જેવું સ્વચ્છ અને નિર્મળ બની જાય છે, ત્યારે બાળકની જેમ ખાવાની ઇચ્છા થાય છે, કૂદવાનું મન થાય છે. અરે ! કોઈ બાળક કશુંક ખાતું હોય તો તેની પાસેથી માગીને ખાવાની ઇચ્છા સુધ્ધાં થાય છે. ખેર ! બાપુ મને રમાડે છે. રમૂજ કરીને નાના બાળકની જેમ સાચવી આનંદમાં રાખે છે. સાથે સાથે વડીલના જેવું માન પણ જાળવે છે. આ જ તેમની વિશિષ્ટતા પણ છે; આ મનની મોટાઈ છે કે, એક સાચા સાધુના લક્ષણ છે, તેની મને ખબર પડતી ન હતી. ખેર !

પુનિત આશ્રમ તરફ અમે ચાલીને પ્રયાણ કરી રહ્યા હતા. રસ્તામાં વાતો ચાલે છે. બાપુએ કહ્યું,

'ધીમે ધીમે બધી જ ખબર પડતી જશે. સમયે સમયે આપમેળે બધું થતું જ રહે છે. બધા જ સાધુઓ સિદ્ધ હોતા નથી. એવા સાધુઓ કરતાં તમારી સાધના કદાચ ઊંચી પણ હશે. સમય આવ્યે બધો જ ખ્યાલ આવતો જશે !' થોડી વાર અટકી બાપુ આગળ બોલ્યા, 'આ તો ગિરનાર છે. સંતો અને સાધકોનું આશ્રયસ્થાન. વળી તેંત્રીસ કોટિ દેવતા અને 'નવનાથ'નું બેસણું. ગિરનાર તળેટીની ધૂળ પણ પવિત્ર છે !' કહી બાપુ બોલતા અટક્યા.

મારી દૃષ્ટિ તળેટીમાં ચોતરફ ઘૂમી રહી હતી. લીલીછમ વનરાઈવાળા ડુંગરાઓ ચિત્તાકર્ષક લાગી રહ્યા હતા. રસ્તાની સામે જ કોઈ જોગિંદર સૂતો હોય તેવો 'ગિરનાર

પર્વત' જાણે વેદોની ઋચાઓ લખી તે આરામ કરતા કોઈ ઋષિમુનિ જેવો જણાઈ રહ્યો હતો. મારું મન આ કુદરતી દૃશ્ય નિહાળી અવર્ણનીય આનંદથી ભરાઈ ગયું. મને થયું કે આ જગ્યા સાથે જાણે મારો અનેક જન્મોનો સંબંધ છે. તે સાથે જ મારા હૃદયમાંથી આનંદની લાગણીની એક છૂપી ચીખ નીકળી ગઈ. સાથે સાથે અંદરથી કશુંક ખૂટતું હોય તેમ પણ મને લાગ્યું. મને શું થાય છે, તેની તે વખતે ખબર ન પડતાં મારું મન 'શૂન્યમનસ્ક' બની ગયું. બાપુએ મને રસ્તા પરના વાહનોથી બચાવવા તેના તરફ એકબાજુ ખેંચી લીધો. હું સાવધ બનીને ચાલવા લાગ્યો.

આશ્રમ હજુ દૂર હતો. ત્યાં જ એક રિક્ષાવાળાએ બાપુને જોઈને રિક્ષા ઊભી રાખી અને અંદર બેસાડી લીધા. રસ્તામાં બે-ત્રણ અન્ય સાધુઓ મળી જતાં તેને પણ સાથે લીધા, એ બધા ત્યાં જ આવી રહ્યા હતા.

વાહનોની ભારે ભીડ વચ્ચે પુનિત આશ્રમના દરવાજે આવી પહોંચ્યા. તે સાથે કોઈ ન સમજાય તેવા આનંદ ઉપજાવતા સ્પંદનો પુનિત આશ્રમના દરવાજામાં પ્રવેશતાં જ મારા હૃદયમાં જાગવા માંડ્યા. કદાચ... આ આનંદની લાગણી એક સાધુ તરીકે સન્માન પામવાનો જીવનનો આ પ્રથમ અનુભવ થવાને કારણે હોઈ શકે. આજે મહંતો-મંડલેશ્વરો અને મહામંડલેશ્વરોનું જ્યાં સન્માન અને 'ભેટપૂજા' થવાની હતી તે સમારંભમાં હું એક મોટી જગ્યા, આશ્રમના જાણીતા મહંત પૂ. માધવાનંદ બ્રહ્મચારી તથા અન્ય પ્રખ્યાત સાધુઓ સાથે એક સાધુ તરીકે દ્વારમાં પ્રવેશી રહ્યો હતો. સામે જે રસ્તો હતો તે રંગબેરંગી ફૂલ-છોડ અને વિવિધ સુંદર વૃક્ષોથી યુક્ત હતો, અત્યંત મનોહર લાગતો હતો અને તે રસ્તાની બન્ને બાજુએ સેંકડો સ્ત્રીઓ અને કુમારિકાઓ છેક મંડપ સુધી હાથમાં ફૂલોની છાબડીઓ લઈને, આનંદિત અને ભક્તિયુક્ત ચહેરે શ્રદ્ધાથી ઊભી હતી. લગાતાર સો ફૂટથી પણ વધુ અંતર સુધી જયજયકાર સાથે અમારા મસ્તક અને ચરણો પર ફૂલોનો વરસાદ વરસવો શરૂ થઈ ગયો. હર્ષપુલકિત હૃદયે તથા ચહેરે, હું આગળ પૂ. માધવાનંદજી સાથે સાધુના વેશમાં, સાધુહૃદયે ચાલી રહ્યો હતો. કોઈ અનન્યભાવ અને શાન્ત મુખમુદ્રા સાથે હું માધવાનંદજી સાથે કદમ મિલાવી રહ્યો હતો. જાણે હું કોઈ બાળક હોઉં અને નિર્દોષ આશ્ચર્યમિશ્રિત લાગણી ધારણ કરતો અને અનુભવતો ચાલતો જતો હોઉં ! કોઈ વડીલના સહારે નિર્ભય બનીને ફૂલોની વર્ષા અને જય જયકારના ધ્વનિ વચ્ચે ચાલતો હું મૌન-મૂક અને અત્યંત શાંત હતો, છતાં મારું હૃદય, મારા આતંરિક ભાવો આ નૂતન અનુભવથી સ્પંદિત થઈ ઉછાળા મારી રહ્યા હતા !

ચાલતા ચાલતા મેં મારા આંતરિક હર્ષને દબાવવા 'મન'ને અનુરોધ કર્યો. ગીતાનો નિરંતર અભ્યાસ મને આ સમયે ઉપયોગી થયો. 'સમતા' જાળવી રાખવામાં મને સફળતા મળી ગઈ !

સુખ-દુઃખ, હર્ષ અને ઉલ્લાસ ક્ષણિક છે. આવી ક્ષુલ્લક લાગણીઓને દબાવવી એ સાધક માટે જરૂરી છે, કારણ કે 'ઇન્દ્રિયજન્ય' લાગણીઓ 'મમતા' ઉત્પન્ન કરે છે, જે જીવ માટે 'બંધનકર્તા' છે, બાહ્ય પરિસ્થિતિ અને ભૌતિક પદાર્થો દ્વારા થતો 'આવેગ' ઈશ્વર સાથેના તાદાત્મ્ય થવાના પ્રયત્નોમાં બાધક નીવડે છે.

ચાલતાં ચાલતાં મેં આમ વિચાર્યું અને તત્કાળ તેની અસર પણ થઈ. 'હું' શાંત થયો. દેહાભિમાન નાશ પામ્યું. મને લાગવા માંડ્યું કે, ઇન્દ્રિયોના વર્ચસ્વવાળું આ શરીર ચાલે છે અને શરીર એ 'હું' નથી. શરીરથી જુદો 'હું' તો સચ્ચિદાનંદ 'આત્મા' છું. આત્મા હર્ષ અને શોકથી અલિપ્ત છે.

સભામંડપ પાસે પહોંચતાં જ કાર્યકર્તાઓ, સેવકોએ વંદન કરી અમારું સ્વાગત કર્યું. કૅમેરા અને વિડિયો શૂટિંગના પ્રકાશને વીંધતા અને સેવકો દ્વારા આગળ દોરાવતા અમે સભામંડપમાં પ્રવેશ કર્યો. માધવાનંદજીને સ્ટેઈજ પર બિરાજેલા મહંતો અને મંડલેશ્વરો વચ્ચે સુશોભિત આસન પર સ્થાન મળ્યું. અન્ય સાધુઓ સાથે સ્ટેઈજની નીચે પ્રથમ હરોળમાં મને પણ આદરથી આસન આપી બેસાડવામાં આવ્યો.

જ્યાં સુધી સાધકની સાધના પરિપક્વ ન બને, ત્યાં સુધી સાધકને તેની માનસિક ગ્રંથિઓ નડતરરૂપ બન્યા કરે છે. આ જન્મ તેમજ જન્માંતરના સંસ્કારો તેના માનસપટ પર અંકિત થયેલાં હોય છે, જે ભૂંસાતા કદાચ ઘણા જન્મોની પણ વાર લાગે. આ સંદર્ભમાં સાધક તરીકે ઘણા આગળ વધી ચૂકેલા મને પણ થોડી 'લઘુતાગ્રંથિ'નો અનુભવ થયો. ઉપસ્થિત ખૂબ મોટા ધનિકલોકો તેમજ સંતો-મહંતોની વચ્ચે આદર મેળવતો હું વિચાર કરી રહ્યો, 'ખરેખર શું હું આ માનને પાત્ર છું ? એક સામાન્ય માણસ તરીકે ઉછરેલો, જીવેલો અને ખાસ તો અકર્મક એવો હું કોઈ જન્મના સારા કર્મોને પરિણામે આ બધાંની વચ્ચે સુપાત્ર સાધુની માફક સ્થાન મેળવીને બેઠો છું. જીવનમાં ઘણા અનુભવો મેળવ્યા છે, પરંતુ આવો અનુભવ તો મારા માટે એક અનોખા પર્વ જેવો છે. આટલા સાધુ-સંતો, મહંતોની વચ્ચે એક સાધુ તરીકેનું સન્માન મેળવતા મેં મારી જાતને ક્યારેય પણ કલ્પી ન હતી. ખેર !'

બધાં સંતોની જે રીતે 'ભેટ-પૂજા' થઈ એ રીતે મારી પણ ભેટ-પૂજા કરવામાં આવી. ગૃહસ્થ હોવા છતાં હું સાધુ તરીકે જીવન જીવું છું, છતાં મને ખૂંચતી વાત એ હતી કે, હું દીક્ષિત સાધુ તો નથી જ. મારા આ ભાવો જાણી ઘણી વખત માધવાનંદજી કહેતા, 'સાધુ ભલે ભગવાં કપડાં પહેરે, દાઢી-મૂછ રાખે, પરંતુ એ એક માત્ર સાધુના લક્ષણો નથી. પ્રામાણિક, શુદ્ધ ચારિત્ર્યવાન અને શાસ્ત્રાજ્ઞા પ્રમાણે પવિત્ર રહી, જીવન જીવતી સમાજની કોઈ પણ વ્યક્તિ સાધુ જ ગણાય.' પછી આગળ કહેતા, 'તમે પણ સાધુ જ છો. કદાચ સાધુ કરતાં પણ કાંઈક વિશેષ. કારણ કે સુખી ગૃહસ્થાશ્રમ છોડી તમે

વાનપ્રસ્થાશ્રમીની જેમ સાધુ જીવન જીવી રહ્યા છો. કઠિન સંસારની જવાબદારીઓ નિર્લેપભાવે વહન કરતાં તમે વૈરાગી છો !' માધવાનંદજીના આ શબ્દો સાંભળીને મને સાતા વળે છે.

ચાલતા કાર્યક્રમની વચ્ચે સ્વસ્થ બની મેં માધવાનંદજી તરફ દૃષ્ટિ કરી. મારી સામે તેની દૃષ્ટિ પડતાં તે મારા મનોભાવોને સમજી જઈ, શાંતિથી બધું જોયા કરી જે થાય તે સ્વીકારી લેવાની આંખોથી સમજ આપી.

પરંપરા મુજબ કાર્યક્રમ આગળ વધી રહ્યો હતો. પૂજાવિધિ બાદ પ્રવચનોની હારમાળા શરૂ થઈ ચૂકી હતી. હું ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો હતો. ત્યાં જ મને કાંઈક એવો ભાસ થયો કે મને પાછળથી કોઈક બોલાવી રહ્યું છે. મેં પાછલી હરોળમાં ખુરશી પર બેઠેલા સાધુઓ તરફ પીઠ ફેરવી જોયું તો, મારી પાછળ જ ખુરશી પર બેઠેલા સાધુને જોઈ હું ચોંકી ગયો. થોડી વાર પહેલાં આ સાધુ અહીં હાજર ન હતા, ખુરશી ખાલી જ પડી હતી. હું તે સાધુની સામે જોઈ રહ્યો. તેની છૂટી અને મેલી જટા ખંજવાળતાં તે મારી સામે હસ્યા, પરંતુ મેં સામે કોઈ પ્રતિભાવ ન આપ્યો. પડછંદ દેહધારી, કાળો ઝભ્ભો ધારણ કરેલા, ગંદી જટા ખજવાળી હસતા એ સાધુના પીળા દાંત જોઈ મને સૂગ ચડી. છતાં પણ મંદમંદ હસી રહેલાં તે સાધુ સામે વિવેક ખાતર નમ્રતાથી હસી મેં પીઠ ફેરવી પ્રવચનો તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું, પરંતુ હું તેમ કરવામાં વધુ સમય સફળ ન રહી શક્યો. વારંવાર એ સાધુ તરફ મારી દૃષ્ટિ અનાયાસ જતી રહેતી હતી. મને યાદ આવ્યું, ચાર માસ પૂર્વે જ્યારે હું કેશોદસ્થિત મારા ઘરેથી જગ્યા પર થોડા દિવસો માટે સાધના કરવા અત્રે રહેવા આવેલો, ત્યારે આ સાધુને મેં બાપુના ધૂણા નજીકની પરસાળ પર બેસી ગંદી જટા ખંજવાળતા જોયેલા. મને લાગેલું કે કોઈ અલગારી સાધુ આવ્યા લાગે છે.

આમ તો જગ્યા પર ઘણાં સાધુઓ આવતા-જતા રહે છે, એમાંથી કોઈ સિદ્ધ પણ હોઈ શકે, પરંતુ સાચા સાધુને કઈ રીતે ઓળખવા તેની કોઈ સમજ તે વખતે મારામાં હતી નહિ. છતાં સાધુ એ સાધુ છે. પછી ભલે તે ગમે તે સંપ્રદાય કે ગમે તે પ્રકારનો સાધક કે દેખાતો જટાધારી અવધૂત-અલગારી હોય. આથી મેં નિયમ મુજબ નમ્રતાથી હાથ જોડીને તે સાધુને 'ૐ નમો નારાયણ' કરેલા. સામે તેણે પણ તેના પીળાં દાંત દેખાડી, સહેજ હસીને 'ૐ નમો નારાયણ'નો ઉચ્ચાર કરીને જવાબ આપેલો. એ પીળા દાંત અને ગંદી જટાવાળો નમણો અને તેજસ્વી ચહેરો મને બરાબર રીતે યાદ આવી ગયો. રસોડામાં બાપુ સાથે જમતો અને મારી સામે જોઈ વિચિત્ર રીતે હસતા એ સાધુની મૂર્તિને હું દિવસો સુધી ભૂલી શક્યો ન હતો. બાપુએ એક જિજ્ઞાસુ સાધક તરીકે મારી ઓળખાણ તે સાધુને આપેલી.

જમી રહ્યા પછી નિયમ મુજબ હું ઉપલે માળે મારી રૂમ પર જતો રહ્યો હતો. બપોરે ત્રણ વાગે આરામ કરીને ઊઠીને મેં એ સાધુની તપાસ કરી, પરંતુ ક્યાંય તે જોવામાં આવ્યા નહિ. માધવાનંદજીને પૂછવાનો કોઈ અર્થ ન હતો, કારણ કે પૂછ્યા વગર જ કહેવા જેવી વાત તેઓ જાતે જ મને કહી સંભળાવતા અથવા સૂચના આપતા, છતાં જિજ્ઞાસા સંતોષવા મેં કોઠારી દાનબાપુને પૂછ્યું,

'જમતી વખતે જે સાધુ હતા તે જતા રહ્યા કે શું ?' સાંભળીને દાનબાપુ હસીને બોલ્યા, 'અહીં બધાને જમવાની છૂટ, પરંતુ બધાંને રોકાવાની છૂટ મળતી નથી.' કહી તે જતાં જતાં બોલ્યા,

'આમેય તે, ભાગ્યે જ કોઈ સાધુ અહીં રોકાવાનું પસંદ કરે છે. જમીને તે ચાલતી જ પકડે છે.'

'એમ કેમ ?' મેં પૂછ્યું, 'આખા ગિરનાર પરિસરમાં સાધુઓ માટે રહેવા જેવી આવી કોઈ પવિત્ર જગ્યા નથી.'

'હા, બરાબર છે.' વચ્ચેથી મારી વાતને કાપતા દાનબાપુ ખૂબ હસીને બોલ્યા, 'આ પવિત્ર જગ્યા સાધુઓને જરૂર ગમે છે, પરંતુ અહીં ગાંજો ફૂંકવાની સખત મનાઈ છે. બીડી, તમાકુ કે કોઈ પણ પ્રકારના વ્યસનની બાપુને સખ્ત નફરત છે. મોટા ભાગના સાધુઓ ગંજેરી હોય છે, એટલે જમીને તુરત જ ચાલતી પકડે છે. આ નિયમ પળાવવા બાપુનું વલણ ખૂબ જ કડક છે. તેથી વ્યસની સાધુઓ અહીં રોકાવાનું પસંદ કરતાં નથી.' કહીને દાનબાપુ ગૌશાળામાં જતાં રહ્યા.

મારી પાછળ બેઠેલ સાધુ આ એ જ સાધુ છે, તેની મને ખાત્રી થઈ ગઈ. મેં ફરી પાછળ ફરીને જોયું, પરંતુ ખુરશી ખાલી હતી, સાધુ ન હતાં. આશ્ચર્યના ભાવને દબાવીને મેં ચાલતા કાર્યક્રમમાં ધ્યાન કેન્દ્રિત કર્યું.

કાર્યક્રમ બાદ બધાં સંતોને એક મોટા હૉલમાં ફલાહાર માટે લઈ જવામાં આવ્યા. મેં ચોતરફ દૃષ્ટિ ફેરવી, પરંતુ પેલો સાધુ ક્યાંય દૃષ્ટિગોચર થયો નહિ. દરમિયાન માધવાનંદજીએ ઘણા મહંતો અને સાધુઓ સાથે મારો પરિચય કરાવ્યો. કાર્યક્રમ પૂર્ણ થતાં બધાંને પ્રણામ કરી અમે પેદલ ચાલતાં જ જગ્યા તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં માધવાનંદજીએ કહ્યું,

'આ બધા સાધુઓમાં માત્ર થોડા સાધુઓ જ સાચા અર્થમાં સાધુઓ છે. આ માંહેના કેટલાંક તો પોતાની જગ્યામાં બેસી દિવસ-રાત ગાંજો પી અને પિવડાવીને 'રોકડી' કરવામાં જ મશગૂલ રહે છે.'

પછી મારા ખભા પર હાથ મૂકી આગળ બોલ્યા,

'સમજ્યા વગર, જાણ્યા વગર બધે જ ઊંડા ઊતરવા જતા ક્યારેક આથી વિપરીત

અનુભવ થવાને કારણે, કદાચ સમગ્ર સાધુસમાજ પર નફરત થઈ જાય.' થોડું અટકી પછી ઉમેર્યું,

'એવું પણ નથી કે બધાં જ સાધુઓ એક સરખા જ છે. તમે જે જાણવા માગો છો, તેવા સાધુઓ પણ ઘણાં છે.'

પછી થોડું અટકીને ઉમેરતા બોલ્યા, 'આ તો ગિરનાર છે, રાવલસાહેબ... ગિરનાર ! જુગજૂનો જોગિંદર, એની ઊડતી ધૂળથી પણ પવિત્ર થઈ જવાય. આ પવિત્ર 'ટેકરી' પર કશું જ અશક્ય નથી. અહીં સિદ્ધ યોગીઓ અને શુદ્ધાત્માઓની ખામી નથી. અહીં સિદ્ધો છે તો તાંત્રિકો પણ છે. મહેનતુ સાધકો માટે આ ભૂમિ સિદ્ધિ અપાવનારી છે. કારણ કે વર્ષોથી અનેક સાધકો અને તપસ્વીઓથી આ ભૂમિ તેના પુનિત અને પાવનકારી પગલાંઓથી પવિત્ર બની છે.' પછી સ્વગત બોલતા હોય તેમ કહ્યું, 'ગિરનાર તો માની ગોદ છે. અહીં મેળવવા ઇચ્છનારને બધું જ મળી રહે છે.' પછી મારી તરફ દૃષ્ટિ નોંધી બોલ્યા, 'મારો પોતાનો એ અનુભવ છે. ખેર ! ફરી ક્યારેક ચર્ચા કરીશું. ધીમે ધીમે બધો જ ખ્યાલ આવતો જશે, ઉતાવળ કરશો નહિ.' કહી, માધવાનંદજી મૌન બની મને દોરતા ઝડપથી ચાલવા લાગ્યા. હું પણ ઝડપથી કદમ મિલાવતો તેની સાથે આગળ વધી રહ્યો.

સંધ્યાનો સમય હતો. અંધકારનું સામ્રાજ્ય હળવે હળવે ફેલાતું જતું હતું. જટાશંકરની જગ્યામાં તથા જોગણિયા ડુંગર પર થતી મેલડીમાતાની આરતીનો મધુર રણકાર સંભળાઈ રહ્યો હતો. ગિરનારના પગથિયાઓ પર સ્ટ્રીટ લાઈટનો પ્રકાશ આકાશ-ગંગાઓના તારલિયા જેવો ઝગમગાટ આપી રહ્યો હતો.

શાંતચિત્તે અમો યમુનાવાડીની નજીકથી પસાર થઈ રહ્યા હતા. ત્યાં જ યમુનાવાડીથી થોડે દૂર ઝાડીમાં ઝાંખા પ્રકાશમાં મેં એક સાધુની આકૃતિ જોઈ. તે સાથે જ મારી આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. મનમાંથી ઉદ્ગાર નીકળી પડ્યો,

'ઓહ... ! આ તો એ જ પીળાદાંત, ગંદી અને ગૂંચવાયેલી જટાવાળો, પરંતુ સૌમ્ય ચહેરો ધરાવતો અને માથું ખંજવાળી હસતો. આ એ જ સાધુ છે, જે થોડી વાર પૂર્વે મેં કાર્યક્રમ દરમિયાન જોયેલો. મને લાગ્યું કે જાણે તે મારી જ રાહ જોઈને ઊભો છે. એક ક્ષણ ભયની ધીમી ઝણઝણાટી મારા શરીરમાં પ્રસરી રહી. છતાં હિંમત કરી હું એક ક્ષણ માટે અટકીને ઊભો રહી ગયો. ત્યાં જ આગળ નીકળી ગયેલા માધવાનંદજીનો મને બોલાવવાનો અવાજ આવતા પેલો સાધુ મને ફરી મળવાનો હાથથી સંકેત આપતો ક્ષણવારમાં અદૃશ્ય થઈ ગયો.'

માધવાનંદજી સાથે યંત્રવત ચાલતાં ચાલતાં એક જ પ્રશ્ન વારંવાર મારા મનમાં ઘમરાયા કરતો હતો, કોણ હશે આ સાધુ ? કેવો હશે ? શા માટે તેણે મને ફરી મળવાનો

સંકેત આપ્યો ? તે કોઈ તાંત્રિક હશે કે મેલીવિદ્યા અજમાવનારો હશે ? અથવા કોઈ સાચો અવધૂત-અલગારી સાધુ હશે ? સૌથી મોટો પ્રશ્ન તો એ થતો હતો કે તેણે શા માટે મારામાં આટલો રસ લીધો છે ?

કોઈ અજ્ઞાત ડર અને આશંકાથી ઘેરાયેલો હું માધવાનંદજી સાથે કદમ મિલાવતો ચાલી રહ્યો હતો, ત્યાં જ માધવાનંદજીએ મૌન તોડી મને પૂછ્યું. તેના સ્વરમાં રમૂજ હતી. બોલ્યા,

'કેમ રાવલ સાહેબ ! સાધુ બનવામાં કેવી મજા ? જોયું ને... !' ખડખડાટ હસી માધવનંદજીએ મારા ખભા પર હાથ મૂકીને બોલતાં હું સભાન બની ગયો. કોણ જાણે કેમ પણ મને લાગ્યું કે માધવાનંદજીના પ્રેમાળ સ્પર્શથી મારો બધો જ ડર અને આશંકા અદશ્ય થઈ ગયા છે. હું હતો તેવો જ હળવોફૂલ થઈ આનંદથી તેમની સાથે ચાલવા લાગ્યો. બાપુ મૌન તોડતા ફરી બોલ્યા,

'ત્યારે, આમ વાત છે બાપુ !' માધવાનંદજી ઘણી વખત રમૂજમાં મને 'બાપુ' કહીને હળવાશથી સંબોધન કરે છે. તેમની આ નિર્લેપ અને પ્રેમાળ વિશિષ્ટતા મને ખૂબ ગમે છે. ગમે તેવી વ્યક્તિને આનંદમાં લાવી દેવાની તેમનામાં જાણે કુદરતી શક્તિ છે. મને આનંદમાં આવી ગયેલો જાણીને હસીને સંસારીઓની જેમ રમૂજમાં બોલ્યા,

'જોયું ને બાપુ ! શિરમુંડનમેં તીન ગુન :
લોકમેં બઢે લાજ, ખાને કો લડ્ડુ મિલે,
ઔર લોગ કહે, 'મહારાજ' !'

કહી તેઓ ખડખડાટ હસી પડ્યા. મેં પણ હસતાં હસતાં કહ્યું,

'શિરમુંડનથી તો નહિ, પરંતુ ભગવા વસ્ત્રોએ તો મને જરૂરથી 'મહારાજ' બનાવી દીધો છે !'

વાતો કરતાં જગ્યા આવી ગઈ. દરવાજે અમારી રાહ જોતાં દાનબાપુ ઊભા હતા. દરવાજાના ઓટા પર નિત્યાનંદજી અને લંગડાબાપુ બેઠા હતા. તેઓએ ઊભા થઈ બાપુને પ્રણામ કર્યા. અમે પણ નમસ્કારની આપ-લે કરી અંદર ગયા. ફરાળી વાનગીઓ આરોગી પેટ ભરાઈ ગયું હતું, એટલે રાત્રે ભોજન કરવાની જરૂરત રહી ન હતી.

હું ઉપર મારા રૂમમાં ગયો. વસ્ત્રો બદલી પલંગ પર આડા પડી આજના બધા જ બનાવો પર વિચાર કરવા લાગ્યો. મને આજનો દિવસ અદ્‌ભુત લાગ્યો. હું ભગવાનદત્તનો ઉપાસક છું, પરંતુ જિંદગીમાં પ્રથમ વખત જ દત્તજયંતીના દિવસે આવો અકલ્પ્ય અનુભવ કર્યો હતો. ધન્યતાના ભાવ સાથે આંખો મીંચી હું થોડી વાર શાંતચિત્તે પથારીમાં લંબાવીને સૂતો. ઊંઘ નહોતી, પરંતુ થાકને કારણે આંખો બોઝિલ બની ગઈ હતી. હંમેશની આદત મુજબ રાત્રે સૂતી વખતે આખા દિવસના બનાવો વિશે ક્રમશઃ

હું વિચારી રહ્યો હતો. ત્યાં જ અચાનક પેલા સાધુનો ચહેરો મારા મનઃચક્ષુ પર ઉપસી આવ્યો. સૌમ્ય ચહેરો અને ચળકતી પ્રેમાળ આંખો હોવા છતાં ઘૃણા ઉપજાવે તેવી ગંદી જટા અને પીળા દાંત જોઈ મને બેચેની જેવું લાગ્યું. એ ગંદી જટા ખંજવાળતો પીળા દાંતવાળો ચહેરો મારી સામે હસી રહ્યો હતો ! ભયના એક લખલખા સાથે મારી આંખો ખૂલી ગઈ, તો સામે જ દાનબાપુ ચાની નાની કીટલી લઈને ઊભા હતા.

'આ... અત્યારે !' મારાથી અમસ્તું જ થોથવાતા પુછાઈ ગયું.

'હા, બાપુએ મોકલાવી છે. મહેમાન આવેલા તેના માટે બનાવડાવી હતી.' કહીને દાનબાપુ જતાં રહ્યાં.

ચા પી સ્વસ્થ થતાં નીચે બાપુ પાસે જવાના વિચારથી હું નીચે ઊતર્યો. જોતાં લાગ્યું કે મહેમાનો જતાં રહ્યાં છે. ધૂણા પાસેના ઊંચા આસન પર બેસી બાપુ કોઈ સાથે વાતો કરી રહ્યા હતાં. હું ધૂણાની ભસ્મ માથે ચડાવીને, બાપુની નજીકના આસન પર બેસી ગયો. આ સાધુના થયેલ અનુભવ વિશે બાપુને પૂછવા અંગે હું અવઢવમાં હતો. ત્યાં જ અન્ય લોકો જતાં રહેતાં બાપુ બોલ્યા,

'કેમ, રાવલ સાહેબ ! ચા પીધી ? બરાબર સ્વસ્થ તો છો ને ?' મારી સ્વસ્થતા અંગે પૂછતા મને શંકા થઈ કે બાપુ જરૂર કશુંક જાણે છે, છતાં દેખાવા દેતા નથી ! હિંમત કરીને મેં પૂછ્યું,

'બાપુ, આજના અનુભવ વિશે થોડું પૂછવું છે !'

'હવે સવારે વાત !' વચ્ચેથી મારી વાતને અટકાવતા બાપુએ કહ્યું,

'રાત વધી ગઈ છે, થોડી વાર સ્વાધ્યાય કરી 'સુખરાત' કરીએ.' કહી બાપુએ શ્રીમદ્દ્ભાગવત્ ખોલી વાંચવા માંડ્યું.

"શ્રી શુકદેવજી બોલ્યા : પોતાના પુત્રો શિક્ષણ પામેલા અને બુદ્ધિશાળી હોવા છતાં લોકોને શિક્ષણ આપવાના ઉદ્દેશ્યથી, ભગવાન ઋષભદેવે પુત્રોને જ પ્રથમ ઉપદેશ આપ્યો."

"ભગવાન ઋષભદેવ ઉપશમન સ્વભાવવાળા અને સર્વકર્મોથી વિરામ પામેલા હોય, તેમની ઇન્દ્રિયજન્ય કામનાઓ સંપૂર્ણ રીતે છૂટી ગઈ હતી. આ રીતે 'જીવનમુક્ત' બનેલા તેમણે તેના મોટા પુત્ર ભરતનો રાજ્યાભિષેક કરી, શરીર સિવાયના, સર્વ-રાજ્ય વિગેરેનો પરિગ્રહ છોડી 'અગ્નિહોત્ર'ના અગ્નિનો પોતાના આત્મામાં આરોપ કર્યો અને રાજ્યનો ત્યાગ કરી, ગાંડાની પેઠે-ઉન્મત બની, કેવળ આકાશરૂપી વસ્ત્ર ધારણ કરી અર્થાત્ દિગંબર બની, કેશ છૂટા મૂકી, બ્રહ્માવર્ત કહેવાતા પોતાના દેશને છોડી, પરમહંસ અવસ્થામાં ચાલી નીકળ્યા."

"તે વખતે તેણે 'અવધૂત' વેશ ધારણ કરી લીધો હતો. એ અવસ્થામાં તેમને કોઈ

બોલાવતું તો પણ મૌન રહેતા હતા. લોકોની વચ્ચે તેઓ જડ, આંધળા, બહેરા, પિશાચ તથા ગાંડાની પેઠે વર્તન કરતાં, મૌનવ્રત સ્વીકારી તેઓ સર્વત્ર ચૂપ રહીને વિચરતા હતા.''

'ઋષભદેવજીની આવી વિચિત્ર સ્થિતિ નિહાળી લોકો તેમનો તિરસ્કાર કરતા, મારતા, તેમના શરીર પર લઘુશંકા કરીને થૂંકતા. આમ છતાં તેઓ કંઈ પણ ગણકાર્યા વગર કે દુઃખ પામ્યા વગર નિર્લેપભાવે ફર્યા કરતા હતા.'

''સત્ય' અને 'મિથ્યા' જગતના સ્વરૂપનો અનુભવ તથા ખ્યાલ મેળવી તેઓ પોતાના 'આત્મસ્વરૂપ'માં જ સ્થિર રહેતા હતા. 'હું' અને 'મારું' એવું દેહાભિમાન તેમને રહ્યું ન હતું.'

થોડો શ્વાસ લેવા થંભી મારા તરફ દૃષ્ટિ કરી માધવાનંદજી મને સંબોધીને બોલ્યા,

'પ્રત્યેક વ્યક્તિએ પોતાની ઉત્તરાવસ્થામાં બધી જ સ્પૃહાઓ, સંકલ્પો અને કામનાઓ છોડીને 'વાનપ્રસ્થાશ્રમ' અપનાવી લેવો જોઈએ.'

પછી આગળ વાંચવાનું શરૂ કર્યું, 'ઋષભદેવ તેમના આંતરિક આધ્યાત્મિક તેજથી દેદીપ્યમાન અને તેજોમય તો હતા જ; અને તેથી જ તેમનું આકર્ષણ લોકોમાં કામદેવથી પણ અધિક બની ગયું હતું, પરંતુ આમ સુંદર દેખાતા હોવા છતાં, એ સુંદરતા છુપાવવા માટે ભગવાન ઋષભદેવ અવધૂતના જેવા, પોતાના મલિન બનાવેલા શરીર વડે, જાણે કોઈ 'ગ્રહ'થી ઘેરાયા હોય તેવા 'ગંદા' ઘૃણા ઉપજાવે તેવા દેખાતા હતા !'

'ગંદા' શબ્દ પર ભાર મૂકી માધવાનંદજીએ સૂચકદૃષ્ટિ કરી મારી સામે જોયું.

'ભગવાન અને તે પણ પાછા ગંદા ? આમ કેમ ?' સમજ્યા વગર મેં મારું અજ્ઞાન પ્રગટ કર્યું. કોણ જાણે કેમ પણ આ સાથે પેલા ગંદી જટા અને પીળાં દાંતવાળા સાધુનું ચિત્ર મારા મનઃચક્ષુ પર ઊપસી આવ્યું. મને થયું, શું આ સાધુ પણ આવો અવધૂત હશે ? અથવા આ આખ્યાનના અનુસંધાને અને મારી આવી મનઃસ્થિતિને કારણે અનાયાસ જ મને આવો વિચાર આવતો હશે ? રામ જાણે, પરંતુ પેલા સાધુએ મારા સમગ્ર મનને ઘેરી લીધું હતું, એ વાત ચોક્કસ હતી !

'જુઓ !' માધવાનંદજી તુરત બોલ્યા, 'સાધુઓએ આવું વર્તન કરવું જ પડતું હોય છે. સાધનામાં અજ્ઞાની લોકો બાધક ન બને એટલા માટે, લોકોથી દૂર રહેવું સિદ્ધ સાધુઓ માટે જરૂરી છે અને એટલા માટે જ આવા સાધુઓ ઇરાદાપૂર્વક જ અવધૂત, ગંદા વેશ ધારણ કરી વિચરણ કરે છે. તેથી તેમને ગંદા અને ગાંડા ગણી સામાન્ય લોકો તેનાથી દૂર ભાગે છે. જો કે ધાર્મિક જીવન જીવતા આધ્યાત્મિક લોકોને તેઓ છૂપી રીતે આશીર્વાદ આપી શક્તિ પૂરી પાડે છે અને જરૂર પડ્યે મદદ પણ કરે છે. ગાંડા અને ગંદા લાગતાં આવા સાધુઓ ક્યારેક 'અવતારી' અથવા અવધૂત પણ હોઈ શકે છે.' પછી થોડી વાર

અટકી જાણે કાંઈક રહસ્ય જણાવતા હોય તેવા ભાવ સાથે આગળ બોલ્યા, 'આવા ગંદા અને અવધૂત જેવા દેખાતા સાધુઓ ખરેખર ગાંડા પણ હોઈ શકે છે, એટલે એવાં બધાં સાધુઓને જોઈ અવધૂત ન માની બેસતા, નહિ તો ક્યારેક ફસાઈ જશો.' કહી માધવાનંદજી મોટેથી હસ્યા. મને લાગ્યું કે બાપુ મને પેલા સાધુ વિશે ચેતવણી તો નથી આપતા ને ? અથવા તો એ સાધુ ખરેખર અવતારી અને સાચો અવધૂત છે, એમ ગર્ભિત રીતે બધું જ જાણે છે, તો પછી મને સ્પષ્ટ કેમ કશું કહેતા નથી ? મને એમ પણ થયું કે, કદાચ આ બાબત માધવાનંદજી જાણે છે, એવો મને ખોટો ભ્રમ ઊભો થયો છે.

ખોટા ભ્રમમાં પડી જાઉં તેવા નબળા મનનો હું માણસ પણ નથી. બલ્કે માધવાનંદજી વિશેનો જ્યાં સુધી મારો અનુભવ છે, ત્યાં સુધી કશી જ બાબત તેનાથી છૂપી હોતી નથી. એમની ચકોર નજર બધે જ ઘૂમતી હોય છે. પળવારમાં એ બધું જ જાણી લે છે અને જ્યારે જરૂર પડે, ત્યારે અને તો જ એ રહસ્યની જેમ પ્રગટ કરે છે. સ્પષ્ટ કહ્યા વગર પણ એ બધું સમજાવી શકે છે. ઉપરોક્ત કથા સહિતની બાબતો કહેવા પાછળ એમનો કોઈને કોઈ ઉદ્દેશ હોવો જ જોઈએ; અને જે પાછળથી ગમે ત્યારે સમજમાં આવી જશે તેવી મને ખાતરી હોવાથી મનમાં ઉદ્ભવતાં ઘણાં પ્રશ્નો મેં તત્કાળ પૂરતા પૂછ્યા નહિ. મૌન બેસી રહ્યો. બાપુએ આગળ વાંચવાનું શરૂ કર્યું,

'પછી જ્યારે તે ભગવાને જોયું કે આ બધા લોકો યોગના સાક્ષાત્ શત્રુઓ જ છે, માટે આ લોકોને દૂર રાખવાના ઉપાયરૂપે 'બિભત્સકર્મ એટલે કે નિંદ્ય અને સૂગ આવે તેવું વર્તન કરવું જ ઠીક થશે.' આવો વિચાર કરી તેમણે અજગર જેવું વ્રત આચરવા માંડ્યું. એટલે સૂતા સૂતા ખાવા-પીવા માંડ્યું. ખાતાં ખાતાં મળમૂત્ર કરવા માંડ્યા અને વિષ્ટામાં આળોટીને શરીરના બધાં અંગો ખરડી મૂકી ગંદા કરી નાખ્યા. આમ લોકવ્યવહારનો ત્યાગ કરવા યોગીઓએ આવી રીતે વર્તવું જોઈએ. એમ બતાવવા માટે અનેક પ્રકારની યોગચર્યા આચરતા હતા; અને એ રીતે 'બ્રહ્મ' સાથે તાદાત્મ્ય સાધતા તથા અજ્ઞાનીઓની પેઠે 'હું શરીર છું' એવો દેહાદિ ઉપાધિવાળો ભાવ ન હોવાથી, પોતાની મેળે જ તેઓ 'અષ્ટ સિદ્ધિ'ના સ્વામી બન્યા હતા. આકાશ માર્ગે જવું, મનસમાન વેગથી આગળ જઈ શકવું, અદશ્ય થઈ જવું, પારકા શરીરમાં પ્રવેશ કરવો તેમજ દૂર રહેલા પદાર્થને પકડી લેવો. વિગેરે યોગની સિદ્ધિઓ તેમને પ્રાપ્ત થઈ શકી હતી, એમ છતાં આ પરમહંસ એ બધા જ યોગના ઐશ્વર્યોથી દૂર રહ્યા હતા.'

પરંતુ કથા સાંભળતા સાંભળતા મારું ચંચળ મન વર્તમાન આ કલિયુગમાં આવા યોગીઓ હોવાની સંભાવના વિશે શંકાથી વિચારી રહ્યું હતું. આ બધું ઊંડાણથી જાણવા માટે તો મારા આ પ્રયત્નો હતા. આ માટે જ મારું અહીં આગમન, અહીં એક સાધુ તરીકેનું જીવન, આ માટે તો હતું જ ! ખેર, આ બાબત ફરી ક્યારેક !

મને વિચારે ચડેલો જાણી ગયેલા બાપુ વાંચન અટકાવી મારા સામે જોઈ હસીને બોલ્યા,

'રાવલ સાહેબ ! આપણી પ્રાચીન પરંપરા શાશ્વત છે. એ પરંપરા આજે પણ ચાલુ છે.'

મને લાગ્યું કે મારી શંકાને બાપુ જાણી ગયા છે અને આ શંકાના અનુસંધાને તેઓ આગળ બોલ્યા પણ ખરા,

'આજે પણ આવા યોગીઓ આપણી ભારતભૂમિમાં છે. હા, એટલું ખરું કે કલિયુગની અસરને કારણે આવા સિદ્ધયોગીઓનું પ્રમાણ જૂજ છે, છતા ઘણાં છે. મેં દર્શન કર્યાં છે.'

'આપે દર્શન કર્યાં છે ?' બાપુના શબ્દો સાંભળી મારું હૃદય આનંદથી સ્પંદિત થઈ ઊઠ્યું. આજ તો મારા જીવનનું ધ્યેય છે ને એટલા માટે જ અહીં ગિરનારના સાંનિધ્યમાં ધામા નાખીને પડ્યો છું. બાપુને એ ખબર છે, છતાં !'

'ધીરજ... !' મારા વિચારોને જાણી ગયેલા માધવાનંદજી બોલ્યા, 'ધીરજ – ધીરજના ફળ મીઠા છે. કહેવત છે, 'ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર. હજુ તમારે ગંભીર બનવાની જરૂર છે. આ માટે પાત્રતા કેળવવાની હજુ થોડી વાર છે. ધીરજ રાખો, સમય આવ્યે બધું થઈ રહેશે. પાત્ર તો તમે છો જ, પરંતુ એ પાત્રની ક્ષમતા ધીમે ધીમે વધે તે જરૂરી છે. માત્ર ક્ષમતા વધારવાની જરૂર છે. બસ, જેમ અનુભવો વધતા જશે, તેમ તેમ ક્ષમતામાં વધારો થતો જશે. તમારા અંતઃકરણને બાહ્ય ભૌતિક પરિબળોની અસરથી અલિપ્ત કરી વધુ ને વધુ વિશુદ્ધ બનાવો. તમારો આત્મા જ તમને માર્ગદર્શન અને સૂચનો આપશે, તે પ્રમાણે કરતા રહેજો, તમે જે ઇચ્છો છો તે તમને સામેથી મળતું રહેશે. ખાસ યાદ રાખો, ઈશ્વર બધાંની ઇચ્છાઓ પૂરી કરે જ છે. ધીરજથી રાહ જુઓ, બધાં જ પ્રશ્નોનું સમાધાન થતું રહેશે.'

પછી થોડું અટકીને ગંભીરતાથી બોલ્યા,

'પરંતુ એક વાત ધ્યાનમાં રાખજો, ગમે તેવા સંજોગો આવી પડે તો પણ ગભરાશો નહિ. વિપરીત સંજોગોમાં પણ તમારો આત્મા તમારો ગુરુ બનીને માર્ગદર્શન આપ્યા કરશે. આત્મવિશ્વાસપૂર્વક, ડર્યા વગર, ડગ્યા વગર શીઘ્ર નિર્ણય લઈ આગળ વધજો.'

પછી થોડું અટકીને કોઈ રહસ્ય બતાવતા હોય તેમ આગળ બોલ્યા, 'અને હાં ! તમે તો નસીબદાર છો. તમે પોતે જ જીવનભર કરેલી 'ગાયત્રી સાધના'ની પ્રચંડ શક્તિ ગોપિત રીતે તમારામાં પડેલી છે, તે હું જોઈ શકું છું. એ શક્તિ વડે જ તેના પ્રભાવથી તમારું રક્ષણ થતું રહેશે, ઉપરાંત અન્ય શક્તિની મદદ ! ખેર, એ વાતો પછીથી, થોડું આગળ વાંચન કરી લઈએ. જે મહત્ત્વનું છે.' કહી બાપુએ આગળ વાંચ્યું.

'એ પછી, પોતાના દેહત્યાગના વિધિનો પણ ભગવાન ઋષભદેવે માત્ર યોગીઓને ઉપદેશ આપવા માટે જ પોતાનું પંચમહાભૂતનું બનેલ નાશવંત શરીર છોડવાની ઇચ્છા કરી ને પોતાના 'ઋષભદેવ' નામના શરીરને પોતાનાજ આત્માને, આત્મા વિષે સ્થાપન કરી - મન, બુદ્ધિ અને અંતઃકરણને વિલીન કરી નાંખ્યા, પછી 'બ્રહ્મ' સાથે અભેદ અર્થાત એકરૂપ બની 'ધ્યાતા-ધ્યેય'થી રહિત ભાવવાળા બની ગયા. તે પછી તેમણે પોતે જ પોતાના આત્માના દર્શન કરી 'દેહાભિમાન' છોડી દીધું.'

'આમ તેનું સ્થૂળ શરીર પૃથ્વી પર ફરતું હતું, પરંતુ પોતે જીવનમુક્ત હતા. આવા 'જીવનમુક્ત' બનેલા એ મહાયોગીએ પોતાના આત્મામાં જ સ્થિર બની 'યોગાગ્નિ' પ્રગટ કરી, વાંસના ઉપવનમાં પોતાના શરીરને દાવાનળ પ્રગટ કરી તેમાં ભસ્મ કરી નાંખ્યુ.'

ભાગવત વાંચન પૂર્ણ કરી, પોથી બાંધી બાપુએ મારા સામે પ્રશ્નસૂચક દૃષ્ટિથી જોયું.

'ભીષ્મની જેમ ઇચ્છામૃત્યુ !' મેં મારું જ્ઞાન પ્રગટ કરતાં કહ્યું.

'હા, આ ઇચ્છામૃત્યુ ખરું, પરંતુ ભીષ્મના જેવું નહિ. ભિષ્મને વરદાન હતું - ઉત્તરાયણ આવતા સુધીના છ માસ સુધી તે બાણશૈયામાં રહી મૃત્યુને લંબાવી શક્યા હતા; અને એ રીતે બાણશૈય્યાનું ભીષણ કષ્ટ સહન કરીને કરવાં પડેલાં કર્મોનું પ્રાયશ્ચિત કરી દેહ છોડ્યો હતો.' પછી થોડું અટકીને ઉમેર્યું, 'પરંતુ આમાં એક વાત સમજવી મહત્ત્વની છે. યોગીએ 'દેહાભિમાન' છોડી 'જીવનમુક્ત' બન્યા પછી પણ શરીરનું અર્થાત્ ભૌતિક જડ દેહનું જેટલું આયુષ્ય નિર્માણ થયું હોય, બાકી રહ્યું હોય, તે પૂરું કરવું જ પડે છે. પોતાના ભૌતિક શરીર સાથે તે દરેક સ્થળોએ પશુની જેમ વિચરે છે, તેનું શરીર માત્ર ઇન્દ્રિયોની મદદથી જ કાર્યરત હોય છે, પરંતુ યોગીને તેનું ભાન હોતું નથી. મનસહિત તેની બધી જ ઇન્દ્રિયો વિરામ પામી, તેનો આત્મા અખંડ સત-ચિત્ત આનંદસ્વરૂપ એવા વિરાટ અને અગોચર પરમાત્મામાં એકરૂપ થઈ, અદ્વૈત બની ગયો હોય છે. જ્યારે તેનું નિયત આયુષ્ય પૂર્ણ થાય છે, ત્યારે યોગીનાં 'બ્રહ્મરંધ્ર'માં 'યોગાગ્નિ' પ્રગટ થઈ તેના જડ શરીરને ભસ્મ કરી નાખે છે !' થોડું અટકી ઉપરોક્ત વાતના અનુસંધાને બાપુ પુનઃ બોલ્યા,

'પરંતુ બીજી વાત - આ ભયંકર કલિયુગના પ્રભાવને કારણે કેટલાંક સાધુઓ અર્થાત્ યોગીઓ આ રીતે યોગાગ્નિ પ્રગટ કરી, દેહ ન છોડી શકતા, જીવતાં જ જમીનમાં સમાધિ લઈ દેહત્યાગ કરે છે અને ત્રીજી વાત - આ ભ્રાંતયુગમાં સાધુ-યોગી પણ ઘણી વખત પોતાના નિયત મૃત્યુના સમયને, પોતે 'જીવનમુક્ત' અવસ્થાએ પહોંચેલો હોવા છતાં પણ જાણી શકતો નથી અને તીવ્ર વૈરાગ્યની અસર તળે જીવતા સમાધિ લઈને

દેહત્યાગ કરે છે. પરિણામે આવા સાધુ કે યોગીને 'મોક્ષગતિ'ને પામ્યા વગર જ પોતાના લિંગ કે સૂક્ષ્મ શરીરે નિર્મિત આયુષ્ય પૂર્ણ થાય, ત્યાં સુધી પૃથ્વી પર જ વિચરવું પડે છે.'

'તો શું આવા સાધુ કે યોગીઓને પણ અકાળે દેહત્યાગ કરવાથી 'પ્રેતયોનિ' પ્રાપ્ત થતી હશે ?'

મેં જિજ્ઞાસા દર્શાવતા બાપુએ આગળ કહ્યું,

'પ્રેતયોનિ તો એવા જીવને પ્રાપ્ત થાય કે જેનામાં સાંસારિક ભૌતિક સુખ મેળવવાની વાસના રહી હોય. આમાં સૂક્ષ્મ તફાવત સમજવાની જરૂરત છે. જેમનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું હોય, પરંતુ વાસનાઓ રહી ગઈ હોય, તો તે પ્રમાણે તેણે પુનઃજન્મ લઈ સંસારચક્રમાં ફસાવું પડે છે. અર્થાત્ મૃત્યુ પછી નૂતનદેહ ધારણ કરવો પડે છે, પરંતુ જેમનું આયુષ્ય પૂર્ણ થયું નથી, છતાં અકાળે, અકસ્માતે કે આત્મહત્યા અથવા 'ખૂન'થી જેને દેહત્યાગ કરવો પડ્યો છે, તે જીવ તેની રહી ગયેલી વાસનાઓને કારણે અમુક સમય સુધી ઇન્દ્રિય વાસનાઓથી લપેટાયેલો તે જીવાત્મા પ્રેતયોનિમાં ભટક્યા કરે છે, પરંતુ 'જીવનમુક્ત' સાધુ કે યોગી તેને પ્રાપ્ત કરેલી 'યોગશક્તિના પ્રભાવે' સૂક્ષ્મ શરીરથી પણ આનંદમાં મગ્ન બની સર્વત્ર યથેષ્ટ વિચરી શકે છે. તેનું સ્થૂળ શરીર ન રહેવા છતાં વાસનારહિત હોવાથી તે યોગી દેહત્યાગ પછી પણ આત્માનંદમાં સ્થિર અને મગ્ન રહી ગમે ત્યાં જઈ શકે છે, પ્રગટ પણ થઈ શકે છે; અને ભક્તો કે શુદ્ધ અંતઃકરણવાળા સાધકોને માર્ગદર્શન અને શક્તિ આપી શકે છે, સંકેત દ્વારા સૂચન કરી શકે છે. વાર્તાલાપ પણ કરી શકે છે, ગમે તેવું રૂપ ધારણ કરી શકે છે, પરકાયા પ્રવેશ કરી શકે છે !'

પછી થોડું અટકીને બાપુ બોલ્યા, 'મેં આવા યોગી આત્માઓનાં દર્શન કર્યા છે, મળ્યો પણ છું, વાતચીત પણ કરી છે.'

બાપુની ઉપરોક્ત વાત સાંભળી હું મનોમન હર્ષિત થઈ ઊઠ્યો. વિચાર્યું, મારે આજ તો જાણવું છે, બાપુની આ અનુભવની વાતથી લાગવા માંડ્યું છે કે, 'કોળિયો' હવે મારા મોઢામાં આવતો જાય છે. મેં આશ્ચર્યથી પૂછ્યું, 'આપે આવા યોગી આત્મા સાથે વાતચીત પણ કરી છે ? ખરેખર ?' હું માનતો ન હોઉં એવા સ્વરમાં બોલ્યો.

'હા, મેં જોયા છે !' બાપુએ પણ તેવા જ ઉત્સાહથી જવાબ આપ્યો. 'અને વાતચીત પણ કરી છે. તમારું જિજ્ઞાસુ અને શુદ્ધ અંતઃકરણ હોવાથી તમે પણ જોયા છે. જોયા હશે કદાચ ! પરંતુ ઓળખી શક્યા નહિ હો, કારણ કે આવા આત્માઓને ઓળખવામાં મુશ્કેલી પડે છે. ક્યારેક તે પ્રસન્ન થઈ ન સમજાય તેવું સૂચન કરી અદશ્ય થઈ જાય છે.'

બાપુના આ સંભાષણ સાથે જ મને પેલા ગંદી જટા અને પીળા દાંતવાળા સાધુની સ્મૃતિ થઈ આવી. હું મારી જિજ્ઞાસા સંતોષવા મુખ ખોલું તે પહેલાં જ બાપુ બોલ્યા,

'બધું જ સમજાઈ જશે, અનુભવો પણ થશે, પરંતુ ધી...ર...જ... !' વ્યંગમાં મારાથી બોલાઈ જવાયું, 'હાં... ધીરજ... ધીરજ... જરૂર ધીરજ રાખીશ !'

'બસ ત્યારે ! હવે વધુ રાહ નહિ જોવી પડે !'

વાતની સમાપ્તિસૂચક મુદ્રા કરી બાપુએ મને ઊઠવાનો સંકેત કર્યો.

માધવાનંદજીની પ્રત્યેક વાતો અને સૂચનો પર મને વિશ્વાસ પડતો હતો. અનુભવની એરણ પર ચડેલા તેના પ્રત્યેક શબ્દો ભવિષ્યમાં સાચાં પડતાં મેં જોયા છે.

અત્યારે સ્વાધ્યાય દ્વારા થયેલી ચર્ચા પર હું વિચાર કરતો સીડી તરફ જઈ રહ્યો હતો. મને લાગ્યું કે ઋષભદેવની કથા અને તે પછી સાધુ-યોગીઓની સમાધિ દ્વારા દેહવિલયની વાતો સાથે મેં જોયેલ સાધુને કોઈ ને કોઈ સંબંધ હોવો જોઈએ, છેલ્લે છેલ્લે બાપુનો સંકેત પણ એવો જ હતો તેમ મને લાગ્યું.

'ધીરજ અને હવે વધુ રાહ નહિ જોવી પડે.' તેવા તેના ગર્ભિત શબ્દો હવે તુરત જ કશુંક નવીન બનવાના સંકેત જેવા મને લાગ્યા.

'અને હા, રાવલ સાહેબ !' પાછળથી માધવાનંદજીના શબ્દો મારી પીઠ પર અથડાયા. 'બહાર નીકળવાનું થાય તો તમારી પાસે રહેલી ટોર્ચ લઈને નીકળવાનું રાખજો અને હાં, ઠંડીમાં સાલ પણ ઓઢી લેજો.'

મારાથી આશ્ચર્ય પામ્યા વગર ન રહેવાયું. મૌન ઉદ્ગાર સરી પડ્યા મારા મુખમાંથી, 'આ મહાપુરુષને મારી પાસે બેટરી (ટોર્ચ) છે, તેની પણ ખબર છે, પરંતુ ઠંડી અને જામતી જતી રાતમાં કોનો દિ' ફર્યો છે કે રાત્રે બહાર નીકળે !' છતાં મારા માટેની બાપુની લાગણી અને સંભાળ માટે મને માન ઉપજ્યું.

પરંતુ બાપુના ભવિતવ્યના સંકેતને હું તત્ક્ષણ સમજી ન શક્યો. રૂમ પર આવી લાઈટ કરી મેં ચોતરફ દૃષ્ટિ કરી. ટિપોઈ પર મોટા ગ્લાસમાં દૂધ ઢાંકીને રાખેલું મારી દૃષ્ટિએ પડ્યું. ગ્લાસની નીચે ચિઠ્ઠી લખેલી હતી. લખ્યું હતું, 'બાપુએ તમારા માટે દૂધ મોકલવાનું સૂચન કરેલું. પી લેજો.' નીચે લખ્યું હતું, '– દાનબાપુ'

આ દાનબાપુ પણ ખરેખરી 'ગાડી' છે. સુપરફાસ્ટ બ્રોડગેઈજ ટ્રેઈનની જેમ દિવસભર દોડે છે. બસ કામ, કામ ને કામ ! ન થાક ન કંટાળો. બધાંની સેવા પોતે જ કરે છે. છતાં જશ બધો બાપુને જ આપે છે.

દૂધનો ગ્લાસ પીધા વગર ટેબલ પર મૂકી, ઠંડી હોવા છતાં તાજી હવા માટે મેં બારીઓ ખોલી નાખી. ઠંડી હવા અંદર ધસી આવવાની સાથે બહાર દેખાતા નયનરમ્ય

દૃશ્યને જોઈ મને તાજગી લાગી. ઉત્તરદિશા તરફ સ્થિત જોગણિયો પર્વત હાથીની જેમ અંધકાર ઓઢીને સૂતો હતો. પર્વત પર આવેલા મેલડી માતાજીના મઠમાં હજુ પણ 'ડિંગ... ડિગાંક... ડિંગ...' ડાકલા વાગી રહ્યા હતાં. આ દૂર દૂરથી સંભળાતા ડાકલાનો અવાજ જુગુપ્સાપ્રેરક અને ભયજનક લાગી રહ્યો હતો. વારંવાર બદલાતા લય અને તાલ સાથે વાગતું આ વાજિંત્ર કોઈ મેલી વિદ્યાના સાધક દ્વારા તાંત્રિક સાધના કે પ્રયોગનું સૂચન કરતું હતું. પશ્ચિમ તરફની બારીમાંથી યોગસાધના પૂર્ણ કરી સૂતેલા કોઈ ઋષિ જેવો ગિરનાર પર્વત પવિત્ર અને નયનરમ્ય લાગતો હતો. ભૈરવજન્યશિલા તથા છેક ઉપર સુધી જતી લાઈનબંધ વીજળીની ટ્યુબ લાઈટ્સ પ્રકાશ પાથરી આકર્ષણમાં ઔર વધારો કરી રહી હતી. નયનરમ્ય એ દૃશ્યને હું ધરાઈ ધરાઈને પી રહ્યો હતો.

હું પ્રકૃતિનાં સૌંદર્યને માણી રહ્યો હતો. ત્યાં જ ખુલી રહેલા દરવાજામાંથી ઠંડો પવન ધસી આવ્યો. પવનના જોશથી ભટકાતા દરવાજાને હું બંધ કરવા જતો હતો, ત્યાં જ અચાનક મારી દૃષ્ટિ નદીના સામે કાંઠેના રેવતાચલ પર્વતના ઢોળાવ પર આવેલી પથ્થરોથી ચણેલી કોઈ સાધુની શુભ્ર ડેરી (નાનું મંદિર) પર પડી. આમ તો રોજ હું આ સમાધિને જોતો હતો, પરંતુ કોણ જાણે કેમ મને અત્યારે તેનું જબરું આકર્ષણ થવા લાગ્યું ! આકાશમાં ચંદ્ર વગરના ચળકતા તેજસ્વી તારાઓના પ્રકાશમાં લગભગ સ્પષ્ટ દેખાતી એ સમાધિ પરની ડેરીમાં કશીક હિલચાલ થતી હોય તેવું મને લાગ્યું અને એ સાથે જ મેં એ ડેરીના ગોખમાં દીપક પ્રગટી ઊઠેલો જોયો. આટલી મોડી રાત્રિએ અચાનક પ્રગટેલા એ દીપકને જોઈ, મારા મનમાં તે અંગે જાણવાનું કુતૂહલ જાગી ઊઠ્યું. જાણવાની જિજ્ઞાસાવૃત્તિ તો મારામાં પ્રબળ છે જ, પરંતુ એ સાથે મને એમ પણ લાગ્યું કે ત્યાં જવા માટે મને કોઈ ખેંચી પણ રહ્યું છે. તત્કાળ એ ખેંચાણ એટલું તીવ્ર બન્યું કે હું મારી જાતને ત્યાં જતી રોકી ન શક્યો !

હાથમાં ટોર્ચ લઈ, સાલ ઓઢી હું ઝડપથી નીચે ઊતર્યો. બગીચો વટાવી જગ્યાનો ઢોળાવ ઊતરી, ઘેઘૂર જાંબુડાનાં વૃક્ષો નીચે થઈ કાળમીંઢ પથ્થરોવાળી વહેતી નદી ઓળંગી હું સમાધિસ્થાન પર ઝડપથી ચાલવા લાગ્યો. કાળમીંઢ ગોળ અને નાના-મોટા પથરાઓને ટપતો અને ગીચ ઝાડી-ઝાંખરાને હાથથી હટાવતો હું લગભગ દોડી રહ્યો હતો. શરીર પર થતાં બોરડીના કાંટાઓના ઉઝરડાઓને હું સહન કરતો ઝડપથી જતાં મને થાકનો અનુભવ થતાં થોડી વાર શ્વાસ ખાવા થંભી ગયો.

ત્યાં જ મને એવો ભાસ થયો કે, હું અહીં એકલો નથી. બીજું પણ કોઈક મારી સાથે છે, અથવા મારી પાછળ આવી રહ્યું છે. બેટરીના પ્રકાશમાં આજુબાજુ અને પાછળ મેં દૃષ્ટિ કરી, પણ કોઈ દેખાયું નહિ ! મારો એ ભ્રમ હશે, એમ માની શિલાઓ અને અણિદાર પથ્થરોને ઓળંગતો ટોર્ચના પ્રકાશમાં હું આગળ વધ્યો. સમાધિ વાળી ડેરી

હવે નજીક અને સ્પષ્ટ દેખાઈ રહી હતી. મેં વધુ નજીક પહોંચી ધ્યાનપૂર્વક જોયું તો ગોખમાં પ્રજ્વલિત દીપકની જ્યોત મોટી બનતી અને વધારે પ્રકાશ આપવા લાગી હોય તેમ મને લાગ્યું !

અચાનક મારા પગ થંભી ગયાં. મનોમન મને લાગ્યું કે હવે વધુ આગળ ન વધવાનો મને કોઈ આદેશ આપી રહ્યું છે. પ્રયત્ન કરવા છતાં એક ડગલું પણ હું આગળ ન વધી શક્યો ! તેથી આગળ વધવાનો પ્રયત્ન છોડી હું સ્થિર ઊભો રહ્યો. જો કે હું ડેરીની સાવ નજીક આવી ગયો હતો અને દીપશિખાને સ્પષ્ટ જોઈ શકતો હતો. સ્થિર દૃષ્ટિથી જોઈ રહેલા મને લાગ્યું કે જ્યોત વધુ મોટી થઈ રહી છે અને મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે એ પ્રકાશિત જ્યોત હજુ પણ વધુ ને વધુ મોટી થતી ડેરીના ગોખની બહાર નીકળી રહી હતી. મારા અચંબાની કોઈ સીમા ન રહી. મનમાં થયું, હવે જે થાય તે જોયા કરવાનું છે.

ક્ષણવાર પછી મેં જોયું કે જ્યોત હવે ડેરીના મોટા ઓટલા પર સ્થિર થઈ વધતી જતી હતી. જ્યોત હવે વધુ ને વધુ વધતી જ રહી હતી, પરંતુ થોડી જ ક્ષણોમાં એ જ્યોતે શાન્ત અને શીતળ અગ્નિના ભડાકા જેવું રૂપ ધારણ કર્યું અને થોડી જ ક્ષણોમાં એ અગ્નિ વિશાળ જ્યોતના રૂપમાં સ્થિર બની ગયો અને એ અગ્નિની ભડકા સ્વરૂપની જ્યોત ધીમે ધીમે પ્રકાશિત માનવઆકૃતિનું રૂપ ધારણ કરતી જતી હતી. આશ્ચર્યની ચરમસીમા તો મને ત્યારે લાગી કે તે જ્યોત સ્વરૂપ પ્રકાશિત અગ્નિ ધીમે ધીમે સ્પષ્ટ થતાં મને લાગ્યું કે એ જ્યોત સ્વરૂપ આકૃતિ ધીમે ધીમે વધુ ને વધુ સ્પષ્ટ થતી જતી છૂટી જટાધારી સાધુની આકૃતિ ધારણ કરી રહી હતી !

આકૃતિ વધારે સ્પષ્ટ થતાં નવાઈથી મારી આંખો પહોળી થઈ ગઈ. અપલક આંખે તેને જોઈ રહેવા મને સ્પષ્ટપણે લાગ્યું કે, આ પેલા સાધુ જ છે, જેને મેં આજે દિવસમાં બે વખત જોયા હતા અને તેની પ્રતિકૃતિ મીંચેલી આંખો દ્વારા અનાયાસે અનેક વખત જોઈ હતી. એ જ જટા, એવા જ પીળા દાંત અને હસતો પ્રેમાળ અને નમણો ચહેરો ! જે ત્યારે પણ અત્યંત સૌમ્ય અને પ્રેમાળ જણાતો હતો. જે જોઈ અત્યારે મારું અંતઃકરણ ભય કે ઘૃણાને બદલે ભક્તિભાવથી ઊભરાઈ ગયું. મારા હૃદયમાં આનંદના સ્પંદનો જાગી ઊઠ્યા. મનમાં પૂરેપૂરી ખાતરી થઈ ગઈ. અંતરનાં ઊંડાણમાં શબ્દો ધ્વનિત થઈ ઊઠ્યા, 'ઓહ... ! આ મેં જોયેલા સાધુ ! આ તે જ અને તેવા જ યોગી છે. જેનું નિદર્શન માધવાનંદજીએ સ્વાધ્યાય દરમિયાન ગર્ભિત રીતે કર્યું હતું અને તે સાથે જ મને હવે 'આ સાધુને તમે પણ જોયા છે !' તેવા બાપુના શબ્દોની સાર્થકતા સમજાઈ ગઈ.'

અહોભાવથી બે હાથ જોડી મેં યોગીને શ્રદ્ધાપૂર્વક નમસ્કાર કર્યા. સામેથી યોગીએ પણ આશીર્વાદની મુદ્રામાં જમણો હાથ ઊંચો કરી આશિષ આપી. સાથે સાથે થોડી

વારે યોગીએ મારી જમણી બાજુ મોટી શિલા તરફ મુખ ફેરવી એ જ પ્રમાણે આશીર્વાદની મુદ્રામાં હાથ ઊંચો કર્યો, મેં તે શિલા તરફ દૃષ્ટિ કરી, પરંતુ રાત્રિના અંધકારમાં કશું દેખાયું નહિ, પરંતુ મને એમ લાગ્યું કે મારા સિવાય પણ અન્યની હાજરી અહીં જરૂર છે; જેને યોગીએ આશીર્વાદ આપ્યા છે. મેં પુનઃ બે હાથ ઊંચા કરી, નીચા નમી દંડવત્‌ની મુદ્રામાં પ્રણામ કર્યા. એ સાથે જ થોડી ક્ષણોમાં એ યોગીની સ્પષ્ટ આકૃતિ ધીમે ધીમે તેજનાં રૂપમાં પરિવર્તન પામતી નાની દીપજ્યોતમાં પરિવર્તન પામી ઊંચે જવા લાગી. ધીમે ધીમે ઊંચે ને ઊંચે જતી એ જ્યોત તેજસ્વી ટપકાં જેવડી થઈ 'ગિરનાર'ની પાછળ અદૃશ્ય થઈ ગઈ !

આશ્ચર્ય અને અહોભાવથી સ્તબ્ધ થઈ ગયેલાં મને એ અવસ્થામાંથી બહાર આવતાં થોડી ક્ષણો પસાર થઈ ગઈ, ને એ સાથે જ આશ્ચર્યનો એક વધુ આંચકો મને લાગ્યો, બાજુની શિલા પાસેથી એક મોટાં કદનો માનવ ઓળો ઊભો થયો. ભયનું એક લખલખું પસાર થઈ ગયું. મારા શરીરમાંથી ને એ સાથે જ યંત્રવત્ મારી આંગળી ટોર્ચની ચાંપ પર દબાઈ જતાં ફેલાયેલા પ્રકાશમાં સ્પષ્ટ થયેલો ચહેરો જોઈ સાનંદાશ્ચર્યથી મારા મુખમાંથી શબ્દો સરી પડ્યા, 'ઓહ, આપ માધવાનંદજી, બાપુ તમે ?' જવાબમાં ખડખડાટ હસતા નજીક આવી તેઓ બોલ્યા,

'કેમ ! તમારે એકલાએ જ યોગીબાવાના દર્શનનો લાભ લેવો હતો ? તમને જતાં જોઈ હું પણ તમારી પાછળ પાછળ આવ્યો !' મેં હસતાં હસતાં કહ્યું : 'પાછળ પાછળ આવ્યા કે મને બધું પ્રત્યક્ષ બતાવવા આગળ આગળ ધકેલ્યો !'

'એ જેમ માનો તેમ !' મારા બન્ને ખભા પર હાથ મૂકી મને આગળ કરી હસતાં હસતાં બોલ્યા,

'કેમ ! ધીરજના ફળ મીઠાં લાગ્યા કે નહિ ?'

'જી હાં ! પરંતુ મેં જોયેલા એ જ આ સાધુ હતા ?' ખાતરી થઈ ગઈ હોવા છતાં મેં પૂછ્યું, 'એમના વિશે વધુ જાણવાની મને ઇચ્છા છે.'

'હા, જેમના વિશે જાણવા તમે આજ આખો દિવસ વિચાર કરીને ભેજાનું દહીં કરી નાખ્યું. આ એ જ યોગી-મહાત્મા હતા. એમના દર્શન અને આશીર્વાદથી તમને હવે મુશ્કેલીના સમયે રક્ષણ મળ્યા જ કરશે !'

ઢાળ ઊતરતાં ઊતરતાં અમે વાતો કર્યે જતાં હતા, ત્યાં અચાનક મારો પગ પડતાંની સાથે એક ફુત્કારનો અવાજ થતાં પગ ઊંચો કરી હું પાછળ હઠી ગયો. બેટરીના પ્રકાશમાં કાળાનાગને ઝડપથી જતો મેં જોયો. ને મારું હૃદય ભયથી એક થડકાર ચૂકી ગયું.

'ગભરાવાની જરૂર નથી.' મારી પીઠ પર હાથ પસવારતા બાપુ બોલ્યા, 'મેં કહ્યું ને, કે તમને હવે રક્ષણ મળી ચૂક્યું છે. નાગના દંસથી તમે આબાદ બચી ગયા !'

મારો થડકાટ શાંત થયો. ધીમે ધીમે ઢાળ ઊતરતા અમે નદીકાંઠે આવી પહોંચ્યાં. માધવાનંદજીએ વાત શરૂ કરી :

"ગુરુપરંપરાથી સાંભળેલી અને પાછળથી આજ યોગી દ્વારા સાંભળેલી વાત છે. પચાસ વર્ષ પહેલાં આ યોગી આજ જગ્યાની 'સૂર્યગુફા'માં રહી સાધના કરતાં સમાધિ અવસ્થામાં જ રહેતા હતાં, 'શિવાનંદ સરસ્વતિ' તેમનું નામ, ઉંમર આશરે પચીસેક વર્ષની, દેહાભિમાન છૂટી ગયું હતું. તીવ્ર વૈરાગ્ય આવી જતાં તેમને હવે ભૌતિક અને નાશવંત દેહમાં પુરાઈ રહેવું યોગ્ય લાગતું ન હતું. તેમના ગુરુ 'બ્રહ્મલીન' પામી ગયા હતાં. ગુરુની ગેરહાજરીમાં પોતાના શિષ્યોની નામરજી હોવા છતાં, જીવતાં જ આ જગ્યાએ સમાધિ લીધી."

"પરંતુ તેમના ભૌતિક દેહનું અર્થાત્ જડ શરીરનું આયુષ્ય હજુ બાકી હતું. આયુષ્ય પૂર્ણ થયા પૂર્વે જ તેમણે સમાધિ લઈ દેહત્યાગ કરતાં તેમનો મોક્ષ થયો નહિ. એટલે પ્રકૃતિના નિયમ મુજબ જડ દેહ વગર આત્માએ સુક્ષ્મ અથવા લિંગ દેહ સાથે નિયત આયુષ્યમર્યાદા પૂર્ણ થાય ત્યાં સુધી પૃથ્વી પર વિચરવું પડે ! જો કે જીવનમુક્ત દશા તથા દેહાભિમાન ન હોવાને કારણે આવા યોગીઓ ભૌતિક મૃત્યુ પછી પણ પોતાની યોગશક્તિથી તે બ્રહ્માનંદમાં લીન રહી મરજી મુજબ વિચરી શકે છે, પ્રત્યક્ષ થઈ શકે છે, માર્ગદર્શન આપી શકે છે. અન્યના વિચારો જાણી શકે છે ! પ્રથમ ભોજન સમયે તમે જોયેલાં ત્યારે તમારી 'અગમ-નિગમ' વિશે જાણવાની ઇચ્છા વિશે મેં તેમને જણાવેલું. ખેર, એ પછીની વાત તો સ્પષ્ટ છે. તમારા પર એમની કૃપા હોવાથી આજે મને એમનો-સવારે ધ્યાન દરમિયાન સંદેશો મળેલો ! ભગવાન ગુરુદત્તાત્રેયની જયંતીને દિવસે એ દરવર્ષે સમાધિમાંથી આ રીતે પ્રગટ થઈને ગુરુદત્તાત્રેયના શિખર પર તેમના દર્શન કરવા જાય છે. આથી યોગીના દર્શનનો લાભ અપાવવા મેં જ તમને પ્રેરણા કરી અહીં બોલાવેલા !"

દેખાવમાં લોકોને 'સામાન્ય સાધુ' જેવા લાગતાં બાપુ માધવાનંદજીમાં આટલી શક્તિ છે, તે જાણી હું મનોમન તેમને વંદી રહ્યો.

સામા કાંઠાનો ઢાળ ચઢી અમે જગ્યામાં આવી પહોંચ્યા. 'ચાલો હવે, બાકીનું બધું પછી, અત્યારે સુખરાત કરો. તમારા જેવા અંગ્રેજી ભણેલાઓ માટે 'ગુડનાઈટ'.' કહી હસીને જતાં બાપુને મેં કહ્યું, 'પણ હવે ઊંઘ આવે તો ને !'

'આવી જશે, તમે નહિ ઇચ્છો તો પણ.' કહી બાપુ પોતાના કમરામાં જતા રહ્યા.

રૂમ પર આવી દરવાજો બંધ કરી હું પલંગ પર બેસી ગયો. સર્વત્ર શાંતિ હતી. તમરાના ત્રમ... ત્રમ.. ત્રમ... અવાજથી રાત્રિની નીરવ શાંતિનો ભંગ થઈ રહ્યો હતો. જોગણિયા પર્વત પરથી આવતો ડાકલાનો અવાજ બંધ પડી ગયો હતો. આખા દિવસ

દરમિયાન અનુભવેલાં પ્રસંગોથી મારું મન અનેક પ્રશ્નો અને વિચારોથી ઊભરાઈ રહ્યું હતું. ઊંઘ આવવાની કોઈ શક્યતા ન હતી. અચાનક મારું ધ્યાન ટેબલ પર પડેલા દૂધ પર ગયું, એક શ્વાસે હું બધું જ દૂધ ગટગટાવી ગયો. પેટમાં દૂધ જતાં આંખો ઘેરાવા લાગી. વિચારો શાન્ત થઈ ગયા. ને હું પલંગમાં લાંબો થઈ સૂઈ ગયો, આંખો મીંચાઈ ગઈ. આંખો મીંચાતા મને લાગ્યું કે ચંદ્રના દૂધમલિયા પ્રકાશમાં હું નાહી રહ્યો છું. શીતળ પ્રકાશપૂંજ વડે ઘેરાયેલા મને કાને શબ્દો ગુંજ્યા, 'ઊંઘ આવી જશે, તમે નહિ ઇચ્છો તો પણ !' માધવાનંદજીએ કહેલા એ શબ્દો !

ને થોડી જ વારમાં નિદ્રાદેવીએ મને પોતાના ખોળામાં લપેટી લીધો !



2

રાત્રે ઘસઘસાટ ઊંઘ આવી ગયેલી. તેથી શરીરમાં તાજગી અને સ્ફૂર્તિ આવી ગઈ હતી. ગતરાત્રિનો થોડો ઉજાગરો હોવા છતાં સમયસર ઊંઘ ઊડી ગઈ હતી. પથારીનો ત્યાગ કરતા પ્રથમ મેં જમણો પગ પૃથ્વી પર મૂકી મા દુર્ગાના ૩૬ નામોનું સ્મરણ કર્યું, મા ભગવતી પાસે શુભદિવસ માટે મેં પ્રાર્થના કરી. જો કે આજે શ્વાસોચ્છ્વાસમાં ડાબો સ્વર ચાલતો હતો, જે દોડધામ અને મુશ્કેલીમાં દિવસ પસાર થશે તેમ સૂચવતો હતો.

જોકે સ્વરોનું મને પૂરતું જ્ઞાન નથી, પરંતુ હું જાણું છું કે એ ભારતીય પરંપરા નિર્મિત શુદ્ધ વિજ્ઞાન છે, સ્વરના જ્ઞાનને સમજી કાર્યારંભ કરવામાં આવે તો નિશ્ચિત સફળતા મળે છે. આ બાબત મેં પૂરતું જ્ઞાન મેળવવા પ્રયત્ન કર્યો નથી, પરંતુ નૈમિત્તિક કર્મ-ધ્યાન અને સમાધિમાં એકાગ્રતા લાવવા હું વારંવાર શ્વાસોચ્છ્વાસ અને થોડા પ્રાણાયામ દ્વારા બન્ને સ્વરોને સમાન કરી શકું છું. જો બન્ને સ્વરો સમાન રીતે ચાલુ હોય તો ધ્યાન ઝડપથી લાગી જાય છે. એવો મારો અનુભવ છે.

જો સ્વાસ્થ્ય બરાબર ન હોય અને શરદી જેવા દર્દને કારણે નાક બંધ હોય તો બન્ને હાથની હથેળીઓ લમણા પર અને કાનની ઉપરના ભાગના મસ્તક પર થોડી વાર ઘસવાતી બન્ને નાક અથવા બન્નેમાંથી એક સ્વર જરૂર ખૂલી જાય છે. જો કે હવે તે માટે આવા પ્રયત્નો કરવાની જરૂર નથી પડતી, હવે તો શીઘ્ર ધ્યાન લાગી જતાં સમાધિવસ્થા તુરત જ પ્રાપ્ત થઈ જાય છે. મારો આ વ્યક્તિગત અનુભવ છે, સ્વરશાસ્ત્ર સાથે કદાચ આને કોઈ સંબંધ નહિ પણ હોય, હું નિત્ય સ્વરને જાણી લઈ, પથારીમાંથી ઊઠી જમીન પર જમણો પગ ટેકવી, પૃથ્વી માતાને પ્રાર્થના કરી, ક્ષમા માગીને આગળ વધુ છું.

સ્વસ્થ થઈ હું નીચે ગયો. જગ્યાનું સમગ્ર વાતાવરણ પ્રવૃત્તિથી ધમધમી રહ્યું હતું. ચોગાનમાં તથા ગૌશાળામાં સાફસૂફી ચાલી રહી હતી. રસોડામાંથી નીકળતા ધુમાડાથી પ્રતીત થયું હતું, કે ચૂલો સળગે છે. એનો અર્થ એ થયો કે ચા બની રહી છે. ઝટપટ કરંજના વૃક્ષનું દાતણ કરવાં હું એક જ બાકી હોઉં તેમ લાગ્યું. પ્રાતઃઆરતી ક્યારની થઈ ગઈ હતી. આરતીમાં આશ્રમવાસીઓએ સ્નાનાદિથી પરવારી હાજરી આપવી નૈતિક રીતે અપેક્ષિત હોય છે, પરંતુ આજે મોડું થઈ જવાથી હું હાજર ન રહી શક્યો તેનો મને થોડો રંજ પણ થયો.

મેં ગુફાઓ તરફ જવાની ઇચ્છાથી એ તરફ પગ ઉપાડ્યા. રામાનંદ સ્વામી પોતાની ગુફામાં દૈનિકયજ્ઞ કરી રહ્યા હતા. બાજુની બુધ અને ગુરુની ગુફામાં સાધના કરતા લંગડાબાપુ તથા નિત્યાનંદજી જપ સાથે ધ્યાનમાં લીન હતા. વાતાવરણ આહ્‌લાદક હતું. શિયાળાની ઠંડીને ઊગતા સૂર્યના કિરણો હટાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતાં. ગિરનારની ટોચ પર સૂર્યોદયનું દૃશ્ય હૃદયને આનંદ અને સ્ફૂર્તિથી ભરી રહ્યું હતું.

માધવાનંદજીને મળવાની ઇચ્છાથી મેં ધૂણા તરફ પગ ઉપાડ્યા. બાપુ તેના આસન પર બેસીને આજનું વર્તમાનપત્ર વાંચી રહ્યા હતા. મને જોઈ કહ્યું, 'આવો રાવલ સાહેબ ! હું તમારી જ રાહ જોઈ રહ્યો હતો.' કહી દાનબાપુને ચા સાથે તુલસીનો ઉકાળો લાવવા માટે હાક મારી. હું નીચે બેઠો એટલે બાપુએ વર્તમાનપત્રની એક જગ્યાએ આંગળીનો સ્પર્શ કરી કહ્યું, 'આ... વાંચો.' મેં તે જગ્યાએ દૃષ્ટિ કરી વાંચ્યું. હેડિંગ હતું - 'બાવા દ્વારા બાળકની ઉઠાંતરી' ઘણી વખત આવતા આવા સમાચારો વાંચવા મળતાં હોવાથી મને આમાં ખાસ આશ્ચર્ય થયું નહિ, પરંતુ આગળની વિગત વાંચતા હું ચોંકી ગયો. આ જે બાળકનું અપહરણ થવાની વિગત છે, તે મારા પડોશમાં રહી ચૂકેલાં મારા ખાસ સંબંધી અને પરમમિત્ર સુરેશભાઈની છે.

સુરેશભાઈને પાંચથી છ વર્ષનો એક માત્ર પુત્ર છે, જેનું બાવા દ્વારા અપહરણ થયું છે. તેની સાથે જ સ્કૂલેથી પાછા ફરતાં તેના મિત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ બાવો તેને ક્રિકેટ રમવાનું બેટ અપાવવાની લાલચે બોલાવી, ચોકલેટ આપી પછી કોઈ માદક વસ્તુ સૂંઘાડી અર્ધઘેનમાં નાખી, પોતાના ખભા પર બેસાડી ઝડપથી નાસી ગયો હતો. પ્રેસનોટમાં લખ્યું હતું, 'બાળકના પિતા સુરેશભાઈએ પોલીસને ખબર આપી છે. બાળકનો હજુ પત્તો લાગ્યો નથી, ગિરનાર પર્વતની તળેટીમાં અને સંભવિત જગ્યાઓ ખૂંદી વળવા છતાં સફળતા મળી નથી. કદાચ બાવો તેને અન્યત્ર બહારગામ લઈ જવામાં સફળ રહ્યો હોય, તેવી પણ સંભાવના દર્શાવાય રહી છે.'

સમાચાર ખરેખર મારા માટે આઘાતજનક હતા, સુરેશભાઈ મારા પરમમિત્ર અને સ્નેહી છે, મને પણ આ બાળક પર અત્યંત પ્યાર છે. બાપુના દર્શન કરવા સુરેશભાઈ

સાથે તે ઘણી વખત આવતો, બાપુ પણ સુરેશભાઈના પરિવારથી સુપરિચિત છે, તે એટલે જ બાપુએ સમાચાર પ્રતિ મારું ધ્યાન દોરેલું છે, તે હું સમજી ગયો.

અંગત સંબંધના કારણે આ સમાચાર મારા માટે ચિંતાજનક હતા. ઉંમરલાયક બે પુત્રીઓ પછી સુરેશભાઈને આ એકનો એક પુત્ર હતો. ઘનિષ્ઠ સંબંધ હોવાને કારણે અત્યારે આ કુટુંબ પરના કારમા આઘાત અને તે કારણે થતાં દારુણ વલોપાતને હું સારી રીતે સમજી શકતો હતો. હવે શું થશે ? એ પ્રશ્ન મારા મનમાં ઘૂમરાવા લાગ્યો. અચાનક આવી પડેલી આ સ્થિતિથી હું જાણે મતિહીન બની ગયો.

'શું વિચાર કરો છો, રાવલસાહેબ ?' બાપુનો પ્રશ્ન મારા કાને અથડાયો. શૂન્યમનસ્ક ભાવે મેં કહ્યું, 'કશો વિચાર જ નથી કરી શકતો ત્યાં શું કરવું જોઈએ ? શું થઈ શકે ? સુરેશભાઈ માટે હું શું શું કરી શકું ? તે મને સમજાતું નથી.'

'સમજાઈ જશે, ધીરજ. બધું જ સમજમાં આવતું જશે. તમને શક્તિ પ્રદાન થઈ ચૂકી છે. હવે તમારામાં અખૂટ શક્તિ પડેલી છે. વિરાટ આત્માનો તમે એક અંશ છો. હવે બહારની શક્તિની તમને જરૂર નથી. શક્તિનો સ્રોત તમારી અંદર અને બહાર વધી રહ્યો છે. આત્મવિશ્વાસને દૃઢ કરી કાર્ય કરવાનો સંકલ્પ કરો. સફળતા તમારા ચરણોમાં પડેલી છે. 'ઉઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો.' એ મંત્રને આત્મસ્થ કરી કાર્યમાં લાગી જાવ. માત્ર સંકલ્પ કરો. સંકલ્પમાં બળ છે, સંકલ્પ એ જ શક્તિ જાગૃત કરવાનું મહાન પરિબળ છે. વિરાટ ઈશ્વરે સંકલ્પ દ્વારા જ બ્રહ્માંડનું નિર્માણ કર્યું છે.'

'પણ, બાપુ ! કોઈ પણ જાતની આગળ-પાછળની ભૂમિકા વગર સંકલ્પ કેવી રીતે કરવો ?' અકળાઈને મેં વચ્ચે પ્રશ્ન કર્યો,

"કાર્ય કરવાની તત્પરતા એ જ સંકલ્પની ભૂમિકા છે, તમારી અંદર પડેલી 'તડપ' તમને આગળ વધવાની ભૂમિકા પૂરી પાડશે ! એક વખત નક્કી કરી ઝંપલાવશો એટલે રસ્તો આપોઆપ બનતો જશે ! શરૂઆતમાં વિકટ લાગતો રસ્તો છેવટે રાજમાર્ગ બની જશે."

દાનબાપુ ચા લઈને આવી જતા વાત અટકી. સવારે સવારે બીજી વખત ચા પીવાથી શરીરમાં સ્ફૂર્તિ આવી ગઈ. વિચારશક્તિને બળ મળી ગયું. બાપુના શબ્દોએ આત્મવિશ્વાસને દૃઢ કર્યો, 'પથ્થરમાં લકીર' સમાન બાપુનાં શબ્દોમાં અને તે કહેવા પાછળ કોઈ ને કોઈ હેતુ હોવાની ખાતરી અને શ્રદ્ધા મારામાં હતી અને તત્ક્ષણ મનમાં થવા લાગ્યું કે, 'બાપુ કહે છે, માટે બધું પાર ઊતરી જશે.'

વળી આવા કાર્યમાં જોતરાવા માટે મને પ્રોત્સાહિત કરવા પાછળ તેમનો કોઈ ને કોઈ ઉદ્દેશ ચોક્કસ હોવો જોઈએ એવી શ્રદ્ધા દૃઢ બની ગઈ. ને આ વાતને પુષ્ટિ આપતા હોય તેમ બાપુ બોલ્યા, 'ચિંતા કરવાની કોઈ જરૂર નથી, ઈશ્વર જે કાંઈ કરે

છે તે સારા માટે જ હોય છે. ઈશ્વરની ઇચ્છાને સમજવી મુશ્કેલ હોય છે. એક પરિસ્થિતિ જે કોઈના માટે મુશ્કેલ હોય છે અને દુઃખદાયક હોય, તે જ પરિસ્થિતિ અન્ય માટે લાભપ્રદ પણ હોઈ શકે ! આ ધ્યાનમાં રાખવા જેવી વાત છે. સુરેશભાઈ માટે ઊભી થયેલી દુઃખદાયક પરિસ્થિતિ તમને એક સુંદર તક પૂરી પાડે છે. જાણવાની તમારી તીવ્રઇચ્છા થોડી પૂરી થશે; અને ઈશ્વરની ઇચ્છાથી સુરેશભાઈને મદદરૂપ થવા તમે એક સફળ 'સાધન' બની શકશો. બાકી તમારા પ્રયત્ન દ્વારા 'સાધ્ય' જ નિષ્પન્ન થશે ! બન્ને હેતુ સાથે સાથે જ સિદ્ધ થશે તે નિઃશંક છે.'

બાપુના શબ્દોમાં ગર્ભિત સંકેત હતો, પરંતુ તેમના કહેવા મુજબ ખરેખર મારા માટે આ એક સુંદર તક હતી. આ બનાવ જ મને તાંત્રિક સાધકો અને તેના પ્રયોગોનો અનુભવ કરાવી શકશે ! પરંતુ જો આ અપહરણ કોઈ તાંત્રિક બાવા-સાધુ દ્વારા થયું હશે તો ?

ને કોઈ અગમ્ય શક્તિ મને ઝડપથી નિર્ણય કરવા પ્રેરતી હોય તેમ મને લાગ્યું. કોઈ પણ જાતના આયોજન વગર મારા કાર્યના સંકલ્પબળના આધાર પર ગમે તે રીતે કાર્યારંભ શરૂ કરવાનો મેં નિર્ણય કરી નાંખ્યો !

ઝડપથી સ્નાન કરી, ઉપર રૂમ પર જઈ મેં ભગવાવસ્ત્રોની જગ્યાએ પેન્ટ-શર્ટ પહેરી લીધાં. પ્રથમ કામ મારે શહેરમાં જઈ સુરેશભાઈને મળી તેને આશ્વાસન આપવાનું કરી લેવું જોઈએ. બાદમાં જેવી પ્રેરણા થાય તે પ્રમાણે કરવું, તેવો નિર્ણય કરી હું નીચે આવ્યો. સાથે સાથે મારો વિચારપ્રવાહ પણ ચાલુ થઈ ગયો.

મને થયું, અપહરણ કરનાર કોઈ તાંત્રિક સાધુ જ હશે કે કોઈ અન્ય ? મને તાંત્રિક સાધુ હોવાની શક્યતા વધુ લાગી, કારણ કે આ પહેલાં પણ બે-ત્રણ આવા બનાવો બની ગયા હતા, તેની મને ખબર હતી. છાપાઓમાં આવી ઘણી ચર્ચા થઈ હતી. મને બીજો વિચાર એ પણ આવ્યો કે જો આ અપહરણકર્તા સાધુ જ હોય તો તેમ કરવા પાછળના તેના ત્રણ હેતુઓ હોઈ શકે, પહેલો હેતુ એ હોઈ શકે કે, બલિદાન આપી કોઈ દેવી-દેવતાને પ્રસન્ન કરી તે મારણ કે ઉચ્ચાટન કે વશીકરણ જેવી સિદ્ધિ હાંસલ કરવા માંગતો હોય, બીજું આવા લોકો બાળકોને અપંગ બનાવી તેની પાસે ભીખ મંગાવી પોતે આરામથી રહેવા ઇચ્છતા હોય અથવા બાવા-સાધુઓ વિકૃત માનસ પણ ધરાવતા હોય. જે નાના બાળકનું અપહરણ કરી પોતાની વિકૃતિ સંતોષતા હોય ! જે હોય તે, વિચારો ખંખેરી મારી બાઈક ડેલામાંથી બહાર કાઢી હું બાપુ માટેના ખાસ રૂમમાં પ્રવેશ્યો. આસન પર આંખો મીંચી ધ્યાનમાં બેઠેલા માધવાનંદજી મારો પ્રવેશ થતાં જ બોલ્યા :

'વાહ ! યોગ્ય અને ઝડપથી નિર્ણય કર્યો છે. તમારું અનુમાન યોગ્ય દિશાનું છે. વ્યક્ત કર્યા વગર મારા વિચારોને જાણી ગયેલાં બાપુની પ્રશંસા કરવા મારી પાસે કોઈ

શબ્દો નથી. માત્ર શ્રદ્ધા છે. કોઈ અગર એમ કહે કે, 'માધવાનંદજી દોડતા દોડતા ઊંઘ ખેંચી શકે છે.' તો પણ હું હવે માનવા તૈયાર છું.'

'હવે આપમેળે જ બધાં નિર્ણયો લેતા જશો, જે સાચી દિશામાં હશે. મુશ્કેલી વગર તમારા વિઘ્નો દૂર થતાં જશે. તમારી ચિંતા તમારે કરવાની નથી.'

બાપુના આ ગર્ભિત શબ્દોનો અર્થ સમજી હું નિશ્ચિંત બની ગયો. ઊંડો-હળવો શ્વાસ લઈ હું બાપુના આસન નજીક બેઠો. બાપુ ઊભા થઈને ક્યાંક જવાની તૈયારીસૂચક થેલામાં જરૂરી કપડાં વિગેરે ભરતાં ભરતાં બોલ્યા, 'દાદાગુરુની તબિયત બગડી ગઈ છે. હું ત્યાં જઈ રહ્યો છું, સાંજ સુધીમાં આવી જઈશ. તમે શહેરમાં જરૂરી કામ પતાવીને મધ્યાહ્ન સુધીમાં પરત આવી જવાના. કોઈ મહેમાન આવે તો દાનની મદદ લઈ સંભાળી લેજો અને હા, સાંજના સમયે 'વોકિંગ' કરવા જાવ ત્યારે શંભુ અગ્નિ અખાડામાં જજો. યમુનાવાડીમાં સરયુદાસજી સાથે પણ સત્સંગ કરવા જજો. ત્યાં અન્ય સાધુઓને પણ મળવા જેવું છે.' પછી થોડો વિચાર કરીને બોલ્યા, 'શહેરમાંથી જરૂરી બધી તૈયારી કરીને આવશો. સારા કામમાં કોઈ પણ વસ્તુ સંકોચ વગર સાથે રાખવી કે તેનો જરૂરી ઉપયોગ કરવો, અગર તે વસ્તુ સારી ન હોય તો પણ બંધનકર્તા બનતી નથી.'

બાપુના છેલ્લા શબ્દો ગર્ભિત રીતે સૂચક હતા. હું તે શબ્દોને અનાયાસે જ અમલમાં મૂકીશ તેવો મને વિશ્વાસ હોવાથી મેં તે શબ્દો પર વિચાર કર્યો નહિ.

રિક્ષા દ્વારા માધવાનંદજીબાપુ ગયાં. પાછળ બાઈક દ્વારા મેં શહેર તરફ પ્રયાણ કર્યું. કાળવાચોક પોલીસ સ્ટેશન પાસે ગાડી ઊભી રાખી. મારા એક વકીલમિત્રનો પુત્ર મુકેશ જોષી અહીં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવે છે. સુરેશભાઈએ અહીં જ ફરિયાદ નોંધાવી હશે એમ માની મેં મુકેશની ચેમ્બરમાં પ્રવેશ કર્યો. મને જોઈ મુકેશ આદરથી ઊભો થઈ ગયો. નમસ્કાર કરી બોલ્યો,

'સુરેશકાકાની ફરિયાદ મેં જ નોંધી છે, કાકા ! આપને જોઈને મને ખ્યાલ આવ્યો જ કે આ બાબત આપ પૃચ્છા કરવા આવ્યા છો.'

માથું હલાવી મેં હા કહી. આંખોથી જ આગળ જાણવાની ઉત્સુકતા બતાવી. મુકેશ દ્વારા જે જાણવા મળ્યું તે આ પ્રમાણે હતું, 'ફરિયાદ નોંધતાની સાથે જ મુકેશે સુરેશભાઈના ઘરની અને સ્કૂલની આજુબાજુ 'ખબરી'ને કામે લગાડી દીધેલાં. ફોટાને આધારે આજુબાજુ પૂછપરછ કરતાં માલૂમ પડ્યું કે એ વિસ્તારમાં આવેલ મંદિરમાં દેવીપૂજક જેવો જણાતો એક સાધુ બે દિવસથી ઊતર્યો હતો. તે દિવસે એક પાંચેક વર્ષના છોકરા સાથે તેને મંદિરમાંથી નીકળતો કેટલાંક લોકોએ જોયો હતો. છોકરાના નામની કોઈને ખબર ન હતી. ફોટો જોઈ કોઈએ આજ છોકરો હતો તેની ચોક્કસ ખાતરી આપી નહિ, પરંતુ એક વાત નિશ્ચિત હતી. શંકાસ્પદ લાગે એ રીતે છોકરો ડરતો ડરતો સાધુ સાથે જતો હતો.

ખબરી દ્વારા મળેલી બાતમીના આધારે મુકેશે મંદિરમાં જઈને પૂજારીની મુલાકાત લીધી હતી. આગવી ઢબે થોડી પૂછતાછ કરતાં જાણવા મળ્યું, તે મુજબ દેવીપૂજક રીઢો દારૂનો તથા ચરસ-ગાંજાનો ધંધાર્થી હતો. પત્નીના મૃત્યુ બાદ તે સાધુનો વેશ ધારણ કરી મેલી સાધના કરવાને રવાડે ચડી ગયો હતો. આગળ જતાં તંત્રવિદ્યાને જ તેણે વ્યવસાય બનાવી લીધો હતો. અંધશ્રદ્ધાળુ લોકો પાસેથી તે મોટી રકમ લઈને ઘણું કામ કરી આપતો હતો. 'નરબલિ' જેવું બિભત્સ અને ગમે તેવું ભયાનક કાર્ય કરતાં પણ તે અચકાતો નથી. જાણકાર લોકો તેના ડરને કારણે કશું બોલી શકતા નથી.

ગિરનારની કોઈ અગોચર જગ્યાએ તે રહે છે, જેની જાણકારી આપતા પૂજારી પણ અચકાતો હતો. પછી તેને જેલ અને બદનામીનો ડર બતાવી વધુ માહિતી ઓકાવતા જાણવા મળ્યું કે, સમશાનની ઉત્તર દિશામાં આવેલ 'મેલડીમાતા'નું એક મંદિર છે. જેનો અન્ય એક સાધુ મહાન ઉપાસક છે. આ સાધુ દેવીપૂજક સાધુનો સાગરીત અને મદદકર્તા છે. જે મોટે ભાગે છુપાતો કોઈ અન્ય જગ્યાએ રહે છે. ગાંજા અને દારૂ તથા ચરસનો પ્યાસી છે, આથી વધુ માહિતી મુકેશને મળી શકી નહિ. પુરાવા વગર પોલીસખાતું ઝડપથી આગળ ન વધી શકે, તે પણ સ્વાભાવિક હતું. મોડું કરવામાં જોખમ હતું અને આગળ વધવું હવામાં બાચકા ભરવા જેવું હતું.'

સુરેશભાઈને મળી સમય બગાડવા કરતાં મુકેશ સાથે સંદેશો મોકલી આપવાનું મને વધુ ઈષ્ટ લાગ્યું. પ્રથમ દેવીપૂજક સાધુના સાગરીત એવા સાધુને મળી આગળ વધવાનું નક્કી કરી, તેને ખુશ કરવાના ઉપાય તરીકે ગાંજો, દારૂ અને ચરસ લઈને જ તેની પાસે પહોંચવું એવો નિર્ણય કરી, મુકેશને જ આની વ્યવસ્થા કરવાની વડીલ તરીકે મેં જવાબદારી સોંપી દીધી. મુકેશને મેં મારી યોજના અને આવા પદાર્થો સાથે રાખવાના કારણો અંગે વિગતવાર સમજાવી દીધું હતું. સાંભળીને સહમત થતાં મુકેશે પણ કહેલું,

'અમારે પોલીસ ખાતાએ પણ ગુનેગારને સપડાવવા ક્યારેક આવી લાલચ પણ આપવી પડે છે. આપ પોલીસ ખાતાને મદદરૂપ થવાના છો, એટલે મારે આપના કાર્યમાં એટલો સહકાર અને મદદ આપવી જોએ. જે મારી ફરજનો એક ભાગ જ ગણાય.'

સાંજ પહેલાં જ બધી વસ્તુઓ જગ્યા પર પહોંચતી થઈ જશે, તેવી મુકેશે જવાબદારી લેતા હું બપોરે એક કલાકે જગ્યા પર પરત થઈ ગયો. બધાં ભોજનથી પરવારી પોતપોતાના સ્થાન પર વિશ્રાંતિ લઈ રહ્યા હતાં. દાનબાપુ પરવારીને મારી જ રાહ જોઈ રહ્યાં હતાં. સાદું દાલ-રોટીનું ભોજન કરી, હું મારા રૂમ પર ગયો. આગળ વધવાની કોઈ નિશ્ચિત ભૂમિકા ન હોવાને કારણે દ્વિધાયુક્ત મનોદશા સાથે પથારીમાં પડી આગળની કાર્યવાહી વિશે હું વિચારે ચડ્યો. જો કે મારે વિચાર કરવાની કોઈ આવશ્યકતા ન હતી. કારણ કે મને પૂર્ણ શ્રદ્ધા હતી કે, હું જે કાંઈ નિર્ણય કરીશ તે માધવાનંદજીની પ્રેરણા દ્વારા જ કરીશ !

અત્યાર સુધીના મારા અનુભવોથી મને વિશ્વાસ બેસી ગયો હતો કે, માધવાનંદજીથી કશું જ અગોચર અર્થાત્ છૂપું રહી શકતું નથી. તેમની દષ્ટિ વર્તમાનને કે ભૂતકાળને તો ઠીક, પરંતુ ભવિષ્યને પણ વિંધી શકે છે. મારા ભવિષ્યના કામમાં ગાંજો, ચરસ અને દારુની પણ જરૂર પડશે તેની તેને ખબર પડી ગઈ હતી અને તેથી જ તેણે આ વસ્તુનો ઉપયોગ કરવાની મને ગર્ભિત રીતે પરવાનગી આપી દીધી હતી. 'શહેરમાંથી જરૂરી બધી જ તૈયારીઓ કરીને આવશો. સારા કાર્ય માટે કોઈ પણ વસ્તુ સાથે રાખવી કે તેનો ઉપયોગ કરવો તે વસ્તુ સારી ન હોવા છતાં, બંધનકર્તા બનતી નથી.' માધવાનંદજીની વ્યવહારિક દૃષ્ટિ હવે સમજવામાં આવી ગઈ. હવે પછીની પ્રવૃત્તિ બપોર બાદ જ થઈ શકે તેમ હોવાથી નિશ્ચિત મને મેં ઊંઘ ખેંચી કાઢી.

ઊંઘ ઊડી ત્યારે બપોરના ચાર વાગી ગયાં હતાં. નિયમ મુજબ સ્નાન કરી એક કલાક ધ્યાન સાથે ગાયત્રી મંત્રના જપ કર્યા. સામાન્ય રીતે જપ સાથે ધ્યાન કરતાં મને સૌમ્યચંદ્રના ધવલ પ્રકાશના શીતળ સરોવરમાં સ્નાન કરતો હોઉં એવો આહ્લાદક અનુભવ થાય છે, પરંતુ આજે ધ્યાન દરમિયાન મને લાગ્યું હતું, કે મારા આ અનુભવમાં વિક્ષેપ પડી રહ્યો છે. ધીમે ધીમે પ્રકાશપૂંજ ઓછો થતાં થતાં મને પર્વતીય જંગલ વિસ્તાર દૃષ્ટિગોચર થવા લાગ્યો. પર્વતીય વિસ્તારની મધ્યમાં સુકાતી જતી નદી અને તેને કાંઠે દેશી નળિયાવાળું ઝૂંપડું પણ નજરે પડવા લાગ્યું. પછી મને લાગ્યું કે હું જાણે હવામાં તરતો તરતો આકાશ માર્ગે આગળ વધી રહ્યો છું. જે દશ્યો ઝિલાતા હતાં તે સચોટ રીતે મારા મનમાં અંકિત થઈ જતાં હતાં. એક કલાકનાં આ સમય દરમિયાન મને ઘણાં દશ્યો જોવા મળ્યાં. દુર્ગમ રસ્તો થોડે દૂર પર્વત અને તેનો પાછળનો ભાગ. બધાં જ દશ્યો મારા માનસમાં સ્મૃતિરૂપે અંકિત થઈ જતાં હતાં.

મનસહિતની બધી જ ઇન્દ્રિયો અર્થાત્ શરીર એક કુદરતદત્ત ઘડિયાળ જેવું છે, જે યોગ્ય સમયે, યોગ્ય રીતે નિયમિત થતું કાર્ય આપોઆપ-સ્વયં પૂર્ણ કરે છે. ધ્યાન સ્વયંપૂર્ણ થતાં મેં ઘડિયાળમાં જોયું. બરાબર પાંચ વાગ્યા હતા. જે ધ્યાન પૂર્ણ કરવાનો મારો હંમેશનો સમય હતો.

ધ્યાનમાં પ્રકાશપૂંજને બદલે આવા દશ્યો દૃષ્ટિગોચર થવા તે એક સંકેત હતો, ગર્ભિત માર્ગદર્શન હતું. તેનો અનુભવ મને પાછળથી થયો હતો, પરંતુ તત્ક્ષણ મેં આ અનુભવમાં ચિત્તસંક્ષોભની વૃત્તિને કારણરૂપ માની લીધેલી. ધ્યાન દરમિયાન સહેજ પણ મન વિચલિત હોય તો જ આવા દશ્યો દેખાવા લાગે છે. સાંપ્રત પરિસ્થિતિને કારણે મને આવા દશ્યો સ્વાભાવિક લાગેલા.

હજુ વોકિંગમાં જવાના સમયને કલાકની વાર હતી. દરમિયાન મુકેશ તરફથી કોઈ સૂચન અને યાદી મુજબનો જે સામાન મોકલવાનો હતો, તેની પણ રાહ જોવાની હતી.

નીચે જઈ દાનબાપુના હાથની ગરમાગરમ ચા પીધી. 'રાવલ સાહેબ !' ઓસરીમાં પડેલ સામાન ભરેલ થેલો બતાવતા દાનબાપુએ કહ્યું, 'અશોકભાઈ સાથે મંગાવેલી વસ્તુઓ આવી ગઈ છે.' બે દિવસ પહેલાં મેં એક છાત્ર પાસે મારા માટે નવા બૂટ-મોજાં, જરૂરી દવા, ચીકી-બિસ્કીટ વિગેરે જરૂરી વસ્તુઓ મંગાવેલી. જે આજે આવી ગઈ હતી. આ બધી વસ્તુઓની મને ખાસ જરૂર પડવાની હતી, તેમ હવે પ્રતીત થઈ રહ્યું. થોડી વારે મુકેશે કોઈ રિક્ષાવાળા સાથે બધી વસ્તુઓ સંદેશા સાથે મોકલાવેલી તે પણ મળી ગઈ. યોગ્ય સમયે, યોગ્ય વસ્તુ મળી જાય તેને કાર્યની સફળતા માટેનું શુભચિહ્ન માનવામાં આવે છે. આગળ પર પણ કોઈ મુશ્કેલી વગર કાર્ય પાર પડશે જ, એવું હકારાત્મક મનોબળ મને મળી રહ્યું.

'પંચઅગ્નિ અખાડા' તથા 'યમુનાવાડી'ની મુલાકાત લેવાનું માધવાનંદજીએ કરેલ સૂચન યાદ આવતા, મેં દાનબાપુને બધી વસ્તુઓ યોગ્ય જગ્યાએ મુકાવી દેવાની ભલામણ કરી, મેં વોકિંગ માટે તે દિશામાં પ્રયાણ કર્યું.

યમુનાવાડીમાં મારે સરયુદાસજીને મળવાનું હતું. રસ્તાની જમણી બાજુ જંગલથી ઘેરાયેલ યમુનાવાડી આવેલી છે. થોડા માસ પહેલાં જ અયોધ્યાથી આવેલ 'સાધુ સરયુદાસજી' સાથે મારો અનૌપચારિક રીતે પરિચય થયેલો. એટલું જ બાકી તેમના વિશે હું ખાસ કશું જાણી શક્યો ન હતો. તેમના જ્ઞાન અને અનુભવોની વાતો મને સાંભળવા મળેલી. અનેક પ્રકારના સાધુ-સંતોના સમાગમમાં આવેલા સરયુદાસજી વર્ષના આઠ માસ પ્રવાસ કરી, ગિરનાર બાજુની કોઈ પણ જગ્યામાં ચાતુર્માસ ગાળે છે. જો કે જૂનાગઢ આવવાનું તેમનું અવાર-નવાર બનતું રહે છે. હાલ તેમનો મુકામ યમુનાવાડીમાં હતો. માધવાનંદજીની સૂચનાથી આજે હું તેમને મળવા જઈ રહ્યો હતો.

વાડીના દરવાજામાં પ્રવેશતાં જ મેં જોયું તો, દરવાજાની સામેની પરસાળમાં સરયુદાસજી કોઈ અન્ય જટાધારી સાધુ સાથે વૃક્ષ નીચે બેસી વાતચીત કરી રહ્યા હતા. પાસે જઈ 'ૐ નમોનારાયણ' બોલી મેં વિધિપૂર્વક પગને સ્પર્શ કરી પ્રણામ કર્યા. આશીર્વચન બોલી તેમણે મને બેસવાનું સૂચન કરતાં, બાજુના એક ખાલી આસન પર મેં બેઠક લીધી. ત્યાં જ પેલા જટાધારી સાધુ ઝડપથી ઊઠીને જતા રહ્યા. તે જોઈ મને થોડી નવાઈ લાગી. તેમનું આમ અચાનક જતાં રહેવાનું કારણ હું સમજી ન શકતા, ક્ષોભ સાથે મેં સરયુદાસજી સામે જોઈ પૂછ્યું, 'મારું આગમન આપ લોકોને વિક્ષેપરૂપ તો નથી બન્યું ને ? મારા આગમન સાથે જ પેલા મહાત્મા અચાનક જતાં રહ્યાં.'

'ના તેવું નથી.' સરયુદાસજી હસીને બોલ્યા, 'તમને થયેલ ક્ષોભ સ્વાભાવિક છે. તેમને મારી પાસે બેસેલા જોઈને તમને માનસિક રીતે જે ખચકાટ થયેલો તે એ જાણી ગયા હતા. એટલે તેમની અનુપસ્થિતિમાં વિનાસંકોચ તમે મારી સાથે વાતચીત કરી, જરૂરી બધું જાણી શકો. તમારો માર્ગ મોકળો કરવાના ઉદ્દેશ્યથી તેઓ જતા રહ્યા છે.'

મારી માનસિક સ્થિતિની તેમને કેવી રીતે ખબર પડી. હું તેવું પૂછવા જતો હતો, ત્યાં જ સરયુદાસજીએ કહ્યું,

'વિચારો જાણી લેવાની તેમની પાસે સિદ્ધિ છે.'

'ઓહ... ! તો આમ વાત છે.' મારા મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યો.

વાસ્તવમાં અહીં આવતા રસ્તામાં દેવીપૂજક સાધુ વિશે કશુંક જાણી લેવાની ઇચ્છા પણ મને થઈ આવેલી, પરંતુ અહીં આવવા પાછળનો મારો ઉદ્દેશ તે જ હતો એમ હું ન જ કહી શકું, પરંતુ મને સરયુદાસજીને મળવાનું સૂચન કરનાર માધવાનંદજીનો ઉદ્દેશ તેવો હતો એમ પાછળથી મને સમજમાં આવી ગયું હતું. સાથે સાથે એ ખ્યાલ પણ મને આવી ગયો કે સ્વયં સરયુદાસજી પણ મારા આગમનનો અણસાર પામી ગયા છે. તેમની સાથે કોઈ બનાવ અંગે જાણવા કે ચર્ચા કરવા હું આવ્યો છું. તે આડકતરી રીતે જણાવીને મારી વાતની પૂર્વભૂમિકા તેમણે બાંધી આપી હતી.

સંક્ષિપ્તમાં કહું તો, મારે શું કહેવાનું છે, તે બધું તેઓ જાણે છે. તેવું મને તેના મુખ પરના ભાવો પરથી સ્પષ્ટ સમજાઈ ગયું હતું. એટલે મેં તરત જ વાતનો પ્રારંભ કરી દીધો.

મૌન ધારણ કરીને 'અથઃથી ઈતિ' સુધીની મારી બધી વાત તેઓ શાંતિથી સાંભળ્યા બાદ બોલ્યા,

'તમારા વિશેનો 'માનસિક સંદેશ' મને માધવાનંદજી દ્વારા ધ્યાન દરમિયાન વહેલી સવારે મળી ચૂક્યો છે.'

'સિદ્ધ સાધુઓની દુનિયામાં 'પ્રવેશ પામ્યા પછી મારા માટે આમાં નવાઈ પામવા જેવું કશું રહ્યું ન હતું ! સિદ્ધ સાધુપુરુષો આ રીતે સંદેશાઓની આપ-લે કરી શકે છે. તે મને હવે સારી રીતે સમજાઈ ગયું હતું. એટલે આશ્ચર્યના ભાવ દર્શાવ્યા વગર મેં સરયુદાસજીની વાત પર ધ્યાન કેન્દ્રિત કર્યું.'

'તમે જે દેવીપૂજક તાંત્રિકની શોધમાં છો. તેનો સાગરીત સાધુ કે જે હકીકતમાં તેનો ગુરુ છે અને તે જ મારો ગુરુભાઈ છે.'

સાંભળી એક ભયંકર ભૂકંપ જેવો આંચકો અનુભવ્યો મેં. મને થયું સરયુદાસજી જેવા એક મહાન સિદ્ધ સાધુ-મહાત્માનો આવો ભયંકર ગુરુભાઈ ! અને એક રખડેલ દેવીપૂજકનો ગુરુ ? તો પછી આ સરયુદાસજી વિશે માટે શું ધારવું ? એક ચિંતાનો કીડો સળવળી ઊઠ્યો મારા દિલોદિમાગમાં ! ને તત્ક્ષણ... જાણે મારા વિચારોનો પડઘો પડ્યો. સરયુદાસજીના શબ્દોમાં, પ્રત્યુત્તરરૂપે :

'ચિંતા કરવાની કે શંકા કરવાની જરૂરત નથી. કદાચ હું પણ તેવો ભયંકર તાંત્રિક સાધુ હોત તો તમને માધવાનંદજી મારી પાસે મોકલત ખરા ? બોલો !' કહી તેઓ મંદ-

મધુર સ્મિત કરીને મારી સામે જોઈ રહ્યા. તત્કાળ મારા મનની વાતને જાણી જનાર સરયુદાસજી સમક્ષ મારું મસ્તક શરમથી ઝૂકી ગયું.

'આપના જેવા પવિત્ર મહાત્માનો ગુરુભાઈ આવો કેમ હોઈ શકે. એવા ખ્યાલથી મને આવો વિચાર આવી ગયો, જે બદલ હું આપની ક્ષમા માગું છું.' મેં ખચકાતા ખચકાતા પ્રત્યુત્તર આપ્યો.

'સ્વાભાવિક છે, એમાં તમારો કોઈ દોષ નથી. હરકોઈ મનુષ્ય એમ જ વિચારે !' સરયુદાસજી પ્રસન્ન અને શાંતમુખે બોલ્યા, 'આવો વિચાર આવી જવો એ સ્વાભાવિક અને વાસ્તવિક પણ છે. કારણ કે 'સંગ તેવો રંગ' લાગ્યા વગર રહેતો નથી. આવો સંગ મનુષ્યનો હોય કે ઇન્દ્રિયોને ઉત્તેજિત કરતા કોઈ પદાર્થનો પણ હોઈ શકે. જડ કે ચેતન પદાર્થોની ઊર્જા મનુષ્યના શરીર અને મન પર નિરંતર અસર કર્યા જ કરે છે અને આ માટે જ સત્સંગ અને યોગ્યસ્થાન પર રહેવાનું વિધાન શાસ્ત્રોમાં કરેલું છે.'

કહી થોડી વાર માટે સરયુદાસજી બોલતા અટક્યા.

મને સમજાઈ ગયું કે હવે મારે બોલવાની કશી જ જરૂરત નથી. માટે જ વગર બોલ્યે, વગર પૂછ્યે હું સરયુદાસજીને ઉત્સુકતાપૂર્વક સાંભળી રહ્યો.

'જેને તમે દેવીપૂજક તાંત્રિકનો સાગરીત સમજો છો, તે મારો ગુરુભાઈ 'અદ્દભુતાનંદ' હાલ ધર્મભ્રષ્ટ અને કર્મભ્રષ્ટ યોગી જેવું જીવન જીવી રહ્યો છે.' ફરી થોડું અટકીને જાણે અતીતના ઊંડાણમાં ડૂબી ગયા હોય તેવા સ્વરમાં બોલ્યા,

'એક એવો પણ સમય હતો, જ્યારે અમે બન્ને હિમાલયમાં ગુરુ મહારાજની સાંનિધ્યમાં રહી યોગસાધના દ્વારા સિદ્ધિઓ પ્રાપ્ત કરી રહ્યાં હતાં. ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરી.' કહી, હોઠ બીડી સરયુદાસજી મૌન બની ગયા. મારાથી એ મૌનને સહી શકાયું નહિ. ઉત્સુકતાથી હું પૂછી બેઠો, 'પછી ?'

'પછી ?' મૌન તોડતા સરયુદાસજી બોલ્યા.

'પછી ! મેં આગળ કહ્યું હતું ને કે સંગ તેવો રંગ ! પછી એ સંગ લલચામણાં કોઈ પદાર્થનો પણ હોઈ શકે, પરંતુ તેની અસર ભયાનક હોય છે !' પછી મૂળ વાત પર આવતા સરયુદાસજી બોલ્યા, 'પરંતુ, હાલ એ બધી સિદ્ધિઓ અદ્દભુતાનંદ પાસેથી ધીમે ધીમે જતી રહી છે.'

'પરંતુ આવા પવિત્ર અને સિદ્ધ યોગીનું આવું વરવું પતન કેવી રીતે થયું ?' પૂછવાની જરૂર હતી નહિ, છતાં મારાથી પુછાઈ ગયું. સરયુદાસજીએ પણ માધવાનંદજીના શબ્દોનો પડઘો પાડતા હોય તેમ હસીને કહ્યું,

'ધીરજ... ! માધવાનંદજીની અહેતુક કૃપા તમારા પર છે. તેણે જ તમને જ્ઞાન સાથે માહિતી અને માર્ગદર્શન આપવા મને ધ્યાન દ્વારા સૂચના મોકલી છે !'

થોડી વાર અટકી સરયુદાસજી આગળ બોલ્યા,

'યોગી ગમે તે કક્ષાએ પહોંચ્યો હોય, છતાં સહેજ પણ સૂક્ષ્મ વાસના ધરાવતો હોય તો તે સિદ્ધિઓ મેળવેલી હોવા છતાં 'બ્રહ્મ'ને પ્રાપ્ત કરી શકતો નથી. મેળવેલી સિદ્ધિઓ તેને લલચાવી પતનને માર્ગે દોરી જાય છે. એટલા માટે જ યોગીઓ મળેલી સિદ્ધિઓ તરફ દુર્લક્ષ સેવી, બ્રહ્માનંદમાં લીન રહી, નિર્લેપ ભાવે... ભૌતિક શરીરનો નાશ થાય ત્યાં સુધી અવધૂતની જેમ આયુષ્ય પૂર્ણ કરે છે ! પૂર્વજન્મના રહી ગયેલાં સંસ્કારોને કારણે કે થોડાં ઘણાં નબળા મનને કારણે અદ્‌ભુતાનંદ મળેલી સિદ્ધિઓને પચાવી શક્યો નહિ !' પછી ઉમેરતા સરયુદાસજી આગળ બોલ્યા,

'સિદ્ધ યોગીઓ મળેલી સિદ્ધિઓ તરફ સહેજ પણ લક્ષ આપતા નથી, અથવા મળેલી સિદ્ધિઓથી તેઓ સભાનપણે અજાણ રહેવાનો સતત માનસિક વ્યાયામ કરી નિર્લેપભાવે રહે છે. કારણ કે તેઓ ગીતાના આદર્શ અનુસાર મનનો ક્યારય વિશ્વાસ કરતાં નથી. મનને જ પોતાનો શત્રુ માને છે. તેઓ જાણે છે કે, ગમે તેવું દઢ મન પણ અમુક પરિસ્થિતિમાં દગો કરી બેસે છે. જગતમાં અવિશ્વાસને પાત્ર જો કોઈ હોય તો તે મનુષ્યનું પોતાનું જ મન છે.' પછી થોડું અટકી મૂળ વાત પર આવતા સરયુદાસજી આગળ બોલ્યા,

'અદ્‌ભુતાનંદ મળેલી સિદ્ધિઓના ઉપયોગ અને ઉપભોગની લાલચને રોકી ન શક્યો. સાચા-ખોટા અનેક શિષ્યો કરી, અભિમાનપૂર્વક ઇન્દ્રિયજન્ય સુખોમાં મહાલવા લાગ્યો. તાંત્રિક સાધનાની લાલચે દેવીપુત્ર જેવાં ઘણાં શિષ્યો સાથે મળીને તેનો લાભ ઉઠાવવા લાગ્યો. પરિણામે આત્માનંદમાં મગ્ન રહેવાને બદલે અદ્‌ભુતાનંદ પતનની ગર્તામાં ઝડપથી ગબડતો ગયો. આથી ક્રમશઃ સિદ્ધિઓ ચાલી જતાં ક્ષણિક અને નાશવંત ઇન્દ્રિય સુખોમાં આનંદ મેળવવા ગાંજો, દારુ અને અફીણ જેવા માદક પદાર્થોનું સેવન કરતો વ્યસનનો ગુલામ બની ગયો !

બધી જ દેવી શક્તિઓ ક્ષીણ થઈ જતાં તેની કોઈ કિંમત રહી નહિ. આજે વ્યસનને કારણે તેને દેવીપૂજક જેવા અધમ તાંત્રિકને કમને પણ સહકાર આપવો પડે છે ! આજે દેવીપૂજક તેના નરાધમ કૃત્યો પાર પાડવા અદ્‌ભુતાનંદને પરાણે જોતરે છે. ખેર, જે થયું તે ! કદાચ હજુ તેને પોતાના કર્મો અનુસાર અનેક જન્મો દ્વારા અનેક શરીરો ધારણ કરવાનું નિર્માયું હશે. કારણ કે ઈશ્વરની અહેતુક કૃપા તેના પર થઈ નહિ હોય !

પછી ઊંડો વિચાર કરતા હોય તેમ થોડું મૌન ધારણ કરીને પુનઃ બોલ્યા, 'પરંતુ એમ છતાં. તેમના માટે એક તક છે. કારણ કે હવે તે તેના આ કૃત્યો માટે પશ્ચાતાપના અગ્નિમાં શેકાઈ રહ્યો છે; અને આજ બાબત તેના માટે પાછા ફરવાની તક નિર્માણ કરે તેમ છે. તેનું આયુષ્ય પણ હજુ ઘણું છે. તે પુનઃસાધના કરી ઊંચાઈ પ્રાપ્ત કરી શકે તેમ છે. ખેર !'

કહી તેઓ મૌન બન્યા. પછી થોડી વારે એક ઊંડો શ્વાસ લઈ સરયુદાસજી પાસે પડેલા કમંડલમાંથી આચમન લઈ બોલ્યા,

'તમે શ્મશાન તરફથી પાછળના ભાગે થોડું આગળ વધશો એટલે ધ્યાન દરમિયાન તમને મળેલ માર્ગદર્શન મુજબ તમે આસાનીથી અદ્ભુતાનંદ સુધી પહોંચી શકશો. હું અદ્ભુતાનંદને ધ્યાન દ્વારા તમારા વિશે સંદેશો મોકલી આપીશ, એટલે તે તમને જરૂરી બધો સહકાર આપશે. જો કે ધ્યાન દ્વારા વાતચીત કરવાની તેની શક્તિ ક્ષીણ થઈ ગઈ છે, પરંતુ હું મારી શક્તિથી તેને માનસિક સંદેશો પહોંચાડીશ, જે ગ્રહણ કરવાની શક્તિ મારા દ્વારા તેને પ્રાપ્ત થશે.'

આટલું કહી કમંડલ લઈ ઊભા થતાં સરયુદાસજી જતાં જતાં બોલ્યા, 'અમારે પણ 'નિત્યકર્મ' દ્વારા આત્મારૂપી કળશને ઉટકવો પડે છે. અલબત્ત એ લોટો સુવર્ણનો પણ હોઈ શકે, છતાં પ્રમાદ ન કરવો જોઈએ. નિરંતર સાવચેત રહેવું જોઈએ !' આટલું કહી સરયુદાસજી વાડની પેલી બાજુના ડુંગરાળ જંગલમાં અદશ્ય થઈ ગયા. હું ક્યાંય સુધી તે દિશામાં તાકી રહ્યો !

ધરતી પર ધીમે ધીમે અંધકારના ઓળા ઊતરવા શરૂ થઈ ગયા હતાં. સ્વચ્છ આકાશમાં, વૃક્ષોના ઝુંડ વચ્ચેથી કોઈ કોઈ તેજસ્વી તારલા ઝબકતા નજરે પડી રહ્યા હતા. જાણે અસંખ્ય અન્ય સાધુઓની વચ્ચે માધવાનંદ અને સરયુદાસજી જેવા.

ઝાંખા પ્રકાશમાં આગળ વધતાં મને લાગ્યું કે, હજુ કાંઈક ખૂટે છે ! મને મનમાં થયું કે અલપ-ઝલપ જેનાં દર્શન થયા હતાં તે મહાત્મા ફરીથી મળે તો સારું ને તુરત જ મારી એ ઇચ્છા પૂરી થતી હોય તેમ થોડે દૂર એક વિશાળ વડલાનાં વૃક્ષ નીચે ધ્યાનસ્થ અવસ્થામાં બેઠેલા તે મહાત્મા મારી દૃષ્ટિએ પડ્યા. તુરત જ તેની નજીક જઈ વંદન કરી હું ઊભો રહ્યો અને મારા કાને, આશ્ચર્ય પમાડતા તેના ધીરગંભીર શબ્દો પડ્યા,

'આવો અનંતાનંદજી ! ભવિષ્યના 'ગૃહસ્થી સાધુ... !'' સાનંદાશ્ચર્ય સાથે મારા કાને પડેલા આ શબ્દો સાંભળી પળભર માટે હું સ્થિર થઈ ગયો. મારું હાલનું નામ અને ભવિષ્યમાં હું દીક્ષા ગ્રહણ કરી સાધુત્વ સ્વીકારી પ્રસ્તુત નામ ગ્રહણ કરવાનો છું, તેની જાણકારી વિગેરેનો અર્થ એ થયો કે મારા વિશે આ મહાત્મા સંપૂર્ણ માહિતી ધરાવે છે. સાથે સાથે મારી જિજ્ઞાસાવૃત્તિએ એ જાણવા માટે જોર પકડ્યું, કે મારા ઊઠતા વિચારોને તથા ભવિષ્યમાં બનવાના બનાવો વિશે અગાઉથી કેવી રીતે જાણી શકાતું હશે ? આવી સિદ્ધિ કઈ રીતે પ્રાપ્ત થઈ શકતી હશે ? આવા ક્ષણિક વિચારમાં ડૂબેલા મારા કાને ખડખડાટ હસવાનો અવાજ પડ્યો ! એ મધુરહાસ્ય અને ચળકતી શ્વેત દંતપંક્તિવાળા મહાત્માના મુખમાંથી શબ્દો નીકળ્યા : 'ભૂત-ભવિષ્ય અને વર્તમાનમાં બનતી બધી જ ઘટનાઓ માત્ર વર્તમાનથી જ જાણી શકાય. માત્ર વર્તમાન !' કહી તેઓ

મારી સામે પ્રેમાળ દૃષ્ટિથી જોઈ રહ્યા. તેમના કહેવાનું તાત્પર્ય હું સમજી શક્યો નહિ, બે હાથ જોડી મેં નમ્રતાથી કહ્યું, 'હું આપના કથનનો ભાવાર્થ સમજી શક્યો નથી, કૃપા કરી આપ સમજાવો ?'

'ખૂબ અઘરી વાત !' મહાત્માએ મને સમજ આપતા કહ્યું,

'છતાં... દૃઢતાપૂર્વક પ્રયત્ન કરવામાં આવે તો સહેલી. તમારી સમક્ષ હરપળે વર્તમાન જ ઊભો છે. એકાગ્ર બની, ભૂત-ભવિષ્યને ભૂલી, વર્તમાનમાં પસાર થતી ક્ષણેક્ષણને આત્મસાત્ કરો. મનને માત્ર 'પૂર્ણવર્તમાન' ક્ષણો પર જ સતત્ ખોડી રાખો, વર્તમાન પર જ ધ્યાન કેન્દ્રિત કરો, આથી તમે નિર્વિકલ્પ સમાધિવસ્થામાં કાયમ સ્થિર રહીને સમગ્ર બ્રહ્માંડ સાથે એકરૂપતા સાધી શકશો. બ્રહ્માંડ સાથે સતત સધાઈ રહેલી આ 'એકરૂપતા' તમને સમગ્ર બ્રહ્માંડનું જ્ઞાન આપોઆપ કરાવશે.

મનની અંદર જ બધી શક્તિઓ પડેલી છે. વિક્ષુબ્ધ અને ચંચળ મનને કારણે વેરવિખેર થઈ ગયેલી શક્તિ, મનની એકાગ્રતાથી કેન્દ્રિત બની મહાશક્તિનું રૂપ ધારણ કરે છે અને આ મહાશક્તિ જ વિશ્વનું ચાલકબળ અને કારણનું પણ કારણ છે, સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિ, રક્ષા અને નાશ કરતું અવિનાશી પરિબળ છે. જે બ્રહ્માંડમાં વ્યાપ્ત છે, તે જ તમારી અંદર પડેલું છે. તે શક્તિને જાગૃત કરવા મનને દૃઢ કરી, પરાણે જકડી રાખી, માત્ર વર્તમાનમાં જ કેન્દ્રિત કરી રાખવાની જરૂર છે. પછી બધું જ બ્રહ્મમય બની જતાં મનથી કશું જ અગોચર નહિ રહે, પ્રત્યેક આત્મા સાથે એકરૂપતા સધાઈ જવાથી તમે બધું જ જાણી શકશો, સમજી શકશો. મનને દૃઢ કરી માત્ર વર્તમાનની પ્રત્યેક ક્ષણો પર નિરંતર ધ્યાન કેન્દ્રિત કરો.' પછી થોડું મૌન રહી આગળ બોલ્યા,

'બ્રહ્મ-સાક્ષાત્કાર કરવાનો આ સરળમાં સરળ રસ્તો છે. કઠિન છે, પરંતુ સાધ્ય છે, સરળ અને સહેલો છે, છતાં દુઃસાધ્ય, દૃઢમનોબળ, સતત અભ્યાસ અને તીવ્ર વૈરાગ્ય વગર તે શક્ય પણ નથી. બધાં જ વિષયોની આસક્તિમાંથી ઇન્દ્રિયોને વેગળી કરવી પડે. ત્યાર બાદ જે 'સ્થિરપ્રજ્ઞા' પ્રાપ્ત થાય તે પછી જ બધું સ્વાભાવિક રીતે શક્ય બનતું જાય છે.' કહી તેઓ થોડી વાર અટકીને આગળ બોલ્યા,

'ધીમે ધીમે તમે પણ બધું પ્રાપ્ત કરી શકો. તમારા દૃઢ સંકલ્પ દ્વારા, પતંજલિના અષ્ટાંગ યોગ પ્રમાણે સાધના કરી તમે આવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકો.

હું મહાત્માના વક્તવ્યને ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો હતો, પરંતુ મનમાં મૂંઝાઈ રહ્યો હતો. અટપટા અષ્ટાંગયોગની સાધના હું ક્યાં અને કોના આધાર પર કરી શકવાનો હતો ?'

મારી મૂંઝવણને સમજી ગયેલાં મહાત્મા તત્ક્ષણ બોલ્યા, 'મૂંઝાવાની જરૂર નથી. તમારા દૃઢ સંકલ્પથી યોગ્ય ગુરુ, યોગ્ય સમયે આપોઆપ સામેથી જ મળી જશે.' કહી

પોતાની વાત પૂર્ણ કરી, ઊભા થતાં થતાં બોલ્યા, 'સંધ્યા પછીની ઉપાસનાનો મારો સમય થઈ ગયો છે, 'નૈમિત્તિકકર્મ' કરવું હવે જરૂરી નથી, પરંતુ ચાલુ રાખવું હિતાવહ છે. નૈમિત્તિકકર્મ મનને નબળું પડતાં અટકાવે છે અને ઈશ્વર સાંનિધ્યનો દોર અતૂટ રાખે છે.' કહી તેઓ કુટિરની અંદર જતાં રહ્યાં.

મારે જે પ્રાપ્ત કરવું છે, તે મને મળતું જાય છે, તેવા સંતોષ સાથે મેં 'અખાડા' તરફ જવા પગ ઉપાડ્યા. દરવાજામાં પ્રવેશતાં જ દયારામજી મળી ગયા. પ્રણામની આપ-લે કરી અંદર પ્રવેશ્યા. અન્નક્ષેત્રમાં ભોજન પીરસાઈ રહ્યું હતું. એક બાજુ ટી.વી.ના પરદા પર તાજેતરમાં જ અવસાન (બ્રહ્મલીન) મહંત શ્રીને સમાધિ અપાઈ રહ્યાનું દૃશ્ય ચાલુ હતું, જેમાં એ વખતે માધવાનંદજી સાથે મારી પણ ઉપસ્થિતિ હતી.

આદ્યગુરુ, શંકરાચાર્યજીએ દશ અખાડાઓની સ્થાપના કરી, જુદા જુદા ઉદ્દેશ્ય અર્થે સાધુઓનું વિભાજન કર્યું હતું, તેના જુદા જુદા રીત-રિવાજ અને વિધિવિધાન મુજબ મરણોત્તર ક્રિયાઓ કરવામાં આવે છે, જેમના નામની પાછળ 'ગિરિ', 'પુરી' લગાવવામાં આવે છે, તેમને તથા અન્ય સાધુઓને જમીનમાં 'સમાધિ' આપવામાં આવે છે, પરંતુ 'અગ્નિઅખાડા'ના સાધુઓને 'અગ્નિસંસ્કાર' કરવામાં આવે છે. જનોઈ ધારણ કરતાં આ સાધુઓમાં 'બ્રહ્મચારી' અને 'સંન્યાસી' એવા બે વિભાગ છે. દીક્ષા ગ્રહણ કરનાર વ્યક્તિનું જ્યારે 'મુંડન' કરવામાં આવે છે, ત્યારે તે 'ઉર્ધ્વરેત બ્રહ્મચારી' જ હોવો જોઈએ, અર્થાત્ લગ્ન કરી સમાગમ કે અસંયમને કારણે તેનું વિર્યસ્ખલન થયેલું ન હોવું જોઈએ.

ગુરુ દ્વારા પરીક્ષણ પામ્યા પછી જ વ્યક્તિને દીક્ષાને લાયક ગણવામાં આવે છે. પરીક્ષામાંથી પસાર થયા પછી જ તેને દીક્ષા અથવા મુંડનવિધિ કરી બ્રહ્મચારી સાધુ બનાવવામાં આવે છે, પરંતુ ગૃહસ્થી પણ સન્યાસી બની શકે છે, પરંતુ સન્યાસીએ વાનપ્રસ્થીની જેમ જંગલમાં રહી સંયમિત જીવન જીવતા જીવતા અને ભિક્ષા માંગી જીવનનિર્વાહ કરી સાધના દ્વારા ઈશ્વરપ્રાપ્તિ કરવાનાં પ્રયત્નો કરવાના હોય છે. સંન્યાસીએ એક જગ્યાએ સ્થાયી થઈને ન રહેતા દેશાટન કરતાં કરતાં, સમાજસેવા કરતાં અને ઉપદેશ આપતાં ફરતા રહેવાનું હોય છે. એ રીતે પૂર્ણત્વ પ્રાપ્ત કર્યા બાદ ગુરુના સાંનિધ્યમાં ફરીથી આવવું પડતું હોય છે, ત્યાર બાદ તે સ્થાયી થઈ, ગમે તે જગ્યામાં રહી મોક્ષ માટે પ્રયત્નો કરે છે. જ્યારે બ્રહ્મચારી નિયત જગ્યામાં કે મંદિરમાં રહીને લોકકલ્યાણ કરતાં કરતાં મોક્ષમાર્ગે આગળ વધે છે. નાગાબાવાઓ કે અન્ય સાધુઓને જમાડવાની તેમની ફરજ બની રહે છે. ખેર !

અંદર આવી દયાનંદજીના આસન સમીપ મેં બેઠક લીધી. 'શું કરે છે મારો ભત્રીજો માધવાનંદ ! ધ્યાન રાખજો હો. તમને બખેડે ચડાવી પાકા સાધુ ન બનાવી દે !' કહી દયાનંદજીએ મારી પીઠ પર પ્રેમથી હળવો ધબો માર્યો. હળવી પળોમાં સિદ્ધ સાધુઓ

પણ અંદરોઅંદર મજાક-મશ્કરી કરી આનંદ કરી લે છે. માધવાનંદજી, દયાનંદજીના ગુરુભાઈના શિષ્ય હોવાથી લોકસંબંધો પ્રમાણે તે તેના ભત્રીજા થાય છે. આ બન્ને સાધુ-કાકા-ભત્રીજા વચ્ચે પ્રેમથી થતી હળવી મજાક મેં ઘણીવાર માણી છે. માધવાનંદજીની મજાક અનુસાર રૂ. ૧૦/-ની દક્ષિણામાં આખા ગિરનાર પર્વતને પ્રસાદરૂપે આપી દેતાં અચકાય નહિ તેવા આ દયાનંદજી છે.

"ગુરુમહારાજની કૃપાથી માધવાનંદજી હંમેશાં કર્મમાં વ્યસ્ત રહે છે."

"સંગ તેવો રંગ. તમે જરૂર સફળ થશો." કહી મને બદામ-પિસ્તાનો પ્રસાદ આપ્યો.

વિધિવત પ્રણામ કરી રૂ. ૧૦/- તેમના ચરણોમાં ધરી હું ત્યાંથી વિદાય થયો.

જગ્યામાં આવતા જાણવા મળ્યું કે માધવાનંદજી પરત આવી ગયા છે. ધૂણા પાસેના તેમના ઊંચા આસન પર બેસી તેઓ સેવક-પરિવારના સભ્યો સાથે વાતો કરી રહ્યા હતા. આથી સીધો જ મારા રૂમમાં જઈ, ફ્રેશ થઈ હું નીચે બાપુ પાસે આવ્યો. મહેમાનો વિદાય થઈ ગયા હતા. માધવાનંદજી એકલા જ બેઠા હતા. મને જોઈ સહાસ્ય બોલ્યા,

'આવો... રાવલ સાહેબ ! ડિટેક્ટીવની જેમ આજે ઘણું ઇન્વેસ્ટીગેશન કરીને આવ્યા લાગો છો. આજે સત્સંગ બંધ ! રાત્રિભોજન લઈ આરામ કરજો. કાલના ઇન્વેસ્ટીગેશનમાં સ્ફૂર્તિ રહેશે !'

માધવાનંદજી મારી મર્યાદાઓ પર કટાક્ષ કરતાં હતાં કે મને પ્રોત્સાહન આપતા હતાં, તે હું સમજી શક્યો નહિ. હકીકતમાં મારી પ્રવૃત્તિનું મુખ્ય ચાલકબળ કે સ્રોત તો પોતે જ હતા !

'હા, બરાબર છે. આજે ઘણું જાણવા મળ્યું. વગર મહેનતે ઘણું ઇન્વેસ્ટીગેશન થયું.' મેં પણ તેવો જ પ્રત્યુત્તર વાળ્યો. ત્યાં જ સામે રસોઈઘરમાંથી દાનબાપુએ મોટેથી સાદ પાડ્યો, 'ચાલો, હરિહર !'

ભોજનની ખાસ રુચિ નહોતી છતાં બાપુના આગ્રહથી હું પણ રાત્રિભોજન માટે ઊભો થયો. રસોડામાં છાત્રો તથા સેવકો આસન પર ગોઠવાઈ ગયા હતા. ભોજનમાં ખીચડી-કઢી, બાજરાના રોટલા તથા છાશ સાથે 'ગરમર'નું અથાણું હતાં. સામાન્ય રીતે માધવાનંદજી રાત્રિભોજન લેતા નથી, પરંતુ આજે મગફળીના કાચા દાણા અને ગાયનું દૂધ તેમના ભોજનમાં પીરસાયું હતું. જગ્યામાં સંધ્યા-આરતી થયા બાદ નવ પહેલાં ભોજન થઈ જતું હોય છે. માધવાનંદજી ઘણી વાર કહે છે કે, નવ પહેલાં ભોજન કરી લેવું ઇષ્ટ છે. મોડી રાત્રિએ ભોજન થાય તો તે 'પ્રેતભોજન કે પિશાચભોજન' ગણાય છે.

ભોજન બાદ થોડી વાર ધૂણા પાસે બેઠા, અલક-મલકની થોડી વાતો બાદ માધવાનંદજી મને ઉદ્દેશીને બોલ્યા,

'ચાલો, આજનો દિવસ પણ પૂરો. ગઈકાલની જેમ આવતીકાલનો દિવસ પણ પૂર્ણ થઈ જશે. એ રીતે વર્ષો પછી વર્ષો પસાર કરતાં નિર્ધારિત આયુષ્ય પણ પૂર્ણ થઈ જશે. ક્ષણભંગુર આ દેહ પણ નાશ પામશે.' કહી પોતાના હાથનો હૃદય પર સ્પર્શ કરી આગળ બોલ્યા, 'બધું જ ક્ષણિક, બધું જ !'

જાણે આત્માનાં ઊંડાણમાંથી બોલતા હોય તેમ આગળ બોલ્યા, 'સ્વપ્નવત્, નાશવંત આ સંસાર ! અરે ! સૂર્ય-ચંદ્ર, તારા-ગ્રહો, લોકપાલો સહિત સમગ્ર બ્રહ્માંડ, સ્વપ્નવત્ છે, અર્થાત્ અંતવાળું છે. એકમાત્ર ઈશ્વર જ શાશ્વત છે. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ પણ અનેક યુગોના અંતે બ્રહ્મમાં વિલીન થઈ જાય છે. પછી એક માત્ર 'તે' 'સત્તત્ત્વ' જ બાકી રહી જાય છે અને વળી 'તે'ના જ સંકલ્પમાંથી ફરી સર્જન, ફરી વિનાશ ! વારંવાર આ પ્રક્રિયા અનંતકાળથી ચાલી આવે છે. આ ચાલક શક્તિને યોગીઓ પણ જાણી કે સમજી શકતા નથી.'

એક દીર્ઘશ્વાસ લઈને અગમમાં દૃષ્ટિ કરતા હોય, તેમ દૂર નજર કરીને બોલ્યા,

'દેખાય છે તે બધું જ અસત્ય. સ્વપ્નવત્ અને નાશવંત. નાશવંત બધું જ નાશવંત !'

બોલીને માધવાનંદજી થોડી વાર આંખો બંધ કરીને બેસી રહ્યા. જાણે કોઈ અતલનાં ઊંડાણમાં ઊતરી ગયા.

તેમના આ શબ્દો મને વૈરાગ્ય ઉપજાવવા માટે જાણે પ્રેરક પરિબળ જેવાં હતાં. માયાથી પરિપ્લાવિત આ ક્ષણભંગુર સંસારમાંથી મનને પાછું ખેંચી, શાશ્વત સત્તત્ત્વ, સચ્ચિનાનંદ પરબ્રહ્મમાં મનને લગાડ્યા વગર સાચી શાંતિ ક્યારેય મળી શકતી નથી. તે સત્ય મને આત્મસાત થતું લાગ્યું. યમુનાવાડીમાં પેલા મહાત્માએ મારા વિશે કરેલી આગાહી શું સત્ય હશે ? ઈશ્વરઇચ્છા જ બળવાન !

આગળ વિચારવાનું બંધ કરી મેં વર્તમાન ક્ષણોમાં મન કેન્દ્રિત કરવાનો પ્રયત્ન કર્યો. શીઘ્ર મને પ્રતીતિ થઈ કે મૌનપણે માધવાનંદજી મારા વિશે જ વિચારી રહ્યા છે. ને તત્ક્ષણ બોલ્યા પણ ખરા,

'બસ, આમ જ ! ધીમે ધીમે બધું સ્પષ્ટ થતું રહેશે, સમય સમયનું કામ કરશે જ ! જરૂરત છે, માત્ર દૃઢસંકલ્પની, સંકલ્પ દ્વારા જ સૃષ્ટિનું નિર્માણ થાય છે.' કહી તેઓ અટકીને વાત પૂર્ણ કરતાં બોલ્યા,

'ઠીક, ચાલો ત્યારે ગુડનાઈટ !' હસીને તેઓ બોલ્યા, 'હવે બાકીનું બધું સવારે, હાં સવારે જરા વહેલાં ઊઠી જજો. 'કાર્યેષુ ત્વરિતમ્' કાર્યમાં વધુ વિલંબ કરવો સારો

નહિ. ચિંતા વગર કર્મ કર્યે જવાનું !' કહી માધવાનંદજી પોતાના કક્ષમાં જતા રહ્યા. માધવાનંદજીના શબ્દોમાં બે વાત સૂચક હતી, 'કાર્યમાં વિલંબ નહિ, છતાં ચિંતા કરવાની જરૂરત નથી.' મને પણ લાગ્યું કે વિલંબ થાય તો દેવીપુત્ર તેના પ્રયોગમાં સફળ થઈ જાય. તો તો ! ખરેખર આ ચિંતાની બાબત હતી, પરંતુ સાથે સાથે માધવાનંદજીના શબ્દો 'ચિંતા કરવાની જરૂર નથી !' તો ખરેખર ચિંતા કરવાની જરૂર નથી. તો નથી ! તો નથી જ ! એવા વિશ્વાસ સાથે હું ઉપર મારા રૂમ પર પહોંચ્યો. રૂમમાં લાઈટ કરી, તો જોયું, ટેબલ પર દૂધના ગ્લાસ નીચે ચિઠ્ઠી પડેલી હતી, લખ્યું હતું,

'તમારા બૂટ-મોજાં તથા અન્ય સામાન થેલામાં પલંગ નીચે મુકાવેલ છે. બાકીનો શહેરમાંથી આવેલો સામાન જગ્યાની બહાર યોગ્ય જગ્યાએ મુકાવેલો છે. તમો કાલે સવારે બહાર જવા નીકળશો ત્યારે તમને જગ્યાની બહાર બધો સામાન મળી જશે. 'દાનબાપુ'. કૌંસમાં લખ્યું હતું - 'બાપુના કહેવાથી !''

બાકીનો સામાન-ગાંજો વિગેરે જગ્યાની બહાર ! આમ કેમ ? ઊઠતા પ્રશ્નને મનમાં જ દબાવી હું બબડ્યો, 'બરાબર છે, સમજી ગયો ! બધું સમજી ગયો !'

દરવાજો બંધ કરી, બારીઓ ખોલી નાખી, ગિરનાર પર્વતના પગથિયા પરની વીજળીની લાઈટો પ્રકાશી રહી હતી. જોગણિયા પર્વત પર આજે ડાકલાનું સંગીત બંધ હતું. અન્ય નાની ટેકરીઓ જાણે અંધકાર ઓઢીને સૂતી હતી, દૂધ ગટગટાવી હું પણ નિદ્રાદેવીને શરણે થઈ ગયો.

●

3

બીજે દિવસે ઘણી વહેલી ઊંઘ ઊડી ગઈ. કાંડા ઘડિયાળમાં જોયું તો સાડા ત્રણ જ થયા હતા. વહેલું ઊઠવાનું તો હતું જ, પરંતુ ઊંઘ થોડી વહેલી ઊડી ગઈ હતી. એટલે ઓઢીને ફરી થોડી ઊંઘ ખેંચી લેવા પ્રયત્ન કર્યો, પણ ઊંઘ આવી જ નહિ.

સામાન્ય રીતે સાધકે 'બ્રાહ્મમુહૂર્ત'માં ચાર વાગે સાધનામાં બેસી જવું જોઈએ એવો નિયમ ઘણા સમયથી છે. છતાં હમણાં હમણાં એ નિયમનો ભંગ થતો રહે છે. મને લાગ્યું કે કુદરત જે કરે છે, તે સારા માટે જ કરે છે. આજે કુદરતી રીતે જ સાધનામાં વધુ સમય બેસી 'બેટરીચાર્જ' કરી લેવાનો સારો અવસર મળી ગયો છે, જે કેટલું બધું જરૂરી છે તે સમજાઈ ગયું. કાર્યમાં વિલંબ ન થાય તે કેટલું જરૂરી હતું...!

આળસ ખંખેરી ઊભા થઈ મેં લાઈટ કરી. ઓરડામાં પ્રકાશ ફેલાઈ જતાં પલંગ નીચે પડેલો સામાન તપાસી જોવા મેં તે બધું ખેંચી કાઢી બધી વસ્તુઓ બહાર કાઢી. બૂટ-મોજાં વિગેરે જરૂરી અન્ય વસ્તુઓની સાથે તલ અને મગફળીની ચીકીના ચાર મોટા પેકેટ પણ મારી નજરે પડ્યા, જે કદાચ બાપુના કહેવાથી દાનબાપુએ મૂક્યા હશે, એવું અનુમાન કરી ફરીથી બધો સામાન થેલામાં મૂકી દીધો. ચીકીના પેકેટ્સ મુકાવી માધવાનંદજીએ મારા પ્રત્યેની કાળજી યોગ્ય રીતે જ લીધી હશે અને જરૂરી હશે માટે જ લીધી હશે. તે સમજતાં મને વાર ન લાગી !

નીચે જઈ, બ્રશ કરી, સ્નાનાદિ નિત્યક્રમ પતાવી રસોડા તરફ ચા પીવા પગ ઉપાડ્યા. દાનબાપુએ ચા તૈયાર જ રાખી હતી. ચા પીધી, તાજગી આવી ગઈ.

સર્વત્ર શાંતિ હતી. શાંત વાતાવરણમાં બધા મૌનપૂર્વક શાંતિથી સ્નાન વિગેરે નિત્યક્રમ પતાવવામાં પ્રવૃત્ત બની રહ્યાં હતાં. દૂરથી બધાને 'ૐ નમોઃ નારાયણ' કહી હું ફરી રૂમ પર આવી ગયો.

પથારી વિગેરે વ્યવસ્થિત કરી, પૂર્વાભિમુખ આસન તૈયાર કરી મેં ઉપાસનાનો પ્રારંભ કર્યો. સંધ્યાવંદન બાદ 'દેવીકવચ', 'નારાયણ કવચ'ના પાઠ શાંતિપૂર્વક કર્યા, બાદમાં ઈષ્ટદેવની એક માળા તથા પાંચ ગાયત્રીની તેમજ પાંચ રુદ્રગામીની માળાના જપ 'ધ્યાન સાથે' કર્યા. છેલ્લે મારા ખાસ આરાધ્યદેવ ભગવાન 'ગુરુદત્ત'ના મંત્રનો જાપ ધ્યાન સાથે જ કર્યો. 'હરિ ૐ તત્સત્ જય ગુરુદત્ત' આ મંત્રજાપથી હું કોઈ અલૌકિક અવસ્થામાં પહોંચી જાઉં છું. બસ સર્વત્ર સૌમ્ય ચંદ્રનો પ્રકાશ... પ્રકાશ ને પ્રકાશ ! ભૂત અને ભવિષ્યની ક્ષણો ખસી જાય છે, માત્ર વર્તમાનની પસાર થતી ક્ષણો રહી જાય છે. મન મૃત્યુ પામે છે, શૂન્યમાં શૂન્ય ભળી જાય છે, અહંભાવનું અસ્તિત્વ 'હું' એ 'તું' માં ભળી 'હું' જ બની જાય છે.

પ્રકાશ સાથેની 'આત્માનુભૂતિ'ના પરમ આનંદની પ્રાપ્તિનું વર્ણન થઈ શકે તેમ નથી, પરંતુ દુર્ભાગ્યે આવી ક્ષણો લાંબી ટકતી નથી. 'રજસ્' સાથે ક્યારેક 'તમસ્'નું એક જોરદાર મોજું આવી જાય છે. જે 'સત્વ'ને ઢાંકી દે છે, દૂર હટાવી દે છે ને શૂન્યમાં ઓગળતું જતું મન ફરી સપાટી પર ઊપસી આવે છે. સાધનામાં હજુ કચાશ છે અથવા પૂર્વજન્મના સંસ્કારો હજુ ટાંગ અડાડી નીચે પછાડે છે.

આજે પણ ધ્યાન કરતાં 'હું' જાગૃત થયો, પરંતુ આજે 'સત્ત્વગુણ' ચાલુ રહ્યો. 'સત્ત્વગુણ'ની પ્રધાનતાને કારણે સાત્ત્વિક વિચારો ચાલુ થયા. મને પ્રશ્ન થયો, માત્ર પ્રકાશસ્વરૂપ 'બ્રહ્મ જ' સત્ય અને સાશ્વત છે, બાકી બધું જ અસત્ય અને ક્ષણિક હોય, નાશવંત છે ? કર્મ ઈશ્વરાધીન છે. તેની ઇચ્છા પ્રમાણે જ મનુષ્ય કર્મ કરવા શક્તિમાન બની શકે છે. સૂર્ય, ચંદ્ર, તારા તેના જ તેજથી પ્રકાશિત થાય છે. વાયુ તેના જ હુકમથી ભય પામી વહ્યા કરે છે, તેની શક્તિથી જ અગ્નિમાં દાહકશક્તિ પ્રગટ થાય છે. આથી જ મને તત્કાળ શંકા થઈ કે 'કર્તા' એકમાત્ર તેજ છે, તો 'બધું કર્મ' પણ 'તે' જ છે અને મનુષ્ય માટે કર્મ જ બંધનકર્તા છે. તો કર્મ શા માટે કરવું ?

તત્ક્ષણ પૂરતો કદાચ મારા અલ્પજ્ઞાનને કારણે આ તોતિંગ પ્રશ્ન ઊઠતા હું થોડો વિચલિત થઈ વિચારે ચડ્યો. અત્યારે હું થોડો વિચલિત થઈ વિચારે ચડ્યો હતો : અત્યારે હું જે કાર્ય માટે જવા તૈયાર થઈ રહ્યો છું તેનો શો અર્થ છે, એ પણ ઈશ્વરની ઇચ્છા પ્રમાણે જ થયું હશે. તો કુદરતી રીતે ઘટતી ઘટનાઓને મિટાવવાની મારી હેસિયત શી ?

આ સાથે જ મન ઊંચી સપાટી પર આવી જતાં મારા વિચારને બ્રેક લાગી ગઈ. હું વિચાર કરતો અટકી ગયો, સત્સંગ વખતે માધવાનંદજીએ કહેલાં શબ્દો મને યાદ આવ્યા, 'મનુષ્ય કર્મ કર્યા વગર એક ક્ષણ પણ રહી શકતો નથી, કારણ કે પ્રાણીમાત્ર પ્રકૃતિને આધીન છે. પ્રકૃતિનું કામ સતત કર્મ કરાવી મનુષ્યને બંધનમાં જકડી રાખવાનું

છે. પ્રકૃતિનું પ્રચ્છન્ન સ્વરૂપ 'માયા' છે. માયા વડે દોરવાઈ મનુષ્ય બધાં કર્મો કરવા પ્રેરાય છે અને ભવાટવીમાં જન્મ-મૃત્યુ દ્વારા નિરંતર અટવાયા કરે છે.' થોડી વાર અટકી માધવાનંદજીએ કહેલું, 'છતાં એક વાત છે, નિષ્કામભાવે કરેલું કર્મ બંધનકર્તા નથી. શુભકર્મ એ યજ્ઞ છે અને તેનાથી ઉપજતું ફળ ચોક્કસ બંધનકર્તા છે, પરંતુ નિષ્કામભાવે કરેલું કર્મ ગમે તેવું હોય, તો પણ બંધનકર્તા નથી. કર્તાના ભાવરહિત કરેલું કર્મ અને કર્મરૂપી યજ્ઞ દ્વારા ઉત્પન્ન થતું ફળ આહુતિરૂપે ઈશ્વરને અર્પણ કરી દેવામાં આવે છે. અર્થાત ફળની અપેક્ષા વગર નિષ્કામભાવે કરેલું કર્મ ઈશ્વરાર્પણ થઈ જવાને કારણે મનુષ્યને 'કર્તા'ને બંધનકર્તા બનતું નથી. આ રીતે કર્મફળને ઈશ્વરને અર્પણ કરી દેતા મનુષ્ય કર્મ કરવા છતાં કર્મબંધનથી સદા મુક્ત રહે છે. માત્ર 'કામના' સાથે કરેલું કર્મ જ મનુષ્યને બંધનમાં જકડી રાખે છે.''

એ સાથે મંદિરમાં થયેલ ઘંટનાદના અવાજથી મારી વિચારધારા અટકી ગઈ. છતાં નીચે જતાં જતાં મને લાગ્યું કે હજુ સમાધાન પ્રાપ્ત થયું નથી. જડભરતે બધાં જ કર્મોનો કેમ ત્યાગ કર્યો ને અવધૂત અવસ્થામાં કેમ રહેવા લાગ્યા ? સંકલ્પમાંથી જ કર્મ કરવાની ઇચ્છા થાય છે કે ઇચ્છાઓને કારણે સંકલ્પ થઈ જાય છે ? સંકલ્પમાંથી જ કર્મ કરવાની ઇચ્છા થાય છે, ભલે તે નિષ્કામ હોય. જો ઇચ્છાઓનો જ ત્યાગ કરવામાં આવે તો ! પ્રહલાદે ભગવાન પાસે વરદાન માંગેલુ, 'પ્રભુ ! મને કોઈ પણ જાતની ઇચ્છા જ ન થાવ, તેવું વરદાન આપો. માત્ર આપના ચરણકમલોમાં જ મારું મન નિરંતર સ્થિર રહો.'

પુનઃ શરૂ થયેલી વિચારધારા સાથે હું દાનબાપુની રૂમ પાસેથી પસાર થયો. દાનબાપુ ગીતાના ત્રીજા અધ્યાયનો પાઠ કરી રહ્યા હતા. શબ્દો કાને પડ્યા,

'અર્જુન બોલ્યા, 'હે જનાર્દન ! જો તમે કર્મનાં કરતાં બુદ્ધિને ચડિયાતી માનો છો, તો હે કેશવ ! તમે મને ઘોર કર્મને વિશે કેમ પ્રેરો છો ?'

ભગવાન બોલ્યા, 'હે અર્જુન ! કર્મનો પ્રારંભ ન કરવાથી મનુષ્ય નૈષ્કર્મ્ય અનુભવતો નથી અને કર્મના કેવળ બાહ્ય ત્યાગથી તે મોક્ષ પણ મેળવી શકતો નથી. જો કર્મ મને બંધનકર્તા ન હોવા છતાં લોકોપકાર અર્થાત્ લોકસંગ્રહ માટે હું કર્મ કરું છું. માટે હે અર્જુન, જે મનુષ્ય ઇન્દ્રિયોને મનથી નિયમમાં રાખી, સંગરહિત થઈ, કર્મ કરનારી ઇન્દ્રિયો વડે કર્મયોગનો પ્રારંભ કરે છે તે શ્રેષ્ઠ પુરુષ છે, તેથી તું નિયતકર્મ કર. કર્મ ન કરવાં કરતાં કર્મ કરવાં એ વધારે સારું છે. માટે કર્મ ન કરવામાં પણ તારી આસક્તિ ન થવી જોઈએ.'

હું આગળ વધી ગયો, શબ્દો પાછળ પડઘાઈ રહ્યા, 'કર્મ ન કરવામાં પણ તારી આસક્તિ ન થવી જોઈએ.'

મળી ગયેલ સમાધાનના સંતોષ સાથે ચાલી રહેલ પ્રાતઃઆરતીનો લાભ લેવા

હું મંદિરમાં પ્રવેશ્યો. આરતીપૂર્ણ થતાં 'આશકા' લઈ મેં પ્રદક્ષિણા કરી. બ્રહ્માનંદ મહારાજની સમાધિ પર સ્થાપિત શિવલિંગ પર 'મહામૃત્યુંજય' મંત્ર વડે અભિષેક કરી, પ્રાર્થનાપૂર્વક નમસ્કાર કરી, ધૂણા પરના આસન પર બેસી ધ્યાનસ્થ અવસ્થામાં બેઠેલા માધવાનંદજી પાસે આવી 'ૐ નમોઃ નારાયણ' બોલી પ્રણામ કર્યા, પરંતુ માધવાનંદ ધ્યાનમગ્ન હોય, તેમાં ભંગ ન પડે તે રીતે ધીમે પગલે ત્યાંથી નીકળી હું રૂમ પર આવી, જવાની તૈયારી કરવા લાગ્યો.

એક મોટા બગલથેલામાં મેં જરૂરી સામાન ગરમશાલ, કાનટોપી વિગેરે જરૂરી સામાન યાદ કરીને ભરી લીધો. એક નાના પાકીટમાં ટોર્ચ, ચપ્પુ, લાઈટર વિગેરે જે હંમેશાં સાથે રાખેલા જ હોય છે, તે પણ મૂક્યા. ચીકીના પેકેટ્સ તથા પાણીની બોટલ પણ ખાલી જગ્યામાં ભરાવી દીધાં. સ્વચ્છ, ભગવાં વસ્ત્રો ધારણ કરી બૂટ-મોજાં પહેરી લેવા વિચાર કર્યો, પરંતુ બૂટ માપમાં ટૂંકા પડતા સેન્ડલથી જ કામ ચલાવી લેવાનું યોગ્ય લાગ્યું. બૂટનું માપ બરાબર લખાવેલું છતાં ટૂંકા નીકળતા તેમાં પણ વિધિનું કાંઈક વિધાન હશે તેમ માની, દરવાજાને તાળું મારી, સામાનના થેલા બગલમાં ભરાવી હું નીચે ઊતર્યો. ત્યાં જ રસોડામાંથી દાનબાપુએ મોટેથી હાક મારી,

'રાવલ સાહેબ ! ગરમાગરમ ચા અને ઉકાળો પીતા જાવ.'

'વાહ !' મારાથી ખુશીનો ઉદ્ગાર નીકળી ગયો. યોગ્ય સમયે ને યોગ્ય જગ્યાએ ઊભી રહેતી ગાડીનું બીજું નામ એટલે 'દાનબાપુની ગાડી !' ખરેખર અત્યારે મને ચા પીવાની ખૂબ જ ઇચ્છા થતી હતી, પરંતુ સાથે ઉકાળો પણ પીવાની વાત મને વિચિત્ર લાગી ! ચા પી લીધા બાદ દાનબાપુ બોલ્યા, 'ને આ ઉકાળો ! બાપુનું સૂચન છે કે આજે રાવલ સાહેબને ઉકાળો પણ પાજો !' મને નવાઈ પામતા દાનબાપુ હસીને બોલ્યા, 'આ સામાન્ય ઉકાળો નથી, તેમાં હિમાલયની ખાસ ઔષધિઓ નાખી છે. આ ઉકાળો પીવાથી અડતાલીસ કલાક સુધી સ્ફૂર્તિ સાથે શક્તિ જળવાઈ રહે છે. ગમે તેટલો પરિશ્રમ કરો તો પણ થાક વર્તાતો નથી, નિર્ભયતા અને આત્મવિશ્વાસ વધારનાર પ્રાચીન સોમરસ જેવું અમૂલ્ય આ ઔષધ છે. કોઈ જાણકાર સાધુને જ આ ઔષધિ પ્રાપ્ત થાય છે. આનો ઉપયોગ અને ઉપભોગ ગુપ્ત રાખવાનો હોય છે.'

વાત પૂરી કરી, વાસણો લઈ દાનબાપુ જતા રહ્યા. વાટકા માહેનો બધો જ ઉકાળો હું પી ગયો. મને લાગ્યું કે મારું શરીર સ્ફૂર્તિથી ઊભરાઈ રહ્યું છે. ઝડપથી ઊભા થઈ, દોટ મૂકીને મને ચાલવાનું મન થાય છે !

સામાન ખભે ભરાવી જવાની તૈયારી સાથે હું ધૂણા પર માધવાનંદજી પાસે ગયો. મને જોતાંની સાથે જ માધવાનંદજી હસતા મુખે બોલી ઊઠ્યા,

'વાહ રાવલ સાહેબ. સશસ્ત્ર યોદ્ધાની જેમ સજ્જ થઈને ઉપડ્યા કે શું ?'

વંદન કરી,' જવાબમાં હું પણ હસીને બોલ્યો, 'જી હા, આપના જ શબ્દો 'કૃપા કહો ગુરુમહારાજકી', તો ખડી ખડી કાન હલાવે !'

'હા, ચોક્કસ ! તમારા પર સ્વયં 'કૃપા' જ ખડી ખડી કાન હલાવશે, પરંતુ એટલું યાદ રાખજો.' ગંભીરતાપૂર્વક બાપુ આગળ બોલ્યા, 'તમે બ્રાહ્મણ છો અને બ્રાહ્મણો અર્થાત્ ઋષિમુનિઓની આતતાયીઓ અને રસ્તો ભૂલેલા અજ્ઞાનીઓ સામે લડવાની પદ્ધતિ ક્ષત્રિયો કરતાં જુદા પ્રકારની છે.

બ્રાહ્મણો અને ક્ષત્રિયોના નિયમાનુસારના ધર્મયુક્ત કર્મોમાં ઘણો ફરક છે. ક્ષત્રિયો શસ્ત્રો દ્વારા ક્રોધ કરી આતતાયીઓને હણે છે, ફરજ અને સત્યની સાથે તેમાં વિજય મેળવવાનો સ્વાર્થ અને અભિમાન પણ ભળેલા હોય છે.' કહી મારી આંખો સાથે આંખો મેળવીને, પ્રેમપૂર્વક આગળ બોલ્યા, 'જ્યારે બ્રાહ્મણોનો ધર્મ અર્થાત્ તેમની પ્રકૃતિ અનુસારનું શાસ્ત્રનિહિતકર્મ સત્ય, અહિંસા, દયા, ક્ષમા, તપ અને તિતિક્ષાના આધાર પર મંડાયેલ છે. અધર્મની સામે ધર્મ, હિંસાની સામે અહિંસા, ક્રૂરતાની સામે દયા, વેર અર્થાત્ પ્રતિશોધની સામે ક્ષમા - આટલાં બ્રાહ્મણોના આતતાયીઓ સામેના શસ્ત્રો છે. વળી સંયમ-સંતોષ અને સ્વાધ્યાય એ તેમનો પ્રકૃતિદત્ત જન્મજાત સ્વભાવ હોય છે. ભણવું, ભણાવવું, સ્વાધ્યાય અને સત્સંગ તેમજ લોકસેવાર્થે કર્મયજ્ઞ વિગેરે માટે સતત પ્રવૃત્તિ એ તેમના ધર્મની અંતર્ગત રહેલી બાબતો છે.

આ બધા ગુણોથી યુક્ત બની કરેલું તમારું કર્મ તમને બળ પૂરું પાડશે. તમને સમજાશે કે તમારી સફળતાનું રહસ્ય તમારા ગુણોને કારણે છે. માણસની અંતર્ગત પડેલાં સાત્ત્વિક ગુણો જ તેના વ્યક્તિત્વને પ્રકાશિત કરે છે. 'આકૃતિગુણાન કથયતિ' મનુષ્યના મુખની આકૃતિ, મુખની પ્રત્યેક રેખાઓ તેના ગુણોનું જ નિર્દેશન કરે છે. પછી થોડું હસીને પ્રસન્નમુખે આગળ બોલ્યા, 'તમારું શુભકાર્ય આજ વિચારધારાનુસાર પૂર્ણ થશે, તેવી મારી શુભેચ્છા છે. શુભમ્ ભવ પ્રન્થાન !' કહી મને જવાના સંકેતરૂપ મૌન ધરી, નેત્રો મીંચી ધ્યાનમગ્ન બની ગયાં.

ગંભીર, શાંત અને પ્રફુલ્લતાથી ઊભરાતા હૃદય સાથે મોટરબાઈક પર સવાર થઈ હું નીકળ્યો જ હતો, ત્યાં થોડે દૂર ઊભેલ છાત્ર અશોકે મને હાથના ઇશારાથી થોભવાનો સંકેત કરી ધીમેથી કહ્યું, 'આ આપનો બાકીનો સામાન. હું કૉલેજ જઈ રહ્યો હતો તો દાનબાપુએ આપને આપવા આ સામાન સુપરત કર્યો.' કહી અશોક આગળ વધી ગયો.

હું સમજતો જ હતો, ગાંજા જેવી વસ્તુ પવિત્ર જગ્યામાં ન જ રહેવી જોઈએ, એટલે તેનો વહીવટ બારોબાર થયો છે. જે યોગ્ય હતું. દાનબાપુની વ્યવહારિક બુદ્ધિ પર મને માન થયું.

ગાડી સ્ટાર્ટ કરવા જતાં અશોકની લંગડાતી ચાલ પર મારું ધ્યાન ગયું. મારા ધ્યાનમાં આવ્યું કે તેના ચપ્પલની એક પટી ટૂટી ગઈ છે, તળિયા ઘસાઈ જવાને કારણે પગમાં લોખંડની ખીલી પણ ખૂંચતી હોય તેમ લાગ્યું. તે સાથે મને યાદ આવ્યું કે, મેં મંગાવેલ બૂટ ટૂંકા હોય, મારા માટે નકામા છે, જે કદાચ અશોકના પગ માટે બંધબેસતા છે. આમ વિચારી મેં તેની લગોલગ ગાડી ઊભી રાખી કહ્યું, 'અશોક, તારા આ ચપ્પલ ખલાસ છે. મારા નવા બૂટ ટૂંકા હોવાથી, તને થઈ રહેશે. રૂમની અંદર પડેલા છે, દાનબાપુ પાસેની બીજી ચાવી માંગી લઈ તે લઈ લેજે !' સાંભળી ખુશ થતાં તે બોલ્યો, 'બાપુએ રાત્રે મને કહ્યું હતું, કે તારા ચપ્પલ ટૂટી ગયા છે, તો રાવલ સાહેબ પાસે તારા માપના નવા બૂટ આવ્યા છે, તું તેની પાસે માંગજે. તને જ આપવાના છે, પરંતુ સંકોચને કારણે હું બોલી શક્યો ન હતો.'

'એમાં સંકોચ રખાય નહિ, આરામથી પહેરજે !' તેનો સંકોચ દૂર કરવા મેં કહ્યું. અશોકની પીઠ પાછળ હું વિચારી રહ્યો : તો આ રીતે માધવાનંદજીએ મારી પાસે પુણ્યકાર્ય પણ કરાવી લીધું એમ ને ! હકીકતમાં ખરેખર તો મારે નવા બૂટની જરૂરત જ નથી. છતાં અહેતુક મંગાવ્યા હતા. તે કેટલું સૂચક હતું ?

શ્મશાનના દરવાજાની બહાર રોડ પર મેં ગાડી ઊભી રાખી. વાહનોના અવાજ વચ્ચે ચા-પાનની કેબીનો પર થતી ચર્ચાઓએ મારું ધ્યાન ખેંચ્યું. વિષય બાળકોના વધી ગયેલાં અપહરણોનો હતો, એ મુજબ પોલીસમાં ફરિયાદ કરવાથી કોઈ અર્થ સરતો નથી. પોલીસના હાથમાં અપહૃતોની લાશ આવે છે, પોલીસના ભાગે માત્ર પોસ્ટમોર્ટમ રિપોર્ટ મૂકવાની જ જવાબદારી આવે છે. ખેર જે હોય તે !

હવે પછીના પ્રવાસમાં ગાડી ચાલે તેમ ન હોવાથી એક ઓળખીતા દુકાનદારને ગાડીની સોંપણી કરી ચાવી ખિસ્સામાં મૂકી. આ દુકાન ચોવીસ કલાક ખૂલી રહે છે, તેથી ગાડીની કોઈ ચિંતા હતી નહિ.

સામાન સાથે પેદલ ચાલતા ચાલતા મેં શ્મશાનની હદ પૂરી કરી. સામે કાળમીંઢ મોટા પથ્થરાવાળી 'કાળવા નદી' વહી રહી હતી. સામે કાંઠેથી ઊંચા ટેકરાની હારમાળા શરૂ થતી હતી. ગીચ જંગલવાળી આ ટેકરાળ જગ્યામાં કઈ જગ્યાએથી નિયત જગ્યાએ પહોંચવાનું છે, તે તત્કાળ નક્કી થઈ શકતું ન હોવાથી નદીના પ્રવાહમાં ભીંજાતા પગે હું થોડી વાર માટે ઊભો રહ્યો. ત્યાં સામે કાંઠે થોડે દૂર એક વિશાળ શિલા પર મારી નજર પડી. શિલા પર સિંદૂર વડે દોરેલ એક મોટું ત્રિશૂળ હતું ને નીચે લખ્યું હતું, 'જય ખોડિયાર માં' પડખે જ એક મોટા વાંસ પર ફાટેલી ભગવી ધ્વજા ફરકી રહી હતી. દૃશ્ય જોઈ મને લાગ્યું કે આ જગ્યા મેં ક્યારેક જોઈ છે. અચાનક મને યાદ આવ્યું, હા ! આ જગ્યા મેં જોઈ છે, ગઈ કાલે ધ્યાન દરમિયાન સ્પષ્ટ થઈ ગયું ! ધ્યાન દરમિયાન માત્ર

પ્રકાશને બદલે મેં જે દૃશ્ય જોયું હતું તે મારા માટે આગળ જવા માર્ગદર્શનરૂપ હતું. હવે કોઈ ચિંતા ન રહી. પૂરેપૂરું દૃશ્ય મારા મગજમાં નકશાની જેમ અંકિત થઈ ગયું હતું.

નદી ઓળંગી શિલા પાસે આવી મેં ત્રિશૂલને પ્રમાણ કર્યું. શિલાની પાછળ જ બે ટેકરી વચ્ચેની ખીણમાં એક સાંકળી કેડી ઉપર જતી નડરે પડી. આજ મારે જવાનો રસ્તો હતો, તેની પ્રતીતિ થઈ જતાં હું જાળા-ઝાંખરા હટાવતો કેડી રસ્તે આગળ વધવા લાગ્યો. ટેકરી પરનું સીધું ચડાણ ખૂબ કપરું હતું. ખરબચડી-સાંકડી કેડી, બન્ને બાજુ નાની-મોટી કાળમીંઢ શિલાઓ નાના-મોટા ગોળ અને અણીદાર પથરાઓ, આજુબાજુ ગીચ કાંટાળા છોડવાઓ અને નીચે તુરત જ ઊંડી ખીણ. ખબરદાર રહેનું સૂચન કરતી હતી, પગ લપસી ન જાય તેની કાળજી રાખીને ચાલવાનું હતું. રસ્તો કપરો હતો, છતાં ન ઓળખી શકાય તેવી અનેક ઔષધિઓના છોડ, વાંસના લીલા સોટાઓ સાથે ઊગેલી 'અઘેડા' જેવી કાંટાળા બીવાળી, પવિત્ર કામમાં વપરાતી વનસ્પતિ, સાથે લાલચટક-અગ્નિના તણખા જેવી ચણોઠીના પાન અને રાયણના પાકા ફળોની સુગંધયુક્ત હવાની લહેરખીઓ સાથે વાતા પવનની મીઠી આહલાદકતા માણતા માણતા રસ્તો કપાવો સહેલ બનતો હતો !

ધીમે ધીમે રસ્તો કાપતા મનમાં માધવાનંદજીના શબ્દો પડઘાતા હતા, 'તમે બ્રાહ્મણ છો ! હિંસાની સામે અહિંસા, ક્રૂરતાની સામે દયા !' શબ્દોની સાથે સાથે મારા આગળના કાર્યની ભૂમિકા બંધાયે જતી હતી : ગમે તેવા સંજોગોમાં મારે પ્રેમ અને અહિંસાનું શસ્ત્ર વાપરવાનું હતું.

મને થયું, કાશ હું સાધુ અદ્‌ભુતાનંદનું હૃદયપરિવર્તન કરાવી પુનઃ યોગસાધનામાં જોડી શકું. દેવીપુત્રને તાંત્રિકમાર્ગથી અટકાવી યોગ્ય માર્ગે વાળી શકું તો. તો, પડઘા બનીને ઘૂમરાતા મારા જ શબ્દોએ જાણે મને ઉત્સાહથી ભરી દીધો અને કઠિન માર્ગની દરકાર કર્યા વગર હું ઝડપથી આગળ ને આગળ વધવા લાગ્યો. થોડું આગળ વધતા સહેજ સપાટ મેદાન જેવું આવ્યું. સખત કાળા પથ્થરથી યુક્ત મેદાન સૂર્યના પ્રકાશથી ચળકતું હતું. ઊંચી ટેકરીઓની ટોચનો આ મેદાન જેવો ખુલ્લો ભાગ હતો.

મેદાનમાં આવી ચોતરફ દૃષ્ટિ કરતાં લાગ્યું કે હું ખાસ્સી ઊંચાઈ પર હતો. ચારે બાજુ વૃક્ષોથી આચ્છાદિત નાની નાની ટેકરીઓ, ખીણો અને એ પછી હારબંધ ઊંચા પર્વતનોની રમણીયતા હૃદયંગમ લાગતી હતી ! તે સાથે મને યાદ આવ્યું. 'હા... હા... ! આ દૃશ્ય મેં ગઈ કાલે ધ્યાનાવસ્થામાં, હવામાં ઊડતાં ઊડતાં જોયું હતું. બસ આ મેદાનના જ બીજા છેડે આછા વૃક્ષોથી ઘેરાયેલું દેશી નળિયાવાળું લાકડાં અને ઘાસથી બનાવેલું ઝૂંપડા જેવું મોટું મકાન હોવું જોઈએ અને એ મકાનની જ પાછળથી શરૂ થતો સીધો

ઢોળાવ અને ખીણમાંથી વહીને આવતું નાનકડું ઝરણું. બસ, દૃશ્ય સ્પષ્ટ થઈ ગયું, શંકાને કોઈ સ્થાન ન રહ્યું.'

અદમ્ય આત્મવિશ્વાસપૂર્વક હું આગળ વધ્યો અને થોડી જ ક્ષણોમાં કાંટાળી વાડથી ઘેરાયેલ નિર્દિષ્ટ મકાન મારી નજરે પડ્યું, 'બસ, આજ !' મારા મુખમાંથી શબ્દો સરી પડ્યા, 'એક વખતના સિદ્ધયોગી અદ્ભુતાનંદની આ જગ્યા. એક સમયના મહાન સિદ્ધયોગી અને મહાત્મા સરયુદાસજીના ગુરુભાઈ અદ્ભુતાનંદજી જે આજે એક સામાન્ય અને હલકટ તાંત્રિક દેવીપુત્રના હાથનું રમકડું બની જીવતા હતાં અને તે પણ માત્ર ગાંજા જેવા કેફી પદાર્થની પ્યાસ પૂરી કરવા માટે એક મહાયોગી મનની લપસણી ભૂમિ પરથી ગબડી પડ્યો. જ્યારે પતનની શરૂઆત થાય છે, ત્યારે શતોમુખ પતન થાય છે. જેની જીવતીજાગતી મિશાલ આ અદ્ભુતાનંદ હતા.'

હું વિચારી રહ્યો. આંજે એ સિદ્ધયોગી નહિ, પરંતુ વ્યક્તિ હતા. સાવ સામાન્ય વ્યક્તિ. પતિત વ્યક્તિ, નિર્માલ્ય વ્યક્તિ ! ન જાણે શુદ્ધ આત્મા પર અશુદ્ધતાના કેટકેટલાં પડ ચઢાવીને જીવતો હશે, આ માણસ ? કેવો સ્વભાવ ધરાવતો હશે, આજે આ માણસ ? અને કેવું વર્તન કરશે આ માણસ મારી સાથે ? કેવી રીતે કામ પાડીશ હું આ માણસ સાથે ? એક વખતના શુદ્ધાત્મા આ યોગીના આત્મા પર ચડેલા અશુદ્ધતાના મેલને હું દૂર કરી શકીશ ? કઈ રીતે ?

વિચારોના વમળમાં અટવાઈ આગળ ચાલતાં કાંટાળી વાડ ક્યારે આવી ગઈ તેનો ખ્યાલ પણ નજીક આવી ગયા, પછી જ આવ્યો, 'ને સાથે જ મારું નકારાત્મક મનોવલણ બદલાઈ ગયું. ખરાબ બની ગયેલો કોઈ પણ સારો મનુષ્ય, હંમેશને માટે ખરાબ નથી રહી શકતો. શુદ્ધસુવર્ણ ગમે તે સ્થિતિમાં પણ ચળકતું રહે છે અને અગ્નિમાં તપાવેલું સુવર્ણ પોતાનો મેલ છોડીને પુનઃ ચળકતું બની જાય છે. તો પછી અદ્ભુતાનંદજીના પરિવર્તનનું પરિબળ શું નહિ હોય ? હા ! સરયુદાસજીનો માનસિક સંદેશો અત્યાર સુધીમાં અદ્ભુતાનંદજીને મળી ગયો હોવો જોઈએ ! તો તેની અસર થવાની શક્યતા પણ ખરી. સત્યનો થોડોક પણ સ્પર્શ ચિનગારીની જેમ આગનું સ્વરૂપ ધારણ કરી શકે છે. સરયુદાસજીના માનસિક સંપર્કથી તેને તેના પૂર્વના ભવ્યજીવનની યાદ આવી જ હશે અને એ સાથે જ તેના અંતઃકરણમાં થોડીક પણ હલનચલન મચી જ હશે અને સાથે તેનામાં પશ્ચાત્તાપના અંકુર જરૂર ફૂટ્યા જ હશે અને આ વિચારોની સાથે જ મારામાં આશા જન્મી. બસ, આ પશ્ચાત્તાપની ચિનગારી પ્રગટાવી તેના અંતઃકરણને પુનઃશુદ્ધ કરી જરૂર પરિવર્તન લાવી શકાશે. એવો મને આત્મવિશ્વાસ જાગ્યો.'

આવી મારી વિચારધારાને અટકાવી મારા મનને મેં માત્ર વર્તમાનમાં પસાર થઈ રહેલી 'વહેતી ક્ષણો'માં કેન્દ્રિત કર્યું. એ સાથે જ વાડની અંદરના વાતાવરણની હવાએ

મને સ્પર્શ કર્યો. તુરત જ ખ્યાલ આવ્યો કે જાણે અંદરનું સંપૂર્ણ હવામાન ગંભીર, નીરવ અને તીવ્ર નિરાશાથી ભરેલું છે. કદાચ આ વાતાવરણ, આ હવામાન કદાચ અદ્‌ભુતાનંદની વર્તમાન માનસિક સ્થિતિનું દ્યોતક હોઈ શકે છે, પ્રત્યેક વ્યક્તિના વિચારો તેની આસપાસના વાતાવરણને ચોક્કસ પ્રકારની અસર કરે છે...!

મેં હળવે હાથે દરવાજાને સ્પર્શ કર્યો, તો તે ખુલ્લો જ હતો. અંદર પ્રવેશ્યો તો સામેના દશ્ય પર મારી નજર સ્થિર થઈ ગઈ. મકાનના ખુલ્લા દરવાજા સામે જ વડના વિશાળ ગોળ ઓટલા પર નતમસ્તકે ઊભેલા, રંગે ગોરા અને પૂરી ઊંચાઈ ધરાવતા, ગૂંચવાયેલી લાંબી જટાવાળા સાધુને મેં જોયા. આજ સાધુ અદ્‌ભુતાનંદ છે. તેમ ચોક્કસપણે માની, ધીમે પગલે અને શાંતચિત્તે હું નતમસ્તકે ઊભેલા તેની નજીક ગયો.

પડછંદ ગોરો બાંધો, છુટ્ટી અને ગૂંચવાયેલી, ગોઠણસુધી લંબાયેલી ભૂખરી જટા ધરાવતા અદ્‌ભુતાનંદ ખરેખર અદ્‌ભુત જણાતા હતા. મને લાગ્યું કે એક વખત તેનું વિશાળ કપાળ તેજથી ઝગમગતું હશે, પરંતુ આજે એ કપાળ પર કોઈ કાલીમા લાગી ગઈ હોય, તેવું ઝાંખુ પડી ગયેલું લાગતું હતું. કોરી અને સ્વચ્છ સ્લેટ પર પેનના આડાઅવળા લિસોટા પડી ગયાં હોય તેમ તેના સૌમ્ય ચહેરા પર વિકૃતિના કારણે પડી ગયેલી સૂક્ષ્મ રેખાઓએ તેના ચહેરાને બેડોળ બનાવી દીધો હોય તેમ જણાઈ આવતું હતું. બદલાયેલાં વિચારો અને બદલાયેલા કર્મોની અસર સ્પષ્ટ રીતે તેના સમગ્ર શરીર પર વર્તાઈ આવતી હતી. કોઈ ચોક્કસ જગ્યા પર તેની દૃષ્ટિ સ્થિર ન હતી. ધરતી અને શરીરની વચ્ચેના અવકાશમાં સ્થિર થયેલી તેની દૃષ્ટિ પરથી લાગતું હતું, કે તે કોઈ વિષાદને કારણે ગહનવિચારમાં ડૂબેલા છે !

ખિન્નચહેરે અને નતમસ્તકે ઊભેલા અદ્‌ભુતાનંદની સાવ પાસે જઈ મેં બે હાથ જોડી, નમીને પ્રણામ કરતાં 'ૐ નમોઃ નારાયણ'નો મોટેથી ઉચ્ચાર કર્યો. સાંભળીને ઊંચુ મસ્તક કરી અદ્‌ભુતાનંદ મારી સામે સ્થિર દૃષ્ટિથી જોઈ રહ્યા. તેમની મોટી આંખો નિર્મળ છતાં થોડી પીળાશ પડતી અને લાલ જણાતી હતી, જે ગાંજાના સતત સેવનના કારણે હોઈ શકે, છતાં આંખોની મોટી કીકીઓમાં બુદ્ધિશક્તિનો તથા ગહનપ્રેમનો પ્રભાવ સ્પષ્ટ રીતે જોઈ શકાતો હતો.

હું તેના ચરણોને સ્પર્શ કરવા નીચે નમ્યો, તે સાથે જ તે બે ડગલાં પાછળ હઠી, ધીમા અને વિષાદભર્યા અવાજે બોલ્યા, 'બસ, રહેવા દે એવી ઔપચારિકતા ! એમ કરવાથી તને કશું મળે તેમ નથી.'

'કશું મેળવી લેવાની મને ઇચ્છા પણ નથી.' મેં નમ્રતાથી કહ્યું, 'આપના હૃદયમાં પડેલી ગર્ભિત શુભભાવના અને પ્રેમ તો મને મળશે ને ? બસ, મારે તેની જ જરૂર છે.'

'કદાચ, જો હોય તો !' સાંભળી ખિન્નતાપૂર્વક હસીને તે બોલ્યા.

'કેમ ન હોય ? પ્રેમ, દયા, તપ અને તિતિક્ષા દ્વારા મેળવેલ સિદ્ધયોગીનો ખજાનો ખૂટી જાય તેવો તો ન જ હોઈ શકે !' સાંભળી, તેમની આંખોમાં સહેજ ઉપસી આવેલી ચમક જોઈ મેં આગળ કહ્યું, 'હિમાલય જેવી પવિત્ર તપોભૂમિમાં શ્રેષ્ઠગુરુના સાંનિધ્યમાં રહી કઠિન તપ કરી આપે મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. વળી સરયુદાસજી જેવા સિદ્ધ મહાત્મા આપના ગુરુભાઈ છે ! આપનામાં કોઈ અધુરપ કે નબળાઈ કાયમી ખોટ સ્વરૂપે હોઈ જ ન શકે, એવો મારો દઢવિશ્વાસ છે; અને એ જ વિશ્વાસના આધારે હું આપના ચરણસ્પર્શ કરવા ઇચ્છું છું.' એમ કહી મેં નીચા નમી બે હાથ વડે તેમના બન્ને ચરણોનો સ્પર્શ કરી અભિવાદન કર્યું !

મારા હાથના સ્પર્શ સાથે જ અદ્‌ભુતાનંદ ઝડપથી નીચે ઊતરી આવ્યા, ને પોતાના બે હાથો વડે મારા બન્ને ખભ્ભા મજબૂતીથી પકડી લીધા. આથી મને ભય ન લાગ્યો, પરંતુ તેના આવા વર્તનને તાત્કાલિક હું સમજી પણ ન શક્યો. આથી તેમની નજર સામે નજર મિલાવી હું સ્વસ્થતાથી ઊભો રહ્યો. મારા આશ્ચર્ય વચ્ચે મને તેની આંખોમાં ક્રૂરતાને બદલે સ્નિગ્ધ પ્રેમના દર્શન થયા. વિકૃતિને બદલે આંખોમાં ભારોભાર સૌમ્યતાના દર્શન થયા. ને તે સાથે જ, તેમના વિશે મારા બધા જ પૂર્વગ્રહિત ખ્યાલો બદલાઈ ગયા. ને તેથી શક્ય તેટલું પ્રેમાળ ભાવોનું ઉદ્દીપન મારી આંખોમાં ઊભરાવી મેં તેમના બન્ને હાથોને આનંદના આવેશ સાથે ચૂમી લીધાં ! અને તે સાથે જ મારા વર્તનના પ્રત્યાઘાતરૂપે તેના નયનોમાંથી આંસુઓના બે બુંદ ટપકી પડ્યા. રૂંધાયેલા સ્વરે તેના મુખમાંથી શબ્દો સરી પડ્યા.

'બસ, બોલતો જા. બોલતો જા. તારા શબ્દોથી મારા અશાંત હૃદયને શાતા વળે છે. બસ, બોલ્યે જા, બોલ્યે જા ! વર્ષોથી આવા શબ્દો મેં સાંભળ્યા નથી. ભયાનક પાપીને નર્કની જે વેદના સતાવે તેવી યાતના મેં અનુભવી છે. આ દિવસોમાં, પથ ભૂલવાની જે ભયંકર ભૂલ મેં કરી છે, તેનું પરિણામ આજે હું ભોગવી રહ્યો છું. ઇચ્છું, છતાં પણ હવે હું પાછો ફરી શકું તેવી કોઈ આશા મને જોવા મળી નથી. મારા વ્યક્તિત્વને હું સાવ ભૂલી ગયો છું, આજે તેં મને મારા પૂર્વાશ્રમના જીવનની સ્મૃતિનું ઉદ્દીપન પૂરું પાડ્યું છે. મને તારા શબ્દોથી પ્રેરણા જાગે છે. હૃદયમાં આશાનો સંચાર થાય છે. માટે તું બોલ, હજુ બોલ, બસ બોલ્યે જ જા !'

અદ્‌ભુતાનંદના આવા શબ્દો સાંભળી હું સ્તબ્ધ બની ગયો. આટલું ઝડપી પરિવર્તન અદ્‌ભુતાનંદજીમાં કેવી રીતે આવી ગયું ! મારી ધારણાથી વિપરીત આ બાબત હતી. અસંભવિત લાગતી વાત કઈ રીતે સંભવિત બનતી લાગે છે. અથવા સંભવિત બની છે.

અસંમજ ભાવે હું આગળ બોલ્યો,

'અદ્ભુતાનંદજી ! હું આપ મહાત્મા આગળ શું બોલી શકું ? એક વખતના આપ મહાન સિદ્ધયોગી છો. આપનામાં ગર્ભિત રીતે રહેલી મહાનતાના દર્શન મને હજુ પણ થાય છે. આપ તો મહાન છો.' પછી હસીને તેની સામે પ્રેમપૂર્વક જોઈ હું પુનઃ બોલ્યો, 'આપ મહાન હતા તેમ નહિ, આપ મહાન છો જ. કારણ કે સત્‌ની ઉપાસના ક્યારેય નષ્ટ થઈ શકે તેવી હોતી નથી. તેથી આપ હજુ પણ પૂર્ણ અને મહાન છો ! હું તો આપની સમક્ષ એક સામાન્ય સાધક છું.'

'નહિ !' અદ્ભુતાનંદજી મોટા અને ગંભીર અવાજે બોલી ઊઠ્યા, 'તું સામાન્ય સાધક નથી અનંતાનંદ ! તું પ્રચ્છન્ન યોગી છો.'

સાંભળી મારા આશ્ચર્યની કોઈ સીમા ન રહી. 'હું પ્રચ્છન્ન યોગી !' મેં સામો પડઘો પાડ્યો.

'હા ! પ્રચ્છન્ન યોગી !' પ્રતિ પડઘો પાડતા હોય તેમ અદ્ભુતાનંદજી બોલ્યા, 'મારા ગુરુભાઈ સરયુદાસ તરફથી ગઈ કાલે જ મારી નિદ્રાવસ્થામાં મને પરોક્ષ રીતે સંદેશો મળ્યો છે. તારા કાર્યમાં સહાય કરવા તેમજ જરૂરી માર્ગદર્શન આપવા મને અનુરોધ કર્યો છે. મારી નિદ્રાવસ્થામાં મને પ્રત્યક્ષ દર્શન આપી અને તારા દ્વારા જ મારા ચરણોને સ્પર્શ કરાવીને મારામાં શક્તિસંચાર કરાવી, મને અધઃપતનના માર્ગેથી પાછો વાળવા તેમણે મારા પર કૃપા કરી છે.' કહી તેઓ થોડું અટક્યા. મારા સ્પર્શ દ્વારા તેમનામાં શક્તિસંચાર ! આજ સુધી ન સાંભળેલી, ન જોયેલી વાત જાણી મારા આશ્ચર્યની અને મારા સરયુદાસજી પ્રત્યેના અહોભાવની કોઈ અવધિ ન રહી. છતાં આ ભાવોને દબાવી હું બોલ્યો,

'વાહ !' હું ખુશ થઈ ગયો હોઉં એ રીતે બોલ્યો, 'મારા પર કૃપા કરવા સરયુદાસજીએ આપને આ રીતે સંદેશો પહોંચાડી દીધો છે.'

'હા !' એવા જ ગંભીર અવાજે અદ્ભુતાનંદજી બોલ્યા,

'હા ! તારા પર તેની કૃપા તો ખરી જ.' પછી થોડું અટકીને આગળ બોલ્યા, 'પરંતુ વાસ્તવિકતા જુદી જ છે. તું તો આ બધી જ પરિસ્થિતિમાં પ્રેરક પરિબળ તરીકેનું ઉત્તમ માધ્યમ માત્ર છે. હકીકતમાં તો હિમાલયસ્થિત મારા પૂજ્ય ગુરુમહારાજના આદેશ અનુસાર, ગુરુભાઈ સરયુદાસ તથા માધવાનંદજીએ તને મારા સુધી પહોંચાડી, મારો ઉદ્ધાર કરવાની યોજના બનાવી છે !' આશ્ચર્યના અતિરેકથી હું વચ્ચે બોલી પડ્યો, 'યોજના ! અને તે પણ મને માધ્યમ બનાવીને ? હું આપની વાત બરાબર સમજી શકતો નથી, કૃપા કરી મને વિગતથી બધું સમજાવો.'

'વાત સમજવી સહેલી છે.' થોડું અટકી અદ્ભુતાનંદજી આગળ બોલ્યા, 'દરેક ક્રિયા તેના સમય અનુસાર થતી જ રહે છે. બધી જ વિધિની વિચિત્રતા છે, ધીરજથી

સમજવામાં આવે તો જ સમજાય તેવી છે. પરંતુ એ બધું પછી !' વાતને ત્યાં જ અટકાવી અદ્ભુતાનંદજીએ મને ઇશારો કરી કહ્યું, 'તું અંદર આવ, થોડી વિશ્રાંતિ લઈ સ્વસ્થ થા.' કહી અદ્ભુતાનંદ મને મકાનની અંદર દોરી ગયા.

અદ્ભુતાનંદ વિશે મારું જે ભયંકર કલ્પનાચિત્ર હતું, તે હવે ભૂંસાઈ ગયું હતું. મારી જે ધારણા હતી તેનાથી બધું વિપરીત બન્યું હતું. અદ્ભુતાનંદમાં જોવા મળેલું પરિવર્તન અને તદ્ઞાનુસાર તેમનું મારી સાથેનું વર્તન મારા માટે કલ્પનાતીત હતું. આથી હૃદયમાં ઊભરાતા આનંદ સાથે હું અદ્ભુતાનંદ સાથે તેના આવાસમાં પ્રવેશ્યો, પરંતુ અંદરનું દૃશ્ય મારી નજરે પડ્યું તો મારા નેત્રો ત્યાં પડેલી વસ્તુઓ પર સ્થિર બની ગયાં. આવું જોવાની ધારણા અને સાથે પૂર્વતૈયારી તો હતી જ, પરંતુ વચ્ચે જુદું જ સાત્ત્વિક દૃશ્ય ભજવાઈ ગયું, જે મારી ધારણાથી વિપરીત હતું. તેથી અંદરનું દૃશ્ય જોઈ હું પુનઃ વિચલિત થઈ ઊઠ્યો.

અંદર આવતાં જ મારી નજરે અતિ ભયંકર તામસ દૃશ્ય પડ્યું. સામે જ એક ખૂણામાં બાજોઠ પર માનવ ખોપરી પડી હતી. તેના પર અબીલ ગુલાલ, કંકુનો છંટકાવ થયેલો હતો. જેના કારણે ખોપરી રક્તરંજિત જેવી લાગવાથી ભયંકર રીતે બિહામણી લાગી રહી હતી. તેની બાજુમાં થોડે દૂર ગાયની ખોપરી એ ભયંકર દૃશ્યમાં ઓર વધારો કરતી જમીન પર પડી હતી, બાજુમાં તાજુ જ ચંદનઘોનું હાડપિંજર ભયંકર બિભત્સરૂપ બતાવતું દુર્ગંધ મારતું પડેલું હતું. તાજુ જ હોવાને કારણે તેમાં થોડું માંસ પણ ચોંટેલું હોઈ તેની દુર્ગંધ બધે પ્રસરી રહી હતી.

એક બાજુના ભાગમાં લાકડાની બે બંધ પેટીઓ પડેલી હતી. એક પેટી પર ઓઢવા-પાથરવાનો સામાન અવ્યવસ્થિત રીતે પડેલો હતો. સામે નદી તરફના દરવાજાની બહાર ભઠ્ઠી જેવા આકારનાં ધૂણામાંથી ધુમાડા નીકળી રહ્યા હતાં. ધૂણાની સામેની ભીંત પાસે અદ્ભુતાનંદની સુવા-બેસવાની બેઠક હોય તેમ લાગતું હતું. વાતાવરણમાં ન સમજાય તેવી બેચેની હતી.

ન જાણે કેમ પણ મારું મન વિષાદથી ભરાઈ ગયું. ખાસ તો એ વિચારથી કે એક વખતના સિદ્ધયોગી અદ્ભુતાનંદજી આવી બેહૂદી જિંદગી જીવી રહ્યા છે. આટલું ભયંકર અધઃપતન અને તે પણ ચંચળ મન આગળ ડગી જઈ ઇન્દ્રિજન્ય ક્ષણિક સુખ મેળવવા, ગાંજા, અફીણ, ચરસ જેવા કેફી પદાર્થોના સેવનનું અવલંબન લઈને ? મને લાગ્યું કે અદ્ભુતાનંદજી જેવા યોગીના જીવનમાં આવું વિચિત્ર પરિણામ લાવવામાં માત્ર વિધિ જ બળવાન છે !

હું વિચારી રહ્યો હતો, ત્યાં જ અદ્ભુતાનંદજીના શબ્દોથી મારી વિચારધારા તૂટી ગઈ. શાંત છતાં વિષાદ ભરેલા સ્વરમાં તેઓ બોલ્યા, 'પૂર્વજન્મના રહી ગયેલા સંસ્કાર

આ જન્મમાં પણ પ્રબળ બનીને, પરાણે લલચાવી ઇચ્છિત પદાર્થોનો ભોગવટો કરાવીને જ જંપે છે.' કહી તેઓ થોડી વાર અટક્યા. મને લાગ્યું કે તે મારા વિચારોનો જ જાણે જવાબ આપી રહ્યા છે. હું તેની સામે આદરથી જોઈ રહ્યો. થોડી વારે મને પાસે બેસાડી, સામેની બેઠક પર પોતે પણ આસનસ્થ થઈ અદ્‌ભુતાનંદ પુનઃ બોલ્યા,

'વર્ષો સુધી તપ અને તિતિક્ષા કરી કઠણમાં કઠણ સાધના કરી અને તેના પરિપાકરૂપ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી.' થોડી વાર અટકીને એક દીર્ઘશ્વાસ છોડી તેઓ પુનઃ બોલ્યા,

'સિદ્ધિઓ પ્રાપ્ત કરી એમ નહિ, પરંતુ સિદ્ધિઓ આપોઆપ પ્રગટ થઈ !' કહી અદ્‌ભુતાનંદ થોડી વાર અટક્યા. મને લાગ્યું કે ધીરગંભીર અને ધીમા સ્વરે બોલી રહેલા અદ્‌ભુતાનંદજીનાં મુખ પર દુઃખ અને વિષાદના ભાવો સ્પષ્ટ ઉપસી આવ્યા છે. વિષાદયુક્ત ચહેરે તેઓ પુનઃ બોલ્યા, 'એ સિદ્ધિઓ જ મારા માટે લોભામણી બની; અને મારા અને 'પરબ્રહ્મ' વચ્ચે માયારૂપી દીવાલ બનીને ઊભી રહી. એ સિદ્ધિઓથી અહંકારી બની હું બેફામપણે તેનો ઉપયોગ કરવા લાગ્યો. જો એ સિદ્ધિઓ તરફ મેં દુર્લક્ષ કર્યું હોત. તો કાશ આજે હું 'પરમહંસ' કક્ષાએ પહોંચ્યો હોત !' કહી અદ્‌ભુતાનંદે એક દીર્ઘ નિઃશ્વાસ છોડ્યો.

મને લાગ્યું કે તે પશ્ચાત્તાપની આગમાં શેકાઈ રહ્યા છે. હું શાંતચિત્તે તેમને સાંભળી રહ્યો હતો. થોડી વારે અદ્‌ભુતાનંદે પોતાની છૂટી જટા બે હાથ વડે બળપૂર્વક જોશથી ખેંચી, માથું ધુણાવી આગળ કહ્યું, 'અફસોસ ! દેહાભિમાન છોડી, જીવનમુક્ત બનીને 'પરબ્રહ્મ'ને પ્રાપ્ત કરી 'પરમતત્ત્વ'માં લીન થઈ જવાને બદલે, હું ગાંજા અને ચરસને સહારે જીવતા એક રખડતા સામાન્ય સાધુ જેવો બની રહ્યો !'

આટલું કહી આવેશમાં આવી જઈ ક્રોધથી પોતાનું કપાળ બે હાથ વડે કૂટી, અદ્‌ભુતાનંદ આવેશપૂર્વક આસન પરથી ઊભા થઈ ગયાં ! મેં તેમના બે હાથ પકડી ફરીથી આસન પર બેસાડ્યા અને કહ્યું, 'અદ્‌ભુતાનંદજી ! આપ એક વખતના સિદ્ધયોગી છો, ભલે આપની સિદ્ધિઓ ક્ષીણ થઈ ગઈ હોય, છતાં યોગવિદ્યાનું બ્રહ્મજ્ઞાન તો હજુ પણ આપનામાં રહેલું જ છે. જેનામાં એક વાર જ્ઞાન પ્રગટે છે, તે ક્યારેય સંપૂર્ણ રીતે નાશ પામતું નથી. વળી આપે કોઈ પાપ જાતે કર્યું નથી. આપ માત્ર પાપના સાક્ષીરૂપ જ બન્યા છો અને ગમે તેવું પાપ હોય તો તે પશ્ચાત્તાપરૂપી અગ્નિમાં બળીને ખાખ થઈ જાય છે.

પશ્ચાતાપથી આપના પાપો દૂર થઈ ગયા છે. કારણ કે પશ્ચાત્તાપ એ સ્વર્ગમાંથી ઊતરેલું એવું ઝરણું છે, કે જેમાં મહાપાપી પણ સ્નાન કરી પુનઃ પુણ્યશાળી બની શકે છે.' કહી તેના બે હાથ મારા હાથમાં પ્રેમપૂર્વક લઈ મેં વિનંતીના સ્વરમાં કહ્યું,

'અદ્દભુતાનંદજી ! આપ પુનઃ જાગૃત થઈ ચૂક્યા છો, તો હવે નવેસરથી સાધનાનો પુનઃ પ્રારંભ કરો. આપ હજુ પણ મહાનયોગી 'પરમહંસ' બની શકો છો, વળી ગુરુમહારાજની કૃપા પણ આપના પર રહેલી છે, તો મોક્ષમાર્ગે-જીવનમુક્ત બનવાનો રસ્તો આપના માટે સરળ બની શકે છે. આપ જ્ઞાની છો, ઉપનિષદના એ મંત્રને યાદ કરો 'ઉત્તિષ્ઠ-જાગૃયામ, વરાનિબોધિત' ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી પ્રયત્નમાં લાગી રહો.' કહી મેં પ્રેમ અને દયાદ્ર ભાવો સાથે તેમની આંખમાં આંખ પરોવી, આ સાથે મેં એક અજબ પ્રકારની ચમક, કોઈ અનેરી સંવેદના પ્રગટતી તેની આંખોમાં જોઈ. મને લાગ્યું કે ધાર્યું નિશાન લાગી ચૂક્યું છે, નાની ચિનગારી અગ્નિના સ્વરૂપમાં પ્રગટી ચૂકી છે. બસ હવે જરાક ફૂંક અને પ્રજ્વલિત આગના દર્શન !

મેં પુનઃ તેમના બે હાથોને ચૂમી ચરણ સ્પર્શ કર્યા. ને તેની ધારી અસર થઈ. અદ્દભુતાનંદે ઊભા થઈ મને આલિંગનમાં જકડી લીધો. મને લાગ્યું કે આ આલિંગનમાં પ્રેમ, માયા-મમતા ન જાણે કેટકેટલી લાગણીઓના ભાવો પ્રસ્ફુટિત થઈ રહ્યા છે. પરસ્પર પ્રગટતા એ પવિત્ર લાગણીના સ્પંદનો અનુભવતો હું આલિંગનમાં બદ્ધ બની ઊભો રહ્યો.

થોડી વાર પછી અદ્દભુતાનંદજી સ્વસ્થ બનતા મેં તેમને પુનઃ આસન પર બેસાડ્યા. ગળે ડૂમો આવી જવાથી તેમનું ગળું રૂંધાતું હોય તેમ મને લાગતા, પાણી માટે મેં આજુબાજુ નજર ફેરવી. થોડે દૂર ખૂણામાં પાણીની મટકી નજરે પડી, ગ્લાસ ભરી મેં તેમને પાણી પાયું. પાણી પી રહેલાં અદ્દભુતાનંદજી તરફ દૃષ્ટિ કરતાં મને લાગ્યું કે હવે તે સ્વસ્થ અને શાંત બની રહ્યા છે.

થોડી વારે દીર્ઘશ્વાસ લઈને, તેઓ ખૂબ ઊંડા ઊતરી ગયાં હોય તેવા ધીમા સ્વરે બોલ્યા, 'તારી વાતો મને ગમે છે, તે સત્ય પર આધારિત છે.' પછી થોડું અટકીને આંગળી વડે ઇશારો કરી બોલ્યા, 'આ બધું જોઈ અનુમાન કરી લે. કેવા ભયંકર કર્મોનું નિર્દેશન મેં કર્યું હશે. ગાંજા અને ચરસની મારી જરૂરિયાત સંતોષવા મેં કેટકેટલા પાપીઓને તેમના નીચ કાર્યોમાં સહાય કરી હશે. તાંત્રિક પ્રયોગો માટે કેટકેટલાં જીવંત પ્રાણીઓનાં બલિદાનો મારા માર્ગદર્શન પ્રમાણે અપાયા હશે. કેટકેટલાં ધુતારા-પાપીઓનો હું સહાયક બન્યો હોઈશ.' આટલું કહીને તેઓ ખિન્ન બની અટકી ગયા, દારુણ દુઃખના ભાવો ઉપસી આવ્યા તેમના મુખ પર. અસહાય બની ગયા હોય તેવા સ્વરમાં તેઓ પુનઃ બોલ્યા, 'કઈ રીતે કેડો મુકાવું હવે આ બધાથી ? પાછો ફરું તો પણ કઈ રીતે ?' નિરાશ બની બે હોઠ ચાવી રહ્યા હતા અદ્દભુતાનંદજી !

હું તેમની સાવ પાસે બેસી, તેનો હાથ મારા હાથમાં લઈ હળવે હળવે પસવારતાં બોલ્યો, 'બધું જ છોડીને અદ્દભુતાનંદજી ! તમારા આ પાપના ખ્યાલને તમારા આ બની

ગયેલા ભૂતકાળને, ભૂલી જાવ, બધું જ ભૂલી જાવ ! મનમાં એવો ખ્યાલ ધારણ કરી લો કે આજે પણ આપ એ જ અદ્‌ભુતાનંદ યોગી છો. જે પૂર્વે હિમાલયની પવિત્રભૂમિમાં રહી તપસ્વીનું જીવન જીવતા હતા. છોડી દો આ બધાં પાપના ખ્યાલોને, ગુરુ મહારાજનું પાવનકારી શરણ આપને પવિત્ર બનાવી દેશે !'

'હા, હવે એક માત્ર એ જ ઉપાય રહ્યો છે.' અસંમજ ભાવે અદ્‌ભુતાનંદજી બોલ્યા, 'બાકી આ વિનાશક વ્યસન સિવાય મારી પાસે હવે બચ્યું પણ શું છે ? બચ્યું છે, કેવળ ભક્તિહીન, સર્વ સિદ્ધિહીન એવું આ શરીર માત્ર ! પાપોનું સાક્ષી માત્ર આ નાશવંત શરીર.' માથું ધુણાવી પુનઃ તેઓ બોલ્યા, 'હું પાપી છું, પાપનો ભાગીદાર છું. શું રહ્યું છે હવે મારી પાસે ?' કહી એક દીર્ઘ નિઃશ્વાસ છોડ્યો, અદ્‌ભુતાનંદજીએ. મેં તેમની સાવ નજીક જઈને કહ્યું,

'છે ! હજી પણ રહ્યું છે આપની પાસે !' તેમની સામે નજર નોંધીને મેં દઢ સ્વરમાં કહ્યું, 'હજુ પણ આપની પાસે એક અતિ મૂલ્યવાન વસ્તુ પડી છે. અતિમૂલ્યવાન વસ્તુ અદ્‌ભુતાનંદજી, આપનું અખંડ બ્રહ્મચર્ય !' 'બ્રહ્મચર્ય' પર ભાર દઈને મેં થોડા ઊંચા અવાજે કહ્યું, 'આપે બધું કરવા છતાં આપનું 'બ્રહ્મચર્ય' ગુમાવ્યું નથી. આપ હજુ પણ 'ઊર્ધ્વરેત' બ્રહ્મચારી છો. અદ્‌ભુતાનંદજી ! તમારા આ બ્રહ્મચર્યની તાકાત બ્રહ્માંડને પણ ડોલાવી શકે છે, આપની બધી જ ઢંકાઈ ગયેલી સિદ્ધિઓ આ 'બ્રહ્મચર્ય'ની તાકાત પર પુનઃસાધના દ્વારા જાગૃત થઈ શકે છે !'

તેમની આંખો પર સ્થિર થયેલી મારી દૃષ્ટિએ જોયું, કે એક જબ્બર તેજસ્વી ચમક તેમની આંખોમાં ચમકી ઊઠી છે. એક નવા સ્વરૂપમાં તેમનામાં આત્મવિશ્વાસ ઊભરતો આવે છે. ઉત્સાહના સ્વરમાં તેઓ બોલી ઊઠ્યા,

'હાં, સાચું ! હું પાપી છું. મેં ઘણા પાપો કર્યા છે, પરંતુ આ એક બાબતમાં ગુરુમહારાજની કૃપાથી હું અણીશુદ્ધ રહ્યો છું. કદાચ, એ જ પુણ્યપ્રતાપથી તું મારો મસીહા બનીને આવ્યો છે. તેં બંધ પડી ગયેલા, મૂર્છિત એવા હૃદયના દ્વારોને ખોલી નાખ્યા છે. મારામાં તેં આત્મવિશ્વાસ જાગૃત કર્યો છે. તપોભંગ વિશ્વામિત્ર પુનઃ તપ દ્વારા નવી સૃષ્ટિનું નિર્માણ કરવા સમર્થ બની શક્યા હતા અને જગતને તેણે મહાન ગાયત્રીમંત્ર ભેટરૂપે પ્રદાન કર્યો હતો. તારી પ્રેરણાથી હવે હું જરૂર સમર્થ બની શકીશ, તે ચોક્કસ માનજે. મારો આ દઢ સંકલ્પ છે !'

'મારી પ્રેરણાથી નહિ.' મેં નમ્રસ્વરમાં કહ્યું, 'સરયુદાસના પવિત્ર માનસિક સંપર્ક અને આપના મહાન ગુરુમહારાજની કૃપાથી આપને સત્યજ્ઞાન પુનઃ પ્રાપ્ત થયું છે.'

'શાબાશ ! તારી નમ્રતામાં સાધુતાનાં દર્શન થાય છે.' એમ કહી અદ્‌ભુતાનંદજીએ મારી પીઠ થપથપાવી.

વાતોમાં ઘણો સમય પસાર થઈ ગયો હતો. હવે આગળના કાર્યની વિગત પર આવવાની જરૂરત જણાતાં મેં નમ્રસ્વરે કહ્યું, 'મારે પણ આપને થોડી તકલીફ આપવાની છે. મારે મારી હવે પછીની કાર્યસિદ્ધિ માટે આપની સહાયની જરૂરત છે.'

'હા, હા ! જાણું છું હું !' મને વચ્ચેથી અટકાવી અદ્‌ભુતાનંદજી બોલ્યા, 'આ માટે જ સરયુદાસજીએ મને માનસિક સંદેશો મોકલી બધી બાબતોથી અવગત કર્યો છે. મને તારા વિશે અને તારા કાર્ય વિશે માહિતી આપી સહાય કરવા ખાસ અનુરોધ કર્યો છે, પરંતુ એ બધું થઈ રહેશે. પહેલાં તું પણ મારું એક કામ પૂર્ણ કરી આપ.' કહી લાકડાની પેટીમાંથી એક પૂંઠાનું બોક્ષ ખેંચી કાઢવાનું મને કહ્યું ને આગળ સૂચન કર્યું, 'એ બોક્ષને તારા હાથે લઈ પાછળ જઈ પાણીના ઝરામાં પધરાવી આવ !'

આશ્ચર્ય સાથે કોઈ પણ જાતના વળતા પ્રશ્ન વગર બોક્ષ હાથમાં લઈ હું પાછળ વહેતા ઝરણાં કાંઠે પહોંચ્યો. કુતૂહલવશ મેં બોક્ષનું ઢાંકણ થોડું ઉઘાડ્યું તો અંદરથી ગાંજા અને ચરસની તીવ્ર ગંધ આવી. ઢાંકણું બંધ કરી ઝડપથી મેં ઝરણામાં બોક્ષનો ઘા કરી દીધો. અદ્‌ભુતાનંદના વ્યસનત્યાગની જેમ !

પાછા વળતા મને વિચાર આવ્યો, અદ્‌ભુતાનંદે મને જ આ કામ કેમ સોંપ્યું, પોતે પણ ફેંકી દઈ શકતા હતા. કદાચ એમ પણ હોય કે ગાંજો અને ચરસ જોતાં વ્યસની મન લલચાય જાય તેવો તેનાં મનમાં કદાચ ભય હોય ! દરવાજામાં પ્રવેશતાં જ અદ્‌ભુતાનંદજી હસીને બોલ્યા, 'તને થતું હશે કે કાયમી વ્યસનની લતને કારણે લલચાઈ જવાના ડરથી મેં તને આ કામ સોંપ્યું હશે ! સાચી વાત ને ?'

'વાહ સરસ ! અદ્‌ભુતાનંદજી વિચારોને જાણી લેવાની સિદ્ધિ તો હજુ પણ આપનામાં વિદ્યમાન છે !' મેં કહ્યું. સાંભળીને તેઓ ખડખડાટ હસી પડ્યા. બોલ્યા, 'આમાં સિદ્ધિ જેવું કશું જ નથી, આ જ્ઞાનની નીચેનું પગથિયું 'મનોવિજ્ઞાન' છે. તારા જેવો સમજદાર જરૂર આમ જ વિચાર કરે.' ફરી મુક્ત રીતે હસીને બોલ્યા, 'સાયકોલોજી સાથે મેં એમ.એ.ની ડિગ્રી મેળવી છે. એ જ 'મનોભૌતિક' વિજ્ઞાનના આધાર પર મેં અનુમાન કરી કહ્યું હતું.' કહી તેઓ પ્રફુલ્લ ચહેરે મારી સામે જોઈ હસી રહ્યા. મુક્તમને હસતા તેમને જોઈ મને થયું કે હવે તે સાવ હળવાફૂલ બની ગયા છે. થોડી વાર પછી તેઓ બોલ્યા, 'હકીકતમાં સાધુઓ દ્વારા સેવાતા એ અપવિત્ર અને ભયંકર પદાર્થોનો સ્પર્શ કરી પુનઃ હું પુનઃ દૂષિત થવા માંગતો ન હતો !' અદ્‌ભુતાનંદજીની આવી સ્પષ્ટતાથી મારી શંકાનું સમાધાન થઈ ગયું.

'હવે તારી ઇચ્છાનુસારની ખાસ વાત.' મૂળ વાત પર આવી અદ્‌ભુતાનંદજીએ કહ્યું, 'તું જેને તાંત્રિક દેવીપૂજક કહે છે, તેનું અસલ નામ 'સકુરિયો' છે. મારી પાસે

તાંત્રિકવિદ્યાનું માર્ગદર્શન મેળવી, સાધુનું રૂપ ધારણ કરી તે પોતાને 'સકુરાનંદ' તરીકે ઓળખાવવા લાગ્યો છે.

બાળકનું અપહરણ તેણે કર્યું છે, તે સત્ય વાત છે. કાળભૈરવને નરબલિ ચડાવી તે ભયંકર 'મારણ' અને 'વશીકરણ'ની વિદ્યા સિદ્ધ કરવા માગે છે. આ માટે તેણે બધી જ પૂર્વતૈયારી કરી રાખી છે. માત્ર અભિમંત્રિત ગાયની ખોપરીની તેને જરૂરત છે, જે મારી પાસેથી જ તેને મળી શકે તેમ છે. આવી બધી ઘણી સંગ્રહિત વસ્તુઓ હું ઘણાં તાંત્રિકોને ગાંજા-ચરસના બદલામાં કે થોડી રોકડ રકમ લઈને પૂરી પાડું છું. પૂરી પાડતો !' વાક્ય સુધારી હસીને અદ્ભુતાનંદજીએ આગળ કહ્યું, 'ગઈ કાલે જ સકુરાનંદ ખોપરી લેવા માટે મારી પાસે આવેલો, પરંતુ યોગાનુયોગ ત્યારે આપવાની ના પાડી અને મેં આજે જાતે આવીને પહોંચાડવાનું તેને વચન આપેલ છે ! હવે એ કામ મારે બદલે તું જ કરજે.'

ઈશ્વર જે કરે છે તે સારા માટે જ કરે છે. જો ખોપરી ગઈ કાલે જ તેને મળી ગઈ હોત તો આજ ચોક્કસ બાળકનું બલિદાન અપાઈ ગયું હોત.' સાંભળી એક આછી ધ્રુજારી મારા શરીરમાંથી પસાર થઈ ગઈ. માધવાનંદજીએ કહેલું પણ ખરું, 'કાર્યેષુ ત્વરિતમ્ - કાર્યમાં વિલંબ કરવો નહિ, છતાં ચિંતા કરવાની કોઈ જરૂર નથી.' તે યોગાનુયોગ હોય કે આત્મસ્ફુરણા થવાથી હોય કે ગમેતેમ હોય. અદ્ભુતાનંદજીએ આવો વાયદો કર્યો, ને મારા જ હાથે ખોપરી પહોંચાડવાનું નિમિત્ત ઊભું થયું ! આ કેટલું બધું સૂચક છે !

ખરેખર હવે બાળક બાબત પણ કોઈ ચિંતા કરવાની રહી નહિ. આગળ ઉપર પણ ચિંતા કરવા જેવું થશે જ નહિ. તેનો પણ મને વિશ્વાસ બેસી ગયો ! 'હવે તારે ખાસ વાત ધ્યાનમાં રાખવાની છે કે, શકુરાનંદને વિદ્યા તો સિદ્ધ છે. પ્રથમ તેનો પ્રયોગ તે તારા પર કરશે, પરંતુ તારી અંતરગત પડેલી શક્તિ અને તારા દૃઢમનોબળને કારણે તને વિચલિત કરી શકશે નહિ. ઉતાવળે કોઈ પગલું ભરીશ નહિ, નહિ તો ઓચિંતો આક્રમક બની બાળકનો વધ કરી નાખતા અચકાશે નહિ. ધીરજ ધરી પરિસ્થિતિ અનુસાર કામ લેજે.'

થોડી વાર થંભી અદ્ભુતાનંદજીએ આગળ કહ્યું, 'વધુ ભલામણની તને જરૂર નથી. કારણ કે ગર્ભિત રીતે તારામાં પણ ઘણી શક્તિઓ પડેલી હું જોઈ શક્યો છું. હું જોઈ શક્યો છું કે કલ્પનાશક્તિ યોગ્ય રીતે તું કેળવી શક્યો છે, યથાયોગ્ય સમયે-યોગ્ય નિર્ણય લેવાની તારામાં શક્તિ છે.' પછી ઊંચે જોઈ અંતરિક્ષમાં કશું જોતા હોય તેવી દૃષ્ટિ કરી બોલ્યા, 'મારું હૃદય હવે પરિશુદ્ધ થઈ જતાં આત્મજાગૃતિથી હવે હું જોઈ રહ્યો

છું, કે કોઈ સંત કે મહાત્માની છાંયા તારું રક્ષણ કરતી તને પ્રેરણા આપી રહી છે. હવે તારી પાસે સમય ઓછો છે, તેથી તારે ઝડપથી છતાં સ્વસ્થચિત્તે ત્યાં પહોંચવાનું છે.'

પછી નરબલિની વિધિ વખતે કઈ રીતે બાળકનું રક્ષણ કરી સકુરાનંદના પ્રયોગને નિષ્ફળ બનાવવો તે બાબત મને વિગતે બધું સમજાવી દીધું. પછી ઉપસંહાર કરતાં અદ્‌ભુતાનંદજીએ કહ્યું, 'તને કહ્યા મુજબ બધું શાંતિથી કરજે, બસ પછી ભક્ષ્યબલિ ન મળતા ભૈરવ ક્રોધ કરી શકુરાનંદનો ભોગ લેવાનું કરશે ! અથવા ઈજા કરશે, જે થાય તે, પરંતુ બાળકને બચાવવાનું તારું કાર્ય પૂર્ણ થઈ જશે. રાત્રિના બાર પછી જ આ પ્રયોગ થશે, તેથી કોઈ ચિંતા નથી. ત્યાં પહોંચવાનું સ્થળ પણ ખાસ દૂર નથી. હું દિશાસૂચક નકશો દોરી આપું છું, તું સરળતાથી ત્યાં પહોંચી શકીશ.' કહી, એક પૂંઠા પર અદ્‌ભુતાનંદજીએ વ્યવસ્થિત નકશો દોરી મારા હાથમાં મૂકતા કહ્યું, 'મધ્યાહનનો સમય થવા આવ્યો છે. તારા માટે ભોજનની કશીક વ્યવસ્થા કરું.' તેને અટકાવતા મેં કહ્યું, 'નહિ, આપે ચિંતા કરવાની જરૂર નથી. ભોજન માટેની સામગ્રી મારી સાથે જ છે. આપણે સાથે જ સૂક્ષ્મઆહાર કરીએ !'

એક પાત્રમાં મેં મગફળી તથા તલની ચીકી મૂકી અદ્‌ભુતાનંદજીને આપી, તો તુરત જ અદ્‌ભુતાનંદજી બોલ્યા, 'બીજું પાત્ર નથી, તો આપણે સાથે જ ભોજન ગ્રહણ કરીએ.' કહી હસીને તેમણે પ્રથમ પ્રારંભ કર્યો.

ભોજન દરમિયાન અદ્‌ભુતાનંદજીએ પોતાના અત્યાર સુધીના જીવન વિશે ઘણી વાતો કરી, જે ઘણી રીતે પ્રેરક અને સાથે સાથે ભયંકર પણ હતી, પરંતુ એ બધી વાતો અત્યારે કહેવી અપ્રસ્તુત હોય, યોગ્ય સમયે અને સ્થળે આવતી જશે.

ભોજન બાદ જલપાન કરી હસ્તપ્રક્ષાલન બાદ અદ્‌ભુતાનંદજી બોલ્યા, 'તારામાં ગર્ભિત રીતે પૂર્વજન્મોપાર્જિત સિદ્ધિઓ પડેલી છે. સરયુદાસજીએ મને તે પણ જણાવ્યું છે. યોગ્ય ગુરુની આપમેળે જ પ્રાપ્તિ થતાં તથા અન્ય સંતોની કૃપાથી યોગ્ય સમયે તેનું પ્રગટીકરણ થશે.' કહી ઊભા થઈ ખીંટી પર લટકતી ઝોળીમાંથી માળા કાઢી મને આપતા કહ્યું, 'આ અકીક અને રુદ્રાક્ષના પારાની માળા હું તને પ્રસાદીરૂપે આપું છું. જેથી તને આપમેળે ગુરુ મળી આવે તેવી યોગ્યતા પ્રાપ્ત થતી રહેશે !' કહી બીજા હાથથી ઝોળીમાંથી વૃક્ષના જાડા મૂળિયા જેવો એક લાકડાનો ટુકડો કાઢી મને આપતા કહ્યું, 'આ હિમાલયમાં થતી ઉત્તમ જડીબુટ્ટી છે, જે મેં પૂર્વે અભિમંત્રિત કરી સિદ્ધ કરેલ છે. તે પણ તને આપું છું. આના સ્પર્શથી ગમે તેવા સર્પનું ઝેર ક્ષણવારમાં ઊતરી જાય છે. રોગીને આનો સ્પર્શ કરાવવાથી તેની રોગપ્રતિકારક શક્તિ વધી જતાં પુનઃ આરોગ્ય પ્રાપ્ત થાય છે. વિવેકબુદ્ધિ વાપરી આનો ઉપયોગ કરવો !' કહી તેઓ મૌન બની ગયા.

મસ્તકને સ્પર્શ કરાવી બન્ને વસ્તુઓ મેં મારા થેલામાં મૂકી દીધી, પરંતુ તે વખતે

મને ખબર ન હતી કે આગળ ઉપર આ જ વસ્તુને કારણે મારા આધ્યાત્મિક વિચારોને અને વર્તનને ઠેસ પહોંચશે !

મને લાગ્યું કે હવે મારે આગળ પ્રસ્થાન કરવું જોઈએ. મેં તેમની રજા લેતા બે હાથ વડે બન્ને ચરણોને સ્પર્શ કરી વંદન કર્યાં. પ્રેમથી મારા મસ્તક પર હાથ મૂકી મૌન રીતે આશીર્વાદ આપતા તેઓ બોલ્યા, 'મારી શુભેચ્છા તારી સાથે જ છે. હું પણ આ બધી અપવિત્ર વસ્તુઓને અગ્નિમાં હોમી દઈશ. તું અહીંથી પુનઃ પસાર થશે ત્યારે મારી વિગત દર્શાવતો સંદેશો તારા માટે લખીને મૂકતો જઈશ.' કહી તેણે મને આલિંગનબદ્ધ કર્યો, મેં પણ તેના બન્ને હાથ ચૂમી લીધા અને ભારે હૈયે છૂટા પડી પ્રસ્થાન શરૂ કર્યું.



4

અદ્‌ભુતાનંદજીથી છૂટો પડી હું ટેકરી ઊતરી રહ્યો હતો. રસ્તો ઢાળવાળો, ખડકાળ અને સાંકળો હતો. બન્ને બાજુ બોરડી તથા અન્ય કાંટાવાળા ઝાડી-ઝાંખરા અને ઊંચા વૃક્ષો હતાં. હવાની લહેરો સાથે અરીઠા અને પાકી રાયણ તથા ટીંબરુના ફળોની મીઠી-મિશ્ર સુગંધ આવી રહી હતી. એ સાથે ધરતીમાંથી પણ આહ્‌લાદક સુગંધ આવતી હતી. જે મારા ઉત્સાહને વધારતી હતી.

ધરતીમાં પણ સ્થળ મુજબ તેનો આગવો પ્રભાવ હોય છે, પગ મૂકતા જ ધરતીનો પ્રભાવ વર્તાઈ આવે છે. જે જગ્યાએ પગ મૂકતાં જ શાંતિનો અનુભવ થાય તે 'ઉકાળવી' જગ્યા કહેવાય છે. કોઈ જગ્યાએ પગ મૂકતાં જ સત્ત્વગુણની વૃદ્ધિ થઈ આધ્યાત્મિક વિચાર આવે છે. તો કોઈ જગ્યાએ પ્રવેશ કરતાં જ ગ્લાનિ-વિષાદ અને નિરાશાના ભાવો જાગે છે.' આ સાથે મને માધવાનંદજીના શબ્દો યાદ આવ્યા. ગિરનારની ભૂમિ તો પરમ પવિત્ર છે, જ્યાં સિદ્ધો અને નાથોના કાયમી બેસણા છે. હજારો સંતો, યાત્રિકો માટેનું આ પાવનકારી આધ્યાત્મિક 'પરબ' છે. 'આ તો ગરવા ગિરનારની પવિત્ર ભૂમિ છે, અહીં સંતો અને સિદ્ધો છે. તો ભયંકર તાંત્રિકો પણ છે. ગિરનાર જાણે માની ગોદ છે. એ સમાનતાપૂર્વક બધાંને ફળ આપે છે."

ચઢાવ-ઉતાર, ખાડાં-ટેકરા વટાવીને ચાલતા ચાલતા હું વિચારી રહ્યો હતો. વિધિની આ કેવી વિચિત્રતા ! આ બધા સાથેનું મારું સહજ મિલન, મારી સાથેનો તેઓનો પ્રેમાળ સહવાસ અને વ્યવહાર આ બધું પૂર્વજન્મના કર્મનું પરિણામ જ હશે ને ? માધવાનંદજીએ એક વખત કહ્યું હતું, 'તમે જેવી પરિસ્થિતિ તમારા માટે ઇચ્છો છો, તેવી જ પરિસ્થિતિનું નિર્માણ ઈશ્વર તમારા માટે કરી આપે છે. ઈશ્વર બધાંની ઇચ્છા પૂર્ણ કરે જ છે. સારી કે નરસી બધી જ ! પરંતુ તેનું ફળ તમારે ભોગવવાનું રહે છે. મનુષ્ય જન્મની સાથે

જ, પોતે જીવન દરમિયાન કરવાની ભૂમિકા નિર્ધારિત કરીને જ, માતાના ઉદરમાંથી અવતરિત થાય છે. જન્મથી મૃત્યુપર્યંત મનુષ્યે તેની આ ભૂમિકા ભજવવી પડે છે. સુખ-દુઃખ, માન-અપમાન, વ્યક્તિ-વ્યક્તિ સાથેનું મિલન અને વિયોગનું દુઃખ-સુખ અને જન્મ સાથે મળેલી પ્રકૃતિ સુધ્ધાં પૂર્વજન્મોના કર્માનુસાર વિધિનિર્મિત હોય છે.''

માધવાનંદજી, સરયુદાસજી, અદ્ભુતાનંદજી સાથેના મારા આ રીતના સંબંધ-મિલન સાથે પૂર્વજન્મનો કોઈ સંબંધ કે તે યોગનુયોગ જ હશે !

વિચાર કરતો હું આગળ વધી ચૂક્યો હતો. ચાલતા રસ્તામાં મન સાત્ત્વિક વિચારોથી ઊભરાઈ રહ્યું હતું. મને લાગ્યું કે પ્રસ્તુત વિચારો આ પવિત્રભૂમિને કારણે છે.

ટેકરીનો ઢાળ ઊતરી હું સામેની ટેકરીનો ખાસ્સો એવો ઢોળાવ ચડી ગયો હતો. અવલોકન કરવાં મેં પાછું ફરીને જોયું, તો દૂર દૂર અદ્ભુતાનંદજીની જગ્યાની ઝૂંપડીમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળી રહ્યા હતા અને તેની નજીક વહી રહેલા ઝરણાની પેલે પાર સાંકળી પગદંડી પર ઊંચ મસ્તક અને દઢ પગલે એક વસ્ત્રધારી અદ્ભુતાનંદ હાથમાં માત્ર કમંડલું લઈને જઈ રહ્યા હતા. પૂર્ણ સંતોષ સાથે હું ઉત્તમ દૃશ્ય નિહાળી રહ્યો. મને લાગ્યું કે એક અત્યંત સાર્થક કાર્યમાં હું ઉત્તમ માધ્યમ બનવા ભાગ્યસાળી બની શક્યો છું...!

પરંતુ હવે ? હવે પછીનું મારું કાર્ય કેટલું મુશ્કેલ, કેટલું સરળ હશે ? આગળ રસ્તો કાપતા હું વિચારી રહ્યો, સકુરાનંદજી એક શૂદ્ર જાતિનો જંગલી, અધમ સંસ્કારો અને કર્મોથી દૂષિત, ક્રૂર અને મૂર્ખ છે. જ્ઞાન-વિજ્ઞાનની વાતો તેની પાસે નિરર્થક થશે, તેથી માધવાનંદજીના ઉપદેશાનુસાર તેની સામે પ્રેમ, દયા, અહિંસાના શસ્ત્રો જ કામ આવશે !

'પડશે એવા દેવાશે' એ ઉક્તિ અનુસાર મેં વિચારવું બંધ કરી આગળ વધવા માંડ્યું. નકશાનુસાર નિયત સ્થલ હવે નજીક હતું, હૃદયમાં ઉત્તમ ભાવોના પાદુર્ભાવોની જાગૃતી માટે ઈશ્વરની પાર્થના કરતો હું ચાલી રહ્યો હતો, ત્યાં જ એક સ્થળ પર મારી નજર સ્થિર થઈ ગઈ. મારી ડાબી બાજુ થોડે ઊંચે એક મોટી શિલા પર સિંદૂરથી લખ્યું હતું, 'નાગ બાપાનું સ્થાનક' ! ભોજન દરમિયાન અદ્ભુતાનંદજીએ રસ્તામાં આવતા આ સ્થાનનો નિર્દેશ કરતા કહ્યું હતું, 'દરેક ધર્મસ્થાનમાં તેનું આગવું દૈવત પ્રકાશિત થતું હોય છે, શ્રદ્ધા અને શુદ્ધ અંતઃકરણ હોય તો તેની અનુભૂતિ અવશ્ય થાય છે. અપ્રગટ રીતે દેવ આશીર્વાદ આપે છે, ક્યારેક પ્રગટપણે દર્શન દઈ ભેટ-પ્રસાદી પણ આપે છે. બધું વ્યક્તિની યોગ્યતા પર આધારિત છે.'

મેં સ્થાનકની નજીક જઈ ભાવપૂર્વક પ્રણામ કરી નિરીક્ષણ કર્યું, તો સિંદૂર લગાડેલા લંબચોરસ પથ્થર પર ન વાંચી શકાય તેવા અક્ષરો જોઈ લાગ્યું કે, જગ્યા ખૂબ પુરાતન

હોવી જોઈએ. પાળિયાની નીચે છેક જમીન પર નાનકડું એવું પણ નજરે પડે તેવું કાણું દેખાયું. થયું, કદાચ નાગદાદાનું એ દર હોવું જોઈએ. મેં મસ્તક નમાવી, બે હાથ જોડી શુભેચ્છા અને ક્ષેમકુશળતા માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરી. નજર ઉઘાડી તો હું આશ્ચર્યથી હેબક ખાઈ ગયો. દર પાસે એક મોટો, સફેદ મૂછોવાળો કાળો નાગ ફેણ ચડાવીને ડોલી રહ્યો હતો. નાગદેવતાના પ્રત્યક્ષ દર્શનથી હું કૃત્યકૃત્ય થઈ ગયો. મેં હાથ જોડી આંખો મીંચી નાગદેવતાની માનસપૂજા કરી, મસ્તક નમાવી, પ્રણામ કરી આંખો ખોલી તો તે સાથે મને આશીર્વાદ આપતા હોય તેમ નાગદેવતાએ ફેણ નમાવી, બીજી જ ક્ષણે નાગદેવતાએ ફેણ વધુ પહોળી કરી. ફુત્કાર કરી મોઢામાંથી ચળકતી વસ્તુ મારા પગ સુધી પહોંચે તે રીતે ફેંકી !

અંગૂઠાના અર્ધભાગ જેવડો એ શિવલિંગના આકારનો લંબગોળ પથ્થર હતો, જેનો ચળકાટ લાલ અકીકના પથ્થર જેવો હતો. મેં અસંમજસ ભાવે નાગેદવતા તરફ દષ્ટિ કરી તો મારી સામે ચળકતી આંખે બે વખત ફેણ નમાવી, જાણે તે વસ્તુગ્રહણ કરી લેવાનો સંકેત કર્યો અથવા મને તે વસ્તુ લઈ લેવાનો અંતઃકરણમાં ભાવ જાગ્યો. કદાચ દેવે તે વસ્તુ મને પ્રસાદીરૂપે પણ આપી હોય, એમ મને લાગ્યું. પ્રણામ કરી નીચા નમી મેં તે પથ્થર લઈ લીધો અને આંખો મીંચી પુનઃ પ્રણામ કર્યા. આંખો ખોલી તો હું દિંગ રહી ગયો. નાગદેવતા અદશ્ય થઈ ગયા હતાં.

હવે આ પ્રસાદીનું શું કરવું તેનો નિર્ણય ન થઈ શકતાં માધવાનંદજીની સલાહ અનુસાર બધું કરવું, એમ નક્કી કરી તે પથ્થર મેં મારા ખિસ્સામાં મૂકી દીધો ને આગળ પ્રસ્થાન શરૂ કર્યું.

નકશાનુસાર નિયત સ્થળ હવે સાવ નજીક હતું. થોડું ચાલતાં જ સાવ નજીકના ઢોળાવ નીચે ઝરણાની પેલે પાર બે ઝૂંપડાં જેવા નાના મકાનો અને તેની પાછળના ભાગમાં ધ્વજા ફરકતી મેં જોઈ ! બસ, આ જ સકુરાનંદની જગ્યા ! અદ્‌ભુતાનંદે આપેલ માહિતી મુજબ ધ્વજા છે, તે જ જગ્યાએ મેલડીમાતાનું સ્થાનક છે, તેવો નિર્દેશ થતો હતો.

કોઈ પણ દેવને હૃદયપૂર્વક પ્રણામ કરવાથી તેના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. મેં ધ્વજાને દૂરથી પ્રણામ કર્યા. થોડું આગળ વધતાં ઝૂંપડાઓની લગોલગ હું પહોંચી ગયો. હવે ત્યાંનું દશ્ય સ્પષ્ટપણે જોઈ શકાતું હતું. સાવધાનીપૂર્વક આગળ વધતા મારી નજર ઝૂંપડાની બાજુના નાના ચોગાનમાં એક શિલા પર બેઠેલા બેઠી દડીના અને ચોરસ ચહેરાવાળા એક સાધુ પર પડી. બસ, આ જ સકુરાનંદ ! તેવી ધારણા કરી, પ્રથમ તેની ગતિવિધિ જોઈ લેવાની ઇચ્છાથી હું વૃક્ષો અને શિલાઓની આડશમાં ધીમે ધીમે અવાજ ન થાય તેવી રીતે છુપાતો-છુપાતો આગળ વધી તેની સાવ નજીક પહોંચી ગયો !

સાવ નજીક પહોંચતા મારી દૃષ્ટિએ જે દૃશ્ય પડ્યું તે જોઈ હું સમસમી ગયો. સકુરાનંદે ઓચિંતી ઝપટ મારી એક ઝાંખરામાંથી એક લાંબી ચંદનઘોને પકડી લીધી હતી. આશ્ચર્ય અને જુગુપ્સાની લાગણી સાથે હું એ દૃશ્ય જોઈ રહ્યો, સાધુ સકુરાનંદ માટે આવું કામ તો સ્વાભાવિક હોય તે સમજી શકાય તેવી વાત હતી, પરંતુ આ રીતે શિકાર થતો મેં ક્યારેય જોયેલ નહોતો. હવે તે ચંદનઘોના મોઢાને દોરીથી બાંધી પટાની જેમ કેડ પર બાંધી સ્વસ્થતાથી આગળ ચાલવા લાગ્યો. કેડે બાંધેલી ચંગનઘો જીવતી હોય, તડફડાટ કરી છટકી જવાનો પ્રયત્ન કરતી હતી. તુરત જ સકુરાનંદે એક હાથે જોર દઈ તેનું ભોડું ભરડી નાખ્યું, ઘોનો તડફડાટ શાંત થઈ ગયો, તેના મોઢામાંથી લોહી વહી નીચે ટપકતું જતું હતું.

મારે ધીમે પગલે છુપાતા છુપાતા ચાલવાનું હતું તેથી સકુરાનંદથી અંતર વધી ગયું ને તે દેખાતો બંધ થઈ ગયો. આથી હું ચંદનઘોના ટપકેલા લોહીના નિશાનના આધારે આધારે તેની પાછળ પાછળ જવા લાગ્યો. લોહીનાં લાલ ટપકાં મને મકાનની પાછળ થઈ મેલડી માતાના મંદિર તરફ દોરી ગયાં. મંદિરની ચારે બાજુ સૂનકાર હતો. સકુરાનંદ ક્યાયં દેખાતો ન હતો. કદાચ મંદિરની અંદર ગયો હશે, તેવું અનુમાન કરી હું ધીમે પગલે મંદિરના દરવાજા પાસે ગયો. પાસે પહોંચી થોડે દૂરથી અંદર દૃષ્ટિ કરી. અંદરનું દૃશ્ય સ્પષ્ટ થતાં હું અચંબો પામી સ્તંભિત થઈ ગયો.

મૂર્તિની સામે એક બાજુએ સકુરાનંદ ઉભડપગે બેઠો હતો અને તેની સામે અર્ધબેભાન અવસ્થામાં ઘેનભરેલી આંખે સુરેશભાઈનો પુત્ર અશ્વિન નિર્જીવ પૂતળાની જેમ બેઠો હતો. એક માટીના મોટા પાત્રમાં ચંદનઘોના ટુકડા, બિલાડી કે ગાયની ઓળ હતી. બાજુમાં તાજુ જ કપાયેલું બકરાનું મસ્તક લોહી નિંગળતી હાલતમાં પડેલું હતું, જમીન પર બકરાનાં લોહીના રેલા ચારે બાજુ વહીને જામી ગયાં હતાં. આ પ્રસાદની સામગ્રી જોઈ મને કમકમા આવી ગયાં. મને થયું; આવો પ્રસાદ મેલડી જ સ્વીકારી શકે, બીજા કોઈ દેવનું કામ નહિ.

પ્રસાદને માતા સન્મુખ ધરી સકુરાનંદ મોટેથી બોલવા લાગ્યો :

'મેલડી મેલા ભોગવે, મેલડી મેલાં ખાય,
માના મઢમાં જાય એની વ્હારુ કરતી મેલડી.'
બોલતા સકુરાનંદનો અવાજ મોટો થતો પડઘાવા લાગ્યો,
'મેલડી ચાલી મસાણકી વાટ, દસ દરવાજા તોડી,
ઘડીમાં ઘાટ, ઘડીમાં પાટ, લઈ ચાલી મસાણિક વાટ.
સાડા ત્રણ ઘડી, સાડા ત્રણ દિન એટલા વાના મેલડી કરે,
અમારી મોકલી ના જાય તો મહાદેવ પાર્વતીકી દુહાઈ ફરે.

અમારો વેરી, તારો ભરમ, મારે બાણને કાઢે પ્રાણ
એટલાં વાના મેલડી કરે ચાંદા-સૂરજની શાખે !'
મહાદેવ પાર્વતી કી દુહાઈ !"

પછી 'ૐ... હ્રીં કલીં મહાબલિ કિલે કિલે હું... ફટ સ્વાહા' મંત્ર બોલી છેલ્લે સકુરાનંદે બોકડાનું મસ્તક ઉપાડી તેનું લોહી માતાજીના મસ્તક પર છાંટ્યું. લોહીથી નીતરતા માતાજીનો સૌમ્ય ચહેરો પણ ભયંકર બની ગયો. એ પછી મધ, ઘી અને કમળકાકડી માતાજી સમક્ષ મૂકી ફરીથી મંત્ર બોલી, બાજોઠ પર એક લાલ કપડું પાથરી, તેના પર થોડા જારના દાણા મૂક્યા. પછી મંત્ર બોલી જારના દાણા હાથમાં લીધા.

અદ્‌ભુતાનંદજીએ ભોજન દરમિયાન આપેલ વિગત મુજબ આ 'પાટ પાથરી' કહેવાય. સાધક ભૂવો જારના દાણાની ગણતરી કરી માતાજી પાસેથી પ્રશ્નોના જવાબ આ રીતથી મેળવે છે.

ગોંડલ પાસે દામાપર નામનું ગામ છે. ત્યાંના ભૂવા-ભગતના કહેવા મુજબ 'દાણા જોવા તે પણ એક જાતનો વેદ છે.' નિષ્ણાત સાધક કે ભૂવો દાણા જોઈ ગમે તે પ્રશ્નનો સચોટ જવાબ આપી શકે છે. સાથે સાથે પ્રશ્ન કે નડતરના નિવારણ માટેનો વિધિ પણ દર્શાવી શકે છે.

સકુરાનંદ દાણા જોઈ કશુંક ગણગણતો માથું ધુણાવી રહ્યો હતો, 'નહિ, મા નહિ. હા, મા જવાબ દે. તને મહાદેવ પાર્વતીની આણ !' મને સ્પષ્ટ સમજાઈ ગયું કે સકુરાનંદ માતાજી પાસે આજની સાધનાની સફળતા માટે આશિષ માગી રહ્યો છે, પરંતુ કદાચ મા તરફથી યોગ્ય જવાબ મળી શકતો નથી, છતાં જવાબ 'હા' માં મેળવવા તે વારંવાર દાણા જોઈ રહ્યો છે, પરંતુ 'હા' મેળવવામાં સફળતા મળતી નથી.

દાણા જોતો સકુરાનંદ બબડતો હતો, 'મા ! આજે તારા જપ થઈ શક્યા નથી, તેથી તું મારા પર ગુસ્સે થઈ લાગે છે. હું અત્યારે જ એક હજાર જપ કરી તને મનાવીને જ રહીશ !' કહી એક હાથ જોરથી જમીન પર પછાડી સકુરાનંદે મોટેથી મંત્રજાપ શરૂ કર્યો. એકચિત્તે જપ કરી રહેલા તેને જોઈ મને લાગ્યું કે, એકાદ કલાક જપમાં નીકળી જશે. સમય પસાર કરવા મંદિરને ધીમે ધીમે પ્રદક્ષિણા કરતાં હું અદ્‌ભુતાનંદજીએ આપેલી માહિતી વિશે વિચારી રહ્યો.

અદ્‌ભુતાનંદજીએ કહ્યું હતું, 'આ મેલડીમાતાની ઉત્પત્તિ વિશે પણ જાણવા જેવું છે. મહિષાસુરુ નામના રાક્ષસનો વધ કરવા જતા મહાકાલિએ મેલામાં પ્રવેશી ગયેલા મહિષાસુરને મારવા પોતાના શરીરમાંથી શક્તિ ઉત્પન્ન કરી. સ્ત્રીસ્વરૂપા એ સ્ત્રી તે જ મેલડી. મેલડીમાતાએ મહિષાસુરને મારવા મેલામાં પ્રવેશેલા તેને મેલામાંથી બહાર કાઢવા માટે પોતે પણ મેલામાં પ્રવેશ કર્યો. એટલે તેમનું નામ 'મેલડી' પડ્યું.

મેલડી માતાના શરીરનો રંગ તાવડી જેવો કાળો, હોઠ પ્રમાણમાં જાડા, કસાયેલું શરીર, જીભ લાંબી વહેંત જેવડી, બહાર દંતપંક્તિ પણ લોહીના રંગથી રંગાયેલી લાલ, જીભ પરથી લોહીના પડતા ટીપાં, એક હાથમાં ખડક અને બીજા હાથમાં લોહીથી ભરેલ ખપ્પર, શરીર પર માનવચર્મનું આચ્છાદન, સૂર્યના તેજ જેવી ફેલાતી કાંતિ. અર્ધઢંકાયેલ મેલડીમાતાનું રૂપ ભયાનક-બિહામણું લાગે છે. માતાનું વાહન બોકડો છે. મેલડીમાતા મેલા ગણાયેલ દેવી છે. આથી મેલીવિદ્યાના સાધકો 'મસાણી' મેલડીને ભજી અનેક સિદ્ધિઓ મેળવે છે. ભૂત-પ્રેતના વળગાળમાં, પિતૃનડતરમાં, મૂઠ-ચોટ, મારણથી પીડાતા લોકોને તેમના દરેક દુઃખ-દર્દોમાં મેલડી માતા સહાય કરે છે.'

મંદિરોમાં અને કેટલાંક ઘરોમાં તેમજ વાસના નાકે, ફળિયામાં કે ઘરમાં માની સ્થાપના થાય છે, તેમજ બીજી બાજુ 'કાળ ભૈરવ'ની સ્થાપના કરવામાં આવે છે, ખેતરના શેઢે 'ક્ષેત્રપાળ' તરીકે માનું સ્થાપન કરવામાં આવે છે. માતાજીને પ્રસન્ન કરવા 'ડાક' (ડાકલું) નામનું વાદ્ય, ઝાંઝ અને મંજીરા વાગડીને 'સાવળ' નામની માતાજીની સ્તુતિ ગાવામાં આવે છે. 'ૐ કલીં મેલડીઐ વિચ્ચે કલીં ૐ' આ સંપુટ 'બીજમંત્ર' છે. ભૂવો ડાક વગાડે અથવા રાવળદેવ ડાક વગાડી માની 'સાવળ' ગાય અને માનો ભૂવાના શરીરમાં પ્રવેશ થાય. કોઈની માંદગી, કોઈ ગાંડું થઈ ગયું હોય, ભૂત-પ્રેતનો વળગાડ થયો હોય, કોઈ પ્રેતની છાંયામાં આવી ગયું હોય, કોઈને પ્રેત નડી તેના શરીરમાં પ્રવેશીને જાતજાતની કનડગત કરતું હોય, પિતૃ નડતા હોય તો ભૂવો ધૂણીને જવાબ આપે; અને તેના કહ્યા મુજબ વિધિ કરાવવાથી કાર્ય સિદ્ધ થાય !

ઘણાં લોકો આવી સાધના કરી વિદ્યાને આજીવિકાનું સાધન બનાવે છે; લોકોની અંધશ્રદ્ધાનો લાભ ઉઠાવી પૈસા પડાવે છે. આવા ઘણાં લોકો ફૂટી નીકળ્યા હોય છે, તેઓને તેમની બડાઈ ફૂંકી નબળા મનના લોકોને ભયભીત કરી લૂંટે છે.

જૂનાગઢમાં હેલ્પર તરીકે નોકરી કરતા એક કર્મચારીને હું ઓળખું છું. તે આવા કામો માટે પ્રસિદ્ધ છે. ગામડાઓમાં તેમને ઈલાજ માટે બોલાવવામાં આવે છે. કેશોદ પાસેના એક ગામમાં મને તેનો ભેટો થયેલો. તેના યજમાનની પત્ની કશાક વળગાડના વહેમના કારણે ગમે તે કારણે રિબાતી હતી. તેના ઈલાજ માટે તે અવારનવાર અહીં આવતો હતો, બડાઈ મારતા તેણે મને કહ્યું, 'તમે બ્રાહ્મણો 'શંકરાદય' (શક્રાદય સ્તુતિ) બોલીને પિતૃઓને બોલાવો છો, તો અમે મંત્ર ભણી અડદના દાણાં છાંટીને પિતૃઓને તત્કાળ હાજર કરી દઈએ છીએ !' કેશોદમાં એક પરિવારના 'શૂરાપૂરા'નો બની બેઠેલો પૂજારી પોતે મેલડી માતા સાથે રૂબરૂ-પ્રત્યક્ષ વાત કરતો હોવાનો દાવો કરે છે.

અદ્ભુતાનંદે આપેલી માહિતી ઉપરાંત મેલડીમાતા વિશે મેં પણ થોડું સાહિત્ય વાંચ્યું છે. મલેડીમાતાના પ્રસાદ તરફ 'સૂગ' ન કરી શકાય. માને જે કાંઈ ધરાવો તે મા સ્વીકારી લે તેવું વિધાન છે.

જુદા જુદા કાર્યો માટે જુદા જુદા મંત્રો વિધિવત્ સિદ્ધ કરી શકાય છે. ગોંડલમાં એક એસ.આર.પી. ઓફિસરને આ મંત્રથી ક્ષણમાત્રમાં વીંછીનું ઝેર ઉતારતા મેં પ્રત્યક્ષ જોયેલ છે !

'ૐ કાલી બીછી, કર મતવાલી, હરી ઓમ કી નારી-

સર્પ ડસે તો સોવે, બીછી ડસે તો હોવે

શબ્દ સાચા, સ્ફુરો વાચા.'

મારા અનુભવની વાત છે, ઉપરનો મંત્ર સિદ્ધ કર્યા પછી આ મંત્ર સાત વાર બોલી, હાથમાં લીમડાના પાન દબાવવાથી વીંછીનું ઝેર ક્ષણવારમાં ઊતરી જાય છે. આવા ઘણા મંત્રો છે, જે ગુરુના માર્ગદર્શન નીચે વિધિવત્ સિદ્ધ કરવાથી પરિણામ મળે છે. મેં જે અદ્ભુતાનંદજી પાસેથી સાંભળ્યું હતું, વાંચ્યું હતું તે આજે સકુરાનંદ દ્વારા પ્રત્યક્ષ જોવા મળી રહ્યું હતું.

લટાર મારી ચુપકીદીથી પુનઃ જોતાં સકુરાનંદ હવે વિકરાળ બની રહ્યો હતો. લાંબા વાળનો અંબુડો વાળી, ત્રણ વાર જમીન પર હાથ પછાડી તે બોલ્યો,

'મા ! હવે તું પ્રસન્ન થઈ મને મારણ પ્રયોગ કરવાની રજા આપ. તારે મારી હઠ પૂરી કરવી જ પડશે ! તને શંકર-પાર્વતીની દુહાઈ, મા ! મારા પર દયા કર !'

કહી તેને પુનઃ દાણા ગણવાનું શરૂ કર્યું. આ વખતે દાણાની સંખ્યાનો સરવાળો જોઈ તે આનંદી ઊઠી જોરથી બોલ્યો,

'વાહ ! ઘણીખમ્મા, મારી માવડી ! છેવટે તે રજા આપી ખરી, માં ! હું તને બોકડાનું (બકરાનું) બલિદાન આપી, હવન કરી તુપ્ત કેરીશ, પછી તારો સવાશેર લોટનો 'તાવો' કરીશ. આ મારી બાધા માનજે.' એમ કહી સકુરાનંદે મૂર્તિ સામે નજર નોંધી, આર્દસ્વરે બોલ્યો,

'મા ! તેં રજા આપી છે, પણ કામ પાર પાડવાની જવાબદારી લીધી નથી, પણ માં ! તું દયાળુ છો. મારું કાળભૈરવથી રક્ષણ કરજે, રક્ષણ કરજે. ખમ્મા... ખમ્મા... ઘણીખમ્મા... માં !'

આટલું બોલી સકુરાનંદ થોડી વાર સ્થિર થઈ ગયો. તેના શબ્દો પરથી મેં અનુમાન કરી લીધું કે તે કાળભૈરવને પ્રસન્ન કરવા અશ્વિનનું બલિદાન આપવા માંગે છે અને આ માટે જ તેને વિધિ કરવા માટે અભિમંત્રિત કરેલ તૈયાર ગાયની ખોપરીની જરૂરત છે. જે અદ્ભુતાનંદે મને આપવા સોંપી છે. જે મારા કબજામાં છે. આ ખોપરી જ તેનો વિશ્વાસ સંપાદન કરવા માટે અત્યંત ઉપયોગી છે.

હવે મને લાગ્યું કે સકુરાનંદ સામે પ્રત્યક્ષ થવાની જરૂરત છે. સમયાનુસાર અને સામેની વ્યક્તિનાં માનસ તેમજ સંસ્કાર અનુસાર કઈ રીતે વ્યવહાર કરી તેના પર

પ્રભાવ પાડવો જોઈએ, તે અંગે હું વિચારી રહ્યો હતો. સકુરાનંદ અભણ, શાસ્ત્રજ્ઞાનથી રહિત, વિવેક-વિચનથી પર, ક્રૂર અને ક્રોધી છે ! હા, તેથી એક બીજી બાજુ પણ છે. માતાની ભક્તિ ! તાંત્રિક પ્રયોગોમાં શ્રદ્ધા સાથે સાથે ગાંજો, દારુ અને માંસાહાર. આ તેની ખૂબ જ નબળી બાજુ છે. મેં વિચાર્યું, ક્રોધ અને કામવાસનાથી ભરપૂર વ્યક્તિમાં આત્મવિશ્વાસનો ચોક્કસ અભાવ હોય છે. કામ, ક્રોધ અને વ્યસનથી વ્યક્તિ શિથિલ બની જાય છે, તેનું મનોબળ ટકી ન શકે તેવું નિર્માલ્ય હોય છે.

આ બધી બાબતોનો વિચાર કરી, તેની સામે ઉપસ્થિત થવાના ઉદ્દેશથી મેં તેની છેક નજદીક જઈ મોટેથી કહ્યું,

'જય માતાજી, સુકરાનંદજી !'

મારા ધાર્યા મુજબ જ બેધ્યાન એવો સકુરાનંદ, મારા અણધાર્યા પ્રવેશથી ભડકી ગયો. પછી ભયમિશ્રિત ક્રોધદૃષ્ટિ કરી મારી સામે લાલચોળ નેત્રોથી જોતો તે મોટેથી બોલ્યો,

'કોણ, કોણ છો તું ? અહીં સુધી કેમ આવ્યો ? કેમ આવી શક્યો તું ?'

ક્રોધથી છતાં આશ્ચર્યયુક્ત ભય અને ક્રોધયુક્ત થોથવાતા સ્વરે તે બોલ્યો. આ સાંભળી મને તેના પર આધિપત્ય જમાવવાની આશા બંધાણી, કારણ કે બાહ્ય રીતે બિહામણા, ક્રોધી અને લંપટ માણસની નબળાઈ તેના આવા દુર્ગુણોને કારણે હોય છે, જે મને સકુરાનંદના મુખ પર સ્પષ્ટ રીતે જણાઈ રહ્યા હતા !

'હું એક સાધુ છું અને તારા જ કામ માટે આવ્યો છું !' મેં શાંતિપૂર્વક જવાબ આપતા કહ્યું, 'તારા પ્રયોગની સિદ્ધિ માટે અભિમંત્રિત ખોપરી આપવા મને અદ્‌ભુતાનંદે તારી પાસે મોકલ્યો છે !'

સાંભળીને તેના ચહેરા પર એક ખુશીની ઝલક દોડી આવતી મેં જોઈ. ખુશીના આવેશમાં તે બોલ્યો,

'વાહ... વાહ, સરસ ! મને આ બાબતની જ ચિંતા હતી, હવે હું આજે જ ભૈરવસાધના પૂર્ણ કરી, મારી જિંદગીની મોટામાં મોટી ઇચ્છા પૂરી કરી શકીશ. મારણ, મોહન અને ઉચ્ચાટન એ ત્રણ સિદ્ધિઓ મને હવે મળી જશે.' કહી ઉત્સાહના અતિરેકમાં તે આગળ બોલ્યો,

'અને હા ! મારે એક વિશ્વાસુ માણસની સહાયક તરીકે પણ જરૂરત હતી. તું આવી ગયો, તું મને મદદરૂપ થઈ શકીશ. હું તને ન્યાલ કરી દઈશ. ક્યાં છે ખોપરી ? લાવ !'

'ખોપરી હું તને જરૂર આપીશ, પરંતુ !' દૃઢ સ્વરમાં મેં આગળ કહ્યું, 'સકુરાનંદ, સાંભળી લે. હું તને આવા હિંસક અને માનવતાહીન કાર્યમાં મદદ કરીશ નહિ !'

'એમ ! તો તું મદદ નહિ કરે. એ.... મ... ! અદ્‌ભુતાનંદનો માણસ હોવા છતાં

પણ ?' સકુરાનંદે વિકૃત રીતે ઝડબું ત્રાંસુ કરીને કહ્યું. તેના સ્વરમાં વ્યંગ અને શબ્દોમાં તીખાશ ભરી હતી.

'હા ! હું અદ્‌ભુતાનંદનો માણસ છું, એટલે જ તને હું મદદ નહિ કરું. અદ્‌ભુતાનંદ એક યોગી છે અને હવે તે અહિંસક અને પવિત્ર સાધુ બની ગયા છે. તેણે આ બધું છોડી તપ અને ભક્તિનો માર્ગ પુનઃ સ્વીકારી લીધો છે. હવે તું એને ક્યારેય પણ જોઈ શકીશ નહી. તને ખોપરી મોકલવાનું આ તેનું છેલ્લું કામ !' વાત સાંભળી તેના મુખ પર નિરાશા ઉપસી આવતી મેં જોઈ. કદાચ હવે અદ્‌ભુતાનંદજીની સહાય બંધ થઈ જવાની દહેશતને કારણે પણ હોય. છતાં તંગ ચહેરે એ ભાવોને દબાવવાના પ્રયત્ન કરતાં બોલ્યો,

'વાંધો નહિ, હવે મારે તેની જરૂરત પણ નથી. મારામાં બધી ત્રેવડ છે. હું ધારું તે કરી શકું તેમ છું.'

હું તેની બડાઈ સાંભળી રહ્યો. મને લાગ્યું કે મારે ધીરજથી અને કુનેહપૂર્વક કામ લેવાની જરૂર છે. અશ્વિનને બચાવવાની સાથે સાથે સકુરાનંદનો ભૈરવપ્રયોગ જોવાની પણ જિજ્ઞાસા મારામાં જોર કરી રહી હતી. છતાં સકુરાનંદની શક્તિને માપી લેવા મેં કહ્યું,

'સકુરાનંદ ! ભલે હવે અદ્‌ભુતાનંદ નથી, પરંતુ હું તેના જ માણસ તરીકે તારો મિત્ર બની શકું છું, પણ તારા કામમાં મદદ કરવી એ મારા માટે શક્ય નથી.'

'એમ ! તું મારી અવગણના કરે છે ? તારું મોત જ તને અહીં સુધી લઈ આવ્યું છે. હવે તું અહીંથી જીવતો નહિ જઈ શકે.' એમ કહી પાત્રમાં પડેલાં અડદનાં દાણાં મુઠ્ઠીમાં લઈ, મંત્ર ભણી, ફૂંક મારી જોરથી મારા પર ફેંક્યા. ઘડીભર તો મને થયું કે મોતને અને મારે હવે ઝાઝું છેટું નથી ! 'મૂઢ'ની તાકાતને હું જાણતો હતો 'બસ' અર્ધક્ષણ... ને દાણા મારા પર પડતાની સાથે જ બસ, ભયની એક ક્ષણ ને...હું સાંગોપાંગ બચી ગયો. મને લાગ્યું કે એ દાણાઓ જાણે મારા શરીર સાથે અથડાવાને બદલે અધવચ્ચે જ થોડે દૂર કશાક સાથે અથડાઈને જમીન પર વેરાઈ ગયા હતા. મને માત્ર કોઈનો સ્પર્શ થયો હોય તેવું લાગ્યું હતું. સાથે મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું તો નીચે જમીન પર પડેલાં અડદના દાણાઓ તડ્... તડ્... અવાજ સાથે અગ્નિમાં શેકાતા રાખ થઈ રહ્યા હતા. કદાચ આ દાણાઓ મારા પર પડ્યા હોત તો. હું આગળ વિચારી ન શક્યો. તત્કાળ મને અદ્‌ભુતાનંદજીએ કહેલાં શબ્દોનું સ્મરણ થયું, 'હવે મારું વિશુદ્ધ અંતઃકરણ થતાં હું જોઈ શકું છું કે, કોઈ દૈવીશક્તિ તારું રક્ષણ કરી રહી છે.' તેમના એ શબ્દોની યથાર્થતા વિશે હવે મને લેશમાત્ર પણ શંકા રહી નહિ. કોઈ અદ્‌ભુત દૈવીશક્તિથી જ હું બચી શક્યો હતો.

અડદના દાણાની મારા પર કોઈ અસર ન થવાથી સકુરાનંદ હતપ્રભ થઈને તીક્ષ્ણ નજરે મારી સામે જોઈ રહ્યો હતો. મેં તેની નજર સામે નજર મિલાવી. તેની વેધક આંખોમાંથી જાણે અગ્નિના તણખા ઝરી રહ્યા હતાં.

એક ક્ષણ, બે ક્ષણ તે મારી સામે એક ધારી નજરથી જોઈ રહ્યો. મને સમજાઈ ગયું કે તે હવે મારી સામે તેની સિદ્ધત્રાટક વિદ્યા અજમાવી રહ્યો છે. થોડી વાર માટે મને લાગ્યું કે સકુરાનંદ સામે દૃષ્ટિ મિલાવી રાખવાનું ખૂબ જ કપરું છે, છતાં તેને વશીભૂત થઈ જવાના ડરને ફગાવી દઈ, દઢ મનોબળ ધારણ કરી, તમામ શુભ ભાવનાઓને હૃદય અને આંખોમાં ભરી, હું તેની આંખો સામે આંખો મિલાવી રહ્યો. ક્ષણ બે ક્ષણ, પાંચ ક્ષણ પસાર થઈ ને મને લાગ્યું કે સકુરાનંદની આંખોની કીકીઓમાં પાણી આવી જતાં તે ઝાંખપ અનુભવી રહ્યો છે; તેની આંખોની તીવ્રતા અને ક્રોધ ઓસરી રહ્યા છે. ક્રોધ ઓછો થતા તેના મુખ પરની વિકૃત રેખાઓ ધીમે ધીમે અદૃશ્ય થઈ ગઈ ને કાંઈક અંશે સૌમ્ય અને નરમ પડેલા ચહેરે તેણે આંખો ફેરવી લીધી.

મને સકુરાનંદની શક્તિનો અંદાજ મળી ગયો. તે મારી સામે ટકી ન શક્યો. આ હિંસા સામે અહિંસા, ક્રોધની સામે અક્રોધ, વૈરની સામે નિતાંત પ્રેમ અને સત્યનો વિજય હતો. માધવાનંદજીની પ્રેરક વાણી મુજબ મારે આ જ શસ્ત્રનો ઉપયોગ કરવાનો હતો. તેમનો આ ઉપદેશ સાર્થક થયો. સકુરાનંદનું હીન મનોબળ અડધું તૂટી ગયું હતું. મારી સામે હવે એ વધુ પ્રયોગ નહિ કરી શકે એ વિશ્વાસે હું નિશ્ચિંત બની ગયો.

સકુરાનંદ હવે શાંત પડ્યો છે, તેમ લાગતા મને અશ્વિનની લાચાર સ્થિતિનો ખ્યાલ આવ્યો. તેને બચાવવા માટે સકુરાનંદ સાથે ધીરજથી કામ લેવાનું હતું. તેથી સ્વરમાં વિનમ્રતાભરી મેં તેને કહ્યું,

'સકુરાનંદ ! હું તારો મિત્ર બનીને અહીં તારી સાથે રહેવા આવ્યો છું. ભલે હું તને સહાય નહિ કરું, પણ તારી મિત્રાચારી કરવા ઇચ્છુ છું. કારણ કે તારી શક્તિ વિશે મેં અદ્‌ભુતાનંદજી પાસેથી ઘણું સાંભળ્યું છે. મારે તારી એ શક્તિઓ ખાસ જોવી છે. એ શક્તિઓના પ્રયોગ તું મને બતાવે એવી મારી ઇચ્છા છે. હું તારો દુશ્મન નહિ, પરંતુ મિત્ર છું.'

મૂર્ખ માણસોને ખુશામત પ્રિય હોય છે. સકુરાનંદ પર આની ધારી અસર થઈ. તેની આંખોમાં મારા પ્રત્યેનો રોષ આંશિક રીતે ઓછો થયેલો મેં જોયો.

'ઠીક છે !' છેવટે સકુરાનંદે હળવાશપૂર્વક હોઠ ખોલ્યા, 'પણ તું મારી સાથે રહી શકીશ ? મારા બધાં કામો આવા જ પ્રકારના છે.'

'મારે તારાં કોઈ કામ સાથે નિસ્તબત નથી. હું તો તારા કામને અને તારી શક્તિને જોવા માંગું છું. મને દુશ્મન ગણ્યા વગર તું તારું કામ તારી રીતે કર્યા કરજે !'

અશ્વિનને મદદ કરવા માટે યુક્તિપૂર્વકના શબ્દો વાપરતા મેં કહ્યું, 'પરંતુ એક વાતની તને ખબર હશે જ, કે દેવ નિર્બળ બલિનો સ્વીકાર કરતા નથી. તું આ છોકરાને આમ જ રાખીશ તો નબળો બની જશે. હુષ્ટ-પુષ્ટ બલિ જ દેવને પ્રિય છે, માટે આ છોકરાને યોગ્ય જગ્યાએ આરામથી રાખવો જરૂરી છે. આ એક મિત્ર તરીકે મારી તને સલાહ છે. આ મનુષ્યબલિ છે અને મનુષ્યબલિ પૂરેપૂરો સ્વસ્થ અને નિરોગી હોવો જોઈએ.'

એમ કહી સકુરાનંદની રાહ જોયા વગર અશ્વિનને મેં બે હાથ વડે ઉઠાવી ઝૂંપડા જેવા મકાન તરફ ચાલવા માંડ્યું. સકુરાનંદને કદાચ મારી વાતોમાં સત્ય જણાયું હશે, કશો જ વિરોધ કર્યા વગર તે મારી પાછળ પાછળ અંદર પ્રવેશ્યો.

અંદર ખાસ્સી પહોળી જગ્યા હતી. સામે ભીંત પાસે એક ખાટ પર પથારી પાથરેલી હતી. મેં તેના પર અશ્વિનને સુવડાવી દીધો. મારી પાસેના પાણીના શીશામાંથી થોડું પાણી તેનું મુખ ખોલી રેડ્યું. પાણી પેટમાં જતાં અશ્વિન પર તેની સારી અસર થતી મેં જોઈ. હવે જો થોડું ખવડાવવામાં આવે તો તે પુનઃ સ્વસ્થતા પ્રાપ્ત કરી શકે, તેમ મને લાગ્યું.

સકુરાનંદ મારી પાછળ પાછળ દરવાજાની અંદર દાખલ થઈ મારી આ ક્રિયાને જોઈ રહ્યો હતો. મને તેના મુખના ભાવો જોઈ શંકા થઈ. અદ્ભુતાનંદજીએ મને ચેતવણી આપી હતી કે, સકુરાનંદ ક્રૂર અને આક્રમક છે. તેનાથી સાવધાન રહેવું અને બન્યું પણ તેમજ. દરવાજે ઊભેલા સકુરાનંદ પર મારી નજર પડી, તો તે ખૂણામાં પડેલી મદારી સાપ પૂરવા ગોળ વાંસની ટોપલી રાખે છે, તેવી ટોપલી તરફ સરકી રહ્યો હતો.

હું સાવધ બનું તે પહેલાં જ તેણે ટોપલીમાંથી એક જબરજસ્ત સાપને કાઢી, એક ક્ષણમાં મારા પર ફેંક્યો. એક ક્ષણ માટે હું ભડકી ઊઠ્યો. બીજી જ ક્ષણે ભયને ખંખેરી નાખી મેં વર્તમાનમાં મનને - વર્તમાન સ્થિતિની ચાલતી ક્ષણો પર સ્થિર કરી એકાગ્ર કર્યું. મારા પર ફેંકાયેલો સાપ મારી છાતી અને વાંસા પર ભરડો લઈ, ફેણ ચડાવી જીભ લબકાવી રહ્યો. ક્ષણમાં જ સાપ મોં ખોલી ડંખ મારશે તેવી દહેશતમાં કટોકટીભરી એક ક્ષણ પસાર થઈ ગઈ. હિંમત કરી મેં સાપની સામે દૃષ્ટિ મિલાવી તો તે સ્થિર બની ગયો. ત્યાં જ મારા અનહદ આશ્ચર્ય વચ્ચે સાપ મારા શરીર પરથી ખેંચાઈને ઝાટકા સાથે દૂર ફેંકાઈ ગયો અને જમીન પરના પછડાટની સાથે કળ વળી ગયેલો તે ઝડપથી દરવાજાની બહાર સરકી ગયો.

થંભી ગયેલા શ્વાસે, આંખો મીંચી ઈશ્વરની પ્રાર્થના કરીને મેં સકુરાનંદ સામે જોઈ કહ્યું, 'સકુરાનંદ ! મને મારી નાખવાનો તારો આ પ્રયત્ન પણ નિષ્ફળ ગયો, માટે મને મારી નાખવાનો પ્રયત્નો છોડી દે. નિર્ભયને કોઈ મારી શકતું નથી. તેથી આવા બધા પ્રયત્નો છોડી દે, તેમાં જ તારી ભલાઈ છે. નકામી તારી શક્તિ વેડફાઈ જશે.'

પછી તેની વધુ નજીક જઈ મેં તેના ખભા પર પ્રેમથી હાથ મૂકી કહ્યું. 'મને દુશ્મન ન માન. હું તારો મિત્ર છું, એ વાત તારા મનમાં બરાબર ઘૂંટી, તારા કાર્યમાં આગળ વધ.' પછી તેની સામે સ્થિર નજર નોંધી, હૃદયમાં સાચી મિત્રતાનો ભાવ ભરી મેં કહ્યું, 'લે... આ અભિમંત્રિત ખોપરી, જે તારા કાર્યને સિદ્ધ કરવા માટે ખાસ જરૂરી છે.' પછી થોડું અટકીને મેં આગળ કહ્યું, 'ખરેખર, તને તો આની જ જરૂર છે ને ?' કહી મેં થેલામાંથી ખોપરી બહાર કાઢી તેના હાથમાં મૂકતા કહ્યું, 'ભૈરવસાધનાનું તારું કામ શરૂ કર, માં મેલડી તારું રક્ષણ કરશે !'

મારા આ શબ્દોની સકુરાનંદ પર ધારી અસર થઈ. તેનો ક્રોધ દૂર થઈ ગયો. નબળા મનનો સકુરાનંદ કૃતજ્ઞતાપૂર્વક મારી સામે જોઈ રહ્યો. આવા માણસોની લાગણીમાં ઝડપથી પરિવર્તન આવી જાય છે. મને લાગ્યું કે તેને હવે મારા પર વિશ્વાસ બેસી ગયો છે, તેની પ્રતીતિરૂપે તેણે મારા તરફ હાથ લંબાવ્યો. મેં તેનો હાથ પકડી હાસ્ય સાથે હસ્તધૂનન કર્યું. તેના ઠંડા હાથના સ્પર્શથી મને લાગ્યું કે તે હવે ઢીલો પડી ગયો છે, પરંતુ હજુ તેની નબળાઈનો લાભ લઈ વધુ શિથિલ કરી નાખવાની જરૂર મને લાગી.

દારૂ અને ગાંજો તેની ખાસ નબળાઈ છે, ને તેથી જ મેં સમજી તેને સાથે લીધા હતાં. થેલામાંથી દારૂની બોટલ કાઢી તેની સામે ધરતા મેં કહ્યું, 'મિત્ર સકુરાનંદ ! લે. તને પ્રિય આ વસ્તુ. દારૂ પી અને તારી હતાશાને દૂર કરી નાખ. ક્રોધથી તું અશાંત બની ગયો છે, નશો કર, તું હિંમતમાં આવી જઈશ; અને તને પસંદ પડતી આ બીજી વસ્તુ ગાંજો !' કહી ગાંજાનું એક પેકેટ મેં તેના હાથમાં થમાવી દીધું. ખુશ થઈ ગયો સકુરાનંદ ! આનંદના ઉદ્ગારે તેણે કહ્યું, 'વાહ ! બ્રાંડી. શાબાશ તને ! મારી પ્રિય બ્રાંડી... ઘણા વખતથી મને મળી નથી, વાહ દોસ્ત !'

ખુશ થઈ, ઢાંકણ ખોલી સકુરાનંદ અકરાંતિયાની જેમ એક સાથે દારૂ ગટગટાવવા લાગ્યો. અર્ધી બોટલ ગટગટાવીને તે અટક્યો. થોડી વારમાં જ દારૂની અસર થતાં તે રાજાપાટમાં આવી જઈ બોલ્યો,

'વાહ દોસ્ત, હવે તું ભેરુ સાચો. તેરા ભી જવાબ નહિ, આજ તેં મને ખુશ કરી દીધો.' બોલી, હાથમાં બોટલ સાથે તે મારી પાસે જ બેસી ગયો. સકુરાનંદની આવી માનસિક સ્થિતિનો લાભ લઈ લેવાના વિચારથી મેં તેનો એક હાથ મારા હાથમાં લઈ તે હાથને પ્રેમપૂર્વક થપથપાવ્યો. સ્પર્શમાં પણ એક જાતની શક્તિ રહેલી છે. દરેક મનુષ્યમાં તેની પ્રકૃતિના પ્રધાનગુણો અનુસાર શક્તિનો પ્રવાહ વહેતો હોય છે, એટલા માટે જ, અયોગ્ય અર્થાત્ દુર્જન માણસનો સંગ ન કરવાનો સંતોનો આગ્રહ છે. સત્સંગથી જ્ઞાન સાથે સાત્ત્વિકતા વધે છે.

મારા પ્રેમયુક્ત હાથના સ્પર્શની સકુરાનંદ પર ધારી અસર થયેલી જોઈ મેં કહ્યું, 'દોસ્ત સકુરાનંદ ! તને ખરેખર આવું જીવન ગમે છે ? જંગલમાં આમ એકાંકી રહી, જંગલી જાનવર જેવું જીવન તને કેમ ગમે છે ?'

'ગમે કે ન ગમે, ક્યાં જવું ? ગમાવવું પડે છે !' નિરાશાના સ્વરમાં તેણે જવાબ આપ્યો. તેના શબ્દોથી મેં અનુમાન કર્યું કે, આવા જીવનથી તે જરૂર કંટાળી ગયો છે, તેથી મેં તેને ઢંઢોળવા આગળ કહ્યું,

'પરાણે ગમાડવું પડે તેવું જીવન શા માટે જીવવું જોઈએ ? વિચાર કરી જો સકુરાનંદ ! તું હજી યુવાન છો, તારામાં હજી શક્તિ છે, બહાર નીકળ. છોડી દે આ બધું. સમાજમાં રહીને એક સારા માણસ તરીકેનું જીવન શરૂ કરી દે.'

સાંભળી સકુરાનંદની અંતર્ગત રહેલો આક્રોશ ઊભરી આવ્યો. બોલ્યો, 'છોડી દઉં એમ ? હવે ? નહિ, કદાપિ નહિ ! સમાજે તો મારી આ દશા કરી છે ! શું મળ્યું તું અમને તારા સમાજ પાસેથી ? તિરસ્કાર, અપમાન, બેકારી અને ભૂખમરો ! બસ, એ જ ! નાનપણમાં બાપનો અસહ્ય માર !' સકુરાનંદ લાલચોળ ચહેરે બોલી રહ્યો, 'દાતણ વહેંચીને ગુજારો કરે ! બાપ મરી ગયો ને મારી મા મને રઝળતો મેલીને જ્ઞાતિના મુખીના ઘરમાં બેસી ગઈ.' પછી પોતાના પેટ પર હાથ પછાડી સકુરાનંદ આવેશ અને ક્રોધ નિરાશા સાથે બોલ્યો, 'પેટ માટે ભીખ માંગી, ચોરી કરી, પોલીસોનો ખૂબ માર ખાધો ! બસ આવું બધું મળ્યું. મને તારા સમાજ પાસેથી !'

સકુરાનંદનો આક્રોશ હવે વિષાદમાં પલટાઈ રહ્યો હતો. દીર્ઘનિઃશ્વાસ છોડી તે બોલ્યો,

'રખડતા-રઝડતા છેવટે આ ધંધો હાથમાં આવી ગયો. આનંદ છે મને આ ધંધામાં. મારી પાસે ઘણી વિદ્યા છે. ભલે એ મેલી વિદ્યા હોય, પણ તેનાથી જ હું બધું મેળવી શકું છું. પૈસા, માંસ, દારૂ, ગાંજો બધું જ મેળવીને હું સુખ માણી શકું છું !'

'તારું આ સુખ ક્ષણિક છે, સકુરાનંદ ! આવું સુખ લાંબો સમય ટકતું નથી. તું બીમાર પડી શકે છે. તારું શરીર તને કાયમી સાથ નહિ આપે. તારું શરીર વ્યસનથી ઘસાતું જશે, તારી ઉંમર વધતી જશે, ઘડપણથી અશક્ત અને નિઃસહાય થઈ તું રિબાતો રિબાતો મૃત્યુ પામીશ, ત્યારે તારી પાસે સહાય કરનારું કોઈ નહિ હોય ! માટે પાછો વળી જા આ દોઝખ જેવી જિંદગીમાંથી ને નવેસરથી શરૂઆત કર !'

'બસ, બંધ કર તારો આ લવારો !' શકુરાનંદ મારા શબ્દોથી પીડા અુભવતો હોય તેમ બોલ્યો, 'તારી વાત સાચી છે. છતાં મને તે ગળે ઊતરતી નથી, મને ઉપદેશ આપવો બંધ કરી તું તારો ધંધો કર ! મને મારી રીતે જીવવું ગમે છે, હવે મારા માટે સમાજમાં રહી જીવવું શક્ય નથી. હું આ જીવનથી સુખી છું અને આનાથી પણ વધુ સુખ હું મેળવી

લેવાનો છું.' કહી તે પૂરેપૂરી દારૂની બોટલ ગટગટાવી ગયો. દારૂના નશામાં લાલચોળ આંખો મારી તરફ સ્થિર કરીને બોલ્યો, 'હું રોગી કે ઘરડો થવાનો જ નથી. મેં 'બગલામુખી' અને 'પદ્માવતી'ને સિદ્ધ કરી છે. હવે 'કાળભૈરવ'ને આ છોકરાનું બલિદાન આપી આ છોકરાનું માંસ હું ખાઈશ. ભૈરવની એ પ્રસાદીથી મારામાં કાયમને માટે શક્તિ ટકી રહેશે. સમજ્યો ?'

મને થયું મૂર્ખને બોધ આપવો નકામો છે, છતાં મૂર્ખ અને દુશ્મનને સામ, દામ અને ભેદથી સમજાવવો જોઈએ. એ ચાણક્ય નીતિ છે, આને વધુ બહેકાવવાની જરૂર છે, એમ વિચારી તેની પાસે મેં આપેલું ગાંજાનું પેકેટ લઈ તેની સામે ધરી કહ્યું, 'કશો વાંધો નહિ સકુરાનંદ ! આ લે ગાંજો, એ પણ તારા માટે જ લાવ્યો છું. નશો કરી તારી રીતે આનંદ માણ.' મેં હાથ લંબાવતા જ ઝપટ મારી સકુરાનંદને ગાંજાનું પેકેટ મારા હાથમાંથી ઝૂંટવી લીધું. પોતાના ખિસ્સામાંથી ચલમ કાઢી બહાર ઓસરીમાં જલતા ધૂણા પાસે જઈ, આસન પર બેસી ચલમ ચેતાવી.

મારા માટે આ એક સારામાં સારો મોકો હતો. અશ્વિન પર ધ્યાન કેન્દ્રિત કરવાનો. શીશામાંથી મેં તેના મુખમાં પાણી રેડ્યું. થોડી વારે તેણે આંખો પટપટાવી. થોડી વારે આંખો ખોલી તેણે મારી સામે જોયું. તે થોડો સ્વસ્થ હોય તેમ લાગ્યું. તે ઘેન જેવી અસરમાં હોય તેમ લાગ્યું. કારણ કે મને ઓળખી ન શક્યો. મેં ચીકીનો ટુકડો તેના મોંમા મૂક્યો, તેણે મોં પૂરેપૂરુ ખોલ્યું અને ચીકીનો ટુકડો ચાવી ગયો. એ રીતે મેં ચાર-પાંચ ચીકીના ટુકડા તેને ખવડાવી દીધાં, પછી ફરીથી પાણી પાયું. તે ઘેનમાં જ હતો. જે હજુ જરૂરી પણ હતું, મેં તેને મારી ચાદર ઓઢાડી સૂવડાવી દીધો.

અશ્વિનને સૂવડાવી હું બહાર ઓસરીમાં ગયો. તો ત્યાં સકુરાનંદ હતો નહિ. કદાચ ભૈરવ પ્રયોગની તૈયારી કરવા ગયો હશે, એમ માની હું તેની પ્રતિક્ષા કરવા લાગ્યો; અને અદ્‌ભુતાનંદે ભૈરવ વિશે કહેલી વાતોને વાગોળવા લાગ્યો,

અદ્‌ભુતાનંદજીએ કહ્યું હતું, 'આ ભૈરવઉપાસના શીઘ્ર કાર્ય કરી આપનારી અને ભયંકર કઠિન છે, એમ શાસ્ત્રોમાં નિર્દેશ થયો છે. સહેજ પણ ભૂલ ભયંકર પરિણામ લાવનાર બને છે, દેવ તેને કદી પણ માફ કરતા નથી, પરંતુ 'બટુક ભૈરવ' સૌમ્ય છે. ભૈરવદાદાના ઘણાં સ્વરૂપો છે. જેવા કે (૧) અસિતાંગ ભૈરવ (૨) રુદ્ર ભૈરવ (૩) ચંડ ભૈરવ (૪) ક્રોધ ભૈરવ (૫) કપાલી ભૈરવ (૬) ભીષણ ભૈરવ (૭) સંહાર ભૈરવ (૮) સૌમ્યરૂપ બટુક ભૈરવ... મોટા ભાગે ઉપાસના બટુક ભૈરવની જ કરવામાં આવે છે.

પૂજનમાં લાલ ફૂલો અને લાલચંદનને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે, પરંતુ કાપાલિકોની ઉપાસના ભયંકર અને હિંસક હોય, નરબલિ ચડાવીને કરવામાં આવે છે. પ્રારંભ ધ્યાન કરી ચોક્કસ મંત્ર દ્વારા કરવામાં આવે છે, મંત્રોની અગ્નિમાં આહુતિ

આપવી જોઈએ. કાળભૈરવની ઉપાસના કરનાર પર શત્રુએ મારેલી 'મૂઠ' પણ નિષ્ફળ જાય છે. ભૈરવકવચનો પાઠ કરવાથી બધી રીતે રક્ષણ થાય છે. વિધિ મુજબ પાઠ કરવાથી દુર્લભ એવી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. કુપાત્ર-અયોગ્ય વ્યક્તિને આ સ્રોત બતાવવાની શાસ્ત્રોમાં મનાય છે, સકુરાનંદ જેવા સ્વાર્થ ખાતર આનો દુરુપયોગ કરે છે.'

અદ્દભુતાનંદ પાસેથી ટૂંકમાં સાંભળેલી અને વાંચેલી વાતોને વાગોળતો હું સકુરાનંદના આવવાની પ્રતિજ્ઞા કરી રહ્યો હતો. સમય ઘણો પસાર થઈ ગયો હતો. સૂર્યાસ્ત થવાને હજી વાર હતી. પગ છૂટવા કરવા હું બહાર નીકળ્યો. જંગલ અને નાની-મોટી ટેકરીઓથી ઘેરાયેલું આ સ્થળ અતિ મનોહર હતું, થોડે દૂર ઝરણું ખળખળ કરતું વહી રહ્યું હતું. ઝરણાંને કાંઠે ઊંચા વૃક્ષોની ડાળીઓ વહેતા પાણી પર ઝળૂંબી રહી હતી, થોડે દૂર નદીમાં નહાવાની ઇચ્છા થાય તેવો ઊંડો પાણીનો ધૂનો હતો. દૂર... દૂર... ગિરનારની ઊંચી ટૂંક દેખાઈ રહી હતી, તેની બાજુમાં જ ભગવાન ગુરુદત્તનું શિખર સૂર્યના કિરણોથી ચળકી રહ્યું હતું.

હું અત્યારે કઈ ચોક્કસ જગ્યાએ છું, તેની મને ખબર પડતી ન હતી. જોગણિયા પર્વતની પાછળની દૂરની જગ્યાએ છું કે નહિ તેની મને ખબર પડતી ન હતી. જોગણિયા પર્વતની પાછળની દૂરની કોઈ જગ્યા હોવી જોઈએ, એવું અનુમાન પરથી જણાતું હતું. દૂરદૂરથી ડમરુ વાગવાનો અવાજ આવી રહ્યો હતો, તે પરથી લાગતું હતું કે કદાચ જટાશંકર મહાદેવની જગ્યાની પાછળનો અથવા નજીકનો આ વિસ્તાર હોવો જોઈએ. હું કોઈ ચોક્કસ જગ્યા વિશે અનુમાન કરી શક્યો નહિ.

અશ્વિન એકલો હતો તેનો ખ્યાલ આવતા હું અંદર ગયો. ખોપરી તથા અન્ય પૂજા માટેનું સાહિત્ય સકુરાનંદ તૈયાર કરી રાખ્યું હોય તેમ બધું વ્યવસ્થિત રીતે પડેલું હતું. ઓસરીમાં ધૂણા પાસેનો એક ભાગ ખુલ્લો હતો; અને તેની પાસે બિલકુલ નજીક બોરડીનું વૃક્ષ ઊગેલું હતું. જે પાણીના અભાવે લગભગ સૂકા ઠુંઠાં જેવું હતું. ધૂણાની સામે કાળમીંઢ પથ્થરથી ચણેલું ઓટા જેવું ઊંચુ આસન હતું. સકુરાનંદ ભૈરવસાધનાની બધી વિધિ કદાચ અહીં જ કરશે એમ તે પરથી લાગ્યું.

અંદર જઈ અશ્વિનને ઉઠાડી થોડું પાણી પાયું અને થોડી ચીકી પણ ખવડાવી, આથી તેનામાં ઘણી તાજગી આવી ગઈ. છતાં તેને સૂવડાવી રાખવો જરૂરી હતું. શાલ ઓઢાડી તેને સૂવડાવી પુનઃ બહાર નીકળ્યો. તો સામેની ઝાડીમાંથી સકુરાનંદ આવી રહ્યો હતો. તેના એક હાથમાં તાજું જ મારેલું સસલું હતું ! તે નજીક આવતાં મેં તેને 'જયમાતાજી' કહ્યું. જવાબમાં જયમાતાજી બોલી તે થોડું હસ્યો, પણ ખરો. મારા પર તેને હવે વિશ્વાસ બેસી ગયો હતો; તેના તરફથી હવે કોઈ હરકત નહિ થાય તેની મને પણ ખાતરી થઈ ગઈ હતી.

હું ધારત તો અશ્વિનને લઈ અહીંથી નીકળી જઈ શક્યો હોત, પરંતુ 'કાળભૈરવ પ્રયોગ' જોવાની તીવ્ર ઇચ્છાને હું રોકી શક્યો ન હતો. રાત્રિના અંધકારના ઓળા ઊતરી જાય તો અશ્વિનને લઈ જવો પણ મુશ્કેલ હતો,. તેને સાંગોપાંગ બચાવી લેવાશે તેમાં કોઈ શંકા કે ચિંતા મને હતી નહિ, તેને હું અવશ્ય બચાવી શકીશ, એવો પૂરેપૂરો આત્મવિશ્વાસ મારામાં આવી ગયો હતો. અદ્દ્ભુતાનંદની સૂચનાનુસાર મારે કરવાનું હતું. જે મૂર્ખ સકુરાનંદની નજર ચુકાવી આસાનીથી થઈ શકે તેમ હતું. આ વિશ્વાસના આધાર પર હું ધીરજ ધરી સકુરાનંદની ગતિવિધિ નિહાળતો સમયની રાહ જોઈ રહ્યો હતો. દિવસ અસ્ત થવાની તૈયારીમાં હતો. અંધકારના ઓળા ઊતરવાનો અણસાર વર્તાતો હતો, ભૈરવ પ્રયોગ વિધિ થવાને હજુ ઘણી વાર હતી.

શકુરાનંદને થોડો રમાડી લેવાનું મન થતાં મેં દારુની બીજી બોટલ કાઢી તેની સન્મુખ ધરતા હસીને કહ્યું,

'લે, સકુરાનંદ દારૂ પી; અને આજે પૂરેપૂરી મોજ માણી લે.... !'

બોટલ જોઈ સકુરાનંદ પુનઃ રાજપાટમાં આવી ગયો. ખુશ થઈ કાઠિયાવાડી ગામઠી ભાષામાં બોલ્યો, 'વાહ દોસ્ત વાહ ! ભેરૂ હો તો... તારા જેવો, હવે તારા હંધાય ગના માફ, જા !'

'સકુરાનંદ !' જવાબમાં મેં કહ્યું, 'તેં મારા ગુના તો માફ કરી દીધા, પણ તારા ગુના સરકાર કે ભગવાન માફ કરશે ?'

'ભગવાનની તો મને ખબર નથી, ને સરકારી પોલીસની તો અબઘડી કઉં એવી તેવી !' એમ કહી સકુરાનંદ બે-ચાર ગંદી ગાળો બોલી ગયો, જે તેના સંસ્કાર પ્રમાણે સ્વાભાવિક હતું.

'વાહ ! તું બહાદુર છે, સકુરાનંદ ! પણ તારા મૃત્યુ પછી તારા પાપોનો જવાબ ચિત્રગુપ્ત માગશે જ !' મેં તેને ગભરાવવાના આશયથી કહ્યું,

'હવે, ત્યાં ગયા પછી ભલેને ભગવાન મારો.' અપશબ્દ અને ભૂંડી ગાળ દઈને તે બોલ્યો, 'મર્યા પછી કોને ખબર છે, શું થાય છે. ઈ... અટાણે તો જલશો કરી લેવા દેવ થાય એટલો !'

પશુતુલ્ય સકુરાનંદના જડ મગજમાં કોઈ સારી વાત ઊતરે તેમ ન હતી, આથી સમય પસાર કરવા મેં વાતનો વિષય બદલ્યો.

'સકુરાનંદ ! આ મરેલ ઘો અને સસલાનું શું કરવાનું છે ?'

'એના માંસનો કાલ સવારે મેલડી માને ભોગ ધરાવવાનો છે, પછી એ પ્રસાદીનું માંસ અને આ છોકરાનું માંસ આપણે ખાશું !'

સકુરાનંદે 'આપણે' શબ્દ વાપરી મને પણ પોતાના જેવો ગણી લીધો. ગુસ્સો દબાવી હસતા ચહેરે મેં કહ્યું,

'હું તો માંસ ખાતો નથી. હું સાત્ત્વિક ભોજન લઉં છું.' મેં કહ્યું.

'ઈ... આંઈ ન મળે બામણ... તારે અહીં રહેવું હોય તો આ ખાવું પડશે. બોલ, શું વિચાર છે તારો ?' દારૂના ચકચૂર નશામાં તે બોલી રહ્યો હતો.

મેં પ્રત્યુત્તર આપતા હસીને કહ્યું, 'મારો વિચાર તો એવો છે સકુરાનંદ... કે આ છોકરાને લઈ તેના મા-બાપને સોંપી દઉં અને જો તું જીવતો હોઈશ તો તને પણ સાથે લઈ જઈ પોલીસને હવાલે કરી દઉં !' આ સાંભળીને સકુરાનંદનો ગુસ્સો આસમાને પહોંચી ગયો.

'અરે... તારી તો... !' ગંદી ગાળ બોલી તેણે ધૂણામાંથી સળગતું લાકડું કાઢી મારા તરફ ફેંક્યું, પરંતુ એ લાકડું ફટાક્ અવાજ સાથે રોકાયું ને અધવચ્ચે જ પડી ગયું. આશ્ચર્ય જેવા કોઈ ભાવ મને લાગ્યા નહિ. આથી મને મારા થઈ રહેલાં દૈવીરક્ષણની પૂરેપૂરી ખાતરી મળી ગઈ. હું નિર્ભય બની ગયો હતો.

મુર્ખ અને જડ માણસ સાથે વાદવિવાદ કરવો ન જોઈએ. એમ સમજી હું બોલ્યો, 'ગુસ્સો ન કર સકુરાનંદ ! હું તો માત્ર તારી મજાક કરી રહ્યો હતો. આપણે મિત્રો છીએ, દુશ્મનો નહિ !'

વાત બદલવાની દૃષ્ટિથી મેં કહ્યું, 'હવે, ભૈરવસાધનાની વિધિ ક્યારે કરવાની છે તે કહે. તારામાં ઘણી શક્તિ છે, તે હું જાણું છું. મારે તારી શક્તિ નજરે જોવી છે.' મારા શબ્દોની તેના પર ધારી અસર થઈ. ફુલાઈ જતાં તે પોતાનો કાન પકડી બોલ્યો,

'વાહ ! મારો બાપલો ! વાહ ! હવે તું સમજ્યો, મારી પાસે કંઈક સિદ્ધિઓ પડી છે. તું જોજે, તને બતાવીશ હું, તને પણ 'પાવરફુલ' બનાવી દઈશ, પછી કાંઈ !' થોડું અટકી મૂછો પર હાથ ફેરવી પુનઃ બોલ્યો,

'બસ, હવે ગાંજાની એક ચલમ મારી લેવા દે. પછી અબઘડી શરૂ કરી દઉં છું.' એમ કહી ચપટી વગાડીને તે આગળ બોલ્યો, 'પણ તું છેટો રેજે બામણ... ! નહિ તો ભૈરવની ઝપટે ચડ્યો તો તારી !' ગંદા શબ્દો બોલ્યો સકુરાનંદ, ન ખમાય ન બોલાય તેવા ! છતાં શાંતિ ધારણ કરવી જરૂરી હતી. કારણ કે તેનો પ્રયોગ નિષ્ફળ જવાનો હતો, કાળભૈરવનો ક્રોધ તેનો જ ભોગ લેવાનો હતો.

અદ્‌ભુતાનંદજીના કહેવા મુજબ રાત્રિના બાર પછી જ આ પ્રયોગ થઈ શકે છે. ભૂત, પ્રેત, પિશાચ, ભૈરવ રાત્રિના બાર પછી જ પ્રગટ થતા હોય છે. સકુરાનંદ પ્રયોગનો પ્રારંભ નિયત સમય કરતાં વહેલો કરી રહ્યો હતો. સકુરાનંદની વિધિ અને શ્રદ્ધાથી તે કદાચ પ્રગટ જરૂર થશે, પરંતુ આવા તામસી દેવોના સ્વભાવ મુજબ ભૂલની શિક્ષા પણ કરશે તેમાં મને કોઈ શંકા હતી નહિ. છતાં સકુરાનંદે જાણી જોવાની દૃષ્ટિથી મેં પૂછ્યું, 'પણ સકુરાનંદ ! અદ્‌ભુતાનંદજીના મત પ્રમાણે તો ભૈરવસાધનાનો પ્રયોગ રાત્રિના બાર પછી જ થઈ શકે છે, તેનું કેમ ?'

'હવે... ઈ તારા અદ્‌ભુતાનંદને શું ખબર પડે ? આ સકુરાનંદ બોલાવે અને દેવ હાજર ન થાય, એવું બને જ નહિ !' છાતી ઠોકી તેણે આગળ કહ્યું, 'તું જોઈજે તો ખરો, આ ભાયડાના ભડાકા !'

ગાંજાની ચલમમાં દમ પર દમ મારી રહેલો તે નશામાં બક્યે જતો હતો, જો કે આ તેનો બકવાસ, તેનો પ્રયોગ નિષ્ફળ બનાવવા માટે જરૂરી હતો. દારૂ અને ગાંજાના નશામાં તે જરૂર અશુદ્ધ ઉચ્ચારો કરી દેવને ક્રોધિત કરીને ઊલટું જ પરિણામ આપવા મજબૂર કરશે !

અદ્‌ભુતાનંદે આપેલી માહિતી મુજબ 'સકુરાનંદ ભલે અભણ છે, છતાં વિધિવિધાનમાં કાબેલ છે, શ્રદ્ધા અને મંત્રોચ્ચારમાં જરૂરી 'રિધમ્' સાથે ઉચ્ચાર કરી શકે તેવી કાબેલિયત પણ તેનામાં છે !' આથી હું વિચારી રહ્યો, તે જરૂર કાળભૈરવને હાજર કરી શકશે તે વાત નિઃસંદેહ હોવા છતાં, તેની નશો કરીને વિધિમાં બેસવાની નબળાઈ ઘાતકશસ્ત્ર સાબિત થાય તેમ હતી. એ વાત નક્કી ! અને તેથી જ તે છેવટ સુધી નશામાં જ રહે તે જરૂરી હોવાથી હું તેને આગ્રહપૂર્વક દારૂ અને ગાંજો પાઈ રહ્યો હતો.

સમય ઘણો જ પસાર થઈ જવાથી અંધકારના ઓળા પથરાઈ ગયા હતા, છતાં સુદ ચૌદશનો ચંદ્ર પ્રકાશી શુભ્ર ચાંદની ચોતરફ પાથરી રહ્યો હતો. અંદર ધૂણાના અગ્નિના પ્રકાશથી બધું જોઈ શકાતું હતું, છતાં મેં સાથે લીધેલી મીણબત્તી પ્રગટાવી પ્રકાશ વધાર્યો.

હવે વધુ સમય પસાર કરવો યોગ્ય ન હતો. સકુરાનંદ વહેલો પ્રયોગ શરૂ કરે તે જરૂરી લાગતા મેં તેને ઉત્તેજન આપવા કહ્યું,

'સકુરાનંદ ! વહેલું તે પહેલું, સમજ્યો ? કામમાં ઢીલ કરવી સારી નહિ. તારી કાબેલિયત જોવાની મને ખૂબ ઇચ્છા થાય છે, તો શરૂ કરી દે તો સારું !'

તુરત જ ચપટી વગાડીને તે બોલ્યો, 'અરે, અબઘડી ચાલુ કરીને બતાવું તને સમજ્યો ? બસ, આ છેલ્લો દમ... પૂરું !'

કહી સકુરાનંદે જોરથી ચલમનો દમ મારી મોઢામાંથી ધુમાડાના ગોટા કાઢ્યા.

'પણ એ પહેલાં થોડું કટકબટક કરી લઈએ, સકુરાનંદ !' કહી મેં ચીકી કાઢી સકુરાનંદને આપી. દારૂના ઘૂંટ સાથે તેણે ખુશ થઈને ચીકી ખાધી, મેં પણ થોડી મોમાં પધરાવી લીધી. જલપાન કરી સકુરાનંદની ગતિવિધિ નિહાળી રહ્યો.

સકુરાનંદ એકચિત્તે તૈયારી કરી રહ્યો હતો. ઓટો સાફ કરી તેણે તે પર લાલ આસન બિછાવ્યું. ઉપર ચોખા, સોપારી વિગેરે મૂકી વિધિવત સ્થાપન કર્યું. અડદના લોટમાંથી બનાવેલું ભૈરવનું પૂતળું તૈયાર જ હતું, તે આસન પર મૂકી, ધૂપ-દીપ આદિ

બધી વિધિઓની તૈયારી કરી. પછી ભઠ્ઠા પર જુદા જુદા વાસણોમાં ભાત અને અડદ રાંધવા મૂક્યા. બાફેલા અડદને 'બોકડા' પણ કહેવામાં આવે છે અને આ બોકડા સાત્ત્વિક સાધના કે પૂજામાં જીવિત બકરાની અવેજીમાં ભોગ તરીકે પણ ચડાવવામાં આવે છે. તામસી પ્રયોગમાં તો જીવિત બકરો અથવા માનવબલિની આવશ્યકતા રહે છે, જેનો હાલ સર્વાંશે નિષેધ કરવામાં આવ્યો છે. બકરાને બદલે હવે યજ્ઞોમાં 'પદકાળા'નો ઉપયોગ કરાય છે, જે એક જાતનું વનસ્પતિ ફળ છે.

સકુરાનંદને આ બધી તૈયારી કરવામાં બે-એક કલાકનો સમય લાગી ગયો. બધું તૈયરા થઈ જતાં ધૂણા સમીપ પોતાનું આસન બિછાવ્યું, તેની બાજુમાં થોડે દૂર બાજોઠ પર બીજું આસન પાથરી તે એક ચારેક ફૂટ જેટલી કાળી દોરી લઈ અંદર ગયો. થોડી વારે તે પાછો ફર્યો તો દૃશ્ય જોઈ હું હેબક ખાઈ ગયો. અશ્વિનના ગળામાં કાળી દોરીનો ગાળિયો ભરાવી, બીજો છેડો પોતાના હાથમાં રાખી પશુને દોરતો હોય તેમ દોરતો અંદર પ્રવેશ્યો. બાજુના બાજોઠવાળા આસન પર અશ્વિનને બેસાડી, કમંડળમાંથી તેના પર મંત્રોચ્ચાર સાથે પાણી છાંટવા લાગ્યો. તે અસ્પષ્ટ શબ્દોમાં મંત્રોચ્ચાર કરી રહ્યો હતો, તે પછી તેના પર અબીલ-ગુલાલ-કંકુનો છંટકાવ કરી માથે ચોખા વેર્યા. પછી મારી તરફ ફરીને બોલ્યો,

'આને બલિપૂજા કહેવાય, બલિને પ્રથમ શુદ્ધ કરી પછી તેનું પૂજન કરીને જ દેવને ભોગ ચઢાવવો જોઈએ !'

અશ્વિન શાંત અને ભાવહીન ચહેરે ખુલ્લી આંખે જોતો પૂતળાની જેમ બેસી રહ્યો હતો. તેની આવી સ્થિતિ વિશે કુતૂહલવશ મેં સકુરાનંદને તેનું કારણ પૂછ્યું, તો અશ્વિનનાં ગળામાં નાડાછડીના દોરા વડે બાંધેલી માદરડી બતાવતા તેણે કહ્યું,

'આ માદરડીની અંદર વશીકરણ મંત્ર છે, તેના પ્રભાવથી તે આવી સ્થિતિમાં છે. કારણ શું કે, નહિ તો તેને બાંધીને રાખવો પડે ! વશીકરણ કરવાથી તે ભાગે કે ધમપછાડા ન કરે, માટે જ્યાં લગી તેની ડોકમાં આ માદરડી છે, ત્યાં લગણ (સુધી) તે આમ જ રહેવાનો છે !'

આવો સ્પષ્ટ ખુલાસો મળતા મને ખાતરી થઈ કે સકુરાનંદ માત્ર મૂર્ખ જ નથી. ભોળો પણ છે ! અથવા નશામાં ભાન ભૂલી રહસ્ય કહી દીધું છે, ગમે તેમ પણ તેણે આ રહસ્ય મને બતાવવું જોઈતું ન હતું.

'અચ્છા... હવે સમજ પડી તારી બુદ્ધિશક્તિની. તેં આ બરાબર કર્યું છે, પણ હવે પછી શું કરવાનું છે ?' મેં વાત કઢાવવા પૂછ્યું, 'બસ... હવે વિધિ ચાલુ ! હવે હજાર મંત્રથી આ તૈયાર રાખ્યું છે, તેની આહુતિ ! છેલ્લી આહુતિ જોશથી લંબાવીને મંત્ર બોલી આપ્યા પછી દેવને બોલાવવાના, તુરત જ કાળભૈરવ હાજર થઈ આ છોકરાનું લોહી

ખેંચા પીવા માંડવાના ! બસ, આ વિધિનું છેલ્લું ઇસ્ટેઈજ (સ્ટેજ) છે.' કહી તે બાકીના કામમાં એકાગ્રતાપૂર્વક ગૂંથાઈ ગયો. આ સમયનો લાભ લઈ મેં અશ્વિનના ગળામાંથી કાળી દોરીની ગાંઠ સકુરાનંદને ખ્યાલ ન આવે તે રીતે ઢીલી કરી નાખી, જેથી ખરેખર સમયે ગાળિયો કાઢી નાખવો સરળ પડે.

કામ કરી રહેલા સકુરાનંદમાં મેં એક ગુણ જોયો, એકાગ્રતાનો ! એકાગ્રતાથી કરવામાં આવતું કોઈ પણ કર્મ સિદ્ધ થાય છે. તે સકુરાનંદ માટે જેટલું લાભપ્રદ હતું, તેટલું જ મારા માટે ફાયદાકારક હતું. એકાગ્ર બનેલ સકુરાનંદનું ધ્યાન મારી ક્રિયા તરફ દોરાશે નહિ અને તેનો લાભ હું અશ્વિનને ખરે સમયે બચાવવા માટે લઈ શકીશ, તેવી મને પૂરેપૂરી ખાતરી થઈ ગઈ.

સકુરાનંદે મેં આપેલી અભિમંત્રિત ખોપરી પોતાના આસનથી થોડે દૂર એક કાષ્ટના આસન પર મૂકી. ખોપરીના મુખમાં નૈવેદ્યરૂપે બાફેલા અડદ અને ભાત મૂકી તેના પર કંકુ-ગુલાલ-અબીલ, અક્ષત છાંટી જાસૂદના લાલ ફૂલ ચડાવી ખોપરીને સુશોભિત કરી. ખોપરીની પાછળ ભૈરવનું અડદના લોટનું બનાવેલું પૂતળું મૂકી તેની પણ વિધિવત્ મંત્રોચ્ચાર સાથે પૂજા કરી.

અશ્વિનને પોતાથી થોડે દૂર, સહેજ પાછળ આસન પર બેસાડી, તેને બાંધેલ કાળી જાડી દોરીનો બીજો છેડો પોતાના પગના અંગૂઠે બાંધી 'સુખાસન'માં આસન પર બેસી ગયો; અને પ્રયોગની વિધિ ચાલુ કરી. પ્રારંભમાં મને ખ્યાલ આવી ગયો કે સકુરાનંદ થોડું ભણેલો હોવો જોઈએ. કારણ કે તેના શબ્દોચ્ચાર એકદમ શુદ્ધ હતા, વિધિના બધાં જ મંત્રો પણ તેને કંઠસ્થ હતાં, એકાગ્રતાને કારણે કોઈ ભૂલ કરે તેવી પણ કોઈ સંભાવના લાગતી ન હતી. આખરે તે એક વખતના સિદ્ધયોગી અદ્ભુતાનંદનો શિષ્ય હતો, એટલે ખામી હોઈ જ ન શકે, છતાં મને વિશ્વાસ હતો કે દારૂ અને ગાંજાની અસર તેના પર ક્યારેક તો થશે જ.

પ્રારંભ તેણે શાસ્ત્રોક્ત વિધિ મુજબ 'વિનિયોગ'થી કર્યો, એ પછી કુશળતાપૂર્વક 'ઋષ્યાદિન્યાસ'નો પ્રારંભ કર્યો. 'બૃહદારણ્યે ઋષ્યેનમઃ શિરસિ...' વિગેરે મંત્રો દ્વારા બધા અંગો પર રક્ષણાર્થે સ્પર્શ કરી ન્યાસ પૂર્ણ કર્યો. બાદમાં એકાગ્રચિત્તે થોડું ધ્યાન કરી પુનઃપૂજન કર્યું. ખોપરીની વચ્ચે દીપ પ્રગટાવી અગ્નિકુંડમાં અગ્નિ પ્રદીપ્ત કર્યો અને પૂર્વે તેણે કહ્યા મુજબ ભૈરવનું આહ્‌વાહન કરી એક હજાર મંત્રો વડે આહુતિ આપવાનું શરૂ કર્યું. 'ૐ નમોઃ ભરૈવરૂપાય નમો નમઃ સ્વાહા !' એ દરેક મંત્રની તે ત્રણ ત્રણ આહુતિઓ આપતો હતો, એટલે કુલ ત્રણ હજાર મંત્રોની આહુતિ આપતા ઘણો સમય લાગવાનો હતો.

મંત્રોચ્ચાર સાથે આહુતિ આપતા શકુરાનંદનો અવાજ મોટો ને મોટો થતો જતો

હતો. દઢતા, જુસ્સો અને રિધમ્ (તાલ) હતા. મંત્રશાસ્ત્રોના કહેવા મુજબ સિદ્ધિ માટે આ અત્યંત જરૂરી છે, આના પર જ પ્રયોગની સફળતાનો આધાર રહેલો છે. ને થોડી વારમાં જ પરિણામ જોઈ પણ શકાયું. સામે પડેલી ખોપરી સજીવન થઈ હોય તેમ હલવા લાગી. દીપ વધુ પ્રજ્વલિત થયો. દેવના અપ્રગટ પ્રવેશનો આ અણસાર હતો. સકુરાનંદના કહેવા મુજબ, 'હું બોલાવું અને દેવ હાજર ન થાય, એવું બને જ નહિ.' તેની એ બડાશમાં તથ્ય હતું, તેમ મારે કબૂલ કરવું પડ્યું !

મંત્રોચ્ચાર કરતા શકુરાનંદનો સ્વર વધુ ને વધુ તેજ થતો હતો, એકાગ્રચિત્ત શકુરાનંદ જાણે પોતાનું અસ્તિત્વ જ ભૂલી ગયો હતો. આજ ક્ષણ મારા માટે અશ્વિનને બચાવવા માટે ઉત્તમ હતી. હું ધીમે પગલે આગળ વધ્યો, અશ્વિનનું આસન સકુરાનંદની પાછળ સહેજ દૂર હતું. એકાગ્રચિત્ત સકુરાનંદની દષ્ટિ પડવાની કોઈ સંભાવના હતી નહિ, હું કોઈ પણ જાતની હરકત કરીશ, તેવો અવિશ્વાસ પણ મેં તેનામાં રહેવા દીધો ન હતો. આવી સાનુકૂળ તક ઝડપી લેવા ઉદ્ધૃત બની, નજીક જઈ મેં અશ્વિનનાં ગળામાંથી ઝડપથી છતાં સાવધાનીથી ગાળીયો કાઢી લઈ બાજુમાં રહેલ બોરડીના અર્ધસૂકા ઠૂંઠા સાથે બાંધી દીધો અને સાવધાની રાખી ઝડપથી અશ્વિનને હળવેકતી તેડી થોડે દૂર પાછળ બેસાડી દીધો ! આમાં કોઈ મુશ્કેલી ઊભી થઈ નહિ. સકુરાનંદ વધુ ને વધુ ઉગ્ર સ્વરે એકાગ્રતાપૂર્વક મંત્રો સાથે આહુતિઓ આપી રહ્યો હતો.

હવે શું થશે તે જોવા માટે શાંતિથી પ્રતિક્ષા કરવાની હતી. અદ્ભુતાનંદજીના કહેવા મુજબ 'દેવ સાધક સમક્ષ પ્રગટ થઈ તુરત બલિની અપેક્ષા રાખે છે. સાધકે નિયત જગ્યાએ રાખેલ બલિ પર દષ્ટિ પડતા તે શીઘ્ર તેનું લોહી ખેંચીને પી જાય છે. લોહીથી તૃપ્ત થઈ પછી જ તે પ્રસન્ન થઈ મનોકામના પૂર્ણ કરવા વરદાન આપે છે, પરંતુ આગળ બોલતા થોડું અટકી અદ્ભુતાનંદે ખાસ વાત ઉમેરતા કહેલું, 'જો બલિ વિધિપૂર્વક નિયત જગ્યાએ રાખવામાં ન આવેલ હોય, તો દેવ કોપાયમાન થઈ જઈ સાધકનું જ લોહી ચૂસી લે છે.' હવે પછીના પરિણામનો મેં વિચાર કર્યો, અશ્વિનને મેં આ સમય પહેલાં જ ખસેડી લીધો છે. દેવ જ્યારે પ્રગટ થશે, ત્યારે બલિની જગ્યાએ બોરડીનું ઠૂંઠું જોતા જ ક્રોધિત બની જશે. પરિણામ 'સકુરાનંદનો કાયમને માટે અંત, એક શેતાનનો હંમેશને માટે અંત !'

સકુરાનંદના અંત સાથે મારું કાર્ય પૂર્ણ થશે તેનો આનંદ અનુભવતા મને લાગ્યું કે મારા અંતઃકરણમાં ઊંડે ઊંડે કશુંક ખૂંપીને દર્દ કરી રહ્યું છે. કારણ કે મેં સકુરાનંદનો એક રીતે વિશ્વાસઘાત કર્યો છે. ભલે શુભ હેતુ માટે, પરંતુ તેના મોત માટે તો હું જ જવાબદાર ને તે માટે મારું અંતઃકરણ ઊંડે ઊંડે મને ડંખ મારી રહ્યું હતું. પ્રાયશ્ચિતરૂપે મેં મહામાયા ભુવનેશ્વરીનું સ્મરણ કરી શુદ્ધ હૃદયે પ્રાર્થના કરી, 'હે મા ! મંગલમયી !

તારાથી કશું જ અગોચર નથી ! તું દુષ્ટોનું પણ કલ્યાણ કરનારી છો, હે દયાળુ મા ! જો મારું અંતઃકરણ શુદ્ધ હોય, હૃદયપૂર્વક હું અહિંસક હોઉં અને મારા હૃદયમાં પ્રેમ, શ્રદ્ધા અને કરુણતાનો આવિર્ભાવ હોય તો આ દુષ્ટ સકુરાનંદને તું ભૈરવથી રક્ષણ આપજે, તેને તું યોગ્ય માર્ગે વાળવા માટેની સદ્‌બુદ્ધિ આપજે !'

હું આંખો મીંચી પ્રાર્થના કરી રહ્યો હતો ત્યાં જ, અચાનક કોઈ ભયંકર ગેબી હાસ્યના અવાજથી ચમકી જઈ મેં આંખો ખોલી નાખી. અંતરિક્ષમાં 'હા... હા... હા... હી... હી... હું... હું...' ભયંકર મેઘગર્જના જેવા હાસ્યના પડઘા અથડાઈ રહ્યા હતા. બસ, હવે કાળભૈરવનું આગમન કદાચ થઈ રહ્યું છે, એવું અનુમાન કરી મેં સકુરાનંદ તરફ દૃષ્ટિ કરી. હાસ્યના ધ્વનિથી જરા પણ વિચલિત થયા વગર હવે સકુરાનંદ ગોઠણ ઊંધાવાળી ઉભડક બેસીને અને ઊંચા હાથ કરી જાણે દેવનું સ્વાગત કરી રહ્યો હતો. પછી એક હાથ પોતાના મુખ પર રાખી મંત્ર બોલતો બીજા હાથે આહુતિ આપતો હતો. મારી જાણ મુજબ તે દેવને ભોજન કરાવવાની મુદ્રામાં હતો અને હવે કદાચ આ તેની છેલ્લી આહુતિ હશે, એમ હું અનુમાન કરી રહ્યો હતો.

હાસ્યના પડઘા હજુ ચાલુ હતા અને વાતાવરણને ભયંકર બનાવતા ચોતરફ પડઘાઈ રહ્યા હતા. સકુરાનંદ મોટેથી મંત્રોચ્ચાર કરી રહ્યો હતો. અચાનક તેનો મોટો અવાજ વધુ તરડાયો, તેના મુખમાંથી મંત્રો સર્યા, 'ૐ કાલાય નમઃ આગચ્છ આગચ્છ, મામ રક્ષ, બલિમ ભક્ષ ૐ સ્વાહા' કહી તેણે અગ્નિમાં આહુતિ નાખી. હવે આજ મંત્રથી તે બીજી બે આહુતિ આપવાનો હતો, બીજી આહુતિ આપતાં તેણે પુનઃ તેજ મંત્રનો મોટેથી ઉચ્ચાર કર્યો, પરંતુ ત્રીજી આહુતિ વખતે જેમ કાબેલ ક્રિકેટર છેલ્લી ઘડીએ છક્કો મારવા જતાં ભૂલ કરી આઉટ થઈ જાય, તેમ સકુરાનંદ મારી ધારણા મુજબ આવેશમાં કે આવેગમાં અથવા દારૂના નશાની અસરમાં ગમે તેમ પણ મંત્રના ઉચ્ચારમાં ભયંકર ભૂલ કરી બેઠો.

'મામ રક્ષ બલિમ ભક્ષ' જેવા શુદ્ધ ઉચ્ચારને બદલે તેનાથી ઊલટું જ અશુદ્ધ ઉચ્ચારણ 'મામ ભક્ષ બલિમ રક્ષ' કરી બેઠો !

અને આ સાથે જ તત્ક્ષણ ઘણી બાબતો એકી સાથે બની ગઈ. ભયંકર ધડાકા સાથે ગાયની ખોપરીમાં વિસ્ફોટ થયો અને તેમાંથી એક અગ્નિજ્વાળા ઉત્પન્ન થઈ ! બોરડીનાં ઠૂંઠામાં અચાનક અગ્નિનો ભડકો ઉત્પન્ન થયો, ને તે બોરડી અગ્નિમાં ભસ્મીભૂત થવા લાગી.

શું થઈ રહ્યું છે, તેની ગતાગમ વગર હું વિસ્ફારિત નેત્રે ઘટતી ઘટનાઓને જોઈ રહ્યો. અચાનક ખોપરીમાં પ્રજ્વલિત અગ્નિ જ્વાળા ઊંચી ઊઠી અને મોટા પ્રકાશપૂંજમાં ફેરવાઈ ગઈ ને એ પ્રકાશપૂંજમાંથી ધીમે ધીમે પ્રગટ થતો એક હાથનો પંજો દૃષ્ટિમાન

થયો. વિકરાળ પંજો લંબાતો લંબાતો સકુરાનંદ તરફ આગળ વધ્યો. આ જોઈ સકુરાનંદની ભયથી રાડ ફાટી ગઈ. તેના ગળામાંથી નીકળતી ભયંકર ચીસના પડઘા ઊઠ્યા. ધીમે ધીમે આગળ વધતો એ કાળો પંજો સકુરાનંદથી હવે થોડે જ દૂર રહ્યો હતો. લાગતું હતું કે જાણે હમણાં જ એ ભયંકર કાળો પંજો સકુરાનંદને ! પરંતુ હજુ હું આગળ વિચારું એ પહેલો તરત જ મારી દૃષ્ટિ તે સાથે જ ઘટતી એક બીજી ઘટના પર ખેંચાઈ. સળગી રહેલ ખોપરીની નજીક અગ્નિજ્વાળાની એક બીજી મહાન જ્યોત પ્રગટ થઈ ! ધીમે ધીમે એ મોટી જ્યોતમાંથી કોઈ સુંદરસ્ત્રીના બે હાથ પ્રગટ થયા. તુરત જ એ આભૂષણયુક્ત સુંદર હાથોમાં તેજસ્વી ત્રિશૂળ ઉત્પન્ન થયું. ત્રિશૂળ ઝડપથી આગળ લંબાયું અને એ તણખા ઝરતા ત્રિશૂલે પ્રહાર કરી આગળ વધતા ભૈરવના પંજાને અટકાવી અદૃશ્ય કરી દીધો. પુનઃ અવકાશમાં અદૃશ્ય ભયંકર હાસ્યનો ધ્વનિ પ્રગટ્યો, ‘હા... હા... હા... હુ... હુ... હુ...’ એ સાથે જ ખોપરી પર પ્રગટેલી જ્વાળા શાંત થઈ ગઈ અને તે સાથે દિવ્ય જ્યોતિનાં સ્વરૂપમાં પ્રગટેલી સુંદર સ્ત્રીના બે હાથ પણ જ્યોતિ સાથે જ વિલીન થઈ ગયાં.

ક્ષણવારમાં આ બધું બનીને આટોપાઈ ગયું. દિગ્મૂઢ બની દૃશ્ય નિહાળતો હું હતપ્રભ બની ગયો. ક્ષણાર્ધમાં સ્વસ્થ થઈ જતાં મારી દૃષ્ટિ સકુરાનંદ પર ગઈ ને મને તેની કારમી સ્થિતિનો ખ્યાલ આવ્યો, ‘બળું છું... બળું છું... પાણી... પાણી...’ની ભયંકર ચીસો પાડતો વેદનાથી તે ભૂમિ પર આળોટી રહ્યો હતો. તેની આવી સ્થિતિ જોઈ હું અનુકંપાથી ધ્રૂજી રહ્યો. કશું જ ન સમજાતા મેં તેની બાજુમાં પડેલ કમંડળમાંથી તેના મુખ પર પાણીનો છંટકાવ કર્યો, પરંતુ આથી વેદનામાં કશો જ ફરક પડ્યો નહિ. તે કારમી વેદના અનુભવતો અને ચીસો પાડતો, બે હાથ પછાડી તરફડી રહ્યો હતો. અનુકંપા અનુભવી મેં તેને શાંત પાડવાના ઉદ્દેશ્યથી તેના શરીર પર પ્રેમથી હાથ ફેરવતા કહ્યું,

‘તને કશું જ થયું નથી સકુરાનંદ ! માં ભગવતી ભુવનેશ્વરીએ ભૈરવના કોપમાંથી તારું રક્ષણ કર્યું છે, હવે તને મૃત્યુનો ભય નથી, તું બચી ગયો છે, શાંત થા. તારા માટે તો આ સામાન્ય શિક્ષા છે, મટી જશે.’

‘નહિ... !’ તેણે ચીસ જેવા અવાજમાં કહ્યું, ‘હું હવે મરી જઈશ. આ કાળી બળતરા મારાથી સહન થતી નથી. મારે પાણી જોઈએ, પાણી !’ વેદનાથી બબડતો તે ઊભો થવા જતાં ગબડી પડ્યો. માથામાં યજ્ઞવેદીનો ખૂણો વાગતા તે પીડાથી કકળી ઊઠ્યો, તેના માથામાંથી લોહી નીકળવા માંડ્યું. તુરત જ ઉપવસ્ત્ર ફાડી હું તેના મસ્તક પર પાટો બાંધવા આગળ વધ્યો, ત્યાં જ તે ઊભો થઈ ગયો ને પાણી... પાણી...ની બૂમો પાડી, ઝડપથી ઊભો થઈ તેણે ઝરણાની પાટ તરફ દોટ મૂકી. તે સાથે મેં પણ હાથમાં ટોર્ચ લઈ તેની પાછળ દોટ મૂકી.

ઝૂંપડીથી ઝરણાની પાટ સુધીનું અંતર ઘણું હતું. બેટરીના પ્રકાશને સહારે અંધકારમાં અજાણ્યા સ્થાન તરફ જવું ઘણું મુશ્કેલ લાગતું હતું, છતાં હું તેનાથી થોડા અંતરે તેની પાછળ પાછળ દોડી રહ્યો હતો. ઝડપથી મારી આગળ ને આગળ દોડતો સકુરાનંદ હવે અંધકારને કારણે જોઈ શકાતો ન હતો, પરંતુ ઝરણા પાસે પહોંચતા જ થોડે દૂર રહેલા મેં પાણીમાં ધુબાકાનો અવાજ સાંભળ્યો. બળતરાથી પીડાતા સકુરાનંદે પાણીની પાટમાં ઝંપલાવી દીધું હોય તેમ લાગ્યું.

ઝરણાં કાંઠે છેક નજીક પહોંચતા પાણીમાં છબ્... છબ્... નો અવાજ મારા કાને પડ્યો. ઘેઘૂર વૃક્ષોની આડશને કારણે અંધકારમાં ટોર્ચના પ્રકાશથી પણ કશું દેખાતું ન હતું, તેથી છેક નજીક જઈ વૃક્ષોની ડાળીઓ હાથથી ખસેડી મેં પાણી પર પ્રકાશ ફેંક્યો, પરંતુ માત્ર પાણીમાં થતી થોડી હલચલ સિવાય કશું જ નજરમાં આવ્યું નહિ. સામે કાંઠે બેટરીનો પ્રકાશ ફેંક્યો તો એક શિલા પર પાણીની ભીનાશ સાથે લોહી ચળકતું મેં જોયું. એ લોહી સકુરાનંદજીનું જ હોવું જોઈએ, એવું મેં અનુમાન કર્યું. તરીને સામે કાંઠે જઈ શિલા પર ચડી તે ક્યાંક જતો રહ્યો હોવો જોઈએ, એવો તર્ક મારા મનમાં ઉદ્ભવ્યો.

સકુરાનંદ જીવતો છે અને કદાચ હવે સ્વસ્થ પણ થઈ ગયો છે. એ ધારણાની સાથે જ અચાનક મારા મગજમાં ચમકારો થયો. જીવતો સકુરાનદં કદાચ હવે ભયંકર સાબિત થાય ! સ્વભાવે કિન્નાખોર, ક્રૂર અને ક્રોધી સકુરાનંદ કદાચ ઝૂંપડીએ પાછો પહોંચી અશ્વિનને કશું નુકસાન કરી બેસશે તો, એ ખ્યાલ મારા મગજમાં આવતા મેં લગભગ દોડ મૂકી ઝૂંપડી તરફ !

ટોર્ચનો પ્રકાશ ખાસ ઉપયોગમાં આવતો ન હતો, છતાં ઝાડાં-ઝાંખરાની પરવા કર્યા વગર હું દોડી રહ્યો હતો. ત્યાં અચાનક મારા પગ નીચે સર્પના ફુત્કારનો અવાજ સાંભળી કંપી જઈ હું આગળ કૂદકો મારી ગયો. બેટરીના પ્રકાશમાં મોટા-કાળા સર્પને ઝડપથી લસરી જતા મેં જોયો. બચી ગયાના હાશકારા સાથે, ધમણ જેવા તેજ શ્વાસોચ્છ્વાસ સાથે હું ઝૂંપડીએ પહોંચ્યો. જોયું તો અશ્વિન સ્વસ્થતાથી નિશ્ચિંત રીતે બેઠેલો મારી નજરે પડ્યો. હાશકારાનો ઊંડો શ્વાસ ભરી મેં આજુબાજુ નજર દોડાવી. સર્વત્ર નીરવ શાંતિ હતી, ઝૂંપડીમાં કશી જ હલચલ થઈ હોય તેવું લાગતું ન હતું. સકુરાનંદ આવ્યો હોય તેવા કોઈ ચિન્હો જણાતા ન હતા.

સાવચેતી ખાતર મેં ઝૂંપડીમાં તથા બહાર જઈ ચારે બાજુ ટોર્ચનો પ્રકાશ ફેંકી નિરીક્ષણ કર્યું. સર્વત્ર નીરવ શાંતિ હતી, માત્ર પવનથી ડોલતા વૃક્ષોના પાંદડાનો ખડ્ખડ્ અવાજ શાંતિનો ભંગ કરતો હતો, ઘુવડ તથા ચીબરીના બોલવાનો અવાજ રાત્રિની નીરવ શાંતિમાં ભયંકરતાનો ઉમેરો કરતો હતો. ત્રમ્... ત્રમ્... ત્રમ્... તમરાઓનો અવાજ

એકધારો આવી રહ્યો હતો. અચાનક ઝાડીમાં ખડખડાટનો અવાજ થતાં હું ચમક્યો. બેટરીનો પ્રકાશ ફેંકતા જોયું તો એક સસલું મારા પદરવથી ભય પામી નાસી રહ્યું હતું ! ભય જેવું કશું જ ન હોવાની ખાતરી થતાં હું ઝૂંપડીમાં પાછો ફર્યો.

અશ્વિન તરફ નજર કરતાં હવે મને તેની દયાનજક સ્થિતિનો ખ્યાલ આવ્યો. સકુરાનંદના કહેવા મુજબ, તેની આવી સ્થિતિનું કારણ તેણે ગળામાં પહેરાવેલું માદળિયું છે; તે યાદ આવતા મેં તેના ગળામાંથી તે અભિમંત્રિત માદળિયું કાઢી નાખી, બળતા ધૂણામાં ઘા કરી દીધું, ને ફેંકી દીધું. માદળીયું દૂર થવાથી તેની સારી અસર પણ અશ્વિન પર દેખાવા લાગી. ઊંઘમાંથી જાગ્યો હોય તેમ તેણે તુરત જ આંખો ખોલી. મને સામે બેઠેલો જોઈ તે થોડી વાર ટગર ટગર આંખો વડે મને જોઈ રહ્યો. મેં તેના મસ્તક પર હાથ ફેરવી પૂછ્યું, 'અશ્વિન ! સારું છે ને તને ? હવે ચિંતા કરવાનું કોઈ કારણ નથી.' તેનું મુખ ઊંચું કરી મારી તરફ ફેરવતા મેં પુનઃ પૂછ્યું,

'અશ્વિન આમ જો, મને ઓળખે છે તું ?' હવે મારી સામે તેણે ધ્યાનથી જોયું. તેની આંખોમાં ખુશીની જાણે લહેર દોડી આવી. બોલી ઊઠ્યો, 'ઓહ ! કાકા, તમે છો ? ક્યારે આવ્યા ? પણ તમે અહીં ક્યાંથી ?' ભયથી ચકળવકળ આંખોથી ચારે તરફ જોતા તેણે પૂછ્યું.

'એ બધું પછી કહીશ તને ! હવે ચિંતા ન કર, ડરવાનું કોઈ કારણ નથી. હું છું ને તારી પાસે ! બધી વાત પછા કરશું, તને ભૂખ લાગી હશે ? પહેલાં થોડું ખાઈ લે.' કહી, મેં ચીકી-કાઢી તેના હાથમાં મૂકી. તે ખાવા લાગ્યો, તેના મુખ પરના ભાવો જોઈ મને લાગ્યું કે તે ખૂબ ભૂખ્યો થયા હશે ! મેં આગ્રહ કરીને તેને ચીકી ખવડાવી, થોડી મેં પણ ખાધી. અશ્વિન હવે પૂરેપૂરા સ્વસ્થ થઈ ગયો હતો.

સમય ઘણો થઈ ગયો હતો. ઘડિયાળમાં જોયું તો સવારના ચાર વાગી ચૂક્યા હતા. બ્રાહ્મમુહૂર્તનો સમય થતાં હવામાન પલટાઈને ખુશનુમા થઈ ગયું હતું, શરીરમાં તાજગી અને આનંદ વર્તાઈ રહ્યા હત. મને થયું, હવે વધુ સમય અહીં રોકાવું ઈષ્ટ નથી. જલદી નીકળી જવું જોઈએ.

છેલ્લી વાર ઝૂંપડીમાં મેં ચારે બાજુ નજર ફેરવી, ચારે બાજુ સકુરાનંદની છાપ ઉપસાવતી અનેક ચીજ-વસ્તુઓ પડી હતી. એક બાજુ બે માનવ ખોપરીઓ પડી હતી, એક કાષ્ટની ભાંગેલી પેટી પડી હતી. તેની બાજુમાં મરેલ ચંદન ઘો અને સસલું પડેલાં હતાં. આ બધું જોઈ ભયંકર ઘૃણાના ભાવ મારા મનમાં ઉપસી આવ્યા. ને એક પછી એક બધી જ ચીજવસ્તુઓ ઉપાડી ઉપાડીને મેં જલતા ધૂણાની આગમાં ફેંકવા માંડી; ઉપરાતં જ્યાં... જ્યાં જે વસ્તુઓ મારી નજરે પડી તે તમામ મેં આગમાં હોમી દીધી. ક્ષણવારમાં બધી જ વસ્તુઓ આગમાં લપેટાઈ ગઈ. આગનો મોટો ભડકો ઊઠી છાપરાને

આંબીને સળગવા લાગ્યો. અશ્વિનને થોડી વાર ઝૂંપડીની બહાર મારા સામાન સાથે ઊભો રાખી પુનઃ અંદર આવ્યો. સકુરાનંદને મેં આપેલી દારૂની અર્ધી બોટલ મારી નજરે પડી, ઢાંકણ ઉઘાડી ઝૂંપડીની ચારે બાજુ દારૂની છાલક મારી ને ધૂણામાંથી સળગતું લાકડું લઈ આખી ઝૂંપડીને આગ લગાડી હું ઝડપથી બહાર નીકળી ગયો.

ખભે થેલો ભરાવી અશ્વિનને ઊંચકીને હું પુનઃ તે જ રસ્તે ચાલતો થયો. રસ્તો ચઢાણવાળો અને ખડકાળ હતો. અશ્વિનને સંભાળીને અંધારામાં ચાલવું મુશ્કેલ હતું. થોડે દૂર જઈ અશ્વિનને એક શિલા પર મેં બેસાડ્યો. થોડો ઉજાસ પથરાય ત્યાં સુધી થોભી જવાનું મને ઉચિત લાગ્યું. ઊભા રહી મેં પાછળ દૃષ્ટિ કરી. સકુરાનંદની ઝૂંપડી સંપૂર્ણ રીતે આગમાં લપેટાઈ ગઈ હતી. મને થયું, થોડી જ વારમાં બધું બળીને રાખ થઈ જશે. એક નરપિશાચનું નિવાસસ્થાન કાયમને માટે હવે નષ્ટ થઈ જશે. નાશવંત સંસારમાં રહી, ક્ષણિક સુખ મેળવવા માણસ કેટલી હદે અધમ બની જાય છે ! છેવટે ક્ષણિક સુખ માટે ઝાંવા મારતો તે પણ મૃત્યુ પછી આખરે રાખ બની માટીમાં ભળી જાય છે.

થોડી જ વારમાં પ્હો ફાટતા સૂર્યનો પ્રકાશ ધરતી પર પથરાઈ રહ્યો. વહેલી પ્રભાતના ખુશનુમા વાતાવરણમાં આગળ વધવું મારા માટે સુગમ થઈ જતાં ચાલવાના ઈરાદાથી મેં અશ્વિનને ઊંચક્યો, તો તે ના પાડતા બોલી ઊઠ્યો,

'નહિ, મને હવે ઠીક છે. તમારી સાથે ચાલવામાં મજા આવશે !'

'વાહ ! શાબાશ, હવે તું સાચો બહાદુર કહેવાય !' કહી તેની પીઠ થાબડી મેં તેને ચાલવા માટે પ્રોત્સાહિત કર્યો.

અમે ખડકાળ રસ્તા પર ઢાળ ચડતા ધીમે ધીમે ચાલવા માંડ્યું. રસ્તામાં અશ્વિનને તેની વીતક વિશે પૂછ્યું, તો તેણે કહેવા માંડ્યું, 'હું સ્કૂલેથી આવતા મિત્રોની પાછળ રહી ગયો હતો, ત્યાં એક બાવાએ મને રોકીને કહ્યું,

'લે બચ્ચા પ્રસાદી ખા, તને ખૂબ વિદ્યા મળશે.' પ્રસાદી અને વિદ્યા મળવાની લાલચે પ્રસાદી મેં મોઢામાં મૂકી, તે સાથે બધું ભાન ભૂલી મરજી ન હોવા છતાં હું તેની સાથે ચાલવા લાગ્યો. તે રિક્ષા કરીને મને દૂર જંગલ સુધી લાવ્યો. જંગલમાં તેણે મને ખૂબ ચલાવ્યો, થાકીને હું બેસવા ગયો તો હાથથી ઢસડી અને માર મારી તે મને ઝૂંપડી સુધી લાવ્યો. મેં ખૂબ ધમપછાડા કર્યા, બૂમો પાડી તો તેણે ખીસામાંથી એક માદરડી કાઢી મને પહેરાવી દીધી. બસ પછી શું થયું તેની મને ખબર નથી !' કહી તેણે પોતાનો વૃત્તાંત પૂરો કર્યો. સાંભળી મને નિરાંત થઈ. કોઈ વિકૃતહરકત સકુરાનંદે કરી ન હતી ! વાતો કરતા અમે નાગદેવતાના સ્થાનક પાસે પહોંચ્યા. થોડી વાર ઊભા રહી, પ્રણામ કરી પુનઃ ચાલવા માંડ્યું. થોડી જ વારમાં અમે અદ્‌ભુતાનંદજીના આશ્રમ નજીક પહોંચી ગયા.

દૂરથી અદ્‌ભુતાનંદજીનું અર્ધબળેલું ઝૂંપડા જેવું મકાન દેખાઈ રહ્યું હતું. ઝડપથી ચાલતા ત્યાં પહોંચી વાડના ખુલ્લા દરવાજામાં પ્રવેશ કર્યો. જોયું તો અર્ધ બળેલું ઝૂપડું ખાલીખમ હતું. વચ્ચે માત્ર એક રાખનો ઢગલો પડ્યો હતો અને દૂર ખૂણામાં પડેલ પાણીનાં માટલા પર એક કાગળના જાડા ડીસ તરીકે ઉપયોગમાં લેવાના પૂંઠા પર લખેલા શબ્દો સ્પષ્ટ વંચાતા હતા,

'હિમાલયની ગોદમાં પરત જઈ રહ્યો છું, અદ્‌ભુતાનંદ.'

બસ, આ જ સંદેશો આપવાનો હશે અદ્‌ભુતાનંદને ? એ જ ક્ષણે એણે નિર્ણય કરી લીધો હશે. એ જ એનું દૃઢ મનોબળ દર્શાવે છે અને આવું દૃઢ મનોબળ જ સિદ્ધિ અપાવે છે, તે નિશ્ચિત વાત છે. હવે તે પુનઃ ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરી લેશે, તેમાં મને કોઈ શંકા ન રહી, પરંતુ સકુરાનંદ ! એ હજુ સમસ્યા જ રહ્યો હતો. તેને ભયંકર ઠોકર વાગી ચૂકી છે. કાશ તેનો જીવન જીવવાનો અભિગમ હવે કાયમને માટે બદલાય !

મેદાન ઊતરી ધીમે ધીમે ખોડીયાર માની શિલા સુધી પહોંચીને અશ્વિનને થોડી વિશ્રાંતિ આપી. બસ હવે તો મંજિલે સુખરૂપ પહોંચી ગયા હતા. શિલા પર શાંતચિત્ત થઈ હું બે ક્ષણ ધ્યાનસ્થ થયો. થોડી જ વારમાં મન શૂન્ય બની ગયું. અચાનક એ શૂન્યતાને વીંધીને આવતા અવાજથી હું વિસ્મિત થયો. કાનમાં શબ્દો ગુંજી રહ્યા હતા,

'તમારું કાર્ય સારી રીતે પૂર્ણ થઈ ગયું છે, શીઘ્ર જગ્યા પર આવી જાવ, તમારી રાહ જોવાઈ રહી છે !' માધવાનંદજીનો માનસિક સંદેશો સાંભળી ધ્યાન તૂટી ગયું. જરૂર કોઈ ખાસ વાત હોવી જોઈએ. શ્મશાન વટાવી, રોડ પરની દુકાન પાસે પડેલી ગાડીમાં સામાન મૂકી અશ્વિનને પાછળ બેસાડી, મેં ભવનાથ તરફ ગાડી હંકારી મૂકી.

જગ્યાના દરવાજામાં પહોંચતા જ હું સ્તબ્ધ રહી ગયો. સામે જ ધૂણા પાસેની બેઠક પાસે સુરેશભાઈ તથા તેમના પત્ની ઊભા હતાં. એ બન્નેને જોતા જ અશ્વિન દોટ મૂકીને તેમને વળગી પડ્યો. માતા-પિતાનું પુત્ર સાથેનું પુનઃ મિલન બધા નિહાળી રહ્યા. સાનંદાશ્ચર્યથી સ્તબ્ધ થયેલો હું તેમની સમયસરની હાજરી વિશે તર્ક ન કરી શક્યો, ત્યાં જ સુરેશભાઈએ સ્પષ્ટતા કરી, 'સવારે આઠ વાગે બાપુનો મારા પર ફોન આવ્યો કે, તમે અશ્વિનને બચાવી હેમખેમ જગ્યા પર આવી રહ્યા છો અને થોડી જ વારમાં જગ્યા પર પહોંચી જશે. માટે તમે આવી જાવ !'

બસ, હવે પૂછવાપણું હતું જ નહિ. માધવાનંદજીની સંજયદૃષ્ટિ કામ કરી ગઈ હતી. હું અહોભાવપૂર્વક માધવાનદંજીને વંદન કરવા નમ્યો, ત્યાં જ મારા હાથ પકડી તેમણે મને આલિંગનમાં જકડી લીધો.

ને ભાવવિભોર મારા બન્ને નેત્રોમાંથી ટપકતા આનંદાશ્રુઓ વડે માધવાનંદજીની પીઠ ભીંજાઈ ગઈ. છૂટા પડી, મારી પીઠ પર હાથ થપથપાવતા માધવાનંદજી બોલ્યા,

'તમારી સફળતા અને કાર્યસિદ્ધિના બીજા શુભ સમાચાર, તમારા મિત્રના પુત્ર પી.એસ.આઈ. મુકેશનો ફોન હતો કે, સુકરાનંદે વહેલી સવારે પોલીસ સમક્ષ જાતે જ આવીને આત્મસમર્પણ કરી દીધું છે અને લેખિતમાં ગુનો કબૂલ કરી સજાની માગણી કરી છે.'

'ઓહ ! હું ઉદ્‌ગારી ઊઠ્યો. ખુશી વ્યક્ત કરવા મારી પાસે કોઈ શબ્દો ન હતા. આનંદિત સ્વરે મેં માધવાનંદજીને કહ્યું,

'પથભ્રષ્ટ યોગી અદ્‌ભુતાનંદ અને દુષ્ટપ્રકૃતિ સકુરાનંદનું હૃદયપરિવર્તન આપની યૌગિક પ્રેરણાનું જ પરિણામ છે. હું તો માત્ર માધ્યમ બની ભાગ્યશાળી થયો છું.'

'નહિ !' માધવાનંદજી બોલ્યા, 'મેં તમને કહ્યું હતું, ને કે તમે બ્રાહ્મણ છો. ને તમે સિદ્ધ કરી બતાવ્યું છે, બ્રહ્મતેજની આ સિદ્ધિ છે.' ને તેમના એ શબ્દો ક્યાંય સુધી મારા મનમાં પડઘાઈ રહ્યા.



5

મારો એક સ્વભાવ છે, બનેલા બનાવોને વાગોળ્યા કરવાનો. છેલ્લા થોડા દિવસો દરમિયાન જે જે બનાવો બની ગયા હતા, તેના વિશે ક્રમશઃ મેં રૂમ પર જઈ શાંતિથી રાત્રે વિચારી જોયા હતા !

જીવનમાં ક્યારેય આવું બન્યું ન હતું, બનશે તેવી કોઈ કલ્પના પણ હતી નહિ, જીવનમાં ઘણાં બનાવો સાવ અણધાર્યા બની જાય છે. કલ્પનામાં ન આવે તેવા અનુભવો થતાં જ રહે છે.

રાત્રે આવું બધું વિચારતો, સત્સંગ સમયે માધવાનંદજીના શબ્દોનું અનુસંધાન કરતો રહેતો. માધવાનંદજીએ કહેલું, 'કોઈ પણ બાબત તમારા માટે અચાનક બનતી નથી. તમને જે જે અનુભવો થાય છે, તે તમારી અંતર્ગત પડેલી ઇચ્છાઓનું પ્રતિબિંબ છે, પરિણામ છે. જાણતાં કે અજાણતાં હૃદયમાં સંગ્રહાયેલી ઇચ્છાઓ ભવિષ્યમાં કોઈ પણ સ્વરૂપે મૂર્તિમંત થાય જ છે; અને ઘણી વખત તમને ખ્યાલ પણ ન હોય કે આ અનુભવ, આ પ્રાપ્તિ તમારી ઇચ્છાનું જ પરિણામ છે ! તમારા મન અર્થાત્ અંતઃકરણમાં એટલી બધી તાકાત ભરેલી છે કે, તે તમને ઇચ્છિત પરિણામ લાવી આપે છે. આ બાબતથી તમે અજ્ઞાત પણ હો અને તેને કારણે તમે 'યોગાનુયોગ' આમ થયું એમ માનો છો ! વાસ્તવમાં તે તમારી ગર્ભિત ઇચ્છાપૂર્તિનો ઈશ્વરદત્ત 'યોગ' જ છે. ઈશ્વર તમારી ઇચ્છા પ્રમાણે, તમારી જરૂરિયાત પ્રમાણે તમને બધું આપે જ છે.'

અને આ પ્રમાણે જ મારી બાબતમાં બધું બની ગયું હતું, બની રહ્યું જ છે ! આધ્યાત્મિક દૃષ્ટિએ જે જોવા અને માણવાની મારી જિજ્ઞાસા વર્ષોથી ચાલી આવતી હતી, તેનો જ વર્તમાનમાં હું અનુભવ કરી રહ્યો હતો. માધવાનંદજીનો સંપર્ક, સરયુદાસજી, અદ્‌ભુતાનંદ અરે... સકુરાનંદ સુધ્ધાંનો સંપર્ક અને સહવાસ, તેમનો

પ્રત્યક્ષ અનુભવ. બધું જ શું યોગાનુયોગ હતું ? ના, એ બધું નક્કી જ હતું. મારી સેવેલી ઇચ્છાઓનું જ એ પરિણામ હતું કદાચ !

મને લાગે છે - મન એક સરોવર જેવું છે, તેમાં ઇચ્છારૂપી નાખેલો પથ્થર તરંગો ઉત્પન્ન કરે છે. આ તરંગો આપણે શું કરી રહ્યા છીએ તે સ્પષ્ટ થવા દેતા નથી. સરોવરનાં જળમાં પૂર્ણચંદ્રનું પ્રતિબિંબ પડે છે, પરંતુ જળની સપાટી એટલી ખળભળતી હોય છે કે, આપણે પ્રતિબિંબને સ્પષ્ટ રીતે જોઈ શકતા નથી.

સકુરાનંદ અને અદ્‌ભુતાનંદનું હૃદયપરિવર્તનની બાબતમાં મને સ્પષ્ટપણે લાગે છે કે તે આ થિયરી પ્રમાણે જ થયું છે. કારણ કે દરેક ગતિ વર્તુળમાં જ છેવટે પરિણમે છે. એક પથ્થરને જો અવકાશમાં ફેંકવામાં આવે અને જો તેને કશો અવરોધ ન નડે, જો એટલો કાળ જીવન ટકી રહ્યું હોય, તો તે પથ્થર અંતે બરાબર તે જ રીતે હાથમાં પરત આવવાનો ! વીજશક્તિ ડાયનેમોમાંથી ઉત્પન્ન થઈને વર્તુળ કરીને પુનઃ ડાયનેમોમાં જ પરત આવે છે. ગતિને કારણે જ શક્તિ શક્તિમાં રૂપાંતરિત થાય છે. ધિક્કાર અને પ્રેમની બાબતમાં પણ એમ જ છે. તે જ્યાંથી નીકળે ત્યાં પાછાં આવવાના જ ! જે ધિક્કાર કે પ્રેમ મનમાંથી નીકળ્યો, તે લાંબે ગાળે કે તુરત જ પણ પરત આવે જ છે અર્થાત્ પ્રેમ દર્શાવવામાં આવે તો પ્રેમનું વર્તુળ પૂર્ણ કરીને જે તે વ્યક્તિની પાસે પરત આવવાનો જ છે. પ્રેમના બદલામાં પ્રેમ અને ધિક્કાર કે દ્વેષના બદલામાં દ્વેષ અને ધિક્કાર જ મળે છે.

મારા આ વિચારોને આધારે હું કહી શકું કે મારો આ સમગ્ર અનુભવ આ સનાતન સત્યનું જ નિર્દેશન છે. મનના જેવા વિચારો, મનની જેવી ઇચ્છા કે આકાંક્ષાઓ, તેવી જ પરિસ્થિતિઓ નિર્માણ થતી રહે છે. આ સંદર્ભમાં માધવાનંદજી ઘણી વાર કહે છે, ‘ઈશ્વર બધાંની ઇચ્છાઓ પૂરી કરે જ છે, અલબત્ત આ ઇચ્છાઓ અન્યને નુકસાનકર્તા ન હોવી જોઈએ. કારણ કે દરેક ઇચ્છાઓ વર્તુળાકારે પાછી ફરી વ્યક્તિ તરફ જ આવતી હોય, અન્યને નુકસાનકારક ઇચ્છા વ્યક્તિને પોતાને જ નુકસાન કરે છે.’

ઉપરાંત મારા કાર્યમાં મને સહાય તથા રક્ષણ મળતા રહ્યા એ પણ મારા દઢ મનની જ સહાય હતી. અન્ય દ્વારા મળતી ભૌતિક મદદ એ જ એક માત્ર સહાય નથી. શરીરની કોઈ પ્રવૃત્તિ કે ક્રિયા કર્યા વગર પણ, એક દઢ મન બીજા મનને મદદ પણ કરી શકે છે. આવી જ મદદ મને નિર્દિષ્ય યોગીઓ દ્વારા જ મળી હતી. સકુરાનંદવાળા પ્રસંગે ખાસ કરીને શિવાનંદ સરસ્વતી જેના દર્શન મને માધવાનંદજીએ નદી કાંઠે સ્થિત તેમની સમાધિ પાસે રાત્રે કરાવેલનું રક્ષણ મને મળેલું !

રાત્રે અથવા નવરાશની પળોમાં સૂતા સૂતા હું ચિંતન અથવા આધ્યાત્મિક વિચારો કરતો રહું છું.

શિવાનંદ સરસ્વતીજીની યાદ આવતા દરવાજો ખોલી, નદીના સામે કાંઠે, ચંદ્રના શુભ પ્રકાશમાં શ્વેત જણાતી સમાધિના આજે મેં દર્શન કર્યાં હતાં, ગોખમાં સહેજ ચમકારાના સ્વરૂપે જ્યોત પ્રગટ થઈ અને ક્ષણમાત્રમાં વિલીન થઈ ગયેલી. જિંદગીના મારા આ ધન્ય અનુભવથી હું મનોમન આનંદિત થઈ ઊઠ્યો. દિવસો આ રીતે પસાર થઈ રહ્યા હતા. સવાર, બપોર, સાંજ... બસ ચિંતન અને આનંદ !

આજે પણ ધન્ય જીવનની આહ્‌લાદકતા હું માણી રહ્યો હતો. ત્યાં જ એ આનંદમાં વિક્ષેપ પડ્યો. દરવાજો ખોલી દાનબાપુ અંદર પ્રવેશી બોલ્યા, 'નીચે બાપુ તમને યાદ કરે છે.' કહીને જતાં રહ્યાં. કોઈ જરૂરી કામ-પ્રસંગ હોય તો જ બાપુ યાદ કરે, સમજી હું નીચે આવ્યો. ધૂણા પાસે માધવાનંદજી પાસે વિદ્યુત બોર્ડના ડેપ્યુટિ ઇન્જીનિયર તરીકે નોકરી કરતા રાઠોડ સાહેબ બેઠા હતા. હું પણ તેની પાસેના આસન પર બેસી ગયો, તુરત જ માધવાનંજીએ મને ઉદ્દેશીને કહ્યું, 'આ સાહેબને તો તમે ઓળખો જ છો. એમના પુત્ર રોહિતને શરીરે ગાંઠો ઊપસી આવી છે. ડૉક્ટર્સ ઘણા બદલાવ્યાં છતાં, પણ દર્દમાં ફરક પડતો નથી. મેં તેમને આશ્વાસન આપતા કહ્યું છે કે, રાવલ સાહેબ ઈલાજ કરી શકે તેમ છે. એટલા માટે તમને બોલાવ્યા છે !'

સાંભળીને નવાઈ પામી હું વિચારમાં પડી ગયો. હું કઈ રીતે આમાં મદદ કરી શકું ? હું કોઈ ડૉક્ટર, વૈદ્ય, હકીમ તો છું જ નહિ ! હું મનમાં વિચારી રહ્યો હતો, ત્યાં માધવાનંદજી બોલ્યા,

'કેમ, એટલી વારમાં જ તમારી યાદશક્તિ નબળી પડી ગઈ ? તમારી પાસે તો દરેક દર્દની અદ્‌ભુત દવા છે, ભૂલી ગયા ?'

'અદ્‌ભુત' શબ્દ સાંભળતાં જ મને અદ્‌ભુતાનંદજીએ આપેલી જડીબુટ્ટીની યાદ આવી ગઈ ! જેના વિશે હજુ સુધી મને વિચાર જ આવ્યો ન હતો ! સકુરાનંદના આવાસ તરફ પ્રયાણ કરતી વખતે અદ્‌ભુતાનંદજીએ જડીબુટ્ટી આપતા મને કહેલું તે યાદ આવ્યું.

'દરેક દર્દ માટે આ ઔષધિ અકસીર છે. પથ્થર પર સહેજ ઘસી, તેનો લેપ દર્દીના શરીર પર લગાવવાથી અથવા પીવડાવવાથી દર્દ મટી જાય છે, પરંતુ વિવેકબુદ્ધિ વાપરીને ઉપયોગ કરવો.'

માધવાનંદજીની સંજયદૃષ્ટિમાં આ બધું છે, તે વાત સમજાઈ જતાં મેં જવાબ આપ્યો, 'ભલે, આપની આજ્ઞા છે તો ઉપચાર કરી જોઈએ !'

'મારી આજ્ઞા નહિ, પરંતુ તમારી ઇચ્છા છે. તમને મળેલ અમૂલ્ય વસ્તુનો શુભકાર્ય કરવા અર્થે ઉપયોગ કરવાની પ્રારંભ થાય !' જવાબમાં હું મૌન રહ્યો, માધવાનંદજીએ રાઠોડ સાહેબને આશ્વાસન આપતા કહ્યું, 'બસ, ત્યારે આવતી કાલે તમારે ઘરે જ ઔષધ આપી ઉપચાર થશે, દર્દ તો મટી જશે. બાકી 'હરિ ઇચ્છા બળવાન' અત્યારથી ચિંતા કરશો નહિ !'

થોડી વાર બેસી, ખુશ થઈ સાહેબે વિદાય લીધી. તેમના જતાં માધવાનંદજીએ તેમનો વધુ પરિચય આપતા કહ્યું,

'રાઠોડ સાહેબ બહુ દયાળુ અને દાનેશ્વરી છે. જગ્યામાં શિવરાત્રિના મેળા વખતે જે અન્નક્ષેત્ર શરૂ થાય છે, તે એમની પ્રેરણા અને પૈસાથી થાય છે, એટલા માટે મેં તમને કહ્યું છે !'

'આપ જે કરો અથવા કહો તે સર્વથા સારા માટે જ હોય છે. યોગ્ય રાહે જવાનું તેમાં ગર્ભિત સૂચન હોય છે. તેથી મને પૂર્ણ શ્રદ્ધા છે કે, આમાં પણ મારા માટે કોઈ ઉપદેશ હશે. તો કાલે ક્યારે જવું તે પણ મને જણાવો.' મેં કહ્યું.

'કાલે મધ્યાહ્ન પહેલાં ગમે ત્યારે.' થોડી વારે મૌન તોડતા તેમણે પુનઃ કહ્યું.

'સરળ હૃદયના સંત-સાધુને દૈવીસિદ્ધિ અથવા પરોપકારના સાધનો તેમના તપ તથા સાધનાના પ્રભાવથી મળતાં જ હોય છે. વિવેકબુદ્ધિ અને નિષ્કામભાવે, અભિમાન વગર કરવામાં આવે તો આવું કર્મ-બંધન કર્તા થતું નથી; આવું કર્મ જન્મ-મરણના ચક્કરમાં ફસાવતું નથી. નિષ્કામયુક્ત કર્મ-શ્રદ્ધા અને અવરિત ભક્તિ સાધક માટે જરૂરી છે. આમ કર્યા જ કરવાથી સાધકને સતત બળ પ્રાપ્ત થયા કરે છે. જીવન પ્રત્યેનો આવો અભિગમ અને સતત જાગૃતિ તથા સમભાવ તમને રહ્યા કરે માટે તમને કહું છું. જો કે તમને વધુ કહેવાપણું નથી, છતાં 'કર્તાપણા' નો 'અહંભાવ' તમારામાં ભૂલથી પણ પ્રવેશવા ન પામે તે જરૂરી હોવાથી મેં આ તમને કહ્યું છે. દરેક શબ્દો પર ભાર મૂકી આવો બોધ આપી માધવાનંદજી આંખો મીંચી તપોઘોડીના આધારે સ્થિર બની ધ્યાનસ્થ બની ગયા.'

ધૂણામાં અગ્નિ પ્રજ્વલી રહ્યો હતો, મંદ મંદ હવા આવી રહી હતી. જે વાતાવરણમાં કોઈ અનેરી સુગંધ પ્રસરાવી રહી હતી. સર્વત્ર જાણે આનંદ અને ઉલ્લાસનું પ્રકાશિત વાદળ છવાઈ ગયું હતું. જીવ અને જગત જાણે એકરૂપ થઈ ગયાં હતા, જડ અને ચેતન પદાર્થો, અરે જે કશું પણ દૃષ્ટિગોચર થતું હતું, અંગરૂપ હોય તેવી અનુભૂતિ થતી હતી. સર્વત્ર જાણે 'હું' છવાઈ ગયો હતો. જગ્યાનો આ પ્રભાવ હતો અથવા માધવાનંદજીની સમાધિ દ્વારા વહેતી સંવેદનાના આ સ્પંદનો હતા.

આનંદની મસ્તીમાં હું નાહી રહ્યો હતો, ત્યાં જ જાણે મને કોઈ કહી રહ્યું હોય તેવો ભાસ થવા લાગ્યો. થોડી વારે સ્પષ્ટ થયું. માધવાનંદજી સમાધિ દ્વારા મને માનસિક સંદેશો આપી રહ્યા હતા.

'હવે વધુ સમય અહીં નહિ બેસો. હાથ-પગ ધોઈ રૂમ પર જઈ થોડું ધ્યાન કરો. કલાક પછી આવો. ઊઠો 'જય બ્રહ્મેશ્વર' !'

કેવો અદ્ભુત અનુભવ, હું ધન્યતા અનુભવી રહ્યો.

સૂચન મુજબ હાથ-પગ સારી રીતે ધોઈ, રૂમ પર જઈ પિતાંબરી તથા ઉપવસ્ત્ર ધારણ કરી, દર્ભાસન પર સંધ્યાવંદન કરી હું ધ્યાનમાં બેસી ગયો. હૃદયમાં બટુકભૈરવના સ્વરૂપને પ્રસ્થાપિત કર્યું. ધ્યાનમાં મારી ચોતરફ શીતળ અને તેજસ્વી ચાંદી જેવો પ્રકાશ પથરાઈ રહ્યો.

ધ્યાનમાં લગભગ કલાક પસાર થઈ ગયો હશે. ધીમે ધીમે પ્રકાશ ઓછો થતાં માત્ર સ્વચ્છ હૃદયાકાશ વિલસી રહ્યું. ધ્યાન પૂર્ણ થયાનો આ નિર્દેશ હતો. ધ્યાનાવસ્થા પૂરી થતાં હું સ્વાભાવિક માનસિક અવસ્થામાં આવી ગયો. થોડી વાર શાંતિથી બેસી રહી સત્ત્વગુણનો અનુભવ કરી રહ્યો હતો. ત્યાં જ દાનબાપુના શબ્દો કાને પડ્યા, 'મધ્યાહન ભોજનનો સમય થઈ ગયો છે. અન્ય સેવકો અને મહેમાનો સાથે બાપુ રસોઈ ઘરની પરસાળમાં બેસી તમારી રાહ જોઈ રહ્યા છે !'

'ભલે, આવું છું.' કહી, દાનબાપુ જતાં મેં વસ્ત્રો બદલી જવાની તૈયારી કરી. આચમન લઈ, પૂજાના વસ્ત્રો યથાસ્થાને મૂકી, જોગણિયા તથા રેવતાચલ પર્વતના બારીમાંથી દર્શન કરી હું ભોજન માટે નીચે આવ્યો. રસોઈઘરની પરસાળમાં આઠ-દસ સેવકો અને અતિથિસાધુઓ સાથે હસતા ચહેરે માધવાનંદજી વાતો કરી રહ્યા હતા. મને જોઈ તેની બાજુમાં ખાલી આસન પર બેસવાનું સૂચન કર્યું: ભોજન પીરસાઈ ગયું, એટલે ઉપસ્થિત સાધુઓએ ભોજનની બધી જ વાનગીઓ એક જ પાત્રમાં-થાળીમાં ભેગી કરી, આરોગતા પૂર્વે મંત્રોચ્ચાર કર્યો,

'બ્રહ્માર્પણમ બ્રહ્મહવિ બ્રહ્માગ્નો બ્રહ્મણાહુતમ
બ્રહ્મમેવ તેન ગંતવ્યં બ્રહ્મકર્મ સમાધિના
ૐ તત્ સત્ બ્રહ્માર્પણમ્ ૐ શાન્તિઃ શાન્તિઃ'

ભોજન પતાવી હું પરસાળની બહાર મેદાનમાં ટહેલી રહ્યો હતો, ત્યાં જ માધવાનંદજીએ મારી નજીક આવી કહ્યું,

''વામકુક્ષી' કરી લો, સાંજે 'વોકીંગ'માં નીકળો ત્યારે કાશ્મીરી બાપુના આશ્રમે જતાં આવજો. કાશ્મીરી બાપુ દર્શન કરવા જેવા પવિત્ર અને સિદ્ધ મહાત્મા છે. વળી ત્યાં જવાથી રસ્તામાં તમને નવા અનુભવોનો લાભ મળશે.' કહીને પગ ઉપાડતા બોલ્યા, 'હવે મોડી રાત્રે મળશું, જય બ્રહ્મેશ્વર !' ને ચાલતા થયા.

'શું આપ બહાર જવાના છો ?' જિજ્ઞાસાવશ મેં પૂછ્યું.

'નહિ, હું મારા કમરામાં જ હોઈશ, પરંતુ બને ત્યાં સુધી મને મળવાનું રાખશો નહિ !' કહી માધવાનંદજી ઝડપથી પોતાના કમરામાં જતા રહ્યા.

જો મને પૂર્વ અનુભવ ન હોત તો માધવાનંદજીનું વર્તન મને જરૂર વિચિત્ર લાગત. હવે સમજી શકું છું કે, અભણ અને વિચિત્ર લાગતા સાચા સાધુનાં વર્તન પાછળ કોઈ

ચોક્કસ હેતુ સમાયેલો હોય છે. એકાંતસેવન સાધુઓ માટે જરૂરી હોય છે. સામાન્ય અને અજ્ઞાની લોકો તેમને ખલેલ ન પહોંચાડે એટલા માટે તેઓ કૃત્રિમ ક્રોધ પણ કરે છે, ક્યારેક બિભત્સ લાગતી ગાળો બોલીને પણ લોકોને ભગાડે છે, પરંતુ સાત્ત્વિક લોકોની સાથે તેમનું વર્તન સૌમ્ય હોય છે.

જમીને પરવારેલા સાધુઓને દાનબાપુએ ભેટ-પૂજાના રૂપમાં દક્ષિણા આપી વિદાય કર્યા. જગ્યાધારી સાધુઓએ અતિથિરૂપે આવેલાં સાધુઓને જમાડી યથાશક્તિ અને સાધુઓની કક્ષા પ્રમાણેની દક્ષિણા આપવી પડે છે. આવો સાધુ-સમાજનો નિયમ છે.

ઉપર રૂમ પર આવી મેં પથારીમાં લંબાવ્યું. ડાબી-જમણી બાજુની બારીઓમાંથી જોગણિયા અને રેવતાચલ પર્વતના વૃક્ષો પવનથી ડોલી રહ્યા હતા. કરમદાની મીઠી સોડમ આવી રહી હતી. નયનરમ્ય સૌંદર્ય માણતા માણતા મારી આંખો ઘેરાવા લાગી, હું આંખો મીંચીને સૂઈ ગયો.

એકાદ કલાક હું ઊંઘ્યો હોઈશ, પરંતુ મને લાગ્યું કે કોઈકે મને જાણે ઊંઘમાંથી ઊઠાડ્યો છે. જાગીને જોયું તો આજુબાજુ કોઈ હતું નહિ. મને નવાઈ લાગી નહિ, કારણ કે અહીં બનતા બધાં બનાવો પાછળના હેતુઓ હંમેશાં સારા અને સુખદ હોય છે, જેનું રહસ્ય ક્યારકને ક્યારેક આપોઆપ સમજાઈ જાય છે. માટે જ હવે હું લાંબો વિચાર કર્યા વગર દરેક બાબતને સ્વાભાવિક રીતે બનતી ઘટના તરીકે સ્વીકારી લઉં છું અને હવે મને ખ્યાલ પણ આવી ગયો હતો કે, અહીં હું સંપૂર્ણ સ્વતંત્ર હોવા છતાં કોઈ ગૂઢ શક્તિની પ્રેરણા મુજબ કાર્ય કરી રહ્યો છું. પવિત્ર ગિરનારને જાણવાની અને માણવાની મારી તીવ્ર ઇચ્છા છે અને તે માધવાનંદજીની કૃપાથી હું પૂરી કરી રહ્યો હતો. જે માટે માધવાનંદજીના શબ્દોમાં મારે અત્યંત 'ધીરજ !' ધારણ કરી રાખવાની હતી. 'સમયની પૂર્વે અને ભાગ્યથી વધારે ક્યારેય કશું પ્રાપ્ત થતું નથી !' આ તેમના શબ્દો મેં બરાબર યાદ રાખ્યા છે.

નીચે ઊતરતાં જ દાનબાપુ સામે મળ્યા. બોલ્યા,

'સારું થયું તમે વહેલાં ઊઠી ગયા. આ ગાયોને ખીલે બાંધી થોડી વારમાં જ હું બાપુનો સંદેશો કહેવા માટે ઉપર આવવાનો હતો. ચા-પાણી પીને તૈયાર થઈ જાવ, આપણે ચાર પહેલાં જ નીકળવાનું છે !'

'એટલે - શું તમે પણ સાથે આવવાના છો !' ખુશ થતાં મેં પૂછ્યું.

'હા, બાપુની આજ્ઞા છે. આશ્રમ દૂર છે અને રસ્તો તમારાથી અજાણ છે, પાછા વળતા કદાચ અંધારું પણ થઈ જાય, એટલે !'

'એટલે, આપણે વહેલાસર નીકળી જવાનું છે. એમ જ ને ?' તેમની વાતને હસીને પૃષ્ટિ કરતાં મેં કહ્યું.

'હા, પરંતુ માત્ર એ એક જ કારણ નથી. બાપુએ કહ્યું છે કે, કાશ્મીરી બાપુ સાડા પાંચે બહાર જવા નીકળવાના છે, તેમના દર્શન થઈ શકે માટે તેમના જતાં પહેલાં પહોંચવું પણ જરૂરી છે.' કહી તેઓ ગાયો બાંધવા જતા રહ્યા.

હું મનોમન વિચારી રહ્યો. કાશ્મીરી બાપુના માત્ર દર્શન જ થઈ શકશે. તો પછી પાછા ફરવામાં મોડું થવાનો કોઈ પ્રશ્ન જ નહિ રહે. અંધારા પૂર્વે જ વળી શકાશે, પરંતુ માધવાનંદજીનું આવું સૂચન છે, તો જરૂર મોડું થશે જ ! કારણ ભલે ગમે તે હોય, પરંતુ ત્યાં રોકાવું તો પડશે જ ! ખેર, દાનબાપુ સામેથી આવી રહ્યા હતા. મારાથી અનાયાસ પુછાઈ ગયું,

'તમે મારી સાથે આવી રહ્યા છો, તે મારા માટે ઘણી સારી વાત છે, પરંતુ અહીંના કામનું શું ?'

'એની કોઈ ચિંતા નથી. બાપુ રાત્રે જમતા નથી. બાકીના જે સાધુઓ છે, તેને આજે અંધારી ચૌદશ-શિવરાત્રિનો ઉપવાસ છે. ફલાહાર તૈયાર કરી ઢાંકી રાખેલ છે, અશોકને બધું સમજાવી દીધું છે. તમે ઝડપથી તૈયાર થાવ, પછી આપણે નીકળીએ. તમારે કશું સાથે લેવાની જરૂર નથી, જરૂરી વસ્તુઓ ભરી મેં નાનો થેલો તૈયાર કરી રાખ્યો છે.'

તૈયાર થઈ હું દરવાજે આવ્યો, દાનબાપુ રાહ જોઈને જ ઊભા હતા. અમે પ્રયાણ કર્યું, ત્યારે ચાર થવા આવ્યા હતા.

રસ્તો કાંટાળો અને ચઢાણવાળો હતો, ચાલવું મુશ્કેલ પડે તેવા કાળમીંઢ નાના મોટા પથ્થરો વટાવવા પડતાં હતા. બન્ને બાજુ ગીચ જંગલ હતું, રાયણ, ટીંબરુ, કરમદાં જેવા ફળો તથા જુદા જુદા વૃક્ષોના ફૂલોની સુગંધ મનને તરબતર કરી દેતી હતી. કપરું ચઢાણ હતું, તેથી પરિશ્રમને કારણે થતી ગરમી અને પસીનાનો અનુભવ અકળાવી રહ્યો હતો, પરંતુ ક્યાંક ક્યાંક થોડી ખુલ્લી જગ્યા આવતા પવનની શીતળ લહર શરીર મનને પ્રફુલ્લિત કરી દેતી હતી. ક્યાંક ક્યાંક કોઈ સાધુએ રાતવાસો કરી ધૂણી પેટાવી હોય તેવાં એંધાણ વર્તાય આવતા હતાં, મન પ્રફુલ્લિત બની ગયું હતું.

મને લાગતું હતું કે જાણે આ જગ્યાએ હું ક્યારેક આવ્યો છું, ક્યારેક રહ્યો છું ! આ બધું મારું જાણીતું હોય તેમ મને લાગતું હતું. આ પર્વતો, આ વૃક્ષો સાથે જાણે મારે જન્મજન્માંતરનો સંબંધ હોય તેવું મહેસૂસ થતું હતું. દૂર દૂર પર્વત કે ટેકરીની દેખાતી ટોચ જોઈને હૃદયમાંથી ન સમજાય એવી ચીખ નીકળી જતી હતી. દોડીને એ ટોચ પર ચડી જવાનું મન થતું હતું. લાગતું હતું કે આ સમગ્ર દશ્યને મારી બાહુમાં સમાવી લઉં ! આ ગિરનારની ધરતી પર આળોટું, સર્પની જેમ ગીચ ઝાડીઓમાં ઘૂસી જાઉં !

બસ આનંદ... આનંદ ને આનંદ હું અનુભવી રહ્યો હતો. હું વિચારતો હતો. આટલો

આનંદ મને શા માટે થઈ રહ્યો છે ? શું આ પ્રકૃતિની દેન છે, કે પછી સ્થાવર-જંગમ પદાર્થોમાં રહેલાં પરમ્ આત્મા સાથે મારા આત્માનું અનુસંધાન છે ! લાગતું હતું કે, મારા સહિત સર્વત્ર એક જ ચૈતન્ય વિલસી રહ્યું છે, જે હું છું, તે જ આ બધું છે. જાણે મારું જ સ્વરૂપ છે ! આકાશ, પૃથ્વી, વૃક્ષો, પર્વતો, ઘાંસ, પુષ્પો, ગુંજન કરતાં ભમરાઓ, મધમાખીઓ, જીવજંતુઓ સાથે હું ઐક્ય અનુભવી રહ્યો હતો, તદાકાર થઈ રહ્યો હતો. ચાલતા ચાલતા હું સમાધિમાં સરકી રહ્યો હતો. ત્યાં જ દાનબાપુના શબ્દોએ વિક્ષેપ પાડી મને જાગૃત કર્યો, 'સાવધાન... નારાયણ ! હમણાં તમારા પગ પાસેથી શું પસાર થઈ ગયું ખબર પડી ?' પછી હાથ પહોળા કરી હસીને બોલ્યા, 'કાળોતરો મોટો નાગ !'

'નારાયણ... નારાયણ... !' હું હસીને બોલ્યો, 'નારાયણ, હું સર્પ પણ નારાયણ તમે પણ નારાયણ... પછી ડરવાની શી જરૂર ?'

સાંભળી દાનબાપુ મોટેથી ખડખડાટ હસી પડ્યા. બોલ્યા :

'બધું જ નારાયણ... એ સાચું, પરંતુ ઈશ્વરે દરેક જીવોને પોતપોતાના ધર્મો, સ્વભાવ અર્થાત્ પ્રકૃતિ આપી છે, એ પ્રમાણે ઈશ્વર પોતે જ જીવમાં પ્રવેશ કરી જીવ પાસે તેના ધર્મ અને પ્રકૃતિ દ્વારા કર્મ અર્થાત્ વર્તન કરાવે છે. નારાયણ-સર્પનો સ્વભાવ કરડવાનો છે, તો તમારી અંદર રહેલા 'નારાયણે' તેનાથી બચવાનું છે. સાવચેત રહેવું તે તમારો ધર્મ છે. બાકી બધામાં નારાયણ વિદ્યમાન છે જ, બધી તેની જ માયા છે. ઈશ્વર કહે છે, 'સર્પમાં રહીને હું જ કરડું છું અને વૈદ્ય બનીને હું જ તેનું ઝેર ઉતારું છું. સર્પનો ધર્મ-પ્રકૃતિ કરડવાની છે અને વૈદ્યનો ધર્મ ઝેર ઉતારવાનો છે !''

દાન બાપુને આટલું જ્ઞાન છે, તે જાણી મને આશ્ચર્ય થયું. પુનઃ અમારી વચ્ચે મૌન છવાયું હતું. સાવધ બનીને ચાલવાનું મને યોગ્ય લાગતા હું દાનબાપુ સાથે ધીમે ધીમે આગળ વધી રહ્યો હતો. ત્યાં જ મૌન તોડતા દાનબાપુએ હાથનો એક તરફ ઇશારો કરતાં મને કહ્યું,

'આ જમણી બાજુએ જે કેડી જાય છે તે રસ્તે જતાં થોડા અંતર પછી 'બકરી બાપુ'ની જગ્યા આવે છે !'

'બકરી બાપુ !' નવાઈ પામી હું બોલ્યો, 'શું બકરી પણ સાધુ છે ?' દાનબાપુ મોટેથી હસી પડ્યા. જવાબ સાંભળવાની આતુરતા સાથે હું તેમના નિર્દોષ અને મુક્ત હાસ્યને પ્રસન્નતાથી વંદી રહ્યો. આવું સુંદર હાસ્ય શુદ્ધ હૃદયના સાધુમાં જ સંભવી શકે ! હસતા હસતા દાનબાપુએ સ્પષ્ટતા કરી, 'નારાયણ ! આ બાપુ કોઈ બકરી નથી, મનુષ્ય જ છે ! પરંતુ ભોજનમાં માત્ર વનસ્પતિના પાનનો જ આહાર કરે છે, પરંતુ તે હાથથી તોડીને નહિ, ડાળ પરના કૂણાં પાંદડા સીધા જ મોઢામાં લઈને. મોઢેથી જ તોડીને, બકરીની જેમ ! એટલા માટે બધા તેને બકરી બાપુ કહે છે.

દર્શન કરવા લાયક મહાત્મા છે. કોઈ સાથે વાતચીત કરતા નથી. ઉંમર પણ કેટલી છે, તે કોઈ જાણતું નથી. વર્ષોથી તે અહીં જ રહે છે. બે મોટા પથ્થર પર ઘાંસ ઢાંકી રહેણાક જેવું કોઈએ બનાવી આપ્યું છે. તેમાં મૌન બની બેસી રહે છે, ત્યાં જનાર ભાગ્યે જ કોઈને દર્શન આપે છે. પ્રયત્ન કરવા છતાં કોઈને તેના વિશે કશી જ માહિતી મળતી નથી. કોઈ સાચા સાધક કે સંતને જ તે મળે છે. આવા સંતો દ્વારા સંભળાય છે કે, તેમની ઉંમર પંચોતેર વર્ષની છે. આપણે ક્યારેક જશું, તેમની કૃપા હશે તો દર્શન પણ થશે !'

'વળતા જઈએ તો ?' મેં આગ્રહના સ્વરમાં કહ્યું.

'શક્ય નથી. સમય જ નહિ રહે. મોડું થતાં અંધારું થઈ જશે, પરંતુ તમારે સાવ નિરાશ થવાની જરૂર નથી. થોડી વારમાં જ આપણને એક 'હઠયોગી'ના દર્શન થઈ શકશે. એ કશું બોલતા નથી. 'અવધૂત' અવસ્થામાં રહે છે. આવા અવધૂત એટલે શરીરની સ્વચ્છતા પ્રત્યે બેદરકારી દાખવતા 'અઘોરી' જે હઠપૂર્વક શરીરને કષ્ટ આપી અર્થાત્ તપ દ્વારા જ્ઞાન અને ઈશ્વર પ્રાપ્તિના પ્રયત્નો કરે છે !'

થોડું ચાલ્યા પછી સપાટ મેદાન આવ્યું. ચારે તરફ કાળા પથ્થરની મોટી મોટી શિલાઓ પથરાયેલી હતી. એક મોટી શિલાથી થોડે દૂર કાળા પથ્થર નીચેથી પાણીની સરવાણી નીકળી રહી હતી અને તેનો પ્રવાહ થોડા અંતરે જઈ મોટા ઘૂનાના સ્વરૂપમાં સ્થિર થઈ ગયો હતો. ઘૂનો ખૂબ ઊંડો હોય તેમ લાગતું હતું. નવાઈની વાત તો એ હતી કે, ઘૂનામાં પાણીની આવક હોવા છતાં ઘૂનાની બહાર પાણીનો પ્રવાહ આગળ વધતો ન હતો. બધું જ પાણી ઘૂનામાં સમાઈ જતું હતું.

'આમાં બે મોટા મગરમચ્છ વર્ષોથી નિવાસ કરે છે. ક્યારેક કાંઠે ખુલ્લી હવામાં બેસે છે, પરંતુ હજુ સુધી કોઈ માણસને નુકસાન કર્યું નથી !' દાનબાપુએ માહિતી આપતા કહ્યું, 'દેવતાય મગરો છે !'

પાણીના ઘૂનાને રાઉન્ડ લઈ અમે સામે કાંઠેની પથરાળ ભેખડ તરફ આગળ વધ્યા. ભેખડ ઉપર આડી-અવળી, મોટી અને ગોળ તથા ખાસ્સી ઊંચાઈ ધરાવતી શિલાઓ તપસ્વી-યોગીઓની જેમ જુદી જુદી જગ્યાએ અને અંતરે પડેલી હતી. અમે એ ઊંચી શિલાઓ વચ્ચેથી આગળ વધી રહ્યા હતા. કુદરતની આ અલૌકિક રચનાને હું મુગ્ધ બનીને નીહાળી રહ્યો હતો, ત્યાં દાનબાપુએ મારો હાથ પકડી ઊભો રાખી, સામેની દીશા તરફ મારું ધ્યાન દોર્યું. મેં તેમણે દર્શાવેલી જગ્યા તરફ નજર કરી તો પ્રથમ કશું ન દેખાયું, પરંતુ દૃશ્ય જ્યારે નજરે પડ્યું ત્યારે જેમ જે વસ્તુ જોવાની અને માણવાની તીવ્રતમ ઇચ્છા હોય અને એ જ વસ્તુ અચાનક સામે આવે ત્યારે જેવો આનંદ થાય, તેવા આનંદથી હું રોમાંચિત થઈ ઊઠ્યો.

સામે ઊંચી જગ્યા પર ત્રણ શિલાઓની વચ્ચે એક નગ્ન માનવઆકૃતિ પદ્માસન વાળીને બેઠી હતી ! શરીર જાણે ચોખ્ખું હાડપિંજર ! જાણે ચોંટી રહી હોય તેવી ચામડીની નીચેના હાડકાંઓ તથા ગણી શકાય તેવી પાંસળીઓ સ્પષ્ટ દેખાઈ રહી હતી. માથે વેરવિખેર લાંબા ભૂખરા વાળ, કાળું ડિબાંગ શરીર, ઊંચા વિશાળ કપાળની નીચે અપલક મોટી ચમકતી બે આંખો, સમગ્ર ચહેરો સ્થિર-સપાટ-ગંભીર અને નિઃસ્પૃહ, ગોઠણ પર ટેકવેલો તેનો એક હાથ 'જ્ઞાનમુદ્રામાં' અને બીજો હાથ મુઠ્ઠી વાળેલો હતો. મટકું માર્યા વગર સ્થિર નજરે બેઠેલા તે યોગીને હું જોઈ રહ્યો. તેના સમગ્ર શરીર પર ફરી રહેલી મારી દૃષ્ટિ તેના મુઠ્ઠી વાળેલા હાથ પર સ્થિર થઈ, તો હું આશ્ચર્યચકિત થઈ ગયો. મુઠ્ઠી વાળેલા તેના હાથની આંગળીઓના નખ હથેળી વીંધીને લગભગ એક ઈંચ જેટલા બહાર નીકળી ગયા હતા ! વર્ષોથી જાણે મુઠ્ઠી બંધ હોય અને નખ વધતા વધતા હથેળી વીંધીને બહાર નીકળી ગયા હોય, તેવું સ્પષ્ટ અનુમાન હું કરી રહ્યો !

હું આભો બની શાંતચિત્તે તે હઠયોગીના દર્શન કરી રહ્યો હતો. દાનબાપુએ મારો હાથ પકડી મને આગળ ચલાવ્યો. નાક પર આંગળી ધરી મને મૌન રહેવાનો સંકેત કર્યો, કેડીએ કેડીએ આગળ વધી અમે યોગીના આસન નજીક પહોંચ્યા. સાવ નજીક પહોંચ્યા પછી લગભગ અમે બન્નેએ હાથ જોડી એકી સાથે મોટેથી 'ૐ નમોઃ નારાયણ' કર્યા. સામેથી કોઈ જ પ્રતિભાવ ન મળ્યો. બસ એ જ સ્થિતિમાં અપલક, સ્થિર નેત્રોથી યોગી જાણે અગોચરમાં કશુંક નિહાળી રહ્યા હતા, ચહેરા અને આંખોમાં કોઈ પણ જાતના ભાવ જોઈ શકાતા ન હતા, જો આંખો ચમકતી ન હોત તો નિર્જીવ દેહ જ લાગત !

અમે દૂરથી જમીન પર મસ્તક ટેકવી પ્રણામ કર્યા, તો યોગીએ જમણો હાથ સહેજ ઊંચો કરી અમને આશીર્વાદ આપ્યા હોય તેવું લાગ્યું. દાનબાપુએ થેલામાંથી બે સફરજન, ચીકુ તથા કેળા કાઢી યોગીના ચરણોમાં મૂક્યા, ફરી પ્રણામ કરી સ્વીકાર કરવા વિનંતી કરી. મેં પણ તેમ જ કર્યું, તુરત જ યોગી તરફથી પ્રતિભાવ મળ્યો હોય તેમ તેમનું શરીર હલ્યું. આંખો અમારા તરફ મંડાઈ. ફળોમાંથી એક ચીકુ લઈ બાજુ પર મૂકી દીધું. બાકીના ફળો હાથથી હડસેલીને દૂર કરી, હાથના ઇશારાથી પાછા લઈ લેવાનું સૂચન કર્યું. બસ, આટલો જ પ્રતિભાવ, યોગી પુનઃ એ જ સ્થિર દૃષ્ટિ કરી એ જ સ્થિતિમાં બેસી ગયા. બાકીના ફળોને પ્રસાદીરૂપ સમજી દાનબાપુએ પાછા લઈ લીધા. તુરત જ યોગીએ એક હાથના ઇશારાથી અમને જતા રહેવાનું સૂચન કર્યું !

રસ્તામાં ચાલતા દાનબાપુએ કહ્યું, 'મહાત્માએ આપણા પર કૃપા કરવા જ એક નાના ફળનો સ્વીકાર કર્યો. સાધુઓ અપરિગ્રહિ હોય છે, જરૂર કરતાં વધારે સંગ્રહ કરતાં નથી. કદાચ એ ફળ પણ પક્ષીઓને ખવડાવી દેશે.'

'પરંતુ તેમના નખો હથેળી વીંધીને બહાર નીકળી ગયા ત્યાં સુધી મુઠ્ઠી ખોલી જ નહિ હોય ?' મેં જાણવાની ઉત્સુકતાથી પૂછ્યું.

'નહિ !' દાનબાપુએ જવાબ આપતા કહ્યું, 'આનું જ નામ હઠયોગી !' હઠયોગી શરીરને ભયંકર કષ્ટ આપી તપ કરે છે. એ તપ દ્વારા જ તેઓ સિદ્ધ થઈ શકે છે, પરંતુ આ મહાત્માની બાબતમાં એક વાત સંભળાય છે કે, તેની મુઠ્ઠીમાં નાનું શિવલિંગ છે. જે તેમના ગુરુએ તેમને પ્રસાદીરૂપે આપેલ છે. લિંગ સાચવવા કે જાળવી રાખવા તેમની પાસે વસ્ત્ર જેવું સાધન પણ ન હોય, વર્ષોથી મુઠ્ઠીમાં દબાવીને રાખેલ છે. મુઠ્ઠી સખત રીતે વાળેલી હોય, તેમના નખ વધતાં વધતાં હથેળીની બહાર નીકળી આવ્યા છે.

આ મહાત્માનું નામ કે ઉંમરની કોઈને ખબર નથી. તેમના દર્શન કરવા એ જ જ્યાએ ગમે તેટલું રખડો તો પણ એમના ચિન્હો સુધ્ધાં જોવા ન મળે.' થોડી વાર અટકી, મારા ખભ્ભા પર હાથ મૂકી, રહસ્ય જણાવતા હોય તેવા સ્વરમાં પુનઃ બોલ્યા, 'આ ગિરનાર છે. નારાયણ... ! તપસ્વીઓની આ પ્રિય ભૂમિ છે. હજુ તો 'ગિરનારીબાપુ'ના દર્શન તો તમે કર્યા નથી, બાકી...' અધૂરું વાક્ય મૂકી દાનબાપુ બોલતા અટકી ગયા.

'ગિરનારીબાપુ ! અરે, તેમના દર્શન કરવા તો હું અહીં આવ્યો છું. તમે એમના દર્શન કર્યા છે ? એમના વિશે મેં ખૂબ સાંભળ્યું છે ! એમના એક ખાસ ગૃહસ્થ શિષ્ય પણ કેવદ્રા ગામમાં છે. એમનો મને અંગત પરિચય છે. એમની પાસેથી સાંભળેલી ચમત્કારિક વાતોએ મને તેમના દર્શન માટે ઉત્સુક કર્યો છે !' હું એકીશ્વાસે બોલી ગયો. 'મેં પણ સાંભળ્યું છે, તેમના દર્શન માટે હું પણ ઉત્સુક છું, પરંતુ એમના દર્શન કરવા જવું સહેલું નથી. લગભગ અશક્ય જ છે. 'ૐ ગિરનારીબાપુ'ની કૃપા અને પૂ. માધવાનંદજીબાપુના આશીર્વાદ અને સહકાર હોય તો જ શક્ય બને, કદાચ... !' 'કદાચ' પર ભાર મૂકી તેમણે કહ્યું હતું.

'ક...દા...ચ શા માટે ?' મેં પૂછી નાખ્યું.

'કારણ એટલું જ કે એ કોઈને લગભગ મળતા જ નથી, ઉપરાંત એ સ્થાન અગોચર છે. તેમના નિકટતમ્ શિષ્યો, યોગીઓ અને સિદ્ધ સંતોને જ તેની ભાળ હોય છે. તેમની પાસે પ્રત્યક્ષરૂપે જવાની જરૂર નથી. તે ગમે તેની સાથે દૂર દૂર સુધી વાત કરી શકે છે, દૂરના પદાર્થોને જોઈ શકે છે. સાંભળી શકે છે. જરૂર જણાય ત્યારે એમની સિદ્ધિ શક્તિનો ઉપયોગ કરી તે બધાને જરૂરી વ્યવહારમાં માર્ગદર્શન પણ આપી શકે છે. તેમના શિષ્યો તેમના પ્રભાવના બળે લોકોપયોગી કાર્યો પણ કરી શકે છે.

તેમના શિષ્યો દ્વારા એ રીતે અનેક લોકોના દુઃખ-દર્દ, સમસ્યાઓ હલ પણ થતી રહે છે. એમને મળવાથી તેમના આવા કાર્યોમાં અવરોધ ઊભો થાય છે; એટલે બિનજરૂરી તેમને મળવા જવું તે સમજદાર માણસો માટે ઇષ્ટ નથી. 'જય ગિરનારી'ના સ્મરણ માત્રથી જ ઈષ્ટ અને યોગ્ય કાર્યની સિદ્ધિ થઈ શકે છે !' પછી દાનબાપુ થોડું અટકી

બોલ્યા, 'પરંતુ આ બધા કાર્યો 'ગિરનારીબાવા' તેના 'અંશાવતાર' મારફત કરે છે, તેના દિવ્યશરીરે તે ગિરનારની અંદરના ભાગમાં જ રહે છે. ગિરનારનું જ તે દૈવીસ્વરૂપ છે, પરંતુ અંશરૂપે તે પાર્થિવ સ્વરૂપે શિષ્યોની વચ્ચે પણ રહે છે, જે સ્થાન થોડું ગોચર છે, પરંતુ એ બાવા પણ મળવાનું લગભગ ટાળે છે.' કહી દાનબાપુ અટક્યા, એટલે મેં વાતનો દોર લંબાવતા પુનઃ પૂછ્યું,

'એ વાત બરાબર છે કે, સામાન્ય લોકો કુતૂહલવશ ધસારો કરે છે.' મેં સહમતી દર્શાવતા આગળ કહ્યું, 'મેં સાંભળ્યું છે કે, તેમનું આયુષ્ય સાડા ત્રણસો વર્ષનું છે. ઉંમરને કારણે તેમના માથાના વાળ જતા રહ્યા છે. કોઈ ચોક્કસ જગ્યાએ ગુફાઓમાં તેમના 'નાગા બાવા' શિષ્યો સાથે નગ્નાવસ્થામાં રહે છે.'

'તેમના અંશસ્વરૂપ ગિરનારી બાવા માટે એ બધું સાચું છે, પરંતુ તેમનું જે દૈવીસ્વરૂપ છે, તે તો અનાદિ છે. તેનું ભૌતિક સ્વરૂપ એ જ આ ગિરનાર પર્વત છે, દૈવીસ્વરૂપે તે ગિરનારની અંદર બિરાજમાન છે.' પછી થોડું અટકીને બોલ્યા, 'માધવાનંદજીબાપુ અને તેમના વચ્ચે દિવ્ય અને અંશસ્વરૂપ ઘનિષ્ટ સંબંધ છે, તે અવારનવાર ત્યાં જતા હોય છે !'

'તો માધવાનંદજી મને તેમનાં દર્શન કરાવવાની કૃપા ન કરે ! મારે હવે તેમનાં દિવ્યસ્વરૂપના જ દર્શન કરવા છે.' મેં કહ્યું.

'તમારા માટે માધવાનંદજી તેવી વ્યવસ્થા કરે જ. તમે નિવેદન કરજો, તમારા પર તેની ઘણી કૃપા છે. તે વ્યવસથા કરશે જ, પરંતુ ધીરજ !' કહી દાનબાપુ મારા તરફ જોઈને મર્મમાં હસ્યા. પછી ઝડપથી ચાલતા વાતને વળાંક આપતા બોલ્યા, 'બસ, હવે કાશ્મીરી બાપુનો આશ્રમ નજીક છે. વચ્ચે એક ગુફા જેવું આવશે, ત્યાં એક નાગાબાવા સાધના કરી રહ્યા છે. તેમના દર્શન કરી આગળ નીકળી જઈશું. સમય ઘણો થઈ ગયો છે. કાશ્મીરી બાપુના દર્શન તો થશે જ, પરંતુ થોડી વાર માટે જ. થોડી વાતચીત કદાચ થઈ શકશે અથવા ન પણ થઈ શકે.'

ખડકાળ રસ્તા પર વાતો કરતા અમે આગળ વધી રહ્યા હતા. સવા પાંચ વાગી ગયા હતા. ઉનાળાના ઊતરતા દિવસો હતા, સૂર્યના તાપથી ગરમ વાતાવરણમાં હવે થોડી થોડી ઠંડક વર્તાઈ રહી હતી. વનશ્રીની છાંયાને કારણે પવન થોડો ભેજયુક્ત હોય, શીતળ લાગતો હતો.

અમે થોડું આગળ વધ્યાં. ત્યાં વૃક્ષોના ઝુંડ વચ્ચે છુપાયેલી એક શિલા પાસે ગુફા જેવું જણાયું ! દાનબાપુએ હાથના ઇશારાથી મને તે દિશામાં સાથે આગળ વધવા ઇશારત કરી. નજીક પહોંચતા મારી નજર ગુફા પર પડી. ગુફા બહારથી સાંકડી, પરંતુ અંદરથી પહોળી તથા ઊંચી હોય તેવું લાગ્યું. અંદર થોડું અંધારું હતું. છતાં પાછળની

દીવાલના નાનાં ભોણ જેવાં બાકોરા દ્વારા થોડો પ્રકાશ ચાંદરડા સ્વરૂપે આવી રહ્યો હતો. ધ્યાનથી જોયા વગર સ્પષ્ટ ન જોઈ શકાય તેમ હોવાથી હું થોડો નજીક ગયો. તો મધુર સુગંધ મારા નાકમાં પેસી ગઈ ! એ સુગંધનો અનુભવ થતાં જ મને લાગ્યું કે મારો પ્રવાસનો થાક સંપૂર્ણપણે દૂર થઈ ગયો છે, ને હું નાના બાળક જેવી સ્ફૂર્તિનો આનંદ અનુભવી રહ્યો છું. ને બાળક જેમ આનંદપૂર્વક નિર્ભયતાથી ગમે ત્યાં પેસી જાય તેમ હું ગુફામાં પ્રવેશી ગયો.

ગુફામાં પ્રવેશી મેં ચારે બાજુ દષ્ટિ દોડાવી. ધૂંધળા પ્રકાશમાં ખાસ કશું સ્પષ્ટતાથી જોઈ શકાતું નહોતું, લાગતું હતું કે ગુફા સાવ ખાલી છે, ને અંદર કોઈ છે છતાં દેખાતું નથી ! મને એ બાબતની પણ નવાઈ લાગતી હતી કે, એક નાના બાળકમાં સહજ આનંદનો ઓઘ હોય, સ્ફૂર્તિ હોય તેવો આનંદ અને સ્ફૂર્તિ મારામાં અચાનક કેમ ઊભરાઈ રહ્યા છે ? અચાનક મને બાળકની જેમ ઠેકડો મારી બૂમ પાડવાનું મન થયું. મેં મોટેથી બૂમ પાડી, 'બાપુ... બાપુ... બાપુ... !' ગુફામાં ચારે તરફ મારી બૂમના પડઘા પડ્યા. 'બાપુ... બાપુ... બા...પુ... !' જાણે એ પડઘામાં કોઈ અનેરી આત્મીયતા ભળી ગઈ હોય તેમ મારા કાનોમાં એ પડઘાનું ગુંજન સંધ્યાની આરતીનો રણકાર ગજાવી રહ્યું !

આહ્‌લાદકતાનો આ અનેરો અનુભવ હું મુગ્ધતાથી માણી રહ્યો હતો, ત્યાં દાનબાપુએ અંદર પ્રવેશી, મારી લગોલગ ઊભી ખભ્ભાનો સ્પર્શ કર્યો. વિસ્મયના ભાવમાંથી હું બહાર આવ્યો તો મને લાગ્યું કે ગુફામાં ધીમે ધીમે શ્વેત ચાંદની જેવો શીતલ પ્રકાશ પથરાઈ રહ્યો છે. હવે ધીમે ધીમે વધતા એ પ્રકાશમાં સ્પષ્ટ જોઈ શકાતું હતું. એ ઊઘડતા પ્રકાશમાં મેં જોયું તો ગુફાની સામેની દીવાલ પાસેના આસન જેવા પથ્થર પર માનવ આકૃતિના રૂપમાં પ્રકાશપુંજ વિલસી રહ્યો હતો. આ પ્રકાશ ત્યાંથી જ આવી રહ્યો હતો, તે મને હવે સમજાઈ ગયું ! આકૃતિ સ્પષ્ટ થતાં મેં હાથ જોડીને યોગી પર દષ્ટિ સ્થિર કરી. આવા અદ્‌ભુત યોગીના પ્રથમવાર દર્શન કરી હું કૃત્યકૃત્યતા અનુભવી રહ્યો હતો. તામ્રવર્ણા અને તેજસ્વી ચહેરાવાળાએ મહાત્માનો બાંધો સુદઢ હતો, શ્વેત દાઢી અને શ્વેત જટાયુક્ત ચહેરા પર કોમળ અને પ્રેમાળ ભાવો વિલસી રહ્યા હતાં, તેમની વિશાળ અને પ્રેમાળ બે આંખો તેમની ભવ્યતાના દર્શન કરાવી રહી હતી.

મંદ... મંદ હસતા તેમના લાલ હોઠ જાણે અમારું સ્વાગત કરી રહ્યા હતા.

દિગંબર સ્વરૂપે રહેલા તે યોગીના દેહને હું અહોભાવ અને ભક્તિથી અવલોકી રહ્યો હતો. દિગંબર યોગીનું લિંગ લગભગ બે-અઢી ફૂટની લંબાઈ ધરાવતું હતું. આ લિંગમાં પણ યોગીનું પૂર્ણપૌરુષ દષ્ટિગોચર થતું હતું. જેણે ક્યારેય પણ નાગાબાવાના દર્શન કર્યા ન હોય તે જરૂર નવાઈમાં ડૂબી જાય, પરંતુ જેણે જૂનાગઢ બરાબર જોયું

હોય, અને ખાસ કરીને ભવનાથમાં ભરાતો 'શિવરાત્રિનો મેળો' જેણે માણ્યો હોય, તેણે સેંકડો નાગાબાવાના દર્શન સરઘસાકારે અને અદ્ભુત શારીરિક કૌશલ્ય દર્શાવતા અવશ્ય જોયા હોય.

મેં ઘણી વખત શિવરાત્રિના મેળામાં 'મૃગીકુંડ'માં 'શાહીસ્નાન' કરીને સરઘસાકારે નીકળી દર્શન આપતા 'નાગાબાવા'ઓને જોયા છે ! એટલું જ નહિ, પરંતુ પોતાના લિંગ વડે દોરડું બાંધીને મોટા ટ્રકને ખેંચતા પણ જોયા છે. એટલે મને તેમાં ખાસ કોઈ નવાઈ ન લાગી, પરંતુ તે જોઈ મારા મનમાં આ માટેના પ્રયોગો તથા તેથી મળતી સિદ્ધિઓ વિશે જાણવાની ઉત્કંઠા તીવ્રપણે જાગી ઊઠી હતી, પરંતુ યોગીના દર્શનથી, તેના પ્રભાવમાં હું એટલો બધો સ્તબ્ધ થઈ ગયો હતો કે, પૂછવાની કે કશું બોલવાની સ્થિતિમાં ન હતો. દાનબાપુ તરત જ મારી લગોલગ આવીને ઊભા રહ્યા, ત્યારે હું થોડો ભાનમાં આવ્યો. મેં અને દાનબાપુએ યોગીને દૂરથી બે હાથ ઊંચા કરી દંડવત્‌ની મુદ્રામાં પ્રણામ કર્યા. સામેથી અમે આશીર્વાદ સૂચક જમણો હાથ ઊંચો થતો જોયો. તે સાથે જ જાણે મારી ઇચ્છાનું પ્રતિબિંબ પાડતા ધીરગંભીર શબ્દો યોગીના મુખમાંથી સર્યા,

'માધવાનંદના શિષ્ય દાન ! તારું ભૌતિકકર્મ ઓછું કરી નાખ. ભલે... સેવાને પરમાર્થનો તે રસ્તો છે, તેમ છતાં પરમ્ લક્ષ્ય મોક્ષ માટે તે બાધક છે ! વારુ... તેરા ગુરુ સમર્થ હૈ, ચિંતાકી કોઈ બાત નહિ હૈ. આગે બઢતે રહો !'

'જી... ! આપનો આદેશ શિરોધાર્ય કરું છું !' કહી દાનબાપુએ પુનઃ ખભા નમાવી બે હાથ જોડી વંદન કર્યા ! મને લાગ્યું કે યોગી દ્વારા કદાચ મારી ઉપેક્ષા થશે કે થઈ રહી છે, પરંતુ મારી એ શંકા તુરત જ દૂર થઈ ગઈ, યોગીએ મારી સામે સ્મિત કરી શબ્દો ઉચ્ચાર્યા :

'તારી પ્રગતિ ઘણી આગળ વધેલી છે જ. એ યોગ્યતાના આધાર પર જ તને આ બધું પ્રાપ્ત થઈ શક્યું છે ! તારી આધ્યાત્મિક ઇચ્છાઓ પૂર્ણ થતી જ રહેશે, પરંતુ તારે હજુ ઘણી જ મજલ કાટવાની છે. મિલેગા, કિન્તુ ધીરજ રખની પડેગી ! એક જ જન્મમાં સમય આનેસે પહલે ઔર પ્રારબ્ધસે જ્યાદા નહિ મિલ શકતા હૈ ! આ ગિરનારની ભૂમિમાં તારા ઘણાં જન્મો થઈ ચૂક્યા છે, એ ઋણાનુબંધના આધાર પર તને આ બધું મળતું જાય છે અને મળતું રહેશે. થોડા સમય લગેગા, પ્રયત્ન જારી રખ. મદદ મળતી રહેશે !'

'પરંતુ, હે મહાત્મન !' મેં બે હાથ જોડી વિનંતીના સ્વરમાં કહ્યું, 'મારી શક્તિ અલ્પ છે, આપ મારા પર શક્તિપાત કરવાની કૃપા કરો.'

'શક્તિપાત કરના જરૂરી નથી. શક્તિ તને તારા ગુરુ પાસેથી મળી રહેશે. થોડા સમય કે બાદ હિમાલયમાંથી પરત આવી સરયુદાસજી તને દીક્ષા આપી પૂર્ણતાને આરે લઈ જશે.' કહીને તેઓ મૌન થઈ ગયા.

નવાઈના ઢગ નીચે દબાયેલો હું એ મહાત્માને પ્રણમી રહ્યો, મારે આગળ બોલવાનો કોઈ અર્થ ન હતો. મારા વિચારોને, મારી આસપાસના સમગ્ર સજ્જનોને, માધવાનંદજી જેવા હમદર્દ સાધુને, અરે... ! મારા પૂર્વજન્મો પણ જે જાણે છે, તેની આગળ વિચારો કે ઇચ્છાઓ પ્રગટ કરવાની જરૂરત ક્યાં રહી ? આ કેવો સંજોગ ! કેવા ભાગ્ય ? આ કેવો યોગ ? કેવો સંજોગ, મને પ્રાપ્ત થયો હતો ! વિચારના ધન્યતાના ભાવથી મારું અંતઃકરણ ગદ્‌ગદિત થઈ ગયું.

મને લાગ્યું કે આ ધન્યપળ, આ જોગ-સંજોગ પુનઃ ક્યારેય પ્રાપ્ત થાય કે ન થાય. આ ધન્યક્ષણોને આમ જલદી કેમ જવા દેવી, પરંતુ મારે શું કહેવું ? શું પૂછવું ? તેનો નિર્ણય મારાથી ન થઈ શકતા મારાથી એમ જ બોલાઈ ગયું. હાથ જોડીમેં કહ્યું, 'મને આપના આશીર્વચનથી ગુરુ દ્વારા જરૂર શક્તિ પ્રાપ્ત થશે, છતાં કાંઈક ઉપદેશ આપવાની કૃપા કરો. હું ગૃહસ્થી સાધુ છું.' તુરત જ યોગી શાન્ત અને ગંભીર વાણીમાં બોલ્યા,

'ત્યાગની અને ગ્રહણ કરવાની વાત રહે ત્યાં સુધી જ તારે સંસાર છે. ગ્રહણ કરવાનું ભાન જે ખંખેરી નાખે તે સંસાર તરી જાય. ત્યાગ અને ગ્રહણનો ન તો ત્યાગ કર કે ન તો તેને ગ્રહણ કર ! માત્ર સ્વસ્વરૂપમાં રમણ કર, સંસારને મહામાયા કુંડલીનો વિલાસ સમજીને અક્ષુણ્ણ શાંતિ પ્રાપ્ત કરતો રહે. જાગતાં કે સૂતા સદાય જે ચિત્તિબુદ્ધિ રાખે તે ક્યારેય ખિન્ન મન થતો નથી. તે આકાશની જેમ સદૈવ નિર્લેપ રહે. મનને વિક્ષિપ્ત ન થવા દે. આમ કરીશ તો તારું ધ્યાન પૂર્ણતા પામશે. સારાય જગતને ભ્રમણા માત્ર સમજજે, તે પછી જ તારો અભ્યાસ પૂર્ણ થશે. શત્રુમાં, મિત્રમાં દરેક દશ્ય-પદાર્થોમાં ચિત્તિશક્તિના જ દર્શન કર, તું શરીર નથી. તું આત્મા છે. તેનું સદૈવ ચિંતન કર્યા કર. પ્રત્યેક ભિન્ન લાગતા આત્મા એક જ મહાશક્તિના સ્વરૂપો છે. તારા આત્માને તું કશાથી પણ ભિન્ન ન સમજ.

સમગ્ર વિશ્વની જે ભક્તિ કરે, સમગ્ર વિશ્વ જેને માટે પરમેશ્વર હોય એ સંસારમાં રહેવા છતાં પણ શુદ્ધ અને સાચો જીવનમુક્ત. તું ગૃહસ્થી હોવા છતાં જીવનમુક્ત બની શકીશ, પરંતુ મૃત્યુ પર્યંત તારે ધીરજપૂર્વક ઊર્ધ્વગામી પ્રયત્નોમાં સદૈવ રત રહેવું પડશે. તને હવે પછીનું તથા તારે હવે પછી કરવાની ભૂમિકાનું જ્ઞાન તથા માર્ગદર્શન આગળ પર મળી રહેશે. જેના માટે તું યોગ્ય હોવાનું અમારા મંડળ દ્વારા સિદ્ધ થયું છે. આ બાબત લાંબો વિચાર કરવાની અત્યારે જરૂર નથી. બધું આપ મેળે થયા કરશે, માત્ર વર્તમાનની ક્ષણોમાં જ ધ્યાન કેન્દ્રિત કર્યે રાખ, ભૂત-ભવિષ્ય બધાંનો વિચાર સમેટી વર્તમાનની વહેતી ક્ષણોમાં ડૂબી જા. આત્મદર્શનનો આજ માર્ગ છે.

આત્મદર્શન અને પછી બ્રહ્મસાક્ષાત્કાર ને તે સાથે જ તારા આત્મા સાથે વિશ્વ

ઐક્યરુપતા આપોઆપ સધાઈ જશે. તારા આત્માનું જ્ઞાન-વિજ્ઞાન બની જતા તારામાં ચિત્તિશક્તિ આપોઆપ જાગૃત થઈ જશે.બસ, હવે મારો સમય થઈ ગયો છે. તમારી બન્નેની રાહ જોવાઈ રહી છે. પ્રયાણ કરો !'

'ને એ સાથે જ મૌન બનેલા યોગીનું પરિવર્તન પ્રથમ માનવ જ્યોતના આકારમાં અને પછી ધીમે ધીમે હવામાં ઓગળતું વિલીન થઈ ગયું. ગુફામાં માત્ર હતો તેવો ઝાંખો અને ધૂંધળો પ્રકાશ પુનઃ દેખાવા લાગ્યો !'

યોગીના સમગ્ર કથનને વાગોળતા દિશાશૂન્ય બનેલા મને તે શબ્દો ચારે તરફ પડઘાતા હોય તેવું પ્રતીત થવા લાગ્યું હતું ! ત્યાં જ દાનબાપુએ મારો હાથ પકડી ગુફાની બહાર નીકળવાના બાંકોરા તરફ મને દોર્યો. બહાર આવી પુનઃ એક વખત મેં ગુફામાં દૃષ્ટિ કરી જોઈ. અંધકાર સિવાય કશું જ ન દેખાયું !

નિર્જન અને ઊંચી-નીચી, ખડબચડી અને ખડકાડ કેડી પર અમે ધીમે ધીમે, મૌન રહી ચાલવા લાગ્યા. થયેલ અનુભવોથી મારી જિજ્ઞાસાવૃત્તિ સતેજ થઈ ઊઠી હતી. યોગી અને તેના મારા વિશેના કથનનો મર્મ કદાચ દાનબાપુ મને સમજાવી શકે તેમ હતા, પરંતુ તેનું મૌન મને અકળાવી રહ્યું હતું, તેનું મૌન તોડવા છેવટે મેં જ શરૂઆત કરી કહ્યું, 'દાનબાપુ ! કશીક વાત કરો તો રસ્તો વહેલો ખૂટે !'

'મને ખબર જ હતી, તમારા સ્વભાવ મુજબ તમે ઘણું જાણવા ઇચ્છા ધરાવો છો !' મૌન તોડી હસીને દાનબાપુ બોલ્યા, 'તમને કહેવામાં આવ્યું છે, કે ધીમે ધીમે બધાં જ રહસ્યો તમારી સામે આવતા જશે. છતાં તમારી થોડી જિજ્ઞાસા સંતોષવા ખાતર કહું છું. જેટલું જાણું છું તેમાંનું કેટલુંક અધ્યયન કરીને, કેટલુંક માધવાનંદજી સાથેના સત્સંગ અને ઉપદેશ દ્વારા જાણ્યું છે. તે જ કહું છું. કહેવાય છે કે ભગવાન શ્રીકૃષ્ણે અહીં છ માસ રહી તપ કરી અને નાગાબાવાઓ પાસેથી પરંપરાગત તાલીમ લઈ, 'અખંડબ્રહ્મચર્ય' પાળી શકવાની શક્તિ પ્રાપ્ત કરી હતી. આ કારણે જ હજારો સ્ત્રીઓ સાથે રમણ કરવા છતાં તે કામને જીતી શક્યા હતા. અનેક સ્ત્રીઓ સાથે અનેક પ્રકારની ક્રીડાઓ કરવા છતાં ક્યારેય તેમને વિર્યસ્ખલન થયું ન હતું; અને એ રીતે શ્રીકૃષ્ણ સદૈવ બ્રહ્મચારી હતા. બ્રહ્મચર્યના પ્રતાપે જ તેઓ અનેક સિદ્ધિઓ મેળવીને પરાક્રમો કરીને લીલાઓ કરી શક્યા હતા.

નાગાબાવાઓ આવી સિદ્ધિ મેળવવા પોતાના લિંગને કષ્ટપૂર્વક અનેક રીતે કેળવે છે, જે સ્વાનુભવ વગર સમજી શકાય તેમ નથી.' થોડીવાર અટકી ચાલતા ચાલતા દાનબાપુએ આગળ કહ્યું, આપણે જે મહાત્માના પ્રત્યક્ષ દર્શન કર્યા તેમણે તિબેટમાં રહી વર્ષો સુધી સાધના કરી અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરેલી છે, તેમનું નામ 'શ્વેતાનંદ' છે.

તેઓ મૂળ તિબેટના છે. તિબેટ એટલે રહસ્યભૂમિ, ત્યાં અનેક પ્રકારની અલૌકિક શક્તિઓ ધરાવતા સિદ્ધસાધુઓ વસે છે, ખાસ કરીને આવા સિદ્ધો 'શાંગ્રિલા' અને 'સંભાલા' નામના અગોચર પ્રદેશોમાં વસીને તપ દ્વારા સિદ્ધિઓ મેળવે છે. આ પ્રદેશો અગોચર છે. સામાન્ય માનવીને તેનો ખ્યાલ પણ ન આવી શકે, જેમણે અમુક પ્રકારની ખાસ સાધના કરી હોય તેજ આ રહસ્યમય પ્રદેશોને ઓળખીને રહી શકે છે. બાકી તેના અસ્તિત્વની પણ કોઈને ખબર પડે નહિ તેવી આ ભૂમિ છે. આ ભૂમિમાં રહી સિદ્ધિઓ મેળવનારા યોગીઓ હવામાં ઊડી શકે છે, અદશ્ય થઈ શકે છે, અમુક પ્રકારની સાધના દ્વારા યોગીઓ પોતાના શરીરના ઉષ્ણતામાનમાં ખૂબ વધારો કરી ભયંકર ઠંડી સહન કરી શકે છે. હિમાલય જેવી બરફથી આચ્છાદિત ગુફામાં વસ્ત્ર વગર રહી શકે છે.

આ માટે ગુરુ દ્વારા તેમની અનેક પ્રકારે કસોટીઓ કરવામાં આવે છે. આ બધી નિયત કસોટીઓમાંથી પસાર થયેલા સાધુઓ પોતાનું વજન અત્યંત હળવું કે વજનદાર બનાવી શકે છે, પાણી પર ચાલી શકે છે, પ્રકાશની જેમ તેજસ્વી બની પુનઃ હવામાં ઓગળી જઈ શકે છે, દૂરનું સાંભળી શકે છે, સાંમાના મનની વાતો દૂર બેઠા પણ જાણી શકે છે. પશુ-પક્ષીઓની ભાષા પણ સમજી શકે છે, ભૂતકાળમાં થયેલાં અને ભવિષ્યમાં બનનારા બનાવો કહી શકે છે !'

થોડી વિશ્રાંતિ બાદ ઊંડો શ્વાસ લઈ, સમાપન કરતાં હોય તેમ દાનબાપુએ આગળ કહ્યું, 'આ તો મેં તમને સામાન્ય સિદ્ધિઓની વાત કરી, આ ઉપરાંત તેઓ અસંખ્ય સિદ્ધિઓની સાથે જ્ઞાન અને ભક્તિનો સુમેળ સાધી ઈશ્વરતુલ્ય 'પરમહંસ' પદને પ્રાપ્ત કરી ચિરંજીવી બની મૃત્યુને પણ રોકી શકે છે. જ્યારે તેમની ઇચ્છા થાય ત્યારે યોગાગ્નિ દ્વારા સ્વયં પોતાના શરીરને ભસ્મ કરી, શરીરનો ત્યાગ કરી શકે છે. જોકે ઈશ્વરે તેમને ખરેખર તો એટલું આયુષ્ય આપેલું જ હોય છે ! શ્વેતાનંદજી આવા મહાન યોગી છે. આ રહસ્યને ગોપિત રાખજો. આ જગ્યાએ આવવું અને યોગીજીના દર્શન કરવાં તે સામાન્ય લોકો માટે દુર્લભ છે.

આ જગ્યાની જેમ ગિરનારની કેટલીક ભૂમિ સામાન્ય લોકો માટે અગોચર છે. યોગ્ય સાધકની કક્ષા તમે પ્રાપ્ત કરેલી જ છે, એટલે તેમના દર્શનની પરવાનગી આપવાની કૃપા થયેલી છે; બસ, આથી વધુ જાણવાની ઉત્સુકતા હાલ પૂરતી દબાવી રાખો.' કહી તેઓ મૌન બન્યા. તેમના નિખાલસ ભાવોને જોઈ મને લાગ્યું કે દાનબાપુનાં આ સ્વરૂપને હું પ્રથમવાર જોઈ રહ્યો છું. દાનબાપુ પણ કોઈ સામાન્ય સાધુ નથી. તેની મને પ્રથમવાર પ્રતીતિ થઈ.

રસ્તો હવે સપાટ મેદાન જેવો આવતો જતો હતો. થોડે થોડે અંતરે કાળમીંઢ પથ્થરો

વચ્ચે વાંસના ઝુંડ તથા છૂટાછવાયા વૃક્ષો દૃષ્ટિગોચર થતાં હતાં. ખુલ્લી જગ્યામાં પવનનું જોર વર્તાતા થોડી આહ્લાદક શીતળતાનો અનુભવ થઈ રહ્યો હતો. સૂર્યાસ્ત થવાને હજુ ઘણી વાર હતી. લગભગ સાડા છ થવા આવ્યા હતા. ઝડપ વધારતા દાનબાપુએ કહ્યું, 'હવે રસ્તો સરળ છે. થોડી જ વારમાં આપણે પહોંચી જવાના, ઝડપ જરૂરી છે, નહિ તો કદાચ બાપુના દર્શન પણ થઈ શકશે નહિ !'

અને થયું પણ તેમ જ ! આશ્રમના દરવાજામાં પ્રવેશતા જ સામેથી ભવ્યમૂર્તિ સાધુ અન્ય ત્રણ સાધુઓ સાથે દૃઢ પગલાં ભરતાં આવી રહ્યા હતા !

'કાશ્મીરી બાપુ !' મારો હાથ દબાવી ધીમેથી દાનબાપુએ કહ્યું. હું ભક્તિભાવે તેમને આવતા જોઈ રહ્યો. તેમનો શ્વેત અને ગૌર વાન, માથે શ્વેત જટા અને શ્વેત દાઢીયુક્ત તેમનો ઊંચો પડછંદ દેહ પ્રાચીન ઋષિની જેમ તેજસ્વી લાગતો શ્વેત વસ્ત્રોમાં શોભી રહ્યો હતો. લાલ હોઠ મંદ મંદ હાસ્યથી વાત્સલ્યભાવ વેરી રહ્યા હતાં, તેમનું વિશાળ કપાળ સૂર્ય-પ્રકાશમાં ચમકી રહ્યું હતું. તેમની દૃષ્ટિ મારી સામે જ સ્થિર હોય તેમ મને લાગતું હતું. જાણે જન્મ-જન્માંતરની ઓળખ હોય. બે આંખો જાણે હસીને કહી રહી હતી, 'કેમ... મોડું થઈ ગયું ને ?'

તેનો સ્વીકાર કરતો હોઉં તેમ બે હાથ જોડી, મસ્તક નમાવી, તેઓ નજીક આવતાં હું પ્રણમી રહ્યો. તેમણે પણ જમણો હાથ ઊંચો કરી મને આશીર્વાદ આપ્યા. સાવ નજીક પહોંચી પુનઃ મેં નીચા નમી જમણા હાથથી જમણા પગે અને ડાબા હાથથી ડાબા પગે, અંગૂઠાને સ્પર્શ કરી પ્રણામ કર્યા. તેમણે મારી પીઠ થપથપાવી હાથ પકડી ઊભો કર્યો.

'વાહ ખૂબ સરસ ! તમારામાં યોગ્યતા વધતી રહેશે. મોડું થઈ રહ્યું છે, આશ્રમમાં જઈ ચા-પાણી પીઓ. આરામથી બેસી નિરાંતે જજો. પુનઃ મળીશું.'

માત્ર એટલું જ કહી તેઓ એક સાધુ સાથે ઢોળાવ ઊતરી ગયા. બસ ! આટલું જ ? આટલો જ મેળાપ. આ મહાપુરુષ સાથે ? હું થોડો નિરાશ થઈ ગયો. શું આટલા જ મેળાપ પૂરતો જ મારો આ પ્રવાસ થયો. હું નિરાશામાંથી બહાર આવું ત્યાં જ દાનબાપુએ મારો હાથ પકડી. કાળો ઝભ્ભો ધારણ કરેલ એક સાધુ તરફ મારું ધ્યાન દોર્યું ! 'ને... તે સાથે જ આશ્ચર્ય અને આનંદ સાથે મારા મુખમાંથી ઉદ્ગાર સરી પડ્યો. 'અરે આપ ! પુરણપુરી બાપુ ! આપ અહીં ?' કહી તુરત જ હું નીચો નમી પુરણપુરી બાપુને પ્રણમી રહ્યો. બાપુએ પણ મારા હાથ પકડી લઈ, મને છાતી સાથે દબાવી આનંદી રહ્યા !

'બાપુ તમે અહીં છો ? કેટલા વર્ષે આપણે મળ્યા ! તમે આ રીતે અહીં મળી જશો તેની કોઈ કલ્પના જ મને હતી નહિ !'

'તેનું જ નામ વિધિ !' હસીને બાપુ બોલ્યા, 'જે સમયે જે નિર્મિત થયું હોય તેમ જ બને. ચાલો અંદર, નિરાંતે બેસીને વાતો કરીશું.'

ઘણાં વર્ષો પહેલાં અમરેલી જિલ્લામાં હું નોકરી કરતો ત્યારે બાપુના ગાઢ પરિચયમાં આવેલો. ત્યારે અવારનવાર બાપુને મળવાનું થયા કરતું. બાપુ મારે ઘરે ભોજન લેવા પણ ઘણીવાર પધારતા, પુરણપુરી બાપુ આજુબાજુના ગામોમાં ખૂબ જ લોકપ્રિય હતા. તેમના ચમત્કારની વાતો ખૂબ ચર્ચાતી ! પરંતુ એ વખતે હું વાતોમાં ખાસ શ્રદ્ધા ધરાવતો નહિ. સાધુઓ પ્રત્યે મને આદર હતો, પરંતુ 'બ્રાહ્મણ' તરીકેનું 'અહમ્' મારામાં વિશેષ હતું. આજે એ અહમ્ ક્યાંય ઓગળી ગયું છે. એ વખતે આજનો 'હું', 'હું' ન હતો ! બસ, એ વખતની મારી સ્થિતિ અને વાતો 'જવા દેવા જેવી' છે ! જો ઈશ્વરની કૃપા મારા પર ન હોત તો, આજે હું આ સ્થિતિએ પહોંચી ન શક્યો હોત. એ વખતે પણ પુરણપુરી બાપુને મારા પર ખૂબ સ્નેહ હતો, આજે એ સ્નેહમાં અપાર વૃદ્ધિ થયેલી હું જોઈ શક્યો. કેટલો સ્નેહ અને તે પણ જાણે અકારણ ! માધવાનંદજીએ એક વાર કહેલું,

'તમે નસીબદાર છો, તમને અનુકૂળ બધું જ મળ્યું છે, મળે છે અને મળતું જ રહેશે !'

અને ખરેખર ! ઘણાં વર્ષો પછી આમ અચાનક પુરણપુરી બાપુની મુલાકાત મારા માટે કેટલી બધી 'અમૂલ્ય તક' સાબિત થઈ તેની ખબર તો મને હવે પછી જ પડવાની હતી, પરંતુ આ ચાલુ વર્તમાન સમયમાં મને એમ જ લાગેલું હતું કે, હું કોઈ પવિત્ર સાધુને જ નહિ, પરંતુ મારા કોઈ આત્મીય સંબંધીને જ મળી રહ્યો છું, જેને મારા પર અપાર સ્નેહ છે. આજ પુરણપુરી બાપુ પાસે વર્ષો પહેલાં હું આધ્યાત્મિક દૃષ્ટિએ મૂર્ખ જેવો અને જ્ઞાન વગરનો હતો, છતાં તેમને ઉપાસ્યા કરતો હતો. મનના ઉંડાણમાં હું તેમની પાસેથી કોઈ અલૌકિક વસ્તુની અપેક્ષા રાખ્યા કરતો હતો. કોઈ અપ્રગટ જિજ્ઞાસા મને તેની પાસે વારંવાર ખેંચી જતી, પરંતુ મારી અંતર્ગત, ઊંડે કે પ્રગડ રીતે રહેલો 'અહંભાવ' મને તે પ્રગટ કરવા ન દેતો !

પરંતુ આજે ઉપરોક્ત પરિસ્થિતિથી વિપરીત મારી માનસિક અને આધ્યાત્મિક સ્થિતિ છે. થતું હતું કે હું કેટલો નસીબદાર ! આજે જ્યારે મારું અંતઃકરણ એક નિર્દોષ બાળક જેવું શુદ્ધ બની રહ્યું છે. ત્યારે મને સામે ચાલીને કેવી સુંદર તક પ્રાપ્ત થઈ ગઈ છે ?

વાતો કરતાં અમે આશ્રમથી થોડે દૂર બનાવેલી કુટીરમાં પ્રવેશ્યા. કુટીરનું સુગંધિત અને સાત્ત્વિક વાતાવરણે મને ન સમજાય તેવી અલૌકિકતાનો અનુભવ કરાવ્યો. આવી સુગંધ મને ઘણી વખત અચાનક આવ્યા કરે છે. આનું કારણ મેં એક વખત માધવાનંદજીને પૂછેલું, ત્યારે તેમણે જણાવેલું,

'આપણા શરીરમાં અનેક પ્રકારની વસ્તુઓ છે. મનુષ્ય જો ધ્યાન દ્વારા શરીરનું

સંશોધન કરે તો આશ્ચર્યકારક પરિણામ મેળવી શકે ! આ મસ્તકમાં શું નથી ભર્યું ? મસ્તકમાં અનેક ચક્રો છે. અમૃતથી ભરેલાં કુંડ છે. જ્ઞાનતંતુઓના અસંખ્ય પૂંજ છે, વિવિધ જાતનાં 'સંગીતનાદ' છે, કેટલીય જાતના સૂર્ય-ચંદ્રના કિરણો છે, દેવતાઓના નિવાસસ્થાનો છે. બાહ્યજગત કરતાં અંતર્જગત નિઃશંક રીતે ચડિયાતું છે, કાનમાં દૂર શ્રવણનું અદ્ભુત સ્થાન છે, કંઠસ્થાનમાં પણ એક એવું મહત્ત્વનું 'નિદ્રાસ્થાન' છે, જે જાગૃતાવસ્થાના બધા શ્રમને સહજમાં દૂર કરે છે. અસ્તુ !'

પુરણપુરી બાપુનું સાંનિધ્ય સાંપડતા હું આવા વિચારોમાં મનોમન અટવાઈ ગયો હતો. કદાચ, એ જાણી જઈને જ પૂરણપુરી બાપુએ વાતનો તંતુ આગળ વધારતા કહ્યું,

'વિધિની વિચિત્રતા જ આનું નામ. કોઈ પણ ઘટના અચાનક બનતી નથી, એ ઘટના બનેલી જ હોય છે. 'વર્તમાનથી ભવિષ્ય' સુધીનું અંતર કાપે તેટલી જ વાર હોય છે. ભવિષ્ય જ્યારે વર્તમાન બને છે, પછી જ તેનું પ્રગટીકરણ જોવા મળે છે. આપણે તેને અચાનક બનેલી ઘટના સમજી આશ્ચર્ય પામીએ છીએ. વાસ્તવમાં તે બનવાનું જ હોય છે, તે નિયત સમયે જ બન્યું હોય છે. તેમાં નવાઈ પામવા જેવું કશું જ હોતું નથી. આથી દરેક ઘટનાને તેના સ્વાભાવિકરૂપમાં સ્વીકારી લેવાની મનોવૃત્તિ કેળવવી જોઈએ.' પુરણપુરી બાપુના વક્તવ્યને એકચિત્તે સાંભળતો હું તે સમજવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેમણે થોડું અટકી આગળ કહ્યું,

'મારું તમને અત્યારે અચાનક મળવું એ તો વર્ષો પૂર્વે નિર્મિત જ હતું, માત્ર તમે તે જાણતા ન હતા. ઉપરાંત માધવાનંદજી સાથેનો તમારો પરિચય, તેના અત્યારના સ્વરૂપમાં તે પણ ઋણાનુબંધના ક્રમશઃ આવતા પ્રસંગ કે બનતી હકીકતનું પ્રછન્ન નિર્દેશન છે. પ્રછન્ન એટલા માટે કે તમારા અને માધવાનંદજીના 'પૂર્વજન્મ'ના સંબંધો વિશે હવે પછી, સમય આવ્યે ટૂંક સમયમાં તમે જાણી શકશો.' કહી થોડી વાર અટકી, મારા ખભા પર હાથ મૂકી કોઈ રહસ્યોદ્ઘાટન કરતાં હોય તેવા ભાવ સાથે કહ્યું, 'માધવાનંદજીની તમારા પરની કૃપા અને સહાય, એ બધું તેના 'પૂર્વજન્મન'માં તમે તેના પર કરેલા ઉપકારનું દ્યોતક છે ! પૂર્વજન્મને તમે માધવાનંદજીનો 'પૂર્વાશ્રમ' સમજો. કારણ કે અત્યારે વર્તમાનમાં તેનું પ્રતિબિંબ જોઈ શકાય છે.'

પુરણપુરી બાપુનું વિધાન સાંભળી આશ્ચર્યની જાણે વીજળી પડી, મારા પર ! માધવાનંદજીના પૂર્વજન્મમાં કે પૂર્વાશ્રમમાં, ઉપકાર ? અને તે પણ મેં કર્યા ? અસંભવ ! ક્યાં સિદ્ધ તપસ્વી માધવાનંદજી અને ક્યાં હું એક સામાન્ય સાધક ! મને મૂંઝવણમાં નાખનારી વાત તો એ હતી કે આ પહેલાંના વર્ષોમાં મારે ક્યારેય પણ માધવાનંદજી સાથે પરિચયમાં આવવાનું બન્યું નથી ! માધવાનંદજીની ઉંમર અલબત્ત મારા કરતાં ઘણી નાની છે, જો કે સાધુઓની ઉંમર કળી પણ ન શકાય. તેમ છતાં વીસ-પચીસ

વર્ષો પૂર્વે અમરેલી જિલ્લાના એક નાના, તાલુકા કક્ષાના ગામમાં નોકરી કરતા મને જરા પણ યાદ નથી કે માધવાનંદજીને મેં ક્યારેય પણ જોયા હોય.

'નવાઈ લાગે છે ને ?' મારા વિચારોને જાણી ગયેલા હોય તેમ મારી પીઠ પર હળવેકથી હાથ મૂકી પુરણપુરી બાપુ બોલ્યા,

'સ્વાભાવિક છે, કે તમને નવાઈ લાગે, પરંતુ વિધિની વિચિત્રતા જોતાં કશું જ અસ્વાભાવિક નથી હોતું, પરંતુ આ બધું સમજવામાં થોડો સમય પસાર થઈ જાય તે જરૂરી છે. માત્ર અત્યારે એટલું જ સમજી લો કે તમારો, માધવાનંદજીનો અને મારો સંબંધ ઘણાં જન્મો પૂર્વેનો છે. 'યોગભ્રષ્ટ' થવાને કારણે ઊભા થયેલાં 'ઋણાનુબંધ'ના નિયમો અનુસાર હાલ તમે તમારી જાતને ઓળખી શકતા નથી. બાકી તમે પણ અમારી જેમ સિદ્ધિઓમાં સમકક્ષ છો ! તમારા આ જન્મમાં નિયત કાર્યો પૂર્ણ થયા બાદ, તમે આ જ શરીરે 'જીવનમુક્ત' આત્મા બની શકવાના છો, પરંતુ એ પહેલાં !'

આટલું કહીને અર્ધા વાક્યે બોલતા અટકી ગયેલા પુરણપુરી બાપુનો હાથ પકડી મારાથી પુછાઈ ગયું.

'એ પહેલાં શું ?'

થોડા ગંભીર બની એવા જ શાન્ત સ્વરમાં તેઓ બોલ્યા,

'એ પહેલાં તમારે એક કાર્ય કરવાનું છે. જે કાર્ય માટે જ તમારી પસંદગી થયેલી હોય, તેનાથી અવગત કરવા માટે જ તમને અહીં સુધી કાશ્મીરીબાપુના દર્શનને બહાને લાવવામાં આવેલ છે.'

'શું, હેતુપૂર્વક મને અહીં લાવવામાં આવેલ છે ?' ન જાણે કેમ પણ મારાથી થોડું ભયમિશ્રિત, સાશંક સ્વરમાં પુછાઈ ગયું. કદાચ કોઈ તાંત્રિક પ્રયોગ તો મારા પર કરવાનો નહિ હોય ને ! આવી ક્ષણિક શંકા ઊઠતા હું અંદરખાને થોડો ડરી ગયો હતો. જો કે મારો ડર અસ્થાને હતો ! હું સ્વસ્થ હોવાના ડોળ સાથે સાંભળી રહ્યો હતો, પરંતુ મારો આ ડોળ પુરણપુરી બાપુના શબ્દોથી ઊઘાડો પડી ગયો. બાપુ બોલ્યા,

'આ કાર્ય કોઈ તાંત્રિક કે અઘોરી ક્રિયા કે સાધના સાથે સંબંધ ધરાવતું નથી. તમારે આમ ગભરાવાનું કે ચિંતા કરવાનું કારણ નથી !' મારા મસ્તક પર હાથ મૂકી, મારી સામે પ્રેમાળ નજર નોંધી મંદહાસ્ય કરી આગળ કહ્યું,

'આ કાર્યની સિદ્ધિ પૂર્વે અને તે પૂર્ણ થયા પછી તમારી ચિત્તશક્તિમાં અનેરો વધારો થઈ જશે. આ કાર્ય, જે તમારા માધ્યમ દ્વારા થનાર છે, તે કોઈ મંત્ર-તંત્ર કે કોઈ તાંત્રિક કે અઘોરી ક્રિયા-કલાપ દ્વારા નહિ, પરંતુ પૂર્ણ આધ્યાત્મિક વિજ્ઞાન-યોગ દ્વારા કરવામાં આવશે. આ કાર્ય એક સિદ્ધિને આરે આવી અટવાઈ ગયેલા યોગીની મુક્તિ માટે હોય, તમારા માટે પરમાર્થરૂપ બની રહેશે. યોગીની મુક્તિ માટે તમે નિમિત્ત બની

રહેશો. તમારે અનુષ્ઠાન શરૂ કરી દેવાનું છે. જરૂરી શક્તિ પ્રાપ્ત કરવા માટે તે જરૂરી છે. યોગ્ય સમયે, યોગ્ય માર્ગદર્શન તમને હું જ આપીશ. ઉપરાંત અન્ય સિદ્ધ મહાત્મા પાસેથી વિશેષ માર્ગદર્શન તમને સદાય મળી રહેશે. તમારે માનસિક તૈયારી આ માટે અત્યારથી જ રાખવાની છે !'

'પરંતુ આ બધું ક્યારે કરવાનું છે ?' મેં અધીરાઈથી પૂછ્યું.

'થોડો સમય લાગશે. કદાચ ત્રણેક માસ જેટલો; એ દરમિયાન તમારામાં શક્તિ સંચાર કરવા તમારી પાસે કેટલીક સાધના અને ક્રિયાઓ કરાવવી પડશે. જે તમો સહજતાથી કરી શકશો. આ માટે તમારી યોગ્યતાને લક્ષમાં રાખી તમારી વરણી કરવામાં આવી છે.'

'ઠીક છે !' મેં સહમત થતાં કહ્યું, 'આપની આજ્ઞા મને શિરોધાર્ય છે. મારી પસંદગીને હું મારું સદ્ભાગ્ય સમજું છું.' મેં નમ્રતા સાથે કહ્યું.

બધી વાત જાણી હું માનસિક રીતે હળવોફૂલ બની ગયો. મારી જિજ્ઞાસા તથા ધ્યેયને અનુરૂપ જ બધું મને મળી રહ્યું હતું !

'હવે તમારે જવામાં મોડું થતું હશે ! પુનઃ એકાદ-બે દિવસમાં ત્યાં જ મળશું અથવા કાલે જ કદાચ મળવાનું બને !' કહીને તે મૌન બન્યા.

હવે જ મને ભાન થયું. અંધારું પથરાઈ ચૂક્યું હતું, મેં ઘડિયાળમાં જોયું, સાડા સાત થઈ ચૂક્યા હતા. માધવાનંદજીના કહેવા મુજબ, ખરેખર મોડું થયું હતું. દાનબાપુએ હાથથી ઊઠવાનો ઇશારો કરી હું ઊભો થવા જાઉં છું. ત્યાં જ મારો હાથ પકડી મને પુનઃ બેસાડતા બાપુ બોલ્યા,

'હવે ઉતાવળ કરવાની જરૂર નથી, તમને જે ચીજ ભાવે છે તે લેવા હું જાઉં છું. થોડું ભોજન કરીને જજો !' કહી તેઓ બહાર ગયા, ને થોડી જ વારમાં હાથમાં વાંસની ટોપલી લઈને આવ્યા. ટોપલીમાં મારી દૃષ્ટિ પડતાં જ હું આનંદથી બોલી ઊઠ્યો, 'અરે વાહ ! માલપૂડા ?'

'હા !' બાપુએ જવાબ આપ્યો, 'તમારી પ્રિય વાનગી છે ને ?'

'હા, અત્યંત પ્રિય ! આપને આટલા વર્ષે પણ મારા માટે યાદ રહ્યું !' હું કૃત્યકૃત્ય માનીને બોલ્યો.

માલપૂડા, અને તે પણ ગરમાગરમ ! ખાવાની મજા જ ઔર હોય છે. ખાસ કરીને ખાખી સાધુ જ આવા સ્વાદિષ્ટ માલપૂડા બનાવી શકે. વર્ષો પહેલાંની વાતો હવે મને યાદ આવી. બાપુના ભક્તો ઘણી વખત વાડીમાં આવા કાર્યક્રમો ગોઠવતાં, મને પણ નિમંત્રણ મળતું. બાપુ પોતાના હાથે માલપૂડા બનાવી બધાંને પ્રેમથી ખવડાવતા. બાપુના અંતર્ગત ભક્તોમાં હું પણ હતો. મને માલપૂડા વિશેષ ભાવતા હોય. બાપુ ખૂબ આગ્રહ કરીને ખવડાવતા. એ મને યાદ આવી ગયું !

ગરમાગરમ માલપૂડા ખાતા ખાતા હું વિચારી રહ્યો, બાપુ કુટીરમાં જ અમારી સાથે ઘણાં સમયથી બેઠા હતા. કુટીરની બહાર તો કોઈ હતું નહિ. બહાર માત્ર સાગના વૃક્ષોનું જંગલ ! માલપૂડા આટલી જલદી અને તે પણ ગરમાગરમ ! આ બાપુ ક્યાંથી લાવ્યા ? એક ક્ષણ મને આશ્ચર્ય જરૂર થયું, પરંતુ તત્કાળ મને થયું કે આટલાં અનુભવ પછી મને હવે સમજાઈ જવું જોઈએ. હું જે સ્થાન પર છું, ત્યાં નવાઈ પમાડે તેવી બાબતો જ જોવા મળે. તેને તર્ક-વિચારથી મૂલવવાનું છોડી દેવું જોઈએ. મેં દાનબાપુ તરફ દૃષ્ટિ કરી. તે સ્થિતપ્રજ્ઞની જેમ જમી રહ્યા હતા. તેમના શાંત-સ્થિર મનોભાવોને મુખ પર નીખરતા જોઈ મને લાગ્યું કે આવી ચમત્કારિક લાગતી બાબતોથી તે ખૂબ જ પરિચિત છે અને તેથી જ આ બધું તેમને સ્વાભાવિક લાગતું હશે, મને લાગ્યું કે મારે પણ હવે ટેવાઈ જવું પડશે.

બહાર અંધકાર ફેલાઈ રહ્યો હતો. કુટીરમાં એક આધુ સુખાનંદ દ્વારા પેટાયેલો દીવો પ્રકાશ ફેલાવી રહ્યો હતો. ભોજન પૂર્ણ કરી, જલપાન કરી અમે ઊઠ્યા. પુરણપુરી બાપુ પણ કુટીરમાંથી બહાર નીકળી થોડે સુધી અમારી સાથે આવી ચાલતા ચાલતા બોલ્યા,

'ધીરજથી નૈતિકકર્મો વધુ દૃઢ બનાવજો, તમારું અનુષ્ઠાન એક સપ્તાહમાં પૂર્ણ થઈ જતાં અને સાધના દ્વારા સાક્ષાત્કાર તથા સિદ્ધિ મળી જતાં તમને મારો સંપર્ક થઈ રહેશે, હવે પછી શું કરવું તેના માર્ગદર્શન માટે વ્યવસ્થા થઈ ચૂકી જ છે. હજુ ઘણો સમય છે, ત્યાં સુધી તમો અન્યોન્ય અનુભવો પણ મેળવી શકશો અને સિદ્ધોના દર્શન કરી તેમની પ્રેરણા અને આશીર્વાદ મેળવી શકશો.' ને પીઠ ફેરવીને ચાલતા થયા. હું જોઈ રહ્યો, કુટીરની પાછળની ઊંચી વૃક્ષની ઝાડીમાં, અંધકારમાં ભળી જતો કાળો પડછંદદેહ દૃઢપગલે જઈ રહ્યો હતો. મને ખબર છે, એ જંગલનો તપસ્વી જીવ જંગલમાં જ સમય પસાર કરે છે. સદૈવ નિજાનંદમાં મસ્ત રહી બધાં કર્મો યંત્રની જેમ શરીર દ્વારા કર્યા કરે છે. આત્મા સદૈવ અતલના ઊંડાણમાં ગર્ત રહે છે. મેં અદૃશ્ય થતાં એ શરીરધારી આત્માને બે હાથ જોડી પ્રણામ કર્યા ને દાનબાપુ સાથે ચાલવા લાગ્યો.

ચાલતા ચાલતા હું વિચારી રહ્યો, 'માધવાનંદજી જે કહે છે. તે પ્રમાણે જ થાય છે ? વળતાં મોડું થશે એમ કહેલું, તેનો અર્થ સ્પષ્ટ થયો કે પુરણપુરી બાપુ સાથે મારી મુલાકાતની યોજના પૂર્વનિર્ધારિત હતી. પુરણપુરી બાપુને પણ તેની જાણ હતી. અરે ! શ્વેતાનંદજી પણ એ જાણતા હતા. એટલું જ નહિ, કાશ્મીરી બાપુ પણ મારી બાબત અને મારી ભવિષ્યની ભૂમિકા વિશે સારી રીતે અવગત હોય તેમ લાગતું હતું. આ બધાં વચ્ચે પ્રસ્તુત માહિતીનું સંકલન કઈ રીતે થયું હશે ? આવા ઘણાં પ્રશ્નો ઘોળાઈ રહ્યા હતા. મૌન ધારણ કરીને મારી સાથે ચાલી રહેલાં દાનબાપુને છેવટે મારાથી પુછાઈ ગયું,

'દાનબાપુ ! એક પ્રશ્ન પૂછું ?'

'હા... હા... પૂછો !'

'આ બધાં, માધવાનંદજી, પુરણપુરી બાપુ, શ્વેતાનંદજી એકબીજાને મળતા હશે ? સંપર્ક કરતાં હશે ? ક્યારે અને ક્યાં મળતા હશે ?'

સાંભળીને ખડ્ખડ્ હસી પડ્યા, દાનબાપુ ! 'અરે બાપલા ! એમને વિચારવિમર્શ કરવા માટે સામાન્ય માણસોની જેમ મળવાની કે સંપર્ક કરવાની જરૂરત હોતી નથી. બધાના વિચારોમાં સામ્ય હોય છે. અર્થાત્ એકસરખાપણું ! ચર્ચાની જરૂરત જ નહિ !'

'એ કેવી રીતે બને ? સંપૂર્ણ સમાનતા ?' ન સમજાતા ગૂંચવાઈને મેં પૂછ્યું, 'પરંતુ આ શક્ય છે ? આમ કેવી રીતે બની શકે ?'

'બની શકે !' જવાબમાં દાનબાપુએ વિસ્તૃત માહિતી આપતા કહ્યું, 'આત્માઓની ઐક્યતા ! પ્રત્યેક આત્મા સચ્ચિદાનંદ પરમાત્માનું જ સ્વરૂપ છે, જેણે પોતાના આત્માનું સ્વરૂપ જાણી લીધું હોય તે સાધકે પોતાના આત્માનું પરમાત્મા સાથે અનુસંધાન કરી, મન, બુદ્ધિ, ચિત્ત સહિત તેમાં વિલીનીકરણ કરી દીધું હોય, તેના માટે પછી પોતાનાથી કશું જ અભિન્ન રહેતું નથી. સમસ્ત વિરાટનું તે અંગ બની સ્વયં વિરાટનું સ્વરૂપ બની જાય છે. શરીર ધારણ કરેલું હોવા છતાં, આત્મા અતલના ઊંડાણમાં ધારે તેમ રમણ કરી શકે છે. અષ્ટસિદ્ધિ, નવનિધિ તેમના ચરણોમાં, તેમના તાબામાં આવી જાય છે, પછી એમને કશું મેળવવાનું બાકી રહેતું નથી. આવા જીવનમુક્ત આત્મા માટે કશું જ અગોચર હોતું નથી, તેમજ તેમના માટે કશું જ અશક્ય પણ હોતું નથી.' કહી શ્વાસ ખાવા થંભ્યા હોય તેમ થોડી વાર અટકી આગળ બોલ્યા,

'પરંતુ આ બધું સમજવું અને સમજીને આત્મસાત કરવું સહેલું નથી. માત્ર સ્વાનુભવથી જ સમજી શકાય. અહીં દલીલ કે તર્ક ચાલે નહિ, માત્ર 'શ્રદ્ધા અને વિશ્વાસ' જોઈએ !' કહી તેઓ મૌન બની રહ્યા.

'પરંતુ દાનબાપુ ! આ બધાનો આત્મા આટલો ઊર્ધ્વગતિને પામેલ હશે, ત્યારે જ આમ.' અસંદિગ્ધ ભાવે મેં પૂછ્યું, પરંતુ મારે કહેવું જોઈએ, મારા પ્રશ્નમાં થોડી શંકાની છાંટ હતી.

'તમારા પ્રશ્નનો જવાબ !' દાનબાપુએ થોડું અટકીને ગંભીરભાવે આગળ કહ્યું, 'આ પ્રશ્નનો જવાબ અને સાચો જવાબ તો ખરેખર તમે તમારી જ 'શ્રદ્ધા અને વિશ્વાસ' દ્વારા મેળવી શકો. મારી શ્રદ્ધા અને વિશ્વાસ આવી બાબતમાં ન ચાલે. કારણ કે દરેકને સામાન્ય રીતે જ પોતપોતાનો ઈશ્વરદત્ત અભિગમ હોય છે અને એ રીતે જ તેનો મનોવ્યાપાર ચાલતો હોય છે. એટલે વ્યક્તિગત અભિપ્રાય કદાચ ભિન્ન ભિન્ન મનોવ્યાપારને કારણે દૂષિત પણ હોઈ શકે છે અને એટલે જ તમારે તમારી શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રાપ્ત અનુભવના આધાર પરથી જ અભિપ્રાય બાંધી મનોવલણ કેળવવું જોઈએ !'

મારે મારા પૂર્વ અનુભવોને ધ્યાનમાં લેવા જોઈએ; અને પછી જ આવો પ્રશ્ન કરવો જોઈએ. આ બાબતનો ગર્ભિત ઇશારો દાનબાપુના જવાબમાં હતો. તે હું સમજી જઈ થોડો શરમીંદો પણ બની ગયો. માધવાનંદજી, સરયુદાસજી તથા પુરણપુરી બાપુના આટલા સહવાસ અને તેમની શક્તિ-સિદ્ધિઓના પ્રત્યક્ષ દર્શનનો અનુભવ છતાં, ઊંડે ઊંડે હું મારામાં 'શ્રદ્ધા અને વિશ્વાસ'ની ઊણપ અનુભવી રહ્યો. ચૂપ બની હું તેમની સાથે ચાલી રહ્યો.

ચારે બાજુ ફેલાયેલા અંધકારમાં દૂર દૂરનું કશું દેખાતું ન હતું. દાનબાપુએ પોતાના થેલામાં સાથે લીધેલી બેટરીના પ્રકાશમાં અમે કેડીએ કેડીએ આગળ વધી રહ્યા હતા. સર્વત્ર શાંતિ હતી, માત્ર અમારા પગની આહટ સંભળાતી હતી. ઉપર આકાશમાં વૃક્ષોની ડાળીઓ વચ્ચેથી તારાઓ ટમટમતા દેખાઈ રહ્યા હતા.

વાંકીચૂકી કેડીની બન્ને બાજુ મૂંગા વૃક્ષો અંધકારની ચાદર ઓઢીને ઊંઘી રહ્યા હતાં. અચાનક નજીકમાં કશોક ખડખડાટ થયો. દાનબાપુએ એ તરફ બેટરીનો પ્રકાશ ફેંકતા કોઈ ચાર પગવાળું મગર આકારનું લાંબુ અને પૃષ્ઠ જાનવર ભડકીને ભાગી રહેલું નજરે પડ્યું. દાનબાપુએ તે જાનવરની ઓળખ આપતા કહ્યું, 'ઘોરખોદિયું !' આ ઘોરખોદિયું દાટેલા નાના બાળકોની શ્મશાનભૂમિ અને કબ્રસ્તાનની આસપાસ મોટે ભાગે રહે છે. તે જમીન ખોદીને દાટેલાં મડદાનું માંસ ખાઈને જીવે છે. તાંત્રિકો ઘોરખોદિયાના ચામડાના આસન પર બેસી અને ગધેડાના દાંતની માળાથી અમુક જપ અને વિધિ દ્વારા વશીકરણ અને આકર્ષણ જેવી સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે, પરંતુ એનો અંજામ સાધક માટે છેવટે ભયંકર આવે છે. એ જ સિદ્ધિઓ એને પાછળથી નડે છે; અને છેવટે સડેલા કૂતરાની જેમ રિબાઈ રિબાઈને મરે છે.

માત્ર 'હમ્' ઉચ્ચારથી સહમતિ આપી હું વિચારમગ્ન અવસ્થામાં ચાલી રહ્યો હતો. મારા મનમાં પુરણપુરી બાપુના વિચારો ઘૂમરાઈ રહ્યા હતા, 'માધવાનંદજીની તમારા પર કૃપા છે. કારણ કે તમે તેના પર ઉપકાર કર્યો છે.' પરંતુ હું માધવાનંદજીને ક્યારય મળ્યો છું કે કેમ ? તે મને યાદ આવતું ન હતું ! મેં છેલ્લા વીશ-પચીસ વર્ષના ભૂતકાળને ઢંઢોળી જોયો, પરંતુ ક્યાંય માધવાનંદજીનું ચિન્હ સુધ્ધાં મને જોવા ન મળ્યું ! આથી વારંવાર મારા મનમાં પ્રશ્ન ઘૂમરાઈ રહ્યો હતો. 'આ માધવાનંદજી છે, કોણ ?' મારે અને તેને પહેલાં કોઈ સંબંધ હતો ? હતો તો કેવો હતો ? અને ક્યારે ક્યાં ? લાખ પ્રયત્નો છતાં વિસ્મૃતિના પડને હું ઉખેડી ના શક્યો. દાનબાપુને પૂછી લેવાનો એક વિચાર મનમાં આવી ગયો, પરંતુ આગળના પ્રશ્નની અનુચિતતાએ મને રોકી દીધો.

જે હોય તે, ઈશ્વરની ઇચ્છા હશે તો બધું જાણી શકાશે, એમ વિચારી ચિત્ત શાંત કર્યું. છતાં વિચારોએ મારો કેડો ન છોડ્યો. હું વિચારી જ રહ્યો 'ઉપકાર' શબ્દ ગમે તેમ

પણ મને વધારે પડતો અને અજુગતો લાગ્યો. ક્યાં માધવાનંદજી જેવા સમર્થ સિદ્ધ સાધુ અને ક્યાં હું એક સામાન્ય સાધક ? તેમના પર ઉપકાર કરવાની મારી કઈ હેસિયત ! કશું જ સમજાતું ન હતું. એક જ પ્રશ્ન મારા મનમાં ઘૂમરાયા કરતો હતો, 'છેવટે, માધવાનંદજી છે કોણ ?' મારો તેની સાથે ભૂતકાળનો શો નાતો છે ? કશું જ યાદ આવતું ન હતું, છેવટે મને લાગ્યું કે આ પ્રશ્નને હંમેશને માટે ભૂલી જવો જોઈએ. કદાચ એવી જ ઈશ્વરની ઇચ્છા છે.

એમ પણ બને કે જાણ્યા પછી મારો અત્યારનો અભિગમ બદલાઈ જાય તો, તો ! એક શ્રદ્ધા અને વિશ્વાસના ભુક્કા બોલી જાય. એ થવા જ ન દેવાય. માટે મારે આ પ્રશ્નને હંમેશને માટે ભૂલી જવો એ જ બરાબર છે. ભૂતકાળની આ 'વિસ્મૃતિ'ને હૃદયના અતલ ઊંડાણમાં દાટી દેવાના નિશ્ચય સાથે હું સ્વસ્થતાથી ચાલવા માંડ્યો.

ખડકાળ કેડી પર ચાલતા અર્ધો રસ્તો અમે વટાવી ચૂક્યા હતા. બન્ને મૌન હતા. મને થયું, દાનબાપુ કાંઈક બોલે તો સારું ! ત્યાં જ તેણે બેટરીનો પ્રકાશ એક બાજુ ફેંકીને કહ્યું, 'આ કઈ જગ્યા છે, તે જાણો છો ?'

'ના !' મેં નકારમાં જવાબ આપ્યો.

'જુઓ, સામે શું દેખાય છે ?' પ્રકાશ ફેંકી દાનબાપુએ પૂછ્યું.

મેં તે તરફ બરાબર દૃષ્ટિ કરીને કહ્યું, 'ભેખડની આગળ એક મોટી શિલા !'

'ત્યાં એ જ ગુફા છે, જ્યાં આપણે શ્વેતાનંદજી દર્શન કર્યાં હતાં !'

'પરંતુ ગુફા જેવું તો કશું દેખાતું નથી ? ચિન્હો પણ તેવા લાગતા નથી ?' સાશ્ચર્ય મેં કહ્યું.

'તેમ છતાં ગુફા ત્યાં છે એ હકીકત છે. ગિરનારમાં આવી ઘણી જગ્યાઓ છે, જે સામાન્ય લોકો માટે અગોચર છે. દરરોજ ઘણાં લોકો અહીંથી પસાર થતાં હશે, કઠિયારાઓ અવારનવાર અહીં આવતા હશે, પરંતુ કોઈને પણ આ ગુફાની જાણ નથી. કોઈને પણ આ યોગીએ દર્શન આપ્યા હોય તેવું સાંભળ્યું નથી. માત્ર સુયોગ્ય સાધુ અથવા લાયક સાધક જ તેમની કૃપા હોય તો અને તો જ દર્શન પામી શકે છે.'

કહી ગુફા તરફ બે હાથ જોડી નમસ્કાર કરી દાનબાપુ મને દોરતા આગળ વધ્યા. થોડે દૂર ચાલતા મને ખ્યાલ આવ્યો કે પેલા હઠયોગીવાળી જગ્યા આવી ગઈ છે. તેમના દર્શન કરી લેવાની મારા મનમાં ઇચ્છા જાગી હતી, પરંતુ દાનબાપુ આગળ હું ઇચ્છા પ્રગટ કરી શક્યો નહિ. કારણ કે એક તો મોડું થઈ ગયું હતું, વળી પાછું અંધારું ! આવા સંજોગોમાં ઇચ્છા પ્રગટ કરવી અનુચિત ગણાય.

થોડું આગળ ચાલતા પેલો પાણીનો ઘૂનો પણ બેટરીના પ્રકાશમાં દૃષ્ટિગોચર થયો. આગળ ચાલતા હું ચમકી ગયો. ચમકવું પડે તેમ હતું. કારણ કે ઘૂનાને કાંઠે એક

ખડક પર સ્થિર, નિશ્ચલ, મોટી મગર બેઠી હતી. દાનબાપુએ બે હાથ જોડી મગરને પ્રણામ કર્યા. મને થોડું આશ્ચર્ય થયું, લાગ્યું કે ભૂતમાત્રમાં ઈશ્વરના દર્શન કરતા સાધુ મગરમાં રહેલી ચિતિશક્તિને પ્રણામ કરે એ સ્વાભાવિક જ હતું.

ત્યાં જ મારા આશ્ચર્યને દ્વિગુણિત કરે તેવા શબ્દો દાનબાપુ બોલ્યા, 'તમે પણ પ્રણામ કરો. આ તો મગરનું સ્વરૂપ ધારણ કરીને બેટેલા 'હઠયોગીજી' છે. તમારી ઇચ્છા તેમણે પૂર્ણ કરી !' ખચકાટને દબાવી મેં દાનબાપુના કહ્યા મુજબ મગર હઠયોગીને પ્રણામ કર્યા અને તુરત જ મગર છલાંગ મારીને ધૂનાના ઊંડા જળમાં ગરક થઈ અદશ્ય બની ગઈ. પાણીમાં મગરની છલાંગથી ઊઠતા તરંગોને હું નિહાળી રહ્યો, ત્યાં જ દાનબાપુ બોલ્યા, 'પોતાની જાતને સામાન્ય લોકોથી છુપાવવા હઠયોગી મગરનું સ્વરૂપ ધારણ કરીને રહે છે. મગરના ડરથી લોકો આ સ્થાનથી દૂર રહેવાનું પસંદ કરે છે. તેમની કૃપા વગર દર્શન દુર્લભ.'

'તમે દાનબાપુ ! આ બધું કેમ જાણ્યું ?' મેં જિજ્ઞાસાવશ પૂછ્યું. એક ક્ષણ દાનબાપુ ચાલતા અટકી ગયા, મારી સામે તાકીને માત્ર એટલું જ બોલ્યા,

'વર્ષોથી આ ભૂમિમાં માધવાનંદજી જેવા સમર્થ ગુરુની પાસે રહી સાધના કરું છું.' ને ચાલતા થયા.

'બસ, સમજી ગયો.' માત્ર એટલું જ બોલીને હું પણ તેની સાથે પગ મિલાવી રહ્યો.

તળેટી નજીક આવી જતાં ઈલેક્ટ્રિક લાઈટનો પ્રકાશ દૃષ્ટિગોચર થવા લાગ્યો હતો. થોડી જ વારમાં અમે તળેટીમાં પહોંચી ગયાં. થાંભલાની લાઈટના પ્રકાશમાં હવે બેટરીના પ્રકાશની જરૂર ન રહી. ભવનાથ મંદિરમાં હજુ આરતી પછીની ચહલપહલ ચાલુ હતી. જમનાવાડીમાં અંધકારને લીધે સ્પષ્ટ જોઈ શકાતું ન હતું. મને સરયુદાસજીનાં દર્શન કરવાની ઇચ્છા થતાં મેં દાનબાપુ આગળ મારી ઇચ્છા પ્રગટ કરી.

'સમય જો કે ખાસ વહી ગયો નથી. દાનબાપુએ કહ્યું, 'સરયુદાસજી જો હોય તો, ભોજન પૂર્ણ કરી આરામમાં હોય અથવા ધ્યાનમાં બિરાજેલા હોય, છતાં પ્રયત્ન કરીએ. તેમણે દરવાજે ઊભેલા એક સાધુને સરયુદાસજી વિશે પૂછી જોયું તો પ્રત્યુત્તર મળ્યો.' અદ્‌ભુતાનંદજી લાંબો સમય સુધી ગરમ પ્રદેશમાં રહ્યા હતા. એટલે હિમાલયનું શીતવાતાવરણ માફક ન આવતા થોડા અસ્વસ્થ થયા છે, તેથી તેમની ખબર પૂછવા ગયા છે. અદ્‌ભુતાનંદજી પુનઃ સ્વસ્થ થયા પછી જ તેઓ પરત થશે.'

લગભગ નવ કલાકે અમે જગ્યા પર આવી પહોંચ્યા. જગ્યામાં ચહલપહલ ચાલુ હતી, પરંતુ માધવાનંદજી તેના નિત્ય નિયમ મુજબ ધૂણા પર ન હતા. વાતાવરણ થોડું ગંભીર લાગી રહ્યું હતું. પૂછતાં અશોકે જણાવ્યું કે બાપુની તબિયત ખરાબ થઈ ગઈ છે, તેથી તેમના રૂમ પર આરામ કરે છે. તુરત જ તેમની ખબર પૂછવાના ઉદ્દેશથી હું

તેમના રૂમ પર ડગ ભરવાની તૈયારીમાં હતો, ત્યાં જ દાનબાપુએ મને અટકાવતા કહ્યું, 'તમે હાથ-પગ ધોઈ, ઉપર જઈ સ્વસ્થ થાવ, હું ત્યાં જઈ તપાસ કરું છું. જો તેઓ જાગી રહ્યા હશે, તો હું તમને બોલાવીશ !'

ઉપર જઈ બંધ બારીઓના દરવાજા ખોલી હું થોડી વાર બેઠો હોઈશ ત્યાં જ અશોકે આવીને કહ્યું, 'બાપુના રૂમમાં દાનબાપુ આપને યાદ કરે છે.'

બાપુના રૂમમાં પ્રવેશ કરી, મેં જોયું તો તેઓ આંખો મીંચી તંદ્રાવસ્થામાં સૂતા હોય તેમ લાગતું હતું. તેમના હોઠ હલી રહ્યા હતા. શરીરમાં બેચેની હોય તેમ થોડી થોડી વારે હાથ-પગ હલાવી રહ્યા હતા. તેમનો એક હાથ પથારીની બહાર નીકળી જતાં સરખો ગોઠવવા મેં તેમનો હાથ પકડ્યો તે સાથે જ જેમ ધગતી તપેલી કે લોઢીને હાથ અડી જાય અને મોઢામાંથી વેદનાનો ચિત્કાર નીકળી જાય, તેમ તેમના હાથના સ્પર્શથી દાઝી ગયો હોઉં તેવી સખત વેદના હું અનુભવી રહ્યો ! ઝડપથી મારે હાથ પાછો ખેંચી લેવો પડ્યો અને મુખમાંથી શબ્દો સરી પડ્યા,

'ભયંકર તાવ ! એકસો વીશ ડિગ્રી કરતાંય ઘણો વધારે !' મેં ચિંતિત સ્વરમાં મોટેથી કહ્યું.

'બાપુને ઘણી વખત આવો તાવ આવી જાય છે.' દાનબાપુએ મને ધીરજ આપતા કહ્યું, 'આવે છે, ત્યારે આવો જ તાવ હોય છે, ઊતરી જશે. ચિંતા કરવાનું કોઈ કારણ નથી.'

મને લાગ્યું કે આવા તાવમાં બેદરકાર રહેવું ઉચિત ન ગણાય ! શીઘ્ર ઉપચાર કરવો જોઈએ. આવો વિચાર કરતો હું એક વાત ભૂલી ગયો હતો. સામાન્ય તાવમાં પણ ચિંતાથી દોડાદોડી કરી મૂકતા મારા જેવા સામાન્ય કક્ષા ધરાવતા આ માધવાનંદજી નથી. ને આની પ્રતીતિ તત્ક્ષણ થઈ પણ ખરી. થોડી વારે માધવાનંદજીએ આંખો ખોલી અમારી સામે જોયું. મેં તેમની નજીક જઈ નીચા નમી પૂછ્યું, 'કેમ છે, હવે ? શું જણાય છે આપને ? આપને ખૂબ જ તાવ છે.'

સાંભળી તેના મુખ પર સ્મિત ઊપસી આવ્યું. બોલ્યા,

'કશું જ થયું નથી. પ્રાણાગ્નિમાં મારા પાપકર્મો બળી રહ્યા છે. મા ભગવતી ભુવનેશ્વરી એ રીતે મારા પર કૃપા કરી રહી છે.'

પછી સ્વગત બોલતા હોય તેમ મંદ-ગંભીર સ્વરે બોલવા લાગ્યા,

'મા ભગવતી ! મારા પર તારી પરમ કૃપા. મા, મારા પાપ-પુણ્યના, સારાં-નરસાં બધાં કર્મો મારા શરીરને તપાવી તપાવીને બાળી નાખ અને ખરડાયેલા મારા આત્માને પરિશુદ્ધ બનાવી દે, મા !' તેમના બે હાથ જોડાયેલાં હતાં, જાણે અંતરિક્ષમાં કશું નિહાળીને બોલી રહ્યા હતા. થોડી વારે પૂર્વવત્ અમારી સામે જોઈને બોલ્યા,

'આ તાવ નથી. શરીરમાં રહેલ પ્રાણ મારા જન્મજન્માંતરોના પાપોના સમૂહને બાળે છે. તેનો તાપ આ શરીર પર દેખાય છે. બાકી મને તેની કોઈ અસર થતી નથી, કારણ કે હું આત્મા-શરીરથી ભિન્ન છું.' ઊંડો શ્વાસ લઈ પુનઃ બોલ્યા, 'ઋગ્ણ' (રોગ) આવે તો, સહન કરવો. જો સહન ન થાય તો અને તો જ ઔષધ ગ્રહણ કરવું.' કહી પુનઃ તેઓ શાંતિથી આંખો મીંચી ગયા. દાનબાપુએ તેને ચાદર ઓઢાડી, નાક પર આંગળી મૂકી શાંતિથી નીકળવાનું સૂચન કર્યું.

બહાર આવી દાનબાપુએ મારા રૂમ પર આવી થોડી વાર બેસી આરામ કરવાનું કહ્યું. અમે થોડી વાર બેસી આડાઅવળી વાતો કરી ત્યાં ચા આવી જતાં તેને ન્યાય આપી આરામથી બેઠા. શરીરમાં થોડી સ્ફૂર્તિ આવી. બાપુની કથળેલી તબિયતનો વિચાર કરતાં મેં દાનબાપુને સૂચન કરતાં કહ્યું, 'બાપુને ચા સાથે તુલસીના પાન અને અજમાનો ઉકાળો પાયો હોય તો સારું રહે.'

દાનબાપુ સાંભળીને મારી નાદાનિયત પર હસતા હોય તેમ હસીને બોલ્યા, 'એવી કશી જ જરૂરત નથી. બાપુની આવે વખતે મનાઈ પણ છે.'

'આવે વખતે એટલે ? તાવ આવે ત્યારે ?' ન સમજાતા મેં સાશંક પૂછ્યું. દાનબાપુએ જવાબ આપતા કહ્યું,

'આ કોઈ તાવ નથી કે રોગ પણ નથી. આ એક યૌગિક ક્રિયા છે, યોગીઓ ઘણી વખત પોતાના શરીરને અસાધારણ રીતે ગરમ કરે છે, ક્યારેક સાવ ઠંડુ પણ કરી નાખે છે. શ્વાસોચ્છ્વાસ અને નાડીની ગતિ પણ બંધ કરી દે છે. આવી ક્રિયાઓ અવારનવાર કરવી જરૂરી હોય છે. એટલા માટે જ મેં 'આવે વખતે' કહ્યું હતું. શરીરનો તેમને મોહ નથી, મૃત્યુનો તેમને ડર નથી. આ વાત સતત તેમના મનમાં જાગૃત રહ્યા કરે છે. કદાચ એટલા માટે જ આવી ક્રિયા અર્થાત્ પ્રયોગ કરવાની જરૂરત હશે. તેમના માટે કદાચ આ સ્વાધ્યાય હશે.'

'તો શું આ તાવ નથી જ ?' મેં પુનઃ સ્પષ્ટતા માટે પૂછ્યું.

'કદાચ ! ખબર નથી, પરંતુ કદાચ તાવ પણ હોઈ શકે છે. તેમના માટે કોઈ ફરક પડતો નથી. પ્રયોગની જેમ તેઓ 'તાવ'ને પણ ઉતારી દૂર કરી શકે છે, તેમ પુનઃ તાવને ગ્રહણ પણ કરી શકે છે.' થોડું અટકી દાનબાપુ પુનઃ બોલ્યા, 'આ અનુભવ મને અનેક વખત થઈ ચૂક્યો છે.' કહી દાનબાપુ મારી સામે જોઈને અર્થપૂર્ણ હસી રહ્યા. સ્વાભાવિક રીતે જ તે મારી ઉત્સુકતાને જાણતા હોય, મારે તેને પૂછવું ન પડ્યું.

તે બોલ્યા, 'ગયે વર્ષે મહાશિવરાત્રિના દિવસે જ બાપુને આવો જ તાવ આવેલો. તેમના ધગતા પગને હું મહામુશ્કેલીથી પંપાળતો સેવા કરતો બેઠો હતો, ત્યાં જ સંદેશો આવ્યો કે, 'દાતા જયેન્દ્રભાઈ અને તેમના પત્ની દેવયોગિનીબેન આપના દર્શનાર્થે

આવ્યા છે. સાથે અન્ય મહેમાનો પણ છે.' આ જયેન્દ્રભાઈ મોટા ઉદ્યોગપતિ છે. મુંબઈ અને ચેન્નઈમાં તેના ઘણાં કારખાનાં છે. તેમણે પત્ર દ્વારા અગાઉ જણાવેલ કે તે સંકુલના બધાં જ મંદિરોના જિર્ણોદ્ધાર માટે તથા ગૌશાળાને નવેસરથી બંધાવવા તથા નદી પર સ્નાનઘાટ બંધાવવા માટે મોટી રકમ દાનપેટે આપવા માગે છે, પોતે જ્યારે રૂબરૂ દર્શનાર્થે આવશે, ત્યારે ખર્ચ માટેની બધી વ્યવસ્થા કરી જશે. આ જયેન્દ્રભાઈ દાતા ઉપરાંત ત્યાગી ભક્ત અને સેવક હોવાથી, બાપુને તેમના પ્રતિ ઘણો ભાવ હતો અને છે.

સંદેશો સાંભળીને બાપુ ઓઢેલ કામળી બાજુ પર કરી કામળીને સંબોધીને બોલ્યા, 'લે, મા કામળી ! થોડી વાર મારો તાવ તારામાં સમાવી લે !' અને મેં મારા આશ્ચર્ય વચ્ચે જોયું તો કામળી જાણે તાવથી ધ્રૂજી રહી હતી. બાપુ ત્વરિતગતિએ બહાર નીકળી ગયા પછી મેં ધાબળીને હાથથી સ્પર્શ કર્યો તો ધાબળી એકદમ ગરમ હતી. જાણે હમણાં જ સળગી ઊઠશે તેમ લાગતું હતું, ગરમી સહન ન થતાં મારે હાથ પાછો ખેંચી લેવો પડ્યો.

બહાર પૂર્ણ સ્વસ્થતાપૂર્વક બાપુ મહેમાનો સાથે વાતો કરી રહ્યા હતા, તે પણ મેં જોયું. જાણે બાપુને તાવ તો શું, પણ અન્ય કોઈ બીમારીનું ચિહ્ન સુધ્ધાં જણાતું ન હતું. મહેમાનો સાથે એકાદ કલાક જેટલો સમય થયો હશે. પ્રણામ કરી મહેમાનો જતાં બાપુએ પૂર્વવત પથારીમાં પડી તાવને સંબોધન કરતાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, 'લે, બાપ ! આવતો રહે પાછો મારા શરીરમાં, ને તારું કામ શરૂ કરી દે, બાપલા !' એમ કહેતાં જ કામળીની ધ્રુજારી તુરત જ બંધ અને બાપુ ! તેના શરી પર હાથ અડાડતાં હું ચમકી ગયો. બાપુનું શરીર તાવથી પૂર્વવત લોઢીની જેમ તપી રહ્યું હતું.

તાવને હડસેલી પાછો શરીરમાં પુનઃ ગ્રહણ કરવાની શક્તિ બાપુમાં છે, તે મેં તે દિવસે જોયું આમ તો !' કશુંક વિચારતા થોડું અટકીને દાનબાપુ બોલ્યા, 'ઘણાં સંતો વિશે આવી વાતો પ્રચલિત છે, જે સત્ય જ છે, પરંતુ માધવાનંદજીબાપુની આવી ઘણી સિદ્ધિઓ હું વર્ષોથી નિહાળતો આવ્યો છું. પ્રત્યક્ષ અનુભવ જ શ્રદ્ધા અને વિશ્વાસનો પાયો બને છે. સંશયરહિતની ગુરુભક્તિ આગળ પ્રગતિ કરાવી શકે. ગુરુમાં પૂર્ણ શ્રદ્ધાથી ચિત્ત પરોવ્યા વગર ધ્યાન સહજસાધ્ય બની શકતું નથી.

ગુરુનો મહિમા અપાર છે. ગુર-શિષ્યની આંતરિક શક્તિને જાગૃત કરી, તેને આત્માનંદમાં રમણ કરાવે છે, શક્તિપાત દ્વારા અંતર્શક્તિ કુંડલીને તે જાગૃત કરે છે, શિષ્યના દેહમાં પારમેશ્વરી શક્તિ સંચારિત કરે છે. ટૂંકમાં ધ્યાન સહજ સાધ્ય બની, ગુરુકૃપાથી સમાધિ સુધી પહોંચી બ્રહ્મજ્ઞાન થાય છે.

બાપુ જેવા યોગીઓ ધ્યાન દ્વારા ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરી ચૂક્યા હોય છે, એટલે તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી. ઠીક ત્યારે.' વાતને સમેટી લેતા દાન બાપુએ

કહ્યું, 'ફરી ક્યારેક વધુ સત્સંગ કરીશું, કરો 'સુખરાત' સમય ઘણો પસાર થઈ ગયો છે; અને તમારે સવારે બાપુ સાથે રાઠોડસાહેબને ત્યાં તેના પુત્રની સારવાર માટે જવાનું છે !' કરી દાનબાપુ ઊઠીને જવા લાગ્યા. હું તેની પીઠ પર તાકી રહ્યો. મને લાગ્યું કે સામાન્ય સેવક જેવા દેખાતા આ સાધુમાં ઘણુંબધું અસામાન્ય તત્ત્વ પડેલું છે.

પથારી વ્યવસ્થિત કરી હું થોડી વાર બેઠો. બહાર બધું સુમસામ હતું. ક્વચિત રોડ પરથી વાહન પસાર થવાનો અવાજ આવતો હતો. દૂર દૂર જોગણિયા પર્વત પર ઝાંખો લાઈટનો પ્રકાશ ત્યાં માનવવસ્તી હોવાની પ્રતીતિ કરાવતો હતો. રૈવતાચલ પર્વત પરના વૃક્ષો જાણે અંધકારમાં ઓગળી ગયા હતા. દૂર દૂર નેસડામાંથી રબારીઓ દ્વારા સામવેદની ઋચાઓનું ગાન સ્વરબદ્ધ સંભળાઈ રહ્યું હતું. 'હા... હા... હો... હો... હો... !' જે ગાન ગુરુમુખી અને ગુપ્ત હોય, સમજવું મુશ્કેલ હતું !

દરવાજો બંદ કરી મેં પથારીમાં લંબાવ્યું. ઊંઘ આવવી મુશ્કેલ હતી. છતાં મેં આંખો મીંચી દીધી. આજના અનુભવના સ્મૃતિરૂપથી પડેલા લિસોટા મન પર પરાણે ઉપસી જતાં હતાં. બધું જ અલૌકિક અને વિચિત્ર લાગતું હતું. પુરણપુરી બાપુ સાથેની મુલાકાત, મને માધ્યમ બનાવી તેણે કરેલી યોજના, માધવાનંદજી વિશે ઉદ્ભવેલી કુતૂહલતા ! થોડી આશંકા સાથે સાથે અલૌકિક અનુભવોનો આનંદ ! આ બધી જ બાબતોથી ઊઠતા સ્પંદનો મારી ઊંઘને ડોળી રહ્યા હતા. છેવટે, થાકેલા મન અને શરીરે હાર કબૂલીને મારું મન ધીમે ધીમે નિદ્રાદેવીના શરણમાં સરકી ગયું.



6

કોઈ પણ વસ્તુ સનાતન નથી, ધીમે ધીમે તેમાં પરિવર્તન થતું જતું હોય છે. દરેક સાધક, પ્રત્યેક જ્ઞાની કે વિચારવંત બૌદ્ધિકો માટે આ સ્વીકૃત વિચારસરણી છે. છતાં પરિવર્તન જ્યારે સામે આવે ત્યારે પંડિત-જ્ઞાનીના ધૈર્યને પણ થોડુંઘણું પણ વિચલિત કરી નાખે છે. ડગલે ને પગલે આવું પરિવર્તન આવતું જ રહે છે; પછી ભલે એ આધ્યાત્મિક હોય, ભૌતિક હોય, શારીરિક કે માનસિક હોય. ગમે તેમ પણ કુદરતના આ ક્રમને અતિક્રમી શકાય જ નહિ.

જો કે આ પરિવર્તન છેવટે તો વ્યક્તિ કે સમષ્ટિના હિતમાં જ હોય છે. પરિવર્તન એ એક જાતનું 'મંથન' હોય છે; અને આવા મંથનથી જ નવનીત પ્રાપ્ત થતું હોય છે. ધરતીકંપ એ સૃષ્ટિમાં નિરંતર થતું 'મંથન' છે; અને આના કારણે જ વિકૃત ખડકનું નિર્માણ થઈ હીરા, નીલમ જેવા રત્નો તથા સોનું, ચાંદી, લોખંડ, ગેસ, તેલ જેવા મૂલ્યવાન તત્ત્વો બને છે. ઋતુઓના પરિવર્તનથી જ વિવિધ પ્રકારના ફળો, અનાજ, શાકભાજી વિગેરે પ્રાપ્ત થાય છે. ટૂંકમાં પરિવર્તન લાભપ્રદ છે. ઈશ્વરના આશીર્વાદ છે, પરિવર્તન સત્ય છે, જરૂરી છે.

વહેલી સવારે સ્નાન કરતાં કરતાં હું વિચારી રહ્યો હતો. આધ્યાત્મિક વાતાવરણવાળી જગ્યામાં આવા વિચારો આવવા તે સ્વાભાવિક હતું. છતાં કોણ જાણે કેમ પણ આજનું વાતાવરણ જાણે અસ્વાભાવિક જેવું લાગી રહ્યું હતું. જોકે મનુષ્યો, સામાન્ય મનુષ્યોનો એ સ્વભાવ છે, ક્યારેક નજીવી બાબતમાં શોક, ક્યારેક આનંદ પછી વિષાદનો એ અકારણ અનુભવ કર્યા જ કરે છે.

આજે હું પણ કાંઈક એવો જ અનુભવ કરી રહ્યો હતો. વહેલી સવારનો પાતળો અંધકાર, ઘેરા વાદળોથી આચ્છાદિત આકાશ કોઈ ન સમજાય તેવા નિરાશાજનક

ભાવથી મનને ભરી રહ્યું હતું. આ બધાં ચિન્હો ભાવિ પરિવર્તનની આગાહીરૂપ હતાં કે શું, એમ મને ભાસી રહ્યું હતું.

જોકે વહેલી સવારે ઉત્સાહથી જ ઊઠ્યો હતો. આજે મારે સિદ્ધિ બતાવવાની હતી. હા, સિદ્ધિ જ. ભલે ઉછીની મળેલ સિદ્ધિ, પરંતુ મારા હાથે તેનો (જડીબુટ્ટીનો) સિદ્ધ પ્રયોગ. આ જેવી-તેવી બાબત ન ગણાય. મનુષ્યને નવજીવન આપી શકનાર હું, અદ્‌ભુતાનંદ પાસેથી પ્રાપ્ત થયેલ જડીબુટ્ટીનો સફળ પ્રયોગ આજે મારા હાથે થશે અને હું કીર્તિના ઉચ્ચ શિખર પર આરૂઢ થઈશ ! ખેર, મારા માટે આ આનંદ જન્માવે તેવી બાબત હતી. આવા સ્વાભાવિક આનંદ સાથે હું નીચે ઊતરી રહ્યો હતો.

પરંતુ નીચેનું વાતાવરણ મારા આનંદની સાથે સુસંગત ન લાગ્યું. હંમેશા આનંદ-ઉત્સાહથી ભરેલું લાગતું સ્થળ અને તેનું આજનું વાતાવરણ બદલાયેલું લાગતું હતું. ચોગાનમાં કોઈ સાધુ કે સેવકોની ચહલપહલ નજરે પડતી ન હતી. મંત્રોચ્ચાર સાથે સ્નાન કરતાં કોઈ સાધુ પણ દષ્ટિગોચર થતાં ન હતા, રસોડું બંધ હતું; અને દાનબાપુ ક્યાંય નજરે પડતાં ન હતા. કદાચ ગાયોને લઈને પગ છૂટો કરાવવા લઈ ગયા હશે.

એ તો ઠીક, પરંતુ હરહંમેશને માટે ધ્યાન લગાવીને ધૂણા પરના આસન પર બેસતા માધવાનંદજીબાપુ પણ તેમની જગ્યાએ ન હતા. કદાચ, તેમની તબિયત સારી ન પણ હોય અને આરામમાં હોય, પરંતુ એ વાત ફિટ બેસે તેવી ન લાગી, કારણ કે રાત્રે લઘુશંકા માટે હું નીચે ઊતરેલો ત્યારે મેં તેમને ગૌશાળાની ખુલ્લી બારીમાંથી નાની વાછરડીને પંપાળીને ખવડાવતા જોયેલા. ત્યારે તેઓ પૂર્ણસ્વસ્થ લાગી રહ્યા હતા. આટલી વારમાં તેમની તબિયત પુનઃ બગડે તે માન્યામાં આવતું ન હતું, આજે તો તે મારી સાથે રાઠોડ સાહેબને ત્યાં તેમના પુત્રના ઉપચાર માટે આવવાના હતા. હંમેશની જેમ તેઓએ શા માટે મને પૂર્વ તૈયારીરૂપ સૂચન મોકલ્યું ન હતું ?

મારા બધા જ કાર્યક્રમો તેમની સૂચના, માર્ગદર્શન અને પ્રેરણા પ્રમાણે જ થયા છે. આજે આમ કેમ ? પ્રશ્ન સાથે આશંકા પણ જન્મી; અને એ સાથે હૃદય-મનમાં ક્ષોભનો એક જબ્બર આંચકો પણ મેં અનુભવ્યો. શું મારા તેમના વિશેના વિચારો જે મેં ગઈકાલે કરેલા, તેમનાથી અજાણ રહી શક્યા હશે ? આટ-આટલાં અનુભવ પછી પણ, મારી સમજમાં એ કેમ ન આવી શક્યું કે એમનાથી છાનું કશું જ રહી શકતું નથી. મારા વિચારો જરૂર તેઓ જાણી ગયા હશે અને એટલે જ કદાચ તેઓ મને દૂર રાખવા માટે... હું આગળ ન વિચારી શક્યો. ઘેરી નિરાશા અને ક્ષોભથી હું લેવાઈ ગયો.

જો આમ હોય તો, તો માધવાનંદજી વગરનો હું શૂન્ય, માત્ર શૂન્ય... શૂન્ય સિવાય કશું જ નહિ. કૃષ્ણ જતાં અર્જુનના જેવી મારી સ્થિતિ થઈ જાય, પણ... પરંતુ આ બધું ન પણ હોય. મારા મનની માની લીધેલી આ માન્યતા પણ હોય, પરંતુ આવી ભ્રમણા

શા માટે આજે મને થાય છે ? આ માટે ચોક્કસ કોઈ કારણ હોવું જોઈએ. મને થયું કે મારે આવા વિચારો જ ન કરવા જોઈએ. માધવાનંદજીને મારા પર અટલ સ્નેહ છે જ. અધવચ્ચે એ મને કદાપિ છોડે જ નહિ; અને એ વિશ્વાસના આધાર પર હું સ્વસ્થ બનવાના પ્રયત્નો કરી રહ્યો.

ઝડપથી મેં સ્નાન પતાવી લીધું. ભગવાન શિવનું પ્રાર્થનાસહ અને મંત્રોચ્ચાર સાથે પૂજન કર્યું. વિધિ બાદ હંમેશની જેમ મારા પગ ગુફા તરફ વળ્યા. જ્યાં નિત્યાનંદજી તથા લંગડાબાપુનું કાયમી આસન છે. બહારથી જ 'ૐ નમોઃ નારાયણ' બોલી હું પ્રથમ લંગડાબાપુની ગુફામાં પ્રવેશ્યો તો સ્તબ્ધ રહી ગયો. અંદર લંગડાબાપુ ન હતા, એટલું જ નહિ, પરંતુ તેમના ત્યાં હોવાના કોઈ ચિન્હો પણ ન હતા. ગુફા તદ્દન ખાલી હતી. માત્ર મેં ઉચ્ચારેલા 'ૐ નમોઃ નારાયણ'ના પડઘા ગુફામાં ઘૂમરાઈ રહ્યા હતા. તો લગંડાબાપુ નથી, કેમ ? પ્રશ્નનો ઉત્તર આપવા ત્યાં કોઈ હાજર ન હતું.

લંગડાબાપુ પ્રત્યેની મારી અંતરતમ્ લાગણી પર પ્રહાર થયો હોય તેમ ડઘાઈને હું શૂન્યમનસ્ક ભાવે ઊભો જ રહ્યો. થોડી વારે પછી મેં નિત્યાનંદજીની ગુફામાં પ્રવેશ કર્યો. તો મને લાગ્યું કે ઓચિંતા જ કોઈએ મારા દુઃખના ઘાવ પર જોરથી સ્પર્શ કર્યો છે. ગુફા ખાલી હતી, એટલું જ નહિ, અહીં કોઈ લાંબા સમયથી રહેતું હશે એવા કોઈ ચિન્હો પણ ત્યાં ન હતા. માત્ર યજ્ઞવેદીમાં અંગારા ઝબકી રહ્યા હતા; અને તેમાંથી આહુતિ આપેલ હુતદ્રવ્યની મધુર સુગંધ આવી રહી હતી. સ્તબ્ધ મને નીચા નમી યજ્ઞકુંડમાંથી ભસ્મની ચપટી ભરી મસ્તક પર અને કપાળ પર લગાવી, ધીમા ડગ ભરતો હું બહાર નીકળ્યો, તો સામે જ છાત્ર અશોક ઊભો હતો. મેં તેને જ પ્રશ્ન કર્યો, 'કેમ અશોક ! આ ગુફાઓમાં કેમ કોઈ નથી ? આસનસ્થાનો બદલ્યા કે શું ?'

'ના !' અશોકે જવાબ આપતા કહ્યું, 'તેઓ વહેલી સવારે અથવા રાત્રે જ જતાં રહ્યા હશે. નિત્યાનંદજીબાપુ બદ્રિકેદારનાથ તથા લંગડાબાપુ ગિરનારની પરિક્રમા કરી આગળ પ્રવાસે જવાના હતા. બાપુ સાથેની તેમની વાતચીત મેં સાંભળેલી. ખાલી થયેલી ગુફાઓની સફાઈ કરવા હું આવેલો છું.' સાંભળીને મારા હૃદયમાં અને મનમાં ન સમજાય તેવા ખાલીપાનો અહેસાસ થઈ રહ્યો. થોડા પરિચયથી પણ હું ગાઢ લાગણીના તંતુઓથી જકડાઈ જાઉં છું, કોઈ આત્મીય અચાનક જતું રહ્યું હોય અને જે દુઃખની લાગણી થાય, તેવી લાગણી હું અનુભવી રહ્યો. ને એક લાંબો નિશ્વાસ સરી પડ્યો, મારા અંતરતમમાંથી !

'પરંતુ દાનબાપુ તથા માધવાનંદજીબાપુ પણ કેમ ક્યાંય દેખાતા નથી ?' મેં અશોકને પુનઃ પૂછ્યું.

'દાનબાપુ બે સેવકો સાથે સૂકા લાકડાં વીણવા ડુંગર પર ગયા છે અને બાપુ અંદર

તેમના રૂમમાં છે. બાપુ બોલાવે તો જ તેમના રૂમમાં જવું તેવું સૂચન કરેલ છે. આજે થોડી રસોઈ મારે કરી નાખવાની છે, બાકીની રસોઈ દાનબાપુ આવીને કરશે. મારે કૉલેજ પણ જવાનું છે, એટલે !' અધૂરું વાક્ય મૂકી તે ગુફાઓ સાફ કરવા જતો રહ્યો.

થોડી વાર ઊભો રહી હું વિચારી રહ્યો, ખરેખર આ પરિવર્તન કેવું ! ખેર, બધું સ્વાભાવિક તો છે. આવું તો નિરંતર બનતું જ હોય છે. પ્રત્યેક સેકન્ડ પણ એકસરખી હોતી નથી, પરિવર્તન તો કુદરતનો નિયમ છે; અને આ પરિવર્તનનો નિયમ હંમેશાં મનુષ્યના લાભ માટે જ હોય છે. ખેર, જે હોય તે, મારે જરૂરી કામે જવાનું છે તે યાદ આવતા હું ઝડપથી ત્યાંથી નીકળીને ચોગાનમાં આવ્યો. માધવાનંદજીનો રૂમ બંધ હતો.

ઉપર આવી આસનસ્થ થઈ, સંધ્યા કરી ધ્યાનમાં બેઠો. ધ્યાનમાં વિચારો વિઘ્નરૂપ બન્યા, છતાં શીતળ પ્રકાશથી પરિપ્લાવિત્ થયો, શાંતિ અને આનંદ પ્રાપ્ત થયા, પરંતુ સંતોષ ન થયો. કારણ સ્પષ્ટ થતું ન હતું. કોઈ ન સમજાય તેવો ઉદ્વેગ અને આશંકા મારા મનમાં ઘૂમરાઈ રહ્યા હતા. તેથી આવી સ્થિતિમાં ધ્યાન કરવાનું ઉચિત ન લાગતા જરૂરી તૈયારી કરી, ભગવાવસ્ત્રો ધારણ કરી, નિયત જગ્યાએ જવા માટે હું નીચે ઊતર્યો, પરંતુ સવારના પ્રારંભમાં થયેલો ઉત્સાહ અત્યારે રહ્યો ન હતો. માધવાનંદજી સાથે આવવાના હતા, પરંતુ તેમના તરફથી કોઈ સૂચન હજુ સુધી મળ્યું ન હતું. આજ બાબત મારા માટે ચિંતાજનક હતી. તેઓ મારી સાથે આવશે કે નહિ, તેની મને ચિંતા ન હતી. મનમાં ઊંડે ઊંડે ચિંતા હતી, શું હું તેમની નજરમાં ઊતરી તો નથી ગયો ને ? આ ચિંતા કેટલી સાચી હતી, તે હું સમજી શકતો ન હતો !

રસોડા તરફ નજર કરતા ખ્યાલ આવ્યો કે, દાનબાપુ આવી ગયા છે. અંદર જઈ મેં તેમને 'ૐ નમોઃ નારાયણ' કર્યા. પ્રત્યુત્તરમાં તેઓ માત્ર 'નારાયણ' બોલ્યા અને કામમાં વ્યસ્ત બની રહ્યા. મને ખ્યાલ આવી ગયો કે મારા આગમનનો જે હંમેશાં ઉમળકાભેર પ્રતિભાવ મળતો તે આજે મળી રહ્યો નથી. મારા સ્વમાનને સહેજ ધક્કો લાગ્યો, છતાં હસતા મુખે હું બોલ્યો, 'કેમ દાનબાપુ ! આનંદમાં !'

'હોવ, આનંદમાં !' કામમાં વ્યસ્ત રહી તેમણે પ્રત્યુત્તર આપ્યો. 'કૃપા ગુરુમહારાજની, હંમેશાં આનંદમાં જ રખાવે છે !' કહી તેઓ એકધ્યાન બની કામમાં યસ્ત જ રહ્યા. વાત આગળ વધારવાના ઉદ્દેશ્યથી મેં પૂછ્યું, 'લંગડાબાપુ તથા નિત્યાનંદજી બન્ને આમ અચાનક જતા રહ્યા ?'

'હા ! જેના નસીબમાં જેટલાં દાણાં-પાણી ખાવા-પીવાના લખાયા હોય, તેટલું જ રહી શકે. એમની લેણ-દેણ પૂરી થઈ જતાં તેમને જવાની ઇચ્છા થઈ ! બસ ગયા !' એમના સ્વરમાં જાણે આ બધું સ્વાભાવિક ક્રમમાં બનતું હોય તેવો ભાવ મને લાગ્યો. મૌન ધારણ કરી હું ઊભો રહ્યો. થોડી વારે તેઓ પુનઃ બોલ્યા, 'હાં... નારાયણ ! બાપુએ

કહ્યું હતું, કે રાઠોડ સાહેબના પુત્રની સારવાર કરવા જે તમે જવાના છો તે તમારે એકલાએ જવાનું છે, એટલે બાપુ તમારી સાથે આવશે નહિ. જરૂર લાગશે તો તેઓ મૌન બની તમને બોલાવીને વાત કરશે.' કહી તેઓ બત્તીચૂલામાં સળગતું લાકડું સંકોરવા લાગ્યા. ત્યાં જ અશોકે પ્રવેશ કરી મને કહ્યું, 'બાપુ આપને યાદ કરે છે !' ને ચાલતો થયો.

ઝડપથી હું બાપુના રૂમમાં દાખલ થયો, પગને સ્પર્શ કરી મેં તેમને 'ૐ નમોઃ નારાયણ' કર્યા. જવાબમાં તેઓ મૌન રહ્યા. મને લાગ્યું કે તેમનો ચહેરો સહેજ ઝાંખો પડી ગયો છે, બીમારીની અસર સ્પષ્ટ દેખાઈ રહી હતી. મને આવેલો જાણી તંદ્રાવસ્થામાં હોય તેમ બોલ્યા, 'થોડી વાર બેસો, પરંતુ તમારે ઝડપથી જવાનું છે. કદાચ તમને લેવા ગાડી આવી ગઈ હશે. દરવાજે ઊભી હશે, નહિ તો તમે રિક્ષા કરીને જેમ બને તેમ જલદી પહોંચો. ફોન હતો, રોહિતની સ્થિતિ અત્યારે ગંભીર છે. ડૉક્ટરોએ પણ આશા મૂકી દીધી છે. છતાં તમારો ઉપચાર છેલ્લી ઘડીએ કામિયાબ પુરવાર થાય તેવી મને આશા છે, માટે જ તમારે જવું જોઈએ, એમ મારું માનવું છે. તો તમો પહોંચો.'

હું જવા માટે ઊભો થઈ દરવાજા તરફ વળ્યો ત્યાં જ તેમના શબ્દો મારી પીઠ પાછળ સંભળાયા,

'પરંતુ એક વાત ખાસ ધ્યાનમાં રાખશો, તમારું કામ પૂર્ણ કરીને ઝડપથી ત્યાંથી નીકળી જશો. તમારા ઉપચારનું પરિણામ સફળ હશે જ, તેની તમને તથા બધાને તુરત જ ખાતરી થઈ જશે, છતાં બધાનો પ્રતિભાવ જોયા-જાણ્યા વગર ઝડપથી પરત થઈ જશો.'

આવા વિચિત્ર પ્રસ્તાવ કે આદેશથી મને નવાઈ લાગી. શા માટે ઝડપથી પરત થવું ? અહીં કોઈ કાર્ય માટે મારી જરૂર હશે ? પ્રશ્ન જાગતા પીઠ ફેરવી મેં માધવાનંદજી સામે જોયું. તેઓ આંખો બંધ કરીને સૂઈ રહ્યા હતા. બંધ આંખોએ જ તેમણે પુનઃ કહ્યું, 'દરેક બાબતના ખુલાસા તત્કાળ કરવા જરૂરી નથી હોતા. સમય આવ્યે બધો ખ્યાલ આવી જશે. ધીરજ ! એ પ્રગતિ માટે ક્યારેક અમૂલ્ય ખજાનો સાબિત થાય છે.' કહી તેઓ મૌન થતાં મેં વિનયથી કહ્યું,

'આપની સલાહ મુજબ જ થશે, પરંતુ આપ મારી સાથે.'

'એવી કશી જ જરૂર નથી !' મને વચ્ચેથી જ અટકાવીને તેઓ બોલ્યા, 'આમેય, તમે સમર્થ થઈ ગયા છો ને. આવડી મોટી સિદ્ધિ જે અનાયાસ, સાધના કર્યા વગર જ તમને મળી ગઈ છે. આ સિદ્ધિ તમને ક્યાં નહિ પહોંચાડે ? વારુ, તમે હવે ઝડપથી નીકળો.' કહી પીઠ ફેરવી ગયા.

તેમના શબ્દો મને કટાક્ષયુક્ત તથા રહસ્યમય લાગ્યા, પરંતુ કશું જ વિચારી નહિ શકતા હું ઝડપથી નીકળી દરવાજે પહોંચ્યો તો ડ્રાઈવર ગાડી લઈ મારી રાહ જોઈ રહ્યો

હતો. અંદર બેસતાં જ ગાડી પૂરઝડપે દોડવા લાગી. સાથે સાથે મારા મનના વિચારો પણ, અદ્‌ભુતાનંદજી પાસેથી મળેલી જડીબુટ્ટી જ્યારે પ્રાપ્ત થઈ ત્યારે; અને તે પછી પણ તેના વિશે, તેના અદ્‌ભુત ઉપયોગ વિશે મને વિચારવાનો સમય જ મળ્યો ન હતો અથવા ઇચ્છા જ થઈ ન હતી.

આજે ઘણા દિવસો બાદ તેનો ઉપયોગ કરવાની તક અચાનક આવીને ઊભી રહી. આમ અચાનક જ મળેલી તક અત્યારે તો મને મૂંઝવણમાં મૂકી દેનારી બની રહી. મારી માનસિક સ્થિતિ 'પૂર્વતૈયારી વગર' પરીક્ષા આપવા જતા વિદ્યાર્થી જેવી હતી. ભય, શંકા, આશંકાને કારણે હું માનસિક તાણ અનુભવી રહ્યો હતો. જીવનમાં જેની કલ્પના સુધ્ધાંનો અનુભવ થયો ન હતો, તેવી સિદ્ધિના પ્રયોગ માટે પ્રથમ વખત હું જઈ રહ્યો હતો, પરંતુ એ સાથે અંદર અને બહાર ઉત્સાહનો એક જુવાળ પણ ઊભરી રહ્યો હતો. મારા અંતર્મનમાં ! સફળપ્રયોગ, પ્રયોગની સિદ્ધિ અને તે સાથે એક સફળ કામયાબ 'સિદ્ધપુરુષ' તરીકેની ઉચ્ચતમ પદવીની પ્રાપ્તિ ! હું ઉમંગથી વિચારી રહ્યો હતો. પ્રયોગની સફળતા પછી તો સર્વત્ર સમાજમાં બાપુ... બાપુ... પૂજ્ય બાપુ ! પછી ભેટપૂજાની બોછાર, ચરણવંદના, સ્વાગત, બસ હું સર્વત્ર આદરણીય વ્યક્તિ તરીકે છવાઈ જઈશ...!

હું હરખાતો વિચારી રહ્યો હતો. ખરેખર તો કલ્પનાની પાંખે ઊડી રહ્યો હતો. ત્યાં જ અંતરનાં ઊંડાણમાંથી ભયપ્રેરક પ્રશ્નો ઉદ્‌ભવ્યા,

ઉચ્ચશિખર પર મનોમન બિરાજી ગયેલા મને માધવાનંદજીના શબ્દો યાદ આવ્યા, 'રોહિત જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. ડૉક્ટરે હાથ ઊંચા કરી દીધા છે.' તો તો મને થયું, તો પછી બચવાની કદાચ કોઈ આશા નથી. આવા સંજોગોમાં આ પ્રયોગ સફળ થશે ? અગર નહિ થાય તો ? ના, થશે જ. અદ્‌ભુતાનંદજીનું કહેવું ખોટું હોઈ જ ન શકે અને માધવાંદજીએ પણ કહ્યું છે, 'તમારા ઉપચારનું પરિણામ સફળ હશે જ !' બસ, તો પછી ચિંતાનું કોઈ કારણ નથી. મને પૂર્ણવિશ્વાસ બેસી ગયો. માધવાનંદજીએ કહ્યું છે કે, પ્રયોગ સફળ થશે તો થશે જ ! શંકા કે ચિંતા કરવાનું કોઈ કારણ જ નથી. બસ માધવાનંદજીના આદેશ મુજબ ઉપચાર કરીને અને પરિણામ જાણીને ઝડપથી નીકળી જવાનું ! હું સ્વસ્થ બની ગયો. ત્યાં જ બ્રેક લાગવાના ચ...ર...ર... અવાજ સાથે ગાડી દરવાજા પાસે ઊભી રહી. રાઠોડ સાહેબનું ઘર આવી ગયું હતું.

ડ્રાઇવરે દરવાજો ખોલતા હું નીચે ઊતર્યો, તો ત્યાંનો માહોલ જોઈ હું અસ્વસ્થ બની ગયો. છતાં આત્મવિશ્વાસ દૃઢ કરી હું આગળ વધ્યો, અંદરનું વાતાવરણ ગમગીન હતું. બધાંના ચહેરા પર ઘેરી ગમગીનતા નજરે પડતી હતી. રોહિતના માતુશ્રી ચોધાર આંસુએ રડી રહ્યા હતા, રાઠોડ સાહેબ સ્વસ્થતા જાળવવા મહાપરાણે પ્રયત્ન કરી રહ્યા

હતા. મને જોઈ રુદનભરેલા સ્વરે બોલ્યા, 'હવે આપની આ છેલ્લી આશા છે. કૃપા કરી ઝડપથી ઉપચાર કરો, પછી અમારા પ્રારબ્ધ !' ગળામાં ડૂમો ભરાઈ જવાથી વધુ આગળ બોલી શક્યા નહિ.

મેં દર્દીની હાલત જોઈ. તે એકદમ શ્વાસોચ્છ્‌વાસ લઈ રહ્યો હતો. કાઠિયાવાડી ભાષામાં જેને 'ધઈડકો' કહે છે, તે ઊપડી ગયો હતો. એટલે શ્વાસ-ઉચ્છ્‌વાસ સાથે ગળામાંથી ઘરડ્... ઘરડ્ અવાજ ઊઠતો હતો. તે પરથી સ્પષ્ટ થતું હતું કે દર્દીની આ અંતિમ સ્થિતિ છે. મને થયું કે ઉપચાર કરવાનો હવે કોઈ અર્થ નથી, છતાં પ્રયત્ન તો કરવો જ જોઈએ. મારું હૃદય આશંકાથી થડકી રહ્યું હતું, છતાં મન મક્કમ કરી મેં જડીબુટ્ટી કાઢી.

અદ્‌ભુતાનંદજીના કહેવા મુજબ પ્રથમ મેં તે જડીબુટ્ટી દર્દીના નાક પાસે ધરી સૂંઘાડી ! લગભગ દસેક સેકન્ડ સુધી મેં જડીબુટ્ટી રોહિતના નાક પાસે ધરી રાખી અને મારા તથા ઉપસ્થિત સમુદાયના આશ્ચર્ય વચ્ચે શ્વાસોચ્છ્‌વાસ એકદમ ધીમો પડી સ્વાભાવિકરૂપમાં આવી ગયો ! આથી દર્દ ઓછું થતાં રોહિતના મુખ પર રાહતનાં સ્પષ્ટ લક્ષણો દેખાવા લાગ્યા. બાજુમાં બેસેલા ડૉ. અઘેરાએ આ ફેરફાર જોઈ દર્દીની નાડી તપાસી તો તે આશ્ચર્યસહ મારી સામે જોઈ બોલી ઊઠ્યા, 'વાહ ! કમાલ છે. દર્દીની તબિયત નાડી જોતા બિલકુલ નોર્મલ છે ! લાગે છે કે, રોહિતની તબિયત સુધરી રહી છે અને ભય જેવું કશું જ નથી !' ડૉક્ટરનો અભિપ્રાય સાંભળીને હાજર બધાં સ્વજનોના ચહેરા આનંદથી પુલકિત થઈ ઊઠ્યા. સફળતા આમ નજરે જોતા હું અત્યંત ઉમંગમાં આવી ગયો.

સાથે મને એક વધુ વિચાર આવી ગયો. કેન્સરની ગાંઠો પર આનો પ્રયોગ કર્યો હોય તો ? એ વિચારની સાથે જ મેં પાણી મંગાવ્યું. પાણી આવતાં જ પથ્થર પર જડીબુટ્ટી ઘસી તેનો મલમ ગાંઠો પર લગાવ્યો અને મારા તથા બધાના સુખદ આશ્ચર્ય વચ્ચે ધીમે ધીમે ગાંઠો ઓગળી જઈ અદૃશ્ય બની ગઈ અને ગાંઠોની જગ્યા તેના ચિહ્નરૂપ માત્ર થોડા લાલ ચકામા જ રહી ગયા. ધીમે ધીમે તે પણ અસલ ચામડીમાં ફેરવાઈ ગયા; અને દર્દી રોહિતે સંપૂર્ણ ભાનમાં આવી આંખો ખોલી નાખી ! એ જોઈ બધાંને જે આનંદ થયો, તેનું વર્ણન કરવાના શબ્દો મારી પાસે નથી.

રોહિતના માતા-પિતા તથા અન્યો મારા પગમાં પડી ગયા. ડૉક્ટર વિસ્ફારિત નેત્રે મારી સામે જોઈ અને અભિનંદી રહ્યા. આ બધું જોઈ મને મારામાં ઉત્સાહનો અતિરેક થતો હોય તેમ કુદરતી રીતે ભાસ થયો, સાથે સાથે માધવાનંદજીનું સૂચન 'ઝડપથી નીકળી જવાનું' તે પણ યાદ આવ્યું અને જવા માટે હું ઝડપથી ઊભો થઈ ગયો. થોડી વાર રોકાઈ ચા-નાસ્તા તથા આડકતરો ભેટ સ્વીકારવાનો અનહદ આગ્રહદ છતાં હું ઝડપથી ચાલતો જ બહાર જવા માટે નીકળી ગયો.

મારા હૃદયમાં અનેરો ઉત્સાહ ઊભરી રહ્યો હતો. બહારનું વાતાવરણ, દોડતા વાહનો, પેદલ જતાં રાહદારીઓ, દુકાનો પર ખરીદી કરતા ગ્રાહકો, ફૂલોવાળાઓ, ખૂમચાવાળાઓ, શોર-બકોર કરી ગ્રાહકોને આકર્ષતા શાકની લારીવાળાઓ. આ બધા જ ઉત્સાહરૂપી સરોવરમાં સ્નાન કરી રહ્યા હોય તેવું મને લાગી રહ્યું હતું. કારણ કે મારી આંખોમાં ઉત્સાહ હતો, મારી ધબકતી નસોમાં, તન-મન-હૃદયમાં ઉત્સાહના પૂર ઉમટ્યા હતા. ઉત્સાહમાં સ્વગત રીતે મનમાં હું મારી જાતને મોટેથી કહી રહ્યો હતો. હવે તું, એક સફળ વ્યક્તિ ! સમાજમાં એક સન્માનીય અને પૂજનીય વ્યક્તિ.

હું મનોમન હસી રહ્યો હતો. સુંદર વાતાવરણ લાગતું હતું. રાહદારીઓ પણ જાણે હસતા ચહેરે આનંદ માણતા જઈ રહ્યા હોય તેમ લાગતું હતું.

ખરેખર તો આ બધું મારા મનનું જ પ્રતિબિંબ હતું. કોણ જાણે કેમ પણ હું આજે મનની 'સમતા' ગુમાવી બેઠો હતો. ક્ષણે ક્ષણે અનુકૂળ અને પ્રતિકૂળ ક્ષણોમાં સુખી અને દુઃખી થઈ જતો મનુષ્ય સમત્વબુદ્ધિવાળો હોઈ જ ન શકે, તે હું જાણતો હોવા છતાં એ જ્ઞાન અત્યારે વીસરીને હું વિચરી રહ્યો હતો. જેનું ભાન મને અત્યારે રહ્યું ન હતું.

વિચારવાયુના વંટોળમાં સપડાઈ હું ચાલી રહ્યો હતો. ત્યાં જ મારે ચાલતા અટકી જવું પડ્યું. વિસાવદર તરફથી ટ્રેઈન આવી રહી હતી, ફાટક બંધ થઈ જવાથી ટ્રાફિક જામ થઈ ગયો હતો. આથી ટ્રાફિક ન નડે તેવી સુરક્ષિત જગ્યા શોધી હું ઊભો રહી ગયો, ત્યાં જ સુપરિચિત જેવો લાગતો અવાજ મારી નજીકથી સંભળાયો,

'બાપુ ! તમે અહીં ! કેમ છો ? ઓળખ્યો મને ?'

મને સંબોધીને બોલનાર એ વ્યક્તિ તરફ મેં દૃષ્ટિ કરી જોયું, સાદા-સફેદ વસ્ત્રો, માથે સફેદ પાઘડી જેવું વસ્ત્ર વીંટી ઊભેલ અને હસતા ચહેરાવાળી તે વ્યક્તિને જોઈ હું આશ્ચર્યથી આભો બની બોલી ઊઠ્યો :

'અરે ! સકુરાનંદ ! તું ? આ વેશમાં ? ઓળખવો પણ મુશ્કેલ પડે છે !'

'બાપુ !' પગમાં પડતો સકુરાનંદ ભક્તિભાવથી બોલ્યો,

'આ બધો આપનો પ્રતાપ છે, તમે મને ન ઉગાર્યો હોત તો હજુ પણ હું તાંત્રિક સકુરાનંદ તરીકે જંગલમાં જનાવરની જેમ જીવતો હોત. તમે મારી આંખો ખોલી નાખી ફરીથી 'માણહ' તરીકે જીવતો કર્યો.' કહી તેણે આભારવશ મારા બન્ને હાથ પકડી લીધા.

આ ક્ષણે સકુરાનંદને તેના પરિવર્તિત સ્વરૂપમાં જોઈ મારો આનંદ બેવડાઈ ગયો. મને ગર્વ થયો કે આજે બે-બે વ્યક્તિઓનો હું જીવનદાતા બની શક્યો છું !

સકુરાનંદ મને એક બાજુ લઈ વધુ સુરક્ષિત જગ્યા પર દોરી ગયો. મારાથી છૂટા પડ્યા પછીની સકુરાનંદે પોતાની બધી હકીકત મને કહી સંભળાવી, 'લોહીલુહાણ

હાલતમાં પાણીમાં પડ્યા પછી મારી અસહ્ય વેદના શાંત થઈ, થોડી વાર દૂર જંગલમાં હું પથ્થર પર બેસી રહ્યો. શાંતિ વળતા મને મારા અત્યાર સુધીના ભયાનક કારનામા પર નફરત થઈ આવી અને મને ખૂબ પસ્તાવો થયો. તમારા ઉપદેશ અને માતાજીની કૃપાથી મને સદ્‌બુદ્ધિ આવી ને મેં પોલીસને આત્મસમર્પણ કરી દીધું.'

'સરસ કામ કર્યું !' કહી, પ્રસન્નતા બતાવી મેં પૂછ્યું, 'પરંતુ આટલી જલદી તારો છુટકારો કેવી રીતે થઈ શક્યો ?'

'મારા વિરુદ્ધ ફરિયાદ એફ.આઈ.આર.માં કોઈએ દાખલ કરાવી ન હતી. ફરિયાદ અને પુરાવાના અભાવે ત્રણ દિવસ કેદમાં રાખી, થોડો 'લમધારી' પોલીસે મને રજા આપી દીધી ! પછી મેં એક સારા માણસ તરીકે જીવન જીવવાનો સંકલ્પ કરી છૂટક મજૂરી શરૂ કરી. હવે શીંગ-દાણાની રેકડી શરૂ કરી ધંધો કરું છું.' પછી હસીને બોલ્યો, 'નવું ઘર પણ કર્યું છે. સામે ફૂટપાથ પર જે ફુગ્ગા વેંચે છે, તે જ મારી ઘરવાળી છે.' કહી સકુરાનંદે હાથથી સામે ફૂટપાથ પર ઊભી ફુગ્ગાનો વેપાર કરી રહેલી સ્ત્રી તરફ મારું ધ્યાન દોર્યું. હું ખૂબ ખુશ થયો. ત્યાં જ ટ્રેન પસાર થતાં તેના ઘોંઘાટમાં અમે મૌન રહ્યા. ફાટક ખૂલી જતા સકુરાનંદની વિદાય લઈ હું આગળ વધ્યો.

વિચારવંત મનોદશામાં આગળ વધી રહેલા મને જ્યારે ખ્યાલ આવ્યો કે, હું આઝાદ ચોકમાં થઈ, સોની બજાર પસાર કરી ઉપરકોટના રસ્તે થઈ, ગિરનાર દરવાજા સુધી પહોંચી ગયો છું, ત્યારે મને ખબર પડી કે સમય ઘણો પસાર થઈ ચૂક્યો છે; અને મારે જલદી પહોંચીને માધવાનંદજીને મળીને બધી વિગત જણાવવાની છે.

ખોડિયાર મંદિરના પુલ આગળ પહોંચતા ભવ્ય ગિરનારના દર્શન થયા. મને થોડી વાર પુલની પાળ પર બેસી આરામ કરવાની ઇચ્છા થઈ. ગિરનાર અને તેની તળેટીમાં માત્ર કુદરતી સૌંદર્ય નથી, પરંતુ અલૌકિક, આધ્યાત્મિક કુદરતનો વિલાસ છે, મુગ્ધ બની શાંતચિત્ત કરી હું વૃક્ષાચ્છાદિત પર્વતની ગોદમાં વહેતી નદીના જલપ્રવાહને જોઈ રહ્યો હતો. ત્યાં જ પુરાતન શિવમંદિરની ઓથમાં ઊભેલ કાળીકફની ધારણ કરેલ, જટાધારી, ઊંચા અને સશક્ત બાંધો ધરાવતા સાધુના ઓળાને મેં જોયો.

સહેજ ધ્યાનથી દૃષ્ટિ કરતાં તે સાધુની ઓળખ સ્પષ્ટ થઈ ગઈ ને હું આનંદી ઊઠ્યો. મુખમાંથી ધીમો ઉદ્‌ગાર નીકળી ગયો. 'અરે ! પુરણપુરી બાપુ !' ને તેને મળવા છલાંગ મારી હું નદીનો કાંઠો ઊતરી મંદિર તરફ ઝડપથી દોડીને ત્યાં પહોંચ્યો, પરંતુ આશ્ચર્ય ત્યાં કોઈ ન હતું. મંદિરની આગળના ભાગમાં તપાસ કરવાના ઉદ્દેશથી હું ઝડપથી દોડ્યો, મારા પગમાં એક મોટા કાળમીંઢ પથ્થરની ઠોકર વાગી. દરકાર કર્યા વગર મેં આગળ વધી બધે દૃષ્ટિ દોડાવી, તો દૂર ઘણે દૂર નીકળી ચૂકેલા પુરણપુરી બાપુને ઝડપથી જતાં મેં જોયા.

ઓહ ! જેમના સંદેશાની હું કાગડોળે રાહ જોઈ રહ્યો છું. તે આ રીતે જતાં રહેતાં તેને મળવાનું બની શક્યું નહિ. નિરાશ થઈ મંદિરના ઓટા પર બે હાથે માથું પકડી હું બેસી ગયો. પુરણપુરી બાપુને ફરી મળવાની તક હાથથી નીકળી ગઈ. હવે અહીં બેસી રહેવાનો કોઈ અર્થ ન હતો. ઊભો થવા જતો હતો, ત્યાં જ પાછળથી મારા ખભા પર થયેલા કોઈના સ્પર્શથી ચોંકી ઊઠી, મેં પાછળ દૃષ્ટિ કરી તો, ભગવા વસ્ત્રધારી ગૌરવર્ણ સાધુને મેં જોયા, તુરત જ હું ઓળખી ગયો. પુરણપુરી બાપુ સાથે જે સાધુ હતા તે જ આ 'સુખાનંદજી'. મેં ઊભા થઈ 'ૐ નમોઃ નારાયણ' કરી, હાથ જોડી પ્રણામ કરી પૂછ્યું,

'આપ, અહીં !'

'હા !' તેમણે હસીને કહ્યું, 'હાલ, હું અહીં આ મંદિરમાં જ રહું છું.' પછી ઉમેર્યું, 'એકલો જ !'

'પરંતુ પુરણપુરી બાપુ...' મારા વાક્યને અધવચ્ચે કાપી નાખી, તેમણે કહ્યું, 'તમને મળવા આવેલા, જતા રહ્યા.'

'તેમને જોઈ મળવાની ઇચ્છાથી હું ઝડપથી આવ્યો, પરંતુ'

'પરંતુ...' મારી વાત કાપી તેઓ બોલ્યા, 'તમને મળવાની ઇચ્છા એમને ન થઈ.'

સાંભળીને ક્ષોભથી મારું મુખ વિલાઈ ગયું. મને મળવાની એમને આજે ઇચ્છા ન થઈ. એનો સ્પષ્ટ અર્થ એ થયો કે, તેમની નજરમાંથી આજે હું ઊતરી ગયો છું, પરંતુ શા માટે ? કેમ ? પારાવાર દુઃખની લાગણી હું અનુભવી રહ્યો. દુઃખથી પ્રશ્નસૂચક આંખે મેં સુખાનંદજી સામે જોયું, તો નજીક આવી, મારા ખભાને પુનઃ સ્પર્શ કરી, મારી આંખો સામે દૃષ્ટિ મિલાવી. એ જ શબ્દો પર ભાર મૂકી કહ્યું,

'તમને મળવાની ઇચ્છા એમને ન થઈ ! તમને બાપુએ જોયેલા, મળવું જ હતું. છતાં મળવાની ઇચ્છા દબાવી ઝડપથી ચાલતી પકડી, પ્રયત્ન કરવા છતાં પણ તમે એમને ન આંબી શક્યા !'

'પરંતુ શા માટે ? એમને એમ થયું કેમ ?' દુઃખમિશ્રિત સ્વરમાં મેં પૂછ્યું, 'મારી કોઈ ખામી ? કોઈ અપરાધ ?'

'હા !' સુખાનંદજીએ ઉપેક્ષાભરેલા સ્વરમાં કહ્યું, 'તમારામાં મોટી ખામી એમણે જોઈ. તમે પીધેલા હતા !'

'શું કહ્યું ?' સાંભળી જાણે મારા પર વીજળી ત્રાટકી. હું મોટા સ્વરે બોલી ઊઠ્યો, 'હું પીધેલો હતો ? તમારું... તમારું... મગજ !' આટલું બોલતા મારો અવાજ ગળામાં રૂંધાઈ ગયો. સુખાનંદજીએ સ્વસ્થ સ્વરે જવાબ આપ્યો,

'ના... મારું મગજ ફરી ગયું નથી. 'અહંકારરૂપી' મદિરાના નશામાં તમે ચકચૂર

હતા, એ નશામાં તમે ઝૂમી રહ્યા હતા.' પછી જરા ઊંચા સ્વરે બોલ્યા, 'કયા રસ્તેથી તમે પસાર થયા, તેનું પણ તમને ભાન હતું ? સફળતાનો 'નશો' તમારી રગેરગમાં વ્યાપી ગયો છે, તમે એક સાધક માટેની જરૂરી 'સમતા' ગુમાવી દીધી છે, તમે આસક્તિનો ત્યાગ કરવાને બદલે તેમાં ઊંડા ઊતરી ગયા છો. કીર્તિના પ્રલોભને તમને નિમ્નકક્ષામાં મૂકી દીધા છે. તમે સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાનબુદ્ધિ ગુમાવી દઈ યોગસિદ્ધિ માટે ગેરલાયક બની જઈ, તમારી અંદર પ્રવેશેલી ચિત્તશક્તિને દૂષિત કરી નાખી !' કહી સુખાનંદજી થોડી વાર અટકી નમ્રસ્વરમાં પુનઃ બોલ્યા,

'જુઓ, 'સમત્વ જ યોગ કહેવાય છે.' સમત્વ જાળવી રાખવા સાધકે ડગલે ને પગલે સભાન રહેવું જોઈએ; ફળ અને કીર્તિની અપેક્ષા આગળ વધવા ઇચ્છતા સાધકને દીન-હીન બનાવી દે છે. કોઈ પણ પ્રકારની સિદ્ધિ સાધકને તેમાં આસક્ત બનાવી શકે છે. માટે સિદ્ધિના પ્રલોભનોથી દૂર રહો તેમાં જ તમારું શ્રેય છે !' પછી ચેતવણીના સ્વરમાં આગળ કહ્યું,

'જો આ વાત ધ્યાનમાં નહિ રાખો તો પતનની ગર્તામાં ધકેલાઈ જશો, સિદ્ધિના ફળ કરતાં મનુષ્યની વિષ્ટા (મળ) વધુ શ્રેયકર છે. માટે સિદ્ધિને તુચ્છ સમજો !' આટલું કહી સ્વરમાં પ્રેમ અને આત્મીયતા ભેળવી પુનઃ બોલ્યા, 'તમારે હજુ ઘણું આગળ વધવાનું છે. તમારો માર્ગ નિસ્કંટક બને એ માટે બોધ અર્થાત્ શબક શિખવવા માટે જ બાપુએ તમારી ઉપેક્ષા કરી છે. ચિંતા કરવાની જરૂર નથી, તમારું સ્થાન હજુ પણ ચોક્કસ અને નિશ્ચિત છે, પરંતુ જરૂર છે થયેલી ભૂલને સુધારી, તેનું પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખવાની.'

થોડું અટકીને મારા ખભા પર પ્રેમપૂર્વક હાથ મૂકી સુખાનંદજી આગળ બોલ્યા, 'માધવાનંદજી તથા પુરણપુરી બાપુની કૃપા હજુ પણ તમારા પર છે, તેમનો સંદેશ છે કે, થોડા દિવસો પછી તમારી સાધનાનો પ્રારંભ થશે. દિશા તમને મળતી રહેશે, શ્રદ્ધા અને વિશ્વાસથી આગળ વધવા તત્પર રહો.' કહી સુખાનંદજીએ પ્રેમપૂર્વક મારા મસ્તક પર હાથ મૂક્યો. તેમના સ્પર્શથી મને રોમાંચ થયો, કોઈ અનેરા આનંદના અનુભવ સાથે ન સમજી શકાય તેવી સ્ફૂર્તિ અને શક્તિનો મારામાં પ્રવેશ થતો હું અનુભવી રહ્યો. સાથે સાથે અત્યાર સુધી મેં કરેલાં વિચારો મને હવે તુચ્છ લાગવા માંડ્યાં. મારા આવા વિચારો અને મનઃસ્થિતિથી મને પારાવાર શરમ ઉપજી !

'હવે, જે થયું તે !' થોડા મૌન પછી સુખાનંદજી પુનઃ બોલ્યા, 'ઈશ્વરની ઇચ્છા મુજબ જ બધું થાય છે, તમારો અહંભાવ ઓગાળવા માટે ઠોકરની જરૂર હતી. તેનો અનુભવ પણ તમને થશે.' કહી તેઓ મનમાં હસી, થોડી વાર મારી સામે જોઈ બોલ્યા,

'તમારી હવે પછી શરૂ થનારી સાધના બાદ, અંતમાં પુરણપુરીબાપુનો સંપર્ક

તમને થશે. માધવાનંદજીની ગેરહાજરીમાં પણ તમને મદદ મળતી રહે તેવો પ્રબંધ થઈ રહેશે.' કહી તેઓ મૌન બની, મને જવા માટે સંકેત કરી મંદિરમાં પ્રવેશી ગયા.

તન-મનથી લંગડાતો હું નદી ઓળંગી આગળ વધ્યો. સાધના દરમિયાન માધવાનંદજીની ગેરહાજરી મને સૂચક લાગી. તેમના વગર મને કોણ મદદ કરશે ? વિચારોના ઘેરાવામાં સપડાયેલો હું જ્યારે જગ્યાના દ્વાર પર પહોંચ્યો ત્યારે અનેક ભાવોના ભારથી હું ફસડાઈ અને ઘસડાઈ રહ્યો હતો.

પહેલાં થતું હતું કે મારી સફળતાનું વર્ણન માધવાનંદજીને હોંશે હોંશે કરી તેમની પ્રશંસા મેળવીશ, પરંતુ હવે તેમને મળવાની પણ હિંમત મારામાં રહી ન હતી. છતાં મળવું જરૂરી સમજી હું તેના રૂમમાં આસ્તેથી પ્રવેશ્યો. ધારેલું કે કદાચ હવે ધરતીકંપ થશે. સુખાનંદજીની જેમ માધવાનંદજી પણ કદાચ, પરંતુ મારી ધારણા ખોટી પડી. આંખો મીંચીને શાંત ચિત્તે સૂતેલા માધવાનંદજી તરફથી એવો કોઈ પ્રતિભાવ મળતો જણાયો નહિ. ઊલટું મારા વિચારોમાં બદલાવ આવ્યો. જે માધવાનંદજી મારા પર અકારણ આટલો પ્રેમભાવ રાખે તે મારા દોષોને લક્ષમાં ન લેતા દોષોને નજરઅંદાજ કરે.

અત્યાર સુધી માધવાનંદજી મારાથી ઉંમરમાં નાના હોવા છતાં, મહંત હોવા છતાં, પોતાના તપ-તેજ, સાધનાથી સમાજમાં અત્યંત પ્રભાવી હોવા છતાં, કોણ જાણે કેમ એક મોટાભાઈ તરીકે જ મને એક નિર્દોષ બાળકની જેમ જાળવી રહ્યા હતા. સાધનાની દૃષ્ટિએ ઘડી રહ્યા હતા અને મારી ઇચ્છા મુજબ પરિસ્થિતિ ઘડી મારી જિજ્ઞાસાને સંતોષી, મારી આધ્યાત્મિક ગતિને ઊર્ધ્વ બનાવી રહ્યા હતા. તે કદાચ મારી ઉપેક્ષા કરે તો પણ મારા ભલા માટે, એ માધવાનંદજી મારી સામે ઉગ્ર બને જ નહિ. ને બન્યું પણ તેમજ, અવાજ ન થાય તેમ આસ્તેથી મારો પ્રવેશ થયો હોવા છતાં, તે તંદ્રાવસ્થામાંથી જાગ્યા હોય તેમ હોઠ મલકાવી આસ્તેથી બોલ્યા,

'આવો રાવલ સાહેબ, બેસો !' મેં ખુરશી પર આસન ગ્રહણ કર્યા પછી બોલ્યા, 'વાહ સરસ ! તમે આજે અસહ્ય દર્દથી પીડાતા માણસને તેની અંતિમ ક્ષણોમાં શાંતિ આપી ! ધન્યવાદ !' થોડું અટકીને પુનઃ બોલ્યા, 'જોકે મારે ધન્યવાદ તો અદ્ભુતાનંદને આપવા જોઈએ, કારણ કે આ અમૂલ્ય ઔષધિના ઉપયોગ અર્થાત્ પ્રયોગ ક્યારેય પણ પોતે ન કરતાં તમને તક આપી. પોતાના સ્વાર્થ ખાતર કદાચ, કારણ કે સિદ્ધિના મોહમાં કોઈ અન્ય, તેનો વારસ બનીને ફસાય તો જ પોતે તેમાંથી મુક્ત થઈ શકે ને તે મુક્ત બની અલખની ખોજમાં પુનઃ ઉપડી ગયા ! ખેર, એ બધું પછી ચાલીને આવતા થાકી ગયા હશો. થોડા ફ્રેશ થાવ !'

કહી તેમણે ચા લાવવા દાનબાપુને હાક મારી. ને મૌન ધારણ કરી રહ્યા.

હું જાણતો હતો કે એમનાથી કશું જ છૂપું રહી શકશે નહિ, છતાં હું મનમાં

અસંમજપણે વિચારી રહ્યો. હું માધવાનંદજીના એ શબ્દોનો ભાવાર્થ સમજી ન શક્યો, 'દર્દથી પીડાતા માણસને તેની 'અંતિમ ક્ષણો'માં શાંતિ આપી !' 'જેને નિષ્ણાત ડૉક્ટરે તપાસી સંપૂર્ણ સ્વસ્થ અને નીરોગી જાહેર કરેલો, તેની અંતિમ ક્ષણો !' હું મૂંઝાઈને વિચારતો હતો ત્યાં જ દાનબાપુએ ચાની કીટલી સાથે પ્રવેશ કર્યો. મારી સામેની ખુરસી પર આસન ગ્રહણ કરી, મને ચાનો કપ ધરતા દાનબાપુની ચમકતી આંખો જાણે મારું નિરીક્ષણ કરી રહી હતી. પરીક્ષા આપીને આવેલ વિદ્યાર્થીની આગળ તેની સફળતા કે નિષ્ફળતા અંગે જેમ કોઈ ઉત્સુકતા બતાવે, તેવી ઉત્સુકતા મેં તેમની ચળકતી આંખોમાં જોઈ. આંખો મીંચીને સૂતેલા માધવાનંદજીનો પ્રતિભાવ તેની બંધ આંખોને કારણે હું જાણી શક્યો ન હતો. ઊલટું તેનું ઉપરોક્ત કથન મને ચિંતા સાથે મૂંઝવી રહ્યું હતું. ત્યાં જ આંખો ખોલી હસીને તેઓ ગંભીરતાપૂર્વક શાંતિથી બોલ્યા,

'તમે સફળ, તમે જરૂર સફળ, પરંતુ તમારી આ સફળતા, મહાભારતનું યુદ્ધ લડતા અભિમન્યુ જેવી ! અભિમન્યુ છ કોઠા જીત્યો, પરંતુ તે સાતમે કોઠે પરાસ્ત થયો ! તે સફળ પણ થયો અને નિષ્ફળ પણ ગયો. કારણ જાણો છો ? ખુદ શ્રીકૃષ્ણની જ એટલે કે ઈશ્વરની જ ઇચ્છા એવી હતી, કારણ કે છેવટે અભિમન્યુ પોતાની બહેન સુભદ્રાનો પુત્ર હોવા છતાં એક દૂષણ હતો. ગર્ભમાં પ્રવેશી ગયેલો રાક્ષસ જ હતો અને રાક્ષસ જો અજય બને તો ? તો શું પરિણામ આવે ? માટે જ તેને મારવો જરૂરી હતો. ઈશ્વરની જ તેવી ઇચ્છા કોણ રોકી શકે ?'

તેમના આ દૃષ્ટાંતને મારી સાથે શું સંબંધ હશે, કઈ રીતે આ દૃષ્ટાંત મને બંધ-બેસતું થતું હશે. તે હું મનમાં વિચારી રહ્યો હતો, ત્યાં જ તેમના શબ્દો મોટેથી મારા કાને પડ્યા, 'સિદ્ધિ, સફળતા, કીર્તિની લાલસા અને તેથી ઉત્પન્ન થતો 'અહંકાર' છેવટે સાધકને પતનની ગર્તામાં ધકેલી દે છે. તમે અહંકારરૂપી રાક્ષસને કારણે આવા જ પતન તરફ જઈ રહ્યા હતા. માટે જ સફળતા મળવા છતાં તમે હારી ગયા છો, ઈશ્વરની ઇચ્છાથી જ !'

હું માધવાનંદજીના છૂટા પાડી પાડીને ભારપૂર્વક બોલાતા શબ્દો સાંભળીને અકળાઈ રહ્યો હતો ! એક સાધક તરીકે અહંકાર ધારણ કરીને હું 'સમતા' ગુમાવી બેઠો હતો, એ વાત સાચી, પરંતુ મારો પ્રયોગ સફળ થયેલો હું નજરે જોઈ ચૂક્યો હતો. તેથી મારાથી ઊંચા સ્વરે બોલી જવાયું,

'પરંતુ હું સફળ થયો છું, હું હાર્યો નથી !'

સાંભળી માધવાનંદજી ખૂબ ગંભીર બની જઈ બોલ્યા,

'તમારો પ્રયોગ જરૂર સફળ થયો છે, એમ છતાં તમે હાર્યા છો. રોહિત મૃત્યુ પામ્યો છે !'

સાંભળીને જાણે મારા પર વીજળી પડી. મારા પગ નીચેથી ધરતી મને ખસતી લાગી. મારી આંખે અંધારા આવતા હોય તેમ મને લાગ્યું. મારા મુખમાંથી મૌનચીખ ઊઠી ગઈ. રોહિત મૃત્યુ પામ્યો ? મારા બધિર બની ગયેલા કાનોમાં શબ્દો પડઘાઈ રહ્યા. 'રોહિત મૃત્યુ પામ્યો છે. રોહિત મૃત્યુ પામ્યો છે !'

વિહ્વળ નેત્રો વડે મેં જોયું તો માધવાનંદજી આંખો મીંચીને શાંતિથી સૂઈ રહ્યા હતા. હું મસ્તક દબાવી બેસી રહ્યો. ત્યાં દાનબાપુ મારી પાસે આવી મારી પીઠ પર હાથ મૂકી બોલ્યા,

'આમાં તમારે ચિંતા કરવાની કોઈ જરૂર નથી, પરંતુ કલાક પહેલાં રોહિતના પિતાશ્રીનો ફોન આવેલો. રુદન કરતાં તેણે જણાવેલ તે મુજબ રોહિત પૂરેપૂરો સ્વસ્થ થઈ ગયેલો, સ્વસ્થ થયા બાદ તેણે મંદિરે દર્શન કરવાની ઇચ્છા પ્રગટ કરી. મંદિરે બધાં તેને સાથે લઈને ગયા. રોહિતે શાંત અને સ્વસ્થચિત્તે શિવજીના દર્શન કર્યા, ત્યાં જ તેને ચક્કર આવવા જેવું થયું, ને તે નીચે ગબડી પડ્યો. ને થોડી જ વારમાં તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. તેને તુરત જ હોસ્પિટલે લઈ જવામાં આવેલ. ડૉક્ટરે તેને મૃત જાહેર કરતાં જણાવેલું કે રોહિતનું મૃત્યુ કોઈ પણ જાતના રોગથી નહિ, પરંતુ હાર્ટફેઈલથી થયું છે. અચાનક હૃદય બંધ પડી જવાથી જ રોહિતનું મૃત્યુ થયું છે.'

સાંભળી એક દીર્ઘ નિઃશ્વાસ નીકળી ગયો, મારા ફેફસામાંથી ! મેં માધવાનંદજી તરફ દૃષ્ટિ કરી તો તે આંખો ખોલીને મારી સામે સ્નેહપૂર્વક જોઈ રહ્યા હતા. આંખો મળતા બોલ્યા,

'નિરાશ થવાની જરૂર નથી. તમે રોહિતની અંતિમ ક્ષણોમાં તેને રોગમુક્ત કરીને શાંતિ આપી ઈશ્વરાભિમુખ કરી શક્યા છો. તો એ દૃષ્ટિએ જરૂર સફળ રહ્યા છો, પરંતુ એક વાત ધ્યાનમાં રાખો. તમે ઔષધિથી દર્દ જરૂર મટાડી શકો છો, પરંતુ મૃત્યુને રોકી શકતા નથી. જગતની કોઈ તાકાત, કોઈ ઔષધિ નિયત આયુષ્યમાં એક નિમિષ માત્રનો પણ વધારો કરી શકતી નથી. આયુષ્ય પૂર્ણ થતાં મનુષ્યનું મૃત્યુ નિશ્ચિત છે. કુદરતના આ ક્રમને કોઈ તોડી શકે નહિ, કોઈ ઊલટાવી શકે નહિ.' કહી થોડી વાર અટકી આગળ બોલ્યા, 'તમે ઔષધિ દ્વારા રોગ જરૂર મટાડી શક્યા, પરંતુ તેના આયુષ્યને વધારી મૃત્યુને રોકી શક્યા નહિ ! આયુષ્ય થોડું પણ બાકી હોય તો ઉપચાર સફળ થતો લાગે. તમે ઉપચાર શરૂ કર્યો, ત્યારે રોહિતનું આયુષ્ય થોડું બાકી હતું. એટલા સમયપૂરતી ઔષધિની સારી અસર જણાઈ, પરંતુ જેવું તેનું આયુષ્ય પૂર્ણ થયું કે તુરત જ મૃત્યુએ તેને ઉપાડી લીધો !' ઊંડો શ્વાસ લઈ માધવાનંદજી થોડી વારે પુનઃ બોલ્યા,

'કુદરતના આ નિયમને જાણીને તમે જ તમારી સફળતા અને નિષ્ફળતાનું મૂલ્યાંકન જાતે જ કરો !'

હવે મને ખ્યાલ આવ્યો કે આ બધા બાબતોનું પૂર્વજ્ઞાન માધવાનંદજીને હતું જ, માટે જ મને તેણે ઝડપથી પાછા ફરી જવાનું સૂચન કરેલું. તેમનું મારી સાથે ન આવવાનું કારણ પણ આ જ હતું. તેમને હવે સારી રીતે સમજાવા લાગ્યું, સાથે સાથે એ પણ સમજ પડી કે પોતે જાણતા હોવા છતાં રોહિતની સારવાર મારી પાસે એટલા માટે કરાવી કે મને ઠોકર વાગી, મારી ભૂલ મને સમજાઈ અને સાધકના જીવનમાં 'સમતાનું મૂલ્ય' મને આત્મસાત થાય. મારું અહમ્ પ્રલોભન નષ્ટ થાય; અને સાધના માટે અડચણરૂપ તે દૂર થતાં મારો આધ્યાત્મિક સાધનાનો માર્ગ મોકળો થાય. હું અહોભાવ અનુભવી રહ્યો.

એક સાધક માટે, યોગી માટે પણ સિદ્ધિઓ મનુષ્યની વિષ્ટા કરતાં પણ બહુ બદતર છે, પૂજ્ય રામકૃષ્ણ પરમહંસ જેવાઓએ સિદ્ધિઓને તુચ્છ ગણી હતી. અદ્ભુતાનંદજીના પતનનું કારણ સિદ્ધિઓ જ હતી. મને હવે એ વાતની પ્રસન્નતા ઉપજી કે અનાયાસ, સિદ્ધિસ્વરૂપ એક ઔષધિ ઋણસ્વીકારના ભારરૂપ અને પતનના કારણરૂપ પ્રાપ્ત થઈ અને માધવાનંદજીની કૃપા અને દીર્ઘ દૃષ્ટિપૂર્વકના આયોજન વડે હું પતનની ગર્તામાં ગબડી પડતાં બચી ગયો.

આ વાત સ્પષ્ટ થતાં મારી અંતઃદૃષ્ટિ ખૂલી ગઈ, અહોભાવથી હું મનોમન માધવાનંદજીને વંદી રહ્યો, અહોભાવ વ્યક્ત કરવા મેં માધવાનંદજીને કહ્યું, 'મારી આ મોટી અને ભયંકર ભૂલ હતી, આપે મને સ્તુત્ય માર્ગ પર લાવી મૂક્યો, આપની કૃપા !'

'ના, કૃપા નહિ !' મને વચ્ચેથી અટકાવી તેઓ બોલ્યા, 'તમે કરેલા મારા પરના ઋણનો પ્રતિભાવ માત્ર !'

'ઋણ ! અને તે પણ આપના પર મારું !' ત્રૂટક ત્રૂટક શબ્દોમાં હું માત્ર એટલું જ બોલી શક્યો.

'કેમ ! તમારું ઋણ મારા પર ન હોઈ શકે ? તમને યાદ નથી, યાદ આવશે પણ નહિ ! થોડો સમય લાગશે ! ઉપરાંત તમારી સાધના પરિપક્વ થયે બધું જ સમજી શકશો !' જવાબમાં માધવાનંદજીએ કહ્યું.

'આપની વાત સાચી જ હશે.' મેં કહ્યું, 'પરંતુ હું આપની વાત સમજી શકતો નથી, માની પણ શકતો નથી.'

'સ્વાભાવિક છે !' માધવાનંદજી હસીને બોલ્યા, 'તમને યાદ ન હોય એ સ્વાભાવિક છે. તમારી હાલની આધ્યાત્મિક ભૂમિકા નિમ્નકક્ષાની નહિ, પરંતુ 'ગોપિત' છે, અર્થાત્ આ જન્મે યોગભ્રષ્ટ હોવાને કારણે તે પ્રચ્છન્ન સ્વરૂપમાં રહેલી છે. એટલે પૂર્વજન્મનું જ્ઞાન તમને નથી થતું. હાલની વિસ્મૃતિ તમારા માટે આશીર્વાદરૂપ છે, દરેક મનુષ્ય માટે વિસ્મૃતિ ઉપકારક છે !' પછી માંડીને વાત કરતા હોય તેવી ઢબે બોલ્યા, 'પૂર્વજન્મમાં

તમારી જેમ હું ઈશ્વરકૃપાથી યોગભ્રષ્ટ થયો નથી, તેથી મારી ઉચ્ચ આધ્યાત્મિકતા જળવાઈ રહી છે. વૃદ્ધિ પામી છે, એટલે હું પૂર્વજન્મનું જ્ઞાન ધરાવું છું.

મારા અને તમારા અનેક જન્મો સાથે વીત્યા છે. મને એ બધાં જન્મોનું જ્ઞાન છે, પરંતુ તમને એ જ્ઞાન નથી. ગતજન્મોના પ્રલોભનોથી ઉપજેલા ઋણાનુબંધ ચૂકવવા તમારે આ પ્રમાણેનો જન્મ લેવો પડેલો છે. સાંસારિક કર્મો કરવા પડે છે, છતાં પૂર્વજન્મમાં કરેલી સાધનાનું ભાથું અપ્રગટ રીતે તમારા સૂક્ષ્મ શરીર દ્વારા તમારી પાસે જળવાઈ રહેલ છે. તેને પુનઃપ્રગટ કરી મારે ગતજન્મનું તમારું ઋણ ચૂકવવાનું છે. સાથે સાથે તમારે પણ માધ્યમ બનીને, પૂર્વજન્મના તમારા સહાયક એક યોગીને સહાયરૂપ બનવાનું છે. આ માટેની યોગ્યતા પુનઃ તમારામાં પ્રવેશે તેવા ઈશ્વરની ઇચ્છાથી જ અમારા પ્રયત્નો છે !' થોડી વાર અટકી એક દીર્ઘશ્વાસ લઈ શાંતસ્વરમાં તેઓ પુનઃ બોલ્યા, 'આ બધું તમને સાધના દરમિયાન સમજાતું જશે. મારી ગેરહાજરીમાં પણ બધી રીતની અનુકૂળતા તમને પ્રાપ્ત થતી રહેશે !'

થોડી વાર છત પર દૃષ્ટિ સ્થિર કરી, વાતને વળાંક આપતા હોય તેમ પુનઃ બોલ્યા,

'વાસ્તવમાં તમે સફળ રહ્યા છો, તમારામાં સત્ત્વગુણની વૃદ્ધિ થતાં મહાભારતમાં સંશયથી મુક્ત થયેલાં અર્જુનની જેમ, વિજય મેળવવા યુદ્ધ માટે તમે તૈયાર થઈ ચૂક્યા છો. શરીરમાં રહેલા પંચપ્રાણમાં પંચવાયુ છુપાયેલો છે. આ પાંચ પાંચના જૂથમાં જે એકમેકમાં છુપાયેલાં છે, તે જ પાંચ પાંડવો છે તેમ સમજો. મહાભારતનું યુદ્ધ થયું હોય કે ન થયું હોય, પરંતુ અધ્યાત્મના માર્ગ પર જે સાધક યાત્રા કરે છે, તેની અંદર આવું યુદ્ધ તો સતત ચાલ્યા જ કરે છે.

તેર વર્ષના વનવાસ દરમિયાનની સાધના દ્વારા અર્જુન શીખ્યો હતો કે જે શક્તિ અત્યાર સુધી બહાર તરફ જતી હતી, તે હવે કેમ અંદર વાળવી ! બધી ઇન્દ્રિયોને શ્રદ્ધાપૂર્વક શ્રીકૃષ્ણ તરફ જ વાળવાની હતી. પરંતુ તેમ છતાં યુદ્ધના પ્રારંભમાં અર્જુનને તેની જૂની નબળાઈઓ ખેંચી જાય છે, કેમ કે આ નબળાઈઓના મૂળિયા ઊંડે સુધી પહોંચેલાં હતાં. આ નબળાઈઓ એટલે સ્નેહ, માયા, મમતા, ભીષ્મ અને દ્રોણ પ્રત્યેનો પ્રેમ, સ્નેહ ભલે વડીલો પ્રત્યેનો સ્નેહ ગમે તેટલો આદરણીય હોય, છતાં સાધનાને પથે ઊભેલા સાધક માટે તે ગાઢ નબળાઈઓ છે. જ્યાં સુધી ભીષ્મ અને દ્રોણરૂપી આસક્તિની નબળાઈઓ નહીં મરે ત્યાં સુધી અંદર વસતો કૃષ્ણ અર્થાત્ દિવ્યઅંશ નહિ દેખાય !' થોડું અટકી શ્વાસ લઈ બોલ્યા, 'સાધનાના કોઈ પણ માર્ગ પર સાધક ચાલે, નબળાઈઓ સામેનું આ યુદ્ધ તો તેણે એકલાએ જ લડવાનું અનિવાર્ય છે. કોઈ આપણા વતી તે નહિ લડી શકે ! કારણ કે આ યુદ્ધ સાધકે પોતાની અંદર જ લડવાનું છે !' થોડું જલપાન કરી હસતા ચહેરે માધવાનંદજી પુનઃ બોલ્યા,

'ને, આવું યુદ્ધ તમે લડી રહ્યા છો. બરાબરને ?'

'હા, બરાબર, પરંતુ શું મારે આપની ગેરહાજરીમાં બધું કરવાનું છે ?' મેં દહેશતના સ્વરમાં કહ્યું, 'જો, આપ મને અર્જુન સાથે સરખાવતા હો, તો આપ મારા આદર્શરૂપ કૃષ્ણ છો. સારથિ છો, આપના માર્ગદર્શન વગર ! હું વાક્ય પૂરું કરી શક્યો નહિ, માધવાનંદજી વચ્ચે જ ગંભીર અને ઉચ્ચ સ્વરમાં બોલ્યા, 'જુઓ, દરેક યુગમાં કૃષ્ણ, અર્જુન સાથે હોય તે જરૂરી નથી. અરે ! કૃષ્ણ તો તમારી અંદર જ પડેલો છે. તેને ક્યાંય ઢૂંઢવા જવાની જરૂર જ નથી. આત્મા જ સર્વવ્યાપી પરમાત્માનું સ્વરૂપ છે. તમે તમારા આત્મામાં જ સ્થિર રહીને, તેને ગુરુ માનીને આગળ વધો. તમારું અંતઃકરણ જ મહાશક્તિ ચિત્તશક્તિ છે, જેનાથી સારુ બ્રહ્માંડ ધારણ કરાયેલું છે, રચાયું છે, ચેતનવંતુ બનીને ધબકી રહ્યું છે. એ મહાશક્તિ જ તમને બળ પૂરું પાડશે. તેનું ધ્યાન ધરો, તેને ઓળખવાનો પ્રયાસ કરો.

તમે બળ પ્રાપ્ત કરી સ્વયં સત્-ચિત્ત આનંદસ્વરૂપ બની જશો. કોઈ માનવગુરુ પર જ આધાર રાખવો ન જોઈએ. માનવગુરુ તો પંચમહાભૂતના બનેલા પૂતળામાં કેદ છે. આત્મા તેનો ઊડી જશે, પૂતળારૂપ શરીર બળીને રાખ થઈ પંચમહાભૂતમાં ભળીને વિલીન થઈ જશે.'

'પરંતુ ગુરુનું મહત્ત્વ તો ખૂબ જ છે ને ? પ્રારંભમાં ગુરુની અનિવાર્યતા તો રહે જ છે ને ?' મેં કહ્યું.

'ઠીક છે, તમારી વાત પણ સાચી છે, પરંતુ તમારી કક્ષા ઊંચી છે, ઉપરાંત માર્ગદર્શનની વ્યવસ્થા પણ છે, તેમ છતાં...'

આટલું કહી એક ગવાક્ષ તરફ આંગળી ચીંધી બોલ્યા,

'ભવિષ્યમાં તમને ગુરુ તરીકે દીક્ષા આપનાર સરયુદાસજીએ તેમની ચાખડી મોકલી આપી છે. તે લઈ તેને મસ્તક પર ધારણ કરી, પૂજન કર્યા બાદ તેના સાંનિધ્યમાં સાધના ચાલુ રાખજો. તમને માર્ગદર્શન અને સર્વપ્રકારની અનુભૂતિ તથા શક્તિપાત થતો રહેશે.' પછી વાત મુદ્દા પર લાવતા હોય તેવા સ્વરમાં બોલ્યા, 'હવે ચિંતા છોડો, મારું જવું જરૂરી અને હેતુસરનું છે !' પછી થોડું અટકીને બોલ્યા, 'છેવટે અર્જુનની જેમ ભીષ્મ અને દ્રોણનો મોહ પણ તમારે છોડવો જોઈએ ને ? માત્ર અને માત્ર મારો આધાર પણ તમને પાંગળા બનાવી દેશે.' પછી મારી સામે દૃષ્ટિ નોંધી મારા હાથનો સ્પર્શ કરીને બોલ્યા,

'ખેર, હું આજે જ કચ્છની જગ્યા પર જઈ રહ્યો છું, ક્યારે આવું તે નક્કી નથી. વિદાય કાયમી હોય કે કામચલાઉ, પરંતુ વિદાય થવું એ અમીટ બાબત છે, સનાતન સત્ય છે.' કહી, તેઓ મૌન બન્યા. એટલે મેં કહ્યું, 'આપની યોજના અને ઇચ્છા ઈશ્વરની

ઇચ્છા છે, તેમ હું માનું છું. હું બધું જ સમજી ગયો છું. આપની ઇચ્છા મુજબ બધું થશે, પરંતુ આ જે ઔષધિ-જડીબુટ્ટી મારી પાસે છે, તેનું શું કરવું ?'

'પાણીમાં ફેંકી દો અને નિશ્ચિંત બની જાવ, અત્યારથી જ ! બસ, હવે થોડો આરામ કરી લઉં, તમે પણ !' કહી તેઓ આંખો મીંચી ગયા. દાનબાપુ ક્યારે જતા રહ્યા હતા, તેની મને ખબર પડી ન હતી. હું ધીમે પગલે રૂમની બહાર નીકળી ગયો.

જીવનમાં ક્યારેક શૂન્યતા છવાઈ જાય છે. કારણ સમજાય નહિ, સાવ અકારણ ઉદાસીનતા મનમાં છવાઈ જાય; મન શૂન્ય થઈ જાય. સાવ ભાવહીન ! ઊંડે ઊંડે કોઈ ચિંતાની લાગણી સતત સતાવ્યા કરે. ખૂબીની વાત તો એ કે કોઈ જાતની ચિંતાનું કારણ મળે નહિ, છતાં ક્યાંકને ક્યાંક તો તેનું કારણ છુપાયેલું હોય. કારણ મનના ખૂબ ઊંડાણમાં ન પણ હોય, સાવ ઉપર જ હોય. નજીકનું હોય કે કારણ સાવ સામાન્ય હોય. તાજું જ હોય છતાં દેખાય નહિ ! એવું પણ બને કે કારણ સાવ નજીવું હોય, ચિંતાના કારણનું પણ કોઈ કારણ ન હોય; પ્રયત્ન કરી ગોતવા જાવ તો કારણ મળી પણ જાય, અરે દેખાતું પણ હોય અને અનાયાસ ઉપસી પણ આવતું હોય એમ પણ જીવનમાં બનતું હોય છે.

માધવાનંદજી પાસેથી ભારે પગલે નીકળેલા મને આવા ભાવો અભિભૂત કરી રહ્યા હતા. મેં આવા ભાવોનું વિશ્લેષણ કરવાનો સભાન રીતે પ્રયત્ન કર્યો. મને લાગ્યું કે માધવાનંદજીનું અહીંથી જવું એ મારી ગ્લાનિનું કારણ છે અને એ કારણ મને ખરું લાગ્યું ! આમ તો થોડો સમય સાથે રહેલ કોઈ પણ વ્યક્તિ સાથે મને એટલી બધી આત્મીયતા બંધાઈ જાય છે કે, એ વ્યક્તિ દૂર જતાં મને ખૂબ જ દુઃખ થાય છે, આવો અતિ લાગણીશીલ મારો સ્વભાવ છે. જાણું છું કે એક સાધકનો આવો સ્વભાવ ન હોવો જોઈએ, પરંતુ મને એ ખબર છે કે, આ આસક્તિ નથી, પરંતુ મોહવગરનો નિઃસ્વાર્થ પ્રેમ છે. આવો નિઃસ્વાર્થ પ્રેમ મારાથી અજાણપણે કેળવાઈ ગયો છે. સ્વાર્થ વગરનો પ્રેમ પવિત્ર હોય, ઈશ્વરના દૈવીઅંશ જેવો હોય છે. માટે જ આવો ભાવ મને નુકસાન કરતો નથી.

આમ તો કોઈ પણ જડ કે ચેતન પદાર્થ હવે મને મારા જ અંશસ્વરૂપ લાગે છે. લાગે છે કે કોઈ દિવ્ય ચેતના મારા સહિત એકરૂપે સર્વત્ર વ્યાપી રહી છે. લાગે છે કે, ચેતનાનો એક વિશાળ આનંદસ્વરૂપ સાગર ઘૂઘવી રહ્યો છે; અને હું એ સાગરનાં અંતર્ગત જલબિંદુ સ્વરૂપે રહેલો છું.

અધ્યાત્મિક સાધના વડે આ ભૂમિકા તો હું ક્યારનોય પ્રાપ્ત કરી ચૂક્યો છું. છતાં માધવાનંદજી પ્રત્યેની મારી લાગણીમાં જરૂર કાંઈક વિશેષતા છે. નથી હું લાણીના સ્વરૂપને સમજી શકતો કે નથી અભિવ્યક્ત કરી શકતો, નથી તેના કારણને જાણી શકતો.

માધવાનંદજીએ કહ્યું હતું, તેમ તેનું મૂળકારણ પૂર્વજન્મના ઋણાનુબંધનમાં નિહિત હોઈ શકે, પરંતુ મને તેની ખબર નથી. મને માત્ર એટલી જ ખબર છે, માધવાનંદજીએ અત્યાર સુધી નાના બાળકને આંગળી પકડી કાળજી અને પ્રેમથી વડીલ દોરે, તેમ મને પળે પળે દોરવણી આપી, મારી કાળજી લીધી છે. મારી આધ્યાત્મિક પ્રગતિ માટે સતત પ્રયત્નશીલ માધવાનંદજીના આમ અચાનક જતા રહેવાનો નિર્ણય જ મારા માટે ઉદ્વેગનું કારણ બની, મને ઉદાસીનતાના સ્વરૂપમાં ગોપિત ચિંતા કરાવી રહ્યો હતો.

આમાં જો કે ચિંતા કરવાનું કશું જ કારણ ન હતું. માત્ર નિર્ભેળ પ્રેમની લાગણી સતાવી રહી હતી. છતાં, છતાં... છતાંય ! માધવાનંદજીના એ શબ્દો, 'વિદાય કાયમી હોય કે કામચલાઉ, પરંતુ વિદાય થવું એ અમીટ બાબત છે. સનાતન સત્ય છે !' મને લાગ્યું કે આ શબ્દોમાં જરૂર કોઈ ગર્ભિત સંકેત છે, પરંતુ હું તે સમજી શકતો ન હતો. છેવટે 'ઈશ્વર જે કરે તે ભલા માટે જ કરે છે.' તેમના એ શબ્દોથી આશ્વાસ્થ થઈ હું ચાલતો ચાલતો નદી ઓળંગી 'ગોપાલનંદજી ચેકડેમ'ની પાળી પર પહોંચી ગયો.

રેવતાચલ પર્વતની ગોદમાં ડેમનું પાણી હિલ્લોળા લઈ તરંગોથી કાંઠાને ભીંજવી રહ્યું હતું. કાંઠા પરનાં જાંબુનાં વૃક્ષો ધીમા પવનમાં આનંદથી ઝૂમી રહ્યા હતા. ડેમના પાણી પરથી આવતા શીતળ પવનથી તાજગીનો અનુભવ થયો. મનમાં પરમ શાંતિ હું અનુભવી રહ્યો. સ્વસ્થતા પ્રાપ્ત થતાં મેં અદ્ભુતાનંદે આપેલ ઔષધિ-જડીબુટ્ટી કાઢી ઊંડા પાણીમાં ઘા કરીને ફેંકી દીધી ! જાણે હૃદય પરના બોજને મેં પાણીમાં ફેંકી દીધો. મન હળવું ફૂલ થઈ શાંતિ અનુભવી રહ્યું. ખાસ્સી વાર સુધી પાળી પર બેસી નીચે પગ લટકાવી ઠંડા પાણીના શીતળ સ્પર્શનો આહ્લાદકતાથી અનુભવ કરી રહ્યો. મન શૂન્ય થતાં ધ્યાનસ્થ અવસ્થામાં આવી સમાધિનો અનુભવ કરાવી રહ્યું. ત્યાં જ કોઈના પગરવના અવાજનો ધ્વનિ મારા કર્ણપટ પર અથડાતા ધ્યાનભંગ થઈ મેં તે દિશામાં દૃષ્ટિ કરી તો, હું સાનંદાશ્ચર્ય અનુભવી બોલી ઊઠ્યો,

'ઓહ આપ ! રેવાનંદ બ્રહ્મચારીજી !' હું તેમને જોઈ આનંદી ઊઠ્યો, 'ૐ નમોઃ નારાયણ' બોલી પ્રણામ કરવા જતાં મને તે ભેટી જ પડ્યા.

આ રેવાનંદ બ્રહ્મચારી સાથે ગતપૂર્ણિમાએ તે આવેલા ત્યારે ખૂબ સત્સંગ કરીને આનંદ માણેલો. જ્ઞાની-યોગી હોવા છતાં તે મારી સાથે મિત્રની જેમ વર્તેલા. રેવાનંદ બ્રહ્મચારી માધવાનંદજીના ગુરુભાઈ છે અને તેઓ કચ્છના એક આશ્રમમાં રહે છે.

'રેવાનંદજી ! આપ અચાનક !' મેં પૂછ્યું.

'ના, ના... અચાનક કેમ !' હસીને પ્રત્યુત્તરમાં બોલ્યા,

'માધવાનંદજીની પૂર્વયોજના મુજબ તેમના આદેશને અનુસરી, સાધના દરમિયાન તમારી સેવા કરવા આવ્યો છું.' કહી તેઓ મોટેથી હસ્યા.

'આપ મને શરમાવી રહ્યા છો.' મેં પણ હસીને કહ્યું, 'સેવા નહિ, સહકાર, માર્ગદર્શન !'

'હા, જે કહો તે !' કહી તેમણે મારો હાથ પકડી લીધો. ત્યાં જ સામે કાંઠેથી દાનબાપુનો મોટેથી અવાજ સંભળાયો.

'હરિ... હર... હરિહર ! ચાલો પ્રસાદ લેવા !'

બપોરનું ભોજન રેવાનંદજી સાથે આનંદથી થયું. રેવાનંદજી આનંદી અને રમૂજી છે. ગમ્મત સાથે જ્ઞાન એ સરળતાથી આપી શકે છે. દરેક વાનગી ભેગી કરીને પછી તેનું મિશ્રણ કરીને મેં ખાવાની આદત પાડી હતી. આ જોઈ રેવાનંદજીએ કહ્યું,

'સાધુઓએ આ રીતે જ ભોજન લેવું જોઈએ, તે જરૂરી નથી. તમે વાનગી એક એક કરીને લો કે ભેગી કરીને લો, કે ભેગી કરીને જમો. શો ફરક પડે છે. અંતે તો બધું એક જ જગ્યાએ ભેગું થવાનું છે. કોઈ જુદા જુદા ખાના તો કુદરતે બનાવ્યા નથી ને ! વળી દરેક વાનગીની પ્રક્રિયા અને પરિણામ પણ એકસરખું જ આવવાનું છે. કુદરતે દરેક ચીજનો સ્વાદ મનુષ્ય માટે અલગ અલગ જ બનાવ્યો છે, તો એનો લાભ શા માટે ન લેવો ? દરેક વસ્તુ પ્રેમથી આરોગો. માત્ર તેની અતિરેકતાને ટાળો એટલે બસ ! અતિ સર્વત્ર વર્જ્યેત - એ સિદ્ધાંતને અનુસરો એટલે બસ ! આથી કોઈ નુકસાન પણ નહિ, સ્વાદ માણવાની વૃત્તિ ન હોવી જોઈએ !' કહી તેઓ મૌન રહ્યા. તેમની વાત મને સત્ય લાગી. ઘણી વખત પોતે સ્વાદને જીત્યો છે, તેવો દેખાવ પણ ઘણાં સાધુઓ આ રીતે ભોજન કરીને કરતાં હોય છે, એ બરાબર નથી.

દાનબાપુ ભોજન પીરસી રહ્યા હતા, મેં દાનબાપુને પૂછ્યું, 'માધવાનંદજીબાપુ ભોજન માટે નથી પધાર્યા ?'

'આજે તેઓ માત્ર સાંબો અને દૂધ મોડેથી લેશે !' દાનબાપુએ સ્પષ્ટતા કરતાં કહ્યું, 'આજે તેમને પ્રવાસ કરવાનો છે, એટલે વધુ જમશે નહિ. સાંજે છ પહેલાં તેઓ નીકળવાના છે. છેક સુધીની ગાડીની વ્યવસ્થા તેમને માટે થઈ ગઈ છે, જેથી આરામથી પહોંચી શકે.'

ખૂબ આનંદથી ભોજન પૂર્ણ થયું. મધ્યાહનનો મોટો ભાગ પૂર્ણ થવા આવ્યો હતો. રેવાનંદજી સાથે ઘણી વાતો કરવાની ઇચ્છા હતી, છતાં તેમને હવે આરામની જરૂર છે, તેમ માની મેં ઇચ્છા દબાવી રાખી.

રૂમ પર જઈ થોડો આરામ કરી ધ્યાનમાં બેઠો. અનુભવ થયો, એક શુભ્રજ્યોત ધીમે ધીમે નિરભ્ર આકાશમાં જઈ રહી છે. એ જ્યોતનો પ્રકાશ એટલો શુભ્ર હતો કે તેનું વર્ણન હું કરી શકતો નથી. એ જ્યોતના દર્શનથી મને હૃદયમાં અનેરો આનંદ પ્રગટી ઊઠ્યો. જ્યોત ઊંચે ખૂબ ઊંચે અને દૂર દૂર જઈ રહી હતી. ધ્યાન દરમિયાન જ્યોતના

દર્શન તો થાય જ છે, પરંતુ ત્યારે જ્યોત સન્મુખ પ્રગટી નજીક ને નજીક આવી પુનઃ અદૃશ્ય થઈ જાય છે. જ્યારે આજે આ જ્યોત ઊંચે ને ઊંચે થતી દૂર દૂર જતી દેખાય છે. એવો ભાવ પણ જાગતો હતો કે, જાણે કોઈ યોગી જ્યોતના સ્વરૂપમાં આકાશ માર્ગે ગમન કરી રહ્યો છે. ન સમજાય તેવો અનુભવ થઈ રહ્યો હતો, ત્યાં જ કોઈના પગરવથી ધ્યાન તૂટી ગયું. બહારથી જ કોઈએ કહ્યું, 'માધવાનંદજીબાપુ વિદાય લઈ રહ્યા છે, મળવા જવું હોય તો ઉતાવળ કરી નીચે બાપુના રૂમમાં આવો.'

'માધવાનંદજીબાપુની વિદાય !' શબ્દો સાંભળી પુનઃ લાગણીની સંવેદના પ્રગટ થઈ ઊઠી.

આજ સવારથી જ એક પ્રકારના પરિવર્તનની હવા જાણે ફૂંકાઈ રહી છે, ન જાણે કેવું પરિવર્તન આવશે, રામ જાણે ! વિચારમાં હું ઊઠ્યો.

વિચાર-વમળમાં ફસાયેલા મેં બાપુના કમરામાં પ્રવેશ કર્યો. દાનબાપુ તથા રેવાનંદજી બાપુની સન્મુખ બેઠા હતાં. જવાની તૈયારી દર્શાવતો થોડો સામાન પડ્યો હતો. માધવાનંદજી હવે ચોક્કસ જવાના છે, તેની પ્રતીતિ થઈ રહી. આસન પર બેસતાં જ માધવાનંદજીએ મને સંબોધીને કહ્યું, 'કેમ, હવે સ્વસ્થ ને ? રેવાનંદજી હવે આવી ગયા છે. તમારે ચિંતાનું કોઈ કારણ નથી !'

હું મૌન રહ્યો, હજુ પણ માધવાનંદજીની વિદાય મને મૂંઝવી રહી હતી. માધવાનંદજીની અંદર પ્રવાહિત પ્રાણશક્તિની સંવેદના મારી અંદરની પ્રાણશક્તિની સંવેદના સાથે જાણે એકરૂપ થઈ ગઈ હતી. એ સંવેદનાથી ઉત્પન્ન થતાં ભાવોને વ્યક્ત કરવા માટે મારી પાસે કોઈ શબ્દો ન હતા.

પરંતુ માધવાનંદજીથી ક્યાં કશું જ છૂપું હતું ? મારા લાખ પ્રયત્નો છતાં હું મારા ભાવોને અન્ય દિશામાં વાળવા સફળ થઈ શક્યો નહિ. મારા બધાં જ ભાવો, સ્પંદનો મૌનના સ્વરૂપે તેમના તરફ નદીના પ્રવાહની જેમ ધસમસી રહ્યા હતા. પ્રતિભાવ પણ તુરત જ તેમના તરફથી તેમના શબ્દોમાં મળ્યો,

'હવે કઈ જિજ્ઞાસા બાકી રહી છે ?' થોડા હાસ્ય સાથે આગળ બોલ્યા, 'સંવેદના અને પ્રાણશક્તિની અનુભૂતિ તો તમે કરી ચૂક્યા છો. સંવેદના હંમેશાં વર્તમાનકાળમાં જ સંભવિત હોય છે, પછી તો એ સંવેદના વર્તમાનક્ષણની માત્ર અનુભૂતિ જ બની રહે છે. વર્તમાનની ક્ષણો ભૂતકાળમાં ધકેલાઈ જતાં સંવેદનાની કોઈ તાકાત રહેતી નથી. જ્યાં સુધી એ અંદર રહેલા પ્રાણની સંવેદના તમને ન થાય ત્યાં સુધી લક્ષ્ય તમારી દૃષ્ટિ એ પડી શકે નહિ. માર્ગ ભલે તમને મળી ગયો હોય, પરંતુ લક્ષ્ય તરફના માર્ગે હજુ ધુમ્મસ છવાયેલું છે !' પછી થોડા ઊંચા અને મૃદુસ્વરમાં આગળ કહ્યું,

'આ ધુમ્મસ છે, ભાવનાઓનું, લાગણીઓનું અને તેથી ઊપજતી સંવેદનાઓનું !

સચ્ચિદાનંદ સૂર્યનો પ્રકાશ જ્યારે તેના પર પડશે કે એ ધુમ્મસ આપોઆપ દૂર થઈ જશે. આ ધુમ્મસ દૂર થતાં જ મહામાયા ચિતિની સંવેદના તમારી અંદર સ્થિર થતી જશે. જેમ જેમ એ સંવેદના અને એ શબ્દબ્રહ્મની અનુભૂતિ તમારી અંદર ઊતરતી જશે, તેમ તેમ તમારી ભૌતિક અર્થાત્ સાંસારિક સંવેદનાઓ તથા દુન્યવી બધાં જ ભાવો નીકળતા જશે અને તે જગ્યાએ સચ્ચિદાનંદ-પરબ્રહ્મ સંબંધીના ભાવો અને સંવેદનાઓ તમારા સમગ્ર ચિત્તતંત્રમાં ગોઠવાઈ જશે. જેમ જેમ જાગૃતિ કેળવાતી જશે, વધુ ને વધુ તો એક ક્ષણ એવી આવશે કે તમારી અંદર રહેલી પ્રાણશક્તિનો ઉઘાડ થતો તમે અનુભવી શકશો અને બધું જ રહસ્ય જે જાણવા તમે વર્તમાનમાં ઉત્સુક છો, તમને જણાઈ જશે.' થોડું અટકીને અને જલપાન કરીને હસતા મુખે પુનઃ બોલ્યા,

'પરંતુ આ શબ્દમંત્ર યાદ રાખજો. ધીરજ, ધૈર્ય અને સતત એકધારો થાક્યા વગરનો શ્રદ્ધાયુક્ત પરિશ્રમ ! તે તમારા મનને હકારાત્મક વિચારોથી ભરી દેશે. તેથી તેનું અવિશ્રાંત પરિશીલન કરતાં રહેજો. કાર્યમાં સરળતા અને સફળતા આપમેળે મળતી રહેશે.' કહી તેઓ મૌન બની ગયા.

થોડી વારે ડ્રાઈવરે ગાડી તૈયાર હોવાનું જણાવતા બધાં બહાર નીકળ્યા. દરવાજે ઊભી માધવાનંદજીએ ચોતરફ દૃષ્ટિ કરી. દાનબાપુએ માધવાનંદજીને દંડવત્ પ્રણામ કર્યા. પ્રણામ કરી ઊભા થતા દાનબાપુની આંખોના ઊંડાણમાં કશુંક હતું. કદાચ ઉદાસીનતા, કદાચ આંસુઓ ! મને લાગ્યું કે તેમના સાધુત્ત્વએ આ દુન્યવી ભાવોને હૃદયના ઊંડાણમાં ધરબી દીધા છે. જેથી એ ભાવો તેમની આંખોમાં સ્પષ્ટ જોઈ શકાતા નથી.

છેવટે હસતે મુખે અને બધાંને આશિષ આપતી મુદ્રામાં હાથ ઊંચો કરી ગાડીમાં બેસી માધવાનંદજી વિદાઈ થઈ ગયા.

જગ્યામાં પ્રવેશ કરતાં લાગ્યું કે સર્વત્ર શૂન્યતા છવાઈ ગઈ છે. બધાના ચહેરા પર મૌનપૂર્વકની ગંભીરતા હતી. બધા પોતપોતાની રીતે માધવાનંદજીની ગેરહાજરીની અસર મહેસૂસ કરી રહ્યા હતા. લાગતું હતું કે જાણે અયોધ્યા તે જ છે, પરંતુ તેમાં રામ નથી !

આ અસરને તોડવા જ હોય તેમ રેવાનંદ બ્રહ્મચારી હસીને બોલ્યા, 'અરે દાન ! આપણાં પેટમાં તો ભૂખે ગલુડિયા બોલવા લાગ્યા છે, કશુંક ચા-પાણી, નાસ્તો હોય તો થઈ જાય !' ને સૂચન પણ થયું, 'નાસ્તો સૂકો, સેવ-મમરા, શીંગ જેવો હશે તો પણ ચાલશે. અમે ચેકડેમ પર બેઠાં છીએ ત્યાં નાસ્તો લઈને આવશો !'

ડેમ પર બેસીને શીતળ ખુલ્લી હવામાં નાસ્તો કરતાં અમો વાતો કરી રહ્યા. વાતો અલબત્ત આધ્યાત્મિક હતી. રેવાનંદજી વાતનો તંતુ આગળ વધારતા બોલી રહ્યા હતા,

'સાધકને સાધના દરમિયાન પથદર્શક તરીકે ગુરુની જરૂરત તો પડે જ છે. 'ગુરુ ૐ' મંત્ર ઈશ્વરનો વાચક છે, તેનું રટણ કરતાં કરતાં ગુરુનું ધ્યાન કરવું જોઈએ. ગુરુકૃપા પ્રાપ્ત થયા પછી સાધક સાધના કરતો કરતો જેમ જેમ આગળ વધતો જાય, તેમ તેમ તેણે પોતાની પ્રગતિની સાચી સમજ કેળવીને પોતે જ પોતાનો ગુરુ બનવું જરૂરી છે; અને ગુરુકૃપા દ્વારા જાગૃત થયેલ શક્તિનું શરણ સ્વીકારીને દશ્યભાવ રાખીને તેણે સાધનાભ્યાસ કરવો જોઈએ.

આમ છતાં સાધકને જિજ્ઞાસા તો રહ્યા જ કરે છે, કે તેની અનુભૂતિઓ જે સાધના દરમિયાન થતી રહે છે, તે કયા પ્રકારની છે ! અને તેનો અર્થ શું છે ? આ ઉપરાંત આગળ વધતાં કેવા અનુભવો પ્રાપ્ત થશે, એમનો ક્રમ શો છે, પોતાની પ્રગતિ કેટલી થઈ ચૂકી છે, તેને આગળ ધપાવવા શું કરવું જોઈએ, કે જે પોતા માટે ઈષ્ટ હોય. વિગેરે સાધના દરમિયાન વિચારવું જરૂરી હોય છે. કારણ કે સાધના દરમિયાન મોટા ભાગના સાધકોને એવા વિચિત્ર અને ન જાણ્યા હોય એવા અજબ-ગજબ અનુભવો થાય છે, જેથી સાધક ઘણી વખત ડરી જાય છે અને વિમાસણમાં પડી જાય છે.' થોડી વાર થંભી પોતાનો અનુભવ વર્ણવતા રેવાનંદજીએ આગળ કહ્યું,

'મારા પ્રારંભના અનુભવની વાત કરું તો, ગુરુદેવ પાસેથી દીક્ષા મેળવ્યા બાદ હું ગુરુદેવને મારી સાધના, મારી વ્યક્તિગત અનુભૂતિનો અને સિદ્ધિઓની બાબતમાં પ્રશ્નો પૂછ્યા કરતો, ત્યારે ગુરુદેવ પ્રેમથી જવાબ આપતા,

'બધું બરાબર જ થઈ રહ્યું છે, ડરો નહિ, સાધના ચાલુ રાખો.'

મને સાધના દરમિયાન વિચિત્ર ભાવો થતાં. ચંચળતા, ક્રોધ, વિષાદ, અરુચિ, કામ, મૂઢતા વગેરે તામસી વૃત્તિઓનો હું ભોગ બની જતો, તેમ છતાં ડર્યા વગર સતત સાધના ચાલુ રાખતા મને તેનાથી કોઈ નુકસાન થતું નહિ, ઊલટું દિવ્ય પ્રાપ્તિ થતી રહેતી. ગુરુમહારાજને હું આ બધું નિવેદન કરતો ત્યારે તેઓ મને કહેતા,

'ગભરાશો નહિ, જે થતું હોય તે થવા દો, તમને દિવ્ય પ્રાપ્તિ થશે.' તમારા શરીરની નાડીઓની શુદ્ધિ થઈને અંતઃકરણના પૂર્વસંસ્કારો નષ્ટ થઈ રહ્યા છે. પછી તમે એક એવા દિવ્ય આનંદની અનુભૂતિ કરશો કે જેમાં તમે સતત મસ્ત રહેશો.'

થોડી વાર ડેમના સ્થિર જલ પર દૃષ્ટિ ખોડી રાખી રેવાનંદજી ચૂપ રહ્યા. પછી આત્મીયતાપૂર્વક મારો સ્પર્શ કરતાં આગળ સમજ આપવા હસીને બોલ્યા,

'આ બધું હું તમારી શંકાના નિવારણાર્થે અને માર્ગદર્શન સારું કહી રહ્યો છું. મારી પાસે એક ઉત્તમ જૂનો ગ્રંથ 'ચિત્ત-શક્તિ વિલાસ' નામનો છે, તે તમે ધ્યાનપૂર્વક વાંચી જજો, તે મુજબ સાધના દરમિયાન તમને અનુભવો થશે; અને તમારી શંકાનું સમાધાન પણ થતું રહેશે: સાથે સાથે સરયુદાસજીની દિવ્ય ચાખડીઓનું પૂજન-અર્ચન કરશો

એટલે તમને સહજ રીતે દિવ્યશક્તિઓનો સાક્ષાત્કાર થતો રહેશે. તમારા આત્માનું ચિંતન જ ગુરુચિંતન બની રહેશે. 'ૐ ગુરુ'ના મંત્ર સાથે આત્માનું ધ્યાન કરવું, એ જ તમારા ગુરુ... એ મંત્ર સાથેનું ધ્યાન જ તમારા પરમદેવતા બની રહેશે. આ મંત્ર ચૈતન્યકારક છે, પરમેશ્વરની અનુગ્રાહિકા મહાન શક્તિ છે. નવોન્મેષશાલિની પ્રતિભા છે, સ્વયં પરાશક્તિ ચિતિ અર્થાત્ મા કુંડલિની છે.'

થોડું અટકીને રેવાનંદજીએ જલપાન માટે દાનબાપુને હાથથી ઇશારો કરતાં તુરત જ દાનબાપુ પાણીનો જગ ભરી હાજર થઈ જતાં બધાંએ જલપાન કર્યું.

સૂર્યાસ્તને હજુ ઘણી વાર હતી. ચમકતા અને સ્થિર ચેકડેમના પાણી પરથી આવતી શીતલ હવા આહ્લાદક લાગતી હતી. પવનને કારણે ખખડતા વૃક્ષોના પાંદડાનો અવાજ હૃદયમાં આનંદની ઝાંઝરી વગાડી રહ્યો હતો. બધે જ શાંતિ હતી, બધું જ જાણે શાંત અને સુખદાયક લાગી રહ્યું હતું.

'મારા ગુરુદેવતા કહેતા' રેવાનંદજીએ પુનઃ વાતનો દોર આગળ ધપાવતા કહ્યું,

'માનવજીવનમાં સુખ-દુઃખનું કારણ એના સ્વરૂપનું વિસ્મરણ છે, આ સ્વરૂપનું વિસ્મરણ થઈ જવું તેનું જ નામ અજ્ઞાન, અવિદ્યા અથવા માયા છે, જેને કારણે મનુષ્યને વિધવિધ પ્રકારના કષ્ટો ભોગવવા પડે છે. આમાંથી છૂટવાનો ઉપાય છે 'આત્મદર્શન' ! આત્મદર્શન અથવા 'આત્મસાત' અંતર્શક્તિ જાગૃત થવાથી જ સંભવે છે.

આ માટે 'ૐ ગુરુ'નું શરણ ગ્રહણ કરીને એમના કૃપાપાત્ર બનવું જોઈએ. આ ગુરુમંત્રની કૃપા જ સાધક પાસે સંસારનો જ નહિ, પરંતુ તેના 'જીવતત્ત્વનો' ત્યાગ કરાવે છે. એના ધન કે દ્રવ્યને નહિ, પરંતુ તેની ચિંતા અને પાપને પણ હરી લે છે. ગૃહસ્થી હોય તો પણ ગુરુકૃપા તેના ઘરમાં જ ગુફાની શાંતિ અને એકાંતનો અનુભવ કરાવે; અને સંસારના ભયંકર પ્રપંચ વચ્ચે પણ પરમાર્થની પ્રાપ્તિ કરાવે !'

'ટૂંકમાં !' શ્વાસ ખાવા થંભી, થોડું જલપાન કરી તેઓએ આગળ કહ્યું, 'ઉલ્લાસપૂર્વક ગુરુમંત્રનું ધ્યાન અને ગુરુચિંતન, આત્મચિંતન જ સિદ્ધયોગનો પ્રાણ છે, શક્તિપાતની સાધના છે, પરમપ્રાપ્તિનું રહસ્ય છે !' કહી, અટકીને રેવાનંદજીએ પુનઃ થોડું જલપાન કર્યું. તેમના શબ્દોથી પરિપ્લાવિત થયેલા મને થયું કે એક ગૃહસ્થી સાધુ તરીકે અત્યાર સુધીની મારી સાધનામાં હું કઈ કક્ષાએ ઊભો હઈશ. ધ્યાન દરમિયાન નીલબિંદુ અને સર્વત્ર પથરાયેલ શીતળ પ્રકાશના સમુદ્રનાં દર્શનનોના અનુભવ મને થાય છે. એ પ્રકાશપૂંજમાં સ્નાન કરતા જે આનંદનો અનુભવ થાય છે, તેવો જ આનંદ પછીથી પણ રહ્યા કરે છે. મનુષ્યસહિત પ્રકૃતિના સમગ્ર સ્વરૂપ સાથે એકાકાર થઈ જવાય છે. અનર્ગળ પ્રેમ અને આનંદ ઊભરાવા લાગે છે. સતત ઊભરાઈ રહે છે. મારા અંતઃકરણમાં ! આ ભાવને હું સમજી શકતો નથી. વર્ણવી શકતો નથી, આમ થવાનું

કારણ હું જાણી શકતો નથી. આથી રેવાનંદજી સમક્ષ મેં મારા વિચારો પ્રગટ કર્યા તો તુરત જ તેમણે હસીને કહ્યું,

'બરાબર છે, એમ જ થવું જોઈએ. તમારી અંદર ચિત્તશક્તિ અર્થાત્ મા કુંડલિનીનું અવતરણ થઈ રહ્યું છે. તમે ખૂબ સરસ અનુભવ કહ્યો છે. સાધના દરમિયાન મને પણ આવા જ અનુભવો થતાં, ત્યારે હું મારા ગુરુજીને પૂછતો, ત્યારે તેમણે મારી સમક્ષ તેમની પોતાની અનુભૂતિઓ દ્વારા અંતઃશક્તિનાં કાર્યકલાપનું અદ્ભુત વર્ણન કરતાં કહેલું,

'આ બધું કુંડલિની શક્તિની જાગૃત થવાની પ્રક્રિયા છે, આ બધી કુંડલિની જાગૃતિ પૂર્વેનાં યૌગિક ક્રિયાકલાપો છે, આનંદ અને ઐક્યના અનુભવોની સાથે સાથે અન્ય ઘણાં અનુભવોમાંથી સાધકે પસાર થવું પડે છે, બિંદુના દિવ્યદર્શન ઉપરાંત, ભયાનક દૃશ્યો, મનની ભ્રમયુક્ત સ્થિતિ, જ્યોતિદર્શન, લોકાંન્તર અને દેવી-દેવતાઓનાં દર્શન, નાદશ્રવણ, બ્રહ્મભાવ, ગુરુભાવ, સર્વત્ર એકતા અને પ્રેમભાવ વગેરે સિદ્ધયોગની સાધનાના પરિણામોની અનુભૂતિ છે.'

મારા પ્રશ્નના જવાબમાં રેવાનંદજી પોતાને મળેલ ગુરુના માર્ગદર્શનનું નિરૂપણ કરી રહ્યા હતા. જે સાંભળીને વધુ જાણવાની મારી જિજ્ઞાસા બળવત્તર બની જતી હતી. મેં પૂછ્યું,

'આ બધું મનુષ્યનાં ભૌતિક શરીર દ્વારા કઈ રીતે પ્રાપ્ત થઈ શકતું હશે ? દેખાતું ભૌતિક શરીર તો નાશવંત છે ?'

સાંભળીને રેવાનંદજી સ્મિત કરી મારી સામે તાકીને બોલ્યા, 'સાધનાની સાથે સાથે ગુરુનું માર્ગદર્શન તો જરૂરી છે, ઉપરાંત શાસ્ત્રનું જ્ઞાન પણ તેટલું જરૂરી છે. ભક્તિ, શ્રદ્ધા અને ઈશ્વર સમર્પણથી જ્ઞાન આપોઆપ પ્રગટે છે, એ વાત સાચી, પરંતુ શાસ્ત્રશ્રવણ પણ જરૂરી છે, તેના કારણે સાધકને તેના પ્રયત્નોમાં શ્રદ્ધા દ્વારા પુષ્ટી મળે છે.' થોડું અટકી રેવાનંદજી આગળ બોલ્યા,

'તમારી વાત સત્ય છે. દેખાતું ભૌતિક શરીર નાશવંત છે, પરંતુ એ જ શરીરમાં મા ભગવતિ કુંડલિની સારુંયે બ્રહ્માંડ સમાવીને બેઠી છે !' થોડું અટકી વાતને આગળ ધપાવતા રેવાનંદજી પુનઃ બોલ્યા, 'વેદોમાં દેખાતા ભૌતિક શરીર ઉપરાંત અન્ય ત્રણ શરીરોનું વર્ણન છે ! આમ કુલ ચાર શરીરોના નામો છે : (૧) દેખાતું સ્થૂળ શરીર (૨) સૂક્ષ્મ શરીર (૩) કારણ શરીર (૪) મહાકારણ શરીર ! આ ચાર શરીરોની ક્રમશઃ ચાર અવસ્થાઓ આવે છે (૧)જાગૃત (૨) સ્વપ્ન (૩) સુષુપ્તિ (૪) તુર્યક ! આ ચાર અવસ્થાના દ્યોતક ચાર રંગો છે. જે ધ્યાન દરમિયાન દૃશ્યમાન થાય છે. આ ચાર રંગોમાં લાલ, સફેદ, કાળો અને નીલ છે.

સાધના પુષ્ટ થતાં દેહભાવ જતો રહે છે, 'હું' જે અહમ્‌નું દ્યોતક છે. તે 'હું' અને 'મારું' નષ્ટ થાય છે,એ પછી દ્વૈતભાવનું નિરુપણ હૃદયમાં થાય છે. આને કારણે સાધકને ઈશ્વર સાથે તાદાત્મ્ય સધાય છે; અને 'હું' એ જ 'તે'નો ભાવ જાગૃત થાય છે, અર્થાત્‌ 'હું' જ બ્રહ્મ છું એવો દૃષ્ટાભાવ જાગૃત થાય છે. 'અહમ્‌ બ્રહ્માસ્મિનું' સ્ફુરણ થાય છે, આવું સ્ફુરણ થતાં સાધકને દેખાતા ભૌતિક પદાર્થો પોતીકા લાગે છે. એકરૂપ લાગે છે અને આને કારણે સૃષ્ટિ પ્રેમથી ભરપૂર અને આનંદ સ્વરૂપ લાગવા માંડે છે.'

પછી મારા મૂળ પ્રશ્નનો જવાબ આપતા હોય તેમ આગળ કહ્યું,

'પ્રકૃતિનાં સુંદર સ્વરૂપને તથા અન્ય પદાર્થોને જોઈને તમને જે આનંદ થાય છે, તથા તેમાં એકરૂપ થઈ જવાનો જે ભાવ જાગે છે, તેનું એ જ કારણ છે કે તમારામાં મહામાયા કુંડલિનીનું સ્ફુરણ થઈ રહ્યું છે, તમે સાચા રસ્તે છો, તમારી પ્રગતિ થઈ રહી છે. તમને જે જ્યોતિના દર્શન થાય છે તેમાં જ તમને નીલબિંદુના સ્વરૂપે મા ભગવતી નિલેશ્વરીના દર્શન થશે !' આટલું કહી રેવાનંદજી કોઈ અતીતમાં સરકી ગયા હોય તેમ આંખો મીંચીને આગળ બોલ્યા,

'મારા ગુરુમહારાજે શાસ્ત્રો અને ગ્રંથોને આત્મસાત કરીને પોતે ને પોતે પરમ્‌ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. તેમણે પોતાના જ અનુભવોનું નિરૂપણ મારી સમક્ષ કર્યું હતું. ગુરુદેવે ધ્યાનમાં દૃષ્ટિગોચર થતાં આ ચમકતા નીલબિંદુ અને જગમગતી નીલ જ્યોતિનો મહિમા ખૂબ કહ્યો હતો.' તેમણે કહ્યું હતું,

'આ જે નીલેસ્વરી છે, એ જ ચિતિકુંડલિની, પરાશક્તિ, પરબ્રહ્મ, પરમાત્મા, ગુરુ, આત્મા, ત્રિભુવન, પરમ્‌ શાંતિનું સ્થાન બધું જ છે. એ જ શ્રીકૃષ્ણ સ્વયં છે. જે પુણ્યાત્મા હોય એને જ એ નીલદર્શન થાય છે. 'સહસ્ત્રાક્ષ સહસ્ત્રપાદઃ' પુરુષનું જે વેદોમાં વર્ણન છે, તેનું દર્શન આ નીલેશ્વરીમાં થાય છે.' કહી રેવાનંદજી મૌન ધારણ કરી રહ્યા. મેં જાણવાની જિજ્ઞાસાથી પૂછ્યું,

'આ બધી આધ્યાત્મિક અનુભૂતિઓ ગુપ્ત રાખવાનું શું પ્રયોજન છે ? જિજ્ઞાસુઓ સમક્ષ એ અનુભૂતિઓ પ્રગટ કરવાથી કોઈ...!

'જરા પણ હરકત નહિ' મારી વાતનો મર્મ સમજી જતાં તેઓ બોલ્યા :

'મારા ગુરુદેવ સિદ્ધ યોગના સાધકોને પણ પોતાના અનુભવો પ્રગટ કરવા અનુમોદન આપે છે, કારણ કે એથી સિદ્ધયોગનું મહત્ત્વ, એની ઉપયોગિતા, સાચી માહિતી અને યથાર્થસ્વરૂપ પ્રગટ થતાં અન્ય સાધકોને માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન મળે છે. સિદ્ધયોગી મહેશ્વરાનંદ પણ તેમના શિષ્યોને કહેતા કે, 'અમને પ્રાપ્ત થયું છે, તે તમે પણ પ્રાપ્ત કરી શકો છો, હું જે માર્ગે પહોંચ્યો છું તે માર્ગ તમારા માટે પણ સુલભ થઈ શકે છે.'

'પરંતુ રેવાનંદજી !' મેં પૂછ્યું, 'સિદ્ધિઓની મને કોઈ સ્પૃહા નથી, પરંતુ સાધનાની સાથે સાથે અનાયાસ કોઈ સિદ્ધિ અર્થાત્ 'દિવ્ય અનુભવો' થતાં રહે છે. અનાયાસ પણ તે સાધકને કેટલાંક દિવ્ય લાભો મળે છે, તે કેવા હોઈ શકે ? અથવા હોય છે ?'

'બધું જ ગુરુદેવની કૃપાથી થતું જ રહે છે.' રેવાનંદજીએ જવાબ આપતા કહ્યું, 'સાધના દરમિયાન આત્મવત્ પ્રેમ મળતો જ રહે છે, સાધકોની લાયકાત પણ ઉચ્ચકોટિની હોવી જરૂરી છે, જે સાધકોને એટલી શક્તિમત્તા પ્રાપ્ત થઈ ચૂકી હોય, તો એમની સાથે ધ્યાનમાં બેસનારને પણ આપમેળે 'દીક્ષા' મળતી જતી હોય છે, એ વખતે જો તે કોઈને સ્પર્શ કરે તો પણ એને વિદ્યુત જેવો ઝાટકો અનુભવાય છે; અને એ યૌગિક ક્રિયાઓ કરવા માંડે છે. ઊંડા ધ્યાનમાં ઊતરી જાય છે, કોઈ કોઈને અતીન્દ્રિય જ્ઞાન પ્રાપ્ત થવાથી ભૂતકાળ, ભવિષ્યકાળ કે વર્તમાનના બનાવો કે ઘટનાઓ પ્રત્યક્ષ દેખાય છે. આગામી આપત્તિની આગાહી તેને મળે છે, ધ્યાનમાં દેવી-દેવતાઓ સાથે વાર્તાલાપ દ્વારા સંકેત અને જ્ઞાન તેને પ્રાપ્ત થાય છે, આધ્યાત્મિક બાબતોનું માર્ગદર્શન કરવાની લાયકાત પણ આપે છે, પરંતુ સાથે સાથે સાધકે આવી સિદ્ધિઓ પ્રાપ્ત થયા પૂર્વે કેટલીક સાવચેતી પણ રાખવી જરૂરી છે.' ખાસ સૂચના આપતા હોય તેવા સ્વરમાં રેવાનંદજી આગળ બોલ્યા :

'સાધકે પોતાના સાધના સ્થાનમાં સાવધાન થઈને રહેવું જોઈએ. સાધક જો સાધના દરમિયાન વાતોના નિરર્થક તડાકા માર્યા કરે અને સ્વેચ્છાપૂર્વક પરિભ્રમણ કે આચરણ કર્યે રાખે, તો એ સિદ્ધિનીતિથી વિપરીત ગણાય. સિદ્ધયોગમાં સાધકોએ કોઈનું એઠું પણ ખાવું ન જોઈએ. વધુ મહત્ત્વની બાબત અને ખાસ જરૂરી પણ એ છે કે, સાધકે કોઈનો બિનજરૂરી સ્પર્શ પણ કરવો જોઈએ નહિ. શુદ્ધતાનું આચરણ અને આગ્રહ એ આડંબર નથી, પરંતુ તેનો સંબંધ શુદ્ધતા અને પવિત્રતા સાથે છે; સર્વસંપત્તિઓમાં શુદ્ધ અને પવિત્ર ચિત્ત એક મહાન સંપત્તિ છે !'

હું રેવાનંદજીની જ્ઞાનવાર્તા રસપૂર્વક સાંભળી રહ્યો હતો. ત્યાં જ દાનબાપુને આવતા જોયા. હું તેને આવતા જોઈ રહ્યો. તો તે રૂમાલવતી અનામિકા આંગળીને દબાવી રહ્યા હતા. રૂમાલની લાલાશ જોતા લાગ્યું કે તેમની આંગળીમાંથી લોહી નીકળી રહ્યું છે. ચિંતાના સ્વરમાં મેં પૂછ્યું, 'અરે, દાનબાપુ ! શું થયું ? આંગળીમાંથી લોહી કેમ નીકળે છે ?'

'કશું જ નથી. ધ્યાનાવસ્થામાં નીચે પથ્થર પર બેઠો હતો. અચાનક કાળોતરા નાગે ડંખ માર્યો !' દાનબાપુએ જાણે કશું જ અસ્વાભાવિક બન્યું ન હોય તેવા સ્વરમાં જવાબ આપ્યો: 'સાપ કરડ્યો !' ફાટી જતાં સ્વરમાં મારાથી બોલાઈ ગયું. 'કોબ્રા ! ઝેરી નાગ કરડ્યો ?'

અદ્દભુતાનંદની જડીબુટ્ટી ચેકડેમના પાણીમાં ફેંકી દેવાની ઉતાવળ કરવા બદલ મને પસ્તાવો થયો. મેં દાનબાપુ સામે જોયું તો તે હસી રહ્યા હતા. બોલ્યા, 'આમાં ચિંતા કરવાની જરૂર નથી. આ ત્રીજી વાર મને સાપ કરડ્યો છે. કશું જ થયું નથી. કારણ કે મારું આયુષ્ય હજી ઘણી બાકી છે. રોહિતની જેમ હું અલ્પઆયુ નથી.'

ખડ્ખડ્ હસી દાનબાપુ પુનઃ બોલ્યા,

'આમેય મને ઝેર ચડતું નથી. ઝેરી વીંછી પણ મને ઘણી વાર લાકડા લેવા જતી વખતે કરડે છે, થોડીવારમાં મટી જાય છે. ચિંતા કરશો નહિ, મને કશું જ થવાનું નથી.'

બોલતા અટકીને રેવાનંદજી તરફ ફરીને દાનબાપુ બોલ્યા, 'ચાલો હવે, સમય ઘણો થઈ ગયો છે. સંધ્યા-આરતી પતાવીને ભોજન કરશું ને ? મેં રસોઈ તો ક્યારની બનાવી રાખી છે.' ને આગળ ચાલતા થયા.

નીચે નદી ઓળંગી યજ્ઞશાળા પાસેનો ઢોળાવ ચડતા, મારી લગોલગ ચાલતા રેવાનંજીએ મને કહ્યું,

'હું તમને હવે પછી જે કહેવા ઇચ્છતો હતો, તે દાનને સર્પદંશનાં બનાવથી પ્રયોગરૂપે પ્રત્યક્ષ પ્રમાણ બની ગયું !'

'પ્રયોગ સ્વરૂપે પ્રત્યક્ષ પ્રમાણ !' મેં આશ્ચર્યથી પૂછ્યું, 'અને તે કેવી રીતે ?'

'સાધકને સાધના દરમિયાન આવા જે વિચિત્ર અનુભવો થાય છે. તેનું આ પ્રત્યક્ષ પ્રમાણ છે ! આપણાં પ્રાચીન ઋષિમુનિઓએ સાધના દ્વારા જ સંશોધનો કરીને આ બધું જાણ્યું છે, પરંતુ સાધકોની કક્ષા એકસરખી હોતી નથી. સાધકોની કક્ષા ન્યુનાધિક હોવાને કારણે કોઈને આ સત્યનો અનુભવ થાય, તો કોઈને ન પણ થાય. સાધના દરમિયાન પ્રત્યેક સાધકને વિધવિધ અનુભૂતિઓ થતી હોય છે. આ અનુભવો વિશે ક્યાંય વાંચવા કે સાંભળવા પણ નથી મળતું. અગર મળે તો એ ગૂઢ ભાષામાં હોય, સમજવું મુશ્કેલ બને છે. એટલે સાધકો સાધનાની વિચિત્ર ગતિની ચમત્કારિક ક્રિયાઓને સમજી શકતા નથી. પરિણામે ઘણી વખત સાધકનું મન ભયભીત થઈ જાય છે અને સાધક પોતાની સાધના પડતી મૂકી દે છે.' પછી પોતાના તરફ હાથથી નિર્દેશ કરીને રેવાનંદજી બોલ્યા,

'મને પણ આવા ઘણા અનુભવો થતાં, ત્યારે હું મારા ગુરુદેવને ભયથી પૂછતો, ગુરુદેવ ! હું સાધના માટે બેસું છું. ત્યારે મને ધ્યાનમાં સાપ કરડવા આવતો દેખાય છે. ઘણી વખત એક નગ્ન સ્ત્રી નજર સમક્ષ આવીને ઊભી રહે છે. મને ખૂબ ભય લાગ્યા કરે છે, સાધના દરમિયાન મને દૂષિત વિચારો આવ્યા કરે છે !'

ત્યારે ગુરુમહારાજ મને પ્રેમથી સમજાવતા,

'આમાં ડરવાની કોઈ જરૂર નથી. આ બધી તો સર્પાકારે રહેલી મા કુંડલિની

શક્તિપાતની પ્રક્રિયા છે !' થોડું અટકી રેવાનંદજી ચાલતા ચાલતા પુનઃ બોલ્યા : 'પરમ્ગુરુનો પૂર્ણ અનુગ્રહ અથવા સિદ્ધકૃપા કે સાંભરી ક્રિયાનો સમાવેશ એટલે શક્તિપાત, આને જ કુંડલિની જાગૃતિ કહેવામાં આવે છે !' પછી થોડું અટકીને પુનઃ બોલ્યા,

'ધ્યાન દરમિયાન દાનને સાપ કરડવો એ કુંડલિની જાગૃતિનું દ્યોતક છે !'

વાતો કરતાં અમે મંદિરમાં પ્રવેશી આરતીના મધુર અવાજમાં ધ્યાનસ્થ થયા. દાનબાપુ આરતી તથા સમૂહસ્તુતિ વિગેરે પૂર્ણ કરી અમને રસોઈઘર તરફ દોરી ગયા.

ભોજન બાદ રેવાનંદ બ્રહ્મચારીજીને 'ૐ નમોઃ નારાયણ' કહી, હું ઉપર મારી રૂમમાં ગયો.

સમય ઘણો પસાર થઈ ગયો હતો. ઉઘાડી બારીમાંથી સ્ટ્રીટ લાઈટના પ્રકાશ સાથે ઠંડો પવન આવી રહ્યો હતો. સડકની સામે કાંઠેથી તુરત જ શરૂ થઈ જતો જોગણિયા પર્વત પર આકાશમાં ટમટમતા તારાઓનો ઝાંખો પ્રકાશ પથરાઈ રહ્યો હતો. મેલડી માતાના મંદિરમાં હજુ, પણ ડાકલાનો અવાજ આવી રહ્યો હતો. 'ડિમ્... ડિમ્... ડિમ્ડિમા.. ડિમ્... ડિમડિમા... ડિમ્ !'

હું પથારીમાં પડ્યો, પરંતુ ઊંઘ આવી નહિ. આજના સમગ્ર બનાવોના વિચારો એક પછી એક મારા મનમાં ઊપસવા લાગ્યા. સવારની બેચેની અને વાતાવરણમાં એક જાતના પરિવર્તનનો અહેસાસ શહેરમાં જઈ રોહિતની સારવાર, તેનું મૃત્યુ, પુરણપુરી બાપુની નારાજગી, માધવાનંદજીની વિદાય અને તે સાથે રેવાનંદ બ્રહ્મચારીનું સાંત્વન ભરેલું યૌગિક માર્ગદર્શન વિગેરે વિશે વિચારતો ધીમે ધીમે હું તંદ્રાવસ્થામાં સરકતો ગયો. બારીમાંથી આવતા ઠંડા પવનને કારણે હું માથા તરફ ગોઠણ સંકોરીને તેજ અવસ્થામાં સૂતો રહ્યો. બારી બંધ કરવા કે ચાદર ઓઢી લેવાની ક્રિયા, ઇચ્છા હોવા છતાં પણ હું કરી શકતો ન હતો.

હું તંદ્રાવસ્થામાં પથારીમાં સૂઈ રહ્યો હતો. એ અવસ્થામાં જ મને ભાસ થયો કે કોઈ મને ચાદર ઓઢાડી રહ્યું છે. ગરમ હૂંફ મળતા મને સારું લાગ્યું, એ હુંફને કારણે મારી તંદ્રા ઓછી થતાં મારી નજર અર્ધખુલ્લા દરવાજાના બારણા પર પડી, તો મને એક પડછાયો નજરે પડ્યો. પડછાયાને ઓળખવાના પ્રયત્નો કરતાં મને ભાસ થયો કે ચાદર ઓઢાડીને જતો એ પ્રેમાળ પડછાયો માધવાનંદજીનો છે, રેવાનંદ બ્રહ્મચારીના રૂપમાં !

ને ધીમે ધીમે હું ગાઢ નિદ્રામાં સરકી રહ્યો !



7

માધવાનંદજીની વિદાયને આજે ઘણાં દિવસો પસાર થઈ ગયા છે. પ્રથમ એમની વિદાયને કારણે ઉદ્ભવેલો વિષાદ ઘણો ગાઢ હતો, પરંતુ આજે એ વિષાદ નહિવત્ રહ્યો છે. કુદરતે માનવ પર આ મોટો ઉપકાર કરેલો છે, શરીર અને મન ધીમે ધીમે પરિસ્થિતિનો સ્વીકાર કરી લે છે અને રોજિંદા જીવનના ક્રમમાં આપમેળે ગોઠવણી કરી લે છે. ઓચિંતા ગમે તેવું પરિવર્તન આવેલું હોય, પરંતુ દિવસો જતાં એ પરિવર્તન સ્વાભાવિક ક્રમમાં આવી જતાં તેની કોઈ ખાસ અસર રહેતી નથી.

માધવાનંદજી વિદાય થયા તે દિવસે પરિવર્તનની મેં જે આગાહી કલ્પેલી અને જે રીતે જે જે બનાવો બનેલાં, તેનો અનુભવ થયેલો, ત્યારે લાગેલું કે આ પરિવર્તન મારા માટે કદાચ, અકલ્પ્ય સાબિત થાય, પરંતુ એવું કશું થયું નહિ. બધું જ સ્વાભાવિક ક્રમમાં બની રહ્યું હતું. કોઈ ઊણપ નહિ, કોઈ ખામી નહિ, બધું જ સામાન્ય અને સરળ ! જો કે આવી સરળ પરિસ્થિતિ રેવાનંદ બ્રહ્મચારીના મળેલા સાંનિધ્યને કારણે જ હતી, લાગતું હતું કે જાણે રેવાનંદજી માધવાનંદજીનો જ પડછાયો છે, તેનું બીજું જ સ્વરૂપ છે, તેના પ્રેમાળ અને આત્મીય વર્તનને કારણે હું ધીમે ધીમે માધવાનંદજીની અનુપસ્થિતિને કારણે ઉદ્ભવેલા વિષાદને ભૂલતો જતો હતો. અરે ભૂલી જ ગયો હતો.

છતાં લાગતું હતું કે, આવેલું આ પણ પરિવર્તન હતું, પરંતુ સ્થિર હતું. તેમાં કશું જ નાવીન્ય ન હતું. માટે જ સ્થિતિ થોડી કંટાળાજનક હતી. આ સ્થિર લાગતી પરિસ્થિતિમાં થોડી પ્રવાહિતાની જરૂર છે. એમ મને લાગતું હતું, પરંતુ માધવાનંદજીના ઉપદેશ અનુસાર 'ધીરજ' મંત્રને મેં આત્મસાત્ કરી લીધો હતો. મને લાગતું હતું કે સ્થિરતાનો આ ગાળો કદાચ જરૂરી અને મારા માટે લાભપ્રદ પણ હોઈ શકે !

સાધના પ્રારંભ કરવાની દિશામાં રેવાનંદજી તરફથી કોઈ ઇશારો, પ્રસ્તાવ કે

માર્ગદર્શનની દિશામાં કશું જ આગળ પ્રસ્થાન થતું ન હતું, પુરણપુરી બાપુ તરફથી પણ કોઈ સંદેશો મળેલ ન હતો. માધવાનંદજી તો વિદાય લઈ ગયા પછી જાણે જગ્યાને ભૂલી જ ગયા હોય તેમ લાગતું હતું. તેમણે બધું જ રેવાનંદજી પર છોડી દીધું હતું !

દિવસો આમ ને આમ પસાર થઈ રહ્યા હતા. જો કે આ દિવસો નિઃરસ કે શુષ્ક ન હતા. રેવાનંદજીનો હસમુખો અને પ્રેમાળ સ્વભાવ આ દિવસોમાં પ્રાણ પૂરતો હતો. છતાં લાગતું હતું કે આ દિવસોની સ્થિરતાનાં પ્રવાહિતા જરૂરી છે. આજ રીતે દિવસો પસાર કરી નાખવા અર્થાત્ વેડફી નાખવા એ યોગ્ય તો નથી જ, જે ધ્યેય તરફ જવાનું છે એ ધ્યેયની વિસ્મૃતિ કદાચ થઈ રહી છે, એમ મને લાગ્યા કરતું હતું. જો કે નિત્યનિયમ મુજબની ઉપાસના તો ચાલુ જ હતી, પરંતુ એ કોઈ સંતોષજનક બાબત ન હતી. મારી જિજ્ઞાસાવૃત્તિની પૂર્તિની સાથો સાથ ઊર્ધ્વગતિ તરફનો પ્રવાસ જારી થાય તેવી ઇચ્છા મારામાં બળવત્તર બની રહી હતી.

નૈમિત્તિક કર્મ પૂર્ણ કરી હું નીચે ઊતરતા વિચારી રહ્યો હતો, ત્યાં જ નદીની સામે કાંઠે રેવતાચલ પર્વતની ઝાડીમાં, રેવાનંદજી તથા દાનબાપુને વિચારવિમર્શ કરતાં હોય તેમ જોયા. હું તેમની પાસે જવાનો વિચાર કરી રહ્યો હતો, ત્યાં જ તેમની નજર મારા પર પડતા ઇશારાથી મને તેમની પાસે પહોંચવા બોલાવ્યો. શીઘ્ર તેમની પાસે પહોંચતા રેવાનંદજીએ એક ગોળ પથ્થર પર આસન ગ્રહણ કરી અમને સામેની સ્વચ્છ-સપાટ જગ્યા પર આસન ગ્રહણ કરવા હાથથી ઇશારો કર્યો. તેમને વળેલા પસીના પરથી લાગતું હતું કે બન્નેએ ચાલવાનો અથવા થોડો શારીરિક પરિશ્રમ કર્યો લાગે છે ! થોડી વાર મૌન છવાયેલું રહ્યું. પછી એ મૌનને તોડતા રેવાનંદજી હાથ અને પગનો પસીનો લાલ ગમછા વડે લૂછતાં મારા તરફ દૃષ્ટિ કરીને બોલ્યા,

'એક કાર્યની પૂર્ણતા અને બીજા કાર્યના પ્રારંભમાં વચ્ચે થોડો વિરામ કે વિશ્રાંતિ જરૂરી હોય છે. આવી વિશ્રાંતિ જરૂરી છે, તેને પરિવર્તનમાં આવેલી 'સ્થિરતા' ન સમજવી જોઈએ. સ્થિરતા પછી જ પરિવર્તનની પ્રક્રિયા શરૂ થાય છે. નદીનું વહેતું જળ પણ સ્થિર થાય છે, અને મોટા જથ્થામાં જળાશયનું રૂપ ધારણ કરે છે, ને એ એકત્રિત થયેલા જળની કેટલી બધી ઉપયોગિતા વધી જાય છે.

નદીની આ સ્થિરતા પણ કલ્યાણ માટે હોય છે. પરંતુ એનો અર્થ એ નથી કે નદી સ્થિર જ બની રહી છે, તેનું જળ જમીનમાં ઊતરે છે, કૂવાઓમાં અને સરોવરોમાં જાય છે. જળાશયના કાંઠાઓને ટપીને આગળ વધતી જ રહે છે; અને નદીની આ સ્થિરતા એક નવા સ્વરૂપમાં જોવા મળે છે.' પછી મારી સામે સ્થિર દૃષ્ટિ કરીને બોલ્યા, 'સ્થિરતા એ નૂતનશક્તિની એકત્રિતકરણની પ્રક્રિયા છે, નવોન્મેશ પરિવર્તનને આત્મસાત્ કરવાનું બળ તેમાં નિહિત છે.' કહી રેવાનંદજી મૌન બન્યા.

મને લાગ્યું કે થોડી વાર પહેલાં મેં કરેલ મારા મનોમંથનનો જ આ પ્રત્યુત્તર છે ! કદાચ રેવાનંદજી મારા હવે પછીના કાર્યક્રમની ભૂમિકા આ થોડો સમયથી બાંધી રહ્યા હોય; ને તે માટેની તૈયારી પણ કરી રહ્યા હોય એમ પણ બને. ને થોડીવારમાં તેની પ્રતીતિ પણ થઈ. અમને ઊઠવાનો ઇશારો કરતાં સ્વયં ઊભા થઈ હસીને બોલ્યા,

'જુઓ, તમારી તપોભૂમિ અર્થાત્ સાધના કરવાનું સ્થળ અમોએ નિશ્ચિત કરી વ્યવસ્થિત કરી નાખ્યું છે. તમે પણ જરા તપાસી જુઓ.' કહી અમને દોરતા ઉપરની તરફ ચાલવા લાગ્યા. 'રેવતાચલ' પર્વતની થોડે ઉપર ગયા તો ઝાડીની વચ્ચે થોડી મોટી સપાટ જગ્યા આવી, ત્યાં વચ્ચે અમને ઊભા રાખી બોલ્યા, 'કેમ ! આ જગ્યા કેવી લાગે છે ?' મેં જગ્યાનું નિરીક્ષણ કર્યું, તો મન આનંદિત થઈ ઊઠ્યું.

જગ્યા ખરેખર સુંદર અને કુદરતી દશ્યોથી સભર હતી. જગ્યાની જમીન એકદમ સમથળ હતી. જાણે નિવાસ કરવા માટે જ કુદરતે બનાવી હોય. ત્રણ બાજુ છાંયડો કરતા ઘેઘૂર વૃક્ષો, એક બાજુ દીવાલની જેમ રહેલી કાળી ચોરસ પથ્થરની મોટી શિલા હતી, જેનો જરૂર પડે તો પીઠને આધાર આપી, આરામથી બેસી શકાય. સામે દૃષ્ટિ કરતાં જ જગ્યાનું મેદાન તથા મંદિર દૃષ્ટિગોચર થઈ રહ્યાં હતાં, અહીંથી જગ્યામાં થતી હિલચાલ સ્પષ્ટ રીતે જોઈ શકાતી હતી. વચ્ચે નદીનું વહેતું જળ તથા મંદિર પર ફરકતી ધ્વજા હૃદયમાં અનેરા ભાવો ભરી દેતી હતી. હું લગભગ ગેલમાં આવી જતાં બોલ્યો,

'વાહ, અતિ સુંદર ! આપની પસંદગીમાં કહેવાપણું હોય જ નહિ.' કહી મેં રેવાનંદજી તરફ અહોભાવથી જોયું, તો તે હસી રહ્યા હતા. હસતા મુખે જ બોલ્યા,

'તમે ખરેખર ભાગ્યશાળી છો કે આવી પવિત્ર ભૂમિ તમને સાધના માટે સરળતાથી મળી છે.' થોડું અટકી ચોતરફ દૃષ્ટિ કરતાં પુનઃ બોલ્યા, 'આ રેવતાચલ પર્વત આ ગરવો ગિરનાર, અરે ! સોરઠની સમગ્ર ભૂમિ પવિત્ર તો છે જ, પરંતુ આ જગ્યા ખાસ એટલા માટે પવિત્ર અને જાગૃત છે કે, અહીં જ આ જ ભૂમિ પર મારા ગુરુજીએ પણ ઘણો સમય સાધના કરી છે.

તેમની સાધના દરમિયાન આજ ભૂમિ પર મેં તેમની સેવા કરતાં કરતાં શક્તિ પ્રાપ્ત કરી હતી. આ ઉપરાંત શિવાનંદસરસ્વતી અને મારા ગુરુભાઈ માધવાનંદજીએ પણ અહીં બેસીને ઉપાસના કરી હતી. આ જગ્યા તપોભૂમિ છે, અહીં નામી-અનામી ઘણા સંતોએ પોતાની સાધના કરી હશે. ઘણી પુરાતન આ તપોભૂમિ છે.'

પછી થોડી વાર મૌન રહી મારા ખભા પર પ્રેમથી હાથ મૂકી બોલ્યા, 'માટે જ આ જગ્યા તમારા માટે પસંદ કરવામાં આવી છે.' ઘણાં સમયથી આ જગ્યા અવાવરુ પડી હતી. વળી શિવરાત્રિના મેળામાં ફરવા આવતા યાત્રિકોએ પણ થોડી દૂષિત કરી નાખી હતી. આજે મેં તથા દાનબાપુએ જગ્યા સાફ કરી, સ્વચ્છ અને પવિત્ર કરી છે.

પછી હસીને પૂછ્યું, 'ફાવશે ને તમને ?' કહી તેઓ પુનઃ સ્મિત વેરી રહ્યા. મેં તુરત પ્રત્યુત્તર આપતા કહ્યું, 'મને ફાવે તેવી અને મારી સાધના માટે આ જગ્યા ઉત્તમ હોય, તો જ તમે મારા માટે પસંદ કરી હોય. તેમાં શંકાને કોઈ સ્થાન નથી !'

'શંકામાં પડવું પણ નહિ જોઈએ !' કહી તેમણે આગળ કહ્યું, 'સાધના માટે સ્થળની પસંદગીમાં ખાસ ખ્યાલ રાખવો જોઈએ. દરેક જગ્યાની ભૂમિને પોતાનું આગવું અસ્તિત્વ અર્થાત્ વ્યક્તિત્વ હોય છે. ઘણી બાબતોની છાપ અર્થાત્ સારા-નરસા સંસ્કારો ભૂમિ પર પણ અંકિત થતાં રહેતાં હોય છે, તે પ્રમાણે ભૂમિની અસરો પણ વાતાવરણ પર અને તેમાં પ્રવેશતા પ્રાણીઓ પર પડતી હોય છે.'

દૃષ્ટાંત આપતા રેવાનંદજીએ આગળ કહ્યું, 'જેમ કે યુદ્ધભૂમિની અલગ અસર, તપોભૂમિની પણ અલગ અસર ! પ્રાચીન ઋષિમુનિઓના આશ્રમમાં પ્રવેશતા જ હિંસક પ્રાણીઓ અહિંસક બની જતાં; તપોભૂમિમાં તપસ્વીઓના માનસિક પવિત્ર તરંગો કાયમને માટે ઘૂમરાયા કરતા હોય છે. આ તરંગ લંબાઈમાં જે કોઈ મનુષ્ય કે પ્રાણીઓ પ્રવેશ કરે છે, તેને માનસિક શાંતિ અને પવિત્રતા પ્રાપ્ત થાય છે અને તેના સત્ત્વગુણમાં વૃદ્ધિ થતાં તે ઈશ્વરાભિમુખ બની જાય છે, તેના મનમાં પવિત્ર અને સાત્ત્વિક વિચારો શરૂ થઈ જાય છે. આથી જ સાધના માટે યોગ્ય ભૂમિ પસંદ કરવી જોઈએ.'

પછી થોડું અટકીને આગળ બોલ્યા, 'સાધના કરવાના સ્થળે ચિતિના કિરણો એકત્રિત થયેલાં હોય છે. દરરોજ એક જ જગ્યાએ ધ્યાનમાં બેસવાથી ઉત્તરોતર સારું ધ્યાન લાગે છે !' પછી સાધના માટેની યોગ્ય જગ્યાની પસંદગીના સમર્થનમાં પોતાનો અનુભવ ટાંકતા રેવાનંદજીએ આગળ કહ્યું, 'કચ્છની જગ્યામાં મારો એક ધ્યાનકક્ષ છે; જ્યાં કેટલાક સમય મેં ધ્યાન કરેલું. બાદમાં પછી તો ઘણાં લોકોએ ત્યાં ધ્યાન કરવા બેસવા માંડ્યું. તો બધાને એ સ્થળે સારું ધ્યાન લાગવા માંડ્યું. આમ એક જ સ્થળ પર ધ્યાન કરવું ઉત્તમ છે.

જો સ્થળની અનુકૂળતા ન હોય તો ગમે ત્યાં સ્વચ્છ અને પવિત્ર જગ્યા જોઈ ધ્યાનમાં બેસી શકાય છે.' કહી રેવાનંદજી થોડી વાર મૌન રહ્યા. મારું ધ્યાન દાનબાપુ તરફ દોરાયું, તો તે સમથળ જગ્યાની છેવાડે આડશ કરવા માટે પથ્થરો ગોઠવી રહ્યા હતા. તેને સંબોધી રેવાનંદજી બોલ્યા,

'હજુ ભોજનને ઘણી વાર છે, તો થોડી ક્ષુધાતૃપ્તિ થાય તો, આ શરીરને થોડો ટેકો મળી જાય !' કહી તેઓ ખડખડાટ હસ્યા, તેમની શ્વેત અને સુંદર દંતપંક્તિઓવાળા ચહેરાને હું જોઈ રહ્યો. મને થયું, 'કેટલો પ્રેમ, કેટલી ઋજુતા, કેટલી આત્મીયતા ભરી છે, આ ચહેરામાં ! આ ચહેરો જેમાંથી કોઈ પણ જાતની અપેક્ષા વગરનો નિર્વ્યાજ પ્રેમ અસ્ખલિત વહ્યા કરે છે.

માધવાનંદજી પણ કહેતાં તે મુજબ ખરેખર હું ભાગ્યશાળી છું. કારણ કે કેટકેટલા સંતોની અહેતુક કૃપા મારા પર વરસી રહી છે. આ કયા જન્મના ઋણાનુબંધ હશે, ખબર પડતી નથી, પરંતુ એમ લાગ્યા જ કરે છે કે આ બધા સાથે મારો અનેક જન્મોનો સંબંધ છે. બસ, આ એક જ કારણ નજરમાં આવે છે. માધવાનંદજીએ કહ્યું હતું તેમ, ધીમે ધીમે સાધના ઉગ્ર બનતા બનતા બધો ખ્યાલ આવતો જશે. માત્ર ધીરજ... ધીરજ... અને ધીરજ મારે રાખવાની રહી. ભલે ગમે તેટલી મારી જિજ્ઞાસા-ઉત્સુકતા હોય, મારે ધીરજપૂર્વક સાધનામાં જ લાગી રહેવું જોઈએ, અને એ માટે જ બધી ઉત્સુકતા રાખવી જોઈએ. હું આમ વિચારી રહ્યો હતો, ત્યાં જ દાનબાપુ એક મોટા પાત્રમાં અલ્પાહાર તથા જલપાત્ર લઈને આવી પહોંચ્યા. તે જોઈ રેવાનંદજી પ્રસન્ન ચિત્તે બોલ્યા,

'વાહ ! સરસ ! ભૂખે ભજન ન હોય ગોપાલા ! શરીર છે, તો બધું જ છે. 'શરીર માધ્યમ ખલુ ધર્મ સાધનમ્ !' માટે શરીરની પણ યથોચિત કાળજી લેવી જોઈએ. કારણ કે શરીરમાં જ બધું છે. જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધીમાં તેની અંદર જે રહેલું છે, તેને જાણી લેવું જોઈએ ! 'પિંડે તે બ્રહ્માંડે !' માટે શરીરની માવજત પણ ખૂબ જરૂરી છે. શરીર સ્વચ્છ, સ્વસ્થ અને પવિત્ર હોય તો ચિતિશક્તિ તે દ્વારા જ પ્રગટ કરી શકાય !' કહી માધવાનંદજી થોડી વાર મૌન બન્યા.

અલ્પાહારના પાત્રને વચ્ચે રાખી, શરૂ કરવાના ઇશારા સાથે પોતે પણ સીંગ-દાણાની મુઠ્ઠી ભરતા રેવાનંદજી પુનઃ બોલ્યા,

'શરીર કુદરતની અકલ્પનીય કરામત છે. પ્રત્યેક ભૂતમાત્રમાં રહેલ આત્માને પરમાત્મા સાથે એકરૂપ કરવા માટેનું તે મૂલ્યવાન સાધન છે !' કહી તેઓ થોડું અટક્યા. અલ્પાહાર લેતા લેતા અને વચ્ચે વચ્ચે થોડીવાર વિરામ લેતા લેતા રેવાનંદજી શુદ્ધ શબ્દોચ્ચાર સાથે કથન કરી રહ્યા હતા. મને લાગ્યું કે અલ્પાહાર તો માત્ર બહાનુ છે, હકીકતમાં તો મને ખુશ કરતાં તેઓ સાધના માટે ઉપયોગી અને આવશ્યક માર્ગદર્શન આપી રહ્યા છે.

તેમની વાતો શાંતિથી સાંભળતો હું પ્રકૃતિની આહલાદકતા પણ માણી રહ્યો હતો. નદીના સામે કાંઠે સ્થિત સુંદર જગ્યા, મારી ઉપરની રૂમ અને તેની તદ્દન નજીક રહેલ મંદિરની ઊંચી ધ્વજા ગગનમાં લહેરાઈ રહી હતી. મંદ મંદ પવનની શીતળ લહેરીઓ તન-મનને ઉલ્લાસિત કરી રહી હતી અને તે સાથે કોઈ અનેરી સુગંધ નાસિકામાં પ્રવેશી હૃદયને આનંદવિભોર કરી રહી હતી. સાથે સાથે રેવાનંદજીની પ્રેરક વાણી હું માત્ર સાંભળી જ રહ્યો ન હતો, પરંતુ ઘૂંટડે ઘૂંટડે પી રહ્યો હતો. લાગતું હતું કે રેવાનંદજી જાણે પોતાનો અનુભવ સિદ્ધ જ્ઞાનરૂપી ભંડાર મારી સમક્ષ ખોલી મને અર્પણ કરી રહ્યા છે. થોડું જલપાન કરી રેવાનંદજી આગળ બોલ્યા,

'એ સાચું કે ક્ષણભંગુર શરીરનો સામાન્ય અજ્ઞાની લોકોની જેમ મોહ ન રાખવો જોઈએ. સાધકે શરીરનું મૂલ્ય ખાસ સમજી લેવું જોઈએ, કારણ કે પ્રથમ એ શરીર દ્વારા જ તેણે આગળ વધતા વધતા પરબ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો છે. એ સાક્ષાત્કાર પછી યોગીને શરીરની કોઈ જ જરૂર રહેતી નથી. આત્માની ઊર્ધ્વગતિ પ્રાપ્ત થઈ ગયા પછી, યોગીનો આત્મા 'યંત્રવત્' શરીરમાં રહીને આયુષ્યમર્યાદા પૂર્ણ કરે છે.' થોડું જલપાન કરી રેવાનંદજી આગળ બોલ્યા,

'પરંતુ આવી સ્થિતિ સાધકની 'જીવનમુક્ત' બન્યા પછીની છે. તે પૂર્વે તો તેણે શરીરરૂપી નિવાસસ્થાનને સાચવવું પડે છે, જાળવવું પડે અને તેના મૂલ્યને સમજીને સાધનામાં આગળ ને આગળ વધતા રહેવું પડે. પછી થોડું મૌન ધારણ કરી મારી સામે દૃષ્ટિ નોંધીને પુનઃ બોલ્યા, મારા ગુરુદેવે સાધના પૂર્વે મને મનુષ્ય દેહનું મૂલ્ય સમજાવતા કહેલું, 'મનુષ્યદેહ કેવળ એક માંસ ગ્રસ્ત પિંડમાત્ર નથી; ભલે દેહ તેવો જ દેખાતો હોય, પરંતુ આ શરીર બોંતેર હજાર નાડીઓના સમુદાયની એક ઉત્કૃષ્ટ અને અદ્ભુત રચના છે. આ બોંતેર હજાર નાડીઓ, છ ચક્ર અને નવ દ્વાર મળીને એક ઘર જેવું બની જાય છે. ઉપનિષદો આને 'સપ્ત ધાતુ પૂરિત !' આ શરીરરૂપી ઘરને 'નગરી' અર્થાત્ 'પુરી' પણ કહે છે.

બોંતેર હજાર નાડીઓમાં સો નાડીઓ મુખ્ય છે, તેમાં દશ વધુ અગત્યની છે, એ દશમાં ત્રણ સવિશેષ મહત્ત્વની છે, આ ત્રણમાંની મધ્ય નાડી કે જેનું નામ 'સુષુમ્ણા' છે, તે સૌથી શ્રેષ્ઠ છે. આ 'સુષુમ્ણા' નાડી દ્વારા જ આપણે બધાં કાર્યો કરીએ છીએ. એ નાડી પરમ શિવના નિવાસસ્થાન-સહસ્ત્રારથી માંડીને કુંડલિના સ્થાન મુલાધાર સુધી અવિભક્તરૂપે વ્યાપી રહી છે !' રેવાનંદજી બોલી રહ્યા હતા, ત્યાં જ દાનબાપુ ઊભા થતાં બોલ્યા, 'તમે બેસો, હું રસોઈઘરમાં થોડું કામ બાકી હોવાથી જાઉં છું.' કહી ઊભા થયા ને ચાલતા થયા. વાતનો દોર આગળ વધારતા રેવાનંદજી બોલ્યા.

'શરીરમાં 'પ્રાણ' મુખ્ય છે, પ્રાણ નીકળી ગયા પછી ગમે તેવા સુંદર શરીરની કિંમત કાણી કોડી જેટલીય રહેતી નથી, પ્રાણથી જ જગતમાં બધી પ્રવૃત્તિઓ થાય છે, પ્રાણથી જ ભૂતાદિ જીવો જીવિત ગણાય છે. પ્રાણના કારણે જ આનંદ ઉદ્ભવે છે, પ્રાણથી જ શરીરમાં શક્તિ આવે છે, પ્રાણ દ્વારા જ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, પ્રાણથી જ આરોગ્ય મળે છે, પ્રાણના આધારે જ 'સિદ્ધો' લોક-પરલોકમાં સહેલાઈથી આવાગમન કરી શકે છે.

સંતાનોત્પત્તિ પણ આ પ્રાણના આધારે થાય છે. પ્રાણથી જ બળ અને વીર્ય ઉત્પન્ન થાય છે, ઉપરાંત શરીરના રોગ અને મનની ચિંતાઓ, ભ્રાંતિઓ અને ચિત્તભ્રમ આ પ્રાણથી જ થાય છે. શરીરનું સૌંદર્ય પ્રાણથી જ પ્રાપ્ત થાય છે, પ્રાણથી જ પુર્નજન્મ

અને જીવનમુક્તિ મળે છે. પ્રાણ જ સર્વસ્વ છે. કારણ કે પ્રાણ જ બ્રહ્મ, શિવ, શક્તિ અને કુંડલિની છે. માટે જ શાસ્ત્રોમાં કહ્યું છે, 'સર્વ પ્રાણે પ્રતિષ્ઠતમ્ !' જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો વગેરે સર્વકાંઈ પ્રાણના કારણે જ ક્રિયાશીલ રહે છે. કારણ કે ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ બધું આ પ્રાણ પર જ આધારિત છે, તેને જ આશ્રિત રહેલ છે. પ્રાણ દ્વારા જ શરીરના વિભિન્ન કાર્યો થાય છે, આ પ્રાણ જ વિવિધ કાર્યો કરે છે અથવા કરાવે છે. ચિત્તશક્તિ અર્થાત્ મહામાયારૂપ કુંડલિની પ્રાણ સ્વરૂપે શરીરને ટકાવી રાખવા અર્થાત્ સુગઠિત રાખવા માટે તેમજ શરીર વ્યાપાર વ્યવસ્થિત ચલાવવા માટે 'પાંચરૂપો' દ્વારા અભિવ્યક્ત કરે છે, અથવા અભિવ્યક્ત થાય છે.'

પછી થોડું જલપાન કરીને આગળ ઉમેરતા રેવાનંદજીએ પ્રાણના પ્રસ્તુત પાંચરૂપોને વિસ્તૃત કરતા આગળ કહ્યું,

'આ પાંચ રૂપો ખાસ યાદ રાખવા જોઈએ,

(૧) પ્રાણ (૨) અપાનં (૩) સમાન (૪) વ્યાન અને (૫) ઉદાન ! આ એક જ પ્રાણના બધા જુદા જુદા રૂપો છે. ખરેખર તો 'પ્રાણ' એક જ શક્તિરૂપે શરીરમાં વ્યાપી રહેલ છે. એક જ પ્રાણ, એક જ શક્તિ હોવા છતાં વિવિધ કાર્યો સંપન્ન કરવા માટે એ પિંડ-બ્રહ્માંડમાં પાંચરૂપે વ્યાપી રહેલ છે. ઉપનિષદોમાં ઋષિમુનિઓએ તેથી જ કહેલ છે કે, 'પિંડ (શરીર) છે, તે જ બ્રહ્માંડ' છે, પિંડે તે બ્રહ્મમાંડે !' કહી રેવાનંદજીએ દીર્ઘશ્વાસ લીધો. થોડું જલપાન કરી, દાઢી પર હાથ ફેરવતા મૌન ધારણ કરી રહ્યા.

રેવાનંદજીની વાતો સાંભળી વધુ જાણવાની જિજ્ઞાસા મારામાં બળવત્તર બની રહી હતી. બ્રહ્માંડ સ્વરૂપે આપણાં શરીરમાં જ રહેલ આ 'પ્રાણ' વિશે આપણે કશું જ જાણતા નથી ! મનુષ્યનું આ કેવું અજ્ઞાન ! હું આગળ વિચારી રહ્યો. આવી મહાન શક્તિ 'પ્રાણ' આપણા શરીરમાં છે, પરંતુ તેનું સ્થાન અને તે કઈ રીતે કાર્ય કરે છે. તે જાણવું જરૂરી છે, ને તે જાણવાની તીવ્ર ઇચ્છાથી મેં રેવાનંદજીને પૂછ્યું,

'પ્રાણરૂપી આ મહાશક્તિ શરીરમાં કોઈ ચોક્કસ જગ્યાએ રહીને જ સંચાલન કરતી હશે ને ? અગર પ્રાણશક્તિનું શરીરમાં કોઈ કેન્દ્રસ્થાન હોય તો તે સ્થાન કયું છે; અને તે પ્રાણશક્તિ કઈ રીતે વિવિધ કાર્યો કરે છે અને કરાવે છે, તે સર્વ જાણવાની મને ઇચ્છા થાય છે.'

સાંભળી રેવાનંદજીએ મારી સામે પ્રશંસાયુક્ત દષ્ટિથી જોઈ હસીને કહ્યું,

'વાહ ! સરસ પ્રશ્ન કર્યો તમે ! સાધકમાં આવી જિજ્ઞાસાવૃત્તિ હોવી ખૂબ જરૂરી છે. સાધનામાં પ્રગતિનું પ્રેરકબળ શાસ્ત્રોનું જ્ઞાન છે. જ્ઞાન મેળવવા ગુરુનું માર્ગદર્શન, પ્રેરણા અને શક્તિપાત જરૂરી બની રહે છે. માર્ગદર્શનની સાથે સાથે મહાપુરુષોએ લખેલાં ગ્રંથોનું વાંચન પણ ઉપયોગી થાય છે. મારી સાધના અવસ્થામાં મેં ગુરુજીને

પ્રશ્નો પૂછીને અને તેમણે સૂચવેલા ગ્રંથો વાંચી વાંચીને ઘણું જ્ઞાન પ્રાપ્ત કરેલું. આ જ્ઞાન મને આધ્યાત્મિક ઉન્નતિ સાધવામાં ખૂબ જ મદદરૂપ બનેલ.'

પછી થોડો વિરામ લઈને રેવાનંદજીએ આગળ કહ્યું,

'મેં જે ગુરુમહારાજના ઉપદેશથી મેળવેલ અને ગ્રંથો દ્વારા પ્રાપ્ત કરેલ પછી તે જ જ્ઞાન સાધના દ્વારા જ આત્મસાત કરેલું. તે જ જ્ઞાન હું તમને કહી રહ્યો છું !'

પછી પુનઃ થોડું જલપાન કરી, અંગૂઠાથી મુખ સાફ કરી હસીને સ્વસ્થતાપૂર્વક આગળ બોલ્યા,

'મહાશક્તિરૂપે 'પ્રાણ' આમ તો શરીરમાં સર્વત્ર જુદા જુદા રૂપો દ્વારા વ્યાપ્ત છે, છતાં તેનું કેન્દ્રસ્થાન હૃદયમાં રહેલું છે અને તે જુદા જુદા સ્વરૂપે અર્થાત્ 'પંચપ્રાણ' સ્વરૂપે પાંચ કાર્યો કરે છે, જે વિસ્તૃત રીતે આ પ્રમાણે કાર્ય કરે છે, તે કહું છું,

(૧) અપાન : 'અપનયતિ ઈતિ અપાન' શરીરના અધોભાગથી વિસર્જન કરતી શક્તિને 'અપાન' કહે છે. 'ગુદા' અને 'ઉપસ્થ' ઇન્દ્રિયો દ્વારા મળમૂત્રનું ત્યાગ કરવાનું કામ જે કરે છે, તે 'અપાન' નામનો વાયુ અર્થાત્ 'પ્રાણ' પણ કહેવાય છે. શરીરમાં રહેલ નકામા તથા ઝેરી પદાર્થો, જેવા કે મળ-મૂત્ર, પસીનો, લોહીબગાડ અર્થાત્ પરુ વિગેરે શરીરની બહાર ધકેલી દેવાનું ઉમદા સેવાકાર્ય તેના દ્વારા જ થાય છે.

(૨) વ્યાન : 'વ્યાપ્નોતિ ઈતિ વ્યાન' જે શરીરમાં નાડીઓ દ્વારા વ્યાપી રહેલ છે. તે વાયુ, અર્થાત્ પ્રાણરૂપે રહેલ છે. તે શક્તિ 'વ્યાન' તરીકે વર્ણવાયેલ છે. શરીરમાં બોંતેર હજાર નાડીઓ જે તેની શાખા-પ્રશાખારૂપે ફેલાયેલી છે. તેના દ્વારા જ આખા શરીરમાં શક્તિનો સંચાર થાય છે. આથી તેને 'વ્યાન' તરીકે ઓળખવામાં આવે છે.

(૩) ઉદાન : 'ઊર્ધ્વં નયતિ ઈતિ ઉદાન' અર્થાત્ જે ઉપર તરફ લઈ જાય. સાધકને ઉર્ધ્વમાર્ગ તરફ ગતિ કરાવે કે પ્રેરિત કરે અથવા તે માર્ગે લઈ જાય. તે 'ઉદાન'રૂપી પ્રાણની ઉપયોગી શક્તિ છે. ગ્રંથોમાં આ વાયુને સાધકના 'પરમસ્વજન સમાન' ગણાવેલ છે. કારણ કે આ 'ઉદાન' વાયુની સહાયતાથી જ યોગી પોતાના 'બ્રહ્મચર્ય'ની રક્ષા કરે છે. ઉદાનવાયુની શક્તિ દ્વારા એ યોગી પોતાના વીર્યને ઉપર તરફ ખેંચી 'ઊર્ધ્વરેત' બને છે, યોગીનું વીર્ય જે ક્યારેય પણ સ્ખલિત થયા વગર સંગ્રહિત થયેલું હોય છે, તે વીર્ય 'રેતસ' પ્રાણમાં ભળી જઈને પ્રાણરૂપ જ અર્થાત્ મહાશક્તિરૂપ જ બની જાય છે. આ વીર્ય રેતસની સંગ્રહિત શક્તિને કારણે અને તેનું પ્રાણમાં જ રૂપાંતર શક્તિપાત કરવાનું યોગીમાં જે સામર્થ્ય આવે છે, તેનું મૂળ સ્રોત આ 'ઊર્ધ્વરેતસ' જ છે. આ ઊર્ધ્વ બનેલી 'રેતસ' અથવા વીર્ય સંગ્રહથી જ યોગી અથવા 'સંયમી'. મનુષ્યોમાં શક્તિ-બળ, તેજ અને પરાક્રમશીલતા આવે છે; એટલું જ નહીં, આ 'ઉદાનવાયુ'ના આધારે 'પાપી જીવાત્મા' નર્કલોકમાં, પુણ્યજીવાત્માં પુણ્યલોકમાં અને ત્યાંથી પુનઃ

મૃત્યુલોકમાં જાય છે. વળી આજ ઉદાનવાયુ શુદ્ધ થવાથી ક્રિયા 'યોગ'માં સમાધિ સુખની અનુભૂતિ કરાવે છે.

એક દીર્ઘશ્વાસ લઈ રેવાનંદજી થોડી વાર અટકતા મેં પૂછ્યું,

'રેવાનંદજી ! આ ઉદાનવાયુ બોંતેર હજાર નાડીઓમાં વ્યાપ્ત રહી પોતાનું કાર્ય કરે છે. તો કોઈ નાડીમાં જ તેનું કેન્દ્રસ્થાન હશે, એમ હું માનું છું.'

'તમારી માન્યતા સાવ સાચી છે !' તત્કાળ જવાબ આપતા રેવાનંદજી બોલ્યા,

'આ ઉદાનશક્તિ મુખ્ય નાડી 'સુષુમ્ણા'માં રહે છે. આ મધ્યનાડી સુષુમણા જ મહાશક્તિ 'કુંડલિની' વિદ્યમાન છે. અવિરત સાધનામાં શ્રી ગુરુની કૃપા મળતા જાગૃત થયેલી કુંડલિની-મહાશક્તિ પ્રંચપ્રાણની મદદથી શરીરની બોંત્તેર હજાર નાડીઓમાંથી પસાર થઈ સર્વાંગમાં વ્યાપી રહે છે.' આટલું કહી રેવાનંદજી થોડું અટક્યા પછી હસીને પુનઃ બોલ્યા,

'હવે, શું જાણવું છે ! શું જણાવું, બોલો !'

મેં થોડું વિચારીને કહ્યું, 'આપે 'સમાન વાયુ'નો અગાઉ ઉલ્લેખ કરેલો, તેનો વિશે થોડું કહો !'

'આ 'સમાન વાયુ' તો રોજ-બરોજ કાર્યરત રહે છે, તમે જ ભોજન દ્વારા અન્ન પેટમાં પધરાવો છો. તે આ 'સમાન વાયુ' કાર્યરત ન હોય તો આ બધો ખોરાક ઘનસ્વરૂપે જ પેટમાં પડ્યો રહે, ભોજન લઈને તમે હલન-ચલન પણ ન કરી શકો !' કહી રેવાનંદજી મોટેથી હસ્યા અને પછી આગળ બોલ્યા, 'આ સમાનવાયુની અગત્યતા પણ ઓછી નથી. તે ટૂંકમાં જણાવું છું,

'સમાન-સમમ્ નયતિ ઈતિ સમાન !' શરીરમાં જે બધે સમાન રીતે કાર્ય કરે છે, તે સમાન છે. અર્થાત્ ખાધેલા અન્નના રસને આખા શરીરમાં પહોંચાડવાનું કાર્ય જે કરે છે, તેને સમાન કહે છે.

'અન્નમાંથી જે રસો ઉત્પન્ન થાય છે. તેનું આ વાયુ સાથે સંક્રમણ થતાં તેની પંદર કળાઓ બને છે, જે માંસપેશીઓ, હાડકાંઓ, સ્નાયુઓ, ચરબી, લોહી, વીર્ય અને સર્વેન્દ્રિયો વિગેરેને પોષણ આપી પૃષ્ઠ કરે છે. પંદરમી કળાનું 'મન' બને છે. માટે જ અન્નશુદ્ધિ અને તેની પવિત્રતાનું મહત્ત્વ છે. 'જેવું અન્ન તેવું મન !' એમ કહેવાય છે !'

પછી મારા પર દૃષ્ટિ નોંધીને બોલ્યા, 'ગુરુએ આપેલા અથવા સ્વયંપ્રાપ્ત મંત્રને પ્રાણ-અપાન સાથે એક કરીને જપ કરો. પછી વાર નહિ લાગે. ક્રિયાઓ આપોઆપ થવા લાગશે, સાધના સ્વતઃ થશે. દર્શન એની મેળે થશે !'

આટલું કહીને રેવાનંદજી થોડી વાર અટકીને બોલ્યા, 'બસ, આજે આટલેથી વિરમીએ. સમય ઘણો થઈ ગયો છે, ભોજનનો પણ સમય થતો આવે છે.' કહી

રેવાનંદજીએ સંતોષથી મારી સામે જોયું. ત્યાં જ છાત્ર અશોકે આવીને રેવાનંદજીને સંબોધીને કહ્યું,

'કોઈ બે ગૃહસ્થો પૂ. બાપુને મળવા અને જરૂરી કામ અર્થે આવ્યા છે, બાપુની ગેરહાજરી હોવાથી આપ તેમની સાથે વાત કરી લો, એમ દાનબાપુએ કહેવડાવ્યું છે.'

'સારું, તું જા, મહેમાનોને જલપાન કરાવી. ચાની વ્યવસ્થા કરો, ત્યાં હું આવું છું.' કહી રેવાનંદજી ઊભા થતાં મને સંબોધીને બોલ્યા,

'તમે થોડી વાર અહીં રોકાઈને થયેલ જ્ઞાન-ચર્ચા પર ચિંતન કરો, જંગલમાં થોડું ફરીને અરણ્ય નિવાસનો થોડો અનુભવ પણ કરો !' કહી તેઓ હસી રહ્યા. મેં સહેજ માથું હલાવી મૌન સંમતિ દર્શાવી. જતાં જતાં રેવાનંદજી પુનઃ બોલ્યા,

'આજુબાજુ શાંતિથી લટાર મારો. કદાચ તમારી તીવ્ર જિજ્ઞાસાને થોડો સંતોષ મળી જાય, એવું પણ બને !' મર્મમાં હસીને મારી સામે દૃષ્ટિ કરીને ચાલતા થયા.

એકલો પડતા હું પણ તેમના સૂચન મુજબ લટાર મારવાના ઉદ્દેશ્યથી ચેકડેમ તરફ આગળ વધ્યો, ચાલતા ચાલતા રેવાનંદજીના મર્મમાં બોલાયેલા શબ્દો વિશે હું વિચારી રહ્યો.

આધ્યાત્મિક સાધનાની દૃષ્ટિએ મારી જિજ્ઞાસા તો તેઓ સંતોષી રહ્યા હતા, પરંતુ મારી તીવ્ર જિજ્ઞાસા તો માધવાનંદજી અને મારા સંબંધો વિશે જાણવાની હતી. તેમની મારા પરની અહેતુક કૃપા, આધ્યાત્મિક સાધનામાં મને સહકારની વ્યવસ્થા કરી ઉન્નતિના પથ પર આગળ વધારવાના તેમના હૃદયપૂર્વકના પ્રયત્નો - આ બધાંના સંદર્ભમાં તેમના ચોક્કસ કારણ જાણવાની તો મને તીવ્ર ઇચ્છા છે; અને આ ઇચ્છાપૂર્તિ મને થાય અથવા કદાચ થઈ જાય ! તેવું રેવાનંદનું માર્મિક કથન મારી તીવ્ર જિજ્ઞાસાને બળવત્તર બનાવી રહ્યું હતું.

હું ઝાડીઓ એ કાળમીંઢ પથ્થરો વચ્ચે રસ્તો કાપતો ચાલી રહ્યો હતો. માધવાનંદજીના વિચારોએ મારા મનનો પૂરેપૂરો કબજો લઈ લીધો હતો. યંત્રમાનવની જેમ હું ચાલી રહ્યો હતો, ત્યાં જ મારી નજર સફેદ આરસની ડેરી પર પડી. હું આશ્ચર્ય અને આનંદથી મનોમન બોલી ઊઠ્યો, અરે ! આ તો શિવાનંદ સરસ્વતીનું સમાધિસ્થાન ! સાધનાસ્થલની સાવ નજીક ! આમ તો દૂરથી હું આ સમાધિસ્થાનને દરરોજ જોતો હતો, પરંતુ આજે નિરાંતે આ સ્થાનને માણવાની અચાનક તક મળી જતાં હું હરખાઈ રહ્યો. ઓટા પર ચડી, સ્વસ્તિકાસને બેસી મેં ડેરીના ગોખને પ્રણામ કર્યા. ખૂબ શાંતિનો અનુભવ થવા લાગ્યો. ડેરીને મસ્તકનો સ્પર્શ કરાવી હું સ્થિર બની બેસી ગયો. ડેરીને મારા મસ્તકનો સ્પર્શ થતાં જ મને લાગ્યું કે, ખૂબ ઊંડે ઊંડેથી સમાધિમાંથી એકધારો ધ્વનિ આવી રહ્યો છે : 'ૐ નમઃ શિવાય, ૐ નમઃ શિવાય !'

ધીમે ધીમે આવી રહેલા એ મંત્રની સાથે હું એકાકાર થવા લાગ્યો. મને લાગ્યું કે હૃદયમાં રહેલા 'પ્રાણ' અને બોત્તેર હજાર નાડીઓમાં વ્યાપ્ત 'સુષુમ્ણા' નાડી સાથે મારું તાદાત્મ્ય સધાઈ રહ્યું છે. મનસહિતની બધી જ ઇન્દ્રિયો પણ ઓગળી રહી છે, 'પંચપ્રાણ' મારા આત્માનું જ સ્વરૂપ ધારણ કરી રહ્યા છે. મને લાગ્યું કે મારા શરીરનું હવે કોઈ અસ્તિત્વ રહ્યું નથી. 'હું' પ્રકાશ સ્વરૂપ બનીને પ્રકાશના સમુદ્રમાં વિલીન થઈ રહ્યો છું. મને એમ પણ લાગવા માંડ્યું છે કે, હવે 'હું' હું નથી રહ્યો !

મારે હવે કોઈ નામ નથી, મારું હવે કોઈ ચોક્કસ સ્થળ નથી. છતાં હું બધું જ છું, હું જ સમગ્ર બ્રહ્માંડ છું. હું સ્ત્રી પણ છું અને પુરુષ પણ છું. મનુષ્ય, પશુ-પક્ષી, કીટ-પતંગ, પથ્થર, આકાશ, સૂર્ય, ચંદ્ર, તારાગણ બસ બધું હું પોતે જ છું. હું એકલો છું, છતાં બધા મારા છે. હું બધામાં સમાયેલો છું. મને લાગતું હતું કે હું જાતે જ ચિન્મય ચિતિસ્વરૂપ છું. બધું મારા વડે જ ભર્યું છે. મને એમ પણ લાગતું હતું કે આ સઘળું પ્રત્યક્ષ દેખાતું જગત અને હું પણ એ એકમાત્ર 'પરમપુરુષ' વાસુદેવ જ છે.

એવી ભાવના સાથે હૃદયસ્થ પરમાત્મામાં મારું સમગ્ર અસ્તિત્વ સ્થિર થઈ ગયું હતું. હું તટસ્થપણે આવી અનુભૂતિ કરી રહ્યો હતો.

હવે હું અહોભાવથી પુલકિત બની પ્રકાશિત આકાશમાં ઊડી રહ્યો હતો. મને લાગ્યું કે સમગ્ર વિશ્વ પરમાત્માનું જ અભિન્ન રૂપ છે અને એ નર્યું સત્ય છે. સત્ય સિવાય કશું જ નથી. પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિમ, આગળ-પાછળ, ઉપર-નીચે, સર્વત્ર મને મહામાયા ચિતિસ્વરૂપ કુંડલિનીના દર્શન થઈ રહ્યા હતા !

હવે ધીમે ધીમે અવકાશમાં ઊડતા મને લાગવા માંડ્યું કે, અનેક લોક-પરલોકમાં સફર કરતો હું, પુનઃ આજલોકમાં પરંતુ કોઈ 'નવા જ યુગ'માં પ્રવેશી રહ્યો છું.

મારા બેહદ આશ્ચર્ય વચ્ચે મને લાગ્યું કે, હું બધું જ ભૂલી જઈ કોઈ યુગના વર્તમાન સમયમાં પ્રવેશી ગયો છું. હું મારા પોતાના આ સ્વાનુભવને પૂરેપૂરી રીતે વર્ણવવા સમર્થ નથી, પરંતુ મને લાગ્યું કે પૃથ્વી પરના આ 'પ્રવર્તમાન યુગ'માં હું વર્ષોથી રહેલો છું. આ સ્વર્ગમય લાગતી ધરતી પર હું મને ખબર પણ નથી, કેટલાં સમયથી આજ સ્થળ પર વસી રહ્યો છું !

હવે, ધરતી પર એક નવું જ વિશ્વ મારી સામે છે. મને, બધું ભૂલીને લાગવા માંડ્યું કે આ નવી જ પરિસ્થિતિમાં હું ઘણાં વર્ષોથી જીવન જીવી રહ્યો છું. મને એવો અનુભવ થવા લાગ્યો કે અત્યારે હું દશ વર્ષનો એક 'ગોપબાલક' છું. સામે જ થોડે દૂર એક ઢોળાવ પર વેલીઓથી આચ્છાદિત મારો આવાસ છે. જ્યાં માત્ર છ માસથી પણ ઓછી ઉંમરનો મારો નાનો ભાઈ 'માધો' અને મારી માતા 'મણિકાન્તા' રહીએ છીએ.

મારા પિતાશ્રી 'નારદ' સાથે અમો આનંદથી રહેતાં હતા, પરંતુ એક દિવસ

અચાનક અમારા મહારાજા 'કંસ'ના સૈનિકો ધસી આવ્યા અને પિતાશ્રીને રાજગૃહમાં સેવા કરાવવા બંદી બનાવી બળજબરીપૂર્વક ઢસડી ગયા ! બસ, ત્યારથી પિતાશ્રીનું મુખ અમે જોયું નથી. પિતાશ્રી ક્યારે પાછા આવશે તે અંગે મેં ઘણી વખત મારી માતાને પૂછેલું, ત્યારે માતાએ આંખમાં આંસુ સાથે મને કહેલું.

'કહેવાય નહિ, કદાચ ક્યારેય નહિ ! કદાચ તેમનો વધ પણ કરવામાં આવ્યો હોય, અથવા પગમાં સાંકળ બાંધી સેવા કરાવતા હોય !' કહી માતા મોટે અવાજે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડેલી.

'પરંતુ માતા !' તેમને આશ્વાસન આપતાં મેં પૂછેલું,

'પિતાશ્રીનો અપરાધ શું હતો ? શા માટે મહારાજ કંસે તેમને પકડી લીધા ?'

'અપરાધ ?' દુ:ખ અને વિષાદના ભાવ સાથે રુદન કરતી માતાએ કહેલું, 'અપરાધ માત્ર એટલો જ કે આપણે 'વૃષ્ણિ' વંશના છીએ !'

'પરંતુ 'વૃષ્ણિ' વંશના હોવું એ કોઈ અપરાધ તો નથી ને !' મેં પૂછેલું.

'અપરાધ માત્ર એટલો જ કે', આંસુ લૂછતાં માતાએ કહેલું :

'એ જ વંશમાં જન્મેલ, એક બાળકના હાથે તેનું મૃત્યુ નિર્મિત થયેલું છે. એવું આકાશવાણી દ્વારા થયેલ ભવિષ્યવાણીથી તે ભયભીત અને ક્રોધિત છે !'

'પરંતુ માતા !' હું આગળ પૂછવા જતો હતો, ત્યાં જ માતાએ મારા મુખ પર હાથ મૂકી, મને બોલતો અટકાવવા ભયપૂર્વક કહેલું,

'બસ ! હવે કશું પૂછીશ નહિ. ભીંતને પણ કાન હોય છે. કોઈ સાંભળી જશે તો.' બાકીના શબ્દો ગળી જઈ માતાએ આગળ કહ્યું,

'આપણો 'માધો' નાનો છે. તેને રાજાના ભયથી બચાવવાનો છે !'

'પરંતુ માતા !' કોઈ ન સાંભળી શકે તેવા ધીમા સ્વરમાં મેં માતાને પૂછ્યું, 'માધો સાથે જ તેને કઈ દુશ્મનાવટ છે ! આવડા નાનકડા બાળકનો વધ કરીને તેને શું મળવાનું છે ?'

'બેટા... એ લાંબી વાત છે !' માતાએ જવાબ આપતા કહ્યું, 'પરંતુ હું તને ટૂંકમાં જણાવું છું, કંસરાજા જ્યારે પોતાની સગી બહેન દેવકીને રથમાં બેસાડી સાસરે વળાવી રહ્યો હતો, ત્યારે રથ હંકારી રહેલા કંસને આકાશવાણી સંભળાઈ કે, 'હે કંસ ! તારી બહેન દેવકીને કૂખે જન્મેલ સાતમો પુત્ર તારો વધ કરશે !' બસ, ત્યારથી જ મંત્રીઓની સલાહ માનીને કંસ તાજા જન્મેલા બધા બાળકોને શોધી શોધીને મારી નાખે છે. બાળકનો જન્મ છુપાવવો તે વધને પાત્ર ગુનો ગણે છે.

જો કે દેવકીનું સાતમું સંતાન તો ગોકુળમાં નંદભૈયાને ત્યાં ઊછરીને મોટું પણ થઈ ગયું છે. છતાં બાળવધનો સિલસિલો કંસે ચાલુ જ રાખ્યો છે !' પછી ગભરાટથી

બહાર નજર નાખીને માતાએ કહેલું, 'એ બધી વાતો લાંબી છે, હું તને પછીથી બધું જણાવીશ. અત્યારે મારી પાસે સમય નથી. મારે બાજુના નેસમાં દહીં આપીને ઘ્રીત (ઘી) લેવાનું છે અને તે ઘ્રીત કંસરાજાને દાણના સ્વરૂપમાં આપવા જવાનું છે. તેમાં જો વિલંબ થશે તો રાજાના કોપનો ભોગ બનવું પડશે. માટે તું સાવધાનીપૂર્વક માધોનું ધ્યાન રાખજે. હું જેમ બને તેમ જલદી પાછી આવીશ !' કહી માતા જવા માટે તૈયાર થઈ.

'પરંતુ માતા ! નંદબાબાને ત્યાં જે બાળક ઉછેર પામીને મોટું થઈ ગયું છે, તેને મારવાને બદલે રાજા નિર્દોષ બાળકોને શા માટે મારી નાખે છે ? તેનો જે વેરી છે, તે તો ગોકુળમાં નંદબાબાને ત્યાં ખૂબ જ આનંદ કરે છે. તે આબાલવૃદ્ધ બધાને આનંદ કરાવે છે, તો પછી ત્યાં જ તેની શક્તિ બતાવવાને બદલે આપણાં નાના બાળકોને શા માટે મારી નાખે છે ?' મેં માતાને પૂછેલું. માતા મારી નજીક આવી મારા મસ્તક પર હાથ મૂકી બોલી,

'ખબર નહિ, બેટા, પરંતુ કોઈ રાક્ષસ કંસ તરીકે જન્મેલો હોય, અતિક્રૂર છે. તેને કોઈ વાતનો ભરોસો નથી. તેનો વેરી ગોકુળમાં છે કે અન્યત્ર છુપાયો છે, તેની તેને ખબર પડતી નથી. વેરી નાનો છે કે, મોટો ? જન્મી ચૂક્યો છે કે, હજુ જન્મવાનો છે, તેની તેને ભયને કારણે સમજ પડતી નથી. ભય અને આશંકાથી તે ભ્રમિત થઈ ગયો છે; તે હંમેશાં માને છે કે તેનો મહાવેરી વિષ્ણુ તેની વિરુદ્ધમાં કોઈ ચાલ ચાલી રહ્યો છે. તેથી સાવધાની ખાતર તે આવું ક્રૂર વર્તન આચરી રહ્યો છે.'

'પરંતુ માતા ! આવું ક્રૂર કર્મ કરતાં ક્યારેય તેના હૃદયમાં દયા ઉદ્ભવતી નહિ હોય ?' મેં પૂછેલું.

'અરે... મારા ભોલા બાળક ! દયા અને કંસને બાર ગાવનું છેટું છે. સગી બહેન દેવકીના પુત્રોને કારાવાસમાં જ સાત સાત નાજુક સંતાનોને જન્મતાની સાથે જ પથ્થર પર પટકીને તેણે મારી નાખ્યા છે, બહેન અને બનેવીને વર્ષોથી કારાવાસમાં બંધ કરીને ત્રાસ આપ્યો છે. રાજ્ય પડાવી પોતાના પિતાને પણ જેણે કારાવાસમાં ધકેલી દીધા છે. એવા ક્રૂર રાક્ષસ જેવા પાસે દયાની તો અપેક્ષા જ કેમ રાખી શકાય !' કહી માતા દહીં ભરેલ માટીનું પાત્ર લઈને ઝડપથી ઢોળાવ ઊતરતી મેદાનને પેલે પાર આવેલ નાના નેસડા તરફ જઈ રહી હતી.

હવે આ બધું વિચારતો હું ઝૂંપડી નજીકના ખુલ્લા મેદાનમાં ગાયો અને વાછરુને ચરાવતો ઊભો હતો. મેદાનમાં સુંદર-મજાનું લીલું ઘાસ પવનની શીતળ લહેરોથી ડોલી રહ્યું હતું, ધરતીમાંથી મીઠી સુગંધ આવી રહી હતી, દૂર દૂર નાની ટેકરીઓની પાછળ ઝાંખો ઝાંખો એક ખૂબ મોટો પર્વત દષ્ટિગોચર થઈ રહ્યો હતો. મારા સાથી મિત્રો, જે હંમેશાં અહીં આવી પોતપોતાની ગાયો અને વાછરુ ચરાવવા આવે છે, તેઓ કહે છે

કે, દૂર દૂર જે મોટો પર્વત દેખાય છે, તેનું નામ 'ગોવર્ધન પર્વત' છે; અને ત્યાં જ કંસ રાજાનો વેરી 'કનૈયો' તેના પાલક નંદરામ અને માતા યશોદા સાથે સમસ્ત યાદવ પરિવારને સાથે રાખીને, વસાહત બાંધીને રહે છે.

અહા ! કેટલું સુંદર એ દૃશ્ય હતું ! મને દોડીને ત્યાં જવાનું મન થઈ આવતું હતું, પરંતુ લાચાર હતો. કંસરાજાના સૈનિકોને ખબર પડે તો બધાનો વધ કરી નાખે, વસ્તીને ત્યાં જવા પર રાજાએ પ્રતિબંધ મૂકેલો હતો, એનો ભંગ કોઈનાથી થઈ શકતો ન હતો, કારણ કે રાજાના માયાવી દૂતો સૂક્ષ્મરૂપે રહીને પહેરો દઈ રહ્યા હતા.

હું મારા આવાસ અને ચરતી ગાયો અને વાછરુ તરફ ધ્યાન આપતો વિચાર કરતો ઊભો હતો. ત્યાં જ મારી આંખો પર કોઈના હાથ પાછળથી ચંપાયા સાથે સમૂહ હાસ્યનો અવાજ પણ સંભળાયો. હાથના સ્પર્શને ઓળખી હું આનંદથી બોલ્યો,

'અરે, રેવતીનંદન રેવાજી ! તમે બધા આવી ગયા, મને પણ ખબર ન પડી !'

'અરે, બંધુ અનંતેશ્વર ! તું એટલો બધો બેધ્યાન થઈને ઊભો હતો જાણે સાંદીપનિ ઋષિનો કોઈ આશ્રમવાસી શિષ્ય ઊગતા સૂર્યની સામે ધ્યાનાવસ્થામાં ઊભો હોય !' ધ્યાનાવસ્થાની મુદ્રાનો અભિયન કરી હસીને સરયુનંદ બોલ્યો અને બધા એકી સાથે ખડખડાટ હસીને મને વીંટળાઈ વળ્યા !

'સારું થયું તમે બધા સમયસર આવી ગયા. હું એકલો એકલો મૂંઝાઈ રહ્યો હતો !' મેં ચિંતાયુક્ત સ્વરમાં કહ્યું, 'લઘુબંધુ માધોના રક્ષણની જવાબદારી સોંપીને માતા કંસરાજાનું દાણ ચૂકવવા ઘ્રીત લઈને મથુરા ગઈ છે. બસ હવે આવવી જ જોઈએ.' કહી હું દૂર દૂર રહેલ ગોવર્ધન પર્વતની ઝાંખી કરી રહ્યો. ત્યાં જ મને અને બધાને કોઈ અનેરી સુગંધયુક્ત પવનની શીતળ લહેરખી સ્પર્શી રહી; સાથે સાથે દૂર દૂરથી આવતો સુમધુર બાંસુરીનો સ્વર સંભળાઈ રહ્યો. બાંસુરીનો સ્વર સાંભળી અમે એટલાં બધા આનંદવિભોર બની ગયાં કે અમારામાંથી કેટલાંક ગોપાલકમિત્રો સૂર સાથે શરીરનો તાલ મેળવી આનંદથી નાચવા લગ્યા, તે જોઈ મિત્ર સુખારામે પોતાના મનની વાત કરી,

'જ્યારે દૂર રહેલાં આપણને કૃષ્ણની બાંસુરી સાંભળીને આટલો બધો આનંદ થાય છે, તો પછી બાસુંરી વાદક 'કનૈયા' સમીપ રહીને સાંભળી રહેલાં વૃજવાસીઓના આનંદનું તો શું પૂછવું રહ્યું ?'

'સત્ય... ભંતે ! તારી વાત સર્વથા સત્ય છે, આપણાં પ્રારબ્ધ પણ કેવા કે કનૈયા આપણા વંશનો હોવા છતાં આપણે જ તેનું નિકટતમ સાંનિધ્ય કંસના ભયને કારણે માણી શકતા નથી !' કહી પુરણે હાથથી કપાળ કૂટી અમારા દુર્ભાગ્યનું સચોટ રીતે નિર્દેશન કર્યું !

'સાંભળ્યું છે કે,' સુખારામે વાતને વળાંક આપતા કહ્યું, 'કંસને કનૈયાનો ખૂબ જ ભય છે, તેને ચોક્કસ ખાતરી છે કે, કનૈયાને હાથે જ તેનું મૃત્યુ નિર્મિત થયું છે. આથી કંસે અનેક રાક્ષસોને જુદા જુદા રૂપો ધારણ કરાવીને તેને મારવા માટે મોકલેલા, પરંતુ કનૈયો બાળક હોવા છતાં બધાંને યમસદન ક્ષણવારમાં પહોંચાડી દીધેલાં !'

કૃષ્ણની લીલા વિશે બધાં ભાવવિભોર બનીને સાંભળી રહ્યાં હતાં. વિશ્વૈભરનાથે તેમાં ટાપસી પુરાવતા ઉત્તેજિત સ્વરમાં કહ્યું,

'અરે ! મારા પિતાશ્રીએ તો કૃષ્ણે મારી નાખેલ એક મોટા રાક્ષસ અઘાસુરના હાડપિંજરને પણ જોયેલું ! આ રાક્ષસ પર્વત જેવડું મોટું રૂપ ધારણ કરી મુખ ફાડીને સ્થિર થઈ ગયેલો. કૃષ્ણનાં બધા બાળમિત્રો તેને ગુફા સમજીને અંદર પ્રવેશી ગયેલા. એ રાક્ષસ પોતાનું મુખ બંધ કરે તે પૂર્વે કૃષ્ણે તેના મુખમાં અંદર ધસી જઈને મોટું ઊંચું રૂપ ધારણ કરી લીધેલું. રાક્ષસ મુખ બંધ કરી શક્યો નહિ અને થોડી જ વારમાં મૃત્યુ પામેલો ! તે રાક્ષસનું હાડપિંજર હજુ પણ વનમાં મોજૂદ છે. મારા પિતાશ્રી તેના મિત્રો અને વડીલો સાથે છૂપી રીતે તે જોવા ગયેલા !'

બધા સ્તબ્ધ અને ઉત્તેજનાપૂર્વક સાંભળી રહ્યા હતા, ત્યાં જ સુખારામે કહ્યું.

'અરે ! આ કૃષ્ણ કોણ છે. તેની તમને ખબર છે ?' પછી પોતે જ, બધાનું અજ્ઞાન જાણતો હોય તેમ આગળ કહ્યું, 'કોઈને ખબર નથી. હું કહું છું, જરા નીચે બેસો, સાંભળવા જેવી વાત છે !'

બધા તેના કહેવા મુજબ શાંતિથી તેની આજુબાજુ બેસી ગયા, એટલે તેણે વાતનો પ્રારંભ કર્યો, 'ઉજ્જૈનમાં મારા માતામહિ સાંદીપનિ ઋષિના આશ્રમથી માત્ર અર્ધો કોશ દૂરના નેસડામાં રહે છે. તે અવારનવાર ત્યાં વૃક્ષોનાં ખરેલાં પાંદડાં સાફ કરવા તથા વૃક્ષોને જલ સીંચવા માટે જાય છે. તે જ્યારે અહીં આવેલા ત્યારે તેણે સાંભળેલ અને પ્રત્યક્ષરૂપે જોયેલ તે બધી વાતો અમને કહેલી. માતામહિએ અમને કહેલું :

'એક વખત હું ઋષિના આશ્રમે સેવા અર્થે ગયેલી, ત્યારે મર્યાદાપૂર્વક દૂર ઊભી મેં તેમને શિષ્યોને ઉપદેશ આપતા સાંભળેલા. ઋષિ વૃક્ષ નીચે બેસી શિષ્યોને કહી રહ્યા હતા. 'આ કૃષ્ણને કોઈ સાધારણ મનુષ્ય નહિ સમજતા. કૃષ્ણ તો સાક્ષાત્ પરબ્રહ્મનું સ્વરૂપ અર્થાત્ ઈશ્વર છે ! કંસ સહિત જરાસંઘ જેવા ક્રૂર રાજાઓને તેના સૈન્યોસહિત સંહાર કરી પૃથ્વીનો ભાર ઉતારવા તેણે સદેહે અર્થાત્ સાકાર સ્વરૂપે જન્મ ધારણ કરેલો છે, તેમના ગુરુબંધુ બલરામજી સાક્ષાત્ શેષનાગ છે. તે પણ કૃષ્ણની સહાયતા માટે જ જન્મ ધારણ કરી પૃથ્વીલોકમાં આવ્યા છે.

કંસના વધ પછી તે મથુરામાં બધું વ્યવસ્થિત થતાં અને લોકો પરનો બધો ભય ટળી જતાં, કંસના ત્રાસથી અન્યત્ર ઠેર ઠેર નાસી ગયેલી વૃષ્ણિક, દાશાર્હ, અન્ધક, ભોજ,

સાત્વત્, મધુ, અર્બુદ, શૂરસેન, વિસર્જન, માથુર, કુકુર, કુન્તિ વિગેરે જાતિઓને પુનઃ તેના સ્થાને લાવશે, આ કાર્યને કારણે તેનું નામ 'સંકર્ષણ' તરીકે પણ પ્રસિદ્ધ થશે. આ બધું હવે ટૂંક સમયમાં જ થનાર છે. સાથે સાથે તમારા માટે પરમ સૌભાગ્યરૂપ ભવિષ્યકથન પણ કરી દઉં છું. કંસનો વધ કરીને પછી કંસના પિતાને રાજ્યની ધૂરા સોંપી, મથુરામાં બધુ વ્યવસ્થિત કરી, બાર વર્ષની ઉંમરે કૃષ્ણ આ જ આશ્રમમાં મને ગુરુપદે સ્થાપી વિદ્યાભ્યાસ કરશે; અને તમે બધાં તેનું નિકટતમ સાંનિધ્ય માણવા ભાગ્યશાળી થશો !

ગુરુજી આમ વાતચીત કરી રહ્યા હતા, ત્યાં જ એક સૂકલકડી શિષ્ય મસ્તક પર કાષ્ટબંધ ઉપાડી આવી પહોંચ્યો હતો, તેને ઇશારતથી નજીક બોલાવી હસીને ગુરુજીએ કહેલું, 'આવ... આવ... વત્સ સુદામા ! સૌથી વધુ તો તું જ ભાગ્યશાળી છે, કારણ કે કૃષ્ણના પરમમિત્ર બનવાનું સૌભાગ્ય તને જ પ્રાપ્ત થશે ! તારી સેવાના ફળ સ્વરૂપે કૃષ્ણની સાથે તારી કીર્તિ પણ યુગો સુધી ગવાતી રહેશે !' પછી થોડું ખચકાતા અટકીને બોલેલા,

'પરંતુ તારા એક દોષને કારણે તારે ભયંકર દારિદ્ર પણ લાંબો સમય ભોગવવું પડશે. આમાંથી ઉગરવાનો એકમાત્ર ઉપાય છે અને તે 'અયાચિકવૃત્તિ' ધારણ કરી જીવવાનો સંકલ્પ. માટે અયાચિક બ્રાહ્મણ તરીકે જીવન જીવજે, ગમે તેવા બૂરા સંજોગોમાં પણ અન્ય પાસે લાલચ રાખી ભિક્ષા માંગીશ નહિ, તો સ્વયં કૃષ્ણ જ તને અમાપ સંપત્તિ સાથે દ્રવ્યવાન બનાવી દેશે !'

મિત્ર સુખારામ પોતાની માતામહિનું દર્શન સ્વમુખે નિવેદિત કરી રહ્યો હતો. ત્યાં જ દૂરથી ભયમિશ્રિત મોટો સ્વર સંભળાયો,

'ભાગો, ભાગો, બાલકો જલદી ભાગો ! જલદી જલદી છુપાવા માંડો. કંસના સૈનિકો અશ્વારુઢ થઈને મારંમાર આ તરફ આવી રહ્યા છે !'

અવાજ સાંભળી તત્કાળ ભયભીત થઈ અને ઊભા થઈ ગયા. જોયું તો અમારા નેસડાઓના મુખી વૃદ્ધ ગોપાલાનંદ લંગડાતા લંગડાતા મહાપ્રયત્ને દોડતા દોડતા અમારા તરફ આવી રહ્યા હતા. પાસે આવી ધમણની જેમ શ્વાસ લેતા તેઓ માંડ માંડ બોલી રહ્યા,

'કંસની પુનઃ થયેલી આજ્ઞા મુજબ કંસના સૈનિકો તાજા જન્મેલા બાળકોની ખોજ કરવા નીકળી પડ્યા છે !' પછી મારા તરફ મુખ ફેરવી કરુણ સ્વરે બોલ્યા, 'વત્સ અનંત ! તું ખાસ સાવધાન બનીને જા ! તારા લઘુબંધુ માધોને લઈને શીઘ્રગતિથી ઝાડીમાં છુપાઈ જા !' પછી મારા મસ્તક પર હાથ મૂકી રુદન સાથે પુનઃ બોલ્યા, 'બેટા ! સમયાનુસાર સ્વસ્થ બની રહી, હૃદયને કઠણ બનાવી દેજે ! સાંભળ, તારા પિતાશ્રી નારદને બાળકજન્મની હકીકત છુપાવવા બદલ કંસે જાહેરમાં અસિધારાથી ગર્દન ઉડાવી વધ

કરી નાખેલ છે અને હવે પુત્ર માધોનો પણ વધ કરવા સૈનિકોને આ તરફ મોકલ્યા છે, કંસની આજ્ઞાનું પાલન કરવા સૈનિકો આ તરફ વેગથી ધસી રહ્યા છે. માટે વિચાર કર્યા વગર શોકરહિત થઈને શીઘ્ર ઉપડ અને માધોને લઈને વનરાજી તરફ ભાગી જા !' કહી મને મારા આવાસ તરફ જવા ધક્કો મારતા સ્વયં છોકરાઓ સાથે અન્યત્ર છુપાવા દોડી ગયા.

મેં પણ માધોને બચાવવા આવાસ તરફ ભયંકર વેગથી દોટ મૂકી. માધો પારણામાં નિર્ભયતાથી નિર્દોષભાવે અંગૂઠો ચૂસી રહ્યો હતો, મેં તેને બે હાથે ઉઠાવી લીલા મેદાનની પેલી પાર ગાઢ વનરાજી તરફ આંધળી દોટ મૂકી. ગાઢ વનરાજીમાં પ્રવેશતા હું શ્રમથી હાંફી રહ્યો. મારા હાથ-પગ ભયથી ધ્રૂજી રહ્યા હતા, છતાં હું હિંમત હાર્યા વગર માધોને છુપાવવા સુરક્ષિત સ્થાન શોધી રહ્યો હતો.

ત્યાં જ મારી નજર ઘેઘૂર વૃક્ષ પર પડી. કરમદીના ઘેઘૂર ઢૂવા નીચે ગોદડીમાં વીંટળાયેલા માધોને સુવડાવી મેં નિરાંતનો અનુભવ કર્યો. ત્યાં જ અશ્વોના દાબડાનો અવાજ મારા કાને પડ્યો. કંસના સૈનિકો આ તરફ જ આવી રહ્યા હતા. ભયનું એક લખલખું મારા શરીરમાંથી પસાર થઈ ગયું, પરંતુ સ્વસ્થતા જાળવી રાખ્યા વગર છૂટકો ન હતો, અસ્વસ્થ હોવા છતાં સ્વસ્થતાથી વિચાર કરવાની મારામાં શક્તિ આવી ગઈ.

મેં વિચાર કર્યો, સૈનિકો અશ્વારૂઢ હોય, આ ગાઢ વનરાજીમાં અશ્વો સાથે પ્રવેશી શકશે નહિ, પરંતુ કદાચ પગપાળા આવીને તપાસ કરે તો ? તો માધોને બચાવવો અશક્ય બની જાય. તત્ક્ષણ મને વિચાર સ્ફૂર્યો, મારી જાતને જ સૈનિકોને સમર્પિત કરીને તેઓને ગમે તે રીતે રોકી દેવા. માધો અંગે જાણવા પ્રયત્ન કરશે તો, જે સૂઝશે તે જવાબ આપી દેવાશે !

આમ કરવા જતાં જાનથી હાથ ધોવા પડે તો પણ ભલે. આમા વિચારી અશ્વારૂઢ સૈનિકો સન્મુખ જવા હું વનશ્રીમાંથી બહાર નીકળ્યો. પુરપાટ ઝડપે દોડી આવતા સૈનિકો મને સામેથી આવતો જોઈ પાસે આવી અટકી ગયા. હું સ્વસ્થતા ધારણ કરી તેઓની સામે સ્થિર ઊભો રહ્યો. તે માંહેના એકે મને પોતાના હાથમાં રહેલ દંડથી ફટકારીને પૂછ્યું, 'બોલ, કોણ છે તું ? તારા પિતાશ્રીનું નામ શું છે ?'

ધ્રૂજતા ધ્રૂજતા પરંતુ પરાણે સ્વસ્થતા ધારણ કરી મેં કહ્યું, 'મારું નામ અનંત છે, હું મહારાજા કંસદેવના રાજગૃહમાં સેવા કરતા નારદ વૃષ્ણિનો પુત્ર છું !'

'અરે ! બંદીવાન સેવક નારદનો તું પુત્ર છે !' ખુશ થતો હોય તેમ આગેવાન જેવો લાગતો સૈનિક બોલ્યો,

'અરે વાહ ! તેનો તો હાલ જ મહારાજાએ પુત્રજન્મની વિગત છુપાવી રાખવા બદલ જાહેરમાં વધ કરી નાખ્યો છે. તેના એ પુત્રને શોધી વધ કરી નાખવા જ અમે

તેની આજ્ઞાથી નીકળ્યા છીએ. બોલ ! ક્યાં છે તારો એ લઘુબંધુ ! બતાવ જલદી !' કહી, પુનઃ મને દંડથી ફટકાર્યો. હું વેદનાથી કારમી ચીસ પાડી ઊઠ્યો, તો તેણે અશ્વ પરથી નીચે ઊતરીને પુનઃ મને લાતોના પ્રહારથી મારવાનું શરૂ કર્યું. હું અસહ્ય વેદનાથી કરાંજી રહ્યો.

'બોલ, ક્યાં છે એ બાળક ? બતાવ જલદી, નહિ તો મારી મારીને તારા હાડકાં ભાંગી નાખીશ. બોલ જલદી !' પગની જોરદાર લાતો મારતા મારતા આગેવાન સૈનિકે કહ્યું. વેદનાથી કણસતા, હતી તેટલી હિંમત એકઠી કરી મેં જવાબ આપ્યો,

'મારો લઘુબંધુ માધો, થોડા દિવસપૂર્વે મૃત્યુ પામ્યો છે !'

'અસત્ય !' એમ મોટેથી બરાડી મારા પેટ પર જોરથી પગનો પ્રહાર કરીને દાંત કચકચાવી રહ્યો; વેદનાથી બેવળ વળી હું રાડ પાડી ઊઠ્યો. તો મારી પીઠ પર તેણે જોરદાર મુષ્ઠીનો પ્રહાર કર્યો અને બોલ્યો, 'દુષ્ટ ! અસત્ય બોલે છે ? બોલ ક્યાં છે તારો બંધુ, બોલ !' કહી તેણે પુનઃ મારી પીઠ પર જોરદાર લાત મારી. ચીસ પાડી રડી ઊઠતાં હું માંડ માંડ હિંમત અને શક્તિ એકત્રિત કરી બોલ્યો,

'હું સત્ય જ કહું છું, મારો લઘુબંધુ માધો મહા ઝેરી જ્વરને કારણે મૃત્યુ પામ્યો છે. સત્ય જાણવા તમે મારા આવાસ પર આવી જાતે જ તપાસ કરો. તેનું પારણું હજુ પણ એ જ સ્થિતિમાં અમે રાખી મૂક્યું છે !' મેં હાથ જોડી રુદન કરતાં કરગરીને કહ્યું,

'ચાલ, આગળ થા !' ધક્કો મારી મને આગળ કરતાં તેણે ક્રોધપૂર્વક કહ્યું, 'બતાવ, તારો આવાસ ક્યાં છે ?'

લંગડાતા પગે ધ્રૂજતા ધ્રૂજતા ચાલતો હું બધાને મારા આવાસમાં લાવીને બોલ્યો,

'જુઓ, આ મારા લઘુબંધુ માધોનું પારણું ખાલી છે ને ? હું સત્ય કહું છું, તે ઝેરી જ્વરમાં મૃત્યુ પામ્યો છે !' આવું કઠોર અસત્ય બોલતાં મારું કાળજું વીંધાઈ રહ્યું હતું. છતાં માધોના બચાવ માટે અસત્ય બોલવું જરૂરી હતું.

'એમ ! તું સત્ય બોલે છે, એમ ?' ક્રોધથી વ્યંગમાં બોલતા તેણે દંડનો પ્રહાર કરતા કહ્યું, 'પારણું ખાલી છે કે, પછી ખાલી કરીને તેને અન્યત્ર છુપાવ્યો છે ? આટલું જોરથી બરાડી તેણે મારી પીઠ, પેટ અને હાથ-પગ પર ક્રૂરતાપૂર્વક પ્રહારો કરવા માંડ્યા, અસહ્ય વેદનાથી રાડો પાડતો હું ભૂમિ પર ગબડી પડ્યો. તેણે પ્રહારો કરવાનું ચાલુ રાખતા, મોટા સ્વરમાં બરાડો પાડી કહ્યું, 'બોલ ! સત્ય બોલ, ક્યાં છે તારો બંધુ, બોલ !' ઉપરાઉપરી પ્રહારોથી ઊઠતી પીડા સહન કરતો હું લગભગ ભાન ગુમાવવા લાગ્યો હતો, છતાં હું તેના પ્રહારોને સહન કરતો નકારમાં મસ્તક હલાવી રહ્યો હતો. તે જોઈ અન્ય એક સૈનિક બોલ્યો, 'ભન્તે ! લાગે છે કે, તેની વાત સત્ય છે. તો હવે સમયનો વ્યય કરવો બરાબર નથી. આપણે હજુ અન્ય બાળકોની શોધ કરી તેનો વધ કરી મહારાજાને શીઘ્ર નિવેદન કરવાનું છે !'

'પરંતુ !' મુખ્ય સૈનિકે કહ્યું, 'બંધુ ! તને મહારાજાની એ આજ્ઞાનો પણ ખ્યાલ છે ને કે કોઈ પણ આવાસમાંથી રુધિર વહાવ્યા વગર ખાલી હાથે નીકળવાનું નથી !' કહી તે ક્રૂરતાપૂર્વક મારી સામે જોઈ હી... હી... હી... કરતાં હસીને બોલ્યો, 'તો હવે તારું જ રુધિર વહાવવાનું ઠીક રહેશે !' કહી તેણે ખુલી અસિ (તલવાર) મારા પેટમાં ભોંકી દીધી અને તે સાથે એક ભયંકર ચીસ નાખી હું ધરણી પર ઢળી પડ્યો. મહાભયંકર વેદના સાથે ધરણી પર રુદિરના ખાબોચિયામાં આળોટતો મને મૂકીને સૈનિકો અશ્વારૂઢ થઈને શીઘ્રગતિથી જતા રહ્યા.

લગભગ બેધ્યાનાવસ્થામાં રુધિરના ખાબોચિયામાં વેદનાથી કણસતો હું આળોટી રહ્યો હતો, મારા સિવાય ત્યાં કોઈ હાજર ન હતું. અસિધારા મારા પેટને વીંધીને આરપાર નીકળી ગઈ હતી, માંરા જીવિત રહેવાની કોઈ આશા ન હતી. મારા શ્વાસોચ્છ્વાસ દીર્ઘ બની રહ્યા હતા. જીવ ઊંડો ને ઊંડો ઊતરતો જતો હતો.

ત્યાં જ મારા કાને ઘણા લોકોનો પદરવ સંભળાયો. થોડી જ વારમાં એક સાથે ઘણા લોકોને આવાસમાં પ્રવેશતાં મેં અનુભવ્યા, પરંતુ મારી આંખો એ દૃશ્ય બરાબર જોઈ શકતી ન હતી. પ્રયત્ન કરવા છતાં બિડાઈ જતી મારી આંખોને ખોલવા હું સમર્થ ન બની શક્યો, પરંતુ મારા કાનોમાં સ્પષ્ટ શબ્દો સંભળાયા. એ અવાજ, એ શબ્દો મારા બાળમિત્રોના હતા. પુરણ મોટેથી મને ઉદ્દેશીને કહી રહ્યો હતો, 'અનંત... અનંત... અમે આવી ગયા છીએ. ચિંતા કરીશ નહિ !

વનશ્રીમાં અમે તારી નજીક જ છુપાયા હતા, અમે તારી પ્રત્યેક હિલચાલ જોઈ હતી. માધોને તે ક્યાં છુપાવ્યો હતો, તે પણ અમે જોયું હતું, તેથી સૈનિકોના જવાથી ભય ટળી જતાં અમો માધોને તેડીને હેમખેમ આવી ગયા છીએ. તારા પ્રયત્નો સફળ રહ્યા છે. માધો સુરક્ષિત છે. આ તારી સામે જ છે, આંખો ખોલીને દૃષ્ટિ કર.'

મેં મહાપ્રયત્ને આંખો ખોલી સામે દૃષ્ટિ કરી. ઝાંખાં ધૂંધળા પ્રકાશમાં મેં જોયું તો માધો નિર્ભયતાથી હસી રહ્યો હતો. મને સંતોષ થયો, પરંતુ એ દૃશ્ય હું વધુ સમય ન જોઈ શક્યો. મારી આંખો પુનઃ મીંચાઈ ગઈ. તે સાથે જ દૂરથી નજીક આવતા જતાં શબ્દો મારા કાને પડ્યા. માતા મણિકાંતાના આક્રંદ ભરેલાં એ શબ્દો હતા, 'પ્રિય પુત્ર અનંત ! હું આવું છું, જતો નહિ ! મને ખબર છે, તારા પિતાશ્રીની જેમ તને પણ ક્રૂર સૈનિકોએ છોડ્યો નથી !' કહી તે મારી નજીક આવી મારા મસ્તકને ખોળામાં લઈ છાતી કૂટતા આક્રંદ ભરેલાં સ્વરે બોલી,

'અરે... હાય... હજુ કેમ હું જીવિત છું ? મારી નજર સમક્ષ જ તારા પિતાશ્રીને !' ડૂસકાં ભરતા રૂંધાતા સ્વરે તે માંડ માંડ બોલી, 'મારા દેખતાં જ બે સૈનિકોએ બાહુઓ પકડી મને તેની સન્મુખ બળપૂર્વક ઊભી રાખી ને ક્રૂર કંસે ધીમે ધીમે તારા પિતાશ્રીની

ગરદન પર અસિ મૂકી ધીમે ધીમે ઘસતા, ધીમે ધીમે તેની ગરદન ધડથી અલગ કરી. તારા પિતાશ્રીની વેદનાયુક્ત ચીસો સાંભળી, હું ભાન ગુમાવી બેઠી. પછી મને ભાનમાં લાવવા સૈનિકોએ મારા મુખ પર જલની છાલકો મારી. હું ભાનમાં આવી જતાં સૈનિકોએ ધક્કો મારી રવાના કરતાં મને કહ્યું, 'તારા પુત્રનું જીવતા મુખ જોવું હોય તો જલદી ભાગ અહીંથી.' કહી માં આક્રંદ કરતી મારા મુખ પર ઝૂકી રહી. તેના અશ્રુઓના ઉષ્ણબિંદુઓથી હું ભીંજાઈ રહ્યો હતો.

પરંતુ આ સ્થિતિ અલ્પકાળ સુધી જ રહી. હું કશું જ બોલી શકતો ન હતો; અને હવે તો કશું સાંભળી પણ શકતો નહોતો. બસ, માતુશ્રીના એ છેલ્લા શબ્દો મેં સાંભળ્યા. ને મારો જીવ મારા શરીરની અંદર જ ઘૂમરાઈ રહ્યો. મને લાગ્યું કે ધીમે ધીમે શરીરનાં બધાં જ અવયવો શિથિલ થતાં જાય છે, જીવ જાણે બધાં જ અવયવો અને નાડીઓમાં ફરીને હૃદયમાં કેન્દ્રિત થઈ ગયો છે. મને લાગ્યું કે હું મારા હૃદયમાં સૂક્ષ્મ જ્યોતિ સ્વરૂપે રહેલો છું, ધીમે ધીમે હું જ્યોતિ સ્વરૂપે હૃદયમાંથી બહાર નીકળી રહ્યો છું. જ્યોતિ સ્વરૂપે હૃદયમાંથી બહાર નીકળી હું પ્રકાશમય નાના વાદળના રૂપમાં ફેરવાઈ ગયો, પછી મને લાગવા માંડ્યું કે હવે મારે કોઈ શરીર નથી, કોઈ મન નથી. હું સર્વત્ર છું. સર્વવ્યાપી છું, હું બધામાં છું, બધાં મારામાં છે ! મને લાગ્યું કે હું ઓગળી ગયો છું, છતાં મારું અલગ અસ્તિત્વ છે. હું દૃષ્ટા તરીકે બધું જોઈ શકું છું, બધું સાંભળી શકું છું ને જે સંભળાય છે, તે હું જ બોલું છું !

હું તટસ્થ રહી અનુભવ કરી રહ્યો હતો. મને લાગતું હતું કે, પ્રકાશિત વાદળના સ્વરૂપે હું અવકાશમાં ઊંચે ને ઊંચે ગતિ કરી રહ્યો છું, અનેક લોકમાંથી પસાર થતો હું આગળ વધી રહ્યો છું. મારી આ ગતિને માપવા હું સમર્થ ન હતો. બસ, ઊંચે ને ઊંચે હું ગતિ કરી રહ્યો હતો. ત્યાં જ હજારો સૂર્યોથી પણ વધુ પ્રકાશિત છતાં શાંત અને સૌમ્ય લાગતી અત્યંત ઊંચી સ્તંભાકાર સીડી મેં જોઈ. મને લાગ્યું કે અથવા મને સંભળાયું કે મને કોઈએ કહ્યું,

'આ પ્રકાશસ્તંભ એ સ્વર્ગ પર જવાની સીડી છે !'

હવે હું દૂર દૃષ્ટિગોચર થતી એ પ્રકાશિત સીડી તરફ જઈ રહ્યો હતો. હું ગતિ કરી રહ્યો હતો. એ વખતે મને સુખ-દુઃખ, શોક-વિષાદ જેવી કોઈ લાગણી ન હતી. બસ, સર્વત્ર જાણે આનંદ આનંદનો મહાસાગર ઘૂઘવી રહ્યો હતો !

હું પ્રકાશિત સીડી જેવા સ્તંભ તરફ ઊર્ધ્વગતિ કરવા જઈ રહ્યો હતો, ત્યાં જ મને લાગ્યું કે કોઈ મને નીચે તરફ આકર્ષિત કરી રહ્યું છે. દેખાતા ઊંચા પ્રકાશિત પથ પર જવાની મારી ઇચ્છા છે, છતાં હું તે તરફ જઈ શકતો નથી ! દેખાતા તે ઊર્ધ્વગામી પથ પર જવા હું પ્રયત્ન કરું છું, પરંતુ લેશમાત્ર સફળ થઈ શકતો નથી. મને લાગ્યું

કે મારા પર શીતળજળ વર્ષી રહ્યું છે અને હું જળને કારણે ઊર્ધ્વ જવાને બદલે નીચે જઈ રહ્યો છું. લાગતું હતું કે જાણે હું નીચે તરફ ઝડપથી લપસી રહ્યો છું.

કોઈ પણ જાતના આધાર વગર હું નીચે ને નીચે લપસી રહ્યો હતો. લાગતું હતું કે હું નીચે ફેંકાઈ રહ્યો છું. ખેંચાઈ રહ્યો છું; ને સાથે સાથે હું અનુભવી રહ્યો હતો, કે હિમ જેવા શીતલ જલની બોછાર ધારા પર થઈ રહી છે, હું જાણે હિમજલના વાદળાઓની વચ્ચેથી ધ્રૂજતો નીચે તરફ, ખૂબ નીચે તરફ એકધારી ગતિથી લપસી રહ્યો છું!

નીચે ને નીચે ગતિ કરતા મને હવે લાગવા માંડ્યું હતું, કે હવે મારે પણ પૂર્વે હતું તેવું જ ભૌતિક શરીર છે અને તે શરીર સાથે જોડાયેલી ઇન્દ્રિયોસ્થિત તમામ ભાવનાઓ, લાગણીઓ અને ઇચ્છાઓ જોડાયેલી છે. મને લાગ્યું કે 'હું' 'હું જ છું' સમગ્ર ભૌતિક પદાર્થો અને અન્ય ભૂતમાત્રના શરીરોથી મારું શરીર હવે અલગ અસ્તિત્વ ધરાવે છે. હું સ્વતંત્ર નામધારી શરીર છું, હવે મારી સર્વવ્યાપકતા નષ્ટ થઈ ગઈ છે.

હવે મને સમજાયું કે મારી આ તીવ્રગતિ પુનઃ પૃથ્વી તરફ થઈ રહી છે. મને હવે બધું ચિરપરિચિત લાગવા માંડે છે, બધું પુનઃ સમજાવા માંડે છે. હું એકધારી ગતિથી નીચેં પૃથ્વી તરફ ગતિ કરી રહ્યો છું.

હવે મારી ગતિ જે પૃથ્વી તરફ થઈ રહી હતી, તે ધીમી પડી રહી છે. મને બધું દષ્ટિગોચર થવા લાગે છે. પૃથ્વીની ખુલ્લી જમીનો, મેદાનો, પર્વતો, નદીઓ બધું જ મને સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

મારી ગતિ ધીમી છતાં અવિરત પણે ચાલુ હતી. જમીનની હું સાવ નજીક આવી ગયો હતો. હવે નીચે ને નીચે પૃથ્વી તરફ જઈ રહેલાં મને પટકાઈ પડવાનો ભય લાગે છે, આ ભયની સાથે ધ્રૂજતો હું શીતળ પાણીના છંટકાવનો પણ અનુભવ કરી રહ્યો હતો. નીચે પટકાવવાના ભયની લાગણી મારામાં બળવત્તર બની ગઈ અને આ તીવ્ર ભયના કારણે મારી આંખો મીંચાઈ ગઈ. ને તે સાથે મને અનુભવ થયો કે હું જમીનના કોઈ નક્કર ભાગમાં પટકાઈને સ્થિર થઈ ગયો છું ને તે સાથે જ મારી આંખો ખૂલી ગઈ!

આંખો ખૂલતાં જ જે દશ્ય મારી નજર સમક્ષ પડ્યું તે જોઈ હું સ્તબ્ધ રહી ગયો. અચાનક આવી પડેલા આ દશ્યને હું તત્ક્ષણ સમજી ન શક્યો. ક્ષણભર હું સ્થિર અને વિસ્ફારિત નયને તે દશ્યને સમજવા પ્રયત્ન કરી રહ્યો, એ પ્રયત્નમાં માંડ માંડ જ્યારે હું સફળ થયો તો આશ્ચર્યનો જબરજસ્ત આંચકો હું અનુભવી રહ્યો. મેં જોયું તો રેવાનંદ બ્રહ્મચારી મારી સામે બેસી હસી રહ્યા હતા. તેના હાથમાં જલપાત્ર હતું અને તે માંહેના જલનો તે મને છંટકાવ કરી રહ્યા હતા, ને આથી મને ઠંડી લાગી રહી હતી, ઠંડીથી હું ધ્રૂજી રહ્યો હતો. વિસ્મયથી હું કશું બોલી શકતો ન હતો. જાણે અચાનક કોઈ પરિસ્થિતિ

ઉદ્‌ભવી હોય અને વિચારી ન શકાય, તેવી મારી સ્થિતિ હતી. વિસ્મયથી હું ડઘાઈ ગયો હતો, હું બાઘાની જેમ બહાવરો બનીને રેવાનંદજી સામે જોઈ રહ્યો હતો.

મેં આંખો ખોલી તે સાથે જ થોડી વારે રેવાનંદજીએ પાણીનો છંટકાવ બંધ કરી, પોતાના અંગૂછા વડે મારું શરીર લૂછવા માંડ્યું. શરીર લૂછીને તેણે તેની પાસે રહેલ ઉપવસ્ત્ર મારા શરીર પર ઓઢાડી દીધું. થોડો ગરમાવો મળતા મારામાં સ્વસ્થતા આવી, સ્વસ્થતા આવતાં હું વિચારી શક્યો, મને બધું જ યાદ આવવા લાગ્યું. હું તો અહીં જ, આ જ સ્થળે, શિવાનંદ સરસ્વતીજીની સમાધિ પાસે પ્રણામ કરતો બેઠો હતો, ત્યાં જ અચાનક શું નું શું થઈ ગયું ? આ તે કોઈ સ્વપ્ન કે કોઈ માયાજાળ હતી ? કદાચ સ્વપ્ન હોઈ શકે, પરંતુ બેઠા બેઠા સ્વપ્ન આવવું અને તે આવા પ્રકારનું સ્વપ્ન આવવું શક્ય નથી. કદાચ સમાધિનો અનુભવ થયો હોય. ના... ના... આ સમાધિની સ્થિતિ પણ ન હોઈ શકે.

આ તો મારા જીવન સાથે સંકળાયેલી પાંચ હજાર વર્ષ પૂર્વેની કથા હતી. કૃષ્ણાવતાર સમયની કથા ! લાગતું હતું કે એ વખતનું દૃશ્ય અને સમગ્ર પરિસ્થિતિ, વાતાવરણ વિગેરે મારા ચિરપરિચિત હતા. હું વર્ષોથી જાણે એ યુગ સાથે સંકળાયેલો હતો. ભાવનાઓ અને લાગણીઓથી અભિભૂત હતો. મારું સુખ-દુઃખ, આનંદ-વિષાદ, શોક, ભય, બધું જ ત્યાંના બધા લોકો સાથે સંલગ્ન હતું, 'પ્રેમ' એ ત્યાંનું મહત્ત્વનું ઘટક હતું. આ સમાધિ ન હોઈ શકે. લાગતું હતું કે આ બધું મારા 'પૂર્વજન્મ'નું દ્યોતક હોઈ શકે !

પરંતુ મારી વર્તમાન પરિસ્થિતિ સાથે તેનો શું સંબંધ હોઈ શકે ! હું આગળ વિચારી રહ્યો હતો, ત્યાં જ રેવાનંદજીના શબ્દો મારા કાને પડ્યા,

'બસ, બંધુમિત્ર !'

રેવાનંદજીના મને સંબોધીને બોલાયેલા આ શબ્દો સાંભળીને મારું આશ્ચર્ય બેવડાઈ ગયું, 'ઓહ ! એ અવસ્થામાં અર્થાત્ એ કૃષ્ણના યુગમાં સંબોધનાર્થે વપરાતા શબ્દો જ રેવાનંદજી એવા જ ભાવ અને લઢણ સાથે, જાણે ઇરાદાપૂર્વક બોલી રહ્યા છે. હું આશ્ચર્યથી તેમની સામે જોઈ રહેતા તેઓ આગળ બોલ્યા,

'મિત્ર અનંત, બસ હવે આગળ વિચારવાનું બંધ કરો. સમજો કે એ એક સ્વપ્ન હતું. સ્વપ્ન હંમેશાં ક્ષણિક અને ભ્રામક હોય છે.'

મને લાગ્યું કે મારા પ્રસ્તુત અનુભવ વિશે રેવાનંદજી જાણે છે. તેથી મેં આતુરતાથી પૂછ્યું,

'તો, મારો આ અનુભવ ખરેખર શું સ્વપ્ન હતું ?'

'આંખો મીંચ્યા બાદ દેખાતું દૃશ્ય સ્વપ્નની વ્યાખ્યામાં તો આવે જ.' રેવાનંદજીએ

પ્રત્યુત્તર આપતા કહ્યું, 'પરંતુ ક્યારેક તે દશ્ય ભૂતકાળની 'સ્મૃતિરૂપ' પણ ઊપસી આવે !'

'તો, મારો આ અનુભવ ?' મેં પુનઃ પૂછ્યું, 'એ માત્ર સ્વપ્ન કે મારા દૂરના ભૂતકાળની સ્મૃતિ ?'

'સ્મૃતિ ! 'વહી ગયેલા સમય'ની સ્મૃતિ !' રેવાનંદજીએ જવાબ આપતા કહ્યું, 'યુગો સુધી સંવેદનશીલ સ્મૃતિ જળવાઈ રહે છે, જન્મજન્માંતર સુધી એ સ્મૃતિઓનો સંગ્રહ લઈને જ મનુષ્ય જન્મ ધારણ કરે છે, લેણ-દેણ અર્થાત્ ઋણાનુબંધ એ ગુપ્ત સ્મૃતિને આધારે જ બનતા રહે છે; મનુષ્યને પાપ-પુણ્ય, વેર, ઈર્ષા, પ્રેમ વિગેરે લાગણીઓની અનુભૂતિ તથા તે પ્રમાણે કર્મો કરવાની પ્રેરણા અંતર્ગત પડેલી ગુપ્ત સ્મૃતિને કારણે જ થાય છે.

જન્મ-મૃત્યુ પણ એ ગુપ્ત સ્મૃતિરૂપ સંસ્કારો દ્વારા 'ઉદાન' વાયુ મારફત થાય છે. આ 'ઉદાન' વાયુ બોંતેર હજાર નાડીઓ દ્વારા 'સુષુમ્ણા' નાડીના કેન્દ્રસ્થાને રહીને કાર્ય કરે છે અને કરાવે છે, પરંતુ સામાન્ય લોકોને આનો ખ્યાલ હોતો નથી. યોગસાધના દ્વારા જ બધું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. સાધક-યોગી 'પંચપ્રાણ' પર ધ્યાન કેન્દ્રિત કરી શરીરની અંદર રહેલાં બધા રહસ્યોને જાણી લે છે, તે પછી 'ષટ્ચક્રો'નું ભેદન કરી, મહામાયા કુંડલિનીને જાગૃત કરી, યોગી ઉપર-મસ્તક પર 'બ્રહ્મરંધ્ર'માં પ્રવેશ કરાવે છે. એ સાથે 'વિશ્વાત્મા' સાથે યોગીના પોતાના આત્માનું અનુસંધાન થઈ જતાં તે યોગી પોતે સર્વવ્યાપી બની સમગ્ર બ્રહ્માંડનું યુગ-યુગાન્તરનું અને વર્તમાન ભૂત અને ભવિષ્યની ઘટનાર ઘટનાઓનું જ્ઞાન પ્રાપ્ત કરી લે છે.' કહી રેવાનંદજી વિશ્રાંતિ ખાતર થોડું અટક્યા.

'હા, બરાબર !' યાદ આવી જતાં મેં વચ્ચે કહ્યું, 'આ શરીરની અદ્‌ભુત રચના વિશેનું સ્થાન આપે મને મારા માટે નવનિર્મિત સાધના સ્થળ પર કહેલું !'

'હા, બરાબર !' રેવાનંદજીએ સહમત થતાં કહ્યું, 'એ જ જ્ઞાનની પ્રત્યક્ષ અનુભૂતિ, સૂક્ષ્મ શરીર દ્વારા કરીને તમે પુનઃ પરત થઈ, સ્થૂળ શરીરમાં પ્રવેશ્યા છો !'

'પરંતુ, મારા માટે આ કઈ રીતે શક્ય બની શક્યું ?' આશ્ચર્ય મિશ્રિત શંકા સાથે મેં પૂછ્યું, 'ન તો મારી કોઈ યોગી જેટલી ઉચ્ચકક્ષા છે, ન તો મેં શરીર વિશેનું જ્ઞાન આત્મસાત કરેલું છે. છતાં પણ હું યુગો પહેલાંની જળવાયેલી 'સ્મૃતિ'નો અનુભવ કરી શક્યો છું ! એ કેરી રીતે શક્ય બન્યું ?'

'શક્તિપાત દ્વારા !' ખડખડાટ હસીને ઉમેરતા રેવાનંદજીએ કહ્યું, 'તમારા પૂર્વજન્મના મિત્રોના યોગબળ દ્વારા !'

'તો, શું આ અનુભૂતિ પૂર્વજન્મનું વૃત્તાંત હતું ?' મેં જિજ્ઞાસાથી પૂછ્યું.

'શું હજુ પણ તમને તેમાં શક છે ?' રેવાનંદજીએ મૃદુ હસીને કહ્યું, 'તમારી આસપાસના વર્તુળના લોકો વિશે, તેમના વર્તન અને નામો વિશે તમારા આ અનુભવના અનુસંધાને નિરાંતે વિચારો. તમને તમારા પૂર્વજન્મની સત્યતા વિશે પ્રતીતિ થઈ જશે.'

'તો, શું માધવાનંદજી.' હું આગળ બોલું તે પૂર્વે જ રેવાનંદજીએ પૂર્તિ કરતાં કહ્યું.

'તમારા યુગો પહેલાંના લઘુબંધુ માધો !' કહી મારા બે ખભાને પકડીને બોલ્યા, 'ને હું તમારો યુગો પૂર્વેનો મિત્ર રેવતિનંદન રેવો !' કહી રેવાનંદજી હસીને મને ભેટી પડ્યા.

હું આનંદવિભોર થઈ ગયો, મારી જિજ્ઞાસાનો અંત આવી ગયો. માધવાનંદજી, રેવાનંદજી, સુખાનંદજી, પુરણપુરીબાપુ બધાંની મારા પરની અહેતુક કૃપા અને પ્રેમનું રહસ્ય હવે મને સમજાઈ ગયું. હું કૃત્ય કૃત્ય થઈ મારા સૌભાગ્યને મનોમન અભિનંદી રહ્યો. ત્યાં જ રેવાનંદજી પુનઃ બોલ્યા, 'પુરણપુરીએ તમને કહેલ તે મુજબ તમે પૂર્વના લઘુબંધુ માધોનો જાનના ભોગે જે જીવ બચાવેલો; તે જ માધવાનંદજી પર, તમે કરેલા ઉપકારનું ઋણ છે. જે તેઓ તમારી સાધનામાં સહાયરૂપ બની, તમને ઊર્ધ્વગતિ કરાવવાના પ્રયત્નો દ્વારા ચૂકવી રહ્યા છો. ખેર ! પરંતુ એ ભૂલી જવાનું. સાધના દ્વારા ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરવી એ જ તમારું લક્ષ્ય છે. બાકી વારંવાર જન્મીને મળવું આ બધું તો સ્વાભાવિક રીતનો કુદરતી ઘટનાક્રમ છે.' પછી થોડી વાર માટે અટકીને ઉમેર્યું.

'જીવન વ્યવહાર માટે 'સ્મૃતિ' જરૂરી છે જ, પરંતુ 'વિસ્મૃતિ'તો કુદરતના આશીર્વાદ સમાન છે. જો વિસ્મૃતિ થતી જ ન હોત તો સુખ-દુઃખ, યોગ-વિયોગના અનુભવોને મનુષ્યો ક્યારેય ભૂલી ન શકત અને મૂલ્યવાન મનુષ્યજીવન નિરંતર યાતના, ભય અને નર્ક સમાન બની જાત ! પૂર્વજન્મોની સ્મૃતિઓ મનુષ્યને સુખ-ચેનથી જીવવા જ ન દેત ! એટલા માટે જ હું વિસ્મૃતિને કુદરતના આશીર્વાદ સમજુ છું.

ભૂત-ભવિષ્યનો વિચાર છોડી માત્ર વર્તમાનને કેન્દ્રમાં રાખીને જીવવું મનુષ્યમાત્ર માટે ઈષ્ટ છે. ખેર, આ બધી વાતો તો પછી થશે. દૂર દૂરથી સફર કરીને આવ્યા છો, થોડા તાજા-માજા થાવ !' કહી હસતા હસતા દૂર યજ્ઞશાળા પાસે વૃક્ષની છાંયામાં બેસી પોતાનો અભ્યાસ કરી રહેલા છાત્ર અશોકને બૂમ પાડી બોલાવ્યો. અશોક આવી પહોંચતા રેવાનંદજીએ તેને સૂચના આપતા કહ્યું, 'દાનને કહે હળદર અને સૂંઠનો ભુક્કો નાખીને બે કપ દૂધ તૈયાર કરી લઈને આવે.'

થોડી જ વારમાં દાનબાપુ ગરમાગરમ દૂધ એક મોટા પાત્રમાં લઈને આવ્યા. આવતાની સાથે મને સંબોધીને બોલ્યા, 'કેમ નારાયણ ! એટલી વારમાં જ શરદી થઈ ગઈ. હજુ હમણાં સુધી તો સ્વસ્થ હતા ?'

'અરે ભઈ ! એ 'હમણાં' સુધીના સમયમાં તો એ કેટલા લોક ફરીને આવ્યા છે.

પૂછો તો ખરા !' રેવાનંદજી મારી પીઠ થપથપાવતા મોટેથી હસીને બોલ્યા, 'પાછા, હિમ જેવા શીતળ વાદળાંઓ વચ્ચેથી ચાલ્યા, પછી તો શરદી થાય જ ને !'

'એમ ?' આશ્ચર્યના ભાવનો કૃત્રિમ અભિનય કરતાં દાનબાપુ બોલ્યા,

'શું વાત છે ? આવડું મોટું સાહસ ? હોય નહિ !'

'અરે, હોય નહિ શું !' રેવાનંદજીએ પણ એવા જ ભાવ અને અભિનય સાથે કહ્યું, 'હજુ તો એ સ્વર્ગની સીડી ચડવા જતાં હતાં ! એ તો સારું થયું કે, મને વહેલો ખ્યાલ આવી ગયો, નહિ તો આ અનંતબાપુ સ્વર્ગમાં અને આપણે તેના ખાલી શરીર સાથે આ પૃથ્વી પર હોત ! પછી હું માધવાનંજીને જવાબ શું આપત ?' કહી બન્ને જણા મુક્ત મને ખડખડાટ હસ્યા, મને પણ રેવાનંદજીએ મારા બન્ને ખભા હચમચાવીને પરાણે હસાવ્યો. બન્નેનો મારા પ્રત્યેનો નિર્મળ સ્નેહ જોઈ મારું હૃદય આનંદથી ઊભરાઈ ગયું. ગદ્‌ગદ્‌ કંઠે બોલ્યો, 'રેવાનંદજી ! હું આપનો કૃતઘ્નિ છું.'

'અરે, નહિ રે મિત્ર !' રેવાનંદજી મારો હાથ પકડી બોલ્યા,

'મેં તો મિત્ર તરીકે મારી ફરજ માત્ર બજાવી છે; અને આમ પણ તમે તો મને માધવાનંદજીએ સોંપેલી અમૂલ્ય અનામત છો, પછી પ્રશ્ન જ ક્યાં છે !'

'એમ છતાં...' હું બોલવા જતો હતો ત્યાં જ મને અટકાવીને બોલ્યા,

'અરે, જવા દો એ બધી ઔપચારિકતા પહેલાં આ ગરમાગરમ દૂધને ન્યાય આપો !'

ગરમાગરમ દૂધ પીવાથી શરીરમાં તાજગી આવી ગઈ. મન પ્રફુલ્લિત બની ગયું. દાનબાપુ જતાં રહેતાં રેવાનંદજી વાત આગળ બોલ્યા,

'વિસ્મૃતિ માનવ માટે અને ખાસ કરીને સાધક માટે આશીર્વાદરૂપ છે; સાધકે મનમાંથી તમામ સ્મૃતિઓને ભૂંસી નાખી મનને શૂન્ય બનાવવાનું હોય છે. સ્મૃતિઓ જો કાયમ રહે અને સાધક તેને ચોકલેટની જેમ મમળાવ્યા કરે તો ચિત્ત વિક્ષોભિત થઈ જાય, અને ચિત્તવિક્ષોભિત થતાં સાધક ધ્યાન દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. માટે મધુર સ્મૃતિની પણ સાધકે અવહેલના કરવી જોઈએ !'

'અવહેલના કરવી જોઈએ, માટે જ તમને ભારપૂર્વક આગ્રહ કરું છું કે, બધું જ હવે ભૂલી જાવ, મનને માત્ર વર્તમાનની ક્ષણો પર જ કેન્દ્રિત કરી રાખો.' થોડી વાર અટકીને મારી સામે દૃષ્ટિ નોંધીને પુનઃ બોલ્યા.

'સ્મૃતિને કારણે 'રાગ' ઉત્પન્ન થતાં મન વિકૃત થાય છે. માટે મન સહિત બધી જ ઇન્દ્રિયોને 'રાગ'માંથી પાછી ખેંચી 'વૈરાગ્ય' કેળવવો સાધક માટે અત્યંત જરૂરી છે. વૈરાગ્ય વગર જ્ઞાનને આત્મસાત કરી શકાતું નથી. જ્ઞાનને આત્મસાત કર્યા વગર યોગી કે સાધક 'જીવનમુક્ત' બની શકતો નથી !' થોડી વાર અટકી રેવાનંદજી પુનઃ બોલ્યા,

'વળી, આ ક્ષણભંગુર અને સતત પરિવર્તન પામતા આવા સાંસારિક સંબંધોને યાદ રાખવાનો પણ શું અર્થ છે ? કઈ જરૂર છે આ બધું યાદ રાખવાની ? બધું જ નિરર્થક છે. મહાકાલરૂપી મહાસાગરમાં તણાયે જતાં આપણે સૌ નિઃસહાય તણખલાં સમાન છીએ, હજારો વર્ષ પહેલાં તમારા જ માતા-પિતા હતા તે જ આજે નથી ! એક જન્મમાં તમે જેના પુત્ર હતા, તે અન્ય જન્મમાં તમારા મિત્ર પણ હોઈ શકે, દુશ્મન પણ હોઈ શકે. એક જન્મની તમારી માતા અન્ય કોઈ જન્મમાં તમારી બહેન, માસી, કાકી કે સાસુ પણ હોય શકે, સાસુ અન્ય કોઈ જન્મમાં પત્ની કે સાળી પણ હોઈ શકે છે. બધું જ ઋણાનુબંધ પ્રમાણે પરિવર્તન થયા કરતું હોય છે. મહાકાલ અર્થાત્ મહામાયાની લીલાને કોઈ પામી શકતું નથી !'

થોડી વાર વિચારમગ્ન રહ્યા પછી તેઓ પુનઃ બોલ્યા, 'જન્મ અને મૃત્યુનું ચક્ર તો અબજો, અરે ! ખરવ યુગો અને કલ્પોથી ચાલ્યું આવે છે, આ મહાકાલને કોઈ માપી શકવા સમર્થ નથી. ખર્વોના ખર્વો વર્ષો, યુગો, કલ્પોથી હું અને તમે બધા જ, વારંવાર જન્મતા અને મૃત્યુ પામતા આવ્યા છીએ. અરે ! સ્વયં રામ અને કૃષ્ણ પણ અસંખ્ય વાર જન્મ્યા છે ! અસંખ્ય વાર જન્મીને તેઓએ કંસ અને રાવણના વધ કર્યા છે. ખર્વ યુગોથી આ નાટક વારંવાર પુનરાવર્તન થયા કરે છે, ભજવાયા કરે છે. જેનો કોઈ તાગ મેળવી શકતું નથી. આ પૃથ્વી, સૂર્યમંડળ સહિત આ બ્રહ્માંડની સાથે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ અસંખ્ય વાર અસ્તિત્વમાં આવ્યા છે અને મહાકાલના ખપ્પરમાં હોમાયા છે. અટકીને જાણે ગહન વિચારમાં પડ્યા હોય તેમ થોડી વાર અટકીને ગંભીર સ્વરમાં બોલ્યા,

'જ્યારે મહાકાલ, મહાશક્તિની આવી અગમ્ય લીલા છે. ત્યારે આપણાં જન્મ-મૃત્યુનો શું હિસાબ છે, તેનું મૂલ્ય પણ શું છે ? માટે, જ્યારે બધું જ નિરર્થક અને તર્કથી પર છે, ત્યારે એ બધા જન્મ પુનર્જન્મને યાદ કરવાનો પણ શું અર્થ છે. જે સત્ય નથી. સાશ્વત નથી તેને સત્ય માનીને વાગોળ્યા કરવાનો શું અર્થ છે ?' પછી હૃદયના ઊંડાણમાંથી આવતો હોય તેવા ગંભીર સ્વરમાં બોલ્યા, 'બધું જ ક્ષણભંગુર નિરર્થક છે, કશું જ સત્ય નથી, માત્ર ભ્રમ છે. મહાકાલની ઇન્દ્રજાળ છે, બધું જ સ્વપ્નવત્ નિરર્થક છે !'

'પરબ્રહ્મને શરણે જવું એ જ એક માત્ર સત્ય છે, મનુષ્યનું પરમલક્ષ્ય છે, સાકાર કે નિરાકાર સ્વરૂપને પ્રાપ્ત કરવાનું ધ્યેય એ જ માત્ર સ્મૃતિમાં રાખવા જેવી બાબત છે.' પછી થોડું અટકીને રેવાનંદજીએ આગળ કહ્યું,

'માટે જ, આ ધ્યેયની સ્મૃતિ રાખી બાકી બધું જ ભૂલી જાઓ.' પછી ભારપૂર્વક રેવાનંદજીએ કહ્યું, 'તમારી લાગણીઓને અને ભાવનાઓને કાબૂમાં રાખી પ્રત્યેક

પરિસ્થિતિમાં સ્થિર રહેવા 'સમતા'ભાવને કેળવો, સુખ-દુઃખ, માન-અપમાન, આદર-અનાદર, પ્રેમ-તિરસ્કાર, અનુકૂળતા-પ્રતિકૂળતા, ભાવ-અભાવ, સ્વાદ-બેસ્વાદ, ભૂખ-તરસ, ઠંડી-ગરમી, યોગ-વિયોગ, મિત્ર-શત્રુ, પોતાનું પારકું બધાંને એકસમાન દૃષ્ટિથી જોઈ, મનને તેનાથી વિચલિત કે પ્રભાવિત થવા ન દેશો. ધીમે ધીમે 'સમતાભાવ' કેળવતા કેળવવા બુદ્ધિ સ્થિર બની જશે અને તમે 'સ્થિતપ્રજ્ઞ' બની જશો.

કોઈ પણ બાબતની ઉપેક્ષા કે અપેક્ષા કર્યા વગર કર્મ કરશો તો તમે માત્ર દૃષ્ટા બની રહેશો. કોઈ પણ પ્રકારની લાગણીના સ્પંદનો તમને સ્પર્શ કરી શકશે નહિ. આથી તમારા પોતાનામાં જ આનંદ પ્રગટ થવાની તમે નિજાનંદમાં મસ્ત બની જશો. તમારી અંદર જ કુદરતી બક્ષિસરૂપ આનંદનો ખજાનો ભરેલો છે. તમારી અંદર જ પુષ્પોની સુગંધ ભરેલી છે, પ્રયત્ન કર્યા વગર જ તમારી અંદરથી મધુર સંગીત પ્રગટ થશે, કૃષ્ણની બાંસુરી તમારા સમગ્ર ચિત્તતંત્રને ડોલાવશે, તમારી અંદર જ 'હૃદય પ્રાણ' અથવા 'વિશ્વાત્મા' તમને સર્વજ્ઞ બનાવી દેશે.'

પછી થોડું અટકીને ઊંડો શ્વાસ લઈ, જાણે અંતરના ઊંડાણમાંથી બોલતા હોય તેમ રેવાનંદજી પુનઃ બોલી રહ્યા,

'બસ, માત્ર જરૂર છે. 'વિતરાગની !' બધામાંથી મનસહિતની ઇન્દ્રિયોને ભૌતિક પદાર્થોના આકર્ષણોમાંથી પાછી ખેંચવાની ! બસ, આટલું સિદ્ધ થઈ જાય પછી સાધકને ઊર્ધ્વગતિ તરફ જતાં કોઈ રોકી શકવા સમર્થ નથી.

પછી થોડું મૌનધારણ કરી, ઊંડો શ્વાસ લઈ રેવાનંદજી મારા બન્ને ખભા પર પોતાના હાથ મૂકી પ્રેમાળ સ્વરમાં બોલ્યા,

'માટે જ ખ઼ાસ આગ્રહ કરીને તમને કહું છું. સાધના અને તે માટેના 'સાધન' સિવાયની કોઈ પણ જાતની જિજ્ઞાસા રાખો નહિ. ભૂલી જાવ બધું, દુન્યવી ખ્યાલો, દુન્યવી ભાવો, દુન્યવી લાગણીઓ બધું જ વિસ્મૃત કરી દો ! જન્મની સાથે સંબંધો બંધાય છે, મૃત્યુ પછી એ સંબંધોનું કોય મૂલ્ય રહેતું નથી. ક્યારેક જન્મ, ક્યારેક મૃત્યુ, કર્માનુસાર ક્યારેક સ્વર્ગ તો ક્યારેક નર્ક, ક્યારેક 'રંક' તો ક્યારેક 'રાય', ક્યારેક 'સાધુ' તો કર્માનુસાર ક્યારેક શેતાન ! આ બધું નાટક નિરંતર અને અવિરત 'મહાકાલ'ના ઇશારાથી ભજવાયા જ કરે છે.'

વાત ચાલતી હતી, ત્યાં સામેથી છાત્ર અશોક આવતો દેખાયો, નજીક આવતા રેવાનંદજીએ પૂછ્યું, 'કેમ ! કશા નવીન સમાચાર કે સંદેશ છે ?'

'ના, એવું કશું નથી. હું તો અમસ્થો જ, અભ્યાસ કરી લીધા પછી થોડી વાર માટે આંટો મારવા આવ્યો છું.' પછી અટકીને પુનઃ બોલ્યો,

'દ્વાનબાપુ એક છોકરાને વીંછી કરડ્યો છે, તેની સારવાર કરીને પછી આ બાજુ

તમને બોલાવવા આવવાના છે તેમ કહ્યું છે !' ને ચાલતો થયો. રેવાનંદજીએ મારી કાંડા ઘડિયાળ પર આંગળી ચીંધી પૂછ્યું, 'કેટલો સમય થયો છે ?'

'બારમાં હજુ પાંચ મિનિટની વાર છે.' મેં જવાબ આપ્યો.

'ઠીક, વાંધો નહિ, ભોજનમાં હજુ થોડી વાર છે. દાન કદાચ ભોજનમાં મોડું ન થાય, એટલા માટે જ બોલાવવા આવવાનો હશે !' પછી મંદ મંદ હસીને રેવાનંદજી પુનઃ બોલ્યા,

'વાંધો નહિ. મહાકાલ ભલે ગતિ કરી રહ્યો આપણે તેની ઇચ્છા મુજબ તણાયા કરવાનું. આપણને તારવાની મહેનત તેણે જ કરવાની છે, આપણે માત્ર તેના પર શ્રદ્ધા રાખવાની છે, કર્મોના મૂળિયા ઉખેડી નાખવા, કર્મો નાશ પામતા આત્મા 'જીવનમુક્ત' બની શકે છે. પછી તેને પુનઃ જન્મ લેવો પડતો નથી, તે જીવતા જ પોતાની અંદર રહેલા પિંડને મહાપિંડમાં ઓગાળી નાખે છે.' રેવાનંદજી આટલું કહીને મૌન બન્યા. ત્યાં જ દાનબાપુ આવીને બોલ્યા,

'સત્સંગ ખૂબ લાંબો ચાલ્યો. હવે પિંડને પોષણ આપવાનું કર્મ કરીએ !' કહી ખડ્ખડ્ હસીને પુનઃ બોલ્યા, 'મધ્યાહ્‌ન ભોજન તૈયાર છે. ચાલો પ્રસાદ લેવા ! ને ચાલતા થયા, પરંતુ આગળ વધવા ડગ ભરી રહેતા દાનબાપુને મારાથી પૂછ્યા વગર ન રહેવાયું.'

'દાનબાપુ ! કોઈ છોકરાને વીંછી કરડેલો તેનું ઝેર તમે કઈ રીતે ઉતાર્યું ! કોઈ મંત્ર કે પછી કોઈ ઔષધ વડે ?'

ક્ષણભર ઊભા રહી દાનબાપુ મારી સામે તાકી રહ્યા. પછી હસીને બોલ્યા, 'અરે નારાયણ ! ન કોઈ ઔષધિયુક્ત જડીબુટ્ટી કે ન કોઈ મંત્ર-તંત્રથી, બસ એમ જ હું ઝેરપ્રૂફ થઈ ગયો છું. મને ઘણી વખત સાપ અને વીંછી કરડ્યા છે, ઝેર મારા શરીરમાં ફેલાયેલું છે.' પછી ખડ્ખડ્ હસીને હળવાશથી બોલ્યા, 'ઝેરને મારા શરીરનું આકર્ષણ થઈ ગયું છે; એટલે જેને વીંછી કરડ્યો હોય તેના ડંખવાળા ભાગ પર બસ હાથનો સ્પર્શ કરું કે તુરત જ ઝેર મારા શરીરમાં ખેંચાઈ જાય છે. પૂરું ! દર્દીને આરામ !' કહી મારા ખભાને સ્પર્શ કર્યો. ને ચાલતા થયા.

હું તેની પ્રભાવી પીઠને જોતો રેવાનંદજી સાથે ચાલવા લાગ્યો. આજે શનિવાર હતો, એટલે ભોજનમાં બાજરાના રોટલા, અડદની દાળ તથા બીલાં અને લીલા વાંસનું અથાણું હતા. શુદ્ધ સોરઠી ભોજન જમી અમે બહાર નીકળ્યા, મારા રૂમની સીડી સુધી સાથે રહેલ રેવાનંદજીએ મને કહ્યું,

'થોડી વાર માટે 'વામકુક્ષી' કરો, પછી ઇચ્છા પડે તો સ્નાન, નહિ તો હાથ-પગ ધોઈ તૈયાર થઈ જશો. આજે આપણે થોડે લાંબે સુધી ફરવા જવાનું છે.' કહી તેઓ પોતાના સ્થાન પર જતા રહ્યા.

રૂમ પર આવી આડે પડખે પડી 'વામકુક્ષી' કરતાં કરતાં હું વિચારે ચડ્યો. ખાસ કરીને પૂર્વજન્મની અનુભૂતિ મને વારંવાર યાદ આવી રહી હતી. માધવાનંદજીની મારા પરની 'અહેતુક કૃપા' હવે કહું તો 'સ્નેહ'નું રહસ્ય મને સમજાવા લાગ્યું.

પુરણપુરીજીના કથનનો સાર તો મેં તેમના પર કરેલી કૃપા અથવા 'ઉપકાર' કે 'મોટાભાઈ તરીકેની ફરજ'ના જ કારણરૂપ છે. માધવાનંદજીએ પણ વિદાય પૂર્વે સંકેત કરેલો કે 'મારા અને તમારા અનેક જન્મો થઈ ચૂક્યા છે. તમે એ નથી જાણતા, પરંતુ અમે તે બધું જાણીએ છીએ.' ઉપરાંત માધવાનંદજીએ એમ પણ કહેલું કે, 'મારી આ તમારા પર કૃપા નથી. હું તો માત્ર 'ઋણ' ચૂકવી રહ્યો છું !' એ શબ્દો મને યાદ આવતા શિવાનંદ સરસ્વતીજીની સમાધિ પર મને થયેલ પૂર્વજન્મની ઝાંખીના અનુભવોનું અનુસંધાન આ વાત સાથે મળી ગયું ! 'આખરે માધવાનંદજી છે કોણ ?' એ પ્રશ્નના અનુસંધાને તીવ્ર જિજ્ઞાસાપૂર્વક ભૂતકાળને ચૂંથી રહેલા મને એ પ્રશ્નનો ઉત્તર મળી ગયો.

મને લાગ્યું કે જો મારી આ તીવ્ર જિજ્ઞાસા સંતોષાઈ ન હોત તો, હું વારંવાર આ પ્રશ્નના ઉકેલમાં અટવાઈને સાધનાના પથ પર જતાં, કદાચ થયેલી પ્રગતિને પણ રૂંધી નાખત ! આ બાબત શીઘ્ર સમાધાન થઈ જવું એ મારા માટે લાભપ્રદ હશે; અને તેથી જ રેવાનંદજીએ પોતાના યોગબળ દ્વારા મને પૂર્વજન્મની પ્રતીતિ કરાવી હશે.

મારા માટે તૈયાર કરેલ સાધના સ્થળ પરથી અમો જ્યારે છુટ્ટા પડેલાં ત્યારે જ રેવાનંદજીએ મને કહેલ માર્મિક શબ્દો યાદ આવ્યા, 'આજુબાજુ શાંતિથી લટાર મારો, કદાચ તમારી તીવ્ર જિજ્ઞાસાને થોડો સંતોષ મળી જાય, એવું પણ બને !' કહી તેઓ મર્મમાં હસીને ચાલતા થયેલા. ને એ પછી મારી તીવ્રજિજ્ઞાસા પણ સંતોષાઈ ગઈ. ખરેખર જે થયું તે સારું જ થયું, નહિ તો આ જિજ્ઞાસા જ મારી સાધના માટેનું અવરોધક પરિબળ બની રહેત ! માધવાનંદજીની અહીંથી 'વિદાય' પણ કદાચ આ અનુસંધાને હોય ! તેમનો સતત મળતો સહારો જ કદાચ મને 'પાંગળો' બનાવી દેત, કદાચ મારા અને તેમના વચ્ચે 'માયા'નું બંધન પણ થઈ જાત ! અને તે કારણે જ જન્મ-મૃત્યુના ચક્કરમાં ફસાવું પડે છે, ફસાવું પડત.

રેવાનંદજીના ઉપદેશથી 'સ્મૃતિ'ની નિરર્થકતા હવે મને પૂરેપૂરી સમજાય ગયેલી ! આ બધાને યાદ કરવું એ નિરર્થક વ્યાયામ છે, રેવાનંદજીના ઉપદેશથી મને હવે બધું સમજાઈ ગયું હતું. મને લાગ્યું કે હવે હું ધ્યેય તરફ સરળતાથી અને સહજતાથી આગળ વધી શકીશ !

•

વિભાગ - ૨

•

ગેબી ગિરનાર

8

'વામકુક્ષી' દરમિયાન વિચાર કરતાં કરતાં મને તંદ્રાવસ્થા પછી થોડી ક્ષણો ગાઢ ઊંઘ આવી ગયેલી. વામકુક્ષીનો સમય માત્ર પંદર મિનિટનો હોય છે, હું ત્રિસ મિનિટ સુધી ઊંઘ્યો હોઈશ. મેં ઘડિયાલમાં જોયું. આ ગાળો બરાબર હતો.

નીચે સ્નાન કરી ઉપર આવ્યો, સ્વસ્થતાપૂર્વક વસ્ત્રો બદલી નીચે આવ્યો તો દાનબાપુ સામે જ ઊભા હતા. બોલ્યા,

'હું તમને બોલાવવા જ આવી રહ્યો હતો; રેવાનંદજી, બાપુના કમરામાં તમારી રાહ જોઈ રહ્યા છે. હું તમારા બન્ને માટે ચા લઈને આવું છું.' કહી દાનબાપુ રસોઈ ઘર તરફ જતા રહ્યા.

માધવાનંદજીના કમરામાં દાખલ થતાં મેં જોયું તો રેવાનંદજી, માધવાનંદજીના કાયમી આસનની બાજુમાં બેઠેલા હતા. મેં પણ તેમની નજીક આસન લીધું. રેવાનંદજી મૌન ધારણ કરી બેઠા હતા.

મેં માધવાનંદજી વગરના કમરાનું નિરીક્ષણ કર્યું, તો મને લાગ્યું કે, કમરામાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. સેટી પલંગથી થોડે દૂર એક મેજ પર વ્યવસ્થિત રીતે ગોઠવેલા થોડાં પુસ્તકો પડેલાં હતાં, એક અન્ય મોટા મેજ પર તાજા ફૂલો રાખેલ ફૂલદાની હતી, તેની બાજુમાં તાજા પાણીનું મટકું હતું. ખુલ્લી બારીઓમાંથી સડકની પેલે પાર જોગણિયા ડુંગરનો થોડો ભાગ અને તેના પર આચ્છાદિત લીલીછમ વનશ્રી લહેરાતી જોઈ શકાતી હતી, આંખને ઠારે તેવું દશ્ય જોઈ, હું પુલકિત બની ઊઠી બોલ્યો,

'વાહ, સુંદર ! માધવાનંદજીનો કમરો આ પહેલી વાર જ ધ્યાનથી જોયો.'

'બરાબર છે !' રેવાનંદજી હસીને બોલ્યા, 'કોઈ પણ સ્થાનની સુંદરતા કે પવિત્રતા માણવા માટે સ્વસ્થ અને શાંત ચિત્તની જરૂરત હોય છે. અસ્વસ્થ અને અશાંત ચિત્તને

કારણે એ જ સ્થળ હોવા છતાં તેની વિશિષ્ટતા જાણી શકાતી નથી.' પછી પ્રેમાળ દષ્ટિ કરીને બોલ્યા, 'હવે, તમારી બધી જ વિટંબણાઓ દૂર થઈ ગઈ છે, કેમ બરાબર ને !' મેં સહમત થતાં નમ્રભાવે મસ્તક નમાવ્યું.

'અને જુઓ !' પુનઃ રેવાનંદજી બોલ્યા, 'હવે આજથી તમારે અને મારે, બન્નેએ આ કમરામાં સાથે જ રહેવાનું છે !'

સાંભળી આશ્ચર્યથી હું તેમના સામે જોઈ રહ્યો.

'ખૂબ વિચારપૂર્વક આ નિર્ણય કર્યો છે. ઉન્નત સાધના માટે પવિત્ર અને મંત્રાભિભૂત સ્થળ સાધનામાં બળની વૃદ્ધિ કરે છે. આવા સ્થળના પવિત્ર વલયો સાધકમાં શક્તિસંચાર કર્યા કરે છે.'

સાંભળી હું અંતરથી નાચી ઊઠ્યો. ખરેખર તો આ મારું મોટું સદ્દભાગ્ય ગણાય. માધવાનંદજીનો પવિત્ર કક્ષ અને સાથે રેવાનંદજીનું સતત સાનિધ્ય ! બસ પછી પૂછવું જ શું ? મારા ભાવો વાંચીને રેવાનંદજી બોલ્યા, 'હું જાણતો જ હતો કે તમને આ નિર્ણય ગમશે ! તમારા અત્યારના રૂમમાં યાત્રિકોને ઉતારો આપવામાં આવે છે. એ બધા જ વિચારોની દષ્ટિએ મલિન પણ હોઈ શકે, સાધના દરમિયાન તેની અસરો તમારા પર થયા કરે તે ઉચિત ન ગણાય. તમારી સાધના હવે ઉગ્ર બનવાની હોય, આ નિર્ણય કરેલો છે.'

દાનબાપુ ચા લઈને આવી જતાં વાતો અટકી. ચાને ન્યાય આપી રહ્યા બાદ દાનબાપુએ રેવાનંદજીને સંબોધીને કહ્યું,

'ગાયોને 'જવ' ખવડાવવાનું કાલથી જ શરૂ કરીશું ને ? કે, થોડા દિવસ બાદ ?'

'કાલથી જ શરૂ કરો. ચાર-પાંચ દિવસનો સ્ટોક થવો જરૂરી છે, સુકાતા પણ સમય લાગશે.'

'ભલે તેમ !' કહી, દાનબાપુ જતાં રહ્યા.

ગાયને જવ ખવડાવવાની વાત અંગે હું વિચારી રહ્યો હતો. ત્યાં જ મારા મુખ પરના ભાવો રેવાનંદજી જાણી જતાં બોલ્યા,

'આ પૂર્વતૈયારી તમારી સાધના માટે છે.' કહી રેવાનંદજી ખડખડાટ હસી પડ્યા. ગાયને જવ ખવડાવવાની ક્રિયાને મારી સાધનાના અનુસંધાને ન સમજી શકતા પ્રશ્નાર્થ ભાવે હું તેમની સામે જોઈ રહ્યો. હસીને હું રમૂજમાં બોલ્યો, 'આ વળી નવું !'

'હા, તમારા માટે એ જરૂર 'નવું' છે, પરંતુ 'ગાયત્રી સાધના' માટે એ ખાસ જરૂરી છે. પ્રથમ નવ દિવસ તમારે ગાયત્રીનું લઘુ-અનુષ્ઠાન કરવાનું છે. એ સમય દરમિયાન ગાયના છાણમાંથી નીકળેલા આખા જવની રોટીનું જ દૂધ સાથે અલ્પભોજન લેવાનું છે. હું પણ તમારી સાથે, એક વખત આ જ રોટીનું ભોજન કરીશ. ગાયત્રી સાધનામાં

ભોજનનું ખાસ મહત્ત્વ છે, ભોજનમાં લેવાતા પદાર્થોને કારણે સાધકમાં રજ અને તમોગુણોને દબાવી માત્ર સત્ત્વગુણની વૃદ્ધિ થાય, તેવો પવિત્ર અને સાદો, તેમજ હૃદય-મનને પવિત્રતાથી પૃષ્ટ કરે તેવો ખોરાક લેવો જોઈએ. ગાયમાતા પવિત્રતાનું દ્યોતક અને દેવતાઓનું નિવાસસ્થાન છે, તેથી જવ સાધકના સત્ત્વગુણને વધારે છે, કુવિચારો સતાવતા નથી, મન પવિત્ર અને નિર્મળ બની રહે છે.

સાધનાની સફળતા માટે ચિત્તની એકાગ્રતા, તન્મયતા, શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વકનાં ભક્તિભાવથી ભરેલું મન હોવું જરૂરી છે. કેળવાયેલું મન સફળ બને છે. ઉદ્વિગ્ન, અશાંત, ચિંતાતુર, ઉત્તેજિત, ભય અને આશંકાથી ઘેરાયેલું મન સ્થિર રહી શકતું નથી. મન મરકટ જેવું હોય, પ્રત્યેક પળે આમતેમ દોડતું રહે છે, ક્યારેક તે કુવિચારોમાં તલ્લીન બની જાય છે. મનની આવી ભાગદોડ સાધકના ચિત્તને વિચલિત કરી પદભ્રષ્ટ કરી નાખે છે.'

મનની આવી સ્થિતિ દૂષિત અનાજથી જ થાય છે, કારણ કે અન્નની પંદરમી કળાથી જ મન બને છે.' પછી થોડી વાર અટકીને રેવાનંદજી પુનઃ બોલ્યા,

'ગાયત્રીના મહાન પ્રણેતા, કે જે હિમાલયમાં જ રહે છે, તે પ.પૂ. સર્વેશ્વરાનંદજીએ અમને હરિદ્વારમાં સાધના દરમિયાન એક વખત ઉપદેશ આપતા કહેલું,

"જ્યાં સુધી મનને બધી બાજુઓથી ખેંચીને, બધી વાતો ભૂલીને, એકાગ્રતા અને તન્મયતાની સાથે, ભક્તિભાવનાપૂર્વક, માતાના ચરણોમાં લગાવી દેવાય નહિ, ત્યાં સુધી આપણાંમાં ગાયત્રીની મહાન શક્તિને આકર્ષિત કરી શકવાની ક્ષમતા અને ઇચ્છિત ઉદ્દેશની પૂર્તિમાં આપણને સહાય કરી શકે તેવું ચુંબકત્વ પેદા ન થઈ શકે.''

'પરંતુ રેવાનંદજી ! પ્રારંભમાં સાધકની મનોભૂમિ અસ્થિર હોય, છતાં તે કોઈ પ્રલોભન કે કોઈ સારા સંસ્કારના ઉદ્દીપનને કારણે સાધના કરવા પ્રેરાય, તો શું તેનો શ્રમ નિષ્ફળ જાય ?' મેં વચ્ચે પ્રશ્ન કર્યો.

'ના ! કોઈ પણ 'કર્મ' નિષ્ફળ હોતું નથી !' જવાબ મળ્યો અને આગળ કહ્યું,

'અવિશ્વાસુ, અશ્રદ્ધાળુ અને અસ્થિર ચિત્તના મનુષ્યો પણ ગાયત્રી સાધના નિયમપૂર્વક કરતાં રહે, તો અમુક સમય પછી, એમના પ્રસ્તુત દોષો ધીમે ધીમે દૂર થતા જાય છે; અને ધીમે ધીમે શ્રદ્ધા-વિશ્વાસ અને એકાગ્રતા ઉત્પન્ન થવાથી, તેઓ સફળતા તરફ વેગપૂર્વક આગળ વધી શકે છે. ભલે કોઈની મનોભૂમિ અસંયમી તથા અસ્થિર હોય, તો પણ તેણે સાધનામાં અવિરતપણે લાગી રહેવું જોઈએ, કોઈક દિવસ તેમની ખામીઓ દૂર થશે જ. શ્રદ્ધા અને વિશ્વાસની શક્તિથી વાસનાયુક્ત મનુષ્યો પણ 'સંતશિરોમણિ' બની શકે છે !' થોડું અટકીને રેવાનંદજી આગળ બોલ્યા,

'બીજી ખાસ વાત ધ્યાનમાં રાખવાની છે. શાસ્ત્રોએ આ બાબતે ખાસ નિર્દેશ કર્યો છે, 'સંદિગ્ધો હિ હતો મંત્રઃ વ્યગ્રચિત્તો હતો જપઃ ।'

સંદેહ કરવાથી મંત્ર હત થઈ જાય છે અને વ્યગ્રચિત્તથી કરેલો જપ નિષ્ફળ જાય છે. તો જ તમે અંતરમાં ચિતિશક્તિને ધારણ કરી શકશો.'

'આમ તો તમે ગાયત્રી સાધના કરેલી જ છે, એ શક્તિ તમારામાં વિદ્યમાન છે જ, પરંતુ કોઈ વિશેષ પ્રયોજન માટે જ્યારે વિશેષ શક્તિનો સંચય કરવો પડે છે, ત્યારે ગાયત્રી ઉપાસનાને વધુ ઉગ્ર બનાવવી પડે છે, આ માટે વિશિષ્ટ ક્રિયાકલાપ કરવા પડે છે. આ ક્રિયાને 'અનુષ્ઠાન' કહેવામાં આવે છે. પ્રબળ અને વધુ શક્તિ એકત્રિત કરવા માટેની આ વિશિષ્ટ અને વિશેષ ક્રિયા છે !'

પછી તેમની વાતને વિશેષ પૃષ્ટિ આપવા દૃષ્ટાંત આપતા રેવાનંદજીએ ઉમેર્યું,

'સિંહ જ્યારે હરણ પર તરાપ મારે છે, બિલાડી જ્યારે ઉંદર પર છાપો મારે છે, ત્યારે તે એક ક્ષણ સ્તબ્ધ થઈને શ્વાસ રોકીને, જરા પાછળ હઠીને અંદર છુપાયેલી શક્તિને જાગૃત અને સતેજ કરે છે; અને ત્યાર પછી જ તે અચાનક પૂરી તાકાતથી પોતાના શિકાર પર તૂટી પડવા છલાંગ મારે છે. અનુષ્ઠાન દ્વારા એ જ કાર્ય આધ્યાત્મિક દૃષ્ટિબિંદુના આધારે થાય છે. આ શક્તિસંચય માટેનો આધ્યાત્મિક કૂદકો અર્થાત્ લાંબી છલાંગ છે.'

'તમને જરૂરી શક્તિ લઘુ અનુષ્ઠાનથી જ પ્રાપ્ત થઈ જશે, તમારે યૌગિક ક્રિયાઓ, નેતિ-ધોતિ વિગેરે કરવી પડશે નહિ.' પછી થોડું અટકી ગવાક્ષમાં રહેલ સરયુદાસજીની પાદુકા તરફ અંગુલિનિર્દેશ કરતા બોલ્યા,

'તમારા ભવિષ્યના ગુરુ સરયુદાસજીની પાદુકોઓનું પૂજન-અર્ચન, ધ્યાનથી તમારામાં 'શક્તિપાત' થતો રહેશે.'

વાત પૂર્ણ કર્યાના ભાવ સાથે જવાનો નિર્દેશ કરતાં રેવાનંદજી ઊભા થતાં બોલ્યા, 'ચાલો ત્યારે આપણે નીકળીએ, મોડું થશે નહિ, પરંતુ કદાચ મોડું થતાં અંધારું થઈ જાય તો તમારી પાસેની બેટરી સાથે લઈ લેશો.'

પછી દાનબાપુને બોલાવીને કહ્યું, 'થોડા મમરા કે સીંગ-ચણા નાના થેલામાં ભરી આપશો, માછલાઓને ખવડાવવા કામ લાગશે !'

અમે ગાયત્રી મંદિરમાં દર્શન કરી તેની પાછળ આવેલ ઊંચી ટેકરી પર સ્થિત વાઘેશ્વરી માતાના દર્શન કરવા પગથિયા ચડી ધીમે ધીમે જઈ રહ્યા હતા. ટેકરી પર એક મોટી શિલા પર વાઘેશ્વરી માતાના પ્રતીક સમું ચિન્હ ત્રિશૂલ માત્ર છે. ત્યાં એક શિલા જેવો સપાટ મોટો પથ્થર છે, જે ઝાલરની જેમ રણકાર કરીને વાગે છે.

દર્શન કરી ટેકરીની પાછળના ભાગમાં આવેલી અન્ય ઊંચી ટેકરીઓ અમે પસાર

કરી રહ્યા હતા. હું આ સ્થળનું ઉત્સુકતાથી નિરીક્ષણ કરી રહ્યો હતો, ત્યાં રેવાનંદજી મૌન તોડતા બોલ્યા,

'આ ગિરનાર વિસ્તારના બધા ખડકો 'અગ્નિકૃત' ખડક છે, તેમાં લોખંડનું તત્ત્વ વધારે હોવાથી ઝાલરના જેવો રણકાર થાય છે.' પછી થોડું અટકીને બોલ્યા,

'તમે જાણો છો ?' જાણે કોઈ રહસ્ય બતાવતા હોય તેમ પ્રશ્નવાચક શબ્દોમાં રેવાનંદજી બોલ્યા, 'આ ગિરનાર પર્વત જેટલો બહાર દેખાય છે, તેટલો જ જમીનની અંદર પણ દટાયેલો છે અને એ રીતે ગિરનાર જમીનમાં રહેલી વિશાળ ખાઈને પૂરી રહ્યો છે.'

સાંભળી હું આશ્ચર્યસહ તેમની સામે જોઈ રહ્યો, પરંતુ મેં પ્રતિપ્રશ્ન કરતાં તે આગળ બોલ્યા, 'આની પાછળ એક કથા છે, પરંતુ અત્યારે આ વિષય પર વાત કરવી જરૂરી નથી.' કહી રેવાનંદજીએ પશ્ચિમ તરફની ટેકરીઓ તરફ ઇશારાથી મારું ધ્યાન દોરતા કહ્યું,

'જુઓ સામેની ટેકરીઓ તમને કેવી લાગે છે ?'

મેં તે તરફ દૃષ્ટિ કરતા હું વિસ્મય પામી ગયો. ટેકરીઓની કેટલીક ખુલ્લી જમીન અને ટોચનો ભાગ સોનેરી ઝરી પાથરી હોય તેમ ઝગારા મારી રહ્યો હતો. સૂર્યના પ્રકાશનું તેજ પરિવર્તિત થઈ મેદાન તથા ખુલ્લા ભાગમાં ઊગેલાં વૃક્ષો અને વાંસને સોનેરી રંગથી રંગી રહ્યું હતું. હું આ હૃદયંગમ્ દશ્ય નિહાળી રહ્યો હતો, ત્યાં જ રેવાનંદજી બોલ્યા, 'લોકવાયકા એવી છે કે, આ ગિરનાર પર્વત પૂરેપૂરો પથ્થરનો નહિ, પરંતુ આખે આખો સુવર્ણનો જ છે, પરંતુ મનુષ્યોના ચર્મચક્ષુઓથી તે જોઈ શકાતો નથી.'

કહી રેવાનંદજી મૌન બનીને મને દોરતા આગળ વધી રહ્યા. મેં પણ મૌન આશ્ચર્ય સિવાય કોઈ પ્રતિભાવ આપ્યા વગર તેમની સાથે કદમ મિલાવ્યા.

રેવાનંદજી સાથે તેમના કહેવા મુજબ હું ચાલી નીકળ્યો, પરંતુ છેક હવે મને એ બાબત પ્રશ્ન ઉદ્ભવ્યો, ને જિજ્ઞાસાવશ મેં પ્રશ્ન કર્યો, 'રેવાનંદજી ! આપણે કઈ જગ્યાએ પ્રસ્થાન કરી રહ્યો છીએ ? અને ત્યાં જવાનું ચોક્કસ પ્રયોજન પણ હશે ! જો હરકત ન હોય તો !'

'અરે... !' રેવાનંદજી વચ્ચે જ મને અટકાવી બોલ્યા,

'હરકત શાની વળી ? ખરેખર તો તમે મને આ બાબત પૂછ્યું ન હોત તો જ મને નવાઈ લાગત !' કહી ખડખડ હસીને મારો હાથ પકડીને બોલ્યા,

'તમારી સાધનાને ઉત્કૃષ્ટ બતાવે તે માટે દઢ શ્રદ્ધા અને વિશ્વાસની આવશ્યકતા ખાસ રહે છે, તમારી શ્રદ્ધા અને વિશ્વાસને સુદઢ બનાવે અને સાથે સાથે તમારી જિજ્ઞાસાને સંતોષ આપે તેવા સ્થાનો અને યોગીઓના પ્રત્યક્ષ દર્શન તમને થાય એ હેતુથી હું તમને ખાસ પ્રવાસ કરાવી રહ્યો છું.'

સ્થળના નામ વિશે જાણવાની ઇચ્છાથી મેં તેમની સામે જોયું, જોકે મને ખબર હતી કે રેવાનંદજીને પૂછવાની જરૂરત નથી, પૂછ્યા વગર જ જવાબ મળી જશે અને એમ જ બન્યું. તુરત જ રેવાનંદજી હસીને બોલ્યા,

'આપણે જ્યાં થઈને અને જ્યાં જઈ રહ્યા છીએ, તે 'અગોચર' ભૂમિસ્થાન છે. સામાન્ય લોકો આ સ્થળ પર પ્રવેશી શકતા નથી. અગર જો પ્રવેશી જાય તો જંગલમાં અને ટેકરીઓમાં અટવાઈને મુશ્કેલીથી બહાર નીકળી શકે છે, ખડકાળ જમીન અને જંગલ સિવાય તેમને કશું જ નજરમાં આવી શકતું નથી. ખાસ સાધક લોકોને જ અહીં પ્રવેશવાની મંજૂરી મળે છે !'

ખડકાળ જમીન અને કાળમીંઢ મોટા પથ્થરો તથા ઝાંખરાને વટાવતા અમે ગાઢ વનરાજીયુક્ત પર્વત જેવડી ઊંચી ટેકરીની ટોચે આવી પહોંચ્યા હતા. હું અદ્‌ભુત કુદરતી સૌંદર્યને માણી રહ્યો હતો. દૂર દૂર શહેર અને તેની આગળનો પ્રદેશ માઈલો સુધી વિસ્તરેલો નજર આવી રહ્યો હતો. મને લાગ્યું કે મંદ મંદ શીતળ પવનમાં આ દૃશ્યને માણવું એ જિંદગીનો એક લહાવો છે; અને આજે હું એ લહાવો લઈ રહ્યો હતો.

અમે એટલી ઊંચાઈ પર હતા કે, વેરાવળ અને માંગરોળના સમુદ્રપર્યંત અમારી દૃષ્ટિ પહોંચી શકતી હતી. અચાનક મને ઠંડીનો અનુભવ થયો. અમારી આગળ-પાછળથી અને ઉપરથી ઠંડા ભેજવાળું વાદળ ઝડપથી પસાર થઈ ગયું. મેં નીચે દૃષ્ટિ કરી તો, ખીણમાં રૂ જેવા વાદળાઓ ધુમાડાના સ્વરૂપમાં ઉત્તર તરફ ગતિ કરતાં આગળ વધી રહ્યા હતા. અમે વાદળાઓ કરતાં પણ વધુ ઊંચાઈએ આવી પહોંચ્યા હતા. મારું હૃદય આ હૃદયંગમ દૃશ્ય જોઈને ભાવવિભોર બની ગયું હતું, મને આનંદમાં આવી બૂમ પાડી, નાના બાળકની જેમ કૂદવાનું પ્રલોભન થયું. કુદરતના આ સૌંદર્યને હું જાણે ખોબે ભરીને પી રહ્યો હતો, ત્યાં જ આનંદ સમાધિમાં ડૂબેલા મને રેવાનંદજીના શબ્દો સંભળાયા,

'તમે જે જુઓ છો, એ બધું ઈશ્વરમય સમજો.' કહી તેઓ મારી નજીક આવી ખભાને સ્પર્શ કરીને પુનઃ બોલ્યા,

'જે જે દૃષ્ટિગોચર થાય છે, એ બધું જ પરમાત્માની લીલા અને પરમાત્માથી જ ભર્યું ભર્યું છે, એવું વિચારવાથી ધ્યાન વિશેષ સારું થાય છે. સર્વત્ર ઈશ્વર સિવાય કશું જ નથી, એ જ સાચી દૃષ્ટિ છે. આવી વિચારધારા જન્મ-મરણનાં ચક્કરમાંથી છોડાવે છે.'

'તમે માત્ર કુદરતના સૌંદર્યને નિહાળીને ધન્યતા અનુભવતા અટકી ન જશો, સાથે સાથે એ ભાવ પણ કેળવો કે સમગ્ર વિશ્વ પરમાત્માનું જ અભિન્ન અંગસ્વરૂપ છે. પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ, આગળ-પાછળ, ઉપર-નીચે બધે જ પરમાત્માના દર્શન કરનાર

વ્યક્તિ તત્કાળ 'જીવનમુક્ત' બની જાય છે.' મને આગળ વધવાનો નિર્દેશ કરતા રેવાનંદજી સ્વયં આગળ વધી રહ્યા.

થોડા પગથિયા ચડતાં જ મને થાક લાગી જાય છે, આજે રેવાનંદજીના સાંનિધ્યમાં આટલું ઊંચુ ચડાણ ચડવા છતાં, મને જરા પણ થાકનો અનુભવ થતો નથી, ચાલવાનો કંટાળો પણ આવતો નથી, આટલી શક્તિ અને ઉમંગ અને સહનશક્તિ મારામાં કઈ રીતે આવી ગઈ હશે ? મારા માટે નવાઈની બાબત હતી. એ જ ક્ષણે મારા મનોવિચારને જાણી ગયેલા રેવાનંદજી બોલ્યા,

'એ બધો આ ભૂમિનો પ્રતાપ છે. આ ભૂમિ એ તમારા જન્મ-જન્માંતરના થાકને ઉતારી નાખ્યો છે, તમારી પ્રશંસાનું કારણ તમારી અંદર જ પડેલું છે. કારણ કે હવે તમારું અંતઃકરણ શાંત, વિષાદરહિત અને મનુષ્યના શત્રુઓ કામ, ક્રોધ, વેરની ભાવના, ઈર્ષા, આકાંક્ષાઓ, ભય વિગેરેથી મુક્ત બની ગયું છે, તમે બાળક જેવા નિર્મળ, નિખાલસ અને નિષ્પાપ બની ગયા છો. આને કારણે તમારી અંદર આનંદની ભરતી ચડી છે. મન જ શરીરને થકવી નાખે છે, શરીરને કદી થાક લાગી જ ન શકે. શરીર જે પંચમહાભૂતોનું બનેલું છે, એ પંચતત્ત્વો કેટલાં મજબૂત અને મૂલ્યવાન છે !'

પછી રેવાનંદજીએ પોતાના પગ નીચેની ધરતીનો નિર્દેશ કરીને કહ્યું, 'જુઓ, આ પૃથ્વી કેવી સુંદર છે. કેટલાં પ્રકારના અન્ન ઉગાડી પ્રાણીઓનું માતાની જેમ પોષણ કરે છે. નિર્મળ જળ પોતાના પેટાળમાં પ્રાણીઓ માટે સંગ્રહિત કરી રાખે છે. જેનાથી ધાન્ય, ઔષધિઓ, ફળ-ફૂલ, વૃક્ષો વિગેરેને જીવન પ્રાપ્ત થાય છે, શરીરના દૃશ્યમાન પ્રત્યેક અંગો પૃથ્વીતત્ત્વમાંથી નિર્માયા છે. અગ્નિતત્ત્વ દરેક પ્રાણીમાં રહીને જઠરાગ્નિરૂપે ખાધેલા અન્નને પચાવે છે, વાયુતત્ત્વ તો પ્રાણીમાત્ર તેમજ સમગ્ર સજીવ સૃષ્ટિ માટે જીવનનો આધાર છે, વાયુ પ્રાણરૂપે જડ-ચેતનમાં વ્યાપ્ત છે, સમગ્ર વિશ્વ તેના જ આધારે ક્રિયાશીલ છે. પ્રાણ નીકળી જાય તો શરીર નકામું બની જાય છે. આકાશ 'નિર્લેપ' આત્માની ઝાંખી કરાવે છે. આકાશનો ગુણ શબ્દ છે, તેથી જ પ્રાણીઓ સાંભળી શકે છે, વાતચીત કરી શકે છે.'

'આ શરીરનો પૂર્ણ રીતે વિમર્શ કરી તેમાં પરમાત્માની ભાવતા કરી, તેમાં તેનું નિરૂપણ કરીને શરીરને પ્રેમ કરો. શરીર એ આત્માને મળેલી અમૂલ્ય ઈશ્વરીય ભેટ છે. માટે પ્રત્યેક ઇન્દ્રિઓમાં દેવતાઓનું સ્થાપન કરો. ઇન્દ્રિયોમાં વિદ્યમાન ગુણો દ્વારા ગુણોની પૂજા કરો, પરંતુ પૂજામાં જીવંતતા હોવી જ જોઈએ, કેવળ પ્રેમ, અપાર પ્રેમ-કામના રહિત પ્રેમથી ભરેલી એ પૂજા હોવી જોઈએ !'

પછી મૂળ વાત પર આવતા બોલ્યા, 'તમને લેશમાત્ર થાક ન લાગ્યો, કારણ કે તમે જ તમારા શરીરને સહકાર આપ્યો અને શરીર તો ઇન્દ્રિયો દ્વારા તમારી સહાય

કરવા સહેજે તૈયાર જ છે. શરીર પર તમે જેવા ભાવોનું આરોપણ કરશો, તેવું તે બનવા તૈયાર થઈ જશે. જરૂર છે શરીર વિમર્શ કરવાની.'

અમે વાતો કરતાં કરતાં ધીમે ધીમે નીચે ઊતરી રહ્યા હતા. ટેકરીની પાછળની બાજુ નીચે ઊતરતાં મેદાન જેવું દેખાયું, અમે મેદાનમાં પ્રવેશ કર્યો, જે બે પર્વતો વચ્ચેનું આ ઊંચુ મેદાન હતું. સમુદ્રની સપાટીથી આ મેદાન કેટલું ઊંચુ હશે તેનો અંદાજ થઈ શકે તેમ ન હતો.

રેવાનંદજી મને દોરતા મેદાનના સામેના છેડા તરફ આગળ વધ્યા, મેદાન સપાટ હતું નહિ. કાળમીંઢ પથ્થરોથી ચાલવામાં કઠિન અને લીલીછમ વેલી, વાંસ અને છૂટક વૃક્ષોની આચ્છાદિત હતું ! વચ્ચે નિર્મળજળનો વોકળો ખડ્‌ખડ્ કરકતો વહી રહ્યો હતો.

વોંકળાને કાંઠે કાંઠે ચાલતા અમે મેદાનને છેવાડે આવ્યા. તો ઘણી જ ઊંડી ખીણ નજરે પડી. ખીણને તળિયે ઘુમ્મસ જેવું વાદળિયું વાતાવરણ હતું.

રેવાનંદજીએ મારી નજીક આવી ખીણ તરફ આંગળી ચીંધી મારું ધ્યાન દોરતા કહ્યું.

'જુઓ, નીચે શું દેખાય છે ?' મેં નીચે નજર કરી ઉતાવળો જવાબ આપ્યો, 'ધૂમ્રાચ્છાદિત ખીણ, તેમાં શિલાઓ અને વૃક્ષો !'.

'હજુ જરા ધ્યાનથી જુઓ.' રેવાનંદજીએ પુનઃ કહ્યું.

મેં જરા વધારે ધ્યાનથી નિરીક્ષણ કરીને જોયું તો વૃક્ષોની વચ્ચે થઈને વાંકીચૂંકી કેડી જેવો સાંકળો ગુફા આકારમાં ગોઠવાયેલી શિલાઓ તરફ જતો રસ્તો મેં જોયો. જવાબની રાહ જોયા વગર રેવાનંદજીએ કહ્યું,

'બસ એ જ, તમારી જિજ્ઞાસાનું કેન્દ્રસ્થાન. 'ગિરનારી બાવા'નું કાયમી નિવાસસ્થાન ! જે સ્થાન અત્યંત ગુપ્ત છે, ત્યાં જવું પણ મુશ્કેલ છે, ત્યાં જવાની કોઈને પરવાનગી મળતી નથી.'

સાંભળીને જાણે મહામુશ્કેલીએ સ્વર્ગમાં પહોંચેલા જીવને કોઈએ ધક્કો મારીને ફરી પૃથ્વી પર પટક્યો હોય, તેમ આનંદી ઉઠેલા મને રેવાનંદજીના છેલ્લા શબ્દોએ નિરાશાની ગર્તામાં ધકેલી દીધો ! નિરાશ બની ગયેલા મને જોઈને રેવાનંદજી મારી પીઠ પર હાથ મૂકી ખડખડ હસીને બોલ્યા,

'તમારે ચિંતા કરવાની જરૂર નથી. તેમના અંતરંગ ભક્તો તથા ઉચ્ચ કોટીના સાધકો સહેલાઈથી ત્યાં તેમની કૃપા હોય તો જઈ શકે છે. તમને તેમના દર્શને જવાની પરવાનગી મળી ગઈ છે. તમને બાબાના દર્શન થશે.'મને લાગ્યું કે ફરી કોઈએ હાથ ઉઠાવી, મને સ્વર્ગના દ્વારા પર ખડો કરી દીધો છે. ખડ્‌ખડ્ હસી રહેલા રેવાનંદજી તરફ મેં અહોભાવની દૃષ્ટિ કરી તો તે આગળ વધી ગયા હતા, મૌનમૂક હું તેને અનુસરી રહ્યો.

અમે નીચે ઉતરાણ કરી રહ્યા, પ્રારંભમાં કોઈ તકલીફ ન હતી, પરંતુ ધીમે ધીમે ઢાળ સીધો આગળ આવતો જતો હતો. સહેજ પણ ગફલત મૃત્યુનું કારણ બની શકે તેમ હતું. છતાં હિંમત અને નિર્ભયતાપૂર્વક હું રેવાનંદજીની સાથે સાથે સાવધાનીપૂર્વક આગળ વધી રહ્યો હતો. નદીનો પ્રવાહ પણ ક્યાંક સમથળ, ક્યાંક ઉતાવળો, તો ક્યાંક ધોધરૂપે અમારી સાથે ને સાથે વહી રહ્યો હતો. નદીકાંઠાની ઊંચી ભેખડો ઉપર અને ક્યારેક ભેખડોની નીચે મુળિયાઓ અને વેલીઓનો આધાર લઈ અમે આગળ ને આગળ ચાલી રહ્યા હતા. જમીનમાંથી ભેજવાળી મીઠી સુગંધ આવી રહી હતી. જે હૃદયમાં તાજગી અને ઉત્સાહ વધારી રહી હતી.

કોઈ પણ જાતના ખચકાટ વગર, ભય કે અવરોધ વગર હું રેવાનંદજી સાથે ચાલી રહ્યો હતો. થોડું આગળ વધતા, ઉતરાણ પૂર્ણ થતાં વનરાજીયુક્ત જમીન પર અમે પ્રવેશ કર્યો અહીં પણ નદીએ અમારો સાથ છોડ્યો ન હતો. હવે અમે નદીના કાંઠે કાંઠે ચાલી રહ્યા હતા, ત્યાં જ નદીના પ્રવાહ વચ્ચે પાણીના મોટા ધૂના તરફ મારી નજર જતાં હું વિસ્મયની સ્તબ્ધ રહી ગયો. લગભગ પચાસેક જેટલા નાગાબાવાઓ ધૂનાના ઊંડા પાણીમાં પડી, નહાતાં નાનાં બાળકોની જેમ કિકિયારી પાડતા અને ધમાલ કરતાં આનંદપૂર્વક સ્નાન કરી રહ્યા હતા. આ બધાં દિગંબર સાધુઓ કોઈ પાંચ હાથ ઊંચા અને સશક્ત હતાં, તો કોઈ થોડા નીચા છતાં સશક્ત અને પૂર્ણ તંદુરસ્ત હતા; લગભગ બધાંની ગૂંચવાયેલી લાલ-પીળી જટા ખુલ્લી અને લાંબી હતી, જે નદીના પાણીમાં ફેલાઈને ઉપર તરતી હતી. બધાની આંખો મોટી અને પાણીમાં લાંબો સમય સ્નાન કરવાને કારણે લાલાશ પડતી અને તેજસ્વી હતી.

એક સાથે સ્નાન કરતાં નાગાબાવાઓને મેં માધવાનંદજી સાથે જ્યારે શિવરાત્રિના દિવસે, રાત્રિના બાર વાગે 'મૃગીકુંડ' ગયેલ, ત્યારે સ્નાન કરતાં જોયા હતા. મેં ધ્યાનથી જોયું તો લગભગ એ જ ચહેરા હતા, જે 'શિવરાત્રિ'ની રાત્રિએ ભનવનાથ સ્થિત 'મૃગીકુંડ'માં સ્નાન કરતાં જોયા હતા; તે વખતે બધા શાંત હતા અને તેઓના મુખ પર ભક્તિનું તેજ વિલસી રહ્યું હતું; જ્યારે અત્યારે બધા તોફાની કિશોરોની જેમ નિર્દોષતાથી મસ્તી-મજાક કરી આનંદ માણી રહ્યા હતા.

આ આનંદદાયક દૃશ્ય જોઈને આશ્ચર્ય પામી મેં રેવાનંદજી સામે જોયું, તો તે નાગાબાવાઓથી ચિરપરિચિત હોય તેમ તેઓની સામે જોઈ હસી રહ્યા હતા. તો કેટલાંક નાગાબાવાઓ રેવાનંદજી સામે જોઈ, તેમને આવકારતા હાથ ઊંચો કરીને નજીક બોલાવી રહ્યા હતા. રેવાનંદજીએ પણ ત્યાં જવાનો સ્વીકાર કરતા હાથ હલાવી ઇશારો કરી મને સંબોધીને કહ્યું,

'આ બધા સાધુઓ 'ગિરનારી બાવા'ના અંતરંગ શિષ્યો છે. આજ તેમનું ગુપ્ત

નિવાસસ્થાન છે. દૂધ સહિતની જરૂરી તમામ ચીજવસ્તુ તેઓ પોતાના યોગબળથી પ્રાપ્ત કરી લે છે, એટલે તેમને સમાજમાં આવવાની જરૂરત રહેતી નથી. શિવરાત્રિના પર્વ પર વર્ષમાં એક વાર જ 'મૃગીકુંડ'માં સ્નાન કરી, ભરતવનની જગ્યામાં છાશ પીને પછી બધા શીઘ્ર અહીં પરત થઈ જાય છે. જો કે, તળેટીમાં અન્ય નાગાબાવાના અખાડા છે, પરંતુ આ સ્થાન સાથે બધાને સંબંધ હોતો નથી. તેઓ પોતાનો કાર્યકલાપ પોતાની રીતે જ કરતા હોય છે.'

પછી ઉમેરતા રેવાનંદજી બોલ્યા, 'આ સ્થાન તો અતિગુપ્ત અને 'અગોચર' છે. સામાન્ય લોકો અહીંથી પસાર થાય તો પણ તેમને આ સ્થાન અહીં હોવાનો ખ્યાલ આવી શકતો નથી. દૈવીશક્તિનું સૂક્ષ્મ પડ આ સ્થાનને વીંટળાઈ રહેલું છે, જે જોઈ શકાતું નથી.'

પછી દાઢી પર હાથ પસવારી થોડો વિરામ લઈ બોલ્યા :

'આમ તો પૃથ્વી પર જે દશ્યમાન થાય છે. તેમાં પણ અનેક ગુપ્ત પડ અને આવરણો છે, જેમાં અનેક આત્માઓ વસી રહ્યા છે. હરી-ફરી રહ્યા છે, પરંતુ તેનો ખ્યાલ આવી શકતો નથી. 'આ જગત' એટલું સૂક્ષ્મ હોય છે કે, તેનો ખ્યાલ નરી આંખે આવી જ ન શકે. નિરંતર, અત્યારે પણ, અનેક આત્માઓ આપણાં શરીરને વીંધતા આરપાર નીકળતા હોય છે. આ દેખાતા જગતની અંદર અનેક જગત સૂક્ષ્મ રીતે વિદ્યમાન છે. સિદ્ધો પોતાના યોગબળ દ્વારા સૂક્ષ્મ એવું પોતાનું જગત બનાવી નિવાસ કરી શકે છે. આ સ્થલ આવા સિદ્ધપુરુષોનું ગુપ્ત નિવાસસ્થાન છે, જે લાયક-ઉચ્ચ સાધકો અને યોગ્ય શિષ્યોને જ તેમની ઇચ્છા અને મંજૂરી હોય, તો જ અહીં પ્રવેશી દર્શનનો લાભ પ્રદાન કરે છે.'

નદીનો કાંઠો ઊતરી અમે ધૂનાની નજીક પહોંચ્યા, તે દશ્ય અને વાતાવરણ જોઈ ખૂબ આનંદ આવ્યો. કેટલાંક સાધુઓ કૂદકો મારી ગળાડૂબ પાણીની ઉપર આવી જઈ, પુનઃ ડૂબકી મારી જતા હતા. નદીને કાંઠે ને કાંઠે થોડે દૂર પાણીની અંદર રહી સ્નાન કરી રહેલાં સાધુઓ તરફ હું કુતૂહલવશ ગયો તો પ્રથમ વખત જ આ દશ્ય અને આવી ક્રિયા જોઈ હોવાને કારણે હું અત્યંત વિસ્મય પામીને જોઈ રહ્યો. કેટલાંક સાધુઓ પોતાના લિંગને ખેંચીને લાંબુ કરી પોતાના ગળે બે-ત્રણ આંટીઓ મારી વીંટી લીધું હતું. તો એક સાધુએ પોતાની લાંબી ઉત્થેન્દ્રિય (લિંગ) વડે હાથી જેમ સૂંઢમાં પાણી ખેંચે, તેમ ખેંચી અન્ય સાધુઓને પીચકારી મારી ઉડાડી મજાક કરી રહ્યો હતો. થોડી વારે રેવાનંદજી મારી પાછળ આવી નજીક ઊભા રહ્યા. તો પેલા સાધુએ લિંગમાં પાણી ખેંચી રેવાનંદજી પર પિચકારી મારતા મોટેથી કહ્યું, 'લે... લે... રેવાનંદ ! તું ભી નહા લે !'

રેવાનંદજી પાણીથી ભીંજાતા હસી રહ્યા. મને પણ થોડું પાડી ઊડતા હું પણ

ભીંજાઈ ગયો અને અન્ય સાધુઓ સાથે ખડખડ હસી પડ્યો. પછી રેવાનંદજીને એક સાધુએ આગ્રહપૂર્વક સંબોધતા કહ્યું,

'અરે રેવાનંદ ! તું ભી હમારે સાથ સ્નાન કર લે. મજા આયેગી !' પછી મારા તરફ નિર્દેશ કરીને બોલ્યા :

'તું ઈસકી ફિકર મત કર. વહ સબ દેખને કે લીયે સ્વયં અપના રાસ્તા ઢૂંઢ લેગા. આગે ઉસે સહાયક અપના દોસ્ત ભી મિલ જાયેગા, વહ દર્શન કરકે ફિર તેરે પાસ વાપસ પહુંચ જાયેગા. તું ચિંતા મત કર !' કહી તે રેવાનંદજીને પાણીની અંદર ખેંચવાના ઉદ્દેશથી આગળ વધી રહ્યો. રેવાનંદજીને પણ આ બધા સાથે સ્નાન કરવાની ઇચ્છા થઈ આવી, એટલે મને નાનો થેલો સોંપતા કહ્યું,

'તમે નિર્ભય થઈને બધે ઘૂમો. તમને બધું મળી રહેશે, મારે સાથે આવવાની જરૂરત નથી.'

કહી રેવાનંદજીએ પણ પેલા સાધુ સાથે વસ્ત્રસહિત પાણીમાં ઝંપલાવ્યું.

રેવાનંદજીના કથન પર મને પૂરેપૂરો ભરોસો હોય, હું મારી રીતે નદીને કાંઠે કાંઠે આગળ વધ્યો. નદીનું વહેણ ઊંડુ અને પહોળું હતું. દરેક જગ્યાએ છુટ્ટા છુટ્ટા જૂથમાં સાધુઓ પોતાની મસ્તીમાં સ્નાન કરી રહ્યા હતા.

રંગબેરંગી પુષ્પોયુક્ત વેલીઓ અને વૃક્ષોને કારણે વાતાવરણ પુલકિત હતું. નિરભ્ર આકાશ સ્વચ્છ હતું, ઠેર ઠેર ઊંચી શિલાઓથી મઢી હોય તેવી જમીન ચારે તરફ ઊંચી ટેકરીઓથી ઘેરાયેલી હતી, લાલ કેસૂડાંના પુષ્પો આંખને આકર્ષિત કરતા હતા. જમીન પર સર્વત્ર હરિયાળું ઘાસ મંદમંદ પવનમાં ડોલી રહ્યું હતું. લાગતું હતું કે ધરતી પણ આનંદથી રોમાંચ અનુભવી રહી છે, ક્યાંક ક્યાંક આમ્રવૃક્ષો પર ખિસકોલીઓ ચડ-ઉતર કરતી અને મસ્તી કરતી કુદરતના ખોળે રમી રહી હતી.

હું કુમળા લીલા ઘાંસ પર, ચારે તરફ વિસ્તરેલાં કુદરતના આહ્લાદક સૌંદર્યને માણતો નદી કાંઠે ચાલી રહ્યો હતો. ત્યાં જ નદીના રેતાળ અને છીંછરા પાણીમાં ઊભી છબછબિયા કરી રહેલ એક સાધુએ હાથ ઊંચો કરી મને ઊભા રહેવાનો સંકેત કરી, મોટા અવાજે બૂમ પાડી આનંદિત સ્વરમાં કહ્યું, 'ઓ... લક્કડગંઠે ! કિધર ભાગા જા રહા હૈ ? રુક જા, મૈં ભી તેરે સાથ આનેવાલા હું !'

ભીની રેતીમાં ડગ ભરતો તે પડછંદ સાધુ હસતો હસતો મારી પાસે આવીને પુનઃ બોલ્યો,

'તું જીસકા દર્શન કરને ચલા જા રહા હૈ, મૈં ભી વહાં તેરે સાથ આનેવાલા હું. કુછ પૂછના મત. બસ, ઐસા આદેશ હૈ, ચલ મેરે સાથ !'

'ઐસા આદેશ હૈ !' તેના એ શબ્દોથી હું બધું સમજી ગયો. રેવાનંદજીને સ્નાન

માટે આગ્રહ કરનાર સાધુએ પણ તેને કહ્યું હતું, 'તું ઈસકી ફિકર મત કર, વહ સ્વયં અપના રાસ્તા ઢૂંઢ લેગા, આગે ઉસે સહાયક અપના દોસ્ત મિલ જાયેગા !' રેવાનંદજીએ પણ મભમમાં કહેલું,

'તમે નિર્ભય થઈને બધે ઘૂમો, તમને બધું મળી રહેશે, મારે સાથે આવવાની જરૂરત નથી !'

હું બધું સમજી ગયો. મને સહાય કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે, ને હું તે દિગમ્બર સાધુ સાથે તેના કહ્યા મુજબ, તેની સાથે ચાલવા લાગ્યો. થોડે દૂર ચાલી મૌન રહેલા તે સાધુએ મને ઉદ્દેશીને પોતાનો પરિચય આપતો હોય તેમ કહ્યું,

'મેરા નામ 'વિશ્વંભર' હૈ. તુમ્હારી સાથ જમના નદી મેં સ્નાન કરનેવાલા તુમ્હારા દોસ્ત !'

હું વિસ્મયથી તેની સામે જોઈ રહ્યો, હું મનમાં તેના શબ્દોની ઘરેડ બેસાડવાના પ્રયત્નો કરી રહ્યો હતો, ત્યાં જ મારો હાથ પકડીને વિશ્વંભર સાધુ મને જાણે વિચાર કરતો રોકવા માટે જ કહી રહ્યો,

'ખેર ! જાને દો યે સબ ! તુમ્હેં તો યે સબ, અબ ભૂલના હી હૈ ! ચલો !' કહી વિશ્વંભરે આત્મીયતાપૂર્વક મારો હાથ પકડી મને આગળ દોર્યો, પરંતુ અમે માંડ બે ડગલાં આગળ ચાલ્યા હશું, ત્યાં જ નદીમાં હજુ સ્નાન કરી રહેલાં સાધુઓમાંથી કોઈ સાધુનો મને સંબોધીને કહેવાતા હોય તેવા શબ્દો મારી પાછળ અફળાયા,

'ઓ પંડિત લક્કડગંઠે ! તેરી મતમેં લક્કડ્ રામજી ! બડા સાધક બનકે ચલા હૈ !'

અવાજ સાંભળીને મેં પાછળ ફરીને જોયું તો, બધા નાગાબાવાઓ મારી તરફ પોતાની ઉપેન્દ્રિય (લિંગ) ઊંચી કરી કરીને મોટેથી હસી રહ્યા હતા. મારે કહેવું જોઈએ કે, અગર મારી મનોભૂમિમાં જો પરિવર્તન ન આવ્યું હોત, તો આ સાધુઓના શબ્દો અને વર્તન પર મને જરૂર રીસ ચડી હોત, પરંતુ હવે હું સમજી શકતો હતો કે, આ તો સંયમી સાધુઓનું કોઈ હેતુપૂર્વકનું નિર્દોષ વર્તન છે. આથી મેં પણ તેઓની સામે પગના પોંચા પર ઊભી, બે-ત્રણ વાર ધીમા કૂદકા મારી, બે હાથ ઊંચા કરી, મોટેથી ખડખડાટ હસીને આનંદ વ્યક્ત કર્યો ને પીઠ ફેરવીને ચાલતો થયો. તો પાછળથી પુનઃ શબ્દો અથડાયા,

'હાં, અબ ઠીક હૈ. તું ચલેગા !' બાદમાં બધા સાધુઓનો કોરસમાં એક સાથે અવાજ સંભળાયો,

'તુજે મિલેગા, જરૂર મિલેગા, તું પાસ હો ગયા !'

અવાજનો ગર્ભિત મર્મ સમજી જતાં મેં પુનઃ પીઠ ફેરવીને સાધુઓ તરફ જોયું, તો પ્રત્યેક સાધુના મુખ પર પ્રેમાળ હાસ્ય અને આંખોમાં દિવ્ય ચમક મેં જોઈ. મને

લાગ્યું કે, મેં દર્શાવેલ 'સમતા'ની પ્રશંસા એ સાધુઓની ચમકતી આંખોમાં દેખાઈ રહી છે.

હૃદયમાં ઉભરી રહેલા આનંદ સાથે હું વિશ્વંભર જોડે ચાલવા લાગ્યો, ચાલતા ચાલતા વિશ્વંભરે મારા ખભા પર હાથ મૂકી કહ્યું,

'અહીં બસ, આ રીતે આનંદ આનંદ જ છે. અહીં વિષાદને સ્થાન નથી. આ આનંદભૂમિ છે; કારણ કે અહીં દુન્યવી કોઈ અપેક્ષાઓ નથી. માટે કોઈ નિરાશા ઉદ્ભવિત થતી નથી. જ્યાં અપેક્ષાઓ છે, ત્યાં અનેક પ્રકારના દુઃખો પણ છે. અહીં સંતોષ છે, પરંતુ કોઈને એ સંતોષની અપેક્ષા નથી. આ સ્થાનમાં બધા જ અપેક્ષારહિત છે, માટે જ આ સ્થાન આનંદભૂમિ છે. તપથી પરિપ્લાવિત થયેલી આ પવિત્ર ભૂમિ છે.'

કહી વિશ્વંભર હસી રહ્યો. આમ તો છ ફૂટ ઊંચો અને ઘઉંવર્ણો વિશ્વંભર હંમેશાં હસતો જ હોય તેમ લાગે. મુખમાં તેની શ્વેત દંતપંક્તિઓ એવી વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી હતી કે, હસે તો મધુર હાસ્ય લાગે અને ન હસે તો ગંભીર મુખ હોય, તો પણ તે મૌનપણે હસતો જ લાગે. એ તેની ખાસ વિશિષ્ટતા હતી. કોણ જાણે કેમ, પણ મને તેની સાથે આત્મીયતાએ જકડી લીધો હતો. જાણે, જુગજુગની ઓળખાણ હોય તેમ તે મારી સાથે નિકટતમ મિત્રની જેમ વર્તી રહ્યો હતો !

'અહીં વિષાદને સ્થાન નથી, મિત્ર ! આ પૂર્ણરૂપે આનંદભૂમિ છે. તપથી પરિપ્લાવિત આ પવિત્ર ભૂમિ છે.'

શબ્દોનું પુનઃ પુનરાવર્તન શુદ્ધ ગુજરાતી ભાષામાં કરી રહેલા વિશ્વંભર તરફ હું આશ્ચર્યથી જોઈ રહ્યો. જો કે મને હવે ખ્યાલ તો છે જ કે, અહીંયાં આ ભૂમિમાં આશ્ચર્ય પામવું એ પણ મૂર્ખાઈ છે. અહીં કશું જ આશ્ચર્ય પામવા જેવું અશક્ય નથી, બધું જ સ્વાભાવિક છે, શક્ય છે. કારણ કે અહીં 'પૂર્ણ' સાથે તાદાત્મ્ય છે, માટે બધું જ 'પૂર્ણ' હોય બધું જ શક્ય હોય.

વિશ્વંભર મને આગળ ને આગળ દોરી રહ્યો હતો. ક્યાં જવાનું છે અને કેટલે જવાનું છે, તેની મને ખબર ન હતી. હું તેની સાથે કદમ મિલાવતો શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક ઉત્સાહથી ચાલી રહ્યો હતો, ત્યાં એક દિશા તરફ અંગુલિનિર્દેશ કરી, ઊભા રહેલા વિશ્વંભરે કહ્યું,

'અહીં, સામે જ આ નદી કિનારે મારો આવાસ છે. મારા ગુરુમહારાજ ત્યાં જ નદીની મધ્યમાં એક શિલા પર બેસી સમાધિમાં નિમગ્ન રહે છે.'

પછી હસીને આત્મીયતાપૂર્વક મારો હાથ પકડી તે દિશામાં મને દોરતા કહ્યું. તને થોડી વિશ્રાંતિ પણ મળશે અને ગુરુમહારાજનાં દર્શન પણ થશે.

વિશ્વંભરના આવાસ પાસે આવી પહોંચતા મેં જોયું તો કુદરતી રીતે ખડકાઈ

ગયેલી શિલાઓથી બની ગયેલા બે કમરા અને આગળ પરસાળ જેવી જગ્યાનો ખુલ્લો ભાગ નજરે પડ્યો. હું આનંદી ઊઠ્યો, ન કોઈ જાતનું કૃત્રિમ ચડતર ન આધુનિક સિમેન્ટનું પ્લાસ્ટર, છતાં કેટલું સુંદર, કેટલું કુદરતી, કેટલું સ્વચ્છ અને કેટલું પવિત્ર !

વિશ્વંભર સાથે અંદર પ્રવેશી મેં જોયું તો ઉપર શિલાઓનું બનેલ ચુસ્ત ઢાંકણ, આજુબાજુની ભીંતો પણ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી શિલાઓની બનેલી, નીચે જમીન પર ગાયના છાણનું લીંપણ સામે પૂર્વદિશામાં બાજોઠ જેવી નાની ચોરસ શિલા અને તેના પર પરબ્રહ્મ પરમાત્માનું શિવનું સંગેમરમરના પથ્થરનું મોટું શિવલિંગ (બાણ) શિવલિંગ પર બિલ્વપત્ર અને અનેક જાતના સુવાસિત પુષ્પો ચડાવેલાં હતાં. આ જોઈને મને સાકાર ઈશ્વરનું ઉદ્દિપન થતાં સમાધિનો અનુભવ થવા લાગ્યો. મને લાગ્યું કે, હું અંતરના ઊંડાણમાં રહેલ આનંદસાગરમાં સરકી રહ્યો છું. ત્યાં જ વિશ્વંભરે મારા ખભ્ભાનો સ્પર્શ કરી કહ્યું.

'અહીં, આવા પુષ્પો થતાં નથી. વેલીઓ પર જંગલી પુષ્પો ઊગે છે, પરંતુ પારિજાત, ડોલર, કરેણ વિગેરે પુષ્પો લેવા બે કિલોમીટર દૂર કુદરતી રીતે સર્જાયેલ ઉદ્યાનમાં જવું પડે છે.' પછી મહાદેવ પર ચડાવેલા પુષ્પો દર્શાવાતા કહ્યું,

'આ પુષ્પો હું બે સપ્તાહ પહેલાં લાવેલો તે ચડાવેલાં છે. પ્રતિદિન પુષ્પો ચડાવવાની જરૂરત નથી. આજ પુષ્પો વડે માનસપૂજા થતી રહે છે.' સાંભળીને હું અચંબામાં ગરકાવ થઈ ગયો. બે સપ્તાહ પહેલાં લાવીને ચડાવેલાં પુષ્પો એવા ને એવા તાજા અને સુગંધીદાર ! જરા પણ કરમાયા વગરના જાણે થોડી વાર પહેલાં જ છોડ પરથી ચૂંટેલા હોય તેવા જ તાજા, ચમકદાર અને સુવાસિત !

આશ્ચર્યથી મૌન બની હું વિચારી રહ્યો હતો, ત્યાં જ વિશ્વંભરના શબ્દો મારા કાને પડ્યા,

'મિત્ર ! આ જગ્યા મંત્રાભિભૂત છે, અર્થાત્ મંત્રો વડે અભિમંત્રિત કરેલી આ જગ્યા છે. એટલે દરેક વસ્તુઓ અહીં તાજી ને તાજી જ રહે છે. દિવસો સુધી તે નથી બગડતી, નથી કરમાતી કે નથી વિકાર પામતી !'

'આ જગ્યાના વૃક્ષોના લીલા પર્ણો પણ ક્યારેય પીળા પડી ખરી જતાં નથી !'

મેં આશ્ચર્યસહ નિરીક્ષણ કરતાં જોયું તો એક પણ વૃક્ષ પર સૂકું કે ખખડી ગયેલું કે પીળું પડીને રોગિષ્ટ થઈ ગયેલું પર્ણ નજરે ન પડ્યું. એટલું જ નહિ, જમીન પર પણ, એક પણ સૂકું પાંદડું કે સૂકું ઘાંસ સુધ્ધાં ન હતું ! બધું જ તાજું અને નવી કુણી કૂંપણોવાળું તાજું જ કોળાયેલું !

હું વિસ્મયપૂર્વક વિચારી રહ્યો હતો. આ તપશ્ચર્યાનો પ્રભાવ હશે કે મંત્રશક્તિનો ? ત્યાં જ રેવાનંદજીના શબ્દો સ્મૃતિરૂપે મારા કાને પડ્યા, 'ગાયત્રી મંત્રનો અનેરો પ્રભાવ

છે. ગાયત્રી મંત્રનો સતત જપ જ્યાં થતો હોય, ત્યાં એ મંત્રના પ્રભાવથી વાતાવરણમાં શક્તિશાળી આંદોલનો ઉદ્‌ભવે છે; તેને કારણે ત્યાંનું વાતાવરણ અત્યંત શાંત, સાત્ત્વિક અને જીવંત રહે છે. ગાયત્રી એ પરમાણુમયી સાવિત્રી છે, એ સ્થૂલ પ્રકૃતિ, પંચભૂત અને ભૌતિક સૃષ્ટિ પર પ્રભાવ પાડે છે, આ શક્તિ વડે આકર્ષણ-વિકર્ષણથી અનેક પ્રકારના પદાર્થોમાં ઉત્પત્તિ, વૃદ્ધિ અને સમાપ્તિ થઈ શકે છે, જપથી ઉત્પન્ન થયેલી વિદ્યુત શક્તિને પ્રકૃતિના સૂક્ષ્મ પરમાણુ પર ઇચ્છા મુજબ પ્રયોગ દ્વારા ઉપયોગમાં લઈ શકાય છે !'

રેવાનંદજીએ આપેલું જ્ઞાન મને પ્રત્યક્ષ થતાં, વિશ્વંભરના આ પ્રત્યક્ષ 'પ્રયોગ'ને નજરે જોઈ મારામાં શ્રદ્ધા અને વિશ્વાસ વધુ દઢીભૂત થયાં.

વિશ્વંભરે એક શિલામાંથી બનાવેલા આસન પર મને બેસવાનો નિર્દેશ કરી કહ્યું, 'થોડું જલપાન કરી વિશ્રાંતિ લો, પછી ગુરુમહારાજનાં દર્શન કરવા જઈશું.'

થાક તો મને હતો જ નહિ, છતાં આસન પર બેસી થોડું જલપાન કર્યું. ખાસ તો મને વિશ્વંભરના ગુરુનાં દર્શન અને તેના વિશે જાણવાની ઇચ્છા હતી. ઉપરાંત હજુ પણ ગિરનારી બાવા વિશે કશું જ થયું ન હતું. બેસીને વ્યર્થ સમય બગાડવા જેવું મને લાગી રહ્યું હતું. મારી આવી ઇચ્છાનો વિશ્વંભરને ખ્યાલ આવી જ ગયો હશે, એટલે તેણે જ કહ્યું,

'ચાલો ત્યારે, હજુ તારે આગળ સફર કરવાની છે ને ?' ને મને આગળ દોરી ચાલવા માંડ્યું.

ખાસ દૂર જવાનું હતું નહિ. નદીની મધ્યમાં જ ગુરુજી તપ કરી રહ્યા હતા. ચાલતા વચ્ચે વિશ્વંભરે ગુરુજી વિશે માહિતી આપતા કહ્યું,

'ગુરુમહારાજ હિમાલય સ્થિત સર્વેશ્વરાનંદજીના ગુરુભાઈ છે, જે ગાયત્રીના મહાન પ્રવર્તક છે. મારા ગુરુમહારાજે પણ બાર કરોડ ગાયત્રી મંત્રના જપ બાર વર્ષમાં પૂર્ણ કર્યા છે. આ સાધનાના પ્રભાવથી તેઓ જીવનમુક્ત બની, શરીરને ક્ષણભંગુર સમજી છેલ્લા ૧૦ વર્ષથી અત્રે પાણીમાં બેસી સમાધિ અવસ્થામાં જ રહે છે. દસ વર્ષથી પાણીની બહાર નીકળ્યા નથી.'

હું વિચારી રહ્યો, દસ વર્ષથી તેઓ પાણીની બહાર જ નીકળ્યા નથી, તો પછી તેમના ભોજન અને અન્ય દૈનિક ક્રિયાઓ કેવી રીતે કરવામાં આવતી હશે ? આ પ્રશ્ને મારામાં દ્વિધા ઉત્પન્ન કરી, પરંતુ હું મૌન બનીને રહ્યો. મેં આ બાબત પ્રશ્ન પૂછવાનું ટાળ્યું હતું, છતાં પ્રત્યુત્તર મળ્યો,

'શૌચ વિગેરે દૈનિક ક્રિયાઓની તેમને આવશ્યકતા પડતી નથી, કારણ કે તેઓશ્રી આહાર કરતાં જ નથી, જલ વિગેરે પ્રવાહી પણ તેઓશ્રી છેલ્લા દશ વર્ષોથી લેતા નથી.'

'છતાં જીવન જીવી રહ્યા છે, આશ્ચર્ય !' હું મનમાં જ બોલ્યો. ત્યાં જ પ્રત્યુત્તર મળ્યો,

'તેઓશ્રી વાયુ દ્વારા પોષણ મેળવી લે છે. કુદરતી વાતાવરણમાં અનેક જાતના પોષકતત્ત્વો રહેલાં છે. તેઓશ્રી તેમના યોગબળ દ્વારા તેને પોતાને જરૂરી અને જરૂર પૂરતા પોષકતત્ત્વોને વાયુમંડલમાંથી ખેંચી લે છે; એટલે એ બાબતની કોઈ ચિંતા નથી.'

પછી થોડું અટકીને વિશ્વંભરે આગળ કહ્યું,

'ક્યારેક... જ્યારે તેઓ સમાધિમાંથી નીચે ઊતરી આવે છે. ત્યારે તેમને દુઃખ થતું હશે, તેમ માનીને અમને ચિંતા થાય છે !'

'એ કેવી રીતે !' ન સમજાતા મેં અધીરાઈથી પૂછ્યું.

પ્રત્યુત્તર આપતા વિશ્વંભરે કહ્યું,

'પાણીની અંદર રહેલાં નાના-મોટા માછલાઓ તેમના બન્ને પગને નિરંતર ઠોલ્યા કરી તેમના માંસનું ભક્ષણ કર્યા કરે છે; જ્યારે તેઓ સમાધિમાં હોય છે ત્યારે શરીરનું ભાન તેમને હોતું નથી. એટલે વેદના થવાનો અનુભવ તેમને થતો નથી, પરંતુ જ્યારે તેઓશ્રી ક્યારેક અથવા કોઈ અમુક સંજોગો ઉપસ્થિત થતાં સમાધિમાંથી જાગૃત થાય છે, ત્યારે સ્વાભાવિક રીતે શરીરજ્ઞાન થતાં થોડી વેદના પણ અનુભવે છે. પુનઃસમાધિમાં ઊતરી જતાં શરીરભાન ચાલ્યું જવાથી તેઓ વેદનામુક્ત બની જાય છે !'

'ઓહ... ! આ તો ઘણી જ વિચારવા જેવી વાત !' મેં કહ્યું, 'છેલ્લા દશ વર્ષથી આ રીતે માછલાઓ તેમના પગ ઠોલીને અંદરનું માંસ ખાધા કરે છે, તો પછી એમના પગની હાલત કેવી થઈ ગઈ હશે ?'

'એ તમે નજરે જોઈ શકશો !' વિશ્વંભરે હસીને કહ્યું, 'એમના યોગબળ આગળ આ વેદનાનો કોઈ હિસાબ નથી, ક્ષણભંગુર શરીરનું હવે તેમના માટે કોઈ મૂલ્ય નથી. તેઓશ્રી મુકતાત્મા છે. 'જીવનમુક્ત' છે. પાણી વગરના શ્રીફળના ખડ્ખડ્તા ગોટાની જેમ તેમનો આત્મા શરીરમાં હોવા છતાં શરીરથી મુક્ત છે. માત્ર નિયત આયુષ્યમર્યાદા પૂર્ણ કરવા જ તેઓ શરીર ધારણ કરી રહ્યા છે.'

'એ સત્ય છે, છતાં...' મારી શંકાનું સમાધાન મેળવવા મેં વિશ્વંભરને તર્કયુક્ત પ્રશ્ન કર્યા : 'જ્યારે તેઓશ્રી સમાધિમાંથી નીચે ઊતરી આવે, ત્યારે શરીરના ગુણધર્મો મુજબ તેમને કદાચ વેદનાનો અનુભવ થાય, તે પણ હકીકત છે; પરંતુ કદાચ જો આ શરીરભાન લાંબું રહે તો તેમને વેદના પણ લાંબો સમય થતી હશે ને ?' મેં ચિંતાયુક્ત સ્વરમાં કહેલું.

'તારો તર્ક પણ સાચો છે, પરંતુ વેદનાને સહન કરવાની અગાધ શક્તિ તેમનામાં પડેલી છે; ઉપરાંત આત્માને શરીરથી અલગ સમજનાર જિતેન્દ્રિયને વેદનાનો અનુભવ થતો હોય તે પણ સંભવિત નથી.'

દીર્ઘ શ્વાસ લઈ વિશ્વંભરે પુનઃ આગળ કહ્યું,

'એમ છતાં. અમારા પ્રિયગુરુ હોવાને કારણે મેં તેનો ઉપાય પણ શોધી કાઢ્યો છે. જો કે ગુરુમહારાજને તે પસંદ નથી.' કહી તેઓ થોડું અટક્યા. ઉપાય વિશે જાણવાની મને તાલાવેલી થઈ આવી. તે આગળ બોલે તેની ઉત્સુકતાથી હું રાહ જોઈ રહ્યો. થોડી વારે વિશ્વંભરે કહ્યું,

'ગુરુમહારાજ, જ્યારે સમાધિમાંથી જાગૃત થાય છે, ત્યારે તેમના પગને સતત ઠોલીખાતા માછલાઓનું ધ્યાન લલચાવીને અન્યત્ર વાળવામાં આવે છે. મમરા કે સીંગ જેવા ખાદ્ય પદાર્થને તે જગ્યાએ પાણીમાં નાખવામાં આવતા બધાં માછલાઓ તે ખાવા ઝડપથી ઉપર એકત્ર થઈ જાય છે ને તે સમય દરમિયાન ગુરુજી માછલાઓના ત્રાસથી મુક્ત રહે છે, પરંતુ ગુરુજી તે જોઈ નારાજગી વ્યક્ત કરતાં ઘણી વખત કહે છે.

'વત્સ ! માછલાઓને સીંગ-ચણાં કરતાં મારું માંસ વધુ પ્રિય છે, તો ખાવા દો ને ! મારી ચિંતા ન કરો. વેદના થતી હશે તો શરીરને થતી હશે, મને નહિ. હું તો આત્મા છું અને આત્માને એ શરીરની વેદના સાથે શું નિસ્બત !'

વાત કરતાં વિશ્વંભરે આગળ કહ્યું, 'એમ છતાં ગુરુભક્તિ અને તેમના પ્રત્યેના પ્રેમને કારણે તેમને વેદનામાંથી બચાવવા અમે પ્રયત્નો ચાલુ રાખીએ છીએ. અમે માનીએ છીએ કે આથી વેદનામુક્ત ગુરુજી થોડો સમય વાતો કરે કે પછી સૂચના આપી પુનઃ સમાધિમાં સરી પડે. બસ પછી સમાધિમાં તેમને વેદના થવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી !'

વિશ્વંભર સાથે વાતો કરતાં ચાલી રહેલા મને યાદ આવ્યું. કદાચ રેવાનંદજીએ આટલા માટે જ મમરા-સીંગદાણા થેલામાં મૂકવાનું સૂચન કરેલું હશે ! થેલો મારી પાસે જ હતો, જે રેવાનંદજીએ નદીમાં સ્નાન કરવા ઝંપલાવવા પૂર્વે મને સોંપેલો !

અમે નદી કિનારે આવી પહોંચ્યા, જ્યાં વિશ્વંભરજીના ગુરુજી પાણીમાં ડૂબેલી શિલા પર બેસી તપ કરી રહ્યા હતા. નજીક પહોંચતા નદીની મધ્યમાં શિલા પર બિરાજેલા વયોવૃદ્ધ સાધુને મેં જોયા. વિશ્વંભરના જણાવ્યા મુજબ, તેમની ઉંમર દોઢસો વર્ષની છે. તે તેમને જોતાં સત્ય લાગ્યું. ગૂંચવાયેલી છૂટી મૂકેલી શ્વેતજટા પાણીમાં પથરાયેલી હતી. ઉજ્જવળ શરીર પાતળું, સશક્ત અને સ્વસ્થ લાગતું હતું. વિશાળ કપાળ પર શ્વેત ભ્રમરો તેમના નિર્મળ વાર્ધક્યને અભિવ્યક કરતી પૂજ્યભાવ જગાડતી હતી. શરીર ટટ્ટાર અને આંખો મીંચેલી હતી. નાભિ સુધીનું શરીર પાણીની અંદર ડૂબેલું હતું. શિલા પર બિરાજેલા તેમના બન્ને પગ નીચે પાણીમાં લટકતા હશે, તેવું અનુમાનથી જણાતું હતું.

ગુરુજી પાસે જવા અમે પાણીમાં ઊતર્યા. સરેરાશ સાથળડૂબ પાણી હતું. મારા પગમાં સતત માછલાઓનો સ્પર્શ થઈ રહ્યો હતો, તે પરથી મેં અનુમાન કર્યું કે

માછલાઓ આ જગ્યા પર અધિક પ્રમાણમાં હોવા જોઈએ. કદાચ ગુરુજીના માંસના આકર્ષણને કારણે તેમની સંખ્યા અધિક હોય, તેમ પણ હશે. આવા તપસ્વી સાધુની સહનશક્તિને તથા તેમના આત્મબળને હું મનોમન વંદી રહ્યો.

સાથળડૂબ પાણીમાં ધીમે ધીમે અમે ગુરુજી તરફ જઈ રહ્યા. પાણીમાં ચાલવાનો અનુભવ ન હોવાને કારણે ચાલવામાં મને મુશ્કેલી પડી રહી હતી, સાથે સાથે પાણીની અંદર ઘૂમી રહેલા માછલાઓનાં સ્પર્શની ગલીપચી થઈ રહી હતી; અને તેને કારણે આનંદ સાથે હસી પડી કૂદકો મરાય જતો હતો. મારી મુશ્કેલી સમજી વિશ્વંભરે મારો હાથ પકડી ચાલતા કહ્યું,

'આમ તો જરૂર વગર અહીં ન આવવાનો ગુરુમહારાજનો આદેશ છે.' પછી ગુરુજીને પ્રણામ કરીને ઉમેર્યું,

'દૂરથી દર્શન કરી લેવાના, સમાધિમાં વિક્ષેપ ન થાય તેનું ધ્યાન રાખવાનું. જરૂર જણાય તો તેઓશ્રી માનસિક સંદેશો મોકલી સૂચન કે માર્ગદર્શન અને આદેશ આપે છે, તે મુજબ કરવાનું.'

થોડી વાર સ્થિર બની વિશ્વંભરે મંત્રોચ્ચાર સાથે નદીના પાણીની ત્રણ અંજલિ ભરી મુખમાં મૂકી આચમન કર્યું. મસ્તક નમાવી પ્રણામ કરીને કહ્યું,

'આજે બ્રાહ્મમુહૂર્તમાં જ મને ગુરુજીનો સંદેશો મળ્યો હતો. જે તમોને દર્શન આપવા માટેની રેવાનંદજીની પ્રાર્થનાથી મંજૂરી આપવામાં આવી હતી. ગિરનારી બાવાના દર્શન કરાવવા સાથે જઈ સહાય કરવાનો આદેશ પણ હતો.'

પછી પાણીમાં આગળ વધતા હસીને ઉમેર્યું,

'આજે તારા માટે ધન્યતાથી ભરપૂર દિવસ છે. ગિરનારી બાવાના દર્શન ઉપરાંત અન્ય મહાનયોગીઓના પણ દર્શન થશે.'

અમે મુક્તેશ્વર યોગી પાસે સાવ નજીક પહોંચ્યા. તો લાગ્યું કે અહીંના વાતાવરણમાં આનંદદાયક શીતળતા સાથે અનેરી સુગંધ ભળેલી છે. પથ્થરમાં કંડારેલી મૂર્તિની જેમ સ્થિર બેઠેલા આ મહાયોગીનાં શરીરમાંથી પ્રસરી રહેલી સુગંધે મને આનંદની વિભોર કરી દીધો.

અમે બન્નેએ બે હાથ જોડી, ખભ્ભા નમાવી યોગીજીને પ્રણામ કર્યા, વિશ્વંભરે હાથની અંજલિ વડે ગુરુજીના શરીર પર ધીમે ધીમે પાણીનો છંટકાવ કરી સ્નાન કરાવ્યું. પછી અંગૂછાથી શરીર લૂછી નાખ્યું. પછી વિશ્વંભરે મારી સામે હસીને, સમાધિઅવસ્થામાં લીન ગુરુજીને પાણીમાંથી ઊંચકીને અધ્ધર કર્યા. તો દૃશ્ય જોઈ અચંબાના ભાવ સાથે હું સ્થિર રહી ગયો. ગુરુજીના ગોઠણ સુધીના પગ-માંસ અને હાડકાં સાથે માછલાઓ ભક્ષણ કરી ગયાં હતાં. ગોઠણ ઉપરના ભાગોમાં રુધિર અને માંસના લોચા સ્પષ્ટ દેખાઈ રહ્યા હતા.

ગુરુજીને સંભાળપૂર્વક યથાસ્થાને મૂકી વિશ્વંભરે કહ્યું,

'માછલાઓને પોતાના શરીરનું ભક્ષણ કરાવીને ગુરુજી અનેક જન્મોનું ચડેલું એ જીવોનું ઋણ ચૂકવી થયેલા પાપોનું પ્રાયશ્ચિત કરી રહ્યા છે. ગુરુજીએ મને એમના અનેક પૂર્વજન્મોની રસપ્રદ કથાઓ સંભળાવી છે.' પછી મારા ખભા પર હાથ મૂકી હસીને કહ્યું,

'થોડા દિવસો પછી તારે અહીં પુનઃ સાધના પૂર્ણ થયા પૂર્વે અહીં આવી થોડું જ્ઞાનસંપાદન કરવું પડશે.'

પ્રત્યુત્તરમાં હું કશું બોલી શક્યો નહિ. આ બધું સાંભળી જોઈને વિચારોમાં અટવાયેલો હું મૌન-મુક્ત બની ગયો હતો. આ બધી બાબતો મારા માટે અચાનક બનતી અને નાવીન્યથી ભરપૂર હતી. ત્યાં જ વિશ્વંભરે કહ્યું,

'ગુરુજીનો આત્મા તો વિશ્વાત્મા સાથે એકરૂપ થઈ ગયો છે, શરીરનિર્મિત આયુષ્ય સુધી યંત્રવત્ તેમનું કાર્ય કરશે, આયુષ્યની અવધિ પૂર્ણ થતાં જ ગુરુજી પોતાના 'બ્રહ્મરંધ્ર'માં આત્માને લઈ જઈ 'યોગાગ્નિ' પ્રગટ કરી પોતાના નાશવંત શરીરનો ત્યાગ કરશે.'

હું ધ્યાનપૂર્વક તેમની વાત સાંભળી રહ્યો હતો, ત્યાં જ વિશ્વંભરે ગુરુજી તરફ મારું ધ્યાન દોરતા કહ્યું,

'ગુરુજીની છાતી શ્વાસોચ્છ્વાસથી હલી રહી છે. લાગે છે કે, તેઓશ્રી કશુંક કહેવા માટે સમાધિમાંથી નીચે ઊતરી રહ્યા છે, તેમના હલનચલનથી આ બાબતની પૃષ્ટી મળી રહી છે.'

પછી મારો સ્પર્શ કરીને વિશ્વંભરે કહ્યું,

'હવે, એક કામ કર. તારી પાસે જે મમરા-સીંગ છે. તેને પાણીમાં થોડે દૂર નાખી દે. જેથી બધાં માછલાઓ ગુરુજીના પગના માંસને ઠોલવાનું બંધ કરી તે તરફ દોડી જશે.'

મેં તે મુજબ થોડે દૂર મમરા-સીંગ પાણીમાં વેરી દીધાં અને તુરત જ નાના-મોટાં માછલાઓ એકી સાથે પાણીની સપાટી પર ધસી આવી તે ખાવા લાગ્યા. ગુરુજીના લોહીયાળ પગ પાસે હવે એક માછલું પણ હતું નહિ.

થોડી જ વારમાં ગુરુજીએ આંખો ખોલી અમારી સામે જોઈ, પ્રણામ કરી રહેલાં અમને એક હાથ ઊંચો કરી આશીર્વાદ આપ્યા. પછી વિશ્વંભર તરફ દૃષ્ટિ કરી કહ્યું,

'તારા આ મિત્રને સંભાળપૂર્વક ગિરનારી બાવાના દર્શને લઈ જા. તેઓ શ્રી તમારી રાહ જોઈ રહ્યા છે.' પછી મારા તરફ દૃષ્ટિ કરી બોલ્યા,

'વત્સ ! આશ્ચર્ય પામવાની જરૂર નથી. બધું જ યોગાનુયોગ બની રહ્યું છે, તું

ભાગ્યશાળી છે. તારી ઇચ્છા મુજબ તને બધું જ સમયે સમયે મળતું રહેશે અને મળી પણ રહ્યું છે.'

પછી પશ્ચિમ દિશા તરફ હાથનો સંકેત કરતાં બોલ્યા,

'તું મહાભાગ્યશાળી છો. જો, ગિરનારી બાવાના દર્શન કરીને તારા પરિચિત યોગી શિવાનંદ સરસ્વતી તથા હિમાલયથી પધારેલા સર્વેશ્વરાનંદજી આકાશમાર્ગે હિમાલય તરફ જઈ રહ્યા છે. છેલ્લી વાર દર્શન કરી લે. તેમનો કર્મભાર હવે એક સપ્તાહમાં જ સમાપ્ત થવાનો છે; પૃથ્વી પરની તેમની લીલા સંકેલી, બન્ને બ્રહ્મલીન થઈ જવાના છે.' કહી તેઓ મૌન બની, તે દિશામાં હાથ જોડી, આંખો મીંચી ગયા.

મેં પશ્ચિમ દિશામાં આકાશ તરફ દૃષ્ટિ કરી તો બે તેજસ્વી આકૃતિઓ આકાશમાર્ગે જઈ રહી હતી. પ્રથમની આકૃતિ જાણે તેજસ્વી પ્રકાશની બની હોય તેવી ઉજ્જવળ હતી, તેમની ઘણી મોટી ઊંચાઈના પ્રમાણમાં તેના લાંબા હાથ ગોઠણ સુધી લંબાઈને સ્થિર હતા, શ્વેત લાંબી જટા પાછળના ભાગે છેક પિંડી સુધી લંબાઈ રહી હતી; પાછળની આકૃતિ જે સાથે જ ગમન કરી રહી હતી. તે શિવાનંદ સરસ્વતીની હોવા વિશેની મને કોઈ શંકા રહી નહિ. કાળો ડગલો અને ચિરપરિચિત જટાને હવામાં લહેરાવતા, હસતામુખે ગમન કરી રહ્યા હતા.

આ અદ્‌ભુત દૃશ્યને નિહાળવું એ મારી જિંદગીનો અનેરો લ્હાવો હતો. હવે કદાચ મૃત્યુ આવે તો પણ મને તેની પરવાહ હતી નહિ. વગર સાધનાએ જાણે હું જીવનમુક્ત બની ગયો હતો. છતાં અંતરના ઊંડાણમાં હું અનુભવી રહ્યો હતો કે, હજુએ-પર્યાપ્ત નથી, હજુ ઘણું ખૂટે છે. ઘણું બાકી છે. ગિરનારી બાવાના દર્શન પણ અંતિમ લક્ષ્ય નથી.

ઉક્ત મહાપુરુષોના હું દર્શન કરી વિચારતો હતો. પશ્ચિમ દિશામાં ધીમે ધીમે ઓગળી જતાં એ દૃશ્યને જોયા બાદ હું ખાલી નિરભ્ર-નીલ-નીલ આકાશ તરફ સ્થિર દૃષ્ટિથી જોઈ રહ્યો હતો. ત્યાં જ વિશ્વંભરે પાછળથી મારો સ્પર્શ કરી મને વિચારમાંથી જાગૃત કરતા કહ્યું,

'ગુરુમહારાજ પુનઃ સમાધિમાં લીન થઈ ગયા છે. આપણે આગળ પ્રવાસ કરીશું. ગિરનારી બાવા આપણને દર્શન આપવા રાહ જોઈ રહ્યા હશે; પંથ પણ થોડો લાંબો છે, પરંતુ ચિંતા કરવાની જરૂર નથી.' થોડું અટકીને પુનઃ કહ્યું, પરંતુ માત્ર દર્શન, થોડા સમયને માટે જ, બસ પછી કશું નહિ તમે તેના દિવ્યદેહનું દર્શન કરી શકશો.'

નદીના પાણીમાંથી બહાર નીકળવા મારો હાથ પકડી મદદ કરતાં વિશ્વંભરે પુનઃ કહ્યું, 'કદાચ, હજુ રસ્તામાં થોડો વિલંબ થાય !'

નદીને કાંઠે કાંઠે અમે ચાલી રહ્યા હતા. નદીનું વહેણ હવે વળાંક લઈ રહ્યું હતું. થોડે આગળ જતાં નદીનો પટ વધુ પહોળો જણાયો. તે તરફ મને દોરતા વિશ્વંભરે કહ્યું,

'અહીંથી આપણે નદી ઓળંગી સામે કાંઠે થઈ આગળ વધવાનું છે. ત્યાંથી થોડા અંતરે એક સિદ્ધયોગી મહાત્મા વૃક્ષ નીચે રહી સમાધિઅવસ્થામાં રહે છે. દિગંબર અવસ્થામાં જ રહે છે. તેમને કેડના પડખામાં ઘારું પડ્યું છે, રુધિર નીકળ્યા કરે છે. એટલું જ નહિ ઘામાં ઈયળ જેવી જીવાત પડી ગઈ છે. છતાં હંમેશાં મસ્તીમાં રહે છે. કદાચ દર્શન થઈ જાય.'

આગળ ચાલતા એ જ મહાત્મા નજરે પડ્યા. શરીર હૃષ્ટ-પુષ્ટ ને દિગંબર અવસ્થામાં હતાં. વેરવિખેર જટા, છાતી, સાથળ અને પેટ પર કાળાં ચાંઠા. જોતાં જ ચીતરી ચડે તેવો દેખાવ, છતાં સૌમ્ય ચહેરો અને તેનું વાર્ધક્ય પૂજ્યભાવ પ્રેરે તેવાં હતાં. અમે તેની છેક નજદીક પહોંચ્યા. સાધુ સ્થિર નેત્રે અમારી સામે જોઈને હસ્યા. પછી હસીને જોરથી પોતાનું સ્થિર શરીર હલાવ્યું. તો કેડના ઘાવની અંદરના રુધિર નીતરતા ઘાવમાંથી ઈયળ જેવા કીડા ખરી પડ્યા.

અનુકંપા અને જુગુપ્સાના ભાવ સાથે નિહાળતો હું સ્તબ્ધ બની ગયો, પરંતુ પછીનું દશ્ય જોઈને તો મારું આશ્ચર્ય દ્વિગુણિત થઈ ગયું. યોગીએ નીચે પડેલાં ઈયળ જેવા કીડા વીણી વીણીને પુનઃ પોતાના રુધિરયુક્ત ઘાવમાં મૂકી દીધા. સાથે સાથે એમના મુખમાંથી કરુણાજનક શબ્દો સર્યા,

'અરે નારાયણ ! તું નીચે જમીન પર પડી રહીશ. તો પછી તું શું ખાઈશ ? તારા માટેનું ભોજન તો અહીં મારી પાસે છે; નિરાંતે ખાયે રાખ અને આનંદ કર !' તે પુનઃ પોતાના ઘાવમાં મૂકી મહાત્મા ગાંડાની માફક દોટ મૂકીને દૂર ઝાડીમાં અદશ્ય થઈ ગયા.

'ઉત્કૃષ્ટ સાધના પછીની આ સ્થિતિ છે. આગળ ચાલતા, ચાલતા વિશ્વંભરે મને કહ્યું, જીવનમુક્ત મહાત્માને સર્વત્ર નારાયણના જ દર્શન થાય છે. પછી એને કોઈ શત્રુ-મિત્ર નથી, સુખ નથી, દુઃખ નથી.' પછી થોડું મૌન રહી આગળ ચાલતા કહ્યું,

'એમના માટે શરીરનું રુધિર ચૂસતા કીડા પણ 'નારાયણ'નું જ સ્વરૂપ છે. પછી વેદના રહે જ ક્યાં ? બધો આધાર આત્મજ્ઞાન પર જ છે.'

કહી તે મૌન બની મને દોરતો આગળ ચાલી રહ્યો. જો કે મારા માટે આ જ્ઞાન નવીન હતું; છતાં એ જ્ઞાનને આત્મસાત કરતા યોગીઓને મેં આજે પ્રત્યક્ષ જોયા. મને થયું, જ્ઞાન જ્યારે આત્મસાત થાય છે, ત્યારે જ સાચું જ્ઞાન કહેવાય છે.

આગળ વધતા વિશ્વંભરે વાતને વળાંક આપતા કહ્યું,

'પ્રત્યેક યોગીને સાક્ષાત્કાર કરવાની અલગ અલગ પદ્ધતિ હોય છે. કોઈ યોગી ભક્તિભાવે યોગ કરતાં સર્વત્ર નારાયણના દર્શન કરે છે, પરંતુ કેટલાંક યોગીઓમાં શારીરિક બાબતને જુદાં જુદાં પ્રયોજનો માટે મહત્ત્વની ગણીને, શરીરની સુદઢતા માટે

જુદી જુદી ખાસ પદ્ધતિઓ અજમાવી યૌગિક ક્રિયાઓને પ્રાધાન્ય આપી સાધના કરતાં જોવામાં આવે છે. આમાં સર્વત્ર નારાયણ' ભાવ ગૌણ હોય છે. અનેક પ્રકારની ક્રિયાઓ દ્વારા જે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, તે ભક્તિભાવથી પણ આપોઆપ જ્ઞાન-વિજ્ઞાન સાથે પ્રગટ થાય છે. પ્રયત્નો ભલે જુદા જુદા હોય, પરંતુ ગંતવ્યસ્થાન સમાન છે.' કહી વિશ્વંભરે મૌન ધારણ કર્યું.

રસ્તો હવે ગીચ ઝાડીવાળો, ખડકોવાળો, સાંકળો થતો જતો હતો. સર્પાકાર નદી અમારાથી થોડે દૂર જતી રહી હતી.



9

ગિરનારીબાપુનું સ્થાન હવે કેટલું દૂર હશે, તે અંગે વિચારતો હું વિશ્વંભર સાથે બધા બનાવો અંગે વિચાર કરતો ચાલી રહ્યો હતો. વિશ્વંભરના કહેવા મુજબ હજુ પણ એક યોગીમહાત્માના દર્શન થવાના હતા. ત્યાં જ થોડે દૂર ખાસ્સી ઊંચાઈ ધરાવતા મસ્તક પર બાંધેલી જટાવાળા એક સાધુ વિચિત્ર અવસ્થામાં નજરે પડ્યા. હવે હું આશ્ચર્યમુક્ત થઈ ગયો હતો, પરંતુ ઘૃણા ઉપજે તેવું એ દૃશ્ય હતું. સાધુ એક વૃક્ષ પાછળ મોટી શિલા પર ચડી મળત્યાગ કરી રહ્યા હતા; મળત્યાગ કરવાની તેમની રીત થોડી વિચિત્ર તો હતી જ, પરંતુ અનુમાન કર્યું કે થોડા નીચા નમી મળત્યાગ કરવાનું કારણ કદાચ પગમાં થોડી તકલીફ હશે. એટલે જ આ રીતે વાંકા વળીને પશુની જેમ મળત્યાગ કરી રહ્યા હશે, પરંતુ તેઓ ઊભા-ટટ્ટાર થઈ શિલા પર આગળ પાછળ આંટા ફરવા લાગ્યા ત્યારે આ અનુમાન પણ ખોટું પડ્યું. મેં વિશ્વંભર તરફ દૃષ્ટિ કરી, તો તે મારી સામે જોઈ હસી રહ્યો હતો. પછી હસતા હસતા જ બોલ્યો,

'થોડી વાર હજુ જોયા કર, બધી વાત સ્પષ્ટ થઈ જશે. તારી જિજ્ઞાસાને સંતોષવા મળશે અને આધ્યાત્મિક સાધના પ્રતિ શ્રદ્ધા અને વિશ્વાસમાં પણ વૃદ્ધિ થશે.'

વિશ્વંભર મને સાધુની નજીક દોરી ગયો, પરંતુ નજીક જતાં તો મારી ઘૃણામાં અત્યંત વધારો થઈ ગયો. સાધુ મહાત્મા પોતાના મળને બે હથેળીમાં ચોળી ચંદનના લેપની જેમ આખા શરીર પર ચોળી રહ્યા હતા, પરંતુ એ દૃશ્યને જોઈ મને થયેલી ઘૃણા ક્ષણવારમાં ઓસરી ગઈ. નજીક પહોંચી ગયેલા મને મળની દુર્ગંધને બદલે મનને તરબતર કરી નાખતી સુગંધનો અનુભવ થયો. જેને શબ્દોમાં ન વર્ણવી શકાય, તેવી મધુર સુગંધ યોગીના મળમાંથી જ પ્રસરી રહેલી જાણી હું આશ્ચર્યચકિત થઈ ગયો. હું આ બાબત વિચારું કે પૃચ્છા કરું તે પહેલાં તો યોગી તેની આ ક્રિયા પડતી મૂકી, અમને જોતાં જ ખડખડાટ હસીને શીઘ્ર ગતિથી મોટી શિલાઓ પાછળ અદૃશ્ય થઈ ગયા.

મારો હાથ પકડી પ્રેમથી મારા તરફ હસી રહેલા વિશ્વંભરે મને આગળ દોરતા કહ્યું,

'સિદ્ધયોગીના પ્રસ્વેદમાંથી તો ઠીક, પરંતુ મળ-મૂત્રમાંથી પણ સુગંધ પ્રસરે છે. યૌગિક ક્રિયાઓ દ્વારા તેમના પંચપ્રાણ, પંચકોષ સાથે બોંતેર હજાર નાડીઓમાં વ્યાપ્ત 'સુષુમ્ણા' નાડી તદ્દન શુદ્ધ થઈ ગયેલી હોય છે, આવા શુદ્ધ અને પવિત્ર યોગીના શરીરમાં ચિત્ત-શક્તિમાં કુંડલિની જાગૃત થઈ ગયેલી હોય છે. તેથી યોગીને ભ્રમરની મધ્યમાંથી ઉત્પન્ન થતી સુગંધ તેમના સમગ્ર શરીરને પ્રભાવિત કરી સુગંધમય બનાવે છે.' કહી વિશ્વંભર મૌન બનીને ચાલવા લાગ્યો.

આધ્યાત્મિક પ્રવાસમાં આવા આવા સાધુઓના સંગમાં રહેતા મને હવે બધું જ કોઠે પડી ગયું હતું, છતાં જિજ્ઞાસા તો સતેજ હતી. મને વિચાર આવ્યો કે શું વિશ્વંભરને તેની સાધનાપૂર્વે આવા જ અનુભવો થયા હશે ? તેની પ્રારંભની સ્થિતિ કેવી હશે ? અત્યારની તેમની કક્ષા કેવી હશે ? વિચારતો હું આગળ વધી રહ્યો હતો, ત્યાં જ વિશ્વંભરે કહ્યું,

'પ્રત્યેક સિદ્ધયોગી પ્રારંભમાં સાધારણ સાધક જ હોય છે. ભલે તેના પૂર્વજન્મના તપ, સંસ્કાર અને સિદ્ધિઓ જન્મની સાથે જ હોય છે, પરંતુ તેને સાધના દ્વારા પુનઃ જાગૃત તો કરવી જ પડે છે. ગુરુ પાસે રહી શક્તિપાત દ્વારા તેને સાક્ષાત્કાર થોડા સમયમાં જ થઈ જતો હોય છે.'

'આપને પણ પ્રારંભમાં ઘણા અનુભવોમાંથી પસાર થવું પડ્યું હશે !' હું વિશ્વંભરને ઉક્ત પ્રશ્ન પૂછી રહ્યો હતો, ત્યાં જ વચ્ચે જ વિશ્વંભર મેં તેમના માટે પ્રયોજેલ 'આપ' શબ્દથી જાણે છંછેડાયેલ હોય તેમ કૃત્રિમ ક્રોધ ભરેલા અવાજમાં પ્રેમથી બોલ્યો,

'અરે છોડ, એવી 'આપ... આપ' જેવી ઔપચારિકતા. આપણે હંમેશના મિત્રો છીએ. વિશ્વભંર અથવા 'વિશુ' મિત્ર કહીને જ મને બોલાવ !' કહી, તેમણે લાગણીપૂર્વક મારા ખભે હાથ મૂક્યો. હું પણ મુક્ત બનીને બોલ્યો,

'તો વિશુ, તું પણ મને હવે 'અનંત' અથવા 'અનુ' કહીને જ બોલાવ, તો જ આપણી મૈત્રી એકસમાન બની રહેશે.'

'ભલે !' વિશ્વંભરે સહમત થતાં હસીને કહ્યું, 'હવે હું પણ તને 'અનુ' જ કહીશ, બસ ?'

પછી અમે પ્રેમથી ભેટીને ખૂબ હસ્યા. લાગતું હતું કે, જાણે જન્મજન્માંતરના અમે મિત્રો છીએ !

પછી ચાલુ વાતનું અનુસંધાન કરતાં વિશ્વંભરે કહ્યું, 'મારી પ્રારંભિક સાધનાના તો ઘણાં અનુભવો છે, પરંતુ એ બધું વિસ્તારથી કહેવાનો અત્યારે સમય નથી. તેથી

ટૂંકમાં જ થોડું કહીશ. હાલ જ તેં જોયેલા અવધૂત મહાત્મા જેવા અન્ય મહાત્માની વાત કરીશ. ત્રીસ વર્ષ પૂર્વે મારું મુંડન હરિદ્વારમાં થયેલું, અર્થાત્ ગુરુમહારાજ પાસેથી દીક્ષા લીધેલી. એ પછી હું ગુરુમહારાજના ગુરુભાઈ સાથે તેમના આશ્રમમાં ગંગોત્રી તીર્થ પર રહેલો. તે પણ એક રીતે મારા ગુરુ જ હતા. તે સિદ્ધ મહાત્માનું નામ પાર્થનાથજી હતું. નિત્યાનંદજીના નામે પણ ઓળખાતા. પાર્થનાથજીનાં સાંનિધ્યમાં રહી પ્રથમ હું એક ખાસ વાત શિખ્યો, જે પ્રત્યેક નવા સાધકે ધ્યાનમાં રાખવા જેવી છે.' પછી મારી સામે દૃષ્ટિ સ્થિર કરીને આગળ કહ્યું,

'મહાત્મા 'પાર્થનાથજી' પાસે દરરોજ અનેક પ્રકારના લોકો રાજાથી માંડીને રંક સુધીના તેમના દુઃખ-દર્દ મટાડવા અને આશીર્વાદ મેળવવા આવતા; તેમાં ભલભલા ધનવાન, શ્રેષ્ઠ કલાકાર, પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા, ગાયક, પ્રવચનકાર, મોટા અમલદારો વિગેરેનો પણ સમાવેશ થતો.' પછી થોડું અટકી પુનઃ આગળ કહ્યું, 'આ બધા લોકો જે ગુરુમહારાજ પાસે તેમના કૃપા-પ્રસાદ માટે આવતા, તેઓ કાંઈને કાંઈ અભાવની વાતો કરતા. તેમની પાસે બીજું ભલે ગમે તે હોય, પરંતુ એક બાબતની પૂરેપૂરી ખામી હતી, એ હતું તેમનું નબળું શરીરઆરોગ્ય. તેઓમાંથી કોઈ પેટ ભરીને ખાઈ શકતું ન હતું. કોઈની 'ઇન્દ્રિયો'માં તાકાત રહી ન હતી. બધા કોઈને કોઈ ખામીના રોદડાં રોતાં. જે કોઈ આવતું તે કંઈ ને કંઈ દરિદ્રતા લેતું આવતું !'

પછી પ્રસ્તુત અનુભવોનો નિચોડ કહેતો હોય તેમ વિશુ બોલ્યો, 'હું શાંતિથી એ બધું સાંભળતો અને એ લોકો પાસેથી મારે કયો અવગુણ જાણવો, કયો ગુણ ગ્રહણ કરવો. બોધ-પાઠ લેવો, તેનો વિચાર કર્યા કરતો !' પછી થોડું અટકી પુનઃ બોલ્યો,

'મેં જોયું કે તેઓ બધાં તેજહીન, સમતાહીન અને રોગિષ્ટ હતા. પૈસા હોવા છતાં પણ તેઓ અસંતોષી હતા. ન તો તેમનામાં કંઈ બળવીર્ય જણાતાં હતા કે ન તો મુખ પર તેજ. તેમનામાં ફક્ત નવા નવા રોગ વધતા જોતો !' પછી થોડું અટકીને વિશુ પુનઃ બોલ્યો,

'ગૃહસ્થાશ્રમીઓની આ કરુણ દશા જોઈ મારું હૃદય દ્રવી ઊઠતું.' વાત કરી રહેલા વિશ્વંભરના ચહેરા પર મને 'ભગવાન બુદ્ધની કરુણતા' સ્પષ્ટ દેખાઈ રહી. પછી હોઠ પર અંગૂઠો અને આંગળીનો સ્પર્શ કરી ગંભીર સ્વરે આગળ કહ્યું,

'આ બધું જોતા મને આનું એક કારણ સમજાયું. આ છે તેમના વીર્યની નિરંતર થતી દુર્દશા, ઇન્દ્રિયલોલુપતા અને મુખ્યત્વે અનિયમિત અને બેફામ જીવન ! ધનના આધારે બધા પ્રકારના ભોગો તે ભોગવે છે, સુખની ભ્રાંતસ્થિતિમાં તેઓ રહે છે. વાસ્તવમાં આ 'ભોગ જ તેમને ભોગવે છે' અને વિચિત્ર રોગોના શિકાર બને છે.'

હું શાંતિથી સાંભળી રહ્યો હતો, પરંતુ મારા મનમાં હજુ પણ પેલા સાધુ વિશે

વિચારો આવી રહ્યા હતા, કે જે મળનું લેપન શરીર પર કરી રહ્યા હતા. તેના મળમાંથી કોઈ અનેરી સુગંધ આવી રહી હતી. જેના અનુસંધાને જ મેં વિશુને તેના પ્રારંભિક અનુભવો વિશે પ્રશ્ન કર્યો હતો. મારી અપેક્ષા હતી કે વિશ્વંભર આવા અનુભવની કોઈ વાત કરે ને તે સાથે જ, એ જ વિષય તરફ વાતને વળાંક આપવાનો હોય તેમ હસીને તેણે એ જ વાત આગળ વધારતા કહ્યું,

'આ બધા સામાન્ય લોકોની જેમ અન્ય મહાપુરુષો અને સિદ્ધો પણ ગુરુદેવ પાસે આવી આશ્રમમાં નિવાસ કરતાં; અને આશ્રમની આજુબાજુનાં જંગલોમાં વિહાર કર્યા કરતાં. એમાંના ઘણાં દિગંબર પણ રહેતા, કોઈ 'અવધૂત' અવસ્થામાં ઘૂમતાં, ઇચ્છા પડે ત્યાં સુધી રોકાતા, પછી જતા રહેતા !' કહી વિશ્વંભર થોડી વાર મૌન બનીને ચાલી રહ્યો.

ગિરનારી બાવાની જગ્યા કેટલી દૂર હશે, તેની મને ખબર ન હતી. વિશ્વંભરને પૂછવાની મને કોઈ જરૂર લાગતી ન હતી. મારા રસ અને જિજ્ઞાસાને સંતોષતી વાતો સાંભળતો હું ઉલ્લાસપૂર્વક તેની સાથે કદમ મિલાવતો ચાલી રહ્યો હતો. થોડા મૌન પછી વાતના અનુસંધાને વિશ્વંભરે આગળ કહ્યું,

'ત્યાં આવતા એક મહાપુરુષને હું અંગત રીતે ઓળખતો હતો. નામ હતું 'આત્માનંદ સ્વામી' મહાન સિદ્ધપુરુષ હતા. આ આત્માનંદજી કલકત્તાની ગલીઓમાં ઘૂમતા રહેતા. દિગમ્બર અવસ્થામાં પણ લોકો તેમને મહાત્મા માની આદર કરતા, માન આપતાં. તેમનું આયુષ્ય (ઉંમર) ૧૫૦ વર્ષ કરતાં પણ વધુ હોવાનું મનાતું. દક્ષિણેશ્વરમાં તેઓ શ્રીરામકૃષ્ણ પરમહંસ પાસે યુવાવસ્થામાં ક્યારેક જતાં, જ્યાં તેમને સામાન્ય લોકો ઓળખી ન શકતા, 'ગંદા ભિખારી' સમજી, ગાંડા ગણીને તિરસ્કાર કરતા અને દૂર ભગાડતા. પંગતમાં સાથે જમવા પણ દેતા નહિ; એટલે પતરાળીઓમાંથી એંઠુ-જૂઠું વધેલું ખાઈ લેતા. કૂતરાઓ સાથે બધું આરોગતા. બધામાં માત્ર રામકૃષ્ણ પરમહંસ જ તેમને સાચા સ્વરૂપમાં ઓળખતા હતા. કાલિમાતાના મંદિરમાં જ્યારે આ આત્માનંદ સ્વામીએ શુદ્ધ સંસ્કૃતમાં રાગથી મધુરકંઠે સ્તુતિ ગાઈ હતી, ત્યારે તેમના ભાવ અને કંઠની મધુરતાથી સાંભળનારા સ્તબ્ધ બની ગયાં હતાં.' પછી થોડું અટકીને વિશ્વંભરે આગળ કહ્યું,

'આ મહાત્માની ઉંમર ઘણી હતી, છતાં યુવાન જેવા દેખાતા. ખંડેર અથવા ભાંગી-તૂટી ઝૂંપડીમાં એકાંતમાં રહેતા. જેવી રીતે યોગીઓનો અંતરાત્મા મળરહિત હોય છે, તેવી રીતે 'આત્માનંદજી'નું શરીર અને મન મળરહિત હતા !' પછી મારા તરફ હસીને દૃષ્ટિ કરી વિશ્વંભરે આગળ કહ્યું,

'તને થોડી વાર પહેલાં, મળ શરીર પર ચોળતા મહાત્માને જોઈ ઘૃણા સાથે

આશ્ચર્ય થયેલ, તેવું જ મારી બાબતમાં પણ પૂર્વે બનેલું. હું જ્યારે પહેલી વાર આ મહાત્માના દર્શને ગયો હતો, ત્યારે તેઓ એક જગ્યાએ મળત્યાગ કરી રહ્યા હતા. નજીક ગયો અને જોયું તો એ મળને પોતાના શરીર પર ચોળી રહ્યા હતા. પ્રથમ મને પણ ઘૃણાના ભાવ જાગેલા, પરંતુ જઈને તેમની બાજુમાં બેસી ગયો. એમના શરીરમાંથી મળની દુર્ગંધને બદલે સુગંધ આવી રહી હતી. બીજી વાર દર્શન કરવા ગયો ત્યારે તે ગટરના ગંધાતા ખાબોચિયામાં બેઠા હતા, પરંતુ એમના અંગોને ગંદકી સ્પર્શી પણ નહોતી. તેઓ જે પાણીમાં બેઠા હતા, તે પાણી એટલું બધું ગંદુ હતું કે તેમની નજીક જવાની મારી હિંમત ન ચાલી. હું દૂર જ ઊભો રહ્યો. તેઓ જ્યારે ગંદકીમાંથી બહાર નીકળ્યા ત્યારે મેં એમના પગ ધોયા. પગ ધોતા હું આશ્ચર્ય પામ્યો. તેમના અંગોમાંથી અષ્ટગંધ જેવી અદ્‌ભુત સુગંધ પ્રસરી રહી હતી. પગ ધોતા ધોતા મેં એમને પૂછેલું,

'બાબા ! આવી ભયંકર ગંદકીમાં જઈને શા માટે બેસો છો ?' ત્યારે સ્વામીએ પ્રેમાળ સ્વરમાં મને કહ્યું,

'વિશ્વંભર બેટા ! અંદરની જે ગંદકી છે, એ તો આનાથી પણ વધુ ગંદી છે; શું તને પોતાને અનુભવ નથી ? શરીર મળ-મૂત્રની ખાણ જેવું નથી લાગતું ?' પછી સ્નેહથી મારા મસ્તક પર હાથ મૂકીને કહ્યું,

'વિશ્વંભર ! તું સાધક છે, એટલે કહું છું. મર્મને બરાબર સમજજે; જ્યારે તને પાણીના ગંદા ખાબોચિયામાં અને ગંગાના પવિત્ર જલમાં કોઈ ફરક નહિ જણાય, ત્યારે જ તું 'જીવનમુક્ત' !'

આટલું કહી વિશ્વંભર મૌન ધારણ કરી રહ્યો. તેના મુખ પર ચિંતનને કારણે ઊપસતી પવિત્ર આભા હતી. હું તેના વ્યક્તિત્વને નિહાળી રહ્યો.

વાતો કરતાં આસ્તે આસ્તે અમે રસ્તો કાપી રહ્યા હતા. અનુભવોના સાર વિશે હું વિચારી રહ્યો હતો. તરવો કઠિન ભવસાગર પાર કરવા માટે અનેક હોડીઓ છે, ગમે તે એક પસંદ કરીને બેસી જાવ. હલેસા મારી ભવસાગર પાર કરાવનાર મળી જશે, માત્ર તે માટે ઇચ્છા અને સંકલ્પ હોવા જોઈએ !

'બસ, હવે ગિરનારી બાવાની જગ્યા સાવ નજીક છે.' મૌન તોડી વિશ્વંભરે કહ્યું, 'વચ્ચે રસ્તો કઠિન છે, પરંતુ ચિંતા કરવાનું કારણ નથી !'

'તું સાથે છે, પછી ચિંતા કરવાનું કારણ રહેતું જ નથી.' મેં પણ મુક્ત બનીને કહ્યું.

'વચ્ચે ચાલીસ ફૂટ ઊંડો કૂવો આવે છે, તે ટપીને જવાનું છે.' ચાલતા વિશ્વંભરના શબ્દો મારા કાને પડ્યા. મેં વિશ્વંભર સામે દૃષ્ટિ કરી; તેણે હસતા હસતા પુનઃ કહ્યું,

'બન્ને બાજુ ભોંયરાની દીવાલો, કૂવો સીત્તેર ફૂટ લાંબો અને બન્ને દીવાલોને સ્પર્શ

કરતો ૨૦ ફૂટ પહોળો આ કૂવો છે, જે આપણે ઓળંગીને જવાનું છે.' કહી વિશ્વંભર ગંભીરતાથી મારી સામે જોઈ રહ્યો.

'અ...ધ... ધ... ! આટલો ઊંડો અને લાંબો કૂવો પાર કરવો પડશે !' મેં ચિંતાથી પૂછ્યું, 'એ કઈ રીતે શક્ય બનશે ?'

'એ પણ શક્ય બનશે !' શ્વેત દંતપક્તિ દર્શાવતું મધુર હાસ્ય કરી વિશ્વંભર મારા ખભાનો સ્પર્શ કરીને પ્રેમપૂર્વક બોલ્યો :

'ચિંતા કરવાની કે ગભરાવાની જરૂર નથી. મૈં હુ ના ! સબ ઠીક કર દુંગા !' ધરપત આપતા વિશ્વંભરે મને હાથ પકડી આગળ કર્યો.

હવે રસ્તો સાંકડો થતો થતો 'ટનલ'ના રૂપમાં ફેરવાતો જતો હતો. ધીમે ધીમે મને લાગ્યું કે, અમે કોઈ લાંબી ટનલમાંથી પસાર થઈ રહ્યા છીએ. આગળ ચાલતા મારા વિસ્મયનો પાર ન રહ્યો પગ નીચેનો રસ્તો એકદમ સરળ, લીસો અને જાણે સુવર્ણથી મઢી લીધો હોય તેવો તેજસ્વી અને આકર્ષક હતો. બન્ને બાજુની દીવાલો અને ઉપરની છત જાણે સુવર્ણના પતરાથી મઢી લીધી હોય તેમ લાગતું હતું. આશ્ચર્યમાં ગરકાવ બનીને હું વિશ્વંભર સામે વિસ્ફારિત નેત્રે જોઈ રહ્યો. મારા મનોભાવોને સમજી ગયેલા વિશ્વંભરે હસીને કહ્યું,

'આપણે ગિરનાર પર્વતની અંદરના ભાગમાં છેક તળિયે ચાલી રહ્યા છીએ !' પછી જાણે કોઈ રહસ્ય બતાવતો હોય તેમ ધીમેથી હસીને બોલ્યો, 'આપણે ગિરનારની અંદર તળિયાના ભાગે ગુપ્ત અને અગોચર માર્ગે દાખલ થયા છીએ. આ રહસ્યમય માર્ગોથી સિદ્ધો, યોગીઓ અને અનેક જન્મોના સંચિત પુણ્યવાળા તપસ્વી સાધકો જ ગિરનારી બાવાની કૃપા હોય તો જ દાખલ થઈ તેમના દર્શન કરી શકે છે.'

કહી વિશ્વંભર મને દોરતો મૌન બનીને આગળ ચાલતો રહ્યો. આ સમયે મને રેવાનંદજીના શબ્દો યાદ આવ્યા, રસ્તામાં વાતચીત કરતા કહેલું,

'આ ગિરનાર પર્વત જેટલો બહાર દેખાય છે, તેટલો જ જમીનની અંદર પણ રહેલો છે અને તેને કારણે જમીનમાં પડેલી મોટી ખાંચને તે પૂરી રહ્યો છે.' પછી આગળ ઉમેરતા કહેલું, 'આ ગિરનાર પર્વત પથ્થરનો નહિ, પરંતુ પૂરેપૂરો સુવર્ણનો જ છે. મનુષ્ય તેના ભૌતિક અર્થાત્ 'ચર્મચક્ષુ'ઓથી જોઈ શકતો નથી.'

ગિરનાર પર્વત સંપૂર્ણપણે સુવર્ણનો જ છે, તેની હવે મને પૂરેપૂરી પ્રતીતિ થઈ ગઈ. બીજી આશ્ચર્યની વાત એ હતી કે ગિરનારની અંદર બનેલી કુદરતી ટનલમાં ઘણે અંદર સુધી ચાલી રહ્યા, છતાં અંધકારનો જે અનુભવ થવો જોઈએ, તેને બદલે સર્વત્ર શાંત-શીતળ પ્રકાશ પથરાઈ રહ્યો હતો. આ પ્રકાશ ક્યાંથી આવી રહ્યો હતો, તેનું અનુમાન હું કરી શકતો ન હતો. લાગતું હતું કે, સુવર્ણની દીવાલોની પાછળ કોઈ

પ્રકાશિત વસ્તુ છે; અને તેનો પ્રકાશ દીવાલોને વીંધીને, બહાર બધું પ્રકાશિત કરી રહ્યો છે, અથવા સુવર્ણની દીવાલો જ સ્વયં પ્રકાશિત છે.

ત્રીજું આશ્ચર્ય એ પણ હતું કે, પ્રકાશિત દીવાલો ઉપરાંત વચ્ચે વચ્ચે ચોતરફ હીરાના બનેલાં હોય તેવા મોટા મોટા અને જુદા જુદા આકારના નાના-મોટા તેજસ્વી, ચમકતા અને પ્રકાશ ફેંકતા અનેક પથ્થરો પણ પડ્યા હતા. લાગતું હતું કે અમે હીરા તથા શ્વેતમણિના કોઈ પ્રદેશમાં વિહરી રહ્યા છીએ.

રસ્તો ખૂબ પહોળો અને ચમકતા હીરા જેવા તેજસ્વી કાંકરા તેના પર પથરાયેલાં હતા, ખુલ્લી જગ્યા ન હતી. છતાં મંદ મંદ શીતળતા સાથે અલૌકિક સુગંધનો અનુભવ થઈ રહ્યો હતો. લાગતું હતું કે જાણે સુવર્ણ અને હીરાના એરકન્ડિશનલ શૉ-રૂમમાં અમે ફરી રહ્યા છીએ. લાગતું હતું કે આ સ્વર્ગનું દશ્ય નથી, સ્વયં સ્વર્ગ જ છે.

અમે ઘણો રસ્તો કાપી ચૂક્યા હતા, થાક અને કંટાળાનું કોઈ નામોનિશાન ન હતું. પ્રસન્નતા જાણે મારી પ્રકૃતિ હતી અને આનંદ 'સર્વાંગ સ્વરૂપે' મારામાં વિદ્યમાન હતો.

ચાલતા વિશ્વંભર સામે મારી દષ્ટિ જતાં જાણ્યું કે તે મારી સામે જોઈને ચાલી રહ્યો હતો. મારા મુખ અને હૃદયની પ્રસન્નતાનું પ્રતિબિંબ જાણે તેના મુખ પર પડી રહ્યું હોય તેમ તેના પ્રસન્ન સ્મિત પરથી લાગી રહ્યું હતું. થોડું ચાલતા વિશ્વંભરે મારા ખભાનો સ્પર્શ કરી, બીજા હાથની અંગુલિનિર્દેશન દ્વારા મારું ધ્યાન દોરતા કહ્યું,

'મિત્ર અનંત ! હવે સામે જો, શું દેખાય છે ?' મેં સામે દષ્ટિ કરી, તો તે દશ્ય જોઈ હું આશ્ચર્ય સાથે આનંદવિભોર બની ગયો. સામે જાણે શ્વેત ગંગાજળથી છલોછલ ભર્યું હોય તેવું અથવા ધવલ-દૂધ કે પારાથી ભર્યું હોય તેવું, ચમકતા પાણીનું લંબચોરસ નાનું તળાવ મારી દષ્ટિએ પડ્યું.

'વાહ ! સુંદર, અતિ સુંદર અદ્ભુત !' અવાક બનીને હું બોલી ઊઠ્યો, ત્યાં જ

'હા, એ જ અદ્ભુત... સુંદર ઊંડો કૂવો છે. તેં અનુમાન કર્યું છે, તે જ તળાવ જેવો ઊંડો કૂવો છે.' ખડ્ખડ્ હસીને વિશ્વંભર મારા ખભા પર હાથ મૂકીને હસી રહ્યો. પછી ઉમેરતા બોલ્યો,

'આપણે હવે, તે ચાલીસ ફૂટ ઊંડા પાણીમાં ઊતરવાનું છે અને તેને પાર કરીને આગળ ગિરનારી બાવાના દર્શન કરવા જવાનું છે.'

'ઓહ ! ચાલીસ ફૂટ ઊંડા પાણીમાં ઊતરવાનું છે ?' મેં મૂંઝવણ અનુભવતા કહ્યું, 'એ કઈ રીતે શક્ય બનશે ?'

હું મનોમન મૂંઝવણ અનુભવતો, છલોછલ ભરેલા કૂવાના કાંઠે આવીને વિશ્વંભર સાથે ઊભો હતો. બન્ને બાજુની દીવાલો સુધી પાણી ચળકાટ મારી રહ્યું હતું. કાંઠે કાંઠે ચાલીને જઈ શકવાની કોઈ શક્યતા ન હતી અને સામો કાંઠો સીત્તેર ફૂટ દૂર !

મૂંઝવણ અનુભવતો હું વિશ્વંભરના પ્રત્યુત્તરની રાહ જોઈ રહ્યો હતો, પરંતુ લાંબા સમય સુધી તેના તરફથી કોઈ પ્રત્યુત્તર કે પ્રતિભાવ ન મળતા, તેની બાજુમાં જ ઊભેલા મેં તેના તરફ દૃષ્ટિ કરવા ડોક ફેરવી, તો અચંબા સાથે હું સ્તબ્ધ રહી ગયો. વિશ્વંભર મારી બાજુમાં ન હતો ! મેં પીઠ ફેરવી પાછળ જોયું તો દૂર દૂર રસ્તો જાણે ક્ષિતિજને મળી જતો હોય તેમ લંબાઈ રહ્યો હતો. વિશ્વંભર ક્યાંય નજરમાં આવી રહ્યો ન હતો.

અંદરથી થોડા ભય અને વિસ્મયથી મેં ચારે તરફ દૃષ્ટિ દોડાવી જોઈ. વિશ્વંભરનું કોઈ ચિન્હ નજરે પડ્યું નહિ. આમ અચાનક તેનું અદૃશ્ય થઈ જવું મને વિસ્મયકારક અને વિચિત્ર લાગ્યું. આમ અચાનક આવી જગ્યાએ ગિરનાર પર્વતના છેક તળિયે, મને છોડી વિશ્વંભરનું અદૃશ્ય થઈ જવું, એ મારા માટે અકલ્પનીય અને અકળાવનારું હતું. છતાં તેની પાછળ કોઈને કોઈ હેતુ હશે જ તેવો વિશ્વાસ પણ હતો, ને એ વિશ્વાસના આધાર પર હું તેના દૃશ્યમાન થવાની આશા સાથે રાહ જોતો થોડી વાર સ્થિર થઈને ઉચ્ચાટ સાથે ઊભો રહ્યો, પરંતુ સારી વાર રાહ જોવા છતાં વિશ્વંભર દૃશ્યમાન ન થતાં હું અકળાઈને ધીરજ ખોઈ બેઠો, ને મેં મોટેથી બૂમ પાડી કહ્યું, 'વિશ્વંભર ! તું ક્યાં છો ! વિશ્વંભર ! વિશ્વં...ભર... !'

મારી બૂમના ચારે તરફ પડઘા પડ્યા, 'વિશ્વંભર, વિશ્વંભર, વિશ્વંભર !' હું ધીરજ ખોઈ, ઉચાટ સાથે બૂમો પાડતો હતો, ત્યાં જ એ ગુંજતા પડઘાને વીંધીને વિશ્વંભરનો ગંભીર અવાજ કાને પડ્યો,

'મિત્ર અનંત ! હું અહીં છું !'

સામે કાંઠેથી આવેલ અવાજ તરફ મેં દૃષ્ટિ કરી તો, વિશ્વંભર બે પગ પહોળા કરી, કેડ પર હાથ ટેકવી, હસતા મુખે કૂવાને સામે કાંઠે ઊભો હતો ! હું આશ્ચર્યથી તેને જોઈ રહ્યો. ક્ષણવારમાં તે કેવી રીતે કૂવાને સામે કાંઠે અદૃશ્ય રીતે પહોંચી ગયો ! વિશ્વંભરના આ ચમત્કારની મને નવાઈ ન લાગી, છતાં સામાન્ય માણસની જેમ મિત્ર જેવું વર્તન કરી રહેલા વિશુની આવી અદ્‌ભુત સિદ્ધિ પ્રત્યક્ષ જોઈ હું જરૂર પ્રભાવિત થયો.

હસી રહેલા વિશ્વંભર પ્રત્યે મિત્રપ્રેમની બનાવટી રીસ સાથે તેની સામે થોડી વાર જોઈ રહ્યો. આ તારી કેવી મિત્રતા ? હું ત્યાં સુધી કેવી રીતે પહોંચી શકીશ ? મને ખબર હતી કે, આ સિદ્ધ સાધુને મુખેથી બોલીને કહેવાની કોઈ જરૂરત જ નથી. વગર બોલ્યે તેઓ બધું સાંભળીને સમજી જાય છે ને બન્યું પણ એમ જ. શીઘ્ર તેનો પ્રત્યુત્તર સંભળાયો.

'અન્યની સતત સહાયની તને આદત ન પડવી જોઈએ. આખરે તો જીવન-મરણની સફર એકલાએ જ કરવાની હોય છે ને ?'

પછી ખડખડાટ હસીને બોલ્યો,

'એટલે, થોડી ગમ્મત કરવા તને છોડીને હું આગળ પહોંચી ગયો. બસ, હવે નિરાંત રાખીને તું પણ ચાલ્યો આવ !'

મેં ઉત્તેજિત અને ચિંતાભર્યા સ્વરમાં કહ્યું,

'પરંતુ, મિત્ર મારા ! આ ઊંડા પાણીમાંથી હું કઈ રીતે ત્યાં આવી શકું ? તરતાં તો મને આવડતું નથી, તો પછી ?'

'અરે, મારા મિત્ર ! તારે તરીને આવવાની કશી જ જરૂર નથી. બસ, જમીન પર ચાલે છે, તેમજ પાણી પર ચાલવા માંડ. તું તેમ કરી શકીશ, ચાલ પાણીમાં પગ માંડ.'

વિશ્વંભરના શબ્દો પર મને પૂર્ણ વિશ્વાસ હતો; વળી તેના શબ્દોની તાકાતથી હું તેમ કરવા વિવશ પણ બની ગયો હતો. આથી હું બે ડગલાં પાણીની તરફ આગળ વધ્યો, છતાં થોડો ખચકાટ અનુભવી હું ક્ષણ માટે અટકી ગયો. તે જોઈ વિશ્વંભર કહ્યું,

'બસ, હિંમતથી આગળ વધ, અટક નહિ. શ્રદ્ધા અને વિશ્વાસના આધાર પર જ કાર્યની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તે જ સાધકની સિદ્ધિરૂપી સાગર સુધી પહોંચવાની નાવ છે.'

મેં પાણી તરફ આગળ વધવા પગ ઉપાડ્યો, ખચકાટ વગર, શ્રદ્ધા અને વિશ્વાસ સાથે.

'શાબાશ ! ડરના મત, મૈં હું ના !'

મને તેના 'મૈં હું ના' શબ્દો પર હસવું આવ્યું. તેના જ લહેકાની જેમ મેં પણ કહ્યું, 'કૈસે ન ડરું ! તું વહાં, મૈં યહાં !'

ને શ્વેત પંક્તિઓ ચમકાવતા હસીને મારી સામે જોઈ રહેલા તેના પ્રતિ દૃષ્ટિ નોંધી, મેં પાણીમાં પગ મૂકી દીધો. મને અનુભવ થયો કે પાણીમાં પગ ગરકાવ થઈ જવાને બદલે, મને લાગ્યું કે ડનલોપીલોની પોચી ગાદી પર મેં પગ મૂક્યો છે, ને તે સાથે જ બન્ને પગ પાણીમાં મૂકી મેં નિર્ભયતાથી ચાલવા માંડ્યું.

મારા પગ માત્ર પેની સુધી જ પાણીમાં ડૂબેલા હતા અને હું જાણે પાણીની બનેલી પોચી અને શીતળ ગાદી પર ચાલી રહ્યો હતો.

હું મનોમન હરખાઈ ઊઠ્યો. અરે, મને પાણી પર ચાલવાની સિદ્ધિ પ્રાપ્ત થઈ ચૂકી છે.

હું આનંદપૂર્વક બાળકની જેમ પાણીમાં છબછબિયા બોલાવતો ચાલતો હતો, પરંતુ મારા માટે આશ્ચર્યજનક પ્રશ્ન એ હતો કે, આ સિદ્ધિ આવી કઈ રીતે ! તત્કાળ જવાબ પણ મળી ગયો. વિશ્વંભર દ્વારા વારંવાર થયેલા સ્પર્શને કારણે થયેલ 'શક્તિપાત'થી જ મને આ સિદ્ધિ પ્રાપ્ત થઈ શકી છે.

પાણીની પોચી ગાદી પર ચાલતો હું કૂવાના મધ્ય ભાગમાં આવી ચારે તરફ

ફેલાયેલા પાણી તરફ દૃષ્ટિ દોડાવી રહ્યો. તે સાથે પાણીમાં હું કઈ રીતે અને શાના પર ઊભો રહી શક્યો છું, તે જોવાની જિજ્ઞાસા થતાં મેં પગ નીચે પાણીમાં દૃષ્ટિ કરી, તો હું આશ્ચર્યથી દંગ થઈ ગયો. પગ નીચે પોચી ગાદી જેવું કશું જ ન હતું. કોઈ પણ જાતના આધાર વગર હું પાણીમાં ઊભો ઊભો જ તરી રહ્યો હતો. વધુ આશ્ચર્ય તો મને ત્યારે થયું કે જ્યારે મેં ચાલીસ ફૂટ ઊંડા પાણીની અંદર દૃષ્ટિ કરી. મને તળિયે પડેલા જાણે હીરાના હોય તેવા નાના-મોટા પથ્થર અને ચમકતાં કાંકરા નજરે પડ્યા. સ્વચ્છ જલના તળિયે હીરા અને સુવર્ણરેતી ચમકી રહી હતી.

ચાલીસ ફૂટ ઊંડા પાણીની અંદરનું નરનરમ્ય દૃશ્ય હું નિહાળી રહ્યો હતો; ત્યાં જ મારી ફરતી નજર તળિયાના મધ્યભાગમાં પડી. તો ચમકીને હું ભયની આછી ધ્રુજારી અનુભવી રહ્યો. ચળકતી રેતીની વચ્ચે એક મોટો સર્પ ત્રણ ગૂંચળા વળીને અધોમુખ પડ્યો હતો.

ભયને જીતીને હું નિર્ભય બની ગયો છું, મને લાગ્યું કે આવી માન્યતા ધરાવતો હું ખરેખર મારી જાતને છેતરી રહ્યો છું.

અંતરમાં ઢબૂરાયેલા આ ભયને કારણે જ મને વિચાર આવ્યો કે, જેના આધાર પર હું પાણીમાં ઊભો છું. એ શ્રદ્ધા અને વિશ્વાસને હું અત્યારે ગુમાવી બેસુ તો ! તેના આધાર પર તો હું પાણીમાં ઊભો રહી શક્યો છું. અગર તે જ ગુમાવી બેસું તો, તો સીધો જ ચાલીસ ફૂટ ઊંડા પાણીમાં તળિયે મોટા સર્પ પર ! એક આછી ભયની ધ્રુજારી મારા શરીરમાંથી પસાર થઈ ગઈ, પાણીમાં રહેલ સર્પ પર સ્થિર દૃષ્ટિ કરીને કિંકર્તવ્યમૂઢની જેમ હું સ્થિર બનીને ઊભો રહ્યો. ત્યાં જ પાછળથી મારા ખભા પર સ્પર્શનો અનુભવ થયો. સાથે ચિરપરિચિત વિશ્વંભરના સ્નેહાળ શબ્દો સંભળાયા,

'એમાં ગભરાય છે, શા માટે ? મેં હું ના !'

તેના હાથને પકડીને મેં પીઠ ફેરવીને જોયું. કશું જ ન બન્યું હોય તેમ, વિશ્વંભર સ્નેહાળ દૃષ્ટિ કરતો ઊભો હતો. મારો શ્વાસ નીચે બેઠો !

મારા ખભા પર હાથ મૂકી વિશ્વંભરે કહ્યું,

'જીવનમાં ઉપસ્થિત થતી પ્રત્યેક ક્ષણને વ્યક્તિએ જાતે જ માણવી જોઈએ, તો જ તે ક્ષણનું સાચું મૂલ્ય સમજાય.' પછી હસીને પ્રશ્ન કર્યો.

'અનુ ! તેં એકલાએ જાતે કરેલો અનુભવ કેવો લાગ્યો, બોલ તો !'

'અદ્‌ભુત ! વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી, હું એટલું જ કહી શકું કે, બસ આ અનુભવ એ મારો પોતાનો અનુભવ છે. જેને સ્વયં આવો અનુભવ થાય તે જ તેને સમજી શકે.'

'અચ્છા ! સત્ય ! છતાં કહે તેં શું જોયું ?'

મને ખ્યાલ જ હતો કે વિશ્વંભર બધું જાણે છે, છતાં મારા મુખે જ સાંભળવા ઇચ્છે છે; એટલે મુખથી બોલ્યા વગર નીચે પાણીમાં રહેલા નતમુખે સૂતેલા મહાસર્પ તરફ અંગુલિનિર્દેશ કર્યો. વિશ્વંભરે તે તરફ દૃષ્ટિ ન કરતાં મારા તરફ પ્રશ્નાર્થ દૃષ્ટિએ જોયા કર્યું. ન છૂટકે મેં કહ્યું,

'મેં... આ નીચે પાણીમાં દેખાય છે, તે સર્પ જોયો ?'

'ઓહ !' આશ્ચર્યોદ્‌ગાર કાઢીને, મારા અજ્ઞાન પર હસતો હોય તેમ હસીને કહ્યું,

'એ તો મહામાયા 'કુંડલિની શક્તિ' છે !'

'મહામાયા કુંડલિની શક્તિ ? એ તો જીવંત પ્રાણીઓના દેહમાં છે. આ પાણીમાં કેવી રીતે હોઈ શકે ?'

'બરાબર છે, મિત્ર અનંત ! પરંતુ તેમાં રહસ્ય છે.' ગંભીર સ્વરમાં બોલતા વિશ્વંભરે કહ્યું,

'તને ખબર છે ? આ ગિરનાર પર્વત પણ એક મહાન આત્માનું ભૌતિક સ્વરૂપ છે. તેની ઉંમર અને આયુષ્ય મહાન સિદ્ધો પણ જાણવા સમર્થ નથી. ભૌતિક સ્વરૂપે દેખાતો ગિરનાર પર્વત દિવ્યચેતનાથી ભરપૂર જીવંત સ્વરૂપે બહાર અને અંદર વ્યાપી રહેલ છે. જડ-ભૌતિક સ્વરૂપે દેખાતો આ પવિત્ર પર્વત દિવ્ય ચેતના પણ ધરાવે છે. આ પર્વત અસંખ્ય સિદ્ધો અને દેવતાઓનો ધબકતો આત્મા છે. સિદ્ધોમાં પણ સિદ્ધસ્વરૂપે-ચેતનવંતા દિવ્ય સ્વરૂપે પણ વિદ્યમાન છે. જેને ગિરનારી બાવા પણ કહેવામાં આવે છે. 'ગિરનારી બાવા' એ પવિત્ર ગિરનાર પર્વતનું 'સાકાર' સ્વરૂપ છે. જડવંત સ્વરૂપ છે; જડ પર્વતનું જીવંત-દિવ્ય શરીર તેજ ગિરનારી બાવા છે.' પછી નીચે પાણીમાં રહેલ કુંડલિનો પુનઃ નિર્દેશ કરતાં કહ્યું,

'જડ અને ચેતન સ્વરૂપે પોતાના મસ્તક-બ્રહ્મરંધ્રમાં મહાશક્તિ કુંડલિનીને 'શક્તિપીઠ'ના સ્વરૂપે પોતાના મસ્તક પર ધારણ કરી રહેલ મહાન સિદ્ધ આત્મા છે. તે 'ગિરનાર' પર્વત પર શક્તિસ્વરૂપે બિરાજેલા 'અંબા માતા'ના જે સાકાર મૂર્તિસ્વરૂપે દર્શન કરો છો, તે સ્થાનને 'પીઠ' અર્થાત્ 'શક્તિપીઠ' કહેવામાં આવે છે. જે મહાત્મા ગિરનારના મસ્તક પર બ્રહ્મરંધ્રમાં ચડેલી કુંડલિની શક્તિ છે, જે ગિરનારની મૂર્ધા અર્થાત્ મસ્તકના 'સહસ્ત્રદલચક્ર'ની અંદર સ્થિર છે.'

પછી નીચે અંગુલિનિર્દેશ કરતાં વિશ્વંભરે આગળ કહ્યું,

'શરીરની અંદર 'લિંગ' સ્થાનની નીચે 'મૂલાધારચક્ર' છે, કુંડલિની શક્તિ સર્પાકારે સુસુપ્ત અવસ્થામાં ત્યાં પડેલી છે; ધીમે ધીમે આ મહામાયા કુંડલિની શરીરના જુદા જુદા સ્થાનો પર 'મેરુદંડ'ના આધાર પર ગોઠવાયેલા ષડ્‌ચક્રોનું ભેદન કરીને તે મસ્તક પર 'સહસ્ત્રાધાર ચક્ર' સુધી પહોંચે છે.'

'આ મહામાયા કુંડલિનીનો મહિમા, શક્તિ અને ઉપયોગિતા એટલી બધી છે કે, એને સંપૂર્ણ રીતે સમજવામાં બુદ્ધિ કામ લાગતી નથી. ભગવતી કુંડલિની કૃપાથી સાધક સર્વગુણસંપન્ન બની સ્વયં દિવ્યસ્વરૂપ બની જાય છે. સાધકને બધી જ કળાઓ, સિદ્ધિઓ અનાયાસ જ પ્રાપ્ત થઈ જાય છે.'

સ્થિર પાણી પર ઊભેલા અમે જ્ઞાનવાર્તા કરી રહ્યા હતા, સર્પાકારે સુષુપ્ત અવસ્થામાં પાણીમાં અને ગિરનાર પર્વતની અંતર્ગત રહેલી એ મહામાયા કુંડલિનીના હું વારંવાર દર્શન કરી રહ્યો હતો, ત્યાં જ વિશ્વંભરે પુનઃ કહ્યું,

'વાસ્તવમાં દેખાતા પ્રત્યેક જડ પદાર્થોમાં પણ સૂક્ષ્મ ચેતના પડેલી હોય જ છે. 'પ્રાણ' સર્વત્ર વ્યાપેલો છે; જે પ્રત્યેક જડ પદાર્થોમાં અતિસૂક્ષ્મ રીતે 'આત્મા'ના સ્વરૂપે રહેલો હોય છે. ત્યારે આ 'પવિત્ર ગિરનારનો આત્મા' દિવ્ય અને ચેતનવંતો હોય તેમાં કોઈ શંકા રાખવી ન જોઈએ. ગિરનાર એ જડ અને ચેતનસ્વરૂપે-મૂર્તિમંત સાક્ષાત્ દૈવીસ્વરૂપે આ ભૂમિ પર જાણે પલાંઠી વાળીને શિવસ્વરૂપે બેઠેલો છે. એ બધાનો દિવ્યાત્મા છે. મહાન તપસ્વીઓ, સિદ્ધો, દેવો પૂર્વે થઈ ગયેલાં અને વર્તમાનમાં વિદ્યમાન યોગીઓના આત્માની એકરસતા, એકરૂપતા એટલે 'ગિરનાર !' તેનું સજીવ-દિવ્યસ્વરૂપ તે 'ગિરનારી બાવા !'

પછી થોડી વિશ્રાંતિ લઈ વિશ્વંભરે આગળ કહ્યું,

'ઘણા સાધકો અને ભાવિક ગૃહસ્થોને, ભક્તોને 'ગિરનારી બાવા'ના મનુષ્યરૂપે દર્શન થાય છે, તે આ તેની અંદર જ બિરાજેલા 'દિવ્યાત્મા' ગિરનારી બાવાનો 'અંશ' છે. આ અંશરૂપ ગિરનારી બાવા ગિરનાર પરિસરમાં જ ચોક્કસ સ્થાન પર, સિદ્ધો અને શિષ્યો સાથે ઘણુંખરું ગુપ્ત રીતે જ રહે છે. આ અંશરૂપ ગિરનારી બાવાનું આયુષ્ય અર્થાત્ ઉંમર સાડા ત્રણસો વર્ષની ગણવામાં આવે છે. આ ગિરનારી બાવા ગણ્યાંગાંઠ્યા ભક્તો અને સિદ્ધ સાધુ-સંતો દ્વારા લોકકલ્યાણના કાર્યો કરાવે છે, પરંતુ જે 'દિવ્યસ્વરૂપ ગિરનારી બાવા' છે, તેના દર્શન તો પૂર્વજન્મના અનેક પુણ્યોના પ્રતાપે જ થઈ શકે છે.'

પછી થોડું મૌન ધારણ કરી, મારા ખભા પર પ્રેમપૂર્વક હાથ મૂકી સસ્મિત કહ્યું, 'તારા અનેક જન્મના તપનો ઉદય થતાં તને એ 'દિવ્યસ્વરૂપ'નાં આજે પ્રત્યક્ષ દર્શન થશે. તારી અંદર પડેલી શક્તિઓ, જે તારા ખ્યાલમાં નથી તે સાધના બાદ પુનઃ સ્મૃતિ અને સિદ્ધિઓ સાથે પ્રગટ થશે; પરંતુ એ બાદ તારે આ જન્મના ઋણાનુબંધ ચૂકવવા ગૃહસ્થાશ્રમમાં રહેવું પડશે; અને એક સામાન્ય સાધકની જેમ જીવન પસાર કરવું પડશે. શા માટે અને કેમ ! એ બધા પ્રશ્નનો ઉકેલ તારી પાસે હશે, પરંતુ તે અંગે તું 'મૌન' બની રહીશ. ગુરુની આજ્ઞા થશે તો અને તો જ તું લોકોપકાર અને અન્ય સાધકોના ઉપયોગ અર્થે તે પ્રગટ કરી શકીશ.' મેં પણ સંકલ્પ કર્યો, હું આ બધા અનુભવો મારા

પૂરતા સીમિત રાખીશ ! મેં વર્તમાન ક્ષણોમાં ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કર્યો. ત્યાં જ વિશ્વંભરે મારું ધ્યાન દોરવા કહ્યું,

'સાધકે સાવધાન રહી, ઉપર-નીચે બધે દૃષ્ટિ રાખવી જોઈએ.' પછી ખડ્ખડ્ હસી પડતા કહ્યું,

'તેં ભૌતિક સ્વરૂપે દેખાતા 'ગિરનારી બાવા' અર્થાત્ ગિરનારી પર્વતના ચેતનવંતા દેહમાં રહેલ 'મુલાધાર' પર જ નીચે દૃષ્ટિ કરી, હવે ઉપર ગિરનારી બાવા સ્વરૂપે તેના ચેતનવંતા મસ્તક અર્થાત્ 'બ્રહ્મરંધ્ર' માં દૃષ્ટિ કર ! જો ઉપર શું દેખાય છે !'

મેં ઉપર તરફ દૃષ્ટિ કરી તો જિંદગીમાં ન અનુભવેલ કે જોયેલ દૃશ્ય જોઈ મારી આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. ઉપર દૃષ્ટિ પડતાં મને લાગ્યું કે એક વિશાળ પિરામિડ જેવા મંદિરનું કોઈ ઊંચું, ખૂબ ઊંચુ શિખર હું અંદરના ભાગેથી જોઈ રહ્યો છું. નજર પણ ન પહોંચી શકે, કલ્પનામાં પણ ન બેસી શકે તેવું અત્યંત ઊંચું અને અદ્ભુત મંદિર આકારનું શિખર મારા મસ્તક પર રહેલું હું અચંબાપૂર્વક જોઈ રહ્યો. જેની ખબર મને વિશ્વંભરે ધ્યાન દોર્યા પછી જ પડી.

મેં શાંતિથી ઉપર રહેલા તે શિખરનું નિરીક્ષણ કર્યું. ધીમે ધીમે ઉપર જતાં સાંકળું થતું જતું એ શિખર છેક ઉપરના ભાગે ધારદાર અણીના રૂપમાં દેખાઈ રહ્યું હતું, અને તેની ઉપર નાના ગોળાકાર જેવા ભાગ પર મનુષ્યના અંગૂઠા જેવો ભાગ દૃષ્ટિગોચર થઈ રહ્યો હતો. આટલી ઊંચાઈએ પણ બધું સ્પષ્ટ જોઈ શકાતું હતું, એ આશ્ચર્યની વાત હતી. વિશાળ ઊંચુ શિખર અને તેના છેક ઉપરના ભાગમાં નાના કાણા જેવા ભાગમાંથી દેખાતો કોઈ પવિત્ર અને અતિ સુંદર સ્ત્રીના પગનો અંગૂઠો ઝગારા મારી રહ્યો હોય તેવું સ્પષ્ટ દૃશ્ય હું જોઈ રહ્યો. ત્યાં જ અચંબામાં ગરકાવ થઈ રહેલા મને, મારા આશ્ચર્યને પણ વિંધી નાખતા વિશ્વંભરના શબ્દો મારા કાને પડ્યા,

'મિત્ર, અત્યારે તું ગિરનાર પર્વતના તળિયે, પાણીમાં ઊભી તે પર્વતની ટોચના અંદરના ભાગને જોઈ રહ્યો છે.'

'ગિરનાર પર્વતની ટોચનો આ અંદરનો ભાગ છે ? અને ટોચની નીચે છેક તળિયે મધ્યમાં આવેલ પાણીના આ કુંડમાં આપણે અત્યારે ઊભા છીએ !'

'હા, બિલકુલ નીચે અને બરાબર મધ્યમાં !'

સાંભળી આછી ધ્રૂજારી વ્યાપી ગઈ મારા શરીરમાં. વિશ્વંભરે આગળ કહ્યું, 'આપણે પર્વતની ટોચથી પંદર હજાર ફૂટ નીચે ઊભા છીએ અને તે પણ પર્વતની અંદરના ભાગમાં તેની મધ્યમાં, છેક તળિયે !'

'છેક, છેલ્લી ટૂંકની નીચે !'

'હા ! તે ટૂંક પર પ્રસ્થાપિત 'શક્તિપીઠ'ની બરાબર નીચે મધ્યમાં છીએ ! જે

જગ્યાએ મંદિર છે, જેમાં મહામાયા કુંડલિની 'અંબા'ના નામે બિરાજી રહ્યા છે અને આ તેના જમણા પગના અંગૂઠાનો થોડો ભાગ નીચે દશ્યમાન થઈ રહેલો છે.' મેં દંડવતની મુદ્રામાં પ્રણામ કર્યાં ને તે સાથે મારા મસ્તક પર શીતળ જલનું એક બિંદુ પડ્યું; તે સાથે શક્તિપીઠમાં વાગતા ઘંટારવનો અવાજ પણ મારા કાને પડ્યો.

'વાસ્તવમાં, દરઅસલ પંચમહાભૂતનું બનેલ જડ લાગતા ગિરનારનું આ છેલ્લી ટ્રૂંક તરીકે ઓળખાતું આ તેનું મસ્તક છે અને તેના પર 'શક્તિપીઠ' તરીકે પ્રસ્થાપિત થયેલ 'મા અંબા' તે મસ્તકનાં બ્રહ્મરંધ્રમાં મહામાયા કુંડલિની જાગૃત સ્વરૂપે મૂર્તિના રૂપમાં સાકાર સ્વરૂપે બિરાજી રહી છે.' પછી નીચે તરફ મારું ધ્યાન દોરી વિશ્વંભરે કહ્યું,

'પાણીની અંદર સર્પાકારે દર્શન આપતી ગિરનારની મૂલાધારમાં રહેલી મહામાયા કુંડલિની ગિરનાર પર્વતની ઉપર-નીચે આવ-જા કરે છે; અને એ કારણે જ ગિરનાર પર્વત આટલો પવિત્ર બની સિદ્ધો અને દેવતાઓનો 'આવાસ' બની રહ્યો છે.'

પછી પાણી પર ઊભેલા મને આગળ દોરતા કહ્યું,

'આ પવિત્ર પહાડ સામાન્ય પથ્થરનો નથી, પરંતુ દિવ્યરૂપધારી જીવંત મહાત્મા છે, જે આ ભૂમિ પર સાક્ષાત 'શિવ' સ્વરૂપે પલાંઠી વાળીને બિરાજી રહ્યો છે.'

પાણી પર સાથે ચાલી રહેલા વિશ્વંભરે સમાપન કરતાં કહ્યું,

'હવે થોડી જ વારમાં આપણે તેના દિવ્ય સાકાર સ્વરૂપનાં દર્શન કરીશું.'

ચાલીસ ફૂટ ઊંડા પાણીમાં ચાલીને કાંઠે જઈ રહેલા મને આ અદ્ભુત અનુભવની સત્યતા વિશે શંકા થઈ આવી. આ હું જે જોઈ રહ્યો છું, તે ખરેખર સત્ય છે કે 'સ્વપ્ન' ! ખાતરી માટે મેં મારા હાથે ચૂંટી ખણી જોઈ. મને ખાતરી થઈ કે હું જાગી રહ્યો છું, ને આ જે દેખાય છે તે સત્ય છે !

ત્યાં જ મારા સ્વગત વાક્યની પૂર્તિ કરતાં વિશ્વંભરના શબ્દો મારા કાને પડ્યા,

'સત્ય જ છે, તું જે જોઈ રહ્યો છે, તે નરાતાર સત્ય છે, પરંતુ સૂક્ષ્મ અને અગોચર છે. પૂર્વજન્મના પુણ્ય-પ્રતાપે કોઈ ભાગ્યશાળી જ આ સૂક્ષ્મ જગતમાં પ્રવેશી શકે છે.'

મેં પુનઃ એકવાર પાણીની અંદર રહેલ સર્પાકાર કુંડલિનીના દર્શન કરવા નીચે દૃષ્ટિ કરી, તો ત્યાં મહામાયા કુંડલિની ન હતા. તેની જગ્યાએ ચળકતી રેતીમાં માત્ર સર્પાકાર લિસોટો રહી ગયો હતો.

પાણીની બહાર નીકળવા હું વિશ્વંભર સાથે ચાલવા લાગ્યો. હવે હું નિર્ભય બની ગયો હતો અને મારી બધી જ શંકાઓનું નિરસન થઈ ગયું હતું.



10

કાંઠા પર પગ મૂકતા મને લાગ્યું કે ચાલીસ ફૂટ ઊંડા પાણીની ઉપર ચાલવાનો મારો અનુભવ રોમાંચક અને દિલધડક હતો. વિશ્વંભરે મારામાં કરેલ શક્તિપાતથી હું પાણી પર ચાલી શક્યો હતો એ હકીકત હતી. આવો સિદ્ધયોગી મારી સાથે મિત્રની જેમ વર્તન કરી રહ્યો હતો, જે મારા માટે પૂર્વજન્મના ઋણાનુબંધની દેન હતી.

વિશ્વંભર સાથે જ પગ મિલાવી આગળ ચાલી રહેલા મને હવેના દશ્યમાં થોડો બદલાવ આવતો જણાયો. સુવર્ણજડિત દીવાલો હવે થોડા ખડબચડા પરંતુ ચકળતા કાળમીંઢ પથ્થર જેવી જણાવા લાગી હતી. હીરા જેવા પ્રકાશિત પથરાઓનું તેજ અર્થાત્ પ્રકાશમાં પણ થોડો ફરક પડી ગયો હતો અને તેને કારણે હવે થોડું થોડું અંધારું પણ વર્તાઈ રહ્યું હતું. એમ છતાં કોઈ કોઈ પથ્થર તેજસ્વી અને પ્રકાશિત પણ નજરે પડી રહ્યો હતો. જે પથ્થર ગોળ દડા જેવો હાથમાં લઈ શકાય તેવો હતો.

આછા પ્રકાશમાં અને આછા અંધકારમાં અમે ચાલી રહ્યા હતા, ત્યાં સામે રસ્તો રોકીને ઊભેલી કાળમીંઢ પથ્થરની દીવાલ મેં જોઈ. દીવાલની મધ્યભાગમાં ભોંયરા જેવું નાનું બાકોરું પણ નજરે પડ્યું. તેની અંદરના ભાગમાં અંધકારને કારણે કશું જોઈ શકાતું ન હતું.

આ નવા દશ્યને જોઈ હું થોડો ખચકાયો, ત્યાં જ વિશ્વંભરે કહ્યું, 'તેં અત્યાર સુધી પ્રકાશનો અનુભવ કર્યો, હવે અંધકારનો અનુભવ લે !' પછી હસીને, માનવજીવનનું રહસ્ય કહેતો હોય તેમ કહ્યું.

'પ્રકાશ પછી અંધકાર, સુખ પછી દુ:ખ, તેવી જ રીતે જન્મ પછી મૃત્યુ અને મૃત્યુ પછી પુન:જન્મ, રાત્રિ પછી દિવસની જેમ !'

પછી ઉમેરતા કહ્યું, 'આ ક્રમમાંથી નીકળવા માટે પુરુષાર્થ કરવો પડે છે. નિરંતર,

અવિરત સાધના, યોગ, ભક્તિ અને ઈશ્વરનું ચિંતન અને સમર્પણ. ખેર, આવી વાતો તો પછી પણ થશે, અત્યારે આપણે 'ગિરનારી બાવાના દિવ્યદર્શન'નું લક્ષ્ય સિદ્ધ કરવા પ્રયત્નશીલ બનીએ !'

'હવે આપણે આ ઘેરા બનતા જતા અંધકારનો સામનો કઈ રીતે કરીને આગળ વધવું તેનો ઉપાય કરવો પડશે !' કહી વિશ્વંભર જાણે વિચાર કરતો હોય તેવી મુદ્રામાં હસતો ઊભો રહ્યો. તુરત જ મેં એ રેવાનંદજીના સૂચન મુજબ સાથે લીધેલી બેટરી કાઢવાનો પ્રવયત્ન કરવા થેલામાં હાથ નાખ્યો. ત્યાં જ મને અટકાવતા વિશ્વંભરે કહ્યું,

'રુકો ! ત્યાં તારી બેટરીનો પ્રકાશ નહિ ચાલે, ત્યાં આનો દિવ્ય પ્રકાશ જ વધુ ઉપયોગી થશે !' કહી તેણે નજીક પડેલ એક વધુ તેજસ્વી અને પ્રકાશિત પથ્થર ઉપાડી મારા હાથમાં મૂક્યો જે બેટરીના પ્રકાશ કરતાં વધુ પ્રકાશ ફેંકી રહ્યો હતો.

મસ્તક નમાવી અંધારી ગુફામાં જેવો અમે પ્રવેશ કર્યો કે તુરત જ મારા હાથમાં રહેલ પ્રકાશિત પથ્થરનો પ્રકાશ ગુફામાં પથરાઈ રહ્યો અને બધું જ સ્પષ્ટ દેખાવા લાગ્યું.

ગુફા સાંકળી અને દશેક ફૂટની લંબાઈવાળી, તેમજ નીચા નમીને ચાલવું પડે તેટલી નીચી હતી, નીચા નમીને ચાલતા ચાલતા અમે થોડું અંતર કાપ્યું તો જમણા હાથની દીવાલમાં કમાન આકારનું મોટું દ્વાર નજરે પડ્યું. બહારથી નજર કરતાં અંદર મોટા કમરા જેટલી જગ્યા હતી, તેમ લાગ્યું. અમે પથ્થરના પ્રકાશ સાથે અંદર પ્રવેશ કર્યો.

અંદર શીતળ પ્રકાશમાં અમે જોયું તો પૂર્વ દિશામાં દીવાલમાં ઊંચા ઓટા જેવું ચાંદીનું બનેલું હોય તેવું પ્રકાશિત મોટું 'સિંહાસન' હતું. ગુફાની દક્ષિણ તરફ આગળ જવાનો રસ્તો હતો, પરંતુ ત્યાં દૂર સુધી જોઈ શકાતું ન હતું. થોડા પ્રકાશના આધારે દેખાતા દશ્ય પરથી લાગતું હતું, કે બહાર નીકળવા અથવા વધુ આગળ જવા માટેનો તે રસ્તો હોવો જોઈએ. કમરો સ્વચ્છ અને સુઘડ હતો, તે પરથી લાગતું હતું કે અહીં કોઈનો કાયમી નિવાસ હોવો જોઈએ !

હું મૌન બની આશ્ચર્યથી નિરીક્ષણ કરી રહ્યો હતો. વિશ્વંભર સિંહાસન તરફ મુખ રાખી અચલ બનીને ઊભો હતો. મને લાગ્યું કે તે ઘણી વખત અહીં દર્શનાર્થે આવી ચૂકેલ હશે, કદાચ તેની પાસે આંખો મીંચીને પણ જોવાની શક્તિ હશે.

હું વિશ્વંભર સામે ઉત્સુકતાથી જોઈ રહ્યો હતો. ત્યાં જ ઝગમગતા પ્રકાશિત કમરાનું વાતાવરણ અચાનક બદલાઈ ગયું. કમરામાં પ્રકાશની જગ્યાએ આછો અંધકાર પથરાઈ રહ્યો. તે સાથે જ ન ઓળખી શકાય તેવી મધુર સુગંધ કમરાના વાતાવરણમાં પ્રસરી રહી; સુગંધમાં એટલી માદકતા ભરી હતી કે તન, મન, બદન હર્ષોલ્લાસથી નાચી ઊઠ્યું. નાના બાળકને માતાનું દર્શન થતાં જેવો આનંદ થાય, તેવો આનંદ મારા મનમાં વ્યાપી રહ્યો.

મેં વિશ્વંભર સામે જોયું તો તે હાથ જોડી, આંખો મીંચી, સામે રહેલ સિંહાસન તરફ જાણે સમાધિમાં હોય તેમ ઊભો હતો. ત્યાં જ મારા અચરજ વચ્ચે સિંહાસન પ્રકાશિત થઈ ઊઠ્યું. હું એ અચરજમાંથી બહાર આવું ત્યાં જ સિંહાસન પર એક અતિપ્રકાશિત જ્યોત પ્રગટ થઈ, જે વિશાળ કદની માનવઆકૃતિ વાળી હતી. ધીમે ધીમે એ જ્યોતિરૂપી માનવઆકૃતિ સ્પષ્ટ થઈ. જેનું તેજસ્વીસ્વરૂપ અગ્નિરૂપ હોય તેમ ઝળાહળા થઈ રહ્યું હતું. અતિ આશ્ચર્યના પ્રહારમાંથી મને કળ વળે અને હું સ્વસ્થ બનું ત્યાં જ મને તે તેજસ્વી આકૃતિ પારદર્શક લાગવા માંડી. ધીમે ધીમે ચામડીના પડની અંદર રહેલાં હૃદય, માંસપેશીઓ, સ્નાયુઓ સહિતની બોંતેર હજાર નાડીઓથી વ્યાપ્ત શરીરને હું આશ્ચર્યથી નિહાળી રહ્યો.

આ તેજસ્વી મૂર્તિ ગિરનારી બાવાની જ હોઈ શકે, તે વિશે મને પ્રતીતિ થઈ જતાં હું ભાવવિભોર બની ગયો. મેં બે ખભા નમાવી, નીચા નમી વારંવાર પ્રણામ કર્યા.

હું પ્રણામ કરી રહ્યો હતો એ દરમિયાન મને લાગ્યું કે મારા મસ્તક પર કોઈનો સ્પર્શ થયો છે અને મને તે સાથે લાગવા માંડ્યું કે, મને કોઈ નવીન દૃષ્ટિ મળી રહી છે અને એ દૃષ્ટિ વડે હું ગિરનારી બાવાના દર્શન કરી રહ્યો છું. મને લાગવા માંડ્યું કે, ગિરનારી બાવાની અંદર દેખાતું ભૌતિક સ્વરૂપ હવે બદલાઈ રહ્યું છે. ભૌતિક અવયવોની સાથે સાથે હવે સૂક્ષ્મ રીતે રહેલા આધ્યાત્મિક અવયવો પણ દર્શિત થઈ રહ્યા છે. આજ ગિરનારી બાવાનું દિવ્યસ્વરૂપ છે, તેમ મને લાગવા માંડ્યું. મારા આંતરચક્ષુ અતિ જાગૃત અને તેજસ્વી બનીને ગિરનારી બાવાના દિવ્ય શરીરનું અવલોકન કરવા લાગી ગયા.

જીવાત્માનાં જ્યોતિર્મય 'રક્ત, શ્વેત, કૃષ્ણ અને નીલ' એ ચાર વર્ણના શરીરને એકબીજાને આશ્રિત અને એકબીજામાં ઓતપ્રોત થયેલાં ગિરનારી બાવાના તેજસ્વી અને પારદર્શક શરીરમાં મને સ્પષ્ટ થવા લાગ્યાં. આમ સ્થૂળ, સૂક્ષ્મ કારણ અને મહાકારણ શરીરની પ્રત્યક્ષ અનુભૂતિ મને ગિરનારી બાવાના ભૌતિક અને સૂક્ષ્મ આધ્યાત્મિક શરીરમાં સ્પષ્ટ થવા લાગી.

એ સાથે તેમના પારદર્શક શરીરમાં 'ષટ્ચક્રો'નો ઉદય થતો હું નિહાળી રહ્યો, પરંતુ એ દિવ્યદેહમાં જે 'ષટ્ચક્રો'ના દર્શન થયા. તેનું સ્પષ્ટ વર્ણન કરવું અશક્ય છે, જે દર્શન થયું તેમાંથી કેટલાંક દશ્યો હું સમજી અને ઓળખી શક્યો હતો. અર્થાત્ ખરેખર તો મને એ ષટ્ચક્રોની મારા અંતઃકરણમાં અનુભૂતિ થઈ રહી હતી. જેના આધારે જ હું તેનું સ્વરૂપ સમજી શકતો હતો.

મેં નિરીક્ષણ કરતાં જોયું તો દિગંબર, તેજસ્વી, ગિરનારી બાવાની ઉપેન્દ્રિય (લિંગ)ના નીચેના ભાગે 'મુલાધારચક્ર' એક ધારું ચમકી રહ્યું હતું. આ 'મુલાધાર' ચક્રને મેં ચાર પાંખડીઓના સ્વરૂપે જોયું, તેની વચ્ચેના ભાગમાં 'લ'નો ધ્વનિ થઈ રહ્યો હતો.

તેમજ તેની વચ્ચે ત્રિકોણાકાર ભાગમાં 'શિવલિંગ'ને વીંટળાયેલી અને સર્પાકારે સૂતેલી, નતફેણવાળી 'કુંડલિની શક્તિ' સ્પષ્ટરૂપમાં દેખાઈ રહી હતી અને ત્યાંથી 'ષં, સં, શં' અક્ષરો (વર્ણો)નો ગુંજારવ અવરિતપણે થઈ રહ્યો હતો. આ મુલાધારચક્રની જમણી બાજુ 'સરસ્વતી' અને ડાબી બાજુએ 'બ્રહ્મા'બિરાજિત હતા. ચક્રની અંદરના ભાગે ત્રિકોણની બહાર ચારે બાજુ 'હજાર સૂંઢવાળો' 'ઐરાવત' હાથી સતત રીતે ગોળ ગોળ ઘૂમી રહ્યો હતો. આ ચાર પાંખડીવાળા મુલાધાર ચક્રનું સ્થાન 'શિવની' હતું, વર્ણરક્ત અને 'લોકભૂલોક' હતો, તેમાં yeb થી meb અક્ષરો સ્પષ્ટ રીતે વાંચી શકાતા હતા. તત્ત્વ 'પૃથ્વી' હતું, 'ueb બીજ હતું', વાહન 'ઐરાવત' હતું, તત્ત્વનો ગુણ 'ગંધ' હતો, અધિષ્ઠાતા દેવ બ્રહ્માના દર્શન થઈ રહ્યા હતા. સાથે 'ડાકિની' નામની દૈવીશક્તિ પણ વિદ્યમાન હતી, તેની અંદરનું યંત્ર ચતુષ્કોણ હતું, કર્મેન્દ્રિય સ્થાને 'ગુદા' અને જ્ઞાનેન્દ્રિય 'નાસિકા' હતી.

એ પછી ઉપસ્થ સ્થાનમાં રહેલ સ્વાધિષ્ઠાન ચક્ર કે જેને છ પાંખડીઓ હતી અને જે 'ભૂલોક'માં સ્થિત હતું, તેનો સાક્ષાત્કાર થવા લાગ્યો. જેનો વર્ણ સિંદૂર જેવો હતો, બીજાક્ષર વં થી લં હતા, વં બીજ તત્ત્વરૂપે હતું. તત્ત્વ 'જળ' અને ગુણ 'રસ' હતો, વાહન માટે 'મગર', દેવ 'વિષ્ણુ' હતા. યંત્રનો આકાર 'બીજ-ચંદ્રાકાર' હતો, કર્મેન્દ્રિય સ્થાને 'લિંગ', જ્ઞાનેન્દ્રિય 'રસના' જણાતી હતી !

મેરુદંડની વચ્ચે 'સ્વાધિષ્ઠાન ચક્ર'ની માનસિક અનુભૂતિ થયા બાદ ત્રીજા 'મણિપુર ચક્ર' પર મારી દૃષ્ટિ સ્થિર થઈ, જે ગિરનારી બાવાના દિવ્યદેહમાં 'નાભિ'ની જગ્યાએ સ્પષ્ટ થતું હતું. જેની કર્મેન્દ્રિય પગમાં, તેમજ જ્ઞાનેન્દ્રિય ચક્ષુમાં ઝબકારા મારી રહી હતી.

'મણિપુર ચક્ર'નું સંપૂર્ણપણે દર્શન થઈ ગયા બાદ અરુણ જેવા તેજસ્વી અને હૃદયમાં સ્થિત 'બારપાંખડી' વાળા 'અનાહત્ ચક્ર'ના સ્પષ્ટ રીતે દર્શન થવા લાગ્યા, જેનો લોક 'મહલોક', 'વાયુતત્ત્વ' અને વાહન 'મૃગ' સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. જેની જ્ઞાનેન્દ્રિય 'ત્વચા', આકાર 'ષટ્કોણ', હતો, વર્ણો 'કં થી ઠં હતા, બીજ યં' અને અધિષ્ઠાતા દેવ 'ઈશાનરુદ્ર' હતા. દૈવીશક્તિ 'ડાકિની'ના દર્શન પ્રભાવિત કરી રહ્યા હતા.

હવે 'અનાહત ચક્ર' પરથી મારી દૃષ્ટિ ફરીને પાંચમા સ્થાન પર રહેલ 'વિશુદ્ધાચક્ર' પર સ્થિર થવા લાગી, જે ગિરનારી બાવાના દિવ્ય શરીરમાં 'કંઠ'ની જગ્યાએ જણાતું હતું. જેની પાંખડીઓ સોળ હતી, વર્ણ 'ધૂમ્ર' હતો, વિશદ્ધાચક્રનો 'જનલોક' હતો, વર્ણો અ થી અઃ સુધી હતાં, જે અનુક્રમે પાંખડીઓ પર સ્પષ્ટપણે દશ્યમાન થતાં હતાં.

'વિશુદ્ધાચક્ર'ના સ્પષ્ટપણે દર્શન થાય બાદ મારી દૃષ્ટિ છઠ્ઠા 'આજ્ઞાચક્ર' પર સ્થિર થવા લાગી. 'ચક્ષુઆકાર'ના આ ચક્રનું દશ્ય અતીવ મનોહર અને અદ્દભુત હતું. જેનું સ્થાન 'ભ્રૂમધ્ય' માં હતું. બે પાંખડીવાળા આ 'આજ્ઞાચક્ર'ની પાંખડીઓમાં સુંદર શ્વેત

વર્ણ હતો. 'મહત' વર્ન્યવાળા આ 'આજ્ઞાચક્ર'નું 'તત્ત્વબીજ - ૐ' હતું, વાહન 'નહિ' હોવાને કારણે 'ૐ કાર' નાદનો ધ્વનિ અંદરથી ગુંજી રહ્યો હતો. વચ્ચે અધિષ્ઠાતા દેવ 'શિવ' લિંગના સ્વરૂપે બરાબર વચ્ચે સ્થાપિત જણાતા હતા. તેનું યંત્ર 'લિંગાકાર' હતું, કર્મેન્દ્રિય ઇન્દ્રિયાતીત હોય, જાણી શકાય તેવી ન હતી. જ્ઞાનેન્દ્રિય પણ ઇન્દ્રિયાતીત હોય, હું તે જાણી શકવા અસમર્થ થતો હતો, કારણ કે યંત્ર 'લિંગાકાર' હતું. જેના મધ્યમાં 'એક આંખ' હતી, વચ્ચે 'ૐ' અંકિત હતો, જેમાંથી તેજસ્વી કિરણો ફેંકાઈ રહ્યા હતા. મસ્તક પર 'ચંદ્રાકૃતિ' હતી. 'આજ્ઞાચક્ર'ની અદ્‌ભુત અનુભૂતિથી હું ભાવવિભોર બની ગયો હતો.

'આજ્ઞાચક્ર'નો રોમાંચક અનુભવ કરી મારું લક્ષ્ય હવે તેનાથી પણ અધિક રોમાંચક ચક્ર, જે સાતમા સ્થાને હતું, તે 'સહસ્ત્રદલ ચક્ર' પર કેન્દ્રિત થયું. આ સહસ્ત્રદલ ઇન્દ્રિયાતીત હોય માત્ર 'અનુભૂતિ' થઈ હતી, તેમ કહી શકું. જેનું પૂરેપૂરું વર્ણન કરવું શક્ય નથી. મસ્તક અર્થાત્ 'મુર્ધા' પર રહેલું અથવા આવેલ આ 'સહસ્ત્રદલચક્ર'ને સુંદર એકસો પાંખડીઓ હતી. વર્ણ સ્પષ્ટ થતો ન હતો, ગિરનારી બાવાના મસ્તક પર 'સત્યલોક'ની અનુભૂતિ થતી હતી, ચક્રની બધી જ પાંખડીઓ પર અ થી અઃ સુધીના સંપૂર્ણ અક્ષરો અંકિત થયેલાં હતાં. 'સહસ્ત્રદલ' તત્ત્વાતીત હોય, 'તત્ત્વ' જાણી શકવાની મારામાં સમર્થતા હતી નહિ. તત્ત્વબીજ-વિસર્ગ (૦) હતું, જે ફુદડીઓના જેવી લીટીઓથી અંકિત હતું, વાહન 'બિન્દુ' હતું. આજ 'બિન્દુ' એટલે મહામાયા નીલેશ્વરી-કુંડલિની શક્તિ છે, તેવો મારા અંતરમાં અવાજ આવી રહ્યો હતો અર્થાત્ તેવું જ્ઞાન થઈ રહ્યું હતું. અરે ! કુંડલિની શક્તિ 'બિન્દુસ્વરૂપે' નીલરંગમાં ઝળાહળા થઈ રહી હતી, યંત્ર વર્તુળાકાર, પરંતુ કર્મેન્દ્રિય તથા જ્ઞાનેન્દ્રિય બન્ને ઇન્દ્રિયાતીત હોઈ, વર્ણવી શકાય તેમ ન હતી.

આ રીતે ગિરનારી બાવાના મસ્તકની ઉપર, મધ્યભાગમાં સહસ્ત્રદલચક્ર જેને 'બ્રહ્મરંધ્ર' પણ કહેવામાં આવે છે, મેં સ્પષ્ટરૂપે દર્શન કર્યાં.

આ બધાં દર્શનો મને વિશિષ્ટ અને વિશેષરૂપે થઈ રહ્યા હતા. વિશેષમાં હું અનુભવી શકતો હતો કે, આ બધાં ષટ્‌ચક્રો એકબીજા સાથે માળાના મણકાની માફક પરોવાયેલા અને સીધી લીટીમાં એકબીજા સાથે સંબંધ ધરાવતા હતા. આ દર્શનની સાથે સાથે કરોડરજ્જુની વચમાંથી પસાર થતી, 'ઈડા, પિંગલા અને સુસુમ્ણા' નાડીઓ પણ દર્શિત થતી હતી ! પરંતુ આ બધામાં અદ્‌ભુત દૃશ્ય તો એ હતું કે, છેક 'મુલાદાર'માંથી પ્રગટ થતી 'સર્પાકાર મહામાયા કુંડલિની' સુસુમ્ણા નાડી દ્વારા ઉપર 'બ્રહ્મરંધ્ર'માં જતી, ઉપર ચડતી સ્પષ્ટ જોઈ શકાતી હતી.

ગિરનારી બાવાનાં સૂક્ષ્મ શરીરનું મને આ રીતે દર્શન થયું અને તે સાથે જ ષટ્‌ચક્રોના જ્ઞાનનું મને સ્ફુરણ થયું.

'ગુદા' અને 'લિંગ' એ બન્ને ઇન્દ્રિયોમાં રહેલ 'અપાન' વાયુની મને માનસિક રીતે પ્રતીતિ થઈ. જે ખાધેલા અન્નના રસને સમગ્ર શરીરમાં પહોંચાડવાનું કામ કરે છે. તે 'સમાન' વાયુનો મને ખ્યાલ આવ્યો. તે જ પ્રમાણે બોંતેર હજાર નાડીઓ દ્વારા સંપૂર્ણ શરીરમાં જે શક્તિ સંચાર કરે છે, તે 'વ્યાન' વાયુને ધબકતી નાડીઓમાં હું અનુભવ કરી રહ્યો, તે જ પ્રમાણે 'ઉદાન' વાયુની પ્રતીતિ પણ મને થઈ.

ઉપરાંત, જેનું બ્રહ્માંડ બનેલું છે, તે 'પંચમહાભૂતો'ને પણ બાબાના દિવ્ય શરીર દ્વારા અનુભવી શક્યો. તેમના ભૌતિક સ્વરૂપ, જેમ કે નાડી, પારદર્શક ચામડી વિગેરે દ્વારા 'પૃથ્વીતત્ત્વ' પ્રકાશિત તેજસ્વી શરીર અને તેમના હૃદયમાં પ્રજ્વલી રહેલ 'નીલ જ્યોત'થી હું 'અગ્નિતત્ત્વ' ને ઓળખી શક્યો.

અષ્ટગંધની મધુર સુગંધ દ્વારા હું 'વાયુતત્ત્વ'ને ઓળખી શક્યો. નાડીઓમાં વહેતું રુધિર 'જલ' તત્ત્વની પ્રતીતિ કરાવી રહ્યું હતું, તેમજ શરીરમાં નીલરંગે વ્યાપી રહેલ 'આકાશતત્ત્વ'ને હું અનુમાની રહ્યો.

આ દર્શન એ કલ્પના નહિ, પરંતુ આ ક્ષણે થઈ રહેલો મારો માનસિક અનુભવ હતો. બધું જ્ઞાન જાણે સ્વયં પ્રગટી રહ્યું હતું.

ગિરનારી બાવાના એ દિવ્યદેહને હું અનિમેષ નયને તાકી રહ્યો તો મને તેના દિવ્યદેહના બ્રહ્મરંધ્રમાં રહેલ મહામાયા નીલબિન્દુ કુંડલિનીના 'ચતુર્ભુજ દુર્ગા' સ્વરૂપે દર્શન થયાં.

સૌંદર્યના મહાસાગાર અને અત્યંત તેજસ્વી તેનાં સ્વરૂપનાં દર્શન થતાં જ મારા મુખમાંથી સ્રોત સરી પડ્યું,

'ૐ ઐં હ્રીં કલીં ચામુંડાયે વિચ્ચે ॥ ૐ ગ્લૌં હું કલીં, જું સઃ જવાલય જવાલય, જવલ જવલ પ્રજ્વલ પ્રજ્વલ ૐ ઐં હ્રીં કલીં ચામુંડાયે, જવલ હંસં લં ક્ષં ફટ્ સ્વાહા ॥'

ૐ નમસ્તે રુદ્રરૂપિણ્યૈ, નમસ્તે મધુમર્દિની ॥
નમઃ કૈટભહારિણ્યે, નમસ્તે મહિસાસુર મર્દિની,
નમસ્તે શુંભદન્ત્યૈ ચ નિશુંભાસુર ઘાતિની,
જાગૃતં હિ મહાદેવી જપં સિદ્ધં કુરુસ્વમે...

હું બે હાથ જોડી ભાવવિભોર બની, દુર્ગામાતાના દર્શન કરી રહ્યો. મારી બંધ આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. હું આંખો મીંચી આ દિવ્યદર્શનને હૃદયમાં ઉતારી રહ્યો હતો. ને તે સાથે અત્યંત તેજસ્વી અને શીતળ પ્રકાશે મને ઘેરી લીધો, ને હું શરીરનું ભાન ગુમાવી સમાધિમાં સરી પડ્યો !

આ અવસ્થામાં હું કેટલો સમય રહ્યો, તેનો મને ખ્યાલ ન હતો, પરંતુ સમાધિ ઊતરતા મેં જ્યારે આંખો ખોલી તો સામે જ, મારા મસ્તક પર હાથ મૂકી, શ્વેત દંતપંક્તિ ચમકાવતો વિશ્વંભર હસતા મુખે ઊભો હતો.

મારી તીવ્ર ઇચ્છા પૂર્ણ થઈ ગઈ હતી. પુનઃ પૂર્વવત્ સ્થિતિનું નિર્માણ થઈ ગયું હતું. સિંહાસન ખાલી હતું અને ચાંદીની જેમ પ્રકાશી રહ્યું હતું, પરંતુ ત્યાં ગિરનારી બાવાનું દિવ્ય શરીર ન હતું; બધુંજ પૂર્વવત્ હતું. કમરો ઝાંખા પ્રકાશથી આચ્છાદિત હતો, દીવાલો ચાંદીની જેમ ચમકી રહી હતી.

બધું જ થોડી ક્ષણોમાં બની ગયું. જાણે મનભાવન સ્વપ્ન આવ્યું અને ચાલી ગયું.

હું વિસ્મયથી વિસ્ફારિત નેત્રે વિશ્વંભર સામે જોઈ રહ્યો. વિશ્વંભર મારો હાથ પકડી આગળ દોરતો હસીને બોલ્યો,

'બધું જ સત્ય હતું, સ્વપ્ન નહિ !'

પછી આત્મીયતાપૂર્વક બોલ્યો, 'તારી જિજ્ઞાસા સંતોષાઈ ગઈ છે. તારા પૂર્વજન્મનો પુરુષાર્થ આજે ફળ્યો છે. જે સાધના પછી ફળવાનું હતું તે અત્યારથી જ ફળી ગયું છે.'

પછી મને નાની સુરંગ જેવા ભોંયરા તરફ દોરતા કહ્યું,

'પરંતુ, હજુ તારે રેવાનંદજીના માર્ગદર્શન નીચે સાધના પૂર્ણ કરવી બાકી છે. માટે સત્યને પણ સ્વપ્ન સમજીને, મનમાં જ બધું ધરબીને આગળ વધવાનો પુરુષાર્થ તારે કરવાનો છે; હજુ એક કાર્યભાર તારી માથે આવવાનો છે.'

ભોંયરામાં અમે ધીમે ધીમે આગળ વધી રહ્યા હતા. અંધકાર હતો, પરંતુ તેજસ્વી પથ્થર સાથે હતો, કોઈ મુશ્કેલી પડતી ન હતી. મને થયું કે આ રસ્તે થઈને આવા જ કોઈ અન્ય સ્થાન પર કદાચ જવાનું હશે, એટલે વિશ્વંભરે આ રસ્તો લીધો હશે, ત્યાં જ મૌન તોડતા તેણે કહ્યું,

'આ રસ્તો થોડો મુશ્કેલ છે, છતાં ટૂંકો છે. આ રસ્તો પણ ગંતવ્યસ્થાને જ પહોંચાડશે; ઉપરાંત એક બીજું પણ કારણ છે. સમય ઘણો થઈ રહ્યો છે ને રેવાનંદજી તારી રાહ જોઈ રહ્યા છે. બસ પછી આપણે છૂટા પડીશું.' પછી હસીને ઉમેરતા કહ્યું,

'પરંતુ, છૂટા પડ્યા પૂર્વે આ જ રસ્તે આપણે એક સિદ્ધ મહાત્માના દર્શન કરતા પણ જઈશું.'

મહાત્માના દર્શન થશે, જાણી મને આનંદ થયો, પરંતુ તેના 'છૂટા પડીશું' શબ્દોથી મને દુઃખ થયું. આટલા ટૂંકા પરિચયમાં પણ વિશ્વંભરે તેના પ્રેમ અને આત્મીયતા ભરેલા વર્તનથી મારા હૃદયમાં ચોક્કસ લાગણીપ્રધાન સ્વભાવને દુઃખિત કરી મૂક્યો. ત્યાં જ, મારા આ વિચારના અનુસંધાને વિશ્વંભરે કહ્યું,

'હં, યહ હુઈ ને બાત ! એ જ તો આ ક્ષણિક સંસારની ભીષણ-વિભીષિકા છે. એકલા જ જન્મવાનું, એકલા જ મૃત્યુ પામવાનું. સ્વજનોથી છુટા પડી એકલાએ જ મૃત્યુ ભણી જવાનું અને નવા જન્મ પછી નવા જ સ્વજનોને મળવાનું. પુનઃ લાગણીઓથી બંધાવું ! બસ, આ જ ઘટનાક્રમ નિરંતર ચાલ્યા કરવાનો, ચાલ્યા જ કરવાનો !'

'તો પછી, ઉપાય શું ?' મેં પૂછ્યું.

'એક જ ઉપાય. પ્રત્યેક લાગણીથી પર થઈ જવું.' પ્રત્યુત્તર આપતા તેણે કહ્યું, 'સુખ-દુઃખ, માન-અપમાન, મિત્ર-શત્રુ તથા મિલન-વિયોગ બધામાં તટસ્થ ભાવ કેળવવો, સમતાભાવ ધારણ કરી લેવો. 'ભાવ' માત્ર ઈશ્વરપ્રાપ્તિમાં રાખવો. છેવટે મનુષ્યનું એ એકમાત્ર ગંતવ્યસ્થાન છે, ધ્યેય છે !' પછી થોડું અટકી આગળ કહ્યું,

'મનને ફાલતુ અને બિનજરૂરી બાબતોથી બળાત્કારે પાછું ખેંચવું જોઈએ. તો જ ધ્યાનાવસ્થા પ્રાપ્ત થઈ શકે. સાધક માટે કોઈ પણ બાબત એવી ન હોવી જોઈએ, કે જે તેના મનને ચંચળ બનાવી ખળભળાવી નાખે.' ઈશ્વરના ચિંતન સિવાય કોઈ પણ બાબતનું ચિંતન થવું ન જોઈએ, કારણ કે જે બાબતનું આપણે ચિંતન કરતાં હોઈએ, મનમાં તેની જ સ્ફુરણા થવી, તેનું નામ ધ્યાન. ચિત્ત એક મહત્તમ સંપત્તિ છે, જે અમૂલ્ય છે. ચિત્ત જો એક વાર હાથથી ગયું તો પુનઃ પાછું મળવું મુશ્કેલ છે. કદાચ પાછું હાથ પણ ન લાગે. માટે જ ચિત્તને 'લાગણીવેડા'થી મુક્ત કરી તેને દઢ, નિર્મળ, શક્તિશાળી અને સદા-સર્વદા 'સત્ય-સ્ફુરણ'યુક્ત બનાવવું !' કહી વિશ્વંભર મૌન બનીને ચાલી રહ્યો.

વિશ્વંભરની વાત પરથી મને માધવાનંદજીએ એકવાર કહેલી વાતનું અનુસંધાન થઈ ગયું. તેમણે કહેલું,

'મૃત્યુ આજે જ આવે તો પણ મને કશું જ દુઃખ નથી; એટલું જ નહિ મારા પૂર્વાશ્રમના માતા-પિતા, ભાઈ-ભાંડુ કે કોઈ પણ સ્નેહી મૃત્યુ પામે તો પણ મને કોઈ ચિંતા કે દુઃખ નથી થવાનું. હું દુન્યવી લાગણીઓથી પર થઈ ગયો છું. હું પ્રેમાળ છું, બધાને નિઃસ્વાર્થ પ્રેમ કરું છું. છતાં હું લાગણીહીન બની ગયેલો છું.' પછી ઉમેરતા કહેલું.

'હું બધાનો છું. છતાં મારા માટે, મારું કોઈ નથી, હું કોઈનો નથી. કોઈના જન્મનો મને આનંદ થતો નથી, કોઈના પણ મૃત્યુથી મને દુઃખ થતું નથી, કુદરતનો જે અનિવાર્ય ઘટનાક્રમ છે, તેવી વિશ્વની કોઈ પણ ઘટના મારા મનને વિચલિત કરી શકતી નથી. ભય, ક્રોધ, તિરસ્કાર-પ્રશંસા, પ્રાપ્ય-અપ્રાપ્ય, સાનુકૂળ-પ્રતિકૂળ વિગેરેને કારણે ઉત્પન્ન થતી કોઈ પણ પરિસ્થિતિ મારામાં લેશમાત્ર પણ સ્પંદનો જગાવી શકતી નથી. સમતારૂપી તટસ્થતાનું આવરણ મેં મારા ચિત્ત ફરતું મઢી લીધું છે, તેની લગ્નવેદીનો પ્રજ્વલિત અગ્નિ અને શ્મશાનમાં જલતી ચિતાના અગ્નિમાં મને કોઈ તફાવત લાગતો નથી. ભૂતકાળને હું યાદ કરતો નથી, ભવિષ્યની મને કોઈ પડી નથી, હું માત્ર વર્તમાન ક્ષણોને જે કેન્દ્રમાં રાખું છું. આથી પ્રાપ્ત થતાં 'ધ્યાન-સમાધિ' દ્વારા હું ભૂત અને ભવિષ્યને પણ જાણી શકું છું.'

માધવાનંદજીના શબ્દોને વાગોળતો હું વિશ્વંભર સાથે ચાલી રહ્યો હતો. ખરબચડા રસ્તાવાળી આટલી લાંબી બંધેશવાળી જગ્યા હોવા છતાં સહેજ પણ દુર્ગંધ લાગતી ન

હતી. શીતળતા સાથે મીઠી સુગંધનો અનુભવ થઈ રહ્યો હતો. લાગતું હતું કે આ સુગંધ ધરતીમાંથી આવી રહી છે. ધરતીનો ગુણ 'ગંધ' અહીં અભિવ્યક્ત થઈ રહ્યો હતો.

અમે મૌનયુક્ત બની સાથે ચાલી રહ્યા હતા. ત્યાં જ વિશ્વંભરે કહ્યું, 'તેં ગિરનારી બાવાના દિવ્યદેહમાં 'ગુદાસ્થાન' પર સ્થિત 'મુલાધારચક્ર'ના દર્શન કરેલા, તે ચક્ર તારા શરીરમાં પણ તે જ સ્થાન પર છે. આ ચક્રનું પૃથ્વી તત્ત્વ છે અને તેનો તત્ત્વગુણ 'ગંધ' છે, તેની પ્રતીતિ તને ધરતીમાંથી પ્રગટ થતી સુગંધથી થઈ રહી છે.'

પછી થોડું અટકી આગળ કહ્યું, 'સાધના દ્વારા અધિકાર પ્રાપ્ત કર્યા પછી આસનસ્થ થઈ મનમાં ધારણા કરવાની; 'ગુદા' તથા ઉપસ્થ (લિંગ)ની મધ્યમાં આવેલા 'મુલાધાર' ચક્રમાંના શક્તિ ભંડારને હું ખોલી રહ્યો છું; અને વીર્યને ઓજના રૂપમાં પરિવર્તન કરી રહ્યો છું. સાધક વિચારને અનુકૂલ વર્તન પણ કરી રહેલ હોય છે. તેનું જે અંગમાં ચિત્ત સ્થિર હશે તે અંગમાં પ્રાણપ્રવાહ અધિક વહેશે અને ત્યાં જ સ્થિર રહેશે. તેથી સાધકનું 'સામાન્યત્વ' આથમી જાય છે અને 'વિશેષત્વ' પ્રગટ થાય છે. છેવટે સાધક મહાન બનતો બનતો 'વિશ્વવંદ્ય' પુરુષની જેમ મહાનતા સંપ્રાપ્ત કરી શકે છે.'

પછી થોડા મૌન બાદ આગળ કહ્યું,

'તેં ષટ્ચક્રોની પાંખડીઓમાં અ થી ક્ષ અક્ષરો જોયા, પ્રત્યેક ચક્રમાં બીજ મંત્રોના પણ દર્શન કર્યા. આ વર્ણોનું ખૂબ જ મહત્ત્વ છે. યોગીઓ સ્થિર આસને બેસી જપ, પ્રાણાયામ, ધારણા, ધ્યાન અને સમાધિ ઇત્યાદિ કરે છે. સામાન્ય સાધકો પણ તેમ કરી શકે છે. જપના મંત્રોના 'વર્ણોચ્ચાર' દ્વારા પણ શરીર અને મનમાં અદ્દ્ભુત પરિવર્તન થાય છે.'

પછી યંત્રોનું વિશેષ મહત્ત્વ દર્શાવતા વિશ્વંભરે આગળ કહ્યું, 'સ્વાદિષ્ઠાન ચક્ર કે જેનું સ્થાન 'ઉપસ્થ-લિંગ'માં છે, તેની સાધના દ્વારા સુસુમ્ણા નાડી જાગૃત થતાં સાધક ઉર્ધ્વરેત બની સંયમ અર્થાત્ બ્રહ્મચર્ય પાળી શકે છે. આ ચક્રનું તત્ત્વ 'જળ' છે, અને તત્ત્વગુણ 'રસ' છે; રુધિરાભિસરણ આ ચક્રની સહાયથી થાય છે. રુધિરમાંથી વીર્ય ઉત્પન્ન થાય છે, જેના સંગ્રહથી સાધક તેજસ્વી બને છે. ચક્રની કર્મેન્દ્રિય લિંગ છે. જેના સંકોચનથી વીર્યને ઊર્ધ્વગામી બનાવી બ્રહ્મરંધ્ર સુધી પહોંચાડી સાધક કુંડલિનીનો સાક્ષાત્કાર કરી બ્રહ્મમય બની શકે છે. સ્વાધિષ્ઠાન ચક્રનું અને તેમાં રહેલા વર્ણોનું અને તેના જપનું આ મહત્ત્વ છે !'

પછી 'મણિપુરચક્ર'નું મહત્ત્વ દર્શાવતા આગળ કહ્યું,

'મણિપુરચક્ર સાધકનાં આરોગ્યનું રક્ષણ કરે છે, જેનું સ્થાન 'નાભિ' છે. તેમાં ધ્યાનસાધના અને ચિંતન જરૂરી છે. તત્ત્વબીજ 'અગ્નિ' હોવાને કારણે આ ચક્રનો તેની નજીક રહેલો અવયવો 'આંતરડા' વિગેરે સાથે સંબંધ છે. જે અન્નના પ્રાશને તે સંરક્ષે

છે, તત્ત્વગુણ અગ્નિ 'જઠરાગ્નિ' સ્વરૂપે આંતરડામાં રહેલા 'રસ'ને ઉષ્ણ બનાવી, પકાવીને, પચાવીને તેનું લોહી, માંસ, મજ્જામાં રૂપાંતર કરે છે.' નિરોગી અવસ્થાને કારણે સાધકનું મનોબળ પણ ઘણું વધી જાય છે. હું યોગની ઉચ્ચ ભૂમિકાઓ અવશ્ય વટાવી શકીશ, એવો દૃઢ નિશ્ચય તેની વિશુદ્ધ થયેલી બુદ્ધિ ધારણ કરે છે. આમ થયા પછી તે સાધક-શૌર્ય, ધૈર્ય અને ઉત્સાહની મૂર્તિ જ બની જાય છે. સાધક, પરકાયા પ્રવેશ કરી શકે છે, ધારેલું રૂપ ધારણ કરી શકે છે.

અષ્ટચક્રોનું રહસ્ય વિશ્વંભરના મુખેથી હું સાંભળી રહ્યો હતો, તે થોડી વાર મૌન થતાં મને પ્યાસ લાગતા પાણી પીવાની ઇચ્છા થઈ આવી, તુરત જ મારી ઇચ્છા વિશ્વંભરના ખ્યાલમાં આવી. કહ્યું,

'બસ, બે-ચાર ડગલાં ચાલી નાખ. થોડે દૂર દીવાલમાંથી શુદ્ધ પાણી ટપકતું નજરે પડશે.'

ને મારા આશ્ચર્ય વચ્ચે થોડું ચાલતા જ ઝીણી ધારાના સ્વરૂપમાં ટપકતું પાણી નજરે પડ્યું. જલપાન કરી આગળ વધતા વિશ્વંભરે કહ્યું, 'અનાહત્ ચક્ર હૃદયમાં છે, જે રક્તથી આખા શરીરને સિંચે છે.' આટલું કહી વિશ્વંભર થોડીવાર મૌન રહી ઉતાવળમાં સમાપન કરતા બોલ્યો,

'આ બધાં ચક્રો અને યોગ વિશે સંપૂર્ણ વાતો કરવા પૂરતો સમય જોઈએ. રેવાનંદજીની સહાયથી બધું જ્ઞાન તને પ્રાપ્ત થશે.'

વિશ્વંભર મૌન બનતા, ધરતીમાંથી પ્રગટી રહેલી સુગંધને માણતો હું ચાલી રહ્યો હતો. સુગંધ વધુ ને વધુ મનભાવન બની રહી હતી. ત્યાં જ જાણે નીચેની જમીનમાંથી વરાળ જેવી ગરમ હૂંફ આવતી હોય તેવો મને અનુભવ થવા લાગ્યો. આશ્ચર્ય સાથે હું વિચારી રહ્યો હતો. આ ગરમીનું કારણ કદાચ એ પણ હોઈ શકે કે, આ જગ્યાએ જમીનનું પડ પાતળું હોય, લાવારસની ગરમી પણ અસર કરતી હોય. હું આમ વિચારી રહ્યો હતો ત્યાં સ્વાભાવિક રીતે મારાથી વિશ્વંભર તરફ જોવાઈ ગયું. તો તે મારા તરફ જોઈ મંદ મંદ હસી રહ્યો હતો, તુરત જ, ત્યાં જ ઊભો રહીને હસતા હસતા જ બોલ્યો,

'ગરમી માત્ર અગ્નિમાં જ હોતી નથી, પાણીમાં પણ અગ્નિ સમાઈને ગરમી આપી શકે છે. પંચમહાભૂતો બધાં સ્વતંત્ર રીતે પોતાના ગુણધર્મો પ્રગટ કરતાં હોય છે; પરંતુ જ્યારે એ એકત્ર બને છે, ત્યારે તેમાં બધાં જ ગુણો ઉત્પન્ન થઈ શકે છે.'

પછી નીચે જમીન પર દૃષ્ટિ નોંધી કહ્યું,

'જલતત્ત્વ સાથે પૃથ્વીતત્ત્વનું મિલન થતાં 'સુગંધ' અને અગ્નિતત્ત્વના ગુણોથી 'ગરમી' પણ ઉત્પન્ન થાય છે. જમીનમાંથી આવી રહેલી આ ગરમી પાણીને કારણે છે.'

પરંતુ વધુ જાણવાની મારી જિજ્ઞાસા બળવત્તર બનતા મેં તેનો હાથ પકડી ઊભો રાખી પૂછ્યું,

'તારી વાત સત્ય ! પરંતુ આ જગ્યાએ ધરતીમાંથી જે 'બફારા' જેવી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે, તેનું રહસ્ય શું છે ! જળ તો અહીં દેખાતું પણ નથી, માત્ર જમીન જ છે !'

'સત્ય પ્રચ્છન્ન હોય ત્યારે તે ઘણી વખત જાણી શકાતું નથી. પ્રત્યુત્તરમાં વિશ્વંભરે કહ્યું, 'તું ઉપરની જમીનને જોઈ શકે છે, પરંતુ જમીનની નીચે રહેલા જળને જોઈ શકતો નથી.'

મારા વિસ્મયને વધારતો વિશ્વંભર આગળ બોલ્યો,

'આ જગ્યાએ જમીનની નીચે પાણી વહી રહ્યું છે. જે જમીનની નીચે પાણી હોય, તે જમીનમાંથી આવી જ ગરમી નીકળતી હોય છે, આ ગરમી જમીનની નીચે પાણી હોવાનો સંકેત આપે છે, જ્યાં વરસાદનું પાણી એકત્રિત થયેલું હોય અથવા દૂર દૂરથી વહી આવતી પાણીની સરવાણીનું પણ હોઈ શકે. પછી મારા ખભા પર હાથ મૂકી, મને વધુ વિસ્મયમાં મૂકતો હોય, તેવા સ્વરમાં હસીને બોલ્યો,

'આ સરવાણી જમીનમાં ઊતરી ગયેલ 'પ્રાચીન સરસ્વતી' નદીની છે !'

'એમ ! સત્ય !' મને વિસ્મય થયું.

'બિલકુલ સત્ય !' દઢતાપૂર્વક કહી તેણે ઉમેર્યું,

'હવે, તારી જિજ્ઞાસાને અને વિસ્મયને 'પડિકા'માં બાંધીને સાંભળ 'પુરાણપ્રસિદ્ધ વાત મુજબ-સરસ્વતી નદીને પૃથ્વી પર મોકલતા પૂર્વે વચન આપેલ તે મુજબ સરસ્વતી નદી 'કલિયુગ'નો પ્રારંભ થતાં પુનઃ સ્વર્ગમાં જતી રહી છે. તેથી પ્રવર્તમાન કલિયુગમાં પુરાણોમાં વર્ણવાયેલી સરસ્વતી નદીનું પૃથ્વી પર ક્યાંય અસ્તિત્વ નથી; કારણ કે સરસ્વતી નદી દિવ્યરૂપ ધારણ કરી સ્વર્ગમાં જતી રહી છે, પરંતુ 'ભૌતિક સ્વરૂપે' તે જમીનની અંદર પૃથ્વીમાં 'ગરક' થઈને જમીનની અંદર જ સૌરાષ્ટ્રમાં પ્રવેશી કચ્છનાં રણની જમીનની અંદરના ભાગમાં વહી રહી છે, જમીનની અંદર જ તેના કેટલાંય ફાંટાઓ સરવાણીરૂપે, જમીનની અંદર જ વહી રહ્યા છે. તે માંહેનો એક ફાંટો, જમીનની અંદર જ વહેતો ગિરનાર પર્વતની નીચેથી વહી રહી, ક્યાંક ક્યાંક જમીનની બહાર પણ, નદી સ્વરૂપે દશ્યમન થતો વહે છે, જે સરસ્વતી નદીના નામે ઓળખાય છે !'

પછી મારી સામે દૃષ્ટિ નોંધી હસીને કહ્યું,

'તારી યાદદાસ્તને ઢંઢોળી જો, તે સરસ્વતી નદી તરીકે ઓળખાતી નદીમાં ઘણી વાર સ્નાન પણ કરેલું છે !' પછી ઉમેરતા આગળ કહ્યું,

'આ સરસ્વતી નદીના ફાંટાનો જમીનમાં વહેતો જલપ્રવાહ, આગળ 'ગિર'ના

ગામડાઓમાં અને જંગલોમાં દૃશ્યમાન નદીના સ્વરૂપે 'સરસ્વતી'ના નામે ઓળખાતો આગળ વધે છે. 'તલાલા ગિર' તાલુકાનાં 'ધાવાગિર' ગામથી બે ગાઉ દૂર 'મોરુકાગિર'ના પાદર પાસેથી આ નદી પ્રગટરૂપે વહે છે અને તે નદીમાં તેને પવિત્ર સરસ્વતી નદી માનીને, તહેવારોમાં લોકો શ્રદ્ધાપૂર્વક સ્નાન કરે છે. આ નદીની વિશિષ્ટતા એ છે કે, તે અર્ધો ગાઉ બહાર પ્રગટરૂપે અને અર્ધો ગાઉ જમીનની અંદર ભૂગર્ભમાં વહે છે.

આ જ વિશિષ્ટતા સાથે વહેતી નદી માધવપુર ગિર અને જાંબૂર ગિર' પાસેથી વહી અન્ય ગામડાઓ વટાવતી, 'પુરાણપ્રસિદ્ધ-પ્રાંચી તીર્થ' પાસે પૂર્વ-પશ્ચિમ દિશામાં પ્રગટ સ્વરૂપે વહે છે, જ્યાં એક પવિત્ર પિપળાનું વૃક્ષ છે; અને ત્યાં જ ભગવાન શ્રીકૃષ્ણે, તે પિપળે પાણી પાઈ યાદવકુળનું તર્પણ કરેલું. બાદમાં આગળ વધતી આજ 'સરસ્વતી નદી' 'પ્રભાસતીર્થ' પાસે અન્ય બે નદીઓ 'હિરણ અને કપિલા'ને મળીને 'ત્રિવેણીસંગમ' નામે ઓળખાઈ અરબી સમુદ્રમાં મળી જાય છે.

આ જ જગ્યાએ ભગવાન બલભદ્રે ત્યાં જ જમીનમાં સમાઈ જતાં પૂર્વે, લઘુબંધુ શ્રીકૃષ્ણના પાર્થિવદેહનો અગ્નિસંસ્કાર કરેલો. આ જગ્યાએ બલરામનું સ્થાન-ભોંયરુ અને શ્રીકૃષ્ણનું 'અગ્નિસંસ્કાર' સ્થાન 'દેહોત્સર્ગ' તરીકે ઓળખાતું આજે પણ મોજૂદ છે.' કહી વિશ્વંભર મૌન બનતા મને યાદ આવ્યું કે, 'ભાદરવી અમાસે' સ્નાન કરવા મોરકાગિર માતુશ્રી સાથે નાનપણમાં હું ઘણી વખત ગયો છું. પ્રાંચીતીર્થ તથા પ્રભાસપાટણ ત્રિવેણી નદીમાં હું ઘણી વખત સ્નાન કરી ચૂક્યો છું, પરંતુ આ જ સરસ્વતી નદી અહીં ગિરનાર પર્વતની છેક નીચેથી ભૂગર્ભમાં પસાર થાય છે. તેની મને વિશ્વંભરના કહેવાથી આજે જ ખબર પડી.

ઈસરો દ્વારા લેવાયેલા ફોટાઓ દ્વારા ભૂગર્ભમાં આ પ્રાચીન સરસ્વતી નદી વહે છે તે સાબિત થઈ ચૂક્યું છે. કોઈએ પણ ન જાણી હોય તેવી સત્ય હકીકત મારા જાણવામાં આવી તેથી મને અનહદ આનંદ થયો.

વિશ્વંભરની સાથે ચાલતા હું આ બધું વિચારી રહ્યો હતો. 'તારી યાદદાસ્તને ઢંઢોળી જો.' તેવા વિશ્વંભરના સૂચનથી મને બધું યાદ આવ્યું. મને લાગ્યું કે વિશ્વંભરની દૃષ્ટિ મારા ભૂત, ભવિષ્ય અને વર્તમાનને વીંધી તેની આરપાર જોઈ શકે છે. મારા બાળપણના ભૂતકાળને પણ તે જાણે છે. વિશ્વંભર જેવા સિદ્ધયોગી માટે બધું જ શક્ય અને સહજ હોય છે, તેની પ્રતીતિ મને ઘણી વખત થઈ ચૂકી હોવાથી, તેમાં હવે મને નવાઈ પામવા જેવું રહ્યું ન હતું, છતાં પણ અનાયાસ આવી ગયેલા ભાવને હું છુપાવી ન શક્યો; અને તેની જાણ પણ વિશ્વંભરને થઈ હોય તેમ, તેના મુખના ઉદ્‌ગાર મારા કાને પડ્યા.

'મિત્ર અનુ ! તેં બાંધી રાખેલા તારા આશ્ચર્યના 'પડિકા'ને હવે ખોલી નાખી મારી સામે દૃષ્ટિ કર !' પછી મારો હાથ પકડી કહ્યું,

'બરાબર જમણી બાજુ જો !'

'ઓહ, આશ્ચર્ય અતિ આશ્ચર્યમ્ !' દૃશ્ય જોઈ હું બોલી ઊઠ્યો. મારા આશ્ચર્ય અને આનંદના ઉદ્‌ગારો વચ્ચે વિશ્વંભરનો ખડખડાટ હાસ્યધ્વનિ ગુફામાં પડઘા પાડી રહ્યો.

મેં વિશ્વંભરે નિર્દેશેલ જગ્યા તરફ દૃષ્ટિ કરતાં ગુફાની જમણી બાજુના ખાંચામાંથી એક વિકરાળ સિંહ અમારી સામે જોઈ મોઢું ખોલી ઘૂરકિયા કરતો જીભના લબકારા મારી રહ્યો હતો.

મેં પ્રથમ સિંહ તરફ અને પછી વિશ્વંભર તરફ દૃષ્ટિ કરી, તો તે સિંહ સામે જોઈને પ્રેમપૂર્વક હસી રહ્યો હતો. પછી સિંહને સંબોધીને 'ૐ નમો નારાયણ' કહી મારો હાથ પકડી સિંહ તરફ દોરતા બોલ્યો,

'ડરવાની કે ચિંતા કરવાની જરૂરત નથી. આપણને જે મહાત્માના દર્શન થવાના છે, તે 'નેપાળી બાપુ'નો આ સિંહનું સ્વરૂપ ધારણ કરેલો સેવક 'આત્મારામ' છે; જે નેપાળીબાપુના નિવાસસ્થાનવાળી આ ગુફાના દ્વાર પર ચોકી કરતો-સિંહરૂપ ધારણ કરીને આપણા સ્વાગત માટે ઊભો છે.'

વિશ્વંભર મને દોરતો સિંહની નજીક લઈ ગયો, તેણે સિંહને પ્રણામ કરી, તેના મસ્તક પર હાથ મૂકી, તેની કેશવાળીને પંપાળી, મેં પણ મોટેથી 'ૐ નમોઃ નારાયણ' કહી, વિનયપૂર્વક પ્રણામ કર્યાં. જવાબમાં સિંહે જમણા પગનો પંજો ઊંચો કરી મને આશીર્વાદ આપ્યા !

સિંહ પીઠ ફેરવીને ખાંચા જેવી લાગતી ગુફાના મોટા બાંકોરામાં પ્રવેશી ગયો. અમે પણ તેને અનુસર્યાં !

ગુફા ખાસી મોટી, પહોળી અને સ્વચ્છ હતી, તેની સામેની દીવાલે ત્રિકોણાકાર પ્રવેશદ્વાર હતું, જ્યાંથી સુવાસિત ગૂગળની સુગંધ આવી રહી હતી.

અમે દ્વારમાં થઈ અંદર પ્રવેશ કર્યો તો ગુફા મોટા કમરા જેવી લાગી અને તેની પાછળ પણ સામેની દીવાલમાં મોટું ગોળ બાકોરું નજરે પડ્યું. સિંહ ક્યાંય નજરે પડતો ન હતો. વિશ્વંભરે મારો હાથ પકડી મને તે ગોળ દ્વારમાં પ્રવેશ કરાવ્યો. અંદર ઝાંખો પ્રકાશ હતો; થોડી ક્ષણમાં એ પ્રકાશમાં વધારો થયો. તો, એ પ્રકાશમાં સામે મૃગચર્મ આચ્છાદિત્ ઊંચા આસન પર બિરાજેલા દેખાવમાં ભવ્ય લાગતા જટાધારી, પાતળા છતાં અત્યંત તેજસ્વી મહાત્માંના દર્શન થયા ! પદ્માસન સ્થિત મહાત્મા ધ્યાનાવસ્થામાં હતા, તેની આગળ ધૂણામાં વૃક્ષનાં બે મોટા થડ જલી રહ્યાં હતાં; તેના પ્રકાશમાં ગુફામાં બધું સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. સુગંધી સુવાસ મનને આનંદથી તરબતર બનાવી રહી હતી.

અમે 'ૐ નમોઃ નારાયણ'નો મોટેથી ઉચ્ચાર કરી દંતવતની મુદ્રામાં બે હાથ ઊંચા કરી નેપાળીબાપુને પ્રણામ કર્યાં, તો સામેથી મહાત્માએ જમણો હાથ આશીર્વાદની

મુદ્રામાં ઊંચો કર્યો. થોડી ક્ષણો બાદ બાપુએ આંખો ખોલી. બે વિશાળ આંખોમાં તપનું તેજ, પવિત્રતા અને પ્રેમ સ્પષ્ટ રીતે જણાઈ રહ્યા. મહાત્માએ બેસવાનો ઈશારો કરતાં, તેમની આજ્ઞાથી અમો તેની જમણી બાજુના ઊંચા ઓટા જેવા આસન પર બેઠા.

થોડી વારે મૌન તોડતા મહાત્મા નેપાળીબાપુએ હસીને શ્વેત દાઢી પર હાથ પસવારી મધુર સ્વરમાં વિશ્વાંભર સામે દૃષ્ટિ કરી કહ્યું,

'કેમ ! ગોપાલ-માધવ મજે મેં ?'

'જી હા. આપની કૃપાથી તેઓ બન્ને ક્ષેમકુશળ છે !'

'અચ્છા !' કહી, પછી મારી સામે દૃષ્ટિ કરી પૂછ્યું,

'કયું ! બાલ-ગોપાલ સબ ક્ષેમ-કુશલ મેં ?'

'જી ! આપની કૃપાથી બધું ઠીક છે.' મેં નમ્રતાથી પ્રત્યુત્તર આપ્યો. પછી હસીને, પ્રેમપૂર્વક દૃષ્ટિ નોંધી રાખી મને પુનઃ પૂછ્યું,

'દો પહરસે રેવાનંદકે સાથ નીકલે હો. કુછ ખાયા નહિ, ભૂખ લગી હોંગી ક્યું ?' કહીને તેમણે અંદરના ગુફા જેવા ભાગ તરફ દૃષ્ટિ કરીને કહ્યું,

'અરે, ઓ આત્મારામ ! ઈસકે લીયે કોઈ સૌરાષ્ટ્રીય વાનગી ખાનેકે લીએ લે આ !' કહી મારી સામે જોઈ હસી રહ્યા ! ને તુરત જ, યુવાન, જટાધારી ગૌરવર્ણો, ઊંચો અને સશક્ત આત્મારામ હાથમાં બે પાત્ર લઈ અસલી સ્વરૂપમાં પ્રગટ થયો.

વાનગી ખરેખર 'સોરઠ' અને સારાયે સૌરાષ્ટ્રના લોકોના શોખની હતી. ગરમાગરમ તાજા લાંબા-પાટા 'ગાંઠિયા', તાજી જ ગરમ જલેબી, ને સાથે લીલા તળેલાં મરચાં પણ હતા !

આટલી થોડી જ વારમાં આવી ગરમાગરમ વાનગી તૈયાર કરી પીરસવી એ સામાન્ય બાબત ન હતી; પરંતુ વિશ્વંભરના કહેવા મુજબ અહીં 'ગેબી ગિરનાર'માં કશું જ અશક્ય કે અસામાન્ય બાબત નથી. હું હવે આવી બાબતો જોઈ 'રીઢો' થઈ ગયો હતો. મને કશું જ આશ્ચર્ય થયું નહિ.

અલ્પાહાર પતાવી, જલપાન કરવા અને હાથ-મોઢું ધોવા અમે અંદરના ગુફા જેવા ભાગમાં ગયા. તો ત્યાં આત્મારામ, મનુષ્ય કે સિંહના કોઈ સ્વરૂપમાં પણ હતો નહિ, પરંતુ પીવાના જળની અને સ્નાન કરવાની કુદરતી સુંદર વ્યવસ્થા અમારી નજરે પડી. ભોંયરાની એક દીવાલમાંથી પાણીના નળની જેમ જલધારા નીકળી રહી હતી; અને ત્યાં જ નીચે નાના ખાડામાં તેનું પાણી સમાઈ જતું હતું. કૃત્રિમ નહિ, પરંતુ કુદરતી દીવાલમાંથી પાણી એકધારું નળની ધારાની જેમ નીકળી રહ્યું હતું. અમે હાથ-મોં ધોઈ, ખોબે ખોબે જલપાન કરી તૃપ્તિ અનુભવી.

મેં આજુબાજુ દૃષ્ટિ કરી તો, ભોંયરાનો રસ્તો હજુ પણ આગળ જઈ રહ્યો હોય

તેમ લાગ્યું. નિરીક્ષણ કર્યું તો લાગ્યું કે ભોંયરાનો રસ્તો ઉપર તરફ જતો ઢોળાવવાળો જણાયો, મેં જિજ્ઞાસાવશ વિશ્વંભર તરફ દૃષ્ટિ કરી, તો તુરત જ તેણે મૌન તોડી કહ્યું,

'આ ભોંયરાનો રસ્તો 'જટાશંકર મહાદેવ'ની જગ્યાના ઉપરના ભાગે નીકળે છે.' સાંભળીને હું આશ્ચર્ય અનુભવી રહ્યો. કૉલેજ કાળ દરમિયાન મિત્રો સાથે હું તે ભોંયરું જોઈ ચૂક્યો હતો, પરંતુ તે જ ભોયરું અહીં સુધી લંબાતું હશે તેનો મને આજે જ ખ્યાલ પડ્યો. એ વખતે ભોંયરામાં આગળ વધવાનો કોઈ રસ્તો જ મારી નજરે પડેલો નહિ. જમીનની અંદર કમરા જેવી લાગતી સામાન્ય ગુફા સમજી, અમે તેની અંદરની બહાર નીકળી ગયેલા ! કદાચ, તે ગુફા આ ભોંયરું ન પણ હોઈ શકે, તેમ પણ બને. હું અસમંજસપણે વિચારી રહ્યો હતો, ત્યાં જ વિશ્વંભરના શબ્દો મારે કાને પડ્યા,

'તેં જોયેલી એ ગુફા અહીંથી આગળ વધતું આ ભોંયરું જ છે.' પછી ઉમેરતા બોલ્યો, 'સામાન્ય લોકોને તે ગુફામાં આગળ વધવાનો રસ્તો મળતો નથી; એટલે સામાન્ય ગુફા સમજી, આંટો મારી બહાર નીકળી જાય છે.' પછી હસીને ઉમેર્યું, 'માત્ર સિદ્ધયોગીઓ જ તે રસ્તેથી આવ-જા કરી શકે છે !' મારા મુખ પર આશ્ચર્યના ભાવો જોઈ વિશ્વંભરે કહ્યું, 'આ ભોંયરું આગળ વધીને બીજા અન્ય ભોંયરાઓને મળતું જાય છે, જેમાં પણ કોઈ મહાત્મા આજ રીતે બિરાજીને તપસ્યા કરે છે.'

પછી થોડું મૌન ધારણ કરી આગળ ચાલતા કહ્યું, 'આ પવિત્ર ગિરનાર અસંખ્ય ભોંયરાઓને કારણે અંદરથી 'પોલો' છે, ઘણાં ભોંયરાઓ ગિરનારની બહાર દૂર દૂર પણ નીકળે છે, જ્યાંથી જરૂર પડે તો સિદ્ધો બહાર પણ આવ-જા કરે છે; પરંતુ સામાન્ય લોકોની નજરે તે ભોંયરા પડતા નથી; અગર કોઈ ભોંયરું નજરે પડે છે, તો તે આગળ જતાં બંધ જેવું લાગતા કોઈ આગળ વધી શકવા સમર્થ થતું નથી; જંગલી જનાવરો હોવાનો પણ ડર લાગે છે.' પછી મારી સામે દૃષ્ટિ કરી કહ્યું, 'ઘણાં ભોંયરા છેક ગિરનારમાં નીકળતા હોવાની 'લોકવાયકા' તેં સાંભળી હશે અને તે સત્ય પણ છે.'

વિશ્વંભર પુનઃ બહાર નીકળવાની સંજ્ઞા કરી મને દોરતો આગળ વધ્યો. અમે નેપાળીબાપુના આસનવાળી જગ્યાએ પ્રવેશ કર્યો તો ત્યાં કોઈ ન હતું. મૃગચર્મ બિછાવેલ આસન ખાલી હતું. માત્ર ધૂણામાં અગ્નિ જલતો હતો અને તેનો પ્રકાશ દીવાલોને પ્રકાશિત કરી રહ્યો હતો.

અમે આસન તરફ મુખ રાખી, દંડવત્‌ની મુદ્રામાં પ્રણામ કરી, ગુફામાંથી પુનઃ બહાર આવી, મૂળ ગુફાના રસ્તે આગળ ચાલવા લાગ્યા, ચાલતા ચાલતા મને યાદ આવ્યું, 'નેપાળીબાપુ' નામના સાધુ વિશે મેં પૂર્વે ઘણું સાંભળ્યું હતું. આ બાપુ વિશે લોકોમાં જાતજાતની વાતો થતી, ગૃહસ્થોને ઘરે જઈ, તેનો આદર-સત્કાર પણ સ્વીકારતા, લોકો તેને ભક્તિભાવથી પૂજતા. મારી ઇચ્છા પણ તેમનાં દર્શન કરવાની

હતી, પરંતુ પછી મારા સાંભળવામાં આવેલું કે તેઓશ્રી નેપાળ તરફ જતા રહ્યા છે, આ વાતને હું સાવ વીસરી ગયેલો. સૌભાગ્યવશ આજે તેના દર્શન પામી ધન્યતાનો આનંદ અનુભવી રહ્યો હતો, પરંતુ તે સાથે મને શંકા પણ થઈ કે તે આજ 'નેપાળીબાપુ' હશે કે કોઈ અન્ય મહાત્મા હશે ? આ બાબત જાણવાની મને ઇચ્છા થઈ આવી. વિશ્વંભર પાસેથી આ જાણવા મારે તેને પ્રશ્ન પૂછવાની જરૂર ન હતી. મેં માત્ર હસીને તેના સામું જોયું, તો તુરત જ ખડખડ હસતાં તેના મુખમાંથી શબ્દો સર્યા,

'શંકાને કોઈ સ્થાન નથી, તારું અનુમાન સત્ય છે. આ તે જ નેપાળીબાપુ છે. થોડો સમય તેઓશ્રી લોકકલ્યાણના ઉદ્દેશથી સમાજ વચ્ચે રહેલા તેમની પવિત્ર જીવનસુવાસ પ્રસરી ગયેલી; પરંતુ લોકોના તેમના પ્રત્યેનો આદર ખૂબ વધી જતાં પરિણામ એ આવ્યું કે લોકો તેમના દર્શન માટે ખૂબ ઘસારો કરવા લાગ્યાં. આથી બાપુને જરૂરી એકાંત માટે તકલીફ પડવા માંડેલી. વળી સંસારી ગૃહસ્થોમાં તેમને ભક્તિભાવને બદલે નર્યા સ્વાર્થના જ દર્શન થતાં. સામાન્ય લોકોના ગંદા અને સ્વાર્થી વિચારોથી તેઓ ત્રસ્ત થઈ ગયેલાં. આથી તેઓશ્રી ચૂપચાપ પુનઃ પોતાના આ કાયમી તપોસ્થાન પર આવી ગયાં છે. લોકો એમ જ માને છે કે તેઓશ્રી નેપાળ જતા રહ્યા છે.'

પછી વાતને વળાંક આપતા વિશ્વંભરે કહ્યું :

'સિદ્ધ-સંતો બિનજરૂરી વાર્તાલાપ કરતાં નથી અને વધારે સમય સુધી કોઈ સામે પ્રત્યક્ષરૂપે રહેતા નથી. થોડી ક્ષણો માટે દર્શન આપી, જરૂર જણાય તો થોડો વાર્તાલાપ કરી, જવાની આજ્ઞા આપી દે છે, અથવા જાતે જ અદશ્ય થઈ જાય છે.'

ચાલતા ચાલતા હું ગિરનારી બાવાના અદ્ભુત દૈવીદર્શન વિશે વિચારી રહ્યો હતો. પ્રત્યેક મનુષ્યની અંદર પણ હોય છે, તે ષટ્ચક્રો વિશે વિશ્વંભરે ઘણું વિવેચન કરી મને જ્ઞાન આપ્યું હતું, પરંતુ પાંખડીઓ પર અંકિત અક્ષરો વિશે, તેની અસરો વિશે, મને જાણવાની જિજ્ઞાસા થતી હતી. આથી પ્રશ્નાર્થ દૃષ્ટિથી મેં તેના સામું જોયું, તો તુરત જ મૌન તોડી વિશ્વંભરે કહ્યું :

'તારી જિજ્ઞાસા સ્વાભાવિક છે, સંતોષવી પણ જરૂરી છે. હું ટૂંકમાં જ કહીશ, બાકીનું બધું તને સાધના દરમિયાન સમજાતું જશે.' પછી ઉમેરતા આગળ કહ્યું,

'પ્રત્યેક ચક્રની પાંખડીઓ પર અંકિત અક્ષરો એ સામાન્ય અક્ષરો નથી. પ્રત્યેક વર્ણ-અક્ષર એ 'બીજમંત્ર' છે, જે દિવ્યશક્તિથી ભરપૂર છે. અ થી ક્ષ પર્યંતની વર્ણમાલા 'ચિત્તિશક્તિ' જ છે, જે દિવ્યશક્તિથી ભરપૂર છે. અ થી ક્ષ પર્યંતની વર્ણાળા 'ચિત્તિશક્તિ' જ છે, બધા જ અક્ષરો મહામાયા કુંડલિનીના જ સ્વરૂપો છે, તે જ દુર્ગા જે અક્ષરદેહે સર્વવ્યાપ્ત છે. અક્ષરા અર્થાત્ વર્ણોથી જ કોઈ પણ 'નામ' બને છે, વર્ણો વડે જ મંત્રોની રચના થાય છે, ને તેના વડે જ જગતના તમામ પદાર્થોને નામજોગ

ઓળખી શકાય છે. બધું વર્ણોમાં જ વિહિત છે. આ વર્ણો અને તેમાં રહેલી શક્તિઓનું ચિંતન અને જપ કરવામાં આવે તો તે શક્તિઓ ચિત્તમાં ચિત્તિસ્વરૂપે પ્રગટ થઈ શકે છે. માટે જ વર્ણો દ્વારા થયેલ ઈશ્વરના નામો, બીજમંત્રોનું ગુંફન વ્યવસ્થિત રીતે ઋષિઓ દ્વારા કરવામાં આવેલું છે. 'વર્ણ' અર્થાત્ 'અક્ષર' એ જ બ્રહ્મ છે. પરમાત્માને 'અક્ષરબ્રહ્મ' કહેવામાં આવે છે, નામ જપ અંતર્શક્તિને અત્યંત વેગપૂર્વક ક્રિયાશીલ બનાવે છે. અ થી ક્ષ-સુધીના અક્ષરોમાં કુંડલિની ચિત્તિશક્તિ વ્યાપી રહી છે. એટલે જ તેને 'માતુકા વર્ણરુપિણી' કહેવામાં આવે છે, વર્ણ એ ધ્યાન અને ચિત્તની ચંચળતા પર વિજય પ્રાપ્ત કરવાનો અમોઘ ઉપાય છે માટે મંત્રને 'પ્રાણ-અપાન' સાથે જપવાથી, શ્રદ્ધા સહિત તેનું ધ્યાન કરવાથી, શક્તિ તુરત જ વિદ્યુતવેગે કાર્ય કરવા માંડે છે, અગોચર-અદશ્ય નામના મહિમામાત્રથી ગોચર સહજમાં બની જશે.'

અમે વાતો કરતાં ધીમે ધીમે ભોંયરામાં ચાલી રહ્યાં હતાં, ત્યાં જ વિશ્વંભરે કહ્યું, 'બસ, આપણું ગંતવ્યસ્થાન આવી ગયું !' ને તે સાથે જ બહારનો પ્રકાશ અને હવા મને સ્પર્શ કરવા લાગ્યા. થોડી જ વારમાં અમે ભોંયરા બહારના પ્રકાશમાં અને ખુલ્લી હવામાં પગ મૂકી રહ્યા. લાંબો સમય ધરતીની અંદર રહ્યા પછી પુનઃ ધરતીની બહાર પ્રગટ થયા હોઈએ એવું લાગી રહ્યું હતું. મન આનંદી ઊઠ્યું, જાણે નવો જન્મ થયો, તાજા જન્મેલા બાળકને આનંદ થતાં જેવી કિલકારી કરે, ખાલીખાલી હસ્યા કરે, તેવી જ બાળકના જેવી મનઃસ્થિતિમાં હું આવી ગયો હતો. મને લાગ્યું કે, આ આનંદ મારી અંદરથી આપમેળે ઉભરી રહ્યો છે અને એ આનંદ ભૌતિક પદાર્થોને કારણે નહિ, પરંતુ એ દૈવી આનંદ છે !

એ સાથે બહાર નીકળતાં જ જે દશ્ય મારી નજરે પડ્યું તે જોઈ મને આશ્ચર્ય થયું. ટૂંકે રસ્તે અને જુદી જ સુરંગ દ્વારા અમે બહાર નીકળ્યા હોવા છતાં અમે પુનઃ ત્યાં જ આવી પહોંચ્યા હતા જ્યાંથી અમે પ્રવેશ કર્યો હતો. પ્રવેશતી વખતે જે સ્થળ હતું, તે જ સ્થળ દશ્યમાન થતું હતું, પરંતુ જેમાંથી અમે પ્રવેશ કર્યો હતો, તે પ્રવેશવાનો રસ્તો કે સુરંગદ્વાર ત્યાં હતું નહિ, છતાં એ જ સ્થળ, એ જ ખડખડાટ વહેતી નદી, એ જ શિલાઓ અને એ જ વાતાવરણ મારી દૃષ્ટિમાં પડી રહ્યું હતું.

હું નવાઈ પામી નિરીક્ષણ કરી રહ્યો હતો, ત્યાં જ વિશ્વંભરના શબ્દો મારા કાને પડ્યા,

'આ અગોચર અને ગોપિત ભૂમિ છે, વળી સૂક્ષ્મ હોય, વારંવાર દૃષ્ટિમાં આવી શકતી નથી. એક વાર દર્શન થયા પછી ભાગ્યમાં હોય તો અને સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરી હોય, તો અને તો જ પુનઃદર્શન થઈ શકે છે, અન્યથા નહિ.'

ચાલતા ચાલતા અમે તે જ જગ્યાએ આવવા લાગ્યા કે જ્યાંથી સ્નાન કરી રહેલા વિશ્વંભરે બૂમ પાડી મને સંબોધન કરી ઊભો રાખેલો. દશ્ય જોતા મને એ સમયની

પુનઃ સ્મૃતિ થઈ આવી. રેવાનંદથી છુટા પડી ચાલી રહેવા મને આજ જગ્યાએ વિશ્વંભરનો મેળાપ થયો હતો.

હું વિચારી રહ્યો હતો, ત્યાં જ વિશ્વંભરે મૌન તોડતા મને કહ્યું, 'હવે તું આ શિલા પર બેસી વિશ્રાંતિ લે, થોડી જ વારમાં રેવાનંદ તને લેવા માટે આવી પહોંચશે !'

વિશ્વંભરના કહેવા મુજબ ખડખડ વહેતી નદીના મધુર સંગીતને સાંભળતો અને બનેલા બધા પ્રસંગો અને અનુભવોને વાગોળતો હું તન્મય થઈને બેઠો હતો. ત્યાં જ ખભા પર મને કોઈના સ્પર્શનો અનુભવ થયો. મને તત્ક્ષણ લાગ્યું કે એ સ્પર્શ વિશ્વંભરનો હશે, પરંતુ પીઠ ફેરવી જોયું તો વિશ્વંભરને બદલે રેવાનંદ બ્રહ્મચારી મારી સામે પ્રસન્નચિત્તે જોતા હસી રહ્યા હતા, પરંતુ વિશ્વંભર ક્યાંય નજરે પડતો ન હતો.

આનંદ સાથે રેવાનંદજીને વધાવતા હું બોલી ઊઠ્યો, 'ઓહ, રેવાનંદજી ! આપ ! સમયસર આવી પહોંચ્યા, પરંતુ વિશ્વંભર ક્યાં ?'

'વિશ્વંભર, તેને મળેલી આજ્ઞાનુસાર, તમને ગિરનારી બાવાના દર્શન કરાવવાનું પોતાનું કાર્ય પૂર્ણ કરીને નિજસ્થાને જતો રહ્યો છે.' રેવાનંદજીએ જવાબ આપ્યો.

'પરંતુ !' ક્ષોભ અને થોડા દુઃખ સાથે મેં પૂછ્યું, 'આમ વિશ્વંભર અચાનક કોઈ પણ જાતની પૂર્વભૂમિકા જણાવ્યા વગર જતો રહ્યો ?'

'તેને સોંપવામાં આવેલું કાર્ય પૂર્ણ થયું !' રેવાનંદજીએ ધીમા સ્વરમાં કહ્યું, 'હવે તેને તમારી સાથે કોઈ લેવા-દેવા નથી.' પછી ઉમેરતા ધીમેથી કહ્યું,

'તે તમારી સાથે મિત્રની જેમ વર્તી રહ્યો હતો. તે બધાની સાથે મિત્રની જેમ વર્તે છે. વાસ્તવમાં તે કોઈનો મિત્ર નથી, છતાં બધા જ તેના મિત્રો છે.'

રેવાનંદજીના વિશ્વંભરના વ્યક્તિત્વ વિશેના અભિપ્રાયને હું સ્તબ્ધ બનીને સાંભળી રહ્યો, આગળ દોહરાવતા તેણે કહ્યું,

'વિશ્વંભરને કોઈ મિત્ર નથી કે કોઈ શત્રુ નથી; બધા જ તેના માટે સમાન છે. બધા જ તેના આત્મીય છે, પરંતુ તેને કોઈ લાગણી સ્પર્શી શકતી નથી, લાગણીથી તે પર છે, તટસ્થ છે. તેના અંતઃકરણમાં મારા-તારા, પારકા-પોતાના જેવા મનોવલણના કોઈ સ્પંદનો જાગતા નથી. માટે જ તે વિમુક્ત છે જીવનમુક્ત છે.'

કહી રેવાનંદજી મૌન બની મને દોરતા આગળ વધી રહ્યા.

રેવાનંદજી સાથે કદમ મિલાવી ચાલતા, વિશ્વંભરના આ મનોવલણને બિરદાવતો હું વિચારી રહ્યો,

આવું અદ્‌ભુત મનોવલણ, જે સાધકને 'જીવનમુક્ત' બનાવે છે, તે પ્રાપ્ત કરવા કેવા ઉપાયો હશે, કેવા પ્રયત્નો કરવા પડતા હશે ? હું વિચારી રહ્યો હતો, ત્યાં જ રેવાનંદજી બોલ્યા,

'હું' અને 'મારું' એ વિચારનો ત્યાગ કરવો અને પછી મારું એ બધાનું અને હું બધાનો, બધા જ મારા-એવા વિચારોનું ચિંતનથી આવું ઉમદા મનોવલણ કેળવી, છેવટે સર્વત્ર ઈશ્વરના દર્શન કરતાં 'જીવનમુક્ત'ની સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે.' પછી થોડું અટકી ચાલતા ચાલતા કહ્યું,

''જીવનમુક્ત' બનવાનો રસ્તો સાવ કઠિન છે તેવું નથી. પ્રયત્નોમાં 'પ્રમાદ'નો અવરોધ દૂર કરતી સતત જાગૃતિ કેળવવી જોઈએ. બાકી બધું જ તમારી અંદર પડેલું છે. બહાર શોધવા જવાની જરૂર નથી. ચિંતન, મનન, ધારણા, શ્રદ્ધા અને વિશ્વાસ દ્વારા એ સિદ્ધિઓને જાગૃત કરવાની જરૂર છે. જો આમ કરવામાં આવે તો બધું જ તમારા ચરણોમાં જ પડેલું છે. સર્વવ્યાપી મનોવલણ દ્વારા સર્વવ્યાપી ઈશ્વરની પ્રાપ્તિ થઈ શકે છે, જેમાં મન, બુદ્ધિ, અહંકાર સાથે શારીરિક શુદ્ધિની અનિવાર્ય આવશ્યકતા છે.'

'પરંતુ ! આ માટે સરળ અને સહેલો ઉપાય પણ હશે ને !' મેં વચ્ચે પૂછ્યું.

'હા, છે જ !' પ્રત્યુત્તર આપતા રેવાનંદજીએ સસ્મિત કહ્યું, 'ધારણા - તમે અંતઃકરણમાં એવી ધારણા કરો કે, સર્વવ્યાપી શ્રીહરિ સર્વત્ર છે; પરંતુ મારા ચર્મચક્ષુ તેને નીહાળી શકતા નથી; છતાં સર્વત્ર ઈશ્વરને શોધવાનું મારું કાર્ય હું અવિરતપણે ચાલુ રાખું છું. આવી ધારણા તમને ઈશ્વરમય બનાવી દેશે.' પછી વિશેષ સ્પષ્ટતા કરતાં રેવાનંદજી આગળ બોલ્યા,

'શ્રીહરિને શરીરમાં જ શોધો અને ધારણા કરો કે; શ્રીહરિરૂપી સોનું પ્રાપ્ત કરવા, શરીરરૂપી ધૂળના ઢગલાને, વિવેકરૂપી ચારણી વડે હું ચાળી રહ્યો છું !' પછી થોડી વારે ઉમેરતાં કહ્યું,

'આ માટે સાધકમાં અખૂટ ધૈર્યની આવશ્યકતા રહે છે. સંયમ, સદાચાર, સદ્‌વિચાર, દઢ નિશ્ચય, નિયમિતતા, ઉત્કર્ષની ઉત્કટ અભિલાષા, સત્‌જ્ઞાન અને સત્‌સાધના દ્વારા જ આ કાર્ય સિદ્ધ થઈ શકે તેવું છે. શુદ્ધ શરીર આરોગ્યનું અને શુદ્ધ અંતઃકરણ દૈવીસંપત્તિઓનું અધિકારી છે.' પછી વાતને ઉપસંહાર તરફ વળાંક આપતા કહ્યું,

'વિશ્વંભર આવી દૈવીસંપત્તિઓથી વિભૂષિત છે. તે શરીરધારી હોવા છતાં વિમુક્ત છે, અર્થાત્‌ 'જીવનમુક્ત' છે !'

વાત પૂર્ણ થયાના નિર્દેશ સાથે મૌન બની, મને આગળ દોરતા રેવાનંદજી થોડા ઝડપથી આગળ વધી રહ્યા. હું પણ પગ મિલાવતો તેની સાથે નદી કાંઠે ચાલી રહ્યો.

સૂર્યાસ્ત થવાની તૈયારી થઈ રહી હતી. પીળાશ પડતો સૂર્ય ધીમે ધીમે પશ્ચિમ આકાશમાં ઢળી રહ્યો હતો, સંધ્યાની પૂર્વતૈયારીરૂપ તેની કળાનું પ્રતિબિંબ શાંત જળમાં પડી રહ્યું હતું.

ધીમે ધીમે અમે મેદાન વટાવી ઊંચી ચડાણવાળી જગ્યાએ આવી પહોંચ્યા. હજુ આછો ઉજાસ હતો અને સ્પષ્ટ જોઈ શકાતું હતું, પરંતુ હજુ આ પ્રારંભનો ઢોળાવ, પછી પાછું મેદાન અને પછી પર્વતીય ચઢાણ. અંધારામાં આગળ વધવું આકરું પડશે. હું વિચારી રહ્યો હતો, ત્યાં જ મૌન છોડી રેવાનંદજીએ કહ્યું,

'ચિંતા કરવાની કોઈ જરૂર નથી. પૂર્ણઅંધકાર પથરાય એ પહેલાં જ આપણે એકદમ સીધું ચઢાણ ચડી જઈશું. પછી મેદાન અને પર્વતને પાર કરવામાં ખાસ કોઈ મુશ્કેલી પડશે નહિ. આપણી પાસે બેટરી પણ છે; અને ચંદ્રનો પ્રકાશ પણ સાથ આપશે.'

વેલાઓ અને વૃક્ષોના ખુલ્લા મૂળિયાઓ પકડીને અમે સહેલાઈથી કઠણ ચઢાણ ચઢીને ઉપરના મેદાનમાં આવી પહોંચ્યા. થોડા પ્રકાશનો લાભ લેતા, બેટરીના પ્રકાશ વગર જ હજુ અમો ચાલી રહ્યા હતા.

મારે કબૂલ કરવું જોઈએ કે આટલી સાધના, આટલું બધું મળતું પ્રત્યક્ષ જ્ઞાન અને સાથે સાથે સિદ્ધોનો સહવાસ અને તેના સહકારથી સાધનામાં આગળ વધતો હું, હજુ પણ તેઓના વિશે શંકાઓથી ઘેરાઈને તર્ક કરી લેતો હતો. ચાલતા ચાલતા મને વિચાર આવી ગયો. વિશ્વંભર અને માધવાનંદજી જેવી બધી સિદ્ધિઓ રેવાનંદજી પાસે પણ હશે ! મેં વિશ્વંભરમાં પાણીમાં ચાલવાની અને શક્તિપાત દ્વારા તત્ક્ષણ પૂરતી મને પણ સિદ્ધિ અપાવનાર, તેની સિદ્ધિ મેં પ્રત્યક્ષપણે જોઈ હતી. માધવાનંદજીમાં સિદ્ધિનો ભંડાર હતો તેમાં મને કોઈ શંકા હતી જ નહિ, પરંતુ રેવાનંદજીની આવી પ્રત્યક્ષ સિદ્ધિ મને જોવા મળી ન હતી.

મારે તત્પરતાપૂર્વક કહેવું જોઈએ કે આ વખતે હું રેવાનંદજીની, પ્રત્યક્ષ જોયેલી સિદ્ધિને ભૂલી જ ગયો હતો. રેવાનંદજીએ તો મને 'પૂર્વજન્મ'નું 'અભિજ્ઞાન' કરાવ્યું હતું, એટલું જ નહિ, પરંતુ મારા આત્માને સ્વર્ગભણી ગમન કરતો રોકીને પુનઃ મારા નિશ્ચેષ્ટ દેહમાં પ્રવેશ કરાવ્યો હતો. તેમની આ સિદ્ધિ શું જેવીતેવી ગણાય ? વળી વિશ્વંભર સાથે યુક્તિપૂર્વક મેળાપ કરાવવો અને તેના દ્વારા જ બધો અનુભવ કરાવી ગિરનારી બાવાના અદ્‌ભુત દર્શન કરાવવા એ બધું તેની પૂર્વગ્રાહી બુદ્ધિશક્તિ અથવા સિદ્ધિનું જ પરિણામ હતું.

છતાં, એ બધું ભૂલીને મારાથી નિરર્થક તર્ક થઈ ગયો, જેનું ભાન મને એ વખતે લેશ પણ રહ્યું ન હતું.

રેવાનંદજી વિશે આવા ક્ષણિક તર્કને ધારણ કરતો હું થોડો તેની પાછળ રહીને ચાલી રહ્યો હતો, ત્યાં જ પર્વતની છેક ઉપરની ટોચ પરથી એક મોટી શિલા જેવડો પથ્થર અન્ય પથ્થરોથી છૂટો પડીને મારા તરફ તીવ્ર વેગથી, અન્ય શિલાઓ સાથે અથડાતો, બરાબર મારી તરફ નીચે ધસી રહ્યો હતો, પથ્થર એટલી ઝડપથી ગબડતો

આવી રહ્યો હતો કે, મારા માટે દૂર ખસવાનો કે દૂર ભાગવાનો કોઈ અવકાશ હતો જ નહિ. બસ, હવે એક જ ક્ષણ અને હું એ મોટા પથ્થર નીચે દબાઈ જવાનો. એવી દહેશતથી હું ભયથી વિસ્ફારિત નેત્રે સ્તબ્ધ બનીને ઝડપથી મારા પર આવી રહેલા એ મોતના પૈગામસ્વરૂપ પથ્થરને જોઈ રહ્યો, ત્યાં જ, રેવાનંદજીના મોટેથી ઉચ્ચારાયેલા શબ્દો મારા કાને પડ્યા,

'થંભ ! થોભી જા.'

અને તે સાથે જ મારા સુખદ આશ્ચર્ય વચ્ચે, ઝડપથી ગબડતો એ પથ્થર થોડી વાર હવામાં સ્થિર થઈ, પર્વતના ઢોળાવની જમીન પર કોઈ પણ જાતના આધાર વગર ઢાળ પર ગોઠવાઈને સ્થિર થઈ ગયો.

હું બચી ગયો, મોતના મુખમાંથી ને તે સાથે મારી બુદ્ધિના આગળિયા જાણે ખૂલી ગયા. પ્રકૃતિ પર કાબૂ ધરાવવાની સિદ્ધિ રેવાનંદજીએ મને કશું પણ કહ્યા વગર પ્રત્યક્ષ બતાવી દીધી હતી. તેની જ આજ્ઞાથી પથ્થર ગબડ્યો અને તેની જ આજ્ઞાથી ગબડતો પથ્થર કોઈ પણ જાતના આધાર વગર સ્થિર થઈ ગયો.

કશું જ પણ કહ્યા વગર નિરાભિમાનપણે પોતાની સિદ્ધિ દર્શાવી દેનાર રેવાનંદજીને હું મનોમન વંદી રહ્યો.

આવો તર્ક કરવા બદલ શરમિંદો બનીને હું તેની સાથે ચાલી રહ્યો હતો, ત્યાં જ જાણે કશું જ બન્યું ન હોય તેમ મારા ખભે હાથ મૂકી તેણે ખડખડ હસીને જાણે મજાક કરતા હોય તેવા સ્વરમાં કહ્યું,

'હવે અંધકારને દૂર કરવાની સિદ્ધિ બતાવવાનો વારો તમારો !' સાંભળી આશ્ચર્યપૂર્વક ક્ષણવાર થંભી હું તેની સામે જોઈ વિચારી રહ્યો : "સિદ્ધિ...અંધકારને દૂર કરવાની અને તે પણ મારી પાસે. આ કઈ રીતની અપેક્ષા ? તેની સામે માત્ર જોઈ રહેવા સિવાય મારી પાસે કોઈ વિકલ્પ ન હતો. ત્યાં જ પુનઃ ખડખડ હસીને રેવાનંદજી બોલ્યા :

'એમાં ગભરાઈ શું ગયા ? તમારી પાસે એ સિદ્ધિ છે જ કાઢો બેટરી.' કહી તેણે હસીને મારા થેલામાં રહેલી બેટરીનો નિર્દેશ કર્યો. મજાક સમજતા મારો શ્વાસ હેઠો બેઠો ને તે સાથે અમે બંને મુક્ત મને ખડખડાટ હસી પડ્યા.

મારા હાથમાંથી બેટરી લઈ પ્રકાશ ફેંકતા રેવાનંદજી આગળ વધ્યા, હું પણ ધીમે ધીમે પર્વતનો ઢોળાવ ચડતો તેની સાથે આગળ વધી રહ્યો.

ચાલતા ચાલતા મારા વિચારો પણ ચાલુ હતા. મેં વાંચેલું કે રમણ મહર્ષિ પામે પ્રવૃત્તિને થંભાવી દેવાની શક્તિ હતી; તેવી રીતે રેવાનંદજીએ પણ પ્રવૃત્તિના તત્ત્વો પર કાબૂ ધરાવી લીધો હશે. પરંતુ આ સિદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થતી હશે ? પ્રશ્ન મારા મનમાં ઘોળાઈ રહ્યો હતો, ક્ષણભર મને થયું. રેવાનંદજીને જ આ પ્રશ્ન પૂછી લઉં. પરંતુ

રેવાનંદજીને પ્રશ્ન પૂછવાની જરૂરત જ ક્યાં હતી. વગર પૂછ્યે જ તે મારો વિચાર જાણી લઈને જવાબ આપી દે છે. એટલે મારા પ્રશ્નનો શીઘ્ર જવાબ મળશે તેવી અપેક્ષાએ હું તેના શાંત અને સૌમ્ય ચહેરા તરફ જોઈ રહ્યો; પરંતુ ઘણીવાર થઈ છતાં મને તેના તરફથી કોઈ પ્રત્યુત્તર કે પ્રતિભાવ જોવા મળ્યા નહિ. શાંત અને નિર્વિકારભાવે બસ તેઓ ચાલી જ રહ્યા હતા.

ઘણીવાર સુધી મેં તેમના પ્રત્યુત્તરની વગર પૂછ્યે રાહ જોઈ, પરંતુ પરિણામ શૂન્ય. છેવટે ન રહેવાતા અને જવાબ ન મળવાનું કારણ જાણવાની ઉત્સુકતાથી મેં પ્રશ્ન પૂછી જ નાખ્યો :

'રેવાનંદજી ! માફ કરજો, પરંતુ મારા મનમાં એક પ્રશ્ન ઘોળાઈ રહ્યો છે તે...'

'જાણું છું, તમારા એ પ્રશ્નને.' વચ્ચે જ મારા વાક્યને કાપી નાખતા રેવાનંદજી બોલ્યા, 'હરવખતે એ જ પદ્ધતિથી વાતચીત કરવી જરૂરી નથી. કારણ કે જ્ઞાનપિપાસાની તમારી ઉત્સુકતાને પરાવલંબીપણાનો દોષ લાગે છે. જ્ઞાન મેળવવા માટે જિજ્ઞાસાપૂર્વક પ્રશ્ન પૂછવો જોઈએ. હા તમારી મૂંઝવણનો કોઈ પ્રશ્ન હોય તો હું વગર પૂછ્યે તેનું સમાધાન કરું છું, કમ સે કમ બોલીને પ્રશ્ન પૂછવાનો જિજ્ઞાસુએ પુરુષાર્થ કરવો જોઈએ. તમારા પ્રશ્નને અને વિચારોને જાણતો હોવા છતાં મેં જવાબ આપેલો નહિ.' પછી થોડું મૌન ધારણ કરી આગળ ચાલતા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા કહ્યું,

'ગાયત્રીમંત્રની અખંડ સાધના દ્વારા આ અને આવી અનેક સિદ્ધિમાં આ એક જ મંત્રની શક્તિથી પ્રાપ્ત થઈ શકે છે; કારણ કે ગાયત્રીમંત્ર અર્થાત્ 'ભગવતિ સવિતા' એ મહામાયા કુંડલિનીની જ શક્તિ છે અથવા તેનું જ સ્વરૂપ છે; સતત જાપથી ષટ્ચક્રભેદીને કુંડલિની સુસુમ્ણા નાડીમાં થઈને ઉપર મસ્તકમાં રહેલ બ્રહ્મરંધ્રમાં પ્રવેશે છે અને સાધકને અનેક શક્તિઓ પ્રદાન કરે છે.'

પછી થોડું અટકને કહ્યું :

'હરિદ્વારમાં મેં એક વર્ષ સુધી ગંગાના પવિત્ર જળમાં ઊભા રહી, રાત્રિ-દિવસ સતત એક કરોડ મંત્રોનો જાપ પૂર્ણ કરેલો, ત્યાર બાદ તેનો દશાંશ હોમ કરી ગુરુમહારાજની કૃપાથી ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરી શક્યો છું.' કહી તેઓ થોડીવાર મૌન બની બેટરીના પ્રકાશણાં શાંત ચિત્તે ચાલતા ચાલતા પુનઃ બોલ્યા,

'અમુક ખાસ કાર્ય માટે સિદ્ધ કરેલા મંત્રને અમુક રીતે પુનઃ પુનઃ સિદ્ધ કરવો પડે છે; આ મંત્રના પ્રત્યેક શબ્દમાં જુદી જુદી શક્તિઓનો આવિર્ભાવ છે, શબ્દ અર્થાત્ શબ્દના પ્રત્યેક વર્ણમાં અખુટ શક્તિ ભરેલી છે. પ્રત્યેક વર્ણ એક અલગ મંત્ર છે એટલે મંત્રના અક્ષરોને ખાસ રીતે ગોઠવી – જપ કરી સિદ્ધ કરવામાં આવે તો તે મુજબ પણ પરિણામ પ્રાપ્ત કરી શકે છે. ગાયત્રી મંત્રને ઉલટાવી તેનો જપ કરી સિદ્ધ કરવામાં આવે

તો ઉલ્ટાવેલા અક્ષરોવાળો મંત્ર 'અગ્નિયાસ્ત્ર' બની જાય છે. આ મંત્રશક્તિથી અગ્નિ પ્રગટાવી જંગલોના જંગલો બાળી શકાય છે. અર્જુને આ મંત્રનો ઉપયોગ કરીને 'ખાંડીવવન'ને સળગાવ્યું હતું. એ જ મંત્રના પ્રભાવથી અગ્નિને શાંત પણ કરી શકાય છે. આ મંત્ર વડે પ્રકૃતિ પર પણ અસર પાડી શકાય છે. આ મંત્રમાં અમોઘ શક્તિ પડેલી છે. પ્રકૃતિ પરના પ્રભાવનો પ્રત્યક્ષ અનુભવ તમે હમણાં જ કરી શક્યા છો.'

આટલું કહી રેવાનંદજીએ ઊભા રહી એક સૂકા વૃક્ષ પર દૃષ્ટિ સ્થિર કરી અને વૃક્ષ એક ક્ષણમાં ભડભડ કરતું સળગી ઉઠ્યું. સળગતા વૃક્ષની અગ્નિજ્વાળાઓ આકાશમાં ઉઠી. અન્ય વૃક્ષો અને ઘાસને પણ બાળવા લાગી, મને લાગ્યું કે હમણાં જ બધું બળીને ભષ્મ થઈ જશે. આમ થશે તો મોટો અનર્થ સર્જાય જશે. ભયંકર ડરથી, વિસ્ફારિત નેત્રે જોતો સ્થિર ઊભો રહી હું વિચારી રહ્યો હતો ત્યાં જ રેવાનંદજીએ એક હાથ ઊંચો કરી મંત્ર ભણી મોટેથી શબ્દોચ્ચાર કર્યો, 'થંભ - થંભી જા, થંભ-થંભી જા.' ને તત્ક્ષણ એ ભયંકર રૂપ ધારણ કરતો અગ્નિ જેમ ફૂંક મારતા દિપક ઓલવાઈ જાય તેમ ઠરી ગયો.

હું આભો બની તેમની આ સિદ્ધિને બિરદાવી મનોમન વદી રહ્યો, મારા સદ્‌ભાગ્યને અને તે સદ્‌ભાગ્યના દાતા સિદ્ધપુરુષની મનોમન પ્રસંશા કરતો તેમની સાથે પુનઃ આગળ વધી રહ્યો.

ગાયત્રીમંત્રની શક્તિ મેં પ્રત્યક્ષ જોઈ, પરંતુ મને લાગતું હતું કે હજુ પણ ઘણું ખૂટે છે, પરંતુ શું ખૂટે છે તે હું સમજી શકતો ન હતો, ત્યાં જ રેવાનંદજીએ આગળ કહ્યું :

'ગાયત્રીના ૨૪ અક્ષર ખૂબ જ મહત્ત્વપૂર્ણ ૨૪ શિક્ષાઓના પ્રતીક છે. ગાયત્રી, ગીતા, ગંગા અને ગાય એ ભારતીય સંસ્કૃતિની ચાર આધારશિલાઓ છે, જેણે ગાયત્રીના છુપાં રહસ્યોને જાણી લીધાં છે તેને બીજું કાંઈ જ જાણવાનું બાકી રહેતું નથી.'

પછી ગાયત્રીમંત્રની સિદ્ધિ વિશે આગળ ઉમેરતા કહ્યું, '૨૪ અક્ષરોમાં અનેક જ્ઞાન-વિજ્ઞાન છુપાયેલું છે; અનેક રિદ્ધિ-સિદ્ધિઓ, શ્રાપ-વરદાનના પ્રયોગો, અન્તર્દૃષ્ટિ, પ્રાણવિદ્યા, વેધકક્રિયા, વામમાર્ગી ગૂઢવિદ્યા, શરીરનું રૂપાંતર, અજ્ઞાતવાસ, અદશ્યદર્શન, સૂક્ષ્મ અને દૂરસંભાષણ વગેરે અનેક લુપ્તપ્રાયઃ મહાન વિદ્યાઓનું રહસ્ય, બીજ અને સંકેત ગાયત્રીમાં આવેલ છે; ગાયત્રી સાધનાથી આત્મા પર જામેલ મળ-આવરણ દૂર થઈ જાય છે ત્યારે આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે અને અનેક રિધિ-સિદ્ધિઓ મળવા લાગે છે. સાધકમાં રહેલાં દુર્ગુણ, કુવિચાર, ખરાબ સ્વભાવ અને દુર્ભાવ ઘટવા લાગે છે અને સાધકમાં સંયમ, નમ્રતા, પવિત્રતા, ઉત્સાહ, મધુરતા, સત્યનિષ્ઠા, પ્રેમ, સંતોષ, પરમશાંતિ, સેવાભાવ, પ્રાણિમાત્ર પ્રત્યે આત્મિયતા વગેરે જેવા સદ્‌ગુણોનું પ્રમાણ દિવસે-દિવસે દ્વિગુણિષ્ટ થતું જાય છે.

ગાયત્રી સાધનાથી સાધકના મનઃક્ષેત્રમાં અસાધારણ ફેરફાર થઈ જાય છે. ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને વિશ્વાસના આધારે એ દુઃખોને હસતા હસતા સહેલાઈથી સહન કરી લે છે, ગાયત્રી સાધનાથી અણિમા, મહિમા જેવી ચમત્કારિક રિદ્ધિ-સિદ્ધિઓ પણ મેળવી શકાય છે, તેના શ્રાપ અને વરદાન પણ સફળ થાય છે.'' પછી થોડું મૌન ધારણ કરી ચાલતા ચાલતા આગળ કહ્યું, 'ગાયત્રીમંત્રના ઉચ્ચારણ માત્રથી જીભ, કંઠ, તાળવું અને માથામાં આવેલી નાડીતંતુઓનું એક અદ્‌ભુત ક્રમથી સંચાલન થવા લાગે છે.'' પછી ભૌતિક દૃષ્ટાંત આપતા કહ્યું :

'ટાઇપરાઇટરની ચાવીઓ પર આંગળીઓ રાખતાં જ જેમ કાગળ પર અક્ષરો છપાઈ જાય છે. તેવી જ રીતે મોઢેથી મંત્ર બોલવાથી શરીરના જુદા જુદા સ્થાનોમાં આવેલા 'શક્તિચક્રો' પર તેની છાપ પડે છે અને તેનું સૂક્ષ્મ જાગરણ થવા લાગે છે. અર્થાત્ સાધકમાં ધીમે ધીમે શક્તિઓનું આગમન થવા લાગે છે. મંત્રના અક્ષરોના સંચાલનથી શરીરનાં જુદાં જુદાં સ્થાનમાં છુપાયેલાં ષટ્ચક્ર, ભ્રમર, કમળ, ગ્રંથી સ્થાન અને શક્તિચક્ર ઝણઝણવા લાગે છે, મુખથી ઉચ્ચારેલાં શબ્દોના પ્રભાવથી સુષુમ્ણાનાડી દ્વારા ગાયત્રીના શબ્દોના ઉચ્ચારણનો આઘાત એ ષટ્ચક્રો સુધી પહોંચે છે. ગાયત્રીના ચોવીસ અક્ષરોનું ઉચ્ચારણ ચોવીસ ચક્રોમાં ઝણકારવાળો ધ્વનિ ઉત્પન્ન કરે છે જે સાધકને યોગ-શક્તિ સંપન્ન બનાવે છે. ગુપ્તશક્તિના જાગરણથી અનેક આશ્ચર્યજનક સિદ્ધિઓ મળવા લાગે છે.' પછી થોડું મૌન ધારણ કરી ઉપસંહાર કરતા હોય તેમ રેવાનંદજી બોલ્યા,

'ગાયત્રીના ૨૪ અક્ષર ખરી રીતે ૨૪ શક્તિબીજ છે. પૃથ્વી, જલ, વાયુ, તેજ અને આકાશ એ પાંચ તત્ત્વો તો મુખ્ય છે જ, તે સિવાય પણ બીજા ૨૪ તત્ત્વ છે. આ સૃષ્ટિને ૨૪ તત્ત્વોને વ્યવસ્થિત રીતે વર્ણોમાં ગૂંથીને એક સૂક્ષ્મ આધ્યાત્મિક શક્તિનો આવિર્ભાવ કરીને તેનું નામ 'ગાયત્રી' રાખવામાં આવેલ છે.' પછી થોડીવાર મૌન ધારણ કરી પ્રેમપૂર્વક મારા ખભા પર હાથ મુકી રેવાનંદજી બોલ્યા :

'ગાયત્રી માતાની શક્તિ અને સિદ્ધિઓ વિશે મેં તમને ટૂંકમાં કહીને તમારી જિજ્ઞાસા સંતોષવાનો પ્રયત્ન કર્યો; ગાયત્રીમંત્ર દ્વારા અનેક સિદ્ધિઓ આપોઆપ સાધના દ્વારા પ્રાપ્ત થતી રહે છે, ઉપરાંત ઘણી બાબતો છે, પરંતુ આ બધી વાતો કહેવી અત્યારે અપ્રસ્તુત છે. સમય આવ્યે વિસ્તૃત જ્ઞાન તમને આપી પછી જ તમને સાધનાનો પ્રારંભ કરાવવામાં આવશે. ત્યાં સુધી ધીરજ.' કહીને રેવાનંદજી મધુર હાસ્ય કરતાં મને દોરતા આગળ વધી રહ્યા.

સામાન્ય વાતો કરતાં ધીમે ધીમે ચાલતા અમને પુનઃ ટેકરી પર સ્થિત માતાજીની ત્રિશૂલ અંકિત શિલા અર્થાત્ મૂર્તિ પાસે આવી પહોંચ્યા. ગાયત્રી મંદિરના પટાંગણને વટાવી અમે રસ્તા પર ચાલતા ચાલતા જગ્યા તરફ પ્રયાણ કર્યું.

રસ્તા પર યાત્રાળુ લોકો તથા વાહનોની ભીડ હતી. લાઈટના પ્રકાશમાં હવે બેટરીની જરૂરત ન હતી, તેથી મેં રેવાનંદજી પાસેથી બેટરી લઈ પુનઃ થેલામાં મૂકી આગળ વધવા માંડ્યું.

જગ્યા પર પહોંચતા જ લાગ્યું કે દરવાજા પર ઊભા દાનબાપુ અમારી રાહ જોઈ રહ્યા છે. અમને જોતા જ બોલ્યા,

'વાહ ! સમયસર આવી ગયા છો. આરતી કરી, રસોઈ બનાવી, બધાંને જમાડી તમારી રાહ જોઈ રહ્યો છું. હજુ ભોજન કરવાનો સમય છે, તેથી 'પ્રેતભોજન'નો પ્રશ્ન નડતો નથી.'

દાનબાપુ અમને રસોડાભણી દોરી ગયા. હાથ-પગ ધોઈ, આચમન કરી, થાળી પડતા અમે ભોજન કર્યું. દાનબાપુ પ્રસન્ન નજરે મારી સામે જોઈ રહ્યા હતા, મેં પણ પ્રસન્નતા દર્શાવી તેનો પ્રત્યુત્તર આપ્યો. સવારથી સાંજ, અવિરત્ પ્રવૃત્ત રહેવાને કારણે હું વાતચીતના મૂડમાં હતો નહિ, રેવાનંદકજી પણ મૌન બેસી ભોજન કરી રહ્યા હતા.

ભોજન બાદ પોતાના કમરા તરફ પ્રયાણ કરતાં રેવાનંદજીએ કહ્યું, 'આજે તમારા કમરામાં જ સુખેથી રાત્રિ પસાર કરો; એકાંતમાં વિચાર કરવાની આજે તમને તક મળશે. આવતી કાલથી તમારા બધા જ વિચારોનું નિરસન થઈ જશે, વિચારશૂન્ય બની તમે વર્તમાનની ક્ષણોમાં જ સ્થિર બની રહેશો. અચ્છા, 'સુખરાત' કરો !' ને ચાલતા થયા.

રૂમ પર આવી નિરાંતનો શ્વાસ લેતા મેં બધી બારીઓ ખોલી નાખી, વિચારોને ખંખેરી વર્તમાનની ક્ષણોમાં ધ્યાન કેન્દ્રિત કરી મેં પથારીમાં લંબાવ્યું. લાગ્યું કે ઊંઘ આવતા વાર લાગશે. ઉઠીને પંખો ચાલુ કર્યો, પુનઃ બારી પાસે ઊભો રહ્યો. જોગણિયો પર્વત આજે શાંતચિત્ત યોગી જેવો લાગી રહ્યો હતો. થોડે દૂર કોઈ જ્ઞાતિની વાડીમાં લગ્નપ્રસંગે યોજાયેલ રાસની રમઝટ બોલી રહી હતી ને યુવાન હૈયાને ઉત્તેજિત કરતો ઢોલ એકધારો ધડૂકી રહ્યો હતો. 'ધ્રીબાંગ... ઢીબ... ઢીબ, ઢીબાંગ... ઢીબ... ઢીબ !'

હું પુનઃ પથારીમાં પડ્યો. થોડીવારે તંદ્રાવસ્થામાં આવી ગયેલા મારા પર પ્રકાશનો મહાસાગર ફરી વળ્યો.

અને તે સાથે જ, એ પ્રકાશના મહાપૂંજથી બચાવવા નિદ્રાદેવીએ મને પોતાના પાલવમાં લપેટી લીધો.



11

આજે વહેલી સવારે ઊંઘ ઊડી ગઈ. જોકે એમ કહેવું પણ ઉચિત નથી. વાસ્તવમાં હું ઊંઘ્યો જ નથી. ઘસઘસાટ ઊંઘ આવી હોય, તો તેની મને ખબર પડે જ. ઊઠ્યા પછી કશું જ યાદ ન આવે, સવાર કેમ પડી ગયું, તેની પણ ખબર ન પડે, સ્વપ્ન પણ યાદ આવે, હું વિચારી શકું અને યાદ પણ આવે, પરંતુ ઊંઘ દરમિયાન કોઈ સ્વપ્નનો પણ મેં અનુભવ કર્યો ન હતો.

બધું વિરોધાભાસી છે. હું ઊંઘ્યો હતો અને તે પણ સવાર પડે ત્યાં સુધી. છતાં પણ મને લાગતું હતું કે, હું આખી રાત જાગ્યો છું. એટલું જ નહિ, પ્રકાશના પૂંજ વચ્ચે સૂતો, ફરતો, વિચારતો હતો. હું તાજા જ અનુભવોનું પુનરાવર્તન માણી રહ્યો હતો. આને જાગૃત અવસ્થા કહેવી, અર્ધજાગૃત અવસ્થા કહેવી કે સુષુપ્ત અવસ્થા કહેવી ? હું સમજી શકતો ન હતો !

મને લાગ્યું કે હું ઊંઘી રહ્યો હતો એ સત્ય છે, જાગતો હતો એ ભ્રમણા છે, પરંતુ ઊંઘવાના-જાગવાના ગાળા વચ્ચેની સ્થિતિની મને કેમ ખબર નથી ? મને લાગ્યું કે આવું વિચારવાની શી જરૂર છે. આ નિરર્થક વિચારો છે ?

આવું વિચારવાની શી જરૂર છે ? પ્રશ્ન મારો છે અને મેં મને જ પૂછેલો છે, તો મારે જ તેનો જવાબ શોધી કાઢવો જોઈએ.

પરંતુ આ પ્રશ્નની સાથે જ જાણે મારું મન-મગજ ભમી રહ્યું, ચગડોળે ચડ્યું, વિચારનાં વમળમાં અટવાઈ રહ્યું. મને થયું, પ્રશ્ન પણ મારે પૂછવાનો અને જવાબ પણ મારે જ આપવાનો ? એ તે કેવી રીતે બને ? અને છતાં જવાબ મળ્યો, 'એ તારી તુર્યાવસ્થા હતી !'

રંતુ 'તુર્યાવસ્થા' એટલે શું ? એ અવસ્થા કેવી હોય !'

'એ તને ખબર, તું જ શોધી કાઢ !' જવાબ મળ્યો.

'પરંતુ 'તું' શોધી કાઢ, તો એ 'તું' એટલે તો 'હું' જ ! તો પછી મારી સાથે જે વાત કરે છે, તે કોણ ?'

મને લાગ્યું કે મારી અંદર કોઈ બીજું પણ છે; જે મારી સાથે વાતચીત કરે છે. નિરંતર તે મારી સાથે વાત કરે છે.

તો પછી, આ જે 'તે' છે, જે મારી અંદર પુરાયેલ છે, તે છે કોણ ? હું તેની વાત સાંભળી શકું છું, સમજી પણ શકું છું, વળી બધું તે જ વિચારે છે; પરંતુ હું તેને જોઈ શકતો નથી. અનુભવી શકું છું, પરંતુ તે 'હું' કોણ છું ! ક્યાંથી આવ્યો ? મારામાં અને 'તે'માં શો તફાવત છે ?

પરંતુ, પરંતુ આ પ્રશ્નો હું કોને પૂછી રહ્યો છું ? હું પણ તેના જેવો જ લાગું છું, તો બન્ને એક જ હોઈશું ?

'ના !' અંદરથી જવાબ મળે છે. મને લાગ્યું કે, આ 'ના' એ એનો જવાબ નથી, મારો જ જવાબ છે. હોવો જોઈએ. કારણ કે જવાબ પૂછનાર અને જવાબ આપનાર એક હોઈ જ ન શકે ?

છતાં આવું છે જ ! પરંતુ તેના જવાબ 'તે' કેમ નથી આપતું ?'

હું આવા વિચારો કરી રહ્યો હતો છતાં મારું મન ઓહ ! હું આગળ વિચારતા વિચારી રહ્યો, આ જે 'તે' છે, તે કદાચ મારું મન છે. તો પછી 'હું' કોણ ? 'મન' અને 'હું' એક તો નથી જ. મન અને હું તથા આ શરીર જુદાં છીએ ! મન કે જે મારી સાથે શરીરમાં હોવા છતાં તે પણ શરીર છે કે, બીજું કાંઈ ? તો પછી શું હું પણ શરીર જ છું, કે બીજું કાંઈ ?

મને લાગ્યું કે 'હું' શરીર ન જ હોઈ શકું. જો હું શરીર હોઉં તો તેને જોઈ ન શકું. હું દેખાતા બાહ્ય પદાર્થને જ જોઈ શકું, હું મને પોતાને તો અને 'મન' મારાથી જુદું હોય, તો જ હું તેની સાથે વાતચીત કરી શકું. દૃષ્ટા અને દૃશ્ય એક ન જ હોઈ શકે !

મને લાગ્યું કે હું નિરર્થક વિચારી રહ્યો છું. હું હજુ પથારીમાં હતો. પૂરેપૂરો જાગૃત પણ થયો ન હતા, નિદ્રા અને જાગૃતિની વચ્ચેની સ્થિતિમાં જ છું, એમ મને લાગ્યું. વિચારો આવી સ્થિતિમાં જ ઉદ્ભવી શકે.

પરંતુ રેવાનંદજીએ ગઈકાલે ભોજન બાદ છુટ્ટા પડતી વખતે કહેલું,

'આજે તમારા કમરામાં જ રાત્રિ પસાર કરો. એકાંતમાં વિચાર કરવાની તમને તક મળશે. તમે એકાંતમાં ચિંતન કરી શકશો. આવતીકાલથી તમારા બધા જ વિચારોનું સમાધાન થઈ જશે. પછી વિચારશૂન્ય બનીને તમે વર્તમાનની ક્ષણોમાં જ સ્થિર બની રહેશો !'

તો પછી, આ વિચારોનું ધમસાણ કેમ ! આ વિચારો છે કે, ચિંતન છે ? આખા દિવસ દરમિયાન કાંઈક, કદાચ કોઈ અનુભૂતિ થાય, જ્ઞાન પ્રાપ્ત થાય ? મને લાગ્યું કે બધા જ પ્રશ્નોના જવાબ મારી પાસે છે, પરંતુ સમજાતા નથી. કદાચ મારું જ્ઞાન અધૂરું છે અને તેથી જ જવાબ મને પૂરેપૂરા સમજાતા નથી !

'હાં, બરાબર તેથી જ !'

દરવાજા તરફથી કોઈના શબ્દો સંભળાયા અને હું તે તરફ દૃષ્ટિ કરતાં આશ્ચર્યથી ચોંકી ગયો. દરવાજા પર રેવાનંદ બ્રહ્મચારી પ્રસન્નમુખે મારી સામે હસતા ઊભા હતા.

હું થોડો શરમિંદો બની ગયો. હું હજુ પથારીમાં જ હતો, મારે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જવું જોઈતું હતું.

રેવાનંદજી મારી નજીક આવી બેસીને મારા ખભાનો સ્પર્શ કરી બોલ્યા, 'એમાં સંકોચ પામવાની જરૂર નથી. આજની રાત તમારે આરામ કરવાનો જ હતો.' પછી હસીને ઉમેર્યું, 'કેમ ! રાત્રે ઊંઘ બરાબર આવી ગઈ હતી ને ?'

'હા, સવાર જલદી પડી ગયું હતું, પરંતુ મને ઊંઘ આવી ગઈ હતી કે હું જાગતો હતો, તેની મને ખબર પડતી નથી !' મેં જવાબ આપ્યો.

સાંભળીને રેવાનંદજી ખડખડાટ હસી પડ્યા. પ્રેમપૂર્વક બોલ્યા,

'બરાબર છે, આમ જ થાય ! તમે સાચે રસ્તે છો. તમે સાધનાના પથ પર સીધી લીટીમાં કદમ મિલાવતા ચાલી રહ્યા છો. પ્રારંભમાં આવો જ અનુભવ થાય. સાધકને આંતરસ્ફુરણા ઉદ્‌ભવે અને આંતરસ્ફુરણાથી જ તેનો જવાબ મળે છે.' પછી થોડા મૌન પછી પુનઃ બોલ્યા,

'તમને પ્રશ્ન થયો, 'તે' કોણ છે, અને 'હું' કોણ છું ! તમારી પાસે એટલું જ્ઞાન છે જ, તમને સમજાય પણ છે, પરંતુ તે ગળે ઊતરતું નથી. કારણ કે તમે 'જ્ઞાન'ને પૂરેપૂરું આત્મસાત કરેલું નથી. એટલે જ એ 'જ્ઞાન' તમારી પાસે માત્ર માહિતીના સ્વરૂપમાં જ છે. 'જ્ઞાન', 'વિજ્ઞાન'નાં સ્વરૂપમાં નથી. જો તમે નિદિધ્યાસ દ્વારા જ્ઞાનને દૃઢ કરી હૃદયસ્થ અર્થાત્ આત્મસાત કર્યું હોત તો તમને આ પ્રશ્નો ઉદ્‌ભવ્યા ન હોત. આ પ્રશ્નો તો 'પૂર્ણજ્ઞાન' અર્થાત્ આત્મસાત કર્યા પૂર્વેના છે !'

પછી મારો હાથ પકડી રેવાનંદજી બોલ્યા,

'તમે સાચે રસ્તે છો, એટલે આવા પ્રશ્નો થાય છે. એ તમારી પ્રગતિની નિશાની છે. રામકૃષ્ણ પરમહંસ કહેતા, 'હું'ની શોધ કરો એટલે ઈશ્વર હાથમાં આવી પડશે, પરબ્રહ્મની પ્રાપ્તિ કરવા માટે સાધકે પ્રથમ 'હું' ને જાણવો જોઈએ. છેવટે ઈશ્વર સુધી પહોંચી જવાશે !'

પછી સમાપન કરતાં બોલ્યા,

'ખેર ! એ બધું થઈ રહેશે. સાધના અને યોગ દ્વારા એ બધું સમજાઈ જશે, ત્યાં સુધી ધીરજ. બધું સમજાઈ જશે, સાંજ સુધીમાં ! અત્યારે હવે પ્રાતઃવિધિ પતાવો, પછી પુનઃ મળીએ છીએ !' પછી પાછું વળીને પુનઃ બોલ્યા, 'પરવારીને આવો, હું તમારી રાહ જોઈશ.' ઊઠ્યા ને ચાલતા થયા.

સ્વસ્થ થઈ હું નીચે આવ્યો, તો દાનબાપુ આસન અને મુદ્રાઓનો સ્વાધ્યાય કરી રહ્યા હતા, મને આવકારતા બોલ્યા,

'આવો... આવો... નારાયણ ! સ્વાધ્યાય પૂરો થયો છે, બેસો સત્સંગ થશે.' મેં આસનો વિશે થોડું જાણવાની ઉત્સુકતા બતાવતા દાનબાપુએ કહ્યું,

'નિસર્ગોપચાર અથવા યોગોપચારનું બીજું પગથિયું છે આસન અને મુદ્રા. આસનોના અભ્યાસ દ્વારા અવયવોને ઉત્તમ રીતે કેળવી શકાય છે. તેમજ મનને પણ સ્વાધિકારમાં રાખી શકાય છે. કોઈ હાસ્યપ્રસંગ નિહાળી આપણે હસી પડીએ છીએ અને કુરણ પ્રસંગે રડી પડીએ છીએ. તે વખતે વિચારો મસ્તિકના ભિન્ન ભિન્ન કેન્દ્રોને ક્રિયાશીલ બનાવે છે; અને તેનાથી સ્વાભાવિક આરોગ્ય ઉત્પન્ન થાય છે. સઘળી અંતઃસ્રાવ ગ્રંથિઓ ઝરણાંની માફક વહેવા માંડે છે, સત્વર આહાર તેથી પચી જાય છે. શરીરમાં સ્ફૂર્તિ અને મનમાં પ્રસન્નતા પ્રગટે છે.'

પછી સમાપનના સ્વરમાં આગળ કહ્યું, 'જે સ્ત્રી-પુરુષો કામવિકારથી ખૂબ પીડાતાં હોય તેમના માટે આસનોનો અભ્યાસ ખાસ આવશ્યક છે. કારણ કે એનાથી શારીરિક વ્યાધિ દબાઈ જાય છે. આ ઉદર, વૃક્ષ તથા કેડનો ઉત્તમ વ્યાયામ છે. ઘણાં રોગો નષ્ટ થાય છે, જેમ કે મંદાગ્નિ, મળાવરોધ, અજીર્ણ, ઉદરરોગ, મધુપ્રમેહ, સ્વપ્નદોષ તેમજ આમભેદ નાશ પામે છે.' પછી પ્રાણાયમ વિશે અભિપ્રાય આપતા કહ્યું,

'ખરેખર તો આસન કરતાં પણ પ્રાણાયમનું મૂલ્ય અનેકગણું વધારે છે. જેટલી ત્વરાથી તન-મનના મેલો 'પ્રાણાયામ' દૂર કરે છે, તેટલી ત્વરાથી આસનો દૂર કરી શકતા નથી.'

'તો... તો, દાનબાપુ આસનોની 'લપ'માં પડવું જ ન જોઈએ !' મારા શબ્દો સાંભળી એક આછું સ્મિત દાનબાપુના હોઠ પર આવીને ઉતાવળથી ચાલ્યું ગયું. પછી શાંતચિત્તે હસીને બોલ્યા,

'નારાયણ ! આસનો 'લપ' નથી 'તપ' છે; વળી જીવનમાં તેનો ખરેખરો 'ખપ' છે. પ્રાણાયમથી રક્તશુદ્ધિ ઘણી જ ત્વરાથી થાય છે. સાથે સાથે અંતરિન્દ્રિયો અને નાડીઓની પણ સંશુદ્ધિ થાય છે. આસનો રુધિરાભીષરણની ગતિ વધારે છે અને અંતરિન્દ્રિયોની ક્ષતિઓને દૂર કરી તેની કાર્યક્ષમતાને સમૃદ્ધ કરે છે. મહર્ષિ પતંજલિએ યોગને 'અષ્ટાંગ' કહ્યો છે, એનું બીજુ અંગ 'આસન' છે. જો એ અંગને કાઢી નાખીએ તો યોગ 'ખોડવાળો' બની જાય !'

આટલું વિવેચન કરી દાનબાપુ થોડી વાર મૌન ધારણ કરી બોલ્યા, 'આસન અને પ્રાણાયમની સાથે સાથે નિસર્ગોપચારનું અગત્યનું પગથિયું છે 'સદ્‌વિચાર' ! આપણે જળમાં જેવા રંગો ભેળવીએ છીએ તેવા રંગનું જળ બને છે, તે જ રીતે આપણા મનમાં જેવા વિચારો સંગ્રહીએ છીએ, તેવા આચારો જન્મે છે. વિચારો દ્વારા સ્વકલ્યાણ અને પરકલ્યાણ કરી શકાય છે, તે વિચારોને 'સદ્‌વિચાર' કહેવામાં આવે છે. સદ્‌વિચારોથી અનેક દૈવીગુણો આપણામાં આવે છે. સદાચારી સ્ત્રી-પુરુષ જે સમાજમાં હોય તે સમાજને પ્રેરણા આપે છે, મન 'ધર્મશાળા' જેવું છે; એમાં અસંખ્ય વિચારો આવે-જાય છે. પ્રત્યેક વિચાર નિર્બળ અવસ્થામાં હોય છે, ત્યારે આચાર જન્માવી શકતો નથી, આ કારણે અસંખ્ય વિચારો નષ્ટ થઈ જાય છે. મલિન વિચારોથી મનમાં મલિનતાનું પ્રમાણ વધતું જાય છે. તંતુવાદ્યના તારોને વધુ પડતા તાણવાથી તૂટી જાય છે. તે રીતે કુવિચારોમાં વધારે ડૂબેલા રહેવાથી મુખમુદ્રા કઠોર બની જાય છે. લાવણ્યભર્યા મનોહર મુખને પણ કુવિચાર સંપૂર્ણ કદરૂપું બનાવી દે છે.' પછી થોડું અટકીને દાનબાપુ બોલ્યા :

'સાધક માટે જે ઉપયોગી બાબત છે, તે આ છે. 'ધ્યાન' અને 'સમાધિ' સુધી પહોંચી આત્મસાક્ષાત્કાર માટે ખાસ જરૂરી બાબત છે - 'નિરુત્સાહ' અને 'નિરાશા'ને મનમાં અધિક ટકવા દેવા નહિ અને કુવિચારોને અધિક સમીપ આવવા દેવા નહિ.'

આટલું કહી દાનબાપુ મૌન બની રહ્યા. સદ્‌વિચારોનું મહત્ત્વ સાંભળી મને લાગ્યુંકે મને જીવનમાં પરિવર્તન કરવાની કોઈ દૈવીકલા પ્રાપ્ત થઈ ગઈ છે, કુવિચાર અજ્ઞાન છે, પાપ છે, અપરાધ છે. આવું વિચારતા મેં પ્રશ્ન કર્યો,

'દાનબાપુ ! મને લાગે છે કે સદ્‌વિચાર અત્યંત વેગપૂર્વક આવે છે, તેથી મનમાં અધિક સમય ટકી શકતા નહિ હોય. અથવા સદ્‌વિચારો અત્યંત બળવાન હોવા જોઈએ, જેથી નિર્બલ મનુષ્ય પકડી શકતા નહિ હોય.'

'એકંદરે તમારી વાત સાચી છે.' દાનબાપુએ પ્રત્યુત્તર આપતા કહ્યું,

'સદ્‌વિચારો, સમાનગતિથી આવે છે. સદાચારી વ્યક્તિઓને સદ્‌ગ્રંથો અને સત્‌પદાર્થોમાંથી સદ્‌વિચારોની પ્રાપ્તિ થાય છે. દુરાચારી વ્યક્તિઓને અશ્લીલગ્રંથો અને નિકૃષ્ટ પદાર્થોમાંથી કુવિચારોની પ્રેરણા મળી રહે છે. સામાન્ય સ્ત્રી-પુરુષોએ ગ્રંથો અને પદાર્થોમાંથી પ્રાપ્ત કરેલી પ્રેરણા અલ્પ આયુષ્યવાળી હોય છે, કિન્તુ વિશેષ સ્ત્રી-પુરુષોને ગ્રંથો અને પદાર્થોમાંથી મળેલી પ્રેરણા દીર્ઘ આયુષ્યવાળી હોય છે.'

'ખેર !' દાનબાપુ અટકીને બોલ્યા, 'હજુ તમારે પ્રાતઃવિધિ પણ પતાવવાની છે તથા રેવાનંદબાપુ સાથે બહાર નીકળવાનું છે. યથાયોગ્ય સમયે આગળ ચર્ચા કરીશું. જો કે આ જ્ઞાનસાધના દરમિયાન તમને સ્વયં પ્રાપ્ત થશે જ !'

આટલું કહીને ઊભા થતાં દાનબાપુ બોલ્યા, 'હજુ મારે ગૌશાળાનું કામ બાકી છે.' પગમાં ચાખડી પહેરી તે ચાલતા થયા.

દાનબાપુના વિશાળ જ્ઞાનથી હું પ્રભાવિત થઈ ગયો. મને લાગ્યું કે આ જગ્યા એક યુનિવર્સિટી છે. માધવાનંદજી પ્રિન્સિપાલ છે, રેવાનંદજી, વિશ્વંભર, દાનબાપુ જાણે મારા પ્રોફેસર છે અને હું આ બધાનો વી.આઈ.પી. સ્ટુડન્ટ છું.

મારો આધ્યાત્મિક પ્રવાસ ચાલી રહ્યો છે. હું આગળ વધી રહ્યો છું, એટલું જ હું મહેસૂસ કરી રહ્યો છું. જોકે આ દરમિયાન મને સતત થયા કરે છે કે, હજુ ઘણું ખૂટે છે. મંજિલ હજુ ઘણી દૂર છે. બસ મારે ચાલવાનું છે, બસ મારે ચાલવાનું છે, થાક્યા વગર કંટાળ્યા વગર. શ્રદ્ધા અને વિશ્વાસના આધાર પર ! પરંતુ ખરેખર તો મારું ભાથું મને અહીં બધા તરફથી મળતો 'નિર્વ્યાજ' પ્રેમ છે. મને ઈશ્વરનો સાક્ષાત્કાર થાય કે ન થાય, હું જીવનમુક્ત બનું કે ન બનું. મારા માટે તો આ નિર્મળ અને નિર્વ્યાજ પ્રેમ જ ઈશ્વર સમાન છે.

હું વિચાર કરતો રસોઈ ઘરની સામેના ચોકમાં આવ્યો, ત્યાં જ છાત્ર અશોકે સામે આવીને કહ્યું, 'રેવાનંદજીબાપુએ કહ્યું છે કે, આ તાજા ગૌમૂત્રનું પાન કરી પછી જ ક્રમ પ્રમાણે નિત્યકર્મ કરવાનું છે; વળી એમ પણ કહ્યું છે કે, શાંતિથી સ્નાનાદિ પતાવી શિવમંદિરમાં બેસજો, જરૂર પડ્યે તમને સંદેશો મોકલવામાં આવશે.' ને ચાલતો થયો.

અશોકે આપેલ ગૌમૂત્રનો ગ્લાસ હું પી ગયો.

સમય હજુ ખાસ થયો ન હતો. સૂર્ય હજી તો ગિરનાર પર્વતની ટોચ પર હજુ અર્ધો જ ચઢીને ડોકિયું કરી રહ્યો હતો. ગિરનારના પડછાયાને કારણે વાતાવરણમાં આહ્લાદક ઠંડક વર્તાઈ રહી હતી, નદીકાંઠાના બન્ને બાજુના ઘેઘૂર જાંબુડાનાં વૃક્ષો પર રંગબેરંગી પક્ષીઓનો એકધારો સંગીતયુક્ત કલરવ કર્ણપ્રિય લાગતો હતો.

આહ્લાદક વાતાવરણને માણતો હું ગુફાઓ તરફ આવ્યો, અન્નપૂર્ણા માતાવાળી ગુફામાં પૂજારી ગિરજાશંકર પ્રાતઃ આરતી કરી રહ્યા હતા. બ્રહ્માનંદ મહારાજની સમાધિ પાસે થોડી વાર બેઠો. આંખો મીંચી ધ્યાન ધરવાનો પ્રયત્ન કર્યો, સફળ થઈ શક્યો નહિ. પેટમાં હલચલ થતી હોય તેમ લાગ્યું. ગૌમૂત્રની અસર થઈ રહી હતી.

શૌચાદિક ક્રિયાઓ પતાવી, ગૌમૂત્રના પ્રતાપે આજે વિશેષ રીતે પેટ સારી રીતે સાફ થતાં શરીર-મનમાં સ્ફૂર્તિ અને કુદરતી આનંદનો અનુભવ થયો.

શૌચાદિ પતાવી ઉપર કમરામાં આવી અગરબત્તી પેટાવી ધ્યાનમાં બેઠો. થોડી જ ક્ષણોમાં ધ્યાનમાં નિમગ્ન બની જવાયું. ચંદ્રના જેવો શીતળ પ્રકાશ ચારે તરફ પથરાઈ ગયો. લાગતું હતું કે મારે શરીર નથી, હું પ્રકાશનો જ બનેલો છું, મારો વ્યાપ વધી ગયો છે; અને જાણે પ્રકાશના અખિલ વિશ્વમાં 'હું' ઓગળી ગયો છું, વિશ્વવ્યાપી બનીને સર્વત્ર છવાઈ ગયો છું.

બસ, આ ક્ષણો થોડીવાર જ રહી, અચાનક પ્રકાશ ઓછો થઈ ગયો, ધ્યાનાવસ્થા

તૂટી ગઈ ને મારી આંખો અચાનક ઊઘડી ગઈ. તો સામે દરવાજા પર અશોક છાત્ર ઊભો હતો. તેના પર મારું ધ્યાન ગયેલું જાણીને તે બોલ્યો, 'આપ તૈયાર થઈને આવો, રેવાનંદજીબાપુ સામે કાંઠે સાધના સ્થળ પર આપની રાહ જોઈ રહ્યા છે. કહી તેણે પીઠ ફેરવી ને ચાલતો થયો.'

સાધના સ્થળ પર જોયું તો મારી પ્રસન્નતામાં વધારો થઈ ગયો. સ્થળને પુષ્પોના કુંડા વડે અત્યંત સુશોભિત બનાવવામાં આવ્યું હતું. જમીન પર થોડી થોડી માટી અને રેતી પથરાઈ ગઈ હતી, જેને કારણે માટીની સુગંધ પ્રસરી રહી હતી. સામે કાંઠે મંદિરની ટોચ પર પવનથી ફરકતી લાલ ધ્વજા અને શિખર પરનો સોનેરી કળશ ઘુમ્મટ પર ચળકી રહ્યો હતો.

પ્રસન્ન વાતાવરણને માણતો હું દાનબાપુ તથા રેવાનંદજી સામે અહોભાવથી જોઈ રહ્યો, ત્યાં જ મારી પ્રસન્નતાને જોઈ રેવાનંદજી સહાસ્ય બોલ્યા :

'સાધક માટે સાધના સ્થલનું પર્યાવરણ મહત્ત્વનું છે, જેવી જમીન તેવી સાધક પર અસર, જમીન સાધકના મનોવલણ પર અસર કરે છે. જગ્યાના 'ઈષ્ટદેવ, વાસ્તુ' પ્રસન્ન થઈને આશીર્વાદ આપી સાધનામાં સહાય કરે છે.'

પછી મારી નજીક આવી બોલ્યા, 'અત્રે તમારી સાધનાને હજુ વાર છે, તમારે ગાયત્રી અનુષ્ઠાન કરવાનું છે, એ દરમિયન તમારે પ્રતિદિન અહીં આવી મંત્રોચ્ચાર સાથે ભૂમિપૂજન અને પ્રાર્થના કરી જવાની રહેશે, દાનબાપુ પણ સાથે હશે.'

પછી રેવાનંદજી દાનબાપુ તરફ દૃષ્ટિ નોંધતા બોલ્યા, 'તમે જરા અશોક સાથે થેલામાં બેટરી, મીણબત્તી તથા મેચીસબોક્ષ મોકલી આપો. અમો અહીંથી જ, અત્યારે થોડો પ્રવાસ કરવા જઈ રહ્યા છીએ.' પછી મારા તરફ દૃષ્ટિ કરી, દાનબાપુને આગળ કહ્યું, 'તમારા નારાયણે આજે ઉપવાસ કરવાનો છે, ભોજન કરવાની આજે આવશ્યકતા નથી.'

રેવાનંદજીની સૂચનાથી મને વિચાર આવ્યો, બેટરી તો ઠીક, પરંતુ મીણબત્તી અને 'મેચીસબોક્સની શી જરૂર પડવાની હશે ?'

થોડી વારમાં અશોક સાથે મંગાવેલી વસ્તુઓ સાથેનો નાનો થેલો આવી જતાં અમે પ્રયાણ કર્યું.

રેવાનંદજી સાથે હું ધીમે ધીમે રેવતાચલ પર્વતનો ઢાળ ચડી રહ્યો હતો. આમ અચાનક પ્રવાસ થવાની હવે મને કોઈ નવાઈ રહી ન હતી. મને તેમાં આનંદ થતો હતો, કારણ કે આ બધું કેવળ મારા માટે જ થઈ રહ્યું હતું. મારી ઊર્ધ્વગતિ માટે, મારા આત્માના ઉદ્ધાર માટે; સાથે સાથે એક યોગીના મોક્ષ માટે સહાયતા કરવાનું સૌભાગ્ય મને મળે તે અર્થે પણ ! આવો સહકાર, આવો પ્રેમ, મને પૂર્વજન્મના યોગબળે જ મળી રહ્યો હતો.

ઝાડી-ઝાંખરાને વટાવતા, બચતા, અમે ધીમે ધીમે ચાલી રહ્યા હતા, ત્યાં જ રેવાનંદજી મારા ખભા પર હાથ મૂકી સૂચકસ્વરમાં બોલ્યા,

'પોતાના આત્માનો ઉદ્ધાર એ સાધકનું લક્ષ્ય ચોક્કસ છે જ; પરંતુ સાથે સાથે અન્ય સાધકના આત્માનો ઉદ્ધાર પણ 'મારા હાથે, મારા સહકારથી થાય, એ સાધકનો 'સદ્‌વિચાર' છે. તમને મળતો સહકાર, પ્રેમ, જેમ તમને મનભાવન છે, તેમજ તમારે પણ તેની પ્રતીતિ અન્યોને કરાવવી જોઈએ !' પછી મને પ્રેમથી સમજાવતા હોય તેમ, મારા ખભા પર હાથ મૂકીને બોલ્યા,

'તમારી ઉચ્ચકોટિએ પહોંચેલી સાધના તથા સિદ્ધિ, અન્ય ઉચ્ચકોટિના મહાત્માને ઉપયોગી થવાની છે. તમારે એક 'જીવનમુક્ત' યોગીને સહકાર આપવાનું મહાન યૌગિકકાર્ય કરવાનું છે; એ માટે જ તમારું આધ્યાત્મિક ઘડતર અને ચણતર થઈ રહ્યું છે, જેથી તમે આવા ભગીરથ કાર્ય માટે સક્ષમ બની શકો.' પછી ઉમેરતા દઢ સ્વરે બોલ્યા, 'તમે એવા મહાન બની શકશો જ. એ વિશ્વાસના આધાર પર જ તમને ચોતરફથી પ્રેમ અને સહકાર મળી રહ્યા છે. પૂર્વજન્મના યોગબળે તમે આ બધા જ પાત્રો સાથે સંલગ્ન છો. તમે અમારા બધાની જેમ સિદ્ધયોગી બની જશો, પરંતુ એ યાદ રાખજો કે તમારે હજુ પણ ગૃહસ્થાશ્રમની ફરજો જે બાકી છે, તે પૂર્ણ કરવાની છે, મળેલી બધી જ શક્તિઓ તમારામાં ગુપ્ત રીતે રહેશે, પરંતુ એક વાત, સિદ્ધસ્થિતિ પ્રાપ્ત કર્યા પછી, એક સિદ્ધ અને જીવનમુક્ત આત્માને મોક્ષ અપાવવા તમારે તમારા શુદ્ધ આત્માને કામે લગાડવો પડશે.'

રેવાનંદજીનું વિધાન સાંભળી હું અસંમજસમાં પડી ગયો; તે જોઈ મારી નજીક આવી, હાથનો સ્પર્શ કરી ખડખડ હસીને બોલ્યા,

'બધું જ સમજાઈ જશે, ચિંતા કરવાની જરૂર નથી. વિશ્વંભરની જેમ 'મેં હું ના !' આવા કર્મો તો ભાગ્યશાળીના પ્રારબ્ધમાં જ લખાયા હોય. તમે ભાગ્યશાળી છો, એ ડંકાના રણકાર જેવું સત્ય છે, પરંતુ દરેક બાબતને સમય હોય છે. સમય પૂર્વે થયેલું કામ અંતિમલક્ષ્ય સિદ્ધ કરવામાં બાધારૂપ બને છે.' પછી થોડું મૌન ધારણ કરી બોલ્યા,

'સાધકે, સાધનાપંથે આગળ વધતા પૂર્વે તેના પ્રારબ્ધ અનુસાર મળેલાં બધાં કર્મો પૂર્ણ કરવા જોઈએ, તો જ પુનઃ જન્મ લઈ પંચમહાભૂતના પિંજરામાં પુરાવું પડતું નથી. એથી મોક્ષાર્થીએ માતુઋણ, પિતૃઋણ, પત્નીઋણ, મિત્રઋણ, દેવઋણ અથવા જે કાંઈ ઋણ તેના પર ચડેલાં હોય, તેમાંથી મુક્ત થઈ જવું અનિવાર્ય છે !' પછી એક દીર્ઘશ્વાસ લઈને પુનઃ કહ્યું,

'જો એ ઋણ બાકી રહી જાય, તો મોક્ષાર્થી સાધક ભલે 'જીવનમુક્ત'ની કક્ષાએ પહોંચ્યો હોય, તો પણ ઋણાનુબંધન તેને પુનઃજન્મ દ્વારા સંસારમાં ખેંચી લાવે છે.' પછી થોડું અટકીને રેવાનંદજી બોલ્યા,

'આ માટે 'સ્વરૂપાનંદ' જીવનમુક્ત યોગી હોવા છતાં, તેની 'મોક્ષ-ગતિ' થઈ શકે તેમ નથી; અર્થાત્ તેમનું નિશ્ચિત આયુષ્ય પૂર્ણ થયા બાદ તેને કુદરતની અકળગતિ અનુસાર કદાચ, એકથી વધુ જન્મો ધારણ કરવા પડશે.'

આટલું કહી રેવાનંદજી મૌન ધારણ કરી રહ્યા. કદાચ મારી જિજ્ઞાસાને સતેજ કરવા જ તેઓ મૌન બની ગયા હશે અને ખરેખર મને થયું કે, આ સ્વરૂપાનંદ કોણ છે; અને 'જીવનમુક્ત' કક્ષા પ્રાપ્ત કર્યા પછી પણ શા માટે તેમને જન્મ લેવા પડે તેમ છે, કયા ઋણ તેમને ચૂકવવાના બાકી હશે ? મારી સાથેની વાતોનું તે બાબતનું અનુસંધાન પણ હોવું જોઈએ. નિરર્થક વાતો રેવાનંદજીના મુખમાંથી નીકળે જ નહિ. સારી વાર સુધી મૌન ધારણ કરીને આગળ વધી રહેલા રેવાનંદજી તરફથી કોઈ પ્રતિભાવ ન જોતા મેં તેમના તરફ પ્રશ્નાર્થ દૃષ્ટિએ જોયું, તે સાથે જ રેવાનંદજી હસીને બોલ્યા,

'તમારી જિજ્ઞાસાને હું પ્રથમથી જ જાણતો હતો. ક્યાં સુધી તમે ધીરજ રાખી શકો છો, તે મારે જોવું હતું.' કહી તેઓ હસતા જ પુનઃ બોલ્યા,

'વાત લંબાવીએ તો ઘણી લાંબી છે, પરંતુ ટૂંકમાં જણાવું છું. સ્વરૂપાનંદના માતા-પિતા મૂળ હરિદ્વારનાં જ રહીશ હતાં. તેને બે પુત્રો હતા, પરંતુ તેના નાના ભાઈની પુત્રી 'ચંદા' લગભગ સાથે જ રહેતી હતી. પુત્રોમાં મોટો સ્વરૂપ હતો. સ્વરૂપના પિતા-માતા તથા કાકા ધાર્મિકવૃત્તિનાં શુદ્ધ અને પવિત્ર બ્રાહ્મણ હતાં; એટલે સ્વાભાવિક રીતે જ મોટો સ્વરૂપ તથા બહેન 'ચંદા' પ્રથમથી જ આધ્યાત્મિક મનોવલણ ધરાવતા હતાં. સંસારનું કોઈ આકર્ષણ તેઓને પ્રથમથી જ હતું નહિ. ભાઈ-બહેન અભ્યાસમાં હોંશિયાર હતા, તેથી કાયદાના અભ્યાસમાં પ્રથમ નંબર મેળવી ઍવોર્ડ મેળવેલો. 'સ્વરૂપ' હોશિયાર અને કુશળ હોવાથી તેની પ્રૅક્ટિશ પણ સારી ચાલતી હતી. હરિદ્વારમાં જ એક સારા અને ખાનદાન કુટુંબની કન્યા સાથે સગાઈ પણ કરી નાખી. સાધ્વીસ્વરૂપ ચંદાના પ્રેમાળ સ્વભાવને માણતો, ભક્તિવાળો સ્વરૂપ બધી રીતે નિર્લેપ હતો. તેની કોઈને જાણ હતી નહિ' પછી ઊંડો દીર્ઘશ્વાસ લઈ પુનઃ બોલ્યા,

'સ્વરૂપ સાંસારિક બાબતો પ્રત્યે ઉદાસ-નિર્લેપ અને આધ્યાત્મિક હૃદયવાળો હતો, પરંતુ તેના નાનાભાઈને જવાબદારીનું બિલકુલ ભાન ન હતું. તેના પર એ જ કારણે મોટી આફત આવી. કોઈ પણ જાતના કારણ વગર તેનો નાનો ભાઈ-નિર્દોષ હોવા છતાં ખૂનના ગુનામાં સપડાઈ ગયો.'

'સ્વરૂપે ખૂબ પ્રયત્નો કર્યા છતાં તેના ભાઈને ફાંસીની સજામાંથી તે સુપ્રિમ કોર્ટમાં બચાવી ન શક્યો. બધા પ્રયત્નો નિષ્ફળ ગયા; સ્વરૂપના કાકા એટલે કે ચંદાના પિતાનું ઘણાં સમય પહેલાં જ અવસાન થઈ ગયું હતું. તેની ચંદા વકીલાત કરવાને બદલે ગંગોત્રીતીર્થ પાસે સરયુદાસજીના આશ્રમમાં રહી ઉચ્ચ સાધનામાં પ્રવૃત્ત હતી. પોતાની

જાતને એકલી મહેસૂસ કરતો સ્વરૂપ સાવ ભાંગી પડ્યો હતો. નિર્દોષ ભાઈના મૃત્યુનો તેને ખૂબ આઘાત લાગ્યો હતો.'

ધીમે ધીમે સંસાર તેને અસાર લાગવા માંડ્યો, આમ પણ સંસાર તેને અસાર લાગતો જ હતો. તેમાં આ બનાવના કારણે તેને સંસારમાંથી કુદરતી રીતે જ રસ ઊડી ગયો, ધીમે ધીમે વૈરાગ્ય વધતો જ ગયો, વધુ ને વધુ ધ્યાન-ભજનમાં સમય ગાળતા પ્રેક્ટીસ તરફ તેનું લક્ષ્ય ઓછું થઈ ગયું હતું, ત્યાં જ તેની આવી સ્થિતિનો ખ્યાલ આવી જતાં ચંદાએ આવી તેની સંભાળ લેવા માંડી; ચંદાની મદદ અને પ્રેરણાથી માતા-પિતાએ તેના લગ્ન લીધા. લગ્ન કરવાની અનિચ્છા છતાં, માતા-પિતાની ઇચ્છાથી 'આશાદેવી' સાથે લગ્ન પણ થઈ ગયા કે જે ચંદાની મિત્ર હતી.'

પછી પોતાના જ અંતરમાં ઊંડા ઊતરી જતાં હોય તેમ થોડી ક્ષણો આંખો મીંચીને ઉચ્છ્વાસ છોડતા રેવાનંદજી પુનઃ બોલ્યા,

'પરંતુ, હવે સ્વરૂપનાં અંતરમાં તીવ્ર વૈરાગ્ય વ્યાપી ગયો હતો. ને લગ્નની પ્રથમ રાત્રિએ પત્નીને નિદ્રાવસ્થામાં છોડીને તે ચાલી નીકળ્યો, ને એ રીતે સ્વરૂપાનંદે વિરાટનો પથ પ્રિય ગણીને પકડી લીધો. પ્રારંભમાં ગંગોત્રીતીર્થે સરયુદાસજી પાસે દીક્ષા લઈ પ્રખર સાધના કરી, ઉગ્રતપ કરતાં તેણે તેંત્રીસ કરોડ ગાયત્રીના જપ ગંગાનદીના પવિત્ર જલમાં ઊભા રહીને કર્યા. ઉગ્રતપ દ્વારા તેણે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી; પરંતુ તે સિદ્ધિઓના પ્રલોભનમાં સપડાયો નહિ. હવે તે 'સ્પૃહા' રહિત 'જીવનમુક્ત' બની ગયો હતો.'

આટલું કહી, કદાચ મને વિચારમાં મૂકવા રેવાનંદજી મૌન બની ગયા. મને લાગ્યું કે વાત આટલેથી જ પૂરી થતી નથી, સ્વરૂપાનંદને વૈરાગ્યપ્રાપ્તિ પછી તે 'જીવનમુક્ત' પણ બની ગયા, તો પછી હવે કોઈ પ્રશ્ન જ રહેતો નથી. વાત આટલેથી જ અટકી જતી હતી. હું આ વાતના હેતુનો પણ તાગ મેળવવા પ્રયત્ન કરી રહ્યો. અનુસંધાન મળતું ન હતું, પરંતુ મને લાગતું હતું કે આ વાત સાથે મારો પણ કોઈ સંબંધ નથી. મારે આ બાબતમાં કોઈક જાતની ભૂમિકા ભજવવાની હશે ? તો તે મારા ભાગે શા માટે ? હાં ! અત્યારે મને મળતા પ્રેમ અને સહકારનું મારે શું એ રીતે ઋણ ચૂકવવાનું હશે ?

આ બધા પ્રશ્નો વિચારતો હું રેવાનંદજી સાથે ચાલી રહ્યો હતો. હવે અમો ગાઢ જંગલ અને રસ્તા વગરના માર્ગે આડેધડ ચાલતા રેવતાચલ પર્વતની ટોચે પહોંચી ગયા હતા. બરાબર સામે જ જોગણિયો ડુંગર બરાબર સમાંતર ઊભો હતો.

હું કુદરતી સૌંદર્ય માણી રહ્યો હતો, ત્યાં જ પાણીના ધીમા વહેણનો ખડ્ખડ્ ધ્વનિ મારા કાને પડ્યો. એક મોટા પથ્થરની નીચેથી પાણીની સરવાણી નીકળી અવાજ કરતી નીચેની બાજુએ વહી રહી હતી. મેં આનંદથી રેવાનંદજી સામે જોયું, તો તે સહાસ્ય બોલ્યા,

'પ્રથમ જલપાન કરો, પછી તમારા મનમાં ઉદ્‌ભવેલાં બધા જ પ્રશ્નોની ચર્ચા કરી સમાધાન મેળવીએ.'

જલપાન કરી અમે પર્વતની બીજી બાજુ નીચાણમાં પ્રયાણ શરૂ કર્યું. દૂર દૂર વિલિંગડન ડેમની આજુબાજુની પર્વતમાળાઓ તથા 'દાતાર'નો પર્વત નજરે પડતા હતા. હું રેવાનંદજી સાથે કદમ મિલાવતો ચાલી રહ્યો હતો. ત્યાં જ મૌન તોડતા રેવાનંદજી બોલ્યા,

'આપણે સ્વરૂપાનંજીના દર્શન માટે તેમને મળવા અને તમારી તેની સાથે મુલાકાત માટે જઈ રહ્યા છીએ. આ જગ્યા અગોચર નથી, પરંતુ ત્યાં પહોંચવું થોડું કઠિન તો છે અને આપણે રસ્તો બદલીને ભૈરવજપ પાસેથી પરિક્રમા અર્થે પસાર થવાનું છે. આપણે અન્ય મુલાકાતો પણ કરવાની છે !'

સ્વરૂપાનંદજી સાથે મારી મુલાકાત ગોઠવવાની છે, તે જાણીને હું થોડો ઉત્તેજિત થઈ ગયો. અચાનક આવા મહાત્માનાં દર્શન થશે તે જાણી મને ખૂબ જ આનંદ થયો. સાથે સાથે તેના જીવન વિશે જાણવાની પણ મને ઉત્તેજના થઈ. એ બાબતનો પ્રતિભાવ જાણવા મેં રેવાનંદજી તરફ પ્રત્યુત્તરની અપેક્ષાએ દૃષ્ટિ કરી, તો તે હસીને બોલ્યા,

'બધું જ ટૂંકમાં કહી સંભળાવ્યું છે. વધુ તો તમને સ્વરૂપાનંદ સ્વયં કહેશે; કારણ કે તમારે તેની સાથે સાત જન્મોનો સંબંધ છે; જે તમો તેમના યોગબળથી પછીથી જાણી શકશો. બધું કાર્ય પૂર્ણ થાય બાદ જ, પરંતુ તે બધી વાતો તમારે ગુપ્ત રાખવાની છે. ગુરુજીનો આદેશ મળે તો અને તો જ, તે બધી વાતો તમારે લોકકલ્યાણ અર્થે ભવિષ્યમાં પ્રગટ કરવાની છે.'

પછી હસીને, મારો સ્પર્શ કરી, મૂળ વાત પર આવતા બોલ્યા,

'સ્વરૂપાનંદજી વિશેની બધી વાતો ઘણી લાંબી છે. હું ટૂંકમાં જ કહીશ, પરંતુ મારે મુશ્કેલી એ છે કે, તેની અંદર પરિપ્લાવિત કરી સુખ-દુઃખનો અનુભવ કરાવી શકે તેવી 'સચોટતા' નહિ હોય. મને પોતાને જે કોઈ બાબત હોય તેમાં 'સુખ-દુઃખ'ની લાગતી લાગણી થતી નથી.'

કહી થોડી વાર મૌન બનેલા રેવાનંદજીને મારાથી પુછાઈ ગયું,

'તો પછી સ્વરૂપાનંદજી પ્રત્યે તમારી આ લાગણી શા માટે ? કોઈ લાગણી તમને સ્પર્શ કરતી જ નથી, તો પછી તેમની સાથે તમારો આવા વ્યવહારનો અનુબંધ શા માટે થઈ રહ્યો છે ?'

સાંભળીને ખડ્‌ખડ્ હસતા રેવાનંદજી બોલ્યા,

'તમારો પ્રશ્ન પણ ઉચિત અને સ્વાભાવિક છે.' પછી થોડું અટકીને બોલ્યા,

'પહેલું !' એક આંગળી હથેળીને અડાડી રેવાનંદજી બોલ્યા,

'લૌકિક કારણ તો એ છે કે, સ્વરૂપની સાથે મેં કૉલેજ સુધીનું શિક્ષણ લીધું હતું. એટલે મૈત્રીના પવિત્ર પ્રેમથી હું તેની સાથે પ્રથમથી જ બંધાયેલો છું; અને નિર્ભેળ તથા નિર્વ્યાજ પ્રેમ તો ભગવાનનું સ્વરૂપ છે. 'પ્રેમ'ની અભિવ્યક્તિ અને તેને માણવામાં કોઈ બંધન નથી. બંધન તો ત્યારે બને છે, જ્યારે પ્રેમમાં 'મોહ' ભળે છે. મારો 'સમગ્ર' અને 'સમગ્ર' તરફ વહેતો પ્રેમ, મોહરહિત છે. સ્વરૂપાનંદની મોક્ષપ્રાપ્તિ માટે થતી અડચણ દૂર કરવાનાં મારા આ પ્રયત્નો મોહરહિત પ્રેમને કારણે જ થાય છે.'

'બીજું, મારા આ પ્રયત્નો, જે હું કરી રહ્યો છું, તે હું નથી કરી રહ્યો, પરંતુ મને મારી અંદરથી જે આદેશ અથવા પ્રેરણા મળે છે, તદ્અનુસાર છે. આ આદેશ, કદાચ, ઈશ્વરતુલ્ય મારા આત્માનો હોય કે, ઈશ્વરતુલ્ય ગુરુનો પણ હોઈ શકે, આદેશ સમજી બધા કર્મો હું નિર્લેપ ભાવે કરું છું અને એ રીતે હું સ્વરૂપાનંદનું કાર્ય કરવા તત્પર બની રહ્યો છું.'

પછી થોડું અટકીને, રેવાનંદજી મારા તરફ દૃષ્ટિ કરીને, ચાલતા ચાલતા પુનઃ બોલ્યા,

'પૂર્વજન્મના અનુસંધાને આપણે બધા મળ્યા છીએ. સ્વરૂપાનંદજી સાથે તમારે પણ અનેક જન્મોનો સંબંધ રહેલો છે. તમારા પર પણ તેમનું ઋણ ચડેલું છે અને તે ઋણભાર તમારે તેનું કાર્ય કરીને ઉતારવામાં છે. તેમનું ઋણ ચૂકવીને મુક્ત થવું એટલું જ જરૂરી છે અને તે પણ તમારા સદ્ભાગ્યનાં રૂપમાં.'

'પરંતુ, સ્વરૂપાનંદજીને કઈ રીતે સહાયતા કરીને હું તેમનું ઋણ ચૂકવી શકું ?' સાંભળીને રેવાનંદજી બોલ્યા,

'તમારી સાથે, મારી સાથે, માધવાનંદજી સાથે, વિશ્વંભર સાથે, સરયુદાસજી સાથે અને સ્વરૂપાનંદજી સાથે, તમારા અનેક જન્મોનો સંબંધ છે જ ! સ્વરૂપાનંદ સાથે તમારા ખાસ કોઈ ઋણાનુબંધ નથી; પરંતુ પૂર્વજન્મના એક યોગીના સાથીદાર તરીકે તમારે કર્તવ્ય બજાવવાનું છે.'

'પરંતુ, તેનું કોઈ કારણ ?' મેં વચ્ચે પૂછ્યું, 'આ માટે મારી જ પસંદગી શા માટે !'

'કારણ તમારી જિજ્ઞાસા !' કહી રેવાનંદજી ખડખડ હસી પડ્યા, 'આ કાર્ય દ્વારા તમને એક "અદ્ભુત અનુભવ" થશે તે ઉપરાંતમાં. કહી તેઓ મારી સામે દૃષ્ટિ કરી હસી રહ્યા.'

'કેવી રીતનો અનુભવ !' મેં પૂછ્યું.

'સ્વરૂપાનંદજીના દેહમાં તમારા આત્માને પ્રવેશ કરાવવાનો અને એ રીતે તેના દેહમાં પ્રવેશી તેના ગૃહસ્થાશ્રમના બાકી રહી ગયેલાં બધાં કાર્યો સ્વરૂપાનંદજી તરીકે પૂરા કરવાનાં !'

'ઓહ ! અશક્ય ! સ્વરૂપાનંદજીના દેહમાં મારા આત્માને પ્રવેશ કરાવવાનો; અને તેના જ દેહમાં, તેના જ સ્વરૂપે મારે તેના ગૃહસ્થજીવનનાં બધાં કાર્યો આટોપવાના ! આ બધું કઈ રીતે શક્ય બની શકશે મારાથી !'

'અશક્ય પણ શક્ય બની જશે.' મારા ખભા પર હાથ મૂકી રેવાનંદજીએ પ્રેમપૂર્વક કહ્યું,

'સાધના દ્વારા તમારામાં એ સિદ્ધિ આવી જશે. તમે 'પરકાયા' પ્રવેશની સિદ્ધિ મેળવીને સ્વરૂપાનંદજીના દેહમાં પ્રવેશી શકશો !'

'તો પછી સ્વરૂપાનંદજીનો આત્મા ક્યાં જશે; અને મારા દેહનું શું થશે ?' મેં વચ્ચે જ પૂછ્યું.

'તમારો આત્મા સ્વરૂપાનંદજીના દેહમાં પ્રવેશ કરશે. તે જ સમયે તે જ ક્ષણે પોતાના દેહ માંથી મુક્ત થઈ સ્વરૂપાનંદનો આત્મા તમારા દેહમાં પ્રવેશી જશે. નિમિષમાત્રમાં બન્નેના આત્માની ફેરબદલી થઈ જશે. આ ક્રિયામાં કોઈ પણ જાતની મુશ્કેલી પડશે નહિ, બધું જ સહજ અને સરળતાથી પતી જશે; અને તે તમે પોતે જ આસાનીથી કરી શકશો.' કહી તેઓ બોલતા અટક્યા.

'તો પછી, મારે સાધના ક્યારે કરવાની; અને મારે પોતાએ ગૃહસ્થાશ્રમમાં રહીને ફરજ પૂર્ણ કરી ઋણમાંથી કઈ રીતે મુક્ત થવાનું ? મારે સ્વરૂપાનંદજીના દેહમાં રહીને ફરજ પૂર્ણ કરવાની હોય, તો તો... !'

'આમાં તમારે મૂંઝાવાની જરૂર નથી. આ તો રોમાંચક રમત છે. તમારે ભલે સ્વરૂપાનંદના ગૃહસ્થાશ્રમનું કઠિન કાર્ય, તેના જ દેહ દ્વારા પાર પાડવાનું છે, પરંતુ એ માટેનું જ્ઞાન અને ક્ષમતા તમારામાં આવી જશે. કાર્ય પૂર્ણ થયેથી તમારો આત્મા પુનઃ તમારા તંદુરસ્ત દેહમાં પ્રવેશ કરી શકશે અને ત્યાર બાદ તમે તમારા દેહ અને આત્મા વડે સંસારનું બાકીનું બધું કાર્ય સંપન્ન કરી શકશો.' પછી થોડું અટકીને બોલ્યા,

'બસ, થોડા મહિનાઓનું તો કાર્ય છે.'

'બસ ! આનંદ સાથે મારી તે માટે તૈયારી છે જ, પરંતુ આ કામ જો હું આ રીતે કરી શકું તો !' મેં મારો વિચાર રજૂ કરતાં કહ્યું :

'કે પહેલાં હું મારા ગૃહસ્થ જીવનના કાર્યો પૂર્ણ કરું, પછી જ સાધના દ્વારા આ માટેની ક્ષમતા પ્રાપ્ત કરું અને પછી જ આત્માઓનું, આપની યોજના મુજબ આદાન-પ્રદાન કરીને, સ્વરૂપાનંદજીનું તેના દેહ દ્વારા બાકી રહેલું તેના ગૃહસ્થજીવનનું કાર્ય પૂર્ણ કરું તો ? આમાં કોઈ મુશ્કેલી ?'

'હા, મુશ્કેલી છે !' રેવાનંદજીએ કહ્યું; તેમના સ્વરમાં ગંભીરતા હતી. ધીમા સ્વરમાં બોલ્યા,

'સ્વરૂપાનંદનું નિશ્ચિત આયુષ્ય હવે ટૂંક સમયમાં જ પૂર્ણ થવાનું છે. એટલે જ, તેમના દેહાવસાન પૂર્વે જ આ કાર્ય પૂર્ણ થઈ જવું જરૂરી છે. એટલા માટે જ, પ્રથમ અને વહેલી તકે તમે સાધના દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરી, આ માટે સક્ષમ બનો તે જરૂરી છે. તેનું જો દેહાવસાન થઈ જાય તો તેમના દેહમાંથી બધાં જ 'પંચમહાભૂતોના' ગુણો પણ ચાલ્યા જાય, માત્ર જડસ્વરૂપમાં પૃથ્વીતત્ત્વ જ બાકી રહે. અગ્નિતત્ત્વ જતું રહેતા તેનું તે જ તથા જલ, વાયુ અને આકાશતત્ત્વ જતું રહેતા રુધિરાભિષરણ બંધ થતાં તેનું હૃદયનું કાર્ય બંધ પડી જાય, શ્વાસોચ્છ્વાસ તથા ચયાપચયની ક્રિયા પણ બંધ પડી જાય. આકાશતત્ત્વ અદશ્ય થઈ જાય. પછી આવા દેહમાં અન્ય આત્મા પ્રવેશી ન શકે !' પછી મારી સામે હસીને બોલ્યા,

'સમજ પડી ને ? સ્વરૂપાનંદનું આયુષ્ય પૂર્ણ થતા તેનો આત્મા તેના દેહમાંથી નીકળી જતાં તેનો દેહ આ રીતે વિકૃત બની જાય, તો તમારો આત્મા કઈ રીતે તેના દેહમાં પ્રવેશી શકે. માટે જ આ કાર્ય પ્રથમ આટોપી લેવું જરૂરી છે. સ્વરૂપાનંદજીના દેહમાં તમારો આત્મા પ્રવેશ કરે પછી શું કરવું, તેનું પૂરેપૂરું માર્ગદર્શન, જ્ઞાન ઉપરાંત 'બ્રહ્મજ્ઞાન' તમને આપવામાં આવશે. કાર્ય પૂર્ણ થયા બાદ બન્નેના આત્મા પુનઃ પોતપોતાના દેહમાં પ્રવેશ કરી શકે.' પછી મારા તરફ દૃષ્ટિ નોંધીને પુનઃ બોલ્યા,

'વિશ્વંભરની જેમ 'મેં હું ના !' મારા ઉપરાંત, પુરણપુરી બાપુ અને સમસ્ત યોગીવૃંદ તમને પ્રેરણા આપી સહાય કરશે.' કહી રેવાનંદજી મૌન બની ગયા.

અમે ઢાળ ઊતરતા ચાલી રહ્યા હતા, વિલિંગડનડેમ હવે સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. અમે જમણી બાજુના પર્વતને ઓળંગીને આગળ વધ્યા. મધ્યાહ્નનો સમય આટોપીને સૂર્ય થોડો પશ્ચિમ તરફ આગળ વધી ગયો હતો.

રેવાનંદજી મૌન બની મને દોરતા આગળ વધી રહ્યા હતા, હું પણ આ બધી બાબતો વિશે વિચાર કરતો આગળ વધી રહ્યો હતો. આમ તો બધા પ્રશ્નોનું સમાધાન લગભગ થઈ ગયું હતું, પરંતુ સ્વરૂપાનંદના ગૃહત્યાગ પછી, તેમની પાછળ શી સ્થિતિ થઈ, તે વાત આ બધી ચર્ચામાં રેવાનંદજી પૂર્ણ કરી શક્યા ન હતા. તે બાબતે પૃચ્છા કરું ત્યાં જ તેઓ બોલ્યા :

'વચ્ચે તમારા પ્રશ્નોની અને તેના પ્રત્યુત્તરની પરંપરા શરૂ થઈ ગઈ. તેથી વાત પૂર્ણ થઈ શકી નહિ.' કહી રેવાનંદજીએ વાત આગળ વધારી.

'સ્વરૂપાનંદના અચાનક ચાલ્યા જવાથી ઘરમાં અને કુટુંબમાં ઘણી કરુણતા છવાઈ ગઈ; એક રાત્રિ પણ જે પતિનું સુખ માણી શકી નહીં તે તેની સ્વરૂપવાન પત્ની 'આશાદેવી' મહાનિરાશાની ગર્તામાં ધકેલાઈ ગઈ !' પછી થોડું હસીને બોલ્યા, 'હું ઊર્ધ્વરેત બ્રહ્મચારી છું. તેથી આશાદેવીના વિયોગનું દુઃખ હું વર્ણવી નહિ શકું, પરંતુ

મને લાગે છે કે, તેમની આંખમાંથી વહેતા અશ્રુઓથી જાણે બીજી ગંગા વહેવા લાગી હતી. અચાનક વીજળીની જેમ ત્રાટકેલા બનાવના આઘાતથી તે સ્તબ્ધ રહી ગઈ હતી. પછી તેની આંખમાંથી અશ્રુઓ પણ સુકાઈ ગયા હતાં. છતાં સાસુ-સસરાને સાચવવાની દૃઢ ધારણા કરી તેણે જીવવાનો સંકલ્પ કર્યો હતો !' પછી થોડું અટકીને બોલ્યા,

'સ્વરૂપાનંદના માતા-પિતા બન્ને પુત્રોનાં વિયોગનો આઘાત લાંબો સમય સહી શક્યા નહિ ને એક દિવસ તેઓ બન્ને પણ રડતા-કકડતા આ ફાની દુનિયા છોડીને જતા રહ્યા.' પછી દીર્ઘશ્વાસ લઈને બોલ્યા,

'કુદરતી સંયોગ અનુસાર હું તે વખતે ત્યાં હરિદ્વારમાં વિદ્યમાન હતો. મેં ઘણી જગ્યાએ સ્વરૂપાનંદની તપાસ કરી, પરંતુ કોઈ પત્તો લાગ્યો નહિ; પછી ખબર પડી કે તે સરયુદાસજીની નિશ્રામાં હિમાલયની કોઈ ઊંડી અને અજ્ઞાત ગિરિકંદરામાં તપ-સાધના કરી રહ્યો છે !'

આશાદેવીના માતૃપક્ષમાં કોઈ હતું નહિ, વારસદાર તરીકે આશાદેવી હોવાથી નિભાવનો કોઈ પ્રશ્ન ન હતો. સ્વરૂપાનંદના પિતાશ્રી પણ મોટી હવેલી અને સારું એવું ધન મૂકી ગયાં હતાં, જમીન-જાયદાદ અને ધન સ્વરૂપાનંદ પણ મૂકી ગયો હતો. તેથી આર્થિક દૃષ્ટિએ કોઈ ચિંતા હતી નહિ, પરંતુ અસહ્ય વિરહ વેદનાની પીડાતી તે સ્વરૂપાનંદના પાછા વળવાની રાહ જોઈ રહી હતી, જે આજ દિવસ સુધી પણ આશાદેવીની 'આશા'માં કોઈ ફરક પડ્યો નથી.

'મારી પોતાની વાત કરું તો, બાલ્યાવસ્થામાં જ માતા-પિતા સ્વર્ગવાસી થઈ ગયા હતાં. સગા-સ્નેહીના સહકારથી શ્રાદ્ધકર્મ, પિંડદાન વિગેરે થઈ ગયેલું; એકલો પડતાં ભાગ્યવશાત સરયુદાસજી જેવા સાધુઓના સહવાસમાં આવતા ભક્તિ અને વૈરાગ્ય મારામાં પ્રબળ બનવા લાગ્યા. પૂર્વજન્મના સંસ્કાર હોય, મેં દીક્ષા ગ્રહણ કરી હિમાલયમાં સાધનાનો પ્રારંભ કરેલો. મારા માટે ઋણ ચૂકવવાનો કોઈ પ્રશ્ન જ ન હતો. મેં મારી મોટાભાગની સાધના હિમાલયમાં જ પૂરી કરેલી; પછી ભારતભરમાં ભ્રમણ કરી ઘણા સંતો અને સિદ્ધોને મળી તેના સાંનિધ્યમાં રહેલો; પછી ગુરુમહારાજની આજ્ઞાથી સૌરાષ્ટ્રમાં આવી સાધના પૂર્ણ કરેલી.

'આ વાતને ઘણાં વર્ષો થઈ ગયેલાં, આથી સંસારની બધી જ વાતો ભુલાઈ ગયેલી; પરંતુ એક દિવસ ગિરનારમાં જ સ્વરૂપાનંદનો ભેટો ગુરુદત્તાત્રેયના શિખર પર થઈ ગયેલો. તેના દ્વારા જ જાણવા મળ્યું કે ગિરનારની એકાંત જગ્યામાં રહીને તે ધ્યાન અને સમાધિમાં રહી જીવન વિતાવે છે. એ દરમિયાન તે સિદ્ધયોગી અને જીવનમુક્ત બની ગયેલ, પરંતુ !' આટલું કહીને રેવાનંદજી થોડી વાર મૌન બની રહ્યા. મારાથી પૂછ્યા વગર ન રહી શકાતા મેં પૂછ્યું,

'પરંતુ ?'

'પરંતુ, વિધિની વિચિત્રતા એ કે, કુદરતી પ્રેરણા કે ઇચ્છાથી તેનામાં થોડું દેહાભિમાન આવી ગયું, આથી તેનામાં અહંકાર અર્થાત્ 'હું'પણાની જાગૃતિ થઈ. કુદરતની જ કદાચ આવી ઇચ્છા હશે; પરંતુ તેને કારણે તેણે પોતે તરછોડેલી પત્ની પ્રત્યે કરુણાભાવ જાગ્યો, માતા-પિતાની ચિંતા થઈ; અને તેને જ્ઞાન થયું કે, જ્યાં સુધી મારા પર આ ઋણાનુભાર ઝળૂંબે છે, ત્યાં સુધી પોતે જીવનમુક્ત હોવા છતાં-મોક્ષ પ્રાપ્ત કરી શકશે નહિ. પોતે સિદ્ધયોગી હોવા છતાં, મોક્ષ આડે આવતી, કર્મના સિદ્ધાંત મુજબની આ વાસ્તવિક હકીકતથી તે ચિંતિત બની ગયો. સ્થિતપ્રજ્ઞ હોવા છતાં આ વાત તેને હાલની સ્થિતિમાં પણ ડંખ્યા કરે છે. કોઈ પણ રીતે ઋણાનુભાર ઉતાર્યા વગર સિદ્ધયોગીને પણ, તે ભારણ ઉતારવા પુનઃ જન્મ લેવો જ પડે છે. માતા-પિતાને દુઃખ આપી, પત્નીને કલ્પાંત કરતી તરછોડી દેવી, એ મોટું પાપ તો ખરું જ ! મનુષ્યે જન્મતાની સાથે જ ફરજના રૂપમાં મળેલાં કર્મો કરવા જ જોઈએ. પછી તે નિર્મોહભાવે કરે, પરંતુ તેની અવગણના કરી શકાય નહિ.'

'મેં જ્યારે સ્વરૂપાનંદની સાધનાસ્થળે જઈ મુલાકાત લીધેલી ત્યારે તેણે આ મૂંઝવણ મારી સમક્ષ મૂકેલી; યોગાનુયોગ સરયુદાસજી, પુરણપુરી બાપુ તેમજ વિશ્વંભરની હાજરી પણ ત્યાં અચાનક થઈ ગયેલી. બધાની ઉપસ્થિતિમાં ફેરબદલી દ્વારા અર્થાત્ સ્વરૂપાનંદજીના દેહમાં અન્ય તપસ્વી સાધકના આત્માને પ્રવેશ કરાવી તેના દ્વારા સ્વરૂપાનંદની સંતપ્ત પત્નીને સંતોષ તેમજ ધીરજ અપાવવી, તેમજ તેના માતા-પિતાના શ્રાદ્ધ-પિંડદાન વિગેરે કાર્યો કરાવી આ પ્રશ્નનો નિવેડો લાવવો, તેવું નક્કી કરવામાં આવ્યું. એટલે તમે અમારા બધા સાથે પૂર્વજન્મથી જ સંલગ્ન હોવાથી આ કાર્ય માટે તમારી પસંદગી કરવામાં આવેલી છે. એટલે એ પછી જ માધવાનંદજીએ તમને જગ્યામાં આવવા પ્રેરણા કરી હતી. અગાઉ પણ પુરણપુરીએ આ બાબતનો નિર્દેશ તમને કરેલો અને તે માટે તૈયાર રહેવાની સૂચના પણ તમને આપેલી, એ વખતે દાન તમારી સાથે હતો.'

'મને એ બરાબર રીતે યાદ છે, દાનબાપુ સાથે માધવાનંદજીની સૂચના અને ઇચ્છાથી હું કાશ્મીરી બાપુના દર્શનાર્થે ગયેલો, જ્યાં વર્ષો પછી મને પુરણપુરી બાપુના દર્શન થયેલા; અને મને આ બાબત તૈયાર રહી રાહ જોવાનું જણાવેલું; અને એ સમયની હું નજદીક છું. તેની મને આજે પ્રતીતિ થઈ !' આટલેથી અમારી વાતો અટકી ગઈ.

મૌનમૂક અમે ચાલી રહ્યા હતા. હું સ્વસ્થ બનીને કઠિન રસ્તા પર ચાલી રહ્યો હતો, પરંતુ રેવાનંદજીએ કરેલી વાતોની અસરથી મારું મન મુક્ત ન હતું. જો કે આ થનારા પ્રયોગની મને કોઈ ચિંતા ન હતી. બધા મહાત્માઓ પર મને પૂરેપૂરી શ્રદ્ધા હતી; અને મારી તીવ્ર જિજ્ઞાસાને અનુરૂપ પણ હતું.

પરંતુ ઘણા પ્રશ્નો મારા મનમાં ઘોળાયા કરતાં હતાં. મને પ્રશ્ન થયો કે, જો સ્વરૂપાનંદને પોતાની 'ઋણ ચૂકવણી', 'મોક્ષ' માટે અડચણરૂપ થઈ રહી છે, તેવું સ્વયંને જ્ઞાન છે, તો પછી તેણે જાતે જ ગૃહસ્થાશ્રમમાં પુનઃ પ્રવેશ કરીને, પોતાના હાથે જ બધું કાર્ય શા માટે ન પતાવવું જોઈએ ? જાગ્યા ત્યારથી સવાર સમજીને જાતે જ તે કાર્ય પૂર્ણ કરવું તે જ તેના માટે ઉચિત છે. 'અન્યનો આત્મા' અને 'પોતાનો દેહ' એવી ઝંઝટમાં શા માટે પડવું જોઈએ ?

આથી પ્રશ્નાર્થ દષ્ટિએ મેં રેવાનંદજી સામે દૃષ્ટિ કરી. દૃષ્ટિ મળતાં જ રેવાનંદજી મોટેથી હસી પડ્યા. મને સમજાઈ ગયું કે તે મારા વિચારો જ વાંચી રહ્યા હતા. હસતા હસતા જ બોલ્યા,

'બરાબર, સાચો અને મુદ્દાનો વિચાર છે !' પછી થોડું મૌન ધારણ કરીને આગળ બોલ્યા,

'જુઓ ! સ્વરૂપાનંદનો આત્મા નિર્લેપ અને અત્યંત શુદ્ધ બની ગયો છે. એ જીવનમુક્ત કક્ષાએ પહોંચેલો પવિત્ર અને શુદ્ધ આત્મા છે. તેનું ભૌતિકશરીર નાળિયેરના ગોટાની જેમ આત્માથી અલગ પડી ગયું છે. તે 'બ્રહ્મજ્ઞાની' કક્ષાનો મહાન આત્મા છે. આવો મહાન આત્મા પુનઃ ગૃહસ્થાશ્રમ જેવી ગંદી જગ્યાએ જાય તે શું યોગ્ય છે ? શુદ્ધાત્મા પણ જો ગૃહસ્થાશ્રમની અસરમાં પુનઃ આવે તો તે પણ માયામાં ખરડાઈને 'કલંકિત' થયા વગર રહે નહિ. ઊર્ધ્વરેતત્ય શુદ્ધ આત્માએ સ્ત્રીના ચિત્રો તરફ પણ દૃષ્ટિ કરવી ન જોઈએ, એવું શાસ્ત્રોમાં વિધાન છે.

લોકોપદેશ માટે પણ જીવનમુક્ત આત્માએ આ નિયમોનું પાલન કરવું જોઈએ. સામાન્ય લોકો સિદ્ધો અને સન્યાસીઓ જેવા ત્યાગી પુરુષોનું અનુકરણ કરતા હોય છે. તેમના ખરાબ લાગતા વર્તન સમાજ પર અવળી અસર પાડીને સમાજને અવળે રસ્તે ન દોરી જાય, તે જોવું પણ નિતાંત આવશ્યક છે; અને કદાચ સ્વરૂપાનંદની અધોગતિ પણ થાય તેવી સંભાવના છે. પોતાની સ્વરૂપવાન પત્નીના સંસર્ગમાં તેને આવવું પડે જ, જે ઉર્ધ્વરેતસ્ય બ્રહ્મચારી માટે પતનનું મહાભયંકર પરિબળ છે. સાથે સાથે તેમની પત્ની આશાદેવીની અતૃપ્ત વાસના, પરાણે સહન કરીને કાબૂમાં રાખેલી શરીર ભૂખ સ્વરૂપાનંદને પતનની ગર્તામાં ધકેલવા મજબૂર કરે, એ સ્વાભાવિક છે.'

'જો, આમ થાય તો. સ્વરૂપાનંદની અત્યાર સુધીની સાધના અને સિદ્ધિઓ તેમજ 'મોક્ષદ્વાર'માં પ્રવેશવાની સમગ્ર પ્રક્રિયા ધૂળમાં મળી જાય; અને તેને નવાં કર્મો ઊભા થતાં વારંવાર જન્મ-મરણના ચક્કરમાં ફસાવું પડે તે વધારાનું !' પછી થોડું અટકીને બોલ્યા, 'હવે કોઈ પ્રશ્ન કોઈ શંકા ?' 'અદ્‌ભુતાનંદજીની જેમ, સ્વરૂપાનંદ પણ બધું કાર્ય પૂર્ણ કરીને પુનઃ ઊર્ધ્વગતિએ ન પહોંચી શકે !' મેં પ્રશ્ન કર્યો.

'હાં ! આગળ મેં સ્પષ્ટતા કરી જ છે. અદ્‌ભુતાનંદની આયુષ્ય ઘણું લાંબું છે, જ્યારે સ્વરૂપાનંદનું આયુષ્ય હવે થોડા માસ પછી પૂર્ણ થવાનું છે, વળી અદ્‌ભુતાનંદ ઊર્ધ્વરેત બ્રહ્મચારી તરીકે ટકી રહ્યા હતા, જ્યારે સ્વરૂપાનંદ માટે ઊર્ધ્વરેત બ્રહ્મચારી તરીકે ટકવું મુશ્કેલ નહિ, અશક્ય પણ છે.'

'તો, એ સ્થિતિ મારી પણ થઈ શકે છે !' મારાથી આવેશયુક્ત સ્વરમાં પુછાઈ ગયું. 'મને પણ 'પરસ્ત્રી સ્પર્શદોષ' લાગી શકે છે. આ દોષનું પાપ મારી સાધનાને શું નષ્ટ ન કરે ?'

'પરમાર્થ માટે મોહરહિત કરેલું કોઈ પણ કાર્ય દોષરહિત છે; નિર્લેપ રીતે પરમાર્થ માટે કાર્ય કરવા તત્પર થયેલા તમે તે કાર્ય દૂષિત હોવા છતાં, કર્મથી બંધાશો નહિ. એ સત્ય સમજો.' પછી થોડું અટકીને બોલ્યા,

'બરાબર સમજી લો, આ વાત કે શરીરથી આત્મા અલગ છે. તમારો સ્વરૂપાનંદના દેહમાં પ્રવેશેલો આત્મા તો તટસ્થ રહી માત્ર તેના દેહને 'શક્તિસંચાર' આપવાનું કાર્ય કરશે, નિર્લેપ રહી બધી ક્રિયા-પ્રક્રિયા દૃષ્ટાભાવે જોયા કરશે, તમારો આત્મા માત્ર સાક્ષી તરીકે રહી શરીરની અંદર સ્થિર બનીને બધું તટસ્થ રીતે જોયા કરશે, બધું કાર્ય તો સ્વરૂપાનંદની મન, બુદ્ધિ અને અહંકાર નામની બધી ઇન્દ્રિયો કરશે; જે ઇન્દ્રિયો તમારી નહિ, પરંતુ સ્વરૂપાનંદના 'દેહ'ની હશે ! તમે એ બધી ઇન્દ્રિયોના કાર્યકલાપથી એક વિશુદ્ધ 'આત્મા' તરીકે નિર્લેપ અને તટસ્થ બની રહેશો. આત્માને શરીર સાથે માયારહિત હોવાને કારણે કોઈ સંબંધ રહેતો નથી !'

'અને તમે પોતે શરીર નથી, આત્મા છો, એ જ્ઞાનની પ્રતીતિ તો તમને છે જ; ઇન્દ્રિયોની વાસનાનાં મોહથી ઉત્પન્ન થયેલ કર્મને તે સત્યરૂપી તલવારથી કાપી શકવા તમે સમર્થ છો !'

'ઉપરાંત આ જ્ઞાન અને તેનો આત્મસાક્ષાત્કાર તમને વિશ્વંભર દ્વારા કરાવવામાં આવશે. વળી ગિરનાર પર્વત તથા હિમાલય સ્થિત બધા સંતો તમને સૂક્ષ્મ રીતે શુભ પ્રેરણા, મદદ અને સહકાર આપશે. એટલે તમારે ચિંતા કરવાનું કોઈ કારણ બાકી રહેતું જ નથી.' પછી મારી પીઠ થાબડીને બોલ્યા,

'માટે, અર્જુનની જેમ યુદ્ધ માટે તૈયાર થાવ, ચડાવો બાણ અને આગળ વધવા તૈયાર થાવ. આ કાર્ય તમને આનંદદાયક રમત લાગશે !'

'વળી તમારું આયુષ્ય અદ્‌ભુતાનંદની જેમ ઘણું લાંબું છે. તપ-સાધના કરતાં કરતાં, તમે ગૃહસ્થીમાં પણ 'જીવનમુક્ત'ની જેમ રહી, મોક્ષને પ્રાપ્ત થશો. દઢ આત્મવિશ્વાસ રાખો. અત્રેથી પાછા ફરી, તમારા પોતાના ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી, જ્ઞાનભાવે રહી શેષજીવન જાગતિક સમાધિમાં રહી પૂર્ણ કરી શકશો.'

કહી તેઓ મારા ખભા પર હાથ મૂકી હસતા હસતા મને દોરતા આગળ ચાલી રહ્યા.

હું આનંદપૂર્વક તેમની સાથે ચાલી રહ્યો. અદ્‌ભુત અને રોમાંચક એવા થનાર અનુભવોના વિચારથી હું રોમાંચિત થઈ ગયો હતો. 'પડશે એવા દેવાશે !' એ ઉક્તિ અનુસાર મનને મનાવી હું શાંતિ અનુભવી રહ્યો હતો.

ચાલતા મેં જમણી બાજુ દૃષ્ટિ કરી તો નીચાણ તરફ વિલિંગડનડેમ નાના ખાબોચિયા જેવડો દેખાઈ રહ્યો હતો. તેજસ્વી સૂર્ય ખાસ્સો એવો પશ્ચિમ તરફ ઢળી ગયો હતો. સાંજ પડવાને હવે ખાસ વાર ન હતી.

નાના-મોટા પથ્થરાઓને ઓળંગતા, કાંટાઓથી બચતા અમે ચાલી રહ્યા હતા, ત્યાં જ મૌન તોડતા રેવાનંદજી બોલ્યા,

'બસ, હવે આપણું ગંતવ્યસ્થાન નજીક આવી રહ્યું છે. દૂર નીચે જે ધુમાડા જેવું દેખાય છે, ત્યાં જ સ્વરૂપાનંદજીનું સાધનાસ્થળ આવેલું છે.'

રેવાનંદજીના શબ્દો સાંભળી હું હર્ષથી રોમાંચિત થઈ ઊઠ્યો, જે સ્વરૂપાનંદજીના દેહમાં મારો આત્મા-લૌકિક રીતે કહું તો 'હું' પ્રવેશવાનો છું, તે મહાત્માના હું પહેલી વખત દર્શન કરવાનો છું !

હર્ષની રોમાંચિત થતો, જાણવાની જિજ્ઞાસા સાથે હું રેવાનંદજી સાથે કદમ મિલાવતો પુલકિત હૃદયે ચાલી રહ્યો.



12

રેવાનંદજી સાથે હું સ્વરૂપાનંદજીની તપોભૂમિ તરફ જઈ રહ્યો હતો. ભવિષ્યમાં હું જે કાર્ય સંપન્ન કરવાનો હતો, તેના વિચારથી મારા હૃદયને સંતોષ અને પ્રસન્નતાનો અનુભવ થતો હતો. મનુસ્મૃતિમાં કરવામાં આવેલા કથનાનુસાર ભય, શંકા કે લજ્જાનો અનુભવ ન થાય ને તે કર્મો મનુષ્યે પ્રયત્નપૂર્વક કરવા જોઈએ, અર્થાત્ જેનાથી સંતોષ અને પ્રસન્નતા ન મળે તેવા કર્મો મનુષ્યે ન કરવા જોઈએ. કાર્ય પૂર્ણ કર્યા પહેલાં જ હું સંતોષ અને પ્રસન્નતા અનુભવી રહ્યો હતો. તેનો અર્થ એ થયો કે, તે કાર્ય સંપૂર્ણ દોષરહિત છે.

મનુસ્મૃતિ અનુસાર જેટલા પ્રકારના દાન છે, તેનાથી પણ શ્રેષ્ઠદાન 'આત્મદાન' છે. હું સ્વરૂપાનંદને મારા આત્માનું દાન આપવા તત્પર બની ગયો હતો. આ મારા માટે સંતોષ અને પ્રસન્નતાની બાબત હતી. હું માનતો હતો કે કાંઠે આવી ગયેલું સ્વરૂપાનંદનું ડૂબતું વહાણ બચાવવું, તેને ટેકો આપી ઉગારવું, તેમાં જરૂર માનવતા હતી, ફરજ હતી; અને તે ફરજ મારે મારા આત્માનું પ્રદાન કરીને બજાવવાની. એ વિચારે હું ઉત્તેજિત હતો. ત્યાં જ રેવાનંદજીના ખડ્ખડ્ાટ હાસ્યથી હું ચમકી ગયો. સારી વાર હસી, તાલી વગાડી, મારા ખભા પર હાથ મૂકી બોલ્યા,

'ખૂબ જ સુંદર વિચાર !' પછી મર્મમાં હસતા બોલ્યા,

'પરંતુ મને તમારી એક વાત બરાબર સમજાવો. જ્યારે તમે પોતે જ આત્મા છો, શરીરની ભિન્ન એવા આત્મા ! તો પછી તમે આત્મા, આત્માનું દાન કેવી રીતે કરી શકશો ? 'મારો આત્મા' એમ જ્યારે તમે કહો છો, તો શું તમે તમારા આત્માથી ભિન્ન છો અને તમે પોતે શરીર છો ! આત્માને તમારી મિલકત સમજીને દાન આપવાનો સંકલ્પ કરો છો, એ વિચિત્ર છે. આત્મા તો દૃષ્ટા છે, એ પોતે પોતાને કઈ રીતે જોઈ

શકે ? કઈ રીતે પોતે જ પોતાને અન્ય પદાર્થોની જેમ દાનમાં આપી શકે ? હું આત્માનું દાન આપું છું, ત્યારે તમે આત્માથી ભિન્ન એવા શરીર છો, એવા દેહાભિમાનથી તમે વિચારી રહ્યા છો. તમે શરીર નથી, તમે તો આત્મા છો. પરંતુ તમે પોતે પોતાને આત્મા સમજતા નથી એવું સિદ્ધ થાય છે.'

'સ્વરૂપાનંદના આત્મા અને તમારા આત્મામાં કોઈ તફાવત નથી. ભૂતમાત્રનો આત્મા એક જ છે.' પછી થોડું અટકીને બોલ્યા,

'સામાન્ય મનુષ્ય પોતે પોતાનાથી ભિન્ન એવા પદાર્થોનું દાન કરે છે; તેવી જ રીતે તમે આત્માને તમારાથી ભિન્ન સમજીને દાન આપવાનું અભિમાન કરી રહ્યા છો. આત્માની તમે ભિન્ન હો, તો જ તમે તમારા આત્માનું દાન કરી શકો.'

'હું અમુક છું અને હું અમુક કરું છું, એ સત્ય નથી. હું કર્તા છુંનો અધ્યાસ જે કરવામાં આવે છે, તે સત્યસ્વરૂપ નથી, પરંતુ પોતે દેહાદિકનો દૃષ્ટા-સાક્ષી સ્વરૂપ છે, તે જ સત્ય છે.'

'આ વાત તમારી આગળ એટલા માટે કરી કે, સ્વરૂપાનંદનું કાર્ય જે કરવા તમે ઉત્સુક થયા છો; તેમાં તમે પૂરેપૂરા તટસ્થ બની શક્યા નથી. તમે તમારા આત્માને 'પંચકોશ'માંથી મુક્ત કરી શક્યા નથી, તમો આત્માને 'પંચમહાભૂત'ના બનેલા દેહને જ માની રહ્યા છો.'

પછી થોડું અટકીને રેવાનંદજી મારો સ્પર્શ કરીને પ્રેમપૂર્વક બોલ્યા, 'જુઓ ! તમારી પાસે તપ છે, જ્ઞાન છે; પરંતુ તમે જીવાત્માની અવિદ્યાકલ્પિત માયાની ઉપાધિ માથે વહોરી લીધી છે; અને માટે જ આ સ્વરૂપાનંદનું કાર્ય કરવા તમે સદ્ભાગી બનવાના છો, તેનો આનંદ અનુભવી રહ્યા છો. આ આનંદને ક્ષણિક સમજી, તેને છોડી દઈ જો પરબ્રહ્મના સ્વરૂપમાં જોડવામાં આવે તો જ પરમશાંતિ અને શાશ્વત આનંદ પ્રાપ્ત થાય !'

કહી રેવાનંદજી મૌન ધારણ કરી રહ્યા, ઊભા રહ્યા. રેવાનંદજી ચાલતા અટકી જતાં હું પણ ઊભો રહ્યો. તો તે નીચે રહેલી ખીણ તરફ દૃષ્ટિ કરીને જોઈ રહ્યા હતા; મેં પણ નીચે જોયું તો સમળીઓ ઘૂમરાઈ રહી હતી; અને ત્યાં ઊંચા વૃક્ષો પર ગીધડાઓ બેઠા હતા ! દશ્યના અનુબંધોની હું જિજ્ઞાસા કરી રહ્યો હતો, ત્યાં જ તે બોલ્યા,

'તમે ઘણી વખત 'પંચમહાભૂત' અને 'કર્મના સિદ્ધાંતો વિશે જાણવાની ઇચ્છા કરો છે, તે હું જાણું છું છતાં તેના વિશે સ્પષ્ટતા કરી શક્યો નથી. તો ચાલો એ બધું સ્પષ્ટ સ્વરૂપમાં પ્રત્યક્ષ બતાવી તમારી ઇચ્છાને સંતોષ આપવાનો પ્રયત્ન કરું ! એ પછી આપણે ટૂંકા રસ્તે સ્વરૂપાનંદના સાધનાસ્થળ પર પહોંચીશું.' કહી તેઓ મને દોરતા ખીણ તરફ ચાલી રહ્યા.

મને શ્રદ્ધા હતી કે રેવાનંદજી નિરર્થક વ્યાયામ કરે જ નહિ; તેનો પ્રત્યેક હેતુ મારી સાધનાને પુષ્ટિ મળે, તેવા જ્ઞાનપ્રદાનનો હોય છે. એટલે હું મૌન-મૂક તેની સાથે ચાલી રહ્યો હતો, ત્યાં જ તે બોલ્યા,

'વ્યક્તિના પૂર્વજન્મના કર્મોના અનુસંધાને 'મા ભગવતિ માયા' વ્યક્તિ પાસે કેવા કેવા કર્મો કરાવે છે !' આશ્ચર્ય અને અહોભાવ સાથે તે બોલી રહ્યા, 'માયાથી પરિપ્લાવિત મનુષ્યો ભૌતિક સુખ મેળવવા કેવા ફાંફાં મારે છે. 'કર્મ કી ગતિ ન્યારી' ઓધવ જેવા મહાજ્ઞાનીને પણ કૃષ્ણ સમક્ષ આવા ઉદ્ગારો કાઢવા પડ્યા હતા.

રેવાનંદજી સાથે ચાલતા પથ્થરો અને નાના-મોટાં ઝાડી-ઝાંખરા વટાવતો હું તેને સાંભળતો ચાલી રહ્યો હતો, ત્યાં જ નાકે, સડેલા માંસની ભયંકર દુર્ગંધ આવવા લાગતા, મારે નાકે ઉપવસ્ત્રનો છેડો રાખી દેવો પડ્યો. મેં જોયું તો રેવાનંદજી મારી સામે જોઈ મંદ મંદ સ્મિત વેરી રહ્યા હતા. મારા મનમાં ઊઠતા તમામ છૂપા વિચારોને રેવાનંદજી જાણી જાય છે; એટલે પ્રશ્ન પૂછ્યા વગર હું તેની સાથે ચાલી રહ્યો હતો. ત્યાં જ મારી દૃષ્ટિ સામેના ઊંડા ખાડા પર પડી. જે પર્વતની ટોચ પરની તેની બરાબર નીચે સીધાણ પર હતો. દૃશ્ય જોઈ હું ખચકાઈ ગયો. ખાડામાં ગાય, ભેંસ વિગેરે ઢોરના અડધા સડેલા હાડપિંજરનો ઢગલો પડ્યો હતો, જે હાડપિંજરની અંદર અને બહાર ચોંટેલા માંસને ગીધડા ઠોલીને ભક્ષણ કરી રહ્યા હતા, ઊંચે ઊડતી સમળીઓ પણ માંસનો લોચો ખેંચીને પુનઃ ઝડપથી ઉપર ઊડીને ચક્કર લગાવવા માંડતી હતી.

ભયંકર દુર્ગંધ અને દૃશ્ય જુગુપ્સાપ્રેરક ઘૃણા ઉપજાવે તેવું હતું. હું સ્તબ્ધ બનીને આ દૃશ્ય નિહાળી રહ્યો હતો. ત્યાં જ રેવાનંદજી મોટેથી હસી, મારા ખભા પર હાથ મૂકીને બોલ્યા,

'બધું જ સ્વાભાવિક છે. 'બ્રહ્મ' પોતે જ 'બ્રહ્મ'નો આહાર કરે છે. આ જે હાડકાં, માંસ, આંતરડાં અને તેમાંથી નીકળતું મળ દેખાય છે, તે 'પંચમહાભૂત'ના બનેલા છે, જે પણ 'બ્રહ્મસ્વરૂપ' છે. અખિલ બ્રહ્માંડમાં જે સજીવ કે નિર્જીવ દેખાય છે, તે બ્રહ્મનું જ સ્વરૂપ છે અને નથી દેખાતું તે બધું જ 'બ્રહ્મ' છે.'

રેવાનંદજી બોલી રહ્યા હતા, ત્યાં જ રસ પડે તેવું દૃશ્ય નજરે પડ્યું. એક સમડી પોતાની ચાંચમાં જીવતા સર્પને લઈને આકાશમાં ઊડી રહી હતી અને તેની પાછળ પાછળ બીજી કેટલીક સમડીઓ તથા કાગડાઓનું ટોળું તેની પાછળ પડ્યું હતું. સમળીઓ અને કાગડાઓનું ટોળું ભયંકર ચીસો પાડતું અને અવાજ કરતું, પેલી સર્પવાળી સમળીનો પીછો કરી રહ્યું હતું અને લાગ જોઈને તેને ચાંચો મારી પીડા આપી રહ્યું હતું. આ મારાથી બચવા તે સમળી મોઢામાં સર્પ લઈને ઊડતી આ હુમલાના અસહ્ય ત્રાસ અને દુઃખથી કંટાળી ગઈ હતી અને છેવટે, તે સમળીએ પોતાના મુખમાંથી સર્પને

છોડી દીધો અને તે સાથે જ, એક બીજી સમડીએ તે સર્પને ઝડપી લીધો, પરંતુ તે સાથે જ પેલું સમળીઓ અને કાગડાઓનું ટોળું પેલી બીજી સર્પને લઈને ભાગતી સમડીની પાછળ દોડ્યું અને હવે પેલી પ્રથમવાળી સમડી, મુખમાંથી સર્પને છોડી દીધા બાદ; ઉપાધિથી મુક્ત થઈને એક વૃક્ષની ડાળ પર શાંત થઈને નિરાંતથી બેસી ગઈ.

હું આ દશ્ય રસપૂર્વક જોઈ રહ્યો હતો, ત્યાં જ રેવાનંદજીએ કહ્યું, 'જોયું ! જીવનમાં પણ આ સમડીની જેમ જ અવિદ્યાકલ્પિત માયાની ઉપાધિઓ આપણે વહોરી લઈએ છીએ; તેને કારણે મહાદુઃખ ને અન્ય લોકોની ઈર્ષાનો ભોગ બનીએ છીએ. જીવાત્માને ઈર્ષામાંથી ઉદ્ભવેલો ક્રોધ તેના પર વારંવાર-વિવિધ રીતે ઉતારીને તેને દુઃખ આપ્યા કરે છે !'

પછી હસીને રેવાનંદજી પુનઃ બોલ્યા,

'પરંતુ, જો જીવાત્મા માયામાંથી ઉત્પન્ન થયેલ અવિદ્યાકલ્પિત પદાર્થોનો ત્યાગ કરે તો, તે તેને છોડીને પરબ્રહ્મના સ્વરૂપમાં જોડાઈને શાંતિ પામે છે અર્થાત્ તે મોક્ષસુખને પામે છે.'

કહી, રેવાનંદજીએ મૌન ધારણ કરી મને આગળ દોર્યો. તો થોડે દૂર ચાલતાં જ મારી નજરે આશ્ચર્યજનક દશ્ય પડ્યું. સામે જ એક મોટી શિલાને અઢેલીને અત્યંત બિહામણું એવું મનુષ્યનું હાડપિંજર બેઠેલી સ્થિતિમાં પડ્યું હતું. હાડપિંજરની આસપાસ અર્ધસડેલા, મેલાં અને તૂટેલાં, ગંદા ભગવા રંગના કપડાંના ડૂચા પડ્યા હતા. લાગતું હતું કે આ મનુષ્યનાં મૃત્યુ બાદ જંગલી જાનવરોએ તેના દેહની ઉજાણી કરી હશે; અને તેના દેહનાં ચૂંથેચૂથા કરી, કપડાં ફાડીને અંદરનું માસ ખાધું હશે. સુકાઈ ગયેલાં રુધિરવાળા કપડાંનાં ગાભા અને દુર્ગંધ વગરનાં હાડપિંજર પરથી લાગતું હતું કે આ ભયંકર બનાવ ઘણાં જ સમય પૂર્વે બનેલો હોવો જોઈએ. ભગવારંગનાં ગાભા ઉપરથી લાગતું હતું કે, આ કોઈ સાધુનું જ હાડપિંજર હોવું જોઈએ. પ્રશ્ન ઊઠ્યો, એક સાધુનું મોત આ રીતે હોઈ શકે ! મેં રેવાનંદજી સામે દૃષ્ટિ કરી, તો તે મંદ મંદ હસી રહ્યા હતા. મારા વિચારોને જાણી જતા રેવાનંદજી મારી નજીક આવીને બોલ્યા,

'હા, આ હાડપિંજર સાધુનું જ છે. આમાં કશું જ નવાઈ જેવું નથી. આમેય, ગિરનારમાં આવા તો કેટલાય સાધુઓ તપ કરતા કરતા 'ટેલી ગયા' છે અર્થાત્ મૃત્યુ પામ્યા છે.'

'તો શું આ સાધુ પણ સાધના દરમિયાન મૃત્યુ પામ્યા હશે !'

'ના... ! આ કહેવાતા સાધુ આત્મહત્યા કરીને મૃત્યુ પામ્યા છે. આ જગ્યા આત્મહત્યા કરનારાઓની શ્મશાનભૂમિ છે.'

મને આશ્ચર્ય થયું. જેણે સાંસારિક માયાજાળ છોડી દીધી છે, તેવાં સાધુએ વળી

આત્મહત્યા કરવી પડે ? આની પાછળ જરૂર કોઈ કારણ હશે. મેં રેવાનંદજી તરફ દૃષ્ટિ કરી, તો તે હસીને બોલ્યા,

'સાંસારિક માયાજાળ, છોડી દીધી હોય તો ને ! ભગવા કપડાં પહેરી દીક્ષા ગ્રહણ કરવાથી જ 'સાધુ' નથી થઈ જવાતું. આ જન્મના કર્મના ક્રિયામાણકર્મો તેનો પીછો કરતાં તેની પાછળ ને પાછળ લાગી રહે છે. પાછલા અનેક જન્મોનાં સંચિત કર્મો તેને સાધુ બન્યા પછી પણ મોક્ષ સુધી પહોંચવા દે નહીં; કર્મોના ફળ તો તેણે ભોગવ્યે જ છૂટકો મળે !'

હું આગળ પૂછવા જતો તો, ત્યાં જ રેવાનંદજી બોલ્યા,

'જેનું આ હાડપિંજર છે, એ સાધુ વિશે જાણવા માંગો છો ને !' પછી ગંભીર બનીને બોલ્યા, 'કોઈ કારણોસર અગર 'શેતાન' 'સાધુ' બની જાય, તો શું પરિણામ આવે ? તેની અંદર પડેલી વાસના, શેતાનિયત, પ્રગટ થયા વગર રહે જ નહિ. આ સાધુની બાબતમાં તે જ પ્રમાણે બનેલું !'

'મેં પૂર્વે કહેલું તેમ, હું ઊર્ધ્વરેતસ બ્રહ્મચારી હોવાથી આવા સાંસારિકોના 'લંપડવેડા'નું બરોબર રીતે વર્ણન કરી શકીશ નહિ. સાધુ અને સાધક માટે ખરાબ વિચારોવાળી બાબતોનું વર્ણન કરવું વર્જ્ય છે. સત્ય હોય તો પણ સાધુએ કોઈની ટીકા કરવી નહીં તેવી ગુરુપરંપરાથી આજ્ઞા છે. ટૂંકમાં કહું છું.'

'આ કહેવાતો સાધુ નામાંકિત કૉલેજમાં અંગ્રેજી વિષયનો પ્રોફેસર હતો. હિન્દી વિષયમાં પણ તેણે પી.એચડીની ડીગ્રી મેળવી હતી. વિદ્વતાની દૃષ્ટિએ તે નામાંકિત હતો, પરંતુ 'સ્ત્રીલંપટ' તરીકે તે વિશેષરૂપમાં બદનામ હતો. ઉચ્ચ વર્ણમાં જન્મ હોવા છતાં, અભણ તેમ જ ખાસ કરીને ગુનાહિત માનસ ધરાવતા અસંસ્કારી માતા-પિતા પાસેથી સારા સંસ્કાર તેને મળેલા નહિ. પરસ્ત્રીગમનમાં તે માહિર બની ગયો હતો.'

એક વખત જ્યારે તે રંગલીલામાં મશગૂલ હતો, ત્યારે કોઈની ફરિયાદથી તે પોલીસના હાથે રંગેહાથ ઝડપાઈ ગયો હતો. જેલ ભોગવીને પરત આવ્યા પછી તે પોતાના પાપના ભારથી ભાંગી તો પડ્યો જ હતો, પરંતુ ઘરના આઘાતજનક બનાવથી તે વધુ ભાંગી પડ્યો. તેની પત્ની મોટા થઈ ગયેલા બાળકોને છોડીને, આઘાત અને દુઃખની લાગણીથી જીવાદોરી ટૂંકાવીને મૃત્યુ પામી હતી. તેનો કિશોરવયનો એકનો એક પુત્ર કારઅકસ્માતમાં અકાળે મૃત્યુ પામ્યો'તો, પુત્રીને કોઈ ભગાડી ગયું હતું.'

'જેલમાંથી છૂટેલો પ્રોફેસર ગાંડા જેવો થઈ ગયો હતો. ચિંતા અને બદનામીને કારણે તે બીમાર પડી ગયો. કર્મોના પરિપાકરૂપે તેના આખા શરીરે કોઢ જેવા ચાંઠા ઊપસી આવ્યા હતા. મિત્રો અને સંબંધીઓથી તિરસ્કાર પામેલો તે જ્યાંત્યાં રખડતો હતો. એ અવસ્થામાં તે વધુ બીમાર પડી જતાં દયાથી કોઈએ હોસ્પિટલમાં દાખલ કરાવી દીધેલો.'

'સંજોગોવશાત્ જગ્યાના કોઈ સાધુ બીમાર પડી જતાં તેને પણ આ જ દવાખાનામાં દાખલ કરેલા. પ્રોફેસરના થોડાં ભાગ્યવશાત્ મારા ગુરુજી એ જગ્યાના તે સાધુની ખબર કાઢવા એક દિવસ આ હૉસ્પિટલે આવેલા. સિદ્ધના દર્શનથી પ્રોફેસરનો આત્મા જાગી ઊઠ્યો હશે. તેણે ગુરુજીના પગ પકડી લીધાં. જમીન પર માથું રગડી તેણે આ દુઃખમાંથી છૂટવા ગુરુજીને રડતા રડતા પ્રાર્થના કરી. મને જે સજા મળી છે, તેને જ હું લાયક છું. કહી તેણે ગુરુજીના ચરણોમાં મસ્તક મૂકી દીધું. ગુરુજીએ તેની પૂરેપૂરી સારવાર કરાવી. સાજો થતાં તેને જગ્યામાં રાખ્યો, તે પણ રાત્રિ-દિન ઈશ્વરનું સ્મરણ-પૂજન કરતો, પછી ગુરુજીએ તેને દીક્ષા આપી, સાધુ બનાવ્યો અને ભગવાં કપડાં ધારણ કરાવ્યા.

પરંતુ વાંદરો ઘરડો થાય, તો પણ ગુલાંટ ન ભૂલે ! તે કહેવત અનુસાર તેની મૂળવૃત્તિ અને પ્રકૃતિ ધીમે ધીમે જાગૃત થતી આગળ વધવા લાગી. અનેક જન્મોના તથા આ જન્મમાં પણ મળેલાં તેના કુસંસ્કારો નાબૂદ થઈ શક્યા ન હતા, જે પુનઃ તામસી પ્રકૃતિનાં રૂપમાં પ્રગટ થવા લાગ્યા હતાં. જગ્યામાં મહાદેવનાં દર્શન કરવા આવનાર તથા રસ્તા પરથી પસાર થતી સ્ત્રીઓ તરફ તે વિશેષ ધ્યાન આપવા લાગ્યો.'

ધીમે ધીમે તેની વાસના વકરવા લાગી અને એક દિવસ તે એક બહેનની લગોલગ ઊભી બિભત્સ ચાળા તથા હાવભાવ કરવા લાગ્યો. ઉપસ્થિત અન્ય દર્શનાર્થીઓ તે જોઈ ગયાં અને ગુરુજીને વાત કરી. ગુરુજી ક્ષમાશીલ હોય, એક વખત તેને સમજાવી, પુનઃ આવું વર્તન ન કરવાની ઠપકા સાથે સલાહ આપી માફ કર્યો, પરંતુ તે પછી પણ તેનામાં સુધારો ન થતાં સેવકોએ તેને સારી પેઠે માર્યો, તેને જગ્યામાંથી હાંકી કાઢ્યો. પછી પ્રોફેસરમાંથી સાધુ થયેલો તે અન્ય જગ્યાઓમાં આશરો લેતો, ભટકતો, રખડુ સાધુ જેવું જીવન ગાળતો પુનઃ મનનું અને તનનું સ્વાસ્થ્ય ખોઈ બેઠો.'

'તે વિદ્વાન હતો, એટલે તેને તેના આ કૃત્યોનું ભાન તો હતું જ, પરંતુ તેની બેકાબૂ ઇન્દ્રિયોને વશ કરવા તે સમર્થ થઈ શક્યો ન હતો; પરિણામે તેની અંદર સાધુ અને શેતાનનું તુમુલ યુદ્ધ શરૂ થયું. કર્મોના નિયમાનુસાર તે મન પરનો કાબૂ ગુમાવી બેઠો. બેચેની અને નિરાશાએ તેને ઘેરી લીધો હતો. પરિણામે વર્તમાન જીવન પર તેને નફરત ઉત્પન્ન થતાં, તે આ 'ભૈરવજપ' ઉપરથી પડતું મૂકી, તેણે આત્મહત્યાનું એક વધુ પાપ વહોરી લીધું !' પછી એક દીર્ઘ શ્વાસ લઈને રેવાનંદજી આગળ બોલ્યા,

'બસ, આ રીતે તેનો અંત આવ્યો. વર્ષો પહેલાનું આ હાડપિંજર તેનું જ છે.' કહી રેવાનંદજી મૌન બની રહ્યા.

રેવાનંદજીએ વાત પૂર્ણ કરી ત્યાં જ મારી નજર એક મોટા પથ્થર નીચે પવનથી સલવાઈ ગયેલ, ફાટેલ અને જીર્ણ થઈ ગયેલ ઝભ્ભા જેવા ભગવા રંગના કપડા પર

18

પડી, જેનો મોટો ભાગ પ્લાસ્ટીકથી વીંટળાયેલો હતો, પથ્થર ખસેડી મેં તે કાગળને જીર્ણ થઈ ગયેલા પ્લાસ્ટકીના કવરમાંથી બહાર કાઢ્યો, તો તે ફાટી ચગેલ અને ખવાઈ ગયેલી નાની પૉકેટડાયરી હતી. મેં સડેલા પાના ફેરવી તેની અંદરનું લખાણ વાંચવા પ્રયત્ન કર્યો, પરંતુ અક્ષરો વાંચી ન શકાય તેવા ઝાંખા-શાહી ઊડી ગયેલાં હતાં, પરંતુ છેલ્લે પાને માત્ર ત્રણ જ અક્ષરો થોડાં સ્પષ્ટ વાંચી શકાતા હતાં. 'દડિયા ! અને તેની થોડે આગળ 'પ્રો' હતું. વચ્ચેનાં અક્ષરો ઊડી ગયા હતા. છેલ્લા ત્રણ અક્ષરો જ વાંચી શકાતા હતા.'

ત્યાં અચાનક મારા મગજમાં યાદદાસ્તનો ચમકારો થયો. આવા જ એક પ્રોફેસર હતા, જેની અટકનાં છેલ્લા ત્રણ અક્ષરો આ મુજબ જ હતાં. તુરત જ મને આગળના અક્ષરોનો પ્રાસ મળી ગયો, હું આ પ્રોફેસરની ઓળખ આપવાનું ઉચિત નથી માનતો, તેના સ્નેહિજનોને આઘાત લાગે તે સ્વાભાવિક છે !

પ્રોફેસરના આ રીતના અંતથી હું 'ખિન્નમના' બની ગયો. ઇન્દ્રિયની લાલસા કેવો બૂરો અંજામ લાવે છે, તે મેં પ્રત્યક્ષ જોયું !

'આ બધાનું કારણ અવિદ્યા છે.' રેવાનંદજીએ કહ્યું, 'મનુષ્ય ઇન્દ્રિયો અને પંચમહાભૂતના બનેલાં શરીરને, પાંચ પાંચના ઝૂમખામાં રહેલાં ચોવીસ તત્ત્વોને અર્થાત્ દેહને જ 'આત્મા' સમજે છે. વાસ્તવમાં 'આત્મા' તો સ્થિર અને શરીરથી ભિન્ન, સ્વતંત્ર અને શરીરરૂપી રથને ચલાવતો 'રથી' અર્થાત્ 'ચાલક' છે. પોતે જ આત્મા છે, તેવું 'આત્મજ્ઞાન' મનુષ્યને હોતું નથી; આથી જ તેઓ સાંસારિક સુખના ફાંફાં મારતા અટવાઈને જીવતા જ નર્ક સમાન દુઃખો ભોગવે છે.'

રેવાનંદજીના વિચારોને વાગોળતો તેની સાથે હું થોડું ચાલ્યો હોઈશ, ત્યાં જ મારા પગમાં કશુંક અટવાયું. મનુષ્યના હાડપિંજરમાંથી છૂટ્ટો પડેલો એક હાથનો પંજો હતો. મેં ચારે બાજુ દષ્ટિ કરી, તો ચારે બાજુ મનુષ્યના હાડપિંજરમાંથી છૂટ્ટા પડેલાં હાથ-પગ અને ખોપરીઓ વેરણછેરણના સ્વરૂપમાં પડેલી હતી. લાગતું હતું કે 'ભૈરવજપ' ઉપરથી જમ્પ મારીને આત્મહત્યા કરનારા મનુષ્યોના મૃતદેહોને ઢસડીને જંગલી જનાવરો દૂર સુધી લઈ જઈને યથેચ્છ ભોજન કરતાં હશે.

આ જુગુપ્સા પ્રેરક દશ્ય જોઈ હું ખિન્ન બની ગયો. હવામાં પણ હું ગૂંગળામણનો અનુભવ કરી રહ્યો હતો. મને લાગ્યું કે આત્મહત્યા કરનારાઓની આ શ્મશાનભૂમિ નથી, પરંતુ અતૃપ્ત વાસનાઓ અને ઇચ્છાઓની આ મરુભૂમિ છે. મને લાગ્યું કે, અતૃપ્ત આત્માઓ અહીં સૂક્ષ્મ રીતે ભટકી રહ્યા હશે, અને તેથી જ આ ગૂંગળામણ અને અકળામણ થતી હશે. મને અહીંની જલદી ભાગી છૂટવાનું મન થયું.

ખરેખર તો મને આ જગ્યાનો કોઈ અંદાજ આવી શકતો ન હતો, ત્યાં જ મેં જોયું

તો રેવાનંદજી વેર-વિખેર હાથ-પગ અને ખોપરીઓને એકત્રિત કરી એક જગ્યાએ ભેગી કરી રહ્યા હતા. એ પછી તેમણે પ્રોફેસરના હાડપિંજરને ત્યાંથી ખભા પર ઊંચકી લાવી ઢગલા પર ગોઠવીને મૂક્યું. હું તેમની આ ક્રિયાને મૌન બની નિહાળી રહ્યો. બધાં હાડકાં ગોઠવાઈ ગયા બાદ રેવાનંદજી થોડી ક્ષણો આંખો મીંચી, હાથ જોડીને ઢગલા પાસે ઊભા રહ્યા. રેવાનંદજી મૃતાત્માઓના કલ્યાણ માટે પ્રાર્થના કરી રહ્યા હતા, મેં પણ આંખો મીંચી પ્રાર્થના કરી. જ્યારે મેં આંખો ખોલી, તો હું નવાઈ પામી ગયો. હાડકાંઓમાં અગ્નિ પ્રગટી રહ્યો હતો, ને થોડી જ વારમાં બધાં જ હાડકાંઓ ભડભડાટ કરતાં સળગી ઊઠ્યા. થોડી જ વારમાં બધાં જ હાડકાંઓ સળગી જતાં ત્યાં માત્ર હવે રાખનો ઢગલો જ નજરે પડી રહ્યો. મને સમજાઈ ગયું કે, રેવાનંદજીએ પોતાની મંત્રશક્તિ વડે અગ્નિ પ્રગટ કરીને મૃતાત્માઓનો 'અગ્નિસંસ્કાર' કરી નાખ્યો છે !

હું એ રાખના ઢગને જોઈ રહ્યો હતો. ત્યાં જ મને આગળ ચાલવાનો ઇશારો કરતાં રેવાનંદજી બોલ્યા,

'આપણે અત્યારે 'ભૈરવજપ' નામે ઓળખાતા ગિરનારના એક શિખરની બરાબર નીચેના ભાગે છીએ. રસ્તો થોડો ટૂંકો હોવાથી આ જગ્યાએથી નીકળવાનું મને યોગ્ય લાગેલું, ખાસ તો મૃતાત્માઓના અગ્નિસંસ્કાર કરવા માટે જ. આપણે ગિરનારની અર્ધી પરિક્રમા કરી ચૂક્યા છીએ; ગિરનારની પાછળના ભાગમાં થોડા જ અંતરે સ્વરૂપાનંદની જગ્યાનું સ્થાન આવેલું છે; ત્યાં થઈને આપણે જીણાબાવાની મઢી પાસેથી નીકળીને ગંતવ્યસ્થાન પર આજ રસ્તેથી પરત થઈશું.'

હું રેવાનંદજી સાથે કદમ મિલાવતો ચાલવા લાગ્યો.

રેવાનંદજીના સહવાસમાં મને થાક લાગતો ન હતો, ઊલટું હૃદયમાં ઉમંગ અને ઉત્સાહની વૃદ્ધિ થઈ હતી.

'બસ, એ જ... એજ !' રેવાનંદજી મૌન છોડીને બોલ્યા, 'મહામાયા કુંડલિનીની તમારા પર કૃપા થઈ રહી છે !'

સૂર્ય પશ્ચિમ આકાશમાં ખાસ્સો એવો ઢળી ગયો હતો. વૃક્ષોના પડછાયા પૂર્વ તરફ લંબાયે જતાં હતાં. મરુભૂમિની ગૂંગળામણ હવે બંધ થઈ ગઈ હતી.

'હવે ખાસ દૂર નથી.' રેવાનંદજીએ કહ્યું, 'ત્યાં આપણે ઘણો સમય આપવો પડશે. રસ્તાઓમાં પણ મહાત્માઓનાં દર્શન થશે, ત્યાં પણ થોડું રોકાવું પડશે !'

હવે અમે ટેકરીઓ અને ગિરનાર પર્વતની વચ્ચેની ખીણમાં આકર્ષક રસ્તો કપતાં ચાલી રહ્યા હતાં, ત્યાં અચાનક વાંદરાઓના ટોળાએ અમને ઘેરી લીધાં. હુપ્... હુપ્... કરી તેઓ અમને વીંટળાઈ ગયા.

'આ વાંદરાઓ પણ ગિરનારની એક વિશિષ્ટતા છે. યાત્રિકો સાથે તેઓ પણ

હળીમળી જાય છે; યાત્રિકો તેમને બિસ્કિટ, મમરા વિગેરે ખવડાવીને રાજી થાય છે. કોઈને નુકસાન કરતા નથી. ખાવાની લાલચે મનુષ્યો પાસે દોડી આવે છે.'

મારા હાથમાંથી થેલો લઈ રેવાનંદજી સાથે લીધેલાં કેળાં તથા બિસ્કિટ વિગેરે કાઢી વાંદરાઓને ખવડાવવા લાગ્યા. એક વાંદરો તેના ખભા પર બેસી, કેળાની છાલ કાઢી ખાવા લાગ્યો. હું દૃશ્ય નિહાળી રહ્યો હતો, ત્યાં જ રેવાનંદજી બોલ્યા,

'પ્રાણીઓ અથવા જીવમાત્ર સાચા હૃદયના પ્રેમને ઓળખી જાય છે. નિર્ભય અને પ્રેમાળ હૃદય સર્પ જેવા ભયંકર વિષધર અને આક્રમક સિંહને પણ વશ કરી શકે છે.'

પછી બધું જ વાંદરાઓને ખવડાવી, રેવાનંદજીએ હાથ ખંખેરી, હવે કશું જ બાકી નથી, તેવું વાંદરાઓને ઇશારાથી દર્શાવતા મારા આશ્ચર્ય વચ્ચે બધા જ વાંદરાઓ ઇશારાને આજ્ઞા સમજી જતા રહ્યા; અને પુનઃ વૃક્ષો પર ચડી, ડાળીઓ પરથી ઠેકતા ઠેકતા નજરથી દૂર થઈ ગયા.

શિલાઓ વચ્ચેથી માર્ગ કરતાં અમે ચાલી રહ્યા હતા. પાછળના ભાગમાં દેખાતી ગિરનારની ઊંચી ટોચ પર મેં નજર કરી, તો સીધા અને ઊંચા ચઢાણવાળા કાળમીંઢ પથ્થરોમાં કાળા ડામર જેવો પદાર્થ રેલાના સ્વરૂપમાં ઠેકઠેકાણે જામી ગયેલો મેં જોયો. એ શું હશે તે જાણવાનું કુતૂહુલ થતાં મેં રેવાનંદજી તરફ દૃષ્ટિ કરી તો તે પ્રત્યુત્તરમાં તુરત બોલ્યા :

'એ રેલા જેવું જે દેખાય છે, તેને 'શિલાજિત' કહેવામાં આવે છે. આ 'શિલાજિત'માં ઉત્તમ ઔષધીય ગુણો છે. વૈદ્યલોકો પુરુષાતનની દૃષ્ટિએ નબળા પુરુષદર્દીઓને તેનું સેવન કરાવે છે; જો કે નબળા ન હોય તેવા કામાંધ પુરુષો પણ વધુ મૈથુનસુખ માટે તેનું સેવન કરે છે. ખાસ કરીને શિલાજિત આત્મબળ અને શારીરિકબળ પ્રાપ્ત કરાવે છે, પરંતુ રતિસુખ માણવા માટે લંપટ લોકો, ખેર જવા દો એ વાત ! અહીં ગિરનાર પર્વત પરની સપાટ, લીસી અને ઊંચી શિલાઓ પર તો વાંદરાઓ જ તે ચાટી જાય છે.'

હું જાણતો હતો કે રેવાનંદજી ઊર્ધ્વરેત બ્રહ્મચારી હોય, આવી વાતો તે કરતા નથી, છતાં મજાકના મૂડમાં મેં કહી નાખ્યું : 'અને એટલા માટે જ કદાચ વાંદરાઓની વસ્તી અહીં વધુ પ્રમાણમાં છે.' સાંભળી, મારા વાંસા પર ધબ્બો મારી રેવાનંદજી હસી પડ્યા. બોલ્યા, 'હા ! આ વિસ્તારનું વાતાવરણ એવું છે ખરું ! તેની વધુ ખાતરી કરવા સામે દૂર દૃષ્ટિ કરો.'

મેં દૃષ્ટિ કરી જોયું તો તે રેવાનંદજી જેવા બ્રહ્મચારીની હાજરીમાં થોડો ક્ષોભ અને સંકોચ થાય તેવું દૃશ્ય હતું. અમારી સામે જ થોડી ખુલ્લી ઝાડીમાં સિંહ અને સિંહણ એકબીજાના મુખ ચાટતા પ્રેમ સાથે મૈથુનસુખ માણી રહ્યા હતા. સંકોચ સાથે મેં

રેવાનંદજીના મુખ સામે જોયું, તો તેનો ચહેરો હંમેશની જેમ વિચારવિહીન, સપાટ અને નિર્લેપ હતો. મને લાગ્યું કે, વિશ્વનો કોઈ પણ બનાવ રેવાનંદજીના ચહેરા પર તેનો પ્રતિભાવ પાડવા સમર્થ નથી. ભૂત-ભવિષ્યના કોઈ પણ બનાવોની છાપ ક્યારેય તેના ચહેરા પર ઊપસતી નહિ હોય. મને લાગ્યું કે પ્રત્યેક ક્ષણને તે માત્ર તટસ્થતાથી-સાક્ષીરૂપે જ જુએ છે. કોઈ પણ દશ્યની છાપ તેના ચહેરા પર અંકિત થઈ શકતી નથી.

હું વિચારી રહ્યો હતો, ત્યાં જ રેવાનંદજીએ મૈથુનમાં મસ્ત પેલા સિંહદંપતી તરફ જોઈ જોરથી તાલી બજાવી. અવાજ સાંભળીને સિંહદંપતી ચોંકી ગયું. પ્રથમ તો સિંહે પોતાને ખલેલ પાડવા સબબ વિકરાળ દષ્ટિથી અમારી સામે જોયું. મને લાગ્યું કે હમણાં જ સિંહ અમારા પર ધસી આવશે. રેવાનંદજીની ચેષ્ટાનું આવું જ પરિણામ આવશે. ત્યાં જ રેવાનંદજીએ જમણો હાથ ઊંચો કરી સિંહ તરફ જોઈ હલાવ્યો, ને મારા આશ્ચર્ય વચ્ચે જાણે કે શરમિંદો બની ગયો હોય, તેમ સિંહ તત્ક્ષણ શાંત થઈ, ગુસ્સામાં ઊંચું કરેલું પુચ્છ નીચે નમાવી શાંત રીતે ઊભો રહ્યો; ને સિંહણ તત્ક્ષણ અત્યંત સંકોચ પામી હોય તેમ ઝડપથી વૃક્ષોનાં ઝુંડમાં અદશ્ય બની ગઈ.

સિંહના વિકરાળ સ્વરૂપને જોઈને મને કોઈ ભય લાગ્યો ન હતો, પરંતુ રેવાનંદજીને જોઈ સિંહદંપતીએ અબુધ પ્રાણી હોવા છતાં જે મર્યાદા જાળવી, તેથી મને બેહદ આશ્ચર્ય થયું. કદાચ રેવાનંદજીના બ્રહ્મચર્યની અસર તેના પર પડી હશે. તેમની મૌન-મૂક ભાષા પ્રાણીઓ પણ સમજી શકતા હશે. સિદ્ધયોગીઓ માટે કશું જ અશક્ય હોતું નથી. તેથી આશ્ચર્ય પામવું મારા માટે અજુગતું હતું, પરંતુ મને એ પછીના દશ્યે આશ્ચર્યની ગર્તામાં ધકેલી દીધો. થોડે દૂર શાંતિથી નતમસ્તકે ઊભેલા સિંહ તરફ બે હાથ જોડી રેવાનંદજી મોટેથી 'ૐ નમોઃ નારાયણ' બોલ્યા અને પ્રત્યુત્તરમાં સિંહે પણ સામે હળવી ઘુરઘુરાટી કરી, જાણે 'ૐ નમોઃ નારાયણ'નો પ્રત્યુત્તર આપ્યો.

મારા માટે આ આશ્ચર્યની અવધિ હતી. ત્યાં જ મને અચાનક યાદ આવ્યું, નેપાળીબાપુની ગુફાના દરવાજે 'આત્મારામ' નામના સિંહસ્વરૂપ સેવક સાધુને આજ રીતે વિશ્વંભરે 'ૐ નમોઃ નારાયણ' કરીને અભિવાદન કર્યું હતું. મનમાં પ્રશ્ન ઊઠ્યો. આ એ જ સેવકરામ તો નહિ હોય ને ? પરંતુ તે નેપાળીબાપુની સેવા પડતી મૂકીને અહીં ક્યાંથી હોઈ શકે ?

'તમારી માનસિક ગૂંચવણ યથાર્થ છે.' કહીને રેવાનંદજી બોલ્યા.

'આ એ જ 'સેવક-રામ' છે; તે માત્ર નેબાળી બાપુનો જ સેવક નથી, પરંતુ પવિત્ર ગિરનારની પરિસરમાં રહી તપ-સાધના કરતાં સમસ્ત સિદ્ધોનો એ નમ્ર સેવક છે. જરૂર પડ્યે ગમે તે સિદ્ધની સેવામાં ક્ષણવારમાં જ હાજર થઈ શકે છે; અને તેની સેવાના પરિપાકરૂપે તેની પાસે જરૂરી બધી સિદ્ધિઓ પણ ઉપલબ્ધ છે.'

પછી હસીને રેવાનંદજીએ ઉમેર્યું, 'તે સિદ્ધિઓનો યથેચ્છ ઉપયોગ કરી શકે છે, બંધન વગર ! કારણ કે તે સિદ્ધોનો પ્રિયપાત્ર સેવક છે. તેના માટે કોઈ પાબંદી નથી.'

કહી રેવાનંદજી મુક્ત મને હસી રહ્યા. મને આનંદ થયો. આ તો એ જ આત્મારામ છે, જેણે મનુષ્યરૂપમાં નેપાળીબાપુની આજ્ઞા થતાં મને અને વિશ્વંભરજીને ગાંઠિયા-જલેબીનો અલ્પાહાર કરાવેલો. તે સમય મારી સામે તાદશ્ય થતાં મેં તેની સામે દૃષ્ટિ કરી મોટેથી 'ૐ નમોઃ નારાયણ' બોલી પ્રણામ કર્યા. જવાબમાં આત્મારામે પણ આશીર્વાદની મુદ્રામાં જમણા પગનો પંજો, ઘુરઘુરાટ કરી ઊંચો કર્યો. આ તે જ આત્મારામ હોવાની મને ખાતરી થઈ ગઈ.

પરંતુ અત્યારે આત્મારામ 'આ સ્થિતિ'માં અહીં મળી જશે, તેની કલ્પના મને હતી નહિ. હું પ્રશ્ન પૂછવા જતો હતો, ત્યાં જ રેવાનંદજી મને અટકાવી શિઘ્ર બોલ્યા,

'બધી વિગત તમને આગળ ચાલતા ચાલતા દર્શાવીશ. ધીરજ... !' પછી સિંહસ્વરૂપ આત્મારામ તરફ દૃષ્ટિ કરીને બોલ્યા,

'આત્મારામ ! તું નિઃસંકોચ આનંદ કર, પરંતુ એ પહેલાં આગળ જઈ ઝડપથી સ્વરૂપાનંદને મારો સંદેશ આપ કે હું અનંતાનંદ સાથે થોડી જ વારમાં તમારી મુલાકાતે આવી રહ્યો છું.'

ને તુરત જ આત્મારામ, રેવાનંદજીની આજ્ઞા સમજીને તેનો અમલ કરવા ઝડપથી ઝાડીમાં અદશ્ય થઈ ગયો. તુરત જ અન્ય ઝાડીમાં શરમાઈને ઊભેલી સિંહણ પણ બહાર નીકળી ઝડપથી આત્મારામ સિંહની પાછળ દોડીને તે જ ઝાડીમાં અદશ્ય બની ગઈ.

રેવાનંદજી સાથે આગળ ચાલતા હું વિચારી રહ્યો. આત્મરામ કે જે ગમે તે પ્રાણીનું રૂપ ધારણ કરી શકે તેવો સિદ્ધયોગી હોય, તો તે ઊર્ધ્વરેત બ્રહ્મચારી કેવી રીતે હોઈ શકે ? આ રીતે મૈથુનસુખ માણવાથી તેને દોષ પણ લાગી શકે છે. આ તેના માટે કર્મની દૃષ્ટિએ બંધનકર્તા સિદ્ધ થઈ શકે તેવી બાબત છે; છતાં બધા સિદ્ધો માટે તે માન્ય થયેલો અને પ્રિય સેવક છે ! આનું કારણ શું હશે ?

આ બાબતે, આત્મારામના ગયા પછી, આ વિશે રેવાનંદજી પોતે સ્પષ્ટ કરવાના હતા; એટલે રેવાનંદજી જવાબ આપશે જ એમ માની હું મૌન બનીને ચાલી રહ્યો હતો, પરંતુ રેવાનંદજી મૌન બનીને ચાલી રહ્યા હતાં તે બાબત મને અકળાવનારી બની રહી હતી. છેવટે મેં આ બાબત પૂછી જ નાખી. પ્રત્યુત્તરમાં રેવાનંદજી બોલ્યા,

'મને ખબર હતી કે તમને આ જાણવાની ઇચ્છા થશે જ !' પછી હસતા હસતા બોલ્યા, 'હું તમારી ધીરજની કસોટી કરી રહ્યો હતો !'

રેવાનંદજી મારી કસોટી કરી રહ્યા હશે, તેની મને ખબર ન હતી. હું સાંભળવા ઉત્સુક બની રેવાનંદજી સામે હસી રહ્યો.

'જુઓ !' પ્રત્યુત્તર આપતા રેવાનંદજી બોલ્યા, 'આત્મારામના બે સ્વરૂપો ગિરનાર પરિસરના સિદ્ધોમાં માન્ય રહ્યા છે. પ્રથમ તો આત્મારામ પોતે જ તપાભિભૂત સિદ્ધપુરુષ છે. સાથે સાથે સિંહયોનિ ધારણ કરતો ગૃહસ્થ પણ છે. બન્ને યોનિના ક્ષેત્રો અલગ અલગ છે; એટલે ક્રિયાકલાપ અર્થાત્ કર્મો પણ અલગ અલગ હોય એ પણ સ્વાભાવિક છે.

ગતજન્મોના કર્માનુસાર તેને સિંહયોનિમાં ભટકવું જરૂરી છે. કર્મની ગતિ ન્યારી છે. આ કથા હું તમને સમયાનુસાર જણાવીશ; અત્યારે એટલી જ વાત જાણી લો કે, ગત જન્મનો સિદ્ધયોગી આત્મારામ સિંહયોનિમાં જન્મેલો હોવા છતાં તેની જાગૃત અવસ્થા અને ઈશ્વરની કૃપાથી તે મનુષ્યદેહ ધારણ કરી શકે છે; અને એ દેહ દ્વારા તે બધા સિદ્ધોની વફાદારી અને નિષ્ઠાપૂર્વક સેવા-શુશ્રૂષા કરે છે. કર્મની ગતિ અનુસાર તેને પશુદેહ મળ્યો છે; પરંતુ તેનો આત્મા જાગૃત છે, એટલે તે તેની પૂર્વની સિદ્ધિઓનો ઉપયોગ કરી મનુષ્યદેહ ધારણ કરી શકે છે. મનુષ્યદેહમાં રહી તે બધા જ શાસ્ત્રોક્ત નિયમોનું પાલન કરે છે, તેથી મનુષ્યદેહવાળી યોનિમાં તે ઊર્ધ્વરેત બ્રહ્મચારી જ છે; કારણ કે તે વખતે તેનામાં વિવેકબુદ્ધિ હોય છે. એટલે 'કર્મ-અકર્મ' અને 'વિકર્મ' વિશે તેને જ્ઞાન હોય જ અને તે પ્રમાણે તે વિવેકરૂપી લગામ રાખીને જ બધા કર્મો કરે છે.

મનુષ્યયોનિમાં પોતાને શરીરથી અલગ સાક્ષીરૂપ 'આત્મા' જ સમજે છે. બધા જ સિદ્ધોને પણ આત્મારામના પૂર્વજન્મોનું જ્ઞાન હોય, તેના પર કૃપા વરસાવી, તેની સેવારૂપી પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરે છે. તેથી તેને બધી જ સિદ્ધિઓ, સિદ્ધોની કૃપા 'શક્તિપાત'થી જળવાઈ રહે છે.' પછી થોડું મૌન ધારણ કરીને રેવાનંદજી ચાલતા ચાલતા પુનઃ બોલ્યા,

'ટૂંકમાં આત્મારામ પૂર્વજન્મનો જાગૃત સિદ્ધયોગી છે અને હાલ મનુષ્યદેહરૂપે હોય ત્યારે મનુષ્ય તરીકે અને પશુયોનિમાં હોય ત્યારે 'ઈશ્વરદત્ત પ્રેરણાનુસાર' કર્મો કરે છે. તેને બન્ને યોનિના કર્મો બંધનકર્તા નથી !' કહી રેવાનંદજી મૌન બની રહ્યા.

મને રેવાનંદજીના કથનમાં થોડી ખૂટતી કડી લાગતા મેં પ્રશ્ન કર્યો,

'પશુયોનિમાં મૈથુન જેવી ક્રિયામાં તેને કોઈ બંધન કેમ નહિ ?'

'તમારો પ્રશ્ન સ્વાભાવિક છે !' શીઘ્ર જવાબ આપતા રેવાનંજીએ કહ્યું,

'પશુયોનિ અને મનુષ્યયોનિના દૈહિક ગુણધર્મોમાં એક બાબતનો ફરક છે આહાર, નિદ્રા, ભય અને મૈથુનના આવેગો અને ક્રિયાઓ બન્નેમાં સમાન છે, પરંતુ મનુષ્યોમાં એક વધારાની વિશેષતા છે અને તે છે, 'ધર્મ' અર્થાત્ શાસ્ત્રો દ્વારા નિયત થયેલા નિયમોને અનુસરવાની 'વિવેકબુદ્ધિ', જેના આધારે તે સારું-નરસું, સત્ય-અસત્ય, નિત્ય-અનિત્ય, ન્યાય-અન્યાય, હિંસા-અહિંસા, કામ-ક્રોધ, લોભ-મોહ, શોક વિગેરેની ઉત્પત્તિ

અને તેના શમનના ઉપાયો અને પરિણામો વિશે તે વિવેકબુદ્ધિથી નિર્ણયો કરવા સમર્થ બુદ્ધિ ધરાવે છે. મનુષ્યોમાં બુદ્ધિ અને તર્કશક્તિ છે અને તદઅનુસાર તેના કર્મો મનુષ્યોને બંધનકર્તા બને છે. કર્મોની સ્વતંત્રતા હોવાને કારણે મનુષ્યકર્મો માટે બંધનમાં પડે છે.' પછી થોડું હસીને બોલ્યા,

'પરંતુ પ્રાણીઓમાં આહાર કરવો, બાદ નિદ્રા લેવી, સ્વરક્ષણ માટે ભય પામવો; અને દેહસુખ માટે મૈથુન જેવી ક્રિયા કરવી વિગેરેમાં માત્ર કુદરતી પ્રેરણા જ હોય છે, ઈશ્વરદત્ત સ્વભાવ હોય છે. વિવેકબુદ્ધિ વાપરવાની તેનામાં બુદ્ધિ કે સૂઝ-સમજ હોતી નથી. વિવેકયુક્ત કર્મો કરવા તે સમર્થ હોતા નથી. માટે પશુઓ કર્મોથી બંધાતા નથી.'

પછી થોડું મૌન ધારણ કરી બોલ્યા, 'માટે જ આત્મારામને મૈથુન જેવા બંધનો બંધનકર્તા બનતા નથી, ઘણાં જન્મોનું તપ સંચિત થયેલું હોય, તે પશુયોનિમાં હોવા છતાં યોગી જ છે.'

પછી વાતને ટૂંકાવવા રેવાનંદજી બોલ્યા, 'જેમ સિદ્ધયોગી, સિંહ, હરણ વિગેરે પશુયોનિ ધારણ કરી શકે છે. તેમ પૂર્વજન્મનો મહાસિદ્ધયોગી કર્માનુસાર પશુયોનિમાં ગયો હોય, તો પણ મનુષ્યદેહ ધારણ કરી શકે છે. એમાં કોઈ શંકા નથી. આપણા પુરાણોમાં ઋષિ-મુનિઓનાં આવા ઘણાં દૃષ્ટાંતો છે કે, મનુષ્યયોનિમાં હોવા છતાં પશુયોનિ ધારણ કરીને માદા સાથે મૈથુનસુખ-યૌનસુખ માણતા, પરંતુ તે પણ માદાની પૂર્વસંમતિ લઈને જ !'

'કામેચ્છા એ કુદરતી આવેગ હોય છે. ઋષિ-મુનિઓ આ આવેગને ઇન્દ્રિયજન્ય સમજી 'દેહના ધર્મ'ને માત્ર નિભાવતા; પોતે તો આત્મભાવે દૃષ્ટા-સાક્ષી તરીકે જ રહી શકતા. યૌનસુખનો આવેગ એ તેમનો 'દેહધર્મ' રહેતો. તેમને એ પણ ભાન હતું કે વિવેકશૂન્ય દેહસુખનો આવેગ તેમના માટે નર્કના દ્વાર ખોલી નાખનારો છે !' પછી થોડી વિશ્રાંતિ લઈ બોલ્યા,

'સમયના અભાવે બધી વાતો કહેવી અત્યારે અપ્રસ્તુત છે. આપણે ઝડપથી પહોંચવું હવે જરૂરી છે.' કહી રેવાનંદજી ઝડપથી આગળ વધી રહ્યા.

સૂર્યાસ્ત થવામાં હવે બહુ વાર ન હતી. હું અધ્યાત્મનો પ્રવાસી છું, તેમ વિચારી રહ્યો હતો. મને થયું કે અધ્યાત્મપથ પણ આવો જ તરલ, જીવંત અને ક્ષણે ક્ષણે વિવેક માગી લે તેવો છે. આ માર્ગે શું સાધના દ્વારા જ જઈ શકાય ? એ પથને મારે શોધવો કઈ રીતે ? આમ વિચારતા એક પ્રશ્ન નવો જાગૃત થયો. પરમાત્માને પામી શકાય ! એક નાનકડો માનવી પરમાત્માને પામી શકે ?

વિચારતો હું ચાલી રહ્યો તો, ત્યાં જ રેવાનંદજીના શબ્દો મારા કાને પડ્યા, 'ચોક્કસ પામી શકે. પરમાત્માને પામવાનો પથ શોધવાની જ ક્યાં જરૂર છે. પથ તો તમારી

અંદર જ પડેલો છે.' પછી ખડખડ હસીને બોલ્યા, 'છોકરું કાંખમાં અને ક્યાં મારું છોકરું !' પછી મારા ખભા પર હાથ મૂકી મધુર સ્મિત કરતાં બોલ્યા, 'બધાં જ બાહ્ય વિચારોને ફેંકીને અંદરના વિચારો કરો, તમારી અંદર જ ડોકિયું કરો. આર્તસ્વરે પરમાત્માને પોકારો, એ તમને જવાબ આપશે જ કે 'હું અહીં જ છું, તારું જ સ્વરૂપ છું ! હું છું તે જ તું છે !'

'નદી અને સમુદ્રનું એ મિલન નથી, પરંતુ સમુદ્રમાં નદીનું વિલીનીકરણ છે. પછી નદી જ સમુદ્ર બની જાય છે. તેમ તીવ્ર અભિપ્સાવાળો સાધક નદીની જેમ પરમતત્ત્વમાં વિલીન થઈ જાય છે.'

થોડું અટકીને વિષયાંતર કરતા હોય તેમ રેવાનંદજી પુનઃ બોલ્યા, 'માનવ અને પરમાત્મા વચ્ચે એક વ્યવધાન અર્થાત્ અવિદ્યારૂપી પાતળો પડદો છે. અવિદ્યા-માયારૂપી પડદો દૂર થતાં પરમાત્મા સાથે તુરંત મિલન થાય છે.'

'તમે જે ચિંતન કરી રહ્યા તે બરાબર છે. અંતરની અભિપ્સાનું મહત્ત્વ સમજી શક્યા છો. માટે હજુ વધુ ઊંડા ઊતરો. અંદરથી જ અંદર રહેલાં આત્માને શોધી કાઢો !' પછી થોડું અટકીને બોલ્યા,

'તમારી અંદરથી જ અંદર રહેલા આત્માને ઓળખી કાઢો. તમારી અંદર 'મન' છે, તે ચંચળ ઇન્દ્રિય છે અને તમારું મન 'શું... શું અને કેવા વિચારો કરે છે તે તમો જાણી શકો છો; આ 'તમે' તે જ તમારો આત્મા છે ! મન તો સૂક્ષ્મ શરીર સાથે જોડાયેલી ઇન્દ્રિય છે અને તમે મનના દ્દષ્ટા-સાક્ષીરૂપ 'આત્મા' છો. મન જ માયા ઊભી કરે છે, તેને કાબૂમાં રાખી, માયારૂપી પડદાને ચીરી નાખો. તુરત જ આત્મા સ્પષ્ટ થઈ જશે !'

પછી મારા ખભા પર હાથ મૂકી, રહસ્ય દર્શાવતા હોય તેવું હસીને બોલ્યા, 'આજે પ્રાતઃ કાળે ઊઠીને તમને 'હું કોણ ?' તેવા પ્રશ્નવાળા જે વિચારો આવેલા તેનો જ આ જવાબ છે !'

સાંભળીને હું ચોંકી ગયો. ખરેખર આજે પથારીમાંથી ઊઠતાં જ મને આવા વિચારો આવતા હતા. ત્યારે થોડી વારને માટે મને જગાડવાના નિમિત્તે રેવાનંદજી મારી પથારી પર પણ બેસેલાં. તે બધી બાબતોના જવાબરૂપે રેવાનંદજીએ આ વિવેચન કરીને મને માર્ગદર્શન આપ્યું છે, તે વાત હવે મારા સમજવામાં આવી ગઈ !

સૂર્યાસ્ત થવાની નોબત હવે સંભળાઈ રહી હતી. વાતાવરણ ખુશનુમા બની ગયું હતું. હું વિચારતો રેવાનંદજી સાથે ચાલી રહ્યો હતો, ત્યાં જ મૌન તોડતા, ઊભા રહી રેવાનંદજી બોલ્યા,

'આપણે ગિરનારની મોટા ભાગની પરિક્રમા કરી ચૂક્યા છીએ. સ્વરૂપાનંદની સાધનાભૂમિ હવે માત્ર થોડા અંતરે છે. સૂર્યાસ્તને પણ હજુ ઘણી વાર છે, તો ગિરનાર

પર્વતની એક વધુ વિશેષ્ટતા તમે જોશો તો જરૂર સાર્થકતા અનુભવશો. સામે બન્ને બાજુની ટેકરીઓથી થોડે નીચે દૃષ્ટિ કરો.'

દર્શિત દિશા તરફ મેં દૃષ્ટિ કરી તો ગાઢ વનરાજીઓમાંથી ધુમાડા નીકળતા નજરે પડ્યા. કોઈ સળગી ઊઠેલી આગના આ ધુમાડા ન હતા, પરંતુ જરૂરત માટે સળગાવેલા અગ્નિના હતા. વળી છૂટા છૂટા અંતરે ઘણી જગ્યાએથી ધૂમ્રસેરો દૃષ્ટિગોચર થતી હતી. આનું રહસ્ય પામવા પ્રશ્નાર્થ દૃષ્ટિએ મેં રેવાનંદજી સામે જોયું, તો તે હસીને બોલ્યા,

'ગિરનાર પરિસરમાં ઘણાં સાધુ-મહાત્માઓ વૃક્ષો નીચે ખુલ્લામાં રહીને તપ-સાધના કરે છે, વસ્તીવાળા ભાગની હંમેશા દૂર રહે છે. આપણે નજીકમાં જ બે મહાત્માઓ છે, તેના દર્શન કરીશું.'

ચાલતા ચાલતા મને ઘણાં વર્ષો પૂર્વે ગામડાંઓમાં ક્વચિત આવી જતાં સાધુ-બાવાઓ યાદ આવી ગયા. એ વખતે આખા શરીરે ભસ્મ ચોળેલ, ચળકતી આંખોવાળા અલમસ્ત બાવાઓ પ્રત્યે મને ખૂબ જ કુતૂહલ હતું. આ બધા ગિરનારી બાવાઓ છે, એમ ત્યારે કહેવાનું ! સાચા-સિદ્ધ મહાત્માઓ સમાજથી અલિપ્ત રહેવાનું પસંદ કરવા લાગ્યા છે. દિવ્યતત્ત્વ સાથે તાદાત્મ્ય સાધીને રહેવું એ જ એક માત્ર તેમની સતત વહેતી પ્રવૃત્તિ અને પ્રકૃતિ હોય છે !

પરંતુ આવા સિદ્ધો ગણ્યાં-ગાંઠ્યા પણ છે જ ! સમાજની અંદર રહીને ઉપદેશ આપી લોકોનું કલ્યાણ કરનારા સંતો પણ છે. જેના આધારે સુસંસ્કૃત સમાજ ભારતમાં ટકી રહ્યો છે.

ચાલી રહેલા રેવાનંદજી તરફ મેં દૃષ્ટિ કરી તો તેના મુખ પર દૃઢ મનોબળ અને વિશ્વાસની આભા મને જોવા મળી. મને લાગ્યું કે રેવાનંદજી સ્વયં સંસ્કૃતિને ટકાવી રાખનારા આધારસ્તંભો માંહેના એક સ્તંભ છે ! અને આવા સ્તંભોના દર્શન કરવા માટે હું ભાગ્યશાળી બની રહ્યો છું.

થોડું ચાલતાં જ રેવાનંદજી થોડું અટકી મને દોરતા નદીના પાણીમાં થઈને સામે કાંઠે આવી લાગ્યા.

'ચાલો... ! આત્મસ્વરૂપજીની જગ્યા આવી ગઈ.' કહી તેઓ મને નદીકાંઠાની ઊંચી જગ્યા પર સ્થિત 'જગ્યા' પર દોરી ગયા. ચારે બાજુ ઘેઘૂર વૃક્ષો હતા, ઉપરના ભાગે વૃક્ષોની વચ્ચે મોટી મોટી કાળમીંઢ પથ્થરોની શિલાઓ હતી. ઉપર-નીચે ગોઠવાયેલી શિલાઓ જાણે રહેણાંક માટે જ ગોઠવાઈ હોય તેવું લાગતું હતું. જાણે સાધુઓ માટે ગુફા જેવા રહેણાંકો કુદરતે જ નિર્મિત કર્યા હોય !

હું આભો બની રેવાનંદજી સાથે શિલાઓ વચ્ચે થઈને ચાલી રહ્યો હતો, ત્યાં જ એક મોટી શિલા પાછળના ભાગમાં જતા મને અનેરું દૃશ્ય જોવા મળ્યું. એક મોટા ઘેઘૂર

વૃક્ષની નીચે ધૂણો ધખી રહ્યો હતો. ધૂણાની સામે વટવૃક્ષ જેવા ટટ્ટાર, ગૌરવર્ણા અને સસક્ત જટાધારી સાધુ બેઠા હતા. જેના આખા શરીરે અને જટા પર પણ ભસ્મ લગાવેલી હતી. ભસ્મથી તેનું આખું શરીર ઢંકાઈ ગયું હતું, માત્ર બે આંખો ચમકી રહી હતી. આંખો તેજસ્વી અને લાલાશ પડતી હતી, પાસે પીતળનું મોટું કમંડળ, કડીવાળો લોખંડનો મોટો ચીપિઓ અને ધૂણાની બાજુમાં ખોંસેલું મોટું ત્રિશૂલ નજરે પડતા હતાં. ઓટા જેવા ઊંચા આસન પર મહાત્મા મૃગચર્મ પાથરીને ટટ્ટાર બેઠાં હતાં, તેની પીઠ પાછળ આધાર માટે મોટી શિલા ગોઠવાયેલી હતી; અને તેની પાછળની બાજુમાં ગુફાનો નિર્દેશ કરતું ભેખડમાં મોટું બાકોરુ હતું.

અમને જોઈ યોગી ઊભા થઈ ગયા અને મારા આશ્ચર્ય વચ્ચે યોગી અને રેવાનંદજી બન્ને જાણે ચિરપરિચિત હોય તેમ 'ૐ નમોઃ નારાયણ' કહીને ભેટી પડ્યા. સમકક્ષ મિત્રો જેવા બે મહાન સિદ્ધોનું મિલન હું જોઈ રહ્યો. બન્ને મૃગચર્મ પાથરેલ આસન પર બેઠા. મેં ધીમે રહી 'ૐ નમોઃ નારાયણ' બોલી દંડવતની મુદ્રામાં બે હાથ ઊંચા કરી પ્રણામ કર્યા. યોગીએ મારા મસ્તક પર હાથ મૂકી મને તેની નજીકના આસન પર પ્રેમપૂર્વક બેસાડ્યો. તેમના હાથનો સ્પર્શ થતાં હું જાણે કોઈ અનેરા આનંદસાગરમાં ડૂબી ગયો. મારામાં ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધી ગયેલાં લાગ્યાં, મારી લઘુતાગ્રંથી તત્કાળ દૂર થઈ ગયેલી લાગી. લાગવા માંડ્યું કે 'હું પણ મહાન આત્મા છું !' હું સત્-ચિત્-આનંદસ્વરૂપ છું; અને મારામાં બધી જ શક્તિ છે, હું સમર્થ છું.

મને સમજાઈ ગયું કે, આ અભયનું કારણ યોગીના હાથનો સ્પર્શ જ છે. એને કારણે જ મારામાં આવો શક્તિસંચાર થયો છે. મારા હીન ભાવો તત્ક્ષણ અદૃશ્ય થઈ ગયા. મને લાગવા માંડ્યું કે હવે હું કોઈ પણ કાર્ય કરવા માટે સમર્થ બની ગયો છું.

પાછળથી મને સમજાયું કે, સ્વરૂપાનંદનું કાર્ય કરવા માટે, મારામાં આવો સમર્થ આત્મભાવ જાગૃત થવો જરૂરી હતો. હવે મને સમજાઈ ગયું કે, આ કોઈ સામાન્ય સાધુ નથી, મહાસમર્થ યોગીરાજ છે. બન્ને યોગીઓના મિલનમાં મને બે પવિત્ર આત્માઓનું ઈશ્વરીય મિલન લાગ્યું.

જો કે મને રેવાનંદજીએ આ યોગીરાજનું નામ કહ્યું જ હતું, છતાં ઓળખાણ આપતા બોલ્યા,

'આ મહાત્માના શરીરનું નામ 'આત્મસ્વરૂપાનંદજી' છે. ઘણા આશ્રમોમાં ગુરુજીની સાથે રહી અમે વર્ષો સુધી સાધના કરી છે.'

હવે મારા માટે નવાઈ પામવાની વાત રહી નહિ. બન્ને મહાત્માઓ મારા વિચારોને તથા મનોભાવોને પ્રથમથી જ જાણી જાય છે. પ્રશ્ન પૂછવાની જરૂર રહેતી નથી, જવાબ મળી જાય છે.

રેવાનંદજીએ મહાત્માના શરીરના નામની ઓળખાણ આપી પરિચય કરાવ્યો તે સાંભળીને આત્મસ્વરૂપાનંદજી ખડખડાટ હસીને બોલ્યા,

'આ શરીરનું પણ ક્યાં હવે નામ રહ્યું છે. હું આત્મા શરીરથી તો અલગ થઈ ગયો છું. શરીર પર મારી કોઈ માલિકી રહી નથી. શરીર પોતાના ધર્મો અનુસાર પાંચ-પાંચના ઝૂમખાં દ્વારા કામ ચલાવે છે. શરીર સાથે મારો કોઈ સંબંધ રહ્યો ન હોય, તો પછી શરીરને પણ મારી સાથે શો સંબંધ રહે !' કહી તેઓ મલકી રહ્યા. પછી મારી સામે દૃષ્ટિ નોંધી બોલ્યા, 'આત્માના આશ્રયથી દેહ-ઇન્દ્રિયાદિક પોતપોતાની ક્રિયાઓ કરે છે. ક્રિયાઓ શરીર કરે છે, આત્મા નહિ. આકાશમાં વાદળાઓથી ઘેરાયેલો ચંદ્ર દોડતો લાગે છે, વાસ્તવમાં વાદળાઓ દોડે છે, છતાં દૃષ્ટિભ્રમને કારણે ચંદ્ર દોડતો લાગે છે. એ રીતે આત્મા સ્થિર છે.'

પછી થોડી વારે પુનઃ બોલ્યા, 'ખેર, આ બધું આત્મજ્ઞાન તો તમને રેવાનંદ અને વિશ્વંભર પાસેથી તો મળશે જ, તમે પોતે પણ જ્ઞાની છો, સાધના દ્વારા એ જ્ઞાન આત્મસાત થતાં તમે પુનઃ પૂર્ણ બની જશો.' પછી મર્મમાં હસીને બોલ્યા, 'અત્યારે તમે કશું જ જાણતા નથી, પરંતુ આપણે બધાં એક જ વહાણમાં યુગોથી મિત્રો તરીકે મુસાફરી કરી રહ્યા છીએ; અને યુગો પછી પુનઃ એક જગ્યાએ ભેગા થઈ ગયા છીએ.'

પછી રેવાનંદજી સામે દૃષ્ટિ કરીને બોલ્યા, 'અચ્છા ! તમારા સ્વાગત માટે શું રજૂ કરું ? તમારે બન્નેને આજે ઉપવાસ છે, એટલે કશું લેશો નહિ, પરંતુ પૂછવાની મારી તો ફરજ છે. આવતી કાલે વિશ્વંભર પાસેથી આપણે પરત થઈશું, ત્યારે તમો આ રસ્તે થઈને જ નીકળશો, ત્યારે રાત્રિભોજન અહીં સાથે જ કરીશું.'

પછી રેવાનંદજી સામે દૃષ્ટિ કરીને બોલ્યા, 'કેમ, બરાબરને ?' જવાબમાં રેવાનંદજીએ માત્ર આંખોના ભાવથી જ મૂકસંમતિ દર્શાવી. એનો અર્થ એ થયો કે આવતી કાલે વિશ્વંભર પાસે અમારે જવું નિશ્ચિત છે, તે બન્ને જાણે છે. એ રીતે રાત્રિભોજનનું આયોજન પણ બન્નેએ કરી નાખ્યું છે.

પરંતુ આવતી કાલે વિશ્વંભર પાસે જવાનું શું પ્રયોજન હશે, તે જાણવાની મને ઉત્કંઠા થઈ હતી. મારી મૂંઝવણ વધુ તો એ બાબતથી વધી કે આવતી કાલથી તો મારે 'ગાયત્રી મંત્ર' ના જપ શરૂ કરવાના છે. તો પછી વિશ્વંભર પાસે જવાની યોજના શા માટે ? શું રેવાનંદજી સ્વયં એકલા જવાના હશે !

પ્રશ્ન મારા મનમાં ઘોળાઈ રહ્યા હતા, ત્યાં જ રેવાનંદજી હસીને બોલ્યા, 'આપણે બન્નેએ સાથે જ વિશ્વંભર પાસે જવાનું છે; અને જપ વિગેરે તો સવારે સાડા છ સુધીમાં થઈ જશે. ત્યાર બાદ જ આપણે જગ્યામાંથી પ્રસ્થાન કરવાનું છે, રાત્રિ દરમિયાન તો આપણે પરત થઈ જવાનું છે. માટે ચિંતામુક્ત બની જાવ.'

સંબોધન પૂર્ણ થતાં જ, એક મોટી જટાવાળા, ઊંચા અને સશક્ત સાધુનો પ્રવેશ થયો. તેને જોઈ આત્મસ્વરૂપાનંદ બોલ્યા,

'આ... લો...' વિશ્વસ્વરૂપાનંદ 'સ્નાન કર કે આ ગયે ! અબ હમારા બાટી-દૂધકા ભોજન પ્રબન્ધ હો જાયગા, ઔર આપ દોનોં કે લીયે પાની ઔર દૂધકા !' કહી તેઓ મંદ મંદ હસી રહ્યા; પ્રત્યુત્તરમાં વિશ્વસ્વરૂપાનંદ હસતા મુખે બોલ્યા,

'હા ! અબી હી પ્રબંધ કરનેવાલા હું. મગર પહલે જરા શરીર પર 'ભભૂત' લગા લૂં !' કહી તેઓ ધૂણામાંથી રાખ લઈ શરીરે લગાવવા લાગ્યા !

મને લાગે છે કે, 'ભભૂત' એ પૃથ્વીતત્ત્વનો વાચક છે. 'પંચમહાભૂત'માં પૃથ્વીતત્ત્વ મુખ્ય છે. એટલે આ સંદર્ભમાં પૃથ્વીતત્ત્વ ભભૂતનો અર્થ સમજવા જેવો છે. માધવાનંદજીએ આ સંદર્ભમાં મને પૂર્વે સમજ આપેલી, તે મુજબ ભૂ: = પૃથ્વી અને ભૂત-તત્ત્વ અર્થાત્ પદાર્થ એવો થાય છે. દેહને જ્યારે અગ્નિસંસ્કાર કરવામાં આવે છે, ત્યારે દેહ ભભૂત અથવા ભસ્મ થઈ જાય છે; અને ભસ્મ માટીમાં અર્થાત્ પૃથ્વીતત્ત્વમાં પુન: ભળી જાય છે. માટે દેહ-માટીનો કહેવાય છે. દેહ છેવટે માટી છે, ક્ષણભંગુર છે, મૃત્યુ પછી દેહ છે તે રાખ થઈને અથવા દટાઈને ધૂળ થઈને અથવા પશુના ભક્ષણ પછી મળરૂપે માટીમાં જ મળી જાય છે.

આ ભસ્મ માટીનું પ્રતીક હોય, દેહ પર લગાવવાથી દેહની ક્ષણભંગુરતાનો ખ્યાલ આવે છે, મન હંમેશાં માયારહિત વૈરાગ્યમાં ડૂબેલું રહે છે. શિવ શરીરે ભસ્મ લગાવે છે, શ્મશાનમાં મૃતદેહની રાખમાં સૂએ છે, વાસ કરે છે, આ ઉપરાંત... !' થોડું અટકીને માધવાનંદજીએ કહેલું,

'ભસ્મ લગાવવાના અન્ય પણ ફાયદાઓ છે. ભસ્મ લગાડી રાખવાથી મચ્છર વિગેરે ઝીણા જીવજંતુઓના ત્રાસથી બચી શકાય છે. ભસ્મની ગંધ અમુક પ્રકારના જીવજંતુઓ સહન કરી શકતા નથી, તેથી કરડવાના ત્રાસથી બચાય છે, ભસ્મ ઠંડી-ગરમી સામે રક્ષણ આપી કવચનું કામ કરે છે. પ્રાણીઓનાં શરીર પર રહેલાં રુવાટાં જેમ પ્રાણીઓને ઠંડી-ગરમીથી રક્ષણ પૂરું પાડે છે, તેવું કામ ભસ્મ યોગીઓ માટે કરે છે.

યોગીઓ નદીકાંઠે ડુંગરાઓ પરના ગાઢ જંગલોમાં રહે છે. તેમની સંપત્તિમાં ધૂણો અને ભસ્મ જ હોય છે. ભસ્મને કારણે વસ્ત્રો ઓઢવાની ઝંઝટમાં તેમને પડવું જ પડતું નથી, પાથરવા મૃગચર્મ અને બાટી-દૂધ જેવું સાદું ભોજન અથવા કંદમૂળ-ફળ-ફૂલ મળે તેનું ભોજન કરી સંતોષપૂર્વક રહી સાધના કરે છે. યોગીઓને આટલી વસ્તુઓમાંથી મળતું સુખ કે જેની આગળ રાજા-મહારાજા કે સમ્રાટોના સમ્રાટને મળતું સુખ પણ તુચ્છ છે.'

હું વિચારી રહ્યો હતો ત્યાં જ વિશ્વસ્વરૂપાનંદનો અવાજ મારા કાને પડ્યો. 'ચલો... મૈંને ભભૂત લગાલી; સ્નાન કરને કે બાદ જબ તક શરીર ગિલા હોતા હૈ, તુરંત ભભૂત લગા લેની ચાહિએ. અબ સબકો પાની પીલા કર હમારે લીએ ભોજનકા પ્રબંધ કરતા હું !' કહી ધૂણાની એક બાજુના ગરમ રાખના ઢગલામાંથી ચીપિઆ વડે રાખ ખોતરીને ઘઉંના લોટમાંથી બનાવેલી મોટા ગોળ 'ગોરણા' જેવી 'બાટી' કાઢવા માંડી, જે ગરમ રાખમાં ધીમે ધીમે પાકી થઈ ગઈ હતી ! માધવાનંદજીએ કહેલું કે, જંગલમાં સાધુઓ કાચા લોટની કઠણ બાટીને ગરમ રાખના ઢગલામાં દાટી રાખે છે, જે સાંજ સુધીમાં રાખની ગરમીને કારણે પક્વ બની જાય છે.

વિશ્વસ્વરૂપાનંદે ગરમાગરમ બાટીને સ્વચ્છ કપડામાં ચીપિયા વડે કાઢી એકત્ર કરી બાજુ પર મૂકી; પછી અમને વૃક્ષોના મોટા પર્ણમાંથી બનાવેલા 'પડિયા'માં પાણી પાઈ, નીચે બેસીને કહ્યું :

'સૂર્યાસ્ત પહેલાં ભોજન કર લેના ચાહિયે !' પછી અમારા તરફ ફરીને કહ્યું : 'આપ લોકો તો ભોજન કરને વાલે નહિ હૈ, આપ કે લીયે શીઘ્ર દૂધકા પ્રબંધ કરના પડેગા, માં દૂધ દેને અભી હી આયેગી !' કહી તેઓ મૌન બનીને શાંત રહ્યા. ત્યાં જ મારા કર્ણ પર ઝીણો ઘૂઘરીઓનો મધુર ઝંકાર સંભળાયો. મેં તે દિશામાં દષ્ટિ કરી તો હું આશ્ચર્યથી દંગ રહી ગયો. એ દિશામાંથી એક સુંદર અને સફેદ પુષ્ટ ગાય તેની નાની શીંગડીઓ હલાવતી આવી રહી હતી. તેની પગની ખરીઓ સુવર્ણની હતી. ડોકમાં સુવર્ણનિર્મિત ઘૂઘરીઓનો હારડો હતો. જાણે કોઈ સુંદર, પવિત્ર જાજરમાન પ્રૌઢ સ્ત્રી ઉતાવળી ચાલે આવી રહી હોય તેમ ઉતાવળી ચાલે આવતી ગાયમાતા આરામથી થોડે દૂર આવીને ઊભી રહી; અને તે સાથે વિશ્વસ્વરૂપાનંદ, આત્મસ્વરૂપજી તથા અમે પણ વિનયપૂર્વક ઊભા થઈ ગયાં અને ગાયમાતાને પ્રણામ કરવા લાગ્યા.

'ચલો ! દૂધ દેને કે લીયે હમારી માં આ ગઈ !' વિશ્વસ્વરૂપાનંદે કહ્યું, 'અબ કોઈ ચિંતા નહિ !'

મેં તેના તરફ દષ્ટિ કરી જોયું તો તેના હાથમાં એક મોટી તપેલી હતી, જે તેણે ક્ષણવારમાં ક્યાંથી કાઢી તે હું એ ક્ષણે વિચારી ન શક્યો. વિશ્વસ્વરૂપાનંદ ધીમે ધીમે ગાયમાતા પાસે તપેલી લઈને ગયો. પુનઃ પ્રણામ કરી તેણે તપેલી ગાયના આંચળ નીચે જમીન પર મૂકી ને સ્વયં આંખો મીંચી ધ્યાનસ્થ અવસ્થામાં ઊભો રહ્યો.

મને અહીં વારંવાર એવા અનુભવો થયા છે કે, અહીં આશ્ચર્ય પામવું એ આશ્ચર્યવાળી મૂર્ખાઈ છે. અહીં કશું જ અશક્ય નથી, પરંતુ તેમ છતાં મારી દષ્ટિને આશ્ચર્યથી ભરી દેતું દશ્ય જોઈ હું જરૂર ચકિત થઈ જોઈ રહ્યો હતો. ગાયમાતાના ચારે

આંચળમાંથી સ્વયં દૂધની ધારાઓ નીકળીને તપેલીમાં પડી રહી હતી. થોડી જ ક્ષણોમાં તપેલી દૂધથી ભરાઈ ગઈ.

ભરાઈ ગયેલી તપેલી લઈ વિશ્વસ્વરૂપે પુનઃ પ્રણામ કર્યા. તે સાથે ગાયમાતા ફરી ઘૂઘરીઓ ઘમકાવતી અને શીંગળીઓ ડોલાવતી ઝડપથી આવી હતી તે દિશામાં અદશ્ય બની ગઈ.

વિશ્વસ્વરૂપાનંદ અને આત્માસ્વરૂપાનંદના આગ્રહને વશ થઈ અને સાગના લીલા પાનમાંથી બનાવેલા પડિયામાં મધુર દૂધનું પાન કરી તુપ્તિ અનુભવી; પછી અમે બન્નેએ પ્રણામ કરી આગળ પ્રસ્થાન શરૂ કર્યું.



13

રસ્તામાં ચાલતા ચાલતા હું આ બન્ને મહાત્માઓ વિશે વિચારી રહ્યો હતો. રેવાનંદજીએ મને તેઓના દર્શન કરાવ્યા, તેથી હું તેમના તરફ આદરથી જોઈ રહ્યો હતો, ત્યાં જ મૌન તોડતા રેવાનંદજી બોલ્યા :

'જે મહાપુરુષને પરમાત્મા વિશે પરમભક્તિ હોય તેવા સંતમહાત્માના અને સિદ્ધોના દર્શનથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી અર્થો અથવા શ્રુતિના અર્થો પોતાની મેળે સૂઝે છે. એ દષ્ટિએ આ બન્નેના દર્શન તમને થાય, તેવા હેતુથી હું તમને દર્શનાર્થે અહીં લાવ્યો હતો !'

કહી રેવાનંદજી મૌન બનતાં ચાલતા ચાલતા મેં પ્રશ્ન કર્યો,

'રેવાનંદજી ! મહાત્માપુરુષોના અન્ય લક્ષણો કઈ રીતે જાણી શકાય ?'

'મહાત્માપુરુષોના ચિત્તની વૃત્તિ ત્રણ પ્રકારની હોય છે : (૧) મૈત્રી, (૨) મુદિતા (૩) કરુણા. તેઓ મુમુક્ષી પુરુષોની સાથે મિત્રતા રાખે છે. સુખી પુરુષોને સુખી જોઈને તે તેમના પ્રત્યે આનંદવૃત્તિ રાખે છે. દુઃખી પુરુષો પ્રત્યે પ્રેમ-દયા રાખે છે. આના પરથી મહાત્મા પુરુષોના લક્ષણ જાણી લેવા, અનેક જન્મમાં કરેલાં પુણ્યોથી આવા સત્પુરુષોનો સમાગમ થાય છે, તેમના સહવાસથી, દેખાદેખીએ તેમના જેવા આચરણો કરવામાં પ્રવૃત્તિ થાય છે. સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે અને તેનાથી જ્ઞાન થાય છે, જ્ઞાનની પ્રાપ્તિથી અનંત સુખ અર્થાત્ મોક્ષ પ્રાપ્ત થાય છે.'

પછી આગળ ઉમેરતા બોલ્યા, 'જ્ઞાનની પ્રાપ્તિથી મોક્ષ થાય છે, આ જ્ઞાન તે 'આત્મજ્ઞાન'. 'આત્મા એ શરીર નથી તેનું જ્ઞાન, 'દેહ' નામ પણ કલ્પનામાત્ર છે, દેહ તો પંચમહાભૂતના પચ્ચીસ તત્ત્વોનો બનેલો છે.'

પછી થોડું અટકીને પુનઃ બોલ્યા,

''પંચમહાભૂત'ની જેમ આ દેહને 'અન્નમય કોષ' કહેલો છે. આનાથી પણ આત્મા ન્યારો છે; આ કોષ પણ પાંચના ઝૂમખામાં શરીરસ્થ છે !' દેહ અન્નથી ઉત્પન્ન થાય છે અને વધે છે. તે કોશેટાની પેઠે તથા તલવારના મ્યાનની પેઠે આત્માનું 'આવરણ' કરીને રહ્યો છે; માટે તેને કોષ કહે છે. પિતાએ ખાધેલા અન્નનું પરિણામ વીર્ય છે; અને માતાએ ખાધેલા અન્નનું પરિણામ રૂધિર છે. રૂધિર અને વીર્ય એ બન્ને ગર્ભાશયમાં એકઠા થવાથી ગર્ભ રહીને દેહ બંધાય છે.

પિતાના વીર્યથી હાડકાં, નાડીઓ અને મજ્જા થાય છે; અને માતાના રૂધિરથી લોહી, માંસ અને ચામડી થાય છે. એવી રીતે અન્નથી જ દેહનું બંધારણ થયેલું, અન્નથી જ વધે છે. બાલ્યાવસ્થામાં માતાનું દૂધ પણ અન્નનું જ પરિણામ છે. એ રીતે દેહ અન્ન વિના ટકતો નથી, જીવતો નથી; વળી મરે ત્યારે પણ અન્નરૂપ પૃથ્વીમાં ભળી જાય છે. માટે અન્નમય કોષ, જે દેહ સાથે છે અને તે આત્માથી ભિન્ન છે, એટલે જ મુમુક્ષુઓએ દેહમાં મમતા ન રાખવી.'

''પંચમહાભૂતો' જડ દેહમાં રહેલાં છે. એ પ્રમાણે સૂક્ષ્મદેહના પાંચ ને તેના પેટા પ્રકાર પાંચ પાંચ મળી કુલ પચ્ચીસ તત્ત્વોનું એ બનેલું છે. અન્નમય કોષથી જડશરીરનું બંધારણ થાય છે; પરંતુ તેનો સમાવેશ સૂક્ષ્મ શરીરમાં થઈ શકે છે.' પછી ઉમેરતા આગળ કહ્યું,

'પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ, મન અને બુદ્ધિ; એ સત્તર તત્ત્વો મળીને 'સૂક્ષ્મશરીર' બન્યું છે; જેને ઉપનિષદમાં લિંગશરીર કહ્યું છે, જે ઇન્દ્રિયોથી અગોચર છે, તેથી તેનું નામ 'સૂક્ષ્મશરીર' છે.' કહી રેવાનંદજીએ આગળ ઉમેરતા કહ્યું :

'આપણે સ્વરૂપાનંદજીની જગ્યા પર જવાનું છે. છતાં જરૂરી બાબત હવે ટૂંકમાં જણાવું છું. કારણ કે તમારા આત્માને ધારણ કરી, સ્વરૂપાનંદે પોતાના જડદેહ સાથે સંલગ્ન 'સૂક્ષ્મશરીર'થી જ હરિદ્વાર જઈ પોતાના બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવાના છે !'

'રેવાનંદજી !' મેં વચ્ચે જ પ્રશ્ન કર્યો. 'આપે' સ્થૂળદેહને 'અન્નમયકોષ' કહીને, તેને સંલગ્ન કહ્યો, તેમ સૂક્ષ્મદેહમાં પણ કોષ છે. તેમ કહ્યું છે, તો તે સ્પષ્ટ થાય તેમ હું ઇચ્છુ છું !'

જવાબમાં રેવાનંદજી બોલ્યા :

'પ્રથમ 'પ્રાણમય' કોષ-પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ મળી 'પ્રાણમયકોષ' બને છે તેમ જાણવું; જો કે કેટલાંક પાંચ પ્રાણ અને પાંચ ઉપપ્રાણ મળી 'પ્રાણમય કોષ' થાય છે, એમ કહે છે. નાગ કૂર્મ, કુકલ, દેવદત્ત અને ધનંજય એ પાંચ ઉપપ્રાણ છે.' પછી થોડું અટકીને આગળ બોલ્યા, 'નાગથી ઓડકાર થાય છે, કૂર્મથી આંખોનું મીંચાવું અને

ઉઘડવાનું થાય છે, કુકલથી છીંક થાય છે. દેવદત્ત વાયુથી બગાસુ આવે છે અને ધનંજયથી શરીર પુષ્ટ થાય છે. આ થઈ પ્રાણમય કોશની વાત.'

'પાંચ જ્ઞાનેન્દ્રિય અને 'મન' એ છ મળીને 'મનોમયકોશ' કહેવાય છે. જેના વડે મનમાં લોમ-વિલોમ થાય છે, વિચારો આવે છે, જાય છે !'

'ત્રીજો છે 'વિજ્ઞાનમય કોશ' પાંચ જ્ઞાનેન્દ્રિય અને 'બુદ્ધિ' એ છ મળીને 'વિજ્ઞાનમય' કોશ કહેવાય છે !'

'ઉપર પ્રમાણે ત્રણ કોશ 'સૂક્ષ્મદેહ'ના છે. આગળ કહ્યું તે મુજબ 'સ્થૂળદેહ'ને 'અન્નમયકોશ' કહ્યો છે. 'મનોમયકોશ'ની અંદર જ 'વિજ્ઞાનમયકોશ' છે; અને 'વિજ્ઞાનમયકોશ'ની અંદર 'આનંદમયકોશ' છે.'

'એ રીતે પાંચકોશની પરંપરા એ ગુફા છે. જેની અંદર 'આત્મા' રહ્યો છે. જેમ કોશેટાની અંદર રહેલો જીવડો કોશેટાથી ઢંકાયેલો છે, ને તેની અંદર જ રહેલો છે, તેમ 'આત્મા' પણ પાંચકોશથી આચ્છાદિત છે.' પછી થોડું અટકીને બોલ્યા,

'વાસ્તવિક રીતે આત્મા શુદ્ધ છે, પરંતુ જે જે કોશની સાથે આત્માનો વ્યવહાર ચાલે છે, તેને કોશરૂપે આત્મા દેખાય છે. જેમ કે હું મનુષ્ય છું. હું મોટો-જાડો છું, એવું ભાન 'અન્નમયકોશ'થી પ્રતીત થાય છે. હું ભૂખ્યો છું-તરસ્યો છું એવું ભાન 'પ્રાણમયકોશ'ને લીધે પ્રતીત થાય છે, આ દેહ મારો છે, આ ઘરબાર, સ્ત્રી-પુત્રાદિક મારાં છે, હું સંસારી છું એવું જ્ઞાન-ભાન 'મનોમયકોશ'ને પ્રતીત થાય છે; અને હું સુખી છું, એવું 'આનંદમય' કોશને પ્રતીત થાય છે !'

'આ પંચકોશના મિથ્યાધર્મ જે આત્માને થાય છે અર્થાત્ અવિદ્યાને કારણે આત્માને આ 'કોશઆવરણ'ને કારણે પ્રતીત થાય છે, તે આત્માની ભ્રમિત અવસ્થા છે. પંચકોશથી આત્માને વિવેક તથા વિચાર કરીને જુદો સમજવાથી આત્માશુદ્ધિ સચ્ચિદાનંદરૂપે જણાવા લાગે છે. કોશ નાશવંત છે, આત્મા અવિનાશી છે.'

સૂક્ષ્મદેહ વિશે અને તેની અવસ્થા વિશે ઘણું કહેવાનું છે, પરંતુ હવે સમય નથી, સ્વરૂપાનંદનું સ્થાન હવે આવી ગયું છે.' કહી મને દોરતા રેવાનંદજી આગળ વધી રહ્યા.

સૂર્ય પશ્ચિમ આકાશ તરફ હવે ઝડપથી દોડી રહ્યો હતો. રસ્તા પર રેવાનંદજી સાથે ચાલી રહેલો હું ચિંતન કરી રહ્યો હતો. વિચારો અતૂટ હતા, ત્યાં જ મારા વિચારો અચાનક અટકી પડ્યા :

સામેની ટેકરી પરથી અમને સંબોધન કરતાં શબ્દો આવ્યા, 'ૐ નમોઃ નારાયણ !' મેં દૃષ્ટિ કરી તો ટેકરી પર-ટેકરાની જેમ ઊભેલો, જટા અને આખા શરીરે ભસ્માર્ચિત પડછંદ સાધુ મારી નજરે પડ્યો. પ્રત્યુત્તરમાં અમે પણ મોટેથી દૂર ઊભેલા તેને સંભળાય તેમ 'ૐ નમોઃ નારાયણ' કહ્યું.

'અચ્છા ! ૐ નમોઃ નારાયણ... કલ વિશ્વંભર આયોજિત ઉત્સવમેં મિલેંગે. આપકો દેર હો રહી હે !' ને સાધુ ઝડપથી ટેકરી પાછળ અદૃશ્ય થઈ ગયો.

'પવિત્ર ગિરનાર પરિસરમાં ચારે બાજુ ઘણાં મહાત્માઓ તપ-સ્વાધ્યાય કરી રહ્યા છે. તેને કારણે જ આ ભૂમિ મહાપવિત્ર ગણાય છે.' કહી રેવાનંદજી મૌન બની રહ્યા.

રેવાનંદજી સાથે કદમ મિલાવી ચાલતા મને બે બાબતો મૂંઝવી રહી હતી. આવતી કાલે જ વિશ્વંભર આયોજિત મહોત્સવમાં અચાનક જવાનું થયું છે. શા માટે આવું અચાનક આયોજન થયું છે, તેની મને સમજ ન હતી. આશ્ચર્યની વાત તો એ હતી કે, આ ગિરનાર પરિસરમાં રહેતાં બધાં સાધુઓને તેની ખબર હતી; માનસિક સંદેશા દ્વારા આ આમંત્રણ મળી ગયું હશે. તેમાં મને કોઈ શંકા હતી નહિ; પરંતુ રેવાનંદજી આથી જ્ઞાત છે, છતાં હજુ સુધી મને તે બાબતથી અવગત કરેલ નથી. શા માટે ?

બીજું સ્વરૂપાનંદજી સાથે મારી આ થનાર પ્રથમ મુલાકાત કેવી હશે ? અમારા બન્નેના પરસ્પરના પ્રત્યાઘાતો કેવા હશે ? તે બાબત પણ મને જિજ્ઞાસાના સ્વરૂપમાં મૂંઝવી રહી હતી. મને થતું હતું કે, મારા આ વિચારોને જાણીને રેવાનંદજી તરફથી આનો પ્રત્યુત્તર મળશે જ; પરંતુ એવું કશું થયું નહિ. તેઓ પોતાના નિર્લેપ અને સપાટ ચહેરા સાથે ટટ્ટાર બનીને જોમપૂર્વક ચાલી રહ્યા હતા.

સૂર્ય પશ્ચિમ બાજુની ટેકરીઓ પાછળ છુપાઈ જવાની તૈયારીમાં જ હતો. ધીમે ધીમે સંધ્યારાણીનું આગમન થઈ ચૂક્યું. સૂર્ય સંધ્યાના સૌંદર્યથી લજવાઈ ઊર્ધ્વરેત બ્રહ્મચારીની માફક ટેકરીઓ પાછળ ભૂસકો મારીને સંતાઈ ગયો ને સદ્યસ્નાતા સુંદર સ્ત્રીના શરીરમાંથી સ્ફુરિત સુગંધની જેમ સંધ્યારાણીની છટા ચોતરફ પથરાઈ રહી. મન તથા અંતઃકરણ પુકારી ઊઠ્યું, બસ, આ જ સાચો આનંદ... આ જ સાચું જીવન. ઈર્ષા, વેર, સ્વાર્થથી ગંધાતા સંસારથી ક્યાંય ચડિયાતો આવો આનંદ ભાગ્યશાળી જ માણી શકે.

નિશ-દિન આવો આનંદ માણી રહેલાં પરિસરનાં સિદ્ધોના ભાગ્યને વંદન કરતો હું રેવાનંદજી સાથે ચાલી રહ્યો હતો, ત્યાં જ તેઓ મૌન છોડીને બોલ્યા,

'બસ ! આપણું ગંતવ્યસ્થાન આવી ગયું. સામે નદીના કિનારા તરફની પૂર્વબાજુની બે ટેકરીઓની વચ્ચેથી નદીનો પ્રવાહ જ્યાં ધોધરૂપે પડી રહ્યો છે, તે ધોધની પાછળની ભેખડમાં સ્વરૂપાનંદનું સાધનાસ્થળ છુપાયું છે !'

ચાલતા ચાલતા હું થોડી મૂંઝવણ અનુભવી રહ્યો હતો. સ્વરૂપાનંદના દેહમાં પ્રવેશીને મારે તેમનું ઉત્તરદાયિત્વ નિભાવવાનું હતું. મારે તેની પાસેથી શું શું જાણવું જરૂરી છે, અથવા તે આ બાબત શું જણાવશે ? હું આ બાબત કશું જ જાણતો કે સમજતો ન હતો. મારે તેમનું કપરું કામ નિભાવવાનું હતું; એટલે સ્વરૂપાનંદજી માટે હું અગત્યની વ્યક્તિ હતો.

હું સામાન્ય સાધક અને તે સિદ્ધયોગી ! તેમ છતાં તેમનું ઉત્તરદાયિત્વ નિભાવવા માટે મારે તેના પૂર્વસાંસારિક જીવનમાં ડોકિયું કરવું જરૂરી હતું. તેના સમગ્ર જીવન વિશે માહિતી મારી પાસે હોવી આવશ્યક હતી. તેના સ્વર્ગસ્થ માતા-પિતા, પત્ની આશાદેવી તથા તેના સર્વ સગા-સંબંધી સ્નેહીમિત્રો બધાંથી હું અજાણ હતો. તેના દેહમાં આત્માસ્વરૂપે રહી અનજાન એવો હું, તેઓના વચ્ચે કેવી રીતે કાર્ય પાર પાડી શકીશ ? આ બધું મારે તેની પાસેથી જાણવું પડે, તે કઈ રીતે હું તેની પાસેથી જાણી શકીશ ?

મારે સ્વરૂપાનંદના દેહમાં મારા આત્માને નિરુપિત કરી તેની ભૂમિકા ભજવવાની હતી. 'આત્મા' મારો, પરંતુ દેહ તો સ્વરૂપાનંદનો હોવાનો ! બધા મને સ્વરૂપાનંદ માનવાના; તેના પૂર્વસંસારથી અજ્ઞાત એવા મારી પાસે બધા પૂર્વજન્મની ઘણી ઘણી વાતો કરવાનાં, પ્રશ્નો પણ પૂછશે, ત્યારે હું શું જવાબ આપી શકીશ ? જો હું તેઓને સંતોષી નહિ શકું તો બધા મારી તરફ શંકાની દૃષ્ટિથી જોશે, કદાચ મને ગાંડો થઈ ગયેલો કે ચિત્તભ્રમ થઈ ગયેલો સમજશે; અને બધા મારો તિરસ્કાર કરવા માંડશે, તો હું શું કરીશ ?

હું મનમાં મૂંઝવણ અનુભવતો રેવાનંદજી સાથે નદીની ભીની રેતીમાં ચાલી રહ્યો હતો, ત્યાં મારા કાને ખડખડાટ હસવાનો અવાજ પડ્યો. મેં રેવાનંદજી તરફ દૃષ્ટિ કરી તો તે થોડા નીચા નમી હસવું રોકી રહ્યા હતા. થોડી વારે મારા ખભા પર હાથ મૂકી હસતાં હસતાં બોલ્યા,

'આ માંહેનું કશું જ થવાનું નથી. જેની તમે મૂંઝવણ અનુભવી રહ્યા છો.' પછી પોતાનો હાથ મારા બીજા ખભા પર મૂકી મને એક હાથે બાથમાં લેતા પ્રેમપૂર્વક હસીને બોલ્યા,

'તમારી મૂંઝવણ સ્વાભાવિક છે અને તે મુજબ જ બની શકે, 'જો તમે પૂર્ણ સાધનારહિત હો' તમારો આત્મા દૃષ્ટા-સાક્ષી ન બની શક્યો હોય, તમે તમારા શરીરમાં જ 'આત્મભાવ' રાખી રહ્યા હો, તો અને તો જ તમારે આવી મુશ્કેલીનો સામનો કરવો પડે, પરંતુ એ વખતે તમારામાં સંપૂર્ણ આત્મશક્તિ અને આત્મવિશ્વાસ જાગૃત થઈ ચૂક્યા હશે. તમે જાગૃત હશો અને ધારણ કરેલ દેહથી અલગ 'આત્મા' સ્વરૂપે દૃષ્ટા ભાવે હશો; એટલે કોઈ પણ સંજોગોમાં તમે સમાનતાપૂર્વક રહી શકશો, આત્મજ્ઞાનને કારણે તમારામાં અખૂટ ધૈર્ય વિદ્યમાન હશે. તમે સજાગ હોવાને કારણે પ્રતિકૂળ કોઈ પણ તાકાત તમને વિચલિત કરી શકશે નહિ. આ પહેલી વાત !'

પછી થોડું મૌન ધારણ કરી, મારો હાથ પકડી થોડે દૂર રહેલ ધોધ તરફ દોરતા હસતા મુખે બોલ્યા,

'તમારો જાગૃત 'આત્મા' 'સ્વરૂપાનંદ'ના 'જડ અને સૂક્ષ્મ' દેહમાં રહેલો હશે; એટલે

પંચપ્રાણ-પંચવાયુ અને પંચકોશની કાર્યશક્તિ વડે સ્વરૂપાનંદના દેહની ઇન્દ્રિયો સ્વયં પોતાનું કાર્ય કરતી હશે. 'મુલાધારચક્ર'માં રહેલી મહામાયા કુંડલિની શક્તિ સ્વરૂપે દેહમાં હોય, તેની પ્રેરણાશક્તિથી બધું જ કાર્ય થતું રહેશે; એટલે સ્વરૂપાનંદના પાર્થિવ અને 'સૂક્ષ્મદેહ'ના પૂર્વઅનુભવો પણ તેમાં 'સ્મૃતિ'રૂપે રહેલાં હશે.

એ 'સ્મૃતિ'ના આધારે તમે સ્વરૂપાનંદના પૂર્વજીવન, મિત્રો, પત્ની, સ્નેહીઓ ઉપરાંત બધાં સ્થળો, જ્યાં તમે અર્થાત્ 'સ્વરૂપાનંદે' પૂર્વજીવન પસાર કર્યું હતું. તે બધું જ દેહમાં સંગ્રહાયેલું હોઈ, 'સ્મૃતિ દ્વારા' જાણી શકશો, બધાંને ઓળખી શકશો. એટલું જ નહિ, પરંતુ દેહના ધર્મો મુજબ તમે અર્થાત્ સ્વરૂપાનંદના દેહ વડે સ્વરૂપાનંદના સ્વરૂપે જ, સ્વરૂપાનંદ તરીકે બધા સાથે બધાંને ઓળખીને સ્નેહપૂર્ણ વ્યવહાર કરી શકશો. કારણ કે 'સ્મૃતિ' પણ સંબંધિત છે. 'આ જડ-સૂક્ષ્મદેહમાં બધા કોશો ઇન્દ્રિયો સહિત સ્વરૂપાનંદના દેહમાં વિદ્યમાન હશે !'

'આ જડ અને સૂક્ષ્મદેહનું સંચાલન પ્રાણરૂપે 'આત્મા' જ કરે છે, જેમાં તમે આત્માસ્વરૂપે વિદ્યમાન હશો. તમારો 'આત્મા' સ્વરૂપાનંદના 'જડ અને સૂક્ષ્મદેહ' સાથે સંલગ્ન બનીને, બધી શક્તિ પૂરી પાડી સ્વયં દૃષ્ટા અને સાક્ષી બની રહી, દુન્યવી બધા જ કાર્યો 'સ્વરૂપાનંદ સ્વરૂપે' કરી શકશે !'

'અતઃ તમારી જે મૂંઝવણ છે, તે સ્વાભાવિક હોવા છતાં ખોટી છે !' પછી થોડું મૌન ધારણ કરી, નદીના કાંઠા તરફ મને દોરતા રેવાનંદજી પુનઃ બોલ્યા,

'સ્વરૂપાનંદના સ્થૂળ દેહમાં આત્મા તમારો હોય કે સ્વરૂપાનંદનો - કોઈ ફરક પડતો નથી. જનરેટરની જેમ ! જનરેટરને ગમે ત્યાં ગોઠવો, વીજળી ઉત્પન્ન કરી જુદા જુદા મશીનોને શક્તિ પૂરી પાડવાનું તે કાર્ય કરે જ છે !'

'આત્મા, બધાનો એકરૂપ છે, તેમાં કોઈ તફાવત નથી. બધા જુદાં જુદાં લાગતા આત્મા - સર્વાત્મા પરબ્રહ્મ પરમાત્માના જ અંશો છે, બધાં આત્મા સત્-ચિત્ત-આનંદ પરમાત્મામાંથી જ બનેલા છે અને તે એક પરબ્રહ્મ સાથે જોડાયેલા હોય, તેનું જ એકમાત્ર સ્વરૂપ છે; મહામાયા કુંડલિની ચિત્તિરૂપે જુદા જુદા દેહમાં આત્માસ્વરૂપે રહી જુદી જુદી જણાતી એક જ સર્વસામાન્ય શક્તિ છે.'

આ રીતનો સર્વવ્યાપી અને સર્વજ્ઞ આત્મા સ્વરૂપાનંદનો દેહ ધારણ કરી, સ્વરૂપાનંદ સ્વરૂપે જ તેનું સઘળું ઉત્તરદાયિત્વ વિના સંકોચ, વિના અવરોધ કરી શકશો. દેહભાવ સાથે સાક્ષી અને દૃષ્ટા બનીને તમે 'સ્વરૂપાનંદરૂપે' જ બધું ભૂલીને ઐક્યભાવ ધારણ કરીને નિર્ધારિત કર્મ કરવા સમર્થ હશો. તમારો આત્મા, સ્વરૂપાનંદના દેહ સાથે જોડાઈ જે દેહભાવ જાગૃત થશે તે ભાવો, સ્મૃતિ, લાગણીઓ બધું જ સ્વરૂપાનંદના હશે, અર્થાત્ તમે તમારી જાતને સ્વરૂપાનંદ જ માનવા લાગશો !

'બધું કરવા છતાં, તમારો આત્મા જાગૃત હોય, દૃષ્ટા-સાક્ષી તરીકે જ ઇન્દ્રિયો દ્વારા, જે સ્વરૂપાનંદની હશે, તટસ્થ રહીને બધાં કાર્યો કરશો ! તમે એ કર્મોથી બંધાશો નહિ. સ્વરૂપાનંદના દેહ દ્વારા તમારા જાગૃત અને દૃષ્ટા આત્માની શક્તિ વડે થયેલા કર્મોથી તમે મુક્ત હશો !'

પછી મારા તરફ દૃષ્ટિ નોંધી રેવાનંદજી બોલ્યા, 'ટૂંકમાં સ્વરૂપાનંદના જડ અને સૂક્ષ્મશરીરનાં બધાં કોશો-પંચમહાભૂતો, પંચપ્રાણ વિગેરેનાં તેંત્રીસ તત્ત્વો, જે સૂક્ષ્મદેહના છે, તે જ બધું કાર્ય કરશે. તમારા આત્માની શક્તિ અર્થાત્ પ્રાણ દ્વારા સંયુક્ત રીતે બધું કાર્ય થતું રહેશે. જડ અને સૂક્ષ્મદેહ તેના આગળ-પાછળના બધા જ કાર્યોથી પરિચિત છે, હશે; અને તમારો શુદ્ધ આત્મા પણ સર્વસ્વ હોય, બન્નેના સુમેળથી તમને કોઈ મુશ્કેલી જણાશે નહિ !'

'તમારી અત્યારની મૂંઝવણો દેહભાવને કારણે છે, પછી સાધના દ્વારા આત્મજ્ઞાન પ્રાપ્ત થતાં તમારા માટે કશું જ અશક્ય રહેશે નહિ. એટલે જ સ્વરૂપાનંદના પૂર્વસંસાર વિશે તો શું, પરંતુ સમગ્ર બ્રહ્માંડના ભૂત અને ભવિષ્ય તેમજ વર્તમાનને જાણવા તમે સમર્થ હશો !'

સ્વરૂપાનંદના જડ અને સૂક્ષ્મદેહમાં રહેલ મન, બુદ્ધિ અને અહંકાર, સ્મૃતિઓ સાથેનું અંતઃકરણ તીવ્ર છે; એટલે પ્રાપ્ત પરિસ્થિતિ અનુસાર તેનો કઈ રીતે ઉકેલ મેળવવો તે, તે સારી રીતે જાણીને દેહ દ્વારા, સ્વરૂપાનંદ રૂપે જ કરશે અને તેમાં તમારા આત્માની શુભભાવના, વિવેકશક્તિ સોનામાં સુગંધ જેવું કાર્ય કરશે. છતાં એ વખતે તમારો દેહભાવ સ્વરૂપાનંદ તરીકેનો જ રહેશે અને ગુફામાં રહેલો તમારો દેહ, સ્વરૂપાનંદનો આત્મા ધારણ કરી, અનંતાનંદના દેહભાવમાં, ત્યાં સુધી જાળવી રાખશે. કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી સાધના જાળવી રાખશે.'

'સ્વરૂપાનંદ તથા વિશ્વંભર પાસેથી તમને મહામાયા કુંડલિનીનું જ્ઞાન પ્રાપ્ત થશે, તમે પણ એક સફળ મુનિતુલ્ય સાધક બની ગયા હશો એટલે સ્વરૂપાનંદના પત્નીને માતાતુલ્ય નિહાળીને તેને કપિલમુનિની જેમ 'કપિલગીતા'નું જ્ઞાન આપી છેવટે મોક્ષરૂપ 'જીવનમુક્ત'ની કક્ષાએ પહોંચાડી અત્રે પરત થઈ પુનઃ એકબીજાના આત્માને પોતાના દેહમાં પ્રવેશ અપાવી શકશો. આમાં કોઈ શંકા રાખશો નહિ !'

'હવે તમારે સ્વરૂપાનંદજી પાસેથી કશી જ માહિતી મેળવવાની જરૂર નથી; તે પોતે જે જ્ઞાન અને માહિતી આપે તે ભલે, તેના દર્શન અત્યાર પૂરતા ગણશો, ચર્ચા કરો તો લંબાવશો નહિ. તમારે વહેલી સવારે ગાયત્રી જપનો પ્રારંભ કરવાનો છે. વહેલાસર જગ્યા પર પહોંચવું જરૂરી છે.' કહી તેઓ મને દોરતા ધોધ તરફ આગળ વધી રહ્યા.

હવે મારે કશું જ પૂછવાનું ન હતું. સર્વસ્વરૂપ આત્મા અને સૂક્ષ્મ તથા જડ દેહની

ઇન્દ્રિયોના સુભગ સમન્વયથી બધું કાર્ય સિદ્ધ થતું હતું. તેમાં હવે મને કોઈ શંકા-ભય રહ્યા નહિ. માત્ર આત્માના ફેરબદલ વિશે જિજ્ઞાસા હતી; પરંતુ તે પણ સાધના બાદની વાત હતી. અત્યાર સુધી જેમ બધું થતું આવ્યું છે, તેમ તે પણ સમય આવ્યે થઈ જશે. તેવો વિશ્વાસ હૃદયમાં ભરી હું રેવાનંદજી સાથે આગળ વધી રહ્યો.

અમારે ઉપરથી પડતા ધોધની પાછળના ભાગમાં જવાનું હતું, કાંઠા પર ચડી, થોડો વળાંક લઈ પુનઃ નદીમાં પ્રવેશી અને જોયું તો ધોધની પાછળના ભાગમાં ગુફા જેવી મોટી બખોલ હતી; અને તેનાથી લગભગ દશેક ફૂટ દૂર ધોધની ધારાઓ પડી રહી હતી, ધોધની આડશને કારણે બખોલ પણ જોઈ શકાતી ન હતી.

બખોલ થોડી ઊંચી હતી અને સહેલાઈથી ત્યાં જઈ શકાય તેમ હતું. ધોધની લગભગ પાછળના ભાગમાં બખોલની થોડે દૂરના ખાડામાં ઊંડા પાણીની પાટ જોઈ શકાતી હતી. બખોલની ઉપરની ભેખડ પરથી ધોધ પડી રહ્યો હતો, જે આ પાટમાં અવાજ સાથે પડતો હતો.

ધીમે ધીમે અમે કોતર જેવી બખોલ સુધી પહોંચ્યા. તો મારી દૃષ્ટિએ રાજમાર્ગ જેવું ભોંયરું નજરે પડ્યું, સહેલાઈથી પ્રવેશી શકાય તેવી પહોળાઈ હતી, ધોધની આડશને કારણે ચંદ્રનો પ્રકાશ અંદર ન પહોંચી શકતા ઘોર અંધકાર હતો. મેં બેટરી બહાર કાઢી અંદર પ્રકાશ ફેંક્યો.

બેટરીના પ્રકાશમાં અમે ભોંયરાની અંદર પ્રવેશ કર્યો તો હું ચકિત રહી ગયો. બેટરીના પ્રકાશમાં એક મોટા પથ્થર પર આરામથી બેઠેલા સેવકરામને મનુષ્ય સ્વરૂપે જોઈ મારા મુખમાંથી શબ્દો નીકળી પડ્યા,

'અરે ! સેવકરામજી તમે !'

જવાબમાં મારી સામે માત્ર સ્મિત વેરી, રેવાનંદજીને સંબોધીને સેવકરામે કહ્યું, 'આપની આજ્ઞા મુજબ, આપના આગમનનો સંદેશો અંદર સ્વરૂપાનંદજીને પોંચાડીને આપ બન્નેના આગમન અને દર્શન માટે પ્રતીક્ષા કરતો અહીં ક્યારનો બેસી રહ્યો છું. હવે મારી અહીં કશી જ જરૂરત નથી, આપને જો હવે મારું કોઈ કામ હોય તો આજ્ઞા કરો, નહિ તો હું જવાની રજા લઉં છું, ક્ષમા કરશો.' વિનમ્ર સ્વરે સેવકરામે કહેતા, પ્રત્યુત્તરમાં રેવાનંદજી બોલ્યા,

'ના, અમારે હવે તારું કોઈ કામ નથી, તું ખુશીથી નિજ સ્થાને જઈ શકે છે.' પછી મનમાં હસીને કહ્યું, 'આમેય હાલ પ્રાણીઓમાં સંવનન માટેનો ઋતુકાળ ચાલે જ છે. એ કાળ વીત્યા પછી પ્રાણીઓ માટે કુદરતી રીતે સંયમ પાળવાનો હોય છે; માટે તારું જવું ઉચિત અને ક્ષમ્ય છે.'

સાંભળીને સેવકરામ ઝડપથી કૂદકો મારી પાણીની ખાઈને તરીને અંધકારમાં અદૃશ્ય થઈ ગયો.

ગુફામાં અંધકારને લીધે સ્વરૂપાનંદજીનું આસન કઈ જગ્યાએ અંદરના ભાગે હશે તે જોઈ શકાતું ન હતું. બેટરીના પ્રકાશે અમે થોડે દૂર સુધી અંદર પ્રવેશ કર્યો, તો થોડે દૂર સામેની દીવાલ પાસે સ્વચ્છ ઓટલા પર મૃગચર્મ જેવું દષ્ટિમાં આવ્યું. હું ઉપરના ભાગે બેટરીનો પ્રકાશ ફેંકવા જતો હતો, ત્યાં જ રેવાનંદજીએ મને અટકાવીને કહ્યું,

'સંતો સમાધિ અવસ્થામાં હોય, તેના પર બેટરીનો પ્રકાશ ફેંકવો ઉચિત ન ગણાય. થેલામાં આપણે સાથે મીણબત્તીઓ લીધેલી જ છે, તે પેટાવો !'

રેવાનંદજીનું કહેવું મને ઉચિત લાગ્યું. આ માટે જ તેમણે મેચીસબોક્ષ અને મીણબત્તીઓ સાથે લેવાનું કહેલ, તેનું રહસ્ય મને હવે સમજાયું. રાત્રિ પડી જશે અને આ રીતે તેનો ઉપયોગ કરવો પડશે, તેની રેવાનંદજીને આગોતરા ખબર હતી. આમ તો ભૂત-ભવિષ્ય અને વર્તમાનમાં કશું જ તેમના માટે અગોચર નથી, આવાજ ઘણા અનુભવો પછી હવે હું તેમના કોઈ પણ સૂચનનો વગર વિચાર્યે અમલ કરું છું, રહસ્ય પાછળથી સમજાય છે.

મેં ત્રણ મીણબત્તીઓ વધુ પ્રકાશ માટે પેટાવી, જુદી જુદી જગ્યાએ પથ્થરો પર બત્તીઓ ચોંટાડી પછી તેના પ્રકાશમાં આસન તરફ દષ્ટિ કરી તો હું દંગ રહી ગયો. કોઈ પણ જાતના આધાર વગર હવામાં સ્વરૂપાનંદ પદ્માસનની સ્થિતિમાં, મૃગચર્મ આસનથી ત્રણ ફટ ઊંચે બિરાજિત હતા. પ્રથમ મેં આને દષ્ટિભ્રમ માન્યો, પરંતુ જ્યારે ધ્યાનથી સ્પષ્ટ રીતે નીરિક્ષણ કર્યું, તો મને પૂરેપૂરી ખાતરી થઈ ગઈ કે સ્વરૂપાનંદજી કોઈ પણ જાતના આધાર વગર ત્રણ ફૂટ ઊંચે પદ્માસનમાં બેસી સમાધિ અવસ્થામાં રહેલા છે.

મેં વાંચેલું અને સાંભળેલું છે કે, ઈશ્વર અને દેવો જમીનને સ્પર્શ કરતાં નથી, જમીનથી અદ્ધર જ રહે છે. ઈશ્વર અને દેવનો ભાર આ ધરતી સહન ન કરી શકે અથવા તેમના સ્પર્શથી પૃથ્વી એટલી પવિત્ર થઈ જાય કે, ધરતીના પ્રત્યેક પ્રાણીઓમાં રહેલ તમોગુણ, રજોગુણ દૂર થઈ જાય, માત્ર સત્ત્વગુણ જ બાકી રહે ! તો પછી આ બે ગુણોના અભાવે આ વિચિત્ર સંસારચક્ર કઈ રીતે ગતિમાં રહે.

સિદ્ધો પણ સમાધિ વખતે બ્રહ્મલીન 'બ્રહ્મ' જ હોય છે; એટલે તેઓ પણ સમાધિ વખતે જમીનથી ઉપર ઊઠી જતાં હોય છે. આ બાબતનું કોઈ અન્ય કારણ હું તત્કાળ વિચારી ન શક્યો. મેં રેવાનંદજી તરફ દષ્ટિ કરી તો તે હસીને મારી સામે જોઈ રહ્યા હતા, દષ્ટિ મળતાં જ બોલ્યા,

'પૂર્ણ સાધના બાદ આવો અનુભવ તમે સ્વયં કરી શકશો. અત્યારે એમની સમાધિ ઉતારી તેનામાં 'દેહાભિમાન' લાવવું પડશે. તો જ એ દુન્યવી વાતો કરી શકશે, અન્યથા નહિ !'

કહી રેવાનંદજીએ સામવેદના મંત્રોચ્ચાર શરૂ કર્યા. લયપૂર્વકના વૈદિકમંત્રોથી ગુફા ગુંજી ઊઠી. રેવાનંદજીના મુખેથી પ્રથમ વખત જ આવું અદ્ભુત ગાન મેં સાંભળ્યું. તેના મુખેથી વહેતા વેદગાનથી વાતાવરણ પર અદ્ભુત પ્રભાવ પડી રહ્યો. સર્વત્ર શાંતિ અને આનંદના આંદોલનો શરૂ થઈ ગયાં.

થોડી વાર પછી વેદગાન અટકાવી રેવાનંદજીએ બાજુમાં પડેલ કમંડલમાંથી પાણીની અંજલિ ભરી ત્રણ મંત્રોચ્ચારપૂર્વક ત્રણ વખત સ્વરૂપાનંદના મસ્તક અને શરીર પર છાંટ્યું. થોડી જ વારમાં તેનું પરિણામ જોવા મળ્યું. સ્વરૂપાનંદે ધીમે ધીમે આંખો ખોલી અને આસ્તેથી પદ્માસન સાથે તેઓ જમીન પર પાથરેલા મૃગચર્મ પર આવી ગયા. રેવાનંદજીએ તેમની સામે દૃષ્ટિ મિલાવી 'ૐ નમોઃ નારાયણ' ઉચ્ચાર કર્યો. મેં પણ 'ૐ નમોઃ નારાયણ' કહી પ્રણામ કર્યા. સ્વરૂપાનંદે પ્રસન્નમુખે મારા તરફ જોઈ, અમને સંબોધીને કહ્યું,

'આત્મારામ દ્વારા મળેલ સંદેશા પછી મેં દીર્ઘકાલ સુધી બન્નેની પ્રતીક્ષા કરેલી, પરંતુ ઈશ્વર ચિંતન કરતાં કરતાં સમાધિમાં સરી જવાયું. જો કે થોડું દેહભાન રાખવાનો પ્રયત્ન કરેલો, એટલે જ મને સમાધિમાંથી નીચે ઉતારવાનો તમારો પ્રયત્ન સફળ થયો, અન્યથા દસ-પંદર દિવસ સુધી સમાધિ ઊતરવાની કાંઈ શક્યતા નથી હોતી !'

પછી મારા તરફ દૃષ્ટિ નોંધીને કહ્યું, 'સાંસારિક વિષયોને કારણે થોડું દેહાભિમાન રહે છે, તેને કારણે સમાધિમાંથી નીચે ઊતરી શકાય છે. બાકી સમાધિ લાગ્યા પછી એકવીસ દિવસમાં મૃત્યુ થાય છે.' પછી થોડો શ્વાસ લઈ જાણે અંતરના ઊંડાણથી બોલતા હોય તેવા ગંભીર સ્વરમાં સ્વરૂપાનંદે કહ્યું,

'બસ... આ ઋણાનુબંધમાંથી મુક્તિ મેળવવાની ઇચ્છા ! એ એક જ બાબત આત્માને દેહાભિમાનમાં રાખી રહેલ છે. ઇચ્છા ન હોવા છતાં, બ્રહ્મમાં એકાકાર થઈ જવા છતાં સમાધિમાંથી નીચે ઊતરી અવાય છે.'

સ્વરૂપાનંદ વાત કરી રહ્યા હતા, ત્યાં જ રેવાનંદજીએ કહ્યું, 'તમે બન્ને મિત્રો વાતો કરો ત્યાં હું ધોધના પાણીમાં સ્નાન કરવાનો આનંદ માણી લઉં. તમારી વાતચીત પૂર્ણ થઈ જતાં હું પુનઃ ઉપસ્થિત થઈ જઈશ.' કહી રેવાનંદજી ઝડપથી જતાં રહ્યાં.

અમે એકલા પડ્યા. થોડી વાર મૌન છવાઈ રહ્યું. સ્વરૂપાનંદ મારા માટે અજાણ હતા, તે પોતાની સિદ્ધિ વડે મારા પૂર્વજન્મોની કથાથી માધવાનંદજીની જેમ જરૂર જ્ઞાત હશે, એમ હું વિચારી રહ્યો હતો, ત્યાં જ સ્વરૂપાનંદે મૌન તોડીને કહ્યું,

'સત્ય, અનંતાનંદ સત્ય ! હું તમારા અનેક જન્મોથી જ્ઞાત છું; મારા અને તમારા અનેક જન્મો સાથે જ વ્યતીત થયા છે.'

'માટે જ, રેવાનંદજીએ આપણે બન્ને મિત્રો છીએ, તેવો નિર્દેશ કર્યો હશે !' મેં વચ્ચે જ આશ્ચર્યના ભાવ સાથે કહ્યું.

'હા ! અનેક જન્મો !' સ્વરૂપાનંદે અટકતા અટકતા આગળ કહ્યું,

'આ જન્મોમાં માત્ર મિત્રો જ નહિ, ક્યારેક ભાઈ, ક્યારેક સાઢુભાઈ, તો ક્યારેક પિતા-પુત્રનો તો ક્યારેક પુનઃ મિત્રો ! જેની કોઈ જ સીમા નથી ! અનેક કાળ, યુગનું ચક્ર એને કોણ માપી શકે ? પ્રત્યેક જન્મે નવા નવા કર્મો બંધાતા જાય છે, તત્કર્માનુસાર પુનઃ નવા જન્મોનું નિર્માણ થતું જાય છે !'

પછી એક ઊંડો શ્વાસ ફેફસામાં ભરી નિઃશ્વાસ કરી બોલ્યા, 'કાશ, કર્મો થતાં અટકાવી શકાય ! તો જ મુક્તિ મળે !'

પુનઃ ઊંડો શ્વાસ લઈ સ્વરૂપાનંદ થોડી વાર માટે મૌન રહ્યા. તેમની કર્મોની વાત અને છોડેલ નિઃશ્વાસ પરથી મને લાગ્યું કે, ભલે તે જીવનમુક્ત યોગી હોય, પરંતુ ઊંડે ઊંડે ક્યાંક, કોઈક પ્રકારનું દર્દ જરૂર છુપાયેલું છે. તેના અંતરમાં તેને કારણે જ તેમનું દેહાભિમાન, કદાચ ટકી રહ્યું છે ! મને ખબર છે, કોઈ એવું પરિબળ હોય, જે દેહાભિમાન જગાડી બળાત્કારે સમાધિષ્ઠને સમાધિમાંથી નીચે ઉતારે ! હું વિચારી રહ્યો, 'જીવનમુક્ત' કક્ષા સુધી પહોંચી ગયેલા સ્વરૂપાનંદ માટે એવું કયું પરિબળ હશે, જે તેમને અધ્યાત્મિક દૃષ્ટિએ અવરોધી રહ્યું છે ! મને તેના અંતરના અતલ ઊંડાણમાં ઊતરી, તેના નિસ્પૃહ આત્માને ઢંઢોળી જોવાની ઇચ્છા થઈ. મેં તે ઉદ્દેશ્યથી કહ્યું.

'સ્વરૂપાનંદજી ! આપ મહાન સિદ્ધયોગી હોવા છતાં, મને મિત્રતુલ્ય સમજીને વાત કરી રહ્યા છો. મને પણ આથી આપના પ્રત્યે મિત્રતુલ્ય સ્નેહ થાય છે. કારણ પૂર્વજન્મના ઋણાનુબંધ હશે અથવા છે. હાલ હું કશું જ જાણતો નથી. તેથી આવી શંકા રાખીને કહું છું, તો પણ મને તેની સત્યતા વિશે અશ્રદ્ધા નથી; પરંતુ મારા મનમાં જે બાબત ઘુમરાય છે તે એ છે કે, આપના બાકી રહી ગયેલાં ઋણાનુબંધની વિગત ઉપરાંત, આપના અંતરના અતલ ઊંડાણમાં હજુ પણ કશુંક છે, જે આપને ક્યારેક અતિ સંવેદનશીલ બનાવી દે છે. વિવશ કરી મૂકે છે.'

પછી સ્વરમાં નમ્રતા સાથે આત્મીયતાના ભાવ ભરીને મેં આગળ કહ્યું, 'હું એ સારી રીતે જાણું છું કે, આપ સિદ્ધયોગી છો, છતાં આપ એક મનુષ્ય છો. આપ સંસારમાં રહી ચૂક્યા છો. સ્વાભાવિક છે કે, સંસારમાં ઘટતા અનેક બનાવના સંવેદનો અથવા કોઈ એકાદ સંવેદન, જે લાગણીને તીવ્ર રીતે હચમચાવી નાખે તેવાં હોય, જે આપની જાણ બહાર અથવા આપના 'સૂક્ષ્મશરીર'માં સંગ્રહાઈને પડેલ હોય, જે આપને !' મેં થોડું અટકીને સ્વરૂપાનંદની આંખો સામે દૃષ્ટિ મિલાવીને આગળ કહ્યું, 'એ સંવેદનો વિચલિત કરી નાખતા હોય, વિવશ કરી નાખતા હોય, ઊંડા દર્દમાં ધકેલી નાખતા હોય !'

'બસ... બસ... અનંતાનંદ !' એક હાથ મારા મુખ પર આડો ધરીને સ્વરૂપાનંદ મને અટકાવતા બોલી ઊઠ્યા, 'બસ... આ સત્ય છે, પરંતુ તું હવે આ સિદ્ધિના ઊંચા

શિખર પછી મને આ બધું ખોતરી કાઢવા માટે વિવશ કર નહિ. બધી યાદોને મેં અંતરના ઊંડાણમાં ધરબી દીધી છે, હવે એ બધું યાદ કરવાનો શું અર્થ છે ?'

'અર્થ છે !' મેં શબ્દો પર ભાર મૂકીને આગળ કહ્યું, 'અર્થ છે ! મિત્ર સ્વરૂપાનંદ ! પરાણે ધરબી રાખેલ સંવેદનાઓને અટકાવી શકાતી નથી. સંવેદનો અભિવ્યક્તિ માગે છે; સંવેદનો અભિવ્યક્તિ દ્વારા જ સાર્થકતા અનુભવે છે, પછી જ તે શાંત થાય છે. સંવેદનાઓને પરાણે કચડી નાખવાથી તે અનર્થકારી પરિબળ તરીકે વારંવાર ઊતરી સામે આવ્યા જ કરે છે. એને કોઈ પાસે વ્યક્ત કર્યા પછી જ તે શાંત થાય છે. 'સાંત' પણ થાય છે !' કહી હું સ્વરૂપાનંદના પ્રતિભાવ જાણવા થોડી વાર મૌન બની દૃષ્ટિ મિલાવી તેની સામે જોઈ રહ્યો.

'તારી વાત સત્ય છે !' વિચારવંત મુદ્રામાં પ્રતિભાવ આપના તેણે કહ્યું, 'સત્ય છે અને સાંભળવામાં પણ વાત સારી લાગે છે. એ પ્રિય સંવેદના છે. એ સંવેદનાના સૂરોમાં લીન થઈ જવાનું પુનઃ મન થાય છે, એ સંવેદના એવી છે, એ કદી પણ ન ભુલાય ન વીસરાય !'

થોડું અટકતા... અટકતા બોલી રહેલા સ્વરૂપાનંદે એક દીર્ઘ નિઃશ્વાસ સાથે કહ્યું, 'આજે પણ એ સંવેદનાના સૂરોમાં લય થઈ જવાનું મન થઈ આવે છે !' કહી અટકી ગયેલા સ્વરૂપાનંદની આંખોમાં મેં દર્દ ઊભરાતું જોયું. મને લાગ્યું કે એ દર્દને દબાવવાનો પ્રયત્નો કરી રહ્યો છે. અચાનક તે દર્દસભર મોટા અવાજે બોલી ઊઠ્યો.

'પરંતુ... પરંતુ... તું આ બધું શા માટે મને પૂછી રહ્યો છે ? તું જાણે અંતર્યામી હો તે રીતે મારી સાથે વાત કરી રહ્યો છે !'

કહી તેણે મારી સામેથી નજર હટાવી દીધી.

અચાનક સ્વરૂપાનંદમાં આવેલા આ બદલાવથી હું થોડો ખચકાઈ ગયો. છતાં વાતનો તંતુ પકડી રાખતા મેં નમ્રતાપૂર્વક આગળ કહ્યું,

'મિત્ર સ્વરૂપાનંદ ! તારી જેમ બધી ઔપચારિકતા મૂકીને, મિત્ર તરીકે જ હું આ બધું પૂછી રહ્યો છું; ભલે હું અંતર્યામી નથી, પરંતુ હું એક સંસારી તો છું જ, સંસારને હું માણી ચૂક્યો છું. જાણી ચૂક્યો છું. એટલે સંવેદના શું ચીજ છે, તે હું સારી રીતે સમજી શકું છું. તેં પણ ભલે થોડો પણ સંસાર તો માણ્યો જ છે; એટલે તારા સૂક્ષ્મદેહ સાથે જડાઈ ગયેલા સંવેદનાના સ્પંદનો હજુ પણ ઝંકૃત થતાં રહેતા હોય તે સ્વાભાવિકતા વિશે મને કોઈ નવાઈ લાગતી નથી !' પછી હસતા હસતા મેં આગળ કહ્યું.

'અને એ સંવેદનો કયા હોઈ શકે તે પણ હું જાણું છું !'

'તું જાણે જ છે, તો કહે !' તેણે મારી સામે પુનઃ દૃષ્ટિ મિલાવી કહ્યું. મને તેની આંખોમાં સ્પષ્ટ ક્ષોભ ઉપસી આવેલો જણાયો. લાગ્યું કે, ધાર્યું નિશાન લાગી ગયું છે.

મેં સ્વરૂપાનંદનો ક્ષોભ દૂર કરવા ગંભીરતા છોડી, હસીને દૃષ્ટિ મિલાવી, તો ક્ષોભ છોડી તેણે આગળ કહ્યું,

'કહે ! મને સંવેદના જગાડનાર કઈ બાબત છે, જે તું જાણે છે !' પછી તેણે કટાક્ષના સ્વરમાં પ્રેમપૂર્વક સહાસ્ય કહ્યું, 'કહે ! તું તો અંતર્યામી છે ને ?'

'ના, પરંતુ સંસારી અનુભવોથી યુક્ત-મુક્ત સાધુ ! મારા અનુભવોના આધાર પર કહું છું કે હજુ પણ તારા અંતરને ઝંકૃત કરતું તે પરિબળ વિદ્યમાન છે !' આટલું કહી થોડું અટકી ગયો, તો તુરત જ સ્વરૂપાનંદે હસતાં હસતાં કહ્યું.

'હાં... હાં... છતાંય કહે, મને તે ગમશે. ગમે છે તારા મુખે ! તું પણ સિદ્ધ છે. મારા અંતરને જાણે છે, હું શું કહેવા માંગું છું તે !'

'હાં, તે પરિબળ છે.' મેં મુક્ત બની હસતાં હસતાં કહ્યું.

'તારા સમગ્ર અસ્તિત્વને હલબલાવી નાખતું એ પરિબળ છે, તારી સુંદર અને પ્રેમાળ પત્ની 'આશાદેવી' !'

સાંભળીને એક જબ્બર આંચકો લાગ્યો સ્વરૂપાનંદના અંતરને. તેનું સમગ્ર અસ્તિત્વ જાણે હલબલી ઊઠ્યું હોય તેમ આંખો મીંચી ગયો સ્વરૂપાનંદ. તેની વાચા બંધ પડી. અંતરના ઊંડાણમાં ઊતરી ગયો સ્વરૂપાનંદ. સ્મૃતિની ભીષણ આગમાં શેકાઈ રહ્યો સ્વરૂપાનંદ. ક્યાંય સુધી મૌન બની, બે હાથ ગોઠણ પર મૂકી આંખો મીંચીને તે બેસી રહ્યો.

હું તેના આવા પ્રત્યાઘાતથી ચિંતિત બની ઊઠ્યો. આ શું થઈ રહ્યું છે સ્વરૂપાનંદને ! તેને આઘાત લાગ્યો હશે ?

ના, મારા અંતઃકરણે કહ્યું. એક મહાયોગીને આવો આઘાત લાગવો તે સંભવી ન શકે; તો સમાધિમાં ઊતરી ગયો હશે કે પછી પોતાના અંતરને ઢંઢોળી રહ્યો છે ?

ઘણી ક્ષણો સુધી તે મૌન રહી નિશ્ચલ બેસી રહ્યો હતો. હું તેને ઢંઢોળીને સંબોધવા જતો હતો, ત્યાં જ તેની બંધ આંખોમાંથી બે આંસુઓના બુંદ ટપકતા મેં જોયા. હું બોલી ઊઠ્યો,

'અરે ! સ્વરૂપાનંદ યોગી ! તારી આંખોમાં વેદનાના આંસુ ?'

'ના... ના... આ વેદનાના આંસુ નથી !' આંખો ખોલી, હાથથી આંસુ લૂછતા સ્વરૂપાનંદ બોલી ઊઠ્યો, 'આ આંસુ તો મધુર સ્મૃતિથી જાગેલા આનંદના સ્પંદનો છે !'

'સ્વરૂપાનંદ !' મેં પૂછતા કહ્યું, 'આ આંસુઓ માત્ર આનંદની પળોની સ્મૃતિને કારણે જ નિર્ઝરે છે, કે તેમાં વિયોગની પળોની વેદના પણ ભળી છે ? બરાબર તારા અંતઃકરણને ઢંઢોળીને પૃચ્છા કરી જો. ને ખોલી નાખ તારા અંતરને આજે ! વ્યક્ત કરી દે આજે એ બધું, જેથી તારા વારંવાર ઝંકૃત થઈ ઊઠતા અંતરને શાંતિ પ્રાપ્ત થઈ જાય !

હજુ પણ કહું છું. તારી વેદના અભિવ્યક્તિ માગે છે. અભિવ્યક્તિ જ તારી ધરબાયેલી વેદનાનું ઓસડ છે. સ્મૃતિની વેદના તારા મોક્ષની અંતિમ ક્ષણોને અવરોધી રહી છે. કહી દે બધું સ્વરૂપાનંદ ! ભલે તું યોગી રહ્યો, હું તો તારો જન્મજન્મનો મિત્ર છું.'

હું એકીશ્વાસે બોલી ગયો હતો. ત્યાં જ સ્વરૂપાનંદે એક હાથ નકારમાં હલાવી કહ્યું,

'ના... ના... એવું કશું જ નથી, અનંતાનંદ ! હું યોગમાર્ગે સિદ્ધ છું. છતાં, હું માનવ છું. માનવને નાતે સંસારી હતો અને સંસારની બધી યાદોને તેની સંલગ્ન બધી જ સંવેદનાઓ મારા સૂક્ષ્મદેહમાં આજે પણ જખ્મોની જેમ ચોંટી રહી છે. જે મારા મોક્ષદ્વાર આડે આવરણ બનીને ખડી છે !'

પછી સુદીર્ઘ શ્વાસ લઈને દુઃખ અને વિષાદ ભરેલા ચહેરે સ્વરૂપાનંદે મને તેની નજીક બેસાડતા કહ્યું,

'હવે, આ બધાં સુખ-દુઃખના ભાવોને વ્યક્ત કરવાં, તે મને જરા પણ શોભતું નથી, પરંતુ તેં આજે, મેં ભૂલેલા અને રુઝ પર આવી ગયેલા આ ઘાવને, વર્ષો સુધી અંતરના અતલ ઊંડાણમાં ધરબી દીધેલ સ્મૃતિઓને આજે એક જ ઝાટકે બહાર લાવી દીધી છે !' કહી સ્વરૂપાનંદ શૂન્યમનસ્ક બનીને બેસી રહ્યો. તેના મુખ પર ઉદાસીન ભાવો છવાઈ ગયા હતા. થોડી વાર સ્થિર રહી, અપલક દૃષ્ટિ મારા તરફ નાંખી પુનઃ બોલ્યા,

'આ બધી યૌગિક ક્રિયાઓ, જપ, તપ વર્ષો સુધી મેં કરેલી સાધનાઓ મને જાણે આજે નિરર્થક લાગે છે; સૌથી ઊંચી ગૃહસ્થાશ્રમની ફરજમાંથી ચ્યૂત થઈ મને લાગે છે કે મેં પલાયનવૃત્તિ દાખવી છે.'

કહી સ્વરૂપાનંદે લાંબી જટા એક ઝાટકે છોડીને માથું ધુણાવ્યું. મારા મનમાં તેની આ સ્થતિ જોઈ કરુણા જાગી ઊઠી. દુઃખ પણ થયું. તેની ધરબાયેલી લાગણીઓને મેં પુનઃ જાગૃત કરી. મને થયું કે, જીવનમુક્ત કક્ષાએ પહોંચેલા આ યોગીને, જગતની કોઈ લાલચ, કોઈ સ્મૃતિ વિચલિત કરી શકે નહિ, પરંતુ યોગી પણ છેવટે એક માનવ તો હશે જ ! વણછિપાયેલી ઇચ્છાઓ ક્યારેક તો તૃપ્તિની ઇચ્છા સાથે જાગૃત થાય જ ને ! માટે જ શાસ્ત્રોએ કહ્યું કે, નિયમપૂર્વક ગૃહસ્થાશ્રમ પાળીને પછી જ વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસાશ્રમમાં ક્રમશઃ પ્રવેશ કરવો. અધૂરા ગૃહસ્થાશ્રમે કરેલો ત્યાગ આ પરિણામ લાવે છે.

સ્વરૂપાનંદે કદાચ ઉતાવળ કરી હતી. ઊંડે ઊંડે શું, પણ પ્રત્યક્ષરૂપે તેને પત્ની પ્રત્યે અનુરાગ હતો. માતા-પિતા પ્રત્યે સ્નેહ હતો, કદાચ સંસાર તેને માણવો ગમતો હતો. મને લાગ્યું કે, અચાનક આવી પડેલા આઘાત-દુઃખના ભારને અતિશય મોટો સમજી, તેને સહન કરવાની અશક્તિથી તેનામાં સંસારમાંથી ભાગવાની 'પલાયનવૃત્તિ'

જાગૃત થઈ, જેને તેણે 'વૈરાગ્ય' માની લીધો. વાસ્તવમાં આ તીવ્રવૈરાગ્ય ન હતો. દુઃખમાંથી ભાગવાની સંવેદનાત્મક મનોવૃત્તિ અને આઘાતમાંથી બચવાની અશક્તિ માત્ર હતી. તેને હવે સ્વસ્થ થયેલો માની, તેનો સ્પર્શ કરીને મેં કહ્યું,

'ના... સ્વરૂપાનંદ ના... ! તું સાચે રસ્તે હતો, છે; ક્ષણિક સંસારનો ત્યાગ કરી, ઈશ્વર પ્રાપ્તિ કરવી એ જ મનષ્યનું લક્ષ્ય છે. તેં એ પ્રાપ્ત કરી લીધું છે. ત્યાગની સાથે સૂક્ષ્મશરીરનો, તેના જડદેહની સાથે સંલગ્ન હોય છે; અને એ સૂક્ષ્મદેહની સાથે સંસારની બધી જ અનુભવજન્ય સ્મૃતિઓ અને તેથી ઉપજતી સંવેદનાઓ પણ વિદ્યમાન રહેલી હોય છે. તેને ધરબી શકાય છે, ભૂલીને એ સંવેદનાઓને ઈશ્વર પ્રત્યે વાળી શકાય છે.'

'સ્મૃતિરૂપી ખંજવાળ આવે તો તેને સાહજિકતાથી લેવી જોઈએ. ઘાવ કે સ્મૃતિથી ઉત્પન્ન થતું દુઃખ, કે જે ક્યારેક આપ્તજન પાસે અભિવ્યક્તિ માગે છે, તો સંકોચ વગર અભિવ્યક્તિ કરવી. આ ઉત્તમ ઉપાય છે.'

'સ્મૃતિ માત્ર મધુર યાદોની જ રહે છે. એ સ્મૃતિમાં જો મોહ ઉત્પન્ન થાય તો તે જ મધુર સ્મૃતિ દુઃખ ઉત્પન્ન કરે છે.'

પછી લાગણીપૂર્વક હસતાં હસતાં મેં કહ્યું,

'એવી ખરજવા જેવી સ્મૃતિઓને આજે વ્યક્ત કરી દે ! કહે, મારા આશા ભાભી કેવા હતા ?'

સાંભળીને ખડખડાટ હસી પડ્યો સ્વરૂપાનંદ. તેનો બધો જ વિષાદ જે ક્ષણિક હતો, દૂર થઈ ગયો. મુક્ત મને હસતાં હસતાં તે બોલ્યો,

'કમાલ છે, તું પણ બાકી !' પછી મારી પીઠ પર હળવો ધબ્બો મારીને બોલ્યો, 'તું પણ આજે મારો ગુરુ નીકળ્યો !' પછી મારા તરફ ફરી દૃષ્ટિ નોંધીને બોલ્યો,

'તું જે મારા વિશે વિચાર કરતો હતો, તે તટસ્થપણે મેં જાણી લીધા હતા ! તારી ઘણી વાત, વિચારો કાંઈક અંશે સત્ય પણ છે; છતાં મારે તને અવગત કરવો જોઈએ કે મારો 'ગૃહત્યાગ' પલાયનવૃત્તિ ન હતી. સાચા અર્થમાં 'વૈરાગ્ય' હતો. બુદ્ધની જેમ મને પણ ઘણું મનોમંથન થયેલું, છેવટે ખૂબ વિચારને અંતે મેં આ રસ્તો અપનાવ્યો હતો. છેવટે બધું જ ઈશ્વરાધીન છે; મનુષ્યને તેના પૂર્વજન્મના કર્મો જ તેની પાસે નિર્ણયો કરાવી વર્તન કરાવે છે. મેં જે કર્યું તે મહામાયા કુંડલિનીની પ્રેરણાથી જ કર્યું છે, જે સત્ય હોઈ મને એ જ રસ્તો યોગ્ય લાગ્યો, યોગ્ય લાગી પણ રહ્યો છે અને એ યોગ્યતાના આધાર પર જ આજે હું આ કક્ષા પ્રાપ્ત કરી શક્યો છું. એમાં મને કોઈ શંકા નથી.'

પછી થોડું અટકીને હસતાં મુખે સ્વરૂપાનંદ બોલ્યો,

'હા ! માણેલી ક્ષણોની મધુર સ્મૃતિઓ ક્યારેક અને ક્યારેક જ ઝંકૃત થઈ ઊઠે છે, ખરી ! પરંતુ મને તેમાં મોહ થતો નથી.'

પછી અટકીને આગળ કહ્યું,

'પરંતુ, તેમ છતાં, તેમ છતાં પણ મને એક વાત ચોક્કસ સતાવે છે. આશાદેવીના અરમાનોને મેં પૂર્ણ ન કર્યા. લગ્નવેદી પર મંત્રોચ્ચાર સાથે સહજીવનની જે પ્રતિજ્ઞા લીધી હતી, તે હું પૂર્ણ ન કરી શક્યો. બસ આ જ વાત...'

'હા... એ કર્તવ્ય ન બજાવ્યાનું દુઃખ તો ખરું જ, એ વાત તો તું વીસરી પણ ચૂક્યો હતો; પરંતુ એક વાત તારાથી ન ભૂલી શકાય ! ખરું ને !'

'હા... સત્ય !' સ્વરૂપાનંદ જાણે દૂર ક્ષિતિજમાં જોતો હોય તેમ ઊંચો દૃષ્ટિ કરીને બોલ્યો, 'મને વીંધી નાખવા માટે તારું નિશાન બરાબર તકાયું છે !' હસીને સ્વરૂપાનંદ બોલ્યો, 'આજે પણ મને આશાદેવીનું પૂર્ણિમાના ચંદ્ર જેવું સ્વરૂપવાન અને નમણું-શીતળ મુખ યાદ છે. એ શીતળ ચાંદની જેવી લગ્નપૂર્વેની એની એક ક્ષણની ઝલક ! એ બધું કહેવું અત્યારે મારા માટે ઉચિત નથી. બસ, એટલું જ પૂર્વજન્મના સારા કર્મો અનુસાર ગુણિયલ અને સ્વરૂપવાન પત્ની પ્રાપ્ત થાય !'

કહી સ્વરૂપાનંદ આંખો બંધ કરી મૌન ધારણ કરી રહ્યો. મને પુનઃ તેના અંતરને ખોતરી જોવાનું મન થયું. મેં રમૂજ કરતાં હસીને કહ્યું,

'તો પછી સંસારમાં પુનઃ પ્રવેશ કરી લેવામાં કોઈ કાનૂની જોગવાઈ અડચણરૂપ નથી ! કેમ ? મારો ખ્યાલ કેવો લાગે છે ?'

મારો પ્રશ્ન સાંભળીને વિચલિત થઈ ઊઠેલો સ્વરૂપાનંદ ભભૂકી ઊઠ્યો. થોડી રીસ અને થોડા ક્રોધ સાથે બોલી ઊઠ્યો,

'તારે, કાંઠે આવેલું મારું વહાણ ડુબાડી દેવું છે ? તું મને એવા પામર અને નબળા મનનો ન સમજ. કેટલાં દૃઢ મનોબળથી મેં સંસારનો ત્યાગ કર્યો છે, તેની તને ખબર છે ? ગમે તેવી સુંદર સ્ત્રી પણ છેવટે માંસ, રૂધિર અને ગંદવાડથી ભરેલી છે. હું જાણતો હોવા છતાં અથવા જાણી ચૂક્યા પછી હવે એવા ક્ષણિક સંસારમાં આ ઉંમરે પુનઃ પ્રવેશી સાધુસમાજને કલંક લગાડવા ઉદ્ધૃત બનું ? છી !'

'પરંતુ પ્રેમ ! પ્રેમ તો ઈશ્વરનું સ્વરૂપ છે. પછી ભલેને એ સુદંર પત્નીના દેહમાં નિહિત થયેલો હોય ! પ્રેમને માણવામાં કોઈ પાપ નથી.'

સાંભળીને શીઘ્ર શાંત થઈ ગયેલા સ્વરૂપાનંદે જવાબ આપ્યો, 'એ સત્ય છે ! વ્યાપક અર્થમાં સર્વવ્યાપી-સર્વના પ્રત્યેનો પ્રેમ જરૂર ઈશ્વરનું સ્વરૂપ છે; પરંતુ વ્યક્તિ વિશેષમાં કેન્દ્રિત થયેલો પ્રેમ માત્ર મોહ છે.' પછી મારા તરફ વેધક દૃષ્ટિ નોંધીને બોલ્યો,

'અને મોહ એ ચંચળ મન અને નાશવંત આકાશતત્ત્વમાંથી ઉત્પન્ન થયેલો હોય, યોગી માટે પાપનું કારણ અને નર્કનું દ્વાર છે. એ પણ સમજે છે ને તું ?'

'સંયમ અને ત્યાગથી અભિભૂત, પવિત્ર અને શ્રદ્ધેય યોગીઓ સમાજ માટે

આદર્શરૂપ છે. ક્ષણિક સંસારમાં પુનઃ પ્રવેશી એ ભાવના પર કઠુરાઘાત કૃત્ય હરગિજ ન કરાય !'

'ઠીક છે, જવા દે એ વાત. લાંબી ચર્ચામાં ઊતરવું બરાબર નથી.' પછી થોડું મૌન ધારણ કરી, હસીને વક્રદષ્ટિથી મારી સામે જોઈને જાણે કટાક્ષમાં સ્વરૂપાનંદે મને કહ્યું,

'પરંતુ તું શા માટે આવી બધી વાતો કરી મને પુનઃ સંસાર પ્રત્યે આકર્ષિત કરવાનો પ્રયત્ન કરે છે ?'

પછી હસતા હસતા મારો સ્પર્શ કરીને કહ્યું,

'તારે આપણા દેહની અદલાબદલી કરી, મારા દેહમાં તારા આત્માને પ્રવેશ કરાવી મારું કાર્ય કરવાનું છે. તેમાં પીછેહઠ કરીને કાયરની જેમ મુક્ત થવાને તો નથી ઇચ્છતો ને ? ક્યાંક તારામાં જ પલાયનવૃત્તિ તો નથી વકરી ઊઠી ને ?' કહી, સ્વરૂપાનંદ મુક્તમને ખડખડાટ હસી રહ્યો.

'ના... ના... એવું ન સમજી બેસતો ! તારા માટે બધું કરવા તૈયાર છું !' મેં પણ મુક્તમને હસીને કહ્યું, 'પરંતુ એક વાત નક્કી. હજુ તારામાં એક વકીલનો જીવ કાર્યાન્વિત છે. તેં મને જ આમ કહીને અપરાધીના પિંજરામાં ઊભો કરી દીધો. બરાબર વળતો ઘા માર્યો તેં, સ્વરૂપાનંદ !'

'તારી મારા પ્રત્યેની શુભભાવનાને હું બરાબર સમજુ છું, પરંતુ તને બોલતો બંધ કરવા આ એક જ રસ્તો હતો !' સ્વરૂપાનંદે પ્રત્યુત્તર આપતા કહ્યું.

અને અમે મુક્ત રીતે હસી પડ્યા. એક પરમ સંતોષનું સ્મિત મેં જોયું સ્વરૂપાનંદના તેજસ્વી મુખ પર. તે જોઈ હું પુલકિત થઈ ઊઠ્યો. ક્યાંય સુધી અમે એકબીજાનો હાથ પકડીને મૌનમૂક બની, પરમશાંતિનો અનુભવ કરતા બેસી રહ્યા.

થોડીવારે સ્વરૂપાનંદે શાંતસ્વરમાં કહ્યું, 'આ બધી મહામાયા કુંડલિનીની ક્રીડા છે. ભૂતમાત્ર તેની ઇચ્છા મુજબ કર્મો કરે છે, કર્મો બાંધે છે પણ તેની ઇચ્છા મુજબ મુક્ત પણ બને છે, તેની ઇચ્છા મુજબ. મનુષ્ય પામર છે, રમકડું માત્ર છે ! ખેર, જવા દો એ વાત ! મહામાયા કુંડલિનીનું જાગરણ થતાં આ બધું સમજાઈ જાય છે અને સંસાર રમવા માટેના મેદાન જેવો લાગે છે !'

ધીરગંભીર સ્વરમાં બોલાતા તેના શબ્દો મને સ્પર્શી ગયા. ઊંડે ઊંડે મને જાણે સમાધિનો અનુભવ થયો. સર્વત્ર અંદર અને બહાર મારામાં આનંદના સ્પંદનો ઊઠવા લાગ્યા; અને એ સાથે જ મને લાગ્યું કે મહામાયા કુંડલિનીનું જ્ઞાન મને પ્રાપ્ત થઈ ગયું છે. મને લાગ્યું કે હવે મને મહામાયા વિશે કશુંજ કહેવાની જરૂર નથી. હું પૂર્ણ બની ગયો છું ! ત્યાંજ સ્વરૂપાંદજીએ કહ્યું,

'તે ગુરુકૃપાશક્તિ જેનામાં પ્રવેશ પામે છે, તેનો સમગ્ર સંસાર આનંદથી પરિપૂર્ણ

બની જાય છે. જ્ઞાનચક્ષુ વડે જોતા સંસારમાં 'ચિત્તિ' સિવાય કશુંજ નહિ અનુભવાય. સંસારમાં મનુષ્યદેહ ધારણ કરીને પરમેશ્વર જ રહે છે.' આટલું કહી સ્વરૂપાનંદ મૌન બની ગયો.

હું વિચારી રહ્યો. સ્વરૂપાનંદ જેવા મહાજ્ઞાની અને સિદ્ધયોગીને કદાપિ કોઈ મોહ ન હોઈ શકે, ન ઉત્પન્ન થઈ શકે. તેમ છતાં આ પૃથ્વી પર જન્મ લઈને ઋણાનુબંધથી બંધાયેલ છે, જે પૂર્ણ કર્યા પછી જ, પોતે જીવનમુક્ત હોવા છતાં, મોક્ષગતિ પામી શકે.

હું વિચારી રહ્યો હતો, ત્યાં જ તેના શબ્દો મારા કાને પડ્યા, 'રેવાનંદજીએ તને બધું સમજાવી દીધું છે, તેં પણ પૂર્ણ વિચાર કરી લીધો છે. હવે મારે કશું કહેવાનું નથી. તારી સાધના થોડા દિવસોમાં પૂર્ણ થયા બાદ તને બધું જ્ઞાન પ્રાપ્ત થઈ જશે.'

'તારા અનેક પૂર્વજન્મો અને મારી તથા આશાદેવી સાથે, જે તે જન્મોમાં તારા સંબંધો રહ્યા છે, તે અત્યારે તને બતાવી શકું તેમ છું; પરંતુ તારી સાધનામાં તે વિઘ્નરૂપ બને તેમ છે. અનેક જન્મોની સ્મૃતિઓની સંવેદનાઓ તને વિચલિત કર્યા કરશે, જે સિદ્ધિઓ માટે મહાવિઘ્નરૂપ છે. માધવાનંજી પણ આ ઉદ્દેશ્યથી તારી સન્મુખ વારંવાર ન અવાય, તે માટે વિદાઈ લઈ ગયા છે. બધું પૂર્ણ થાય પછી જ તે તને પુનઃ મળશે.'

સ્વરૂપાનંદ કહી રહ્યો હતો, ત્યાં જ રેવાનંદજી ગુફામાં દાખલ થતાં જ બોલ્યા, 'વાહ ! બન્ને મિત્રોની વાતો ખૂબ લાંબી ચાલીને શું ! હવે વાતો પૂર્ણ થઈ ગઈ હોય તો પ્રસ્થાન કરીએ !'

'હજુ કાંઈ પૂર્ણતા કરવાની હશે, તે તમે કરશો જ; પછી અનંતાનંદને શંકા જ ક્યાં રહી ?' કહી સ્વરૂપાનંદ મારી સામે હસી રહ્યો.

'ના... !' રેવાનંદજીએ રમૂજી ટોનમાં કહ્યું, 'હવે સાધના પછી આત્માસ્થાપનનું કામ પુરણપુરીનું ! જો કે હું ઉપસ્થિત રહીશ, પરંતુ પુરણપુરી હરિદ્વાર સુધી સ્વરૂપાનંદના સૂક્ષ્મદેહને અને અનંતાનંદના આત્માને પ્રેરણા આપશે; અને જરૂર પડશે તો તે ત્યાં 'હરકીપૈડી'ના ઘાટ પર આવેલ રવિપુરીની જગ્યાએ રહી સહાય કરશે. જોકે એવી જરૂર પડશે જ નહિ. કારણ કે અનંતાનંદના આત્માને તારા સૂક્ષ્મ અને જડદેહનો સહારો હશે. તેથી દેહની અંદર જળવાયેલી બધી જ સૂક્ષ્મ વાસનાઓ અને સ્મૃતિઓ સંગ્રહાયેલી પડેલી જ હશે. ઇન્દ્રિયજન્ય કર્મો દેહ કરશે અને અનંતાનંદનો સિદ્ધ અને શુદ્ધ આત્મા તેને શક્તિ પ્રદાન કરશે. અતઃ પછી કોઈ સહાયની જરૂર પડશે નહિ ! નિયત કાર્ય પરિપૂર્ણ થયા પછી પુરણપુરી સાથે સ્વરૂપાનંદના દેહે આજ જગ્યાએ પરત થવાનું છે. પછી બન્નેના આત્માને પુનઃ પોતપોતાના દેહમાં પ્રસ્થાપિત કરવામાં આવશે. બસ, કાર્ય પૂર્ણ !'

કહી રેવાનંદજી મૌન બનતા મેં રમૂજમાં કહ્યું, 'પરંતુ પછી રેવાનંદજી પોતે શું કરશે ?'

''રેવાનંદ' એ શરીર નામધારી.' મોટેથી હસતા રેવાનંદજીએ કહ્યું, 'એ શરીર નામધારી રેવાનંદ પોતે ઇન્દ્રિયોના ઘોડા પર બેસીને તબડાક્... તબડાક્ કરતાં, લગામ પકડીને બધે દોડીને અવલોકન કરશે !' અભિનય કરી હસતાં હસતાં પુનઃ બોલ્યા,

''જોઈએ હવે સ્વરૂપાનંદનો દેહ અર્થાત્ સ્વરૂપાનંદ અને અનંતાનંદના આત્માની જુગલબંધી કેવું કામ કરે છે; અને આશાદેવીને જીવનમુક્ત બનાવીને કઈ રીતે પરત થાય છે !' મેં પણ હસતાં હસતાં કહ્યું.

'રેવાનંદજી ! તમે બાજીના પાના એવી રીતે ગોઠવ્યા હશે કે અમારી જીત તો થશે જ !'

મારી વાત સાંભળીને બન્ને મોટેથી હસી પડ્યા, ને વાતાવારણ હળવું ફુલ થઈ ગયું. સ્વરૂપાનંદના ચહેરા પર પ્રસન્નતા અને આંખોમાં સંતોષનું પ્રતિબિંબ ઊપસી આવેલું મેં જોયું.

'ૐ નમોનારાયણ'ની આપ-લે કરી અમે ગુફાની બહાર જવા નીકળ્યા. મેં બહાર નીકળતા પૂર્વે પાછળ દૃષ્ટિ કરી જોયેલું તો સ્વરૂપાનંદ સમાધિમાં લીન બની જમીનથી ત્રણ ફૂટ ઊંચે પદ્માસનમાં પુનઃ બેસી ગયેલા, જલતી મીણબત્તીના પ્રકાશમાં દેખાયા !

રાત્રિનો પ્રારંભ ક્યારનો થઈ ચૂક્યો હતો, પરંતુ ચંદ્રનો પ્રકાશ સહાયરૂપ થઈ રહ્યો હતો. રેવાનંદજી સાથે કદમ મિલાવી ચાલતો હું થયેલા અનુભવોને વાગોળી રહ્યો હતો, ઇચ્છા ન હોવા છતાં એ મુલાકાત વખતના સ્પંદનો મને પ્રભાવિત કરી રહ્યા હતા. સ્વરૂપાનંદ, તેમની પત્ની આશાદેવી અને પૂર્વજન્મોમાં તેની સાથેના મારા સંબંધોની સૂચક વાતો મને યાદ આવી રહી હતી. 'મિત્રની પત્ની પણ કોઈ જન્મમાં તમારી પત્ની હોઈ શકે.' એ તેના શબ્દો અને તેનું સૂચક અને માર્મિક હાસ્ય વિશે હું વિચારી રહ્યો હતો. સ્વરૂપાનંદ આખરે શું સૂચવવા માંગતો હશે ? મારી સાથે તેનું અર્થઘટન કરવા જતાં હું મૂંઝવણ અનુભવતો હતો. પ્રશ્ન મારા મનમાં ઉદ્ભવીને શમી જતો હતો, ને હું પણ એ ઉદ્ભવતા પ્રશ્નને મારા અંતરમાંથી બળાત્કારે હડસેલી દેતો હતો ! છતાં, હું વિચારી રહ્યો હતો. સ્વરૂપાનંદ કોઈ જન્મમાં અથવા અનેક જન્મોથી મારો મિત્ર હતો. તો શું આશાદેવી સાથે પૂર્વજન્મમાં મારે કોઈ સંબંધ... આશાદેવી... ક્યારેક !

હું આગળ વિચારતો અટકી ગયો. મનમાં આવેલા વિચારથી ડરી ગયો. હચમચી ઊઠ્યો, હું એ વિચારથી !

ત્યાં જ અચાનક મારાથી રેવાનંદજી તરફ જોવાઈ ગયું. તો તે મારી સામે જ જોઈને હસી રહ્યા હતા. તેને પૂછવાની કોઈ જરૂર ન હતી. એ મારા વિચારો જાણીને જ હસી રહ્યા હતા. મૂંઝવણના ભાવ સાથે મેં પણ મૌનમૂક સ્મિત કરીને જ મૌન રીતે પ્રશ્ન કર્યો.

'અગર મારા વિચારોને જાણી જ ગયા છો, તો કહો !'

'એ સત્ય છે !' નિર્લેપભાવે પ્રત્યુત્તર આપતા રેવાનંદજીએ કહ્યું

'પરંતુ, પૂર્વજન્મના સંબંધોને યાદ કરવાનો કોઈ અર્થ નથી. અનેક જન્મોનો કોઈને કોઈ સંબંધ રહ્યો જ હોય છે, પરંતુ આ વર્તમાન જન્મમાં પ્રાપ્ત થયેલી જુદી જ પરિસ્થિતિનાં સંદર્ભમાં તેનું કોઈ મૂલ્ય નથી. સંબંધો રહેતા નથી. કર્માનુસાર ઋણાનુબંધ રહે છે, જે કોઈ પણ સ્વરૂપમાં હોઈ શકે છે, પરંતુ આ બધું પુરવાર કરવું શક્ય નથી. યોગબળથી તે જાણવું અને જાણીને યાદ કરવું તે ઈષ્ટ નથી. આવી નાની ઘણી સમસ્યાઓ સર્જાય છે, માટે અત્યારે બધું ભૂલીને ધ્યેય તરફ આગળ વધવામાં જ સક્રિય બની રહો !'

કહી રેવાનંદજી મૌન બનીને ચાલી રહ્યા, ત્યાં જ આગળની ઝાડીમાં ખડખડાટ થતાં મેં તે તરફ પ્રકાશ ફેંક્યો, તો હું ક્ષણભર ચમકી ગયો. થોડે દૂર આત્મારામ સિંહસ્વરૂપે અમારી સામે ઘૂરકતો, જીભના લબકારા મારતો પૃચ્છ ઊભું કરી ઊભો હતો. અમે તેને 'ૐ નમોઃ નારાયણ' કર્યાં. જવાબમાં આત્મારામે કેશવાળીવાળું મોટું મસ્તક નમાવી અભિવાદન કર્યું અને ઝડપથી ઝાડીમાં ચાલતો થયો, ત્યાં જ મારી બાજુમાં પુનઃ ખડખડાટ થયો, તે તરફ બેટરીનો પ્રકાશ ફેંકતા અમે તે જ સિંહણને જોઈ, જે પૂર્વે આત્મારામ સાથે સંવનન કરતી જોયેલી. જે આત્મારામ તરફ છલાંગ મારતી ઝડપથી દોડી રહી હતી. હું તેને દોડી જતી બેટરીના પ્રકાશમાં જોઈ રહ્યો.

અમે કાળમીંઢ ખડકોને વટાવતા ગાઢ જંગલ વચ્ચે ખીણમાં ચાલી રહ્યા હતા. ટેકરીમાં ઝાડી પાછળથી આવતા અગ્નિપ્રકાશને જોઈ કોઈ સાધુની ત્યાં જગ્યા છે, તેવું સહેજે અનુમાન થઈ જતું હતું. આવા ગાઢ જંગલમાં અમે ચાલી રહ્યા હતાં, ત્યાં જ એક જંગલી બિલાડો આંખો ચમકાવતો અમારી સામેથી પસાર થઈ ગયો. ગાઢ જંગલમાં ચાંદરડારૂપે ચંદ્રનો પ્રકાશ ક્યાંક ક્યાંક દેખાઈ જતો હતો. વાતાવરણમાં ઠંડક હતી. મેં મારા ઉપવસ્ત્રને શરીર સાથે બરાબર લપેટી લીધું. હવામાનના પલટાને કારણે ઠંડીમાં અત્યંત વધારો થઈ ગયો. મને લાગ્યું કે પથ્થરો અને કાંટાળા ઝાડી-ઝાંખરા વચ્ચે ચાલવું હવે મારા માટે મુશ્કેલ છે. ત્યાં જ રેવાનંદજી મારા ખભા પર હાથ મૂકી બોલ્યા,

'ગભરાવાની જરૂર નથી. હવામાનનો આ ક્ષણિક પ્રભાવ હોય છે. આ ભૂમિ આવા પ્રભાવવાળી છે. જ્યાં પ્રવેશ કરતાં જ મન-શરીરમાં ભય અને હતાશાનું વાતાવરણ ઉત્પન્ન થાય છે !'

'પરંતુ...' મેં પ્રશ્ન કર્યો, 'આ ભૂમિની એવી કઈ વિશિષ્ટતા છે, જેને કારણે આવી વાતાવરણ અચાનક ઉત્પન્ન થાય !'

'અવગતિ પામેલાં, ભટકતા અસંતોષી અને અતૃપ્ત આત્માઓનો આ ભૂમિ પર પ્રભાવ પડી રહ્યો છે. આમ તો દરેક જગ્યાએ આત્માઓ સૂક્ષ્મ શરીરે ભટકતાં જ હોય

છે. પૃથ્વીતત્ત્વ તેમનામાં ન હોવાથી જોઈ શકાતા નથી. તેઓ જડપદાર્થો, દીવાલો તેમજ આપણાં શરીર વચ્ચેથી પણ પસાર થઈ જતાં હોય છે. હવાના ઝોંકા જેવું તેમનું સ્વરૂપ હોય છે, પરંતુ ગતિ અનુસાર કેટલાંક આત્માઓ પ્રગટ રૂપ ધરી શકે છે; પૂર્વજન્મનાં કર્મો અનુસાર તેમને અમુક શક્તિ પણ પ્રાપ્ત થાય છે.'

'મૃત્યુ પછી જીવને નવો જન્મ, સ્વર્ગ અથવા નર્ક જ પ્રાપ્ત થાય છે. તો આ ભટકતાં આત્માઓની આવી ગતિ શા માટે ?' મેં પૂછ્યું.

'મનુષ્યનાં મૃત્યુ પછી તુરત જ સ્વર્ગ, નર્ક કે મોક્ષ પ્રાપ્ત થઈ જતાં નથી. મૃત્યુ અને પુર્નજન્મની વચ્ચેનો એક ગાળો કે અંતર હોય છે. જન્મ અને મૃત્યુની વચ્ચેના ગાળામાં જીવે આ રીતે ભટકવું પડતું હોય છે. કર્માનુસાર આ ગાળો લાંબો કે ટૂંકો હોઈ શકે છે. મૃત્યુ પછી જીવાત્મા એક વર્ષ સુધી મૂર્છાવસ્થામાં રહે છે. ત્યાર બાદ તે જાગૃત થયા બાદ, તેના કર્મો અનુસાર તેને સ્વર્ગ, નર્ક કે પુર્નજન્મ પ્રાપ્ત થાય છે, અથવા તેને મોક્ષ મળી જાય છે.'

પરંતુ જીવના કર્મો અનુસાર તેને અમુક સમય ભટકવું પડે છે અને એ દરમિયાન જે તે જીવે તેની રહી ગયેલ વાસના અનુસાર અતૃપ્તિનું દુઃખ ભયંકર રીતે ભોગવવું પડે છે. જડ શરીર ન હોવાથી તે તેની વાસના સંતોષી શકે નહિ. તેને અતૃપ્તિનું દુઃખ ભોગવવું પડે છે. દરેક જીવની વાસના અને પ્રકૃતિ એકસરખી હોતી નથી.'

પરંતુ રેવાનંદજી આગળ બોલે તે પહેલાં વૃક્ષોની પાછળ ખુલ્લી જગ્યામાં એક વિશાળ અને વિકરાળ માનવઆકૃતિ ચંદ્રના પ્રકાશમાં સ્પષ્ટ રીતે જોઈને હું ચોંકી ગયો. એ ઊંચી, સશક્ત અને બિહામણી માનવઆકૃતિની આંખો ગુસ્સાથી લાલચોળ જણાતી હતી, તેથી ચહેરો વિકૃત લાગતો હતો. તે મારી સામે એકીટશે જોઈ રહ્યો હતો.

સામાન્ય રીતે આવા અંધકારમાં, ગાઢ જંગલની વચ્ચે આવું દશ્ય જોઈને જરૂર કંપારી છૂટી જાય, પણ હવે મેં ભયનો સદંતર ત્યાગ કરી દીધો હતો અને રેવાનંદજી જેવા સિદ્ધમહાત્મા મારી સાથે હોવાથી હું નિર્ભયપણે માત્ર આશ્ચર્ય અનુભવી રહ્યો હતો. ત્યાં જ આગળ વધવાનું જારી રાખતા રેવાનંદજી બોલ્યા, 'આમાં ભય કે આશ્ચર્ય પામવા જેવું કશું નથી. તમે સામે જે ભયાનક લાગતી આકૃતિ જોઈ રહ્યા છો, તે 'જિન્નાત'ના નામે ઓળખાય છે. કેટલાક તેને 'મામો' અથવા 'મામાસાહેબ' કહે છે !'

'મામાસાહેબ આમ તો સજ્જન આત્મા હોય છે; એટલે તે ક્રૂરતા બતાવતો નથી, પરંતુ કેટલાંક જીવાત્માઓએ ક્રૂરતાપૂર્વક જીવન વિતાવ્યું હોય છે. તેવા જીવો પ્રેતયોનિમાં પણ બીજાને દુઃખ આપે છે. પ્રબળ ઇચ્છાવાળી પ્રસૂતા સ્ત્રી ચુડેલ થાય છે, પતિપ્રેમથી વંચિત રહી ગયેલી સ્ત્રી મૃત્યુ બાદ પ્રેતયોનિમાં પ્રવેશ્યા પછી અન્ય જીવિત સ્ત્રીઓનાં શરીરમાં પ્રવેશી પતિસુખ માણવાનો પ્રયત્ન કરે છે, અકસ્માત, ખૂન કે આત્મહત્યા કરીને

મૃત્યુ પામેલ વ્યક્તિ કે જીવ આ રીતે ભટકીને દુઃખી થાય છે. તે ક્યારેક કોઈને દેખાય છે, બીડી-સિગારેટ જેવી વસ્તુ પણ માંગે છે, પછી અચાનક આગનો ભડકો થઈને અદૃશ્ય થઈ જાય છે.'

'ભૂત-પ્રેતથી ડરવાનું હોતું નથી, ઘણા પ્રેતાત્મા મનુષ્યોને મળવા માગે છે, પરંતુ મનુષ્યો તેનાથી ડરી જાય છે. ઘરમાં દેવસ્થાન હોય, ધૂપ-દીપ નિયમિત થતાં હોય, તે ઘર આવી આપત્તિઓથી સુરક્ષિત હોય છે.'

'મૃત્યુ પછી અને જન્મ પહેલાંનો આવો ગાળો સંતો અને સિદ્ધો પણ ભોગવે છે. જ્યાં સુધી તેના માટેના દ્વાર ખૂલે નહિ, ત્યાં સુધી સુખપૂર્વક વિચરે છે. નરસિંહ મહેતાના આત્માને દાદાગુરુએ તંબૂર સાથે ભજન ગાતા ગાતા વિચરતો જોયેલો. તેમના કહેવા મુજબ જલારામ બાપાનો પવિત્ર આત્મા હજુ પણ વીરપુરમાં તેમની જગ્યામાં બિરાજી રહેલ છે.'

'આવા શુદ્ધ અને પવિત્ર આત્માઓ લોકકલ્યાણ અર્થે સ્વેચ્છાએ અને ઈશ્વરની ઇચ્છાથી ધરતી પર રહી લોકોની ઇચ્છાઓ પૂર્ણ કરી, દુઃખો દૂર કરે છે !'

અંધારી રાત્રિમાં અમો રસ્તો કાપી રહ્યા હતા. લગભગ અમે ભૈરવજપની નીચેની ખીણમાંથી પસાર થઈ રહ્યા હતા, જ્યાં રેવાનંદજીએ મૃતકોના હાડકાં, ખોપરીઓ વિગેરેને અગ્નિદાહ આપેલો. મેં બેટરીના પ્રકાશમાં જોયું તો ત્યાં લોહીથી ખદબદતી વેરવિખેર હાડકાં અને માંસના લોચાથી ભયાનક લાગતી, તાજી જ આત્મહત્યા કરેલ કોઈ માનવ દેહની ભયાનક લાશ પડી હતી.

હું તે ભયાનક અને વિકૃત દેહને જોઈ રહ્યો; ત્યાં જ રેવાનંદજી મને આગળ દોરતા બોલ્યા, 'પ્રારબ્ધકર્મ અનુસાર આ રીતે મૃત્યુ થાય છે.' પછી થોડું અટકીને ચાલતા ચાલતા બોલ્યા, 'હવે આ મૃતદેહને પશુઓ ભક્ષણ કરશે, પશુઓની વિષ્ટા ધૂળ થઈને માટીમાં ભળી જશે. 'પંચમહાભૂત'નો બનેલો દેહ પુનઃ 'પંચમહાભૂત'માં ભળી જશે !'

અમે ધીમે ધીમે રસ્તો કરતાં ચાલી રહ્યા હતા. અંધકારનું સામ્રાજ્ય વ્યાપેલું હતું. હવામાં દુર્ગંધ આવી રહી હતી. મૃતકોની ભયાનક ચીસો પડી રહી હોય તેવો ઠંડો પવન સુસવાટા મારી રહ્યો હતો. ક્યારેક ક્યારેક ઘુવડનું ઘુ... ઘુ... ઘુ... તો ક્યારેક દીપડાની ગર્જના, ચીબરીની ચિચિયારીઓ કે શિયાળની લાળ સંભળાઈ રહી હતી. બાજ જેવા પક્ષીઓથી પોતાના બચ્ચાઓને ભક્ષ્ય થતો અટકાવવા ચિચિયારી કરી રહેલાં પ્રક્ષીઓનો ભયભીત અવાજ વાતાવરણને ભયાનક અને કરુણ બનાવી રહ્યો હતો.

હું આ વાતાવરણમાં ભળેલી કરુણતાનો અનુભવ કરી રહ્યો હતો. ત્યાં જ મને ઉતાવળે દોરતા રેવાનંદજી બોલ્યા,

'સર્વત્ર દુઃખની રેલમછેલ છે. છતાં માનવોને સંસાર ભોગવવો ગમે છે. સંસાર

ક્ષણિક, ક્ષણભંગુર અને દુ:ખોથી ભરેલો છે. બધું જ નાશવંત, બધું જ સ્વપ્નવત્, જાદુના ખેલ જેવું ભ્રામક !'

મને લાગ્યું કે ઊંડા અને દીર્ઘશ્વાસ દ્વારા રેવાનંદજીથી નિ:શ્વાસ મુકાઈ ગયો છે. મને તેમના નિ:સ્પૃહ અને શાંત ચહેરા પર બુદ્ધની પરમશાંતિ અને કરુણતાનાં દર્શન થયા.

રેવાનંદજીના કથન અનુસાર હું તેના પર વિચારી રહ્યો હતો, ત્યાં જ મૌનપૂર્વક ચાલી રહેલા તેમના શબ્દો મારે કાને પડ્યા,

'આપણું ગંતવ્યસ્થાન નજીક આવી ગયું છે. લાઈટોનો પ્રકાશ હવે દેખાવા લાગ્યો છે. આપણે 'પુનિત આશ્રમ' સુધી પહોંચી ગયા છીએ.'

'પુનિત આશ્રમ'નું નામ સાંભળી મને યાદ આવ્યું કે મારો આધ્યાત્મિક પ્રવાસ અહીંથી જ શરૂ થયો હતો. દત્તજયંતીને દિવસે પ્રથમ વખત જ માધવાનંદજી સાથે અહીં આવ્યો હતો, અહીં જ મારી પણ ભેટ-પૂજા થઈ હતી અને અહીં જ મને પૂ. શિવાનંદ સરસ્વતીજીનો વિચિત્ર રીતે મેળાપ થયો હતો. બસ ત્યારથી જ મારો એકધારો આધ્યાત્મિક પ્રવાસ અને પ્રશિક્ષણ ચાલી રહ્યું છે !

પુનિત આશ્રમ વટાવી અમે 'પ્રેરણાધામ' સુધી પહોંચી ગયા. હવે માનવસંચારનો અનુભવ થઈ રહ્યો હતો. બેટરીના પ્રકાશની હવે જરૂર રહી ન હતી. પ્રેરણાધામમાં બિરાજેલા ભગવાન શ્રી ગુરુદત્તનું સ્મરણ કરી અમે ધીમે ધીમે ચાલતા નાગાબાવાનો અખાડો પસાર કરી, ભવનાથ મંદિર સુધી પહોંચી ગયા, ત્યાં યાત્રિકોની ચહલપહલ હજુ પણ હતી. બ્રહ્મલીન પૂ. રઘુનાથગિરિની સમાધિના દૂરથી જ દર્શન કરી જમનાવાડી સુધી આવી પહોંચ્યા. શિવાનંદ સરસ્વતીજીને મેં અહીં શંકિત નજરે જોયેલા. સરયુદાસજીના પાવન દર્શન પણ અહીં જ મેં કરેલા. મેં જમનાવાડીના દરવાજાની અંદર દૃષ્ટિ કરી તો ત્યાં અંધકારભરેલી શાંતિ હતી. રોડ પર વાહનોની અવર-જવર ચાલુ હતી, જોગણિયા પર્વત તથા રેવતાચલ પર્વતના બન્ને ઢાળ પરથી સાબરના હૂંકવાનો બિહામણો અવાજ આવી રહ્યો હતો.

આખા દિવસના પ્રવાસ પછી ગંતવ્યસ્થાન આવી જતાં અંતરમાં આનંદ ઉદ્ભવ્યો. દરવાજા પાસે પહોંચતાં જ દાનબાપુના દર્શનથી નિત્યની જેમ જ અપેક્ષા હતી; પરંતુ તે ન દેખાતા થોડા દિવસો પૂર્વે બિલખાથી મોકલાયેલા સાધુ 'શાસ્ત્રીજી' ઊભા હતા. જોતાં જ બોલ્યા,

'મને લાગ્યું કે હવે તમે આવવા જોઈએ. ઘણો સમય થઈ ગયો છે. અહીં ઊભવાની સૂચના દાનમહારાજે આપેલી એટલે ઊભવું પડ્યું. જમવાનું તૈયાર છે, જો જમવું હોય તો !' કહી તે અંદરની બાજુ જવા આગળ વધ્યા. મેં તેમને અટકાવતા કહ્યું, 'અમારે

જમવાનું તો નથી. માત્ર ચા-કૉફી કે દૂધ હશે તો ચાલશે. તમને દાનબાપુએ સૂચના તો આપી હશે. જો કે દાનબાપુ એ તૈયાર કરતા જ હશે !'

'દાનબાપુ હોય તો તૈયાર કરે ને ? મારે જ બધી 'કાહટી' કરવી પડશે !' મને શાસ્ત્રીની ભાષા કર્કશ અને તોછડી લાગી, દાનબાપુની ગેરહાજરી વિશે મેં પૂછ્યું, 'દાનબાપુ નથી, તો કોઈ બાજુ ગયા છે ?'

'ઈ તો ખાસ ખબર નથી, પણ તમારા ગયા પછી કો'ક આવીને કહી ગયું કે, દાનબાપુએ એક દિવસ અગાઉથી વિશ્વંભરે યોજેલા ઉત્સવમાં આવવા નીકળવાનું છે. બસ આનાથી વધારે મને ખબર નથી.'

કહી તેઓ અંદરની બાજુ ચાલતા થયા. મને શાસ્ત્રી તરફ અણગમાનો ભાવ જાગ્યો. રેવાનંદજીએ મારો હાથ પકડી મને અંદરની તરફ દોર્યો. મેં તેમના મુખ તરફ દૃષ્ટિ કરી, તો તે હસી રહ્યા હતા. બોલ્યા,

'ચાલ્યા કરે બધું, દૃષ્ટા બનીને જોયા કરો !' ને હું તેમની સાથે ચાલવા લાગ્યો !

નીચે હાથ-પગ ધોઈ મારી રૂમ પર આવી પથારીમાં પડ્યો, તે સાથે આખા દિવસનાં અનુભવોના વિચારોએ મને ઘેરી લીધો. આંખો મીંચીને હું વિચારી રહ્યો હતો. વિશ્વંભરે કાલે યોજેલ ઉત્સવ વિશે જાણવાની મને ઉત્સુકતા હતી. રેવાનંદજીએ આ બાબત શા માટે મને કશું જ કહ્યું નહિ, તે મને સમજાતું ન હતું. મારા મનના વિચારો તે જાણી શકે છે. છતાં મને તેથી અવગત કર્યો નથી, જરૂર તેનું કોઈ કારણ હશે જ. એ વિશ્વાસ સાથે મેં આ વિચાર પર પૂર્ણવિરામ મૂકી દીધું. ભૂત-પ્રેતની વાતો તથા રેવાનંદજી પાસેથી મળેલું આત્મજ્ઞાન વિગેરે વિશે હું પુનઃ વિચારી રહ્યો. ત્યાં જ ઓચિંતા કૉફી સાથે શાસ્ત્રી પ્રવેશતા મારી વિચારધારા અટકી ગઈ. કપ લંબાવતા શાસ્ત્રી બોલ્યા,

'આ... દાન (બાપુ)નું ડિડક ભારે ! ઉપર કૉફી પહોંચાડવાનું સૂચન કરતા ગયેલા; તમે નીચેથી જ કૉફી પીને જતા રહ્યા હોત તો શું વાંધો આવત ? મારે અહીં સુધી નાહક ધક્કો તો ન થાત !' કહી તેઓ મોઢું બગાડી ઊભા રહ્યા. તેમની પાસેથી કૉફીનો કપ લેતાં જ તે બોલ્યા :

'લ્યો હવે હડફ (જલદી) કરો, મારે હજુ ઘણું કામ બાકી છે, જલદી ખાલી કરો એટલે હું વેતો થાઉં !' તેમની ગેરસમજ દૂર કરવા કપ ઝડપથી ખાલી કરી મેં કહ્યું, 'દાનબાપુને હું કહેતો નથી, તે જાતે જ બધું અહીં મોકલી આપે છે. કૉફી પીવાની મારી ઇચ્છા પણ ન હતી.' મેં અપરાધીના જેવા ભાવ સાથે કહ્યું,

શાસ્ત્રીએ ઝડપથી ખાલી કપ ઝૂંટવી લીધો ને ચાલતા થયા, પરંતુ દરવાજા તરફ જતાં શાસ્ત્રીના શબ્દો મારા કાનમાં તો ઠીક, મોઢા પર જ જાણે અથડાયા, 'નસીબદારના દીકરા ! નીચે આવીને પી જતાં ક્યાં ટાંટિયા ભાંગી જતા હતા ?' પછી ઉમેર્યું, 'આ

દાન પણ નવરો લાગે છે !' ને શાસ્ત્રીજી દરવાજો ઓળંગી અદશ્ય થઈ ગયા. મને તેનું આવું વર્તન ન ગમ્યું. ગુસ્સો ચડી આવતા શાંત થવા હું થોડી ક્ષણો આંખો મીંચી ગયો. ત્યાં જ મને નવાઈથી ચોંકાવી દેતો માધવાનંદજીનો સૌમ્ય ચહેરો બંધ આંખોમાં સ્પષ્ટપણે ઊપસી આવ્યો ને માધવાનંદજી હસીને મને કહી રહ્યા,

'શાંતિ... શાંતિ... ! આવું તો થયા જ કરે ! કુદરત તરફથી એને એવી પ્રકૃતિ પ્રદાન થયેલી છે; એટલે એવું વર્તન કર્યા વગર તે રહી જ ન શકે. હકીકતમાં તે વિદ્વાન છે, પરંતુ જ્ઞાની નથી. ખેર, કાલે મળીશું, વિશ્વંભરે યોજેલ ઉત્સવમાં ! હું પણ નીકળવાનો છું !'

આટલું કહી માધવાનંદજીનો ચહેરો ભૂંસાઈ ગયો.

મને લાગ્યું કે, આમાં પણ મારું પ્રશિક્ષણ થઈ ગયું. શાસ્ત્રી પાસે જ્ઞાન છે, પરંતુ આત્મજ્ઞાન કર્યા વગરનું જ્ઞાન માત્ર માહિતી છે, તે પંડિત જરૂર છે, જ્ઞાની નથી. માટે જ તે પોતાની પ્રકૃતિ પર કાબૂ રાખી શકતા નથી.

ઊભા થઈ મેં બારી ખોલી રસ્તા પર દૃષ્ટિ કરી. આજે રવિવાર હોવાથી ટ્રાફિક વધુ જણાતો હતો. જોગણિયા પર્વત પરના વૃક્ષોની ડાળીઓ તે જ હવાને કારણે ધૂણતા રહી હતી. મેં બારી બંધ કરી પથારીમાં લંબાવ્યું ને થોડી જ વારમાં નિદ્રાદેવીએ મને પોતાના અંકમાં સમાવી લીધો.



14

મમતા નહિ પુત્ર-પત્નીમાં, નહિ અભિમાન દેહમાં,
નિંદા-પ્રશંસા એક જેવી, માન-અપમાન સમાન જેવા.
મિત્ર હોય શત્રુ હો, બધાં એક સમાન જે.
માયા નહિ, કાયા નહિ. વંધ્યા જેવું આ વિશ્વ છે.
નામ નહિ અને રૂપ નહિ, માત્ર ઈશ્વર પરિપૂર્ણ છે.

પરમપવિત્ર શીતળ પ્રકાશમાં ગાઢ નિદ્રાનું સુખ માણી રહેલાં મને અચાનક કોઈ જગાડી રહ્યાનો અનુભવ થયો. જાગીને જોયું તો કોઈ નહિ ! ત્રણ વાગે ઊઠવાનો સંકલ્પ કરેલો. કદાચ શરીરમાં રહેલી કુદરતી ઘડિયાળે જ મને જગાડ્યો હતો. ઠંડા પાણીથી મુખ પ્રક્ષાલન કરી, આચમન કરી ટેબલ પાસેની ખુરશી પર બેઠો. ત્યાં જ ટેબલ પર મુકાયેલ પુસ્તક પર મારી નજર પડી. પાનાં ફેરવતાં જ ઉપરોક્ત પંક્તિઓ પર મારી નજર ઠરતાં તેનો ભાવાનુવાદ કરી મેં તે નોટમાં ટપકાવી લીધો !

આ પુસ્તકમાં સાધના દરમિયાન જે જે અનુભવો વર્ણવવામાં આવ્યા છે, તે બધું જ મેં માધવાનંદજી તથા રેવાનંદજી પાસેથી સાંભળેલું. જેમાં લગભગ બધી જ વિગતો અર્થાત્ જ્ઞાનમાં સંપૂર્ણ સામ્ય હતું. અતઃ પ્રત્યેક, જે મારી પાસે વ્યક્ત થયેલું તે જાણે આ પુસ્તકોના અવતરણો જ હોય તેવું લાગે. કારણ કે સિદ્ધપુરુષોનું અનુભવજન્ય જ્ઞાન સત્ય પર જ આધારિત હોય, સમાન જેવું લાગે છે. પુસ્તકને થોડું જોઈ મસ્તક પર સ્પર્શ કરાવી પુનઃ મૂકી દીધું.

બારીમાંથી હું જોગણિયા પર્વત પર સ્થિર દૃષ્ટિએ જોઈ રહ્યો હતો, ત્યાં જ પાછળથી

મને કોઈનો સ્પર્શ થયો. જોયું તો રેવાનંદબ્રહ્મચારી મારી પાછળ ઊભી હસી રહ્યા હતા. દૃષ્ટિ મિલાવી બોલ્યા,

'ચાલો, સમયસર ઊઠી ગયા છો. ચાર વાગ્યા પૂર્વે જ પાદુકાઓનું પૂજન કરી બ્રાહ્મમુહૂર્તમાં જપમાં બેસી જઈ શકશો. શાસ્ત્રીજી વિધિવત પૂજન કરાવી દેશે !'

પછી થોડું અટકી પલંગ પર આસન લઈ બોલ્યા, 'ગાયત્રીની દીક્ષા ગુરુમુખ થઈને લેવામાં આવે ત્યારે જ તે ફળે છે. માત્ર કાગળ પર છાપેલો મંત્ર ભણવામાં અને ગુરુમુખે ભણવામાં આવેલા ગાયત્રીમંત્ર વચ્ચે મોટું અંતર છે.'

'સરયુદાસજી જેવા સમર્થ ગુરુના શક્તિપાતનો લાભ તો તમને મળેલો જ છે; ઉપરાંત તેની ચરણપાદુકા તમારી સામે હશે, એટલે ગાયત્રીમંત્ર તમને સહજમાં ફળ આપનાર બની રહેશે.'

'વિધિપૂર્વક પૂજન તમને શાસ્ત્રીજી કરાવશે, એટલે કોઈ પ્રશ્ન જ રહેતો નથી. સાડા છ સુધીમાં જપ પૂર્ણ થઈ જતાં આપણે વિશ્વંભરની જગ્યા પર જવા પ્રયાણ કરીશું.' કહી રેવાનંદજીએ મારી પીઠનો સ્પર્શ કર્યો, ને ચાલતા થયા.

પ્રાતઃ વિધિ પતાવી, સ્નાન કરી મેં અન્નપૂર્ણા માતાજીના મઠમાં પ્રવેશ કર્યો. શાસ્ત્રીજી બધી તૈયારી સાથે મારી રાહ જોઈને બેઠા હતા. વિધિવત્ બધા દેવોનું પૂજન તથા બાદમાં સરુયદાસજીની ચરણપાદુકાઓનું પૂજન થયું.

પરંતુ પ્રાર્થનાપૂર્વક નમસ્કારનું શાસ્ત્રીજી દ્વારા સૂચન થતાં નમસ્કારની મુદ્રા સાથે હું આંખો મીંચી ગયો તો મને લાગ્યું કે તે જ પાદુકાઓ પહેરીને સરયુદાસજી મારી સન્મુખ ઊભા છે. થોડી વારે મને લાગ્યું કે તેણે મને તેની પાસે બેસાડ્યો છે. પછી તેમણે 'ૐ નમઃ શિવાય' બોલી ગાયત્રીમંત્રનો સંપુટ કર્યો અને મારા જમણા કાનમાં મંત્ર બોલી મસ્તક પર જલનો અભિષેક કર્યો. એ પછી તેમના જ પુનિતહસ્તે મને નૈવેદ્યનો કોળિયો આપ્યો અને તે સાથે લાગવા માંડ્યું કે મારામાં મારા સૌભાગ્યનું ઘોડાપૂર ચડવા લાગ્યું છે, ને 'સ્મૃતિ'ની અસ્ખલિત સરિતા વહેવા લાગી છે અને તે સાથે જ મને જન્મોજનમની પૂજાઓ તેમજ મેં કરેલી અસંખ્ય જાતની ઉપાસનાઓ તથા મેળવેલી સિદ્ધિઓ યાદ આવવા લાગી !

થોડી જ ક્ષણોમાં મારી આંખો ખૂલી ગઈ. પૂજાઅર્ચિત પુષ્પો ચડાવેલી પાદુકાઓ પાટલા પર મારી સમક્ષ આસન પર પડી હતી. શાસ્ત્રીજી ચાલ્યા ગયા હતા.

મેં પાદુકાઓને સ્પર્શ કરી પુનઃ વંદન કરી પુષ્પો ચડાવ્યા. પાદુકાઓને મેં કેટલીયે વાર શિરે ચડાવી, એક એક કરીને બધાં ફૂલ વારંવાર સૂંઘી મસ્તક પર ચડાવ્યા.

મેં એકાગ્રચિત્તે મંત્રજાપ શરૂ કર્યા. તે સાથે પરમ શક્તિ પ્રત્યેની પવિત્ર ભાવના મારા સમગ્ર અસ્તિત્વમાં ઉભરાવા લાગી. અંદર અને બહાર બધે જ. એ શક્તિનો અહેસાસ થવા લાગ્યો. મારી બધી જ સાંસારિક ભાવનાઓ બ્રહ્મભાવમાં પલટાઈ ગઈ. 'એકમાં અનેક'નું દર્શન કરાવતી ભેદવૃત્તિ ભુલાઈ ગઈ અને ક્ષણભંગુર 'અનેકમાં એક'નો ભાવ અનુભવવા લાગ્યો. અનેક જન્મોમાં જે 'બ્રહ્મસિદ્ધાંત' શીખેલો તે જાણે ફરીથી સ્ફુરવા લાગ્યો.

અદમ્ય આનંદ સાથે એકધારા મંત્રજાપ કરતાં કરતાં મેં જોયા જ કર્યું. ગજબનું દશ્ય હતું આ તો ! અત્યંત સૂક્ષ્મ ચિનગારીઓ ઝગમગ ઝગમગ કરતી ચમકી રહી હતી. હું આંખો મીંચી એકધારા જપ સાથે તે અનુભવી રહ્યો. ધીમા વરસાદના મૃદુ છાંટણા નીલરંગમાં ચમક ચમક થતાં કિરણો સાથે ભળી જઈને અદ્‌ભુત દશ્ય ઉપસાવતા હતા.

હું ગાયત્રીમંત્રના જપ કરી રહ્યો હતો, ત્યાં જ અચાનક મારી આંખો ખૂલી ગઈ. મંદિરના નિજદ્વાર બહાર કોઈ હોય તેવો મને અહેસાસ થતાં મેં પાછળ ગરદન ફેરવીને જોયું તો સામે અશોક છાત્ર ટોપલીમાં ફૂલ લઈને ઊભો હતો. મારું ધ્યાન ખેંચાયેલું જોઈ બોલ્યો,

'બાપુએ કહેવરાવ્યું છે કે, આપના આજના જપ પૂર્ણ થઈ ગયા છે, તો મહાદેવને અભિષેક કરી, ફૂલ ચડાવી, તુરત રસોઈઘરમાં આવો.'

હું શિવજીને જલાભિષેક કરી, મૃત્યુંજયના જપ સાથે પુષ્પો ચડાવી રસોઈઘરમાં આવ્યો, તો રેવાનંદજી લાકડાના પાટલા પર બેસી જાણે મારી રાહ જોઈ રહ્યા હોય તેમ ચમકીલી આંખે મારી સામે જોઈ, જટા પર હાથ પ્રસરાવી બોલ્યા,

'વાહ ! આજનો તમારો અનુભવ તો અદ્‌ભુત રહ્યો, પરંતુ હજુ સપ્તલોકનો પ્રવાસ બાકી છે, એ પણ થતો જશે. આગળ આગળ હવે થોડી વિશ્રાંતિ લો. આજે તમે નિયત સંખ્યા કરતાં વધુ જપ કરી નાખ્યા છે. અદ્‌ભુત આનંદના અનુભવમાં તમને સમયનો પણ ખ્યાલ રહ્યો ન હતો; એટલા માટે આપણે જવાનું હોવાથી તમને ધ્યાનમાંથી જગાડવા પડ્યા !' એમ કહી મને બાજુના પાટલા પર બેસવાનો નિર્દેશ કરતાં હસી રહ્યા.

મેં ઘડિયાળમાં જોયું તો અઢી કલાક જેવો સમય પસાર થઈ ગયો હતો. સૂર્યના સોનેરી કિરણો પૃથ્વી પર પ્રકાશ પાથરી રહ્યા હતા. હું એ પ્રકાશના કિરણોને મારી અંદર અને બહાર અનુભવી રહ્યો હતો. ત્યાં જ મારા વાંસા પર હાથ ફેરવતા રેવાનંદજી પ્રેમપૂર્વક બોલ્યા,

'હાં... રુકો ! ફરી પાછા એ અદ્દભુત દશ્યના ધ્યાનમાં ઊતરી પડતા નહિ. આપણે હવે વિશ્વંભરે યોજેલ ઉત્સવમાં જવા નીકળવાનું છે. ચા પી લો અને વસ્ત્રો બદલી નીચે આવો. હું તમારી રાહ જોઈશ !' ને ઊભા થઈ ચાલતા થયા.

રેવાનંદજીનો સંદેશો આવી જતાં હું દરવાજા પર પહોંચી તેની સાથે ચાલવા લાગ્યો. વાઘેશ્વરી માતાવાળી ટેકરીની પાછળ જઈ અન્ય ટેકરીઓ વટાવતા અમે આગળ વધી રહ્યા. ગયે વખતે ગિરનારી બાવાના દર્શનાર્થે ગયેલાં એ જ આ રસ્તો હતો. બધું પરિચિત લાગતું હતું. કાળમીંઢ પથ્થરો અને ઝાંખરાવાળી જંગલની ભરપૂર ટેકરીઓ વટાવતા અમે વણથંભ્યા ચાલી રહ્યા હતા.

રેવાનંદજી નિસ્પૃહ ભાવે ચાલી રહ્યા હતા, પરંતુ મારા મનમાં એક જ પ્રશ્ન વારંવાર ઊઠતો હતો, વિશ્વંભરે યોજેલ મહોત્સવ, જેના વિશે હજુ સુધી મને રેવાનંદજીએ અવગત કરેલ ન હતો. આનું કાંઈક તો કારણ હશે જ ? પરંતુ ત્યાં જ રેવાનંદજીના શબ્દો મારા કાને પડ્યા,

'કારણ છે જ !' મારા ખભા પર હાથ મૂકી રેવાનંદજી બોલ્યા,

'વિશ્વંભરના 'ગુરુ ૐ' બ્રહ્મલીન થઈ ગયા છે !'

'હેં !' મારા ગળામાંથી આઘાતયુક્ત ઉદ્દગાર નીકળી ગયો.

'વિશ્વંભરના 'ગુરુ ૐ' મૃત્યુ પામ્યા છે અને તેના ઉપક્રમે મહોત્સવ !' જાણે એક સાથે ઘણા પ્રશ્નો ઊઠ્યા મારા મગજમાં !

સાંભળીને રેવાનંદજી મોટેથી હસી પડ્યા. હસતાં હસતાં જ બોલ્યા,

'જોયું ને ! આશ્ચર્ય સાથે આઘાત પણ લાગ્યો ને ? સાધનામાં અડચણરૂપ આ તમારામાં રહેલ દેહભાવને કારણે જ આ વાત મેં તમને કહી ન હતી. કારણ કે, જન્મ અને મૃત્યુ તમારા માટે 'સ્વાભાવિક ઘટના' નથી, વિશેષ ઘટના છે ! માટે જ તમને સુખ-દુઃખની લાગણીઓનો અનુભવ પીડા આપનાર બની રહે છે. જ્યાં સુધી દેહાધ્યાસ નહિ છૂટે, ત્યાં સુધી તે તમને સાધનામાં અડચણરૂપ થયા કરશે. જો આ વાત તમે જાણતા હોત તો આટલી તલ્લીનતાથી જપ કરી શક્યા ન હોત. મૃત્યુની ઘટના તમને વારંવાર વિચાર કરાવ્યા કરત, ધ્યાનભંગ કરાવ્યા કરત ! હવે જ્યારે તમે એ બધું નજરે નિહાળશો પછી, કાળના નિયમ મુજબ, તમે બધું ભૂલીને સ્વાભાવિક બની જશો. એટલે ધ્યાનભંગનું પરિબળ ન રહેતા તમે એકાગ્ર બની મસ્તી માણી શકશો ! ન કહેવાનું બસ આ એક જ કારણ હતું !' કહી મૌન બની ચાલી રહેલા રેવાનંદજીને મેં પ્રશ્ન કર્યો, 'પરંતુ, આવે વખતે મહોત્સવ યોજવાનું શું પ્રયોજન ?' રેવાનંદજી પુનઃ હસી પડ્યા. બોલ્યા,

'અરે ! મૃત્યુ એ જ તો માનવજીવન માટે મહામહોત્સવ છે. અરે ! મૃત્યુ એ જ તો નૂતનજીવનનું પ્રવેશદ્વાર છે, એ એવો દરવાજો છે કે, જ્યાંથી સ્વર્ગ ભણી જવાય છે. મૃત્યુ પછી જ તો મોક્ષદ્વાર ખૂલે છે. બ્રહ્મમાં સંપૂર્ણ વિલીનીકરણ તો મૃત્યુ પછી જ થઈ શકે; વળી દુ:ખ-દર્દ, શારીરિક અને માનસિક-સાંસારિક ઉપાધિઓથી ઘેરાઈને વ્યાકુળતા અનુભવતો મનુષ્યજીવ મૃત્યુ પછી જ તો તેમાંથી છુટકારો મેળવી શકે છે. પ્રત્યેક જીવને છેવટે વૃદ્ધાવસ્થાનું દુ:ખ તો ભોગવવાનું આવે જ છે. જો મૃત્યુરૂપી આશીર્વાદ ન હોત તો 'જીવ' વૃદ્ધાવસ્થાની પીડા ભોગવ્યા જ કરત; મૃત્યુ પછી દાંત વગરનો, ધોળાવાળવાળો અને રોગથી ગ્રસ્ત વૃદ્ધ મૃત્યુ બાદ નૂતનજન્મ મેળવી સુંદર મજાના દાંત અને કાળા ભમ્મર વાળ પ્રાપ્ત કરી બાળક બની નિર્દોષ ભાવે સ્વસ્થ બની હસી શકે છે, દોડી શકે છે. ભોજન પચાવી શકે છે. સશક્ત બની વૃદ્ધિ પામી શકે છે. માટે જ પુન: નૂતનજીવન પ્રાપ્ત કરવા માટે મૃત્યુ એ અનિવાર્ય આવશ્યકતા છે. માટે જ મૃત્યુ એ આનંદની વાત છે. આનંદની ઘટના છે. માટે જ ૐ ગુરુના બ્રહ્મલીનની ઘટનાને એક મહોત્સવ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે !' પછી થોડું મૌન બની ચાલતા ચાલતા જ બોલ્યા,

'વિશ્વંભરના ગુરુ ૐ બધાં જ ઋણો અને કામનાઓથી મુક્ત બની જીવનમુક્ત અને સિદ્ધાવસ્થામાં મૃત્યુ પછી હંમેશને માટે પરબ્રહ્મમાં વિલીન થઈ ગયા છે. ભવબંધનની કેદમાંથી ગુરુ ૐને મુક્તિ મળી જતાં શિષ્યો અને સિદ્ધ સંતોને અલૌકિક આનંદ થાય છે. બ્રહ્મલીન થયેલા મહાત્માને મૃત્યુ પછી આ ગતિ મળતા સૌ આનંદિત થઈ આ મહોત્સવ માણવા એકત્રિત થાય છે.' પછી હથેળી પર એક આંગળી પછાડી બોલ્યા, 'બીજી એક ખાસ વાત. આ મહોત્સવમાં ભોજનનું નહિ, પરંતુ ભજનનું મહત્ત્વ હોય છે. તેથી એવી કોઈ વ્યવસ્થા કે ઝાકઝમાળ તમને ત્યાં નજરે પડશે નહિ. હાં, ત્યાં તમને અનેક સાધુ-સંતો અને સિદ્ધોના દર્શન થશે; જેથી તમારી અંદર ગુપ્ત રીતે પડેલી પૂર્વસાધનાની અનુભૂતિ જાગૃત થઈ ઊઠશે. જગતની તમામ દિશાઓમાંથી તમારા તરફ શુભ અને સુંદર વિચારોનું આગમન થશે. અન્ય સંતો ઉપરાંત વિશ્વંભર તરફથી તમને માનસિક સ્પંદનો દ્વારા જ્ઞાન પ્રાપ્ત થશે. તમને સાથે લાવવાનું આ પણ એક કારણ હતું.'

હવે આપણું ગંતવ્યસ્થાન સાવ નજીક છે, જો કે આ સ્થાનની તમે પરિચિત છો; ત્યાં પહોંચ્યા પછી તમે સ્વતંત્ર રીતે છૂટથી પરિભ્રમણ કરશો. બાદમાં વિશ્વંભરને મળ્યા પછી અને બધું પૂર્ણ થઈ જતાં રસ્તામાં વિશ્વસ્વરૂપનંદની જગ્યા પર રાત્રિભોજન લઈને સૂર્યાસ્ત પછી પુન: જગ્યામાં પહોંચી જવાનું છે.'

અમે પર્વતની નીચેના ભાગના મેદાન પર આવી ગયા હતા; અહીંથી પણ અમારે

નીચેના નદીકાંઠાના મેદાન સુધી વૃક્ષોનાં મૂળિયા પકડીને ઊતરવાનું હતું, એ મને યાદ હતું.

અમે નીચે ઊતરવા ઢોળાવ પાર કરવા લાગ્યા. મેં નીચેની તરફ દૃષ્ટિ કરી તો હું આશ્ચર્યચકિત બની જોઈ રહ્યો. નીચે નદીકાંઠે અને મેદાનમાં અનેક પ્રકારના અસંખ્ય સાધુઓને મેં જોયા ન હતા. એ બધા જુદા જુદા સંપ્રદાયોના સિદ્ધો હતા, પરંતુ હું તે વિશે કશું જાણતો ન હતો.

અમે ધીમે ધીમે ચાલતા, સાધુઓની સાવ નજીક પહોંચ્યા તો અમને જોઈ 'ૐ નમોઃ નારાયણ'નો સામૂહિક નાદ ગુંજી ઊઠ્યો. સમૂહમાં બધાં સાધુ-સંતોએ અમારું ભાવભર્યું સ્વાગત કર્યું. બધાની તેજસ્વી આંખોમાં અમારા પ્રત્યે પ્રેમ અને સત્કારની લાગણી મને દૃષ્ટિગોચર થતાં મારી સંકોચની બધી જ લાગણીઓ દૂર થઈ; અને એક જાતની આત્મીયતા આ બધા તરફ મારામાં પ્રગટી ઊઠી. મેં બે હાથ ઊંચા કરી દંડવત્‌ની મુદ્રામાં બધાને પ્રણામ કર્યાં.

હું એટલો બધો આનંદિત થઈ ઊઠ્યો હતો કે, રેવાનંદજી મારી બાજુમાંથી ક્યાં જતા રહ્યા તેની પણ મને ખબર ન રહી. બધાને પ્રણામ કરતો, મળતો હું અપરિચિત હોવા છતાં ચિરપરિચિતની જેમ બધાની વચ્ચે આત્મીયતાપૂર્વક ઘૂમી રહ્યો. હું એટલો ઉત્સાહમાં આવી ગયો હતો કે હું ક્યાં છું, તેનું પણ મને ભાન ન હતું. મને લાગ્યું કે હું કોઈ સિદ્ધોના લોકમાં ફરી રહ્યો છું. કોઈ દિવ્યતત્ત્વ જે મારી અંદર રહેલું છે, તે મને આગળ દોરીને બધું બતાવી રહેલ છે; મને લાગ્યું કે, ફરતાં ફરતાં હું જે જોઈ રહ્યો છું તે કોઈ અગોચર અને સુંદર સિદ્ધોનો જ પ્રદેશ છે !

હું આગળ ને આગળ નદીના કિનારે ચાલી રહ્યો હતો, ત્યાં મેં એક અત્યંત રમણીય માર્ગ જોયો. અનેક વન, નાની-મોટી ગુફાઓ, નિર્મળ ઝરણાઓ, શ્વેત નીલા-લીલા રંગના હરણાઓ અને સફેદ મોર પણ ત્યાં મારા જોવામાં આવ્યા. સાધુઓની ભીડ વચ્ચે પણ વાતાવરણમાં અદ્‌ભુત શાંતિ હતી. પ્રાતઃકાળના ઊગતા સૂર્યને નીલા કાચમાંથી જોઈએ તો જેવો સુંદર પ્રકાશ દેખાય એવા જ સુંદર આલોકથી આ સ્થળ ભરેલું લાગતું હતું, અહીં ચાલતા ચાલતા મને એવા વેગ સહિત અંદરથી સ્ફુરણા થઈ કે મને સમજાઈ ગયું અથવા લાગ્યું કે પૂર્વકાલીન ઋષિઓના દર્શનની એક બહુ ઊંચી અનુભૂતિ મને થઈ રહી છે. મનોવેગથી હું બધું જોતો જોતો ફરવા લાગ્યો.

મને ખાતરી થઈ કે હું સિદ્ધલોકમાં જ ઘૂમી રહ્યો છું, કારણ કે હું અહીં અસંખ્ય સિદ્ધોને હરતા-ફરતા, ઘૂમતા જોઈ રહ્યો હતો. ઘણાં સિદ્ધો આસનસ્થ થઈ પોતપોતાના ધ્યાનમાં મગ્ન હતા; બધા પોતપોતાના આસન પર વિવિધ મુદ્રાઓમાં બેઠા હતા. કેટલાંક

મહાત્માઓને શાંતભાવે પણ સ્થિર બનીને બેઠેલાં જોયા; તેઓ મારી તરફ નજર પણ કરતાં ન હતા. કોઈ જટાધારી, તો કોઈ મસ્તકમુંડન કરેલાં, તો કોઈના કાન ફાટેલાં હતા. કોઈ વૃક્ષોની નીચે, કોઈ શિલાઓ ઉપર તો કોઈ કોઈ ગુફાઓની અંદર બેઠેલા હતા, તો કોઈ કેડે ઘૂઘરા બાંધીને ઢોલક બજાવી નાચતા હતા.

ઉપરાંત પુરાણોમાં જેમના વિશે મેં વાચ્યું હતું એ ઋષિ-મુનિઓને પણ મેં ત્યાં જોયા ! રામકૃષ્ણ પરમહંસ, મુક્તાનંદજી તથા શિરડીના સાંઈબાબાને પણ જોઈ હું સ્તબ્ધ બની ગયો. સિદ્ધ નિત્યાનંદબાપુ તેમજ વિશ્વસ્વરૂપાનંદ જે તેની જગ્યાઓમાં હતા તે જ મને દૂર દૂર ફરતાં અને ભજન કરતાં જોવા મળ્યાં. દરેકની અલગ અલગ જગ્યા હતી. કોઈ કોઈ કુટીરમાં પણ હતા, તો કોઈને નાનાં નાનાં નવીન ઢબનાં મકાનોમાં બિરાજેલા પણ મેં જોયા.

શીતળ પવન સાથે સૂર્યનો પ્રકાશ પણ મનભાવન લાગી રહ્યો હતો. હું આગળ ને આગળ ચાલી રહ્યો હતો. થોડે દૂર ચાલતા જ મને લાગ્યું કે મને બધી બાબતોનું જ્ઞાન છે અથવા મને બધું જ જ્ઞાન પ્રાપ્ત થવા લાગ્યું છે. હું માની રહ્યો કે મને બધા જ પ્રાચીનકાળનાં ઋષિ-મુનિઓના જેવું જ્ઞાન પ્રાપ્ત થવા લાગ્યું છે અને હું જ્ઞાનાવસ્થામાં ચાલવા લાગ્યો.

થોડે આગળ જતાં મેં દિવ્યમુદ્રાઓમાં સ્થિર યોગિનીઓને પણ જોઈ. બધી યોગિનીઓ અને સિદ્ધમહાત્માઓનાં દર્શન કરતો કરતો હું ઘણી વાર સુધી ફરતો રહ્યો. મને આ બધું ખૂબ જ ગમતું હતું; અને બધું જ પરિચિત અને અનુભવેલું પણ લાગતું હતું. આ જોઈ મને જે આનંદ થઈ રહ્યો હતો, તેવા આનંદનો અનુભવ મને ક્યારેય પણ થયો ન હતો !

હું આનંદપૂર્વક ફરી રહ્યો હતો, ત્યાં જ મારી દૃષ્ટિ થોડે દૂર આવેલી એક સુંદર ટેકરી પર ગઈ તો હું હર્ષથી પુલકિત થઈ ઊઠ્યો. ટેકરી પર એક ઘેઘૂર વૃક્ષની નીચે ઊંચી-સપાટ શિલા પર માધવાનંદજી, પુરણપુરી બાપુ તથા સ્વરૂપાનંદ, આત્મસ્વરૂપાનંદ અને વિશ્વસ્વરૂપાનંદને આનંદપૂર્વક ગોષ્ઠિ કરતાં મેં જોયા. મજાની વાત તો એ હતી કે એટલે દૂરથી પણ હું તેમનો અવાજ સાવજ નજીકથી બોલતા હોય તે રીતે સાંભળી શકતો હતો અને ઘણે દૂર હોવા છતાં, બધાંને સ્પષ્ટ રીતે જોઈ શકતો હતો.

દૂરથી જ મેં બધાને 'ૐ નમોઃ નારાયણ' બોલી બે હાથ ઊંચા કરી દંડવત્‌ની મુદ્રામાં પ્રણામ કર્યા, સામેથી બધાએ સહાસ્ય 'ૐ નમોઃ નારાયણ' બોલી પ્રત્યુત્તર આપ્યો. મેં માધવાનંદજી તરફ ભાવપૂર્વક દૃષ્ટિ કરી, તો તે બોલ્યા,

'અમે જ તમને આ તરફ આવવાની પ્રેરણા કરી હતી. તમને મળવા માટે જ; હવે

યોગ્ય સમયે પુનઃ મળીશું, અત્યારે તમે હતા એ જ દિશામાં આગળ વધો. વિશ્વંભર તમારી જ રાહ જોઈ રહ્યો છે.'

કહી તેમણે મને આગળ વધવા મૌન સૂચન કર્યું. તેમના કહેવા મુજબ હું આગળ વધ્યો, પરંતુ મળ્યા વગર જ આગળ વધવાનું સૂચન માધવાનંદજીએ શા માટે કર્યું તે હું સમજી ન શક્યો, કદાચ સમય ઓછો હતો અને વિશ્વંભરને મળવું મારા માટે જરૂરી હતું. એમ સમજી હું આગળ વધ્યો.

અત્ર-તત્ર સાધુઓનું ઝુંડ નજરે પડી રહ્યું હતું. બધા જ આનંદ અને ભક્તિની મસ્તીમાં ઝૂમી રહ્યા હતા. કોઈ કોઈ જગ્યાએ ગોળાકાર કુંડાળામાં બેસી સાધુઓ ગાંજાની લિજ્જત માણતા પણ જોયા. એક જગ્યાએ મેદાનમાં નાથબાવાઓ ગોઠણ પર બાંધેલ ઘૂઘરાઓ સાથે કેડે બાંધેલ પખવાજના તાલે નાગાબાવાઓના સમૂહ વચ્ચે નર્તન કરી દક્ષિણા માંગી રહ્યા હતા. મને ખ્યાલ હતો કે નાથબાવાઓને નાગાબાવાઓ પાસે માંગવાનો અધિકાર છે. આવા પ્રસંગે નાથબાવાઓને પણ નિમંત્રણ આપી પ્રવેશ આપવામાં આવે છે.

આવા અદ્ભુત, રોમાંચક અને આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે હું આગળ વધી રહ્યો હતો. ત્યાં જ થોડે દૂર નદીના કાંઠે મેં જલતી ચિતા જોઈ અને અન્ય સાધુઓ સાથે વિશ્વંભર પણ એ ચિતાની સાવ નજીક સ્થિર, ટટ્ટાર અને દિગંબર અવસ્થામાં ઊભો હતો. આ તેજ જગ્યા હતી, જ્યાં વિશ્વંભરના 'ૐ ગુરુ' પાણીમાં રહીને સમાધિઅવસ્થામાં રહેતા હતાં અને જેના ઘૂંટણ સુધીના પગ માછલાઓ ભક્ષણ કરી ગયાં હતા. મોટી અગ્નિજ્વાળા જોતાં લાગતું હતું કે ચિત્તા હમણાં જ પેટાવવામાં આવી હશે. ધુમાડા સાથે અગ્નિની જ્વાળાઓ આકાશ તરફ વધી રહી હતી. હું નજીક જવાની અવઢવમાં ઊભો હતો, ત્યાં જ દૂર હોવા છતાં, સાવ નજીકથી બોલતા હોય, તેવા વિશ્વંભરના શબ્દો મારા કાને પડ્યા,

'આવ... આવ અનંતાનંદ... ! હું તારી જ પ્રતીક્ષા કરી રહ્યો છું !' હું ઝડપથી તેની નજીક પહોંચ્યો તો તે પુનઃ બોલ્યા,

'કોઈ પણ જાતના લૌકિકશબ્દો વડે વ્યવહાર કરવાની જરૂરત નથી. સાધુઓ માટે એવી લૌકિક શોકની અભિવ્યક્તિ ઉચિત નથી. જ્ઞાનીઓ મૃત્યુને મહોત્સવ ગણીને આનંદ સાથે ભક્તિ કરે છે.'

પછી મારા તરફ હાથ લંબાવી હસીને પુનઃ બોલ્યા, 'આવ, નજીક આવ ! આપણે બેસીને આનંદની વાતો કરીએ !'

અમે જલતી ચિતાથી થોડે દૂર એક મોટી શિલા પર બેઠા. હવે ચિતાની

અગ્નિજ્વાળાઓ આકાશને આંબવા પ્રયત્ન કરતી હતી. સાથે સાથે સાધુઓના જયઘોષ ચાલુ હતા. સૂર્ય આકાશની મધ્યમાં પહોંચવાની તૈયારીમાં હતો. ચિતા જલી રહી હતી, ત્યાં જ 'ૐ ગુરુ'ના ભૌતિક શરીરનો જલતો એક હાથ બહાર દેખાઈ જતાં વિશ્વંભરે એકકાષ્ટની મદદથી તેને પુનઃ ચિતાની અંદર ધકેલી દીધો. પછી મારી પાસે આવીને બેસતા બોલ્યા,

'મૃત્યુ પછી ભૌતિક શરીરનું કોઈ મૂલ્ય રહેતું નથી; પરંતુ જીવિત શરીર એ કુદરતની અદ્‌ભુત કૃતિ છે. ઈશ્વરનું વિરાટસ્વરૂપ પણ મનુષ્યના શરીર જેવું જ છે, જે મનુષ્યના શરીરમાં છે, તે જ બધું બ્રહ્માંડમાં છે. અખિલ વિશ્વમાં છે. ઈશ્વરે બ્રહ્માંડનું સર્જન પોતાના થકી, પોતાનામાંથી, પોતાના માટે જ અને પોતાના જેવું જ કર્યું છે. આ અખિલ વિશ્વ તેનામાં જ સમાવિષ્ટ છે, તેનું જ સ્વરૂપ છે, અણુએ અણુમાં તે જ વ્યાપ્ત છે, તે જ પુરુષ છે; પરંતુ પોતાની બધી જ ક્રિયાશક્તિ એણે પ્રકૃતિમાં નિરુપિત કરી છે, એટલે પ્રકૃતિ ભાગ્યે જ ક્રિયાન્વિત થતી લાગે છે; એટલે જ તેના કાર્યમાં મોહ ઉત્પન્ન થાય છે અને પુરુષ પોતાને પ્રકૃતિ જ સમજવા લાગે છે. વાસ્તવમાં પુરુષની દૃષ્ટિ પડતાં જ પ્રકૃતિ ઉત્તેજિત થાય છે. તે પછી પુરુષનું 'સત્ત્વ' તેમાં સ્ખલિત થતાં જ પ્રકૃતિ ગર્ભધારણ કરી સૃષ્ટિનું નિર્માણ કરે છે.' આટલું કહી વિશ્વંભરે મૌન ધારણ કર્યું.

'આ બાબત મને જટિલ તો લાગે છે.' મેં કહ્યું, 'પરંતુ સ્પષ્ટ થવામાં થોડા વધુ જ્ઞાનનાં વિવેચનની જરૂર છે.'

'આ બધા જ જ્ઞાનની પ્રેરણા મેં તમને આપી દીધી છે.' વિશ્વંભરે હસીને કહ્યું, 'જ્યારે તું થોડીવાર પહેલાં સિદ્ધો વચ્ચે ફરી રહ્યો હતો ત્યારે 'સાંખ્ય યોગ'નું વિવેચન તારી સમક્ષ હું સૂક્ષ્મ રીતે કરી રહ્યો હતો. તેના આંદોલનથી પરિપ્લાવિત થતાં તને પણ તે વખતે લાગેલું કે તને બધી જ બાબતોનું જ્ઞાન છે, અથવા તને થઈ રહ્યું છે. યાદ કર, તને બધા જ પ્રાચીન ઋષિ-મુનિઓનું જ્ઞાન થવા લાગેલું.'

'હા, બરાબર !' મેં સહમત થતાં કહ્યું, 'એ વખતે અને અત્યારે મને લાગે છે કે, મારામાં બધું જ જ્ઞાન છે, હું બધું જ જાણું છું; છતાં પણ મને લાગે છે કે, એ ઊંડા જળના જેવું જેનું તળિયું સ્પષ્ટ ન જોઈ શકાય, તેવું ગર્ભિત અને અસ્પષ્ટ છે.'

'બરાબર છે !' વિશ્વંભરે કહ્યું, 'અત્યારે એ જ્ઞાન ગર્ભિત રહે તે જરૂરી છે. જ્ઞાન એની મેળે પરિપક્વ થઈને, યોગ્ય સમયે બહાર આવી જશે. કાચા ફળો પક્વ અને મધુર બનાવવા 'દાબા'માં ઢાંકી રાખવા જરૂરી છે, પાકી જતાં એની મેળે જ તેમાંથી સુગંધ નીકળવા માંડતા તે ફળો પાકી ગયાનો ખ્યાલ આવે છે, પછી જ તેનો આસ્વાદ માણી શકાય છે.' પછી થોડું હસીને બોલ્યા,

'આ જ્ઞાનનો ઉપદેશ તારે હરિદ્વારમાં કરવાનો છે. આ જ્ઞાનના પ્રભાવે કરીને જ તું તારા આત્માને સહેલાઈથી સ્વરૂપાનંદના જડદેહમાં પ્રવેશ કરાવી શકીશ અને પુનઃ તારા દેહમાં પ્રવેશ પણ કરાવી શકીશ. આ માટે પરકાયા પ્રવેશની કોઈ વિધિવિધાન કરવાની કે કોઈ તાંત્રિક વિદ્યા અજમાવવાની જરૂર નહિ રહે. તારી સ્વયં સ્ફુરણા અને ઇચ્છાશક્તિથી જ આત્માના આદાન-પ્રદાનનું કાર્ય સહજમાં સિદ્ધ થઈ જશે.'

પછી થોડું અટકીને ચિતા તરફ દૃષ્ટિ કરી લઈ, મારા તરફ દૃષ્ટિ કરીને બોલ્યા, 'મેં જ્ઞાનનો સ્રોત તારા તરફ વહાવ્યો જ છે; અને હજુ પણ વહાવવાનો ચાલુ જ રાખીશ, ઉપરાંત જે જે સિદ્ધો વચ્ચે તું ઘૂમેલો તે બધાનો શક્તિસ્રોત અને વિચારોનું કંપન તારામાં પ્રવેશી ચૂક્યું છે. માટે જ ટૂંક સાધના દ્વારા તને બધી સિદ્ધિઓ સહેલાઈથી પ્રાપ્ત થઈ જશે.'

પછી ચિતામાં એક વધુ કાષ્ટ ઉમેરી મારી પાસે બેસતા વિશ્વંભરે પુનઃ કહ્યું, 'આ કાર્ય ટૂંકા સમયગાળામાં જ પૂર્ણ કરવાનું હોઈ, શક્તિપાતની આ બધી યોજનાઓ તારા માટે કરવી જરૂરી હતી.'

આટલું વિવેચન કરી વિશ્વંભરે મૌનધારણ કરી સળગતી ચિતા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. 'ૐ ગુરુ'નું ભૌતિક જડ-શરીર સંપૂર્ણ રીતે ભસ્મ થઈ ચૂક્યું હતું. તેથી કેટલાક સાધુઓ જલતા અંગારાઓ પર પાણી રેડી 'ટાઢી' ઠારી રહ્યા હતા, પછી કેટલાક સાધુઓએ તેમાંથી 'અસ્થિ' એકત્રિત કરી એક કુંભમાં ભર્યા. વિશ્વંભરે તે અસ્તિકુંભને પુષ્પો ચડાવી માનસિક પૂજા-અર્ચના કરી. ત્યાર બાદ એક ઊંડા ખડક પર અસ્થિકુંભને પધરાવી બધા સાધુઓએ 'ૐ નમઃ શિવાય'ના નાદ સાથે અસ્તિકુંભની ત્રણવાર પ્રદક્ષિણા કરી.

ધીમે ધીમે સૌ વિખરાતા વિશ્વંભરે મારો હાથ પકડી કહ્યું,

'હવે તારે થોડી વાર પછી અહીંથી નીકળવાનું છે. તારી સાધના પૂર્ણ થયે આપણે સ્વરૂપાનંદની જગ્યા પર પુનઃ મળીશું. તું પેલી ટેકરી પાસે વિશ્રાંતિ કર, ત્યાં સુધીમાં રેવાનંદજી જગ્યા પરથી તને લેવા માટે પરત થઈ જશે.'

'જગ્યા પરથી ?' મેં આશ્ચર્ય સાથે પૂછ્યું.

'હા... !' વિશ્વંભરે કહ્યું, 'જગ્યા પર બે ગાયમાતાઓ પ્રસવવેદનાથી પિડાઈ રહી હતી, છુટકારો થતો ન હતો, સારવાર માટે તેને જગ્યા પર જવું પડેલું છે. ત્યાં હવે બધું સમુસુતર પાર ઊતરી ગયું છે. થોડા સમયમાં જ આવી જશે. ત્યાં સુધી તું વિશ્રાંતિ કર.'

હું થોડે દૂર ટેકરી પાસેની જગ્યાએ શિલા પર બેઠો. સૂર્યાસ્ત થવાને હજુ ઘણી

વાર હતી. ધીમે ધીમે સાધુઓ જઈ રહ્યા હતા. ત્યાં મારી નજર થોડે દૂર મેદાન પર પડી. દ્રષ્ટિમાં આવ્યું તો દાનબાપુ નાથબાવાઓ અને અન્ય પ્રવેશ અપાયેલા સાધુઓને ભોજન પીરસી રહ્યા હતા. જેમણે ભોજન પૂર્ણ કરી લીધું હતું તેને સુખાનંદજી દક્ષિણા આપી રહ્યા હતા. મને ખબર હતી કે નિમંત્રિત અન્ય સાધુઓને ભોજન કરાવી યથાશક્તિ દક્ષિણા આપવાનો સાધુસમાજનો નિયમ છે; અન્ય સિદ્ધકક્ષાના જીવનમુક્ત સાધુ મહાત્માઓ પોતાની ઇચ્છા મુજબ જાતે જ શરીરના નિર્વાહ પૂરતું ભોજન ગ્રહણ કરી લેતા હોય છે. એટલે તેઓના માટે આવી વ્યવસ્થા કરવાની કોઈ આવશ્યકતા હોતી નથી.

ધીમે ધીમે આખો વિસ્તાર ખાલી થઈ ગયો. જાણે અહીં કશું જ બન્યું ન હતું, દાનબાપુ પણ પોતાનું કાર્ય પૂર્ણ કરી ક્યાં જતા રહ્યા તેની પણ મને ખબર ન રહી, વિશ્વંભર પણ નિજ જગ્યાએ પ્રસ્થાન કરી ગયો હતો. સૂમસામ થઈ ગયેલા તે સ્થાન પર મારા સિવાય કોઈ ન હતું.

હું શાન્તચિત્તે નિરીક્ષણ કરી રહ્યો હતો, સૂર્ય પશ્ચિમ તરફ ઢળતો જતો હતો. હું આંખો મીંચી ધ્યાનસ્થ અવસ્થામાં બેઠો. ત્યાં જ મારા ખભા પર હાસ્યધ્વનિ સાથે સ્પર્શ થયો. રેવાનંદજી મને લેવા આવી ગયા હતા. હસીને બોલ્યા,

'ચાલો પગ ઉપાડો, આપણે વિશ્વસ્વરૂપાનંદના હાથનું ભોજન ગ્રહણ કરીને પછી જ જગ્યાએ જવાનું છે. ગઈ કાલે નિમંત્રણ મળેલું તે યાદ છે ને ?' પછી ઉમેરતા બોલ્યા, 'દાન પણ ત્યાં જ મળી જશે !' રેવાનંદજીએ કહ્યું ને મને દોરતા ચાલતા થયા.

રેવાનંદજી સાથે જંગલમાં ચાલી રહેલા મને મારામાં અદ્‌ભુત જ્ઞાનનો પાદુર્ભાવ થતો મહેસૂસ થઈ રહ્યો હતો, હવે મને કેવળ સાત્ત્વિક આનંદ જ થતો હતો, શોક કે ઉદ્વેગ નામશેષ થઈ ગયા હતા, રહીસહી ચંચળતા પણ ચાલી ગઈ હતી. હું જ્ઞાનગંભીર બની ગયો હતો. વર્તમાનની ક્ષણોને અંતરમાં સંઘરી હું ચાલી રહ્યો હતો.

અચાનક મને દાનબાપુનો ખ્યાલ આવ્યો. તે શું ત્યાં રોકાઈ ગયા હશે ? મારા મનમાં પ્રશ્ન ઊઠતાં જ રેવાનંદજી બોલ્યા,

'ના, દાન તો આપણી પહેલાં જ વિશ્વસ્વરૂપાનંદની પાસે પહોંચી ગયો છે; અને જવના લોટની બાટી આપણાં માટે બનાવી રહ્યો છે. તમારે અને મારે જવની બાટી ભોજનમાં લેવાની છે, તે વાત તે જાણતો હોવાથી જવનો લોટ જગ્યાએથી સાથે જ લાવેલો.'

'પરંતુ તે આટલી ઝડપની ત્યાં પહોંચી શક્યા હશે ?'

'અરે ! તેની ઝડપ વિશે પૂછો છો ?' મારા આશ્ચર્યભાવમાં વૃદ્ધિ કરતા રેવાનંદજીએ

કહ્યું, 'દાનની ચાલવાની ઝડપ એટલી બધી છે કે તે, ગિરનાર પર્વત માત્ર વીશ મિનિટમાં ચડીને ઊતરી પણ જાય છે. ઘણુંખરું તે મોડી રાત્રે જ ગિરનાર ચડે છે, જેથી કરીને તેની ઝડપ જોઈને લોકો આશ્ચર્ય ન પામે. મોટે ભાગે તો તે આડરસ્તે થઈને જ અંબાજીના દર્શન કરવા જતો હોય છે.'

'તો, તો દાનબાપુ 'ગિરનાર આરોહણ'ની સ્પર્ધામાં ભાગ લે તો પ્રથમ નંબર આવે !' મેં રમૂજ કરી.

'એવી સ્પર્ધા અને પ્રસિદ્ધિ સાધુઓ માટે અયોગ્ય છે.' પછી મને દોરતા બોલ્યા, 'ગૌ માતાની વેદના જાણી તે પણ મારી પાછળ પાછળ આવેલો અને કાર્ય પૂર્ણ થતાં પુનઃ પાછો આવી ઉત્સવના કાર્યમાં પણ લાગી ગયેલો.' પછી હસતાં હસતાં બોલ્યા, 'શાસ્ત્રીએ તેને જોઈ ખૂબ જ કાગારોળ કરી મૂકેલી અને દાનને ખૂબ જ ભાંડેલો !'

અમે ધીમે ધીમે ચાલી રહ્યા હતા, ત્યાં જ દૂરથી આત્મસ્વરૂપાનંદની જગ્યા નજરે પડી, તે સાથે રેવાનંદજી બોલ્યા, 'ચાલો ગંતવ્યસ્થાન આવી ગયું.'

અમે ઢોળાવ ચડી ત્યાં પહોંચ્યા તો દાનબાપુ જવની બાટી પકાવી રહ્યા હતા, વિશ્વસ્વરૂપાનંદ તેને મદદ કરી રહ્યા હતા. અમે 'ૐ નમોઃ નારાયણ'ની આપ-લે કરી ધૂણા પાસે બેઠા. ધૂણામાં અગ્નિ પ્રજ્વળી રહ્યો હતો, આત્મસ્વરૂપાનંદ આસન પર બેસી ધ્યાનસ્થ અવસ્થામાં બિરાજિત હતા, આંખો અર્ધ બિડેલી હતી. છતાં બધું નિરીક્ષણ કરી રહી હતી.

અહીં મુખથી વાતો કરવાની કોઈ જરૂરત ન હતી. બધા અરસપરસના વિચારો જાણી લેતા હતા. વળી ચર્ચાને કોઈ સ્થાન ન હતું, કારણ કે બધાને એક જ પરમતત્ત્વનું એક સરખું જ્ઞાન હતું ! નિરર્થક વાર્તાલાપની કોઈ જરૂર ન હતી. મારા મનમાં પણ હવે કોઈ ગડમથલ ન હતી. અન્યના વિચારો ગ્રહણ કરવાની ક્ષમતા મારામાં પણ હવે આવી ગઈ હતી, પરંતુ મારા વિચારો કે માનસિક સંદેશા આપવા હજુ હું યોગ્યતા ધરાવતો ન હતો. રેવાનંદજીએ એક વખત કહેલું કે, 'એ ક્ષમતા પણ સાધના પૂર્ણ થયે આપોઆપ આવી જશે. પ્રારંભમાં તો દોડતા વિચારોની તાકાત ઘટી જતાં 'સંકલ્પ' માત્રથી જ બધું સિદ્ધ થઈ શકશે.'

મારો પોતાનો પણ અનુભવ છે કે, વર્તમાનમાં જ મનને કેન્દ્રિત કરી રાખવાથી જે અનેરો આનંદ અને ઉત્સાહ સતત થયા કરે છે, તેને શબ્દોમાં વર્ણવવો મુશ્કેલ છે.

જવની બાટી તૈયાર થઈ ગઈ હતી. હવે સાગવૃક્ષનાં મોટા પાંદડાઓમાંથી, બાવળની સૂઈ ભરાવી 'પતરાળિઓ' તથા 'પડિયા' બનાવાઈ રહ્યા હતા. વાતાવરણ

શાંત હતું, ત્યાં જ ઘૂઘરીઓનો મધુર રણકાર સંભળાયો. નંદિની ગાય આવી રહ્યાનો એ સંકેત હતો, જે હું મારા ગઈકાલના અનુભવથી જાણી શક્યો.

'વાહ... મારી મા ! આજે દૂધની જરૂરત વહેલી પડવાની છે. તેની ખબર મારી માને કેવી પડી ગઈ ?' વિશ્વસ્વરૂપાનંદે હાથમાં તપેલી લઈ ઊભા થતાં કહ્યું.

વિશ્વસ્વરૂપાનંદે ગાય માતાના આંચળ નીચે તપેલી મૂકતા ક્ષણવારમાં ફીણવાળા તાજા દૂધની તપેલી ભરાઈ જતાં બધાએ પુનઃ પ્રણામ કરી ગાયમાતાને વિદાય આપી; અને પોતાના આસનો ગ્રહણ કરી, સૌ ભોજનને ન્યાય આપવા બેસી ગયા.

વિશ્વસ્વરૂપાનંદે ગુફાની અંદર જઈ એક તપેલામાં ગરમાગરમ તાંજળિયાની ભાજી લાવી બધાને પીરસી એટલે ભોજનનો પ્રારંભ થયો. મારે કહેવું જોઈએ કે આવું સ્વાદિષ્ટ ભોજન મેં ક્યારેય કરેલું ન હતું. હું વિચારી રહ્યો હતો, ત્યાં જ આત્મસ્વરૂપજી બોલ્યા, 'ઇન્દ્રિયોને પણ તેનું મનભાવન અને પુષ્ટિદાયક ભોજન આપી સંતુષ્ટ કરવી જરૂરી છે.

મન જે છે તે અન્નની પંદરમી કળામાંથી બનેલું છે. એટલે તેને સાત્ત્વિક ભોજન દ્વારા સાત્ત્વિક બનાવવું સાધક માટે જરૂરી છે, અતઃ મનને દરેક મનુષ્યે સાત્ત્વિક અન્ન દ્વારા પુષ્ટ બનાવવું જરૂરી છે. સાધનાના પ્રારંભમાં મનની મદદ પણ એટલી જ જરૂરી છે. મન દ્વારા જ તો ઈશ્વરમાં એકાગ્ર થવાનું છે. મનની એકાગ્ર થવાની જેટલી વધુ શક્તિ, તેટલી જ સફળતા વધુ નજદીક !'

ભોજન સમાપ્ત થતાં અમે 'ૐ નમોઃ નારાયણ'ની આપ-લે કરી જવા માટે ઊભા થયા. આ વખતે દાનબાપુ પણ સાથે હશે, એમ હું વિચારી રહ્યો હતો, ત્યાં જ દાનબાપુ બોલ્યા,

'તમે તમારી રીતે આસ્તે આસ્તે પ્રસ્થાન કરો, હું ઝડપથી આગળ જઈ ગાયમાતાઓની સંભાળ લઉં છું, જે જરૂરી છે. શાસ્ત્રીજી કામથી કંટાળીને મને ભાંડી રહ્યા છે !' કહી હસતા મુખે દાનબાપુ ઝડપથી આગળ નીકળી ગયા. અમે પણ ધીમે ધીમે ચાલતા સૂર્યાસ્ત પહેલાં ગંતવ્યસ્થાનની નજીક પહોંચી ગયાં. ગાયત્રી માતાના દર્શન કરી, શ્મશાન પાસે થઈ નિજ જગ્યાએ આવી પહોંચ્યા, તો દાનબાપુ તથા શાસ્ત્રીજી દરવાજા પર અમારી રાહ જોઈ ઊભા હતાં. મેં શાસ્ત્રીજી તરફ હસીને 'જય સ્વામિનારાયણ' કર્યા તો તે પ્રત્યુત્તર આપી બોલ્યા,

'સારું થયું... તમે આ દાન મહારાજને વહેલા મોકલી આપ્યા તે ! આ ગાયુની પળોજણમાંથી હું તો ઊંચો જ આવતો ન હતો; એટલું સારું થયું કે તમારા માટે રસોઈ બનાવવાની ન હતી. હોત તોય હવે આ દાન મારહાજ આવી ગયા છે, એટલે એ જ બધી કાહટી કરશે !' ને ચાલતા થયા.

દાનબાપુએ કૉફી બનાવી તે રસોઈઘરમાં જ બેસીને અમે પીધી. ઊઠતા રેવાનંદજી બોલ્યા,

'આવતી કાલથી જ ગાયત્રીજપ પૂર્ણ કર્યા પછી 'સાધનાસ્થળ' પર ધ્યાનમાં બેસી જવાનું છે. તે સૂર્યાસ્ત સુધી ! પરંતુ હું તમને સાધના દરમિયાન થતાં અનુભવો વિશેનો એક ગ્રંથ 'ચિતિશક્તિ' વાંચવા માટે આપું છું. તે તમે રાત્રિના અગિયાર વાગ્યા સુધીમાં વાંચી જશો. તેમાં લખ્યા મુજબનાં બધા અનુભવો તમને સાધના દરમિયાન થતાં રહેશે. અતઃ તમને કોઈ મૂંઝવણ થશે નહિ.' કહી રેવાનંદજી આગળ ચાલતા થયા.

મારે માધવાનંદજીના કમરામાં જ સૂવાનું હતું; રેવાનંદજીનું સાંનિધ્ય પણ મળવાનું હોય, હું મનોમન આનંદી રહ્યો !

રાત્રે અગિયાર સુધીમાં મેં તે માર્ગદર્શક પુસ્તકનું પઠન પૂર્ણ કર્યું. બાદમાં મને ક્યારે ઊંઘ આવી ગઈ તેની મને ખબર રહી નહિ !



15

જાગીને જોતા લાગ્યું કે આજે પ્રભાત કોઈ નવીન જાતનું છે; પરંતુ રોજબરોજના નાવીન્યનું કારણ અને અનુગ્રહ માત્ર પરમાત્માને કારણે જ છે. મનુષ્ય ઈશ્વરને સમજે કે ન સમજે, પોતાની અંતરશક્તિ વિકસિત હોવા છતાં પણ એક વાત અવશ્ય યાદ રાખવા જેવી છે, કે સંસારમાં મનુષ્યદેહ ધારણ કરીને પરમેશ્વર જ રહેલો છે. નવાઈની વાત તો એ છે કે, પરમેશ્વર જ સર્વવ્યાપી, પૂર્ણ, નિત્ય, અંદર-બહાર વ્યાપ્ત એવા-અંતર્યામી, મનમંદિરમાં નિવાસ કરતા હોવા છતાં, ભાગ્યે જ કોઈને પરમાત્માનો પરિચય હોય છે.

સાધના દરમિયાન હવે મને સમજાય રહ્યું છે કે, જગતમાં જો પરમાત્માનો વાસ ન હોય, તો એમાં રહેવું કોને ગમે ? જગતમાં જો કંઈ રુચિકરા, સુખમય હોય તો તે પરમાત્માને લીધે જ છે. પરમાત્માનો જ આનંદ સર્વ પદાર્થોમાં 'રસ' અને 'રૂપ' રૂપે પ્રતિબિંબિત થતો હોવાથી આપણે સંસારના સર્વ કાર્યોમાં, સર્વ ભોગવવા લાયક પદાર્થોમાં પોતાની અલ્પતૃપ્તિનો આનંદ માણી શકીએ છીએ. અન્નની સ્વાદિષ્ટતામાં, જળની મધુરતા, શીતળતામાં, રાગરાગણિઓની કર્ણપ્રિયતામાં, ખીલતા પુષ્પોમાં, બાળકના કિલકિલાટમાં, સ્ત્રી-પુરુષના પ્રેમપૂર્ણ સંવનનમાં, પરમેશ્વરના આનંદની ઝલકનો અનુભવ કરીએ છીએ. આ બધો પ્રગટ પરમેશ્વરનો પ્રેમપ્રવાહ છે !

ઘણા દિવસોની સાધના દ્વારા મને જે જે અનુભવો થયા તેથી મને થયું કે, આપણા શરીરમાં અનેક પ્રકારની વસ્તુઓ છે. આ શરીરમાં કોણ જાણે કેટલુંય ભર્યું છે. મસ્તકમાં કેટલાંય ચક્રો છે, અમૃતની ભરેલાં વિવિધ કુંડ છે, અસંખ્ય જ્ઞાનતંતુઓનાં પૂંજ છે. વિવિધ જાતના સંગીત નાદ છે, કેટલીય જાતના સૂર્યના કિરણો છે, દેવતાઓના નિવાસસ્થાનો છે.

ઈશ્વરે માનવની શરીરરચના દ્વારા મનુષ્યને જે અર્પણ કરેલ છે, તે સમજવા જેવું છે. બાહ્ય જગત કરતાં અંતર્જગત નિઃશંક ચડિયાતું છે. કાનમાં દૂર શ્રવણનું કેવું અદ્ભુતકેન્દ્ર છે. કંઠસ્થાનમાં પણ એવું મહત્ત્વનું 'નિદ્રાસ્થાન' છે, જે જાગૃતાવસ્થાનાં બધા શ્રમને સહજમાં દૂર કરે છે ! રેવાનંદજીએ પણ કહેલું, 'નિદ્રા એ મહામૂલી સંપત્તિ છે, જે કંઠસ્થાનમાં વિદ્યમાન છે, જેને મુક્તાનંદજીએ શ્વેતેશ્વરી નામ આપ્યું છે; ત્યાં વિશુદ્ધ ચક્ર છે, જેના એક દેવ પણ છે. હૃદયસ્થાનમાં હૃદયકમળ હોય છે, જેની પ્રત્યેક પાંખડીઓનો જુદો જુદો ગુણધર્મ છે. પ્રત્યેક પાંખડી ક્રમશઃ કામ, ક્રોધ, મોહ, લોભ, પ્રેમ, લજ્જા, જ્ઞાન, વૈરાગ્ય, આનંદ, સર્વજ્ઞતા વગેરે ધરાવે છે.'

બ્રાહ્મમુહૂર્ત પહેલાં જાગીને હું અનુભવો, શ્રવણ અને વાંચન દ્વારા પ્રાપ્ત થયેલા જ્ઞાનનું મનન કરી રહ્યો હતો, રેવાનંદજીએ આપેલ ગ્રંથ પણ મેં વાંચી નાખ્યો હતો. એ વિચારોના અનુસંધાને હું અનાયાસ ચિંતન કરી રહ્યો હતો. મને સાધના દરમિયાન વિવિધ અનુભવોની સાથે થયેલા જ્ઞાનનું વારંવાર પુનરાવર્તન આરામના સમયે થયા જ કરે છે.

સાધનાનો પ્રારંભ ઘણા દિવસ પૂર્વે જ થઈ ચૂક્યો હતો, હવે હું સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી લગભગ મસ્ત સ્થિતિમાં રહેવા લાગ્યો હતો. જાણે મારું મન ચૈતન્યમાં તદાકાર થઈ ગયું હતું. મને લાગવા માંડ્યું હતું કે, પરમ શિવના આત્મ-ચમત્કાર પાસે બીજું બધું નગણ્ય છે.

ધ્યાન દરમિયાન મને ક્યારેક સરયુદાસજીના પણ દર્શન થતાં, તેમના દર્શન કરી હું પ્રેમોન્મત બની જતો. એ સ્થિતિમાં શ્રી ગુરુમાંથી બહાર પ્રસરતા ચિતિસ્પંદનોનું સેવન, તેમણે પહેરેલાં કે ઓઢેલાં વસ્ત્રાદિ દ્વારા થતો ચિતિકણોનો સ્પર્શ અને તેમના પ્રાણ-અપાન દ્વારા 'સોહડમ્' ધ્વનિ સાથે નીકળતા ચિતિપ્રભાના કિરણો મને પૂર્ણસિદ્ધિ પદની પ્રાપ્તિ કરાવવા સમર્થ છે, તેમ હું દઢપણે માની રહેતો. મને થતું કે વિવિધ પ્રકારની અંગભંગિઓ, આસનો, અલગ અલગ પ્રકારના પ્રાણાયામો, જુદી જુદી જાતના નૃત્યો, મુદ્રાઓ, મંત્રઘોષ વગેરે બધું શ્રી ગુરુશક્તિ જ અંદરથી કરાવે છે.

માધવાનંદજી, રેવાનંદજી, વિશ્વંભર વિગેરેની અધ્યાત્મિક વાતો હવે મને માત્ર સત્ય જ નહિ, પરંતુ સ્વયં અનુભવસિદ્ધ જેવી લાગે છે.

હું સાધનામાં આગળ ને આગળ વધી રહ્યો હતો. સિદ્ધોની કૃપા થતાં જ સાધના આપોઆપ અને સહજ રીતે થવા માંડે છે. મારા પર તો કેટલાં બધા સિદ્ધોની કૃપા હતી. પછી તો પૂછવાનું જ શું હોય. બધા સિદ્ધોએ મારામાં અનુગ્રહરૂપે સ્વયં પ્રવેશ કર્યો હતો. વિશ્વંભર, માધવાનંદજી, પુરણપુરી બાપુ તથા સિદ્ધલોકના અનેક સિદ્ધોએ પોતાની પારમેશ્વરી અનુગ્રહિકા શક્તિને મારા અંતરમાં પ્રવિષ્ટ કરાવી દીધી છે. શક્તિનો આમ

પ્રવેશ કરાવવો એ જ 'શક્તિપાત દીક્ષા' છે, ક્રિયાયોગ છે, ગુરુકૃપા છે. આથી હવે મને લાગવા માંડ્યું કે રુદ્રશક્તિનો હવે મારામાં આવિર્ભાવ થઈ ચૂક્યો છે. મેં રેવાનંદજીની દેખરેખ નીચે સાધનાસ્થાન પર ધ્યાનયોગનો પ્રારંભ કર્યો તો થોડા જ દિવસોમાં મને અનુભવ થવા લાગ્યો કે હું જ સાક્ષાત રુદ્ર છું. મેં રેવાનંદજીને આ વાત કરી તો તેમણે એટલું જ કહ્યું,

'ચૂપચાપ શાંતિથી સાધના ચાલુ રાખો. તમે સાચે રસ્તે છો; અને કાર્યકારણ બધું સ્વયં સમજાતું રહેશે !'

સિદ્ધોની કૃપાથી મને સાધનાની અનુભૂતિ ઝડપથી થવા લાગી. સાધના દરમિયાન મને અનુભવ થયો કે મારી અંતરંગ ક્રિયાશક્તિ દાખલ થયા બાદ પહેલાં તો મને જડતા, નિદ્રા, આળસ વગેરે થવા લાગેલા. ઘણી વખત મને ધ્યાનમાં ગાઢ નિદ્રાનો અનુભવ થતો. મેં આ બાબત રેવાનંદજીને કહેલ તો જવાબમાં તેઓ બોલ્યા,

'તમારે આવી બાબતથી શંકામાં પડવું નહિ. એ તો સાધના બરાબર થઈ રહી છે, તેનું સૂચક છે !'

રેવાનંદજીએ મારા માટે જે નિશ્ચિત સાધનાસ્થળ બનાવેલું તે ચોક્કસ જગ્યાએ જ હું સાધના કરતો હતો. સાધનાસ્થળે ચિતિના કિરણો એકત્રિત થયેલા હોય છે. આથી ઉત્તરોત્તર ધ્યાન લાગવા માંડેલું, જાગૃત થયેલી કુંડિલની મહાશક્તિ તેમજ પંચપ્રાણની મદદથી ૭૨,૦૦૦ નાડીઓમાંથી પસાર થઈને મારા સર્વાંગમાં વ્યાપી રહી અને એ સાથે એ શક્તિ શરીરની સપ્ત ધાતુઓ તથા રસ-રક્તના બિન્દુએ બિન્દુમાં વ્યાપી જઈને મારા શરીરને શુદ્ધ, સુગઠિત અને સુંદર, તેજસ્વી અને કાન્તિયુક્ત બનાવતી રહી.

કોઈ અદ્ભુત શક્તિ ક્યારેક મારામાં પોતાનાં ઐશ્વર્ય, ઉલ્લાસ અને આનંદમય સ્ફુરણો દ્વારા આશ્ચર્યજનક રીતે સ્ફુરિત થવા લાગી હતી. એકાંતમાં હું ક્યારેક ગાવા લાગતો, ક્યારેક રડતો તો ક્યારેક ચેકડેમ પર જઈ આનંદથી બાળકની જેમ બૂમો પાડતો !

હવે હું સ્વતઃ વિવિધ પ્રકારના આસનો તથા મુદ્રાઓ આપમેળે થઈ હોય તેમ કરવા લાગ્યો; વળી ધ્યાનમાં જાતજાતના પ્રાણાયામ પણ સ્વતઃ થવા લાગ્યા. હવે સારાયે વિશ્વની સાધારણ કે અણગમતી વસ્તુઓ પણ મને અતિસુંદર, અતિપ્રિય લાગવા માંડી. જાણે નવા વિશ્વમાં મને નવો જન્મ પ્રાપ્ત થયો છે. મારામાં બધા પ્રાણીઓ પ્રત્યે કરુણા ઊભરાવા લાગી.

અને પછી તો ગાયત્રી મંત્રને ધ્યાનાવસ્થા બાદ પ્રાણ-અપાનને એક કરીને જપવા લાગ્યો. પછી વાર ન લાગી, બધી ક્રિયાઓ આપમેળે જ થવા લાગી, સાધના સ્વતઃ થવા લાગી, અગમ્ય હતું કે કેવળ નામ જપથી ગમ્ય બની ગયું, અગોચર-અદશ્ય પણ

નામના મહિમા માત્રથી સહજમાં ગોચર બનવા લાગ્યું. હવે ખરા અર્થમાં હું ધ્યાન દ્વારા સમર્થ બની ગયો હતો.

સાત્ત્વિકતામાં વધારો થતાં શુભ ભાવોની સાથે ઈર્ષા, મત્સર તેમજ વિષયાચરણની વૃત્તિ પણ ક્રમશઃ કાબૂમાં આવી ગયેલી. મારા અંતરમાં કલહ ઘટ્યો, પુણ્યમાં વૃદ્ધિ થઈ, પાપની વૃદ્ધિ થતી અટકી ગઈ. પરિણામે હું સંપૂર્ણ રીતે વિષયોમાંથી નિવૃત્ત થઈ ગયો.

હવે મને ધ્યાન દરમિયાન ચિતિના અંતઃકાર્ય અર્થાત્ કુંડલિનીના વિલાસની દિવ્યાનુભૂતિ થવા લાગી. એક દિવસ હું ધ્યાન કરતો હતો ત્યાં જ મને એવો અનુભવ થયો કે, મારા આસનની પાછળની મોટી શિલા પાસેથી મોટો કાળોતરો સાપ નીકળ્યો; અને મારી ચોતરફ આંટો મારી, મારા જમણા હાથની વચલી આંગળી પર ડંખ માર્યો. મારું ધ્યાન તૂટી ગયું ! મને રેવાનંદજી પાસે દોડી જવાનું મન થયું; પરંતુ હું જાણતો હતો કે આ બધું બનશે જ, પછી રેવાનંદજી પાસે જઈ ઉતાવળા થવાની જરૂરત ન હતી. મારી આ ઉત્તમ પ્રકારની અનુભૂતિ હતી. ટૂંકા ગાળામાં જ મેં ખૂબ લાંબો પંથ કાપી નાખ્યો હતો. જમણા હાથની મધ્યમાં અંગુલીને સર્પદંશ થવો, એ સિદ્ધયોગની દૃષ્ટિએ મોક્ષ પ્રાપ્તિની નિશાની છે.

એક દિવસ ધ્યાનમાં મને તંદ્રા લાગી ગઈ, જેમાં એક મહાત્મા પ્રગટ થયા. તેમણે મારી છાતી પર હાથ પ્રસવાર્યો અને મારા મસ્તક પર જમણો પગ મૂક્યો. તુરત જ હું એ મહાપુરુષને ઓળખી ગયો. તે સ્વયં રામકૃષ્ણ પરમહંસ હતા.

હું ધ્યાનમાં નિમગ્ન હતો, ત્યાં મને વિચિત્ર અનુભવ થવા લાગ્યો. અનેક અવાજો અને શબ્દો મારા કાનમાં સંભળાવા લાગ્યા. દૂર રસ્તા પર જતા તથા ઝડપથી વાહનોમાં સવાર થઈને જઈ રહેલાં લોકોની અરસ-પરસ થતી વાતો હું સ્પષ્ટતાથી સાંભળી શકતો હતો. તો દાનબાપુ અને રેવાનંદજી વાતચીત કરી રહ્યા હતા, તે પણ હું સ્પષ્ટતાથી સાંભળી શકતો હતો. મેં આ અવાજો પર દુર્લક્ષ્ય કરી ધ્યાનમાં ચિત્તને કેન્દ્રિત કરવા પ્રયત્ન કર્યા, પરંતુ નિષ્ફળ ! હું અકળાઈ ઊઠ્યો, થોડી વાર બેસી રહ્યો ત્યાં જ સામે કાંઠેથી મેં રેવાનંદજીને આવતા જોયા; તેઓ ખૂબ દૂર હતા ત્યાં જ મને તેનો સ્પષ્ટ અવાજ સંભળાયો. ચિંતા કરવાની જરૂર નથી, તમને 'દૂર શ્રવણ'ની સિદ્ધિ પ્રાપ્ત થઈ રહી છે, તેની આ નિશાની છે !' પછી ઉમેરતા બોલ્યા,

'જ્યારે આવું થાય ત્યારે થોડો સમય ધ્યાન બંધ કરી આંખો ખુલ્લી રાખી મંત્રજાપ કરવા !' પછી નજીક આવી બોલ્યા,

'ધૈર્યપૂર્વક સાધના ચાલુ રાખો, આવું તો ઘણું થતું રહેશે.' ને પીઠ ફેરવી શિવાનંદ સરસ્વતીજીની સમાધિ તરફ ચાલતા થયા.

પરંતુ સાધનાના બધા દિવસો માત્ર ઉલ્લાસપૂર્ણ ન હતા. એક દિવસ સવારથી જ મારી દશા વિચિત્ર બની ગઈ. બેચેની સાથે મારે અંગેઅંગ સોય ભોંકાવા લાગી, મારી આનંદમય નગરી ખેદાનમેદાન થઈ ગઈ. રાત્રે મેં કેટલાય દુસ્વપ્નો જોયા. સમુદ્રની રેલમછેલ, પુર હોનારત જેવા દશ્યો મેં જોયા હતા, હું બેચેન બની ગયો હતો. મસ્તીની જગ્યાએ ચિંતા, તર્કવિતર્કમાં દિવસ પસાર થયો. માથામાં ગરમી વધવાથી ક્રોધ, ભય અને ચિંતાએ ભયંકર તોફાન મચાવ્યું.

દાનબાપુ સમયે સમયે મને ભોજન કરાવી જતા, પરંતુ ઘણા દિવસ સુધી ભોજન ગળે ન ઊતરતું. મનની ચંચળતા વધી ગઈ. મને કહેતા શરમ આવે છે કે, મારું મન ખૂબ જ અપવિત્ર અને ગંદી ભાવનાઓથી ભરાઈ ગયું. ખરેખર આ રીતે અનુચિત દ્વેષચિંતન, પાપચિંતન કરતાં કરતાં મારો ઘણો સમય પસાર થઈ જતો. દાનબાપુ ગરમ ચા લઈને આવતા તે મૌન બનીને પી જતો, પછી સાધના સ્થળની આસપાસ ચક્કર લગાવવા માંડતો, પરંતુ અસંતોષે મારો પીછો ન છોડ્યો. મેં રેવાનંદજીને આ મુશ્કેલી જણાવેલ, તો તેમણે કહેલું,

'ઘણી વાર દુર્ભાગ્ય, દરિદ્રતા, ક્ષુદ્રતા, બેચેની, ક્ષોભ, મૂઢતા વિગેરે આપણાં જ ભાગ્યના ચાકર હોય છે; તે સાધના સમયે પણ આપણા સ્વાગત માટે તૈયાર જ હોય છે. એમાં ચિંતા કરવાની જરૂર નથી. તેને ચાકર સમજીને દૂર થવાની આજ્ઞા આપી દેવાની !'

અને તે પછી મારી આ બધી તકલીફો દૂર થઈ ગઈ હતી; પરંતુ હું જેવો સાધનાસ્થળ પર જઈ આસન પર ગયો કે તુરત જ મારી અત્યંત વિકારપૂર્ણ અપાર વેદના, અંગની કેટલીક ચેષ્ટાઓ અને ભ્રાંતિ વધતી ગઈ. સૂર્યાસ્ત થયો. દાનબાપુએ આવી દીપક પેટાવ્યો, અગરબત્તી સળગાવી, આરતી કરી, ધૂપ ફેરવી બોલ્યા,

'મંદિરમાં આરતી કરવાની છે, તમારો આજનો સમય પૂર્ણ થયો છે. આરતી માટે મારી સાથે ચાલો.'

હું દાનબાપુ સાથે આરતી કરી, થોડું દૂધપાન કરીને કમરામાં આવ્યો. રેવાનંદજી હાજર ન હતા. મેં શ્રીગુરુનું સ્મરણ કરી પથારીમાં બેસી માનસિક જપ શરૂ કર્યા. ત્યાં થોડી જ વારમાં મારા પ્રાણમાં વિકાર શરૂ થયો. ક્યારેક પેટનો ભાગ ફૂલી જતો, પછી હું જોરથી શ્વાસ બહાર કાઢતો, વારંવાર શ્વાસ અંદર જઈને અટકતો !

ચિંતાતુર મન અને ભ્રમિત ચિત્ત સાથે બહાર નીકળી હું નદીકાંઠે આવ્યો. રાતના દશ વાગ્યા હતા. ચંદ્રનો પ્રકાશ મને અંધકાર જેવો જણાતો હતો. દૂર દૂરથી વિચિત્ર કોલાહલ સંભળાઈ રહ્યો હતો, મન સાવ ડરપોક બની ગયું હતું.

મેં સરયુદાસ, માધવાનંદજી તથા રેવાનંદજીનું સ્મરણ કર્યું, દાનબાપુને બૂમ પાડી બોલાવ્યા, તો અંતરમાંથી જાણે અવાજ ઊઠતો હોય તેમ કોઈ બોલતું સંભળાયું.

'સાધના દરમિયાન આવું બધું થશે જ ! તમે ભૂલી ગયા ? ડર્યા વગર, બધું સહન કરીને પણ આગળ વધો, તમારામાં મહામાયા કુંડલિની જાગૃત થઈ રહી છે !'

અને તે સાથે હું જાગૃત બની ગયો. આવા બધા અનુભવો થશે, તે રેવાનંદજીએ આપેલ ગ્રંથમાં વાંચ્યું હતું; અને તે મુજબ જ બધું થઈ રહ્યું હતું.

સાધના દરમિયાન મને અનેક અનુભવો થયા. એ બધા અનુભવોનું વર્ણન કરવું મને અત્યારે જરૂરી લાગતું નથી; પરંતુ પિતૃલોકનો અનુભવ કહેવો મને જરૂરી લાગે છે, કારણ કે તેને મનુષ્યના જીવન સાથે સંબંધ છે.

સ્વર્ગ અને સિદ્ધલોકની વચ્ચે આવેલ પિતૃલોકના દર્શન મેં સાધના દરમિયાન એક દિવસ કરેલા. અન્ય લોકમાં બધા ભોગો ત્યાં રહેનારાં બધા માટે સમાન છે, તેવું પિતૃલોકમાં નથી. પૃથ્વીલોકમાં ધનવાન, મધ્યમવર્ગ, ગરીબ, પુણ્યવાન વિગેરે જાતની મનુષ્યોની કક્ષામાં જેવો ફરક છે, તેવો જ તફાવત પિતૃલોકમાં પણ છે. તેમ છતાં પૃથ્વી કરતાં સુખની માત્રા અહીં અધિક છે.

અહીં મૃત્યુ પામેલાં ઘણા પરિચિત વૃદ્ધો મને જોવા મળ્યા. અત્યંત ન્યારા આ લોકમાં આપણે તર્પણશ્રાદ્ધ-પિંડદાન જે કરીએ છીએ એનો સૂક્ષ્મભાવ પિતૃલોકમાં સ્વજનોને પહોંચે જ છે, એમાં કોઈ શંકા નથી. આવા પિતૃઓ આપણે દઈએ તે જ ખાય છે, આપણા દાન-પુણ્ય ગ્રહણ કરે છે. મંત્રવાહક ચિતિશક્તિ મંત્ર દ્વારા એને અહીંથી ત્યાં સુધી લઈ જાય છે. જેટલો મૃત્યુલોક સત્ય છે, તેટલો જ પિતૃલોક પણ સત્ય છે.

પિતૃલોકમાં હું વિહરી રહ્યો હતો અને જુદી જુદી કક્ષાના પિતૃઓની રહેણીકરણી, સુખ-દુઃખ, ભાવ-અભાવનું નિરીક્ષણ કરતો આગળ વધી રહ્યો હતો. ત્યાં જ મારું ધ્યાન એક બેહાલ અને સામાન્ય આવાસ પર પડી; જ્યાં બે કંગાલ, દુર્બળ અને અતિકરુણ ચહેરાવાળા વૃદ્ધદંપતી પર મારી નજર પડી, અને હું ચમકી ગયો.

મને પ્રાપ્ત થયેલા યોગબળ દ્વારા હું જાણી શક્યો કે તે સ્વરૂપાનંદના માતા-પિતા છે. હું તેઓની પાસે જઈ તેઓના કરુણાસભર ચહેરાઓને જોઈ ગ્લાનિ અનુભવી રહ્યો. કારણ હું જાણતો હતો, વાતચીત કરવાની જરૂર ન હતી. તેઓ પણ મારી સાથે વાતચીત કરવા સમર્થ ન હતા. હું જાણતો હતો કે તેઓને મૃત્યુ પછી આજ દિન સુધી પોતાના પરિવારના સ્વજનો તરફથી પિંડદાન, શ્રાદ્ધદાન વિગેરે દ્વારા કશું જ પ્રાપ્ત થયું નથી, જે તેમનો ખોરાક છે; જેના અભાવને કારણે તેઓની આ હાલત છે, જે હું તત્કાળ સમજી ગયો. આ માટે જ સ્વરૂપાનંદને માતા-પિતા તરફનું ઋણ ચૂકવવાનું નિતાંત આવશ્યક છે. તો જ તેમનો મોક્ષ સંભવી શકે, નહિ તો આજ ઋણ ચૂકવવા માટે તેને પુનઃ દેહ ધારણ કરવો પડે.

સ્વરૂપાનંદના માતા-પિતાની આવી દયનીય દશા જોઈ મને ઘણું દુઃખ થયું, પરંતુ

એ વખતે હું કશું જ કરી શકવા સમર્થ ન હતો. મેં મનોમન તેમને આશ્વાસનરૂપ સંદેશો આપતા કહ્યું કે, હવે ટૂંક સમયમાં જ તમારા દુઃખનું નિવારણ થઈ જવાનું છે. વધુ સમય રાહ જોવી નહિ પડે; ને તે સાથે જ બન્નેએ મૌનમૂક દૃષ્ટિ મારા તરફ નોંધી; હું તેઓના ચહેરા પર સંતોષ અને આનંદ જોઈ શક્યો. મને ખાતરી થઈ ગઈ કે મારો મૌન સંદેશો તેમને મળી ચૂક્યો છે.

પરંતુ સ્વરૂપાનંદના નાના ભાઈને મેં ત્યાં જોયો નહિ. મને ખ્યાલ આવી ગયો કે તેનો આત્મા હજુ પ્રેતરૂપે ધરતી પર ભટકી રહ્યો છે. સાથે સાથે તેનો ઉદ્ધાર કરવાનો પણ મેં સંકલ્પ કરી લીધો ને હું આગળ વધી ગયો.

મારા માટે આવી અનુભૂતિઓ સહજ બની ગઈ. હું પરબ્રહ્મની પ્રાર્થના કરતો પ્રાર્થના દરમિયાન એક દિવસ ધ્યાન શરૂ થતાં જ ઝગમગાટ કરતી જ્યોત પ્રગટ થઈ ! સહસ્ત્રારમાં મેઘનાદ સંભળાવા લાગ્યો, એક મહાતેજસ્વી નીલબિંદુ મારી નજીક આવતાં જ મોટું થવા લાગ્યું. પછી એ જ તેજસ્વીબિંદુ મારી સામે અંડાકૃતિ થઈને મનુષ્યના આકારમાં ફેરવાતું ગયું. પછી એ અંડાકારે સંપૂર્ણ મનુષ્યનો આકાર ધારણ કરી લીધો !

ક્ષણ વાર હું મારી જાતને પણ ભૂલી ગયો. એ વખતે થોડી વાર સુધી તો મને કશું જ જ્ઞાન ન હતું, છતાં મારી ધ્યાનની સ્થિતિ તો અકબંધ રહી હતી. ધીમે ધીમે એનું આંજી નાખે તેવું તેજ ઓસરતા મેં જોયું તો તેવા જ રંગના કોઈ મહાપુરુષ ત્યાં ઊભા હતા. તેનું શરીર સપ્તધાતુઓનું બનેલું ન હતું; અત્યંત ચિન્મય કિરણપૂંજનું શરીર તેઓ ધરાવતા હતા.

હું સાનંદાશ્ચર્યથી તેમને એકીટશે જોઈ રહ્યો. તેઓ મારી સમક્ષ આવી આશીર્વાદ આપતા હોય તેમ હાથ ઊંચો કરીને બોલ્યા,

'વત્સ ! બોલ, શું ઇચ્છે છે તું ?'

પરંતુ દર્શનમાં મગ્ન મને તેનું સ્વરૂપ અનેકવિધ લાગતા મેં કહ્યું, 'પ્રભુ ! હું શું કહું ? હું તો આપના આ સ્વરૂપને પણ સમજી શકતો નથી. મારા પર કૃપા કરો !'

પછી મારી વધુ નજીક આવી, ચોતરફ હાથ ફેરવતા અત્યંત પ્રેમપૂર્વક બોલ્યા, 'મારુ સ્વરૂપ ! જે મને બધી બાજુથી દેખાય છે, હું ચોતરફથી બધું જોઈ શકું છું, મને આંખોથી દેખાય છે. મારે સર્વત્ર ચક્ષુઓ છે. હું નાકથી પણ જોઈ શકું છું, પગથી પણ જોઈ શકું છું, મારે સર્વત્ર જિહ્વા છે, હું બધા જ અંગોથી જોઈ શકું છું. મારે સર્વત્ર કાન હોવાથી હું બધા જ પ્રાણીઓ, પદાર્થો વડે પણ સાંભળી શકું છું, પગ અને મસ્તક વગર પણ ચાલી શકું છું. મારે કોઈ પણ ક્રિયા કરવા માટે અવયવોની જરૂર નથી, હું દૂર દૂર હોવા છતાં બધાની પાસે છું. પ્રાણીમાત્રના દેહોમાં 'દેહ' થઈને રહેવા છતાં બધા દેહોથી ભિન્ન છું.'

પછી એ મહાપુરુષ મારી સામે સ્થિર બનીને મધુર સ્મિત કરતાં પ્રશ્નાર્થ દૃષ્ટિએ જોઈ રહ્યા. મને ખાતરી થઈ કે, દિવ્યપુરુષ અન્ય કોઈ નહિ, પરંતુ 'ભગવદ્ ગીતા'નું અર્જુન સમક્ષ ગાન કરનારા પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ જ છે. મેં ગદ્ગદ્કંઠે કહ્યું,

'પ્રભુ ! મને ખબર નથી કે મારી શી ઇચ્છા છે. હું ઇચ્છાઓ વગરનો છું, માટે મારા પર કૃપા કરી આપ જ બધું મને કહો.'

જવાબમાં મધુર હાસ્ય સાથે તેઓ બોલ્યા, 'તારી બધી જ ઇચ્છાઓ હું જાણું છું. તેં નક્કી કરેલ કાર્ય સિદ્ધ થાય તે માટે હું તને મારી પોતાની 'સંકલ્પશક્તિ' આપું છું, આથી તું જે સંકલ્પ કરીશ તે પ્રમાણે તું ઇચ્છિત કરી શકીશ, પરંતુ તારો સંકલ્પ અંગત સ્વાર્થ માટે નહિ, પરંતુ પરમાર્થ માટેનો જ હોવો જોઈએ; તો જ તે પૂર્ણ થશે. તારી આ સિદ્ધિ તારે ગુપ્ત રાખવી.'

આટલું કહેતાંની સાથે જાણે હજારો સૂર્યનો પ્રકાશ પથરાઈ ગયો. મારી આંખો અંજાઈ ગઈ. મેં આંખો ખોલીને જોયું તો ધીમે ધીમે પ્રકાશ ઓછો થતો ગયો. ઓછા પ્રકાશમાં મને ખ્યાલ આવ્યો કે ત્યાં કોઈ ન હતું ! મને લાગ્યું કે મેં આ અનુભવ તંદ્રાવસ્થામાં માણ્યો છે, હું તો આંખો મીંચીને ધ્યાનમાં જ બેઠો છું ! આ બધું મેં દૃષ્ટાભાવથી જાણ્યું. હું એ અનુભવની અસરમાં હતો, ત્યાં જ તંદ્રાભાવ સાથે મારું ધ્યાન તૂટી ગયું. મારી આંખો ખૂલી ગઈ ! ને તે સાથે જ મેં મારી સામે ભેખડની નીચે, રેવાનંદજીને મારી સામે એકીટશે જોતા ઊભેલાં જોયા. તત્ક્ષણ હસીને તેઓ બોલ્યા,

'અભિનંદન ! તમને 'સંકલ્પસિદ્ધિ' મળી ચૂકી છે, હવે તમે સંકલ્પ માત્રથી જ સ્વરૂપાનંદના દેહમાં તમારા આત્માને નિરુપિત કરી શકશો.'

'આજથી તમારી સાધના પૂર્ણ થાય છે. તમે ધ્યાનાવસ્થામાં પરબ્રહ્મના દર્શન પામી વરદાન મેળવી ચૂક્યા છો.'

સાંભળીને હું સ્તબ્ધ રહી ગયો. હું સમજેલો કે ધ્યાન દરમિયાન મને આવા તો ઘણા અનુભવો થયેલાં; તેવો જ કદાચ આ અનુભવ હશે, પરંતુ રેવાનંદજી તરફથી મળેલ પુષ્ટી મને તેની સત્યતા વિશે શ્રદ્ધા બેસી ગઈ. આથી આત્માની ફેરબદલી કેવી રીતે થઈ શકશે તે અંગે મારી જે દહેશત હતી તે ટળી જતાં મને ખૂબ જ આનંદ થયો; અને એ અંતરના ઊંડાણમાંથી ઊઠેલા આનંદના અતિરેકથી હું હર્ષમાં આવી રેવાનંદજીને ભેટી પડ્યો. તે પણ હર્ષથી પુલકિત થઈને મારો વાંસો પસરાવી, હાથ પકડી મને જગ્યા તરફ દોરતા બોલ્યા –

'તમારી અંદર પૂર્વજન્મોના પરિપાકરૂપ બધી સિદ્ધિઓ પડેલી જ હતી. માત્ર તેને પ્રદીપ્ત કરવાની જ જરૂરત હતી. ટૂંકી સાધના દ્વારા જ તમને ઘણી સફળતા મળી શકી છે, પરંતુ આ બધી સિદ્ધિઓ તમારે અમુક સમય સુધી ગોપિત રાખવાની છે. તમારે

હજુ ગૃહસ્થાશ્રમની ફરજો પૂર્ણ કરવાની છે. જો કે સિદ્ધિઓ ઉપયોગી છે, છતાં તેનું આકર્ષણ અનિષ્ઠ-પતન માટે કારણરૂપ બની શકે છે.'

અમે નદી ઓળંગી ઢોળાવ ચડી રહ્યા હતાં, ત્યાં જ ગૌશાળામાંથી નીકળી દાનબાપુ સામે મળ્યા. હસીને બોલ્યા,

'વાહ ! સરસ નારાયણ ! સાધના સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગઈ; અને તેની ખુશીમાં આજે તમને ચૂરમાના લાડુ જમાડવાના છે ! ભોજનનો સમય થઈ ગયો છે, તો સાધના પછીનું 'અવભૃથ સ્નાન' કરીને રસોઈઘરમાં આવો. હું તૈયારી કરી રાખું છું.' કહી હસીને મારો હાથ હલાવ્યો, ને ચાલતા થયા.

દાનબાપુએ સાત કૂવા અને નદીઓનું જલ મંગાવેલું, તેનાથી મેં સ્નાન કર્યું. બાદ દર્શનાર્થે મંદિરમાં પ્રવેશ કરતાં જ મને ધ્યાન લાગવા માંડેલું. હવે ધ્યાન એ મારી સ્વાભાવિક અવસ્થા બની ચૂકી હતી. મારો આત્મા જાણે સર્વવ્યાપી બની ગયો હતો, કશું જ અગોચર રહ્યું ન હતું. મૂર્તિ સાથે એકાગ્રતા સધાઈ જતાં મૂર્તિ વિરાટમાં ફેરવાઈ ગઈ અને હું જાણે તેમાં ઓગળી ગયો. છતાં મારો તેમાં દૃષ્ટાભાવ તો હતો જ !

ઘંટારવનો અવાજ સાંભળતા હું ગર્ભદ્વારમાંથી બહાર આવ્યો તો સામે જ શાસ્ત્રીજી હસતા મુખે ઊભા હતા. મેં સ્મિત કરી તેને નમસ્કાર કર્યા. તો તે નજીક આવી નીચા નમી મને પ્રણામ કરવા લાગ્યા. મેં તેમના બન્ને હાથ પકડી લીધા. તેમનું આવું પરિવર્તન અર્થાત્ મારી પ્રત્યેનું વર્તન જોઈ મને આનંદ થયો; ને પ્રેમના આવેગથી મેં તેમને ગળે લગાવ્યા. ત્યાં જ જગ્યાના સેવકો અને ભક્તો આવી લાગ્યા. બધાએ મારા ચરણસ્પર્શ કર્યા. મને લાગ્યું કે હવે બધાં જ મને વંદનીય ગણીને પૂજ્યભાવ દર્શાવી રહ્યા છે.

મને નવાઈ તો ત્યારે લાગી કે એ જ સમયે રેવાનંદજી તથા દાનબાપુએ પણ મને એ જ પ્રમાણે વંદન કર્યા ! મેં પણ બન્નેને સામે પ્રણામ કર્યા, તો રેવાનંદજી બોલ્યા, 'હવે તમે સાધના બાદ પૂર્ણ બની ચૂક્યા છો. સ્વરૂપાનંદના કાર્યની પરિપૂર્ણતા સુધી તમે સિદ્ધયોગી જ હશો. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશતાં જ એ સિદ્ધિ તમારા માટે ગોપિત બની જશે. સમય આવ્યે એ બધી સિદ્ધિઓ પુનઃ જાગૃત થશે અને તમે જીવનમુક્ત બની જશો.' રેવાનંદજીએ માધવાનંદજીના ધૂણા પાસેની બેઠક પર મને બેસાડતા કહ્યું, 'હવે તમે સિદ્ધઆસન પર બેસવા સક્ષમ અને લાયક બની ગયા છો.'

પછી હસીને મારી સામે બેઠક લેતા બોલ્યા, 'આવતી કાલે પ્રભાતમાં જ પુરણપુરીજી આવી જશે અને સ્વરૂપાનંદજીની જગ્યા પર આપણે બધા જશું. બાદમાં આત્માઓના વિનિમય પછી આવતી કાલે જ તમે સ્વરૂપાનંદના દેહમાં તમારા આત્માનો સહયોગ કરીને, સ્વરૂપાનંદ સ્વરૂપે, તેમની બધી જ સ્મૃતિઓ સાથે, હરિદ્વાર તરફ પુરણપુરીજી સાથે ટ્રેઈન દ્વારા રવાના થઈ જશો.'

સાંભળીને મારે પ્રત્યુત્તર આપવાનો હતો નહિ. આજ જવાનું થાય કે કાલે અથવા અત્યારે જ જવાનું થાય, મારા માટે હવે કોઈ ફરક પડતો ન હતો. હવે હું માત્ર વર્તમાનની ક્ષણોને જ દૃષ્ટાના રૂપમાં જોતો હતો. મેં માત્ર મૂક સંમતિ દર્શાવી.

ત્યાં જ દાનબાપુ આવ્યા ને બોલ્યા,

'ચાલો, રાત્રિભોજન તૈયાર છે.' પછી હસીને બોલ્યા,

'નારાયણને ભાવતુ અર્થાત્ બ્રાહ્મણોને પ્રિય મિષ્ટાન બનાવ્યું છે.'

કહી દાનબાપુએ હસી મારા તરફ દૃષ્ટિ કરી ને ચાલતા થયા. અમે પણ તેને સાથ આપતા રસોઈઘર તરફ પગ ઉપાડ્યા.



17

આજનું પ્રભાત સુંદર લાગતું હતું. કોઈ નવું કાર્ય કરવાનો ઉમંગ કદાચ મારામાં ઊભરાઈ રહ્યો હતો. આનંદ મારા આત્માનો સ્વભાવ બની ગયો હતો.

મેં જોગણિયા પર્વતને પ્રણામ કર્યા, એ જ તો મારો કાયમનો સાથી અને મિત્ર હતો. પછી શિવાનંદ સરસ્વતીજીની સમાધિને પ્રણામ કર્યા, જે મારી ઉન્નતિમાં ખૂબ રસ ધરાવતા હતા. આજે અંતરમાં ઊભરાતા આનંદ સાથે આ બધાને હું પ્રણમી રહ્યો, મને લાગ્યું કે આજે જાણે હું બધાંની વિદાય લઈ રહ્યો છું, પરંતુ અંતરમાં વિદાયનો કોઈ વિષાદ ન હતો. અરે, વિષાદ તો હવે ક્યાંથી હોય ? તે તો મને છોડીને ક્યાંય જતો રહ્યો હતો.

સ્વરૂપાનંદનું કાર્ય, સ્વરૂપાનંદના દેહમાં મારા આત્માને પ્રવેશ કરાવીને અને સ્વરૂપાનંદના સૂક્ષ્મદેહના સહારે-સ્વરૂપાનંદ જ બનીને હું હરિદ્વાર જવા માટે ઉદ્ધૃત થયો હતો. એક રોમાંચક અને નવીનતમ્ અનુભવ થવાના નવલા ઉમંગથી હું ઊભરાઈ રહ્યો હતો. હાં, છતાં પણ મારામાં આ ઉમંગને નિહાળવાનો 'દૃષ્ટાભાવ' જાગૃત હતો; એટલે અંદરથી હું પરમ શાંતિનો અનુભવ કરતો સમતાપૂર્વક બધું કર્મ કરી રહ્યો હતો.

પ્રભાતનો બ્રહ્મમુહૂર્તનો સમય હતો, બધું શાંત હતું મારા અંતઃકરણની જેમ. આવી શાંતિ અને સ્વસ્થતા સાથે હું ચોગાનમાં આવ્યો. મંદિરમાં આરતીની પૂર્વતૈયારીરૂપ શંખનાદ થઈ રહ્યો હતો, ગૌશાળામાંથી ગાયોના કંઠે બાંધેલી ઘંટડીઓનો ઝીણો ઝીણો મધુર ઝંકાર સંભળાઈ રહ્યો હતો. પક્ષીઓની ચહલપહલ ક્યાંક ક્યાંક શરૂ થઈ ગઈ હતી.

સ્નાન વિગેરે પ્રાતઃ વિધિ માટે હું આગળ વધ્યો, શાસ્ત્રીજીના વેદપાઠનનો ધ્વનિ સંભળાઈ રહ્યો હતો, દાનબાપુ ગૌશાળામાં ગાયોની સંભાળ લેતા અને વાછરડાઓ સાથે ગમ્મત કરતા હતા, સાથે સાથે મધુરકંઠે પ્રભાતિયા પણ ગાઈ રહ્યા હતા.

હું સ્નાનાગર તરફ આગળ વધ્યો તો સામે રેવાનંદજી ભીની જટા પસવારતા સ્નાન કરીને આવી રહ્યા હતા. નજીક પહોંચતા અમે બન્નેએ 'ૐ નમોઃ નારાયણ'ની આપ-લે કરી. દંડવત્‌ની મુદ્રામાં હાથ ઊંચા કરી પરસ્પર પ્રણામ કર્યા; તેમની છૂટી જટા, સશક્ત બાંધો જોતાં રેવાનદજી સાક્ષાત્ શિવસ્વરૂપ લાગી રહ્યા હતા, મેં મનોમન તેમને પુનઃ પ્રણામ કર્યા, તો રેવાનંદજી પુલકિત ચહેરે મારી સામે હસીને બોલ્યા,

'તમે આજે આત્મા દ્વારા નૂતનજગતના વાતાવરણમાં દૃષ્ટા તરીકે પ્રવેશ કરવાના છો, એટલે જ રોમાંચ અનુભવી રહ્યા છો, પરંતુ આનંદની વાત તો એ છે કે, આ બધું તમે દૃષ્ટાભાવે જોઈ રહ્યા છો. આધ્યાત્મિક સિદ્ધિનું એ જ તો પ્રમાણપત્ર છે. જેના પર સમતાની મોહર લાગેલી છે.'

પછી થોડું અટકીને માહિતી આપતા બોલ્યા,

'પુરણપુરીજી રાત્રે જ આવી ગયેલા છે અને અત્યારે રસોઈઘરમાં અલ્પાહાર બનાવી રહ્યા છે.' પછી હસીને બોલ્યા, 'તમે ઝડપથી પ્રાતઃવિધિ પતાવીને રસોઈઘરમાં આવો, અમો ત્યાં જ છીએ; પછી તુરત જ આપણે સ્વરૂપાનંદની જગ્યાએ જવા પ્રસ્થાન કરવાનું છે.' ને જટાને પસવારતા ચાલતા થયા.

પ્રાતઃવિધિ પતાવી મેં રસોઈઘરમાં પ્રવેશ કર્યો, તો પુરણપુરીજી હસતા મુખે સામે જ ઊભા હતા. મેં દંડવત્‌ની મુદ્રામાં તેમને પ્રણામ કર્યા, તો તે મને ભેટી પડી મારી પીઠ પસવારતા પ્રેમપૂર્વક હસીને બોલ્યા,

'વર્ષો પછી, આજે તમને સિદ્ધપુરુષના સ્વરૂપમાં જોઈ રહ્યો છું, વર્ષોની ઇચ્છા આજે ફળી છે. ખેર, હવે તો તમે પણ સ્વયં બધું જાણી શકો છો !'

પછી થોડું અટકીને બોલ્યા, 'આજે તમને ભાવતી વાનગી 'માલપુડા' મેં તમારા માટે જ અલ્પાહારમાં બનાવ્યા છે.' બધાના ચહેરા સાંભળીને આનંદથી હસી રહ્યા.

અલ્પાહારને ન્યાય આપી સૂર્યોદય પહેલાં જ અમે નીકળી પડ્યા. દાનબાપુ તો સાથે હતા જ, પરંતુ શાસ્ત્રીજી તથા છાત્ર અશોકે પણ સાથે આવવાની ઇચ્છા વ્યક્ત કરતાં સેવકોને ગૌશાળા તથા જગ્યાની જવાબદારી સોંપીને અમે ગાયત્રી મંદિરના પાછળના ટેકરાઓ પરથી આગળ વધ્યાં.

સૂર્યોદય થવાની હજુ ઘણી વાર હતી. છતાં ભળભાખળું થઈ જતાં, આછા પ્રકાશમાં અને મનભાવન શીતળ હવામાં ચાલતા લહેરથી અમે આગળ જઈ રહ્યા હતા, વૃક્ષો પરનાં ફૂલોની સુગંધથી વાતાવરણ મહેંકી રહ્યું હતું. પથ્થરો અને શિલાઓને ટપતાં અમે આગળ વધી રહ્યા હતાં. ત્યાં જ આગળ વધી રહેલાં શાસ્ત્રીજીનો પગ સહેજ લથડ્યો અને પડતા પડતા માંડ બચ્યા; સાથે બોરડીના કાંટાના ઉઝરડા પણ થયા. એ સાથે જ તેમના વ્યગ્ર અને ગુસ્સાથી ભરેલાં શબ્દો તેમના મુખમાંથી નીકળી પડ્યા.

'ઓહ ! ભારે કરી આ તો ભાઈ !' પછી અમારી તરફ ગુસ્સાથી જોઈને બોલ્યા, 'આવી કારણ વગરની બળતરા શું કામ કરવી જોઈએ ? હું તો આ પાછો હાલ્યો, મારે તો મારી ચોપડિયું ભલી અને હું ભલો !'

કહી પગ પાછા વાળી જવા માટે ઉપાડ્યા. આમ તો તે સાથે આવે તે ઇચ્છનીય ન જ હતું; તેથી તેમની ઇચ્છાને બધાએ સહર્ષ વધાવી લીધી. અશોકને પણ તેની સાથે જવા સમજાવી લઈ, બન્નેને રવાના કરી અમે આગળ વધ્યા.

સ્વસ્થતાપૂર્વક અમે જંગલમાં રસ્તો કરતાં આગળ વધી રહ્યા હતા. હવે વાતચીત માટે કોઈએ બોલવાની જરૂર ન હતી; છતાં વાણી દ્વારા વાતચીત કરવાનું યથાર્થ લાગી રહ્યું હતું. બધું જ જાણતો હોવા છતાં મેં ચાલતા ચાલતા રેવાનંદજીને સંબોધીને કહ્યું,

'રેવાનંદજી ! એક પ્રશ્ન થાય છે !'

'જાણો છો, છતાં પૂછી રહ્યા છો ને ? પૂછો !' તે હસીને બોલ્યા.

'હા... ! જાણું છું, છતાં લોકોક્તિ મુજબ પૂછી રહ્યો છું. સ્વરૂપાનંદની કક્ષા જો 'જીવનમુક્ત'ની હોય, તો તેનો અર્થ મોક્ષ જ થયો ને ? તો પછી મોક્ષને માટે અડચણ જ ક્યાં રહી ? તેને જીવતાં જ મોક્ષ અવસ્થા જ પ્રાપ્ત થઈ ચૂકી છે !'

'બરાબર છે !' ગંભીર મુખ ધારણ કરી રેવાનંદજીએ કહ્યું.

'સ્વરૂપાનંદના સૂક્ષ્મ શરીરમાં ભૂતકાળના અનુભવોની છાપ સંપૂર્ણ રીતે લુપ્ત થઈ શકી નથી. સ્થિતપ્રજ્ઞ હોવા છતાં તેનું બાકી રહી ગયેલું કર્તવ્ય તેને વિચલિત કરી રહ્યું છે. દેહત્યાગ વખતે કદાચ જો આ સ્મૃતિઓ તાદૃશ્ય થાય તો પૂર્વજન્મ લેવો નિશ્ચિત બની જાય છે. જો આમ થાય તો અને તો જ તેના માટે મોક્ષ શક્ય ન બની શકે. વળી તેના માતા-પિતાની પિતૃલોકમાં તૃપ્તિ થતી નથી. તેઓનું અંતઃકરણ સ્વરૂપાનંદ પર તીવ્ર અસર કરે છે, તેના નાનાભાઈની અવગતિથી થતું તેને દુઃખ સૂક્ષ્મ રીતે તેની પાસે મુક્તિ કરાવી આપવાની યાચના કરે છે. તેથી તે જીવનમુક્ત અને શુદ્ધાત્મા હોવા છતાં, તેની પાસેની અન્યોની અપેક્ષાએ તેના માટે મોક્ષના દ્વારમાં દાખલ થવા માટે અડચણરૂપ છે.'

'અને એક ખાસ વાત, એક વખત થોડો પણ ગૃહસ્થાશ્રમનો જેણે અનુભવ કરેલો હોય, તે આ જન્મમાં તેની અસરથી યોગી હોય, છતાં પણ અધૂરા ઋણે મુક્ત થઈ શકતો નથી. તેમાંથી મુક્ત થવા માટે મૃત્યુ અને પછી પુર્નજન્મ અને પછી પુનઃ સાધના જરૂરી બની જાય છે.' પછી પુનઃ થોડું હસીને બોલ્યા,

'આ બાબત ઘણી ગંભીર છે; સામાન્ય લોકોને તર્કથી સમજાવી શકાય તેવી નથી. કારણ કે કર્મની ગતિને સમજવી અત્યંત મુશ્કેલ છે !' ને આગળ વધી રહ્યા.

મેં વિચાર્યું, સ્વરૂપાનંદને થોડો પણ લગ્ન કરીને આશાદેવીનું નિદ્રાધીન મુખ જોવા

જેટલો જ ગૃહસ્થાશ્રમનો અનુભવ છે, છતાં તે આશાદેવીના ચહેરાને ભૂલી શક્યો નથી. જો કે તે તેના પ્રત્યેનો કર્તવ્ય ન બજાવ્યાનો જ માત્ર અસંતોષ માને છે. મોહ તો તેને નથી જ ! છતાં એ બધું પૂર્ણ કરવું તો આવશ્યક છે જ અને તો જ તેના આત્માને મોક્ષ પ્રાપ્ત થઈ શકે અને એ હેતુ સિદ્ધ કરવા આ પ્રયત્નો કરવા જરૂરી છે. વળી જો તે સ્વયં પોતાના 'આત્માયુક્તદેહ' સાથે હરિદ્વાર જઈ બધું કાર્ય પૂર્ણ કરવાના પ્રયત્નો કરે, તો કદાચ તે પતિ હોવાને લીધે આશાદેવી પ્રત્યે ખેંચાઈ મોહાંધ પણ થઈ જાય. તો પછી તેનું પતન નિશ્ચિત બની જાય. આ ભયસ્થાનની પણ ઉપેક્ષા થઈ શકે તેમ ન હતી. તેથી આ યોજના સર્વથા ઇષ્ટ છે, તેવી મને પૂરેપૂરી ખાતરી થઈ ચૂકી ને હું પણ મૌનમૂક બન્નેની સાથે ચાલી રહ્યો.

થોડી જ વારમાં સ્વરૂપાનંદની જગ્યા આવી ગઈ. અમે ધીમે ધીમે ધોધની પાછળ જઈ પ્રથમ ગુફામાં પ્રવેશ કર્યો, તો સામે જ સેવકરામ મનુષ્ય સ્વરૂપમાં ઊભેલો નજરે પડ્યો. 'ૐ નમોઃ નારાયણ'ની આપ-લે બાદ બોલ્યો,

'સ્વરૂપાનંદજી નિત્યકર્મથી પરવારી ચૂક્યા છે અને આપ સૌની અંદર રહી પ્રતીક્ષા કરી રહ્યા છે.'

અમે તેની સાધનાગુફામાં પ્રવેશ કરતાં તેણે અમારું સ્વાગત કર્યું, પછી હસીને મારી સાથે હાથ મેળવી, મને ગળે લગાવતા કહ્યું,

'આવ... અનંતાનંદ ! હવે તારા આત્માએ મારા જડ અને સૂક્ષ્મદેહ સાથે જોડાઈને 'સ્વરૂપાનંદ' બની જવાનું છે; અને હું અર્થાત તારા દેહમાં મારા આત્માને પ્રવેશ કરાવી 'અનંતાનંદ' બની અહીં રહી, તારી પ્રતીક્ષા કરીશ. તારા દેહમાં રહી હું ઉચ્ચ સાધના ચાલુ જ રાખીશ. માત્ર દૃષ્ટાભાવે નિરામય બની રહીશ અને તું પણ દૃશ્યભાવે સ્વરૂપાનંદ જ બની રહીશ. તારા આત્માનું મારા સૂક્ષ્મદેહ સાથે અનુસંધાન થઈ જતાં તું તારી જાતને સ્વરૂપાનંદ જ માનવા લાગીશ. છતાં યોગબળે તું 'દૃષ્ટા' તરીકે રહી શકીશ.

મારે તારા દેહ સાથે ગુફાની અંદર જ રહેવાનું છે, તેથી હું તારા સૂક્ષ્મશરીર સાથે મારા આત્માને જોડીશ નહિ. એટલે મને દેહાભિમાન થશે નહિ, પરંતુ તારા આત્માને માયારૂપ સૂક્ષ્મશરીરનું અવલંબન લેવું પડશે, આથી દેહાભિમાન થશે. દેહ મારો હોવાથી તને 'સ્વરૂપાનંદ' તરીકેનું જ દેહાભિમાન થશે. પછી તું તારી જાતને સ્વરૂપાનંદ જ સમજીશ અને તે મુજબ વિચારીશ, તેમજ બધા જરૂરી કાર્યો કરીશ. તેમ છતાં તારા આત્માનો દૃષ્ટા-સાક્ષીભાવ અકબંધ જળવાઈ રહેશે !' પછી થોડું હસીને સ્વરૂપાનંદ આગળ બોલ્યા, 'તું સ્વરૂપાનંદ સ્વરૂપે મારું કાર્ય પૂર્ણ કરીને પરત થઈશ, ત્યાં સુધી તારા દેહને ધારણ કરતો મારો આત્મા સમાધિવસ્થામાં રહેશે; અને તારા દેહનું રક્ષણ કરવા સેવકરામ અહીં અહર્નિશ હાજર રહેશે, ચિંતાનું કોઈ કારણ રહેશે નહિ.'

પછી થોડું મૌન ધારણ કરી સ્વરૂપાનંદે થોડા ગંભીર છતાં શાંત ચહેરે આગળ કહ્યું,

'ત્યાંથી તારે જેમ બને તેમ જલદી કાર્ય સિદ્ધ કરીને અત્રે આવવાનું છે, કારણ કે !' પછી સારી વાર મૌન રહીને ઉમેર્યું.

'કારણ કે મારા આ દેહની આયુષ્યમર્યાદા હવે તુરતમાં પૂર્ણ થવાની છે. તારા પરત આવ્યા પછી તારે તુરત જ તારા આત્માને તારા દેહમાં પ્રવેશ કરાવવાનો છે; અને તે પછી થોડી જ ક્ષણોમાં મારા આત્માને મારા દેહમાં સ્થાપિત કરાવીને સમાધિ દ્વારા જ મારા આત્માને સહસ્ત્રામાં લઈ જઈ યોગાગ્નિમાં ભસ્મ થઈ મારે દેહત્યાગ કરવાનો છે.'

હું આ બધું જાણતો હોવા છતાં થોડી ક્ષણો માટે આ સાંભળીને સ્તબ્ધ રહી ગયો. આ બધું બરાબર રીતે, નિયત સમયે પાર ઉતારવાનું છે, તેની મને ખબર હતી; છતાં 'સ્વરૂપાનંદનું પરલોકગમન' થોડા જ સમયમાં થવાનું છે, તેથી મને થોડું દુઃખ તો થયું જ; જે એ ક્ષણોમાં સ્વાભાવિક હતું, એમ હું માનું છું. મારે હજુ ગૃહસ્થાશ્રમ ભોગવવાનો છે, એટલે જ કદાચ સુખ-દુઃખના ભાવોથી હું સંપૂર્ણપણે મુક્ત થયો ન હતો. જો કે આને દુઃખ કહી શકાય એમ પણ હું માનતો નથી, કારણ કે આ તો શુદ્ધ પ્રેમના સ્પંદનો છે, જે હૃદયમાંથી ઊઠે છે.

હું સ્વરૂપાનંદને નિહાળી રહ્યો હતો, ત્યાં જ દાનબાપુ બોલ્યા,

'પુરણપુરીજી આપ બન્નેને સ્નાન માટે ધોધ પાસે યાદ કરે છે. સ્નાન બાદ તુરત જ ત્યાં બધી વિધિ પૂર્ણ કરીને તુરત જ જગ્યા પર પ્રસ્થાન કરવાનું છે.' કહી દાનબાપુ આગળ ચાલતા થયા.

પુરણપુરીજીએ જાતે અમને બન્નેને સ્નાન કરાવ્યું. પછી મંત્રોચ્ચાર કરી અમારા હાથમાં જલની અંજલિ આપતા કહ્યું,

'બસ, આ ક્ષણ જ ઉત્તમ છે. હવે તમે આત્મદેવની પ્રાર્થના કરી વિનંતી કરો, જે તમારું જ છે, તે તમને તમારી ઇચ્છા પ્રમાણે જ અનુકૂળ થાય તેવી નમ્રવિનંતી સાથે અનુરોધ કરો.'

પુરણપુરીજીની આજ્ઞા મુજબ મેં આંખો મીંચી પ્રાર્થના કરી સંકલ્પ કર્યો, 'હે મારા આત્મદેવ ! આપ સ્વરૂપાનંદના દેહમાં પ્રવેશ કરી અને તેના દેહ સાથે સાયુજ્ય કરી, સ્વરૂપાનંદ હોવાનો ભાવ ધારણ કરી કાર્ય પૂર્ણ કરવા હરિદ્વાર તરફ પ્રયાણ કરશો; કાર્ય પૂર્ણ થયે આપ પરત આવી પુનઃ તમારા દેહમાં પ્રવેશ કરશો !'

અને તે સાથે જ મને લાગ્યું કે, મારો આત્મા તેજસ્વી કણ જેવા બિન્દુ સ્વરૂપે સહસ્ત્રારમાંથી નીકળી બહાર આવી ઝળાહળા થઈ રહ્યો છે, ને સામેથી સ્વરૂપાનંદના સહસ્રારમાંથી તેવું જ તેજસ્વી બિન્દુ નીકળી આ તરફ આવી રહ્યું છે.

અને એક ક્ષણના પણ ક્ષણ જેટલા સમયમાં મારું આત્મસ્વરૂપ ઝળહળતી જ્યોતરૂપ બિન્દુ સ્વરૂપાનંદના દેહમાં દાખલ થઈ ગયું અને સ્વરૂપાનંદનું આત્મસ્વરૂપ તેજસ્વી બિન્દુ મારા દેહમાં પ્રવેશી ગયું.

તે જ ક્ષણે મને તુરત જ લાગવા માંડ્યું કે, હવે હું અનંતાનંદ નહિ, પરંતુ 'સ્વરૂપાનંદ' છું !

હું મારા પૂર્વદેહને નિહાળી રહ્યો. ઘણું વિચિત્ર લાગ્યું. મારા તે પૂર્વ દેહમાં હવે સ્વરૂપાનંદના આત્માનો વાસ છે. અમે બન્ને અમારા પૂર્વદેહના સૂક્ષ્મશરીર, તેના સ્પંદનોને; અને 'સ્મૃતિ'ઓને અનુભવતા સામસામે દષ્ટાભાવે જોઈ રહ્યા. કેટલી ઝડપથી આત્માના આદાન-પ્રદાનનું આ કાર્ય સંભવિત બની ગયું. ઈશ્વરદત્ત સંકલ્પશક્તિ કેટલી મહાન છે, તેની મને સારી રીતે પ્રતીતિ થઈ ચૂકી !

હું વિચારી રહ્યો હતો, ત્યાં જ પુરણપુરીજીના શબ્દો મારા કાને પડ્યા, જે મને સંબોધીને હતા,

'ચાલો સ્વરૂપાનંદજી ! હવે આપણે તમારી જન્મભૂમિ હરિદ્વાર તરફ પ્રયાણ કરીએ.'

તે સાથે અમે બધા હસી પડ્યા. મને પણ લાગ્યું કે હું સ્વરૂપાનંદ જ છું. કારણ કે હવે હરિદ્વારના સંસ્મરણો મને, હું સ્વરૂપાનંદ વર્ષોથી હોઉં તે રીતે તાદશ્ય થઈ રહ્યા હતા.

હું વિચારી રહ્યો હતો, ત્યાં જ રેવાનંદજી મારો સ્પર્શ કરીને બોલ્યા, 'હવે, હું અને દાન જગ્યામાં અહીંથી જુદા રસ્તે ઝડપથી પરત થઈશું. અહીંની સુરક્ષાની વ્યવસ્થા થઈ ચૂકી છે. તમે યાત્રાળુઓના સરળ રસ્તે થઈને જગ્યા પર આવો, ત્યાંથી મોટર રસ્તે તમારે તુરત જ વડોદરા પ્રયાણ કરવાનું છે. ત્યાંથી તમારે 'દહેરાદુન એક્ષપ્રેસ' મારફત હરિદ્વાર જવાનું છે. બધી વ્યવસ્થા થઈ ગઈ છે, તમારે ટ્રેઈનમાં એસી કોચમાં જવાનું છે; એટલે કોઈ જાતની મુશ્કેલી પડશે નહિ, આરામથી મુસાફરી થઈ શકશે.' કહી, દાનબાપુ સાથે રેવાનંદજી આગળ વધી ગયા.

ગુફામાંથી નીકળતા મેં પાછળ દૃષ્ટિ કરી તો 'અનંતાનંદ' સમાધિમાં લીન હતો. સેવકરામ તેની પાસે જ બેઠો હતો. મને સંતોષ થયો કે સેવકરામે તેની જવાબદારી બરાબર રીતે સંભાળી લીધી છે.

અમે ઝડપથી જગ્યામાં આવી ગયા. જવાની બધી જ તૈયારી થઈ ચૂકી હતી. જતાંની સાથે રેવાનંદજીએ હસતા હસતા કહ્યું,

'હવે થોડા દિવસો માટે આ મુનિનો વેશ ત્યજીને પુનઃ સ્વરૂપાનંદ વકીલનો વેશ ધારણ કરવો પડશે !' સાંભળીને બધા હસી પડ્યા, તુરત જ દાનબાપુ વાણંદને લઈને

આવી પહોંચ્યા. મારું ક્ષૌરકર્મ કરવામાં આવ્યું. જટાનું કર્તન કરી, સામાન્ય લાંબા વાળ રાખવામાં આવ્યા. હું પૂર્વે ફ્રેન્ચકટ દાઢી રાખતો તે મુજબની જ દાઢી રાખવામાં આવી. પછી લાંબો રંગીન ઝભ્ભો અને સફેદ પેન્ટ ધારણ કરાવવામાં આવ્યા. મેં આયનામાં જોયું તો મારો જ દેખાવ જોઈને હું દંગ રહી ગયો. એક સુંદર, સુદૃઢ ગંભીર અને પ્રતિભાશાળી વકીલ જેવો હું લાગી રહ્યો હતો. જોઈને બધા ખુશ થઈ ઊઠ્યાં હતાં.

થોડી જ વારમાં મંદિરના એક સેવકની ઈન્ડિકા ગાડી આવી ગઈ, જેમાં અમારે વડોદરા સુધી જવાનું હતું. જરૂરી સામાન રેવાનંદજીએ યાદ કરીને જાતે મુકાવી દીધો.

અમે દરવાજાની બહાર નીકળ્યા. શાસ્ત્રીજી, દાન, છાત્ર અશોક તથા અન્ય સેવકો અમને વળાવવા દરવાજા સુધી આવ્યા. છાત્ર અશોકને કૉલેજ સુધી સાથે આવવું હતું, તેથી તેને સાથે લીધો. પુરણપુરીજી અંદર ગોઠવાઈ ગયા હતા. મેં મારી સીટ પર સ્થાનગ્રહણ કરતાં પહેલાં પાછળ ફરીને દૃષ્ટિ કરી તો રેવાનંદજી મધુર હાસ્ય કરી, મને હાથ હલાવીને વિદાય આપી રહ્યા હતા; પરંતુ દાનના ચહેરા પર મેં ગમગીની જોઈ. તે સજળ નયને, અશ્રુભીની આંખે મને જોઈ રહ્યો હતો. તેની આંખોમાંથી અશ્રુ ટપકી પડતાં મેં જોયા. હું જાણતો હતો કે અનંતાનંદ પ્રત્યેની લાગણીના સ્પંદનો તેને વિચલિત કરી રહ્યા છે. હું ઝડપથી મારી સીટ પર ગોઠવાઈ ગયો.

છાત્ર અશોકને બહાઉદ્દીન કૉલેજના પટાંગણમાં ઉતારી અમારી ગાડી ઝાંઝરડા રોડને પસાર કરી, બાયપાસથી હાઈવે રોડ પર પૂરઝડપે દોડી રહી.

સાથે સાથે મારી સ્મૃતિઓની સંવેદનાઓને લઈને.



વિભાગ - ૩

•

ગેબી ગિરનાર

17

ઝાંઝરડા રોડને વટાવી અમારી ગાડી આગળને આગળ દોડી રહી હતી. બસ, આગળ આગળ ને આગળ, નહિ, પાછળ પાછળ ને પાછળ....!

વિચિત્ર લાગે તેવું વિધાન છે, પરંતુ ઘણી વખત વિચિત્રતામાં પણ સત્ય છુપાયેલું હોય છે. ગાડી આગળ ચાલી રહી હતી, પરંતુ ધરતી અને તે પરના વૃક્ષો પાછળ દોડી રહ્યા હતા. અલબત્ત આ આભાસ માત્ર છે, નિઃસાર સંસારની જેમ. માનવમાત્ર વર્તમાનને વટાવી ભવિષ્ય તરફ આકાંક્ષાઓરૂપી ગાડી દ્વારા દોટ મૂકે છે, પરંતુ આજે... આજ ક્ષણે તો હું વર્તમાનમાંથી ભવિષ્યને બદલે, સ્મૃતિઓરૂપી ગાડીમાં સવાર થઈ, વીસ વર્ષથી પણ વધુ લાંબા એ ભૂતકાળના પટ પર હું ઝડપથી દોડી રહ્યો હતો.

ઓહ ! સ્મૃતિઓનો ઓઘ ઊમટી પડ્યો હતો, મારા મનમાં એકસામટો, આડો-અવળો સ્મતિરૂપી સ્થિર બની ગયેલો સરોવરનો બંધ આજે જાણે તૂટીને મહાવેગે વહી રહ્યો હતો. આહ ! કેવા હતા એ અભ્યાસકાળના દિવસો ! ટુર્નામેન્ટ, ડિબેટ, પ્રવાસો સાથે સાથે મિત્રો સાથે કરેલા રંગબેરંગી રોમાંચક અનુભવો. નયનરમ્ય સ્થળોનું સૌંદર્ય માણવાનો એ અનેરો આનંદ. એ ગંગામૈયાના કાંઠે કાંઠે ઘેઘૂર લીલાછમ વૃક્ષોના છાંયે, રંગબેરંગી પક્ષીઓની પાંખોના ફડફડાટ સાથે થનગનતું આકાશને આંબવા ઊડતું યૌવન અને એ યૌવનના નશામાં ઝૂમવાનો અનેરો લહાવો !

પુરણપુરીબાપુ સાથે હરિદ્વાર તરફ મારતી ગાડીએ જઈ રહેલો હું ભૂતકાળને વાગોળી રહ્યો હતો. અચાનક એક ચહેરો ઊપસી આવ્યો મારા માનસપટ પર. નિર્દોષ, સોહામણો, આધ્યાત્મિક આભાથી પરિપૃષ્ઠ એ ચહેરો સદાય હસતો. એ ચહેરો હતો મારા કાકાની પુત્રી ચંદાબહેનનો. મારાથી બે જ વર્ષ મોટી એ બહેન, જેણે મારા સમગ્ર જીવનને પોતાના ઉદાત્ત આદર્શો વડે રંગીને, મારા જીવનને સાવ પલટી નાખ્યું ! હા,

પલ્ટી નાખ્યું, એક નવો મોડ, એક નવી દિશાના દ્વાર પર લાવી મૂક્યો મને અને તેથી મને જે આનંદનો અનુભવ થયો. તે પછી મને લાગ્યું કે આ ભૌતિક આનંદ કરતાં અનેકગણો વધુ આનંદ મને હવે પ્રાપ્ત થઈ રહ્યો છે.

હરતી-ફરતી તીતલી જેવી ચંદા પૂર્વજન્મની કોઈ મહાયોગિની હોય તેવું તેનું વ્યક્તિત્વ હતું, સંસારમાં રહેવા છતાં તે સંસારના સુખોથી નિર્લેપ હતી, ભર્યા-ભાદર્યા વૈભવી સંસારમાં રહેતી હોવા છતાં તેમાંથી નીપજતા સુખથી તે ક્યારેય પરિપ્લાવિત થતી ન હતી; અને તેથી અથવા તો ગમે તેમ મને તો ચંદા ગંગામૈયાની સાક્ષાત, પવિત્ર અને ઉજ્જવલ મૂર્તિ જ લાગતી. ગંગામૈયાના શ્વેત-પવિત્ર જલમાં સ્નાન કરી, શ્વેતવસ્ત્રો ધારણ કરેલી, હાથમાં ફૂલોથી ભરેલી ટોકરી લઈને હરકીપેઢીના ઘાટ પર ગંગામૈયાની મૂર્તિની પૂજા કરવા જતી ચંદાબહેનને હું સાક્ષાત દેવીના સ્વરૂપમાં જોઈ રહેતો.

હું અને ચંદાબહેન એક જ કૉલેજમાં તત્ત્વજ્ઞાનનો વિષય લઈ બી.એ.ના છેલ્લા વર્ષની પરીક્ષા આપી રહ્યા હતાં. સૌમ્ય અને પવિત્ર ચહેરાવાળી, આકર્ષક અને ભવ્ય પ્રતિભા ધરાવતી ચંદા બધાંના આકર્ષણ અને ચર્ચાનું કેન્દ્ર હતી, પ્રિન્સિપાલ, પ્રાધ્યાપકો તથા કૉલેજનાં બધાં જ સ્ટુડન્ટ્સ તેને આદર અને માનની દૃષ્ટિથી જોતાં.

આવું અદ્‌ભુત વ્યક્તિત્વ હતું મારી બહેન ચંદાનું. તેને જોતાં જ પવિત્ર ભાવ જાગે, વાસના દૂર ભાગે અને અંતરમાં ભક્તિભાવ જાગે, છતાં પણ મારી સાથે અભ્યાસ કરતો મારો જ મિત્ર, જે કરોડપતિ બાપનો સંસ્કારી પુત્ર હતો, તે ચંદાના વ્યક્તિત્વથી અંજાઈ તેનાથી અત્યંત મોહિત થઈ ગયેલો. બસ, આવી ચંદા તેના અંતરમાં વસી જતાં તે લગભગ તેના માટે પાગલ જેવો બની ગયેલો. ચંદાની મૈત્રી અને પ્રેમ મેળવવા તે તેની વધુ ને વધુ નજીક આવતો જતો હતો, ચંદાને હરહાલમાં પ્રસન્ન કરવા તેના પ્રયત્નો રહેતા, પરંતુ નિજાનંદમાં મસ્ત ચંદાને તેની ક્યાં ખબર હતી !

પરિણામે આશિષ નામનો મારો તે મિત્ર પોતાના પ્રેમને અંતરમાં જ ઘૂંટતો તેના દર્દને સહન કરી રહ્યો હતો. એ જાણતો હતો કે ચંદા કોઈ સામાન્ય યુવતી નથી. તેના જેવી સૌમ્ય અને પવિત્ર યુવતી પાસે દુન્યવી પ્રેમની યાચના કરવી એ સર્વથા વિવેકહીનતા છે, પાપ છે ! ને તે મનમાં ને મનમાં મૂંઝાઈ, દર્દને ઘૂંટતો, મૂઢની જેમ ફર્યા કરતો હતો. પછી તો તે મારી સાથે પણ હસીને વાત કરી શકતો ન હતો, કારણ કે હું ચંદાનો ભાઈ હતો અને વળી તે પોતે સંસ્કારી અને સાથે સાથે શરમાળ પ્રકૃતિનો પણ હતો.

આમ બધી રીતે પોતાની લાગણીની અભિવ્યક્તિમાં અવરોધને કારણે તે શારીરિક અને માનસિક રીતે નિસ્તેજ બનતો જતો હતો. એક ઘેરી ઉદાસીનતા તેના મુખ પર અહર્નિશ દેખાયા કરતી હતી. તેનું આ વર્તન અને પરિવર્તન હું સમજી શકતો

ન હતો, તેથી એક વખત કૉલેજના પટાંગણમાં મેં તેને પૂછી લીધું, 'અરે, ભાઈ આશિષ ! આજકાલ તું કેમ આમ નિરાશ અને ઉદાસ થઈને ફરે છે ! શું વાત છે ? કોઈ તકલીફ હોય તો કહે, તારી આ હાલત દયા ઉપજાવે તેવી છે ! હું તારો અંગત મિત્ર છું. જે હોય તે મને કહીને તારા મનનો ભાર હળવો કર, હું તારી સાથે જ છું, શા માટે મૂંઝાઈ મરે છે ?'

સાંભળીને ઘડીભરને માટે તે સ્તબ્ધ થઈ ગયો, મને લાગ્યું કે કદાચ તેને મારી પાસે કોઈ અપેક્ષા હશે નહિ, અથવા તેના પ્રેમની અભિવ્યક્તિ કરવાનું આમ અચાનક આવી પડવાથી તેની મૂંઝવણનું કારણ બની ગયું હશે. જે હોય તે. મેં આજ શબ્દો પુનઃ દોહરાવીને તેના ખભા પર પ્રેમથી હાથ મૂક્યો. તો ઘણી વારે તેણે બોલવા માટે માંડ માંડ મુખ ખોલ્યું,

'સ્વરૂપ ! આ વાત તારા સિવાય તો હું કોઈને કહી શકું તેમ તો નથી. છતાં તને આ વાત મારે કઈ રીતે કહેવી તેની મૂંઝવણ અનુભવું છું. વાત પણ તેવી જ છે કે, મને ડર છે અર્થાત્ મૂંઝવણ છે કે, આ વાતથી તારા મન પર કેવી અસર પડશે ? મને એ વાતનો પણ ડર છે કે વાત સાંભળી કદાચ આપણી મિત્રતામાં દરાર પડી ન જાય !' પછી મારા તરફ દૃષ્ટિ નોંધીને બોલ્યો,

'વાત જ એવી છે, જે હું તને કહેવા ધારું છું, છતાં કહી શકતો નથી !'

'આશિષ !' મેં શબ્દોમાં પ્રેમ અને સહાનુભૂતિ ઠાલવીને કહ્યું.

'હું તારો મિત્ર જ નહિ, ભાઈ છું. એમ સમજીને કહે. વાત જે હોય તે, જેવી હોય તેવી, સંકોચ વગર કહે. આપણા સંબંધમાં કોઈ ફરક નહિ પડે તેની હું ખાતરી આપું છું.'

સાંભળીને તેનું મુખ આનંદથી ખીલી ઊઠ્યું. બોલ્યો,

'સ્વરૂપ ! હું પ્રેમમાં છું !'

'અરે, વાહ ! પ્રેમમાં હોવું અથવા પડવું એ કાંઈ અપરાધ નથી, એ તો સ્વાભાવિક અને કુદરતી છે. કારણ કે કોઈ પણ પ્રકારનો પ્રેમ એ ઈશ્વરનું સ્વરૂપ છે.'

સાંભળતો આશિષ નીચું જોઈને અંગૂઠા વતી જમીન ખોતરવા લાગ્યો. મેં આગળ કહ્યું,

'તારા મુખ પર આવો અપરાધભાવ શા માટે છે ? કહે તો.'

જવાબમાં મારી સામે નજર નોંધ્યા વગર નતમસ્તક રહી, દીર્ઘનિઃશ્વાસ સાથે આશિષે કહ્યું, 'કારણ કે મારા પ્રેમનું પાત્ર જ એવું છે. મને લાગે છે કે, હું તેને લાયક નથી !' પછી થોડું અટકીને આત્મમંથન કરતો હોય તેમ ધીમા અને ગંભીર અવાજે બોલ્યો, 'કરોડો રૂપિયા અને તેટલી જ મિલકતના માલિકનો એકલોતો પુત્ર હોવા છતાં,

હું તેની દિવ્યતા અને પવિત્રતાની તુલનામાં સામાન્ય જ નહિ, તુચ્છ છું, મારી કરોડની મિલકત તેની પવિત્ર સાદગી અને આધ્યાત્મિક દૈવી વૈભવ આગળ કોઈ હિસાબમાં નથી, છતાં હું તેને હૃદયના ઉદાત્ત ભાવ વડે અંતરના ઊંડાણથી ચાહું છું.' પછી મારા તરફ પરાણે મસ્તક ઊંચુ કરી, દૃષ્ટિ સ્થિર કરી બોલ્યો,

'તું મને ગમે તેવો ધારે, પણ મને આજે કહેવા દે, હું તેના વગર રહી શકતો નથી. તેને પામ્યા વગર હું જીવી શકીશ નહિ. હું જાણું છું કે, તેની ઊંચાઈને આંબવા હું સમર્થ નથી. ધન, દૌલત, વૈભવ, એશોઆરામ બધું જ હોવા છતાં, તેની યોગ્યતા આગળ આ બધાનું કોઈ મૂલ્ય નથી. બધી જ ભૌતિક સમૃદ્ધિ તેને મન તુચ્છ છે; અને દૈવી આભાયુક્ત તેના જાજરમાન વ્યક્તિત્વ આગળ હું વામણો છું. આ મારી લઘુતાગ્રંથી નથી, પરંતુ નરી વાસ્તવિકતા છે. માટે જ હું અંદરને અંદર ઘૂંટાયા કરું છું. અંતરની આ વિરહવ્યથાને અંતરમાં જ સંઘરીને હું મડદાની જેમ જીવી રહ્યો છું.'

'પરંતુ તે છે કોણ ? કહે તો !' મેં વચ્ચે જ તેને અટકાવીને કહ્યું, 'હર એક બાબતનો કોઈ ને કોઈ ઉકેલ હોય જ છે, આમ હિજરાયા કરવાથી તો કોઈ પરિણામ મળવાનું નથી. હું તારી સાથે જ છું. તને બધી રીતે મદદ કરીશ.'

અને તે સાથે જ મને સંબોધન કરતા શબ્દો મારા કાને પડ્યા,

'અરે, સ્વરૂપ ભૈયા ! તું અહીં છો ? હું તને ક્યારની શોધી રહી છું.' મેં પાછળ ફરી દૃષ્ટિ કરી તો ગાડીનું સ્ટીયરિંગવીલ ઝાલીને બારીમાંથી ઝૂકીને મારા તરફ હસી રહેલી ચંદાને મેં જોઈ. આમ આવા સંવેદનભર્યા સમયે અને તેના જ અનુસંધાને ચંદાને અચાનક ત્યાં આવી ચડેલી જોઈ હું અસંમજ ભાવે સ્તબ્ધ બનીને ઊભો રહ્યો. ચંદાનું આગમન અને આશિષના મુખમાંથી નીકળેલા શબ્દોને જોડી મેં એવું અર્થઘટન કર્યું કે, ચંદા જ આશિષનું પ્રિયપાત્ર છે.

હું વિચારી રહ્યો હતો, ત્યાં જ ચંદા આદેશ ભરેલા સ્વરે પુનઃ બોલી, 'અરે ! ઊભો કેમ રહ્યો છે ? ચાલ જલદી, મારી બાજુમાં બેસી જા, આપણે આજે એક જગ્યાએ જરૂરી મુલાકાતે જવાનું છે, ઉતાવળ કર ! ને તેણે ગાડી સ્ટાર્ટ કરી. મારી પાસે હવે વિચાર કરવાનો કોઈ સમય ન હતો, હું ઝડપથી જઈ ચંદાની બાજુની સીટ પર ગોઠવાઈ ગયો. ચંદાએ ઝડપથી ટર્ન લઈ ગાડી આગળ વધારી. હું ગાડીના પાછળના કાચમાંથી આશિષ તરફ જોયા વગર ન રહી શક્યો. તે નિરાશ પગલે ધીમે ધીમે જઈ રહ્યો હતો.

તેજ ગતિથી ગાડી ચલાવી રહેલી ચંદા તરફ મેં દૃષ્ટિ કરી. તેના સૌમ્ય ચહેરા પર મંદસ્મિત વિલસી રહ્યું હતું, વાતનો પ્રારંભ કરતા મેં ચંદા તરફ દૃષ્ટિ કરી કહ્યું, 'ચંદા ! એ મારો મિત્ર આશિષ હતો.'

'તો ?' સ્વરમાં બેદરકારી દર્શાવતા ચંદાએ કહ્યું.

'કરોડપતિનો એકનો એક પુત્ર છે.'

'હાં, ખબર છે.' વચ્ચે જ ચંદાએ કહ્યું, 'આપણાં ઘરથી થોડે જ દૂર તેમનો વૈભવશાળી વિશાળ બંગલો છે.'

'ચંદા ! એક વાત કહેવી છે.' મેં ખચકાતા ખચકાતા કહ્યું :

'એ તને ચાહે છે. તારા પ્રેમમાં છે, એ !'

'જાણું છું !' નિર્લેપભાવે ચંદાએ કહ્યું ને ટ્રાફિકમાં ધીમી પાડેલી ગાડીને ચંદાએ તેજ કરી આગળ વધારી. સાંભળીને હું વિસ્મયથી તેની સામે જોઈ રહ્યો. ઉત્સુકતાથી મેં કહ્યું, 'તો... તો... તું...' હું આગળ ન વધી શક્યો, ન પૂછી શક્યો.

'હું પણ તેને ચાહુ છું.' ચંદાના મુખમાંથી શબ્દો નીકળ્યા.

સાંભળી આશ્ચર્ય અને ખુશીના ભાવથી હું ઊછળી પડ્યો. બોલ્યો,

'વાહ ! તો તો કામ ઘણું આસાન બની ગયું. કાલે જ આશિષને આ વાત કરું. ખુશીનો માર્યો તે બેભાન બની જશે.'

'હા !' પ્રત્યુત્તર આપતા ચંદાએ હસીને કહ્યું, 'કહેજે, ચંદા સારાએ વિશ્વને ચાહે છે. જડ, ચેતન, સર્વ પદાર્થો, કીટ-પતંગ અને જીવતા-મરેલા કાગડા, કૂતરા, બિલાડા બધાને એ જ રીતે ચાહે છે એ રીતે તને પણ ચાહે છે.'

ઉપેક્ષાના ભાવથી નહિ, સાહજિકતાથી કહેવાયેલા તેના આ શબ્દો સાંભળી હું સ્તબ્ધ રહી ગયો. દયાથી પ્રેરાઈને આશિષને તેના પ્રેમમાં સહાયરૂપ થવાની મારી ઊગતી આશા પર પાણી ફરી વળ્યું. છતાં, મેં કહેવા ખાતર કહ્યું, 'પરંતુ ચંદા એ તને ખૂબ ચાહે છે.' પછી ભારપૂર્વક આગળ કહ્યું, 'કહેતો હતો, એ તારા વગર જીવી નહિ શકે.'

'જીવવું કે મરવું, એ તેણે નક્કી કરવાનું છે, હું તેના આવા મૂર્ખાઈ ભરેલા સંકલ્પ કે તેની ગમે તેવી ઇચ્છા માટે, કોઈ પણ રીતે જવાબદાર નથી.'

મેં જોયું તો ચંદાના સૌમ્ય ચહેરા પર લાલાશ વર્તાઈ રહી હતી. ગાડીને વળાંક આપી ઝડપ વધારતા તે પુનઃ બોલી, 'હકીકતમાં તે જેને પ્રેમ કે ચાહત કહે છે તે વાસનાનું છેતરામણું સ્વરૂપ છે. ઘણી વખત તે મને ફેઈસ ટુ ફેઈસ મળ્યો છે. મને તેની આંખોમાં વાસનાના સાપોલિયા રમતા દેખાયા છે. એ વાસનાને છુપાવવાના પ્રયત્નોમાં મારી સામેથી આંખો ખસેડી લે છે. એ સાચો પ્રેમી નથી 'કાપુરુષ' છે. એવા કાપુરુષને હું ધિક્કારુ છું !' કહી તે મૌન બની ઝડપથી ગાડી હંકારી રહી. મ રે હવે કશું જ બોલવાપણું હતું નહિ.

પુનઃ સૌમ્યસ્વરૂપ ધારણ કરી રહેલા તેના ચહેરાને હું જોઈ રહ્યો. પવનની લહેરખીઓ સાથે તેના કાળા-સુંદર વાળની લટો કપાળ અને લાલ હોઠો પર રમત કરી

રહી હતી. દૃઢ મનોબળ સાથે ગાડી હંકારી રહેલી ચંદા મહિષાસુરનો વધ કરવા જતી મહામાયા જેવી લાગી રહી હતી, પરંતુ તેના ચહેરા પર યુદ્ધ કરવા જતી યોગમાયાના જેવો ક્રોધ ન હતો; તેથી ઊલટું, તેના ચહેરા પર શાંત અને સૌમ્ય ભાવો વિલસી રહ્યા હતા. આવી દેવીસ્વરૂપ ચંદા મારી બહેન છે, તેવા ખ્યાલથી હું મનોમન ગર્વ અનુભવી રહ્યો.

ગાડી ગંગાના કિનારાથી થોડે દૂર, પણ કાંઠાને સમાંતર રહી આગળ વધી રહી હતી. લીલીછમ વનરાજી, ડુંગરાઓ પરથી પડતા નાના-મોટા પાણીના ધોધ મનને પ્રફુલ્લિત કરી રહ્યા હતા. સામે જ 'મનસાદેવી'નું મંદિર ડુંગર પર દૃષ્ટિગોચર થઈ રહ્યું હતું, પગથિયા પર ચડી રહેલા યાત્રિકો ઊંચા વૃક્ષોની આડશમાંથી પણ જોઈ શકાતા હતા.

અચાનક મને યાદ આવ્યું કે, ચંદા મને કશેક લઈ જઈ રહી છે, હું પૂછી બેઠો. 'બાકી બધું ઠીક છે, પરંતુ તું મને ક્યાં લઈ જઈ રહી છે ? કહે તો !'

'બસ, આ સામે દેખાતી ખીણમાં, મનસાદેવીના પર્વતની નીચેની ઝાડીમાં !'

'પરંતુ, શા માટે ?' મેં ઉત્સુકતાથી પૂછ્યું.

'ઓહ ! તને ખબર નથી, ત્યાં મોટી ગુફા છે તે ?' ચંદાએ જવાબ આપતા મારી સામે દૃષ્ટિ કરી.

'ખબર છે મને, પરંતુ ત્યાં આપણે શા માટે આમ ઓચિંતા થઈ રહ્યા છીએ એ તો કહે ?' મેં અકળાઈને પૂછ્યું.

'અરે, મારા ભાઈ ! ભૂલી ગયો ? ગઈ કાલે જ મેં તને કહ્યું હતું કે, મારા 'ૐ ગુરુ સરયુદાસજી આવવાના છે !' પછી સામે રસ્તા પર દૃષ્ટિ સ્થિર કરી, ગાડીને ધીમી પાડતા બોલી, 'તેઓ આવી ગયા છે અને આ ગુફામાં 'આસન' કર્યું છે.' પછી મારા તરફ દૃષ્ટિ કરી હસીને કહ્યું, 'તને ત્યાં, ભણવું-ગણવું છોડી, સાધુના વેશે ફરતો તારો મિત્ર રેવાનંદ બ્રહ્મચારી પણ મળશે.'

'વાહ ! રેવાનંદ ત્યાં સુધી પહોંચી ગયો છે ?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'હા, રેવાનંદ સરુયદાસજીનો ખાસ માનીતો શિષ્ય છે. સાધના દ્વારા તે ઘણો આગળ વધી અમુક સિદ્ધિઓ પ્રાપ્ત કરી ચૂક્યો છે. નિરાભિમાની તેનું મન હવે સંસારમાં રહ્યું નથી, તે પૂર્ણવૈરાગી અને 'બ્રહ્મનિષ્ઠ' ઝડપથી બની રહ્યો છે.'

પછી મારા તરફ દૃષ્ટિ કરી ચંદાએ હસીને કહ્યું, 'તું રેવાનંદનો ખાસ મિત્ર છે, વળી સરયુદાસજી પણ તારા પર પ્રસન્ન છે, તને જોયો નથી છતાં પણ તને સાથે જ લાવવાનું મને તેઓશ્રીએ ખાસ સૂચન કર્યું હતું.'

'વાહ ! મારા સદ્ભાગ્ય કે આવા સિદ્ધ મહાત્માએ મને યાદ કર્યો !'

મેં ખુશી વ્યક્ત કરતાં આગળ કહ્યું, 'મારું મન આજકાલ બેચેન રહે છે. મને જાણે હવે કશાયમાં રસ રહ્યો નથી, એવું લાગે છે !'

'બરાબર છે !' ધીમે ધીમે ગાડી એક બાજુ ઊભી રાખતા ચંદાએ કહ્યું,

'એ તારા આગળના ભવિષ્યનું સૂચન છે, સરયુદાસજી મહાન આત્મા છે, તે અનેક જન્મોનું અને ભવિષ્યનું પણ જ્ઞાન ધરાવે છે; આથી સંબંધિત લાયક વ્યક્તિને તે યોગદ્વારા જાણી તેને શક્તિપાત દ્વારા આગળ પ્રગતિ કરાવે છે !' પછી ગાડીમાંથી નીચે ઊતરતા કહ્યું, 'કદાચ, એવા હેતુથી જ તને પાસે બોલાવ્યો હશે !'

ગમે તેમ, પરંતુ મને નાનપણથી જ પિતાશ્રીની અનર્ગળ સંપત્તિ તથા સુખ-વૈભવ તરફ અનુરાગ હતો નહિ. મારા મનમાં ઘણા વખતની ત્યાગની વૃત્તિ જોર કરી રહી હતી. પરાણે વૈભવી જીવન માણતા મને દુઃખ થતું હતું. આ બાબત એક વખત મેં ચંદાને કહેલું. તો તેણે ધીરજથી સમજાવતા મને કહેલું,

'જન્મજાત મળેલો વૈભવ બંધન કરતા થતો નથી, પરંતુ વૈભવ મેળવવાની તૃષ્ણા હોવી જોઈએ નહિ. સ્પૃહારહિત જીવન જીવવામાં કશું ખોટું નહિ !'

'તમારી વાત, ચંદાબહેન હું સત્ય માનું છું, છતાં મારી મૂંઝવણનો ઉકેલ મને તેમાં દેખાતો નથી.' ચંદા તરફ દૃષ્ટિ કરી તેની સાથે ચાલતા ચાલતા મેં આગળ કહ્યું, 'જ્યારે કોઈ સુંદર શરીરને શબરૂપે અગ્નિમાં બળતાં હું જોઉં છું, ત્યારે તે સમયનું વાતાવરણ અને સ્થિતિ જોઈ, મને શારીરિક અર્થાત્ ભૌતિક પદાર્થ પર અનાદર થઈ આવે છે અને છેવટે શરીરની આ દશા થવાની છે, એવું મનમાં થવાથી મને મારા પોતાના શરીર ઉપર ઘણી ગ્લાનિ ઉત્પન્ન થાય છે, ઘણી વખત મનમાં એવો નિશ્ચય કરવાનું મન થઈ આવે છે કે, સંસાર વ્યવહારમાં પડવું નહિ, ઘર છોડીને ચાલ્યા જવું.'

એ સાથે ચંદાએ મારો હાથ પકડી લીધો. સ્નેહપૂર્વક કહ્યું,

'મારા ગાંડાભાઈ ! ક્યારેક આવા ભાવો હરકોઈ મનુષ્યને થઈ આવે છે, પરંતુ કુદરતે મનુષ્યને અમુક ભૂમિકા ભજવવા માટે જ જન્મ આપ્યો હોય છે. તે ભૂમિકા ભજવ્યા વગર ગૃહત્યાગ કરવો તે ઈશ્વરની ઇચ્છા વિરુદ્ધનું કર્મ છે. દરેક બાબતનો સમય ઈશ્વરે નિશ્ચિત કરેલો હોય છે, તેની ઇચ્છા જ દરેક પરિસ્થિતિમાં નિર્ણય લેવાનું સુગમ બનાવી આપે છે. માટે તેનું સ્મરણ કરતાં, ધીરજપૂર્વક બધું વિચારી નિર્ણય કરવો જોઈએ !'

કહી ચંદા મૌન બની મને દોરતી આગળ વધતા મેં પુનઃ કહ્યું, 'તારી વાત સત્ય છે, પરંતુ વાત ત્યાંથી અટકતી નથી. મારી આવી સ્થિતિ અથવા મનોવલણ સર્જાય છે, ત્યારે મને ખાવું-પીવું પણ પસંદ પડતું નથી. મનમાં એવું થવા લાગે છે કે, કોઈ બ્રહ્મનિષ્ઠ ગુરુ મળે તો તેનું શરણ ગ્રહણ કરી આ સંસારરૂપી જન્મમરણથી મુક્ત થવું.'

'ગુરુને ગોતવા જવાની જરૂર નથી. યોગ્યતા પ્રાપ્ત થતાં જ સામેથી આવીને મળે છે.' ચંદાએ મારી પીઠ પર હાથ પસવારતા કહ્યું,

'અને જો સ્વરૂપ ! તું આધ્યાત્મિક દૃષ્ટિએ જન્મજન્માંતરથી યોગ્ય છે અને માટે જ સરયુદાસજીએ તને સામેથી મળવાની ઇચ્છા પ્રગટ કરી છે. અટલા માટે જ હું તને તેનાં દર્શન કરાવવા માટે લઈ જઈ રહી છું.'

કથિત સ્થાન તરફ ઝાડીમાં ચાલતા અમે આગળ વધ્યા તો થોડી જ વારમાં ઝાડીના ઝુંડ વચ્ચે ગુફા નજરે પડી. હાથ પકડી ચંદાએ મને અંદર પ્રવેશ કરાવ્યો. તો સામે જ એક ભવ્ય સાધુમૂર્તિના દર્શન થઈ રહ્યા. ઊંચા-પડછંદ, વાને ગોરા, વિશાળ કપાળ અને ચમકતી મોટી આંખોમાં નિર્ઝરતો સ્નેહ, મુખ પર પ્રેમાળ હાસ્ય એ ભવ્ય સાધુમૂર્તિ જ સરયુદાસજી છે તે સમજતા મને વાર ન લાગી. તેની પાછળ જ રેવાનંદ બ્રહ્મચારી ઊભો ઊભો મને જોઈ સ્મિત વેરી રહ્યો હતો.

ચંદાએ સરયુદાસજીને તેના બન્ને ચરણોને સ્પર્શ કરીને પ્રણામ કરી, બન્ને હાથને પોતાની આંખો પર સ્પર્શ કરાવ્યો. મેં પણ તેનું અનુકરણ કરી, ભક્તિભાવપૂર્વક સરયુદાસજીને પ્રણામ કર્યા.

સરયુદાસજીએ આશીર્વાદ આપતા મારા મસ્તક પર પોતાનો જમણો હાથ મૂકતા કહ્યું,

'વાહ, સ્વરૂપાનંદ ! તું જીવનમુક્ત આત્મા છે, તારું કલ્યાણ થશે, તને ધન્યવાદ છે. તું સતપુરુષ છે; અને સતપુરુષ મહતની ઇચ્છા કરે છે, તુચ્છની નહિ ! તારામાં આ સ્વભાવસિદ્ધ ગુણ રહેલો છે.' પછી હસીને આગળ કહ્યું, 'અંતઃકરણની યોગ્યતા તથા તાકાત પ્રમાણે પુરુષ પ્રલોભનના પદાર્થો સામે ટક્કર લઈ શકે છે, પરંતુ ઓછા સત્ત્વવાળો જલદી લોભાઈ જાય છે, એ કનિષ્ઠ સ્થિતિવાળો સાધારણ વૈભવ દેખતા તે પ્રાપ્ત કરવાના પ્રયત્નોમાં મુખ્ય ઉદ્દેશથી પતિત થાય છે.

પ્રત્યેક મનુષ્યનો મુખ્ય ઉદ્દેશ ઈશ્વરપ્રાપ્તિનો જ હોવો જોઈએ.' પછી થોડું હસીને મારી સામે સ્નેહપૂર્ણ દૃષ્ટિ નોંધીને બોલ્યા, 'તું જન્મથી જ સંપત્તિવાન છે, છતાં તારામાં ત્યાગવૃત્તિ હોવાથી સંપત્તિને તુચ્છ સમજે છે, તું લલચાતો નથી. કારણ કે તારું મન તેનાથી ધરાઈને ઊબકાઈ ગયું છે, તુચ્છ પદાર્થો માટે પ્રવૃત્ત થવું તને પસંદ નથી. તું કુલીન હોય, નાશવંત પદાર્થો તને કેમ લલચાવી શકે ? ભર્તુહરિ અને ગોપીચંદ જેવો તું ત્યાગી છે !' કહી તેઓ અટકી ગયા. અગોચરમાં જોઈ રહ્યા હોય તેમ થોડી વાર મૌન બની ગયા. પછી પુનઃ થોડી વારે મર્મમાં હસીને બોલ્યા,

'પરંતુ પાછળથી તારે, જીવનમુક્ત સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી, ઋણભાર ચૂકવવા પુનઃ સંસાર તરફ યુક્તિપૂર્વક દૃષ્ટિ કરવી પડશે. ખેર, એ બધી વાતો પાછળથી તારી સમજમાં આવશે.' પછી થોડું હસીને પુનઃ બોલ્યા, 'તારે કપરી પરિસ્થિતિનો સામનો કરવો પડશે, પરંતુ ઉતાવળ કરવાથી ભવિષ્યમાં ભારે વિષમ પરિસ્થિતિમાં મુકાવું પડશે,

જો કે બધી સહાય તને મળી રહેશે અને કાંઠે આવેલું તારું ડૂબતું વહાણ બચી જશે !' કહી તેઓ થોડું મૌન સેવી ચંદા તરફ દૃષ્ટિ કરી બોલ્યા,

'તમે બન્ને હવે પછી કાયદાનો અભ્યાસ કરશો, ઈશ્વરની યોજના મુજબ બધું થતું રહેશે. સંસાર એક સંગ્રામ છે, તેમાં ઘાયલ પણ થવું પડે.' પછી થોડું અટકીને બોલ્યા, 'તમે બધાં હવે સિધાવો.' અદબ વાળીને સાંભળી રહેલા રેવાનંદ તરફ પણ ઇશારો કરતાં કહ્યું, 'મારે અત્યારે ગંગોત્રીના શિખર પર સ્થિત આશ્રમમાં જવાનું છે. મારા ગુરુભાઈ અદ્‌ભુતાનંદની થોડી વ્યવસ્થા ગોઠવવાની છે. સિદ્ધ થયા પછી પણ તેને મળેલ સિદ્ધિનો મોહ ઉત્પન્ન થયો છે, જે તેના પતનનું કારણ બની રહેલ છે, તેમાંથી તેને બચાવવા લાંબી પૂર્વભૂમિકા રચવી પડશે.

હાલ તો તેમાંથી પાછો ફરી શકે તેમ નથી. સમયે સમયે બધું થતું રહેશે. રેવાનંદ અત્યારે તમારી સાથે જ આવશે.' કહી તેઓએ અમને નીકળવાનો સંકેત કર્યો. ત્યાં જ રેવાનંદે સરયુદાસજીને પ્રણામ કરી નમ્ર સ્વરમાં કહ્યું, 'આપની સેવા અને સહાય માટે હું પણ આપની સાથે આવવાની ઇચ્છા ધરાવું છું, આપની આજ્ઞા હોય તો !'

'ના... !' સરયુદાસજીએ રેવાનંદના મસ્તક પર હાથ મૂકીને કહ્યું,

'ત્યાં, મારી સહાયતા-સેવા માટે ઘણા છે; અને તારી અહીં જરૂર પડવાની છે ! મારું અહીં આવવાનું હાલ નિશ્ચિત નથી. કદાચ, બે-એક વર્ષ પણ નીકળી જાય !' પછી મારા તરફ દૃષ્ટિ નોંધી પ્રેમભર્યા સ્વરમાં કહ્યું,

'તારે હજુ અભ્યાસ કરવાનો છે. સંસારને દૂરથી પણ માણ્યા વગર તેની નિરર્થકતા પૂરેપૂરી સમજાતી નથી. કાચો વૈરાગ્ય કામનો નહિ. માટે સંસારનાં શક્ય તેટલાં બધાં કર્તવ્યો પૂર્ણ કર. ઉતાવળ કરીશ નહિ.' પછી મને આશ્વાસન આપતા હોય તેવા સ્વરમાં બોલ્યા, 'જીવનમુક્ત તું જરૂર બનીશ, પરંતુ એ પછી પણ ઘણા અવરોધો તારે પાર કરવા પડશે, જે સંસાર છોડવાની તારી ઉતાવળની નીપજ હશે ખેર ! ભવિષ્યને કોઈ રોકી શકવા સમર્થ નથી; અને તેથી જ આ માટેની પૂર્વભૂમિકા પણ મારે રચવી પડશે, જે તને સહાયરૂપ બનશે ! અચ્છા, હવે તમે નીકળો !'

રેવાનંદ સાથે અમો બહાર નીકળ્યા. ગંગા કિનારાના અફાટ સૌંદર્ય વચ્ચે પણ મારું મન પ્રસ્તુત વર્તમાનની વાતોના સંદર્ભમાં વ્યસ્ત હતું. સરયુદાસજીની વાતોનો મર્મ મને એ વખતે સમજમાં આવતો ન હતો. સંસારને માણ્યા વગર તેની નિરર્થકતા સમજાતી નથી. સંસારના કર્તવ્યો પૂર્ણ કર !' તેમના એ શબ્દો મને સંસાર માંડવા અને તેમાં રહી સંસાર માણવા માટે સૂચવી રહ્યા હતા. આજ તો મારી ઇચ્છાની વિરુદ્ધની વાત હતી.

સંસારનો ત્યાગ કરવા હું ઉત્સુક હતો, પરંતુ તેમના એ શબ્દો મને મૂંઝવી રહ્યા

હતા. જાણે ગર્ભિત ટોનમાં તેમનું સૂચન જ થયું હતું. 'ઉતાવળ કરીશ નહિ. ઘણા અવરોધો આવશે, જેને તારે પાર કરવા પડશે અને આ અવરોધો તારી ઉતાવળની નીપજ હશે !' સાથે સાથે એમ પણ કહેલું, 'ભવિષ્યને રોકી શકવા કોઈ સમર્થ નથી.' તેમનું આ પ્રકારનું વક્તવ્ય મને મૂંઝવી રહ્યું હતું.

વિચારમગ્ન અવસ્થામાં પાછળ ચાલી રહેલા મને, હાથ પકડી સાથે ખેંચતા ચંદાએ કહ્યું, 'ચાલ હવે ! હું જાણું છું કે તું શું વિચારીને મનમાં ને મનમાં મૂંઝાઈ રહ્યો છે, અને સરયુદાસજીએ તને એ પણ કહ્યું છે કે, એવા સંજોગોમાં તને સહાયતા મળી રહેશે. આ માટેની પૂર્વભૂમિકા પણ તેઓ વિચારી રહ્યા છે, તો પછી ચિંતાનું કયું કારણ છે ? તેઓશ્રીના શબ્દોમાં વિશ્વાસ રાખ, તારું કલ્યાણ તેમાં જ છે. માટે ચિંતા છોડી વર્તમાનમાં ધ્યાન પરોવી પ્રવૃત્ત બની જા !' કહી ચંદાએ વહાલથી મારો ગાલ ખેંચ્યો. તેના સ્નેહાળ સ્પર્શથી હું પ્રફુલ્લિત થઈ ઊઠ્યો. બોલ્યો,

'ભલે, તું જેમ કહે તેમ કરીશ !' મધુર સ્મિત સાથે મારો હાથ પકડી દોરી રહેલી ચંદાને મેં હસતાં હસતાં કહ્યું, 'મને લાગે છે કે, તું મારી બહેન નહિ, પરંતુ જાણે 'મા' છે !' સાંભળી ખડખડ હસીને રેવાનંદ બોલ્યો, 'મને લાગે છે કે, ગતજન્મોમાં, કદાચ તે તારી મા નહિ, પરંતુ તારા કોઈ મિત્રની માતા હશે અને આ જન્મમાં તારી બહેન બનીને જન્મી છે.' સાંભળીને મને લાગ્યું કે મારી અંદરની બાજુ કોઈ આનંદથી નાચી રહ્યું છે અને તે આનંદના શીકરો મને પરિપ્લાવિત કરી રહ્યા છે. એ આનંદની અવસ્થામાં મેં રેવાનંદજી તરફ દૃષ્ટિ કરી કહ્યું, 'તને પૂર્વજન્મોનું જ્ઞાન હવે થવા લાગ્યું છે કે શું ?'

'ના !' રેવાનંદે શાંતિથી ગંભીર સ્વરમાં કહ્યું, 'પરંતુ મારા અંતરમાં આવા ભાવો અચાનક ઊઠી આવતા. મેં તેવું કહ્યું અને તેમ હોય તો ખોટું પણ શું છે, હેં !' તેમ કહી તેણે ચંદા તરફ જોયું, સાંભળી ચંદા ખડખડાટ હસી પડી. અમે પણ તે હાસ્યમાં સૂર પુરાવ્યો. હસતા હસતા જ ચંદા બોલી, 'મને પણ લાગે છે કે, સ્વરૂપ મારો નાનો ભાઈ હોવા છતાં મને જાણે તેના પર પુત્રવત પ્યાર છે !'

અમે રસ્તાને કાંઠે પાર્ક કરેલી ગાડી પાસે આવ્યા. ચંદાએ રેવાનંદને સાથે ગાડીમાં બેસી જવાનો સંકેત કર્યો, તો તે બોલ્યો, 'તમે બન્ને જાવ, મારે 'મંચ્છા દેવી'ના મહંતને મળવા જવાનું છે, તે મારા નજીકના સંબંધી છે. આજે તેણે મને ભોજન માટે નિમંત્રણ આપેલ છે.'

'તો શું થયું ?' ચંદાએ કહ્યું, 'આડે રસ્તે જવાને બદલે મેઈન રસ્તે થઈને જ જજે, હું તને ત્યાં ઉતારી દઈશ. મારે પણ ત્યાંથી જ મારી મિત્ર આશાને મળવા જવાનું છે. તે દહેરાદૂનમાં અભ્યાસ કરે છે, કાલે જ ઘરે રજા ગાળવા આવી છે.'

અમે ગોઠવાઈ જતાં ચંદાએ ગાડી સ્ટાર્ટ કરી. રસ્તામાં રેવાનંદજીએ મૌન તોડતા

કહ્યું, 'હવે, ખાસ વાત તમારા બન્નેનું બી.એ.નું વર્ષ પૂર્ણ થયું છે. મેં તમારા બન્નેના એલ.એલ.બી.ના એડમિશન માટે તપાસ કરાવી છે. મે માસમાં રિઝલ્ટ આવી જતાં દિલ્હી અથવા દેહરાદૂન, ગમે ત્યાં સહેલાઈથી પ્રવેશ મળી જશે. બધી જ વ્યવસ્થા મારા એક સંબંધી મારફત મેં કરી રાખી છે. કઈ જગ્યાએ પ્રવેશ મેળવવો તે તમારે નક્કી કરવાનું છે.' પછી ઉમેરતા કહ્યું, 'મને તો લાગે છે કે, દિલ્હી જ યોગ્ય રહેશે. કારણ કે ત્યાં 'હંસ - માનવસેવાસમિતિનો આશ્રમ સ્થપાયો છે. અહીંની જેમ તેનો દેશી દવાનો ઉદ્યોગ પણ ત્યાં શરૂ થયો છે; એટલે રહેવા કરવા કે જમવાની ત્યાં સારી સુવિધા મળી રહેશે.

'કાલિન્દી બહેન' કરીને એક સાધ્વી બહેન ત્યાં છે, તે તમને પૂરેપૂરી સહાયતા કરશે. વળી માધવાનંદજી કરીને એક મહાત્મા જૂનાગઢથી ત્યાં અવારનવાર આવે છે અને રોકાય છે. મારી સાથે તેનો સારો પરિચય છે. તેની સાથે સત્સંગ કરવાનો પણ તમને આનંદ મળશે. આ માધવાનંદજીના ગુરુ પાસેથી જ હું દીક્ષા ગ્રહણ કરવા ટૂંક સમયમાં જ જૂનાગઢ જવાનો છું.'

'કોણ, માધવાનંદ ?' ગાડી સ્ટાર્ટ કરી રહેલી ચંદાએ અચાનક ચમકીને કહ્યું, 'ખૂબ સાંભળ્યું છે, આ પ્રકારનું નામ ! પરંતુ ક્યાં અને ક્યારે તે યાદ આવતું નથી, પરંતુ તેનું નામ સાંભળી મને ન સમજી શકાય તેવી લાગણી થાય છે !'

'તને પ્રત્યેક સાધુ માટે લાગણી થાય છે !' મેં હસતાં હસતાં કહ્યું,

'જાણે બધાની જ તું મા કેમ ન હોય !' મારી કોમેન્ટ સાંભળી રેવાનંદ ખડખડાટ હસી પડ્યો.

ગાડી આગળ વધી રહી હતી. અચાનક મૌન તોડતા રેવાનંદ મને સંબોધીને બોલ્યા, 'ને, સ્વરૂપ ! એક ખાસ વાત તરફ તારું ધ્યાન દોરુ છું. આજકાલ તારો નાનો ભાઈ મયૂર જ્યાં-ત્યાં રખડતો નજરે પડે છે. બે દિવસ પહેલાં મિત્રો સાથે સિગારેટ પી રહેલો મેં તેને જોયેલો અને તેના મિત્રો બીઅર પી રહ્યા હતા. જો કે કિશોરવયમાં એ સ્વાભાવિક છે, છતાં ખ્યાલ રાખવો સારો !'

ભૂતકાળને વાગોળતો હું પુરણપુરી બાપુ સાથે હરિદ્વાર જવા ગાડીમાં સફર કરી રહ્યો હતો. અચાનક બ્રેક લાગતા મારી વિચારધારા તૂટી ગઈ. મેં ઝબકીને પુરણપુરી બાપુ સામે દૃષ્ટિ કરી, તો તે મારી સામે જોઈને હસી રહ્યા હતા ! બોલ્યા, 'ભૂતકાળની સફર કેવી રહી ?'

'સુખદ અને દુઃખદ !' મેં હસવાનો પ્રયત્ન કરતાં કહ્યું,

'જે દૂરના ભૂતકાળમાં અનુભવેલું અને તે વખતે થયેલી ગર્ભિત આગાહી જ મુજબ જ બન્યું છે. સરયુદાસજીની સલાહને ધ્યાનમાં ન લેતાં સંસાર છોડવાની મારાથી ઉતાવળ થઈ ગયેલી તે હવે સમજાય છે, પરંતુ એક વાત નથી સમજાતી કે આ મારી બહેન

ચંદા પ્રત્યે મને તથા તેમને પણ પરસ્પર માતા-પુત્ર જેવું વાત્સલ્ય હૃદયમાં કેમ ઊભરતું હતું. હજુ પણ તેની સ્મૃતિ થઈ આવતા તેવી જ લાગણી અનુભવું છું.'

'અત્યારે તું તારા જડ-સૂક્ષ્મ શરીરમાં છે, એટલે આ જન્મમાં સૂક્ષ્મ શરીરે કરેલા અનુભવોની સ્મૃતિ જ તું માણી શકે છે. તારી અંદર રહેલો અનંતાનંદનો આત્મા તારા સૂક્ષ્મદેહ સાથે ઓતપ્રોત થઈ ગયેલો છે, એટલે ઘણા દૂરના ભૂતકાળને તું હાલ જાણી નહિ શકે.'

પછી આગળ ઉમેર્યું, 'હું એ બધું જાણું છું, તેથી તને કહું છું કે, ચંદાએ માધવાનંદ અને અનંતાનંદની ભગવાન શ્રીકૃષ્ણના યુગની, એટલે કે આજથી ૫૦૦૦ વર્ષ પહેલાં ખરેખર માતા જ હતી. એ વખતનાં તેના બધા જ મિત્રોને એટલે જ તેને તેના પ્રત્યે વાત્સલ્ય ભાવ જાગે છે, પૂર્વજન્મોની મણિકાન્તા આ જન્મમાં ચંદા નામે તારી બહેન તરીકે જન્મી છે !' પછી થોડું અટકીને બોલ્યા, 'તું સિદ્ધયોગી હોવાથી આ બધું જાણી શકે, પરંતુ આ સમયે તારા સૂક્ષ્મ શરીરમાં તારો પોતાનો આત્મા નથી, તારામાં દેહાધ્યાસ વિશેષ પ્રમાણમાં છે. કારણ કે તારામાં અત્યારે જે વિદ્યમાન અનંતાનંદનો આત્મા છે, તે તારા દેહમાં દૃષ્ટા-સાક્ષી તરીકે રહેલો છે, તારા જડ અને સૂક્ષ્મ શરીરને તે ચોક્કસ સમયે માત્ર સાવધ કરવાનું કાર્ય કરશે. તારા શરીરમાં તે શક્તિરૂપે જ કાર્ય કરી રહેલ છે.

તારો આત્મા જ્યારે તારા આ દેહમાં કાર્યસિદ્ધિ બાદ પુનઃ પ્રવેશ કરશે, ત્યારે તારામાં બ્રહ્માંડનું ગોચર-અગોચર બધું જ જ્ઞાન પુનઃ આવી જશે. જો કે આ બધું તું સમજે જ છે !'

એ પછી થોડી વાર સુધી અમારી વચ્ચે વાતચીત બંધ રહી. દરમિયાન ગાડીનો ચાલક નીચે ઊતરી જમા થયેલા લોકો વચ્ચે જઈ પૂછપરછ કરતો જણાયો. થોડી વારમાં પરત આવી બોલ્યો, 'આગળ ઉપર ડમ્પર અને ખુલ્લી રિક્ષાનું એકસિડન્ટ થતાં સાત માણસો મૃત્યુ પામ્યા છે, આને કારણે ટ્રાફિક જામ થઈ ગયો છે. પોલીસનો કાફલો આવી ગયો છે. હવે આ બધું પતે નહિ, ત્યાં સુધી આગળ વધવું મુશ્કેલ છે. કદાચ બે-એક કલાક જેવો સમય પણ લાગી જાય !'

દરમિયાન અમારી પાછળ પણ ગાડીઓની લાઈન લાગી ગઈ હતી. તેના કોલાહલમાં સાંભળવું પણ મુશ્કેલ બની ગયું હતું. ડ્રાઈવર સામેની દુકાનેથી પાણીના બે ગ્લાસ અમારા માટે લાવ્યો. તો બાપુએ કહ્યું, 'આ પાણી રહેવા દે, ડેકીમાં રેવાનંદજીએ પાણી ભરેલો મોટો જગ મુકાવ્યો છે, ગ્લાસ પણ હશે તે જ ભરી લાવ !' પછી હસીને ઉમેર્યું, 'પછી તો સ્વરૂપાનંદના ગામમાં ગંગાજળ જ પીવાનું છે, કેમ બરાબર ને ?'

મેં હકારમાં મસ્તક હલાવી કાચની બારી ધકેલી બહાર દૃષ્ટિ કરી તો સામે બોર્ડ

નજરે પડ્યું, 'બાયપાસ-ગોંડલ' પુરણપુરી બાપુનું પણ તે તરફ ધ્યાન જતાં બોલી ઊઠ્યા, 'વાહ ! સરસ મોકો છે. કેવા અનુકૂળ સંજોગો સામે આવ્યા છે !' હું કશું સમજું તે પહેલાં તેમણે ડ્રાઈવરને ગાડી ગોંડલ તરફ હંકારવાની આજ્ઞા કરી !

ગાડી ગોંડલ તરફ ઝડપથી દોડવા લાગી. બાપુના 'અનુકૂળ સંજોગો' અને 'સરસ મોકા' જેવા વિધાનને હું સમજી શકેલો નહિ, ત્યાં જ પુરણપુરીજી બોલ્યા, 'અનંતાનંદનું સાસરુ આ ગામમાં છે અને તેમના પત્ની હાલ તેની અનુપસ્થિતિને કારણે પિયરમાં જ સમય વ્યતીત કરી રહ્યા છે. ઘણાં સમયથી બન્ને મળ્યા નથી, તેમજ તેના કોઈ સમાચાર પણ પ્રાપ્ત ન થવાને કારણે, બહેન વ્યથિત અવસ્થામાં રહે છે. તેને મળીને સાંત્વન આપવું જરૂરી હતું. તેમને પણ મને મળીને ખુશી થશે અને હૈયું હળવું બનશે ! એ માટે કુદરતી રીતે જ આ સુંદર તક સાંપડી ગઈ છે !' પછી થોડું મૌન ધારણ કરી રસ્તા પર દૃષ્ટિ કરતાં બોલ્યા,

'અનંતાનંદના પરિવાર સાથે મારે વર્ષો પહેલાંનો પ્રેમપૂર્વકનો પુરાતન નાતો છે. આ દૃષ્ટિએ મને તેમને મળવાની ઇચ્છા જાગેલી, જે આજે આ રીતે અચાનક પ્રાપ્ત થયેલા સંજોગાનુસાર પૂર્ણ થશે. અત્યારે બહેન એકલા જ પિયરમાં આવ્યા છે. બહેન પવિત્ર સાધ્વી અને પતિવ્રતા હોવાથી, મેં તેને ગાડી ઊભી રહી તે જ ક્ષણે માનસિક સંદેશો મોકલ્યો છે, તે આપણી જ રાહ જોઈને દરવાજે ઊભા હશે.'

અમારી ગાડી મેઈન બજારમાં થઈ, પુલ પસાર કરી હોસ્પિટલ પાછળના ભાગે પહોંચી, તો સામે એક મોટા મકાનના રવેશમાં જાજરમાન એક બહેન ઊભેલા મારી નજરે પડ્યા. ડ્રાઈવરને ત્યાં જ ગાડી ઊભી રાખવાનું સૂચન કરતાં જ બહેન હર્ષભેર અમારી પાસે દોડી આવ્યા. અમે ગાડીમાંથી ઊતરતાં જ પ્રથમ અમને પ્રણામ કરી પ્રસન્ન વદને અમને ઘરમાં દોરી ગયાં. આસન પર બેસાડી સ્વચ્છ પાત્રમાં જળ લાવી અમારું સ્વાગત કર્યું. ઘરનાં બધા સભ્યો એક પછી એક આવી અમને નમ્રતાપૂર્વક પ્રણામ કરી ગયા. બહેન પ્રસન્નતાપૂર્વક અમારી સામે બેસી હસતાં ચહેરે બાપુને સંબોધીને બોલ્યા,

'બાપુ ! ઘણાં વર્ષો પછી આપના દર્શન થયાં. ખૂબ પ્રસન્નતા થાય છે !' પછી થોડા સંકોચ સાથે બોલ્યા, 'આપ જૂનાગઢ તરફથી આવો છો તો 'સાહેબ'ના કોઈ સમાચાર હોય તો કહો.'

'સાહેબ અગત્યના કાર્યમાં વ્યસ્ત છે અને કુશળ છે. ચિંતા કરશો નહિ, કાર્ય પૂર્ણ કરી થોડા સમય બાદ તમારી પાસે આવી જશે.' હસીને પુરણપુરી બાપુએ કહ્યું.

'પરંતુ, હાલ એ છે ક્યાં ?' બહેને અધીરાઈથી પૂછ્યું.

'હરિદ્વાર તરફનો પ્રવાસ છે !' બાપુએ અધ્યાહાર વાક્યમાં જવાબ આપ્યો.

'હરિદ્વાર ! હા ! અમારી ત્યાં જવાની યોજના હતી, પરંતુ માધવાનંદજીનો અગત્યનાં કાર્ય અંગે સંદેશો મળતા તે જૂનાગઢ જગ્યા પર જતા રહ્યા હતા.' પછી ફરિયાદના સ્વરમાં બોલ્યા, 'ત્યાંથી કશા સમાચાર પણ મોકલતા નથી; અને આમ પોતે એકલા જ હરિદ્વાર ઉપડ્યા ?' પછી શાંતસ્વરમાં બોલ્યા, 'ઠીક છે, તેવું અનિવાર્ય હશે તો જ તેમણે એવો નિર્ણય કર્યો હશે. તો હવે આપ સ્નાન કરવાની ઇચ્છા ધરાવતા હો તો આ રૂમમાં જ સ્નાનાગર છે. ફ્રેશ થાઓ, પછી ભોજન તૈયાર છે. હું તે માટેની તૈયારી કરું છું.'

કહી બહેન રૂમમાંથી જતા રહ્યા.

સાદું, પરંતુ સ્વાદિષ્ટ અને સાત્ત્વિક ભોજન લઈ અમે પુનઃ બેઠકરૂમમાં આવ્યા. બહેન પણ અમારી સન્મુખ આસન પર બેઠા. મને લાગ્યું કે બહેન મને જોઈને થોડો સંકોચ અનુભવી રહ્યા છે. મેં વિચાર્યું કે, કદાચ અપરિચિત હોવાને કારણે તેમ હોય, પરંતુ બહેનની ઉંમર અને સાધ્વી જેવું જીવન હોવાને કારણે એ તર્ક મને યોગ્ય ન લાગ્યો. ત્યાં જ પુરણપુરી બાપુએ વાતચીતના નિમિત્તે મારો પરિચય આપતા કહ્યું, 'મારી સાથે રહેલા આ ગૃહસ્થ 'સ્વરૂપજી' હરિદ્વારના જ છે અને 'સાહેબ'ના ખાસ મિત્ર છે. વળી સાહેબ સાથે એક ખાસ કાર્યમાં તે પણ સંલગ્ન છે. એટલે તેમનાથી સંકોચ રાખવાનું કોઈ કારણ નથી !' કહી બાપુએ મારી તરફ ગર્ભિત દૃષ્ટિ કરી.

'આપની વાત સત્ય છે.' જવાબમાં બહેને સંકોચ વગર પ્રત્યુત્તર આપતા કહ્યું, 'આપ મારો સંકોચ જાણી ગયા છો, પરંતુ મને થઈ રહેલા આ સંકોચનું કારણ હું સમજી શકતી નથી. આજે દિવસનો પ્રારંભ જ એ રીતે થયો છે !' કહી બહેન બોલતા અટકી જતાં પુરણપુરી બાપુએ કહ્યું, 'જાણું છું, છતાં સ્પષ્ટ કરવાનો આગ્રહ કરું છું. જેથી તમારો સંકોચ દૂર થઈ જાય !' જવાબમાં સંકોચ સાથે જ બહેને કહ્યું,

'આ સ્વરૂપાનંદજી, સાહેબના મિત્ર છે. એટલા માટે હોય કે ગમે તેમ પણ મને તેમને જોઈને ન સમજાય તેવું ખેંચાણ થાય છે. મને લાગે છે કે, તેમની અંદર એવું કશુંક છે, કે જે મારી લાગણીને ઝંઝોટી મને તેમના તરફ ખેંચે છે, પરંતુ તેમના ભૌતિક દેહ તરફ જોતા મને કોઈ અપરાધભાવ જાગે છે. એક જ વ્યક્તિમાં આ વિરોધો બે ભાવો કેમ જાગૃત થઈ શકે. આ વાત મને સમજાતી નથી !' પછી થોડું અટકીને પુનઃ બોલ્યા,

'આ પ્રકારના જ પરંતુ જુદી જ પરિસ્થિતિમાં આનાથી વિરુદ્ધના ભાવ આજે પ્રભાતમાં આવેલ સ્વપ્નમાં મને જોવા મળ્યા.' પછી થોડું હસીને બોલ્યા, 'અહીં, એટલે સ્વરૂપાનંદજીની બાબતમાં મને તેમના જડ દેહથી અપરાધભાવ જાગે છે, પરંતુ સ્વપ્નમાં દેહનું આકર્ષણ સત્ય લાગેલું, પરંતુ તે દેહની અંદર રહેલ તત્ત્વ જાણે મને અપરાધભાવ જગાડતું હતું. આ બે દેહદર્શનના વિરોધી ભાવો હું સમજી શકતી નથી.'

'આપને આજે પ્રભાતમાં કેવા પ્રકારનું સ્વપ્ન આવેલું ?' મેં વચ્ચે જ પ્રશ્ન કર્યો તો પ્રત્યુત્તરમાં બહેને કહ્યું,

'ખૂબ વિચિત્ર, ક્યારેય ન અનુભવેલું, ઊંઘમાં સુંદર વનરાજી, ખડખડ વહેતી નદીને કાંઠે, કાળમીંઢ પથ્થરો પાછળ ધોધ અને ધોધની પાછળ ગુફા જેવું મેં જોયું ! ગુફાની પૂર્વદિશામાં ગિરનાર પર્વત મેં જોયો, જેની પાછળથી સૂર્યોદય જેવો પ્રકાશ આકાશમાં વિસ્તરી રહ્યો હતો. હું સુંદર કુદરતી દશ્યને નિહાળી રહી હતી ત્યાં ગુફા તરફ પુનઃ મારી દૃષ્ટિ જતાં મને ગુફામાં પ્રવેશવાની તીવ્ર ઇચ્છા થતાં મેં તેમાં પ્રવેશ કર્યો.

હું ગુફાના ઝાંખા પ્રકાશમાં ધીમે ધીમે આગળ વધી. થોડી વારે મારી આંખો ટેવાઈ જતાં એક દશ્ય મારી નજરે પડતા મારા આશ્ચર્યનો કોઈ પાર ન રહ્યો. દશ્ય જોઈ હું હર્ષથી લગભગ ઊછળી પડી, હૈયું આનંદથી હિલોળા લેવા લાગ્યું. એ દશ્ય સત્ય છે કે, ભ્રમ તેની ખાતરી કરવામાં આંખો બંધ કરીને ચોળી જોઈ, તો એ જ દશ્ય મારી નવાઈ અને સાથે સાથે મારા જીવનના કેન્દ્ર સમું મેં પુનઃ જોયું. સામે મોટી સપાટ શિલા પર 'સાહેબ' સમાધિમાં નિમગ્ન હતા. ઘણાં સમયે અચાનક સાહેબના દર્શન થતાં મારું હૈયું આનંદથી ઊભરાઈ રહ્યું. સાહેબને આ રીતે ધ્યાનાવસ્થામાં તો મેં અહર્નિશ જોયા છે, પરંતુ આજે વિશેષરૂપમાં તેઓ કોઈ પણ જાતના આધાર વગર જમીનની ઊંચે સ્વસ્તિકાસનમાં બેસી ધ્યાન કરી રહ્યા હતા અને તે પણ જંગલની અંધારી ગુફામાં.

મને દોડીને તેની પાસે જવાનું મન થયું. મેં પગ પણ ઉપાડ્યા. સાવ નજીક પહોંચી.' પછી મારા તરફ દૃષ્ટિ નોંધી, બહેન પુનઃ બોલ્યા, 'પરંતુ કોણ જાણે કેમ, પરંતુ તેમ કરવામાં મને સંકોચની સાથે એક પ્રકારનો અપરાધ કે પાપ કરી રહ્યાનો ભાવ અંતરમાં જાગી ઊઠ્યો ! પાસે જવા મારા પગ કેમેય કર્યા ઉપડતા ન હતા. છતાં પાસે જવા મન ખેંચાઈ રહ્યું હતું. હું પરાણે જોર કરી પગ ઉપાડી તેની નજીક પહોંચી, પરંતુ સાહેબ ધ્યાનાવસ્થામાં હોય, મારા તરફ તેમનું લક્ષ્ય ગયું નહિ, આથી તેમને ધ્યાનાવસ્થામાંથી નિવૃત્ત કરવા હું મોટા અવાજે બોલી, 'અરે... ઓ... સાહેબ ! હું હું આવી છું. મારા તરફ જુઓ !' પરંતુ કોઈ પ્રતિભાવ કે પ્રતિક્રિયા જોવા ન મળતા મેં મોટેથી 'ૐ... ૐ...'નો ઉચ્ચાર કરવા માંડ્યો. કોઈ પરિણામ જોવા ન મળ્યું.

હવે મને ભય સાથે ચિંતા થવા લાગી. વળી અંધારી ગુફામાં હું એકલી જતી હતી. મારા શ્વાસોચ્છ્વાસ તીવ્ર બનવા લાગ્યા. તેમણે ઢંઢોળી જગાડવાનો નિશ્ચય કરી તેના શરીરને સ્પર્શ કરવા મેં હાથ લંબાવ્યો, પરંતુ તે સાથે જ મારા હાથને ઝટકો લાગ્યો. મને લાગ્યું કે મારા હાથને કોઈએ પાછો ખેંચી લીધો છે. મેં પુનઃ પુનઃ પ્રયત્નો કર્યા, પરંતુ કેમેય કરી હું તેમને સ્પર્શ કરી શકી નહિ. મારી આંખમાં આંસુ આવી ગયાં. તે સાથે કોઈ પાપ કે અપરાધ કરી રહ્યાની લાગણી પણ મારામાં પ્રબળ બનવા લાગી.

આવી દ્વિવિધ લાગણીથી સભર બની હું ધ્રૂજવા લાગી. ત્યાં જ સાહેબની બેઠક પાછળથી મને સિંહનો હુંકાર સંભળાયો. સાંભળીને ભયથી પાછા ડગલાં ભરતી હું ગુફાની બહાર જવા લાગી. તે સાથે જ મારી ઊંઘ ઊડી ગઈ, પરંતુ પૂર્ણ થતા સ્વપ્નાવસ્થાએ રહેલી તંદ્રા સમયે બે શબ્દો મારા કાને પડ્યા, 'સાહેબ, હરિદ્વાર !' ને તે સાથે સ્વપ્ન પૂર્ણ રીતે સમાપ્ત થતાં મેં પથારીનો ત્યાગ કર્યો.

પ્રભાતમાં આવેલું સ્વપ્ન સત્ય હોય છે, તેવા ખ્યાલથી હું ચિંતા અને ભયથી ઘેરાઈ ગઈ, પરંતુ તે સમયે જ આપના આગમનનો માનસિક સંદેશ મળતા મારો બધો જ વિષાદ દૂર થઈ ગયો, પરંતુ મને આવું સ્વપ્ન અને આવા પરસ્પર વિરોધી ભાવો કેમ જાગ્યા તે હું સમજી શકતી નથી.' કહી, બહેન મૌન બની શાંતિથી બેસી રહ્યા. થોડી વાર પછી વાતને વાળી લેતા હોય, તેવા સ્વરમાં પુરણપુરી બાપુ બહેન તરફ દૃષ્ટિ કરી બોલ્યા, 'આવા સ્વપ્ના આવવા એ સ્વાભાવિક છે. સાહેબની લાંબા સમયની ગેરહાજરીથી તમે રાત-દિવસ તેમના વિચારો કરી મનોમન ચિંતા કર્યા કરો છો, તેથી આવા વિચિત્ર સ્વપ્નો આવે-જાય, એમાં ચિંતા કરવા જેવું કશું જ નથી !' પછી થોડું અટકી ગર્ભિત અને અર્થસભર શબ્દોમાં બોલ્યા,

'બહેન ! પૃથ્વી ઉપર અને સ્વર્ગમાં પણ એવાં અનેક તત્ત્વો છે કે, મનુષ્યબુદ્ધિમાંથી જન્મેલાં દર્શનશાસ્ત્રો સ્વપ્નામાં પણ એનાં રહસ્યો ઉકેલવાની કલ્પના કરી શકે નહિ. તો પછી આપણે અસત્ય એવા આવા સ્વપ્નોને ઉકેલવા શા માટે સમય બગાડવો ? માટે, શાંતિથી ઈશ્વરસ્મરણ કર્યા કરો અને સાહેબની ચિંતા કરો નહિ. થોડા સમયમાં જ તે પરત થઈ હેમખેમ તમારી પાસે આવી જશે.' કહી ઊઠવાની તૈયારી કરતા હોય તે રીતે પુનઃ બોલ્યા, 'ચાલો ત્યારે 'ૐ નમોઃ નારાયણ' સમય થયો છે અને અમારે ઘણે દૂર જવાનું છે !' કહી મને પણ ઊભા થવાનો ઇશારો કરી ઊભા થતા બાપુને બહેને કહ્યું, 'જરા ઊભા રહો, આપને ઘણે દૂર જવાનું છે. મને ખબર છે કે આપ બહારનું ખાતા નથી. તેથી મેં ભાતું તૈયાર રાખેલ છે, તે સાથે લેતા જાવ !' કહી બહેન અંદરની બાજુ જઈ બે મોટા સ્ટીલના ડબરા લાવી બોલ્યા, 'આની અંદર સૂકોમેવો તથા મીઠી ખાજલી છે, તમારે બે દિવસ સુધી ચાલશે.' કહી ડ્રાઈવરને બોલાવી ડબરા તેને સોંપ્યા.

બહેનની ભાવભરી વિદાય સ્વીકારી અમે નીકળ્યા. રસ્તામાં બહેનના મારા પ્રત્યેના અભિગમ અને તેમના સ્વપ્ન વિશે મેં પુરણપુરી બાપુને પૂછ્યું, તો તે હસીને રમૂજના સ્વરમાં બોલ્યા,

'અરે ! તેરી મનમેં લક્કડ... રામજી... ! પહેલાં આખી રામાયણ ભજવાઈ ગઈ છે, તો પણ આટલી વાત ન સમજાણી ? જો સમજ, તું મહાન યોગી છે એ વાત સત્ય, પરંતુ અત્યારે જડ અને સૂક્ષ્મ શરીર એ તારું છે, પરંતુ આત્મા તો અનંતાનંદનો છે.

એટલે બહેનને અનંતાનંદના આત્માનું ખેંચાણ થાય એ સ્વાભાવિક છે ને ? પરંતુ દેહ તારો છે, જે બન્ને પવિત્ર આત્મા વચ્ચે દીવાલનું કામ કરે. બહેન પતિવૃત્તા-સાધ્વી હોય, તારા પ્રત્યે અર્થાત્ તારા દેહથી દૂર જ રહે. કારણ કે મેં કહ્યું તેમ - આખરે તે પણ સાધ્વી સ્ત્રી છે. પુરુષના દેહના ખેંચાણથી તે લોભાય નહિ ! તેનું સતીત્વ તેને ખબરદાર રાખવા પાપભાવ ઉત્પન્ન કરે ! એટલે જ બહેનને તારા પ્રત્યે લાગણી ઉત્પન્ન થવા છતાં એ તને જોઈ અર્થાત્ તારા 'પરપુરુષ'ના દેહને જોઈ સંકોચ અનુભવી રહ્યા હતા. કારણ કે તેને ખબર ન હતી કે આ દેહનું જે ખેંચાણ જણાય છે, તે તારી અંદર રહેલા તેના પતિના જ આત્માનું છે, દેહનું નહિ !'

પછી થોડું અટકીને બોલ્યા, 'તેણે જોયેલ સ્વપ્નામાં આથી ઊલટું બન્યું, ત્યાં દેહ પોતાના પતિનો હતો, પરંતુ તેની અંદર રહેલ આત્મા પરાયા પુરુષનો હતો, એટલે પતિના દેહને સ્પર્શ કરવા જતી તેને, અનંતાનંદના દેહમાં રહેલ તારા આત્માએ અટકાવી દીધો. ઊર્ધ્વરેત બ્રહ્મચારી અને પવિત્ર, તારો આત્મા પરસ્ત્રીનો સ્પર્શ સ્વીકારે જ નહિ. વળી અનંતાનંદ તો સમાધિમાં હોય, તેને બાહ્યભાન હતું જ નહિ. તેની મન સહિતની બધી ઇન્દ્રિયો તારા આત્મા સાથે જોડાઈને શાંત હતી. આ દરમિયાન અદશ્ય રીતે રહી સેવકરામે સિંહના જેવા હુંકાર કરી બહેનને ચેતવણી આપી સ્પર્શ કરતા અટકાવ્યા. બહેન વિશે સેવકરામ યોગબળ દ્વારા જાણતો હોય, અનંતાનંદ વિશે માહિતી આપવા જતો હતો, ત્યાં જ બહેનનું સ્વપ્ન પૂર્ણ થયું; અને તંદ્રાવસ્થામાં તેને માત્ર બે જ શબ્દો સમજાયા. સાહેબ અને હરિદ્વાર !' કહી પુરણપુરીબાપુ મૌન બન્યા.

અમે બાયપાસ પહોંચ્યા તો રસ્તો સાફ હતો. માત્ર પોલીસના માણસો પંચનામું જેવી વિધિ પતાવી રહ્યા હતા. અમે ઝડપથી ફોરટેક હાઈવે પર આગળ વધ્યા અને ઝડપી ગાડીની ગતિ સાથે મારી ભૂતકાળની સફર પણ.



18

પુરણપુરી બાપુ સાથે હરિદ્વાર જવા માટે હું પ્રવાસ કરી રહ્યો હતો. સાથે સાથે બહુ જ દૂરના ભૂતકાળના સંસ્મરણો હું વગોળી રહ્યો હતો. વચ્ચે વચ્ચે ગોંડલના તાજા જ અનુભવો ડોકિયાં કરતા હતા. અનંતાનંદ અને મારા આત્માના આદાન-પ્રદાન અને તેથી ઉદ્‌ભવતી આવી ક્રિયા-પ્રક્રિયા ચિત્તને ડોલાયમાન કરી જતી હતી. છેવટે પ્રયત્નપૂર્વક એ વિચારોને દૂર હડસેલી મનને સ્થિર કરવાના મેં પ્રયત્નો કર્યા, પરંતુ હું તેમાં સફળ ન થયો. સ્મૃતિઓનું એક જોરદાર મોજું મારા તરફ ધસી આવ્યું અને હરિદ્વારના મારા રુટિન જીવનમાં મને ધકેલી દીધો.

લગભગ ૧૯૫૯-૬૦નું એ વર્ષ, મને મળેલી બી.એ. (ઓનર્સ)ની ડિગ્રીના ઉપક્રમે ભવ્ય પાર્ટીનું આયોજન કરવામાં આવેલું. મિત્રો અને સગા-સંબંધીઓથી દીવાનખંડ ઊભરાઈ ગયો હતો. માતા-પિતાની ઉપસ્થિતિમાં પાર્ટી જામી હતી. કારણ કે પિતાશ્રી એક વખત શહેર સુધરાયના પ્રમુખપદે રહી ચૂક્યા હતા અને હજુ પણ તે શહેરમાં પ્રતિષ્ઠિત અને સન્માનીય વ્યક્તિ હતા. શહેરના લબ્ધપ્રતિષ્ઠિત લોકો અને બધાની વચ્ચે રોશની જેવી ચંદા અને રેવાનંદજીની ઉપસ્થિતિમાં પાર્ટીના આનંદનું વાતાવરણ છવાઈ ગયું હતું, પરંતુ મારા નાનાભાઈ મયૂરની ગેરહાજરી કુટુંબનાં બધાં સભ્યોને ખટકી રહી હતી.

તપાસ કરાવી, પરંતુ વાવડ મળ્યા નહિ. મન ખારાશથી ભરાઈ ગયું. એક બાજુ શાંતિથી બેસી ગયો. ત્યાં જ રેવાનંદ સાથે હસતા ચહેરે ચંદા મારી પાસે આવીને બોલી, 'આમ, નિરાશ જેવો બનીને કેમ બેસી ગયો છે ? આજે તો તારા માટે બેવડી ખુશીનો પ્રસંગ છે !' પછી મારી બાજુમાં સોફા પર બેઠક લેતા બોલી, 'આજે તો આપણાં બન્ને માટે બેવડી ખુશીનો દિવસ છે. આપણને દિલ્હી લૉ કૉલેજમાં પણ એડમિશન મળી ગયું

છે. આના ઉપલક્ષ્યમાં તો આજે આ રેવાનંદ અને મિત્રોએ આ સમારંભનું આયોજન કરેલું છે.' કહી, મારા વાંસા પર પ્રેમથી હાથ મૂક્યો.

રેવાનંદ પણ મારી ડાબી બાજુ બેઠક લઈને બોલ્યો, 'સામાન્ય બાબતમાં પણ મનને વિક્ષિપ્ત કરીશ, તો આગળ પર, જીવનમાં આવતા ઝંઝાવાતો સામે કેમ ઝઝૂમી શકીશ ?' કહીને મારી વધુ નજીક આવીને બોલ્યો, 'કોઈ પણ બાબતમાં ભવિષ્યમાં શું થશે, તેનો વિચાર ક્યારેય નહિ કરવાનો. જે થવાનું હશે, તે થઈને જ રહેશે, તો ચિંતા શા માટે કરવી ?'

'તારી વાત સત્ય છે અને તે હું સમજુ પણ છું, પરંતુ, કદાચ હું નબળો છું અથવા લાગણીશીલ છું. વળી એ લાગણીની અતિરેકતાને પણ હું સમજુ છું. દુઃખી પણ થાઉં છું અને તેથી જ મને આ સંસાર નિરર્થક ભાસે છે, બધાં જ પદાર્થો મને નિરસ લાગે છે, જેને તમે સાધુ લોકો વૈરાગ્ય કહો છો ! હું સમજી શકતો નથી, પરંતુ મને લાગે છે કે, હું વારંવાર એ વૈરાગ્ય તરફ ઢસડાઈ રહ્યો છું.'

સાંભળીને ચંદા ખડખડાટ હસી પડી. બોલી, 'મારા ભાઈ ! તારો એ વૈરાગ્ય સત્ય પર જ આધારિત છે. ખરેખર, સંસાર માણવા જેવો નથી, પરંતુ વિશ્વનું મંડાણ જે સંસારથી થયું છે, તેમાં જ રહીને તો બધું જ કરવાનું છે ! વૈરાગ્ય પણ તું શાના આધારે કરીશ ? સંસારની નિરર્થકતા પર જ ને ? એટલે સંસારને નજરઅંદાઝ કરવો પણ શક્ય નથી. સંસારને આત્મામાં સમાવવો પડે. સંસારને, વિશ્વને આત્મામાં સમાવી આત્મસાત્ કરવો પડે ! ત્યારે જ સાચો વૈરાગ્ય થયો કહેવાય !'

પછી હસીને ઉમેર્યું, 'આ બધી વાતો અત્યારે તને અટપટી લાગશે, પરંતુ એક વખત એવો આવશે કે, આ બધું જ જ્ઞાન તારામાં સ્વયં પ્રગટી ઊઠશે અને એ પછી જ સંસારની સાચી નિરર્થકતા તું સમજી શકીશ. વાતવાતમાં લાગણીશીલ બની તેને વૈરાગ્યનું રૂપ આપી ઉતાવળ કરીશ નહિ. કારણ કે કાચા વૈરાગ્યનું બીજું નામ 'પલાયનવૃત્તિ' છે, આ ભેદને સમજવાનો પ્રયત્ન કર્યા કરજે !'

હું ચંદાની વાત ધ્યાનથી સાંભળી રહ્યો હતો, તેની વાતો મને હૃદયમાં શાંતિ જન્માવી રહી હતી. ત્યાં જ રેવાનંદે મારા ખભાનો સ્પર્શ કરીને કહ્યું, 'જો, સામે જો ! તારો પરમ મિત્ર આશિષ કે આશિક, શું નામ આશિષ ! તે પાર્ટી છોડીને જઈ રહ્યો છે. એને પાછો વાળ, હજુ તો સમૂહભોજન માટે 'કનખલ' જવાનું છે, ત્યાં ભોજન બાદ આધ્યાત્મિક ચર્ચા અને પ્રવચન જેવું પણ થવાનું છે. ચંદા પણ તેમાં ભાગ લેશે.' પછી ચંદા તરફ દૃષ્ટિ કરીને કહ્યું, 'માટે, તારા મિત્ર આશિષને જવા દઈશ નહિ.' ત્યાં જ ચંદાએ મોટેથી અવાજ કરી આશિષનું ધ્યાન દોરતા કહ્યું, 'આશિષ ! ક્યાં જઈ રહ્યો છે ? આવ તો ખરો ! અહીં આવ, બેસ !'

ચંદાનો અવાજ સાંભળી તેણે પાછું ફરીને જોયું તો, હસીને ચંદા તેને આવકારી રહી હતી. તેના હૃદયમાં આનંદની એક લહેર દોડી ગઈ હોય, તેવું મને તેના મુખ અને આંખોની ચમક પરથી લાગ્યું, તે અમારા તરફ આવવા વળ્યો, તો મને તેના પગમાં ઉત્સાહ અને ચહેરા પર આશાનું જોશ વર્તાઈ રહ્યું. ચંદાએ તેને પ્રેમથી બોલાવ્યો, તેથી કદાચ તેનામાં આશાનો સંચાર થયો હશે ! ચંદાને મેં તેની લાગણી પહોંચાડી હશે અને તેથી જ ચંદા તરફથી આ હકારાત્મક સંદેશ હશે. એમ પણ કદાચ તેણે માની લીધું હોય ! ગમે તેમ પણ તે ઉત્સાહથી આવી અમારી સામે બેસી, પ્રસન્નવદને ચંદા તથા અમારી સામે જોઈ રહ્યો ! રેવાનંદે પ્રસ્તાવિક રીતે વાતનો પ્રારંભ કરતા તેને પૂછ્યું, 'કેમ, પાસ થઈ ગયોને !' કહી રેવાનંદે ત્રાંસી નજરે ચંદા તરફ જોઈ લીધું.

'હા, પાસ થઈ ગયો.' સહર્ષ જણાવતા તેણે આગળ કહ્યું.

'સ્વરૂપની ઘણી સહાયતા મળી !'

'એ કેવી રીતે ? પેપર્સ તો તમે જ લખેલાને ?' હસતા રેવાનંદે કહ્યું.

'હા ! પરંતુ, વાત એમ છે કે હું અને સ્વરૂપ લગભગ સાથે જ વાંચતા ! એટલે ઉત્સાહ સાથે તેના જ્ઞાનનો પણ લાભ મળતો !'

'વાહ, સરસ !' કહી બધાને સંબોધન કરતાં રેવાનંદે આગળ કહ્યું, 'હવે પછી થોડી વારમાં આપણે 'કનખલ' ભોજન માટે જવાનું છે. ભોજન બાદ, ત્યાં જ પટાંગણમાં આધ્યાત્મિક ચર્ચા સભા જેવું આયોજન કરેલું છે; જેમાં યુવાન મહાત્મા વિશ્વંભર થોડું આધ્યાત્મિક માર્ગદર્શન કરાવશે. આજની યુવાપેઢીને યોગ્ય દિશાસૂચન કરવાનું અભિયાન તેણે શરૂ કર્યું છે.' પછી ચંદા તરફ દૃષ્ટિ કરી કહ્યું, 'ચંદા પણ તેમાં થોડું વક્તવ્ય આપશે, તે પણ આ અભિયાનમાં સંલગ્ન છે.'

પછી થોડું અટકીને બોલ્યો, 'દિલ્હીમાં તમને એડમિશન તો મળી ગયું છે, એટલે આવતી કાલે જ તમો ઉપાડશો. હવે તમો 'કનખલ' જવા ઉપડો, હું અહીંની થોડી વ્યવસ્થા કરી ત્યાં બધા સાથે પહોંચું છું.' ને ચપ્પલ પહેરીને ચાલતો થયો. આશિષ પણ ઊઠીને તેની રીતે જવા ઊઠ્યો. તેણે એક દૃષ્ટિ ચંદા તરફ કરી, પરંતુ ચંદા બીજા સાથે વાતોમાં વ્યસ્ત હતી, ધીમે ડગલે તે આગળ વધી રહ્યો. દૂર જતાં તેને, મેં એક દીર્ઘ નિઃશ્વાસ નાખતા જોયો, તેનું કારણ કદાચ ચંદાએ તેના તરફ ખાસ લક્ષ ન આપ્યું તે હશે !

'કનખલ' જવા રવાના થતાં બધાએ મને અને ચંદાને શુભેચ્છા સાથે આશીર્વાદ આપ્યા અને પિતાશ્રીએ બધાને ભોજન તથા ચર્ચામાં ભાગ લેવા વિનંતી કરતાં બધાં એક પછી એક ત્યાં જવા રવાના થયા.

'કનખલ' મારા બંગલાની સામે જ રોડની સામેની બાજુ જ હોવાથી વાહન વિગેરેની વ્યવસ્થા કરવી જરૂરી ન હતી.

ગંગાકિનારે એક વિશાળ મંડપની રચના કરી તેમાં ભોજનની વ્યવસ્થા કરવામાં આવી. ચર્ચાસભા દક્ષપ્રજાપતિના પુરાતન યજ્ઞસ્થળની સામેના વિશાળ મેદાનમાં રાખવામાં આવી હતી, ત્યાં પણ સુંદર મંડપની નીચે ઘણા લોકો બેસી શકે તેવી સુંદર બેઠકવ્યવસ્થા રાખવામાં આવી હતી.

ગંગામાતાના રમણીય કાંઠે આનંદથી ભોજન પતાવી આમંત્રિત મહેમાનો ચર્ચાસભામાં યથાસ્થાને ગોઠવાઈ ગયાં, સામે સુશોભિત મંચ પર મારા પિતાશ્રી, કાકા તથા બે-પાંચ ખાસ ગૃહસ્થો બિરાજિત હતા; વચ્ચે આજના યુવા સાધુ, જે પ્રશ્નોના જવાબો આપવાના હતા, તેનું સ્થાન ખાલી હતું. ચંદા તેને વિનંતી કરી, સભામંડપમાં લાવવા ગયેલી હતી. હું તથા રેવાનંદ, આશિષ તથા અન્ય મિત્રો સામે ગોઠવાઈ ગયા હતા. આગળના ભાગમાં કેટલાંક સાધુઓ-સંતો તથા પ્રતિષ્ઠિત લોકોના આસનો હતા, જિજ્ઞાસુ યાત્રિકો માટે પણ બેસવાની વ્યવસ્થા હતી.

થોડી જ વારમાં વિશ્વંભરજીને લઈને ચંદા આવી પહોંચતા બધાની ઈન્તેજારીનો અંત આવ્યો. યુવાન સાધુ વિશ્વંભર વસ્ત્રમાં માત્ર લંગોટ, આખું શરીર ભસ્માર્ચિત, ઊંચો-પડછંદ દેહ, વર્ણ શ્યામ, કાળી ભમ્મર, મોટી જટાથી યુક્ત, જાણે શિવનું સ્વરૂપ હોય, તેવો દીસતો, મક્કમ ડગલા ભરતો આવી રહ્યો હતો. તે મંચ પર આવી બિરાજતા, જાણે સમગ્ર વાતાવરણ ભક્તિ અને વૈરાગ્યથી ઊભરાઈ ગયું. ઔપચારિકતા બાદ વિશ્વંભરે ઊભા થઈને જયઘોષ કરી પ્રારંભ કરતા કહ્યું, 'આત્મસ્વરૂપ પ્રિય ભક્તજનો !'

'હું અહીં કોઈ ઉપદેશ આપી આપને પ્રભાવિત કરવા ઉપસ્થિત થયો નથી. હું તો મારું ઋણ ચૂકવવા આવ્યો છું !' પછી બધે દૃષ્ટિ ઘુમાવી, ધીરગંભીર શબ્દોમાં આગળ કહ્યું,

'પ્રત્યેક મનુષ્યે જન્મ ધારણ કરી ઋણ ચૂકવીને ઈશ્વપ્રાપ્તિ માટેના પ્રયત્નો કરવા જોઈએ. તો જ તે જીવનમુક્ત બની શકે છે, અર્થાત્ પછી જ મોક્ષ-ગતિને પ્રાપ્ત થાય છે. પ્રત્યેક મનુષ્યે જીવન દરમિયાન ત્રણ ઋણ અવશ્ય ચૂકવવા જોઈએ - પિતૃઋણ, દેવઋણ અને ઋષિઋણ ! માતા-પિતાની યથાશક્તિ સેવા દ્વારા પિતૃઋણ, યજ્ઞયાગાદિકર્મ, વ્રત, જપ-તપ દ્વારા દેવઋણ અને અધ્યયન-અધ્યાપન અને ઋષિમુનિઓ દ્વારા રચાયેલ અને સેવાયેલ ઉપદેશોનો પ્રચાર અને પ્રસાર તે ઋષિઋણ છે, જે આ જીવન દરમિયાન ચૂકવવાનો પ્રયત્ન કરવો તે ધર્મ છે. એ દૃષ્ટિએ હું આજે આપની સમક્ષ ઉપસ્થિત થયો છું.'

પછી દાઢી પર હાથ પસવારી, થોડા મૌન બાદ પુનઃ કહ્યું, 'આજે પ્રત્યેક મનુષ્ય સંસારથી ત્રસ્ત છે, યુવાનો મૂંઝાય છે. કારણ કે ધર્મ અને અધર્મના ભેદની તેમને ખબર નથી; ઈશ્વરાભિમુખ સાધકોને પણ ઘણાં પ્રશ્નો મૂંઝવતા હોય છે. તેમને માર્ગદર્શનની

જરૂરત હોય છે ને એટલા માટે જ આજે આ ચર્ચાસભાનું આયોજન કરવામાં આવેલું છે. કોઈ પણ જિજ્ઞાસુ આધ્યાત્મિક દૃષ્ટિએ પ્રશ્ન પૂછી શકે છે. પોતાનો અભિપ્રાય પણ આપી શકે છે.'

વિશ્વંભરજી આટલું કહીને બેસતાની સાથે જ સંચાલન કરવા ચંદા આગળ આવી. ભગવી સાડી, સૌમ્ય ચહેરો, છૂટાં વાંકડિયાવાળ, તેજસ્વી મોટી આંખોવાળી ચંદા પૃથ્વી પર અવતરેલી કોઈ યોગિની જેવી લાગી રહી હતી. અનાયાસ મારી દૃષ્ટિ આશિષ તરફ ખેંચાઈ ગઈ. એકીટશે તે ચંદાને નિહાળી રહ્યો હતો, નહિ તેના સૌંદર્યને જાણે પી રહ્યો હતો ! મને તેની દયા આવી, જ્યારે તે જાણશે કે ચંદા તેને ચાહતી નથી, ત્યારે તેનું હૃદય ભાંગી પડશે. કદાચ ન કરવાનું કરી બેસશે તો ! હું વિચારી રહ્યો હતો, ત્યાં જ ચંદાના શબ્દો લહેરાઈ રહેતા હું સાંભળવા તત્પર બન્યો,

'પ્રિય આત્મબંધુઓ ! હરિદ્વારવાસી આપ સૌ વિશ્વંભરજીના ત્યાગ, તપ અને જ્ઞાનથી સપુરિચિત છો જ. આજે તેઓશ્રી જિજ્ઞાસુઓના પ્રશ્નો પર ચર્ચા કરી માર્ગદર્શન આપતા આપણને ઉપકૃત કરશે, તો હવે આપનામાંથી કોઈ પણ પ્રશ્ન પૂછી ચર્ચાનો પ્રારંભ કરે તેવી વિનંતી કરું છું !' કહી ચંદાએ વિશ્વંભરજીને માઈક સોંપ્યું.

થોડી વારે એક યુવાન ઊભો થયો. કહ્યું, 'મને આધ્યાત્મિક વિષયોમાં ખૂબ રસ છે, ઈશ્વરપ્રાપ્તિની ઇચ્છા થાય છે. યથાશક્તિ નામસ્મરણ, જપ કરું છું, પરંતુ મને શાંતિ નથી. ક્યારેક મને ઉદાસીનવૃત્તિ ઘેરી વળે છે, મને કોઈ બાબતમાં રસ હોય તેવું લાગતું નથી. ઘણાં પ્રલોભનો મારી સામે આવે છે, મૂંઝાઈને હું કશું નક્કી કરી શકતો નથી. તો કારણ સાથે માર્ગર્શન આપો.' કહી મૌન બની ઊભો રહેતા, વિશ્વંભરજીએ સહાસ્ય પ્રશ્ન કર્યો.

'કેમ, તમારે લગ્ન કરવાની ઇચ્છા નથી કે શું ?'

યુવાન મૂંગો રહ્યો, તો વિશ્વંભરજીએ આગળ કહ્યું, 'તમને સંસાર તરફ વૈરાગ્ય થઈ આવે છે, પરંતુ કેવળ વૈરાગ્ય કામનો નથી ! કારણ કે અમુક સંજોગો ઉપસ્થિત થતાં ઘણાંને વૈરાગ્ય જેવું થઈ આવે છે !' પછી મધુર હસતા આગળ કહ્યું,

'શ્મશાનવૈરાગ્ય, પ્રસૂતિવૈરાગ્ય, પુરાણવૈરાગ્ય વગેરે અનેક પ્રકારના વૈરાગ્ય છે, પરંતુ તે ખરા વૈરાગ્ય નથી. વિવેકયુક્ત વૈરાગ્ય હોય, તો જ તે કાયમ ટકે છે. શ્મશાનવૈરાગ્ય કેવલ શ્મશાન પૂરતો જ મર્યાદિત રહે છે; કોઈક પવિત્ર અંતઃકરણવાળાને તે ચાર-છ મહિના રહે છે, જ્યારે પૂર્ણ સંસ્કારી કોઈ યોગભ્રષ્ટ પુરુષને તે સદાકાળ રહે છે. માટે વિવેકબુદ્ધિ મુખ્ય છે. મનુષ્ય શરીર ધારણ કરે છે, તો વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી જ્ઞાનસંપાદન કરે, મનુષ્યનું મુખ્ય કર્તવ્ય જ આ છે. મૃત્યુનું સ્મરણ એ વૈરાગ્યનો હેતુ છે, આનાથી વૈરાગ્ય દૃઢ બને છે. માથા પર ઊભેલા કાળને જો મનુષ્ય જુએ, તો

તેને ભોજન પણ ન ભાવે ! ત્યારે અન્ય વૈભવી પદાર્થોની તો વાત જ આવતી નથી. માટે સાચો વૈરાગ્ય પ્રાપ્ત કરવા મૃત્યુનું ચિંતન જરૂરી બને છે.'

વિશ્વંભરજી બોલી રહ્યા હતા, ત્યાં જ પાછળથી એક ગૃહસ્થનો અવાજ સંભળાયો, 'મહારાજ ! જ્ઞાન માટે ગૃહસ્થાશ્રમ યોગ્ય છે કે સંન્યાસાશ્રમ ?'

તુરત જ વિશ્વંભરજીએ પ્રત્યુત્તર આપ્યો,

'પૂર્ણ પ્રકાશમાં પણ, તમારી સ્ત્રી, તમારી આજ્ઞા થતાં દીવો પેટાવીને હાજર થાય તો ગૃહસ્થાશ્રમમાં પણ સુખપૂર્વક જ્ઞાન મેળવી શકાય. ગૃહસ્થાશ્રમમાં જો સ્ત્રી અજ્ઞાની હોય, તો આમ દિવસનો પ્રકાશ હોવા છતાં દીવો મંગાવતા તમને આંધળા કહેશે. રાત-દિવસના ભેદને ન સમજનાર એવા મૂર્ખ તમને કહેશે. તમારી આજ્ઞાને વેદવાક્ય માની દીવો લઈને હાજર થાય, તેવી પતિવ્રતા સ્ત્રી હોય તો ગૃહસ્થાશ્રમમાં પણ આનંદપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરી શકાય. જો આવી અનુકૂળતા ન હોય, તેઓને માટે સંન્યાસાશ્રમ જ જ્ઞાન મેળવવા યોગ્ય હોઈ શકે.'

સાંભળીને કેટલાક મંદ મંદ હસી રહ્યા.

થોડી વારે ઋષિકેશથી આવેલા એક ગૃહસ્થ ઉદાસ ચહેરે બોલ્યા,

'મારો એકનો એક યુવાનપુત્ર, જે ખૂબ વિદ્વાન હતો, મૃત્યુ પામ્યો છે. આથી મને એટલો બધો આઘાત લાગ્યો છે કે, હું ચિત્તભ્રમ જેવો થઈને, કામ-ધંધો છોડી, અશાંત બનીને જેમ તેમ જીવી રહ્યો છું. અત્રે, મનની શાંતિ થશે, એમ માનીને આવેલો છું.' કહી, તે આંસુ વહાવતા, વિશ્વંભર તરફ જોઈ, દયાર્દ્ર ચહેરે થોડું હસીને બોલ્યો, 'આપ, મારા પર કૃપા કરો !'

વિશ્વંભરજી થોડી વાર મૌન રહી એક હાથ લંબાવી બોલ્યા,

'આ તમારું શરીર પણ તમારું નથી, તો તેનાથી ઉત્પન્ન થયેલું બીજું શરીર તો તમારું શી રીતે કહેવાય ?'

સાંભળીને સાધુઓએ બે હાથ ઊંચા કરી, વિશ્વંભરજીના વક્તવ્યને વધાવ્યું. વિશ્વંભરજીએ વક્તવ્ય ચાલુ રાખતા આગળ કહ્યું,

'આ શરીર દ્વારા પુત્ર થયો તે મારો છે, એવી ભ્રમણાને કારણે તમે મમતા ધારણ કરો છો. તેને લીધે દુઃખ થાય છે, પરંતુ તમારા એ જ શરીરથી પ્રસ્વેદ દ્વારા ઘણા જંતુઓ પણ પેદા થાય છે, ને મરી જાય છે ત્યારે તમને કશો જ સંતાપ કે દુઃખ થતું નથી; કારણ કે, એ જંતુ વિગેરે મારાં છે એવી મમતા તમે રાખતા નથી. વસ્તુતઃ એ પુત્ર તથા એ જંતુઓ બન્ને તમારા શરીરથી જ ઉત્પન્ન થયા છે; પરંતુ પુત્ર તરફ તમે મમતા ધારણ કરો છો અને ઉત્પન્ન થયેલા જંતુઓના સંબંધમાં તેમ કરતા નથી. 'મમત્વ' એ જ દુઃખનું કારણ છે; એ મૂકી દો, એટલે સંતાપથી મુક્ત થશો. ઘરના પાળેલા પોપટને

બિલાડી મારી નાખે તો દુઃખ થાય, કારણ તેના પ્રત્યેની મમતા છે; પરંતુ ઉંદરને બિલાડી પકડે તો દુઃખ થતું નથી. પુત્રના મૃત્યુનો શોક કરવો ઉચિત નથી, કારણ કે તે મૂઓ શાનો ? તે તો 'પાછો' થયો છે; તમારે ત્યાં હતો તેના કરતાં, વખતે સારા સુખમાં જન્મ્યો હશે !'

પછી સમગ્ર સભા તરફ દૃષ્ટિ કરીને વિશ્વંભરજી ગંભીર સ્વરમાં બોલ્યા, 'તમારા 'સંસાર પ્રવાહ'માં ઘણાં પુત્રો થઈ ગયા અને તેને તમારા જેવા ઘણાં પિતા થઈ ગયા !' સાંભળી સભામાં ગંભીરતા છવાઈ ગઈ.

પછી વિશ્વંભરજીએ સમાપન કરતાં હોય તેવા ભાવથી કહ્યું, 'હવે ઘણો સમય થઈ ગયો છે. ટૂંકમાં જણાવું તો - 'હું અને મારું' એ બંધન છે; અને 'હું નથી, મારું નથી' એ મુક્તિ છે. આ સંસારમાં કોઈ કોઈનો પુત્ર નથી અને કોઈ કોઈના માતા-પિતા નથી. જેમ ઋતુએ ઋતુએ વૃક્ષોને ફળ આવે છે અને નષ્ટ થાય છે, તેમ જન્મ-મરણ થયા જ કરે છે. આ જગત ભ્રાંતિરૂપ છે. આ જગત છે, તેમ જન્મ-મરણ થયા જ કરે છે. આ જગત ભ્રાંતિરૂપ છે, આ જગત છે, તે આપણાં જ સંકલ્પથી ઉત્પન્ન થતું જાય છે, પુત્રની ભાવના છે, પતિ કે પ્રિયતમ કે પ્રિયતમાની ભાવના છે, ત્યાં ત્યાં તે દેખાય છે, જેવી જેની વાસના તેવો તેનો જન્મ થાય છે !'

પછી થોડું હસીને વિશ્વંભરજી આગળ બોલ્યા, 'મારા પણ અનેક જન્મો થયા છે, જે હું જાણું છું. જે અજ્ઞાની છે, તે જ દેહ, ઇન્દ્રિયોના ગુણો વિષે એકાકાર થઈ જાય છે; અને સુખ-દુઃખનો ભોક્તા બને છે. જ્ઞાનવાન કર્મો કરવા છતાં 'અકર્તા' છે, પોતાના સ્વરૂપમાં જ તે નિમગ્ન રહે છે. માટે કહું છું કે, મિથ્યા એવા દેહની ભાવનાનો ત્યાગ કરી, નિત્ય શુદ્ધ પરમાત્માના સ્વરૂપમાં મનને સ્થિર કરો !'

કહી, વિશ્વંભર મૌન બની ધ્યાનસ્થ થયો. સર્વ સભાજનો પર પણ તેની અસર પડતા બધા એ ક્ષણોમાં શાંત બની ગયા.

મેં આશિષ તરફ દૃષ્ટિ કરી, તો તે એકીટશે ચંદાને નિહાળી રહ્યો હોય તેમ લાગ્યું. મને તેની દયા આવી. વિચાર્યું, ક્યાં પરમ પવિત્ર સાધ્વી ચંદાબેન અને ક્યાં આ સ્ત્રીના બાહ્યસ્વરૂપમાં આસક્ત 'કામીપુરુષ !' આટલું આટલું સાંભળવા છતાં પણ જેની આસક્તિ દૂર થતી નથી, તેને કેવો સમજવો ?

હું આશિષ વિશે વિચારી રહ્યો હતો, ત્યાં જ વિશ્વંભર પુનઃ બોલ્યા, 'હવે, હું ઇચ્છું છું કે, દેવીતુલ્ય ચંદાબહેન યથાયોગ્ય થોડું કહી સભાનું વિસર્જન કરે !'

સાંભળીને આશિષની આંખો હર્ષથી થોડી વધુ પહોળી બની. આસન પરથી તે ઊભો થઈ ચંદાને તાકતો, તેને સાંભળવા નહિ, બોલતી નિહાળવા ઉત્સુક બની ગયો.

ચંદાબહેને ઊભા થઈ વિનમ્રતાથી પ્રારંભ કર્યો,

'આત્મસ્વરૂપ બંધુઓ !'

'ચર્ચાનું સમાપન વહેલું પૂર્ણ કરવું પડે છે, કારણ કે મહાત્મા વિશ્વંભરજીને તેમના ૐ ગુરુનો જૂનાગઢ પહોંચવાનો આદેશ થયો છે, તેથી તેમનું તાત્કાલિક જવું અનિવાર્ય બન્યું છે. મારી પાસે જ બિરાજિત યુવાન મહાત્મા વિશ્વસ્વરૂપાનંદજી, તે પણ તેમની સાથે જ વિદાય લઈ રહ્યા છે અને તે કારણે જ આજની સભા ટૂંકાવવી પડી છે, તો ક્ષમા કરશો !'

'શ્રી વિશ્વંભરજી યુવાનો માટે 'જ્ઞાન-વૈરાગ્ય અભિયાન' ચલાવી રહ્યા છે. જે આજના સાંપ્રતયુગમાં નિતાંત જરૂરી છે. પ્રથમ બધા ઋષિઓએ ગૃહસ્થાશ્રમમાં રહીને જ્ઞાનસંપાદન કર્યું હતું, પરંતુ આદર્શ ગૃહસ્થ બનવા માટે પ્રથમ સંયમ જરૂરી છે. કામિની-કાંચન પ્રત્યેથી આસક્તિ છોડવી, એ જ્ઞાનસંપાદન માટે અનિવાર્ય છે. જ્યાં સંયમ નથી, ત્યાં શક્તિ નથી. આજના યુવાનોમાં શક્તિ નથી, તેનું કારણ વ્યસન અને સંયમનો અભાવ છે. 'અયોગ્ય ચિંતન' તેની વૃત્તિઓને ભડકાવી, ઇન્દ્રિયોને બહેકાવે છે. આવા દૂષિત ચિંતનને કારણે તેમનામાં ઉત્પન્ન થતી ભાવના પ્રેમના 'ટાયલાવેડા'માં પરિણમે છે, પરિણામે તે પોતાના ધ્યેયથી વિચલિત બની અધોગતિ પામતા, પોતાના વ્યક્તિત્વને ખોઈ બેસે છે, તે હતાશ અને શક્તિહીન યુવાન છેવટે કાપુરુષ જેવો ભમતો તિરસ્કારને પાત્ર બની રહે છે.' પછી થોડું અટકીને આગળ કહ્યું,

'ટૂંકમાં કહું તો ઘણા એવા યુવાનો નજરે પડે છે કે, સિનેમાની અસરથી પોતાના સંસ્કારો ભૂલીને 'પ્રેમ'ના વહેમમાં વાસનાયુક્ત બની સતત સ્ત્રીનું ચિંતન કર્યા કરે છે. તેઓ જાગૃત બની, આવું બિભત્સ ચિંતન કરતાં અટકે, એ આજના યુવાધન માટે આવશ્યક છે, તેથી તેઓ આ અધમ પ્રલોભનથી અટકે એ દૃષ્ટિએ થોડું કહેવું મને જરૂરી લાગે છે !'

ચંદાબહેન બોલી રહ્યા હતા, ત્યાં જ એક યુવાને ઊભા થઈ વિનમ્ર સ્વરમાં કહ્યું, 'બહેનજી ! આપની વાત સત્ય છે. આજના યુગના વાતાવરણને કારણે યુવાનોમાં વાસનાયુક્ત ચિંતન-વાણી અને વર્તન-વ્યવહાર દૂષિત થઈ રહ્યા છે. હું પોતે પણ, ઇચ્છા હોવા છતાં પણ તેનાથી મુક્ત રહી શકતો નથી. તો ઉપાય બતાવવા વિનંતી છે !'

'ખૂબ સરસ પ્રશ્ન !' ચંદાબહેને ખુશી વ્યક્ત કરતાં કહ્યું,

'તમે નિખાલસતાથી તમારી નબળાઈનો સ્વીકાર કર્યો, તે ધન્યવાદને પાત્ર છે. ઘણાં તો એ જાણતા હોવા છતાં, તેમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન સુધ્ધાં કરતા નથી.'

'આનો ઉપાય સરળ છે, પરંતુ મનોબળ કેળવવું જરૂરી છે. સ્ત્રીઓના પ્રલોભનથી દૂર રહેવા, તેની બીજી બાજુનો વિચાર કે ચિંતન કરવું જોઈએ.' પછી થોડું મૌન ધારણ કરી ચંદાબેન અટકતા, મેં આશિષ તરફ દૃષ્ટિ કરી, તો તેના ચહેરા પર મને ઝાંખપ

4

અને નિરાશાના ભાવો જોવા મળ્યા. ચંદાબહેન તરફથી આવા વિચારોની અપેક્ષા કદાચ તેને નહિ હોય, ચંદાના દેહસૌંદર્યનાં ચિંતનમાં, આથી કદાચ વિક્ષેપ પણ પડ્યો હશે. પોતાની અપેક્ષાઓની વિરુદ્ધનું સાંભળીને તે નિરાશા અનુભવી રહ્યો હોય, તેવું મને લાગ્યું !

બહેનનું વક્તવ્ય આગળ ચાલ્યું, 'સ્ત્રીઓનાં બાહ્ય સૌંદર્યમાં માણવા જેવું આખરે છે શું ?'

'યોગવશિષ્ટના વૈરાગ્ય પ્રકરણમાં તે આની ચર્ચા કરતાં પ્રશ્ન કરે છે. 'નાડી, હાડકાં વિગેરે ગ્રંથીરૂપી સ્ત્રીના જે અંગો છે અને તે અંગો વડે મનોહર લાગતી માંસની પૂતળીસ્વરૂપ સ્ત્રીના યંત્ર જેવા અસ્થિર શરીરરૂપી પિંજરામાં શી સુંદરતા છે ?'

'આ પ્રમાણે સ્ત્રીઓના દરેક અંગ પર દોષદૃષ્ટિ કરવાનો જે કોઈ પુરુષ અભ્યાસ કરશે, તેને થોડા દિવસોમાં સ્ત્રીઓ પર વૈરાગ્ય ઉત્પન્ન થઈ, તેનામાં ગ્લાનિ ઉત્પન્ન થશે; અને તેની દૃષ્ટિ બદલાતા તે વિષયસુખના પ્રલોભનથી મુક્ત થઈ, બ્રહ્માનંદને પ્રાપ્ત કરી શકશે.'

'આના દૃષ્ટાંતરૂપે એક સુંદર વાત જે પ્રચલિત છે, ટૂંકમાં કહું છું,

મૃગયા રમવા ગયેલ એક ઉદ્ધત અને કામી રાજપુત્રે એક સુંદર વણિકપુત્રીને નદી તટે આજુબાજુ પડદો નાખીને સ્નાન કરતી જોઈ. રાજપુત્ર તેની સુંદરતા જોઈને અત્યંત મોહિત થયો ! નગરશેઠની એ સુંદરપુત્રી પર તે રાજકુમાર એટલો તો મોહિત થયો કે તેને જોતાં જ તેનું અંતઃકરણ ઉલ્લાસ અને આનંદ છોડી શોકસાગરમાં ડૂબી ગયું. એ પછી એ રાજપુત્રે એટલો બધો દુઃખી અને વિહ્વળ થવા લાગ્યો કે, તેને ખાન-પાનમાં પણ રસ રહ્યો નહિ. રાજાને પુત્રની આ દશા તથા કારણની જાણ થતાં તેણે વણિક પર જોર-જુલમથી દબાણ કર્યું. પિતા અકારણે ચિંતાગ્રસ્ત જણાતા વણિકપુત્રીએ તેનું કારણ પૂછતા, કન્યા આવી વિષમ પરિસ્થિતિથી જ્ઞાત થઈ. પુત્રીએ પિતા પાસે જઈ હસીને કહ્યું,

'આપ ગભરાશો નહિ. જઈને હા કહો અને રાજાજીને જણાવો કે લગ્ન થયા પૂર્વે એક દિવસ રાજકુંવર મારી પાસે એકાંતમાં આવીને મળે, એવી મારી ઇચ્છા છે !' રાજાએ આ વાત માન્ય રાખતા, તે જ દિવસે વણિકપુત્રીએ કોઈ એક વૈદ્યને બોલાવી નિવેદન કરી કહ્યું, 'મને સાત દિવસ સુધી રોજ એવું ઔષધ આપતા રહો કે તેટલી મુદતની અંદર મારા શરીરમાનું રક્ત, માંસ, સત્ત્વ સઘળું ગળી જઈ વિષ્ઠારૂપે બહાર નીકળી જાય; એટલું જ નહિ, પરંતુ હાડકાં અને ચામડા દેખાઈ જાય.' એ મુજબ વૈદ્યે કન્યાને જુલાબ આપવા માંડ્યો અને વણિકપુત્રીએ આ દવાથી પોતાને જેટલા જુલાબ થયા, તેટલાં જુદાં જુદાં પાત્રોમાં એક કમરામાં રાખી મૂક્યા. સાત દિવસ દરમિયાન પોતાની ઇચ્છા

મુજબ કન્યાનું સુંદર-સપ્રમાણ શરીર અત્યંત દુર્બળ પડી નિસ્તેજ થઈ ગયું, ફક્ત હાડકાં અને ચામડી જ દેખાવા લાગ્યા !

બીજી બાજુ, કામુક રાજપુત્ર વણિકપુત્રીને મળવાની હોંશમાં અહર્નિશ કન્યાના સુંદર દેહલાલિત્યનું ચિંતન કરતો સમય પસાર કરવા લાગ્યો.

સાત દિવસ પૂર્ણ થતાં વણિકપુત્રી પાલખીમાં બેસી, ભેળી કરી રાખેલી વિષ્ઠાથી ભરેલાં પાંચ-સાત કૂંડા મખમલથી ઢાંકી, જાણે રાજકુમારને માટે સુંદર અને ઉમદા ભેટ લઈ જતી હોય એવો દેખાવ કરી, તે કૂંડા નોકરોના મસ્તક પર ઉપડાવી મુકરર કરેલી જગ્યાએ પહોંચી; અને રાજકુમારની વાટ જોતી એક અજ્ઞાત સ્થળ પર બેઠી.

થોડી વારે અનેરા ઉત્સાહથી રાજકુંવર આવ્યો અને દ્વારમાં પેસતાં જ આ સુંદર મુગ્ધાનું ભયાનકરૂપ જોતો ચમકી ગયો. ભૂત-પ્રેત જેવું કન્યાનું રૂપ જોઈ ડરનો માર્યો તે નાસવા લાગ્યો. વણિકપુત્રીએ તેને બોલાવીને કહ્યું, 'તમે શા માટે ડરીને નાસો છો ? જે મારા બાહ્ય સુંદર દેહ પર તમે મોહિત થયા હતા, તે જ આ શરીર છે, હું તે જ સુંદર સ્ત્રી છું.' પ્રત્યુત્તરમાં મોહાંધ રાજપુત્રે કહ્યું, 'અહાહા ! તેનું તો સુંદર સ્વરૂપ હતું. જ્યારે તારું તો કેવું ભયંકર સ્વરૂપ છે ! તે તું ન જ હોઈ શકે.'

દુર્બળતાને કારણે ભયાનક લાગતું ખડખડ હાસ્ય કરીને યુવતીએ કહ્યું, 'હું તે જ સુંદર સ્ત્રી છું. તમે શા માટે ગભરાઓ છો ? અહીંયા જરા મારી પાસે તો આવો ! જુઓ, મેં તો મારું સૌંદર્ય કાઢીને બાજુ પર મૂક્યું છે, તેથી જ તમને મારી હાલની સ્થિતિ જોઈને ડર લાગે છે.' સાંભળીને રાજકુમાર બોલી ઊઠ્યો,

'ગલત ! સુંદરતા કાંઈ એવી વસ્તુ છે કે, તેને કાઢીને બાજુ પર મૂકી શકાય ? વસ્ત્રાભૂષણ, અલંકાર વિગેરે શરીર પરથી ઉતારી બાજુ પર મૂકી શકાય; પરંતુ શરીરની સુંદરતા બાજુ પર મૂકી છે, એવું મૂર્ખાઈ ભરેલું વિધાન કઈ રીતે માની શકાય ?'

વણિકપુત્રીએ કહ્યું, 'રાજકુમાર ! આ મખમલથી ઢાંકેલા કુંડાઓમાં મેં મારી સુંદરતા મૂકી છે, તે ઉઘાડી જુઓ એટલે ખાતરી થઈ જશે !'

રાજકુમારે તે ઉઘાડીને જોયું તો ભયંકર દુર્ગંધ આવવા લાગી. નાકે કપડું મૂકીને તે દૂર ખસી ગયો. વણિકયુવતીએ ખડખડાટ હસીને કહ્યું, 'નાક બંધ કરીને દૂર કેમ ભાગો છો ? એ જ તો મારી સુંદરતા છે !'

રાજપુત્રે ઉત્સુકતાથી પૂછ્યું, 'એ શી રીતે બને ?'

'અન્ન વિગેરે અન્ય પદાર્થો ખાવાથી આ શરીરમાં રક્ત, માંસ ઇત્યાદિ ઉત્પન્ન થાય છે !' યુવતીએ જવાબમાં કહ્યું, 'અને, તેથી જ શરીર સુંદર દેખાય છે; તે જ અન્ન વિગેરે પદાર્થો મળરૂપે બહાર નીકળે છે, ત્યારે દુર્ગંધ મારે છે !' પછી ઉપેક્ષા અને તિરસ્કારભરી દૃષ્ટિ કરી કહ્યું, 'જ્યારે આ સર્વ સાત દિવસ પહેલાં મારા શરીરમાં ભરેલું

હતું. ત્યારે આ શરીર અતિ સુંદર, કાંતિમાન અને મોહ ઉપજાવે તેવું હતું. તે જ આજે બહાર છે, તો દુર્ગંધ મારે છે. માટે અસ્થિ, માંસ, કૃમિ તથા મળ-મૂત્ર, કફ અને પરુથી ભરેલા આ શરીર ઉપર મોહ કરવો તે સુજ્ઞપુરુષને માટે ઉચિત નથી.'

'આ ઉપરથી આજના યુવાનો અને સાધનાપથ પર ડગ ભરવા ઇચ્છતા સાધકોએ સમજવાનું કે, જ્યારે વિષયસુખ આપનારી કામવાસનાઓ તરફ ગ્લાનિ ઉત્પન્ન થઈ તે નીરસ લાગવા માંડે, ત્યારે જ ખરો વૈરાગ્ય ઉત્પન્ન થયો છે એમ સમજવું.'

ચંદાબહેને વક્તવ્ય પૂર્ણ કરી હાથ જોડ્યા. મને લાગ્યું કે ચંદાબહેને છેલ્લું વિધાન જાણે મને ઉદ્દેશીને કર્યું છે અને સંપૂર્ણ વક્તવ્ય જાણે તેના આશિક એવા આશિષને ઉદ્દેશીને જ કરેલું છે. મેં મારી બાજુમાં બેસેલ આશિષના મનોભાવો જાણવા તે તરફ દૃષ્ટિ કરી તો, તેનું આસન ખાલી હતું. ઘણા સમયથી હું જોઈ રહ્યો હતો કે, તે ચંદાના પ્રેમ માટે મનોમન રિબાઈ રહ્યો હતો. હું જાણતો હતો કે આવો એકપક્ષીય પ્રેમ તેના માટે ભયાનક પરિણામ લાવી શકે છે.

સભા વીખરાઈ રહી હતી. ચંદા તથા રેવાનંદ વિશ્વંભર તથા વિશ્વસ્વરૂપાનંદને દોરીને અંદરની બાજુ જતા હતા. મેં છૂટી પડતી ભીડમાં ચારે તરફ દૃષ્ટિ દોડાવી, આશિષ ક્યાંય નજરે ન પડતા, હું ઝડપથી નીકળવાના મુખ્ય દરવાજા તરફ ગયો. આશિષ ત્યાં પણ નજરે ન પડ્યો. તેથી ગંગા તરફ ખૂલતા દરવાજા તરફ જઈ ઘાટ પર દૃષ્ટિ દોડાવી, આશિષ ત્યાં પણ ન હતો, મેં કાંઠા પર નજર કરી, બન્ને કાંઠે અને આજુબાજુ મેં ધ્યાનથી જોયું, તો પૂર્વ તરફના હરકીપેંઢી તરફ જતા વહેણને કાંઠે કાંઠે, ઘણે દૂર મેં આશિષ જેવા યુવાનને જતો જોયો. કદાચ તે આશિષ હશે, પરંતુ ઘણે દૂર હોવાની હું ચંદા પાસે જવા પગ ફરી ગયો ! હું તેને બોલાવી શક્યો નહિ.

અંદર જતાં જ ચંદા સામી મળી. બોલી, 'કેમ, ગંગામાં સ્નાન કરવા ગયો હતો ?' કહી તેણે સ્મિત કર્યું, તેના સ્મિતમાં વ્યંગ હતો.

'ના !' મેં પ્રત્યુત્તર આપતા કહ્યું, 'આશિષ !'

વચ્ચે જ, ચંદા મને અટકાવતા ફિલ્મી ઢબે બોલી,

'આશિષકા દિલ તૂટકર ટુકડેટુકડા હો ગયા હે ના ! કોઈ બાત નહિ !' પછી મારા ગાલ પર ચીમટો ભરતા બોલી, 'એવી નિરર્થક ચિંતા છોડ, તું અપની સૌચ, સ્વરૂપ ! જેના પ્રારબ્ધમાં જે પ્રમાણે, જે લખ્યું હશે તે પ્રમાણે થતું જ રહેશે, ચાલ !' કહી મને આગળ દોર્યો, તો સામે રેવાનંદ મળ્યો. મને ઉદ્દેશીને બોલ્યો, 'કેમ, સભા કૈસી રહી ?'

'ખૂબ પ્રેરણાદાયક !' મેં જવાબ આપ્યો, 'મને તો થયું કે, વિશ્વંભરજી સાથે જ ગિરનાર તરફ નીકળી પડું !'

ચંદાએ બળપૂર્વક મારો હાથ ખેંચતા કહ્યું, 'ચાલ ઘરે, કાકા રાહ જોઈ રહ્યા હશે !'

પછી રેવાનંદજીને ઉદ્દેશીને કહ્યું, 'તારે પણ આવવાનું છે, આજે તમારે બન્નેએ મારા હાથની રસોઈ જમવાની છે !'

પરિવારમાં કાકા અને ચંદા બે જ હતા. સારી એવી મિલકત અને આવક હતી. ચંદાના ભાવિ વિષે કાકાને કોઈ ચિંતા હતી નહિ. આમ પણ ચંદાની ચિંતા કરવા કોણ સમર્થ હતું ? કાકા પણ ચંદાની યોગ્યતા અને તેજસ્વિતા વિષે જાણતા હતા. એટલે નિરર્થક ચિંતાથી મુક્ત હતા, સ્થિતપ્રજ્ઞ જેવું તેનું જીવન હતું.

ચંદાના હાથનું સાત્ત્વિક છતાં સ્વાદિષ્ટ ભોજન અમે કરી રહ્યા હતા. કાકાની પ્રિય લાડકી ચંદાએ કાકાને આગ્રહ કર્યો, તો કાકા વિનોદભર્યા સ્વરમાં બોલ્યા, 'હા, આપ, તારા હાથનું જમાય તેટલું જમી લઉં, કાલની કોને ખબર છે ?' તુરત જ ચંદાએ કૃત્રિમ રોષ દર્શાવતા કહ્યું.

'મને ખબર છે, કાલે તમે મારા જ હાથના બતાવેલા ચૂરમાના લાડુ અમારી સાથે બેસીને જમવાના ! હવે ક્યારેય આવી વાત કરશો તો હું રિસાઈ જઈશ !'

ચંદાના પ્રેમભર્યા આગ્રહપૂર્વકનું ભોજન સમાપ્ત કરી અમે દીવાનખંડમાં બેઠા. કામ આટોપી ચંદા આવી જતાં રેવાનંદે કહ્યું,

'આવતીકાલે મધ્યાન પછી તમારે બન્નેએ દિલ્હી જવાનું છે, યાદ છે ને ?'

'ના, આવતી કાલે જ નહિ; શી ઉતાવળ છે ? થોડા દિવસ પછી જ જજો, હજુ તો કૉલેજ ચાલુ પણ નહિ થઈ હોય !' કાકાએ વિરોધ કર્યો.

'ભલે, તેમ થાય !' રેવાનંદે સહમત થઈ મને સાથે ચાલવાનો ઇશારો કરતા કહ્યું. ત્યાં જ કાકાએ કહ્યું, 'સર્વજ્ઞ ચંદાબહેનના કહેવા મુજબ આવતી કાલે હું ચૂરમાના લાડુનું ભોજન કરવાનો છું; તમારે બન્નેએ મને સાથ આપવાનો છે !' અમે એક સાથે હસી પડ્યા, ને સહાસ્ય વિદાય લઈ અમે છુટા પડ્યા.

રાત્રે માતા-પિતાએ પ્રણામ કરી પથારીમાં લંબાવ્યું. ઊંઘ આવતી ન હતી. આશિષની ગ્લાનિ તથા કાકાના છેલ્લા શબ્દોએ કબજો જમાવ્યો હતો. ન જાણે કેમ પણ 'કાલની કોને ખબર છે !' તેમના એ શબ્દોનું રટણ થયા જ કરતું હતું; પરંતુ સાથે સાથે ચંદાના શબ્દો, 'મને ખબર છે. કાલે તમે મારા જ હાથના બનાવેલા ચૂરમાના લાડુ અમારી સાથે જમવાના !' મને થયું. વૃદ્ધાવસ્થાની અસરને કારણે કાકા એવું વિધાન કરે, પરંતુ ચંદાના શબ્દો પણ કદાપિ ખોટા ન હોઈ શકે ! જે હોય તે ! મેં વિચારો બંધ કર્યા, ઊંઘ આવી ગઈ.

એ પછીના બનાવો કેટલી ઝડપથી બન્યા ! વિચારતા આજે પણ મન બેચેન બની જાય છે. બધું ઝડપથી બની ગયું. મધ્યાહન સમયે કાકાના ઘરે પ્રસન્નતાપૂર્વક અમે

સાથે જ લાડુનું ભોજન કરી રહ્યા હતા. રેવાનંદે ગઈકાલની વાતચીતનો પ્રસંગ યાદ કરતા કહ્યું,

'કેમ કાકા ! હવે, ચંદા સર્વજ્ઞ સાચી ને ? તમે લાડુનું ભોજન કરી રહ્યા છો ને ?'

'ચંદાના શબ્દોને વિધાતા પણ ખોટા ન પાડી શકે !' હસતા કાકાએ કહ્યું. પછી ઠાકોરજીની છબી તરફ હાથ જોડીને કહ્યું, 'છતાં મારા શબ્દોને વળગી રહું છું !'

સાંભળીને ચંદા ચૂપ રહી. જાણે અંતરમાં ઊંડી ઊતરી ગઈ. જાણે અગોચરને જાણવાનો પ્રયત્ન કરી રહી હતી !

'ને બન્યું પણ તેમજ, જે બનવાનું હતું. કાકા પૂજાઘરમાં દર્શન કરતાં ઢળી પડ્યા ને સદાને માટે ક્ષણભંગુર સંસારમાંથી કાયમને માટે વિદાય લઈ ગયા.'

એ સમય ભુલાય તેવો ક્યાં હતો ! ગંગા કિનારે કાકાની ચિતા જલી રહી હતી. અમે બહેન-ભાઈ દૂર વૃક્ષ નીચે બેસી ચોધાર આંસુએ રડી રહ્યા હતા. ચંદાની આંખોમાં સતત વહી રહેલા અશ્રુ જોઈ હું મારા આવેગને રોકી શક્યો નહિ. બહેનને વળગીને મોટેથી રડી પડ્યો. મારી આવી હાલત જોઈ તુરત જ ચંદા સ્વસ્થ બની આંખો લૂછતી બોલી,

'બસ, સ્વરૂપ... ભાઈ સ્વસ્થ. હવે રડીશ નહિ. જે થવાનું હતું તે થઈને રહી ગયું છે !'

'પરંતુ, તું તો રડી રહી છે ! તારું રૂદન હું જોઈ શકતો નથી.'

'અરે, ગાંડાભાઈ ! હું ક્યાં રડી રહી છું ? મને મૃત્યુનો કોઈ વિષાદ થતો નથી !' ચંદાના શબ્દોથી મને આશ્ચર્ય થયું. પૂછ્યું,

'તો પછી આ કોણ રડી રહ્યું છે ? કહે તો ?'

'મારામાં રહેલો સર્વાત્મા-સર્વવ્યાપી પરમાત્મા રડી રહ્યો છે !' જવાબ આપતા મારા મસ્તક પર હાથ ફેરવી ચંદા પુનઃ બોલી,

'સમજાય છે, તને ? આ બધી ઈશ્વરની લીલા છે. પંચમહાભૂતનું ખોળિયું બનાવી, તેમાં પોતે જ પ્રવેશ કરી, સુખ-દુઃખનો અનુભવ કરતા હોય તેમ હસે છે, રડે છે !'

કહેતી ચંદાની આંખોમાં હવે અશ્રુને બદલે ન સમજાય તેવી ગહરાઈ હું જોઈ રહ્યો. તત્ક્ષણ મને લાગ્યું કે, આ મારી વહાલી બહેન ચંદા નથી, પરંતુ અવકાશમાંથી ઊતરી આવેલી કોઈ જોગણ છે ! તેની શુભ્ર આંખોની કીકીમાં ચિતાના અગ્નિનું પ્રતિબિંબ દેખાઈ રહ્યું હતું. ચંદાના ધૈર્યને હું મનોમન વંદી રહ્યો હતો, ત્યાં જ ડાઘુઓની વચ્ચે થઈને રેવાનંદ બ્રહ્મચારીને અમારા તરફ આવતા મેં જોયો, નજીક આવી શાંતિથી તે અમારી પાસે આવી મૌન બનીને બેસી ગયો.

અચાનક રેવાનંદની દષ્ટિ સામે જતાં તે બોલી ઊઠ્યો, 'ઓહ !'

ઉત્સુકતા સાથે મેં તે તરફ દૃષ્ટિ કરી તો પુષ્કળ ડાઘુઓ સાથે કોઈની નનામી આવી રહી હતી. શ્મશાનમાં આવું દૃશ્ય તો સ્વાભાવિક હતું, પરંતુ નનામી સાથેના ચહેરા પરિચિત હતા.

અમારી પાસેથી ઊઠીને રેવાનંદ ડાઘુઓની સામે ગયો. નનામીને કાંધ આપી જ્યારે પરત થયો, તો માત્ર એટલું જ બોલ્યો, 'આશિષ આત્મહત્યા કરીને મૃત્યુ પામ્યો છે. આ નનામી તેની છે.'

હરિદ્વાર તરફ ગાડીમાં પુરણપુરીજી સાથે સફર કરતાં હું ભૂતકાળને વાગોળી રહ્યો હતો. ત્યાં જ ગાડીનો હળવો આંચકો અનુભવાતા મારી વિચારધારા અટકી પડી.



19

પુરણપુરીજી સાથે હરિદ્વારનો પ્રવાસ ચાલુ હોય, ગાડીની સાથે સાથે સંવેદનાઓથી સભર સ્મૃતિઓ વંટોળિયાની જેમ ચિત્તને ડોલાયમાન કરી રહી હતી.

હા, એ પણ એક ઝંઝાવાત જ હતો જાણે ! ચંદા સાથે સંવનનની અપેક્ષામાં જીવતો આશિષ એ અપેક્ષા પૂર્ણ ન થઈ શકવાના કારણે આત્મહત્યા કરીને મૃત્યુ પામ્યો. એ અસરમાંથી હું દિવસો સુધી બહાર આવી શક્યો નહિ. જો કે એ અસર પણ પછીથી ભુલાઈ જવા - ભૂંસાઈ જવા લાગેલી. જ્યારે હું અને ચંદા દિલ્હી જઈ કાયદાનો અભ્યાસ કરવા લાગેલા ત્યારથી. એ કારણ, ઉપરાંત જીવનમાં એક નવું પાત્ર ઉમેરાયું - કાલિન્દીનું. ચંદાની નવી મિત્ર. ખૂબ સુંદર છતાં સાદી અને આધ્યાત્મિક વિચારણા ધરાવતી અમારી સાથે જ અભ્યાસમાં સંલગ્ન પિતા 'હંસ સંપ્રદાય'ના સ્થાપક, પૈસાપાત્ર અને દેશી દવાનું હરિદ્વારમાં ઉત્પાદન કરતી કંપનીના માલિકની પુત્રી ! હું ચંદાબેન અને કાલિન્દી સુખપૂર્વક સાત્ત્વિક આનંદ માણતા અભ્યાસ કરી રહ્યાં હતાં.

પરંતુ, ખબર નથી કેમ ! પરંતુ કાલિન્દી ચંદા કરતાં પણ મારી વધુ કાળજી લેતી હતી. મને ચંદાબેન તરફ અત્યંત પૂજ્યભાવ અને પ્રગાઢ પ્રેમ હતો. કાલિન્દી પણ ઉચ્ચ કક્ષાની સાધક હતી, પરંતુ મને લાગતું હતું કે બન્નેના પ્રેમમાં ક્યાંક તફાવત છે, જે હું સમજી શકતો ન હતો.

એક દિવસની વાત છે. અમે પ્રવાસમાં આગ્રા ગયેલા. ચંદા સાથે ન હતી. આગ્રા ફોર્ટમાં અમે સાથે ફર્યા. ઐતિહાસિક કિલ્લો મારામાં અનેરા ભાવો જગાડતો હતો. લાગતું હતું કે આ શહેર, આ કિલ્લો મારો પરિચિત છે. ફરતા ફરતા હું એવી જગ્યાએ આવી પહોંચ્યો જ્યાં એકાંત હતું. સામે જ તાજમહાલ દૃષ્ટિગોચર થઈ રહ્યો હતો. દૃશ્ય જોઈ હું વહી ગયેલા સમય વિષે વિચારી રહ્યો. કેટલું ક્ષણભંગુર મનુષ્યનું જીવન ! અનેક

શહેનશાહો થઈ ગયા આ પૃથ્વી પર. વિચાર કરતો હું શૂન્યમનસ્ક બની, ગેલેરી પરની પાળી પર મસ્તક નમાવી, બે હાથ ટેકવી ક્યાંય સુધી ઊભો રહ્યો હોઈશ. ત્યાંજ કાલિન્દીના ગરમ હાથનો મને મારા ગાલ પર સ્પર્શ થયો. હું ઝબકી ગયો, તો મારા ખભા પર હાથ મૂકી, લગભગ મને ઝકડી લેતી હોય તે રીતે સાવ નજીક ઊભીને બોલી,

'શું જોઈ રહ્યો છે ?'

'તાજમહેલ !' મેં એમ જ પ્રત્યુત્તર આપ્યો.

'જઈશું, ત્યાં ?'

'હા, જઈએ !'

ને કાલિન્દીએ મને હાથ પકડી આગળ દોર્યો. રિક્ષા કરી અમે તાજમહાલ પહોંચી ગયા. બધું જોઈ કાલિન્દી મને યમુના નદીના કાંઠે દોરી ગઈ. ઘાટ પરના પગથિયા પર તે સાવ મારી લગોલગ બેઠી. હું નદીના પાણીના તરંગોને નિહાળતો પવનની શીતળતાને માણી રહ્યો હતો. કાલિન્દી મારા ખભાને સ્પર્શ કરતી બોલી,

'શું જોઈ રહ્યો છે, આમ ?'

'કશું જ નહિ... નદીના આ તરંગો !'

'પરંતુ, તું આટલો ગંભીર બનીને કેમ બેસી રહ્યો છે ?' પછી મારી વધુ નજીક આવીને મારા શરીરને ભીંસ આપી રહી.

'હું વિચારુ છું.' જવાબ આપતા મેં કહ્યું, 'મનના આ વિચારો નદીના તરંગો જેવા છે, મનમાં પણ આ રીતે તરંગો ઊઠે છે. વિલીન થાય છે અને પુનઃ ઉત્પન્ન થાય છે !'

'અરે, મનનું કાર્ય જ આવા વિચારતરંગો ઉત્પન્ન કરવાનું. તું આવા તરંગો પર શા માટે 'તરંગો' કરે છે ?'

'મને ગમે છે.' મેં જવાબ આપતા કહેલું, 'પરંતુ, હું તટસ્થ રહીને મારા તરંગોને નિહાળું છું !'

'સ્વરૂપ ! એક વાત પૂછું ?'

'પૂછ !'

'મને જોઈને તને કેવા તરંગો અથવા વિચાર-જાગે છે ?'

'તને જોઈને મને કોઈ તરંગો જાગતા નથી !' મેં નિર્લેપભાવે કહી ઉમેર્યું :

'પરંતુ તું મને ગમે છે. તારો ગૌરવર્ણ ચહેરો અને તારી આંખો જોતા મને લાગે છે કે, તારું નામ 'કાલિન્દી' બરાબર નથી !' પછી હસતાં હસતાં મેં કહેલું,

'કારણ કે તું શ્યામ નથી !'

'તો મારું નામ તું સૂચવને ! મને તું એ નામે જ બોલાવજે !'

'ખરેખર ! તો તારું નામ મિનાક્ષી હોવું જોઈતું'તું !'

'મિનાક્ષી ? એ શા માટે ?'

'કારણ કે તારી આંખો માછલી જેવી છે. તું મિન-અક્ષિ છે !'

થોડી વાર તે મારા સામું જોઈ રહી. બોલી :

'સ્વરૂપ ! તું કશું સમજે છે ? જો મારી આંખોમાં તને શું દેખાય છે ?'

'તારી આંખોમાં મને ચંદાબેનનું પ્રતિબિંબ દેખાય છે !'

સાંભળી એક નિઃશ્વાસ સરી પડ્યો કાલિન્દીના ફેફસામાંથી. તે નીચું જોઈ રહી. થોડી વારે ગરદન ઊંચી કરી બોલી,

'તને મારી આંખોમાં ચંદાનું પ્રતિબિંબ કેમ દેખાય છે ?'

'કારણ કે ચંદા મારી પ્રિયબહેન છે; અને તું તેની પ્રિય સહેલી છે.'

મેં સહજતાથી જવાબ આપેલો. સાંભળી હસી પડી કાલિન્દી, પરંતુ મને લાગ્યું કે તેના હાસ્યમાં કૃત્રિમતા છે. મારા જવાબથી તે સંતુષ્ટ થઈ નથી ! તે ગંભીર ભાવે દૂર દૂર નિહાળી રહી. પગના અંગૂઠાથી ધરતી ખોતરતી હું તેને જોઈ રહ્યો. તેનામાં આવેલા પરિવર્તનને હું સમજી શક્યો નહિ. થોડી વારે મૌન તોડતા મેં પૂછેલું,

'શું વિચારી રહી છો કાલિન્દી ?'

'વિચારું છું કે, તું કાં તો બુદ્ધુ છો અથવા નિર્લેપ યોગી છો !'

'એ કેવી રીતે ?' મેં પૂછેલું.

'એ પણ હું તને સમજાવી શકું તેમ નથી !'

પછી મારો હાથ પકડી મને ઉઠાડતા બોલેલી, 'ચાલ... ઊઠ હવે, હવે આપણે નીકળવું જોઈએ ! તારી બહેન ચંદા તારી રાહ જોઈ રહી હશે !'

ચાલતા રસ્તામાં મેં કાલિન્દીને પૂછેલું,

'કાલિન્દી ! તું ખિન્ન કેમ છે ? મારા તરફથી તને કશું ખોટું તો નથી લાગ્યું ને ?'

'ના !'

'તો ?'

'એ કારણ તને નહિ સમજાવી શકું !'

'કેમ !'

'કારણ કે તું બાળક જેવો નિર્દોષ છે !'

'માની લીધું, પરંતુ તેમાં તું આટલી ખિન્ન કે નિરાશ કેમ જણાય છે !'

'હું ખિન્ન નથી, પરંતુ હું પછતાઈ રહી છું; કારણ કે હું એક બાળક પાસે મોટી ઇચ્છા રાખી બેઠેલી !'

'હું સમજ્યો નહિ.' મેં કહેલું.

'તું સમજી પણ શકીશ નહિ !'

પછી એક ઊંડો શ્વાસ લઈને બોલેલી, 'જવા દે હવે આવી વાતો ને ચાલવા માંડ !' પછી મારો હાથ પકડી મને દોરતા બોલી,

'ચાલ, હું પણ તારી બહેન જેવી ચંદા જ છું ને !'

'તું ચંદા જેવી છો નહિ !'

સાંભળી કાલિન્દી સ્તબ્ધ બનીને ઊભી રહી ગઈ. બોલી,

'તો ?'

'તું મિનાક્ષી છો !'

સાંભળી ખુશીની એક લહેર દોડી આવી તેના ચહેરા પર. બોલી, 'તને ગમે છે !'

'હા, કોઈને પણ ગમે એવી આંખો મને પણ ગમે છે !'

સાંભળીને ભાવશૂન્ય-સપાટ ચહેરા સાથે ચાલવા લાગી કાલિન્દી ! પછી તો ઘણાં દિવસો સુધી કાલિન્દી દેખાઈ નહિ. ક્યારેક જ્યારે મળી જતી તો ઔપચારિક વાતો કરી ઝડપથી જતી રહેતી. સાથે રહેતી હોવા છતાં ભાવશૂન્ય ચહેરે તે બોલતી-ચાલતી. એક દિવસ તો મેં તેની આંખો સૂજેલી જોયેલી, જાણે ખૂબ રડી હોય અને રાત્રે ઊંઘી ન હોય તેવો તેનો ચહેરો મેં જોયો ! કારણ પૂછતા તે જવાબ આપ્યા વગર જતી રહેલી. મારી મૂંઝવણ વધી જતાં મેં ચંદાને આ બાબત પૂછેલું. તે બોલી,

'તારે એ જાણવાની જરૂર નથી !'

'કારણ ?'

'તું એ નહિ સમજી શકે; કદાચ તારો મિત્ર. જો આત્મહત્યા કરીને મૃત્યુ ન પામ્યો હોત, તો એ તને સમજાવી શકત !'

'આશિષના મૃત્યુ સાથે કાલિન્દીના આવા વર્તનને શું સંબંધ ?'

'તને નહિ સમજાય સ્વરૂપ ! જે થાય તે સારું જ છે !'

અને ખરેખર કાલિન્દીના આવા વર્તન વિષે હું સમજી શકતો ન હતો; અને હવે જ્યારે સમજાય છે, ત્યારે લાગે છે 'જે થાય છે' અથવા જે થયું છે, તે સારું જ થયું છે. ચંદાના શબ્દો મને સાચા લાગે છે. જો હું કાલિન્દીના મારા પ્રત્યેના મુકપ્રેમને સમજી શક્યો હોત અને મેં તેનો સ્વીકાર કર્યો હોત તો આજે જુદી જ પરિસ્થિતિ હોત. અનેક જન્મોનાં ચક્કરમાં હું ફસાઈ પડ્યો હોત !

જોતજોતામાં દિલ્હીમાં અભ્યાસના વર્ષો પૂર્ણ થયા અને અમે દિલ્હી છોડી પુનઃ હરિદ્વારમાં આવી ગયા.

એ પછી તો ઘણું ઘણું બન્યું. કાલિન્દી પ્રજ્ઞાપીઠ-ગાયત્રીમાં સન્નિષ્ઠ કાર્યકર બની ઋષિકેષ રહેવા ચાલી ગયેલી. મારો નાનો ભાઈ ખૂનના આરોપમાં ફસાઈ ગયો, ચંદા પણ સરયુદાસજીની નિશ્રામાં રહી ગંગોત્રી પર સાધના કરવા અવારનવાર જવા લાગી.

મારી પ્રેકટીશ ચાલી રહી હતી. બા-બાપુજી સ્વસ્થ હતા, માત્ર જેલમાં રહેલા નાનાભાઈની ઉપાધિ હતી. કેસ સજ્જડ હતો. નિર્દોષ હોવા છતાં બચાવવો મુશ્કેલ હતો.

કોઈ ઉપાય કારગત નીવડતો ન હતો. નિરાશા, માતા-પિતાની માનસિક હાલત, આ બધી બાબતોથી મન ક્યારેક ઉદાસ બની જતું હતું. મનમાં સંસાર પ્રત્યે કોઈ આસક્તિ હતી નહિ. તેમાં આ બધી વિટંબણા ભળતા માનસિક રીતે મન વૈરાગ્ય તરફ ઢળી રહ્યું હતું. ક્યારેક ક્યારેક ચંદાબેન આવીને મારી સાથે રહી જતી હતી. તેના વચનો અને હૂંફથી હું જીવી રહ્યો હતો. તે કહેતી, 'સંસારથી ભાગવાથી કોઈ લાભ નથી. પરિસ્થિતિ સામે લડી લેવાનું હોય, ભાગવાનું ન હોય !'

એક દિવસ ચંદા આવી. ઘરમાં જાણે ઉજાસ પથરાઈ ગયો. મન આનંદમાં રહેવા લાગ્યું. મેં કહેલું, 'બહેન ચંદા ! હવે તું મારી પાસે જ રહેશે. હું તને ક્યાંય જવા દેવાનો નથી !'

'એ શક્ય નથી, ભાઈ ! બહેન હંમેશ સાથે રહી શકતી નથી !'

'પરંતુ, તું તો પરણવાની નથી પછી ?'

'હું પરણવાની નથી, એ વાત તારી ભૌતિક દૃષ્ટિએ સાચી છે. વાસ્તવમાં હું આધ્યાત્મિક દૃષ્ટિએ 'વિશ્વાત્મા' સાથે પરણી ચૂકી છું. આ ભૌતિક દેહ સાથે હું તારી સાથે લાંબો સમય રહી શકું તેમ નથી !'

'તો હું એકલો કેમ રહી શકીશ ?'

'તું એકલો નથી. તારી સાથે બા-બાપુજી છે. તારે હજુ તેમની સાથે રહી ઋણ ચૂકવવાનું છે અને તું એકલો નથી. ઈશ્વર તારી સાથે જ છે.' પછી હસીને મારી પીઠ પર હાથ પસવારતા બોલેલી.

'સ્વરૂપ ! હું તને એકલો તો ક્યાં રહેવા દેવાની છું. તારા માટે મેં એક સરસ પાત્ર શોધી રાખ્યું છે !'

બસ, વાત ત્યાંથી જ અટકી. બીજા રૂમમાં બાપુજીને સખત ઉધરસ ઊપડી આવી હતી. અમે બાપુજીના રૂમમાં ગયેલાં, બાપુજી નબળા પડી ગયેલા લાગતા હતા. ચંદા તેની પાસે જ બેસી ગયેલી. સ્વસ્થ થતાં બાપુજી બોલ્યા,

'દીકરી હવે તારે જ બધું કરવાનું છે. સ્વરૂપનું હવે ક્યાંક ગોઠવી દે, એટલે હવે મારી એક ઉપાધિ ઓછી થાય અને મારો જીવ !'

'બાપુજી ! એવી ચિંતા કરો નહિ; ઈશ્વરની ઇચ્છા મુજબ બધું બનતું રહેશે.'

'પરંતુ, આ નાનાનું શું થશે ?'

'એ પણ ઈશ્વરની ઇચ્છા મુજબ થશે ! બધું એના પર છોડી દો !'

'જાણું છું.' બાપુજીએ ખાંસી દબાવતા કહ્યું, 'બધુ ઈશ્વરાધીન છે, પરંતુ સ્વરૂપની ચિંતા તો હું તારા પર જ છોડું છું. એના લગ્ન !'

'એ બધું તો થઈ રહેશે.' વચ્ચે જ ચંદાએ કહેલું, 'તમે એની ચિંતા નહિ કરો ! બે દિવસ માટે હું દહેરાદૂન એ માટે જ જવાની છું. આવતા જ બધું ગોઠવાઈ જશે.'

અને એ દિવસે વાત ત્યાં જ અટકી ગયેલી. પુનઃ હું બધી જ વિટંબણાઓ વચ્ચે અટવાઈ ગયેલો. નાનાભાઈની સુનાવણી હવે થોડા દિવસોમાં જ થવાની હતી. બા-બાપુજીની તબિયત એ જ ચિંતાના કારણે વધુ ને વધુ લથડી રહી હતી. સારી ચાલતી પ્રેકટીશ પર પણ હું ધ્યાન આપી શકતો ન હતો, મન સંસારથી ભાગતું હતું. બધું નકામું અને ક્ષણભંગુર લાગી રહ્યું હતું. બધું કામકાજ હું યંત્રવત કરી રહ્યો હતો. દહેરાદૂન ગયેલી ચંદાબેનની યાદ આવ્યા કરતી હતી.

એક દિવસ કામના કંટાળાથી ત્રાસી હું 'કનખલ'ના ગંગાનદીના ઘાટ પર ઠંડા પાણીમાં પગ ઝબોળી એકાંત જગ્યામાં બેઠો હતો. લાંબાઘાટ પર ક્યાંક ક્યાંક યાત્રિકો સ્નાન કરી રહ્યા હતાં. મેં પણ શરીર અને મસ્તક પર ઠંડા પાણીનો છંટકાવ કર્યો, ખૂબ સારું લાગ્યું. ગંગાના પવિત્ર જળનો સ્પર્શ થતાં શાંત થયેલું મન ઊંડું ઊતરી ગયું, પરંતુ ત્યાં જ ધ્યાનાવસ્થામાં સરી પડેલા મને અચાનક કોઈનો અણછતો સ્પર્શ થયો ને તે સાથે હવાનો એક જોરદાર ઝોક આવ્યો અને મારા મુખ પર કોઈની સાડીનો પાલવ લપેટાઈ ગયો ! હું મૂંઝાઈ ગયો. અચાનક મુખ પર લપેટાઈ ગયેલા સાડીના પાલવને ઝડપથી દૂર કરીને જોયું તો કોઈ સુંદર તરુણી પોતાનો પાલવ મારા હાથમાંથી ખેંચીને ઝડપથી દરવાજા તરફ દોડી ગઈ. શરમાઈને નાસતી એ યુવતીની સુંદરતાનું હવે શું વર્ણન કે વિચાર થઈ શકે ! જાણે ધરતી પર ઊતરી ચંદ્ર એક ક્ષણમાં ક્યાંક અદશ્ય થઈ ગયો હતો. પૃથ્વી પર જાણે એક ક્ષણ માટે ચાંદની પથરાઈ ગઈ હતી.

કોણ જાણે કેમ, પણ જિંદગીમાં પ્રથમ વાર મને એમ લાગ્યું કે જગતમાં કાંઈક એવું પણ તત્ત્વ છે, જે સંસારને સ્વર્ગ જેવું બનાવી શકે છે. બસ, એ એક ક્ષણ માટેનું દશ્ય હૃદયમાં આનંદની ઝણઝણાટી ઉત્પન્ન કરી ગયું. એક ક્ષણ માટે જાણે કોઈ મારા પર પરમાનંદના શીતળ બિન્દુઓ વરસાવીને જતું રહ્યું.

'કોણ હશે આ ?' વિચારતો હું ઊભો થઈને દરવાજા તરફ આગળ વધ્યો, અંદર દાખલ થયો. યાત્રાળુઓની ભીડ વચ્ચે હું આમતેમ નિહાળતો આગળ વધતો મંદિરનાં મકાનો પાસેથી પસાર થયો. તો પાછળથી પ્રથમ બે હાથની તાળીઓ અને પછી હાસ્ય સાથે ચિરપરિચિત ચંદાનો અવાજ મારા કાને પડ્યો,

'સ્વરૂપ ! અહીં આવ સ્વરૂપ !'

ચંદાને આમ અચાનક જોઈ મને સાનંદાશ્ચર્ય થયું; પરંતુ વિશેષ આશ્ચર્ય તો ત્યારે થયું જ્યારે મેં હાલ જ જોયેલી પેલી સુંદર અને સુડોળ યુવતીને ચંદાની લગોલગ ઊભીને મારા તરફ હસતી જોઈ. લાગ્યું કે જાણે મારી સામે એક નહીં પરંતુ બે બે વીજળીઓ ચમકારા મારી રહી છે.

નજીક જઈ મેં ચંદા તરફ દૃષ્ટિ કરીને પૂછ્યું, "ક્યારે આવી ?"

'રાત્રે જ ! થોડા દિવસ દહેરાદૂન આશાની હોસ્ટેલમાં મહેમાનગતિ માણીને આજે રાત્રે જ આવી, મોડું થઈ જવાથી રાત ત્યાં જ રોકાઈ મધ્યાહ્ન ભોજન ત્યાં જ લઈ ઘરે આવી તો તું હતો નહિ. તો તને ઢૂંઢતા ઢૂંઢતા અહીં સુધી આવતા તું મળી ગયો. પછી પેલી યુવતી તરફ દૃષ્ટિ કરી બોલી, 'આ મારી સહેલી 'આશા' છે !'

'એમ ? એમને તો હું થોડી વાર પહેલાં જ મળી ચૂક્યો છું અથવા એ મને અચાનક મળી ગયા હતા.' કહી હું હસી પડ્યો હતો. આશા શરમાઈને નીચું જોઈ પાછળ છુપાઈ ગઈ હતી. જાણે શુભ્ર વાદળ પાછળ ચંદ્ર અદૃશ્ય થઈ ગયો.'

બસ ! જિંદગીમાં સાંસારિક આકર્ષણનો એ પહેલો પ્રસંગ ! પછી તો ઘણું ઘણું બન્યું. આશા સાથે જ મારી સગાઈ થઈ ગઈ. લગ્નની તારીખ પણ નક્કી થઈ ગઈ. એક નૂતન જિંદગી જાણે શરૂ થઈ ગઈ હતી.

ચંદા અમારી સાથે જ રહેવા લાગી હતી. કાકાનું ઘર 'વિશ્વહિન્દુ' સંસ્થાને સમર્પણ કરી દીધું હતું. જ્યાં આર.એસ.એસ.ના સૌજન્યથી વિશાળ 'ભારત મંદિર' બનવાનું હતું.

સગાઈ પછી આશાને મળવાનું વારંવાર બનવા લાગ્યું હતું. આશા હવે છૂટથી વાતો કરતી હતી. ગંગાનદીને કાંઠે કાંઠે અમે ઘણે દૂર સુધી નીકળી જતા હતાં.

એક વખત જ્યાં અમારું પહેલું મિલન થયું તે 'કનખલ'ના ઘાટ પર ગંગાનદીના શીતળ જલમાં પગ ઝબોળીને અમે બેઠા હતાં. ગંગાના સ્વચ્છ જળમાં વસ્ત્રો ઊંચા કરી પગ ઝબોળીને બેઠેલી આશા મારી સામે વારંવાર હસીને અને ક્વચિત સ્પર્શ પણ કરીને વાતો કરી રહી હતી. હું ક્યારેક તેના હસતા મુખમાં દાડમની કળી જેવા શ્વેત ચમકતા દાંતોને તથા પાણીમાં ઝબોળેલી તેની ગુલાબી પિંડીઓને જોઈ લેતો હતો. તેના સ્પર્શને માણતો હું તેની તરફ સરક્યો, તો આશાએ મારા ખભા પર માથું ઢાળી દીધું. મેં તેની અર્ધખુલ્લી પીઠ પર હાથ મૂકી તેને આલિંગન આપવા ઇચ્છા કરી; ત્યાં જ આશાએ હળવી ચીસ પાડી એકદમ પોતાના પગ પાણીમાંથી બહાર ખેંચી લીધા.

મેં નીચા નમી સ્વચ્છ પાણીમાં દૃષ્ટિ કરી જોયું તો એક મોટું માછલું ઝડપથી નાસી રહ્યું હતું. હું હસી પડ્યો. બોલ્યો, 'અરે બીકણ, કશું જ નથી. તને પાણીમાં રમત કરતાં માછલાંઓનો સ્પર્શ થઈ ગયો હતો.' હું હસી રહ્યો હતો, ત્યાં જ પાછળથી ચંદાના શબ્દો મારા કાને પડ્યા, 'ને મોટા માછલાનો સ્પર્શ નાની માછલીને થવાની તૈયારીમાં હતો, કેમ ?'

બસ, પછી કિનારે બેસી અમે ઘણી વાતો કરી આશાને મૂકવા તેના ઘેર ગયા. ભાવિ સાસુ-સસરા હતાં નહિ, પરંતુ પ્રેમાળ ભાઈ-ભાભીએ મને જોઈ ખુશ થઈ સત્કાર કર્યો. આગ્રહ કરી, પ્રેમથી જમાડી અમને વિદાય કર્યા. ચંદા સાથે જતા જતા મેં પાછળ

ફરીને જોયું. અર્ધ ઉઘાડી બારીમાંથી બે તેજસ્વી આંખો મને નિહાળી રહી હતી. એ આશા હતી. મારું મન રોમાંચ અનુભવી રહ્યું. આશાનું કુટુંબ થોડે સુધી વળાવવા સાથે આવી રહ્યું હતું, એટલે એ આનંદને મેં વ્યક્ત થવા દીધો નહિ; પરંતુ મારી સાથે ચાલી રહેલી ચંદાએ આસ્તેથી મારો હાથ દબાવ્યો અને દર્શાવ્યું કે તે મારા ઉમંગને જાણી ગઈ છે.

પરંતુ આ ખુશી લાંબો સમય ટકી નહિ. લગ્નના દિવસે જ નાનાભાઈની સુનાવણીની તારીખ આવી હતી. લગ્નની તારીખમાં કોઈ ફેરફાર થઈ શકે તેમ હતો નહિ. કારણ કે લગ્ન પતાવીને આશાના કઝીનને ફોરેન જવાનું નિશ્ચિત થઈ ગયું હતું. આશા તેનાં કુટુંબીઓના સહારે જ હતી છતાં નિઃસહાય ન હતી. લાખોની મિલકત આશાના નામે હતી અને ભાઈઓ પણ તેને કોઈ ખોટ સાલવા દેતા ન હતા. આમ તેઓ બધાં પ્રેમનાં તાંતણાઓથી બંધાયેલા હોય, તેઓની અનુકૂળતા મુજબ જ લગ્ન કરી નાખવાનું નક્કી થઈ ગયેલું.

આનંદની સાથે ચિંતાનું પ્રમાણ વધતું રહ્યું, પરંતુ પરાકાષ્ટા આવે એ પહેલાંનાં થોડાં સંસ્મરણો યાદ આવી ગયા, જેણે મારા જીવનનાં પરિવર્તનમાં ભાગ ભજવેલો. બા-બાપુજીની તબિયત તે દિવસે સારી ન હતી, કોર્ટના કામકાજથી કંટાળેલો હું તેમની પાસે બેઠો હતો. અચાનક ચંદા બહારથી આવી; મારી માનસિક સ્થિતિ સમજી જઈ તે બોલેલી, 'ફ્રેશ થઈ થોડું આશા સાથે ફરી આવ, હું અહીં બેઠી છું. ચિંતા છોડી દે ! હું તને ત્યાં મળી જઈશ.'

તે દિવસે આશા સાથે હું ગંગાકિનારે બેઠેલો; સંધ્યાના ઓછાપા દેખાઈ રહ્યા હતા, આછો ઉજાસ અને શીતળ પવન તેમજ પવિત્ર ગંગાકિનારો આહ્લાદક લાગતો હતો. ગંગાના જલમાં અમે પગ ઝબોળીને બેઠા હતા. અચાનક કાંઠાથી થોડે દૂર ઊંડા જલમાં આશાનું ધ્યાન ગયું. ને તે લગભગ ચીસ પાડી ઊઠી. બોલી, 'પેલું શું તરી રહ્યું છે ?'

મેં જોયું તો ઉપરવાસ કોઈએ મૃત્યુ પામેલા પોતાના સ્વજનને પાણીમાં પધરાવેલું ફુલીને કોહવાઈ ગયેલું વિહતશબ સપાટી પર તરી રહ્યું હતું.

'કશું જ નથી !' મેં આશાને ધીરજ આપતાં કહેલું, 'મૃત માનવનો દેહ છે. મૃત્યુ પછી દેહને ગંગાના પવિત્ર જલમાં પધરાવવાથી મૃતાત્માને મોક્ષ મળે છે. એવી માન્યતાને કારણે ઘણાં મૃતસ્વજનના પાર્થિવ દેહને ગંગામાં પધરાવી દેવાની ધૃષ્ટતા કરે છે.'

'મને તો ડર લાગે છે !'

'એમાં ડરવા જેવું કશું જ નથી. પથ્થર, માટી અને મડદામાં કશો જ ફરક રહેતો નથી. દેહ પંચમહાભૂતોનો બનેલો છે; તેમાંથી આત્મા નીકળી જતા દેહનું કોઈ મૂલ્ય હોતું નથી. ગમે તેવા સુંદર અને કાંતિવાન દેહની સ્થિતિ આવી જ થાય છે !'

સાંભળીને આશા શૂન્યમનસ્ક બની ગઈ. થોડી વારે મારો હાથ પકડી ચાલવા લાગી. મને લાગ્યું કે, તે કશુંક વિચારી રહી છે. મેં તેને પુનઃ બેસાડી તેનો કોમળહાથ દબાવીને પૂછ્યું, 'શું વિચારી રહી છો આશા ?'

'જીવનમાં આવું થાય છે, તેની મને ખબર નથી. મેં આવું ક્યારેય જોયું નથી કે વિચાર્યું પણ નથી. મને થાય છે કે, જીવનમાં આવા કયા કયા અને કેવા પ્રકારના દુઃખો સહન કરવા પડતા હશે ?'

'પંચમહાભૂતનાં પાંજરામાં પુરાય તો પરમેશ્વરને પણ આવા તાપ અર્થાત દુઃખો સહન કરવા જ પડે છે. સંસાર અનેક પ્રકારના દુઃખોથી ભરેલો છે. માટે જ સંતો અને શાસ્ત્રો કહે છે કે, સમજુ માણસોએ વિશેષ તો આધ્યાત્મિક માણસોએ, સાધકોએ-આધ્યાત્મિક ત્રણ પ્રકારના તાપો કે આવી પડતા દુઃખોને જાણી લેવા જોઈએ.'

'હું આવું બધું કશું જ જાણતી નથી અને તેથી જ મને આશ્ચર્ય સાથે ભય ઉત્પન્ન થાય છે. આ બધું મેં પહેલેથી જાણ્યું હોત, તો કદાચ મને કશું જ ન થાત ! એમ મને લાગે છે.' પછી મારા તરફ દૃષ્ટિ કરીને આશાએ પુનઃ કહ્યું, 'આ બધું જાણવાથી કોઈ ફાયદો થતો હશે ?'

'ચોક્કસ ફાયદો થાય છે. આ બધું જાણીને મનુષ્ય ઈશ્વરાભિમુખ થાય છે અને ઈશ્વરપ્રાપ્તિનાં પ્રયત્નો કરે છે. સાચું સુખ મેળવવા ઈશ્વરની આરાધના કરી, તેની પ્રાપ્તિ માટેના પ્રયત્નો કરવા એ જ મનુષ્ય જીવનનું શ્રેષ્ઠ લક્ષ્ય કહેલું છે. વળી ઈશ્વરને પ્રાપ્ત કરવા દેહનો મોહ છોડી વૈરાગ્ય પ્રાપ્ત કરવો, વૈરાગ્ય માટે રાગ-દ્વેષ અને મોહ છોડવો જરૂરી છે. આ તો જ છૂટી શકે જો આ સંસારમાં પડી, ભોગવવા પડતા તાપોનો વિચાર કરવામાં આવે. તો જ સંસારની અસારતા અને ક્ષણભંગુર દેહ; અને તેમાંથી ઉત્પન્ન થતા 'સુખોની લાલસા' દ્વારા ઉત્પન્ન થતાં દુઃખોનો ખ્યાલ આવી શકે.'

'પરંતુ, મને તો ક્યાંય દુઃખ દેખાતું નથી. સંસારના દુઃખો કેવા હશે તેની મને ખબર નથી !'

'એ દુઃખો વિશે તારે જાણવું છે ? તો કહું !'

મેં આશાને એક ઘટાદાર વૃક્ષ નીચે રહેલી સપાટ અને મોટી શિલા જોઈ બેસાડી. ગંગા કિનારો સાવ નજીક હતો, શીતળ હવા અને પ્રફુલ્લિત કરી રહેલી લીલીછમ વનરાઈ, ઘેઘૂરવૃક્ષોથી આચ્છાદિત લીલીલીલી પર્વતમાળાઓ તરફ દૃષ્ટિ કરી લઈ આશાની સાવ નજદીક બેસીને મેં કહ્યું,

'આશા ! જો હું તને મળવાનું બંધ કરી દઉં તો તને શું થાય ?'

'ઓહ ! એવું ન કહે સ્વરૂપ ! મને કેટલું દુઃખ થાય ?'

'તો આજ સંસારીઓ માટે મોહમાંથી ઉત્પન્ન થતું દુઃખ છે. આ રીતે આધ્યાત્મિક વિગેરે ત્રણ દુઃખોથી મનુષ્ય નિરંતર પીડા પામ્યા કરે છે.'

'આ આધ્યાત્મિક ભય વિગેરે કેવા હોય છે ?' આશાએ જિજ્ઞાસા દર્શાવતા પૂછેલું.

'આ આધ્યાત્મિક તાપ બે પ્રકારના છે. એક 'શરીર' સંબંધી અને બીજો 'મન' સંબંધી !' મેં આશાની દૃષ્ટિ સાથે મિલાવી આગળ કહેલું, 'શરીર સંબંધી દુઃખો, જે અનેક પ્રકારના છે, તે વારંવાર જીવન દરમિયાન આવ્યા કરે છે. જેમ કે માથાનો દુઃખાવો, તાવ, શૂળ, ભગંદર, પેટમાં ગોળો ઉપડવો, શ્વાસ, સોજો, ઉલ્ટી થવી... વિગેરે; તેમજ આંખનો રોગ, મોતિઓ વિગેરે, ઉપરાંત ઝાડા-સંગ્રહણી, કોઢ, અંગના રોગો-વાયુ, જલોદર વિગેરે અનેક પ્રકારના શરીરસંબંધી તાપ અથવા દુઃખો થાય છે. જીવન દરમિયાન આ બધા શારીરિક દુઃખો થયા જ કરે છે.'

'મનસંબંધી અથવા માનસિક દુઃખ પણ જન્મ ધારણ કરનાર આપણે ભોગવવા પડે છે. કામ, ક્રોધ, ભય, દ્વેષ, લોભ તથા ખેદથી થતા માનસિક દુઃખો, શોકથી થતા 'અસૂયા' અર્થાત્ 'પારકાના ગુણો' પર દોષારોપણ કરવું તે 'અસૂયા'થી ઉત્પન્ન થતું દુઃખ, કોઈની અર્થાત્ પારકી ઉન્નતિ જોઈ ન કહેવાય તેવું 'માત્સર્ય નામનું દુઃખ' આ પ્રકારે મન દ્વારા ઉત્પન્ન થતો માનસિક તાપ જે અનેક પ્રકારનો છે.'

'આ બધાં ઉપરાંત આધ્યાત્મિક તાપ અર્થાત્ દુઃખો પણ અનેક પ્રકારના છે. હરકોઈ પશુ-પક્ષી તથા મનુષ્યોથી થતું દુઃખ, પિશાચ, સર્પો દુષ્ટ લોકોથી મળતું દુઃખ, ઉપરાંત સરકીને ચાલતા પ્રત્યેક પ્રાણીઓથી થતું દુઃખ, આધિભૌતિક દુઃખ કહેવાય છે; ઉપરાંત ટાઢ, તડકો, પવન, વરસાદ, ધરતીકંપ, પાણીનું પૂર, વીજળી પડવાથી થતું દુઃખ વિગેરે આધિદૈવિક દુઃખ કહેવાય છે !'

'તે ઉપરાંત ગર્ભ, જન્મ, ઘડપણ, વ્યાધિ, મૃત્યુ તથા નર્કોથી થતું દુઃખ પણ હજારો પ્રકારનું છે. તે આ ત્રણે દુઃખોથી વળી જુદું જ છે. તેમાં ઘણી જાતના મળથી છવાયેલા ગર્ભની અંદર અતિકોમળ શરીરવાળો 'જીવાત્મા' વીંટળાયેલો, વાંકી વળેલ પીઠ, ડોક અને હાડકાંવાળો; માતાએ ખાધેલા અતિ ખાટા, કડવા, તીખા, ગરમ અને ખાટા પદાર્થો શરીરને તપાવતા હોય, અત્યંત વધ્યા કરતી વેદનાવાળો, તેમજ પોતાના અંગોને પ્રસારવામાં કે સંકોચવામાં પણ પોતે અસમર્થ હોઈ, વિષ્ટા તથા મૂત્રના મોટા કીચડમાં પડ્યો રહે છે અને પિડાયા કરે છે; વળી તે ગર્ભમાં પોતે ચૈતન્યયુક્ત થાય છે, ત્યારે પણ શ્વાચોચ્છ્વાસની ક્રિયા કરી શકતો નથી.'

હું આશાને સંભળાવી રહ્યો હતો, પરંતુ મારા છેલ્લા શબ્દો સાંભળી તેણે પોતાના બન્ને હાથ મોં પર ઢાંકી દીધા. મેં તેના હાથ આસ્તેથી મોં પરથી ખસેડી લેતા પૂછ્યું, 'કેમ શું થયું ? ન ગમ્યું ?'

'ના હું સાંભળીને થોડી નરવસ થઈ ગઈ. તમારા વક્તવ્ય મુજબ જ જાણે એ બધું હું પ્રત્યક્ષ જોતી અનુભવી રહી હોઉં તેવી લાગણી મને થઈ આવી.'

'તારા પૂછવાથી મેં કહ્યું. તું કહે તો ચાલ બીજી વાતો કરું !'

'ના, તમે કહો જ. મારે એ બધું જાણવું છે, તમે મારી ચિંતા નહી કરો; કોણ જાણે કેમ, પણ મને આવું બધું જાણવાની ઇચ્છા થઈ આવી છે !' ધીમા સ્વરે મને આગ્રહ કરતા મેં આગળ કહ્યું,

'પોતાના કર્મોને કારણે એ રીતે ગર્ભમાં પુરાયેલો 'જીવ' પીડા ભોગવતો તે પોતાના સેંકડો પૂર્વજન્મોને તે સમયે તે યાદ કરે છે; અને અત્યંત દુ:ખથી રિબાયા કરે છે. તે પછી તે જ્યારે જન્મ ધારણ કરે છે ત્યારે પણ તેનું મુખ વિષ્ઠા, મૂત્ર તથા વીર્યથી ખરાડાયેલું હોય છે; અને તેનાં હાડકાના સાંધાઓ પણ ઈશ્વરપ્રેરિત ગર્ભસંકોચ વાયુને લીધે પીડાતા હોય છે. જન્મકાળે પ્રસૂતિ કરાવનારા અતિ બળવાન વાયુઓથી તે ખૂબ પીડાઈને નીચા મોઢે ખૂબ દુ:ખ પામતો માતાના ઉદરમાંથી બહાર નીકળે છે.

બહારના વાયુઓનો તેને સ્પર્શ થતાં તેને અતિશય લાંબી મૂર્છા આવી જાય છે. તેથી તે જેવો જન્મે છે કે, તુરત જ તેનું જે પૂર્વજન્મોનું 'જ્ઞાન' તથા 'આત્માનું' જે ભાન હોય છે, તે પણ તુરત જ જતું રહે છે. જાણે ચિરાતો હોય તેવું મહાદુ:ખ અનુભવતો અને જાણે કરમિયું નીકળી પડે તેમ, અંદરના વાયુથી ધકેલાઈને દુર્ગંધી ઘાવ જેવી યોનિમાંથી બહાર જમીન પર નીકળી પડે છે; કોઈ પણ જાતની ક્રિયા કરવા તે સમર્થ હોતો નથી; અને પારકી ઇચ્છા પ્રમાણે જ તે સ્નાન કે ભોજન પ્રાપ્ત કરી શકે છે. એમ અનેક જન્મના દુ:ખો તથા જનમ પછીના પણ અનેક દુ:ખોને 'જીવ' ભોગવે છે !'

'પછી યુવાવસ્થામાં અજ્ઞાનરૂપ અંધકારથી છવાઈ જઈ તેનું અંત:કરણ મૂઢ બની જાય છે. સંસાર પ્રત્યેની અનેક આસક્તિઓથી લોભાયેલો અને ખેંચાયેલો તે જીવાત્મા 'હું કોણ છું ?' 'ક્યાંથી આવ્યો છું', 'ક્યાં રહ્યો છું ?' અને 'કેવા સ્વરૂપવાળો છું ?' અને 'હવે પછી ક્યાં જઈશ ?' કશું જ જાણતો નથી ! કર્તવ્ય શું, અકર્તવ્ય શું, ગુણયુક્ત કે દોષયુક્ત કર્મો વિષે કશું જ જાણતો નથી ! કેવળ ગૃહ્યેન્દ્રિયનાં સુખમાં તથા પેટ ભરવામાં તત્પર રહેતા એ મૂઢ જીવાત્મા અર્થાત્ લોકો, પશુ જેવું જ જીવન જીવતા હોય, અજ્ઞાનથી ઉત્પન્ન થતાં દુ:ખ જાણ્યે-અજાણ્યે ભોગવ્યા જ કરે છે.'

'ઘડપણમાં મનુષ્યનું શરીર અતિ જીર્ણ થઈ જાય છે, અવયવો ઢીલા થઈ જાય છે, દાંત પડી જાય છે, શરીરે કરચલીઓ પડી જાય છે અને નસો ફુલી જાય છે, આંખે જોઈ શકાતું નથી, કાને પણ બરાબર સાંભળી શકાતું નથી. પીઠ વાંકી વળી જાય છે. નાકમાંથી રુંવાટા છેક બહાર નીકળેલા દેખાય છે. જઠરાગ્નિ પણ અતિ મંદ પડી જવાથી પૂરું ખાઈ શકતો નથી, મોઢામાંથી લાળો ઝર્યા કરે છે. ભૂતકાળમાં જે કર્મો કે વસ્તુઓ અનુભવ્યા હોય તેનું સ્મરણ રહેતું નથી, શાંત નિદ્રા તો ઘડપણમાં ભાગ્યે જ આવે છે, ઉપરાંત દમનો રોગ તથા ખાંસીથી તે પિડાતો જ રહે છે.'

બોલતા હું થોડી વાર અટક્યો; આશા તરફ દૃષ્ટિ કરી તો તે ગંગાના એકધારા વહી રહેલા પ્રવાહ તરફ જોઈ રહી હતી. તેના ચહેરા પરથી મને લાગ્યું કે તે મનોમંથન કરી રહી છે; તેનાં અંતરના ઊંડાણમાં વલોણું ચાલી રહ્યું હોય તેમ મને લાગ્યું. મેં વાતો બંધ કરી દેવાનો વિચાર કર્યો; પરંતુ તેમ કરી શક્યો નહિ. કોઈ પરાણે મારી પાસે આ બધું બોલાવી રહ્યું હતું. મને કોઈ જાણે કરી રહ્યું હતું કે 'આશાને આ સંભળાવ' તેને પણ વૈરાગ્ય ઉપજે તે જરૂરી છે. મને પણ થતું હતું કે પૂર્ણ વૈરાગ્ય નહિ, તો પણ ઓછામાં ઓછો વૈરાગ્ય તો થાય જ જેથી સંસાર પ્રત્યે તેને અત્યંત આસક્તિ ન થાય તો સારું !

દૃષ્ટિ ખસેડી આશાએ મારી સામે પ્રશ્નાર્થ દૃષ્ટિથી જોઈ પૂછ્યું, 'પછી ? શા માટે અટકી જાવ છો ! હવે પૂરું જ કરો !' મેં આગળ ચલાવ્યું.

'મરણ સમયે મનુષ્ય વારંવાર બેભાન બનીને પરવશ થાય છે. જ્યારે ભાનમાં આવે છે, તે સમયે પણ તે પોતાનું સોનું, ધન-ધાન્ય, પુત્ર, પત્ની, ઘર વિગેરે પ્રત્યેની મમતાથી વ્યાકુળ થઈ 'હાય આ બધાનું શું થશે ?' એમ વિચારીને મૂંઝાયા કરે છે ? એ સમયે ઉગ્ર મોટા રોગો તેનાં મર્મસ્થાનોને વીંધતા હોય છે, તેના ડોળા ફાટી જાય છે. તે વારંવાર હાથ-પગ પછાડે છે; અને તેનું તાળવું તથા હોઠ સુકાતા ગળામાં ઘરઘર અવાજ ચાલુ થાય છે. તેના આખા શરીરે દાહ થાય છે, એમ ઘણી જ મુશ્કેલીએ તે મૃત્યુ પામે છે.'

'મનુષ્ય માટે દુઃખો ગણતરી ન કરી શકાય તેટલાં બધાં છે. આ દુઃખોની પરંપરા નરકમાં છે; તેમ સ્વર્ગમાં પણ છે. ત્યાં પણ અમુક આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી પડવાનો ભય ધરાવતા, નાશવંત દેવનેય શાંતિ હોતી નથી. સંપૂર્ણ સુખ સ્વર્ગમાં પણ નથી !' નરક કે સ્વર્ગમાંથી પાછો આવીને પણ જીવાત્મા પુનઃ ગર્ભમાં જ ઉત્પન્ન થાય છે, ક્યારેક ગર્ભમાં કે ક્યારેક જન્મતાં જ મનુષ્ય મૃત્યુ પામે છે, યુવા કે મધ્ય કે ઘડપણમાં મનુષ્ય અવશ્ય મૃત્યુ પામે છે; પરંતુ જ્યા સુધી જીવે છે, ત્યાં સુધી જાતજાતના દુઃખોથી જીવ વ્યાપ્ત રહે છે. વહાલાનો વિયોગ થતાં પણ દુઃખ થાય છે !'

'વહાલાનો વિયોગ' શબ્દ સાંભળીને આશાએ મારો હાથ પકડી લીધો. સ્ત્રીસહજ તેના ભાવોને અને તેના આ વર્તનને સમજી હું પણ થોડો સહમી ગયો. મેં આશાને મારી વધુ નજીક ખેંચી, તેના કોમળ અને ઘાટીલી કલાઈઓવાળો હાથ સરાહતા મેં આગળ કહ્યું,

'આશા ! આમાં કશું જ અસ્વાભાવિક નથી. બધું જ ઈશ્વરનિર્મિત અને ઈશ્વરાધીન છે !'

'પરંતુ, તમે આવું બધું શા માટે કહો છો ?'

મેં દૂર દૂર ગંગાના પાણીમાં તરતા શબને અંગુલિથી દર્શાવતા કહ્યું, 'હું જ્યારે

પણ આવું બધું જોઉં છું, ત્યારે મને વૈરાગ્ય થઈ આવે છે. આવા બધા દુઃખથી ભરેલા સંસારમાંથી ભાગી જવાનું મન થાય છે !'

'તો, આને માટે શું કરવું જોઈએ ! આનો કોઈ ઉપાય નહિ હોય ?' આશાએ જિજ્ઞાસાના ટોનમાં પરંતુ વ્યગ્ર ચિત્તે કહ્યું,

'છે જ તો !' મેં તેની સામે દૃષ્ટિ મેળવી કહ્યું,

'આ બધા દુઃખોનું ઔષધ એક જ 'ભગવદ્પ્રાપ્તિ જ' મનાયેલું છે. તેમાં જ સર્વોત્કૃષ્ટ સુખ પડેલું છે. ઈશ્વરની પ્રાપ્તિ જેનો કદી પણ વિયોગ થતો નથી. ઈશ્વરની ભક્તિ તથા તેની સાધના દ્વારા તેની પ્રાપ્તિ અચૂક છે. જે કદી પણ નિષ્ફળ જતી નથી, પરંતુ આ માટે ક્ષણભંગુર સંસારનો મોહ છોડવો જરૂરી છે.'

હું બોલી રહ્યો હતો. ત્યાં અચાનક અમારી પીઠ પાછળની ઝાડીમાં ભયંકર હાસ્યધ્વનિ સંભળાયો, 'હા... હા... હા... હા... !'

આ હાસ્યધ્વનિ એટલો બધો ગંભીર અને અચાનક થયેલો હોઈ અમે ધ્રૂજી ઊઠેલા; આશા મારો હાથ પકડી એકદમ ઊભી થઈ ગઈ. મેં પાછળ ફરી નજર કરી તો કાળા ફાટેલા અને ગંદા વસ્ત્રધારી, ગૂંચવાયેલ અને વેરવિખેર જટાધારી, પહોળી અને લાલઘૂમ આંખોવાળો બિહામણો સાધુ નજરે પડ્યો. તેના એક હાથમાં ખપ્પર અને બીજા હાથમાં માનવ ખોપરી હતી, ખભે મેલી કાળી કામળી હતી. મોટેથી હા... હા... હા... હસતા તેના પીળા દાંત પણ જાણે માંસના લોચા ચોટેલા હોય તેમ લાગતું હતું. તેને જોઈ સમસ્ત શરીરમાં ધ્રુજારી છૂટી ગઈ. શરીરના વાળ ઊભા થઈ ગયા !

અચાનક આશાએ મારો હાથ પકડી જોરથી ખેંચી મને ઊલટી દિશામાં ઢસડીને ભાગવા મજબૂર કર્યો. અમે બન્ને હાથમાં હાથ પકડી દોડવા માંડ્યું. પાછળથી ગંભીર હાસ્ય સાથે શબ્દો પણ સંભળાયા.

'ભાગો... ભાગો... મહાકાલ તુમ્હારા પીછા કર રહા હૈ. જીતના હો શકે, જલદી ભાગો. ઈસકો છોડકર ભાગો... ભાગો... !'

આશા સાથે દૂર દૂર ભાગતા મને લાગ્યું કે એ શબ્દો મને જ સંબોધીને બોલાઈ રહ્યા છે. 'ઈસકો છોડકર ભાગો... ભાગો... !'

ભાગતા ભાગતા અને આશા વડે ખેંચાતા ખેંચાતા મને શંકા થઈ કે શું એ શબ્દો મને આશાને છોડવાનું સૂચવી રહ્યા છે ? પરંતુ, આ માટે વિચાર કરવાનો સમય ન હતો. ધ્રૂજતી આશા બીકથી બેબાકળી બનીને મને ખેંચી રહી હતી. આડેધડ ઝાડી-ઝાંખરા, પથ્થરો ઠેકતા અમે દોડી રહ્યા હતા. દોડતા અમે પરિશ્રમથી શ્વાસે ધમોધમ બની, ઘણે દૂર ઝાડીમાં એક મોટા પથ્થર પર બેસી પડ્યા. હસવાનો અવાજ આવતો હવે બંધ પડી ગયો હતો. ધીમે ધીમે ડર ઓછો થતાં હવે આશા સ્વસ્થ બની જવા લાગી

હતી. તેનો એક હાથ મારા ખોળામાં મૂકી, બીજા હાથે તેનો ખભ્ભો પકડી મેં તેને મારા તરફ ખેંચી વધુ સ્વસ્થ કરવા પ્રયત્ન કર્યો. થોડી વારે ડરથી ફિક્કો પડી ગયેલો તેનો ચહેરો પુનઃ ખીલી ઊઠ્યો. બોલી,

'કોણ હતો એ ! તમે પહેલાં તેને ક્યારેય જોયો હતો ?'

'ના, પરંતુ એવા ઘણા સાધુઓ મેં ચંદાબેનની સંગાથમાં જોયા છે. એ તાંત્રિક અને અવધૂત જેવો સાધુ 'કાપાલિક' હતો. તેના વચનો કે શબ્દોમાં ભવિષ્યકથન, સૂચન કે રહસ્ય હોય છે. એ કોઈને નુકસાન કરતા નથી. એ હંમેશાં કલ્યાણ કરવામાં પ્રવૃત્ત હોય છે !'

સાંભળી આશા સ્તબ્ધ બની ગઈ, પરંતુ તેના મુખ પર ઉદાસીનતા સ્પષ્ટ જોઈ શકાતી હતી. કદાચ 'ઉસકો છોડકર ભાગ !' એ તેમના શબ્દોથી એ શંકિત બની ગઈ હશે. કદાચ એને દહેશત ઊભી થઈ હશે કે, આવું બને તો !'

મેં તેને, મારી ધારેલી આ દહેશતને દૂર કરવા, પુનઃ તેને આલિંગનબદ્ધ કરી; તેણે મારી છાતી પર માથું ઢાળી દીધું. મેં તેનું સુંદર મુખ ઊંચું કર્યું. તેના પરવાળા જેવા હોઠ મને આકર્ષી રહ્યાં. મેં તેના ઓષ્ટને ચૂમી લેવા મુખ નીચું કર્યું. ત્યાં જ આશાની નજરે કશુંક પડતાં તે ઝટકો મારીને મારાથી છૂટી પડી ગઈ. મેં સામે નજર કરી તો એક ભગવાવસ્ત્રધારી સાધુ અમારી નજીક સામે જ ખચકાઈને ઊભેલા મેં જોયા. તેને જોઈ ક્ષોભ પામી અમે ઊભા થઈ ગયા.

સાધુ સૌમ્ય અને યુવાન હતો. હાથ ઊંચો કરી અમને ક્ષોભ ન પામવાનું સૂચન કરતા પ્રેમભર્યા સ્વરમાં કહ્યું,

'માતાજી તમને બન્નેને બોલાવે છે.'

'માતાજી ? કોણ માતાજી ?' મેં આશ્ચર્ય અને શંકિત સ્વરમાં કહ્યું.

'ચંદા માતાજી, ચાલો મારી પાછળ પાછળ આવો !'

કહી તે પીઠ ફેરવીને ચાલવા લાગ્યો. ચંદાબેનનું નામ સાંભળી મને વિશ્વાસ બેસી ગયો. આવા જંગલમાં ચંદાબેનનું હોવું એ મારા માટે નવાઈ જેવું ન હતું; આમ પણ તેમણે અહીં પોતે મળી જશે તેમ પણ કહેલું જ. ચંદાબેન એક તપસ્વીની અને ઉચ્ચકોટીની સાધક છે, તેનો મને જાતઅનુભવ ઘણી વાર થઈ ચૂક્યો છે. તેના ગુરુ સરયુદાસજી અને રેવાનંદ સાથે જંગલ અને ગુફાઓમાં મેં અનેક વખત તેને ધ્યાન અને સમાધિવસ્થામાં જોઈ છે. મારામાં આ જ્ઞાન-વિજ્ઞાનનું સિંચન ચંદાબેને જ કર્યું હતું.

આગળ વધવા ખચકાતી આશાનો હાથ પકડી, આસ્તે આસ્તે દોરતો હું પેલા સાધુની પાછળ જવા લાગ્યો. ચંદાના નામ પર મને વિશ્વાસ તો હતો જ; છતાં આશાના ખચકાટને કારણે મને ડર જેવું લાગતું હતું. એક ઝરણું વટાવી, સાધુની પાછળ પાછળ

અમે થોડી પાંખી થતી જતી ઝાડીની વચ્ચે થઈને એક ગુફાના દ્વાર પાસે આવી પહોંચ્યા ! અમને ત્યાં જ ઊભા રહેવાનું સૂચન કરી સાધુ ગુફાની અંદર ગયો અને પછી થોડી જ વારમાં પાછો આવીને બોલ્યો,

'તમે અંદર જાવ, ત્યાં તમને માતાજી દર્શન આપશે.'

અમે અંદર જવા લાગ્યા. હવે આશાએ મારો હાથ છોડી દીધો હતો. હવે તે નિર્ભય બની ગઈ હોય તેવું લાગ્યું. જગ્યાનો જ આ પ્રભાવ હશે. કારણ કે મારા હૃદયમાં પણ ભય અને ખચકાટની જગ્યાએ નિર્ભયતા અને ઉમંગ ઊભરાઈ રહ્યા હતા.

થોડે દૂર જતાં જ દૃશ્ય નજરે પડ્યું. સામે એક સ્વચ્છ આસન પર ચંદાબેન કાળા વસ્ત્રોમાં, નિશ્ચલ આંખો રાખી પદ્માસન વાળીને બેઠી હતી. તેની સામે વિવિધ પુષ્પોનો ઢગ હતો; જેના પર અબીલ-ગુલાલનો છંટકાવ થયેલો હતો. પુષ્પો અને ગૂગળના ધૂપની સુગંધ આવી રહી હતી. જોયું તો રેવાનંદ તથા અન્ય બે-ત્રણ સાધુઓ મંત્રોચ્ચાર સાથે ચંદાબેનને પુષ્પાંજલિ અર્પણ કરી રહ્યા હતા. થોડી વારે બધા સાધુઓએ ઊભા થઈ ચંદાની આરતી ઉતારી, પ્રાર્થના કરી. તેના શબ્દો ગુફામાં ગુંજી રહ્યા હતા.

આરસમાંથી કંડારેલી મૂર્તિની જેમ ચંદા આંખો મીંચીને નિશ્ચલ બેઠી હતી. જાણે સાક્ષાત્ જગદંબાનું સ્વરૂપ તેવું જ પવિત્ર આકર્ષણ. મને લાગ્યું કે આ ચંદા નથી, પરંતુ બ્રહ્માંડ સ્વરૂપિણી સાક્ષાત્ મહામાયા છે ! મેં બે હાથ જોડી ઘૂંટણ ટેકવી, મસ્તક નમાવી પ્રણામ કર્યાં. પછી ક્યાંય સુધી ધ્યાન ધરતો આંખો મીંચી બેસી રહ્યો. મારું સમગ્ર અસ્તિત્વ માત્ર પ્રકાશનું બની રહ્યું, હું જાણે વિશ્વાત્મા બની રહ્યો. મનનો લોપ થઈ ગયો. થોડી વારે હું સમાધિમાંથી નીચે ઊતરી પડ્યો. આંખો ખોલી તો રેવાનંદ સિવાય ત્યાં કોઈ ન હતું. બધા ચાલ્યા ગયા હતા. તેમ લાગ્યું. માત્ર ચંદા મારી સામે જોઈ હસી રહી હતી. આશા પૂર્ણ સંતોષ સાથે મારી લગોલગ બેસી રહી હતી. મેં ચંદા સામે જોઈ આશ્ચર્યથી પૂછ્યું,

'આ બધું શું છે ? તમે બધા અહીં શું કરો છો ?'

'સાધના !' ચંદાબેને જવાબ આપતાં કહ્યું, 'સાધુઓએ સાધના દ્વારા લોકકલ્યાણ અર્થે સિદ્ધિઓ પણ આ રીતે મેળવવી જોઈએ. ઈશ્વરની કૃપા અને તેની શક્તિનો પરિચય સિદ્ધિઓ દ્વારા જ મળે છે. આથી શ્રદ્ધામાં સતત વૃદ્ધિ થાય છે, પરંતુ સિદ્ધિઓનો ઉપયોગ સ્વસુખ માટે ન કરી શકાય; અને તેનો ઉપયોગ અન્યનાં અકલ્યાણ કે પીડા ઉપજાવવા પણ ન કરી શકાય. આટલો ખ્યાલ રાખનાર સાધકનું પતન થતું નથી. સિદ્ધિનો મોહ ન રાખતા તેને મનુષ્યની વિષ્ઠા કરતા પણ ખરાબ ગણવી જોઈએ.'

'પરંતુ, ચંદાબેન !' મેં પૂછ્યું, 'તમને ખબર કેમ પડી ગઈ કે અમો બન્ને અહીંથી નજીકમાં જ છીએ ? એક સાધુએ અમારી પાસે આવી અમને કહેલું કે ચંદામાતા તમને બોલાવે છે.'

'એ વખતે હું સમાધિમાં લીન હતી. એટલે હું 'વિશ્વાત્મા' અને 'સર્વવ્યાપી' બની ગઈ હતી. એટલે ભૂત-ભવિષ્ય અને વર્તમાન બધું જ હું જાણી અને જોઈ શકતી હતી. હું જાણી ગઈ કે આશા ખૂબ ડરી રહી છે. કદાચ ડરથી તે બેભાન બની જાય તો, તું પણ મુશ્કેલીમાં આવી જાય. એટલે તમને મારી પાસે બોલાવી લેવાનું ઉચિત લાગેલું. તુરત જ મેં એક સાધુને માનસિક પ્રેરણા આપી તમને અહીં બોલાવી લાવવાની આજ્ઞા કરેલી.' પછી ઉમેરતા જણાવેલું, 'તમે ખોટા ડરી ગયેલા. તમને ઉદ્દેશીને બોલાવનાર તે સાધુ મોટા સિદ્ધપુરુષ છે. યુગો પહેલાં કૃષ્ણાવતાર સમયે તે ગોપાલ નામના ગોવાળોના નેસડાના પ્રમુખ હતા; ત્યારે પણ તમને બધાં મિત્રોને કંસના અશ્વારોહી સૈનિકોથી બચવા જલદી ભાગી જવાનું કહેલું. ખેર, આ બધું જાણવાની અત્યારે તારે જરૂર નથી. પછી તું બધું જાણી શકશે. તારે હજુ ઘણું જાણવાનું અને મેળવવાનું છે, તારે પૂર્વજન્મના બધા ઋણો ચૂકવીને આ જન્મમાં જ 'જીવનમુક્ત' બનવાનું છે.'

પછી થોડું અટકીને ગર્ભિત શબ્દોમાં કહ્યું, 'જીવનમુક્ત' બન્યા પછી પણ તારે ઋણ ચૂકવવા પરત ફરવાનું રહેશે, પરંતુ માત્ર તારા જડ અને સૂક્ષ્મ શરીર અને તે સાથે તેમાં રહેલી સ્મૃતિઓના આધારે. તારા દેહમાં 'આત્મા' તો તારા મિત્રનો જ હશે. સૂક્ષ્મ અને જડ દેહ દ્વારા તું બધું પૂર્ણ કરીશ ત્યારે જ તું મોક્ષગતિને પામી શકીશ. યોગ્ય સમયે બધું થતું રહેશે. બધું જ ઈશ્વરની ઇચ્છા મુજબ બનતું રહેશે.'

'પરંતુ, આ બધું ક્યારે થશે ?' મેં ઉત્સુકતાથી પૂછેલું.

'યોગ્ય સમયે, સાધના દ્વારા 'જીવનમુક્ત' બની પુનઃ ઋણ ચૂકવ્યા પછી ઋણમુક્ત તને જન્મ-મરણમાંથી મુક્તિ મળશે, પરંતુ તારી પાસે સમય ઓછો છે. તારે અહીંનું બધું અને પછીનું બધું જ કાર્ય પણ ઝડપથી પૂર્ણ કરવાનું રહેશે.'

'પરંતુ, 'સમય ઓછો છે'નો અર્થ શું !' મેં વચ્ચે જ પૂછેલું.

'એ બધું પણ યોગ્ય સમયે સમજાઈ જશે.' ઊભા થતાં ચંદાએ કહેલું,

'અત્યારે તો તું આશા સાથે લગ્નની તૈયારીમાં લાગી જા એ જરૂરી છે. તારે આશા સાથે પૂર્વજન્મના ઋણાનુબંધ છે તે અનુસાર બધું કરવું પડશે. એ પછી જ બાકીનું બધું !'

તેણે વાત અધૂરી મૂકી મને અને આશાને ગુફાના દ્વાર તરફ દોર્યો. આશા કશું જ બોલ્યા વગર મૂક બનીને બધું સાંભળી રહી હતી. એના ચહેરા પર કોઈ પણ જાતના ભાવો જોઈ શકાતા ન હતા. જાણે ચંદાની પ્રેરણાથી તે નિર્મોહી અને સ્થિતપ્રજ્ઞ બની ગઈ હતી.

થોડું ચાલતા રસ્તા પર પાર્ક કરેલી ચંદાની ગાડીમાં અમે બેઠા, રેવાનંદ રજા લઈને ક્યાંક જતો રહ્યો હતો. આશાને તેના ઘરે પહોંચાડી હું અને ચંદા ઘરે આવ્યા.

લગ્નની તારીખ નક્કી થઈ ગઈ હતી. દરમિયાન આશાને મળવાનું બહુ ઓછું

થયું, મળતા ત્યારે પણ જાણે ઔપચારિક, નિર્લેપ ભાવે. આ ફેરફારને અમે સમજી શકતા ન હતા. સમયની સાથે સાથે જીવન ખેંચ્યે જતા હતા, લાગતુ હતું કે કદાચ આજ જીવન છે. કદાચ જીવન આવું જ છે. જે અમારે ખેંચ્યે જવાનું છે. જીવ્યે જવાનું છે. કદાચ આ અમારી પૂર્વપ્રેકટીશ હતી.

છેવટે જે થવાનું હતું તેમજ થયું. અમારા લગ્ન થઈ ગયા અને તે જ દિવસે નાનાભાઈનો ચુકાદો આવી ગયો. "ફાંસી !"

એ વખતની મારી મનોદશાનું વર્ણન મારાથી થઈ શકે તેવું નથી. બસ, જીવન પ્રત્યે, સંસાર પ્રત્યે મારામાં વૈરાગ્ય કે વિતરાગ ઊભરાઈ રહ્યો હતો. પેલા કાપાલિકના શબ્દો સતત મારા કર્ણપટ પર સંભળાઈ રહ્યા હતા. અફળાઈ રહ્યા હતા. 'ઈસે છોડકર ભાગ, ભાગ મહાકાલ તેરે પીછે પડા હૈ !'

'ને, મેં મક્કમ બની નિર્ણય કરી લીધો. કદાચ આજ મારું ભાવિ હશે ! નવવધૂના રૂપમાં થાકીને અને મારી રાહ જોઈને એકલી સૂતેલી આશાને છેલ્લી વાર જોઈ લેવાની ઇચ્છાને હું રોકી ન શક્યો.'

'ને, હું મારા રૂમમાં પ્રવેશ્યો. મેં આશાને જોઈ, રેશમી રંગીન ઓશીકા પર માથું ટેકવી સૂતેલી આશાનું કાળાભમ્મર કોરા વાળવાળું સુંદર મુખ કાળાવાદળો વચ્ચે ડોકિયા કરતાં ચંદ્ર જેવું પ્રકાશિત લાગતું હતું. ઘડીભર આશાનાં એ સુંદર મુખને છેલ્લી વાર ધરાઈને જોઈ લેવા સ્થિર બનીને ઊભો રહ્યો. મન અનેક ભાવોથી ભરાઈ રહ્યું. થતું હતું, આ આશા કેટકેટલી આશા અને અરમાનો સાથે, મારી જોડે લગ્નગ્રંથિથી જોડાઈ હશે. કેટલા અરમાનો લઈને તે પિયર છોડીને સાસરે આવી હશે. તેના એ બધાં આશા-અરમાનો સાથે હું ભયંકર અપરાધ કરી રહ્યો છું; મને તેના અરમાનોને છૂંદી નાખવાનો કોઈ અધિકાર નથી.'

હું સ્થિર બનીને અનિમેષ નયને આશાના મુખને નિહાળી રહ્યો હતો. ત્યાં આશાએ પોતાના બન્ને પગ લંબાવ્યા. થયું, આશા જાગી તો નથી ગઈ ને ! પરંતુ તેના શ્વાચ્છોશ્વાસ તે ઊંઘમાં હોવાની ખાતરી આપતાં હતાં. અર્ધખુલ્લા તેના બન્ને પગની ગુલાબી પેનીઓ સ્થિર હતી. મને તેની પેનીઓને સ્પર્શ કરવાનું મન થઈ આવ્યું, પરંતુ મારા અંતઃકરણમાંથી તે સાથે જ અવાજ ઊઠ્યો. ના... ના... તારે તો આ બધાં પ્રલોભનોથી છૂટવાનું છે, ભાગવાનું છે. તારી આ દૃષ્ટિ શું સૂચવે છે ! તું છૂટી શકીશ આમાંથી ! ભાગી શકીશ ? છે તારામાં તાકાત ? ગમ સાથે લડવાની ! વિચારી જો, હજુ પણ સમય છે; રોકાઈ જા અથવા ભાગ અથવા ભાગ ભાગ !

'ને મેં ઝડપથી પીઠ ફેરવી. દરવાજા તરફ પગ ઉપાડી બહાર નીકળ્યો. માતા-પિતાના કમરા પાસેથી પસાર થતાં પગ થંભી ગયા. એક વખત તેમના દર્શન કરી

લેવાની ઇચ્છા થઈ આવી, પરંતુ બીજી જ ક્ષણે મન મક્કમ કરી ઝડપથી ભાગ્યો, પગથિયા ઊતરતા શ્વાસોચ્છ્વાસ વધી ગયો, પગ ભારે થઈ ગયા. જાણે હું કોઈ અપરાધ કરી રહ્યો હોઉં તેમ લાગ્યું.'

ઝડપથી લગભગ દોડતો મેઈન ગેટ પાસે પહોંચ્યો, તો સામે જ થોડા ઉજાસવાળા અંધકારમાં દરવાજાની વચ્ચે જ ચંદા ઊભી હતી. સદાયે હસતો તેનો ચહેરો અત્યારે ગંભીર જણાતો હતો. મને જોઈ બોલી,

'જાય છે ?'

'હા !'

'બરાબર પાકો નિર્ણય કરી લીધો ?'

'હા.'

'ભલે, તો હું તને નહિ રોકું. તને રોકવો પણ ઈષ્ટ નથી.'

'આયુષ્યના શેષ વર્ષોમાં તારે 'જીવનમુક્ત' કક્ષા પ્રાપ્ત કરી લેવાની છે. જો તું તેમ નહિ કરી શકે તો, પુનઃ અનેક જન્મોના ચક્કરમાં તારે ફસાવું પડે તેમ છે. તું જીવનમુક્ત બની શકીશ અને તારે ઋણમાંથી પણ મુક્ત થવાનું બાકી છે. બધું થઈ રહેશે. બધા ઉપાયો વિચારાઈ ગયા છે. ભૂતકાળને મનમાંથી ભૂંસી નાખી આગળ વધી જા ! વિધિનું એ જ નિર્માણ છે !'

પછી મારા મસ્તકે હાથ મૂકીને બોલેલી, 'તારું કલ્યાણ થશે.'

મેં પણ નીચા નમી ચંદાને ભક્તિભાવપૂર્વક પ્રણામ કર્યા અને જવાની મૌનમૂક રજા માગતા તેની સામે જોયું. બે હાથ જોડ્યા,

'ક્યાં જઈશ !'

'જ્યાં પગ લઈ જશે ત્યાં.'

'ને, હું ચાલતો થયો પાછું ફરીને જોયા વગર. બસ, હું ચાલતો જ રહ્યો. ચાલતો જ રહ્યો, ભાગતો જ રહ્યો. અગમ-નિગમની વાટ પર.'

હરિદ્વાર તરફ મુસાફરી કરી રહેલ હું ભૂતકાળને વાગોળતો ઘણા લાંબા સમય સુધી એક જ સ્થિતિમાં બેસીને અકળાઈ ઊઠ્યો હતો. વિચારતંતુ આપમેળે તૂટી જતાં મેં લાંબા પગ કરી આરામથી બેસવાનો પ્રયત્ન કર્યો. મારી બાજુમાં આરામથી આંખો મીંચીને બેઠેલા પુરણપુરીજી તરફ મેં દૃષ્ટિ કરી; મને લાગ્યું કે તે બેઠા બેઠા જ ઊંઘ ખેંચી રહ્યા છે. મારી એ ધારણા ખોટી પડી. તુરત જ તેઓ આંખો ખોલી હસીને બોલ્યા,

'ભૂતકાળમાં ખૂબ લાંબે સુધી નજર દોડાવી. હવે વર્તમાન પર આવો. હવે ભાગવાની જરૂરત નથી ! ત્યાં જ પહોંચવાની જરૂર છે. વડોદરા હવે સાવ નજીક છે અને ત્યાંથી આપણે ટ્રેઈનમાં બેસવાનું છે. હવે થોડી જ વારમાં તમારો રૂટ બદલાઈ જશે.' કહી તેઓ મર્મમાં હસ્યા. હું તેમના કહેવાનો અર્થ સમજીને બોલ્યો,

'ખરી વાત છે. વિધિની પણ કેવી વિચિત્રતા છે કે, જ્યાંથી હું ભાગ્યો હતો, ત્યાં જ પુનઃ જઈ રહ્યો છું !'

'વિધિની એવી કોઈ વિચિત્રતા નથી.' પુરણપુરીજીએ હસતાં હસતાં જ કહ્યું, 'બધું જ કર્માનુસાર અને પૂર્વજન્મના ઋણાનુબંધ અનુસાર જ થઈ રહ્યું છે.'

'હાલ તો હું કશું જ જાણતો નથી.' મેં મૂંઝાઈને કહ્યું.

'હાલ તમે એ જાણી પણ નહિ શકો. તમારા માટે સમજવામાં મુશ્કેલ એવી પરિસ્થિતિ છે. હાલ, તમે જડ અને સૂક્ષ્મ શરીર ધરાવો છો, એટલે તમે માત્ર દેહધારી એવા તમારા સૂક્ષ્મશરીર સાથે જોડાયેલી નજીકની અર્થાત્ આજન્મની સ્મૃતિઓને વાગોળી શકો, પરંતુ પૂર્વજન્મની સ્મૃતિઓને જાણી કે વાગોળી ન શકો. અનેક પૂર્વજન્મોના ઋણાનુબંધને જાણી શકવા સમર્થ આત્મા હાલ તમારા દેહમાં નથી. તમારા દેહમાં રહેલ આનંતાનંદનો આત્મા બધું જાણવા સમર્થ છે જ; પરંતુ તે તટસ્થ રહીને જ તમારા દેહનું સંચાલન કરી રહેલ છે. અતઃ તમે આ જન્મમાં થયેલા તમારા અનુભવોને જ યાદ કરી શકો છો, પરંતુ પુનઃ કહું તો તમારા જન્મજન્માંતરના દૂર દૂરના ભૂતકાળની સ્મૃતિઓ કે ઋણાનુબંધને તમે જાણી શકો નહિ.'

પુરણપુરીજી ચૂપ થયા, પરંતુ હું મૌન રહી શક્યો નહિ. મારા મનમાં ઘૂમરાઈ રહેલી શંકા દૂર કરવા મેં પ્રશ્ન કર્યો,

'પુરણપુરીજી ! એક પ્રશ્ન પૂછું ?'

'હા, પૂછો ! એમાં રજા લેવાની ઔપચારિકતા શા માટે ?'

'એ જરૂરી લાગે છે, કારણ કે હાલની સ્થિતિમાં હું આપણા બધાના ઋણાનુબંધનું જ્ઞાન ધરાવતો નથી. મારા મોક્ષગતિમાં અવરોધક પરિબળોને દૂર કરવા આપ તથા રેવાનંદ, અનંતાનંદ વિગેરે બધાં પ્રયત્નશીલ છો એ બધું ઋણાનુબંધને કારણે છે તે સમજી શકું છું, છતાં !'

'છતાં ?'

'છતાં, એમ થાય છે કે, મારા 'દેહ' માટે અનંતાનંદનો જ 'આત્મા' શા માટે પસંદ કરવામાં આવ્યો ? આપ કે રેવાનંદજી પણ તેમ કરી શક્યા હોત !'

સાંભળીને પુરણપુરીજી ખડખડાટ હસી પડ્યા. હું તેમના નિર્દોષ હસતા ચહેરાને જોઈ રહ્યો. થોડી વારે હસવું દબાવી બોલ્યા,

'તમારા તથા અનંતાનંદ અને ચંદાના સંબંધો જુદા પ્રકારના હતા. એટલે તમે જુદી જ રીતે ઋણાનુબંધથી બંધાયા છો. અમારી ભૂમિકાઓ પૂર્વજન્મના માત્ર પ્રગાઢ મિત્રો તરીકેની જ છે, પરંતુ તમારા કાર્ય માટે અનંતાનંદની ભૂમિકા વિશેષરૂપે અને કારણે પ્રયોજવામાં આવી રહી છે.'

'તમારી વાત હું સ્પષ્ટ રીતે સમજી શકતો નથી.'

'ન સમજાય એ સ્વાભાવિક છે; કારણ કે તમે હાલ પૂર્વજન્મોનું જ્ઞાન ધરાવતા નથી. તેથી સ્પષ્ટ કરું છું કે હાલ 'આશા' સાથે ચંદા સહિત તમારો અને અનંતાનંદનો સંબંધ 'કૃષ્ણાવતાર' સમયનો છે. અતઃ અનંતાનંદ તમારા દેહમાં આત્માસ્વરૂપે હોય, તે જ ઉચિત અને જરૂરી છે !'

'ચંદા કૃષ્ણાવતાર સમયે માધવાનંદ અને અનંતાનંદની માતા હતી. તે તો આપે પહેલાં સ્પષ્ટ કરેલું જ છે, પરંતુ અમારા ત્રણેનો 'આશા' સાથે શો સંબંધ હતો ?'

'એ સમયે અનંત અર્થાત્ અનંતાનંદની સગાઈ આશા સાથે બચપણમાં જ એ સમયના રિવાજ મુજબ કરવામાં આવેલી; પરંતુ લગ્ન કર્યા પૂર્વે જ 'માધો' અર્થાત્ માધવાનંદજીને કંસના અશ્વારોહી સૈનિકોથી બચાવવા જતા તેનો વધ કરી નાખેલો ! સમય જતાં આશાની સગાઈ તમારી સાથે કરી નાખવામાં આવેલી, પરંતુ લગ્નના દિવસે જ તમારો પણ કંસના સૈનિકો દ્વારા વધ કરી નાખવામાં આવેલો !

આમ બન્નેની ઇચ્છાઓ અધૂરી રહી, અર્થાત્ આશા સાથે લગ્ન દ્વારા મિલન થઈ શક્યું નહિ. હજારો વર્ષ પછી હવે એ ગર્ભિત ઇચ્છા અર્થાત્ મિલન, બન્નેનું સાથે જ આ રીતે થઈ જાય તે જરૂરી હતું. કર્મના સિદ્ધાંતો મુજબ નાનામાં નાનું અને બાલિશ લાગતું કર્મ કે કોઈ પણ જાતની ક્રિયા ફળ ઉત્પન્ન કરે છે. જે ફળ ભોગવટો કરાવવા અનેક જન્મો સુધી પીછો કરે છે; અને છેવટે ભોગવટો કરાવીને જ શાંત થાય છે. અતઃ તમારા બન્નેનું આશા સાથે આ રીતે એકી સાથે જ મિલન થઈ જાય તે જરૂરી હતું. આત્મા સ્વરૂપે અનંતાનંદ અને દેહસ્વરૂપે તમે આશાને સંતુષ્ટ કરી ઋણ મુક્ત બની શકશો.'

'પરંતુ !' હું શંકા દર્શાવું ત્યાં જ મારી વાત કાપી નાખતા પુરણપુરીજીએ કહ્યું,

'એમાં, પરંતુ-ફરંતુ જેવી કોઈ વાત નથી. કારણ કે આશાને હવે સંસારનો કોઈ મોહ રહ્યો નથી. એટલે હવે એવી કોઈ સમસ્યા ઊભી જ થવાની નથી. સામે છેડે તમે બન્ને 'દેહ-આત્મા સ્વરૂપે' પૂર્ણ યોગી અને વૈરાગી છો જ ! અતઃ કોઈ સમસ્યા સર્જાવાની સંભાવના જ નથી.' પછી થોડું અટકીને બોલ્યા, 'અગર તમારા દેહની ઇન્દ્રિયો કોઈ પ્રલોભનથી દોરવાશે તો અનંતાનંદનો જાગૃત આત્મા, ચંદા તથા અમારું યોગબળ તેને અટકાવી દેશે.'

અમારી ચર્ચા ત્યાં જ અટકી પડી. ગાડી થોભાવી ડ્રાઈવરે કહ્યું, 'વડોદરા આવી ગયું, આપણે 'કાલાઘોડા' પાસે પહોંચી ગયા છીએ. હવે અહીંથી રેલ્વે સ્ટેશન સુધી જવાનો રસ્તો કોઈને પૂછવો પડશે !'

'કોઈને પૂછવાની જરૂર નથી. તું રેલ્વે સ્ટેશને પહોંચવાના સંકલ્પ સાથે ગાડી ચલાવ, ગાડી રેલ્વે સ્ટેશન પહોંચી જશે.'

પુરણપુરીજીની સૂચના અનુસાર ડ્રાઈવરે ગાડી દોડાવી અને થોડા જ સમયમાં અમે રેલ્વે સ્ટેશન પહોંચી ગયા. પુરણપુરીજીએ માનસિક આંદોલન દ્વારા ડ્રાઈવરને પ્રેરણા આપી રસ્તાનું માર્ગદર્શન આપ્યે રાખેલું, એ વાત હું સમજી ગયેલો.

ટ્રેઈન આવતા ડ્રાઈવરે કૂલીની મદદથી સામાન ગોઠવી દીધો. અમારી સીટ પર બેસી નિરાંતનો શ્વાસ લીધો. હસતા ચહેરે પુરણપુરીજી બોલ્યા,

'થોડું રાત્રિભોજન કરી આરામ કરો. પછી વહેલું આવે હરિદ્વાર !' ને અમે હસી પડ્યા.

ડ્રાઈવરને વિદાય આપી ત્યાં જ ટ્રેઈને વ્હીસલ મારી અને ગાડી હરિદ્વાર તરફ ધીમે ધીમે ખસતી દોડવા લાગી.



20

"હું આનંતાનંદનો 'આત્મા' " સ્વરૂપાનંદનું તટસ્થ બનીને, ટ્રેઈન દ્વારા હરિદ્વાર તરફના પ્રવાસ દરમિયાન વિચારી રહ્યો હતો અર્થાત્ નિરીક્ષણ કરી રહ્યો હતો.'

વડોદરા આવતા પુરણપુરીજીએ સ્વરૂપાનંદને કહેલું કે હવે તમારો 'રૂટ' બદલાય છે. અર્થાત્ સ્વરૂપાનંદનો દેહ હવે હરિદ્વારમાં બધી જ ક્રિયાઓ કરશે, પરંતુ તેના નિરીક્ષણનું કાર્ય તેના દેહમાં સ્થિત અનંતાનંદનો જાગૃત આત્મા કરશે. તદ્અનુસાર 'હું અનંતાનંદનો આત્મા' સ્વરૂપાનંદના માનસિક અને શારીરિક વર્તન અને વિચારોનું નિરીક્ષણ કરી રહ્યો હતો.

હરિદ્વાર તરફની મુસાફરી દરમિયાન પુરણપુરીજી દિન-રાત ધ્યાનાવસ્થામાં જ હતા; એમ છતાં તેઓ સ્વરૂપાનંદના જાગતા કે સૂતા પ્રત્યેક હલનચલન કે વિચારોને જાણી લઈ, તેને જરૂરી સૂચનો કર્યા કરતા હતા !

ટ્રેઈન ક્વોટાથી ઊપડી દિલ્હી તરફ દોડી રહી હતી. સ્વરૂપે ઊંઘમાં પડખું બદલ્યું. લાગતું હતું કે તે કદાચ જાગી રહ્યો છે. પુરણપુરીજીએ તેના મસ્તક પર હાથ ફેરવી કહ્યું,

'હરિદ્વાર હવે આવી જ રહ્યું છે; દૈહિક સ્વપ્ન જોવાનું હવે બંધ કરો !' કહી તેઓ પુનઃ ધ્યાનસ્થ બનીને બેસી રહ્યા. સ્વરૂપ પણ, તેની સજ્જડ બિડાયેલી આંખો અને મુખમુદ્રા જોતા લાગ્યું કે તે પણ હવે ગાઢ નિદ્રામાં પહોંચી ગયો છે.

સવારે દિલ્હી આવી જતા સ્વરૂપ જાગૃત થયો; થોડીવારે તે નિત્યકર્મથી પરવારી તે ટ્રેઈનની નીચે ઊતર્યો, તો એક સાધુને તેની પાસેથી પસાર થતા તે ચમકી ગયો. તને લાગ્યું કે આ સાધુને તેણે કદાચ સાવ નજીકથી ક્યાંક જોયો છે. થોડી વાર તે વિચારતો રહ્યો. અચાનક તેને કશુંક યાદ આવ્યું અને તેણે ઝડપથી પગ ઉપાડ્યા ને

થોડી જ વારમાં તે સાધુની લગોલગ પહોંચી ગયો; ટ્રેઈન ઉપડવાની વ્હીસલ વાગી છતાં તેણે સેકન્ડક્લાસ કોચમાં બેસવા જતા તે સાધુનો હાથ પકડીને કહ્યું,

'વિષ્ણુશર્માજી ! આપ સાધુ !'

સ્વરૂપ વાક્ય પૂરું કરે તે પહેલાં જ સાધુએ ઝટકો મારીને તેનો હાથ છોડાવી દીધો ને ઝડપથી ટ્રેઈનમાં ચડી ગયો.

માંડ માંડ સ્વરૂપ ચાલુ ટ્રેઈને પોતાના એ.સી. કોચમાં ચડી શક્યો. સીટ પર બેસતા તેણે પુરણપુરીજી સામે જોયું. તો તે હસી રહ્યા હતા. હસીને બોલ્યા,

'એવું તો હવે ઘણું ઘણું જોવા મળશે. આ સંસાર અને તેના જડ-ચેતન પદાર્થો, મનુષ્યો બધું જ પરિવર્તન પામ્યા કરે છે !'

'પરંતુ આ વિષ્ણુશર્મામાં આવું પરિવર્તન કેવી રીતે આવી શકે ? જેણે જિંદગીભર કેટલાયને ફાંસીની સજા કરી છે.' આગળ ખુલાસો કરતાં સ્વરૂપે કહ્યું, 'આ એ જ ન્યાયાધીશ છે. જેણે મારા નાનાભાઈ મયૂરને ફાંસીની સજા કરી હતી.'

'આનું જ નામ પરિવર્તન. તેના આ જન્મના કર્મોનું જ એ પ્રાયશ્ચિત કરી રહ્યો છે. ઈશ્વરની તેના પર કૃપા થઈ હશે. જેથી તેને પોતાના પાપો કે ભૂલોનું ભાન થતાં સાધુ બની ઈશ્વર આરાધના કરી પાપોમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ સૂઝ્યો છે.'

'હા, મયૂરની બાબતમાં તેણે ન્યાયને બદલે અન્યાય જ કર્યો છે. કમ સે કમ તે ફાંસીની સજાને બદલે હળવી સજા આપી શક્યો હોત !'

તે થોડા રોષ અને દુઃખ સાથે બોલી ગયો. પુરણપુરીજીએ તેને શાંત પાડવા તેની પીઠ પર હાથ મૂકીને કહ્યું,

'હવે જે થવાનું હતું તે થઈ ગયું; પછી તેનો વિચાર કર્યા કરવો તે તમારા માટે યોગ્ય નથી.'

પછી ઉમેરતાં કહ્યું, 'બધું જ પૂર્વજન્મનાં કર્માનુસાર જ બને છે. કુદરત ન્યાય કરવા જ મનુષ્ય પાસે અન્યાય કરાવે છે; છેવટે તો ફાંસીની સજા પામનાર પણ તે જ છે. ફાંસી અપાવનાર પણ તે જ છે, ફાંસીગર પણ તે જ છે, તેની પાછળ રુદન કરનાર સ્વજન પણ તે જ છે. ન્યાયાધીશના રૂપમાં જ તે છે અને ગુનેગારના રૂપમાં પણ તે જ નારાયણ છે. જે હતું તે પણ બરાબર હતું; હાલ જે છે, તે પણ બરાબર છે !'

પુરણપુરીજીની વાત સાંભળી તે વિચારમાં પડી ગયો. આ તે કેવી વિટંબણા ! જીવનમાં કેવી કેવી પરિસ્થિતિમાંથી પસાર થયો, કેવું પરિવર્તન આવી ગયું. વકીલ બન્યો, આશાદેવી સાથે લગ્ન પણ કર્યાં. સંસારથી નિર્લેપ, છતાં સંસારમાં બંધાઈ ગયો. સંસારમાંથી ભાગ્યો પણ ખરો અને પુનઃ પણ જડ અને સૂક્ષ્મશરીર સાથે પાછો ફરી રહ્યો છું. ખબર નથી, આગળ શું થશે !

તેણે હાથ કપાળ પર મૂક્યો. તેના વિચારમાં પલટો આવતાં તેણે બધાં જ સાંસારિક પાત્રો વિષે વિચારવાનું શરૂ કર્યું. આશા શું કરતી હશે, તે મને યાદ કરતી હશે. મારા વિરહથી દુઃખી થતી હશે કે મને ધિક્કારતી હશે. હું હવે તેને કઈ રીતે પુનઃ મળીશ. શું બોલીને તેને આશ્વાસન આપીશ. તેને આશ્વાસનની જરૂર હશે ? કદાચ ન પણ હોય, કારણ કે કોઈ ખામી તેને સંસારનાં સુખ ભોગવવા આડે આવી નહિ હોય. સિવાય કે મારી ગેરહાજરી ! હવે તો કદાચ એ મને ભૂલી ગઈ હશે.

'પુનઃ સ્વરૂપે માથું ધુણાવતા વિચાર્યું.' પરંતુ મારે આવા વિચારો શા માટે કરવા જોઈએ ? તેની ગમે તેવી ભાવના મારા પ્રત્યે હોય; મારે તો હવે તેની ભાવનાઓ સાથે શું સંબંધ ? મારે તો બસ, મારું કાર્ય પૂર્ણ કરી પરત થવાનું છે !' વિચારનો તેનો દોર લંબાયો.

'નાના ! મારું જ કાર્ય નહિ. અનંતાનંદનું પણ ખરું ને ! ના ના એ તો યુગો પહેલાંની વાત થઈ; મારા તો આ જન્મમાં જ આશા સાથે લગ્ન થયા છે, પરંતુ હું આશા પ્રત્યેનું મારું ઉત્તરદાયિત્વ હવે કેવી રીતે પૂર્ણ કરીશ ?' ત્યાં જ અંદરથી કોઈએ હલબલાવ્યો હોય તેમ તે ચમકી જઈ વિચારી રહ્યો. અરે, મૂર્ખ ! તારે તો માતા-પિતાનું ક્રિયા-કર્મ કરીને ઋણમુક્ત થવાનું છે. એ માટે જ તો આ બધું કૌભાંડ રચવામાં આવ્યું છે; અને આશાદેવીનાં વૈરાગ્યને વધુ પ્રદીપ કરવા તારે તેને માતા તરીકે ઉપદેશ આપી મોક્ષગતિએ પહોંચાડવાની છે. તારી જ સાથે ! આ બધું કાર્ય તારે 'દીપશિખાની જેમ અચલ બનીને કરવાનું છે. તારે એ ભૂલવાનું નથી કે તું એક જીવનમુક્ત આત્મા છે.'

વિચારને અટકાવી સ્વરૂપ થોડી વાર ધ્યાનસ્થ બની રહ્યો. ધ્યાનમાંથી જાગૃત થયો તો તેના બધા વિચારો મગજમાંથી ઝટકા સાથે ખંખેરાઈ ગયા હતા. મનમાં બોલ્યો પણ ખરો, 'હવે મારે કાલિન્દી વિગેરેને શા માટે યાદ કરવા. જે થશે તે સમયે સમયે જોયું જશે.

ચંદા બહેને ગૃહત્યાગ વખતે કહેલા શબ્દો તેને યાદ આવ્યા. તારે ગૃહત્યાગ પછી જીવનમુક્ત બની પુનઃ અહીં આવવાનું થશે, સમય ઓછો છે; બધી વ્યવસ્થા અત્યારથી જ થઈ ચૂકી છે. તારે ચિંતા કરવાની જરૂરત નથી. તે મનોમન ચંદાને વંદન કરી રહ્યો; કેટલું પૂર્વઆયોજન કેટલી ભવ્ય અગમચેતી, ટૂંકાગાળામાં જીવનમુક્ત બનવું; અને ઋણમુક્ત થવા પુનઃ કઈ રીતે આવવું. બધું જ યોજનાબદ્ધ થયું અને હવે પણ તે મુજબ જ થશે. માનસિક સંતોષ અનુભવતો તે નિદ્રામાં સરકી પડ્યો, જેનો તેને ખ્યાલ પણ ન રહ્યો.'

જ્યારે સ્વરૂપે આંખો ખોલી ત્યારે હરિદ્વાર આવી ગયું હતું. તે આળસ મરડી મનોમન બોલ્યો, 'ઓહ હરિદ્વાર આવી ગયું તેનો પણ મને ઊંઘમાં ખ્યાલ ન રહ્યો. આંખો

ચોળી તેણે પુરણપુરીજી સામે જોયું. તો પડદો ખસેડી તે બારી બહાર જોઈ રહ્યા હતા; સ્વરૂપના જાગૃત થવાના ખ્યાલ આવતા તેણે દષ્ટિ ખસેડી તેના સામું જોઈ હસીને કહ્યું,

'આપણે જે વ્યક્તિ વિષે વિચાર કરતા હોઈએ, તે વ્યક્તિ જ આપણને ક્યારેક સામી આવીને મળી જાય.'

ને ગર્ભિત રીતે હસતા પુરણપુરીજી મૌન બની ગયા. હરિદ્વારનું રેલ્વેસ્ટેશન આવી જતાં ટ્રેઈન પ્લેટફોર્મ પર આવી અટકી. પુરણપુરીજીની પાછળ પાછળ ઊતરી સ્વરૂપે ચારે તરફ દષ્ટિ ઘુમાવી. તો તે નવાઈ પામી ગયો. 'હરિદ્વાર'નું બોર્ડ તેના વાંચવામાં ન આવ્યું હોત તો તેને લાગત કે આ હરિદ્વારનું રેલ્વે સ્ટેશન જ નથી. કેટલા ફેરફાર થઈ ગયા છે. પુરણપુરીજીની વાત તેને સત્ય લાગી. 'સંસાર પરિવર્તનશીલ છે.' સામાન્ય લાગતું હતું તે રેલ્વે સ્ટેશન તેણે ઘણાં વર્ષો પછી જોયું, હવે તે કેટલું ભવ્ય લાગી રહ્યું છે. બહાર નીકળતા યાત્રાળુઓની ભીડ પહેલાં કરતાં વધી ગયેલી તેને લાગી; પરંતુ તે કરતાં પણ રિક્ષા, મોટર, ટ્રાવેલ્સની બસો જોઈને તો તે આભો જ બની ગયો. ચારે તરફ ઘોંઘાટ અને ધમાલ જોઈ તેને જંગલ અને ગુફાઓની જિંદગી યાદ આવી ગઈ. કેટલી શાંતિ છે, ત્યાં !

આગળ વધતા એ વિચારતો સ્વરૂપ બેધ્યાન બનીને ચારે તરફ જોતો ચાલી રહ્યો હતો. એ કોઈના ધક્કાથી સભાન બની ગયો, પુરણપુરીજી પાછળ તે જઈ રહ્યો હતો ત્યાં તેના કાને કોઈ પરિચિત અવાજ, તેનું જ નામ દઈને મોટા સ્વરમાં સંભળાયો, 'સ્વરૂપ અહીં, અહીં આવ !'

તેણે આશ્ચર્યથી તે દિશામાં દષ્ટિ કરી તો તે નવાઈ પામતો ઊભો રહી ગયો. સામે એક આધેડવયની સ્વરૂપવાન સ્ત્રી, જે નવીનકોર સેવરોલ ગાડી પાસે ઊભી તેને નામ સાથે બોલાવતી અને હાથ હલાવતી નજીક આવવા બોલાવી રહી હતી. નવાઈ સાથે તે આધેડ સ્ત્રીને જોઈ રહ્યો હતો, ત્યાં જ પુરણપુરીજીએ તેને તે તરફ દોરવા માંડ્યો. બન્ને ગાડીની સાવ નજીક આવતા, ગાડીનો દરવાજો ખોલી તે બન્ને સામે જોઈ હસતા બોલી.

'કેમ છે, સ્વરૂપ ? આવી ગયો ?'

અવાજ સાંભળી તેના મગજમાં લાઈટ થઈ. આશ્ચર્યથી બોલી ઊઠ્યો,

'અરે કાલિન્દી તું ! અહીં અચાનક ?'

'હા, સ્વરૂપ ! હું તને રિસીવ કરવા આવી છું. તમે વડોદરાથી રવાના થયા તેના પૂર્વે જ પુરણપુરીજીનો માનસિક સંદેશો ચંદાબહેનને મળી ચૂક્યો હતો. ચંદાએ મને, તને ઘરે પહોંચાડવાનું અને બધી વ્યવસ્થા કરવાનું કામ સોંપ્યું હતું.'

'પરંતુ, ચંદાબેન ક્યાં છે ? ને !'

26

'અને આશાને ! એ તેની શિબિરનું કાર્ય પૂર્ણ કરવામાં વ્યવસ્ત છે, હાલ તે ગંગોત્રી છે. ચંદા પણ કામમાં અતિ વ્યસ્ત છે; એટલે તેઓ તમને લેવા આવી શકી નથી, પરંતુ હું છું ને ! તારી બધી વ્યવસ્થા કરવાનું મારા શિરે છે. બધું થઈ રહેશે. ચાલ ગાડીમાં બેસી જા; આપણે પુરણપુરીજીને પ્રથમ તેમના નિયત નિવાસસ્થાને છોડીને આગળ જઈશું.'

હરકીપૈઢિના પશ્ચિમઘાટ નજીક આવેલ 'અલ્કા હૉટલ'ની પાસે ગાડી ઊભી રહી. તેની સાવ નજીક જ 'ગુરુદત્ત આશ્રમમાં' રવિપુરીજીનું આસન અર્થાત્ અખાડો હતો. નાગાબાવાનો આ આશ્રમ તેને પરિચિત લાગતા આનંદ થયો. રવિપુરીજી, પુરણપુરીજીના ગુરુભાઈ હતા. સગવડતાવાળા એક અલાયદા કમરામાં પુરણપુરીજીને આસન આપવામાં આવેલું. તેઓ અહીં જ રોકાઈ રહેવાના હતા, તેની તેને ખબર હતી.

રવિપુરીજી તથા પુરણપુરીજીને પ્રણામ કરી, કાલિન્દી સાથે તે જવા તૈયાર થયો; નીકળતા પુરણપુરીજીએ તેની પીઠ પર હાથ મૂકી કહ્યું,

'કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી હું અહીં જ છું; અવારનવાર આપણે મળતા રહીશું. મેં ચંદા તથા આશાદેવીને માનસિક સંદેશા મોકલી દીધા છે. તમારે હાલ તમારા ઘરે એક કે બે દિવસ એકલા જ રહેવાનું થશે; જો કે ચંદા તમને મળશે, કદાચ હું પણ સાથે હોઈશ. તમારે બે દિવસ દરમિયાન જરૂરી વ્યાવહારિક કાર્યો તથા મિલકતના દસ્તાવેજો, બૅન્ક્સ બેલેન્સની વ્યવસ્થા વિગેરે કાર્યો જોઈ જવાના અને મુક્ત મને ચિંતારહિત થઈને ઘૂમવાનું. બધી જ રીતનું આયોજન તથા તે મુજબની બધી જ વ્યવસ્થા ચંદાએ કરી રાખી છે. તમે વિવેકપુરઃસર બધું કાર્ય આટોપીને પરત ફરી શકશો. તેમાં કોઈ શંકા રાખશો નહિ. યોગ્ય સમયે અને જરૂર જણાયે હું ઉપસ્થિત થઈ જઈશ; અન્ય બાબતોમાં કેમ વર્તન કરી, શું કાર્ય કરવું તેનો નિશ્ચય તમે સ્વયં કરી શકશો !'

હળવાફૂલ હૈયે સ્વરૂપ કાલિન્દી સાથે પોતાના નિવાસસ્થાને જવા નીકળ્યો. નિવાસસ્થાન આવી જતાં તે નીચે ઊતર્યો તો સ્તબ્ધ રહી ગયો. પ્રાંગણમાં સુંદર ઊંચા વૃક્ષો વડે બંગલો શોભી રહ્યો હતો. મહેકતી મહેંદીના છોડ તથા અન્ય રંગબેરંગી ફૂલોના છોડ વાતાવરણને કુદરતી સૌંદર્યથી મંડિત કરી, મીઠી સોડમથી મહેકાવી રહ્યું હતું.

તે વિચારી રહ્યો, 'ઓહ... આટલું સુંદર વાતાવરણ કોણે ઊભું કર્યું હશે. ચંદાએ કે આશાએ ! તેણે ચાલતા ચાલતા જ બગીચામાં દૃષ્ટિ ઘુમાવી. ક્યારા ભીના હતા. લાગતું હતું કે હાલમાં જ કોઈએ વૃક્ષોને સિંચન કર્યું હશે. તે પોતાના જ પ્રાંગણમાં અજાણ્યા આગંતુકની જેમ ઊભો રહ્યો, ત્યાં જ કાલિન્દીએ તેનો ખભો પકડી હલાવતા કહ્યું, 'આમ ખચકાઈને શું ઊભો રહ્યો છે ? જો, બે દિવસ તારે એકલાએ જ રહેવું પડશે. તારા માટે ભોજનનો પ્રબંધ પણ થઈ ગયો છે, તું અંદર જઈ આરામ કર. મારે અન્નક્ષેત્રનું થોડું કામ છે, તે જઈ રહી છું.'

'પરંતુ ! તું જઈ રહી છો ! અહીં હું આ ઉજ્જડ ઘરમાં એકલો !'

'ઘર ઉજ્જડ નથી, હતું તેવું ને તેવું વ્યવસ્થિત છે.'

પછી હસીને કાલિન્દીએ ઉમેરતા કહ્યું, 'આટલા વરસ ઉજ્જડ અર્થાત્ શાંત જંગલ અને ગુફામાં રહ્યો છે. તું નીરવતાથી ટેવાઈ ગયો છે. જંગલનું એકાંત માણ્યું, હવે ઘરમાં બેસી સાંસારિક એકાંતનો પણ તું અનુભવ કરી લે !' ને તે સ્વરૂપને એકલો છોડી કાર હંકારી ગઈ.

કાલિન્દીના જતા રહેતા સ્વરૂપ વિચારી રહ્યો. એક દિવસ હતો કે કાલિન્દી મારા વગર રહી શકતી ન હતી. આજે એ જ કાલિન્દી મને એકલો છોડીને જતી રહી. મારી સાથ વાત પણ કરી નહિ. કદાચ પહેલાંના મારા નિર્લેપ વર્તનનું વેર વાળી રહી હશે. હું તેના પ્રેમન સમજી શક્યો નહોતો. કદાચ તેનો જ આ પ્રતિરોધ હશે. જે હોય તે, મારે તો મારી નિર્લેપતા ટકાવી રાખીને જ બધું કાર્ય પૂર્ણ કરવાનું છે. છેવટે હું સ્વરૂપાનંદ 'જીવનમુક્ત' આત્મા છું; મારે તો જીવન-મરણના ચક્કરમાંથી મુક્ત થવાનું છે. આવી ક્ષુલ્લક બાબતોને મારે લક્ષમાં લેવાની ન હોય.

કદાચ આશાનું વર્તન પણ પ્રતિકૂળ રહેશે. તો પણ મારે.' તેની વિચારધારા અટકી ગઈ અથવા અટકાવીને તે ઘરના મુખ્ય દરવાજામાં થઈને દીવાનખાનામાં પહોંચ્યો. બધું જ પહેલાંની જેમ જ વ્યવસ્થિત હતું. એનો અર્થ એ થયો કે દીવાનખંડનો વપરાશ થઈ રહ્યો છે. રોજબરોજની જેમ, નહિ તો કમરો આટલો વ્યવસ્થિત અને સ્વચ્છ ન હોઈ શકે, પરંતુ ચંદા કે આશા બેમાંથી કોઈ અહીં રહેતું નથી, તો પછી ! જે હોય તે ! સ્વરૂપે બીજા રૂમમાં હળવે પગે પ્રવેશ કર્યો. તો સામે જ તેની પહેલાંની મૂળ જગ્યાએ જ સુંદર સમજાવટવાળું, રિવૉલ્વિંગ ચેર સાથેનું, પોતે વાપરતો હતો તે જ ટેબલ પડેલું હતું. પહેલાંની જેમ જ ટેબલ પાસેની ભીંત પર પોતાનો ફોટો ટિંગાઈ રહ્યો હતો; અને તેની બાજુમાં જ જરા નીચે આશાનો હસતા મુખવાળો ફોટો હતો. ધીરગંભીર છતાં હસતા આશાના ફોટાને તે નિર્વિકાર ભાવે જોઈ રહ્યો હતો ત્યાં જ તેની નજર પેપરવેઈટ નીચે દબાવેલા કાગળ પર પડી. કુતૂહલવશ તેણે કાગળની ઘડી ઉકેલીને વાંચવા માંડ્યું. આશાના અક્ષરો હતા,

'પૂ. સ્વરૂપજી !

કુશળ હશો, હું પણ કુશળ જ છું. જો કે તે લખવાથી આપને કોઈ ફરક પડી શકે તેમ નથી; કારણ કે મારી કુશળતા કે અન્ય કોઈ ચિંતાનો ખ્યાલ તમને હોત તો, કદાચ... ખેર કોઈ અર્થ નથી હવે એવી વાતોનો. ગંગાકિનારે તરતા મૃતમાનવ દેહને જોઈને આપે મને આપેલ ઉપદેશ કે તમારી અંદર ઘૂમરાઈ રહેલા વિચારોથી હું હજુ પણ પ્રભાવિત છું. તે મુજબ દુઃખમય આ ક્ષણિક સંસારમાં આવતા-જતા ક્ષણિક દુઃખ અને સુખનું પણ કોઈ મૂલ્ય નથી. યુગોપર્યન્ત ચાલતા જન્મ-મરણને કારણે ઉદ્ભવતા અનેક પ્રકારના

જુદા જુદા સંબંધોનું પણ શું મૂલ્ય આંકવું ! જુદા જુદા જન્મો જુદા જુદા સંબંધો, ક્યારેક ભાઈ-બહેન, ક્યારેક માતા-પુત્ર અથવા પતિ-પત્ની તરીકે બંધાતા જવાનું, તો પછી આ જન્મમાં આપણા પતિ-પત્નીના સંબંધનું પણ શું મૂલ્ય ! બસ મળ્યા અને છુટા પડ્યા.

પુનઃ એ જ સ્વરૂપમાં ક્યારે મળવાનું થાય તે કોઈ જાણતું નથી. અતઃ મને હવે કોઈ અફસોસ કે અભાવ, તમારા જતા રહેવાથી રહ્યો નથી. અંતરમાં તમારા પ્રત્યે કોઈ રોષ પણ નથી; ઊલટું આપનો આભાર માનવાની ઇચ્છા થાય છે. આજે મારા જેવી હજારો ત્યક્તાઓના હું આશીષ મેળવી રહી છું. અનેક મારા જેવી ત્યક્તાઓને મારા આશ્રમોમાં આશરો આપી, તેને ભણાવી સ્વનિર્ભર બનાવી રહી છું. આ મારાથી ન બની શક્યું હોત, જો આપે મારો ત્યાગ કરી, વૈરાગ્યનો અંચળો ઓઢી, માત્ર પોતાના જ મોક્ષનો વિચાર કરી, મારો અને માતા-પિતા સહિત સમગ્ર પરિવારનો ત્યાગ કરી. રાત્રિનો અંધકાર ઓઢીને જો ગૃહત્યાગ ન કર્યો હોત !

તો આજે હું માતા તરીકે અનેક સ્ત્રીઓમાં પૂજાઈ રહી છું, આદર અને પ્રેમ મેળવી રહી છું, તે ન મેળવી શકી હોત ! જો તમે વૈરાગ્યના નશામાં, હું તેને નશો જ માની રહી છું. મોક્ષમાર્ગ તરફ પ્રયાણ ન કર્યું હોત તો, હું એક પતિવૃતા નારી તરીકે માત્ર પતિની જ સેવા કરતી દાસી બનીને જ રહી ગઈ હોત. તે એટલા માટે જ હું તમારો આભાર માની રહી છું. ખાસ તો તમારો એ ઉપદેશ ન મળ્યો હોત, તો હું સંસારની ક્ષણભંગુરતાને સમજી શકી ન હોત. સાથે સાથે ચંદાબહેનની પ્રેરણા અને સહાય વડે આજે મને લાગે છે કે, હું સાંસારિક દૃષ્ટિએ ખૂબ ઊંચી ઊંચાઈ પ્રાપ્ત કરી શકી છું અને છતાંય મને લાગે છે કે, હજુ પણ કાંઈક ખૂટે છે. શું ખૂટે છે તેની મને ખબર નથી, પરંતુ મને લાગે છે કે આ અંતિમ ધ્યેય નથી, અંતિમ ધ્યેય તો કાંઈક જુદું જ હોવું જોઈએ. મનુષ્યના અંતિમ ધ્યેય વિષે ગંગાકિનારે તમે વિવેચન કરેલું, પરંતુ અત્યારે તે મને યાદ નથી. ભૂલી જ ગઈ છું. જાણતી નથી તેથી જ હજુ પણ અસંતોષપણું મહેસૂસ કરી રહી છું.

પુનઃ તમારો ઉપદેશ સાંભળવા ઉત્સુક છું. ક્યારે અને ક્યાં મળીશું તે કહી શકતી નથી. કદાચ એ પણ ચંદાબહેન નક્કી કરી આપશે. આપણે મળશું, પરંતુ ભૂતકાળને ભૂલીને. જ્યારે આટલા વર્ષે, ચાર ફેરા ફર્યા સિવાય અન્ય બીજો અર્થાત્ પતિ-પત્ની તરીકેનો કોઈ સંબંધ થયો ન હતો. આપણે દામ્પત્યજીવન માણ્યું જ નથી. તેથી તો હવે લાગણીના તંતુઓથી બાંધે એવા કોઈ ભાવો હવે મને જાગતા નથી. પહેલાં અને આટલા વર્ષ પછી સાંસારિક સુખ માણવાની સ્પૃહા મારામાંથી સદંતર લુપ્ત થઈ ગઈ છે, એટલે હવે આપણે મિત્રો તરીકે, ભાઈ-બહેન કે આધ્યાત્મિક દૃષ્ટિએ માતા-પુત્ર તરીકે મળીએ તો પણ મને તેમાં અક્ષમ્ય અપરાધ લાગતો નથી.

તમારા અને મારા માર્ગો જુદી દિશામાં ફંટાઈ ગયા છે ત્યારે એ માર્ગો પુનઃ કોઈ જગ્યાએ ભેગા થાય. તે વિચાર શક્ય નથી લાગતો. તમારું કાર્ય પૂર્ણ થયા પછી તમે પુનઃ પરત થશો, મોક્ષમાર્ગે તેમાં મીનમેખ નથી. ઇચ્છું છું કે, મારો પણ એ માર્ગ બને; પરંતુ એ માર્ગે જવા આજે હું સક્ષમ નથી. જાણે દૂરથી મને એ માર્ગ અસ્પષ્ટ રીતે નજર આવી રહ્યો છે; પરંતુ ત્યાં સુધી પહોંચવું કઈ રીતે તેનું મને 'જ્ઞાન' નથી.'

હું જાણું છું, અલખની આરાધના દ્વારા મોક્ષ મેળવવાનો તમારો નિર્ણય યોગ્ય હતો અને એ માર્ગ દુઃસહ અર્થાત્ અઘરો હોવાથી સમય લાગે તેમ હતું અને તમારી પાસે એ દૃષ્ટિએ સમય ઓછો હતો, તેથી સંસાર છોડી ભાગવું તમારા માટે અનિવાર્ય હતું. એ બધું મને ચંદાબહેને સમજાવ્યું છે; એટલે હવે તમારા તરફ મને કોઈ પણ પ્રકારની દોષદૃષ્ટિ રહી નથી. આપણે પતિ-પત્ની તરીકે ક્યારેય રહીને સાંસારિક સુખ માણી શકીએ તેમ નથી. એ જાણ્યા પછી મેં મારી બધી જ ઊર્મિઓ અને ભાવનાઓ ઊર્ધ્વગામી બનાવી દીધી છે. જો કે ચંદાબેનની પ્રેરણાએ તેમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ટૂંકમાં, હવે મને કોઈ પ્રકારની સ્પૃહા રહી નથી. તેથી મને પણ તમારી જેમ મોક્ષમાર્ગે વિચરવાની તીવ્ર ઇચ્છા જાગી રહી છે.

'ખેર, હવે જરૂરી વાત તમે ટેબલનું ખાનું ખોલજો, એટલે તેમાં ઘણું સાહિત્ય જોવા મળશે. જે તમને જરૂરી કાર્ય પૂર્ણ કરવા મદદરૂપ થશે.'

આશા...

નીચે તા.ક. કરીને અંતમાં લખ્યું હતું : 'તમારી આશા...' એવું હવે કયા સંબંધે લખવું, તેનો નિર્ણય કરી શકી નથી. તો ક્ષમા કરજો.'

તારીખ એક માસ પહેલાંની હતી. તેથી સ્વરૂપને ખ્યાલ આવી ગયો કે આશા બધું પહેલેથી જ જાણે છે.

પત્ર વાંચી સ્વરૂપ ક્યાંય સુધી સ્થિર ઊભો રહ્યો. અંતરના ઊંડાણમાંથી ઉદ્ભવેલા નિઃશ્વાસને રોકી તે મનોમન બોલ્યો,

'હવે જે થાય તે, જે હોય તે. હવે આ સંબંધને વિચારવાનો કોઈ અર્થ નથી. સમય પણ નથી. માતા-પિતાનું ક્રિયાકર્મ કરીને તેના પ્રત્યેનું ઉત્તરદાયિત્વ પૂર્ણ કરવું જ જરૂરી છે. વળી આશાની મોક્ષ માટેની આકાંક્ષાને, કપિલ મુનિની જેમ માતા સમજીને જ્ઞાન પ્રદાન કરી, તેના પ્રત્યેનું ઉત્તરદાયિત્વ પણ પૂર્ણ કરવું જરૂરી છે.'

વિચારોને શાંત કરી તેણે મેજનું ખાનું ખોલ્યું. પ્રથમ જે ફાઈલ હાથમાં આવી તેમાં મિલકતોનું લિસ્ટ અને અંદાજી કિંમત કોમ્પ્યુટર ટાઈપ કરી દર્શાવી હતી. જે એક કરોડ અને પાંસઠ હજારની હતી. આવડી મોટી કિંમત જોઈને તે નવાઈ પામી ગયો. મિલકતના લિસ્ટને બાજુ પર ફેંકી તેણે બીજી ફાઈલ ઉપાડી, તો તેમાં ચાર વિવિધ બેન્કોની

પાસબુક્સ હતી. એક જુદા કાગળમાં પ્રત્યેક બેન્કની બેલેન્સ દર્શાવી હતી, જે પચાસ લાખની હતી. આવડી મોટી રકમ અને તે પણ પોતાના નામ પર જોઈ તે નવાઈ પામી ગયો. નવાઈ તો એ વાતની હતી કે આટલી મોટી રકમનો વહીવટ પોતાની સહીથી જ થયો હતો. તે સમજી ગયો ચંદા સિવાય આવું વ્યવસ્થિત કાર્ય પોતાની ગેરાહજરીમાં અન્ય કોઈ કરી જ ન શકે.

પરંતુ સ્વરૂપને આ બધું નિરર્થક લાગ્યું. તેને આ બધા કાગળો ફાડીને સળગાવી દેવાનું મન થયું. તેણે બધા કાગળો હાથમાં પણ લીધા, પરંતુ તે વિચારનો અમલ ન કરી શક્યો; થયું કે ચંદાબહેને કોઈ યોજના વિચારીને જ આ બધું જાળવી રાખ્યું હશે. તેને પૂછ્યા વગર આવું પગલું ન જ લઈ શકાય. તેણે બધા કાગળો હતા તેમ મૂકી ખાનું ધક્કો મારીને બંધ કર્યું.

તે બા-બાપુજીના ઓરડા તરફ આગળ વધ્યો. ડોકિયું કરીને જોયું તો પહેલાંના જેવી જ સ્વચ્છ પથારી બે પલંગ પર તેણે જોઈ. ફક્ત બા-બાપુજીની જ ગેરાહાજરી વર્તાઈ રહી હતી. ઓરડાની દરેક વસ્તુઓ પહેલાંની જેમ જ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી હતી. લાગતું હતું કે, બા-બાપુજી હજુ પણ આ કમરાનો નિત્યનિયમ મુજબ ઉપયોગ કરી રહ્યા છે.

તે રૂમમાંથી બહાર આવી સ્વરૂપે બાજુમાં જ રહેલ પૂજાઘર તરફ જવા પગ ઉપાડ્યા. તો અચાનક અને અનાયાસ તેની દૃષ્ટિ પશ્ચિમ તરફના ખૂણા તરફ રહેલ રસોઈઘર તરફ ગઈ. બેખબર તેના પગ તે તરફ વળી ગયા તો દૃશ્ય જોઈ તે નવાઈ પામી ગયો. અર્ધખુલ્લા રસોઈઘરમાંથી વાસણો ખખડવાનો અવાજ આવી રહ્યો હતો. તે સમજી ગયો કે, આ વિશાળ ઘરમાં પોતે એકલો નથી. ચંદાબેન કે આશા સિવાય કોઈ ત્રીજું પણ અંદર છે. તેણે હળવો હડસેલો મારી દરવાજાને પૂરેપૂરો ખોલી નાખ્યો. તો કોઈ યુવાન સ્ત્રી એકાગ્રતાપૂર્વક રસોઈ બનાવતી તેની નજરે પડી. સ્વરૂપે ખોખારો ખાઈ તે યુવતીનું ધ્યાન પોતા તરફ દોર્યું. દૃષ્ટિ પડતાં જ યુવતી આનંદથી હસી પડી, ઉમળકા સાથે બોલી,

'ઓહ, સ્વરૂપભૈયા ! તમે ક્યારે આવી ગયા ? મને તો ખબર પણ ન પડી.'

સ્વરૂપ તેનો નમણો નિર્દોષ ચહેરો તથા શુભ્ર દંતપંક્તિને જોઈ રહ્યો. તે કશું પૂછે તે પહેલાં છોકરી જેવી લાગતી તે યુવતી હસતા મુખે પુનઃ બોલી,

'મને ઓળખી સ્વરૂપભૈયા ? હું કજરી છું, હું નાની હતી ત્યારે મારી મા સાથે અહીં ઘરકામ કરવા આવતી. તમે મને જોઈ છે, મારી સાથે વાતો પણ કરી છે, પણ ઘણાં વર્ષો થઈ ગયાં એટલે તમે મને સાવ ભૂલી ગયાં છો. કારણ કે તે વખતે હું સાવ નાની હતી, હવે મોટી થઈ ગઈ છું. તમે ગયા પછી બા-બાપુજી મૃત્યુ પામ્યા,

મયૂરભાઈને !' તે આગળ ન બોલી શકી, તેની આંખોમાંથી આંસુ ખરી પડ્યા. ભારે હૈયે તે આગળ બોલી,

'ચંદાબહેને બધું વ્યવસ્થિત રીતે જાળવી રાખ્યું. આશાભાભીને પછી કશી ખોટ પડવા ન દીધી. આશાભાભી પણ સેવાના કામમાં લાગી ગયા. બધું થાળે પડી ગયું. આશાભાભી પણ આશ્રમોનું કામ પતાવી, ક્યારેક ક્યારેક અહીં આવી જાય, ચંદાબેન પણ દશ-પંદર કે મહિનેમાહે આવી જાય છે.'

સ્વરૂપને છોકરી બોલકી પણ મીઠા બોલી લાગી. તેણે ધીમેથી પૂછ્યું, 'તો શું અહીં કોઈ નથી રહેતું ? ઘરની ચાવી કોની પાસે રહે છે અને આટલી સરસ સફાઈ તું જ આવીને કરતી હશે.'

'ના ભાઈ ના ! ચંદાબેન કે આશાભાભી આવે ત્યારે મને ખબર મળતાં જ હું મળવા આવું છું. તેઓ એક સાથે આવતા નથી, પોતપોતાની અનુકૂળતા પ્રમાણે આવતા હોય છે. એકાદ-બે દિવસ રોકાઈને ફરીથી આશ્રમોમાં જતાં રહે છે. આજે સવારે જ ચંદાબેનનો સંદેશો મળતા તમારા માટે રસોઈ બનાવવા આવી છું.'

દૂધમાં ઊભરો આવતા તે ઝડપથી દોડી, ગેસ બંધ કરી, નજીક આવીને પુનઃ બોલી, 'ક્યારેક, ચંદાબેન હોય ત્યારે કાલિન્દીબેન પણ આવી જાય છે. બા-બાપુજી તથા તમારી છબીને ફૂલોના હાર ચડાવી જાય છે. કાલિન્દીબેન ખૂબ લાગણીવાળા છે. તમારો ફોટો જોઈ તે છાનામાના રડી પણ લે છે. તમારા જવાથી તેને ખૂબ જ દુઃખ થયું છે. કહેતા નથી, પણ હું બધું જાણું, માણસનાં મોઢાના હાવભાવ જોઈને હું બધું સમજી જાઉં એવી છું !' તે આગળ કશું બોલે તે પહેલાં સ્વરૂપે પૂજાઘર તરફ પગ ઉપાડ્યા. જોયું તો તેનું મન ભક્તિભાવથી ઊભરાઈ રહ્યું. ઠાકોરજીને સુંદર વાઘાથી શણગારી, રંગબેરંગી પુષ્પો ચડાવ્યા હતા. જેની મધુર સુગંધથી પૂજાઘરનું વાતાવરણ મહેકી રહ્યું હતું, ઘીનો દીવો જલી રહ્યો હતો તથા અગરબત્તીની સુગંધ પૂજાઘરમાં પ્રસરી રહી હતી. લાગતું હતું કે કોઈ હાલ જ પૂજા કરીને ઊભું થયેલ છે. પાછળ આવી ઊભેલી કજરીને તેણે પૂછ્યું,

'આજે ઠાકોરજીની પૂજા તે કરી એમ ને ?'

કજરી નકારમાં હાથ હલાવતી બોલી, 'પૂજા ! ના બાબા ના. આપણને પૂજા કરતા આવડે નહિ. આ તો ચંદાબહેન પંદરેક દિવસ પહેલાં આવેલા, તેણે જ પૂજા કરી હતી.'

'હોય નાહે !' સ્વરૂપે આશ્ચર્ય પામી કહ્યું, 'પંદર દિવસ પહેલાં ચડેલા પુષ્પો કરમાઈ ગયા હોય, દીપકમાંથી ઘી પૂર્ણ થઈ ગયું હોય અને આ જલતી અગરબત્તી સળગીને રાખ થઇ ગઈ હોય. તું જૂઠ્ઠું બોલી રહી છે !'

જો કે એ માત્ર બોલવા ખાતર જ બોલેલો, 'તેને ખ્યાલ આવી ગયેલો કે આ ચંદાબહેનની સિદ્ધિનો પ્રભાવ છે.'

'ચંદાબહેનની સાથે રહી હું જુઠ્ઠું બોલતા શીખી નથી !'

સ્વરૂપને તેના બોલેલા શબ્દોથી અફસોસ થયો, જ્યારે તે જાણતો જ હતો કે, ચંદા બધું જ કરી શકે. આખા ઘરને ચંદાએ 'મંત્રાભિભૂત' કરેલ છે. એટલે પુષ્પો પણ કરમાય નહિ, સંપૂર્ણ ઘર પણ નિરંતર સ્વચ્છ રહે. જાણે હમણાં જ કોઈએ ઘરની સફાઈ કરી પૂજા કરી હોય. તેણે કજરીના મસ્તક પર હાથ મૂકી કહ્યું,

'તું સાચું જ કહે છે બેટા. મેં તો અમસ્તુ જ કહેલું.' સાંભળી કજરીનું મુખ ખીલુંખીલું થઈ ઊઠ્યું.

'તો બસ, ચંદાબેન તો સાક્ષાત્ દેવીસ્વરૂપ છે. તે બધું જ કરી શકે, બધું જ જાણી શકે. જુઓ દીવામાંથી દિવેલ ક્યારેય ખૂટે જ નહિ, પણ...' કજરીનું ધ્યાન દિપક તરફ જતાં બોલી, 'જુઓ દીવામાંથી ઘી ઓછું થઈ ગયું છે. એનો અર્થ થયો કે હવે ચંદાબેન એકાદ-દિ'માં આવવાના છે. ત્યાં સુધી દીવો સળગતો રહેશે.'

'હા, બરાબર !' સ્વરૂપે સહમત થતા કહ્યું, 'બહેન આવતી કાલે જ આવી રહ્યા છે.'

'તો બસ ! હવે સ્વરૂપ ભૈયા જમવાનું તૈયાર છે. જમી લો, પછી મારે પણ નીકળવાનું છે. જમીને આરામ કરો, ત્યાં કદાચ ચંદાબેન આવે પણ ખરા. અથવા કાંઈ ને કાંઈ સંદેશો મોકલશે એ નક્કી વાત !'

કજરીએ ભોજનની થાળી તૈયાર કરી. એ જ વ્યવસ્થિત ડાઈનિંગ ટેબલ પર સ્વરૂપે ભોજન કર્યું. પછી પોતાના કમરામાં આવ્યો. મુખવાસની ડબી ત્યાં પડેલી જોઈ તેણે મુખવાસ લીધો, ચાવતા ચાવતા જ આડેપડખે થવા તેણે પથારીમાં લંબાવ્યું.

રસોડામાં બધું વ્યવસ્થિત કરી કજરીએ અંદર આવી કહ્યું, 'સ્વરૂપભૈયા હું જાઉં છું. કાંઈ જોતું કારવતું હોય તો કહો.'

'ના, ભલે તું જા, પણ તું જમી કે !'

'ના... હું જ્યાં કામ કરવા જાઉં છું, ત્યાં જ જમું છું. મારી ચિંતા કરશો નહિ !' ને તે ઝડપથી જતાં જતાં પુનઃ બોલી, 'તે સ્વરૂપભાઈ ! ઘર ઠાલું જ બંધ કરજો. આ ઘરને તાળા લાગતા નથી. તમે ગયા પછી આ ઘરને તાળા લગાવવામાં આવતા જ નથી.' કહી તે ઝડપથી દરવાજાની બહાર નીકળી ગઈ.

તંદ્રાવસ્થામાં આવી જવા છતાં સ્વરૂપને લાગતું હતું કે ઘરમાં તે એકલો નથી. છાયારૂપે ઘરનાં બધા જ હરીફરી રહ્યા છે અને ચંદા તો જાણે તેની પાસે જ બેઠી છે. તે તેનો અવાજ પણ સાંભળી રહ્યો છે. ચંદા જાણે તેને ધરપત આપી રહી છે, 'સ્વરૂપ ! ચિંતા કરીશ નહિ. બધી જ વ્યવસ્થા થઈ ગઈ છે. બસ, થોડા જ દિવસોમાં શ્રાદ્ધ અને પિંડદાનનું કાર્ય પૂર્ણ થઈ જશે.' તેને લાગ્યું કે શું આ બધું જે ચંદા મને કહી રહી છે, તે સત્ય છે કે મારી તેના પ્રત્યેની શ્રદ્ધાનો આભાસ છે.

થોડી વારે તેની આંખો ઘેરાવા લાગી. તે ગાઢ નિંદ્રામાં સરી પડ્યો. જ્યારે તેણે નિંદ્રા પછી આંખો ખોલી તો સામે કજરી ઊભી હતી. હસીને તે બોલી, 'જાગી ગયા સ્વરૂપભૈયા ! કોગળા કરીને ચા પી લો, ચા ઠરી જાય છે. ગરમાગરમ છે, તમને ઠંડી ચા પીવાની આદત હતી તે મને હજુ પણ યાદ છે !' તેને કજરીની સમજદારી માટે માન થયું. કશું જ બોલ્યા વગર તેણે કજરીના હુકમનો અમલ કર્યો.

કજરી જતી રહેતા તેણે બાથરૂમમાં જઈ સ્નાન કર્યું. વસ્ત્રો મેલાં થઈ ગયાં હતાં, પરંતુ આટલી બધી સુંદર વ્યવસ્થા જોઈ સ્વરૂપને વિશ્વાસ સાથે કપડાંની વ્યવસ્થા વિષે પણ શંકા ન રહી. તેણે કબાટ ખોલ્યો તો સાચે જ કબાટના ખાનામાં નવા જ વસ્ત્રો તેણે જોયા. તેમાંથી એક સૂટ ખેંચી કાઢી સ્વરૂપે પહેરી લીધું. બહાર નીકળ્યો, દરવાજા બંધ કરવાની હવે તેને કોઈ જરૂરત ન લાગી.

ફરતો ફરતો તે વાલવેટ રોડ પાસે આવેલા પ્રેમનગર આશ્રમ પાસે પહોંચ્યો, જ્યાં કાલિન્દીનું કાર્યક્ષેત્ર હતું. આશ્રમના નવ દરવાજા વટાવી, અંદર કાર્યાલય સુધી પહોંચી બધે દૃષ્ટિ દોડાવી. ક્યાંય પણ કાલિન્દી નજર ન આવી. પાછળ જ વહેતી ગંગાની કેનાલ તરફ તેણે પગ ઉપાડ્યા. કશું જ વિચાર્યા વગર તે કાંઠે ને કાંઠે ચાલતો રહ્યો. મકાનો હવે પુરા થવા આવ્યા હતા. માત્ર બે-ચાર મકાનો જ વનરાઈઓથી ઘેરાયેલા નજરે પડી રહ્યા હતા, તે એક સુંદર મકાન પાસેથી પસાર થયો તો આશ્ચર્ય પામી ગયો.

વધુ નજીક જતાં તે ચોંકી ઊઠ્યો. તેના મોઢામાંથી શબ્દો સરી પડ્યા, 'અરે, કોણ આપ. વિષ્ણુશર્મા તો નહિ ? તમને મેં દિલ્હી ટ્રેઈન ઉપડતા જોયા હતા.' જવાબમાં તે સાધુ ખડખડાટ હસી પડ્યો. બોલ્યો, 'હાં, ઠીક પહચાના, હું જ તારા ભાઈ મયૂરનો કાતિલ મેજિસ્ટ્રેટ છું !' કહીને પુનઃ મોટેથી હસ્યો, 'હા... હા... હી... હી... હી... ! મેં જ મયૂરને ફાંસીની સજા ફરમાવી હતી, તું તેનો જવાબ માંગવા આટલા વર્ષો પછી આવ્યો છે ને ? તો સાંભળ, મેં જ તેને ફાંસી પર લટકાવવાનો ચુકાદો આપ્યો હતો. હંગ સ્ટીલ ધ ડેથ ! તે નિર્દોષ હોવા છતાં. સ્વરૂપ વકીલ તું જાણે છે કે, ન્યાય આંધળો છે. રજૂ તથા સજ્જડ પુરાવાને આધારે ન્યાય આપવો પડે છે.' થોડું અટકી તે પુનઃ બોલ્યો, 'અને હવે તેથી જ આજે હું તીવ્ર અફસોસ કરતો જીવન પસાર કરી રહ્યો છું. લોકો હવે મને પાગલ સમજે છે; કારણ કે હવે હું જજ રહ્યો નથી.' તેણે સ્વરૂપને બેસવાનો ઈશારો કર્યો અને કહ્યું, 'બેસ, જો તારી પાસે સમય હોય તો.

"તેં તો તારો ભવ સુધારી લીધો છે, તેમ સાંભળ્યું છે. તું ચિંતારહિત છે. બેસ... બેસ... !" સ્વરૂપ વિષ્ણુશર્મા પાસે તેની સાવ નજીક બેઠો. બોલ્યો, 'ઈશ્વરની ઇચ્છા મુજબ જ બધું બને છે. આમાં મનુષ્ય માત્ર નિમિત્ત જ બને છે. કર્માનુસાર જ બધું બનતું રહે છે. કોઈ કોઈને મારતું નથી કે, કોઈ કોઈને બચાવતું નથી. ઈશ્વર જ મારે છે અને ઈશ્વર જ સ્વયં તેમાં રહી મરે છે. તે સર્વવ્યાપી જ બધામાં રહીને આવા ખેલ કરે છે !'

સ્વરૂપના શબ્દો સાંભળી વિષ્ણુશર્મા જજ ખડખડાટ કરતા હસી પડ્યા. 'ઈશ્વર જ બધું કરે છે એમ ? આંધળા ન્યાયની સાથે સાથે મેજિસ્ટ્રેટ પણ આંધળો બને તો !' પછી પોતાની છાતી પર બંધ મુઠ્ઠી ઠપકારતાં કહ્યું,

'અરે મૂર્ખ ! આ તો બધું મેં જ કરેલું છે. મયૂરને ફાંસીથી ઓછી સજા નહિ કરવાના મેં પુષ્કળ પૈસા લીધા હતા !'

પુનઃ તે મોટેથી હસીને મૌન બની ગયા. જાણે અફસોસ કરતા હોય, તેમ અંતરના ઊંડાણમાં ઊતરી ગયા; થોડી વારે ગહનગુફામાંથી આવતો હોય તેવા ગંભીર અવાજે બોલ્યા,

'તેં કહી તે વાત સાચી પણ છે, હું પણ એ જાણતો હતો, છતાં મોહ-માયાને કારણે પૈસાના લોભમાં આવી હું આંધળો બની ખોટો ચુકાદો આપી ચૂક્યો.' પુનઃ ઊંડો શ્વાસ લઈ ગંભીર સ્વરે બોલ્યા,

'તારી વાત સાચી છે. હું પણ એ કર્મના સિદ્ધાંતને જાણતો હતો, પરંતુ એ સિદ્ધાંતના કાનૂનનો મેં ભંગ કર્યો. કુદરત મોટો ન્યાયાધીશ, જે મારી અંદર પણ બેઠેલો છે. જેને હું જોઈ શક્યો નહિ, પરંતુ તેણે તુરત જ મારો પણ ન્યાય મુજબ ચુકાદો આપી દીધો.'

પછી સ્વરૂપ તરફ દૃષ્ટિ નોંધીને બોલ્યા,

'પાછળથી મને ખબર પડી કે તેં મયૂરની સજા સાંભળીને ગૃહત્યાગ કર્યો અને તારા માતા-પિતા કરુણ આક્રંદ કરતાં કરતાં મૃત્યુને ભેટ્યા. પછી મેં કહ્યું તેમ, કુદરતે પણ તુરત જ મારો ન્યાય કરી નાખ્યો. મયૂરને ફાંસી અપાઈ તે જ દિવસે લંડન ડૉક્ટરીનું ભણતો મારો પરણિત મોટો પુત્ર કારઅકસ્માતમાં મૃત્યુ પામ્યો. મને કારમો આઘાત લાગ્યો. ત્યારે મને સમજાયું કે પુત્રના મૃત્યુનો આઘાત કેવો હોય, મેં પુત્રની પીંખાઈ ગયેલી લાશ પર ખૂબ આક્રંદ કર્યું, પુત્રવધૂનું દુઃખ ન જોઈ શકતા માથા પછાડ્યા. મારા પાપનું જ આ પરિણામ છે, તે મને સમજાઈ ગયું.'

'ને મેં સરકારને રાજીનામું ધરી દીધું. આજે હું પશ્ચાતાપથી પિડાઈ રહ્યો છું. મારી જાતને હું ખૂની સમજી ભાન ગુમાવી અહીં-તહીં ભટકું છું. લોકો મને પાગલ સમજે છે, પરંતુ હું પાગલ નથી. પાપમાંથી છૂટવાનો ઈલાજ શોધું છું. ભગવાવસ્ત્રો પહેરી સાધુની જેમ રહી સમય વ્યતીત કરું છું. છતાં ક્યારેક મારા પર ગાંડપણ સવાર થઈ જાય છે, લોકો મને દંડવત્ કરે છે. ઘરના મને બહાર જવા દેતા નથી, પરંતુ હું !'

વિષ્ણુશર્મા વાક્ય પૂર્ણ કરી શક્યા નહિ. ઘરના મેઈન દરવાજામાંથી એક કુમારિકા નીકળી આવી ને ધમકાવતી હોય તેવા સ્વરમાં કહેવા લાગી,

'દાદા ! તમને કેટલી વાર કહ્યું કે બધાની આગળ એકની એક વાતનું રટણ કર્યા

ન કરો. ચાલો અંદર, ને આરામ કરો !' ને તે હાથ પકડીને વિષ્ણુશર્માને પરાણે અંદર દોરી ગઈ ને દરવાજો બંધ કરતી ગઈ.

સ્વરૂપ ઘડીભર બંધ દરવાજાની સામે જોઈ રહ્યો. જીવનની આવી સંગતતા અને વિસંગતતા વિષે વિચારતો તે સૌંદર્યમંડિત ગંગા કિનારે ચાલી રહ્યો હતો. ત્યાં કોઈના મધુરકંઠે ગવાતા શબ્દો તેના કાને પડ્યા,

'સુખો સહેજે સહુ સાથે, દુઃખો એકલ સહી લેજે.
અગર હોયે હિંમત હૈયે, દિલાસો સૌને દઈ દેજે.
પ્રભુનો પ્યારો થઈને, નામ એનું સ્મરી લેજે;
જીવનના ઝંઝાવાતોમાં, ઝૂમવા આગળ વધી લેજે !
કહે લોકો તને ગાંડો, તો એના પર હસી લેજે.
થઈને આત્મમસ્તીમાં જીવન સાગર તરી લેજે.'
ન કરતો પારકી નિંદા, સદા નિજનું ગણી લેજે,
જગત કેરી ભલાઈમાં, સદા આત્મામાં મગ્ન રહેજે.
વસે છે ઈશ તુજ માંહી, સમજ સાચી ધરી લેજે,
લઈ આદેશ, આશ્વાસન, જીવનને દિવ્ય કરી લેજે.
કરેલા પાપ ધોવાને સદા સત્કર્મ તું કરજે,
ગુરુનો હાથ પકડીને, પ્રભુપંથે તું ડગ ભરજે.

જાણે પોતાના જ અંતરમાંથી ઉદ્ભવતું હોય તેવું ગીત સાંભળી સ્વરૂપ પરિપ્લાવિત થઈ ગયો. તેણે આજુબાજુ દૃષ્ટિ દોડાવીને જોયું. ગાનાર કોઈ દેખાયું નહિ, પરંતુ ગંગા નદીના સામે કિનારે પથ્થર પર તેણે કાળાવસ્ત્ર પહેરેલી અને છુટ્ટા કાળા વાળવાળી સ્ત્રીને જોઈ. સ્વરૂપ તેને સ્વાભાવિક ગણીને આગળ વધવા જતો હતો, ત્યાં જ તે સ્ત્રીએ હાથ ઊંચો કરી તેને ઊભા રહેવાનો સંકેત કર્યો. સ્વરૂપ ઊભો રહ્યો તો તે કાળાવસ્ત્રધારી સ્ત્રીએ એક હાથ પોતાની છાતી પર અને બીજો હાથ તેના તરફ લંબાવ્યો.

સ્વરૂપ કશું સમજ્યો નહિ, તે સ્ત્રી તરફ આશ્ચર્યથી જોઈ રહ્યો. ત્યાં જ પેલી સ્ત્રીએ બે હાથના અંકોડા ભીડી, બાળકને ગોદમાં લેતી હોય તેવો અભિનય કર્યો; પછી એક હાથે શાંત રહેવાનો ઇશારો કરી ચપટી વગાડી.

સ્વરૂપ કશું વિચારે કે સમજે તે પહેલાં જ તે સ્ત્રી જોતજોતામાં ગંગાકાંઠાની ઘેઘૂર વનરાઈમાં અદૃશ્ય બની ગઈ.

સ્વરૂપને આ સ્ત્રી ગાંડી અને વિચિત્ર લાગી. તેણે આજુબાજુ દૃષ્ટિ ઘુમાવી નિરીક્ષણ કર્યું, તો તે નવાઈ પામી ગયો. આ તે જ જગ્યા હતી, જ્યાં વર્ષો પહેલાં એ આશા સાથે

પથ્થર પર બેઠો હતો, આજ જગ્યાએ બન્નેએ ગંગાના જળમાં મૃતમાનવદેહ જોયો હતો. તેને બરાબર યાદ આવ્યું, આ જ જગ્યાએ તેણે વૈરાગ્યનો ભાવજાગૃત થતાં આશાને માનવજીવનની ક્ષણભંગુરતા વિષે ઉપદેશ આપેલો. અચાનક તેને એ પણ યાદ આવી ગયું કે, આજ જગ્યાએ ગોપાલ નામના તાંત્રિકે ભયંકર હાસ્ય કરીને તેઓને ભય પમાડતા કહેલું, 'ભાગ... ઉસકો છોડ કર ભાગ !' તે બન્નેએ એકબીજાના હાથ પકડી ભયને કારણે આડેધડ જંગલમાં ભાગવા માંડેલું.

સ્વરૂપ ભૂતકાળના આ અનુભવને સ્મરી રહ્યો હતો. ત્યાં જ પોતાની પાછળની ઘેઘૂર ઝાડીમાં ખડખડાટ તેણે સાંભળ્યો. પાછળ ફરીને જોયું તો આશ્ચર્ય પામી ગયો. મુખમાંથી શબ્દો સરી પડ્યા,

'ઓ, આપ તાંત્રિક ગોપાલજી ! હું આપનું જ સ્મરણ કરી રહ્યો હતો. આપનું એ વખતનુ સૂચન મારા માટે કલ્યાણકારી સાબિત થયું છે.'

'જાણુ છું, બધું જ જાણું છું, બેટા સ્વરૂપ ! હજારો જન્મોના ઋણાનુબંધ ચૂકવવા હજારો વાર મળવું પડે છે. એમાંથી છુટકારો મેળવવા 'સર્વસ્વનો' ત્યાગ કરવો એ જ એકમાત્ર ઉપાય કહ્યો છે. તારા માટે આ છેલ્લી તક હતી. જો સંસારમાં બંધાઈ ગયો હોત, તો ન જાને કેટકેટલા જન્મ-મરણના ચક્કરમાં ફસાતો રહેત !'

'ચેતવણી દ્વારા આપની કૃપા થઈ ગઈ હતી મારા પર અને તે મુજબ મેં આપની કૃપા થતાં, તેનો અમલ પણ કર્યો હતો.'

સ્વરૂપે બે હાથ જોડી પ્રણામ કરી નમ્ર સ્વરે કહ્યું. પછી થોડું અચકાતા કુતૂહલવશ પૂછ્યું, 'થોડી જ વાર પૂર્વે મેં જે સ્ત્રીને મારા તરફ ઇશારા કરતી જોઈ, તે સ્ત્રી કોણ હતી અને મને શું કહી રહી હતી ?'

જવાબમાં તાંત્રિક કાપાલિકે ખડખડ હસી હાથ માંહેની માનવખોપરી ઊંચી કરી ઘેરા સ્વરમાં કહ્યું,

'એ તારું મૃત્યુ હતું !' પછી ગંભીર સ્વરમાં હસીને પુનઃ કહ્યું,

'એ સ્ત્રીસ્વરૂપા મૃત્યુએ પણ તને ચેતવણી આપતા ચપટી વગાડીને કહ્યું હતું કે, હવે હું ઝડપથી તારા તરફ આવી તને મારી ગોદમાં લેવા ચાહું છું. માટે તું તારું કાર્ય ઝડપથી આટોપવા માંડ, સમય બગાડીશ નહિ.'

પછી થોડી વારે સ્વરૂપને સંબોધતા કાપાલિકે પુનઃ કહ્યું : 'હવે સમજ પડી ને બધી ?'

'જાણુ છું બધું !' સ્વરૂપે સ્થિતપ્રજ્ઞભાવે કહ્યું, 'મારા હવે થોડા આયુષ્ય દરમિયાન મારે ઋણચૂકવી પછી જ મૃત્યુનું સ્વાગત કરવાનું છે. આપની સૂચના મુજબ સંસારથી ભાગવું પણ જરૂરી હતું; અને બાકી રહી ગયેલ ઋણકાર્ય પૂર્ણ કરીને પણ ગંતવ્યસ્થાન

પર ઝડપથી જવું પણ અનિવાર્ય છે. કારણ કે મારા દેહની અવધિ પૂર્ણ થાય તે પૂર્વે મારા આત્માને મારા જડ અને સૂક્ષ્મદેહમાં પુનઃ સ્થાપિત કરી, અનંતાનંદના આત્માને તેના દેહમાં પુનઃ પ્રવેશ કરાવવો જરૂરી છે.

આજે હું જીવન્મુક્ત છું; પરંતુ ઝડપથી અહીંનું કાર્ય પૂર્ણ કરી મારે મારા આત્માને, મારા દેહમાં પુનઃ સ્થાપિત કરી, તે પછી જ દેહને છોડી વિશ્વાત્મામાં વિલીન થવાનું છે.' કહી સ્વરૂપે મનુષ્યારૂપા તે સ્ત્રીની દિશામાં પ્રણામ કરતા કહ્યું, 'હે મૃત્યુ સ્વરૂપા દેવી. આપનો આભાર. આપે મારું સ્વાગત કરી મને મૃત્યુના ડરથી દૂર કર્યો, એને હું મારું સૌભાગ્ય સમજું છું. આપને મારા કોટિ કોટિ પ્રણામ !'

સ્વરૂપના મસ્તક પર હાથ મૂકી તાંત્રિક કાપાલિક પ્રસન્નચિત્તે બોલ્યા,

'પ્રત્યેક મનુષ્યને મૃત્યુ ચેતવે છે કે, હવે તારા જીવનના થોડા દિવસો બાકી રહ્યા છે. માટે ભવસાગરને પાર કરવાના ઉપાયો કરવા માંડ, પરંતુ બધા મનુષ્યો તે સમજી શકતા નથી, કારણ કે તેમના પર અવિદ્યાનું પ્રાબલ્ય હોય છે, પરંતુ તારી પ્રખર સાધનાને કારણે તું પવિત્ર મૃત્યુનાં દર્શન કરી શક્યો છે. તું મહાભાગ્યશાળી છો, તારું કલ્યાણ હો !'

કહી કાપાલિક પુનઃ ગહન ઝાડીમાં અદૃશ્ય બની ગયો.

પોતાના ભાગ્યને ઈશ્વરની કૃપા સમજી સ્વરૂપ પાછો ફર્યો.

ઘરે આવી પોતે જાતે બંધ કરેલો દરવાજો સાવ ખુલ્લો જોઈ તેને થયું કે કદાચ કજરી આવી હશે, અંદર પ્રવેશી જોયું તો ખરેખર કજરી રસોઈઘરમાં કાર્યરત હતી.

સૂર્યાસ્ત થઈ ચૂક્યો હતો. આછા અજવાળમાં તે પોતાના કમરામાં આવીને સોફા પર બેસી ગયો.

કજરીએ આવી સ્વિચ ઓન કરી, કમરામાં પ્રકાશ ફેલાઈ ગયો.

'આમ અંધારામાં કેમ બેઠા હતા સ્વરૂપભાઈ !' કજરીએ રસોઈઘરમાં જતા જતા કહ્યું. તે કજરીને જતી જોઈ રહ્યો. મનોમન તે બોલ્યો,

'હું અંધારામાં હતો જ નહિ, ધીમે ધીમે પ્રખર પ્રકાશ ભણી જતાં હવે તો સ્વયં પ્રકાશ સ્વરૂપ બની રહ્યો છું તેમ લાગે છે. તે આંખો મીંચીને ધ્યાનસ્થ થયો; તો જાણે પ્રકાશના સાગરમાં તરી રહ્યો હોય તેમ તેને લાગ્યું. ક્યાં સુધી તે પ્રકાશના સાગરમાં આનંદથી તરતો રહ્યો તેનું તેને ભાન ન હતું, અચાનક કજરીએ આવીને કહ્યું,

'ચાલો, સ્વરૂપભૈયા ! ભોજન કરી લો, મેં તમારા માટે તમને ભાવતી વાનગી ખીર બનાવી છે. મને યાદ છે, તમે દર રવિવારે બા પાસે ખીર બનાવવાનો આગ્રહ રાખતા તે.'

'હા... બેટા, તે બરાબર યાદ રાખ્યું. મને ખરેખર ખીર ખૂબ ભાવતી.'

ભોજન પૂર્ણ કરી તે પલંગ પર આડો પડ્યો. કજરી જય ગંગામૈયા કહીને જતી રહી. તે ધીમે ધીમે તંદ્રાવસ્થામાં સરકી રહ્યો હતો, ત્યાં જ તેની સમક્ષ ચંદાનો ચહેરો ઉપસી આવ્યો. ચંદા કહી રહી હતી,

'સ્વરૂપ ! બધું બરાબર ગોઠવાઈ ગયું છે. કાલથી જ વિધિનો પ્રારંભ થઈ જશે. હું વહેલી સવારમાં ત્યાં પહોંચી જઈશ. તું પ્રાતઃકર્મ કરીને તૈયાર રહેજે. પુરણપુરીજી પણ આવી જશે અને આશાદેવી પણ !' આ શબ્દો સાથે ચંદાનો ચહેરો અદશ્ય થઈ ગયો.

ધીમે ધીમે સ્વરૂપ ધ્યાનાવસ્થામાં જ ગાઢ નિદ્રામાં સરકી પડ્યો.



21

સ્વરૂપે જ્યારે નિંદ્રાભંગ થતા આંખ ખોલી તો બહાર હજુ ગાઢ અંધકાર હતો. લોકોની પણ અવરજવર સંભળાતી ન હતી. તેણે ઘડિયાળમાં જોયું તો હજુ રાત્રિના ત્રણ જ વાગ્યા હતા. બ્રાહ્મમુહૂર્તને હજુ કલાકની વાર હતી. છતાં તે પથારીનો ત્યાગ કરી ઊભો થઈ ગયો. ચંદાબહેને તેને વહેલા પરવારી જવાની સૂચના રાત્રે આપી હતી. તે મુજબ તેણે બધું જ પ્રાતઃકર્મ કર્યું, માત્ર સ્નાન કરવાનું જ બાકી હતું. તે વાળ ઠીક કરી સોફા પર બેઠો ત્યાં જ રસોડામાંથી જ કજરીનો અવાજ સાંભળી તે નવાઈ પામ્યો.

આટલી વહેલી સવારે કજરી હાજર થઈ ગઈ. તેની સેવા કરવાની તન્મયતા અને નિષ્ઠા જોઈ તે પ્રસન્ન થયો, ધન્યવાદ આપી તેને પ્રસન્ન કરવા તે રસોઈ ઘર તરફ જવા તત્પર થયો ત્યાં જ કજરી ચાનો કપ લઈ હાજર થઈ ગઈ. બોલી, 'સ્વરૂપ ભૈયા ! આજે તમારે વહેલા ઊઠી નિત્યકર્મથી પરવારવાનું છે, માટે મારે વહેલા આવીને આપનું ધ્યાન રાખવાનું છે, તેવું ચંદાબેને સૂચન કરતા હું વહેલી આવી ગઈ છું. લો હવે ચા-પાણી પી સ્નાન કરી લો, ગરમ પાણી ટબમાં તૈયાર રાખ્યું છે.' કહીને પુનઃ રસોઈઘરમાં જતી રહી.

સ્નાન તથા સંધ્યોપાસના કરી સ્વરૂપ ધ્યાનમાં બેઠો. સ્વરૂપને લાગ્યું કે આજે ધ્યાનની સ્થિતિ કંઈક જુદા પ્રકારની લાગે છે. પ્રારંભમાં તે શ્વેત-નીલ પ્રકાશથી નાહી રહ્યો. હૃદયમાં આનંદ ઊભરાઈ રહ્યો. નાનું બાળક જેમ માતાને જોઈ આનંદિત થઈ ઊઠે, તેમ તેનું સમગ્ર અસ્તિત્વ આનંદવિભોર બની ગયું. હવે પછી તેને પ્રકાશને બદલે સૌંદર્યમંડિત દૃશ્યો દેખાવા લાગ્યા. વિશાળ મંદિરો, ભવ્ય મહાલયો, ફળો તથા સુગંધી પુષ્પોથી લચી રહેલા વૃક્ષો, નગરો તથા ઉપવનોને જોતો તે હવામાં તરી રહ્યો હતો. તેણે અનેક દેવદેવીઓ તથા ગાંધર્વોને મોટા રાજમાર્ગો તથા મહેલોમાં વસતા અને ફરતા

જોયા, તે બધાને વિહાર કરતા જોઈ સ્વરૂપને ખ્યાલ આવ્યો કે પ્રથમ સાધના દરમિયાન તેણે આવા દશ્યો અનેક વાર જોયા હતા.

ત્યાં જ સામેથી આવતા સૂંઢોવાળા અસંખ્ય હસ્તિને જોઈ તે સમજી ગયો કે પોતે ઇન્દ્રલોકમાં વિહાર કરી રહ્યો છે. થોડી વાર સ્વરૂપે ધ્યાનાવસ્થામાં એક મહાદિવ્ય તેજથી પ્રકાશતો ગોળો જોયો. તેનું તેજ અપરંપાર હતું. આવા દિવ્ય તેજનાં દર્શન કરતા તેની ધ્યાનાવસ્થા ઉત્તરોત્તર વૃદ્ધિ પામવા લાગી. એ સાથે તેને અનેક જાતની દિવ્ય સુગંધનો અનુભવ થવા લાગ્યો. તેને લાગ્યું કે તેના આનંદની કોઈ અવધિ ન હતી. તેને સમજાયું કે આ આનંદ એ જ 'નિત્યાનંદ' છે. આનંદ સાથે તેનામાં સમસ્ત બ્રહ્માંડ પ્રત્યે પ્રેમ જાગી ઊઠ્યો. તેને થયું કે પ્રેમ હૃદયમાં સતત વૃદ્ધિ પામી રહ્યો છે. આ પ્રેમની કદી પરિસમાપ્તિ ન હોઈ શકે.

ને પછી સ્વરૂપે તેની સમક્ષ એક નીલનક્ષત્ર સ્થિર થતું જોયું. તેને સમજાયું કે એ નીલનક્ષત્ર જ તેને ધ્યાનમાં આવાગમન કરાવી રહ્યું છે. તેને સહારે સ્વરૂપ ધ્યાનાવસ્થામાં તેના અંતરમાં 'સહસ્ત્રારના ઊર્ધ્વાકાશ'માં જોતો જોતો કેટલાય લોક ફરી વળ્યો.

ત્યાં તેણે નીલનક્ષત્રને પોતાની અંદર પ્રવેશતું જોયું, તે નક્ષત્ર તેના સહસ્ત્રારમાં પહોંચીને ફાટ્યું અને સહસ્ત્રારના વિશાળ પ્રદેશમાં ફેલાઈ ગયું. હવે સ્વરૂપની સમક્ષ ફક્ત એક શ્વેત આહ્લાદક જ્યોતિ હતી. પછી તે તંદ્રાલોકમાં ચાલ્યો ગયો. તંદ્રાલોકમાંથી તે વેગપૂર્વક ઊડતો નીલનક્ષત્રની પ્રેરણાથી સિદ્ધલોકમાં પ્રવેશી ગયો, જ્યાં જીવનમુક્ત મહાપુરુષો જ વસે છે. દેહાત્મા વડે સ્વરૂપે જોયું કે અહીં ભૂખ નથી, નિદ્રા નથી હોતી, જાગૃતિ નથી હોતી. અહીં તો આનંદ જ ભોજન, આનંદ જ પાન અને આનંદ જ જીવન હોય છે. અહીં સિદ્ધકૃપા વગર આવી શકાતું નથી. સિદ્ધમાર્ગ જેની સાધના હોય, જેઓ સિદ્ધપરંપરાના હોય; અને જેને પૂર્ણ સિદ્ધત્ત્વ પ્રાપ્ત થવાનું હોય એનું જ અહીં આવવાનું સંભવી શકે છે.

સ્વરૂપને ખ્યાલ હતો જ કે નીલનક્ષત્ર જ વાહન બનીને તેને અહીં લાવ્યું છે, આજ બધે આવવા-જવાનું વાહન બની રહ્યું છે. જ્યાં સુધી આ નક્ષત્ર ફાટે નહિ, ત્યાં સુધી આવાગમન ટળે નહિ, કર્મબંધન તૂટે નહિ, પાપપુણ્યના પડળ ચિરાય નહિ. સ્વરૂપને સમજાઈ ગયું કે આના ફાટવાથી તેનામાં ભેદદૃષ્ટિ નાશ પામી છે.

તંદ્રાલોકમાં સ્વરૂપને એવું જ્ઞાન થયું કે, તેના જન્મ-જન્માંતરના કર્મો ફેડાઈ ગયા છે. આ બધી અનુભૂતિઓ તેને નહિ, પરંતુ તેની અંતર્શક્તિને આધીન હતી, જે શક્તિ સંપૂર્ણપણે સ્વાયત્ત છે.

સ્વરૂપ ધ્યાનાવસ્થામાં વિહાર કરી રહ્યો હતો. તત્ક્ષણ તેણે અનુભવ્યું કે લોક

બદલાઈ રહ્યો છે. તેને હવે પિતૃલોકના દર્શન થવા લાગ્યા. આ પિતૃલોક સ્વર્ગ અને સિદ્ધલોકની વચ્ચે છે; એ લોકના પિતૃઓને તેણે પ્રત્યક્ષ જોયા. બધા લોકના અનુભવ પરથી તે જોઈ શક્યો કે બધા લોકમાં જેવી રીતે બધા માટે સમાન ભોગ હોય છે, તેવું અહીં નથી. પ્રત્યેક માટે એકસરખી સમાનતા પિતૃલોકમાં નથી. જે પ્રમાણે 'પૃથ્વીલોક'માં ધનવાન સાધારણ ધનવાન અને દરિદ્ર અથવા પુણ્યવાન, ઓછો પુણ્યવાન અને પાપી વિગેરે પ્રકારની કક્ષાઓ જોવા મળે છે, એવો જ તફાવત પિતૃલોકમાં પણ જોવા મળે છે, તો પણ પૃથ્વી પર અદકું સુખ છે, જે અહીં નથી !

સ્વરૂપના અંતરાત્મામાં થયું કે તે ક્યારેક અથવા થોડા સમય પૂર્વે પિતૃલોકમાં આવી ગયો છે, પરંતુ અત્યારે તેને તેની માત્ર ઝાંખી જ રહી છે. તે પિતૃલોકમાં વિહાર કરવા લાગ્યો. તેણે બાળપણના સમયના કેટલાક પરિચિત વૃદ્ધોને પણ જોયા. ખાસ કરીને તેના કાકાને દૂર દૂર જતા જોયા. જેણે સુંદરવસ્ત્રો પહેરેલા હતા. સ્વરૂપને થયું કે આ પિતૃલોક બધા લોક કરતાં ખરેખર ન્યારો છે. તેને હવે ખ્યાલ આવ્યો કે પૃથ્વી પરના મનુષ્યો જે તર્પણાદિ પિંડદાન કરે છે. એનો સૂક્ષ્મભાવ અહીં સુધી પહોંચે છે, એમાં કોઈ શક નથી.

મનુષ્યલોકના મનુષ્યો જે તેમના પિતૃઓને અર્પણ કરે છે, તે જ તે ખાય છે. એ પણ સત્ય છે કે, તેઓ તેમની પાછળ કરવામાં આવતા દાન-પુણ્ય પણ ગ્રહણ કરે છે અને પોતાના વંશજોને આશિષ આપે છે. માટે પિતૃલોકવાસીઓને તર્પણ વિગેરે કરીને પ્રસન્ન રાખવા આવશ્યક છે. સ્વરૂપને ખાતરી થઈ ગઈ કે આ વાતમાં હવે સહેજ પણ શંકા પોતાને રહેવી ન જોઈએ. મંત્ર દ્વારા તર્પણનો સૂક્ષ્મભાવ પિતૃલોકમાં અવશ્ય પહોંચે છે. મંત્રવાહક ચિત્તશક્તિ મંત્ર દ્વારા એને અહીંથી ત્યાં સુધી લઈ જાય છે, સ્વરૂપને પૂરેપૂરી ખાતરી થઈ ગઈ કે સૂક્ષ્મ પિંડદાન પિતૃઓને પહોંચે જ એમાં શંકા નથી.

સ્વરૂપ ધ્યાનાવસ્થામાં પિતૃ-લોકનું દર્શન કરતો અને આનંદથી વિચાર કરતો ફરી રહ્યો હતો. તે એક ઝૂંપડી જેવા મકાનની અંદર ગયો તો એક જીર્ણ પાટ પર તેનાં માતા-પિતા અતિ દરિદ્ર અવસ્થામાં બેઠા હતા. સ્વરૂપે માતા-પિતાને પ્રણામ કર્યાં, બન્ને આનંદવિભોર બનીને સ્વરૂપને જોઈ રહ્યા. પિતા સ્વરૂપને ભેટવા ગયા, પરંતુ તે તેમ કહી શક્યા નહિ. પિતૃલોકવાસી પૃથ્વીલોકવાસીનો સ્પર્શ કરી શકતા નથી.

સ્વરૂપને જોઈ થોડી વારે એકી સાથે માતા-પિતા બન્ને બોલી ઊઠ્યા, 'સ્વરૂપ ! બેટા તું અહીં સુધી આવી શક્યો ? થોડા સમયપૂર્વે તારો કોઈ મિત્ર કે જે યોગી જેવો હતો, તેણે અમને આશ્વાસન આપેલું અને અમારી આ દરિદ્ર અવસ્થા થોડા સમયમાં જ દૂર કરવાનું વચન આપેલું. સ્વરૂપ બેટા અમે અહીં ભૂખ્યા-તરસ્યા દિવસો પસાર કરી રહ્યા છીએ. પિતૃલોકના અધિપતિ દેવે અમને કહ્યું કે "જ્યાં સુધી પૃથ્વીલોકમાંથી

તમારું શ્રાદ્ધ-પિંડ ન થાય ત્યાં સુધી તમારે આ દુઃખ ભોગવવું જ પડશે. તમારી કોઈ અન્ય ગતિ નથી, પરંતુ હવે વધુ સમય તમારે આ દુઃખ ભોગવવું પડશે નહિ.''

તું અમારી આવી દુર્દશા જોઈ અમારા ઉદ્ધાર કે નિર્વાહ માટે પૃથ્વી પર જઈ કંઈક કરીશ એવી આશા સાથે અમે તને પ્રાર્થના કરીએ છીએ. અમારું હવે કાંઈક કર, અમારા આશીર્વાદ તને મળશે દીકરા !'

માતા-પિતાની આવી કરુણ દશા અને તેમની આજીજીથી તે દ્રવિત થઈ ઊઠ્યો ને લગભગ રુદન જેવા સ્વરે બોલ્યો,

'પિતાજી, માતાજી ! આપ શા માટે ચિંતા કરો છો ? આ માટે જ હું આપનું ઋણ અદા કરવા માટે, ગૃહત્યાગ કર્યો હોવા છતાં, પુનઃ હરિદ્વાર આવ્યો છું. ફક્ત બે જ દિવસમાં આપનું બધું જ દુઃખ દૂર થઈ જશે. આપને અહીં રહેવા માટે મોટું મકાન, દરેક પ્રકારના ખાદ્યપદાર્થો તથા અન્ન-વસ્ત્રો, જમીન, સોનું વિગેરેનું દાન કરી અને મંત્રોચ્ચાર સાથે શ્રાદ્ધ-પિંડ કરી આ બધું આપને અર્પણ કરી, પિતૃલોકમાં પહોંચાડી આપને સમૃદ્ધ કરીશ, આપના પ્રત્યેનું ઋણ ચૂકવીને જ હું મોક્ષ તરફ પ્રયાણ કરીશ, આપ શાંત થાવ !' આટલું કહી તે અટક્યો.

તેણે માતા-પિતાના મુખ પર પ્રસન્નતાના ભાવો જોયા. તેણે નમીને માતા-પિતાને પુનઃ પ્રણામ કર્યા. તે સાથે દૃશ્ય બદલાયું, તે ધ્યાનાવસ્થામાંથી નીચે ઊતરી રહ્યો હતો. ત્યાં જ તેણે એક ભયાનક ચહેરો જોયો. લાલઘૂમ તથા દુઃખ અને ક્રોધથી વિકૃત અને ભયાનક ચહેરા સામે તે ઘડીભર જોઈ રહ્યો. તેના બન્ને હાથ લોહીથી ખરડાયેલા હતા, ચહેરો જાણે ભયથી જ લાલ બની ગયો હતો, તેવું લાગતું હતું, છતાં તેની લાલઘૂમ આંખો તેનો ક્રોધ તથા બદલો લેવાના ભાવો દર્શાવતી આક્રમક લાગતી હતી. તેનો ચહેરો સ્વરૂપને કશુંક કહી રહ્યો હતો, પરંતુ તેના મુખમાંથી નીકળતા શબ્દો સ્વરૂપને સમજાતા ન હતા. ધ્યાનાવસ્થામાં તેને પ્રેરણા થઈ અને તેણે પંચપાત્રમાં રહેલ જલને મંત્રોચ્ચાર સાથે અંજલિ આપી. તત્કાળ તે ભયાનક ચહેરો બોલી ઊઠ્યો,

'સ્વરૂપ ભૈયા ! હું મયૂર છું. તમારો નાનો ભાઈ, મયૂર. ફાંસી દ્વારા મૃત્યુ પામ્યા પછી મને આ પ્રેતયોનિ પ્રાપ્ત થઈ છે. હું હવે એક પ્રેત છું, પ્રેત... ભૈયા ! મારો ઉદ્ધાર કરો; હું ભયંકર અશાંતિથી પિડાઈ રહ્યો છું, મને શાંતિ મળે તેવું કરો, સ્વરૂપ ભૈયા !'

પ્રેતસ્વરૂપ મયૂર આર્તસ્વરે બોલી રહ્યો હતો. તે તેનું આક્રંદ સ્થિતપ્રજ્ઞભાવે સાંભળી રહ્યો, તે શાંત અને મધુર સ્વરે મયૂરને ઉદ્દેશીને બોલ્યો, 'બધું જ કર્માનુસાર ભોગવવું પડે છે, ભાઈ ! પરંતુ તને આવી પ્રતેયોનિ કેમ પ્રાપ્ત થઈ તે કહે, હું તેનો ઈલાજ શોધી તને જરૂર શાંતિ અપાવીશ !'

'દારુ, જુગાર અને એવી અનેક કુટેવોને કારણે મને પ્રથમ ભયંકર નર્ક પ્રાપ્ત થયેલું,

તે પછી મારામાં રહેલી પ્રબળ વૈરભાવના અને બદલો લેવાની પ્રબળ ઇચ્છાથી મારા માટે અન્યલોકના દરવાજા બંધ થઈ ગયા ને મને પ્રેતયોનિ પ્રાપ્ત થઈ.'

'પરંતુ, તારા દુશ્મનો તો કુદરત તરફની મળેલી સજા ભોગવી રહ્યા છે. વિષ્ણુશર્માનાં પુત્ર કારઅકસ્માતમાં મૃત્યુ પામ્યો છે અને તારો મિત્ર, કે જેણે તારા પર ખૂનનો આરોપ મૂક્યો હતો, તે પણ પથ્થર પડવાથી મૃત્યુ પામ્યો છે.'

'હા... ! તેની મને ખબર છે !' મયૂર વિકૃત ચહેરાને હલાવતો બોલ્યો, 'એ કાર્ય મેં જ કર્યું છે. જજના પુત્રની કારને મેં જ અદૃશ્ય કરી તેની સામે આવી રહેલી કારને તેની કાર સાથે ભટકાવી હતી, જેમાં તેનો પુત્ર મૃત્યુ પામ્યો અને મારો દુષ્ટમિત્ર કે જે 'ઊડનખટોલા-રોપવેના બાંધકામ વખતે સુપરવિઝન કરતો ખીણમાં ઊભો હતો, ત્યારે મેં જ તેના પર મોટો પથ્થર ગબડાવી ફેંક્યો હતો; અને એ રીતે મેં મારો બદલો લીધો હતો. બદલાની આગ મને બાળી રહી છે. હું તેઓના પરિવારને દુઃખ પહોંચાડવાની તીવ્ર ઇચ્છા ધરાવું છું; પરંતુ આથી વધુ હું આગળ વધી શકતો નથી.''

સ્વરૂપ મયૂરના વચનો સાંભળીને બોલ્યો,

'ભાઈ ! પ્રેતયોનિ એમને એમ મળતી નથી, તું તારા કર્મો મારી સમક્ષ વ્યક્ત કર. તેથી કદાચ તને શાંતિ મળશે.'

મયૂર ગદ્‌ગદ્‌કંઠે બોલ્યો, 'સ્વરૂપ ભૈયા ! મેં આપનાથી તથા પિતાજીથી છાનાં ઘણાં પાપો કર્યાં છે. બધા દોષથી મેં બ્રાહ્મણત્વનો નાશ કર્યો છે. મહાન અજ્ઞાનના ચકરવામાં અટવાઈ પડેલા મારાં કુકર્મોનો કોઈ હિસાબ નથી. મેં મનુષ્યવધ સિવાય ઘણી હિંસા કરી છે. એક સ્ત્રીની છેડતીમાં સાથ આપવાને કારણે મારા મિત્રનું ખૂન કરી મારા બીજા મિત્રે ખૂનનો આરોપ મારા પર ઠોકી બેસાડ્યો. એ રીતે ફાંસીની સજા દ્વારા હું મૃત્યુ પામ્યો છું. એટલે, મારું મૃત્યુ કુદરતી નથી, ઉપરાંત દારૂ, જુગાર અને અન્ય કુમાર્ગોને કારણે હું પ્રેતયોનિ પામ્યો છું અને આ દુર્દશા ભોગવી રહ્યો છું. કર્મફળનો ઉદય દૈવાધીન હોવાથી હું વાયુના આહારથી જીવું છું. સ્વરૂપભૈયા ! તમે મારા પર દયા કરો, તમે મહાન પવિત્ર આત્મા છો, મને આ ભયંકર પ્રેતયોનિમાંથી મુક્ત કરાવો.'

સ્વરૂપ તેના વચનો સાંભળી વિચારપૂર્વક બોલ્યો,

'ભાઈ મયૂર ! તારી આ સ્થિતિ માટે હું પણ જવાબદાર છું, કારણ કે મેં તારા માટે વિધિપૂર્વક પિંડદાન કરેલ નથી. કરી શક્યો નથી. હું તને પણ પિંડદાન કરીને મુક્તિ અપાવવાનો પ્રયત્ન કરીશ. કારણ કે તને પ્રેતયોનિમાંથી મુક્ત કરાવવાનો બીજો કોઈ ઉપાય નથી.'

'ભાઈ ! સેંકડો શ્રાદ્ધથી પણ તારી મુક્તિ ન થાય તો પછી તારી મુક્તિ અસાધ્ય છે. તો પણ હે ભાઈ ! તું નિર્ભય થઈને હાલ તારા સ્થાનમાં જતો રહે, હું વિચાર કરીને

અને પવિત્ર યોગીઓની સલાહ લઈને તારી મુક્તિ માટે કોઈ બીજો ઉપાય અવશ્ય કરીશ.'

સ્વરૂપની વાત સાંભળીને તુરત જ પ્રેતયોનિમયૂર પોતાના સ્થાનમાં જવા અદશ્ય થઈ ગયો.

પ્રેતાત્મા અદશ્ય થતાં જ સ્વરૂપ ધ્યાનાવસ્થામાંથી એકદમ નીચે ઊતરી આવ્યો. તેણે આજુબાજુ દષ્ટિ કરી તો કોઈ નહોતું. સ્વરૂપ આ દશ્યમાન થયેલા બધા બનાવો વિષે વિચાર કરવા લાગ્યો. ત્યાં જ તેના કાને શબ્દો પડ્યા, 'સ્વરૂપભૈયા ! સાડા છ વાગી ગયા છે. બ્રાહ્મમુહૂર્ત પૂર્ણ થયેલ છે; તમે ચા-પાણીથી તૈયાર થાવ. હવે થોડી જ વારમાં ચંદાબેનના દર્શન થવા જોઈએ.' કહી કજરી રસોઈઘરમાં જતી રહી.

કજરી જતાં સ્વરૂપ પુનઃ વિચારી રહ્યો. 'શ્રાદ્ધ-પિંડદાન' કર્મ તો માતા-પિતા તથા મયૂર- કરીશ જ. તેથી પિતૃલોકમાં માતા-પિતા તો સંતુષ્ટ થશે જ, પરંતુ પિશાચયોનિધારક મયૂરનો તે યોનિમાંથી છુટકારો થવો સંભવિત નથી; કારણ કે મંત્રો દ્વારા વિધિવત તર્પણ કરેલું પિતૃઓને પિતૃલોકમાં પહોંચે છે, પરંતુ ભટકતો 'પ્રેતાત્મા' અન્નગ્રહણ કરવા સમર્થ થતો નથી, તે તો માત્ર હવા પર જ જીવે છે. તેને રહેવા માટે કોઈ સ્થાન નથી, તે તો અહીં-તહીં ભટકતો જ રહે છે. માટે જ શ્રાદ્ધ-પિંડ તેને શાંતિ કે નિર્વાહ માટેનું કારણ બની શકે નહિ. તો મયૂરની પ્રેતયોનિમાંથી મુક્તિ માટે શું કરવું ? તેને કોઈ ઉપાય જડતો ન હતો, ચંદા, પુરણપુરીજી, સરયુદાસજી વિગેરે જ આનો ઉપાય કરી શકે.'

સ્વરૂપ વિચાર કરતો સોફા પર બેઠો હતો ત્યાં જ કજરી ચાનો કપ લઈ હાજર થઈ. બોલી 'બસ, હવે ચંદાબેન આવી જ રહ્યા હોવા જોઈએ. કારણ કે ઘીનો દીવો હવે ઠરવાની તૈયારીમાં છે.'

સ્વરૂપ ચા પીને પુનઃ વિચાર કરી રહ્યો હતો, ત્યાં જ તેની નજીકમાંથી અવાજ આવ્યો. 'સ્વરૂપભૈયા... હવે બહુ વિચાર કરવાનું છોડી દો, અમે આવી ગયા છીએ. બધું અમારા પર છોડી દો.'

ચંદાના અવાજથી વિચારમાંથી જાગૃત થઈ ગયેલો સ્વરૂપ ચંદાને તેની સાવ નજીક ઊભેલી જોઈ આનંદી ઊઠ્યો. હર્ષથી તેનું હૈયું ભરાઈ આવ્યું. તેણે હર્ષપૂર્વક ચંદાનો હાથ પકડી લઈ મસ્તક પર અડાડ્યો અને પછી લાગણીપર્વક ચૂમી લીધો. બોલ્યો,

'ઓહ... ચંદાબહેન ! તું આવી પહોંચી ! હવે મને ધરપત થઈ ગઈ. સ્થિતપ્રજ્ઞ હોવા છતાં 'પંચમહાભૂત'ના પિંજરામાં પુરાયો છું. તેથી હર્ષ-શોક અનુભવ્યા વગર રહી શકતો નથી. તેથી મારા આનંદને આજે હું તને જોઈને રોકી શકતો નથી.'

'બરાબર છે, સ્વરૂપ ! પંચમહાભૂતનાં પિંજરામાં પુરાય તો ઈશ્વર પણ રડે.

ભગવાન શ્રીરામચંદ્રજી પણ સીતામાતાના વિરહમાં કેટલું રડ્યા હતા. માટે હજુ પણ તારા આનંદને રોકીશ નહિ, તારે આજે આનંદસાગરમાં સ્નાન કરવાનું છે. સામે દરવાજામાં દૃષ્ટિ કર તો !'

સ્વરૂપે દરવાજા તરફ દૃષ્ટિ કરી તો તે ખરેખર આનંદથી તરબોળ થઈ ગયો. સામે પુરણપુરીજી, રેવાનંદ બ્રહ્મચારી, સરયુદાસજી તથા એ સૌની પાછળ ઊભેલી પવિત્ર ચહેરાવાળી 'આશા'ને પણ તેણે જોઈ ને ખરેખર સ્વરૂપ આનંદસાગરમાં સ્નાન કરી રહ્યો.

બધા અંદર આવતાં જ તે પ્રથમ રેવાનંદજીને ભેટી પડ્યો. સરયુદાસજી તથા પુરણપુરીજીને બે હાથ જોડી ખભા નમાવી 'ૐ નમોઃ નારાયણ'ના ઉચ્ચાર સાથે પ્રણામ કર્યા. નતમસ્તક ઊભેલી આશા સામે તેણે દૃષ્ટિ ન કરી, ત્યાં જ હરખાતી આવેલી કજરી આશાનો હાથ પકડી રસોઈઘરમાં દોરી ગઈ. બધા અંદર આવી આસન પર બેઠા. ચંદાએ સ્વરૂપની નજીક બેસી તેનો હાથ પકડી કહ્યું,

'બસ... સ્વરૂપભૈયા, અમે બધું વ્યવસ્થિત રીતે ગોઠવી દીધું છે, પછી જ અહીં એક સાથે આવ્યા છીએ. હવે તારા ભાગે કોઈ જવાબદારી કે તે અંગેની કોઈ મૂંઝવણ રહેતી નથી.'

'એક મુંઝવણ રહે છે, ચંદાબહેન !' સ્વરૂપે ગંભીર ચહેરે કહ્યું.

'જાણું છું ! તું જે વિચાર કરી રહ્યો હતો તે અંગેનો વિચાર પણ કરી લીધો છે.'

'હેં ! વિચાર પણ કરી લીધો છે.' સ્વરૂપ આશ્ચર્યપૂર્વક ચોંકી ઊઠ્યો.

'હા ! આવતી કાલે જ શ્રાદ્ધ-પિંડની સાથે સાથે 'શ્રીમદ્ ભાગવત'નું પઠન પ.પૂ. સરયુદાસજી કરશે. 'શ્રીમદ્ ભાગવત'ની કથા સાંભળવાથી પ્રેતની મુક્તિ થશે. આ કથા તેના મૂળ અઢાર હજાર મંત્રોનું પઠન સાંજ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. શ્રીમદ્ ભાગવતના શ્લોકો બધા મંત્રો જ છે અને મંત્રોનો પ્રભાવ એટલો દિવ્ય હશે કે પઠન પૂર્ણ થયા પછી તુરત જ જે પ્રેતયોનિમાં હશે તે મુક્ત થઈ જશે.

વ્યાસપીઠની પાસે સહેજ અડીને એક પોલો વાંસ રાખવામાં આવશે, જેને સાત ગાંઠો હશે; પ્રેત વાયુરૂપ હોવાથી બેસવા માટે અશક્ત હોય છે. તેથી જેમની પણ સદ્ગતિ થઈ નથી તેવા આમંત્રિત જીવાત્મા આ ગાંઠોમાં સ્થાન ગ્રહણ કરશે. જ્યારે સાયંકાળે કથા પૂર્ણ થશે ત્યારે આ ગાંઠો તૂટી જશે અને તેમાં રહેલ પ્રેતાત્માઓનું પ્રેતપણું છૂટી જશે. જો કે આ ભાગવત પઠન સાત દિવસ માટે હોય છે; પરંતુ સમયના અભાવે બધા જ મંત્રોનું પઠન શુદ્ધ ઉચ્ચારો સાથે માત્ર અર્ધા જ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે. આ માટે મહાવિદ્વાન જ્ઞાનયોગીને જ નિયુક્ત કરવા જોઈએ. પ.પૂ. સરયુદાસજીએ મારી વિનંતીનો સ્વીકાર કરી એ કાર્ય કરવાનું સ્વીકાર્યું છે.

સ્વરૂપે બે હાથ જોડી સરયુદાસજીનું અભિવાદન કર્યું અને નમ્રસ્વરે કહ્યું, 'આપે સ્વયં જ્યારે મારા ભાઈ મયૂરનો પ્રેતયોનિમાંથી મુક્તિનો ઉપાય બતાવ્યો છે, ત્યારે તેની મુક્તિ અવશ્ય થશે જ તેમાં મને હવે કોઈ સંશય રહ્યો નથી. આપે મારા પર મોટી કૃપા કરી.'

'અરે ભાઈ ! એમાં કૃપા નથી. આપણે બધા યુગોથી એક જ વહાણના હમસફર રહ્યા છીએ. એટલા માટે જ તારો અને અનંતાનંદ બન્નેનો ખ્યાલ રાખવો એ અમારી ફરજ છે. આ બાબત હવે વધુ સ્પષ્ટ કરવી જરૂરી નથી, અર્થાત્ યુગ પહેલાંનાં આપણા સંબંધો રહ્યા છે, તે સ્પષ્ટ કરવાનું હું આ ક્ષણે જરૂરી સમજતો નથી.'

સરયુદાસજી મૌન બનતા ચંદાએ વાતનો પ્રારંભ કરતા કહ્યું,

'ભાઈ સ્વરૂપ ! ટેબલના ખાનાનાં બધા કાગળો તેં તપાસી જોયા છે. તારી, મારી અને આશાની મિલકત કે જે પણ એક કરોડની છે, તેને બાદ કરતાં આપણી મિલકત બે કરોડની છે.'

'બે કરોડની નહિ, ત્રણ કરોડની છે.'

આશાએ દરવાજામાં દાખલ થતાં કહ્યું,

'હું પણ સ્વરૂપ દ્વિવેદી પરિવારની સદસ્ય છું. એટલે 'આપણી' મિલકત ત્રણ કરોડની ગણાય !' આશાએ 'આપણી' પર ભાર મૂકતા સૌ હસી પડ્યા.

'શાબાશ ! તો આપણે ત્રણ કરોડની રકમનો વિચાર કરવાનો છે. હવે આપણે આ ભૌતિક સમૃદ્ધિનો ઉપયોગ કરવાનો છે, પરંતુ ઉપભોગ કરવાનો રહેતો નથી. અતઃ તમારી સંમતિ છે જ એમ વિચારી મેં જે નિર્ણય કર્યો છે તે જણાવું છું. આ રકમમાંથી રૂપિયા પાંચ લાખ 'શાન્તિકુંજ' ઉપાસકોના ભોજન ખર્ચ પેટે આપવા. રૂ. પાંચ લાખ 'ભારતમાતાનાં મંદિરને નિભાવખર્ચ' પેટે અને રૂ. પાંચ લાખ 'વૈષ્ણોદેવી'માં નિત્યપ્રસાદ ધરાવવા માટે, રૂ. એક લાખ 'અમરનાથની ગુફાનાં પૂજારીને ભોજન કરાવવા અર્પણ. રૂ. એક લાખ ચંડીમાતાના મંદિરમાં રોપવેની ટ્રોલી માટે તથા યાત્રાળુઓની સુવિધા માટે અર્પણ...

રૂ. પાંચ લાખ કનખલમાં દક્ષપ્રજાપતિના મંદિરમાં યજ્ઞની નિત્ય-પૂજા તથા રુદ્રાભિષેક કરાવવા માટે ભેટ.

રૂ. પાંચ લાખ ચંડીદેવીનાં મંદિરે યાત્રાળુઓની સુવિધા વધારવા માટે વધારાની ભેટ, ઉપરાંત અર્ધનારીશ્વર મંદિરમાં રૂ. દશ લાખ વધારાના બાંધકામ માટે આપવા. રૂ. પાંચ લાખ હરકીપેડીના ઘાટના રિપેરિંગ ખર્ચ માટે. રૂ. પાંચ લાખનું બ્રહ્મભોજન તથા યાત્રાળુઓને ભોજન કરાવવા શ્રાદ્ધ-પંડિના દિવસે ખર્ચ કરવો, આ માટે પાંચ હજાર બ્રાહ્મણ-સાધુઓને નિમંત્રિત કરાયા છે, તેઓને ભોજન બાદ અન્ન-વસ્ત્ર આપવા બીજા રૂ. દશ લાખનો ખર્ચ કરવો. આ માટે રસોઈ વિગેરેની બધી વ્યવસ્થા થઈ ચૂકી છે. ઉપરાંત

રૂ. પાંચ લાખ હરિદ્વાર તથા ઋષિકેશમાં યાત્રા માટે આવેલા તમામ લોકોને તથા આમંત્રિત નાગરિકોને ભોજન કરાવવું. બ્રાહ્મણોને વસ્ત્ર સાથે દક્ષિણા આપવી આ માટે ઋષિકેશમાં અલગ વ્યવસ્થા થઈ ચૂકી છે.'

સ્વરૂપના આ મકાનને 'સંસ્કૃત પાઠશાળા' માટે ટ્રસ્ટ બનાવી તેને અર્પણ કરવાનું છે, જે માટે રજિસ્ટ્રેશન વિગેરેની વિધિ થઈ ગયેલ છે. રામદેવજી યોગીને હિમાલયની જડીબુટ્ટિમાંથી દેશી દવા બનાવવા માટે અને તેનું ગરીબોમાં વિનામૂલ્યે વિતરણ કરવા માટે ત્યાનું મકાન તથા ફાર્મહાઉસ ભેટ આપવામાં આવ્યું છે.

બાકીની જે રકમ છે, તે આશાના આશ્રમોમાં ખર્ચાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આશાને નિવાસ માટે તથા અન્ય જરૂરિયાત માટે મકાનની સુવિધા તથા ભોજન વિગેરેની સગવડતા માટે રાખવામાં આવી છે. બાકી જે રૂ. પાંસઠ લાખ વધે છે, તે રકમ હાલ પૂરતી જમા રાખવી, જે જરૂર પડ્યે આશાની સુવિધા માટે ઉપયોગ કરવામાં આવે, જેની વ્યવસ્થા પણ થઈ ચૂકી છે.'

પછી સ્વરૂપ તરફ દૃષ્ટિ કરીને ચંદાએ કહ્યું, 'આ બધું દાન-પુણ્ય અને માતા--પિતા પાછળ દાન કર્યાનો સંકલ્પ તારા હાથે કરાવવામાં આવશે. બધી જ વ્યસ્થા થઈ ચૂકી છે. માટે તારે હવે કોઈ પણ બાબતનો આ માટે વિચાર કરવાનો નહિ.'

'જ્યારે બધું જ ત્યાગીને હું વર્ષો પહેલાં નીકળી ગયો છું; પછી આના વિષે મારે કોઈ પ્રશ્ન કે વિચાર કરવાનો રહેતો નથી. મારે આ બધી બાબતોને મૂલ્ય વગરની સમજવાની છે. અર્થાત્ સમજું છું. મારું કાર્ય જે છે, જેના માટે હું જીવનમુક્ત હોવા છતાં ઋણ ચૂકવવા પરત આવ્યો છું. તે બાબત જ મારા માટે અતિમૂલ્યવાન છે; અને તે બધું જ કાર્ય તારી સહાય અને મારા પ્રત્યેના પ્રેમને કારણે પૂર્ણતાને આરે આવી ગયું છે અને મને પૂર્ણશ્રદ્ધા છે કે, આ બધું ચંદાબેનના પ્રતાપે અને પરિશ્રમથી પૂર્ણ થઈ જશે તેમાં હવે મને કોઈ પ્રકારની ચિંતા રહી નથી. ચિંતા હતી પણ નહિ. કારણ કે અનંતાનંદ સહિત આપ સૌનો મને સહયોગ તથા પ્રેમ મળી રહ્યો છે. હું આપ સૌનો કઈ રીતે.' આટલું કહેતા સ્વરૂપનું હૃદય ભરાઈ આવ્યું. તે આગળ ન બોલી શક્યો.

ચંદાએ તેની પીઠ પર હાથ મૂકી પ્રેમપૂર્વક કહ્યું, 'ભાઈ સ્વરૂપ ! હવે તો આપણે આવી લાગણીઓથી પણ મુક્ત થવાનું છે. સુખ-દુઃખ, આનંદ-શોક, આપણું-પરાયું, માન-અપમાન, સારું-નરસું, અવિદ્યા અને વિદ્યાથી પણ મુક્ત બની વિશ્વાત્મામાં લીન થવાનું છે. પંચમહાભૂતના બનેલા દેહધારી માટે જ્ઞાની હોવા છતાં આવી લાગણી સ્વાભાવિક છે, પરંતુ કાય, વાચા અને મન તેનાથી અલિપ્ત બનવા પુરુષાર્થ તો કરવો જ પડે છે. જો કે તેમાં તું સફળ છે જ; છતાં ક્યારેય પણ લાગણીથી બંધાઈ જઈશ નહિ.'

'હે બહેન ! તારી કૃપા અને સહાય વડે હવે હું બધી જ ઉપાધિ દૂર કરી નાખી આત્માનો અનુભવ કરી ચૂક્યો છું. હવે મારી વૃત્તિ ૐકારના ધ્યાન સાથે ૐકારરૂપી બ્રહ્મમાં જોડાઈ ગઈ છે.'

'હા, સ્વરૂપ ! હું જાણું છું. તપ-સાધના દ્વારા હવે તું પરમાત્મા જેવા પરિમાણવાળો તથા તેના જેવા સ્વરૂપવાળો થઈ ગયો છે. તું હવે બ્રહ્મનો બરાબર સાક્ષાત્કાર કરીશ. તારા વડે જે સ્વયં દેહત્યાગ થશે તે પછી તત્ત્વવેત્તા પુરુષ તારે વિષે અર્થાત્ પરબ્રહ્મ વિષે તું અભેદરૂપે બની રહીશ.' આટલું કહીને થોડું મૌન ધારણ કરી ચંદા પુનઃ બોલી,

'આવતી કાલે હરકીપેડી પર શ્રાદ્ધ-પિંડ-તર્પણ તથા 'શ્રીમદ્ ભાગવત'નું પઠન થશે, બ્રહ્મભોજન વિગેરે જમણવાર પણ ચાલુ થઈ જશે. એ સાથે તું સંપૂર્ણ રીતે ઋણમાંથી મુક્ત બની યથેષ્ઠ રીતે વિહરી શકવા સમર્થ બની જઈશ. તારા ગંતવ્યસ્થાન સુધી તું દેહાધ્યાસમાં રહીશ અને અનંતાનંદનો આત્મા કે જે વર્તમાનમાં તારા દેહમાં રહી સ્થિત છે, તે ત્યાં સુધી દૃષ્ટા તરીકે બધું નિરીક્ષણ કર્યા કરશે.'

'આજે હવે પછીનો પૂરો દિવસ તું મુક્ત રીતે હરિદ્વારમાં હરિ-ફરીને પછી આશા સાથે ગંગાજલની અંજલિ ગ્રહણ કરજે. આજે આશા તારી સાથે જ રહેશે.'

વાતચીતમાં ઘણો સમય પસાર થઈ ગયો હતો. થોડીવારમાં જ કજરીએ પ્રવેશ કર્યો. બોલી, 'ભોજનનો સમય થઈ ગયો છે, થાળીઓ પીરસાઈ ગઈ છે. તો બધાં આવો. સ્વરૂપભાઈને વહેલા ઊઠવાથી ઉજાગરો થયો છે, માટે ભોજન બાદ તેને પણ આરામ કરવો જરૂરી છે.' કહી તે જેમ આવી હતી તેમ જતી રહી.

શાંતિથી ભોજન પૂર્ણ થયું. સ્વરૂપને બપોર સુધી આરામ કરવાનો આગ્રહ કરતા ચંદાએ કહ્યું, 'સ્વરૂપ ! તું હવે આરામ કર, હું તથા આશા અહીં રોકાઈ જઈએ છીએ. સરયુદાસજી તથા પુરણપુરીજી રવિપુરીજીના 'ગુરુદત્ત' આશ્રમમાં જશે. બધી વ્યવસ્થા તપાસી જવા બધા સ્થળ પર જઈ નિરીક્ષણ પણ કરવા જશે. વહેલી સવારે ચાર વાગ્યાથી જ બધા કાર્યોનો એક સાથે પ્રારંભ પણ કરવા જશે. માટે આપણે બધાએ વહેલી સવારે જ હરકીપેડી પહોંચી જવાનું છે.'

બધા જતાં સ્વરૂપ પોતાના કક્ષમાં જતો રહ્યો. હજુ સુધી આશાને તે મળી શક્યો ન હતો. મળવાની ઇચ્છા પણ થતી ન હતી. કદાચ એટલા માટે જ ચંદાએ આશાને રોકી પોતે પણ રોકાઈ જવાનો નિર્ણય કર્યો હશે. જે હોય તે, તેણે પથારીમાં લંબાવ્યું અને થોડી જ વારમાં ઘસઘસાટ ઊંઘી ગયો.

જ્યારે લાંબી ઊંઘ ખેંચ્યા બાદ સ્વરૂપે આંખો ખોલી તો ચંદા હસતાં ચહેરે સામે ઊભી હતી. બોલી, 'સ્વરૂપ ભૈયા ! બપોર ઢળી ચૂકી છે. તો તું ફ્રેશ થઈ જા. પછી ચા-પાણી લઈ તું અને આશા ગંગા-કિનારે કે કોઈ અન્ય જગ્યાએ લટાર મારી આવો.'

સૂર્ય પશ્ચિમ તરફ પ્રયાણ કરી રહ્યો હતો. સ્વરૂપ અને આશાએ બહાર જવા પગ ઉપાડ્યા. બન્ને મૌન રહીને ચાલી રહ્યા હતા. ક્વચિત્ બન્ને એકબીજા સામે નિર્દોષ જેવા ભાવે જોઈ લેતા હતા. બસ, એટલું જ ! જાણે બન્નેની વાચા હણાઈ ગઈ હતી. બન્નેના મુખ પર લેશમાત્ર પણ રંજ ન હતો અને એટલા માટે જ આંતર-બાહ્ય રીતે પ્રસન્નચિત્ત હતા. બન્નેના મુખ પર આધ્યાત્મિક તેજ વિલસી રહ્યું હતું.

ગંગાકિનારે પગે ચાલતાં ચાલતાં બન્નેના પગ એક જગ્યાએ અટકી ગયા. સ્વરૂપે ચોતરફ નિરીક્ષણ કરીને કહ્યું,

'બસ, અહીં જ બેસીશું. આ એ જ જગ્યા છે, જ્યાં આપણે છેલ્લે મળ્યા હતાં.'

જગ્યા નિર્જન અને શાંત હતી. વૃક્ષો ડોલી રહ્યાં હતાં. પવિત્ર ગંગાનદી એકધારી વહી રહી હતી.

સ્વરૂપે આશાને પોતાની સામે એક મોટી સપાટ શિલા પર બેસવાનો નિર્દેશ કર્યો. આશા તે સ્થાન પર બેસી જતાં સ્વરૂપે ગંગા તરફ આંગળી ચીંધતા કહ્યું, 'જીવનમાં ગંગાના પ્રવાહની જેમ સદાય વહેતા રહેવાનું હોય છે. ગંગોત્રીથી નીકળતી ગંગા છેવટે સાગરમાં ભળી જાય છે; તેમ જીવન જન્મથી શરૂ થઈ છેવટે મૃત્યુ દ્વારે વિલીન થઈ જાય છે. જીવન એક મહાસાગર જેવું છે. જ્ઞાની એ ભવસાગરને તરી જાય છે. અજ્ઞાની જન્મ-મૃત્યુની ઘટમાળમાં ફર્યા કરે છે.'

આશાએ પ્રથમ વાર સ્વરૂપ સામે ધ્યાનથી જોયું. બોલી,

'સ્વરૂપ આગળ બોલો, કેમ અટકી ગયા ?' પછી ગંભીરતાથી પ્રશ્ન કર્યો.

'પ્રથમ એ કહો કે, હવે તમે મને કેવી દૃષ્ટિથી જુઓ છો, સમજો છો ?'

'તમે, આશાદેવી, મારી પાસે કેવી દૃષ્ટિની અપેક્ષા રાખો છો ?'

'આ મારા પ્રશ્નનો જવાબ નથી, સ્વરૂપ !'

'કહું ? હવે મને પ્રત્યેક સ્ત્રીમાં માતા જગદંબાના જ દર્શન થાય છે.'

'હું પણ સ્ત્રી જ છું !'

'તમને જોઈ મને તમારા તરફ પુજ્યભાવ થાય છે.'

'તો તમને હું પુત્ર તરીકે સ્વીકારું તો તમને ગમશે ?'

'મારા અહોભાગ્ય !'

'પુત્રની માતા પ્રત્યેની જવાબદારી વધી જાય છે. સ્ત્રી તરીકે એકલી સંસારમાં રહેવા હું સમર્થ નથી.'

'હું તમને સમર્થ બનાવીશ.'

'કઈ રીતે ?'

'જ્ઞાન પ્રદાન કરીને. એવું જ્ઞાન કે જે પ્રાપ્ત કર્યા પછી કોઈ સમસ્યા જ રહેતી

નથી. એ જ્ઞાનતી તમે નિર્ભય બની જશો. બધા અભાવો ટળી જશે. માત્ર તમારા આત્મામાં જ ભાવ રહેશે, કર્મોનો ક્ષય કરી, આત્મસમર્પણથી મૃત્યુ તરી જવાય છે અને પછી જ્ઞાન દ્વારા મોક્ષ મેળવાય છે.'

થોડી વાર અટકીને સ્વરૂપે પુનઃ કહ્યું,

'તમે હવે સર્વકર્મોથી રહિત થઈ ગયા છો અને હું કેવળ માતા-પિતાના મોક્ષમાર્ગનો ઉપાય કરવા જ નહિ, પરંતુ તમને પણ તત્ત્વમાર્ગે ભવસાગર પાર કરવા સમર્થ બનાવવા આવ્યો છું.'

'હું પણ હવે જૂઠા વિષયાભિલાષથી થાકી ગયેલી છું. હવે મેં બધી જ અભિલાષાઓનો ત્યાગ કરી દીધો છે. છતાં તમારી માફક દેહાભિમાન છોડી શકતી નથી અને અનેક જન્મોના અંતે પ્રાપ્ત કરવો મુશ્કેલ 'જ્ઞાનમાર્ગ' હું શોધી શકી નથી. જો કે થોડેઘણે અંશે, ઘોર અંધકારને પાર પમાડનાર ઉત્તમ ચક્ષુઓ મેં તમારી પાસેથી આજ જગ્યાએ મેળવ્યા છે.'

હવે તમે જ મારા આ અજ્ઞાનરૂપી મોહને દૂર કરવા સમર્થ છો. તેથી હું પ્રકૃતિ તથા પુરુષનાં સ્વરૂપજ્ઞાન પ્રદાન કરવાની તમને વિનંતી કરું છું, કે તમે મને આ બધું સંભળાવી મારા મોહને સંપૂર્ણપણે દૂર કરો. તમે જ્યારે મારો માતા તરીકે સ્વીકાર કર્યો છે, ત્યારે પુત્ર તરીકે તમારી પણ એવી નિષ્ઠા હોવી જોઈએ કે જેથી માતાને આ જન્મ અને પછીના જન્મોમાંથી મુક્તિ મળી જાય, મારામાં એવી સમર્થતા આવે કે જેથી હું પણ મોક્ષમાર્ગે ગતિ કરી શકું.

આશાદેવીના આવા વચનો સાંભળીને સ્વરૂપ અત્યંત પ્રભાવિત થઈ ઊઠ્યો. તેણે સંપૂર્ણ સ્વસ્થતાથી પ્રત્યુત્તર આપતા આશાદેવીને કહ્યું,

'હે માતા ! હું દઢપણે શ્રદ્ધા ધરાવું છું કે અધ્યાત્મયોગ જ મનષ્યોના આત્યંતિક કલ્યાણનું મુખ્ય સાધન છે. એ પછી સુખ કે દુઃખ ટકી શકતા નથી. તમે હવે સંપૂર્ણપણે નિર્દોષ અને પવિત્ર બની ગયા છો. જે અનેક શાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યો છે, તે જ શમદમાદિ સર્વ પૂર્ણતાવાળો યોગ હું તમારા જ્ઞાનમાં વૃદ્ધિ કરવાની ઇચ્છાથી કહું છું.'

થોડી વિશ્રાંતિ લઈ સ્વરૂપે પુનઃ કહ્યું, 'આ જીવનના બંધન અને મોક્ષનું કારણ ચંચળ મનને જ માનવામાં આવ્યું છે. આ મન જો વિષયોમાં આસક્ત થાય તો બંધનકારક છે અને જો પરમેશ્વરમાં આસક્ત થાય તો મોક્ષદાયક છે. જ્યારે પુરુષનું મન 'હું-મારું' વિગેરે અભિમાનથી ઉત્પન્ન થનાર કામ-ક્રોધ, લોભ આદિ મેલથી રહિત થઈ શુદ્ધ થાય છે અને સુખ-દુઃખથી પણ રહિત થઈ સમદષ્ટિવાળું થાય છે, ત્યારે પુરુષ જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિથી યુક્ત થઈ પોતાના આત્માનો કેવળ શુદ્ધ-પ્રકૃતિથી પર, બધા પ્રકારના ભેદથી રહિત, સ્વયંજ્યોતિ, સૂક્ષ્મ, અખંડ, અમાપ તથા દુઃખોની પર

સ્વરૂપે સાક્ષાત્કાર કરે છે અને પ્રકૃતિને નાશ પામેલા બળવાળી જુએ છે, અર્થાત્ તેનામાંથી પ્રકૃતિનું માયાનું બળ નાશ પામે છે.'

'માટે હે માતા ! તમારે બ્રહ્મપણું પામવા તમારા સમગ્ર આત્માને ભગવાનમાં જોડી દેવો. ઈશ્વરની ભક્તિ જેવો બીજો કોઈ કલ્યાણકારી માર્ગ નથી. વિષયો પ્રત્યેની આસક્તિ છોડી દેવી, કારણ કે વિષયોમાં આસક્ત થવાથી તે આત્મા માટે કદી પણ તૂટે નહિ તેવો ભવબંધનમાં નાખનારો થાય છે, પરંતુ તેવી જ આસક્તિ જો સત્પુરુષ કે ઈશ્વરમાં કરવામાં આવે તો મોક્ષના દ્વાર તેના માટે ખૂલી જાય છે.

પરબ્રહ્મને પામવા માટે કેટલીક યોગ્યતાઓ જરૂરી છે. સાધકસત્પુરુષો હંમેશાં સહનશીલ, દયાળુ, પ્રાણીમાત્રના મિત્ર, શત્રુભાવરહિત, સત્ગુણવાન, શાસ્ત્રોને અનુસરનારા અને ઉત્તમચારિત્ર્યથી શોભાયમાન હોય છે. જે સત્પુરુષો ઈશ્વર વિષે અત્યંત ભાવથી દૃઢ ભક્તિ કરે છે. ઈશ્વર માટે સર્વસ્વનો ત્યાગ કરે છે. ઈશ્વરનો જ આશ્રય લે છે, તેઓને આધ્યાત્મિક વિગેરે અનેક પ્રકારના તાપો દુઃખી કરી શકતા નથી.

ઈશ્વરની કથાઓનું સેવન કરવાથી તુરત જ અવિદ્યાનો નાશ થતાં ઈશ્વરની પ્રાપ્તિનો માર્ગ સરળ બને છે અને ઈશ્વર પ્રત્યે ભક્તિ પ્રગટે છે. ભક્તને આ લોકના તથા પરલોકના બધા જ વિષયો પર વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. વૈરાગ્યમાં બુદ્ધિ ઉત્પન્ન થતાં ભક્તિથી સાધક પોતાના આજ શરીરમાં સર્વના આત્માસ્વરૂપ ઈશ્વરનો સાક્ષાત્કાર કરે છે.'

એકચિત્તે સ્વરૂપના વચનોને સાંભળી રહેલી આશાદેવીએ થોડા સંકોચ સાથે પ્રશ્ન કર્યો,

'હે પુત્ર, સ્વરૂપ ! તારા જેવા ઉચ્ચ આત્માને કેવા પ્રકારની ભક્તિ યોગ્ય ગણાય ? મારા જેવી સ્ત્રીજાતિને કેવી ભક્તિ યોગ્ય છે, જેથી ઈશ્વરનું મોક્ષરૂપી પદ હું સરળતાથી, અનાયાસે પામી શકું ? ઈશ્વરને પ્રાપ્ત કરાવતો યોગ કેવા પ્રકારનો છે. તેના અંગો કેટલા છે, જેથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે. હું ભલે માતા હોઉં, છતાં હું સ્ત્રી છું, તેથી મંદબુદ્ધિવાળી સ્ત્રીજાતિ છું. હે પુત્રસ્વરૂપ ! હું તારી કૃપા ઇચ્છું છું, જેથી આ સમજવામાં અઘરો વિષય હું સરળતાથી સમજી શકું, માટે મને સમજાય તે રીતે કહે !'

આશાદેવીનો આવો પ્રતિભાવ જાણી સ્વરૂપને આશાદેવી પર વધુ પૂજ્યભાવ જાગૃત થયો. તેણે હસતા મુખે, જેમાં પ્રકૃતિ વિગેરે તત્ત્વોનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તે સાંખ્યશાસ્ત્રનો, જ્ઞાન તથા ભક્તિનો જેમાં વિસ્તાર તેમજ જેમાં યોન વિષે કહેવામાં આવ્યું છે, તેનો ઉપદેશ આપવા તેણે નિશ્ચય કર્યો. તેણે કહેવા માંડ્યું,

'સાધકનું મન વિકારરહિત શુદ્ધ હોવું જોઈએ. વિષયોથી વૈરાગિ તેની ઇન્દ્રિયો માત્ર

વેદોક્ત કર્મમાં જ તત્પર રહેવી જોઈએ. તેની બધી ઈન્દ્રિયો શ્રીહરિને વિષે જ સ્વાભાવિકપણે જેવી છે તે જ સ્વરૂપે ઈશ્વરમાં જોડાયેલી રહે, તેને નિષ્કામ કહે છે. જે મુક્તિ કરતાં પણ શ્રેષ્ઠ હોઈ, જઠરાગ્નિ જેમ ખાધેલું અન્ન પચાવી દે છે. તેમ લિંગ શરીરનો તત્કાળ નાશ કરે છે. ઈશ્વરના ભક્તો ઈશ્વરમાં જ લીન રહે છે. સર્વ પ્રાણીઓનો આત્મા ઈશ્વર જ છે. ઈશ્વર સિવાય બીજા કોઈનો આશ્રય લેવાથી મોહરૂપી સંસારનો ભય કદી દૂર થતો નથી.'

પછી સ્વરૂપે આશા તરફ લક્ષ આપતા કહ્યું,

'હે માતા ! આ સંસારમાં મનુષ્યોનો સૌથી મોટો ભાગ્યોદય એ જ છે કે, તેમનું ચિત્ત તીવ્ર ભક્તિયોગ દ્વારા ઈશ્વરમાં જ લાગી રહી સ્થિર બને !'

પછી થોડી વિશ્રાંતિ લઈ સ્વરૂપે પુનઃ કહ્યું,

'હવે હું તમને 'પ્રકૃતિ' વિગેરે તત્ત્વોનું જ્ઞાન કહું છું, જે જાણી મનુષ્ય પ્રકૃતિના ગુણોથી છૂટે છે અને સાધકનો અહંકાર નાશ પામે છે.'

'અનાદિઆત્મા 'પુરુષ' કહેવાય છે. જે નિર્ગુણ, પ્રકૃતિથી પર, સર્વના અંતઃકરણમાં રહેલો, જ્ઞાનસ્વરૂપ અને સ્વયંપ્રકાશ છે. આ સર્વવ્યાપક પુરુષે અસ્પષ્ટ સ્વરૂપવાળી પ્રકૃતિને સ્વીકારી. પ્રકૃતિ બે પ્રકારની છે. એક આવરણ સ્વરૂપ અને બીજી વિક્ષેપશક્તિ, 'તમોગુણ' તે આવરણશક્તિ અને 'તમોગુણ' તથા 'રજોગુણ'થી ન દબાયેલો તે 'રજોગુણ' વિક્ષેપશક્તિ છે. તેમાંથી 'આવરણશક્તિ' એ જ જીવને માટે ઉપાધિરૂપ અવિદ્યા કે માયા છે; અને 'વિક્ષેપશક્તિ' જે છે તે પરમેશ્વરની 'માયા' કહેવાય છે.'

'પુરુષના પણ બે ભેદ છે. એક 'જીવ' અને બીજો 'ઈશ્વર' તેમાં માયારૂપ પ્રકૃતિને વશ થઈ જે સંસારમાં જન્મ્યા કરે છે તે 'જીવ' કહેવાય છે અને જે પ્રકૃતિરૂપ માયાને વશમાં રાખી જગતની રચના અર્થાત્ સૃષ્ટિ કરે છે, તે ઈશ્વર કહેવાય છે. પ્રકૃતિરૂપ માયામાં અટવાયેલા 'જીવ'ને વારંવાર સંસારમાં લપેટાવું પડે છે.'

આવી પ્રકૃતિને જોઈને પુરુષ તત્કાળ મોહ પામ્યો; કારણ કે પ્રકૃતિ જ્ઞાનને ઢાંકનારી જ છે, તેથી પુરુષ પોતાનું સ્વરૂપજ્ઞાન ભૂલી ગયો. બધા જ કર્મો પ્રકૃતિના ગુણોને કારણે જ થાય છે; છતાં પુરુષ એ પ્રકૃતિના સંસર્ગમાં આવવાથી પ્રકૃતિ જે કાંઈ કરે છે, તે પોતે જ કરી રહ્યો છે તેમ માને છે. અર્થાત્ પોતે જ કર્તા છે તેમ માને છે. વાસ્તવમાં પુરુષ તો અકર્તા છે, ઈશ્વર છે, જે સર્વપ્રકારે સ્વતંત્ર છે, સાક્ષી છે અને માત્ર 'સુખસ્વરૂપ' જ છે; છતાં તેને કર્તાપણાના અભિમાનને કારણે જ સંસારરૂપ જન્મ-મરણનાં ચક્રમાં ફસાયા કરવું પડે છે. પ્રકૃતિના કારણે 'હું જ દેહ છું, કર્તા છું' એમ માનવાને કારણે જ પુરુષને કર્મોનું બંધન પ્રાપ્ત થાય છે. આ રીતે પુરુષ જ પોતાને પ્રકૃતિ માનવાને કારણે, પોતે પ્રકૃતિથી પર હોવા છતાં સુખ-દુઃખ વિગેરેનું કારણ પુરુષ જ ગણાય છે.

વાસ્તવમાં બધું પુરુષને લીધે જ છે, કારણ કે અહંકાર વિગેરે જડ હોવાથી તેમાં દેહનું કર્તાપણું પણ જડ છે, તેમાં જણાતું કર્તાપણું છેવટે પુરુષને કારણે જ છે.

ગંગાકિનારે વૃક્ષાચ્છાદિત, કુદરતી વાતાવરણમાં સ્વરૂપ આશાદેવીને માનું સ્વરૂપ માની ઉપદેશ આપી રહ્યો હતો. મંદમંદ શીતલ પવન વાઈ રહ્યો હતો. શાંત મુખમુદ્રાવાળી આશાદેવી શાંતિથી બધું ગ્રહણ કરી રહી હતી. સ્વરૂપ થોડું અટકતા આશાદેવીએ પ્રશ્ન કર્યો,

'પ્રકૃતિનું સ્વરૂપ સમજાઈ ગયું. પુરુષ અને પ્રકૃતિ સંયુક્ત રીતે આ વિશ્વનું કારણ છે. આ સૂક્ષ્મ તથા સ્થૂળ જે કાંઈ આ જગતમાં દેખાય છે, તે બધું જ પ્રકૃતિ તથા પુરુષ જ છે. મારે હવે પ્રકૃતિ તથા પુરુષનું લક્ષણ જાણવું છે, તે મને હવે કહો.'

સ્વરૂપે હસીને કહ્યું, 'પંચમહાભૂતો, તેની પાંચતન્માત્રાઓ, મન, બુદ્ધિ અને અહંકાર અને ચિત્ત એ ચાર અંતઃકરણો અને દશ ઈન્દ્રિયો મળી આ ચોવીસ તત્ત્વોનો સમૂહો આ પ્રકૃતિનું કાર્યક્ષેત્ર છે.'

'તેમાં પંચમહાભૂતો તે (૧) પૃથ્વી (૨) જળ (૩) તેજ, અગ્નિ (૪) વાયુ (૫) આકાશ તે પાંચમહાભૂતો કહેવાય છે; અને બીજા પાંચ તત્ત્વોને (૧) ગંધ (૨) રસ (૩) રૂપ (૪) શબ્દ (૫) સ્પર્શ એ 'તન્માત્રા'ઓ છે. હવે આ જે દશ તત્ત્વો છે, તે દશ ઈન્દ્રિયો (૧) કાન (૨) ત્વચા (૩) ચક્ષુ (૪) જીભ (૫) નાસિકા (૬) વાણી (૭) હાથ (૮) પગ (૯) લિંગ અને (૧૦) ગુદા;તેમજ મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એમ ચાર પ્રકારનું અંતઃકરણ છે. આમાં 'કાળ' નામનું પચીસમું તત્ત્વ છે, તેમ પણ માનવામાં આવે છે. જે પ્રકૃતિની જ એક અવસ્થા છે. જો કે 'કાળ' પરમેશ્વરનો જ પ્રભાવ છે. આ કાળથી અહંકારને લીધે, પ્રકૃતિને કારણે 'પોતે જ દેહ છે' એમ માનનાર 'જીવ'ને ભય લાગે છે. પ્રકૃતિના જુદા જુદા વિકાર તે જ ભગવાન 'કાળ' છે. આજ 'કાળસ્વરૂપ ભગવાન' પોતાની માયાથી સર્વપ્રાણીઓની અંદર 'જીવસ્વરૂપે' અને બહાર 'કાળરૂપે' રહેલા છે.'

'કાળને લીધે પ્રકૃતિમાં વિકાર ઉત્પન્ન થયો, પોતે જ પ્રકૃતિને ઉત્પન્ન કરેલ તેવી પ્રકૃતિમાં પુરુષે વીર્ય દાખલ કર્યું અર્થાત્ પુરુષે તેમાં પોતાની ચૈતન્યશક્તિ સ્થાપી, તેથી પ્રકૃતિમાં પુષ્કળ પ્રકાશવાળું 'મહતત્ત્વ' ઉત્પન્ન થયું. તેણે પોતાની અંદર રહેલા 'જગત'ને ઉત્પન્ન કર્યું. પ્રથમ તો તેણે આત્માને ઢાંકી દેનારા તમોગુણના વિભાગનો નાશ કર્યો, જે સત્ત્વગુણવાળું, સ્વચ્છ, શાંત, રાગાદિથી રહિત હોઈ, ભગવાનની પ્રાપ્તિનું સ્થાન છે. જેને 'વાસુદેવ' કહે છે.

પછી ભગવાનની ચૈતન્ય શક્તિથી ઉત્પન્ન થયેલું 'મહ-તત્ત્વ' વિકાર પામ્યું, એટલે તેમાંથી 'મન' અને 'તામસ' એમ ત્રણ પ્રકારનો 'અહંકાર' ઉત્પન્ન થયો કે જે 'અહંકાર'થી મન, ઈન્દ્રિયો તથા પંચમહાભૂતોની ઉત્પત્તિ થઈ છે વળી 'પંચમહાભૂતો'

તેઓના દેવતાઓ સાથેની 'ઇન્દ્રિયો' તથા 'મન' આ સર્વે તત્ત્વમય અહંકારને 'સંકર્ષણ' પુરુષ પણ કહે છે.

મનમાં જે સંકલ્પ-વિકલ્પની કામનાઓ થાય છે, જેનું કારણ સાત્ત્વિક વિકાર છે. આને 'અનિરુદ્ધ' પણ કહે છે. રાજસ અહંકારમાંથી બુદ્ધિતત્ત્વ : સંશય, મિથ્યાજ્ઞાન, નિર્ણય, સ્મૃતિ તથા નિંદ્રા આ જુદી જુદી વૃત્તિઓથી બુદ્ધિનું તત્ત્વ જણાય છે. એ પછી ઈશ્વરની પ્રેરણાથી 'તામસ અહંકાર' વિકાર પામ્યો એટલે તેથી 'શબ્દ તન્માત્રાવાળું' 'આકાશતત્ત્વ' ઉત્પન્ન થયું.

'કાન' શબ્દ ગ્રહણ કરનાર છે; શબ્દ અર્થનો વાચક છે. આકાશ તન્માત્રા છે, એટલે આકાશની જેમ સૂક્ષ્મ છે, પછી 'શબ્દ' જેની તન્માત્રા છે, એવું આકાશ કાળની ગતિથી વિકાર પામ્યું એટલે 'સ્પર્શ તન્માત્રા' ઉત્પન્ન થઈ; અને એ 'સ્પર્શ'થી 'વાયુ' ઉત્પન્ન થયો. 'ત્વચા ઇન્દ્રિય' સ્પર્શ કરનારી છે, કોમળતા, કઠિનતા, શીતળતા અને ઉષ્ણતા એ 'સ્પર્શ'નું લક્ષણ છે, સ્પર્શ વાયુની તન્માત્રા છે, વૃક્ષની શાખાને ડોલાવવી, ઘાંસને ઉડાડી એકઠું કરવું, ગંધવાળા પદાર્થોનો 'ઘ્રાણેન્દ્રિય-નાક' સાથે સંયોગ કરાવવો, ઇન્દ્રિયોને બળ આપવું એ બધું 'વાયુ'નું કાર્ય છે. એ પછી 'સ્પર્શતન્માત્રા' એવો વાયુ વિકાર પામ્યો એટલે તેની 'રૂપતન્માત્રા' ઉત્પન્ન થઈ, રૂપથી તેજ ઉત્પન્ન થયું તથા તેને ગ્રહણ કરનાર 'ચક્ષુઇન્દ્રિય' ઉત્પન્ન થઈ.'

'પ્રકાશવું, પચવું, ક્ષુધા તથા તૃષાને લીધે ખાવુ-પીવું, હિમનો નાશ કરવો. સૂકવી નાખવું તે 'તેજ-અગ્નિ'ના કર્મ છે. 'તેજ' વિકાર પામ્યું એટલે તેની 'રસતન્માત્રા' ઉત્પન્ન થઈ, રસથી 'જળ' ઉત્પન્ન થયું, 'જીભ' એ રસને ગ્રહણ કરનારી થઈ. દ્રવ્યોના વિકારને લીધે તુરો, મીઠો, કડવો, તીખો, ખારો, ખાટો એમ અનેક પ્રકારે રસોમાં ભિન્નતા થઈ. ભીનું કરવું, માટી વિગેરેને પિંડરૂપે કરવા, તૃપ્તિ આપવી, સર્વને જિવાડવું, તૃષાની વ્યાકુળતા દૂર કરવી, વસ્તુને કોમળ કરવી, તાપ દૂર કરવો, ખેંચી કાઢવા છતાં પુનઃ ઉત્પન્ન થવું. આ બધાં જળના લક્ષણ છે. પછી જળ વિકાર પામતા તેમાંથી 'ગંધ' તન્માત્રા ઉત્પન્ન થઈ; અને ગંધમાં 'પૃથ્વી' ઉત્પન્ન થઈ, પૃથ્વીના પદાર્થોના વિકારને લીધે મિશ્રગંધ, દુર્ગંધ, સુગંધ, મૃદુગંધ, ઉગ્રગંધ અને ખાટીગંધ એમ જુદા જુદા અનેક ભેદ ગંધના થયા.'

'બળનો આશ્રય લીધા વિના જ સ્થિર રહેવું, જળનો પોતાની અંદર સંગ્રહ કરવો, આકાશી પદાર્થો પામવા અને બધાં પ્રાણીઓને તથા પ્રાણીઆમાં 'પુરુષપણુ' 'સ્ત્રીપણું' વિગેરે ગુણો પ્રકટ કરવા તે પૃથ્વીનું કાર્ય હોય, તેજ તેનું લક્ષણ છે.'

આ મહતતત્ત્વાદિ સાત તત્ત્વો પ્રથમ તો અલગ અલગ હતાં. તેથી 'સૃષ્ટિ' ઉત્પન્ન કરવામાં સમર્થ થઈ શક્યા ન હતાં. આદિપુરુષની પ્રેરણાશક્તિથી આ તત્ત્વો એકબીજા

સાથે જોડાયા એટલે તેમાંથી 'બ્રહ્માંડ'ની ઉત્પત્તિ થઈ. તેથી 'સમષ્ટિરૂપ' વિરાટપુરુષ ઉત્પન્ન થયા, આ બ્રહ્માંડમાં દેવ, મનુષ્ય વિગેરે સમગ્રલોકનો વિસ્તાર રહેલો છે; જે સ્વયં શ્રીહરિનું સ્વરૂપ જ છે.

'જળની અંદર રહેલા તે સુવર્ણમય બ્રહ્માંડમાંથી ઊભા થઈ 'મહાદેવ શ્રીહરિ' એ તટસ્થપણું ત્યજીને ઇન્દ્રિયરૂપ બ્રહ્માંડના અધિષ્ઠાતા થઈ તેમાં અનેક પ્રકારના છિદ્રો કર્યા.'

સૌથી પહેલાં તે વિરાટપુરુષને અર્થાત્ તેના વિરાટ શરીરને મુખ થયું, પછી તે મુખમાંથી 'વાણી' ઇન્દ્રિયની સાથે તેનો અધિષ્ઠાતા દેવ 'અગ્નિ' ઉત્પન્ન થયો. પછી તેની 'નાસિક'માં બે છિદ્રો ઉત્પન્ન થયા પછી તેમાંથી 'ઘ્રાણેન્દ્રિય' ઉત્પન્ન થઈ, તેનો અધિષ્ઠાતાદેવ 'વાયુ' ઉત્પન્ન થયો.

પછી 'નેત્રો' ઉત્પન્ન થયા, તેમાં તેના દેવ 'સૂર્ય' પ્રવેશ કર્યો. પછી તે વિરાટ પુરુષને 'કાનનાં' છિદ્રો થયાં, તેમાં 'શ્રોતેન્દ્રિય તથા તેના દેવ' દિશાઓએ પ્રવેશ કર્યો.

પછી 'ચામડી' થઈ અને તેમાં 'દાઢી-મૂછના' કેશ વિગેરે ઉત્પન્ન થયા; અને 'ઔષધી'ઓ દેવ થઈ. પછી વિરાટપુરુષને 'લિંગ' પ્રગટ થયું. તેમાંથી 'વીર્ય' અને પછી લિંગનો અભિમાની દેવ 'આપોદેવ-જળદેવતા' ઉત્પન્ન થયો, પછી તેને 'ગુદાસ્થાન' થયું, તેનાથી 'અપાનવાયુ' અને તેનો અભિમાની દેવતા ભયંકર અભિમાની 'મૃત્યુદેવ' ઉત્પન્ન થયો, તે પછી એ વિરાટને બે હાથ ઉત્પન્ન થયા, બળઇન્દ્રિય અને તેનો દેવતા 'ઇન્દ્ર' ઉત્પન્ન થયો, પછી 'હૃદયસ્થાન' તેમાં 'મન' ઇન્દ્રિય થયું તે તેનો દેવ 'ચંદ્રમા' ઉત્પન્ન થયો.

પછી 'હૃદયસ્થાન'ની 'બુદ્ધિ' ઉત્પન્ન થઈ, એટલે એ ઇન્દ્રિયનો દેવ 'બ્રહ્મા' થયો, પછી 'અહંકાર' અને દેવતા 'રુદ્ર' ઉત્પન્ન થયો. 'ચિત્ત' અને તેનો દેવતા 'ક્ષેત્રસ' પ્રગટ થયો !'

'એમ તેને 'ઇન્દ્રિયો' તથા તેઓના 'દેવો' 'અહંકાર'થી ઉત્પન્ન થઈ તે વિરાટ પુરુષને ઉઠાડવા તત્પર થયા, પરંતુ તેમાં નિષ્ફળ રહેતા બધી ઇન્દ્રિયોએ પોતપોતાના દેવો સાથે વારાફરતી ક્રમશઃ તે વિરાટ પુરુષમાં પ્રવેશ કર્યો. છતાં વિરાટ ઊઠ્યા નહિ; એટલે છેલ્લે 'ક્ષેત્રસે' 'ચિત્ત' સાથે હૃદયમાં પ્રવેશ કર્યો, કે તે જ સમયે 'વિરાટપુરુષ' 'જળ'માંથી ઊભા થયા.'

જેમ નિદ્રાવશ થઈ સૂતેલા મનુષ્યને 'જીવ' વિના પ્રાણ, મન, ઇન્દ્રિયો કે બુદ્ધિ ઉઠાડવા સમર્થ થતાં નથી, તે જ પ્રમાણે એ વિરાટ પુરુષને 'ક્ષેત્રસ' પરમાત્મા વિના બીજા કોઈ પણ પોતાના બળ વડે ઉઠાડી શક્યો નહિ.

'માટે પ્રથમ પરમેશ્વરની ભક્તિ કરવી. પછી બીજા સર્વ પદાર્થો પર વૈરાગ્ય થાય

છે, બુદ્ધિ યોગમાં પ્રવૃત્ત થાય છે; અને 'ચિત્ત' એકાગ્ર થયા પછી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે જ્ઞાન દ્વારા 'ક્ષેત્રસ'ને શરીરથી જુદો કેવળ પરમાત્મા જાણી તે 'ક્ષેત્રસ'નું જ ચિંતન કરવું.'

આટલું વર્ણન કરી સ્વરૂપે આશાદેવીને વૃક્ષપલ્લવનો પડિયો બનાવી થોડું જલ પાયું અને સ્નાનાર્થે તેના મસ્તક પર ગંગાનું પવિત્ર જલ છાંટ્યું અને પોતે પણ તેમ કર્યું. પછી પુનઃ બન્ને આસન પર બેસી ગયા, પછી સ્વરૂપે આગળ કહ્યું,

'હે માતા, જેમ જળમાં સૂર્યનું પ્રતિબિંબ પડે છે, પરંતુ તેથી સૂર્ય જળની ભીનાશથી ભીનો થતો નથી; તેવી રીતે 'જીવાત્મા' 'પ્રકૃતિ' રૂપે મનુષ્યના શરીરમાં રહેલો છે. છતાં પોતે નિર્ગુણ, અકર્તા અને રાગ-દ્વેષાદિ વિકારોથી રહિત હોવાથી 'પ્રકૃતિ'ના 'સત્ત્વાદિ' ગુણોને કારણે ઉત્પન્ન થનારા સુખ-દુઃખ કે પુણ્ય-પાપથી લેપાતો નથી !

'પરંતુ, જ્યારે તે 'પરુષ' અર્થાત્ 'આત્મા' પ્રકૃતિના ગુણોમાં અર્થાત્ 'માયા'માં આસક્ત થાય છે, ત્યારે જ દેહ ઉપરના 'હું' 'મારું' એવા અભિમાનથી મૂઢ બની પોતાના 'સ્વરૂપ-આત્મા'ને ભૂલી જાય છે, 'આત્મા'ને ભૂલી જાય છે અને તેથી જ 'હું કર્તા છું !' એમ મિથ્યાભિમાન કરે છે, તેને લીધે તે પરાધીન બની મોક્ષસુખથી ભ્રષ્ટ થાય છે અને પશુ-પક્ષી તથા મનુષ્ય જાતિઓમાં જન્મ લઈ સંસારમાં ભટક્યા કરે છે. સંસાર સ્વપ્નની જેમ ક્ષણિક અને અસત્ય છે, સંસારમાં પ્રાપ્ત થતાં જન્મ, મરણ, સુખ-દુઃખ વિગેરે ખરી રીતે મિથ્યા જ છે. છતાં વિષયોનું ચિંતન કરતાં રહેવાને કારણે આ જીવાત્માને સંસાર પ્રત્યે અભાવ થતો નથી.'

'માટે જ દુષ્ટ ઇન્દ્રિયોના વિષયમાર્ગમાં અત્યંત આસક્ત થયેલા ચિત્તને દૃઢ ભક્તિયોગથી અને તીવ્ર વૈરાગ્યથી ધીમે ધીમે વશ કરવું. શ્રદ્ધા રાખી ઈશ્વરમાં નિષ્કપટ પ્રેમભાવ રાખવો.'

'ઈન્દ્રિયો વિષયો પ્રત્યે લલચાય છે, ત્યારે 'અવિદ્યા' ઉત્પન્ન થાય છે; પરંતુ તે વખતે પણ જે અહંકારરહિત થઈ પોતાના સ્વરૂપમાં જ તટસ્થ બની સ્થિર રહે છે તે જ 'આત્મા' છે ! જાગૃત તથા સ્વપ્નાવસ્થામાં પણ 'આત્મા' તટસ્થ રહે છે અને સ્થિર રહે છે. આત્મા બન્ને અવસ્થામાં દૃષ્ટા રહે છે. સ્વપ્નાવસ્થામાં માયાને કારણે આત્મા પોતાને નાશ પામેલો સમજે છે, પરંતુ જાગૃત થયેલો આત્મા તો નાશ પામતો નથી. આ પ્રમાણે વિવેકી મનુષ્યો આત્માનો સાક્ષાત્કાર કરે છે.'

'પુરુષ પ્રકૃતિના સંસર્ગમાં રહે છે, માટે જ પુરુષ પોતે અકર્તા હોવા છતાં પ્રકૃતિરૂપ માયાના સંગને કારણે કર્તાપણાનો ભાસ અથવા ભાવ ધારણ કરે છે. તો પછી પ્રકૃતિના ગુણો પુરુષ ધારણ કરતો હોય તો મોક્ષ ક્યાંથી થાય ?'

'પ્રકૃતિ અને પુરુષ એકબીજાના પૂરક છે, તેથી પ્રકૃતિ વિના પુરુષ અને પ્રકૃતિ

પુરુષ વિના હોય જ નહિ. માટે જ પુરુષ અકર્તા હોવા છતાં પ્રકૃતિના સંગને કારણે જ તેને કર્તાપણાનો ભાસ થાય છે.'

'આમ છતાં નિષ્કામ સ્વધર્મના આચરણથી, નિર્મળ મનથી, ગાઢભક્તિ, જ્ઞાનથી, વૈરાગ્યથી, વ્રત-નિયમ, યોગના અભ્યાસથી, તીવ્ર આત્મધ્યાનથી પુરુષની પ્રકૃતિ રાત-દિવસ બળતી જાય છે. પ્રકૃતિ ધીમે ધીમે અદશ્ય થાય છે; પ્રકૃતિ પુરુષનું અશુભ કરી શકતી નથી.'

'આત્મભાવ'ને લીધે સર્વ મિથ્યાજ્ઞાનરૂપ સંશય નાશ પામે છે અને પછી 'વાસનામય શરીર' ન રહેતા તે ધીરપુરુષ એકમાત્ર ઈશ્વરનો જ આશ્રિત થઈને સંસારમાં પુનઃ આવતો નથી !'

'સિદ્ધ થયેલા પુરુષનું મન કોઈ પણ પ્રકારની 'માયા' જોઈ આસક્ત થતું નથી. ત્યારે તે પુરુષને મોક્ષગતિ પ્રાપ્ત થાય છે.'

પછી થોડું મૌન ધારણ કરી સ્વરૂપે પુનઃ કહ્યું,

'હવે... હું સાલંબનયોગ'નું સ્વરૂપ કહું છું, જેનું આચરણ કરવાથી ચિત્ત પ્રસન્ન થઈ સન્માર્ગે જાય છે.'

'શક્તિ પ્રમાણે સ્વધર્મ આચરવો, 'વિરુદ્ધ ધર્મ' અને 'પરધર્મ'થી દૂર રહેવું, દૈવયોગે જે મળી જાય તેથી સંતોષ રાખવો, વિષયાશક્તિ વધારે તેવા કામિની-કાંચન તથા અન્ય લાલચ કરાવે તેવા પદાર્થોથી દૂર રહેવું. કેવળ મોક્ષમાર્ગમાં જ આસક્તિ રાખવી, માપસર પવિત્ર વસ્તુ જ લેવી. નિર્બોધ પ્રદેશમાં નિરંતર એકાંતમાં રહેવું, અહિંસા પાળવી, સત્ય બોલવું, ચોરી ન કરવી, જરૂર હોય તેટલા જ પદાર્થો પાસે રાખવા, બ્રહ્મચર્ય પાળવું, તપ કરવું, બાહ્યાંતર પવિત્રતા જાળવવી, સ્વાધ્યાય કરવો, મૌન રાખવું, ભગવાનની પૂજા કરવી, પ્રાણાયામ કરી પ્રાણવાયુને જીતવો, મન દ્વારા ઇન્દ્રિયોને પાછી વાળવી અને ઈશ્વરમાં લગાડવી. 'મૂલાધાર'માં મન સાથે પ્રાણવાયુને ધારણ કરવો; દુષ્ટ મનને બુદ્ધિ દ્વારા ભગવાનમાં જોડવું, આળસ છોડવી, પ્રાણાયામથી વાત, પિત્ત અને કફ એ ત્રણે દોષો બાળવા, વાયુ સાથે મનને સ્થિર કરી પાપો બાળવા એ રીતે મન સ્થિર થયા પછી ઈશ્વરનું ધ્યાન કરવું.

મન જ્યારે વિષયો વગરનું બને છે, ત્યારે જેમ દીવાની જ્યોત તેલ અને દિવેટનો નાશ થતાં ઓલવાય છે, તેમ મન નિર્વાણ પામે છે, અર્થાત્ મનનો લય થાય છે. મન લય પામતા પુરુષ અખંડ આત્માનો સાક્ષાત્કાર કરે છે.'

'પછી સંસાર રહેતો નથી. તત્ત્વનો સાક્ષાત્કાર અર્થાત્ આત્મજ્ઞાન થાય પછી અવિદ્યારહિત છેલ્લી અવસ્થા પામી અર્થાત્ જીવનમુક્ત અવસ્થા પામી તે સિદ્ધ થયેલો ભક્ત-યોગી પોતાના શરીરને પણ જાણતો નથી, એ રીતે તે સુખ-દુઃખને પણ જાણતો નથી. તેનો દેહ, જો કે પૂર્વના સંસ્કારરૂપ દેવને વશ થઈ, જ્યાં સુધી પોતાને ઉત્પન્ન

કરનારું કર્મ બાકી હોય છે, ત્યાં સુધી ઇન્દ્રિયોની ઇચ્છા મુજબ જીવે છે. જીવનમુક્ત યોગી પુત્ર, ધન, સ્ત્રી સહિત પુનઃ અહંતા, મમતા કરતો નથી. જેમ મનુષ્ય ધન, પુત્ર વિગેરેથી જુદો જણાય છે, તેમ 'જીવ' પણ પોતાના માનેલા શરીર-ઇન્દ્રિયોથી જુદો છે.'

'આત્મા પોતે એક જ છે, છતાં શરીર વિષે રહીને શરીરના જુદા જુદા ગુણોને લીધે અનેક સ્વરૂપે જણાય છે. ભગવાનની શક્તિરૂપ પ્રકૃતિ જ સર્વના કારણરૂપ અને કાર્યરૂપ છે, જે 'જીવ'ની પણ પ્રકૃતિ છે.'

'સાધક ભક્તે દુર્દોય અને દુર્જય પ્રકૃતિ પર કાબૂ મેળવીને તેના પર વિજય મેળવીને અર્થાત્ પ્રકૃતિથી પર થઈને 'આત્મસ્વરૂપ'માં સ્થિર થવું જોઈએ.'

'મનુષ્યોમાં પ્રકૃતિભેદ હોય છે, એટલે ભક્તિમાં પણ તફાવત પડે છે. જે હિંસા, દંભ કે મત્સરભાવનો મનમાં સંકલ્પ કરી ક્રોધ ને ભેદ સાથે ઈશ્વરની ભક્તિ કરે છે, તે 'તામસભક્ત' છે !'

'જે મનમાં વિષયો, યશ અથવા ઐશ્વર્યનો સંકલ્પ કરી, ભેદ દષ્ટિપૂર્વક ઈશ્વરને 'પ્રતિમા' રૂપે પૂજે છે, 'તે રાજસ ભક્ત' છે !'

'જે પાપના નાશ ને ઈશ્વરની પ્રાપ્તિ માટે યજ્ઞ વિગેરે ફરજ સમજી કરે છે, તેવી ભક્તિને 'નિર્ગુણ' ભક્તિ કહેવાય છે. આવી ભક્તિથી ઈશ્વરનું સાયુજ્ય પ્રાપ્ત થાય છે.'

'ભક્ત કે સાધકે પોતાના નિવાસસ્થાનમાં પ્રતિમાના દર્શન, સ્પર્શ, સત્કાર, સ્તુતિ તથા વંદન કરવા, પ્રાણીમાત્રમાં ઈશ્વરની ભાવના કરવી, ધૈર્ય અને વૈરાગ્ય રાખવો, સરળતા રાખી અહંકારનો ત્યાગ કરવો. આ રીતે શુદ્ધ થયેલું ચિત્ત માત્ર ઈશ્વરના ગુણો સાંભળી અનાયાસે જ ઈશ્વરને પામે છે, જે 'જીવ' અન્યના શરીરને પોતાથી ભિન્ન સમજે છે, તેને ઈશ્વર મૃત્યુ અને પુનઃજન્મ આપ્યા જ કરે છે. પોતાનાં સ્વકર્મો, તેનાં ફળો તથા પોતાનાં શરીર સુધ્ધાંને ઈશ્વરમાં અર્પણ કરનાર ભક્ત શ્રેષ્ઠ છે.'

'ઈશ્વરની પ્રેરણાથી અને કર્મથી જાતજાતની સૃષ્ટિઓ ઉત્પન્ન થાય છે. આ બધું 'બ્રહ્મ'નું જ સ્વરૂપ છે. જેથી કર્મની ચેષ્ટારૂપ અનેક પ્રકારનો સંસાર ચાલે છે. ઈશ્વર સર્વ પ્રાણીઓમાં પેસી, પ્રાણીઓ દ્વારા જ પ્રાણીઓને ખાય છે. કાળસ્વરૂપ ઈશ્વરને કોઈ પ્રિય, શત્રુ કે બાંધવ નથી. તે તો સદા સાવધ રહી સર્વનો સંહાર કરતો 'પ્રમાદી મનુષ્ય'માં પેસે છે અને તેનો નાશ કરે છે. તેના ભયથી જ અગ્નિ, વાયુ, સમુદ્ર, નદીઓ વિગેરે સાત આવરણોવાળા પોતાને બ્રહ્માંડરૂપે વિસ્તારે છે; આ બધું જેના વશમાં છે એવા બ્રહ્માદિ દેવતાઓ પ્રત્યેક યુગમાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહાર કર્યા કરે છે.'

'આ રીતે પરબ્રહ્મ 'મૃત્યુરૂપ શક્તિ' દ્વારા સર્વનો અંત કરનાર 'યમરાજ'ને પણ મરાવી તેનો અંત કરી દે છે.'

'મનુષ્યકાળનો ભોગ બનવા છતાં તેના કારણરૂપ મહાબળવાન એવા 'કાળની ગતિને' જાણતો નથી.'

''જીવ' પોતાના સર્વસુખ માટે 'સુખ આપનારા પદાર્થોને' મહાદુઃખથી પ્રાપ્ત કરે છે. તે બધા પદાર્થોનો ભગવાન કાળ નાશ કરે છે; અને 'જીવ' તેના માટે શોક કરે છે. સ્ત્રી-પુરુષ સહિત શરીર પણ અવશ્ય નાશવંત છે, છતાં દુર્મતિ પુરુષ તેના સંબંધવાળા ખેતર, ધન વિગેરે સુખ આપનારા પદાર્થોને મોહથી અવિનાશી માને છે. પ્રત્યેક યોનિમાં જીવ સુખ માને છે; પરંતુ તે સુખ ક્ષણિક અને નાશવંત છે, તેને વૈરાગ્ય થતો નથી, તેથી જીવ નરકમાં રહ્યો હોય છતાં ત્યાં 'પરમેશ્વર'ની 'માયા'થી મોહિત થઈ નાહકનાં સુખને પણ સુખ માની પોતાના નાશવંત શરીરને છોડવા ઇચ્છતો નથી ! સ્ત્રી-પુરુષોમાં આસક્ત થયેલો પુરુષ પોતાને કૃતાર્થ સમજે છે. કપટ કરી જ્યાંત્યાંથી ધન મેળવીને પરિવારને પોષે છે, પણ પોતે તો નરકમાં જ જાય છે. ઘરડો થતાં, ઘરડા બળદ જેવી તેની સ્થિતિ થતાં કોઈ તેનો આદરસત્કાર પણ કરતું નથી, છતાં તેને વૈરાગ્ય થતો નથી.'

'એવો તે અજિતેન્દ્રિય પુરુષ મરણ સમયે ઘણી જ વેદનાથી નાશ પામેલી બુદ્ધિવાળો થાય છે. મરણ સમયે બે ભયંકર યમદૂતો ત્યાં આવે છે, તેને જોઈ પુરુષનાં મળમૂત્ર છૂટી જાય છે. યમદૂતો તેને બળાત્કારે ગળામાં પાશો નાખી બાંધીને યમલોકના લાંબા માર્ગે લઈ જાય છે. યમદૂતોના તિરસ્કારયુક્ત વચનોથી તેનું હૃદય ચિરાઈ જાય છે, રસ્તામાં કૂતરા તેને ફાડી ખાય છે. ત્યારે અત્યંત દુઃખી થઈ તે પોતાના પાપોનું સ્મરણ કરે છે.'

'પાપી છેવટે આવું ફળ ભોગવે છે, કારણ કે તેણે કુટુંબનું પોષણ અધર્મથી જ કરેલું હોય છે, તેથી તે 'અંધતમિસ્ર' નામના નરકમાં જાય છે. ત્યાંથી તે છેલ્લા સ્થાનમાં જાય છે. ત્યાં તે બધી જ જેટલી તીવ્રવેદનાઓ છે; અને જેટલી યોનિઓ છે, તે સર્વને અનુક્રમે પામી તેના ભોગવટા પછી પવિત્ર થઈ તે સર્વ પાપનો નાશ કરી પુનઃ આ મૃત્યુલોકમાં આવે છે, અર્થાત્ પુનઃ મનુષ્યપણું પામે છે.'

'મનુષ્ય જ્યારે પુનઃ ગર્ભમાં પ્રવેશ કરે છે, ત્યારે તે ઈશ્વરને પ્રાર્થના કરે છે. 'હે ભગવાન ! માતાની પેટરૂપી ગુફામાં આવેલા આ લોહી, વિષ્ટા તથા મૂત્રના કૂવામાં પડેલો અને ત્યાંના જઠરાગ્નિ વડે તપેલા શરીરવાળો હું દીનબુદ્ધિ જીવ આ ગુફામાંથી બહાર નીકળવા ઇચ્છુ છું; તો મને અહીંથી બહાર કાઢ ! હે વિભો ! જો કે હું અહીં અનેક દુઃખો વચ્ચે ગર્ભમાં રહ્યો છું; છતાં અહીંથી બહાર નીકળવા ઇચ્છતો નથી; કેમ કે બહાર અંધારિયા કૂવા સરખા સંસારમાં ગયેલા પ્રાણીઓને આપ ભગવાનની 'માયા' વીંટળાઈ વળે છે, તેથી દેહ તથા મિથ્યા અહંબુદ્ધિ થાય છે, સ્ત્રીપુત્રાદિના સંબંધને લીધે પુનઃ આ

સંસારચક્ર પ્રાપ્ત થાય છે, માટે હું અહીં રહીને જ તે વ્યાપક દેવના ચરણનું શરણ લઈશ અને તે દ્વારા અવ્યાકુળ થઈ મારી બુદ્ધિને જ સારથિ કરી અંધકારરૂપી આ સંસારથી મારા આત્માનો હું જ જલદી ઉદ્ધાર કરીશ !'

'એ પછી જીવ યોનિ બહાર નીકળી ભૂમિ પર લોહી ને મૂત્રમાં પડે છે, ત્યારે તે અત્યંત રડે છે, પછી મોટો થતાં તે પુનઃ કર્મથી બંધાઈ પાછો સંસારને પામે છે અને સ્ત્રીરૂપ માયાને કારણે તે મોહ પામે છે. માટે પોતાનો પાર પામવા ઇચ્છતા પુરુષે સ્ત્રીનો સંગ ન કરવો જોઈએ. કારણ કે આત્મલાભ મેળવનાર યોગીઓ અને મુમુક્ષુ માટે સ્ત્રીઓને તો નરકનું દ્વાર જ કહેલ છે. પરમાત્માએ સર્જેલી સ્ત્રીરૂપ માયા ધીમે ધીમે સેવા વિગેરેને બહાને સમીપ આવે છે, પરંતુ તે સમયે પુરુષ એ સ્ત્રીને ઘાસથી ઢાંકેલા કૂવા પેઠે પોતાના મૃત્યુરૂપે જોવી જોઈએ. 'સ્ત્રી' એ જેમ પારધીનું ગાયન મૃગના મૃત્યુરૂપ છે, તે જ પ્રમાણે દૈવયોગે પ્રાપ્ત થયેલા પોતાના મૃત્યુરૂપે જ સ્ત્રીને માનવી જોઈએ !'

'આ રીતે 'માયા'થી ઘેરાઈ પુરુષ-જીવ અનેક લિંગશરીર પ્રાપ્ત કરતો અનેક દેહોમાં ભ્રમણ કર્યા કરે છે અને દુ:ખો ભોગવતો રહે છે, પછી તે લિંગ અને જડશરીરનો ત્યાગ કરે છે. તેનું જ નામ મૃત્યુ છે. ખરી રીતે જીવના જન્મ-મરણ નથી. માટે ધીરપુરુષે એમ સમજીને મૃત્યુથી ત્રાસ ન પામવો અને જીવવા માટે દીનતા ન કરવી; કારણ કે જીવ તો નિત્યજ્ઞાનરૂપ છે. માટે જીવની અકળગતિ જાણી સંસારમાં નિસર્ગભાવે વિચરવું જોઈએ, આમ સંસારમાં શરીર ઉપરની આસક્તિ છોડી નિર્લેપ ભાવે વિચરવું જોઈએ.'

ગંગાકિનારે શાંત જગ્યાએ સ્વરૂપ આશાદેવીને માતા સમાન ગણી ઉપદેશ આપી રહ્યો હતો. સંધ્યા થવાની તૈયારી હતી. શાંત અને શીતળ પવન ફૂંકાઈ રહ્યો હતો. સ્વરૂપે થોડી વિશ્રાંતિ લઈ પુનઃ આશાદેવીને કહ્યું,

'હે માતા ! મારી પાસે જે મોક્ષપ્રતિ ગતિ કરાવનારું જ્ઞાન હતું, તે મેં આપને કહ્યું તો હવે આપણે ગંતવ્યસ્થાન પર જઈએ.'

'હે સ્વરૂપદેવ ! તમે મને માતા તરીકે સ્વીકારી મારો ઉદ્ધાર કરવા જે જ્ઞાન મને આપ્યું, તેથી હું સંતુષ્ટ થઈ છું. કારણ કે હવે મારા રહ્યાંસહ્યાં મોહનું આવરણ દૂર થઈ ગયું છે.'

'હે માતા આશાદેવી ! મેં જે જ્ઞાનરૂપ મોક્ષ માટેનો માર્ગ કહ્યો તે સુખથી સેવાય તેવો છે, તેનો આશ્રય કરવાથી તમે થોડા સમયમાં જ 'જીવનમુક્તિ' પામશો. મેં કહેલ સિદ્ધાંતો પર શ્રદ્ધા રાખજો, કારણ કે આ માર્ગે તમે અજન્મા એવા વિશ્વને પામશો. જે આ માર્ગે જતા નથી તે મૃત્યુરૂપ આ સંસારને વારંવાર પ્રાપ્ત કરે છે.' કહી સ્વરૂપે મૌન ધારણ કરતાં આશાએ કહ્યું :

'આત્મગતિ આપનાર ઉપદેશથી હું બ્રહ્મતત્ત્વને જાણી શકું છું. હવે હું તે જ પ્રમાણે તમારા જવા છતાં જીવન પસાર કરી આ દેહને આત્મતત્ત્વ માટે મુક્ત કરીશ. હવે મારો ભય દૂર થયો છે. તેથી મારી ચિંતા કરવાની કોઈને જરૂર નથી. કારણ કે હવે હું ભયમુક્ત હોવાથી બધી ચિંતાઓથી પણ મુક્ત છું.'

ગંગામાતાને પ્રણામ કરી સ્વરૂપ તથા આશાદેવી પુનઃ ઘર તરફ એ જ રસ્તે પાછા જવા લાગ્યા, તેઓ થોડા આગળ વધ્યા હશે, ત્યાં જ બન્નેએ ગંગા કિનારે જલતી ચિતા જોઈ, ત્યાં ચિતા પાસે અને બન્નેના માર્ગ આડે તેઓએ ડાઘુઓની મોટી ભીડ જોઈ. તેમની વચ્ચેથી પસાર થતા સ્વરૂપને આશ્ચર્ય થયું. તેણે વિષ્ણુશર્માના નાના પુત્રને ચિતાની આગને લોખંડના સળિયા વડે સંકોરતો જોયો.

'ઓહ, ત્યારે વિષ્ણુશર્મા પણ કાળની ગતિનો શિકાર બની ગયા !' તે મનોમન બોલ્યો, તે સાથે ડાઘુઓની વાતચીતના શબ્દો તેના કાને પડ્યા,

'વિષ્ણુશર્મા ખૂબ મોટા જજ; પરંતુ તેનું મોત ખૂબ ખરાબ રીતે થયું. ગાંડા થઈ ગયા હતા, મગજ પર જરાય કાબૂ રહ્યો ન હતો.'

'કહે છે કે ભીંતમાં માથા પછાડી પછાડીને મર્યા !'

સાંભળીને સ્વરૂપના પગ થોડી વારને માટે અટકી ગયા. તો પુનઃ શબ્દો તેના કાને પડ્યા,

'સાંભળ્યું છે કે કોઈ પ્રેતાત્માના ઓછાયામાં આવી ગયા હતા, આ પ્રેતે જ તેને પછાડી પછાડીને ખૂબ માર્યા અને પછી ભીંતમાં માથું ભટકાવી ભટકાવીને તેના પ્રાણ હરી લીધા. જે હોય તે ! કર્મના ફળ ભોગવવા જ પડે છે; જેના જેવા કર્મ !'

સ્વરૂપે બોલનારનાં મુખ સામે જોયું. તેના મુખ તથા સમગ્ર ચહેરા પર પણ ખંધાઈ જણાઈ આવતી હતી. આશાદેવીને દોરતો સ્વરૂપ આગળ વધી ગયો.

બન્ને જ્યારે નિવાસે પહોંચ્યા ત્યારે અંધકાર થઈ ચૂક્યો હતો. અંદર પ્રકાશ હતો. તેણે માન્યું કજરી આવી ગઈ હશે, ચંદાબહેન પણ હાજર હશે.

ઝડપથી બન્ને અંદર ગયા. તો હસતી ચંદાએ અને તેની પાછળ જ ઊભેલી કજરીએ બન્નેને આવકાર્યા. કજરી બોલી,

'બન્ને હાથ-પગ ધોઈ ભોજન કરવા બેસી જાઓ. આજે વહેલું સૂઈ જઈને વહેલું ઊઠવાનું છે; કારણ કે વહેલી સવારે વિધિ માટે તૈયાર થઈને 'હરકીપૈડી' એ પહોંચી જવાનું છે.'

'એમ ! આ તારી આજ્ઞા છે !' સ્વરૂપ હસીને બોલ્યો.

'ના, ચંદાબેનનો નિર્ણય છે, મને બહેને જે કહ્યું હતું તે તેમના વતી જ તમને માત્ર વાત કરું છું.'

'બરાબર છે, હવેથી તારે જ ચંદાબેનની સહાયક તરીકે રહેવાનું છે !'

'અને... આશાભાભીની નહિ ?'

'હા, તેની પણ !' સ્વરૂપે વાક્ય અધૂરું મૂક્યું. સ્વગત જ બોલ્યો, 'આશાદેવીને હવે કોઈની સહાયતાની જરૂર નહિ પડે, કોઈની પણ. હવે તેણે ઈશ્વરને બધું સમર્પણ કરી દીધું છે. પોતાનો દેહ પણ !'

ભોજન બાદ સ્વરૂપ પોતાના કક્ષમાં જતો રહ્યો, આશાદેવી અને ચંદા બા-બાપુજીના કમરામાં ગયા.

ને રાત્રિ ગાઢ અંધકાર સાથે નીરવ બની સરકી રહી.



22

આહલાદક વાતાવરણમાં નિશ્ચિત થયેલ સર્વકાર્યોનો પ્રારંભ થઈ ચૂક્યો. હરકીપૈડીના પવિત્ર ઘાટ પર વાતાવરણ જાણે ઋષિયુગમાં પ્રવેશી ગયું હતું. બાજુના ગંગાકિનારાના વિશાળ મેદાન પર પ.પૂ. સરયુદાસજી શ્રીમદ્ ભાગવતનું વિશાળ અને સુશોભિત વ્યાસપીઠ પર બેસીને પઠન કરવા બિરાજમાન થઈ ગયા હતા. સ્વરૂપ અને ચંદા વ્યાસપીઠ પાસે શ્રીભાગવતનું પૂજન કરવા બેસી ગયા હતા.

પૂજન પૂર્ણ થતાં ચંદાએ એક મોટા પોલા વાંસનું પુરોહિત પાસે મંત્રોચ્ચાર સાથે પૂજન કરાવ્યું, જે વાંસને સાત ગાંઠો હતી. પુરોહિતે સ્વરૂપના માતા-પિતા, કાકા-કાકી તથા મયૂરનું વિધિવત્ સ્થાપન, આહ્‌વાહન કરી પછી વિધિવત્ તેઓનું પૂજન કરાવ્યું; પછી એ વાંસને વ્યાસપીઠના સ્તંભ સાથે વ્યવસ્થિત રીતે રોપવામાં આવ્યો.

અચાનક સ્વરૂપ પૂજન બાદ થંભી ગયો. વાંસની ગાંઠોમાં સ્થાપિત કરેલા આત્માઓ વિષે તે વિચારી રહ્યો. તેને લાગ્યું કે આમાં હજુ પણ કાંઈક ખૂટે છે. તુરંત જ તેને પૂર્વાશ્રમના મિત્ર આશિષનું સ્મરણ થઈ આવ્યું. જેનો મોક્ષ થયો જ નહિ હોય ! તેના હૃદયમાં દયા સાથે અનુકંપા ઊભરાઈ આવી. થયું કે, 'તેનું પણ જો વાંસમાં આહ્‌વાહન કરી સ્થાન આપી બેસાડવામાં આવે તો શું ?' તે વિચારી રહ્યો હતો, ત્યાં જ પાછળથી તેના ખભા પર સ્પર્શ થયો. એ ચંદા હતી; ગંભીર સ્વરે બોલી,

'તારી લાગણીને સમજી ચૂકી છું. ગમે તેવા અપરાધી પ્રત્યે એક યોગીની આવી જ લાગણી હોવી જોઈએ. હું પણ સમજું છું અને ઇચ્છું પણ છું. કારણ કે મને તેના પ્રત્યે કોઈ દ્વેષભાવ કે રોષ નથી, પરંતુ આશિષની મુક્તિનો આ ઉપાય પણ કારગત નીવડશે નહિ. કારણ કે આશિષે આત્મહત્યા કરી છે, જે મહાભયંકર પાપ છે. આત્મહત્યા કરીને મરનારની સાત જન્મ સુધી કોઈ ગતિ નથી. તેણે સાતજન્મ લઈને સાત સાત

વખત આત્મહત્યા કરવી પડે છે અને પ્રત્યેકજન્મે તેણે પ્રથમ નર્કની યાતના ભોગવવી જ પડે છે. વળી પ્રત્યેક જન્મે પણ તેના નવા નવા કર્મો બંધાતા જાય છે અને પુનઃ પુનઃ જન્મ ધરી અસંખ્ય જન્મો સુધી સંસારમાં અટવાઈને દુઃખો ભોગવવા પડે છે. વિધિના આ નિયમને કોઈ શક્તિ ફેરવી શકતી નથી, સિવાય કે ઈશ્વરની કૃપા ! જીવને કર્માનુસાર ઈશ્વરની કૃપા પ્રાપ્ત થાય તો તે તુરત જ મુક્ત બની શકે છે. બધો આધાર ઈશ્વરનિર્મિત તેના ભાગ્ય પર છે. અત્યારે આશિષ નર્ક ભોગવી રહ્યો છે. ત્યાંથી અહીં આવવું તેના માટે શક્ય નથી; અને એટલા માટે જ મેં આ બધા આત્માઓ સાથે તેને બેસવા માટેનું આસન આપેલ નથી.'

સ્વરૂપે વાંસમાં આસનસ્થ આત્માઓનું વિધિવત્ પૂજન કર્યું. પછી વ્યાસપીઠની પ્રદક્ષિણા કરી દંડવત્ પ્રણામ કર્યા. પછી બધાં 'હરકીપૈડી'ના ગંગાઘાટ પર આવ્યા. સ્વરૂપે સ્નાન કરી શ્રાદ્ધ માટે પંડિત સામે આસન લીધું. પંડિતે ત્રણપિંડ દર્ભની સળી પર મુકાવી પિતૃઓનું તર્પણ દર્ભની સળી વડે વિધિવત્ કર્યું. પછી ત્રણે પિંડોને એકબીજામાં મેળવી દઈ, બધા જ કરેલા દાનને અર્પણની ભાવના કરી પિંડસ્વરૂપ પિતૃઆત્માઓને અર્પણ કરી તે પિંડને ગંગાના પવિત્ર જલમાં પધરાવી દીધા. વિધિપૂર્ણ થતાં સ્વરૂપે 'અવભૃત સ્નાન' કર્યું, સાથે સાથે બધાંએ પણ ગંગાજલમાં સ્નાન કરી લીધું. સ્વરૂપે બધા ગુરુજનોને પ્રણામ કરી પિતૃકાર્ય પૂર્ણ કર્યાનો સંતોષ પ્રાપ્ત કર્યો.

મધ્યાન થવાનો સમય લગભગ થઈ ગયો હતો. શ્રાદ્ધકાર્ય પૂર્ણ થઈ ગયું હતું. બ્રહ્મભોજનનો સમય થતાં ચંદાબહેને કહ્યું,

'રેવાનંદ થોડીવારમાં જ આવી લાગશે, રેવાનંદ, આશા વિગેરે બધાની જવાબદારી બ્રહ્મભોજન કરાવી દેવાની છે, તે મુજબ થઈ રહ્યું છે; ત્યાં જ રેવાનંદજી આવી પહોંચ્યા.' બોલ્યા,

'ઋષિકેશમાં લક્ષ્મણઝૂલા પાસેના બધાં મંદિરોમાં બ્રહ્મભોજનની પાકી વ્યવસ્થા થઈ ગઈ છે. બ્રહ્મભોજન બાદ પ્રત્યેક બ્રાહ્મણને દક્ષિણા સાથે વસ્ત્ર અને ઉપવસ્ત્રનું દાન કરવામાં આવશે. આ માટેની બધી જ જવાબદારી ત્યાંના વરિષ્ઠ નાગરિકોએ સ્વેચ્છાએ સ્વીકારી છે. યાત્રાળુઓનાં ભોજન માટે 'ચોટીવાલા' ભોજનાલયમાં આજ સાંજ સુધી ભોજન કરાવવામાં આવશે. ઉપરાંત 'હરકીપેડી'થી 'પ્રેમનગર આશ્રમ' સુધીના ગંગાકિનારે ટેન્ટમાં યાત્રાળુઓનાં ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.'

નિર્ધારિત સમયે ભોજન તથા દાન વિગેરેનું કાર્ય પૂર્ણ થતાં સાંજ પડવા આવી. સ્વરૂપનું હૈયું આનંદથી ઊભરાઈ રહ્યું હતું, તેણે ચોતરફ દૃષ્ટિ કરી. બધા જ સ્થળ પર હાજર હતા, પરંતુ કાલિન્દી ક્યાંય નજરે પડતી ન હતી. સ્વરૂપ વિચારી રહ્યો. કાલિન્દીને હજુ પણ તેના પ્રત્યે રોષ હોવો જોઈએ. કારણ કે રેલ્વેસ્ટેશન પર લેવા આવેલી અને

જલદી જતી રહેલી, તે પછી તેણે કાલિન્દીને જોઈ ન હતી; કદાચ તે કામમાં ખૂબ વ્યસ્ત હશે. તે વિચારી રહ્યો હતો, ત્યાં જ ચંદાએ તેના મનોભાવો અને વિચારોને જાણી લઈ કહ્યું,

'કાલિન્દી છેલ્લા બે દિવસથી ઋષિકેશ પરનું બધું કાર્ય સંભાળવામાં વ્યસ્ત છે; છેવટ સુધી તે ત્યાંજ રોકાઈને કાર્ય પૂર્ણ કરીને જ આવશે. છેલ્લે તે આજે જ રેલ્વેસ્ટેશન પર મળી જશે. તારે આજે જ રાત્રે નવકલાકે ટ્રેઈન દ્વારા પરત રવાના થવાનું છે. પુરણપુરીજી એ જ રીતે તારી સાથે હશે. રેવાનંદ તેની રીતે જ તમારી પહેલાં રેલ્વે સ્ટેશન પહોંચી જશે.' પછી થોડું અટકીને કહ્યું, 'શ્રીમદ્ ભાગવતનું કાર્ય પણ પૂર્ણ થતાં છેલ્લી પૂજનવિધિ માટે તે સ્થળ પર આપણે જવાનું છે.' કહી તે બધાંને સંકેત કરી દોરતા આગળ વધી.

સરયુદાસજી પૂર્ણાહૂતિની વિધિ માટે બધાની રાહ જોઈ રહ્યા હતા. બધા ભાગવદ્દનું પૂજન તથા પરિક્રમા કરી નતમસ્તકે વ્યાસપીઠની સામે ઊભા રહ્યા. સરયુદાસજીએ અંતિમમંત્રનું ગાન કર્યું. ને તે સાથે જ વાંસમાં એક પછી એક ધડાકા થયા અને વાંસ ઊભો ચિરાઈ ગયો.

બધાને આના રહસ્યની ખબર હતી, તેથી સંતોષ સાથે બધા આનંદમાં આવી ગયા.

હવે કશું જ બાકી ન રહેતા સ્વરૂપ પૂર્ણ સંતોષ સાથે સરયુદાસજી પાસે આવ્યો. પ્રણામ કરીને નમ્ર અવાજે બોલ્યો,

'આપે મારું કાર્ય પૂર્ણ કરી આપ્યું, હવે હું આપની કૃપાથી સંપૂર્ણ રીતે પિતૃઓનાં ઋણમાંથી મુક્ત બની ગયો છું. વિશેષ તો મયૂરની પ્રેતયોનિમાંથી થયેલી મુક્તિથી હું ખરા અર્થમાં ઋણમુક્ત બન્યો છું; જેનો મને ખ્યાલ પણ ન હતો, તે કાર્ય આપની કૃપાથી સિદ્ધિ થઈ શક્યું છે. આપને મારા શત્કોટિ પ્રણામ પ્રણામ !'

સાંભળી સરયુદાસજી હસીને બોલ્યા, 'ભાઈ તું જ્ઞાની છો. જ્ઞાનીને જ્ઞાનનો ઉપદેશ આપવાનો ન હોય. આપણા બધા પર કેવળ ઈશ્વરની કૃપા છે. તેથી આપણે પૂર્ણ બનીને ઈશ્વરને પ્રાપ્ત કરવા સમર્થ બની શક્યા છીએ. હવે તું અને અનંતાનંદ બન્ને પૂર્ણ બની ચૂક્યા છો. અહીંથી જતાં તમે બન્ને પોતપોતાના આત્મા સાથે પોતપોતાના દેહને પ્રાપ્ત કરશો. તું બ્રહ્મલીન બની તારા દેહનો યોગાગ્નિ દ્વારા નાશ કરીશ; અને અનંતાનંદ પૂર્ણસિદ્ધ હોવા છતાં ઋણાનુબંધ પૂર્ણ કરવા માટે ગૃહસ્થાશ્રમમાં જ સ્થાયી રહી સમય આવ્યે તારી જ જેમ યોગાગ્નિ દ્વારા દેહનો ત્યાગ કરી બ્રહ્મમાં જ ભળી જશે. ત્યાં સુધી તેની સાધના અને મળેલી સિદ્ધિઓ ગુપ્ત અર્થાત્ અપ્રગટ રહેશે, જેથી તે સારી રીતે સમાજમાં નિરાભિમાન રહી શકી નિષ્કામ ભાવે પોતાનું કાર્ય બજાવી શકે. તો એ

સામાન્ય ગૃહસ્થ બની રહેશે અને પ્રસિદ્ધિથી દૂર રહી શકશે.' પછી ચોતરફ દૃષ્ટિ કરી બોલ્યા,

'બહેન, માતા ! તમે પણ જાણો છો તે મુજબ હવે સમય ઘણો ઓછો છે; માટે હવે સ્વરૂપને સિધાવવા રેલ્વે સ્ટેશન સુધી જાવ. રાબેતા મુજબ પુરણપુરી સાથે જ છે; અને હું હવે ગંગોત્રી જઈ તમારી અને આશાદેવીની પ્રતીક્ષા કરીશ. તમારું કલ્યાણ થશે. અસ્તુ...' ને ચાલતા થયા.

બાકીના બધા ચંદાની ગાડીમાં રેલ્વેસ્ટેશન પહોંચ્યા. ટ્રેઈન સમયસર હતી, ઊપડવાની થોડી વાર હતી; સ્વરૂપે ચંદા તથા આશાદેવીને પણ પ્રણામ કર્યા. ચંદાએ સ્વરૂપને ગલે લગાડી હસતા મુખે ભાવભીની વિદાય આપી. સ્વરૂપે આશાદેવી તરફ દૃષ્ટિ કરી તો આશાદેવીનો ચહેરો નિર્મળ અને પવિત્ર હતો. તેનો નિર્વિકાર અને હસતો ચહેરો જોઈ સ્વરૂપને તેના ઉપદેશની સાર્થકતા થયેલી જાણી. તેણે પુનઃ હાથ જોડી પ્રણામ કર્યા. આશાદેવીએ હસીને આશિષ આપતા મસ્તક પર હાથ મૂકી ટ્રેઈનના કોચમાં જવાનો નિર્દેશ કર્યો.

સ્વરૂપ આસ્તેથી ટ્રેઈનના ડબામાં દાખલ થયો તો આશ્ચર્ય પામી ગયો. તેની સીટ પર કાલિન્દી સપાટ ચહેરે બેઠી હતી. તેની સામેની સીટ પર બેસી સ્વરૂપે કાલિન્દીના સજ્જડ ચહેરા સામે જોઈ હસીને કહ્યું,

'કાલિન્દી, તું છેક હવે દેખાઈ ?'

જવાબમાં કાલિન્દી માત્ર હોઠ ફફડાવી રહી.

'કાલિન્દી ! હું તારી ક્ષમા માગું છું. મેં તને ખૂબ દુઃખ આપ્યું છે.'

'ના... ના... હવે બધું ભૂલી ગઈ છું. હવે મારા હૃદયમાં પ્રજ્વલી ઊઠેલો પ્રેમનો દાવાનળ શાંત થઈ ગયો છે. હવે એ દાવાનળના રહ્યા-સહ્યા અંગારા બાકી રહ્યા છે; તે પણ સમય જતાં શાંત થઈ રાખમાં ફેરવાઈ જશે. તારો કોઈ અપરાધ નથી; મેં જ ભૌતિકસુખને પ્રાધાન્ય આપ્યું હતું.' પછી ઉમેર્યું.

'ખેર, જે થયું તે; કર્મોથી ભાગ્ય નિર્માણ થાય છે. હું ભાગ્યના નિર્ણયનો સ્વીકાર કરી ચૂકી છું.'

કાલિન્દી બોલી રહી હતા ત્યાં જ ટ્રેઈન ઊપડવાની વ્હીસલ સંભળાઈ. કાલિન્દી સફાળી ઊભી થઈ અને દરવાજા તરફ દોડી ગઈ. સ્વરૂપે જોયું તો એને લાગ્યું કે, તે તેના હૃદયમાં ભરાઈ આવેલા ડૂમાને પરાણે દબાવીને ઓઝલ થઈ રહી છે.

પુરણપુરીજી ટ્રેઈનમાં ચડ્યા, સ્વરૂપે સરકતી ટ્રેઈનમાંથી બહાર નજર કરી ચંદા તથા આશાના અંતિમ દર્શન કર્યા.

ટ્રેઈને ઝડપ પકડી તે સાથે જ અર્ધબિડેલી આંખોએ સૂતેલા સ્વરૂપની સ્મૃતિ તાજા

બનેલા બનાવો વિષે જાગી અને વાગોળાઈ રહી. બધું જ કાર્ય ચંદાબેનની પૂર્વગ્રાહી બુદ્ધિશક્તિથી પાર પડી ગયું હતું, પરંતુ કાલિન્દી તે હજુ સુધી મને ભૂલી શકી નથી. તે સાથે સ્વરૂપ અંદરથી ઢંઢોળાઈ રહ્યો. સ્વગત બોલ્યો, 'હવે બધા વિચારો બંધ કરી દે !' તેણે માથું ધુણાવી અર્ધબિડેલી આંખો ખોલી નાખી. સામે પુરણપુરીજી તરફ તેની દૃષ્ટિ પડતા તેને હસી રહેલા જોઈ, તે થોડો સંકોચ પામી ગયો. બોલ્યો,

'હજુ સંપૂર્ણ રીતે દેહાભિમાન જતું નથી, શું કરું ?'

'જાણું છું !' પુરણપુરીજીએ સહાસ્ય પ્રત્યુત્તર આપતા કહ્યું,

'એમાં ચિંતા કરવા જેવું નથી. એ બધું સ્વાભાવિક અને સકારણ છે. અત્યારે તમે જડ અને લિંગ શરીરના હવાલે છો; એટલે મનબુદ્ધિ અને અહંકાર કાર્યરત છે. તમારા આત્માને તમારા વિચારો સાથે સંબંધ નથી. કારણ કે તમારી અંદર રહેલા આત્માને અનંતાનંદનો છે. જે માત્ર દૃષ્ટા તરીકે તમારા વિચારો, ભાવો અને વર્તનનું નિરીક્ષણ માત્ર કરી રહ્યો છે. અતઃ તમારા જડ અને લિંગ શરીર સાથે જોડાયેલી 'સ્મૃતિ' તમને પજવી રહી છે; અને તે સ્વાભાવિક છે. જ્યારે તમે પુનઃ તમારા આત્માને તમારા દેહમાં સ્થાપિત કરશો ત્યારે તમે કેવલ્યજ્ઞાનની સ્થિતિ આપોઆપ પ્રાપ્ત થયેલી મહેસૂસ કરશો; ત્યાં સુધી તમારે થોડેઘણે અંશે સ્મૃતિઓ સાથે જોડાઈ જ રહેવું પડશે. માટે કોઈ પણ જાતની ચિંતા કર્યા વગર તમારી સ્મૃતિને યથેષ્ઠ ભ્રમણ કરવા દો !'

પુરણપુરીજીનું કથન સાંભળી સ્વરૂપે નિરાંત અનુભવી ને તે પોતાના આસન પર લંબાવી ગયો. થોડી જ વારમાં તે તંદ્રાવસ્થામાં આવી ગયો અને તેની સ્મૃતિ સાથે આશાદેવીના ભવિષ્ય વિષેની કલ્પનામાં ડૂબી ગયો.

તંદ્રાવસ્થામાં સ્વરૂપને અનુભવ થયો કે તે ગંગોત્રી તીર્થસ્થાનમાં આશાદેવીનાં સાધના સ્થળ પર જઈ રહ્યો છે; જ્યાં પોતાનાથી છૂટા પડ્યા બાદ, પોતે આપેલ ઉપદેશાનુસાર આશાદેવી સ્થિતપ્રજ્ઞભાવે બ્રહ્મની આરાધના કરી રહ્યા છે.

સ્વરૂપની પત્ની પછી માતાસ્વરૂપે સ્વરૂપ દ્વારા સ્થાપિત થયેલ આશાદેવી તે ક્ષણે સ્વરૂપને જોઈ બોલ્યા,

'જળમાં સૂતેલાં, મહાભૂત, ઇન્દ્રિય અને તન્માત્રા અતઃકરણના સત્‌તત્ત્વરૂપ, સર્વજગતના બીજરૂપ તેવા આપના સ્વરૂપનું બ્રહ્માજીએ ધ્યાન ધર્યું તો પણ તે આંખથી જોઈ ન શક્યા, તે જ હે સ્વરૂપ ! મને લાગે છે કે, મારી જ કૂખથી જાણે તમે જન્મ પામ્યા છો.'

પછી આશાદેવીએ આંખો મીંચીને સ્વરૂપને પ્રત્યક્ષ ઈશ્વર સમજીને પ્રાર્થના કરવા માંડી :

'જુદા જુદા ગુણો પ્રદાન કરીને બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રને આપ જ ઉત્પન્ન કરો છો. તેવું મને લાગે છે. આપ 'સત્યસંકલ્પ' છો, તેથી જેવી ઇચ્છા કરો તેવું કરવાને આપને

કશી જ ચેષ્ટા કરવાની જરૂર નથી. હું આપના પ્રત્યક્ષ દર્શનની પવિત્ર થઈ ગઈ છું. આપના ઉપદેશથી મારી જીભ પર હવે નિરંતર ભગવાનનું નામ રમે છે; અને તે પણ કોઈ પણ પ્રકારના ફળની ઇચ્છા વગર ! અંતર્મુખ પામેલા ચિત્ત વડે આત્મામાં ચિંતન કરવા યોગ્ય આપ પરબ્રહ્મ પુરુષ જ મને લાગી રહ્યા છો. તમારા તેજ અને સત્યસ્વરૂપ ઉપદેશ વડે મને દેહાધ્યાસ છોડાવનાર આપ છો. આપને સાક્ષાત્ વિષ્ણુસ્વરૂપ સમજી, હે સ્વરૂપ ! હું તમને પ્રણામ કરું છું.'

આશાદેવીની પોતા પ્રત્યેની આવી ભક્તિ અને શ્રદ્ધા જોઈ સ્વરૂપ પણ પોતાને બ્રહ્મસ્વરૂપ સમજીને બોલ્યો,

'હે માતા ! મેં કહ્યા પ્રમાણે, સારી રીતે સેવી શકાય તેવા માર્ગ વડે જો માતા તું ઈશ્વરનું આરાધન કરીશ તો જલદી પરમ-કષ્ટરૂપ અસમ્પ્રજ્ઞાત સમાધિ અથવા ભાવાત્માપૂજ્યને તું જરૂર પામી શકીશ.'

'મેં જે મત દર્શાવ્યો તેમાં સારી રીતે શ્રદ્ધા રાખજો. જે આમાં શ્રદ્ધા રાખે છે તે અભયરૂપ પરમાત્માને પામે છે; મેં તમને જે આ જ્ઞાન કહ્યું હતું, તેને નહિ જાણનાર જન્મ-મૃત્યુનાં ચક્કરમાં અટવાય છે.'

એટલું કહી બ્રહ્મભાવ ધરાવતી, પોતાની માતાસમાન આશાદેવીને સ્વરૂપ અહોભાવે જોઈ રહ્યો.

આશાદેવી પણ પોતાના પુત્રસમાન સ્વરૂપે કહેલ યોગરૂપ ઉપદેશ પ્રમાણે ગંગોત્રીના કિનારે આવેલ પોતાના આશ્રમમાં યોગસમાધિમાં પ્રવૃત્ત થવા લાગ્યા. સ્વરૂપને લાગ્યું કે વર્ષોથી તે માતાસમાન આશાદેવીને, પોતાના ઉપદેશથી બ્રહ્મમાં લીન થવાની પ્રવૃત્તિ કરતા જોઈ રહ્યો છે.

વારંવાર સ્નાન કરવાથી, વાળ હોળવાના સંસ્કાર ન કરવાથી આશાદેવીના સુંદર વાંકડીયા વાળ જટાજૂટમાં ફેરવાઈ ગયા હતાં તથા આશાદેવીનો ચીંથરેહાલ દેહ તીવ્રતપથી દૂબળો થઈ ગયો હતો. આશાદેવીએ ગૃહસ્થાશ્રમ ભોગવ્યો ન હતો છતાં તે સ્વર્ગ જેવા સુખમાં ઊછર્યા હતાં. છતાં મનને સુખ આપનાર ઘરમાંથી પોતાની મમતા છોડી વૈરાગી બનીને તપ કરી રહ્યા હતાં.

સ્વરૂપને સમજાયું કે આ બધું આશાદેવીએ સ્વેચ્છાથી કર્યું હતું. તેણે સુખ માટે બધું હોવા છતાં તેનો ત્યાગ કર્યો હતો અર્થાત્ અભાવથી ત્યાગ થયો ન હતો. તેથી તેને પરલોકનો અધિકાર પ્રાપ્ત થઈ ચૂક્યો હતો. બળપૂર્વક ત્યાગ ન કરતાં સ્વેચ્છાએ અને સહજ રીતે કરેલા ત્યાગથી તેની વાસના પુનઃ વૃદ્ધિ પામતી ન હતી. એ સ્વરૂપને સમજાઈ ગયું. સુંદર ઘર જેવા આશ્રમમાં આશાદેવી જલદી નિસ્પૃહ થઈ ગયા છે અને ઈશ્વરના એક એક અવયવમાં ચિત્ત લગાડી તે ધ્યાન કરવા લાગ્યા છે.

સ્વરૂપ વિચારી રહ્યો. આશાદેવીએ ભક્તિ પ્રવાહના યોગવડે, દૃઢ-વૈરાગ્ય વડે, અનુષ્ઠાન વડે, બ્રહ્મજ્ઞાન વડે, આત્મા વડે જ આત્માની વિશુદ્ધિ કરી, તથા એનાથી માયાના ગુણોને દૂર કરીને ધ્યાન દ્વારા સમાધિમાં બ્રહ્મને જોઈ એમાં પોતાની બુદ્ધિને હવે સારી રીતે સ્થિર કરેલી છે.

વૃક્ષોથી સુશોભિત આશ્રમમાં આશાદેવી દેહનું ભાન ભૂલીને વિચરી રહ્યા છે. સ્વરૂપ માતાનું નિરીક્ષણ કરી રહ્યો છે. તેને લાગ્યું કે, માતાને નિત્ય સમાધિમાં જ્યારે ભગવાન નિત્યદર્શન દેવા લાગ્યા છે, ત્યારે 'ગુણોએ કરેલા ભ્રમવિષયો સત્ય છે.' એવા ખોટા ખ્યાલો છે, તેવું હવે માતાને સમજાઈ ગયું છે. હવે માતા સ્થાનની જેમ પોતાના દેહને પણ ભૂલી ગયા છે. સ્વરૂપે તંદ્રાવસ્થામાં જોયું કે આશાદેવીનું ચંદા, કાલિન્દી વિગેરે અન્ય સ્ત્રીઓ પોષણ કરતાં હતાં, પરંતુ મન આદિ જતાં રહેતાં પોતાનો દેહ દૂબળો થયેલો લાગતો નથી; હવે દૂબળા અગ્નિની પેઠે તેમનો દેહ મળમુક્ત થઈ ગયો છે. છતાં તેઓ સુંદર દેખાઈ રહ્યા છે. બુદ્ધિનો પ્રવેશ ભગવાનમાં થવાથી એમને કપડાનું ભાન રહ્યું નથી. કેશ છુટા લટકવા લાગ્યા છે. તપ અને યોગવાળું તેનું શરીર અક્ષ દેવરક્ષિત હોઈને આશાદેવી એને પણ જાણતા ન હતા.

'અહો, કેટલું આશ્ચર્ય ! ઈશ્વરની કેવી કૃપા !' સ્વરૂપ વિચારી રહ્યો. 'પોતાના કહેલા માર્ગે ચાલી આશાદેવી જલદી પરમાત્મા બ્રહ્માનંદ ભગવાનને પ્રાપ્ત થઈ ગયા છે.'

સ્વરૂપ તંદ્રાવસ્થામાં આશાદેવીનાં મોક્ષમાર્ગને નિહાળી રહ્યો હતો. ત્યાં જ અચાનક તેની એ અવસ્થા દૂર થતાં તેણે આંખો ખોલી તો ટ્રેઈન ધીમી પડી રહી હતી. સામેની સીટ પર પુરણપુરીજી તેને જોઈને હસી રહ્યા હતા. હસતા હસતા જ બોલ્યા,

'ચાલો, હવે ઊઠીને ઊભા થાવ. ગંતવ્યસ્થાન આવી ગયું છે !'

સ્વરૂપને આશ્ચર્ય થયું. બોલી ઊઠ્યો,

'હેં, જૂનાગઢ આવી ગયું ? એટલી જ વારમાં ?'

'એટલી જ વાર નથી થઈ યોગીમહારાજ ! તમે ત્રણ દિવસ અને બે રાત એકધારી ઊંઘ ખેંચી છે, પડખું પણ નથી ફર્યા !' કહી પુરણપુરીજી ખડખડાટ હસી પડ્યા.

'ઓહ, કેટલા વર્ષોથી હું આશાદેવીની સાધના જોઈ રહ્યો હતો. એ બધું શું સ્વપ્ન હતું ?'

'ના, એ ઈશ્વરની યોગમાયા હતી. જે ભવિષ્યની ઘટનાઓનું પણ નિર્દેશન કરી શકે છે. ઈશ્વરે યોગમાયા દ્વારા તમને તમારા ઉપદેશની સાર્થકતા થશે જ તે દર્શાવી આપ્યું છે.'

બન્ને ટ્રેઈનની નીચે ઊતર્યા તો સ્વરૂપ આશ્ચર્ય પામી ગયો. રેવાનંદ બ્રહ્મચારી તેઓની સામે જોઈ હસી રહ્યા હતા. સ્વરૂપ સમજી ગયો. ચંદાબેને કહ્યું જ હતું કે રેવાનંદ

તમારી આગળ પહોંચી જશે, ને થયું પણ તેમ જ. સ્વરૂપને સમજાઈ ગયું કે, રેવાનંદજી જેવા યોગી માટે આ અશક્ય ન હતું.

'ચાલો, હવે આપણે ઝડપથી સ્વરૂપાનંદના સાધનાસ્થળે પહોંચી જવાનું છે. અનંતાનંદનો દેહ સ્વરૂપાનંદના દેહમાં પ્રવેશેલ - આત્માની પ્રતીક્ષા કરી રહ્યો છે.' પછી થોડું અટકીને રેવાનંદજી પુનઃ બોલ્યા,

'આત્માઓનું પોતપોતાના દેહમાં પુનઃ સ્થાપન કરવા ઉતાવળ કરવી જરૂરી છે; સ્વરૂપાનંદના દેહની અવધિ પૂર્ણ થવાના આરે છે. તેના બ્રહ્મલીન થવાનો સમય આજ સાંજ સુધીનો જ રહ્યો છે...'

કહી તેઓ સ્વરૂપ તથા પુરણપુરજીને દોરતા સ્ટેશનની બહાર આવ્યા. ગાડી તૈયાર જ હતી, તળેટીમાં થઈ તેઓ સ્વરૂપાનંદના સાધનાસ્થળ પર થોડી જ વારમાં પહોંચ્યા.

ધોધ પાસેની નદીમાં સ્નાન કરાવી પુરણપુરીજીએ સ્વરૂપને ગુફાની અંદર પ્રવેશ કરાવ્યો.

હું અનંતાનંદનો 'આત્મા' જે સ્વરૂપાનંદના દેહમાં તેની 'ઋણમુક્તિ'નાં કાર્ય માટે પ્રવેશ પામેલો અને તેનું એક દષ્ટા તરીકે નિરીક્ષણ કરી રહ્યો હતો. હવે કાર્ય પૂર્ણ થતાં, પુનઃ મારા 'આત્મા'ને અહીં ગુફામાં રહેલ મારા દેહમાં પ્રવેશ કરાવવા ઉત્સુક બની રહ્યો હતો. ત્યાં જ પુરણપુરીજી બોલ્યા, 'તમને બન્નેને ઈશ્વરના વરદાન દ્વારા 'સંકલ્પશક્તિ'ની સિદ્ધિ પ્રાપ્ત થયેલી જ છે; તો હવે તમે બન્ને માનસિક સંકલ્પ કરી, પોતપોતાના દેહમાં તમારા આત્માઓનું પુનઃ સ્થાપન કરો !'

તેમની સૂચના મુજબ મેં મારા 'આત્મદેવ' અર્થાત્ 'આત્મસ્વરૂપ' મને ઉદ્દેશીને સંકલ્પ કર્યો,

'હે 'આત્મસ્વરૂપ' ! હવે, સ્વરૂપાનંદની ઋણમુક્તિમાં સહાય થવાનું મારું કાર્ય પૂર્ણ થયું છે, તો હે મારા આત્મદેવ ! તમે પુનઃ તમારા જ દેહમાં પ્રવેશ કરો !'

અને તે સાથે જ મારો આત્મા સ્વરૂપાનંદના દેહમાંથી ચમકતા નીલરંગના તેજકણ સ્વરૂપે બહાર નીકળ્યો ને તે સાથે જ મારા દેહમાંથી પણ તે જ ક્રમ સ્વરૂપે સ્વરૂપાનંદનો આત્મા બહાર આવ્યો. આ બન્ને ક્રિયા એકસાથે અત્યંત ઝડપથી બની ને હું પુનઃ મારા દેહમાં પ્રવેશી, મારી જાતને અનંતાનંદ તરીકે મહેસૂસ કરી રહ્યો. આસન પરથી ઊભા થઈ મેં સ્વરૂપાનંદ તરફ દષ્ટિ કરી તો તે પુલકિત હૃદયે મારી સામે ક્ષણિકવાર જોઈ પુનઃ સ્થિર-અચળ નેત્રે જાણે અગોચરમાં ડૂબી ગયો.

હું સ્વરૂપાનંદની નજીક ગયો, મને લાગ્યું કે આ જે બધું બની ગયું તે જાણે એક સ્વપ્ન હતું અથવા કુદરતની માયાસ્વરૂપિણી ઇન્દ્રજાળ હતી જેણે મને હરિદ્વારનો અનુભવ કરાવ્યો.

હું વિચારી રહ્યો હતો, ત્યાં જ સ્વરૂપાનંદજી મારા ખભા પર હાથ મૂકીને બોલ્યો,

'ધન્યવાદ ! છેવટે તારું આ મહાન કાર્યમાં મિત્ર તરીકે સહયોગ આપવાનું યોગદાન પૂર્ણ થયું છે. તને આ કાર્ય માટે સક્ષમ બનાવવા માટે તારી પાસે કરાવેલી ગહન સાધના સાર્થક બની છે. હવે તું પુનઃ ગૃહસ્થાશ્રમની ફરજો બજાવવા સ્વતંત્ર છો. બસ આટલું કહેવા પૂરતું જ દેહાભિમાન મારી પાસે બચ્યું હતું !' ને તે જડવત મૌન ધારણ કરી રહ્યો.

મેં સ્વરૂપાનંદમાં આવેલ આ ફેરફારથી રેવાનંદજી તરફ દૃષ્ટિ કરી તો તે બોલ્યા,

'હવે તે 'અવધૂત' અવસ્થામાં આવી ગયો છે. તેનું શરીર હવે માત્ર યંત્રવત્ બની ગયું છે. તેના આત્માને હવે તેના દેહ સાથે સંબંધ રહ્યો નથી. આયુષ્યની અવધિ સુધી તેનો દેહ કાર્યરત રહેશે; સૂર્યાસ્ત સમયે તે સ્વયં યોગાગ્નિ દ્વારા દેહનો ત્યાગ કરી પરમ આત્મામાં વિલીન થઈ જશે.' થોડી વાર અટકી સ્વરૂપાનંદ તરફ દૃષ્ટિ કરી, રેવાનંદજીએ પુનઃ કહ્યું,

'હવે સ્વરૂપાનંદજી કે જે અત્યારે જડવત ઊભા છે, તે એ જ રીતે રહેશે. હવે તેણે સંસારનાં કારણરૂપ અહંકાર મૂકી દીધો છે. તૃષ્ણા, મન, બુદ્ધિ અને અહંકારનો ત્યાગ કરનાર તપસ્વીની આવી જ સ્થિતિ હોય છે. હવે તે સાચા અર્થમાં 'વિદેહી' છે. હવે સૂર્યાસ્ત સમયે તે પોતાનાં ક્ષીણ શરીરનો 'યોગાગ્નિ' દ્વારા ત્યાગ કરી દેશે !'

મેં સ્વરૂપાનંદ પર દૃષ્ટિ સ્થિર કરી, તે હવે વસ્ત્રોનો પણ ત્યાગ કરીને તદ્દન દિગંબર થઈ ગયો હોય, તેના વીખરાયેલા વાળથી તે પાગલ જેવો દેખાવા લાગ્યો હતો. હવે તે જડ, અંધ, બહેરા, પિશાચ અને પાગલના જેવી ચેષ્ટા કરી રહ્યા હતા. મેં તેને બોલાવવા પ્રયત્ન કર્યો તો તે ન બોલતા મૌન રહીને ચૂપ બની રહ્યા. તેના પસીનામાંથી સુગંધી પવન નીકળતો મેં અનુભવ્યો.

મને લાગ્યું કે સ્વરૂપાનંદનો દેહ, જેમ કુંભારનો ચાકડો ફેરવીને મૂકી દીધા પછી પણ વેગ આપવાને કારણે થોડી વાર ફર્યા કરે છે, તેમ ખરા અર્થમાં હવે 'જીવનમુક્ત' બનેલા સ્વરૂપાનંદનો દેહ 'દેહાભિમાનથી' મુક્ત બની પ્રારબ્ધના સંસ્કારને કારણે, તેનો સ્થૂળદેહ થોડીવારને માટે ટકી રહ્યો હતો.

સૂર્યાસ્ત થયો, સ્વરૂપાનંદે સમાધિમાં જ પ્રાણ-અપાનને એક કરી તેને સહસ્ત્રારમાં લઈ જઈ સંકલ્પશક્તિથી મસ્તક પર 'યોગાગ્નિ' પ્રગટાવ્યો અને એ અગ્નિથી સ્વરૂપાનંદનો નશ્વર દેહ ભડ્ભડ્ કરતો સળગીને ભસ્મ થઈ ગયો...!

સેવકરામે તે ભસ્મને એક પાત્રમાં ભરી લીધી. તેને આગળ કરી અમે ધોધ ઓળંગી નદીનાં પાણીમાં ઊભીને ભષ્મને આદરપૂર્વક જળમાં વહાવી દીધી.

થોડીવારમાં જ કાર્ય પૂર્ણ થતાં પુરણપુરીજી અચાનક વિદાય લેતા હોય તેમ બોલ્યા,

'ચાલો ત્યારે 'ૐ નમોઃ નારાયણ' ને જંગલ તરફ ચાલતા થયા ! જાણે કશું જ બન્યું ન હોય તેવા નિર્લેપભાવે અને ચહેરે વિદાય લઈ પુરણપુરીજીને હું દૂર દૂર જતાં જોઈ રહ્યો !'

'ચાલો ત્યારે હવે અહીં રોકાવાનો કોઈ અર્થ નથી !' રેવાનંદજી મારા ખભા પર હાથ મૂકી બોલ્યા. પછી સેવકરામજીને ઉદ્દેશીને કહ્યું, 'સેવકરામ ! હવે તું પણ યથાસ્થળે જઈ શકે છે; તારું કાર્ય પણ પૂર્ણ થયું છે. તેં તારી રીતે ફરજ બજાવી સેવા કરી છે.'

જગ્યા પર આવતા જ વાતાવરણ ખુશખુશાલ જણાયું. અમને જોતાં જ દાનબાપુ, શાસ્ત્રીજી, છાત્ર અશોક અને અન્ય સેવકો અમને ઘેરી વળ્યા, દરેકે પ્રણામ કર્યા. વિશેષ તો ખુશખબર એ મળી કે માધવાનંદજી આવી ગયા હતા અને પોતાના કક્ષમાં આરામ કરી રહ્યા હતા. અમે તેના કક્ષમાં દાખલ થયા તો મને જોઈ માધવાનંદજી ઊભા થઈ મને ભેટી પડ્યા. મને તેની પાસેના આસન પર બેસાડી સ્વયં આસન લેતા બોલ્યા,

'છેવટે ધારણા મુજબ આયોજન દ્વારા અને તમારા માધ્યમ દ્વારા કાર્ય સુંદર રીતે સંપન્ન થઈ ગયું. સાથે સાથે તમે પણ સિદ્ધગતિને પામી ગયા છો. હવે તમે પણ જીવનમુક્ત અને બધી જ સિદ્ધિઓથી પરિપૂર્ણ થઈ ગયા છો, પરંતુ બધી જ સિદ્ધિઓને અપ્રગટ અવસ્થામાં રાખી સામાન્ય ગૃહસ્થ તરીકે તમારે ત્યાં સુધી રહેવાનું છે, જ્યાં સુધી ગૃહસ્થાશ્રમની તમારી સંપૂર્ણ જવાબદારીઓ પૂર્ણ ન થાય !'

પછી રેવાનંદજી તરફ દૃષ્ટિ કરીને બોલ્યા,

'અનંતાનંદજીને સાધના પૂર્ણ કરાવવાનું તમારું કર્તવ્ય પણ પૂર્ણ થઈ ગયું છે, તમે મારી આજ્ઞાનું બરાબર પાલન કર્યું છે. તમારા માટે હવે કોઈ કાર્ય બાકી રહેતું નથી, તો હવે તમે શીઘ્ર નિજસ્થાને જઈ શકો છો. લાગણીના તંતુમાં અટવાઈ નિરર્થક સમય બગાડવો તે યોગીઓ માટે બરાબર નથી, કારણ કે ઘણી વાર તે ઘાતક પુરવાર થાય છે !'

સાંભળી રેવાનંદજીએ નમ્ર સ્વરમાં કહ્યું,

'આપની આજ્ઞા અને ઇચ્છા મુજબ હું બધું કરી શકવા સમર્થ બની શક્યો તે આપની જ કૃપાનું પરિણામ છે. હું અહીં, પરત જવા માટે આપની આજ્ઞા મેળવવા જ અત્રે ઉપસ્થિત થયો છું, આપ હવે મને નિજસ્થાન પર જવાની આજ્ઞા કરો.'

જવાબમાં માધવાનંદજીએ જમણો હાથ ઊંચો કરી રેવાનંદજીની ઇચ્છાને સમર્થન આપ્યું ને તે સાથે રેવાનંદજીએ ઊભા રહી પ્રણામ કર્યા ને ચાલતા થયા !

પછી મારા તરફ સહાસ્ય દૃષ્ટિ કરી માધવાનંદજી બોલ્યા,

'તમે પણ હવે સિધાવો, બહાર તમને મૂકી જવા માટે ગાડી તૈયાર ઊભી છે અને ત્યાં તમારી રાહ જોવાઈ રહી છે.'

કહી માધવાનંદજી આંખો મીંચી ગયા. વિદાય આપ્યાનો તેમનો સંકેત સમજી હું એકલો જ દરવાજાની બહાર નીકળી આવ્યો. ગાડી દરવાજાની પાસે જ ઊભી હતી.

બધા વિદાય લઈને જતા રહ્યા હતા, હું એકલો જ બાકી રહ્યો હતો.

દરવાજાની અંદર દષ્ટિ કરી 'ૐ નમોઃ નારાયણ' બોલી જગ્યાને દંડવતની મુદ્રામાં પ્રણામ કરી મેં ગાડીનો દરવાજો ખોલ્યો તો હું નવાઈ પામીને બોલી ઊઠ્યો,

'અરે, તમે ? ગોંડલથી ક્યારે આવી ગયા ?'

'આજે સવારથી જ ! પુરણપુરીજીનો સંદેશો મળતાં જ ત્યાંથી નીકળી ગયેલી. માધવાનંદજી સાથે ભોજન પૂર્ણ કરી, તેમની આજ્ઞા મુજબ તમારી રાહ જોતી ગાડીમાં જ બેસી રહી છું.'

મેં ગાડીમાં સીટ લીધી. દષ્ટોદષ્ટ મળી અને આંખો હસી ઊઠી. પ્રશ્ન થયો,

'હરિદ્વારની યાત્રા એકલાએ જ કરી ?'

'ના, પુરણપુરીજી સાથે હતા ને !'

'કઈ રીતે ટ્રેઈન દ્વારા ?'

'હા, વળતા અને જતા ટ્રેઈન દ્વારા જ !'

'ટ્રેઈન દ્વારા કે કોઈના દેહ દ્વારા !' પ્રશ્ન ને વક્રનજર !

'એ પણ સાચું, પરંતુ તમને કેમ ખબર પડી ?'

'બહુ જ સીધી વાત. ગોંડલમાં સ્વરૂપાનંદના દેહનું અપાકર્ષણ છતાં તેમના પ્રત્યે લાગણી અને સ્વપ્નામાં તમારા દેહનું આકર્ષણ, છતાં અંદરથી કોઈક જાતનો ભય ! આ બધું શું છે, તે વારંવારના વિચાર પછી પણ સમજી ન શકતા, પુરણપુરીજીને મનોમન પ્રાર્થના કરી અને બધું સમજાઈ ગયું. હવે આવું બધું પૂછ્યા વગર ક્યારેય !'

'બસ ! સામાન્ય ગૃહિણી જ બની રહેશો ?'

'બસ, હવે ચૂપ યોગીરાજ !'

અને નાક પર આંગળી ! મુખથી બૂચકારો !

તે સાથે ગાડી સ્ટાર્ટ થઈ, મોતી બાગ પાસે થઈ વેરાવળ હાઈવે પર પૂરઝડપે દોડી રહી.

❑ ❑

ગેબી ગિરનાર

અનંતરાય જી. રાવલ



